# પરમ સિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથ

(સટીક)




જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક
કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

॥ શ્રી પરમગુરવે નમઃ ॥



# પરમ સિદ્ધાંત
# પ્રણવ કલ્પતરુ ગ્રંથ
## (સટીક)

જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક
કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

॥ શ્રી પરમગુરવે નમઃ ॥



# પરમ સિદ્ધાંત
# પ્રણવ કલ્પતરુ ગ્રંથ

## (સટીક)

જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક

કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

**પ્રેરણામૂર્તિ :**

કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

**સંકલન-અનુવાદ**

શ્રી બીપીન આર. શાહ

૨, કંચન વાટીકા, વકીલ વાડી, મણીનગર, અમદાવાદ

website: www.kaivalgyan.org

પ્રકાશક

ભજનાનંદ પબ્લિકેશન

વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ

૯-૧૦ સત્યમ એપાર્ટમેન્ટ, વકીલવાડી, મણીનગર,

અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૦૮

# પરમ સિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથ (સટીક)

**પ્રેરણામૂર્તિ :**
કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર


**1st Edition: March 2016**
**Price: Rs. 350/- ($ 20 + S.H.)**
**ISBN: 978-81-921648-2-3**



**કોપીરાઈટ : © વિશ્વ સર્વજનમંગલ ચૅરિટિ ટ્રસ્ટ**



**પુસ્તક પ્રાપ્તિ સ્થાન**
**શ્રી બીપીન આર. શાહ**
૨, કંચન વાટીકા, વકીલ વાડી,
મણીનગર, અમદાવાદ
M: 001 4438510051 (USA)
WhatsApp no.: 9879966409 (India)
bshah6900@gmail.com

Lƴűŝǆl·ŏűƛøŝ t5C
tǆl·ʅl·ăK {dzűKl·ǆ
² Kl·űă!LJLJ ƴ2Y +91 9фтпфпнфрф

website: www.kaivalgyan.org


**Disclaimer**
આ ગ્રંથના રચયીતા જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક કુવેરસ્વામી છે. આ રચના હસ્તલેખીત ગ્રંથોમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં વ્યક્ત કરવામાં આવેલ સિદ્ધાંતીક વિચારધારા અને ઉદાહરણ દ્વારા રજૂ કરેલ આધ્યાત્મિક દ્રષ્ટિકોણ મૂળ રચયીતાના છે. આ ગ્રંથની ચોપાઈઓનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ અમે અમારી સમજ મુજબ આ પુસ્તકમાં કર્યો છે. આ પુસ્તકમાં ચોપાઈના અર્થઘટન દર્શાવતા લખાણમાં રહી ગયેલ ક્ષતિ અંગે પ્રકાશક કોઈ પણ રીતે જવાબદાર નથી. અંતિમ સમજ માટે હસ્તલેખીત ગ્રંથને આધારભૂત માનવા.



# સમર્પણ

**સાદર સમર્પણ**
**જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક**
**પંચમ શ્વસમ વેદાચાર્ય કૈવલ ધર્મધૂરંધર**
**કૈવલવેત્તા દિવ્ય પરમગુરુ**
**શ્રીમત્ કરુણાસાગરના પવિત્ર ચરણોમાં**
**સમર્પણ કરીએ છીએ.**

**આપના ચરણરજના અભિલાષી**
**શાહ પરિવાર**

Shah Family
5 Blackridge Ct. Catonsville MD - 21228, USA
M: 001-443-851-0051
email: bshah6900@gmail.com

# નિવેદન

પ્રિય આત્મબંધુઓ,

કૈવલ કર્તાના પરમવિશેષ પાટવી અંશ, સકર્તા સિદ્ધાંતના પ્રણેતા, જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક, કૈવલવેત્તા પંચમ સ્વસમ વેદાચાર્ય, કૈવલ ધર્મ ધુરંધર, નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત પ્રગટ ઘનશ્યામ સ્વરૂપ કુવેરસ્વામીનાં ચરણકમળમાં નમસ્કાર કરી નિવેદન પ્રસ્તુત કરું છું.

આજથી બાર વર્ષ પહેલાં મને પરમગુરુની પ્રેરણાથી વિચાર આવ્યો કે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા રચિત ધર્મગ્રંથોનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ કરીને તૈયાર કરવાં જોઈએ. જેથી જિજ્ઞાસુ જીવોને ગૂઢાર્થભરેલા કૈવલજ્ઞાનને સમજવામાં સરળતા રહે. પરમગુરુની પ્રેરણા થકી આ ભગીરથ કાર્યને આગળ ધપાવવા પૂ. ગુરુજીના આશીર્વાદ મેળવી પ્રારંભ કર્યો. અને બે વર્ષના વિચાર-વિમર્શ બાદ સૌ પ્રથમ ''નિત્ય નિયમ ઉપાસના પાઠ'' (સટીક) ગુજરાતી આવૃતિ પ્રકાશિત કરી. જેનો વાંચન વર્ગ દ્વારા ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. મારું મનોબળ વધ્યું અને આ પ્રમાણે દરેક ગ્રંથ તૈયાર કરવાનો નિર્ણય લઈ લખાણ ચાલુ કર્યું. ગ્રંથના ઊંડા અભ્યાસી સંત અને સજ્જનના સાથ અને સહકારથી લખાણનું કામ આગળ ચાલ્યું. હાલ જસુજીના કૈવલધામ થવાથી મને મારા કાર્યમાં પીઠબળ આપનારની મોટી ખોટ પડી છે, પરંતુ કહેવાય છે કે ધાર્યું ધણીનું થાય છે !

વિચાર-વિમર્શના લાંબા સમયગાળાને ધ્યાનમાં રાખીને નક્કી કર્યું કે આ સ્થૂળ દેહની અવધિ કેટલી ? હાલ ૬૫ વર્ષ થયાં છે. આમ સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને મને પરમગુરુની કૃપા થકી જેવી સમજ પડી તે મુજબનું લખાણ પ્રકાશિત કરવાની પ્રેરણા થઈ.

દિવ્ય પરમગુરુ કૈવલધામ સંવત ૧૯૩૪માં ગયા. આજકાલ ૧૩૮ વર્ષ થવાં આવશે. પરંતુ મારા અહોભાગ્ય કે મને આ રીતે ગ્રંથોનું વિવેચન કરવાની પ્રેરણા આપીને કૃપા કરી કે હું આવા કાર્યનો પ્રારંભ કરી શક્યો. જેથી આ પુસ્તકને પુષ્પરૂપે પરમગુરુનાં ચરણોમાં સમર્પિત કરું છું.

''પરમ સિદ્ધાંત પ્રણવ કલ્પતરુ'' ગ્રંથમાં પ્રણવને કલ્પતરુ વૃક્ષની ઉપમા આપીને તેની રચના પામેલા શાખા રૂપે ચાર વાણીના આધારે બનેલ ચાર વેદ, પાંદડાં રૂપે

વેદના શ્લોક, પુષ્પ રૂપે બાવન અક્ષરો અને ફળના રૂપે સંધ્યા અને ગાયત્રીના જાપની ગૂઢાર્થ ભરેલી સમજને ખૂબ જ સરળ રીતે રજૂ કરી છે. વળી નામ અને નામીનું વિસ્તૃત વિવરણ બાદ સમર્થ નામી સિવાય નામની ભક્તિ વ્યર્થ છે તેમ જણાવીને કોની અને કેવી રીતે ભક્તિ કરવી તે બતાવ્યું છે. જેમ કલ્પતરુ વૃક્ષની છાયામાં બેસી, જેવી કલ્પના કરવામાં આવે તેવી ફળ પ્રાપ્તિ થાય છે. તેવી જ રીતે, પરમ સિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથનું જ્ઞાન ગ્રહણ કરવાથી અંશને પરમ મોક્ષની પ્રાપ્તિ થાય છે. આઠસો આઠ ચોપાઈવાળા આ ગ્રંથ, સર્વ ગ્રંથોમાં શ્રેષ્ઠ છે તેવું કુવેરસ્વામી જણાવે છે.

**પરમ સિદ્ધાંત કલ્પતરુ, સકલ ગ્રંથ તનુ શિર;**
**સૂણતાં સેહેજ સ્વભાવિક, ભવજલ પાવહી તીર. ૫૯ (કેતુ ૭)**

આ ગ્રંથમાં સગુણ-નિર્ગુણથી તીત સકર્તા સિદ્ધાંતની સમજ આપી કૈવલજ્ઞાનનું અને કલ્પતરુ સમાન પ્રણવનું સંપૂર્ણ વર્ણન કરેલું હોવાથી આ ગ્રંથના નામ મુજબ તેમાં સમજ સમાયેલી છે.

આ ગ્રંથનું વિવેચન કરતાં પહેલાં મેં ઉપલબ્ધ નકલ (કોપી) કરેલા હસ્ત લિખિત ગ્રંથ સાથે દરેક ચોપાઈના શબ્દે શબ્દની મેળવણી કરેલી છે. જૂના ગ્રંથોની સરખામણીમાં કોઈ શાબ્દિક ફેરફાર થયેલો જણાય તો તે હસ્તલેખિતના આધારે હશે તેમ સમજવું, વળી, હસ્ત લિખિતમાં નકલ કરવામાં લહિયાઓએ ભૂલ કરી હોય ત્યાં સકર્તા સિદ્ધાંતને આધારે યોગ્ય સુધારો કર્યો છે. અગાઉના મહાપુરુષોએ અથાગ મહેનતના અંતે કરેલી ટીકા મને શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ લખવામાં ખૂબ જ સહાયભૂત થઈ છે. કોઈ ગ્રંથના અભ્યાસી મારા લખાણ સાથે સંપૂર્ણ સહમત ન થાય તે માનવા યોગ્ય છે. કારણ કે, પરમગુરુએ જ અગાધબોધ ગ્રંથ અંગ ૮૫માં જણાવ્યું છે કે **"વિવિધ વિક્ત કરી અરથ વિકાશો"** એટલે કે, એક જ ચોપાઈના અતિ ગૂઢાર્થ એવા સકર્તા સિદ્ધાંતના પ્રાકૃત ભાષાની ચોપાઈના શબ્દોનું જેટલું મંથન થાય તેટલું તેમાંથી અર્થઘટન થઈ શકે તે સ્વાભાવિક છે. શબ્દકોશમાં પણ ઘણા શબ્દોનો ખુલાસો મળતો નથી. એટલે મેં જે લખ્યું છે તેવું જ પરમગુરુ કહેવા માગે છે તેમ નથી. નવ બુદ્ધિથી વિભૂષિત કૈવલવેત્તા પુરુષનાં વચનો સામાન્ય અંશ અને અલ્પ બુદ્ધિના જીવો પરિપૂર્ણ રીતે કેમ કરીને સમજી શકવાના ? એમ હું પણ એક અલ્પ સામાન્ય અંશ છું તેમ છતાં મને નિમિત્ત બનાવી

પરમગુરુએ જે પ્રમાણે પ્રેરણા કરી તે મુજબ આ લખાણ રજૂ કરેલ છે.

ગ્રંથનું વાંચન માત્ર ઉપલક દૃષ્ટિએ નહીં, પરંતુ એક અભ્યાસી તરીકે ખૂબ જ બારીકાઈથી વાંચીને સમજવા પ્રયત્ન કરવામાં આવશે તો ગૂઢાર્થ ભરેલું કૈવલજ્ઞાન સરળતાથી સમજવામાં વાંધો આવશે નહીં.

પરમગુરુને પણ સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરતાં પ્રતિવાદીઓનો ઘણો સામનો કરવો પડ્યો હતો. પૂજ્ય નારણદાસ મહારાજશ્રીને સુરકુવામાં મૂર્તિ પ્રતિષ્ઠા વખતે વિઘ્નસંતોષીઓનો સામનો કરવો પડ્યો હતો. આમ શુભ કાર્યમાં અડચણ રૂપ સંજોગો આવવાના એ સ્વાભાવિક છે. મારા ઉપર પરમગુરુની પૂર્ણ કૃપા છે તેમ હું માનું છું. અન્ય સંપ્રદાયની સરખામણીમાં સાહિત્ય ક્ષેત્રે થવો જોઈએ તેવો પુરુષાર્થ થયો નથી તે હકીકત છે. કૈવલજ્ઞાનને ચક્રવર્તી કરવાના અમારા આ ભગીરથ કાર્યમાં શુદ્ધ અને હકારાત્મક ભાવથી કાર્યને વધાવશો તો ભવિષ્યમાં અમો આ અંગે સવિશેષ કાર્ય કરી હિન્દી અને અંગ્રેજીમાં ગ્રંથો આપની સમક્ષ મૂકવા કટિબદ્ધ છીએ.

લખાણમાં કોઈ ક્ષતિ પણ હોઈ શકે, ગ્રંથના ઊંડા અભ્યાસીને કોઈ સૈદ્ધાંતિક ભૂલ જણાય તો જરૂર મને લેખિતમાં (bshah6900@gmail.com) જાણ કરવા વિનંતી, જેથી હવે પછીની આવૃત્તિમાં યોગ્ય સુધારો-વધારો કરી શકાય.

**- બીપીન આર. શાહના હૃદયપૂર્વક**
સંત પુરુષોને સત્ કૈવલસાહેબ
ભક્તજનોને સત્ કૈવલ પરમાત્મ્

# પ્રકાશકના બે બોલ

જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રીમત્ કરુણાસાગર મહારાજશ્રી અનંત બ્રહ્માંડાધીશ કૈવલકર્તાની આજ્ઞાથી આજથી ૨૪૪ વર્ષ પૂર્વે પ્રગટ થયા હતા અને સકર્તા સિદ્ધાંતની સમજ પંદર ગ્રંથો દ્વારા આ જગતને આપી છે.

દેવોને પણ દુર્લભ એવું મનુષ્ય જીવન આપણને પ્રાપ્ત થયું છે. પ્રત્યેક મનુષ્યનું લક્ષ્ય શાશ્વત સુખની પ્રાપ્તિ છે. આ ભવ સાથે પરભવમાં પણ સુખની અભિલાષા સંતોષવા મનુષ્યો આધ્યાત્મિક જીવન જીવવા તત્પર બને છે અને જગતના વિભિન્ન ધર્મના શરણે જઈ ધર્મગુરુઓ દ્વારા ચીંધાયેલા ટૂંકા માર્ગે પ્રભુ પ્રાપ્તિના માર્ગે ગમન કરવા છતાં, અંતે હતાશ થાય છે. આવા સમયે દિવ્ય પરમગુરુનું માર્ગદર્શન અને પ્રેરણા ખૂબ જ ઉપયોગી છે.

સગુણ-નિર્ગુણથી તીત સકર્તા સિદ્ધાંતનું શ્રેષ્ઠજ્ઞાન રજૂ કરતાં અમોને આનંદ થાય છે. ટ્રસ્ટના બંધારણની વિવિધ પરોપકારી પ્રવૃત્તિના આધારે વિશ્વના માનવોને કલ્યાણ અર્થે કૈવલજ્ઞાન પ્રકાશિત કરવાનું જરૂરી લાગ્યું. આ જ્ઞાન કોઈ સંસ્થા, વ્યક્તિ અને ધર્મની સંપતિ નથી કે કોઈ જ્ઞાતિ, જાતિ કે દેશ માટે સીમિત નથી. સર્જનહારે વિશ્વના માનવ સમુદાય માટે અંશ-અંશીનો લક્ષ આપવા દિવ્ય પરમગુરુને બ્રહ્માંડમાં મોકલ્યા છે. ''વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ'' નો પણ ઉદ્દેશ સમગ્ર વિશ્વના માનવ કલ્યાણ માટે પરમગુરુના જ્ઞાનને દરેક ભાષામાં પ્રગટ કરી કૈવલજ્ઞાન ચક્રવર્તી કરવા માટેનો છે.

આ પુસ્તક સારા કાગળ, બે કલરમાં છપામણી, સિલાઈ બાઈન્ડિંગ કરી ગ્રંથની શ્રેષ્ઠતા મુજબ ટાઈટલ પણ યોગ્ય વિચારી ખર્ચની ગણતરી ન કરતાં સારું પુસ્તક તૈયાર કરવાના પ્રયત્નો કર્યા છે. હાલની દૃષ્ટિએ તેની પડતર કિંમત ઘણી છે. પરંતુ ધાર્મિક સંસ્થા, મંદિર કે અન્ય ચેરિટેબલ ટ્રસ્ટને આ પુસ્તક વિનામૂલ્યે આપવામાં આવશે. અમારો ઉદ્દેશ ધંધાધારી પ્રવૃત્તિ કરી નાણાં મેળવાનો નહીં, પરંતુ પરમગુરુનું જ્ઞાન મુમુક્ષુજનો સુધી પહોંચાડવાનો અને કૈવલ જ્ઞાનને ચક્રવર્તી કરવાના કાર્યમાં સહાયભૂત થવાનો છે.

આ ગ્રંથને વાંચી, વિચારી તેનું મનન કરીને દિવ્ય પરમગુરુના ગૂઢ જ્ઞાનને

ગ્રહણ કરવામાં આવશે તો જ અમારો પ્રયત્ન સફળ થયેલો માની શકાય. વાચકોને અનુરોધ છે કે અન્ય ધર્માનુરાગીઓને પ્રસંગોપાત્ત આ પુસ્તક ભેટ તરીકે આપીને અમારી યોગ્ય કદર કરે. જેથી જગતનાં પ્રત્યેક ઘરમાં આ પુસ્તકને સ્થાન મળે.

દિવ્ય પરમગુરુનું શ્રેષ્ઠ આધ્યાત્મિક જ્ઞાન હૃદયમાં ઉતારીને પરમપદના માર્ગે મનુષ્યજીવન સાર્થક કરવાનું આપણા સૌનું કર્તવ્ય છે. પ્રત્યેક વ્યક્તિ વિકાસક્રમની સીડીનાં જુદાં જુદાં પગથિયાં પર હોય છે, તેથી 'તૂંડે તૂંડે મતિર્ભિન્ના' એ સૂત્ર અનુસાર દરેકની વિચારસરણી જુદી હોય છે. જો આમ હોય તો દરેકને કેવી રીતે સંતોષી શકાય ? અમારો વિનમ્ર પ્રયાસ પ્રત્યેક મનુષ્યને સંતોષ આપવાનો અને પથ ભૂલેલા આત્મબંધુઓને દિવ્ય પરમગુરુના સત્ય અભિગમનું દર્શન કરાવવાનો છે. દિવ્ય પરમગુરુ અમારા આ ધ્યેયને સફળ બનાવવા આશીર્વાદ આપે તેવી અમારી પ્રાર્થના છે.

અમારી ક્ષતિઓ દરગુજર કરી આપનાં સૂચનો તથા અભિપ્રાયો મોકલી જ્ઞાનસેવાના આ કાર્યમાં આપનો સહકાર આપશોજી.

**- ભજનાનંદ પબ્લિકેશન**
**વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**
સત્ કૈવલ સાહેબ
સત્ કૈવલ પરમાત્મા

# અનુક્રમણિકા


નિવેદન ........................................................ vi

પ્રકાશકના બે બોલ ................................................. ix

મંગલાચરણ ....................................................... ૧

૧. નામ નિરાકરણ (પ્રથમો) કેતુ ૧ ....................................... ૧૩

૨. ભવ બીજ ઉત્પન્ન કરન પ્રણવ કેતુ ૨ .................................... ૭૫

૩. અંક પસારન પુષ્ટિ પ્રતિપાદ કરનન કેતુ ૩ ................................ ૯૬

૪. કર્તા ઉમેદ દેખાવન કેતુ ૪ ........................................... ૧૭૩

૫. અંશ પ્રેરક કરન પુષ્ટિ નામ વિભાગ કેતુ ૫ ............................. ૧૮૮

૬. અંશ અંશીપદ સદ્‌ગુરુ સિદ્ધાંત દેખાવન કેતુ ૬ ......................... ૨૪૭

૭. નામ નામી પ્રતિપાદ કરન કેતુ ૭ ..................................... ૩૯૦

૮. ગ્રંથ પુરુષ પરિપૂર્ણતાકે શિર કલંકી ભૂષણ ધરાવન કેતુ ૮ ................ ૪૪૮

ચોપાઈ અનુસુચી ................................................... ૫૭૪

# મંગલાચરણ

**કૈવલ પરમસિદ્ધાંત ક્રાંત, જીનું સદ્ ચિદ્ આનંદ;**
**સામ્રત સરજન સકલ અકલ, બીજ અંશ સહીત કંદ. ૧**

### શબ્દાર્થ

**કૈવલ** = વળથી રહિત સર્જનહાર **પરમ** = શ્રેષ્ઠ **સિદ્ધાંત** = મત, પંથ, માન્યતા, નિશ્ચિત કરેલ નિર્ણય **ક્રાંત** = પ્રકાશ, કિરણ, તેજ, નૂર **જીનું** = જેનો, જેઓનો **સદ્** = સત્, સદાને માટે, હમેશાં, સ્થાયી **ચિદ્** = ચિદાકાર, પોષક, ચૈતન્યવાહક **આનંદ** = આનંદમય **સામ્રત** = સમર્થ **સરજન** = ઉત્પત્તિ, સર્જન, કૃત **સકલ** = તમામ, સર્વ **અકલ** = કળી ન શકાય તેવા **બીજ** = બીજક **અંશ** = અંશ, સર્જનહારનો સજાતીય સજાણજાણરૂપ ચૈતન અંશ **સહીત** = સહિત **કંદ** = કારણ રૂપ, મૂળ.

### અનુવાદ

**જેનો સદ્ ચિદ્ આનંદરૂપ પ્રકાશ છે એવા વળથી રહિત સર્વ રચનાના કારણ રૂપે રહેલા સમર્થ સર્જનહારનો મત સર્વશ્રેષ્ઠ છે. તમામ બીજગો અને અંશ સહિત સર્વ અકળ ઉત્પત્તિ તે કર્તાની છે.**

### ભાવાર્થ

જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જેમાં અખિલ બ્રહ્માંડ પોષણ પામીને વૃદ્ધિ પામ્યું છે, એવા સચરાચર વ્યાપક સદ્ ચિદ્ આનંદ રૂપ બ્રહ્મપ્રકાશ છે. તે બ્રહ્મના પ્રકાશક સર્વ રચનાના સર્જનહાર છે. વિશ્વમાં જેટલા મતો સ્થપાયેલા છે, તે સર્વ મતોને જ્ઞાન દષ્ટિથી જોતાં જણાય છે કે સઘળી રચનાના કારણરૂપે રહેલા સર્જનહારને દર્શાવતો સકર્તા સિદ્ધાંત સર્વ શ્રેષ્ઠ સિદ્ધાંત છે. જેમ સૂર્યનો પ્રકાશ વ્યાપક રહેલો છે, તેમ કૈવલકર્તાની બાહ્ય વૃત્તિનો બ્રહ્મપ્રકાશ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપેલો છે. સર્જનહાર કૈવલકર્તાએ કોઈની પણ મદદ લીધાં સિવાય પોતાના શુદ્ધ સંકલ્પ દ્વારા છ વૃત્તિઓથી સમગ્ર વિરાટની રચના તથા તમામ પ્રકારની ઉત્પત્તિના બુંદ-બીજગો અને ત્રણ પ્રકારના (સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ) અંશોને ઉત્પન્ન કર્યા છે. આ ઉત્પત્તિ અંગેની ગુહ્ય રચના કળ્યામાં આવી શકે તેમ નથી, અર્થાત્ અકળ છે.

સ્થાવર અને જંગમ જાતિના ચોર્યાસી લાખ પ્રકારના ઘાટોની ઉત્પત્તિ સ્વેદજ, ઇંડજ, જરાયુજ એ ઉદ્‌બીજ (ઉદ્‌ભીજ) એમ ચાર પ્રકારે થઈ છે. તે દ્વારા ઉત્પન્ન થતાં ઘાટોના બુંદ અને બીજગની રચના અપરંપાર અને કળ્યામાં ન આવે તેવી છે. તે ઘાટો કલ્પોકલ્પ પર્યંત એકમાંથી એક એમ અવિરત પણે નીકળ્યા જ જાય એટલો સંચ એક એકને વિષે ભરેલો છે.

સ્થૂળ, સૂક્ષ્મ કારણ અને મહાકારણ દેહોનું આયુષ્ય એક એકથી અધિક રહેલું છે. જ્યારે પરમકારણ દેહનું આયુષ્ય મહાકલ્પ પર્યંત ચાલે તેટલું છે. આ સર્વ દેહોને ચલાયમાન અને ચૈતન કરવા માટે પોતાની સજાતિના સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોને ઉત્પન્ન કર્યા છે અને તેને દરેક ઘાટોમાં પ્રેરક કર્યા છે. સ્થૂળ અને સૂક્ષ્મ ઘાટોમાં સામાન્ય અંશો છે, અવતારાદિક દેવી-દેવતાઓના કારણ અને મહાકારણ દેહોમાં વિશેષ અંશો છે. જેમને વિશ્વનો વહીવટી કાર્યભાર સોંપ્યો છે. તેમના ઉપર સત્તાધીશ રૂપે સહાયભૂત થવા માટે પરમકારણ દેહમાં પરમવિશેષ અંશોને બિરાજમાન કર્યાં છે.

આવી અદ્‌ભુત અને રંગબેરંગી દુનિયાને બનાવનાર સમર્થ સર્જનહાર એકમાત્ર કૈવલકર્તા છે. અંગેનું જ્ઞાન દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે આ વિશ્વમાં સકર્તા સિદ્ધાંત દ્વારા સ્થાપિત કર્યું છે. આ પ્રમાણે અંશ-અંશીનો લક્ષ દર્શાવતો આ સકર્તા સિદ્ધાંત અન્ય સગુણ અને નિર્ગુણ સિદ્ધાંતોથી સર્વ શ્રેષ્ઠ સિદ્ધાંત છે.

**પ્રેરક પસરન કરન ધરન, ધર સધર સબીવર;**
**સમેટ પુષ્ટિ સમસ્ત ઉદયે કરન અસ્ત;**
**સમષ્ટી ભરિત મુષ્ઠ પુનિત તુષ્ટી કર. ૨**

### શબ્દાર્થ

**પ્રેરક** = પુરસ્કારક, પુરસ્કર્તા, પ્રયોજક **પસરન કરન** = પસારો કરવા **ધરન** = ધારણ કરનાર **ધર** = આરંભથી, શરૂઆતથી, પહેલેથી, મૂળથી **સધર** = શક્તિમાન **સબીવર** = ક્રાંતિ કરનાર, પરિવર્તન કરનાર, ઉથલપાથલ કરનાર, શ્રેષ્ઠ પરિવર્તક **સમેટ** = સંકેલવું, નાશ કરવું **પુષ્ટિ** = વૃદ્ધિ, પોષણ, તૃપ્તિ **સમસ્ત** = સર્વ, તમામ **ઉદયે** = ઉત્પત્તિ **કરન** = કરવાવાળા, કરીને **અસ્ત** = વિનાશ, અંત **સમષ્ટી** = સમદૃષ્ટિ, સમૂહ, સમગ્રતા, સર્વજ્ઞતા **ભરિત** = ભરીને, પ્રેરક કરીને **મુષ્ઠ** = સંક્ષિપ્ત કરવું તે, સંક્ષેપ, સારરૂપ **પુનિત** = પવિત્ર, શુદ્ધ, ચોખ્ખું, નિર્મળ, સારું, સુંદર **તુષ્ટી** = પ્રસન્નતા **કર** = કરનારા, કરવાવાળા.

### અનુવાદ

**તેઓ આરંભથી જ પ્રયોજનપૂર્વક પસારો કરીને ધારણ કરવા શક્તિમાન હોઈ સર્વની ઉત્પત્તિ કરીને વૃદ્ધિ, પોષણ અને વિનાશ કરાવનારા શ્રેષ્ઠ પરિવર્તક છે. તેમજ સારરૂપે પ્રેરક કરેલ અંશો પ્રત્યે સમદૃષ્ટિ ધારણ કરીને નિર્મળ પ્રસન્નતા કરનારા છે.**

## ભાવાર્થ

સર્જનહારે જે રચના રચી છે તેને પ્રયોજનપૂર્વક આરંભથી જ સુવ્યવસ્થિત રીતે બનાવી છે. જેથી તેમાં તેમણે પોતે કે અન્ય કોઈએ પણ પાછળથી ફેરફાર (સુધારો કે વધારો) કરવો ન પડે. આ રીતે પોતાના બાહ્યવૃત્તિના પ્રકાશ રૂપી બ્રહ્મક્ષેત્રમાં સમગ્ર પસારો કરીને તેઓ સ્વયં તેને ધારણ કરી રહ્યા છે. અર્થાત્ સઘળી રચના તેના બુંદ-બીજગ અને તત્ત્વોના લક્ષણોને આધારે વૃદ્ધિ થાય અને તે સર્વ ઉત્પત્તિ યથાયોગ્ય પોષણ પામે તેવું નિયમન કરે છે. તે દરેક રચનામાં તેમણે એવી કળ ભરેલી છે કે જે તે રચના પોત-પોતાની અવધિના સંચ ભરેલા સમય દરમિયાન જીવંત રહીને અંતે નાશ પામે છે. રચનારે પોતે તો વળથી રહિત રહીને આવી અદ્‌ભુત પરિવર્તનશીલ રચના વળ ભરીને ઉત્પન્ન કરેલી છે. સર્જનહાર પોતાની આંતરિક બાજ દૃષ્ટિના દિવ્ય ચક્ષુથી તમામ દેહોમાં પ્રેરક કરેલા સારરૂપ અંશોને સમદૃષ્ટિપૂર્વક નિહાળીને તેની પ્રસન્નતા માણી રહ્યા છે.

## રલિત અંશ જીનું મલિત ભલિત ભવ;
## કલિ સકંસ કલ નહીં નાનલિત તવ. ૩

### શબ્દાર્થ

**રલિત** = આનંદ, ખુશી, ક્રિડા, વિહાર કરતા **અંશ** = નિજ કર્તાના સજાતીય અંશ **જીનું** = જેઓ **મલિત** = મળીને **ભલિત** = ભળી જઈને, એકરૂપ થઈને **ભવ** = સંસાર, જગત **કલિ** = કળિયુગના **સકંસ** = આંટી ઘૂંટી, પક્કડ, ગૂંચવણ, દબાણ, પ્રભાવ **કલ** = કળ, યુક્તિ, રહસ્ય, મર્મ, ઉપાય, ઓળખાણ **નહીં** = નહીં **નાનલિત** = ઉણપપણું, કમીપણું, ઓછપ, અભાવ **તવ** = ત્યારે, તેથી, તારું, તેમને, પોતાને.

## અનુવાદ

**વિહાર કરતા અંશો સંસાર ભેગા ભળી જઈને કળિયુગના પ્રભાવમાં આવ્યા તેથી પોતાને પણ ઓળખી શક્યા નહીં.**

### ભાવાર્થ

સર્જનહારના ધામમાંથી નીકળી અંશો સૌ પ્રથમ બ્રહ્મ ભૂમિકામાંથી પસાર થયા. ત્યારબાદ અલગ-અલગ દેહના માધ્યમોમાંથી પસાર થતાં થતાં છેવટે સ્થૂળ દેહમાં આવ્યા છે. જે અંશો સ્થૂળ દેહમાં આવ્યા તેમને બીજા ચાર દેહોના આવરણો લાગવાથી તે પોતાનું નિજ ચૈતન સ્વરૂપ વિસરી ગયાં. છેવટે સ્થૂળ દેહોના જડ તત્ત્વોના આવરણમાં ભળી જઈ તેમાં જ ઓતપ્રોત થઈને રહેવા લાગ્યાં.

દેહના ભોગવિલાસ અને ગુણ-ઘણ તથા ઈન્દ્રિયોના સ્વાદમાં આનંદ માણીને વિહાર કરતાં કરતાં અંશ દેહ ભેગો ભળી જઈને દેહમય બની ગયો. એટલું જ નહીં, પરંતુ હાલના પ્રવર્તમાન કળિયુગના પ્રભાવમાં પ્રભાવિત થઈને અનીતિ તથા અધર્મ ભરેલા કૃત્યો આચરવા માંડ્યો. પરિણામે અંશ પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપને ભૂલી ગયો. અજ્ઞાનતાને કારણે નિજ સ્વરૂપ ન ઓળખતાં સ્વયં પોતાની જાતને દેહના ગુણો જેવો જ માનવા લાગ્યો. આ પ્રમાણે તે (અંશ) જેની સજાતિનો છે, તેવા સર્જનહાર (અંશી)ની સમજ બાબતમાં પણ અજાણ્યો રહ્યો.

## વ્યાપી તવ વિત તીત રહિત રમલ મત;
## સમલ સહિત બિનું મલ મલિ તન તત. ૪

### શબ્દાર્થ

**વ્યાપી** = વ્યાપક, સર્વત્ર પ્રસરેલું **તવ** = તેમના **વિત** = વિત્તરૂપે, સત્ત્વરૂપે, નૂરરૂપે **તીત** = તીત, પર, થી પરે **રહિત** = સિવાય, વિના, વગરનું **રમલ** = વિકાર રહિત **મત** = ના, નહીં **સમલ** = વિકારયુક્ત **સહિત** = સાથે, સંગે, જોડે **બિનું** = વગર, વિના **મલ** = વિકાર **મલિ** = મળી શકે **તન** = શરીર, દેહ **તત** = તે, ત્યાં સુધી (મલીત = મળેલું, ભલેલું **ન** = નહીં)

### અનુવાદ

**સર્જનહાર તેમના નૂર રૂપે રહેલા બ્રહ્મથી તીત વિકાર રહિત રહેલા છે. જ્યાં સુધી અંશ વિકારથી મુક્ત ન થાય ત્યાં સુધી તેમને (સર્જનહારને) મળી શકે નહીં.**

### ભાવાર્થ

વિશ્વમાં જન્મ-મરણના ક્રમમાં ભટકતો અંશ તેના (સુક્રિતના) પૂણ્ય અને

(દુષ્કિતના) પાપોના બંધનોથી વિકારી બનેલો છે. તે અંશ જ્યાં સુધી કર્મોનાં તમામ ફળો ભોગવીને વિકાર રહિત (નિર્મળ સ્વરૂપે) ન થાય ત્યાં સુધી પોતાના સજાતીય પિતા સકર્તા સર્જનહારને મળી શકે નહિ. સર્જનહાર તો વ્યાપક પ્રકાશ રૂપ બ્રહ્મની મધ્યે તત્ત્વાતીત એવા ''કૈવલધામ'' માં રહે છે. તેઓ કોઈ પણ પ્રકારના આલંબનોથી રહિત છે. એટલે જ કૈવલધામમાં જે કોઈ અંશ જવા ઈચ્છતા હોય તેણે બંધનથી મૂક્ત થઈ આલંબન રહિત (નિર્મળ સ્વરૂપે) બનવું પડે છે.

અંશ તો સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહ સુધી પોતાના સુક્રિત-દુષ્કિતના ફળો ભોગવે છે. તે ભોગવીને નિર્મળ થતાં નિરંજનની નૂર ભૂમિકામાં રહેલો અંશ અનહદ સુખ ભોગવે છે અને છેવટે કૈવલધામમાં જાય છે. ત્યારબાદ જ્યારે કર્તા મહાપ્રલય કાળે અંશવૃત્તિને પોતાનામાં સમાવે ત્યારે જ બધા અંશો તેમાં વિલીન થઈ જાય છે. આ સમયગાળો તો કરોડો કલ્પો વહી જાય તો પણ પૂરો થાય તેમ નથી. એટલે જો મનુષ્યના સ્થૂળ દેહમાં રહેલો અંશ પોતાના કર્મ-બંધનોમાંથી (વિકાર રહિત થઈ) મુક્ત થાય તો જ કૈવલધામમાં જવાનું શક્ય બની શકે. એ માટે સર્જનહારના પરમવિશેષ, પાટવી અંશ, દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના શરણમાં જઈ અંતિમ શ્વાસ સુધી સમર્પિત થઈને રહેવું પડશે. સર્જનહાર દ્વારા મળેલા અધિકાર મુજબ તેઓ અંશને બંધનોથી મુક્ત કરીને, શુદ્ધ અણિઅગ્ર અંકુરિત સ્વરૂપે કરીને કર્તા સાથે મેળાપ કરાવી આપે છે. બ્રહ્માંડમાં માત્ર પરમગુરુ જ પરમપદની બક્ષિસ કરવા માટે સક્ષમ છે. એટલે અંશોને સર્જનહારના કૈવલધામમાં જઈને તેમને (સર્જનહારને) મળવાની તમન્ના હોય તો તેમના માટે દિવ્ય પરમગુરુનું શરણું જ એક માત્ર ઉપાય છે.

**અમલ અચિત ઉતઈત મીત જીત તીત;**
**લગી ન શકત જીત કાઈ કીલ મીસ્ત હિત. ૫**

**શબ્દાર્થ**

**અમલ** = સત્તા, અધિકાર, શાસન **અચિત** = ચિંતવનમાં ન આવી શકે તેવા, અચિંત્ય, કલ્પનાતીત **ઉતઈત** = મૃત્યુલોક અને દેવલોક, અહી અને ત્યાં **મીત** = મિત, માપ, હદ કે નિયમ બતાવનાર, પ્રમાણસરનું યથા પ્રમાણ **જીત તીત** = જ્યાં અને ત્યાં, સર્વત્ર **લગી ન શકત** = લાગી શક્તો નથી **જીત** = જેને, જ્યાં, તે પદને **કાઈ** = કોઈ પણ પ્રકારનો **કીલમીસ્ત** = કાટ, આવરણ, વિકાર, બંધન **હિત** = હિતકારક, માંગલિક, ઉપકારક, કરુણેશ

## અનુવાદ

**તેમનું શાસન ચિંતવનમાં ન આવી શકે તેવું અમાપ છે. જેમાં મૃત્યુલોક અને દેવલોક સહિત સર્વત્ર છે. સર્વના હિતકારક તે પદને કોઈ પણ પ્રકારનું આવરણ લાગી શકતું નથી.**

## ભાવાર્થ

અગાઉની ચોપાઈમાં અંશનું વર્ણન કરવામાં આવ્યું છે. અહીં અંશી-સર્જનહાર માટે દર્શાવવામાં આવ્યું છે. સર્જનહારને આદ્ય, સક્રત, સ્વરાજ, કરુણેશ અને કૈવલ એમ પાંચ વિશેષણોથી સંબોધવામાં આવે છે 'આદ્ય' એટલે કે, તેઓ આદિ-અનાદિના છે. 'સક્રત' એટલે તેમણે પોતે પોતાના શુદ્ધ સંકલ્પ શક્તિથી બનાવેલ બ્રહ્માંડમાં તેમનું પોતાનું જ શાસન છે. 'કરુણેશ' એટલા માટે કહેવાય છે કે દરેક દેવોને એક એક કરુણા સોંપીને કરુણામય બનાવ્યા છે જેથી વિશ્વનો વહીવટ મહાકલ્પ પર્યંત સુવ્યવસ્થિત રીતે ચાલી શકે. તેઓ કરુણાઓના ઈશ છે. વળી તે કોઈ પણ પ્રકારના કર્મ-બંધન કે આવરણોથી મુક્ત હોઈ સ્વયં વળથી રહિત છે. તેથી તેમને 'કૈવલ' કહેવામાં આવ્યા છે. તેમણે આ સૃષ્ટિનું સર્જન વળ ભરીને કર્યું છે. એમના પરમપદને ગુણ, ઘણ, ઈન્દ્રિય અને અંતઃકરણથી ઓળખી શકાય તેમ નથી, કારણ કે, તેમનું પદ તત્ત્વાતીત છે. તેઓ સદાને માટે પૂર્ણ ચૈતન, મહદ્ સજાણ-જાણ સ્વરૂપે રહેતા હોવાથી એક મહાકલ્પ પર્યંત અકલ પુરુષ તરીકે રહેવા છતાં તેમની જાણમાં અજ્ઞાન વ્યાપતું નથી.

## અંશની અલેપતાની જાનીત કહીત ગમ;
## વહત વિવિધતાની રહત જમ કે તમ. ૬

### શબ્દાર્થ

**અંશની** = સર્જનહારના સજાતીય સજાણ-જાણ સ્વરૂપ અંશની **અલેપતાની** = બંધનમાંથી મુક્ત થવાની, આવરણમાંથી નિર્લેપ થવાની, અનાસક્ત થવાની **જાનીત** = જાણેલું **કહીત** = કહી **ગમ** = સમજ, જ્ઞાન **વહત** = વહે છે, સતત ઘાટમાં ભ્રમણ કરે છે, અવિરતપણે જન્મ-મરણ ભોગવે છે **વિવિધતાની** = અલગ-અલગ દેહના ઘાટોમાં, અનેક પ્રકારની વિવિધતાવાળા ઘાટોમાં **રહત** = રહે છે **જમ કે તમ** = જેમ છે તેમ જ, જેવો છે તેવો જ.

### અનુવાદ

**અંશની અનાસક્તિનું જે જ્ઞાન હું જાણતો હતો તે મેં તમને કહ્યું. અનેક પ્રકારના વિવિધતાવાળા ઘાટોમાં અંશો ભ્રમણ કરે છે છતાં તેઓ જેવા ને તેવા જ રહે છે.**

### ભાવાર્થ

અંશો ઉપર લાગેલા આવરણોને કેવી રીતે દૂર કરવા તે માટેનો ઉપાય દર્શાવતું જ્ઞાન દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે તેમની જાણ્ય હતી તે મુજબ આપણને દર્શાવ્યું છે. જ્યારથી અંશો કૈવલધામમાંથી છૂટા પડીને બ્રહ્માંડમાં આવ્યા ત્યારથી ભિન્નભિન્ન પ્રકારના વિવિધતાવાળા ઘાટોમાં પોતાના કર્મોના બંધન અનુસાર જન્મ-મરણના દુઃખમાં બધા ફરે છે. તેમ છતાં તેઓમાં ચેતનતાનો ગુણ જેવોને તેવો જ રહે છે. અર્થાત્ જે જે ઘાટમાં જાય છે તે તે ઘાટોને પ્રણવના માધ્યમથી ઘાટમાં રહેલા તત્ત્વોના સમૂહને ચેતનવંત કરી ઘાટને જીવંતપણું બક્ષે છે. આમ, પોતે સંચિત કર્મોના આધારે જે તે ઘાટમાં રહીને સુખ-દુઃખ ભુક્તમાન (સહન) કરે છે.

## અંશની અતુલતાની યેસેહી અક્ત કથા;
## તાહીકે પતિકે ચીન કો બરનહી ત જથા. ૭

### શબ્દાર્થ

**અંશની** = સર્જનહારનો સજાતિના સજાણજાણ સ્વરૂપ અંશની **અતુલતાની** = અજોડતાની, અનુપમતાની, સર્વોત્તમતાની **યેસેહી** = એવી એ પ્રમાણેની **અક્ત** = અકથ, ગુપ્ત, અવર્ણનીય, ગુહ્ય **કથા** = કહાણી, વૃતાંત, જ્ઞાન, વર્ણન **તાહીકે** = તેના **પતિકે** = માલિકને, સ્વામીને, પતિને **ચિન** = જાણીને, ઓળખી **કો** = કોઈક જ, કોઈ જ **બરનહી** = વર્ણન કરી શકે, વર્ણવ્યું **ત જથા** = તેમનું યથાયોગ્ય રીતે.

### અનુવાદ

**અંશની સર્વોત્તમતાની એ પ્રમાણેની અવર્ણનીય છે. તેની ઓળખાણ થકી જ પતિનું વર્ણન યથાયોગ્ય રીતે કરી શકાય..**

### ભાવાર્થ

દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે આ પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથના

માધ્યમથી શરીરમાં વિત્તરૂપે રહેલા અંશની અમલી ચૈતન સત્તાનું અવર્ણનીય વૃતાંત દર્શાવ્યું છે. અંશને ઓળખ્યા પછી જ, અંશ જેના સજાતિનો છે એવા અંશીની ઓળખ અને યથાયોગ્ય વર્ણન કરી શકાય.

**અકલકે અકલ સકલ ઉતકષ્ટિ રિધ;**
**હરિત સકલ અઘ ધરીત ધ્યાન નિધ. ૮**

**શબ્દાર્થ**

**અકલકે** = કળી ન શકાય તેવા, અગમ્ય, ઈન્દ્રિયગોચરના **અકલ** = અકળ, અગમ્ય **સકલ** = તમામ, સર્વ **ઉતકષ્ટિ** = ઉત્કૃષ્ટ, સર્વોત્તમ, ઉત્તમ રચના **રિધ** =રિદ્ધિ, સમૃદ્ધિ **હરિત** = હરીને, દૂર કરીને, હણીને નાશ કરીને **સકલ** = સર્વ, તમામ, **અઘ** = અજ્ઞાન, પાપ, અંધકાર, દુઃખ **ધરીત ધ્યાન** = ધ્યાન ધરવાથી, ચિંતન કરવાથી **નિધ** = ભંડાર, સાન્નિધ્ય

**અનુવાદ**

**અકળ અંશના અકળ પતિની તમામ સમૃદ્ધિ સર્વોત્તમ છે. એવા સમૃદ્ધિના ભંડાર પતિનું ધ્યાન ધરવાથી તેઓ સર્વ દુઃખો દૂર કરે છે.**

**ભાવાર્થ**

શરીરમાં વિત્ત રૂપે રહેલો અંશ કળી ન શકાય તેવો અગમ્ય અને અગોચર છે. અંશ જેની સજાતિનો છે એવા અંશી પણ અકળ છે. તેવા અકળ સર્જનહારની સર્વ સમૃદ્ધિ પણ સર્વોત્તમ છે. તે શ્રેષ્ઠ સમૃદ્ધિના ભંડાર રૂપ નિજ કર્તાના સાંનિધ્યનું સુખ પ્રાપ્ત કરવા માટે શ્રીમત્ કરુણાસાગરના આદેશ મુજબ જે કોઈ ધ્યાન ધરે છે તેમના તમામ પ્રકારના સંકટો દિવ્ય પરમગુરુ નષ્ટ કરે છે. એટલું જ નહીં, પરંતુ ઘટમાં વ્યાપેલા અજ્ઞાન-અંધારનો પણ નાશ કરીને સકર્તા પતિના કૈવલજ્ઞાનનો પ્રકાશ ફેલાવે છે.

**અજરકે અજર સચર શિર સ્વાધીન સદ;**
**બ્રહ્મકે પરંતુ અંત અખંડ અનાદિ પદ. ૯**

### શબ્દાર્થ

**અજરકે** = નાશ ન પામે તેવું, અવિનાશી, જીર્ણ ન થાય એવું **અજર** = અવિનાશી **સચર** = સર્વના **શિર** = શિર પર, માથે **સ્વાધીન** = સ્વતંત્ર, પોતાના નિયમમાં રાખનાર **સદ** = પોતે **બ્રહ્મકે** = બ્રહ્મના **પરંતુ** = પરંતુ, પણ, તેમ છતાં, તથાપિ, કિંતુ **અંત** = છેડો, સમાપ્તિ, અવધિ, પ્રલય,નાશ **અખંડ** = જેનો કદિ નાશ થતો નથી તેવું **અનાદિ** = સૌથી પુરાણું, જેનું આદિ કારણ નથી એવુ, જેના આરંભ કે ઉત્પત્તિ ન હોય તેવું, જે અગાઉ કોઈ ન હોય એવું **પદ** = પદ, મોભો, સ્થાન, ધામ, દરજ્જો, પદવી, સ્વરૂપ, હોદ્દો

### અનુવાદ

**જેનો નાશ થતો નથી તેવા (અંશ)ના પણ તે અવિનાશી (અંશી) છે. સર્વના શિર ઉપર સ્વતંત્ર પણે રહેલા છે અને બ્રહ્મના અંત એવું અખંડ અને અનાદિ તેમનું પદ છે.**

### ભાવાર્થ

અગાઉથી ચોપાઈમાં દર્શાવ્યા મુજબ દિવ્ય પરમગુરુ અહીં પણ અંશને લક્ષમાં રાખીને અંશીની સામર્થ્યતાનું વિવરણ કરે છે. જેમ શરીરમાં ચૈતન અંશ સર્વોપરી છે. તે પોતાના આભાસથી સમચૈતન્ય હીર રૂપે બ્રહ્મના સજાતિ જે પ્રાણાયામ છે તેને ચેતન કરીને તેના માધ્યમ દ્વારા સમગ્ર જડ તત્ત્વોના સમૂહથી બંધાયેલા શરીરને ચેતન કરે છે. આ રીતે સમગ્ર જડ તત્ત્વોના જીવન રૂપે રહેલા પ્રાણાયમના શિર ઉપર સ્વતંત્રપણે નિયમમાં રાખનાર સર્જનહારનો સજાતીય ચૈતન અંશ છે.

તેવી જ રીતે સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિના જીવન રૂપે સચરાચર વ્યાપક બ્રહ્મ છે. તેમાં સઘળી રચના બ્રહ્મમાં જ પૃષ્ટિ પામીને રહેલી છે. બ્રહ્મ એ સકર્તા સર્જનહારનો પ્રકાશ છે. આ પ્રમાણે સર્જનહારે જે કાંઈ ઉત્પત્તિ (રચના) કરેલી છે તે પોતાના બ્રહ્મક્ષેત્રમાં કરેલી છે અને સ્વયં સ્વતંત્ર રીતે ૮૪ તત્ત્વોના વિસ્તારનું નિર્માણ કરીને નિયમન કરે છે.

મહાપ્રલયકાળે તમામ રચનાનો નાશ કરી પોતાની વૃત્તિઓમાં સમાવી દે છે. છેવટે જે બ્રહ્મક્ષેત્ર રૂપ પ્રકાશ છે તે પણ અંતે તો સર્જનહારની પ્રથમ બ્રહ્મવૃત્તિની ઉત્પત્તિ હોઈ તેમાં જ સમાઈ જાય છે. બ્રહ્મનો પણ અંતે જેમાં સમાવેશ થઈ જાય તેવું સર્જનહારનું પદ છે. તે પદનો કદી પણ નાશ થતો નથી તેથી જ તે અખંડ હોઈ જેનો આરંભ કે ઉત્પત્તિ ન હોવાથી સનાતન અને આદિ-અનાદિ ગણાય છે.

## વૃત્તિ અને તત્ત્વોનો વિસ્તાર

- **કર્તાના બાહ્યહંગ, બાજહંગ, કર્તાહંગકે બાહ્યવૃત્તિના વિસ્તારમાં આવરી લેતો વિસ્તાર**

  ૧ પ્રકાશ બ્રહ્મવૃત્તિ (બ્રહ્મપ્રકાશ)
  ૩ પ્રકાશ બ્રહ્મવૃત્તિના મહાતત્ત્વો
  ૧ સંજમ ભોગવૃત્તિ
  ૩. સંજમ ભોગવૃત્તિના ચક્ષસત્ત્વો
  ૧ ઈચ્છાવૃત્તિ
  ૭૨ ઈચ્છાવૃત્તિનો વિસ્તાર
  ૧ ક્રિયાવૃત્તિ - જેમાં ૭૨ તત્ત્વોનો યોગ્ય મિશ્રણથી બનાવેલ બીંદુ-બીજગ સહિત ઘાટોની સર્વ રચના
  ૧ સજીવન વૃત્તિ - જેમાં મહદ્‌ના સમચૈતન હીરથી ચારે પ્રકારની ખાણોમાં થતી વૃદ્ધિનો સંચ

- **કર્તાના અંતરહંગનો (આંતરવૃત્તિનો)આવરી લેવાતો વિસ્તાર**

  ૧ અંશ વૃત્તિ - જેમાં ત્રણ પ્રકારના અંશોનો સમાવેશ થયો છે. (સામાન્ય, વિશેષ અને પરમવિશેષ)

**કુલ ૮૪ તત્ત્વો**

**નોંધઃ** વૃત્તિઓથી તેના ઉત્પત્તિના સ્વરૂપે રહેલા તત્ત્વો અલગ છે. મહાપ્રલયકાળે દરેક તત્ત્વો સહિતના સર્વ ઉત્પત્તિ અને સંચ જે તે વૃત્તિઓમાં સમાઈ જાય છે. અંતે સર્જનહાર પોતાની વૃત્તિઓને અંતરમુખ કરીને પોતાનામાં સમાવી લે છે અને પોતે અખંડ પૂર્ણ ચૈતન, અદ્વૈત સ્વરૂપે રહે છે.

**જાહીકે પ્રકાશ બ્રહ્મ તાહી નાં અક્રમ ક્રમ;**
**અખિલ આધાર જીનું આપ નિરાધારીયે. ૧૦**

### શબ્દાર્થ

**જાહીકે** = જેમનો **પ્રકાશ** = પ્રકાશ, નૂર **બ્રહ્મ** = સચરાચર, વ્યાપક બ્રહ્મ **તાહી** = તેને **નાં** = નહીં, નથી **અક્રમ** = અકર્મ, કર્મનો અભાવ, નિષ્કર્મ **ક્રમ** = ક્રમ, કર્તવ્ય, ક્રિયા, કાર્ય, કામ

**અખિલ** = સમસ્ત, આખું, અખિલ, બધું **આધાર** = ટેકો, અવલંબન **જીનું** = જેના, જેનો **આપ** = પોતે, સ્વયં **નિરાધારીયે** = આધાર વગરનું, ટેકા વિનાનું, અવલંબન રહિત

## અનુવાદ

**બ્રહ્મ જેનો પ્રકાશ છે તેમને કર્મ કે અકર્મ હોતાં નથી. વળી અખિલ બ્રહ્માંડ આપના આધારે રહેલું છે છતાં આપને આધારની જરૂર નથી પડતી.**

## ભાવાર્થ

સચરાચર વ્યાપક બ્રહ્મ સર્જનહારનો જ પ્રકાશ છે. તે બ્રહ્મપ્રકાશના પ્રકાશક કૈવલકર્તા પોતે કર્મ અને અકર્મના બંધનો સિવાયના છે. સર્જનહાર, કૈવલકર્તા, સમગ્ર બ્રહ્માંડની રચનાને ધારણ કરીને રહેલા હોઈ સર્વના આધાર રૂપ છે. જ્યારે તેઓ સ્વયં કોઈનો પણ આધાર વગર સ્વતંત્ર રહેલા છે. તેઓ પોતે જ કર્તા હોવાથી તેમને કોઈના આધારની જરા પણ આવશ્યકતા ઊભી થતી નથી.

## અથાહ કે અથાહ જથાહ બરનીત કીત;
## કુવેર પ્રણિત તીનું ગતિ અનુસરીયે. ૧૧

### શબ્દાર્થ

**અથાહ** = અથાગ, અંતરહિત, છેડા વગરનું, અમાપ, પાર વિનાનું **કે** = નું **અથાહ** = અનંત, અસીમ, અગાધ **જથાહ** = જેમ છે તેમ, યથાર્થ **બરનીત** = વર્ણન, આલેખન, નિરૂપણ, વિવેચન, કોઈ વસ્તુને જેવી હોય તેવી કહી કે લખી જણાવવી તે **કીત** = કેવી રીતે, ક્યાં **કુવેર** = કુવેરસ્વામી **પ્રણિત** = નમસ્કાર કરી **તીનું** = તેમની **ગતિ** = શક્તિ, બળ, સ્થિતિ, દશા, સ્થાન, જાણ, જ્ઞાન **અનુસરીયે** = અનુસાર, ના પ્રમાણે.

## અનુવાદ

**અંત રહિત બ્રહ્માંડના કર્તા અગાધ ગતિવાળા છે, જેમનું વિવેચન જેમ છે તેમ યથાર્થ કેવી રીતે કરી શકાય ? તેમ છતાં કુવેરસ્વામી કહે છે કે ગતિ પ્રમાણે હું કર્તાને નમસ્કાર કરું છું.**

## ભાવાર્થ

જેનો કોઈ છેડો કે તાગ મેળવી શક્યા નથી એવા અનંત બ્રહ્માંડના રચનાર કૈવલકર્તા અગાધ ગતિવાળા છે, વળી તેઓ રૂપ, અરૂપથી પરે હોઈ કળ્યામાં ન આવી શકે તેવા અકળ અને જેઓ બાવન અક્ષરોથી વર્ણન ન કરી શકાય તેવા અવર્ણનીય છે. એવા સર્જનહારનું જેમ છે તેમ યથાર્થ વર્ણન કેવી રીતે જણાવી શકાય? તેમ છતાં કુવેરસ્વામી કહે છે કે તેઓએ સકર્તા સર્જનહારની મહદ્ જાણ સ્વરૂપનું પોતાની અલ્પ જાણ દ્વારા દર્શાવવા (જણાવવા) પ્રયત્ન કર્યો છે. સર્વના અગાધ ગતિવાળા સકર્તા સર્જનહારને તેઓ પોતાના ચૈતન અંશના અલ્પ હંગ દ્વારા નમસ્કાર કરે છે.

# નામ નિરાકરણ (પ્રથમો)
# કેતુ ૧

**નામ વિલાસ નિરાકરણ, પુનિ અક્ષર સમુદાય;**
**વેદ સહિત વિતપન કહુ, ગાયત્રી સંધ્યાય. ૧**

### શબ્દાર્થ

**નામ** = સંજ્ઞાવાચક શબ્દ, ઓળખ, અભિધાન, સંબોધન **વિલાસ** = વિસ્તાર, ફેલાવો **નિરાકરણ** = નિરાકરણ કરી, નિવેડો લાવી **પુનિ** = વળી **અક્ષર** = અક્ષર, ઉચ્ચરિત સ્વર વ્યંજનોના રૂપનો વર્ણ **સમુદાય** = સમૂહ, જૂથ **વેદ** = સનાતન હિન્દુ ધર્મનો આદિ ગ્રંથ જે બ્રહ્માજી દ્વારા ઉચ્ચારેલ અને ઋષિમુનિ દ્વારા લખાયેલ ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ અને સામવેદ **સહિત** = સાથે, સાથોસાથ સુધ્ધા **વિતપન** = નાશવંત, ઉત્પત્તિ, ફેલાવો, વિસ્તાર **કહુ** = કહું છું, **ગાયત્રી** = ચોવીસ અક્ષરનો એક વૈદિક ત્રિપદી છંદ-મંત્ર **સંધ્યાય** = સંધ્યાકાળે કરાતું નિત્યકર્મ.

### અનુવાદ

**નામનો વિસ્તાર, અક્ષરનો સમૂહ અને સંધ્યા-ગાયત્રી સહિત વેદની ઉત્પત્તિનું નિરાકરણ કરીને કહુ છું.**

### ભાવાર્થ

પ્રણવ રૂપી કલ્પતરુની ઉત્પત્તિના મૂળ રૂપે ઉચ્ચારવામાં આવતા સ્વર અને વ્યંજનોના રૂપથી અક્ષર બને છે. તે અક્ષરોના સમૂહથી બનેલા વિવિધ સ્વરૂપો પૈકીના નામ, સંધ્યા, ગાયત્રી અને વેદ વિગેરે છે.

બાહ્ય ઈન્દ્રિયો કે મન વડે સમજી શકાય તેવા પદાર્થ કે વસ્તુને ઓળખવા માટે જે વપરાય એવા શબ્દ કે સંજ્ઞા રૂપે નામ છે. બ્રહ્માજી દ્વારા ઉચ્ચારાયેલ વેદ છે અને ગાયત્રી એ સંધ્યાકાળે કરાતાં ચોવીસ અક્ષરોનો એક ત્રિપદી મંત્ર છે. આ સર્વ પ્રણવની જ પેદાશ હોઈ તેની ઉત્પત્તિ અંગે નિરાકરણ કરીને દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ ગ્રંથમાં આપણને સમજાવે છે.

**જેહી જીનસે અનુકરમીત, ધરહીત પ્રસવ ભવેત;**
**તેહી તીનકે સૂનો મરમીત, કહહીત સજન સહેત. ૨**

### શબ્દાર્થ

**જેહી** = જે, **જીનસે** = જેનાથી **અનુકરમીત** = ક્રમાનુસાર, ક્રમશઃ **ધરહીત** = ધારણ કરી શકે તેવું, પરિપૂર્ણ પણે, આરંભથી, શરૂઆતથી **પ્રસવ** = ઉત્પત્તિ, વૃદ્ધિ **ભવેત** = થાય છે, જન્મે છે, વિશ્વમાં **તેહી** = તે **તીનકે** = તેના, તેનું **સૂનો** = સાંભળો **મરમીત** = મર્મ, રહસ્ય, ગૂઢાર્થ, **કહહીત** = કહું છું **સજન** = સજ્જનોને **સહેત** = પ્રેમપૂર્વક, હેત ધારણ કરીને

### અનુવાદ

**જે જેના વડે ક્રમાનુસાર પરિપૂર્ણપણે વૃદ્ધિ પામે છે તે દરેકનો મર્મ હે સજ્જનો ! હું હેત ધારણ કરીને કહુ છું તે સાંભળો.**

### ભાવાર્થ

શરૂઆતથી જે જેના થકી ક્રમશઃ ઉત્પન્ન થાય છે એટલે કે, જેમાંથી ક્રમાનુસાર ઉત્પત્તિ થઈને પરિપૂર્ણતાપણે વૃદ્ધિ પામી પૂર્ણ સ્વરૂપે બને છે એવી ઉત્પત્તિનો મર્મ શ્રીમત્ કરુણાસાગર હેત ધારણ કરીને સર્વ સજ્જનોને કહે છે અને સૌને એકાગ્ર ચિત્ત રાખીને સાંભળવા અનુરોધ કરે છે.

**પ્રથમ કહુ જેહી નામકી, જીનું જુગધર વિસ્તાર;**
**લોક ચતુર્દશ વશ જીને, માનત સબ અધિકાર. ૩**

### શબ્દાર્થ

**પ્રથમ** = પહેલાં, શરૂઆતમાં **કહું** = કહું છું **જેહી** = જે **નામકી** = નામની **જીનું** = જેનો **જુગધર** = વિશ્વમાં, સમગ્ર જગતભરના **વિસ્તાર** = વિસ્તાર, ક્ષેત્ર **લોક ચતુર્દશ** = ચૌદ લોક **વશ જીને** = જેના વશમાં છે, જેના તાબામાં છે **માનત** = માને છે, સ્વીકારે છે, આદર કરે છે **સબ** = સર્વ **અધિકાર** = હકૂમત, સત્તા, પાત્રતા, સામર્થ, વ્યવસ્થા, વહીવટ.

### અનુવાદ

**સમગ્ર જગતમાં જેનો વિસ્તાર થયેલો છે અને ચૌદ લોક જેના તાબામાં છે, તથા**

**બધા જ જેના અધિકારને માને છે તેવા નામ વિશે હું કહુ છું.**

### ભાવાર્થ

સમગ્ર જગતમાં જેનો ફેલાવો થયેલો છે તથા અંતરિક્ષમાં રહેલા ચૌદ લોક જેના તાબામાં છે તેમજ જગતના ચૌદેય લોકના દરેકે દરેક જીવો પણ જેના અધિકારને માને છે તેવા નામને વિષે દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને સમજાવે છે.

## ખટ દર્શન ચૌ સંપ્રદાય, ભક્ત સહિત સંસાર;
## નામ આરાધન સબનકે, ઉર અંતર પતિયાર. ૪

### શબ્દાર્થ

**ખટ દર્શન** = છ દર્શન, છ શાસ્ત્રઃ સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા અને વેદાંત **ચૌ સંપ્રદાય** = ચાર સંપ્રદાયઃ રામાનુજ, નેમાનુજ, માધવાચાર્ય અને વિષ્ણુશ્યામ આચાર્યો દ્વારા સ્થાપિત પરંપરાથી ચાલી આવતી ધર્મની શાખાઓ **ભક્ત** = ભક્તિ કરનાર માનવ, ઉપાસક દયા, ક્ષમા, દીનતા અને પારકાના દુઃખમાં સહભાગી થવાના લક્ષણો ધરાવતો વ્યક્તિ **સહિત** = સહિત, સાથોસાથ **સંસાર** = જન્મીને મરવા સુધીનો જીવનનો વ્યવહાર, જીવનચક્ર, દુનિયાદારી, લોકાચાર **નામ** = નામ, સંજ્ઞા **આરાધન** = આરાધના, ઉપાસના, સ્મરણ કે જેમાં ભક્તિ, વિનંતી, અરજ, કાલાવાલા, પૂજા-અર્ચના, ધ્યાન વગેરેનો સમાવેશ થાય છે **સબનકે** = સર્વની, બધાની, દરેકની **ઉર અંતર** = હૃદયના ભાવથી **પતિયાર** = વિશ્વાસ, શ્રદ્ધા, દૃઢભાવ, ભરોસો, પ્રતીતિ.

### અનુવાદ

**છ દર્શન, ચાર સંપ્રદાય અને ભક્ત સહિત સંસારની દરેક વ્યક્તિ હૃદયમાં વિશ્વાસ રાખીને નામનું સ્મરણ કરે છે.**

### ભાવાર્થ

છ શાસ્ત્રોના રચનારા તેમજ તેની વિચારધારાને અનુસરનારા ચાર સંપ્રદાયના આચાર્યો તથા તેના અનુયાયી વર્ગ અને અન્ય ભક્ત-સમાજ સહિત સંસારનો પ્રત્યેક માનવ પોતાના હૃદયમાં સંપૂર્ણતઃ વિશ્વાસ ધારણ કરીને કોઈને કોઈ નામનુ સ્મરણ કરતો હોય છે.

**અષ્ટાદશ ખટ નવમાંહી ઓર ગ્રંથ ઈતિહાસ;**
**નીશ્ચે નિજ મત સબ મીલી, કીયે નામ વિસવાસ. ૫**

### શબ્દાર્થ

**અષ્ટાદશ** = અઢાર પુરાણ જે વ્યાસ દ્વારા રચીત છે **ખટ** = છ શાસ્ત્રો **નવમાંહી** = નવ વ્યાકરણમાં **ઓર** = અને, બીજા, અન્ય **ગ્રંથ** = ધર્મ, પુસ્તકો, પોથી **ઈતિહાસ** = તવારીખ, ભૂતકાળનું વૃતાંત દર્શાવતું પુસ્તક, બની ગયેલા બનાવો અને થઈ ગયેલા પુરુષોના વર્ણનનું પુસ્તક **નિશ્ચે** = નક્કી, ચોક્કસ, નિરાધાર, નિર્ણય, નિવેડો **નિજ** = પોતાના **મત** = માન્યતા **સબ મીલી** = બધા જ મળીને એક સરખી વિચારધારા કેળવીને **કીયે** = કર્યો છે **નામ** = નામ **વિસવાસ** = વિશ્વાસ, ભરોસો, પ્રતીતિ, યકીન, ઈતબાર, પતીજ

### અનુબાદ

**અઢાર પુરાણ, છ શાસ્ત્ર, નવ વ્યાકરણ અને અન્ય ઐતિહાસિક ગ્રંથોમાં એક મત થઈ સાથે મળીને નિશ્ચયપૂર્વક બધાએ નિજ નામમાં જ વિશ્વાસ કર્યો છે**

### ભાવાર્થ

વ્યાસજી દ્વારા રચાયેલ અઢાર પુરાણ, જ્ઞાની અને બુદ્ધિશાળી મહાપુરુષો દ્વારા રચાયેલા છ શાસ્ત્રો, ભાષાના શુદ્ધ પ્રયોગ માટે તથા વર્ણોના ઉચ્ચારણો અને શબ્દોના માળખાનો તેમજ વ્યાકરણમાં શબ્દોના પરસ્પરના સંબંધોનું સ્પષ્ટીકરણ આપતાં નવ વ્યાકરણો પણ રચાયેલાં છે. આ ઉપરાંત અન્ય ઐતિહાસિક પુસ્તકોને નિહાળતાં નિશ્ચયપૂર્વક કહી શકાય છે કે બધાએ પોતપોતાના મતાનુસાર કોઈ ને કોઈ નામનો ઉપયોગ (પ્રયોગ) કરેલો છે. આમ સૌ કોઈ નામમાં જ વિશ્વાસ રાખીને વળગી રહેલા છે.

**જદપી રટત સબ નામકુ, સુરત નુરત એકતાર;**
**પ્રથમ આગુ બીનુ વસ્તહી, કીનસુ કર પોકાર. ૬**

### શબ્દાર્થ

**જદપી** = યદ્યપિ, જોકે, તેમ છતાં, જેથી **રટત** = રટણ કરે છે, જપ કરે છે **સબ** = સર્વ, બધા

જ તમામ **નામકુ** = નામને **સુરત** = સુરતા અંતરમુખની દૃષ્ટિ **નુરત** = નુરતા, પ્રત્યક્ષ બાહ્ય દૃષ્ટિ **એકતાર** = તલ્લીન, એક ચિત્ત, એકાકાર, લિન, સંમિલિત **પ્રથમ** = પહેલાં **આગુ** = અગાઉથી, શરૂઆતમાં **બીનું** = વગર, સિવાય **વસ્તહી** = વસ્તુ, પદાર્થ, મુદ્દો, મૂળ ઉપદેશ **કીનસુ** = કોના **કરો** = કરો છો **પોકાર** = નામ લઈને બોલાવવું, બૂમ, સાદ, પોકારવું.

## અનુવાદ

**જેથી સુરતા-નુરતાનો એકતાર કરીને સૌ નામનું જ રટણ કરે છે, પરંતુ (સૌ) પ્રથમ આગળની વસ્તુતા સિવાય કોનો પોકાર કરો છો ?**

## ભાવાર્થ

જેથી જગતમાં પોતપોતાના મત-પંથોમાં વિશ્વાસ ધારણ કરનાર સૌ કોઈ પોતાની સુરતા અને નુરતાનો એકતાર કરીને જુદાજુદા નામનું રટણ કરે છે. તેઓ જે નામનું રટણ કરે છે તેને જ સર્વશ્રેષ્ઠ પદ સમજે છે. પરિણામે નામની પરે રહેલ વસ્તુતા રૂપે પરમપદની તેમને ખબર ન હોવાથી તેઓ જે કોઈ પોકાર કરે છે તે ઉપલક રીતે નામ રટણ કરવાથી નામીના પરમપદ સુધી પહોંચી શકાતું નથી. આ પ્રમાણે વિચારતાં ફક્ત જપેલા નામનો પોકાર વસ્તુ રૂપ મુદ્દા સુધી પહોંચી શકાતો નથી. એટલે આવા નામથી કરેલો પોકાર પોતાના આત્મકલ્યાણના ઉદ્દેશ્યને સિદ્ધ (સાર્થક) કરતો ન હોવાથી અપૂર્ણ છે.

## નિજ કર્તા કારન કુલ, યા સબ જીનકી હુંસ;
## નામ રહિત અદબદ પદ, ભૂલે હું નામ ભરુસ. ૭

### શબ્દાર્થ

**નિજ** = મૂળ, આદિ, પોતે **કર્તા** = રચનાર, સર્જનહાર, વિશ્વનિયંતા **કારણ** = કારણ રૂપ, રચનાની ઉત્પત્તિનું મૂળ **કુલ** = સર્વ, તમામ, સમગ્ર **યા સબ** = આ બધું જ સર્વ ઉત્પત્તિ **જીનકી** = જેમની, તેમની **હુંસ** = કર્તાપણાનો ભાવ, ઉમંગ, હોંશ, ઉમળકો **નામ રહિત** = નામ સિવાયનું, નામ વિનાનું **અદબદ** = મોંધમ, અસ્પષ્ટ, અનિર્ણયાત્મક, નિશ્ચય કર્યા વિનાનું **પદ** = સ્થાન, સ્વરૂપ દરજ્જો **ભૂલેહુ** = ભૂલ્યા છે, ભૂલા પડ્યા છે, **નામ ભરુસ** = નામના ભરોસે, નામના વિશ્વાસે

## અનુવાદ

**નિજ કર્તા સર્વના કારણ રૂપ છે. આ તમામ (રચના) તેમનો જ ઉમંગ છે. તેમનું પદ નામ સિવાયનું હોવાથી અદબદ રહી ગયું છે, પરિણામે બધા (સૌ કોઈ) નામધારીના ભરોસે ભૂલા પડ્યા છે.**

## ભાવાર્થ

સર્જનહારને જ્યારે કર્તાપણાનો ભાવ જાગે ત્યારે તેમના ઉમંગના પરિણામે સૃષ્ટિની રચના કરે છે. તેઓ ઉમંગ ધારણ કરીને પોતાની વૃત્તિઓના વેગને સંકલ્પિત કરે છે. આમ શુદ્ધ સંકલ્પ થકી વૃત્તિઓ દ્વારા ઉત્પત્તિ કરીને પોતાના સંકલ્પને સાકાર કરે છે. એટલે જ કૈવલકર્તા બ્રહ્માંડ સહિત સઘળી રચનાની ઉત્પત્તિના મૂળ રૂપે છે. જેઓ રૂપ અને અરૂપથી પર છે, વળી તેઓ તત્ત્વાતીત અને ગુણ-ઘણ, ઈન્દ્રિયો કે અંતઃકરણથી પણ પરે છે. તેમનું પદ નામ સિવાયનું અને નિશ્ચય કર્યા સિવાયનું મોંઘમ રહેલું છે. આવા અદબદ રહી ગયેલા પરમપદના સ્વામીને જાણી ન શકવાથી વિશ્વના જીવો નામ, રૂપ, ગુણોવાળા પદોમાં વિશ્વાસ લાવીને તેમાં જ ભૂલા પડ્યા છે.

**જેહી અદબદ અજમાલકે, ખેલ ખલક ગુણ રૂપ;**
**મીલીત અંશ તીનુ વરજીત, સબ શિર નામ અનુપ. ૮**

### શબ્દાર્થ

**જેહી** = જે, તે **અદબદ** = મોંઘમ, અનિશ્ચિત, અનિર્ણયાત્મક **અજમાલકે** = અજન્મા, અચ્યુત, સનાતનનો, અનાદિનો **ખેલ** = રમત, રચના, ઉત્પત્તિ **ખલક** = બ્રહ્માંડ, વિશ્વ, જગત, ખેલનો વિસ્તાર **ગુણ** = ગુણવાળો, રજો, તમો અને સતોગુણવાળો **રૂપ** = દર્શનીય સ્વરૂપ, આકૃત્તિ, આકારવાળો **મીલીત** = મળીને, ભેગો ભળી જઈને **અંશ** = સર્જનહારના સજાતીય અંશ **તીનુ** = તેનાથી **વરજીત** = અલગ, ભિન્ન, બીજા **સબ શિર** = બધાના મસ્તક પર **નામ** = નામ **અનુપ** = અનુપમ, અજોડ, શ્રેષ્ઠ, ઉપમા ન આપી શકાય તેવું, અતુલ

## અનુવાદ

**અદબદ રહેલા અનાદિ કર્તાની જ તે રૂપ અને ગુણવાળી ખલકની રચના છે. તેનાથી વિજાતિ અંશ તેમાં મળી (ભળી) ગયો છે. એવી સર્વ રચનાના શિર પર**

**અનુપમ નામ રહેલું છે.**

## ભાવાર્થ

તે મોંધમ (અજાણ્યા) રહેલા અનાદિ, અજન્મા અને સનાતન કૈવલકર્તાએ જ આ બધી રચના કરેલી છે. કર્તાએ બધી જ રચના રૂપવાળી (વળવાળી) કરેલી હોવા છતાં તેઓ પોતે રૂપ-અરૂપથી પરે (વળથી રહિત) રહેલા છે. આ રૂપ, ગુણવાળી રચનામાં વિજાતીય અંશ ભળી ગયેલો છે. અર્થાત્ પ્રાકૃતિક તત્ત્વોવાળી આ રચનામાં વિજાતીય અંશ ઓતપ્રોત થઈ ગયેલો છે.

બ્રહ્માંડની બધી જ રચનાના દરેક ઘટક ઉપર તેની ઓળખ રૂપે સંજ્ઞાવાચક શ્રેષ્ઠ શબ્દનું (નામનું) આરોપણ કરવામાં આવેલું છે. માત્ર બાહ્ય ઈન્દ્રિયો કે મન વડે સમજી અને ઓળખી શકાય તે માટે જે તે પદાર્થનું અનુચિત (નિશ્ચિત) નામ આપવામાં આવેલું છે.

**તેહી નામ જેહી જેહી જન, જપત જાપ ભિન્ન ભિન્ન;**
**યાતે બીન સદ્‌ગુરુ કેહુ, પરમ તત્ત્વ નહીં ચિન. ૯**

### શબ્દાર્થ

**તેહી** = તે પ્રમાણેનું, તેવું **નામ** = નામ **જેહી જેહી જન** = જે જે માનવો **જપત** = જપે છે, રટણ કરે છે **જાપ** = જપ, મંત્ર, વારંવાર ઉચ્ચારણ **ભિન્ન ભિન્ન** = અલગ-અલગ, જુદા-જુદા, વિધ વિધ **યાતે** = તેથી, પરંતુ, પણ **બીન** = વગર, સિવાય, વિના **સદ્‌ગુરુ** = સદ્‌ગુરુ **કેહુ** = કોઈએ **પરમતત્ત્વ** = પરમતત્ત્વ, શ્રેષ્ઠ તત્ત્વ **નહીં** = નહીં **ચિન** = ઓળખવું, જાણવું.

## અનુબાદ

**જેનાં જે નામ પાડ્યાં તે જ નામ માનવો જુદી જુદી રીતે જપે છે, તેમ છતાં સદ્‌ગુરુ સિવાય કોઈ પણ પરમતત્ત્વને જાણી શકતું નથી.**

## ભાવાર્થ

સર્જનહાર દ્વારા રૂપ, ગુણ આદિ તત્ત્વોવાળી નાશવંત રચના થઈ છે. તેમાં દરેક વસ્તુ પર નામનું આરોપણ થયેલું છે. જગતના જીવો તેના અલગ-અલગ

નામ ધારણ કરેલ સ્વરૂપેના જાપ ભિન્ન ભિન્ન રીતે જપે છે, પરંતુ જે આદિ (મૂળ) સનાતન અને શ્રેષ્ઠ પરમપદ છે કે જેનો જ્ઞાનેદ્રિયો દ્વારા પાર પામી શકાય તેમ નથી. તેથી તેના જાપ કોઈ જપતું નથી. પરિણામે તે પરમપદને કોઈ જાણી શક્યું નથી. આમ માનવોએ નામ ઉપર ભરોસો ન રાખતાં સદ્‌ગુરુ દ્વારા દર્શાવેલ પરમતત્ત્વ રૂપ પરમપદને ઓળખવા પ્રયત્ન કરવો જોઈએ.

આ પરમતત્ત્વનું રહસ્ય સદ્‌ગુરુના શરણે ગયા સિવાય કોઈ પણ માનવો જાણી શકતા નથી.

## પરમતત્ત્વ સોહી નામ હૈ, પ્રતિવાદીન અભિપ્રાય;
## જૂઠે જુગ ભરમાવન, પકડન પેજ ઉઠાય. ૧૦

### શબ્દાર્થ

**પરમતત્ત્વ** = સનાતન કે શાશ્વત તત્ત્વ **સોહી** = તે પણ **નામ હૈ** = નામ છે **પ્રતિવાદીન** = વિરુદ્ધ પક્ષવાળાનો, અન્ય મત-પક્ષવાળાનો **અભિપ્રાય** = મંતવ્ય, માન્યતા, મત **જૂઠે** = અસત્યથી, ખોટી રીતે **જુગ** = જગતને, વિશ્વને **ભરમાવન** = છેતરીને, ભરમાવીને **પકડન** = પકડમાં લેવા **પેજ** = યુક્તિ, કળ **ઉઠાય** = ઊભી કરેલી, રચેલી છે

### અનુવાદ

**પ્રતિવાદીના મંતવ્ય મુજબ પરમતત્ત્વ પણ નામ જ છે. આમ જૂઠ દ્વારા (ખોટી રીતે) જગતને ભરમાવીને પકડમાં લેવાની યુક્તિ રચેલી છે.**

### ભાવાર્થ

જગતમાં અર્થાથી અને વિષયી વૃત્તિવાળા માનવો પણ ધર્મમાર્ગમાં પ્રવેશેલા છે. તેઓ અંગત સ્વાર્થ માટે પોતાના દંભી પ્રભાવથી જિજ્ઞાસુ (જ્ઞાનપિપાસુ) અને મુમુક્ષુ માનવોનું શોષણ કરે છે. વળી ભોળા ભક્તોને વાક્ચાતુર્ય અને છળકપટથી પોતાની પકડમાં લેવાની યુક્તિ ઊભી કરે છે. એટલું જ નહીં, પરંતુ જૂઠ અને પ્રપંચ દ્વારા સત્યથી વેગળી વાતો કરીને જગતને ભરમાવવાનો જ પ્રયત્ન કરે છે. આવા પ્રતિવાદી વલણ ધરાવતી વ્યક્તિઓ સદ્‌ગુરુએ આપેલા ઉપદેશનું ખંડન કરે છે. એટલે પરમતત્ત્વ પણ એક નામ જ છે એમ કહી તેમનો પોતાનો મત દૃઢ કરાવીને જગતના

જિજ્ઞાસુ અને મુમુક્ષુ માનવને પોતાની પ્રપંચી જાળમાં જકડી રાખવાનો પ્રયત્ન કરે છે.

**એહી પેજ વશ વિશ્વહી, લોક સકલ જીનું ન્યાવ;**
**નામ વિના કછુ નહીં જબી, ફાવત દાવ દડાવ. ૧૧**

### શબ્દાર્થ

**એહી** = એવા, એ જ **પેજ** = યુક્તિ, દાવ **વશ** = તાબે, શરણે, કાબુ, પ્રભુત્વથી **વિશ્વહી** = જગત જગત **લોક સકલ** = બધા જીવો **જીનું** = જેના, જેઓના **ન્યાવ** = ન્યાય, ઈન્સાફ, ખરા-ખોટાની પરીક્ષા કે તુલના **નામ વિના** = નામ વગર, નામ સિવાય **કછુ નહીં** = કાંઈ પણ નથી **જબી** = જ્યારે, તેથી **ફાવત** = ગમે છે, અનુકૂળ, માફક આવે, ફાવે **દાવ** = યુક્તિ, પ્રપંચ, છળકપટ, ચાલ **દડાવ** = કબૂલ કરવું, કહેવરાવવું.

### અનુવાદ

**સર્વ જીવો આ જ યુક્તિને ન્યાયિક છે તેવું સમજીને તેને વશ થઈ ગયા છે. નામ સિવાય કાંઈ પણ નથી, તેવા કપટને દઢ કરાવવામાં ફાવટ આવી ગઈ છે.**

### ભાવાર્થ

ધર્મ જગતમાં શ્રદ્ધાવાળા ભક્ત-જનોને આવા વિરોધાત્મક વિચારસરણી ધરાવતા પ્રપંચીઓ તેમની યુક્તિ ન્યાયિક છે એવું સમજાવે છે. ભક્ત જનો પણ તેમની કહેલી વાતો ન્યાયપૂર્ણ છે તેવું સમજીને તેમણે દર્શાવેલા નામમાં જ વશ થઈ જાય છે. આવી પરિસ્થિતિ જોઈને પ્રતિવાદીઓને પણ પોતાનો કપટયુક્ત મત દઢ કરાવવામાં ફાવટ આવી ગઈ છે. આમ, પોતે કહેલા નામ સિવાય અન્ય કોઈ ઉધ્ધારક નથી, તેવું જીવોને મનાવે છે. આ પ્રમાણેના પ્રપંચમાં જીવોને જકડી રાખીને પરમતત્ત્વ અંગે સદ્‌ગુરુની રજૂઆતનું તેઓ ખંડન કરે છે.

**યાતે દડ સબ હોઈ રહે, ધરીત નામ પરતીત;**
**પણ કર્તા જેહી નામકે, રહી ગયે સકલ અતીત. ૧૨**

### શબ્દાર્થ

**યાતે** = આ રીતે, તેથી **દડ** = સ્થિર, અટકી જવું **સબ** = બધા, તમામ **હોઈ રહે** = થઈ ગયા **ધરીત** = ધારણ કરીને **નામ** = નામમાં **પરતીત** = વિશ્વાસ, પ્રતીતિ **પણ** = પરંતુ **કર્તા** = સર્જનહાર

**જેહી** = જે **નામકે** = નામથી **રહી ગયે** = રહ્યા, રહી ગયા **સકલ** = બધા જ, સર્વ, તમામ **અતીત** = નિર્લેપ, અલગ, અજાણ, વિરક્ત.

### અનુવાદ

**આ રીતે સૌ કોઈ નામમાં વિશ્વાસ ધારણ કરીને અટકી ગયા છે, પરંતુ કર્તાના નામથી અજાણ રહી ગયા છે.**

### ભાવાર્થ

આ રીતે વિશ્વમાં સૌ કોઈ સર્જનહારની રચના પૈકીના નાશવંત નામોમાં જ વિશ્વાસ ધારણ કરીને અટકી ગયા છે, પરંતુ સર્વ રચનાના કારણ રૂપે રહેલા પરમપદના નામથી સર્વ કોઈ અજાણ રહી ગયા છે. અર્થાત્ જેણે અખિલ બ્રહ્માંડની રચના પોતાના બ્રહ્મપ્રકાશમાં ઉત્પન્ન કરી છે એવા સર્વ રચનાના કર્તા-માલિકના નામથી જગતના જીવો અજાણ રહેલા છે.

## તાય ન જાનત જુગધર, જીનુ નામ વિસવાસ;
## ઉપર છલા અતબારમે, રહ્યો મોહિત સબ દાસ. ૧૩

#### શબ્દાર્થ

**તાય** = તે, તેથી, જેવા **ન જાનત** = જાણતા નથી **જુગધર** = જગતને ધારણ કરનારા, બ્રહ્માંડાધીશ **જીનુ** = જેમના **નામ** = નામમાં **વિસવાસ** = વિશ્વાસ રાખવા યોગ્ય **ઉપર છલા** = ઉપલક, દેખાવ પુરતું, ફાલતું **અતબારમે** = વિશ્વાસમાં, ભરોસામાં **રહ્યો** = રહ્યો **મોહિત** = આસક્ત, મોહગ્રસ્ત, ઘેલાં બની, આંધળો પ્રેમ **સબ** = સૌ, તમામ **દાસ** = સેવક, ભક્ત.

### અનુવાદ

**તેથી જેમના નામમાં વિશ્વાસ રાખવા યોગ્ય છે તેવા જગતને ધારણ કરનારા (જુગધર) ને કોઈ જાણતા નથી. સર્વ સેવકો (ભક્તજનો) ઉપલક નામમાં વિશ્વાસ રાખીને મોહિત થઈ રહ્યા છે.**

### ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડમાં દરેક જીવાત્મા માટે વિશ્વાસ રાખવા યોગ્ય જો કોઈ નામ

હોય તો તે માત્ર અનંત બ્રહ્માંડધીશનું જ નામ છે. એવા સમગ્ર રચનાના કારણ રૂપે સકર્તા સર્જનહાર (કૈવલકર્તા) જ રહેલા છે. તેમને સામાન્ય માનવોથી માંડીને દેવી-દેવતાઓ, મહાન છ દેવોની આદ્ય લઈ નિરંજન સહિતના કોઈ પણ જાણતા નથી. વળી જગતના જીવો (ભક્તસમાજ) તો સર્જનહારની રચના પૈકીના જગતમાં વહીવટીય ક્ષેત્રે રહેલા અગ્રેસર દેવોના નામોમાં ઉપલક વિશ્વાસ રાખીને તથા તેમની વિભૂતિના પ્રભાવથી અંજાઈને મોહવશ થઈ રહ્યા છે.

**ઉપરછલા સોહી નામ હે, નામી ઘેહેર ગંભીર;**
**સો ગમ ગતિ ગમાયકે, વીલમેહુ નામ સધીર. ૧૪**

### શબ્દાર્થ

**ઉપરછલા** = ઉપલક **સોહી** = તે **નામ હે** = નામ છે **નામી** = નામ ધારણ કરેલ, સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલ **ઘેહેર** = ધીર, ધીરજવાન, પરાક્રમી, નીડર, નિર્ભય **ગંભીર** = શાંત અને નિશ્ચયી **સો** = તેવી **ગમ** = સમજ, જ્ઞાન **ગતિ** = સૂઝ **ગમાયકે** = ગુમાવીને **વીલમેહુ** = વળગી રહ્યા, અટકી રહ્યા **નામ** = નામ **સધીર** = ધીરજપૂર્વક, ધીરજ ધારણ કરીને.

### અનુવાદ

**તે નામ (તો) ઉપલક છે જ્યારે નામી ધીર અને ગંભીર છે. તેવી સૂઝ અને સમજ ગુમાવીને નામમાં જ ધીરજ ધારણ કરીને (સૌ) અટકી રહ્યા છે.**

### ભાવાર્થ

સર્જનહારે બ્રહ્માંડમાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ એમ પાંચ પ્રકારના દેહોની રચના કરી છે. તેમાં રહેલા તમામ ઘાટો ઉપર નામનું આરોપણ કરવામાં આવ્યું છે. આ બધા ઘાટોના નામ ઉપલક છે. ઉપલક નામ વડે જ તે બધા ઘાટો (દેહો) ઓળખી શકાય છે. જ્યારે નામી ઘાટોથી ભિન્ન રહેલા છે. આ પ્રમાણે તમામ પ્રકારના દેહો (ઘાટો) ની ઉત્પત્તિના મૂળ (આદિ) કારણ રૂપે રહેલ નામી (સર્જનહાર) તો ધીર ગંભીર છે. તે અલૌકિક અને શાશ્વત નામીની સાચી સમજ અને યથાર્થ સૂઝ ગુમાવી હોવાથી રચના પૈકીના નામમાં જ ધીરજ રાખીને અટકી રહ્યા છે. અર્થાત્ પોતાનાથી અધિક (વિશેષ) વિભૂતિવાન દેહો (દેવો) ની કાર્યશક્તિના

બળથી અંજાઈ જાય છે. પરિણામે તે પોતાનાથી વિશેષ વિભૂતિવાન દેહધારીઓના નામમાં અટકી રહ્યા છે.

**યાતે જુગત બતાવહુ, નામી નામ સબેહ;**
**નામ ઉપલે ઉપચારન, નામી પરમ વદેહ. ૧૫**

**શબ્દાર્થ**

**યાતે** = તેથી, એટલા માટે જ **જુગત** = વિગત, યુક્તિ **બતાવહુ** = બતાવું છું, દર્શાવું છું **નામી** = નામનું આરોપણ થયેલ છે તે, ઉત્પત્તિના કારણ રૂપે રહેલા કર્તા **નામ** = નામ **સબેહ** = સર્વ, બધું જ, સહિત **નામ** = નામ **ઉપલે** = ઉપરછલું, ઉપલક **ઉપચારન** = નામાભિકરણનો સંસ્કાર, બહારનો વ્યવહાર, ઉપલક વ્યવહાર માટેનું ઉદ્‌બોધન કરતું વિધાન, અલંકારિક કે શણગારવાળી વાણી **નામી** = નામી **પરમ** = શ્રેષ્ઠ, મહાન **વદેહ** = દેહથી રહિત, માયાના પાશથી મુક્ત.

**અનુવાદ**

**એટલા માટે જ નામ અને નામીની વિગત જણાવું છું. નામ ઉપલક શણગાર (દેહ) છે જ્યારે નામી દેહ સિવાયનું પરમતત્ત્વ છે.**

**ભાવાર્થ**

દિવ્ય પરમગુરુ એટલા માટે જ નામ અને નામીની સમજ વિગતવાર જણાવે છે. નામ એ નામીના દેહનો ઉપલક શણગાર (અલંકાર) છે. માનવ-જીવનમાં ગર્ભાધાનથી માંડીને છેવટે અંતિમ સંસ્કાર સુધીની અલગ-અલગ સંસ્કારવિધિ પ્રચલિત છે. જેમાં નામાભિકરણ પણ એક સંસ્કાર છે. જ્યાં જ્યાં વસ્તુ-પદાર્થની ઓળખ છે, ત્યાં ત્યાં તેના ઉપર નામનાં આરોપણ રૂપી અલંકાર રહેલાં છે, જ્યારે નામી રૂપ પરમતત્ત્વ દેહાતીત છે. ત્યાં દેહધારીની પહોંચ (સમજ) પહોંચી શકતી નથી. અર્થાત્ ગુણ, ઘણ, ઈન્દ્રિયો કે અંતઃકરણો દ્વારા તેને જાણી શકાય તેમ નથી, કારણ કે, તે તત્ત્વાતીત અને દેહ સિવાયનું છે.

**ઉભે નામ અનુભવનકી, ચવનકી રૂપ અરૂપ;**
**વિવિધી ભાત વિસ્તરનહુ, જીનકે અરથ અનુપ. ૧૬**

### શબ્દાર્થ

**ઉભે** = બંને **નામ** = નામ **અનુભવનકી** = પ્રત્યક્ષ જ્ઞાનથી, સ્વયં અભ્યાસ, અવલોકન અને પરિચય દ્વારા જાણવાથી **ચવનકી** = ગમથી, સમજથી, આવડતથી **રૂપ** = આકાર, આકૃતિ, પ્રત્યક્ષ (દૃષ્ટિમાન) સ્વરૂપથી **અરૂપ** = નિરાકાર, આકાર રહિત **વિવિધી ભાત** = જુદી જુદી રીતે, ભિન્ન ભિન્ન પ્રકારે **વિસ્તરનહુ** = વિસ્તારપૂર્વક દર્શાવું છું **જીનકે** = જેનો **અરથ** = તાત્પર્ય, હેતું, ઉદ્દેશ, આશય, અર્થ **અનુપ** = અનુપમ, શ્રેષ્ઠ, અતુલ, ઉપમાન અપાય તેવું.

### અનુવાદ

**નામ અને નામીને અનુભવથી સમજી શકાય કે તે રૂપવાળું છે, કે અરૂપ છે. જેનો અનુપમ અર્થ વિવિધ પ્રકારે વિસ્તારપૂર્વક જણાવું છે.**

### ભાવાર્થ

નામ અને નામી એ બંને વસ્તુતઃ અલગ-અલગ છે. તે બંનેને પ્રત્યક્ષ જ્ઞાનથી સ્પષ્ટ રીતે સમજી શકાય તેમ છે. અર્થાત્ અનુભવ દ્વારા નિહાળતાં અનુક્રમે 'નામ' રૂપવાળું છે અને 'નામી' અરૂપ છે એમ સમજી શકાય છે. નામ અને નામી એ બંનેની તુલના થઈ શકે તેમ નથી. તેવા ગૂઢાર્થભર્યા રહસ્યને જુદીજુદી રીતે ખૂબ જ વિસ્તારપૂર્વક શ્રીમત્ કરુણાસાગર હવે આપણને સમજાવે છે.

**પરમ તત્ત્વ પર નામકી, કહી હુતી પ્રતીવાદ;**
**સો નિજ જુગત જનાવહુ, જેહી ગતિ આદ્ય અનાદ. ૧૭**

### શબ્દાર્થ

**પરમ તત્ત્વ** = પરમતત્ત્વ તત્ત્વોથી પરે રહેલ શ્રેષ્ઠ પદ **પર** = ની ઉપર પણ **નામકી** = નામની **કહી હુતી** = જે વાત કહી હતી તે **પ્રતીવાદ** = વિરુદ્ધ વાદ કરનારે **સો** = તે **નિજ** = મૂળ, આદિ **જુગત** = જગતને, વિશ્વને **જણાવહુ** = જણાવું છું **જેહી** = જેની **ગતિ** = સમજ, જ્ઞાન **આદ્ય** = આદિ **અનાદ** = અનાદિ.

### અનુવાદ

**પરમતત્ત્વ પણ નામ જ છે, એમ પ્રતિવાદીએ કહ્યું હતું તે આદિ અનાદિના નિજ કર્તાની સમજ જગતને આપું છું.**

### ભાવાર્થ

જગતમાં કૈવલકર્તા (સર્જનહાર) રૂપ પરમતત્ત્વને કોઈ જાણતું નથી તેથી અગાઉની ચોપાઈ ૧૦માં પ્રતિવાદીએ પરમ તત્ત્વ ઉપર નામનું આરોપણ કરીને કહ્યું કે પરમતત્ત્વ તે પણ નામ જ છે, તેના અનુસંધાનમાં પ્રતિવાદીના મતનું ખંડન કરતાં દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવે છે કે નિજકર્તા તો આદિ અનાદિના છે. તેઓ તત્ત્વોથી પર હોઈ શ્રેષ્ઠ અને અનામી છે.

**નામ લક્ષ ભયે જેહુનસે, ઓરુ જેહી વિધિ વિસ્તાર;**
**રલીત સકલ ચર અચરમે, કહું કારણ અનુસાર. ૧૮**

### શબ્દાર્થ

**નામ** = સંજ્ઞા, ઓળખ, અભિધાન, સંજ્ઞાવચક શબ્દ **લક્ષ** = મૂળ હેતુ, એંધાણ, લક્ષ્ય **ભયે** = થયા થયો **જેહુનસે** = જેના થકી, જેથી **ઓરુ** = અને, વળી **જેહી** = જે **વિધિ** = પ્રમાણે, રીતે **વિસ્તાર** = ફેલાવો **રલીત** = પસારો, રમણ કરવું, દેખાય, જણાય **સકલ** = સર્વ **ચર અચરમેં** = સ્થાવર અને જંગમમાં **કહું** = કહુ, જણાવું, દર્શાવું **કારણ** = મતલબ, હેતુ **અનુસાર** = મુજબ, પ્રમાણે.

### અનુવાદ

**વળી નામનો લક્ષ જેનાથી ઉત્પન્ન થયો છે અને સ્થાવર તથા જંગમનો જે રીતે નામનો પસારો થયો છે તેનું કારણ તે પ્રમાણે કહુ છું.**

### ભાવાર્થ

નામના આરોપણની આવશ્યકતા તથા નામની ઉત્પત્તિ માટેનો મૂળ આશય તેમજ જે પ્રમાણે નામનો ફેલાવો થયો છે તે તમામ બાબતોનો ખુલાસો દિવ્ય પરમગુરુ આપણને કરે છે. આ ઉપરાંત સ્થાવર અને જંગમના દરેક ઘાટો પર નામનું આરોપણ કરવામાં આવ્યું છે. તેનું કારણ જે પ્રમાણે છે તે પણ દર્શાવે છે.

**કર્તા અંશ નિજ અનુભવે, જેહી આગે ચિતવંત;**
**ધરત નામ પુનિ ચૈતન, તંતુ હો કે અતંત. ૧૯**

### શબ્દાર્થ

**કર્તા અંશ** = સર્જનહારના સજાણજાણ અંશ **નિજ** = મૂળ, આદિ, પોતે, સ્વયં **અનુભવે** = સીધા પરિચયથી આવેલી સમજ, અભ્યાસથી થતો પરિચય **જેહી** = જે **આગે** = આગળ, અગાઉ **ચિતવંત** = ચિંતન, વિચારેલું **ધરત** = ધારણ કરે છે. પાડવામાં આવેલું, આરોપણ થયેલું **નામ** = નામ **પુનિ** = વળી, ફરીથી **ચૈતન** = ચૈતન **તંતુ** = તત્ત્વોથી દશ્યમાન થયેલું, સ્થૂળ **હો કે** = હોય કે **અતંત** = અદશ્ય, પ્રત્યક્ષ ન જણાય તેવું.

### અનુવાદ

**કર્તાના અંશનાં સ્વયં અનુભવનાં ચિંતવન પછી જ નામ ધારણ કરવામાં આવે છે, ભલે પછી તે રૂપવાળુ હોય કે અરૂપ.**

### ભાવાર્થ

આપણે અગાઉ જોયું કે કર્તાના સજાણજાણરૂપ ચૈતન અંશની અનુભવપૂર્ણ ચેતન વૃત્તિ (સામાન્ય ભાસ) થી ચૈતન થયેલ પ્રણવની ગતિ ઉપર મનનો સંયોગ થવાથી શબ્દની રચના થાય છે. તે શબ્દના સમૂહથી નામની ઉત્પત્તિ શક્ય બને છે. પછી ભલે તે નામ કોઈ રૂપવાળા પદાર્થ માટે હોય કે અરૂપ પદાર્થ માટે હોય નામનો ઉદ્ભવ ત્યારે જ શક્ય બને છે કે જ્યારે ચૈતન અંશની દૃષ્ટિની હયાતી હોય. જેમ કે, સષોપતિ અવસ્થામાં ચૈતનની હાજરી હોવા છતાં તેની દૃષ્ટિ લીન પામેલી હોવાથી શબ્દની રચના શક્ય નથી, પરંતુ ફરી જ્યારે ચૈતનની દૃષ્ટિ પડે ત્યારે શબ્દરચના થકી રૂપ કે અરૂપ પદાર્થ ઉપર નામ ધારણ કરવાનું શક્ય બને છે.

બીજી રીતે સમજીયે તો દેહ રૂપવાળો હોય કે અરૂપ, પરંતુ નામી (ચૈતન અંશ) દેહની અવધિ સુધી રહીને ફરી પાછો કર્મના બંધનોને અનુરૂપ બીજો નામવાળો દેહ (ઘાટ) ધારણ કરે છે.

**તંત અતંત ઉભયે તન, કર્તા અંશ બિનુ શુન્ય;**
**શુન્ય સ્વાભાવિક સમદમ, રહત સદા જેહી મુન્ય. ૨૦**

### શબ્દાર્થ

**તંત** = પ્રત્યક્ષ તત્ત્વોવાળા, દશ્ય **અતંત** = અરૂપી તત્ત્વોવાળા, અદશ્ય **ઉભયે** = બંને **તન** = શરીર, ઘાટ, પદાર્થ **કર્તા અંશ** = કર્તાનો અંશ, સર્જનહારનો સજાણ ચૈતન અંશ **બિનુ** = વગર, સિવાય

**શૂન્ય** = નિર્જીવ, જડ, અમસ્તુ, ભાવાભાવથી રહિત, અભાવાત્મક, ખાલી **શુન્ય** = શુન્ય **સ્વાભાવિક** = લક્ષણ, ખાસિયતવાળું, ભાવાત્મક **સમદમ** = સ્થિરતાવાળું, બિન પરિવર્તિત, યથાર્થ **રહત** = રહે છે **સદા** = સહાય, કાયમ **જેહી** = જે, જેમ **મુન્ય** = મૌન, સ્થિર, અબોલ, મૂંગુ.

## અનુવાદ

**રૂપ અને અરૂપ એ બંને સ્વરૂપો કૈવલકર્તાના અંશ સિવાય શૂન્ય સમાન (જડ્વત) છે. જેમ કે, શૂન્ય સ્વાભાવિક રીતે સર્વદા સમદમપણે મુન્ય (મૌન) દશામાં જ રહે છે.**

## ભાવાર્થ

જેમ મહદ્ શૂન્ય સ્વાભાવિક રીતે સદા-સર્વદા સમદમપણે મુન્ય દશામાં રહે છે, તેમ રૂપવાળા તત્ત્વોના બંધારણથી બંધાયેલા દેહ હોય કે પછી અરૂપ તત્ત્વોવાળા દેહ હોય, પરંતુ કૈવલકર્તાના સજાણજાણ ચૈતન અંશ સિવાય બધા જ દેહો મુન્ય દશામાં જ રહે છે, અર્થાત્ જડવત્ રહે છે.

**મુન્યે મુન્ય મનાતીત, જડ હો કે ચૈતન;**
**ધરત નામ તહાં કહો કુન, જાંહાં નહીં વદીત વચન. ૨૧**

### શબ્દાર્થ

**મન્યે મુન્ય** = સુનમૂન, વાણીથી રહિત, **મનાતીત** = મનથી પરે, મન અંતઃકરણથી ભિન્ન-તીત **જડ** = જડ, નિર્જીવ, અચેતન, સ્થાવર **હો કે** = હોય કે **ચૈતન** = સજીવ, જંગમ **ધરત** = ધારણ કરે **નામ** = નામ, સંજ્ઞા **તહાં** = ત્યાં **કહો** = કહો **કુન** = કોણ **જાંહાં** = જ્યાં **નહીં** = નહીં **વદીત** = બોલવું, ઉચ્ચારવું **વચન** = વાણી, કથન, શબ્દ.

## અનુવાદ

**ચૈતન હોય કે જડ (ઘાટ), મનથી તીત સુનમૂન અવસ્થામાં વાણીનો ઉચ્ચાર કરી શકતો નથી. તો પછી ત્યાં નામ કોણ ધારણ કરી શકે ? તે કહો.**

## ભાવાર્થ

મન અંતઃકરણના જોડાણ વગર સ્થાવર જાતિ વાણીનો ઉચ્ચાર કરી શકતી

નથી, તે જ રીતે જંગમ જાતિના ઘાટો પણ મન અંતઃકરણ સિવાય માત્ર પ્રણવના વેગ થકી વાણીનો ઉચ્ચાર કરી શકતી નથી. આ પ્રમાણે મનથી તીત સ્થાવર કે જંગમ જાતિ જો વાણીનો ઉચ્ચાર કરી શકતી ન હોય તો ત્યાં નામ કોણ ધારણ કરી શકે ? અર્થાત્ તેવી મનાતીત દશામાં નામનું ઉચ્ચાર (નામ ધારણ) કરી શકાય તેમ નથી.

**નામ ઠામ ગુણ ગ્રામહી, વચન થકી વિગતાય;**
**તેહી વચન ચૈતન થકી, ચૈતન અંશ પસાય. ૨૨**

### શબ્દાર્થ

**નામ** = નામ, સંજ્ઞા **ઠામ** = ઠેકાણું, સ્થાન, જગ્યા **ગુણ** = ગુણ, મૂળ લક્ષણ, લાક્ષણિકતા હોવાપણું **ગ્રામહી** = ગામ, સ્થાન, સમૂહ, જથ્થો **વચન થકી** = વચન વડે, વચનથી **વિગતાય** = ઓળખાય, સમજાય, દર્શાવાય **તેહી** = તે જ **વચન** = વાણી, શબ્દ **ચૈતન થકી** = ચૈતન વડે, ચૈતનથી **ચૈતન અંશ** = સર્જનહારનો સજાણ જા ચૈતન અંશ **પસાય** = મહેરબાની, કૃપા, નવાજગી, બક્ષિસ, પસારો.

### અનુવાદ

**નામ, ઠામ, લાક્ષણિકતા અને ગામ વગેરે વચનથી જ સમજાય છે. તે વચન ચૈતનથી થતાં હોવાથી તેને ચૈતનનો પસારો ગણાય છે.**

### ભાવાર્થ

કોઈ પણ પદાર્થનું નામ તેનું મૂળ સ્થાન અને પદાર્થની લાક્ષણિકતા વગેરેની ઓળખ વચનથી જ થતી હોય છે. એટલે કે, વચન વડે જ ઓળખાય છે ઓળખ માટે વપરાતા વચનો (શબ્દો) ચૈતન દ્વારા પ્રણવના માધ્યમથી જ ઉચ્ચારવામાં આવે છે. તેથી તેવા વચનોને ચૈતનની જ મહેરબાની ગણવામાં આવે છે. આપણે આ અગાઉ જોયું હતું તેમ ચૈતનની ચૈતનતાથી જ પ્રણવની ગતિ શક્ય બને છે અને તે પ્રણવની સાથે મન અંતઃકરણ જોડાય ત્યારે જ તે અક્ષરોનો ઉદ્ભવ થાય છે.

**અંશ ઉદીત કર્તારસે, કર્તા નિજ કેવલ;**
**આદ્ય અંત મધ્ય જેહુનકે, એકલમલ અમલ. ૨૩**

### શબ્દાર્થ

**અંશ** = (સર્જનહારના સજાણજાણ સ્વરૂપ) ચૈતન અંશ **ઉદીત** = ઉત્પન્ન થયેલા **કર્તારસે** = સર્જનહારથી **કર્તા** = સર્જનહાર **નિજ** = સ્વયં, પોતે, મૂળ, આદિ **કૈવલ** = કૈવલ **આદ્ય** = પ્રારંભ, શરુઆત **અંત** = છેલ્લે, છેવટે **મધ્ય** = વચ્ચે, પસારાના સમયગાળામાં **જેહુનકે** = જેમનો, જેનો **એકલમલ** = એકલાનો, એકાકી **અમલ** = હુકમ, શાસન, સત્તા, અધિકાર.

### અનુવાદ

**નિજ કૈવલકર્તા દ્વારા જ અંશો ઉત્પન્ન થયેલા છે અને આદ્ય, મધ્ય અને અંતકાળમાં તેમના એકલાનો જ અમલ (વર્તાય) છે.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં રમણ કરતા સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોને ઉત્પન્ન કરનાર કૈવલકર્તા છે, જેમનો અમલ સર્વવ્યાપક છે. અર્થાત્ બ્રહ્માંડની રચનાના પ્રારંભમાં, સઘળી રચનાના પસારા દરમિયાન અને રચનાના અંતે (પ્રલય બાદ) પણ તેમના એકલાનો જ અમલ વર્તાય છે. એવા સર્વના સર્જનહાર કૈવલકર્તા જ છે. મતલબ કે ત્રણેય કાળમાં (હમેશાં) કૈવલકર્તા સિવાય બીજા કોઈનો અમલ નથી.

## તેહી એકલમલ અમલીસે, વીલસે અંશ બહુર;
## અગણિત ઘાટ સચીત કીયે, અજભવ કીટ મહુર. ૨૪

### શબ્દાર્થ

**તેહી** = તે, તેવા **એકલમલ** = એકાકી, એકલા જ **અમલીસે** = સત્તાધીશથી, અમલવાળા અધિકારીથી, હુકમીથી **વીલસે** = ઉત્પન્ન થયા, ઉદ્ભવ્યા **અંશ** = અંશો **બહુર** = ઘણા, અસંખ્ય, વિશેષ પ્રમાણમાં **અગણિત** = અનેક, ગણતરી ન થઈ શકે તેટલા **ઘાટ** = શરીર, દેહ **સચીત** =સચેતન, ચેતનવંત **કીયે** = કર્યા **અજભવ** = બ્રહ્મા અને શિવજી **કીટ** = કીડી અને પતંગિયા આદિ નાના જીવજંતુ **મહુર** = સૂક્ષ્મ જંતુ, મચ્છર, બેક્ટેરિયા વગેરે.

### અનુભવ

**જેના એકલાનો જ અમલ ચાલે છે તેવા અમલીથી ઘણા અંશો ઉત્પન્ન થયાં છે. બ્રહ્મા, શંકરની આદ્ય લઈને કીટ, મહુર સુધીના અસંખ્ય ઘાટો (તેમણે જ) સચેતન કર્યા છે.**

## ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડમાં તેમના એકલાનો જ અમલ વ્યાપેલો છે એવા સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલા સર્જનહાર કૈવલકર્તા છે. તેમણે પોતાની છઠ્ઠી અંશવૃત્તિથી સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોને ઉત્પન્ન કર્યા છે. એટલું જ નહીં, પરંતુ તત્ત્વોના બંધારણથી બનાવેલા સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ તેમજ પરમકારણ દેહોના અસંખ્ય ઘાટોમાં પોતાની સજાતિના ચૈતન અંશને પ્રેરક કરીને તમામ જડ ઘાટોને સચેતન કર્યા છે. જેમાં સૂક્ષ્મ જીવ-જંતુઓથી લઈને કીટ-પતંગિયા, પશુ-પંખી, પ્રાણીઓ તથા દાનવ-માનવ અને દેવતા તેમજ બ્રહ્મા, વિષ્ણુ અને શિવજી સહિત મોટા ગણાતા દેવોના શરીર (ઘાટો)નો પણ સમાવેશ થાય છે.

**તેહી અંશ થકી અનુસુત, સકલ સાજ સમુદાય;**
**હોત ઈન્દ્રિ અંતઃકરણ, ગુણ પ્રકૃતિ એકતાય. ૨૫**

### શબ્દાર્થ

**તેહી** = તે **અંશ** = સર્જનહારનો સજાણજાણ ચૈતન અંશ **થકી** = થી વડે **અનુસુત** = અનુસરવાવાળો, એક ક્રમાનુસાર, અનુકરણ કરનારની સાથે જોડાયેલું **સકલ** = સર્વ, તમામ, બધાં જ **સાજ** = શરીરનાં અંગો, શરીરના બંધારણમાં રહેલા તત્ત્વો, સજાતીય સામગ્રી **સમુદાય** = સમૂહ **હોત** = થાય છે **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **અંતઃકરણ** = અંતઃકરણ **ગુણ** = રજો, તમો અને સતોગુણ **પ્રકૃતિ** = પ્રકૃતિ તત્ત્વ **એકતાય** = એકતાપણે, સંપીને, સુમેળતા ભરે.

## અનુવાદ

**તે અંશથી ક્રમાનુસાર પ્રકૃતિ, ગુણ, અંતઃકરણ અને ઈન્દ્રિયો વિગેરે સાજનો સમુદાય પરસ્પરની એકતાથી ચેતન થાય છે.**

## ભાવાર્થ

નિજ જાણ સ્વરૂપ ચૈતન અંશનો સામાન્ય આભાસ પ્રથમ પ્રકાશ બ્રહ્મવૃત્તિના ત્રણ મહાતત્ત્વોના પ્રાણાયમને સચેતન કરે છે. પછી સંજમભોગવૃત્તિના ત્રણ ચક્ષસત્ત્વને ચેતન કરે છે. ત્યાર બાદ તે ત્રણ ચક્ષસત્ત્વનો સામાન્ય આભાસ નિરંજન અને અવ્યાકૃતના તત્ત્વોને ચેતન કરે છે. તે નિરંજન અને અવ્યાકૃતનો આભાસ

ચાર તત્ત્વકારણને ચેતન કરીને ત્રણ ગુણ અને ત્રણ ઘણને ચેતન કરે છે. રજો, તમો અને સતોગુણનો આભાસ પોતપોતનાના દશ-દશ તત્ત્વોને અને અહંકાર, સ્વકાશ અને અચંતઘણનો આભાસ તેમના દશ-દશ તત્ત્વોને સચેતન કરે છે. આ પ્રમાણે પ્રાણાયમના સામાન્ય આભાસના માધ્યમથી અન્યો-અન્ય આભાસ પોખાઈને શરીરનો સર્વ સાજની પરસ્પર એકતાથી ચેતનવંત બને છે.

**તેહી એકતાય તે ઉચરત, અંશ પ્રેરિત અતિ વાણ;**
**વોહી વાણકે નિરમીત, સબ શિર નામ એંધાણ. ૨૯**

**શબ્દાર્થ**

**તેહી** = તે, તેવી **એકતાય** = એકતાથી **તે** = તે **ઉચરત** = ઉચ્ચાર કરે છે **અંશ પ્રેરિત** = અંશથી પ્રેરીત થયેલ, અંશની પ્રેરણા પામીને **અતિ** = ઘણા પ્રકારની **વાણ** = વાણી **વોહી** = તે **વાણકે** = વાણીથી **નિરમીત** = નિર્માણ થયેલ, બનેલ **સબ** = સર્વ, બધા, તમામ **શિર** = મસ્તક, ઉપર, માથે **નામ** = નામ **એંધાણ** = નિશાની, ઓળખ.

**અનુવાદ**

**તે એકતાના કારણે અંશની પ્રેરણાથી (પ્રણવ દ્વારા) વાણીનો અનેક પ્રકારે ઉચ્ચાર થાય છે. તે વાણીથી નિર્માણ થયેલ નામ દરેકના શિર પર નિશાની રૂપે હોય છે.**

**ભાવાર્થ**

અગાઉની ચોપાઈમાં અંશના સામાન્ય આભાસથી અન્યોન્ય તત્ત્વોની ચેતનતા દ્વારા શરીરના સર્વ સાજનો સમુદાય ચેતનવંત બને છે, તે સમજ પ્રાપ્ત કરી.

આ પ્રમાણે ચેતન થયેલ શરીરમાં પિંડ-બ્રહ્માંડની સંધિને વિશે બિરાજમાન ચૈતન અંશનો વિશેષ આભાસ ઉનમુનિ અવસ્થાના નચિંત અંતઃકરણને વિશે રહ્યો છે. તે નચિંત અંતઃકરણ જાગ્રત અવસ્થામાં નેત્રની નાડીઓના છિદ્રને વિશે એકરસ થાય છે. તે ઉનમુનિ અવસ્થા અને નચિંત અંતઃકરણની એકતા પામીને જાગ્રત અવસ્થા વિશેષ ઉજાગ્રત થાય છે. તે વિશેષ ઉજાગ્રત જાગ્રત અવસ્થાને વિશે ત્રણ ચક્ષસત્ત્વ આવીને ઉજાગ્રત થાય છે. તે મન અંતઃકરણ પણ ઉજાગ્રત કરે છે. એ પ્રકારે મન અંતઃકરણ

અને ત્રણ ચક્ષસત્વ ઉજાગ્રત થઈને જાગ્રત અવસ્થાને વિશે ચાર અવસ્થાઓનું જ્ઞાન અને બાવન અક્ષર સંયુક્ત શબ્દ ઉચ્ચાર થાય છે.

જ્યારે નિજ જાણ સ્વરૂપ કૈવલકર્તાના અંશને શબ્દ ઉચ્ચાર કરવાની ઈચ્છા થાય છે ત્યારે તે નિજ જાણ સ્વરૂપ ચૈતન અંશ ત્રણ ચક્ષસત્ત્વને હુકમ કરે છે. જ્યારે તે ત્રણ ચક્ષસત્ત્વ કર્તાની પ્રકાશ બ્રહ્મવૃત્તિના ત્રણ મહાતત્ત્વો - અવિકાસ, વિકાસ અને કુંભસ્થને સામસામે ભીડાવે છે ત્યારે શબ્દ ઉત્પન્ન થાય છે. આ રીતે ત્રણે મહાતત્ત્વોના સંયોગે કરીને જાગ્રત અવસ્થા અને મન અંતઃકરણના નીગરાની હેઠળ અક્ષરોનું ઉચ્ચારણ થાય છે.

તેવા એકથી વિશેષ શબ્દોના ઉચ્ચારણથી નિર્માણ થયેલ નામનું આરોપણ દરેકના શિર ઉપર નિશાની રૂપે રહેલું છે.

**પણ નામી સબ આગમ, પીછે નામ ધરંત;**
**બીન કાગદ થાની કીત, કહો ક્યૌ અંક પરંત. ૨૭**

**શબ્દારથ**

**પણ** = પરંતુ **નામી** = જેનુ નામ પાડવામાં આવ્યું છે તે નામને ધારણ કરનાર **સબ** = બધા, સર્વ **આગમ** = આગળ, પહેલાં, પ્રથમ **પીછે** = પછીથી, પાછળથી **નામ** = સંજ્ઞા, ઓળખ **ધરંત** = ધારણ કરાય, પકડવામાં આવે છે **બીન** = વગર, સિવાય **કાગદ** = કાગળ, લખાણ માટેનું પેપર **થાની** = સ્થાન, જગ્યા, સ્થળ **કીત** = ક્યાં **કહો** = કહો **ક્યૌ** = કેવી રીતે **અંક** = આંકડો, સંખ્યા દર્શાવતો અક્ષર, શબ્દ **પરંત** = પડાય, લખાય.

**અનુવદા**

**પરંતુ નામી બધાથી (સૌથી) પહેલાં હોય છે, ત્યાર બાદ નામ ધારણ કરાય છે, કારણ કે, કાગળ વગર ક્યાં (કઈ જગ્યાએ) અને કેવી રીતે અક્ષર લખી શકાય તે કહો.**

**ભાવાર્થ**

જેવી રીતે વર્ણમાળાના બાવન, અંકો (અક્ષરો) પૈકી એક અક્ષર કે અક્ષરોના સમૂહથી બનેલ (શબ્દ) તથા શબ્દોથી બનેલા વાક્યને લખવું હોય તો તે લખાણ

લખવા માટે કાગળ જેવા માધ્યમની આવશ્યતા હોય છે. માધ્યમ સિવાય કોના ઉપર લખાણ લખી શકાય ?

તેવી જ રીતે નામનું આરોપણ કરવાનું હોય અને નામી જ ન હોય તો નામનું આરોપણ કેવી રીતે કરવું ? તે એક પ્રશ્ન છે. આ પ્રમાણે નામી સૌથી પ્રથમ જરૂરી છે પછી તે પ્રત્યક્ષ હોય કે પરોક્ષ, ત્યાર પછી જ તેના ઉપર નામ ધારણ કરી શકાય.

**તબતે અગમ આલોચન, કીયે બીના જબી કાંય;**
**બીન ચૈતન ચિતવન કીનુ, નામ લગે કીસ ઠાંય. ૨૮**

### શબ્દાર્થ

**તબતે** = તેટલા માટે, તેથી **અગમ** = અગાઉથી, પહેલેથી **આલોચન** = વિચારવું, સમીક્ષા કરવી, અવલોકન કરવું **કીયે બીના** = કર્યા વગર **જબી** = જ્યારે **કાંય** = કંઈ પણ **બીન** = વગર, સિવાય **ચૈતન** = ચૈતન **ચિતવન** = ચિંતન, વિચાર કરવું, ધ્યાન ધરવું **કીનુ** = કોનું **નામ લગે** = નામ લાગી શકે, નામનું ઉદ્‌બોધન કરી શકાય **કીસ** = કેવી રીતે **ઠાંય** = ઠેકાણે, સ્થળે, જગ્યાએ.

### અનુવાદ

**તેથી પ્રથમ વિચાર કર્યા સિવાય કંઈ પણ બની શકતું નથી. કેમ કે, ચૈતન સિવાય ચિતવન કોનું થાય ? અને નામ કઈ જગ્યાએ લાગી શકે ?**

### ભાવાર્થ

ચૈતનની મહત્તા દર્શાવતા જણાવ્યું છે કે સજાતીય જડ તત્ત્વોના સમૂહથી બનેલો ઘાટ કોઈ પણ પ્રકારનો વિચાર-વિનિમય કરી શકતો નથી. જો વિચાર-વિમર્શ કરવામાં ન આવે તો પરિણામ લક્ષી કાર્ય કાંઈ પણ થઈ શકતું નથી વળી, ચિતંવન કરનાર ચૈતન સિવાય ચિંતવન પણ કોણ કરે ? અને કોનું કરે ? જો ચિતવન ન થાય તો પછી કોઈ પણ પ્રકારના નામનું ઉદ્‌બોધન કોઈના ઉપર કરી શકાતું નથી.

ટૂંકમાં, કહી શકાય કે નામના આરોપણ માટે નામીની જરૂર છે, કોઈ પરિણામલક્ષી કાર્ય માટે ચિંતવનની જરૂર છે અને ચિંતવન માટે ચૈતનની આવશ્યકતા અનિવાર્ય છે.

## નિરગુણ કે વા સિરગુણ, અગમ અલખ કે અરૂપ;
## જેહી તેહી પદ સ્થાપન બિનુ, લગે ના નામ નીરૂપ. ૨૯

### શબ્દાર્થ

**નિરગુણ** = ગુણ રહિત **કે** = હોય કે **વા** = અથવા, અને **સિરગુણ** = ગુણવાળા **અગમ** = અગમ્ય, ઇન્દ્રિયાતીત, અલૌકિક **અલખ** = લખી ન શકાય તેવું, અવર્ણનીય, જેનું વર્ણન ન થઈ શકે તેવું, અગોચર **કે** = અથવા, અને **અરૂપ** = નિરાકાર, આકર વગરનું **જેહી તેહી** = જે તે, જેવા તેવા, જેમ તેમ **પદ** = સ્થાન, દરજ્જો, મોભો **સ્થાપન** = સ્થાપના **બિનુ** = વગર, સિવાય **લાગે નાં** = લાગી ન શકે, લાગે નહીં **નામ** = નામ, સંજ્ઞા **નીરૂપ** = નિરૂપણ, અવલોકન, નિદર્શન, વર્ણન, નિરૂપણ, પદાર્થનુ લક્ષણ, પ્રમાણ અને સ્વરૂપનું અભિધાન, આરોપણ.

### અનુવાદ

**નિર્ગુણ, સગુણ, અગમ, અલખ અને અરૂપ પદનું જેમ છે તેમ સ્થાપન કર્યા સિવાય નામનું આરોપણ (નિરૂપણ) થઈ શકતું નથી.**

### ભાવાર્થ

નિર્ગુણ બ્રહ્મ હોય કે રજો, તમો અને સતોગુણ ધરાવતા ગુણવાળુ સગુણ પદ હોય, તે ઉપરાંત ઇન્દ્રિયાતીત, અલખ અને અરૂપ એવા સર્જનહારનું પદ હોય તો પણ જે તે પદનું જેમ છે તેમ તેનું સ્થાપન કર્યા સિવાય તેના ઉપર યોગ્ય નામનું આરોપણ થઈ શકતું નથી.

## તેહી પદ જેહી અદ્વૈત વિત્ત, અણુ આદ્યે બ્રહ્માંડ;
## જહાં જહાં કછુ નિરૂપણ, તહાં તહાં નામકી માંડ. ૩૦

### શબ્દાર્થ

**તેહી** = તે **પદ** = સ્થાન, દરજ્જો **જેહી** = જે **અદ્વૈત** = અભિન્ન, દ્વૈત, નહીં તેવું, અદ્વિતીય **વિત્ત** = સત્ત્વ, સાર, હીર **અણુ** = જરા જેટલું, સૂક્ષ્મ **આદ્ય** = થી લઈને, સહિત **બ્રહ્માંડ** = બ્રહ્મ ભૂમિકાનો વિસ્તાર, જ્યાં સુધી બ્રહ્મનો ફેલાવો થયો છે તેવા વિશાળ વિસ્તાર **જહાં જહાં** = જ્યાં જ્યાં **કછુ** = કાંઈ પણ **નિરૂપણ** = વર્ણન, અવલોકન, વિવેચન **તહાં તહાં** = ત્યાં ત્યાં **નામકી** = નામની **માંડ** = ગોઠવણ, મૂળ આરોપણ, મંડાણ, આધાર.

### અનુવાદ

**તે પદ કે જે વિત્ત રૂપે અદ્વૈત છે અને અણુની આદ્યે બ્રહ્માંડમાં જ્યાં જ્યાં જે કંઈ નિરૂપણ થયેલું છે ત્યાં ત્યાં નામનું આરોપણ (થયેલું) છે.**

### ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડમાં અણુની આદ્ય લઈને જે કંઈ રચના બ્રહ્મક્ષેત્રમાં પોષણ પામીને વૃદ્ધિ થઈ છે તે સર્વ ઉત્પત્તિ અને તે ઉત્પત્તિના કારણ રૂપે રહેલા એક અદ્વૈત વિત્ત રૂપી સર્જનહાર છે. તે સૌના ઉપર નામનું આરોપણ થયેલું છે. મતલબ કે બ્રહ્માંડમાં રચાયેલી તમામ ઉત્પત્તિ અને બ્રહ્માંડથી તીત રહેલ અદ્વૈત એવા સર્જનહાર એ બધા નામથી જ ઓળખાય છે અર્થાત્ તે સર્વના નામ પાડવામાં આવેલા છે.

## બિનુ નિરૂપણ નામકી, લાગ લગે કીસ ઠોર;
## તબતે પીછે નામકી, નામી સબકી મહોર. ૩૧

### શબ્દાર્થ

**બિનુ** = વગર, સિવાય **નિરૂપણ** = નિર્માણ, ઉત્પત્તિ, વર્ણન, અવલોકન, વિવેચન **નામકી** = નામની **લાગ લગે** = જરૂર પડે, આવશ્યકતા ઊભી થાય **કીસ** = ક્યાં, શું , કેવી રીતે **ઠોર** = ઠેકાણે **તબતે** = તેટલા માટે જ, તેથી જ, તે માટે જ **પીછે** = પાછળ **નામકી** = નામની **નામી** = નામ ધારણ કરનાર, જેના ઉપર નામનું આરોપણ કરવામાં આવ્યું છે તે **સબકી** = બધાની, સૌની **મહોર** = પ્રથમ, આગળ, મોખરે.

### અનુવાદ

**નિર્માણ થયાં સિવાય નામનો લાગ કયા ઠેકાણે લાગી શકે ? તેથી જ નામી સૌથી પહેલાં હોય છે અને નામ પાછળથી પડે છે.**

### ભાવાર્થ

જો સર્જનહાર દ્વારા કોઈ પણ પ્રકારની ઉત્પત્તિ કરવામાં ન આવી હોત તો નામની આવશ્યકતા ઊભી જ ન થાત. એટલે કે, કોઈ વસ્તુ-પદાર્થનું નિર્માણ જ થયું ન હોત તો શેની ઉપર નામનું આરોપણ કરી શકાય? એક અદ્વૈત સ્વરૂપ જ હોત તો તેમને પણ સર્જનહાર તરીકેનું ઉદ્દબોધન ન થઈ શકે અને ઉદ્દબોધન પણ કોણ કરે ? તેટલા

માટે જ નામ પાડવા યોગ્ય વસ્તુ-પદાર્થની ઉત્પત્તિ (નિર્માણ) સૌથી પ્રથમ હોય છે અને ત્યાર પછી જ નામનું આરોપણ થાય છે.

**જબ આગે કછુ થાપન, તબ પીછે તીનુ નામ;**
**યા વિધિ સકલ ચરાચર, નામ વિના નહીં ઠામ. ૩૨**

### શબ્દાર્થ

**જબ** = જ્યારે, જેથી **આગે** = પહેલાં, આગળ **કછુ** = કંઈ પણ **થાપન** = સ્થાપના, આરોપણ કરવા યોગ્ય રચના, મંડાણ, પદાર્થ, નિર્માણ કરવું તે **તબ** = ત્યારે **પીછે** = પાછળ, પછી **તીનું** = તેનુ **નામ** = નામ **યા વિધિ** = આ રીતે, આ પ્રમાણે **સકલ** = સર્વ, તમામ બધા જ **ચરાચર** = ચર અને અચર, સ્થળ અને જંગમ, જડ અને ચૈતન **નામ** = નામ **વિના** = સિવાય, વગર, **નહીં** = નથી **ઠામ** = સ્થળ, જગ્યા, ઠેકાણું.

### અનુવાદ

**જેથી કશું પણ નિર્માણ થાય બાદ તેનું નામ પડે છે. આ પ્રમાણે સ્થાવર અને જંગમ જાતિમાં કોઈ ઠેકાણું (જગ્યા) નામ વગર બાકી નથી.**

### ભાવાર્થ

સૌ પ્રથમ કોઈક વસ્તુનું નિર્માણ થાય છે. તે નિર્માણ થયેલ જડ કે ચેતન ઘાટો ઉપર પાછળથી નામનું આરોપણ કરવામાં આવે છે.

સ્થાવર અને જંગમ જાતિના મળી કુલ ૮૪ લાખ પ્રકારના વિવિધતા ધરાવતા અનેક ઘાટો છે. તે તમામના નામ પડ્યાં છે. અર્થાત્ જડ હોય કે ચૈતન કોઈ પણ એવો ઘાટ નથી કે જેના ઉપર નામનું આરોપણ કરવામાં ન આવ્યું હોય.

**રોમ રોમ રગ રગ લગે, તનુ કંચિત ધરવેખ;**
**મન બુધ ચિત્ત અહંકાર લ્યૌ, લગે નામકો લેખ. ૩૩**

### શબ્દાર્થ

**રોમ રોમ** = રુવાડાં, કુમળા અને ઝીણા વાળ, આખા શરીરમાં **રગ રગ** = દરેક નસ, નાડી **લગે** = સમૂહ, જથ્થાં, ઢગલો **તનુ** = શરીર, ઘાટ, દેહ **કંચિત** = કાંઈ પણ, સહેજ પણ, થોડુંક

**ધરવેખ** = અવયવો ધારણ કરેલ પોશાક, વેશ, શણગાર **મન** = મન અંતઃકરણ **બુધ** = બુદ્ધિ અંતઃકરણ **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **અહંકાર** = અહંકાર અંતઃકરણ **લ્યૌ** = સુધી, લગી **લગે** = લાગેલો છે **નામકો** = નામનો **લેખ** = આલેખન, આરોપણ.

### અનુવાદ

**રોમેરોમ અને રગેરગ સુધી શરીરના અવયવોની આદ્ય લઈને મન, બુદ્ધિ, ચિત્ત અહંકાર સહિત દરેકના ઉપર નામનું આલેખન થયેલું છે.**

### ભાવાર્થ

તત્ત્વોથી બંધાયેલા આખા શરીરના રોમ રોમ અને રગેરગની આદ્ય લઈને મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકાર અંતઃકરણો સહિત દરેક અવયવો ઉપર નામનું આરોપણ થયેલું છે એટલે કે, શરીરના રુવાડાંથી લઈને બધો જ સાજ (સમૂહ) નામના આલેખન સિવાય કિંચિત માત્ર બાકી નથી.

## ઓરુ રજ તમગુણ સાત્વીક, સરસ્વતી શારદ શેષ;
## યાંહાં લ્યૌ નામ નિરંતર, જંતરવત્ જીત ભેષ. ૩૪

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **રજ** = રજોગુણ **તમગુણ** = તમોગુણ **સાત્વીક** = સતોગુણ **સરસ્વતી** = સરસ્વતી દેવી **શારદ** = શારદાદેવી **શેષ** = શેષજી **યાંહાં** = ત્યાં **લ્યૌ** = સુધી **નામ** = નામ **નિરંતર** = હમેશાં, હંમેશને માટે, કાયમ, સદાય **જંતરવત્** = યંત્રવત્, પારસ્પરિક જોડાણ, એકધારું **જીત** = ની જેમ, જેવા **ભેષ** = ઘાટ, શરીર, દેહ.

### અનુવાદ

**રજોગુણ (બ્રહ્મા), તમોગુણ (શંકર), સતોગુણ (વિષ્ણુ), સરસ્વતી, શારદા અને શેષજી સુધીના ઘાટની સાથે હમેશાં યંત્રવત્ નામ જોડાયેલું છે.**

### ભાવાર્થ

જેમ યંત્ર સતત કામ કરતું રહે છે તેમ વિશ્વમાં સામાન્ય જીવોને સહાયરૂપ થનારા

રજોગુણી બ્રહ્મા, તમોગુણી શંકરજી, સતોગુણવાળા વિષ્ણુ જેવા મહાન દેવતાઓ પણ નામ થકી ઓળખાય છે. આ ઉપરાંત વિદ્યાની દેવી સરસ્વતી, કલાની દેવી શારદા અને પૃથ્વીને ધારણ કરનાર શેષજી સુધીના સર્વ દેવી-દેવતાઓ ઉપર પણ યંત્રવત્ નામ જોડાયેલાં છે.

**જલ થલ સ્થાવર જંગમ, લખ ચોરાસી જંત;**
**ભાગ અણુને ત્રીસમે, તહાં લ્યૌ નામ વૃતંત. ૩૫**

### શબ્દાર્થ

**જલ** = જળમાં, પાણીમાં **થલ** = સ્થળ (જમીન) પર **સ્થાવર** = સ્થિર સ્થાવર જાતિ, વનસ્પતિ **જંગમ** = જંગમ જાતિ, હલન-ચલન કરનાર **લખ ચોરાસી** = ચોર્યાસી લાખ **જંત** = જીવો, ઘાટો **ભાગ અણુને ત્રીસમે** = અણુના ત્રીસમા ભાગ સુધી રજનો આઠમો ભાગ, એક મુહૂર્તનો ૫૪,૬૭,૫૦૦૦મો ભાગ, ૧૬૩૮૪ ક્ષણ જેટલો વખત, ૬૦ પરમાણુને બનેલો કણ **તહાં લ્યૌ** = ત્યાં સુધી **નામ** = નામનું **વૃતંત** = વૃતાંત, વર્ણન, હકીકત.

### અનુવાદ

**પાણીમાં અને જમીન પર રહેતાં સ્થાવર અને જંગમ જાતિના ચોર્યાસી લાખ પ્રકારના તેમજ અણુના ત્રીસમા ભાગ સુધી નામનું વર્તમાન છે.**

### ભાવાર્થ

પાણીમાં રહેતા અને જમીન પર રહેલા સ્થાવર તથા જંગમ જાતિના મળી કુલ ચોર્યાસી લાખ પ્રકારના ઘાટો ઉપર નામનું આરોપણ કરવામાં આવેલું છે.

| | | |
|---|---|---|
| ૧૩ લાખ મનુષ્ય જાતિ | - | પૃથ્વી પર રહે છે. |
| ૦૭ લાખ પશુજાતિ | - | પૃથ્વી પર રહે છે. |
| ૧૦ લાખ કીટ જાતિ | - | પૃથ્વી પર રહે છે. |
| ૦૯ લાખ પતંગ જાતિ | - | આકાશમાં ઊડે અને પૃથ્વી પર રહે છે. |
| ૦૩ લાખ પતંગ જાતિ | - | અગ્નિમાં પ્રવેશ કરી શકે છે. |
| ૦૨ લાખ પતંગ જાતિ | - | આકાશમાં જ રહે જે પૃથ્વી પર આવતા નથી |
| ૧૮ લાખ વનસ્પતિ જાતિ | - | વૃક્ષ, વેલી, પાંદડી વગેરે |

૧૯ લાખ જળચર જાતિ - જળમાં જ રહે છે.

૦૩ લાખ જળચર જાતિ - પૃથ્વી પર ચારો ચરી જળમાં જ રહે છે.

**કુલ ૮૪ લાખ પ્રકારના ઘાટો**

આ ઉપરાંત જે પદાર્થ નજરે દેખાય અને કોઈ સાધનથી નાનામાં નાના ભાગ થાય તેને અણુ અને નાનામાં નાના અવિભાજ્ય ભાગને પરમાણુ કહે છે. એવા અણુ અને પરમાણુના સૂક્ષ્મ કદને પણ નામનું આરોપણ કરવામાં આવે છે. એટલું જ નહીં, પરંતુ તે નામ અંગે વર્ણન કરીને તેના ગુણધર્મો પણ દર્શાવવામાં આવેલ છે.

**આદ્ય અંત મધ્ય ઉપજકે, કીયે નિરાક્રણ તંત;**
**તે તે ભર બિનુ નામકે, નહી કોઈ જુગ પર જંત. ૩૬**

**શબ્દાર્થ**

**આદ્ય** = પ્રારંભ, આદિ **અંત** = છેવટ, અંત **મધ્ય** = વચ્ચે, મધ્ય **ઉપજકે** = ઉત્પન્ન થયેલા, ઉપજેલા **કીયે** = કર્યો **નિરાક્રણ** = નિર્ણય, નિવેડો, છેવટ **તંત** = વસ્તુ, પદાર્થ, ઘાટ, શરીર, તત્ત્વ **તે તે ભર** = તે તે બધા જ **બિનુ નામકે** =નામ વગરના **નહી** = નથી **કોઈ** = કોઈ **જુગ પર** = જગતમાં, વિશ્વમાં **જંત** = જંતુ, જીવ, ઘાટ.

## અનુવાદ

**આદ્ય, મધ્ય અને અંત દરમિયાન ઉત્પત્તિના જેટલા જેટલા ઘાટો છે. તે તે દરેકના નામનો નિર્ણય થયેલો છે. જગતમાં કોઈ પણ ઘાટ નામ સિવાયનો નથી.**

## ભાવાર્થ

સૃષ્ટિના પ્રારંભથી લઈને પસારા દરમિયાન તથા અંત સમય સુધી જેટલા જેટલા ઘાટોનું નિર્માણ થયેલ છે. તે બધા જ ઘાટો ઉપર નામનું આરોપણ યોગ્ય નિર્ણયના અંતે જ કરવામાં આવેલું છે. વિશ્વમાં એવો કોઈ પણ ઘાટ કે પદાર્થ (વસ્તુ) બાકી નથી કે જેના ઉપર નામનું આરોપણ થયું ન હોય.

**દરસ અદરસ પદારથ, સ્થૂલ સૂક્ષ્મ ક્રત વેશ;**
**દરશ્યું નામ સકલ શિર, પ્રસિદ્ધ જે હાલ હમેશ. ૩૭**

### શબ્દાર્થ

**દરસ** = દૃશ્ય, જોઈ શકાય તેવું **અદરસ** = અદૃશ્ય, ગુપ્ત ન જોઈ શકાય તેવું **પદારથ** = પદાર્થ, વસ્તુ, ચીજ, તત્ત્વ **સ્થૂલ** = સ્થૂળ, ઈન્દ્રિયગ્રાહ્ય, ભૌતિક **સૂક્ષ્મ** = બારીક, દેખી ન શકાય તેવુ, ઝીણું **ક્રત** = રચના **વેશ** = ઘાટ, પદાર્થ ઉત્પત્તિ **દરશ્યું** = દેખાય છે, જોઈ શકાય છે **નામ** = નામ, સંજ્ઞા **સકલ શિર** = દરેકનાં માથે, પ્રત્યેક (વસ્તુ)નું **પ્રસિદ્ધ** = પ્રખ્યાત, વિખ્યાત, જાણીતું, મશહૂર **જે** = છે જે **હાલ** = અત્યારે, હમણાં **હંમેશ** = હમેશાં, સદાય.

### અનુવદા

**દૃશ્ય અને અદૃશ્ય તમામ પદાર્થો તથા સ્થૂળ અને સૂક્ષ્મ ઘાટોના શિરે હમેશાં નામ પ્રસિદ્ધ થયેલું છે. વળી તે વર્તમાનમાં પણ પ્રસિદ્ધ જણાય છે.**

### ભાવાર્થ

દૃશ્ય પદાર્થો અને જે નરી આંખે ન જોઈ શકાય તેવા સૂક્ષ્મ (બારીક) પદાર્થો ઉપર નામનું આરોપણ થયેલું છે. આ બધા પ્રકારના ઘાટો કે પદાર્થો પર જે નામનું આરોપણ થયેલું જણાય (દૃશ્યમાન થાય) છે. તે (નામ) હમેશાંને માટે રહેલું હોઈ વર્તમાનમાં પણ પ્રસિદ્ધ છે.

**પ્રકૃતિ પુરુષ મારુત નભ, મહાતત અદરસ દેવ;**
**એહી નિજ અરૂપ વિભૂતિ લગે, નિરમેયુ નામ અવેવ. ૩૮**

### શબ્દાર્થ

**પ્રકૃતિ** = પ્રકૃતિ મહાતત્ત્વ, માયા **પુરુષ** = નિરંજન મહાતત્ત્વ **મારુત** = પવનતત્ત્વ **નભ** = આકાશ તત્ત્વ **મહાતત** = મહાતત્ત્વો **અદરસ** = અદૃશ્ય, દેખી ન શકાય તેવા, અરૂપ **દેવ** = દેવતા **એહી** = એ પ્રમાણે **નિજ** = મૂળ, પોતાની **અરૂપ** = રૂપ વગરના **વિભૂતિ** = ઐશ્વર્ય સામર્થ્ય **લગે** = સુધી, હોવા છતાં **નિરમેયુ** = નિર્માણ પામ્યું લાગેલું **નામ** = નામ **અવેવ** = ચોક્કસ, જરૂર, નક્કી, અચૂક, ખરેખર.

### અનુવદા

**પ્રકૃતિ, પુરુષ, પવન, આકાશ વિગેરે મહાતત્ત્વો અને અરૂપી દેવતાઓ છે. તે મૂળ અરૂપ વિભૂતિવાળા હોવા છતાં (તેમના) ચોક્કસ નામ નિર્માણ થયેલાં છે.**

## ભાવાર્થ

આદિ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એમ પાંચ મહાતત્ત્વો છે. પુરુષ અને પ્રકૃતિ સહિતના સર્વ અવ્યક્ત દેવતાઓ છે. તેમની પોત-પોતાની આગવી (વિશિષ્ટ) સામર્થ્યતા છે તે પણ અરૂપ છે, તેમ છતાં આવા મહાતત્ત્વો, મહાન દેવતાઓ અને તેમની અરૂપ ઐશ્વર્યતાના ચોક્કસ નામો નિર્માણ થયેલાં છે. અર્થાત્ દરેક અરૂપ મહાતત્ત્વો અને દેવતાઓના તથા તેમની વિભૂતિઓના નામનું ચોક્કસ રીતે આરોપણ થયેલું છે.

## મંત્ર જંત્ર ઓરુ તંત્ર લ્યૌ, જપ ગાયંત્રી આદ્ય;
## સહસ્ત્ર નામ શ્રીપત લગે, સબ નામનકે સ્વાધ્ય. ૩૯

### શબ્દાર્થ

**મંત્ર** = કોઈ ચોક્કસ કાર્યની ફલશ્રુતિ માટે મનાતું વાક્ય, શબ્દ કે શબ્દનો સમૂહ **જંત્ર** = કાગળ કે ધાતુ ઉપર લખાયેલી તાંત્રિક આકૃતિ **ઓરુ** = અને **તંત્ર** = વ્યવસ્થા, પ્રબંધ, કોઈને ભોળવવા કે ભરમાવવાનો એક ચમત્કારિક પ્રયોગ, કેટલીક અર્થ સિદ્ધાંતોની સાધનાનો એક યૌગિક પ્રકાર, મારણ, જારણ, મોહન વગેરેની એક વિદ્યા **લ્યૌ** = સહિત **જપ** = કોઈ પણ વ્યક્તિ, ઈષ્ટદેવ કે મંત્રનું રટણ **ગાયંત્રી** = ચોવીસ અક્ષરનો એક વૈદિક ત્રિપદી છંદ, એક વૈદિક મંત્ર **આદ્ય** = લઈને, સહિત, આદિ, વગેરે **સહસ્ત્ર** = એક હજાર **નામ** = નામ **શ્રીપત** = લક્ષ્મીજીના પતિ, વિષ્ણુ **લગે** = સુધીના **સબ** = સર્વ **નામનકે** = નામના જ, નામને જ **સ્વાધ્ય** = સ્વાધીન, સાધના કરવા યોગ્ય, સાધી શકાય તેવા, પોતાના થકી કરાતું અધ્યયન

## અનુવાદ

**મંત્ર, તંત્ર, યંત્ર અને ગાયત્રીની આદ્ય લઈને લક્ષ્મીપતિ (શ્રી વિષ્ણુ)ના એક હજાર નામ સહિત સર્વ નામને જ આધીન છે.**

## ભાવાર્થ

મંત્ર, યંત્ર અને તાંત્રિકવિદ્યા તથા ગાયત્રી છંદની આદ્ય લઈને લક્ષ્મીપતિ શ્રી વિષ્ણુના એક હજાર નામો છે. વિશ્વના માનવો ઉપર મુજબ નામો પૈકી કોઈને કોઈ નામનો જ જપ કરીને આધીન થયેલાં હોય છે.

**ઓરુ આતમ પરમાતમા, નિજ ગતિ અકલ અરૂપ;**
**બ્રહ્મ જ્યોતિ નિરગુણ લગે, કીનેહુ નામ નિરૂપ. ૪૦**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **આતમ** = આત્મા, ઓહંગ, લેતો પ્રાણાયમ, અવિકાસ મહાતત્ત્વ **પરમાતમા** = પરમાત્મા, સોહંગ વિકાસ મહાતત્ત્વ, પ્રશ્વાસ **નિજ** = મૂળ, આદિ, પોતાની **ગતિ** = ગતિ, મતિ, શક્તિ, સ્થિતિ **અકળ** = કળી ન શકાય તેવી **અરૂપ** = દેખી ન શકાય તેવી, અરૂપ અદૃશ્ય, અવ્યક્ત **બ્રહ્મ** = સચરાચર વ્યાપક સર્જનહારનો પ્રકાશ **જ્યોતિ** = જ્યોતિ સ્વરૂપ નારાયણ **નિરગુણ** = ગુણો રહિત **લગે** = સુધી છે, હોવા છતાં **કીનેહુ** = કર્યા છે. **નામ** = નામ **નિરૂપ** = નિરૂપણ, આરોપણ.

### અનુવાદ

**વળી આત્મા અને પરમાત્માની મૂળ ગતિ અકળ અને અરૂપ છે. બ્રહ્મ અને જ્યોતિ સુધીના સર્વના નામનું નિરૂપણ કરેલું છે.**

### ભાવાર્થ

સર્જનહારની પ્રકાશબ્રહ્મવૃત્તિનું જે બ્રહ્મ છે, તેના મહાતત્ત્વો પૈકી અવિકાસ મહાતત્ત્વ જે આત્મા ઓહંગ અને લેતા પ્રાણાયમ તરીકે ઓળખાય છે અને વિકાસ મહાતત્ત્વ જેને પરમાત્મા સોહંગ અને પ્રશ્વાસ તરીકે ઓળખાય છે. આ મહાતત્ત્વોની ગતિ પણ કળ્યામાં ન આવે તેવી અને અવ્યક્ત છે છતાં પણ તેમના ઉપર નામનું નિરૂપણ કરેલું છે. એટલું જ નહીં, પરંતુ સચરાચર વ્યાપક નિર્ગુણ બ્રહ્મ અને જ્યોતિ નારાયણ ઉપર પણ નામનું આરોપણ થયેલું છે.

**અરૂપ કહો તો નામસે, રુપ કહો ભી નામ;**
**સાચ જુઠ પર નામહી, નામ ધામ ગુણ ગ્રામ. ૪૧**

### શબ્દાર્થ

**અરૂપ** = રૂપ વિનાનું, આકૃતિ ન હોય તેવું **કહો તો** = કહેવામાં આવે તો **નામસે** = નામથી **રુપ** = દૃશ્ય, નજરે દેખાય તેવું **કહો ભી** = કહો તો પણ **નામ** = નામથી જ, નામ છે **સાચ** = સાચું, સત્ય **જુઠ** = જૂઠું, અસત્ય **પર** = ની ઉપર **નામહી** = નામ છે **નામ** = નામ **ધામ** = રહેઠાણ, ધામ **ગુણ** = ગુણ **ગ્રામ** = ગામ, જ્યાં એક થી વિશેષ ઘરો અને માણસની વસ્તી હોય તેવો પ્રદેશ કે જગ્યા.

### અનુવાદ

**અરૂપ અને રૂપ કહેવું હોય તો તે પણ નામથી જ કહેવાય છે. સત્ય, અસત્ય, ધામ, ગુણ અને ગામ વગેરે પણ નામથી જ કહેવાય છે.**

### ભાવાર્થ

જે નજરે નિહાળી શકાય તેવી આકૃતિવાળુ હોય અથવા નજરે ન નિહાળી શકાય તેવા પદાર્થ માટે રૂપ અને અરૂપ શબ્દ નામથી જ કહેવાય (ઓળખાય) છે. વળી સાચું, જૂઠું જેવા શબ્દો પણ નામ જ છે. રહેવા માટેનું ધામ, ગામ કે ગુણ દર્શાવતા શબ્દો પણ નામ જ છે.

## મંદિરે મહેલ અટાલકા, ધર્મશાલા ઓરુ સ્થાંન;
## દેવલ ગુહા અગાસીયા, સબ શિર નામકી બાંન. ૪૨

#### શબ્દાર્થ

**મંદિર** = ઈષ્ટદેવના સ્વરૂપની સ્થાપના કરેલ પવિત્ર જગ્યા **મહેલ** = મોટું આલિશાન મકાન, રાજમહેલ, **અટાલકા** =અટારી, રવેશ, ઝરૂખો, **ધર્મશાલા** = મુસાફરખાનું, વિના મૂલ્યે યાત્રીઓ અને પ્રવાસીઓને રહેવાની જગ્યા **ઓરુ** = અને **સ્થાંન** = સ્થળ, સ્થાનક, પદ, પ્રદેશ **દેવલ** = દેવાલય, દેવળ, દેરું **ગુહા** = ગુફા અવર-જવર ઓછી થતી હોય તેવો ઊંડો અંધારો ખાડો, ભોંયરું, મનુષ્ય કે પશુ પડી રહે તેવી બખોલ **અગાસીયાં** = અગાસી, મકાન ઉપરનું ખુલ્લું ધાબું **સબ** = બધા, સર્વ **શિર** = મસ્તક, માથું, પર **નામકી** = નામની **બાંન** = વાણી, પક્કડ.

### અનુવાદ

**મંદિર, મહેલ, અટારી, ધર્મશાળા, દેવળ, ગુફા, અગાસી અને સ્થાનક વગેરે ઉપર નામની જ વાણી છે.**

### ભાવાર્થ

મૂર્તિની પ્રતિષ્ઠા (સ્થાપના) થઈ હોય તેવું દેવાલય (મંદિર), રાજમહેલ, રવેશ, મુસાફરખાનું, ગુફા, દેવળ, ખુલ્લું ધાબું (અગાશી) વગેરેને ઓળખવા કે દર્શાવવા માટે નામનો જ ઉપયોગ કરવામાં આવે છે. મતલબ કે માનવ, દેવ, દાનવ, પશુ-પક્ષી

માટેના રહેઠાણ માટેની જગ્યા કે તેના વિભાગ દર્શાવવા કે ઓળખાવવા માટે નામનો જ સહારો લેવો પડે છે.

**અગમ કહો તો નામહી, નિગમ કહો તો નામ;**
**સુગમ કહો તો નામસે, નામ દાહન ઓરુ વામ. ૪૩**

**શબ્દાર્થ**

**અગમ** = અગમ્ય, ઇન્દ્રિયાતીત, વિકટ, મુશ્કેલ **કહો તો** = કહીએ તો **નામહી** = નામ જ છે **નિગમ** = જેની ગમ પહોંચી નથી તેવો ધર્મગ્રંથ, વ્યાપાર, નિશ્ચય અર્થનો બોધ **કહો તો** = કહેવામાં આવે તો **નામ** = નામ **સુગમ** = સહેલું, સરળતાથી સમજાય તેવું, સરળ **કહો તો** = કહો તો પણ **નામસે** = નામથી જ **નામ** = નામ **દાહન** = જમણું **ઓરુ** = અને **વામ** = ડાબું.

**અનુવાદ**

**અગમ કહીએ તો નામ છે અને નિગમ કહી તો પણ નામ જ છે. સુગમ પણ નામ છે અને જમણું તથા ડાબું પણ નામથી કહેવાય (ઓળખાય) છે.**

**ભાવાર્થ**

અગમ શબ્દ કહીએ તે નામ છે અને નિગમ શબ્દ પણ નામ કહેવાય છે. સુગમ કહેતાં તે નામ જ છે. તથા ડાબું અને જમણું એ પણ નામથી જ ઓળખી કે કહી શકાય છે.

**આદ્ય કહો તો નામ હી, અંત કહો તો નામ;**
**મધ્ય કહો તો નામસે, નામ કાજ ઓરુ કામ. ૪૪**

**શબ્દાર્થ**

**આદ્ય** = જેના પહેલાં કંઈ જ ન હતું તેવું, આદિ, પુરાણું **કહો તો** = કહેવામાં આવે તો **નામ હી** = નામ જ **અંત** = છેડો, વિનાશ, સમાપ્તિ, અવધિ, આખર **કહો તો** = કહીએ તો **નામ** = નામ **મધ્ય** = વચ્ચે, અધમ, નીચ **કહો તો** = કહીએ તો **નામસે** = નામથી **નામ** = નામ **કાજ** = કાર્ય, ઉદ્દેશ હેતુ, પ્રયોજન **ઓરુ** = અને **કામ** = કાર્ય, ઇચ્છા, વાસના.

### અનુવાદ

**આદ્ય કહીએ તો નામ જ છે, અંત પણ નામથી કહેવાય છે નામથી મધ્ય પણ કહેવાય છે તથા કામ અને કાજ એ પણ નામ છે.**

### ભાવાર્થ

આદ્ય કહીએ તો તે પણ નામ છે, અંત પણ નામથી કહેવાય છે. નામ થકી જ મધ્ય કહેવાય તેમજ કામ અને કાજ જેવા બંને શબ્દો પણ નામ જ છે.

**હદ કહો તો નામ હી, બેહદ ભી તો નામ;**
**અનહદ કહો તો નામસે, નાદ આદ્ય લ્યૌ નામ. ૪૫**

#### શબ્દાર્થ

**હદ** = હદ, મર્યાદા, સીમા, અવધિ, **કહો તો** = કહીએ તો **નામ હી** = નામ છે **બેહદ** = હદ વગરનું, અસીમ, પુષ્કળ **ભી** = પણ **તો** = તો **નામ** = નામ **અનહદ** = અપાર ઘણું **કહો તો** = કહીએ તો **નામસે** = નામથી **નાદ** = અવાજ, ઘોષ, ધ્વનિ **આદ્ય** = આદિ, પુરાણુ **લ્યૌ** = સુધી **નામ** = નામ.

### અનુવાદ

**હદ કહીએ તો નામ છે. બેહદ પણ નામ છે. અનહદ પણ નામથી જ કહેવાય અને આદિ નાદ સુધી બધાં જ નામ છે.**

### ભાવાર્થ

હદ કહીએ તો તે નામ છે. બેહદ પણ નામ જ છે. નામથી જ અનહદ કહેવાય છે. આમ આદિમાં થયેલ ભયંકર નાદનો ધ્વનિ સુધી બધાં જ નામ (કહેવાય) છે.

**અરધ કહે તો નામહી, ઉરધ કહો ભી નામ;**
**સમરસ કહો તો નામસે, ઉતઈત જાહી તાંહી નામ. ૪૬**

#### શબ્દાર્થ

**અરધ** = અરધું, અધુરું, અપૂર્ણ, નીચું **કહે તો** = કહીએ તો **નામ હી** = નામ જ **ઉરધ** = ઊર્ધ્વ, ઊંચું, ગગન **કહો ભી** = કહીયે (તો) પણ **નામ** = નામ **સમરસ** = સરખા રસવાળું, સારી રીતે ભળી ગયેલું

**કહો તો** = કહેવામાં આવે તો **નામસે** = નામથી **ઉતઈત** = ત્યાં અને અહીંયાં, તે બાજુ અને આ બાજુ **જાંહી-તાંહી** = જ્યાં અને ત્યાં, જે તે ઠેકાણે, (સર્વત્ર) **નામ** = નામ.

## અનુવાદ

**અરધ કહીયે તો નામ છે અને ઉરધ કહીયે તે પણ નામ છે. નામથી જ સમરસ કહેવાય છે. આમ ઉત ઈત તથા જ્યાં ત્યાં નામ (રહેલું) છે.**

## ભાવાર્થ

અપૂર્ણ કે નીચું કહીયે તો તે નામ છે. ઊંચું શબ્દ કહીયે તો પણ નામ છે. એક સરખી રીતે ભળેલું અર્થાત્ સમરસ કહીયે તે નામ છે. ઈત-ઉત એટલે કે, મૃત્યુલોક તથા દેવલોક પણ નામથી કહેવાય છે. ટૂંકમાં જ્યાં ને ત્યાં (સર્વત્ર) નામની જ બોલબાલા છે. (નામનું જ સામ્રાજ્ય છે.)

**વ્યાપ કહો તો નામસે, માપે નામ લખાય;**
**અરસ કહો તો નામહી, પરસે નામ પસાય. ૪૭**

### શબ્દાર્થ

**વ્યાપ** = ફેલાવો, વિસ્તાર, પસારો, વ્યાપક **કહો તો** = કહેવાય **તો નામસે** = નામથી **માપે** = માપક **નામ** = નામ **લખાય** = લખાય **અરસ** = રસવગરનું, નીરસ (અંતરિક્ષ) **કહો તો** = કહેવામાં આવે તો **નામહી** = નામ છે **પરસે** = સ્પર્શ (અરસ-પરસ = અન્યોન્ય) **નામ** = નામ **પસાય** = ઓળખાય, સમજાય.

## અનુવાદ

**નામ થકી વ્યાપક કહી શકાય છે. માપક શબ્દ નામથી જ લખાય (જણાય) છે. અરસ પણ નામ કહેવાય છે અને પરસ પણ નામથી જ સમજાય છે.**

## ભાવાર્થ

વ્યાપક કહેવું હોય તો નામથી જ કહી શકાય છે. માપક સમજાવવા (જણાવવા) માટે પણ નામનો પ્રયોગ (ઉપયોગ) કરવો પડે છે. અરસ કહેવા માટે પણ નામ તેમજ સ્પર્શની સમજ માટે પણ નામની આવશ્યકતા છે.

**યમ નેંમ કહો તો નામહી, સમ દમ નામ સરોદ;**
**લક્ષ કહો તો નામસુ, પક્ષે નામ પ્રમોદ. ૪૮**

### શબ્દાર્થ

**યમ** = નિગ્રહ, સંયમ, કાબુમાં રાખવું **નેંમ** = નિયમ, ટેક, વ્રત, પ્રતિજ્ઞા **કહો તો** = કહેવાય તો **નામહી** = નામ જ છે **સમ** = સરખું, સમાન, **દમ** = શ્વાસ લેવાની ક્રિયા, ઈન્દ્રિયોના દમનની ક્રિયા **નામ** = નામ **સરોદ** = સ્વરનું જ્ઞાન (ઇંગલા, પિંગલા અને સુષમણા નાડીમાં ચાલતા શ્વાસ ઉપરથી ભવિષ્ય કહેવું તે) **લક્ષ** = ઉદ્દેશ, ધ્યાન, એકાગ્રતા **કહો તો** = કહીએ તો **નામસુ** = નામ થકી, નામથી જ **પક્ષે** = અનુકૂળ મત, ઉપન્યાસ, તડ, ભાગ **નામ** = નામ **પ્રમોદ** = આનંદ, હર્ષ, પ્રસન્નતા, ખુશી.

### અનુવાદ

**યમ નિયમ નામ દ્વારા જ કહેવાય છે. સમ, દમ અને સ્વરોદ પણ નામ છે. નામ દ્વારા જ લક્ષ કહી શકાય છે અને પક્ષ તેમજ પ્રમોદ પણ નામ જ છે.**

### ભાવાર્થ

યમ અને નિયમ પણ નામ જ કહેવાય છે અને સમ અને દમ તથા પ્રાણાયમને લગતું સ્વરોદ જ્ઞાન પણ નામ છે. લક્ષ દર્શાવવા માટે પણ નામ વપરાય છે તેમજ પક્ષ અને પ્રસન્નતા એ પણ નામ થકી જ જણાવાય છે.

**અજર કહો સોહી નામ હે, અમરે નામ નવેશ;**
**જડ ચૈતન તેહી નામહી, નામહી પરમ પુરેશ. ૪૯**

### શબ્દાર્થ

**અજર** = અવિનાશી, ઘરડું ન થાય તેવું **કહો** = કહીએ **સોહી** = તે પણ **નામ હે** = નામ છે **અમરે** = મટે નહીં તેવું, નિત્ય, નાશ ન થાય તેવું **નામ** = નામ **નવેશ** = દેહથી રહિત વેશથી વર્જિત **જડ** = નિર્જીવ, સ્થૂળ, જીવ વિનાનું, અચેતન **ચૈતન** = જીવંત, સજીવ **તેહી** = તે પણ **નામહી** = નામ જ **નામહી** = નામ જ **પરમ** = શ્રેષ્ઠ, ઉત્તમ **પુરેશ** = પુરુષ, પરમેશ્વર.

### અનુવાદ

**અજર પણ નામ જ કહેવાય છે. અમર અને વેશથી વર્જિત (નવેશ) નામ છે. જડ અને ચૈતન તે પણ નામ જ છે. પરમ પુરુષ પણ નામ જ છે.**

### ભાવાર્થ

ઘરડું થતું નથી તે માટે વપરાતો શબ્દ અજર પણ નામ જ છે. જે મરતું નથી તેને માટે વપરાતો શબ્દ અમર પણ નામ છે. દેહથી વર્જિત (તીત) કહેવા માટે નામ જરૂરી છે. જડ અને ચૈતન શબ્દ નામ છે તેમજ પરમ પુરુષ જેવા શબ્દો પણ નામ જ છે.

**મોક્ષ કહો તો નામસે, બંધ કહે ભી નામ;**
**સાક્ષી કહો સો નામ હી, સમલીત શરીરસ નામ. ૫૦**

### શબ્દાર્થ

**મોક્ષ** = મુક્તિ, છુટકારો **કહો તો** = કહીયે તો **નામસે** = નામથી **બંધ** = બંધન **કહે** = કહીયે **ભી** = પણ **નામ** = નામ **સાક્ષી** = જુબાની, નજરે જોયેલું પૂરવાર કરનાર **કહો સો** = કહીયે તે **નામહી** = નામ જ **સમલીત** = સરખી રીતે, મિશ્રિત થયેલી એકરસ **શરીરસ** = શરીરમાંના રસો, પ્રવાહી દ્રવ્યો **નામ** = નામ.

### અનુવાદ

**મોક્ષ પણ નામથી જ કહેવાય અને બંધન પણ નામ જ કહેવાય છે. નામ થકી જ સાક્ષી કહી શકાય તથા શરીરમાં સમાવિષ્ઠ રસ પણ નામ જ છે.**

### ભાવાર્થ

જન્મ-મરણથી થતો છુટકારા માટે વપરાતો શબ્દ મોક્ષ પણ નામ છે. જન્મ-મરણનું બંધન શબ્દ પણ નામ છે. શરીરમાં રહેલા પ્રવાહી દ્રવ્યો કે જે એકરસ છે તે માટે વપરાતા મિશ્રિત રસ (પ્રવાહી) ઓળખવા પણ નામનો જ પ્રયોગ થાય છે અને કોર્ટમાં જુબાની આપનાર સાક્ષી પણ નામ થકી જ ઓળખી શકાય છે.

**ગતિ કહો તો નામસે, અવગત નામ કહાય;**
**ઉંચ કહો તો નામથી, નીચે નામ સહાય. ૫૧**

### શબ્દાર્થ

**ગતિ** = પ્રયાણ, મરણ પછીની હાલત, પ્રવેશ **કહો તો** = કહીયે તો **નામસે** = નામથી **અવગત** = મરણ પછીની અધમ દશા **નામ** = નામ **કહાય** = કહેવાય **ઊંચ** = ઊંચું, ઉન્નત, ઉમદા, ચડિયાતું **કહો તો** = કહીયે તો **નામથી** = નામ વડે **નીચે** = અધમ, હલકું, દુષ્ટ **નામ** = નામ **સહાય** = સોહાવે, મદદથી, સહાયતા.

### અનુવાદ

**નામ થકી જ ગતિ કહેવાય અને અવગત પણ નામથી કહેવાય છે. ઊંચ પણ નામથી કહી શકાય તથા નીચ શબ્દ નામની સહાયથી કહેવાય છે.**

### ભાવાર્થ

મૃત્યુ બાદ થતી હાલત દર્શાવતો શબ્દ કે પ્રયાણ કરવાના માટે વપરાતો શબ્દ ગતિ પણ નામ છે અને અવગત તે પણ નામ જ કહેવાય. ઊંચ પણ નામ કહેવાય છે તથા નીચ કહેવા માટે પણ નામનો જ આધાર લેવો પડે છે.

**અવરણ કહો તો નામહી, વરણે નામ વિશેષ;**
**કરમ કહો તો નામસે, ધરમે નામ ધિશેષ. ૫૨**

#### શબ્દાર્થ

**અવરણ** = વર્ણ બહારનું, વર્ણન ન થઈ શકે તેવું **કહો તો** = કહેવામાં આવે તો **નામહી** = નામ છે **વરણે** = વર્ણ, કોઈ ન્યાતનો વિશાળ સમૂહ, અક્ષર **નામ** = નામ **વિશેષ** = અસાધારણ, વધારે **કરમ** = કર્મ, કર્તવ્ય, ક્રિયા **કહો તો** = કહીયે તો **નામસે** = નામથી **ધરમે** = ધર્મ, ફરજ, કર્તવ્ય, પંથ, માન્યતા **નામ** = નામ **ધિશેષ** = મહાન, અધિપતિ, સૌથી ચડિયાતો, શ્રેષ્ઠ, ઉત્તમ.

### અનુવાદ

**અવર્ણ કહીયે તો નામ છે અને વર્ણ પણ વિશેષ (ખાસ) નામ છે. કર્મ પણ નામ જ કહેવાય છે અને ધર્મ પણ (એક) ચડિયાતું નામ છે.**

### ભાવાર્થ

જેનુ વર્ણન ન થઈ શકે તેમ કહેવા માટે વપરાતો અવર્ણ શબ્દ નામ છે. કોઈ વિશેષ જ્ઞાતિ માટે વપરાતો શબ્દ વર્ણ પણ નામ જ છે. કર્મ પણ નામ જ છે અને ઉત્તમ કે શ્રેષ્ઠ ધર્મ કહેવો હોય તો પણ નામથી જ કહેવાય છે.

**લઘુ કહો તો નામહી, દીર્ઘે નામ નચેદ;**
**ભાગ ત્યાગ દોઈ નામસે, નામહી ભેદ અભેદ. ૫૩**

### શબ્દાર્થ

**લઘુ** = નાનું **કહો તો** = કહીયે તો **નામહી** = નામ છે **દીર્ઘે** = મોટું **નામ** = નામ **નચેદ** = નક્કી, નિવેડો, ફેંસલો, ચોક્કસ **ભાગ ત્યાગ** = હિસ્સા ત્યજી દેવો **દોઈ** = બંને **નામસે** = નામથી **નામહી** = નામથી **ભેદ** = તફાવત, મર્મ, અભિપ્રાય, પ્રકાર **અભેદ** = અભિન્ન, ભેદ રહિત, એકરૂપ.

### અનુવાદ

**લઘુ નામથી જ કહેવાય અને દિર્ધ પણ ચોક્કસ નામ છે. ભાગ અને ત્યાગ બંને નામ છે તેમજ ભેદ અને અભેદ પણ નામ જ છે.**

### ભાવાર્થ

વસ્તુનું કદ કે લંબાઈ-પહોળાઈ દર્શાવતો શબ્દ લઘુ નામ જ કહેવાય છે અને દિર્ધ પણ ચોક્કસ નામ છે. ભાગ અને ત્યાગ બંને નામ હોઈ નામથી જ જુદાપણુ (ભેદ) અને એકરૂપતા પણ માલૂમ પડે છે.

**ત્યાગ કહો તો નામહી, ગ્રાહાજ નામ ગનીત;**
**જોગ કહો તો નામસે, ભોગે નામ ભનીત. ૫૪**

### શબ્દાર્થ

**ત્યાગ** = સંન્યસ્થ દશા, સંન્યાસ **કહો તો** = કહીયે તો **નામહી** = નામ છે **ગ્રાહાજ** = ગૃહસ્થાશ્રમી, ગૃહસ્થી, સજ્જન, દક્ષિણા ન લેનાર બ્રાહ્મણ **નામ** = નામ **ગનીત** = ગણાય, કહેવાય **જોગ** = યોગ **કહો તો** = કહીયે તો **નામસે** = નામથી **ભોગે** = ભોગ, વિલાસ **નામ** = નામ **ભનીત** = ભણાય, કહેવાય, સમજણ, બોલાય.

### અનુવાદ

**સંન્યાસ પણ નામથી જ કહેવાય અને ગૃહસ્થ પણ નામ ગણાય. નામથી યોગ કહેવાય તથા ભોગ પણ નામ ગણાય છે.**

### ભાવાર્થ

સંન્યાસ્ત દશા ભોગવતા વ્યક્તિની દશા દર્શાવતો શબ્દ ત્યાગ પણ નામ છે અને

ગૃહસ્થાશ્રમી દર્શાવતા શબ્દ પણ નામ જ ગણાય છે. એ પ્રમાણે ગૃહસ્થ શબ્દ પણ નામ જ ગણાય છે. તેમજ યોગ અને વ્યભિચાર દર્શાવતો શબ્દ ભોગ પણ નામથી સમજાય છે.

**સુખ દુઃખ કહો તો નામહી, સાધારણ ભી નામ;**
**ધરમ અરથ સોહી નામસે, નામ મોક્ષ ઓરુ કામ. ૫૫**

**શબ્દાર્થ**

**સુખ** = નિરાંતની લાગણી **દુઃખ** = પીડા, કષ્ટ, બેચેની, આપદા **કહો તો** = કહીયે તો **નામહી** = નામ જ **સાધારણ** = મધ્યમ, સામાન્ય **ભી** = પણ **નામ** = નામ **ધરમ** = ધર્મ, પંથ, મત, ફરજ **અરથ** = અર્થ, સંપત્તિ, પદાર્થ, ઉદ્દેશ **સોહી** = તે પણ **નામસે** = નામથી જ **નામ** = નામ **મોક્ષ** = મુક્તિ, છુટકારો **ઓરુ** = અને **કામ** = વાસના, ઈચ્છા.

**અનુવાદ**

**સુખ અને દુઃખ કહીયે તો તે નામ છે તથા સાધારણ પણ નામ છે. ધર્મ અને અર્થ તે પણ નામ હોઈ કામ અને મોક્ષ પણ નામ છે.**

**ભાવાર્થ**

નિરાંતની લાગણી દર્શાવતો શબ્દ સુખ અને કષ્ટ દર્શાવવા માટેનો શબ્દ દુઃખ બંને નામ જ કહેવાય છે. કોઈ પદાર્થ યા વ્યક્તિને સામાન્ય તરીકે ઉદ્‌બોધન કરનાર શબ્દ સાધારણ પણ નામથી જ દર્શાવાય છે. એ પ્રમાણે ચાર પ્રકારના પુરુષાર્થ માટે કરવામાં આવતા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પણ નામ (કહેવાય) છે.

**સૂક્ષ્મ કહો તો નામહી, સ્થૂલ કહો ભી નામ;**
**ઓરુ કારણ મહાકારણ, પરમકારણ લ્યૌ નામ. ૫૬**

**શબ્દાર્થ**

**સૂક્ષ્મ** = સૂક્ષ્મ દેહ **કહો તો** = કહેવામાં આવે તો **નામ હી** = નામ છે **સ્થૂલ** = સ્થૂળ દેહ **કહો** = કહેવામાં આવે તો **ભી** = પણ **નામ** = નામ **ઓરુ** = અને **કારણ** = કારણ દેહ **મહાકારણ** = મહાકારણ દેહ **પરમકારણ** = પરમકારણ દેહ **લ્યૌ** = સુધી પણ **નામ** = નામ.

## અનુવાદ

**સૂક્ષ્મ કહેવામાં આવે તો નામ હોઈ સ્થૂળ કહીયે તો પણ નામ છે. કારણ મહાકારણ અને પરમકારણ સુધી નામ છે.**

## ભાવાર્થ

નામ થકી જ સ્થૂળ અને સૂક્ષ્મ એમ કહેવાય છે. એ જ પ્રમાણે કારણ, મહાકારણ અને પરમકારણ દેહની આદ્ય લઈ પાંચ પ્રકારના દેહને ઓળખવા માટે પણ નામનો ઉપયોગ થાય છે.

**જાગ્રત કહો તો નામસે, સુપને નામ પસાય;**
**સષોપતિ તુરિયા સને, ઉનમૂનિ નામ પસાય. ૫૭**

### શબ્દાર્થ

**જાગ્રત** = જાગ્રત અવસ્થા **કહો તો** = કહેવામાં આવે તો **નામસે** = નામ છે **સુપને** =સ્વપ્ન અવસ્થા **નામ** = નામ **પસાય** = ઓળખાણ, નવાજગી, ઉપમા **સષોપતિ** = સષોપતિ અવસ્થા **તુરિયા** = તુરિયા અવસ્થા **સને** = સહિત, અને **ઉનમૂનિ** = ઉન્મૂનિ અવસ્થા **નામ** = નામ **પસાય** = ઓળખાણ, નવાજગી.

## અનુવાદ

**જાગ્રત કહીએ તો નામ છે અને સ્વપ્ન પણ નામથી જ ઓળખાય (પરખાય) છે. સષોપતિ તુરિયા અને ઉનમૂનિ પણ નામથી જ ઓળખાય છે.**

## ભાવાર્થ

શરીર પ્રત્યે વર્તાતી અવસ્થાઓ માટે વપરાતો જાગ્રત શબ્દ નામ છે. સ્વપ્ન અવસ્થા પણ નામથી જ ઓળખાય છે. વળી સષોપતિ અને તુરિયા તથા ઉનમૂનિ અવસ્થાઓ ઓળખવા માટે જે શબ્દો વપરાય છે તે પણ નામ જ છે.

**શબ્દ કહો તો નામહી, સપ્રસ કહે તો નામ;**
**રૂપ કહો તો નામસે, રસે ગંધે તેહી નામ. ૫૮**

### શબ્દાર્થ

**શબ્દ** = શબ્દ માત્રા **કહો તો** = કહેવામાં આવે તો **નામહી** = નામ છે **સપ્રસ** = સ્પર્શ માત્રા **કહે તો** =કહેવામાં આવે તો **નામ** = નામ **રૂપ** = રૂપ માત્રા **કહો તો** = કહેવામાં આવે તો **નામસે** = નામથી **રસે** = રસમાત્રા **ગંધે** = ગંધમાત્રા **તેહી** = તે પણ **નામ** = નામ.

## અનુવાદ

**શબ્દ કહેવામાં આવે તો નામ છે, સ્પર્શ કહીયે તો નામ છે. રૂપ કહીયે તો નામ છે અને રસ તથા ગંધ પણ નામ છે.**

## ભાવાર્થ

પંચ મહાભૂત સાથે પાંચ માત્રાઓ પણ સંબંધ ધરાવે છે. જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ માત્રા કહેવાય છે. આ દરેક માત્રાને ઓળખવા માટે જે શબ્દો ઉચ્ચારવામાં આવે છે તે શબ્દ પણ નામ છે.

## સરગ નરક ચૌ મુક્તહી, નામે ટેર જનાય;
## પાપ પુન્ય શિર નામહી, કેતીક કહું ગનાય. ૫૯

### શબ્દાર્થ

**સરગ** = સ્વર્ગ **નરક** = નર્ક **ચૌ** = ચાર **મુક્તહી** = મુક્તિપણ **નામે** = નામથી **ટેર** = ટહંકાર, વાણી, પોકાર **જનાય** = જણાય **પાપ** = ધર્મ વિરુદ્ધ કૃત્ય, અધર્મ કરવાથી મળતું ફળ **પુન્ય** = સત્કર્મ, સારાં કર્મોનું ફળ **શિર** = મસ્તક, ના માથે **નામહી** = નામ છે **કેતીક** = કેટલું, **કહું** = જણાવું, દર્શાવું **ગનાય** = ગણતરી કરીને ગણાવીને, ગણાવું.

## અનુવાદ

**સ્વર્ગ, નર્ક અને ચાર (પ્રકારની) મુક્તિ નામના ઉચ્ચારણથી જણાય છે. પાપ અને પુણ્યના માથે પણ નામ જ છે તો પછી નામની કેટલીક ગણતરી કરીને કહુ ?**

## ભાવાર્થ

સત્કર્મ દ્વારા પ્રાપ્ત થતા ધામને સ્વર્ગ તરીકે ઓળખવામાં આવે છે. દુષ્કર્મ દ્વારા પ્રાપ્ત થતું સ્થાન કે જેને નરક તરીકે ઓળખવામાં આવે છે, તે નરક

શબ્દ પણ નામ છે. સાયુજ, સાલોક, સામીપ્ય અને સાંનિધ્ય એ ચારે પ્રકારની મુક્તિ પણ નામથી જ ઓળખાય છે. આ ઉપરાંત ધર્મ વિરુદ્ધ થતાં કર્મોને પાપ કહેવામાં આવે છે અને સારાં કર્મોને પુણ્ય તરીકે ઓળખવામાં આવે છે આ પાપ અને પુણ્ય એ બંને શબ્દો પણ નામ છે. આ પ્રમાણે દિવ્ય પરમગુરુ કહે છે કે વિશ્વમાં જ્યાં જુઓ ત્યાં નામનો ભારે પ્રભાવ હોઈ તેની ગણતરી કરીને કહી શકાય તેમ નથી.

**રેણ્ય કહે તો નામહી, દિનકર કહે સો નામ;**
**તિથિ વાર નક્ષેતર, માસ વરસ પર નામ. ૬૦**

**શબ્દાર્થ**

**રેણ્ય** = રાત્રિ, નિશા **કહે તો** = કહીયે તો, કહેવામાં આવે તો **નામહી** = નામ છે **દિનકર** = દિવસ **કહે** = કહેવામાં આવે **સો** = તો પણ, તો **નામ** = નામ **તિથિ** = ચંદ્રની ગતિએ અનુસરતો દિવસ જે હિંદુ માસ પ્રમાણે શુકલપક્ષના પંદર અને કૃષ્ણપક્ષના પંદર દિવસનો સૂચક શબ્દ **વાર** = સાત ગ્રહોના નામ ઉપરથી પડેલાં નામોવાળો સપ્તાહનો તે તે દિવસ **નક્ષેતર** = નક્ષત્ર, આકાશમાં દેખાતા તે તે સ્થિર તારાઓનો સમૂહ બનાવીને તેનો જે આકાર થાય તે પ્રમાણે ૨૭ કે ૨૮ વિભાગ **માસ** = વર્ષના બારમા ભાગનો એકમ, મહિનો **વરસ** = બાર મહિના જેટલો સમયનો ગાળો **પર** = ઉપર, ના પર **નામ** = નામ.

**અનુવાદ**

**રાત્રિ કહીયે તો નામ છે અને દિવસ કહેતાં તે પણ નામ છે. તિથી, વાર, નક્ષત્ર, માસ ને વર્ષ પણ નામ જ છે.**

**ભાવાર્થ**

રાત્રિ પણ નામથી જ કહેવાય છે. દિવસ કહીયે તો તે પણ નામ થકી જ કહેવાય છે. આ ઉપરાંત શુકલ પક્ષની તિથી અને કૃષ્ણ પક્ષની તિથીને પણ નામથી ઓળખવામાં આવે છે. સાત વાર પણ જુદા-જુદા નામથી જ ઓળખાય છે. સત્તાવીસ નક્ષત્રો અને બાર માસ તથા વર્ષ પણ નામથી જ ઓળખાય છે.

**સપ્ત દ્વીપ નવ ખંડહી, ઓરુ ઉદધિ શિર નામ;**
**સત જુગ ત્રહેતા દ્વાપર, કલીયુગ લ્યૌ ચ્યૌ નામ. ૬૧**

### શબ્દાર્થ

**સપ્ત દ્વીપ** = સાત દ્વિપ **નવ ખંડહી** = નવ ખંડ પણ **ઓરુ** = અને **ઉદધિ** = સમુદ્ર, દરિયો **શિર** = મસ્તક, ના માથે **નામ** = નામ **સત જુગ** = સતયુગ **ત્રહેતા** = ત્રેતા યુગ **દ્વાપર** = દ્વાપરયુગ **કલીયુગ** = કળિયુગ **લ્યૌ** = સુધીના **ચ્યૌ** = ચારે **નામ** = નામ.

### અનુવાદ

**સાત દ્વિપ, નવ ખંડ અને (નિશ્ચત કરેલા) સમુદ્રના માથે નામ લાગેલા છે, વળી સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગ એમ ચારેય યુગો સુધી નામ (પ્રસરેલા) છે.**

### ભાવાર્થ

જેની ચાર બાજુ પ્રવાહી (પાણી)થી ઘેરાયેલી હોય તેવો જમીનનો ભાગ કે જેને દ્વિપ તરીકે ઓળખવામાં આવે છે. તે સાત દ્વિપ અને નવ ખંડો દર્શાવતો શબ્દ નામ છે. વળી નિશ્ચિત કરેલા સાત સમુદ્રોના શિરે પણ નામનું આરોપણ કરવામાં આવેલું છે. એટલું જ નહીં, પરંતુ સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગ - આ ચાર યુગો સુધી પણ નામ પ્રસરેલા છે.

## અનંત કોટિ વિષ્ણુ ભયે, સમ રરંકાર મકાર;
## જશ જાહેર જીનું નામસે, જાનત સબ સંસાર. ૬૨

### શબ્દાર્થ

**અનંત** = અંત વગરના **કોટિ** = પ્રકાર, કરોડ **વિષ્ણુ** = વૈષ્ણવો **ભયે** = થયા **સમ** = સમરણ, સ્મરણ કરે **રરંકાર** = રમણ કરતા રકાર **મકાર** = મકાર બિંદુ, મિંડુ **જશ જાહેર** = જાહેરમાં તેમની કીર્તિ **જીનું** = જેમનું **નામસે** = નામથી, નામ **જાનત** = જાણે છે **સબ** = બધા, સર્વ **સંસાર** = સંસારમાં, જગતમાં.

### અનુવાદ

**અનંત પ્રકારના વૈષ્ણવો થયા છે, જેઓ રરંકાર અને મકારનું સ્મરણ કરે છે, તેનો યશ નામથી જ આખા જગતમાં પ્રસિદ્ધ (જાહેર) છે.**

### ભાવાર્થ

જગતમાં અનેક પ્રકારના વૈષ્ણવો થયા છે. તેઓ ૐકારના રરંકાર (રકાર)

અને મકારનું સ્મરણ કરે છે. જગતમાં જેમની કીર્તિ (યશ) જાહેર છે તે (રકાર અને મકાર) પણ નામ છે આખા જગતના જીવો તે જાણે છે.

**સુનકાદિક સુખદેવ દત્ત, ધ્રુવ અમરીષ પ્રહેલાદ;**
**વ્યાસ કપિલ મુનિ નારદ, નામે ગનીત અહલાદ. ૬૩**

### શબ્દાર્થ

**સુનકાદિક** = બ્રહ્માજીના પ્રથમ ચાર માનસ પુત્રોઃ સનક, સનાતન, સનંદન અને સનત્કુમાર **સુખદેવ** = શુકદેવ - વ્યાસનો પુત્ર જે બાળ બ્રહ્મચારી, વિદ્વાન અને ગર્ભજ્ઞાની તથા ભાગવતના કથાકાર હતા **દત્ત** = દત્તાત્રેય **ધ્રુવ** = ધ્રુવ **અમરીષ** = અંબરીષ **પ્રહેલાદ** = ભક્ત પ્રહલ્લાદ **વ્યાસ** = વ્યાસમુનિ **કપિલમુનિ** = સાંખ્યશાસ્ત્રના રચયિતા **નારદ** = નારદમુનિ - સદાય કીર્તન અને ધ્યાન-ભક્તિ યોગમાં રહેનાર, વિષ્ણુભક્ત દેવર્ષિ કે જે ધારે ત્યારે ત્રિલોકમાં આવ-જા કરી શકતા **નામે** = નામથી **ગનીત** = ગણાતા **અહલાદ** = મોટા, મહાન, આનંદમય, સુખી.

### અનુવાદ

**સુનકાદિક, શુકદેવ, દત્તાત્રેય, ધ્રુવ, અંબરીષ રાજા, પ્રહલ્લાદ, વ્યાસમુનિ, કપિલમુનિ, નારદમુનિ વગેરે નામ વડે મોટા ગણાય છે.**

### ભાવાર્થ

બ્રહ્મના ચાર પ્રથમ પુત્રો - સુનકાદિકો, શુકદેવજી કે જે બાળ બ્રહ્મચારી-યોગી હતા દત્તાત્રેય, ધ્રુવજી, અંબરીષરાજા, ભક્ત પ્રહલ્લાદ, અઢાર પુરાણના રચયિતા વ્યાસમુનિ, કપિલમુનિ, દેવર્ષિ નારદમુનિ વિગેરે અગાઉ થઈ ગયેલા પુરુષો નામ થકી જ મહાન ગણાય છે.

**રસવદેવ મુનિ અજગર, પરમહંસ તીનું આદ્ય;**
**નામ થકી જાનત જીનું, ઉત્પત્ય આદ્ય અનાદ્ય. ૬૪**

### શબ્દાર્થ

**રસવદેવ** = ઋષભદેવ અસિ અને કૃષિકર્મ શીખવવા અને સાતમી ભૂમિકાનું જ્ઞાન આપવા માટે વિષ્ણુએ લીધેલ એક અવતાર **મુનિ અજગર** = અજગરમુનિ **પરમહંસ** = સંન્યાસીના ચાર પ્રકારઃ

કુટીચક્ર, બહૂદક, હંસ અને પરમહંસ પૈકી સૌથી શ્રેષ્ઠ પ્રકાર **તીનુ** = તેઓની **આદ્ય** = સહિત, આદિ **નામથકી** = નામથી જ **જાનત** = જાણે છે **જીનું** = જેમને **ઉત્પત્ય** = ઉત્પત્તિથી લઈને **આદ્ય** = આદિ **અનાદ્ય** = અનાદિ.

## અનુવાદ

**ઋષભદેવ, અજગરમુનિ અને પરમહંસની આદ્ય લઈને આદિ અનાદિથી થયેલ સર્વ ઉત્પત્તિ નામ વડે જ ઓળખાય છે.**

## ભાવાર્થ

ઋષભદેવ, અજગરમુનિ અને પરમહંસની સ્થિતિએ પહોંચેલા મહાન સંન્યાસીઓ (મહાપુરુષો) સહિત વિશ્વમાં આદિ-અનાદિથી થયેલ તમામ ઉત્પત્તિ નામ વડે જ ઓળખી શકાય છે.

**ગીરી સરસ્વતી અરણ્ય વન, ભારથી પુરી શીવ સીધ;**
**તીનુ આદ્ય દશ નામકી, નામ થકી પરસીધ. ૬૫**

### શબ્દાર્થ

**ગીરી** = ગીરી **સરસ્વતી** = સરસ્વતી **અરણ્ય** = અરણ્ય **વન** = વન **ભારથી** = ભારતી **પુરી** = પુરી **શીવ** = શિવ **સીધ** = સિદ્ધ **તીનું** = તેઓની **આદ્ય** = આદ્ય લઈને, સહિત **દશ** = દશ પ્રકારના **નામકી** = નામની **નામ થકી** = નામની, નામથી **પરસીધ** = પ્રસિદ્ધ, વિખ્યાત.

## અનુવાદ

**ગીરી, સરસ્વતી, અરણ્ય, વન, ભારતી, પુરી, શિવ અને સિદ્ધની આદ્ય લઈને દશ નામો નામ થકી જ પ્રસિદ્ધ થયા છે.**

## ભાવાર્થ

શ્રી શંકરાચાર્યજીના સ્માર્ત સંપ્રદાયના દશનામી સંન્યાસીઓમાં નામની પાછળ વપરાતા શબ્દો થકી તેમની શાખા ઓળખાય છે. જેમાં ગીરી, સરસ્વતી, અરણ્ય, વન, ભારતી, પુરી, તીર્થ, આશ્રમ, પર્વત અને સાગર નામોનો સમાવેશ થાય છે. આવા નામ થકી જ સંન્યાસીઓની વ્યવસ્થા પ્રસિદ્ધ પામેલી છે. તે દશનામીની આદ્ય

લઈને શિવ અને સિદ્ધો પણ સંન્યાસ્ત વ્યવસ્થામાં નામ થકી જ પ્રસિદ્ધ પામ્યા છે.

**અષ્ટાદશ ખટ ચૌવેદ લ્યૌ, એક વાણી વિસ્તાર;**
**નામ થકી ભિન્ન ભિન્ન સબે, દરસત વિવિધિ ઉચ્ચાર. ૬૬**

### શબ્દર્થ

**અષ્ટાદશ** = અઢાર પુરાણો **ખટ** = છ શાસ્ત્રો **ચૌવેદ** = બ્રહ્માજી દ્વારા રચેલા ચાર વેદો **લ્યૌ** = સહિત, સુધી **એક વાણી** = એક જ પ્રકારના સિદ્ધાંત, એક જ વિચારસરણી **વિસ્તાર** = વિસ્તાર પામેલી છે, ફેલાયેલી છે. વિસ્તૃત વર્ણન છે **નામ થકી** = નામથી જ **ભિન્ન ભિન્ન** = જુદા-જુદા **સબે** = બધા, સર્વ **દરસત** = દૃશ્યમાન થાય છે, દેખાય છે **વિવિધિ** = જુદા-જુદા, ભિન્ન **ઉચ્ચાર** = ધ્વનિ, અવાજ, આરોપણ, બોલ.

### અનુવાદ

**અઢાર પુરાણો છ શાસ્ત્રો અને ચાર વેદોમાં એક જ વાણીનો વિસ્તાર છે. (પરંતુ) તે વિવિધ ઉચ્ચારવાળા નામ થકી જ જુદા-જુદા દૃશ્યમાન થાય છે.**

### ભાવાર્થ

વ્યાસજી દ્વારા રચાયેલ અઢાર પુરાણો, અલગ-અલગ વિદ્વાનો દ્વારા જુદા-જુદા વેદોના અભ્યાસ થકી બનાવવામાં આવેલ શાસ્ત્રો અને બ્રહ્માજી દ્વારા ચાર મુખથી ઉચ્ચારાયેલ વાણી વડે રચાયેલા ચાર વેદનો અભ્યાસ કરતાં જણાય છે કે દરેકનો મૂળ આશય (હાર્દ) છેવટે તો બ્રહ્મને સર્વોપરી માનેલું છે. એટલે કે, બધાનો વાણી વિસ્તાર એક જ લક્ષ દર્શાવતો છે. માત્ર જુદા-જુદા નામ ધારણ કરેલ વિચારધારાનું વિવિધ ઉચ્ચારણ દૃશ્યમાન થાય છે.

**ખટ દર્શન ચૌ સંપ્રદા, દ્વારશ પંથ વૈરાગ;**
**ઓરુ બાવન દ્વાર જીનું, સબ શિર નામકી લાગ. ૬૭**

### શબ્દાર્થ

**ખટ દર્શન** = છ દર્શન શાસ્ત્રોમાંની વિચારધારાઓ **ચૌ સંપ્રદા** = ચાર સંપ્રદાય - નામાનુજ, નિમાનુજ, માધવાચાર્ય અને વિષ્ણુશ્યામ દ્વારા સ્થાપિત મતપંથો **દ્વાદશ પંથ** = બાર પંથો ગુરુની પરંપરાથી ચાલી આવતી ઉપદેશ પરંપરા અને વારસો **વૈરાગ** = વિરક્તિ, વાસનાનો ક્ષય **ઓરુ** = અને

**બાવન દ્વારા** = બાવન દરવાજા, અંગ, સાધન **જીનુ** = જેના **સબ** = બધાના, દરેકના **શિર** = મસ્તક પર **નામકી** = નામની **વાગ** = વગ, સંબંધ વળગાડ.

## અનુવાદ

**છ દર્શન, ચાર સંપ્રદાય, વૈરાગવાળા બાર પંથ અને બાવન દ્વાર સહિત બધાના શિર પર નામ લાગેલું છે અર્થાત્ નામની સંજ્ઞા લાગેલી છે.**

## ભાવાર્થ

શાસ્ત્રકારો દ્વારા રચાયેલ છ દર્શનઃ સાંખ્ય, યોગ, વૈશેષિક, ન્યાય, પૂર્વમિમાંસા અને ઉત્તર મિમાંસા તથા ચાર શંકરાચાર્યો દ્વારા રચાયેલ ચાર સંપ્રદાય વર્તમાન (થયેલા) છે. વૈરાગી વિચારધારાઓ ધરાવતા અલગ-અલગ બાર પંથોનું પણ સ્થાપન થયેલું છે. એ સિવાય સર્વ રચનાનું મૂળ સોળ સ્વર અને છત્રીસ વ્યંજન મળી કુલ બાવન અક્ષર રૂપ બાવન દ્વાર ગણાવવામાં આવ્યા છે. એ દરેકના શિરે નામની સંજ્ઞા લાગેલી છે. મતલબ કે ધાર્મિક વિચારધારા અને તેના મૂળ ઉદ્‌ભવ વાણીના મૂળ રૂપે રહેલા બાવન અક્ષર સાથે પણ નામનો સંબંધ છે.

**મચ્છ કચ્છ વેરાહ, વામન, રામકૃષ્ણ લ્યૌ ઈસ;**
**નામ થકી જુગ રટત હૈ, નિજપતિ અંશ ચોવીસ. ૬૮**

### શબ્દાર્થ

**મચ્છ** = મચ્છાવતાર **કચ્છ** = કચ્છાવતાર **વેરાહ** = વરાહ અવતાર **વામન** = વામન અવતાર **રામકૃષ્ણ** = રામ અને કૃષ્ણ અવતાર **લ્યૌ** = સુધી **ઈસ** = ઈશ્વર, ઐશ્વર્યવાળા **નામ થકી** = નામથી, નામ વડે, નામ દ્વારા **જુગ** = જગત **રટત હૈ** = રટણ કરે છે **નિજપતિ** = સર્જનહારના **અંશ** = સર્જનહારના સજાણજાણ ચૈતનનો સજાતીય ભાગ **ચોવીસ** = ચોવીસ.

## અનુવાદ

**મચ્છ, કચ્છ, વરાહ, વામન, રામ અને કૃષ્ણની આદ્ય લઈને નિજપતિના અંશ રૂપ ચોવીસ અવતારોનું રટણ નામથી જ થાય છે.**

### ભાવાર્થ

જગતમાં મચ્છાવતાર, કચ્છાવતાર, વરાહ અવતાર, વામન અવતાર, રામાવતાર અને કૃષ્ણ અવતારની આદ્ય લઈને વિષ્ણુના ચોવીસ અવતારો થયા છે. તેઓ સકર્તા સર્જનહારની સજાતિના સજાણ-જાણ રૂપ વિશેષ અંશો છે. જગતના લોકો જેમનું રટણ કરે છે તે પણ તેમના નામનું જ રટણ કરે છે

## જ્ઞાન ભક્તિ વૈરાગ હી, સાધન જોગ અષ્ટાંગ;
## સીધ ચોરાસી આસન, સબ શિર નામકે સ્વાંગ. ૬૯

### શબ્દાર્થ

**જ્ઞાન** = સમજણ, જાણવું તે, માહિતી **ભક્તિ** = શ્રવણ, કિર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મ નિવેદન એમ નવ પ્રકારે કરવામાં આવતી ઈષ્ટદેવની સ્તુતિ **વૈરાગ હી** = વાસનાનો ક્ષય **સાધન** = ઈશ્વર પ્રાપ્તિ માટે જરૂરી તપ, સાધવું તે, ઉપાય, યુક્તિ **જોગ** = યોગ **અષ્ટાંગ** = આઠ પ્રકાર **સીધ** = સાધના દ્વારા થતી સિદ્ધિ. **ચોરાસી** = ચોર્યાસી **આસન** = સાધના અંગે કરવામાં આવતો ઉપચાર, નીચે બેસવું તે સાધના ધરવા માટે શરીરની સ્થિતિ **સબ શિર** = દરેકના શિર પર **નામકે** = નામનો **સ્વાંગ** = વેશ, શણગાર, પોશાક, પદ્ધતિ.

### અનુવાદ

**જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, સાધના, અષ્ટાંગ યોગ, સિદ્ધ કરવા યોગ્ય ચોર્યાસી આસન વગેરે ઉપર પણ નામનો જ શણગાર (આરોપણ) છે.**

### ભાવાર્થ

ધર્મમાર્ગમાં ત્રણ મહત્ત્વના ઉપચાર જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય તેમજ સાધના માટેના આઠ પ્રકારની યૌગિક ક્રિયાઓ કરવામાં આવે છે. તે ઉપરાંત સાધકોને સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે ચોર્યાસી પ્રકારના આસનો ઉપર પણ નામનું આરોપણ રૂપ આભૂષણ લગાવવામાં આવેલું છે.

**આઠ પ્રકારના યોગ**

યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

**૮૪ પ્રકારના આસનો**

સિદ્ધાસન, પ્રસિદ્ધ સિદ્ધાસન, પદ્માસન, બદ્ધ પદ્માસન, ઉત્થિત પદ્માસન, ઊર્ધ્વ પદ્માસન, સુપ્ત પદ્માસન, ભદ્રાસન, સ્વસ્તિકાસન, યોગાસન, પ્રાણાયામાસન, મુક્તાસન, પવન મુક્તાસન, સૂર્યાસન, સૂર્ય-ભેદનાસન, ભસ્ત્રિકાસન, સાવિત્રીસમાધિ, અચિન્ત્યપનીયાસન, બ્રહ્મજ્વરાંકુશ, ઉદ્ધારકાસન, મૃત્યભંજકાસન, આત્મારામાસન, ભૈરવાસન, ગરુડાસન, ગૌમુખાસન, વાતાયનાસન, સિદ્ધ મુક્તાવલીસન, નેતિઆસન, પૂર્વાસન, પશ્ચિમેત્વાસન, મહામુદ્રાસન, વજ્રાસન, ચક્રાસન, ગર્ભાસિન, શિર્ષાસિન, હસીધારશિર્ષાસિન, ઊર્ધ્વ સર્વાંગસન, હસ્તપાદાંગુષ્ઠાસન, પાદાંગુષ્ઠાસન, ઉત્તાનપાદાસન, જાનુલગ્નહસ્તાસન, એક પાદ શિરાસન, દ્વિપાદ શિરાસન, એકહસ્તાસન, પાદહસ્તાસન, કર્ણપીડ મૂલાસન, કોણાસન, ત્રિકોણાસન, ચતુષ્કોણાસન, કન્દપીડનાસન, તુલિતાસન, વૃક્ષાસન, ધનુષાસન, વિયોગાસન, વિલોમાસન, યોન્યાસન, ગુપ્તાંગાસન, ઉત્કટાસનણ શોકાસન, સંકટાસન, અંધાસન, રુંડાસન, શવાસન, વૃષાસન, ગોપુચ્છાસન, ઉષ્ટાસન, મહટાસન, મત્સ્યાસન, મત્સ્યેંદ્રાસન, મકરાસન, કચ્છપાસન, મંડૂકાસન, ઉત્તાન મંડૂકાસન, હંસાસન, બકાસન, મયુરાસન, કુટકુટાસન, ફોદ્યાસન, સલભાસન, વૃશ્ચિકાસન, સર્પાસિન, હલાસન, વિરાસન અને શાંતિપ્રિયાસન.

**સુચી સંપતિ, ક્રિયા કરમહી, નવધા ભક્તિ સમેત;**
**આરુ આચાર વિચારહી, સબ શિર નામ સખેત. ૭૦**

**શબ્દાર્થ**

**સુચી** = પવિત્ર **સંપત્તિ** = દોલત, ધન, ઐશ્વર્ય, આબાદી **ક્રિયા** = અનુષ્ઠાન, કૃત્તિ, કામ **કરમહી** = કર્મ, પ્રવૃત્તિ, કર્તવ્ય પણ **નવધા ભક્તિ** = નવ પ્રકારની ભક્તિઃ શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવની, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન **સમેત** = સહિત **ઓરુ** = અને **આચાર** = આચરણ, વર્તણૂક **વિચારહી** = વિચાર પણ, કલ્પના, મનસૂબો, મનથી ચિંતન કરવું **તે સબ** = દરેક, સર્વ **શિર** = મસ્તક પર **નામ** = નામ **સખેત** = દૃઢ, મજબૂત, આકરું, ખેતી.

**અનુવાદ**

**પવિત્રતા, સંપત્તિ, ક્રિયા, કર્મ, નવધા ભક્તિ સહિત આચાર અને વિચાર - એ**

**દરેકના શિર પર નામ દઢપણે (દઢતાપૂર્વક) રહેલું છે.**

### ભાવાર્થ

શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન અને શ્રદ્ધા એ માનવને ઉપયોગી છ બાબત (પદાર્થો)ને અર્થશાસ્ત્રમાં સંપતિ કહેવાય છે. તેવા પદાર્થો, પવિત્રતા દર્શાવતા શબ્દો, વિવિધ પ્રકારના અનુષ્ઠાન અને તે માટે કરવામાં આવતી પ્રવત્તિ તેમજ નવ પ્રકારની ભક્તિ સહિત દૈનિક આચાર-વિચાર વગેરે ઉપર નામનું આરોપણ દઢ રીતે કરવામાં આવેલું છે.

**આવ ભાવ ઓરુ જાવન, ઉઠ બેઠ અવિકાસ;**
**હલન ચલન થીર થંભન, સબમેં નામ વિલાસ. ૭૧**

#### શબ્દાર્થ

**આવ** = આવવું **ભાવ** = પ્રેમપૂર્વક, હેતથી **ઓરુ** = અને **જાવન** = જવું **ઉઠ** = ઊઠવું **બેઠ** = બેસવું **અવિકાસ** = વિકાસનો અભાવ, ફુરસદ, નિવૃત્તિ, નવરાશ **હલન ચલન** = હાલવું-ચાલવું **થીર** = સ્થિર **થંભન** = થોભવું **સબમેં** = બધામાં, સર્વમાં **નામ** = નામ **વિલાસ** = ખેલ, ભભકો.

### અનુવાદ

**પ્રેમપૂર્વક આવવું અને જવું, ફુરસદમાં ઊઠવું બેસવું અને હાલવું, સ્થિરપણે થોભવું અને ચાલવું વગેરેમાં નામનો જ વિલાસ રહેલો છે.**

### ભાવાર્થ

પ્રેમપૂર્વક આવવું તથા જવું, સમયની નવરાશ વખતે ઊઠવું અને બેસવું તેમજ ચાલવાની ગતિ મધ્યે સ્થિર થઈ થોભવું અને હાલવું એ બધી જ પ્રક્રિયામાં વપરાતા શબ્દોમાં નામનો જ વિલાસ રહેલો છે.

**એક દો દશ સત સહેસ્તર, લખ કોટિ જેહી લેખ;**
**અરબ ખરબ ગનતી લહુ, નામ વિના નહીં રેખ. ૭૨**

### શબ્દાર્થ

**એક** = એક **દો** = બે **દશ** = દશ **સત** = સો **સહેસ્તર** = હજાર **લખ** = લાખ **કોટિ** = કરોડ **જેહી** = જે **લેખ** = સંખ્યા **અરબ** = અરબ **ખરબ** = ખર્વ **ગનતી** = ગણતરી **લહુ** = સુધી, સહિત **નામ** = નામ **વિના** = વગર, સિવાય **નહીં** = નથી **રેખ** = રેખમાત્ર, લેશમાત્ર, જરાયે.

### અનુવાદ

**એક, બે, દશ, સો, હજાર, લાખ, કરોડની જે સંખ્યા તથા અરબ, ખર્વ સુધીની ગણતરી પણ નામ સિવાય રેખમાત્ર બાકી નથી.**

### ભાવાર્થ

એક, બે, દશ, હજાર, લાખ, કરોડની આદ્ય લઈને અબજ, ખરબ, ખર્વ, શંખ વિગેરે સંખ્યાની ગમતરીમાં કોઈ પણ આંકડો (અંક) કે સંખ્યા નામ સિવાયની બાકી રહેતી નથી.

## પરા પસંતી મધ્યમા, વૈખરી વાણી વિલાસ;
## જે તે ભર ઉચરે ગીરા, નહીં બિનું નામ સમાસ. ૭૩

### શબ્દાર્થ

**પરા** = પરાવાણી **પસંતી** = પશ્યંતી વાણી **મધ્યમા** = મધ્યમાવાણી **વૈખરી** = વૈખરીવાણી **વાણી** = વચન, વાચા, બોલી **વિલાસ** = આનંદ, ખેલ, મોજ, ક્રિડા **જે તે** = જેટલી તેટલી **ભર** = સુધી **ઉચરે** = ઉચ્ચાર કરે, બોલે **ગીરા** = વાણી **નહીં** = નથી **બિનું** = વગર, સિવાય **નામ** = નામ **સમાસ** = સમાવેશ, જોડાણ, સમૂહ.

### અનુવાદ

**પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી વાણીના વિલાસથી જેટલી વાણી ઉચ્ચારાયેલી છે તે બધી વાણી નામ સિવાય સમાવેશ થતો નથી.**

### ભાવાર્થ

બ્રહ્મરંદ્રમાં જ્યોતિના હલનથી થતા અતિ સૂક્ષ્મ ધ્વનિને પરાવાણી કહેવાય છે. ત્યાંથી નાભિ પ્રવેશમાં જઈને વાયુ અથડાય એટલે જે ધ્વનિ ઉત્પન્ન થાય તે પશ્યંતી

વાણી કહેવાય છે. ત્યાંથી હૃદયકમળમાં આવીને અથડાય તે સૂક્ષ્મ ધ્વનિને મધ્યમા વાણી કહેવાય છે. આ રીતે ત્રણ પ્રકારની વાણી ઉત્પન્ન થયા પછી વાયુ મુખમાં કંઠ સ્થાને થઈને બહાર નીકળે ત્યારે તેને વૈખરી વાણી કહેવાય છે.

આ ચારે પ્રકારની વાણીથી જેટલા ધ્વનિ ઉદ્ભવે છે તે વાણીના વિલાસ થકી બે કે વધુ મૂળ અક્ષરોના સંયોગ થતાં શબ્દ બને છે. અર્થાત્ નામ સિવાય વાણીની રચના થઈ શકતી નથી. આ શબ્દોને આધારે નામનું આરોપણ થયેલું છે.

**બહોતેર સહસ્ત્ર શરીરમે, ઓરુ સહિતમ નવ નાડ;**
**ઈંગલા પિંગલા આદ્યહી, સબ શિર નામકી જાડ. ૭૪**

### શબ્દાર્થ

**બહોતેર** = બોંતેર **સહસ્ત્ર** = હજાર **શરીરમે** = શરીરમાં **ઓરુ** = અને, વળી **સહિતમ** = સહિત, મળીને **નવ** = નવ **નાડ** = નાડીઓ, નસ, ધમની **ઈંગલા** = ચંદ્ર નાડી, ડાબી બાજુ વહેતી સ્ત્રીલિંગ નાડી **પિંગલા** = સૂર્ય નાડી જમણી બાજુ વહેતી પુરુષ નાડી **આદ્યહી** = આદિ વગેરે **સબ શિર** = બધાને માથે, દરેક ઉપર **નામકી** = નામની **જાડ** = બંધન, જોડાયેલું, જડેલું.

### અનુવાદ

**ઈંગલા પિંગલા સહિત નવ નાડીઓની આદ્ય લઈને શરીરમાં રહેલી બોંતેર હજાર નાડીઓના શિર ઉપર નામ જોડાયેલું છે.**

### ભાવાર્થ

શરીરમાં જમણા ભાગે ૩૬ (છત્રીસ) હજાર નાડીઓ અને ડાબા ભાગે પણ ૩૬ (છત્રીસ) હજાર નાડીઓ છે. તેમાં મુખ્ય નવ નાડીઓ કહેવાય છે. તે પૈકી નાસિકાની ડાબી બાજુ વહેતી મુખ્ય નાડીને ઈંગલા કહેવામાં આવે છે, જેને ચંદ્ર નાડી કે સ્ત્રીલિંગ નાડી કહેવાય છે. એવી જ રીતે શરીરની જમણી બાજુ વહેતા મુખ્ય નાડીને પિંગલા નાડી કહેવામાં આવે છે, તેને સૂર્ય નાડી કે પુરુષ નાડી પણ કહેવાય છે, મધ્યમાં વહેતી નપુંસક નાડી કે જેને સુષુમણા નાડી કહેવામાં આવે છે. આ પ્રમાણે શરીરમાં કુલ બોતેર (૭૨) હજાર નાડીઓ આવેલી છે, તેના ઉપર પણ નામનું જોડાણ થયેલું છે.

**કોશ પંચ તે પંડહી, અનો મનોમયે ઓરુ પ્રાણ;**
**જ્ઞાનમયે આનંદમયે, સબ શિર નામ સેધાણ. ૭૫**

### શબ્દાર્થ

**કોશ** = કોશ, આવરણ, વિભાગ **પંચ** = પાંચ **તે** = તે **પંડહી** = શરીરમાં **અનો** = અન્નથી પુષ્ટિ પામનારો પૃથ્વી તત્ત્વનો અનોમય કોશ **મનોમયે** = મન થકી પ્રફુલ્લિત રહેનારો અગ્નિતત્ત્વનો મનોમય કોશ **ઓરુ** = અને **પ્રાણ** = પ્રાણ થકી પૃષ્ટિ પામીને રહેતો આકાશ તત્ત્વનો વિજ્ઞાનમય કોશ **આનંદમયે** = આનંદ થકી પૃષ્ટી પામીને રહેતો જળ તત્ત્વનો આનંદમય કોશ **સબશિર** = દરેકના ઉપર **નામ** = નામ **સેધાણ** = એંધાણી, નિશાની, સંધાણ, જોડાણ, સંજ્ઞા.

### અનુવાદ

**અનોમય, મનોમય, પ્રાણાયમ, જ્ઞાનમય અને આનંદમય આ શરીરના પાંચ કોશ ઉપર નામની સંજ્ઞા જોડાયેલી છે.**

### ભાવાર્થ

શરીરમાં રહેલ પાંચેય તત્ત્વોના અનોમય, આનંદમય, મનોમય, પ્રાણાયામ અને વિજ્ઞાનમય કોશ પોતપોતાના સ્થાને રહીને પગથી શિખા પર્યંત શરીરને પ્રકાશે છે. એવા પાંચે કોશ ઉપર પણ નામનું જોડાણ થયેલું છે.

**પૃથ્વી તેજ પવન નભ, ઓરુ પંચમુ નીર;**
**નામે તત્ત્વ સરાયના, પ્રગટહી પ્રોઢ શરીર. ૭૬**

### શબ્દાર્થ

**પૃથ્વી** = પૃથ્વી તત્ત્વ **તેજ** = અગ્નિ તત્ત્વ **પવન** = વાયુ તત્ત્વ **નભ** = આકાશ તત્ત્વ **ઓરુ** = અને, વળી **પંચમુ** = પાંચમું **નીર** = જળ તત્ત્વ **નામે** = નામથી **તત્ત્વ** = તત્ત્વ **સરાયના** = વખાણ, પ્રશંસા, ઓળખાય **પ્રગટહી** = પ્રત્યક્ષ **પૌઢ** = પુરાણું, ભવ્ય, વિશાળ, મહાન **શરીર** = શરીર.

### અનુવાદ

**પૃથ્વી, જળ, અગ્નિ, પવન અને આકાશ એ પાંચ તત્ત્વો વડે પ્રૌઢ શરીર પ્રત્યક્ષ દેખાય છે. આ તત્ત્વો નામથી જ ઓળખાય છે.**

### ભાવાર્થ

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ મહાતત્ત્વોની મેળવણીથી બનેલ પ્રૌઢ સ્થૂળ શરીર પ્રત્યક્ષ દેખી શકાય છે. એવા પ્રત્યક્ષ તત્ત્વોનું વર્ણન નામ થકી જ થાય છે. અર્થાત્ જે તે તત્ત્વો નામથી જ ઓળખાય છે.

**મણિ માણેક મુક્તાફળ, રત્ન સહિત વજરેલ;**
**ધાત સપ્ત જુગ કારીએ, સબ શિર નામ રલેલ. ૭૭**

#### શબ્દાર્થ

**મણિ** = સર્પના માથા પરનો નંગ, સફેદ નંગ **માણેક** = લાલ રંગના કિંમતી પથ્થરનું નંગ **મુક્તાફળ** = દરિયાઈ ખાસ જાતની છીપમાંથી નીકળતું કિંમતી દાણા જેવું નંગ, મોતી કે જે સફેદ, લાલ અથવા પીળાશ પડતો ગોળ પદાર્થ **રત્ન** = પૌરાણિક માન્યતા પ્રમાણે સમુદ્ર વલોવતાં નીકળેલ ચૌદ રત્નઃ લક્ષ્મી, કૌસ્તુભ, પારિજાતક, સુરા, ધન્વતરી વૈધ, ચંદ્રમાં, રંભા વગેરે દેવાંગનાઓ ઉચ્ચૈત્રવા નામનો ઘોડો, અમૃત, વિષ્ણુનું શાંર્ગ ધનુષ્ય, પાંચજન્ય શંખ અને હળાહળ ઝેર **સહિત** =સહિત **વજરેલ** = એક કલ્પિત પથ્થર જે લોઢાને સ્પર્શે તો લોઢાનું સોનું થઈ જાય, બીજાને પણ પોતાના સમાન બનાવનાર **ધાત** = ધાતુ, પૃથ્વીના પેટાળમાંથી મળતું ખનિજ દ્રવ્ય **સપ્ત** = સાત **જુગ** = જગત **કારીયે** = કાર્ય માટે, કામકાજ સારું **સબ શિર** = દરેક ઉપર **નામ** = નામ **રલેલ** = રહેલું છે, પ્રસરેલું છે, લાગેલું છે.

### અનુવાદ

**મણિ, માણેક, મુક્તાફળ, રત્ન, વજરેલ અને જગતના કામકાજ અર્થે વપરાતી સાત ધાતુઓ ઉપર પણ નામ લાગેલું છે.**

### ભાવાર્થ

મણિ, માણેક, મોતી, રત્ન, પારસમણી તેમજ જગતના કામકાજ અર્થે વપરાતી સાત ધાતુઃ સોનું, રૂપું, તાંબું, લોઢુ, કલાઈ, સીસું અને જસત એ સર્વ ઉપર નામનું જોડાણ લાગેલું છે.

**પરવત કુલ અષ્ટાંગહી, નવ કુલ નાગ નરેશ;**
**સર સલીતા સાહર સુતા, સબ શિર નામ બરેશ. ૭૮**

**શબ્દાર્થ**

**પરવત** = પર્વત **કુલ** = કુળ, વંશ **અષ્ટાંગહી** = આઠ અંગોનું બનેલું, આઠ ભાગવાળું **નવ કુલ** = નવ કુળના **નાગ** = નાગ **નરેશ** = રાજા **સર** = સરોવર **સલીતા** = નદી **સાહર** = સાગર, સમુદ્ર **સુતા** = પુત્ર, પ્રજા **સબ શિર** = દરેક ઉપર **નામ** = નામ **બરેશ** =વર્ણન.

## અનુવાદ

**આઠ કુળ પર્વતો, નવકુળનાગ અને તેના રાજા શેષ નાગ, વળી સમુદ્રની પ્રજા રૂપ સરોવર, નદી વગેરેનું વર્ણન નામથી જ થાય છે.**

## ભાવાર્થ

પૃથ્વીની સપાટી ઉપર ઉપસી આવેલો ઘણો ઊંચો ભાગ કે જેને ગિરિ, અગ, નગ, ધરાધર, શૈલ, અદ્રિ, શિખરી અને શૃંગી તરીકે ઓળખવામાં આવે છે. તેમજ અનંત, વાસુકિ, પદ્મ, મહાપદ્મ, તક્ષક, કુલીર, કર્કોટક અને શંખ એમ આઠ કુળ ધરાવતા અષ્ટકુલ નાગ કહેવાય છે. સમુદ્રની પ્રજા તરીકે સરોવરો અને નદીઓ ગણાય છે. આવી દરેક ઉત્પત્તિનું વર્ણન નામથી જ થઈ શકે છે.

**ચૌદહી પદમ અરબ અષ્ટ, ચાર શંખ નલ લાખ;**
**ગનતી તારા મંડળ, સબ શિર નામકી સાખ. ૭૯**

**શબ્દાર્થ**

**ચૌદહી** = ચૌદ **પદમ** = એક હજાર અબજની સંખ્યા **અરબ** = દશ કરોડની સંખ્યા **અષ્ટ** = આઠ **ચાર** = ચાર **શંખ** = દશ કરોડની સંખ્યા **નવ લાખ** = નવ લાખ **ગનતી** = ગણતરી **તારા મંડળ** = આકાશમાં રહેલા તારાઓનો સમૂહ **સબ શિર** = દરેક ઉર, દરેકને માથે **નામકી** = નામની **સાખ** = સાક્ષી, ઓળખ.

## અનુવાદ

**ચૌદ પદ્મ, આઠ અરબ, ચાર શંકુ અને નવ લાખ તારા મંડળની ગણતરી છે. તે સર્વના શિરે નામ સાક્ષી રૂપે છે.**

## ભાવાર્થ

કોઈ પણ રકમની ગણતરી માટે વપરાતા અનુક્રમે પ્રમાણે એકમ, દશક, સો,

હજાર, લાખ, દસ લાખ, કરોડ, દશ કરોડ, અબજ, ખર્વ, નિખર્વ, મહાપદ્મ, શંકુ, જલાધિ, અંત્ય, મધ્ય અને પરાર્ધ છે તેને અનુલક્ષીને આકાશમાં રહેલ તારાઓના સમૂહની ગણતરી જોતાં તે તારાઓ ચાર શંખ, ચૌદ પદ્મ, આઠ અરબ અને નવ લાખ છે. તે બધા જ તારાઓના શિર પર નામ સાક્ષી રૂપે રહેલું છે.

**મધુકીટ આદે દાનવ, તેત્રીસ કરોડહી દેવ;**
**ચીન મીન ભલપન જીનું, લખીયત નામ સબેવ. ૮૦**

### શબ્દાર્થ

**મધુકીટ** = મધુ કૈટવ, વિષ્ણુના કાનના મેલમાંથી ઉત્પન્ન થયેલા મધુ કૈટતી નામના બે અસુર **આદે** = આદિ, વિગેરે, અને બીજા, ઇત્યાદિ **દાનવ** = અસુર, દૈત્ય, રાક્ષસ, દેવોના શત્રુ તરીકે વર્ણવેલો વર્ગ **તેત્રીસ** = તેત્રીસ **કરોડહી** = કરોડ, પ્રકાર **દેવ** = દેવ, ઐશ્વર્ય ધરાવતી તેજોમય વ્યક્તિ દિવ્ ધાતુ પરથી દેવ શબ્દ બન્યો છે. આ ધાતુના દશે અર્થ છે ક્રીડા, વિજિગીષા, વ્યવહાર, દ્યુતિ, સ્તુતિ, મોદ, મદ, સ્વપ્ન, ક્રાંતિ અને ગતિ એટલે જેમાં જેટલાં ગુણ હોય તે પ્રમાણે તેનુ દેવત્વ વધારે-ઓછું કહેવાય છે **ચીન** = ચિહ્ન **મીન** = પક્ષ, બાજુ, હદ, સમોવડિયાપણું, હરાવીને તાબે કરવાનું લક્ષણ **ભલપન** = ભલાપણું, ભલમનસાઈ, મીઠાશ, સારાપણું **જીનું** = જેમનું **લખીયત** = લખાયેલું **નામ** = નામ **સબેવ** = દરેક ઉપર.

### અનુવાદ

**મધુ કૈટવ અને બીજા દાનવો, તેત્રીસ કરોડ (પ્રકારના) દેવ અને તેઓના ચીહ્ન હદ અને સારાપણું વિગેરે બધું નામ થકી જ લખી શકાય છે.**

### ભાવાર્થ

મધુ કૈટવ અને બીજા દાનવો તેમજ તેત્રીસ કરોડ (પ્રકારના) દેવતાઓ ગણાય છે. આ તમામની બાહ્ય નિશાની તેઓમાં રહેલું સમોવડિયાપણું અને ભલમનસાઈના ગુણોનું જો વર્ણન કરવું હોય તો માત્ર નામ થકી જ થઈ શકે છે.

**ગજ ઘોરા રથ પાલખી, ગારા વહેલ વાહન;**
**દૈવ વૈમાન ગરુડ હંસ, સબ શિર નામ ગ્રાહન. ૮૧**

### શબ્દાર્થ

**ગજ** = હાથી **ઘોરા** = ઘોડો, અશ્વ **રથ** = ઘોડા કે બળદ દ્વારા ચાલતું ચાર કે બે પૈડાવાળું વાહન **પાલખી** = એક કે બે માણસો બેસે અને ઊંચકનાર માણસો પોતાની ખાંધે ઊંચકીને ચાલે તેવું નરવાહન **ગારા** = ગાડું, જૂની પદ્ધતિનું માલસામાન માનસોને, તેમજ બેસાડી લઈ જવા માટે બે બળદોથી ચાલતું લંબચોરસ આકારવાળું બૈ પૈડાવાળું લાકડાનું વાહન (બળદગાડું) **વહેલ** = જૂના વખતનું ઉપર માફાવાળું સજાવેલું બળદગાડું **વાહન** = આવવા-જવા માટેનું સાધન **દૈવ વૈમાન** = દેવો દ્વારા વપરાતું ઊડીને જાય તેવું સાધન **ગરુડ** = વિષ્ણુનું વાહન, અર્ધા પક્ષી અને અર્ધો માનવ એવો એક (કાલ્પનિક) પક્ષીરાજ મનાતું દૈવી વાહન **હંસ** = બ્રહ્માજીનું વાહન, સાચા મોતીનો ચારો ચરનારું એક પક્ષી, દૂધ અને પાણીના મિશ્રણમાંથી ફક્ત દૂધ જ પીનારું પક્ષી, શુદ્ધ નિર્મળ સ્વરૂપ, સનકાદિકને જ્ઞાન આપવા માટે નિરંજને લીધેલો અવતાર **સબ શિર** = દરેકને માથે **નામ** = નામ **ગ્રાહન** = ગ્રહણ કરેલું, સ્વીકારેલું, ગાજી રહેલું.

## અનુવાદ

**વાહન તરીકે વપરાતા હાથી, ઘોડા, રથ, પાલખી, ગાડાં વહેલ અને ગરુડ તથા હંસ જેવા દૈવી વાહનના શિરે પણ નામ ગાજી રહેલું છે.**

## ભાવાર્થ

જૂના વખતમાં માનવો આવવા અને જવા માટે વાહનોનો ઉપયોગ કરતા હતા. જેમાં હાથી, ઘોડા, જેવા પ્રાણીઓ તેમજ તે પ્રાણીઓ વડે ચાલતા રથ, ગાડાં અને વહેલ જેવા વાહનોનો પણ ઉપયોગ થતો હતો. આ ઉપરાંત પાલખીનો ઉપયોગ થતો હતો. દેવો પોતાના વાહન તરીકે દૈવી વિમાનનો ઉપયોગ કરતા જેમાં હંસ અને ગરુડ જેવા પક્ષીઓના ઉપર નામનું આરોપણ કરવામાં આવેલું છે. આ પ્રમાણે માણસો કે દેવોના આવવા અને જવા માટે વપરાત તમામ વાહનો ઉપર પણ નામનું આરોપણ થયેલું છે.

## અસન બસનહી આભૂક્ષણ, સાલ દોસાલા લોય;
## પિતાંબર પટુ ખાંમરી, નામે માગત સોય. ૮૨

### શબ્દાર્થ

**અસન** = આસનિયું, આસન, ઓઢવાના **બસનહી** = પહેરવેશ, કપડાં, વસ્ત્ર, પહેરવાના **આભૂક્ષણ** = આભૂષણ, ધરેણાં આભરણ **સાલ** = શાલ, ઓઢવાનું વસ્ત્ર **દોસાલા** = ગરમ મુલાયમ

પછેડી **લોય** = લોક, માનવ **પિતાંબર** = પ્રાચીન કાળથી રેશમી કોરવાળું ધાર્મિક પૂજા-પાઠ કે ભોજન સમયે પહેરવામાં આવતું અબોટિયું, રેશમી ધોતી **પટુ** = દુપટ્ટો, ગળે પહેરવામાં (લપેટવામાં) આવતો પવિત્ર લૂગડાનો લાંબો સાંકડો પટ્ટો **ખાંમરી** = કામળી, ધાબળો **નામે** = નામ દઈને **માગત** = માગે છે **સોય** = તે, સૌ.

## અનુવાદ

**ઓઢવા અને પહેરવા માટેના આભરણ જેવા કે સાલ, દોસાલા, પિતાંબર, દુપટ્ટો અને કામળી વિગેરે નામ દઈને માગી શકાય છે.**

## ભાવાર્થ

માનવીને શરીર ઢાંકણ માટે પહેરવાના વિવિધ વસ્ત્રો અને મોભો દર્શાવવા તેમજ વાતાવરણથી રક્ષણ કરવા માટે વપરાતા આભરણો જેવાં કે - ઓઢવાની શાલ, ગળે પહેરવાનો દુપટ્ટો, ગરમ મુલાયમ પછેડી, કામળી અને પિતાંબર જેવા વિવિધ ઉપવસ્ત્રોને નામ દઈને જ માગી શકાય છે.

**શૈલ્પ ચાપ ક્ષત્રિયનકે, ખડક સહિત હથિયાર;**
**કરખી આદ્ય લોહો સહેસ્તર, નામે હી દેત લેવાર. ૮૩**

### શબ્દાર્થ

**શૈલ્પ** = શિલ્પી, સૈલ્ય, હથિયાર **ચાપ** = કામઠું, ધનુષ્ય **ક્ષત્રિયનકે** = ક્ષત્રિયોના **ખડક** = ખડગ, તલવાર **સહિત** = સહિત, સાથે **હથિયાર** = ઓજાર, શસ્ત્ર, સાધન **કરખી** = ખેડૂત **આદ્ય** = વગેરે, થી માંડીને આદિ **લોહો** = લોખંડના **સહેસ્તર** = વાઢ કાપના સાધન, ઓજાર **નામે હી** = નામથી જ **દેત** = આપે, દે છે **લેવાર** = લેવાય, લેવું, ખરીદાય.

## અનુવાદ

**ક્ષત્રિયોના બાણ, તલવાર સહિત શિલ્પીના હથિયારો અને ખેડૂતનાં ઓજારોની આદ્ય લઈને લોખંડનાં શસ્ત્રો તેમજ સાધનોની લેવડ-દેવડ નામ થકી જ થાય છે.**

## ભાવાર્થ

શિલ્પીઓ કોતરકામ (નકશીકામ) માટેના લોખંડની છીણી, હથોડી, ફરસી

જેવા વિવિધ સાધનો તથા ક્ષત્રિયો ઢાલ-તલવાર, ભાલા અને ધનુષ્ય-બાણ વિગેરે શસ્ત્રો (હથિયારો) નો ઉપયોગ કરે છે. આ ઉપરાંત ખેડૂતો ખેતીકામ માટે ઉપયોગી એવા વાઢ-કાપ અને ખોદકામ માટે અનેક પ્રકારના ઓજારો વાપરતા હોય છે. આ બધા જ પ્રકારના સાધનો, હથિયારો (શસ્ત્રો) અને ઓજારોની લેવડ-દેવડ (આપ-લે) નામ દ્વારા જ થાય છે.

**શેષ કોરમ નાભિનારાયણ, મિંડક સપ્ત પાતાલ;**
**ઓરુ ઉતઈત રજ તજ લહુ, સબ શિર નામ વિશાલ. ૮૪**

**શબ્દાર્થ**

**શેષ** = શેષનાગ **કોરમ** = કોરમદેવ **નાભિનારાયણ** = નાભિનારાયણ દેવ **મિંડક** = મિંડક દેવ **સપ્ત પાતાલ** = સાત પાતાળ **ઓરુ** = અને, વળી **ઉત ઈત** = અહીં અને ત્યાં આલોક અને પરલોક **રજ તજ** = રજેરજ માત્ર, બધું જ, સર્વત્ર **લહુ** = સુધી **સબશિર** = બધાના માથે, દરેક ઉપર **નામ** = નામ **વિશાલ** = મહાન, શ્રેષ્ઠ.

**અનુવાદ**

**શેષનાગ, કોરમદેવ, નાભિનારાયણ, મિંડકદેવ, સાત પાતાળ અને આલોક તેમજ પરલોકમાં રજ તજ સુધી (સર્વત્ર) દરેકના શિર પર નામ વિસ્તૃત રીતે રહેલું છે.**

**ભાવાર્થ**

સૃષ્ટિના આદ્ય અને મહાન ગણાતા છ દેવતાઓઃ શેષનારાયણ, કોરમદેવ, મિંડકદેવ, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ (શંકરજી) સહિત સાત પાતાળના સહુ કોઈ તેમજ આલોક અને પરલોકની બધી જ ઉત્પત્તિ સુધીના દરેક ઉપર નામની મહાનતા (મહત્તા) રહેલી છે.

**ચૌદ તબક પર સદ્ ચિદ, આનંદ કંદ કલેદ;**
**નામ આભુક્ષણ તેહી પર, કરન અભેદ સભેદ. ૮૫**

**શબ્દાર્થ**

**ચૌદ તબક** = ચૌદ ઈંડ **પર** = થી પરે, તીત **સદ્** = શાશ્વત **ચિદ્** = ચિદાકાર **આનંદ કંદ** = આનંદના કંદરૂપ, (મૂળ કારણ) **કલેદ** = સ્વરૂપ, સત્ય, કરનાર, કર્તાપદ **નામ** = નામનું **આભુક્ષણ** = આભૂષણ,

વિશેષણ **તેહી પર** = તેના ઉપર **કરન** = કરવા માટે **અભેદ** = અજાણ, ગુપ્ત, જેનો ભેદ ન પામી શકાય તેવું **સભેદ** = પ્રગટ, જાણવા યોગ્ય, પ્રત્યક્ષ.

## અનુવાદ

**ચૌદ ઈંડોથી તીત સદ્ ચિદ્ આનંદના કંદ રૂપ રહેલું કર્તાપદ અભેદ છે તે પદનો ભેદ કરવા માટે તેના ઉપર નામ રૂપે વિશેષણ લગાડેલાં છે.**

## ભાવાર્થ

બ્રહ્માંડમાં ચૌદ ઈંડોથી પર સચરાચર વ્યાપક એવું સદ્ ચિદ્ આનંદ રૂપી જે બ્રહ્મ છે તેના કારણ રૂપ મૂળ આદિ સકર્તા પતિનું પરમપદ આવેલું છે. તે પરમપદનો ભેદ કોઈ પામી શક્યું નથી. તેવા આ ભેદ પદને પણ દર્શાવવા અને જાહેર કરવાના ઉદ્દેશથી સર્વના કારણ રૂપ કર્તાને આભૂષણ તરીકે પણ પાંચ નામરૂપે વિશેષણોઃ આદ્ય, સક્રત, સ્વરાજ, કરુણેશ અને કૈવલથી સંબોધવામાં આવેલાં છે.

**નામ વસ્ત પદ જેહુનતે, પ્રગટ ભયેહુ નિજ આદ્ય;**
**પરમ પુનિત ગતિ ગમ કહુ, સુણહો સજન કોઈ સ્વાધ. ૮૬**

### શબ્દાર્થ

**નામ** = નામ **વસ્ત** = વસ્તુ રૂપ **પદ** = પરમપદ **જેહુનતે** = જેમનું, જેઓનું **પ્રગટ** = જાહેર, પ્રત્યક્ષ, **ભયેહુ** = થયેલું છે, થયું છે, કર્યું છે **નિજ** = પોતાનું, પોતે **આદ્ય** = પ્રારંભે, આદ્ય, પહેલાં બીજું કાંઈ હતું નહીં તેવું **પરમ** = મહાન, શ્રેષ્ઠ **પુનિત** = પવિત્ર **ગતિ** = સમજ **ગમ** = જ્ઞાન **કહુ** = કહું છુ **સુણહો** = સાંભળો **સજન** = સજ્જનો **હોઈ** = થઈને **સ્વાધ** = સ્વસ્થ, સાવધાન, સચેત.

## અનુવાદ

**વસ્તુ રૂપ પરમપદ કે જે નિજ આદ્ય પ્રગટ થયેલું છે. તેના નામ અંગે મહાન અને પવિત્ર જ્ઞાનની સમજ કહુ છું. તે હે સજ્જનો ! સ્વસ્થ (સાવધાન) થઈને શ્રવણ કરો.**

## ભાવાર્થ

સમસ્ત બ્રહ્માંડમાં સચરાચર વ્યાપક બ્રહ્મ રહેલું છે. તેમાં ઉદ્ભવેલી સર્વ ઉત્પત્તિના

સાર રૂપે પરમપદ છે. તે સર્વ પ્રથમ હોઈ આદિ આનાદિનું છે. એવા પરમપદમાં બિરાજમાન નામીના નામ અંગે તેમજ તેમની મહાન અને પવિત્ર જ્ઞાનગતિની સમજ દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે પછીના કેતુમાં દર્શાવે છે. તે માટે તેઓ દરેક સજ્જનોને સ્વસ્થ અને સચેત થઈને શ્રવણ કરવા માટે અનુરોધ કરે છે.

**નામ લક્ષ વિલોકકે, કીનેહુ ખોજ ખનીત;**
**અબ કહુ નામા તીતનકી, કહે કુવેર શૂન્યમિત. ૮૭**

### શબ્દાર્થ

**નામ** = નામનો **લક્ષ** = અંતિમ ધ્યેય, રહસ્ય, ઉદ્દેશ, હેતુ, એંધાણ **વિલોકકે** = અવલોકન કરીને, વિલોકીને **કીનેહુ** = કર્યું છે **ખોજ** = શોધ-ખોળ, તપાસ **ખનીત** = ખૂબ જ બારીકાઈથી, ઊંડાણપૂર્વક, ઝીણવટથી **અબ કહુ** = હવે કહું છું **નામા** = નામોના **તીતનકી** = તીત (પર) રહેલ વસ્તુ અંગેની **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે **શૂન્યમિત** = નચિંત, ચિંતા સહિત સ્વ પણું ધારણ કરીને **શૂન્ય** = મહાશૂન્યથી **મીત** = મિત, માપ, હદ કે નિયમ બતાવનારું, સ્થાપેલ, પ્રમાણસરનું, નિયમિત.

### અનુવાદ

**નામના લક્ષની ખૂબ જ બારીકાઈથી નિરીક્ષણ કરીને શોધ કરી છે. નામથી જે તીત (અલગ) છે તે અંગે અસાવધપણું ધારણ કરીને કુવેરસ્વામી કહે છે.**

### ભાવાર્થ

કુવેરસ્વામી કહે છે કે સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલા કર્તાના નામનું આરોપણ અને તે અંગેનો લક્ષ ખૂબ જ બારીકાઈથી અવલોકન કરીને ઊંડાણપૂર્વક શોધ કર્યા પછી જ નક્કી કરીને આ કેતુમાં દર્શાવવામાં આવે છે. બ્રહ્માંડના સર્વ નામોથી પણ તીત (ભિન્ન) રહેલા નામીનું જે પદ છે તે મહાશૂન્યમાં સદાને માટે પ્રસ્થાપિત થઈને રહેલું છે.

# ભવ બીજ ઉત્પન્ન કરન પ્રણવ
# કેતુ ૨

**નિજ કર્તા કૈવલ કુલ, પ્રણવ જાપ વિનું જેહ;**
**સદ્ ચિદ્ આનંદ પર પદ, રહિત તત્ત્વ જીનું દેહ. ૧**

### શબ્દાર્થ

**નિજ કર્તા** = આદિ સકર્તા સર્જનહાર, મૂળ કર્તા, કર્તા પોતે **કૈવલ** = વળથી રહિત **કુલ** = સર્વના, સમસ્તના **પ્રણવ** = શ્વાસોચ્છવાસ **જાપ** = જાપ, જપાતો **વિનું** = રહિત, વગર, સિવાય **જેહ** = જેઓ **સદ્** = શાશ્વત **ચિદ્** = ચિદાકાર **આનંદ** = આનંદ **પર** = થી પરે તીત **પદ** = સ્થાન, પદ **રહિત** = વગર, સિવાય **તત્ત્વ** = તત્ત્વોથી, વૃત્તિઓથી, ઉત્પત્તિ, પિંડ કે બ્રહ્માંડના બંધારણમાં દશ્ય કે અદશ્ય પદાર્થ **જીનું** = જેમનું, જેમનો **દેહ** = સ્વરૂપ, દેહ.

### અનુવાદ

**સર્વના આદિ કૈવલકર્તા પ્રણવ જાપ સિવાયના સદ્-ચિદ્-આનંદથી પર અને તત્ત્વોના દેહથી પણ રહિત છે.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં થયેલી સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલા સર્જનહાર કૈવલકર્તા પોતે જ છે. તેઓ આદિ-અનાદિના હોઈ સ્વયં આદ્ય છે. તેમના જ સજાતિ સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશો છે. સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહો તો તત્ત્વોના બંધારણથી બંધાયેલા છે. તથા પ્રણવ જાપના માધ્યમથી તે તે દેહના તત્ત્વો અન્યોન્ય ચેતનવંત બને છે.

સર્જનહારનું સ્વરૂપ આ પ્રકારના દેહો અને પ્રણવના બંધનથી પર રહેલું છે. સર્વ રચના જે બ્રહ્મભૂમિકામાં પોષણ પામીને વૃદ્ધિ થાય છે તેવા સદ્-ચિદ્-આનંદ રૂપ બ્રહ્મના તેઓ પ્રકાશક છે. અર્થાત્ સર્જનહારનું પદ બ્રહ્મથી પણ પર રહેલું છે.

**તત્ત્વ નામ ઓરુ ગુણ બીનું, જેહી અદબદ અજમાલ;**
**દિવ્ય દેહ વયે વિન જીનું, તીનું હુકમ કુલ ખ્યાલ. ૨**

### શબ્દાર્થ

**તત્ત્વ** = સર્જનહારની વૃત્તિઓ થકી થયેલી ઉત્પત્તિ, તત્ત્વ, **નામ** = નામ **ઓરુ** = અને **ગુણ** = લક્ષણ, ગુણ, પ્રકૃતિના ત્રણ ધર્મ, સત્વ, રજસ અને તમસ **બીનું** =વગરનું, રહિત **જેહી** = જે **અદબદ** = મોંઘમ, અસ્પષ્ટ, અનિયમિત, સંશયગ્રસ્ત, આશ્ચર્યજનક **અજમાલ** =ગુહ્ય, છૂપું, અજાણ **દિવ્ય દેહ** = અલૌકિક, મહાન કે પ્રકાશમાન સ્વરૂપ **વયે વિન** = કાળથી વર્જીત **જીનું** = જેઓનું **તીનું** = તેમનો **હુકમ** = આજ્ઞા, સત્તા, હકૂમત, શાસન **કુલ** = સમસ્ત, તમામ, સર્વ **ખ્યાલ** = રચના, ખેલ, ક્રિડા, ઉત્પત્તિ.

### અનુવાદ

**તત્ત્વ, નામ અને ગુણ સિવાયનું, અદપદ રહેલું તેમનું સ્વરૂપ અજાણ અને કાળથી પણ વર્જિત છે. તેમનો હુકમ તમામ રચનાઓ ઉપર વ્યાપેલો છે.**

### ભાવાર્થ

વિશ્વનિયંતાનું અલૌકિક સ્વરૂપ તત્ત્વો, નામ અને પ્રકૃતિના ગુણધર્મ સિવાયનું છે. જેથી તેઓ (તેમનું પરમપદ) સૃષ્ટિમાં અદબદપણે અજાણ રહેલા છે. એવા સર્જનહાર કૈવલકર્તાનો અમલ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપેલો છે. તેથી તેમને સ્વરાજ વિશેષણથી સંબોધવામાં આવેલા છે અર્થાત્ તેમની સર્વજ્ઞતાસભર જાણનું શાસન બ્રહ્મભૂમિકામાં પોષણ પામીને વૃદ્ધિ પામેલ સર્વ રચના ઉપર વ્યાપેલું છે.

**તેહી ખ્યાલી ખુદ ખેલનકુ, પ્રથમહી ઉપજેહુ આપ;**
**મહાદ મોજ મજભૂત કીયે, સદ્-ચિદ્-આનંદ થાપ. ૩**

### શબ્દાર્થ

**તેહી** = તે **ખ્યાલી** = ખેલનહાર, ખેલાડી, રચયિતા, કર્તા **ખુદ** = પોતે **ખેલનકુ** = ખેલને ખીલવવા માટે, રચનાના ભાગ રૂપે, ખલકના ખેલની ઉત્પત્તિના ભાગ રૂપે **પ્રથમહી** = પહેલેથી, પ્રથમ, પ્રારંભે **ઉપજેહુ** = ઉપજી, ઉપજણ ઉપજાવી **આપ** = પોતે, પોતાને, પોતાનાથી **મહાદ** = મહદ્ **મોજ** = આનંદ, મરજી **મજભૂત** = મૂળભૂત રીતે **કીયે** = કર્યો, ઉપજાવ્યો, કરીને **સદ્** = શાશ્વત **ચિદ્** = ચિદાકાર **આનંદ** = આનંદ **થાપ** = સ્થાપવું, સ્થાપિત કરવું.

### અનુવાદ

**તે ખેલનહારે પોતે ખેલની રચનાના ભાગ રૂપે પ્રથમ પોતાનામાં ઉપજણ ઉપજાવી અને મહાન આનંદ ઉપજાવવાની મરજીથી મૂળભૂત રીતે સદ્-ચિદ્-આનંદને સ્થાપિત કર્યું.**

### ભાવાર્થ

તે ખેલનહાર (ખેલાડી) રૂપ સર્જનહારે (કૈવલકર્તાએ) જ્યારે આપોઆપ પોતાનામાં શુદ્ધ ઉપજણ ઉપજી ત્યારે તેમને કાંઈક કરવાની ઈચ્છા પ્રગટ થઈ ત્યાર બાદ પોતાના શુદ્ધ સંકલ્પ વડે મહાદ (અતિશય) આનંદ ઉપજાવનારી મૂળભૂત રીતે પોતાની વૃત્તિઓ દ્વારા સમગ્ર રચના કરી. તેમાં સૌ પ્રથમ બાહ્યહંગની બાજવૃત્તિનો પસારો કર્યો જેથી સદ્ ચિદ્ આનંદ રૂપ બ્રહ્મપ્રકાશનો ફેલાવો થયો.

## સદ્ બીજગ ચિદ્ અંકુર, આનંદ અમિત ચિકાશ;
## નિજપતિ પૂરવે પ્રથમ એહી, ભવ બીજ કીયેહુ પ્રકાશ. ૪

#### શબ્દાર્થ

**સદ્** = શાશ્વત, સત્ય **બીજગ** = બીજગ, બી, બિયું **ચિદ્** = ચિદાકાર, ચૈતન્યમય **અંકુર** = કાચો ગર્ભ, બીજનું મૂળ, અંકુર **આનંદ** = આનંદ **અમિત** = અમીમય, અનહદ, અમાપ **ચિકાશ** = ચીકટ, ચીકણું **નિજપતિ** = સર્જનહાર, અંશના સજાતીય કર્તા **પૂરવે** = પૂર્વે, અગાઉ, પહેલાં **પ્રથમ** = પ્રથમ, શરૂઆતમાં પહેલું, અગ્રિમ, આદિમ **એહી** = આ **ભવ** = જગત **બીજ** = બીજ **કીયેહુ** = કર્યો **પ્રકાશ** = પ્રાગટ્ય કરવું, પ્રસિદ્ધિ, વિકાસ, ખીલવણી.

### અનુવાદ

**નિજપતિએ શરૂઆતમાં સૌ પ્રથમ ભવબીજનો વિસ્તાર કર્યો. જેમાં સદ્ રૂપ બીજગ, ચિદ્ રૂપ અંકુર અને આનંદરૂપ અમીમય ચિકાશ પોખી.**

### ભાવાર્થ

સકર્તા કૈવલકર્તાએ બ્રહ્મરૂપ ભૂમિકામાં સૌ પ્રથમ સૃષ્ટિની રચના માટે ઉપયોગી એવા બીજ (બિયારણ) નો વિસ્તાર કર્યો. જેમાં સદ્ રૂપ બીજગ, ચિદ્રૂપ અંકુર

અને આનંદ રૂપ ચિકાશ એમ ત્રણ પ્રકારના તત્ત્વોનું મિશ્રણ કરીને ભવના બીજ તૈયાર કર્યા. આ રીતે કૈવલકર્તાએ બ્રહ્મપ્રકાશ રૂપ બ્રહ્મ ભૂમિકામાં ચૌદ લોક રૂપી સૃષ્ટિનું સર્જન કરવા માટે સદ્-ચિદ્-આનંદ થકી મિશ્રણવાળા બીજ નાખીને સમગ્ર જગતનો પસારો કરેલો છે. આ બીજ બ્રહ્મભૂમિકામાં પોતપોતાની પોખણી મુજબ સ્ફુરણ થઈને વૃદ્ધિ પામ્યાં છે.

**બોયેહુ બીજ તેહુ જીનું જમી, રચહી પંચ તત ખેત;**
**નિજ કર્તા વૃત્તિ અપ રલી તવ, ઉદ્‌ભવ પ્રણવ વૃખેત. ૫**

### શબ્દાર્થ

**બોયેહુ** = વાવ્યું **બીજ** = બીજ **તેહુ** = તે **જીનું** = જેમણે, તેમણે **જમી** = જમીન, ખેતી લાયક બ્રહ્મ ભૂમિકા **રચહી** = રચ્યા, રચના કરી **પંચ તત** = પાંચ તત્ત્વો થકી **ખેત** = ખેતી **નિજકર્તા** = આદિ સર્જનહારે **વૃત્તિ** = વૃત્તિ **અપ** = પાણીની જેમ **રલી** = આનંદ, ખુશી, હરખ **તવ** = ત્યારે **ઉદ્‌ભવ** = ઉત્પન્ન થઈ, બની, પેદા થઈ **પ્રણવ** = પ્રણવ **વૃખેત** = વૃક્ષ રૂપી, ખેતી, પેદાશ.

### અનુવાદ

**તે બીજને તેમણે જ્યારે જમીનમાં વાવ્યું અને પોતાની કર્તાવૃત્તિ (અંશવૃત્તિ)ના આનંદ રૂપી પાણીથી પલાળી ત્યારે પંચ દેહના તત્ત્વોવાળી પેદાશમાં પ્રણવ રૂપી ખેતીનો ઉદ્‌ભવ થયો.**

### ભાવાર્થ

સર્જનહાર દ્વારા કરવામાં આવેલા ઉત્પત્તિના ક્રમને સમજવામાં આવે તો આ ગૂઢાર્થ ભરેલી રચનાની સમજ ખુબ જ સરળતાથી પ્રાપ્ત કરી શકાશે.

અગાઉ દર્શાવ્યા મુજબ સર્જનહારે બાહ્યહંગની બાજવૃત્તિનો પસારો કર્યો જેથી અવ્યક્ત તત્ત્વો અને બ્રહ્મપસારો થયો. ત્યારબાદ પ્રથમ બ્રહ્મ પ્રકાશવૃત્તિથી ત્રણ મહાતત્ત્વો બન્યા. ત્યાર બાદ બીજી સંજમ ભોગવૃત્તિથી ત્રણ ચક્ષસત્વ ઉત્પન્ન કર્યા. ત્રીજી ઈચ્છાવૃત્તિથી બોતેર તત્ત્વોનો વિકાસ કર્યો. ચોથી ક્રિયાવૃત્તિથી અગાઉ જે જે તત્ત્વો ઉત્પન્ન કર્યા હતાં તે પૈકીના યથાયોગ્ય તત્ત્વોની મેળવણી કરીને બીજગો તૈયાર કર્યા. પાંચમી સજીવનવૃત્તિથી તે બીજનો વિકાસ થયો, પરંતુ બધું જ જડવત્

રહ્યું તેથી છઠ્ઠી અંશવૃત્તિથી તે વૃદ્ધિ પામીને તૈયાર થયેલ ઊપજમાં પોતાના સજાતીય ચૈતન અંશને પ્રેરક કર્યા.

આ રીતે પાંચ દેહના વિવિધ તત્ત્વોવાળા સર્વ સાજમાં અંશવૃત્તિના અંશો થકી સૌ પ્રથમ પ્રણવ રૂપ વૃક્ષ સચેતન થયું. અર્થાત્ દેહમાં રહેલો જે પ્રણવ જડ હતો તે અંશના આભાસથી ચેતનવંત બનીને કાર્યાન્વિત થયો.

**ઓરુ રજ તમગુણ સાત્વીક, એ તીન ગુણ જમી હીર;**
**જેહી કારણ પંચ તત્ત્વકે, પુનિ કારજ મે ફસીર. ૬**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **રજ** = રજોગુણ **તમ ગુણ** = તમોગુણ **સાત્વીક** = સતોગુણ **એ તીન** = એ ત્રણ **ગુણ** = ગુણ **જમી** = જામણ થયા **હીર** = સત્વ રૂપે, હીર રૂપે, નૂર વિત્તરૂપ **જેહી કારણ** = જેના કારણ **પંચ તત્ત્વ કે** = કારણ રૂપે નિમિત્ત બન્યા, મૂળ કારણ રૂપ કર્તવ્યમય બન્યા. **પુની** = ફરીથી, વળી **કારજમે** = કામકાજમાં **ફસીર** = ફસાયા, કાર્યાન્વિત બન્યા, જોડાઈ જવું સપડાવવું, ભરાઈ પડ્યાં.

### અનુવાદ

**વળી રજોગુણ, તમોગુણ અને સતોગુણ એ ત્રણ ગુણ હીર રૂપે જમાવ પામ્યા જેને કારણે પાંચ તત્ત્વોના વિસ્તારમાં ફરીથી કાર્ય કરવામાં જોડાઈ ગયા.**

### ભાવાર્થ

ચૈતન થયેલ પ્રણવના માધ્યમ થકી અગાઉ જે રજોગુણ, તમોગુણ અને સતોગુણ જે તે દેહોમાં વૃદ્ધિ પામીને અટકી ગયા હતા. તે ફરીથી કાર્યશીલ બન્યા. ત્રણે ગુણો જે શરીરના હીર રૂપે જમાવ પામ્યા તેને કારણે રજોગુણની દશ આકાંક્ષાઓ, તમોગુણના દશ કાળ અને સતોગુણના પાંચ અંતઃકરણ તથા પાંચ અવસ્થાઓ કાર્યરત થયાં. વળી જે તે ગુણને અનુસાંગિક ત્રણ ઘણ પૈકી, અહંકારના પાંચ ભૂત અને પાંચમાત્રા, સ્વકાશ ઘણની દશ ભાવનાવાળો વિસ્તાર પોતપોતાના તત્ત્વોના લક્ષણો મુજબ ચેતનતા પામી પાંચ તત્ત્વના બંધારણથી બંધાયેલા સર્વ જડ તત્ત્વોનો સાજ કાર્યન્વિત બનીને કામકાજમાં જોડાઈ ગયા.

**દશ ઈન્દ્રિ પૃથ્વી પોગર, અંત સકરણ વિકાસ;**
**ખટ ચકર તરુ જડ જીનું, નિજ જમી કીયેહુ જમાસ. ૭**

### શબ્દાર્થ

**દશ ઈન્દ્રિ** = દશ ઈન્દ્રિયો **પૃથ્વી** = પૃથ્વી તત્ત્વનું **પોગર** = શરીર **અંતસકરણ** = અંતઃકરણો **વિકાસ** = વિકાસ થયો, ખીલવવું, ફેલાવો થવો, પ્રસરણ પામવું **ખટ ચકર** = છ ચક્રે **તરુ** = વૃક્ષ **જડ** = મુખ્ય મૂળ, ચૈતનતા વિહીન, સબળ, કારણ **જીનું** = જેનું, જેની **નિજ** = આદિ, મૂળ, પોતે **જમી** = જામણ રૂપે **કીયેહુ** = કર્યો છે **જમાસ** = જમાવ.

### અનુવાદ

**પૃથ્વી તત્ત્વના પ્રધાનતાવાળા શરીરમાં દશ ઈન્દ્રિયો અને અંતઃકરણનો વિકાસ થયો, તેમજ મૂળ જામણ રૂપે રહેલાં ખટ ચક્રોમાં વૃક્ષના મૂળિયાં જામેલા છે.**

### ભાવાર્થ

અલગ-અલગ દેહોના બંધારણમાં મુખ્ય તત્ત્વ ઉપર દષ્ટિપાત કરીએ તો જણાય છે કે પૃથ્વી તત્ત્વનું સ્થૂળ શરીર જળ તત્ત્વનું સૂક્ષ્મ શરીર, અગ્નિ તત્ત્વનું કારણ શરીર, વાયુ તત્ત્વનું મહાકારણ શરીર અને આકાશ તત્ત્વનું પરમકારણ શરીર બનેલું છે. તે પૈકીના પૃથ્વી તત્ત્વના પ્રાધાન્યતાવાળા સ્થૂળ શરીરના બંધારણમાં ગુણ અને ઘણની ચેતનતા થકી પાંચ અહંકાર અને નચિંત અંતઃકરણોનો વિકાસ થયો છે. શરીરમાં રહેલા મૂળ જામણ રૂપ મુલાધારચક્ર, સ્વાધિષ્ઠાનચક્ર, મણિપુરચક્ર, અનાદિચક્ર, વિશુદ્ધચક્ર અને આજ્ઞાચક્ર એમ છ ચક્રોમાં વૃક્ષ રૂપ પ્રણવના મૂળિયાં જામેલા છે. એટલે કે, પ્રણવના મુખ્ય મૂળિયા છ ચક્રોથી બંધાયેલાં છે જેના થકી પ્રણવ રૂપ વૃક્ષ વિકાસ પામેલું છે.

**ચક્રોની વિગત લખવીઃ**

| ચક્ર | દળકમળ | અક્ષર | દેવ | સ્થાન | જાપ | રંગ |
|---|---|---|---|---|---|---|
| મુલાધાર | ૪ | વ થી સ | ગણેશ | ગુદા | ૬૦૦ | અગ્નિજેવો |
| સ્વાધિષ્ઠાન | ૬ | બ થી લ | બ્રહ્મા | લિંગ | ૬૦૦૦ | સૂર્યજેવો |
| મણિપૂર | ૧૦ | ડ થી ફ | વિષ્ણુ | નાભિ | ૬૦૦૦ | રાતો |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અનાહુત | ૧૨ | ક થી ઠ | મહાદેવ | હૃદય | ૬૦૦૦ | સુર્વણજેવો |
| વિશુદ્ધ | ૧૬ | અ થઈ અઃ | શીવજી | કંઠ | ૧૦૦૦ | ચંદ્રજેવો |
| આજ્ઞા | ૨ | હ અને ક્ષ | શક્તિ | ભ્રકૃટિમધ્યે | ૧૦૦૦ | રાતો |
| સહસત્રદળ | ૧૦૦૦ | વિવિધ | નિરંજન | બ્રહ્મરંદ્ર | ૧૦૦૦ | શુદ્ધસ્ફટીક જેવો |
| | | | | | **૨૧,૬૦૦** | |

**સૂનહો પ્રણવ તરુ સફુરણ, ધરહી સુરત તતવેત;**
**શાખા પત્ર કુસુમ ફળ, કહુ જીનું સકલ સમેત. ૮**

### શબ્દાર્થ

**સૂનહો** = શ્રવણ કરો, સાંભળો **પ્રણવ તરુ** = પ્રણવ રૂપી વૃક્ષ **સફુરણ** = સ્ફુરણ, ફેલાવો થવો, પ્રસરણ પામવું **ધરહી** = ધારણ કરીને **સુરત** = સુરતા, અંતરવૃત્તિ, ધ્યાન, લક્ષ **તતવેત** = તત્ત્વવેત્તા, તત્ત્વોના જ્ઞાનને સમજવામાં આતુર જાણકાર **શાખા** = થડમાંથી નીકળેલા ફાંટા રૂપ વિભાગ, ડાળીઓ **પત્ર** = પાન, પાંદડાં **કુસુમ** = ફૂલ **ફળ** = ફળ, બીજ, ભરેલો પદાર્થની ચાળ બાજુ ગર્ભથી **કહું** = કહું છું **જીનું** = જે અંગેનું, જેના **સકલ** = સર્વ, તમામ **સમેત** = સહિત, સાથે, સુદ્ધાં.

### અનુવાદ

**પ્રણવ વૃક્ષમાંથી સ્ફુરણ પામેલાં શાખા, પત્ર, ફૂલ અને ફળ સહિતની તમામ હકીકત કહુ છું. માટે હે તત્ત્વવેત્તા ! સુરતા ધારણ કરીને શ્રવણ કરો.**

### ભાવાર્થ

દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કેતુ-૨ માં હવે પછી તત્ત્વવેત્તા તથા સજ્જન નર-નારીઓને પણ સુરતા ધારણ કરીને શ્રવણ કરવા અનુરોધ કરે છે, કારણ કે, શરીરમાં રહેલા પ્રણવવૃક્ષમાં સ્ફુરણ પામેલી શાખાઓ, પાન, ફૂલ અને ફળ સહિત તમામ હકીકતનાં ઉદાહરણ આપી દર્શાવશે.

**શાખા બાણી ચતુર જેહી, પત્ર નિગમ અનુસાર;**
**સંધ્યા ગાયત્રી ફળ, પુષ્પ બાવન વિસ્તાર. ૯**

### શબ્દાર્થ

**શાખા** = ડાળી, ફાંટા, શાખા **બાણી** = વાણી **ચતુર** = ચાર **જેહી** = જે, જેની **પત્ર** =પાંદડાં, પાન **નિગમ** = નિગમ, વેદ, શ્રુતિ **અનુસાર** = પ્રમાણે, મુજબ, ને અનુસરીને **સંધ્યા** = નિશ્ચિત સમયના ગાળાની જોડાણની સંધિ વખતની સ્તુતિ-પ્રાર્થના **ગાયત્રી** = પ્રાણને રક્ષણ કરનાર, બ્રહ્મદંડ, બ્રહ્મશિરસ અને બ્રહ્માસ્ત્ર જેવા સમૂહથી બનેલા સ્વરભેદ કરતો મંત્ર, દિવસ અને રાત્રિ મળીને કુલ ૨૧,૬૦૦ વાર અજપા જપાતા શ્વાસોચ્છ્વાસ, તે જ ગાયત્રી જપ **ફળ** = ફળ **પુષ્પ** = પુષ્પ, ફૂલ **બાવન** = બાવન વર્ણ, બાવન અક્ષર **વિસ્તાર** = પ્રદેશ, ફેલાવો, વિસ્તાર.

## અનુવાદ

**જેની ચાર પ્રકારની વાણી રૂપ શાખા અને તેને અનુસરીને પાંદડા રૂપ વેદ, સંધ્યા-ગાયત્રી તેના ફળ રૂપ છે અને પુષ્પ, રૂપ બાવન (અક્ષરો), વર્ણ વાળુ પ્રણવ વૃક્ષ વિસ્તાર પામ્યું છે.**

### ભાવાર્થ

પ્રણવવૃક્ષની શાખા રૂપ પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી વાણીનો વિસ્તાર થયેલો છે, જેમાંથી આગળ અનુસરીને પાંદડા રૂપી ઋગવેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ બન્યા છે. જેના મંથનથી મહાન ઋષિમુનિ અને જ્ઞાની પુરુષોએ તેમાંથી ફૂલ સ્વરૂપે વર્ણમાળાના ૩૬ વ્યંજન અને ૧૬ સ્વર મળીને કુલ બાવન (૫૨) અક્ષરોનો વિસ્તાર કર્યો છે. તે અક્ષરોના સમૂહને જોડીને ફળ સ્વરૂપે સંધ્યા અને ગાયત્રીની ઉત્પત્તિ આકાર થયેલી છે. આ પ્રમાણે પ્રણવ વૃક્ષનો વિસ્તાર થયેલો છે.

**એહી તરુ પ્રણવ પરમ વીત, ભવ કારણ નિજ ભેવ;**
**જીનું ફલ દ્વીજ રછપાલહી, પાવત સંત સદેવ. ૧૦**

### શબ્દાર્થ

**એહી** = તે, એવા, તેવા **તરુ** = વૃક્ષ **પ્રણવ** =પ્રણવ **પરમ** = શ્રેષ્ઠ, ઉત્તમ, મહાન **વીત** = વિત્ત, સત્વ, સાર, હીર **ભવ કારણ** = જગતના માટે, સૃષ્ટિનાં કારણે **નિજ ભેવ** = મૂળ રચના, આદિથી કરાયેલી પોતાની રચના, ભેદ, મર્મ, રહસ્ય **જીનું** = જેનું **ફલ** = ફળ **દ્વીજ** =બ્રાહ્મણ **રછપાલહી** = રક્ષક, ચોકીદાર, રખેવાળી **પાવત** = પ્રાપ્ત કરે છે, ભોગવે છે, માણે છે **સંત** = સંત દશા ભોગવનાર, **સદેવ** = હમેશાં, સદાય, પોતાના જીવન પર્યંત.

### અનુવાદ

**એવા મહાન વિત્તવાળા પ્રણવ વૃક્ષની રચના ભવ કારણ માટે જ બનાવેલી છે. જેની રખેવાળી, (રક્ષા) બ્રાહ્મણો કરે છે. સંત ગતિવાળા તેના ફળનો સ્વાદ સદાને માટે માણે છે.**

### ભાવાર્થ

એવા મહાન વિત્તવાળા પ્રણવ વૃક્ષ બનાવવા પાછળનો મુખ્ય આશય (હાર્દ) પ્રણવને માધ્યમ તરીકે રાખીને સમગ્ર સૃષ્ટિની રચનાના પ્રવાહને જીવંત રાખવાનો છે. આવા પ્રણવ વૃક્ષના ફળ સ્વરૂપે રહેલી સંધ્યા અને ગાયત્રીની રખેવાળી બ્રાહ્મણો આદિ-અનાદિથી કરતા આવ્યા છે, પરંતુ પ્રણવ વૃક્ષના ફળો તો કોઈ વીરલા સંત ગતિવાળા જ સદાને માટે ભૂક્તમાન કરે છે.

## ધાત પહાંણ પ્રતમા વિષે, તેહી ફળ કીયેહુ પ્રવેશ;
## બિનું જીવ જગ શિર નાઈયા, ગની ઉર દેવ દેવેશ. ૧૧

### શબ્દાર્થ

**ધાત** = ધાતુની **પહાંણ** = પથ્થરની **પ્રતમા** = મૂર્તિ, પ્રતિમા **વિષે** = વિષે, માં **તેહી** = તે, તેનું **ફળ** = ફળ, પરિણામ **કીયેહુ** = કરાવીને, કરીને **પ્રવેશ** = દાખલ કરવું, પ્રવેશવું, પોખવું **બિનું** = વગર, સિવાય **જીવ** = જીવ, પ્રાણ, આત્મા **જગ** = જગત, સંસાર **શિર** = મસ્તક **નાઈયા** = નમાવે છે **ગની** = ગણીને, માનીને, એમ સમજીને **ઉર** = હૃદયમાં **દેવ** = દૈવી સ્વરૂપ **દેવેશ** = દેવાધિદેવ સ્વરૂપ.

### અનુવાદ

**ધાતુ યા પથ્થરની મૂર્તિમાં તે ફળ, થકી પ્રાણ પ્રવેશ કરાવે છે, પરંતુ જીવ પ્રવેશ પામતો ન હોવા છતાં જગત હૃદયમાં દેવાધિદેવ માનીને મસ્તક નમાવે છે.**

### ભાવાર્થ

રખેવાળી (રક્ષણ) કરતા બ્રાહ્મણો પ્રણવ વૃક્ષનાં ફળ રૂપ સંધ્યા-ગાયત્રીના મંત્રોચ્ચારથી ધાતુ યા પથ્થરની મૂર્તિમાં પ્રાણપ્રતિષ્ઠાવિધિ કરીને તે જડ મૂર્તિઓમાં પ્રાણ પ્રવેશ કરાવે છે, પરંતુ હકીકતમાં જડ મૂર્તિઓમાં જીવ પ્રવેશ કરતો નથી, છતાં જગતના અંધશ્રદ્ધાળુ અને અજ્ઞાની જીવો તેવી પ્રાણપ્રતિષ્ઠા થયેલી મૂર્તિઓમાં

જે તે દેવી-દેવતાઓના જીવ પ્રવેશ પામેલા છે તેવું હૃદયપૂર્વક માને છે. ત્યાર બાદ તેવી મૂર્તિઓને દેવાધિદેવ માનીને તેનું યજન-ભજન-સ્મરણ કે પૂજન કરીને તેમના ચરણોમાં મસ્તક નમાવે છે.

**જેહી જપસે જડ દેવ ભયે, તેહી દ્વીજ પ્રેરનવાલ;**
**આપ રહેહુ નિજ કંકર, જબી કહેહુ રછપાલ. ૧૨**

### શબ્દાર્થ

**જેહી** = જે **જપસે** = જાપથી **જડ** =જડ મૂર્તિ **દેવ** = દેવ, દૈવી સ્વરૂપ **ભયે** = થયા, થાય **તેહી** = તે પ્રમાણે, તે મુજબ, તેવું **દ્વીજ** = બ્રાહ્મણ **પ્રેરનવાલ** = પ્રેરણા કરનારા, મનોભાવ ઊભો કરાવનારા, પ્રોત્સાહિત કરનારા **આપ** = પોતે તો **રહેહુ** = રહેલા છે **નિજ** = મૂળ આદિથી, પોતે **કંકર** = કાંકરા જેવી, કંકરમય **જબી** = જેથી, તેટલે જ **કહેહુ** = કહેવાયા કહ્યા છે **રછપાલ** = રખેવાળી.

### અનુવાદ

**જે જાપથી જડ મૂર્તિ દેવ બની તેવી પ્રેરણા કરનારા બ્રાહ્મણો છે, જેથી પોતે તો કાંકરા જેવા રહ્યા તેથી રખેવાળ (કહેવાયા) કહ્યા છે.**

### ભાવાર્થ

ધાતુ અર્થાત્ પથ્થરની મૂર્તિમાં પ્રાણ પૂરીને દેવની પ્રતિષ્ઠા કરી છે. તે પ્રમાણે જગતને પ્રેરણા કરવાવાળા બ્રાહ્મણો છે. આમ સંધ્યા-ગાયત્રીના જાપ જપીને પોતે તો વિત્ત સિવાયના કાંકરા (રેતાળ જમીન) જેવા જ આદિ અનાદિથી જીવન વ્યતીત કરતા રહ્યા છે. એટલા માટે જ દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે તેમને પ્રણવ વૃક્ષના ફળ રૂપ સંધ્યા-ગાયત્રીના રખેવાળ તરીકે સંબોધ્યા છે.

**તેહી સંધ્યા ગાયંતરી, જેહી ફલ પ્રણવ વ્રખેવ;**
**જપત જપત જીનું જુગ ગયે, કોઉ દ્વીજ ભયે ના દેવ. ૧૩**

### શબ્દાર્થ

**તેહી** = તે **સંધ્યા ગાયંતરી** = સંધ્યા ગાયત્રીના જાપ **જેહી** = જે તે **ફલ** = ફળ **પ્રણવ** = પ્રણવનું **વ્રખેવ** = વૃક્ષ **જપત જપત** = જપતાં જપતાં **જીનું** = જેમનું, જેનું **જુગ** = યુગ **ગયે** = ગયા, વીત્યા **કોઉ** = કોઈ **દ્વીજ**

= બ્રાહ્મણ **ભયે** = થયા **ના** = નહીં **દેવ** = દૈવત્યશક્તિવાળા, મહાન.

## અનુવાદ

**તે પ્રણવવૃક્ષના ફળ સમાન સંધ્યા-ગાયત્રીના જાપ જપતાં જપતાં બ્રાહ્મણોને યુગો વીત્યાં, પરંતુ કોઈ બ્રાહ્મણ દેવ (મહાન) બન્યા નહીં.**

## ભાવાર્થ

સૃષ્ટિની શરૂઆતથી અત્યાર સુધીમાં ઘણા યુગો વીતી ગયા છે. પોતાનો ઠેકો લઈને બેઠેલા બ્રાહ્મણો આદિ-અનાદિ કાળથી સંધ્યા-ગાયત્રીના જાપ જપતા રહ્યા છે. તેઓ વિશ્વના માનવોને પોતાની માન્યતા ઠસાવવામાં અને પ્રેરણા કરવામાં વ્યતિત રહીને પોતાનો જીવન નિર્વાહ ચલાવી રહેલા છે તેમ છતાં કોઈ પણ બ્રાહ્મણકુળની વ્યક્તિ દૈવત્ય શક્તિ પ્રાપ્ત કરીને દેવરૂપ બની શક્યા નથી.

**જીને જીને એહી ફલ પાઈયા, લઈ સતગુરુ ગમ સાર;**
**વ્યાસ કપીલ દત્ત શંકર, ભયે ઈશ્વર આવતાર. ૧૪**

### શબ્દાર્થ

**જીને જીને** = જેમણે જેમણે **એહી** = આ **ફલ** = ફળ **પાઈયા** = પ્રાપ્ત કર્યું, મેળવ્યું ભોગવ્યું **લઈ** = લઈને **સતગુરુ** = સદ્‌ગુરુનું **ગમ** = જ્ઞાન, સમજ **સાર** = ગતિ, સત્ત્વ **વ્યાસ** = વ્યાસમુનિ **કપીલ** = કપિલમુનિ **દત્ત** = દત્તાત્રેય **શંકર** = શંકરાચાર્ય **ભયે** = થયા **ઈશ્વર** = ઐશ્વર્યવાન, ઈશ્વર રૂપ, ઈશ્વરીય શક્તિ ધરાવનાર **આવતાર** = અવતાર, જગતના જીવોના ઉદ્ધાર માટે વિષ્ણુ કે અન્ય ઈશ્વરોનું પૃથ્વી પર દેહ ધરીને અવતર એટલે જન્મવું તે.

## અનુવાદ

**સદ્‌ગુરુ પાસેથી સારરૂપ સત્વ ફળને પ્રાપ્ત કર્યું છે તેવા વ્યાસ, કપિલ, દત્તાત્રેય અને શંકરાચાર્ય વગેરે ઈશ્વરીય અવતારો થયા છે.**

## ભાવાર્થ

જગતમાં ઈશ્વર તરીકે મહાન ગણાતા બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એમ ત્રણ મોટા

દેવો છે. પૃથ્વી પર અસુરોનો સંહાર કરવા તથા ધર્મના સ્થાપન માટે પૃથ્વી પર જન્મ ધારણ કરીને આવતા ઈશ્વરના સ્વરૂપને અવતાર ગણવામાં આવે છે.

વિશ્વમાં વિષ્ણુના મુખ્ય દશ અને અન્ય મળી કુલ ચોવીસ અવતારોનો ઉલ્લેખ પુરાણોમાં જોવા મળે છે. એવા વ્યાસ, કપિલ, દત્તાત્રેય વિગેરે અવતારાદિક મહા પુરુષોએ પણ સદ્‌ગુરુ પાસેથી સારરૂપી સત્ત્વને સમજી આ ફળ પ્રાપ્ત કર્યું છે. આ પ્રમાણે તેઓ ઈશ્વરીય અવતાર તરીકે જગતમાં ખ્યાતિ પામેલા છે.

**બીન સતગુરુ દ્વીજ જીવ રહે, જપી જપ ભયે પ્રવીન;**
**ફલ ગતિ ગમ પયે શીવ હુતે, બિનુ ગતિ ગમ રહે દીન. ૧૫**

### શબ્દાર્થ

**બીન** = સિવાય, વગર **સતગુરુ** = સદ્‌ગુરુ **દ્વીજ** = બ્રાહ્મણ **જીવ** = જીવદશાવાળા, અજ્ઞાની **રહે** = રહ્યા **જપી** = જપીને **જપ** = જપ, મંત્ર, જાપ **ભયે** = થયા **પ્રવીન** = કુશલ, નિપુણ, ચતુર **ફલ** = ફળ **ગતિ** = સમજ **ગમ** = સૂઝ, જ્ઞાન, જાણ **પયે** = પ્રાપ્ત કરવાવાળા, પ્રાપ્ત કરીને **શીવ** = શિવદશાવાળા જ્ઞાની **હુતે** = થયા **બિનુ ગતિ ગમ** = સમજ અને સૂઝ તથા જ્ઞાન સિવાયના **રહે** = રહ્યા **દીન** = ગરીબ, દુઃખી, લાચાર, બિચારા, નિર્વિત, વિત્ત વગરના.

### અનુવાદ

**સદ્‌ગુરુ વિના તે બ્રાહ્મણો જાપ જપી જપીને નિપૂર્ણ (પ્રવિણ) તો બન્યા છતાં જીવદશાના જ રહ્યા. જેમણે જ્ઞાન ગતિ દ્વારા તે ફળ ચાખ્યાં તેઓ શિવદશાવાળા બન્યા અને જેમણે જ્ઞાન-ગતિ પ્રાપ્ત ન કરી તેઓ નિર્વિત રહ્યાં.**

### ભાવાર્થ

બ્રાહ્મણો આદિ-અનાદિથી વેદ-મંત્રોને પ્રણવના ફળરૂપ સંધ્યા ગાયત્રીના જાપ જપી જપીને ધાર્મિક વિધિના કાર્યમાં નિપૂર્ણ બન્યા, પરંતુ તેઓ સદ્‌ગુરુના શરણે ન જઈ શકવાને કારણે જ્ઞાન ગતિ પ્રાપ્ત કરી શક્યા નહીં. પરિણામે સમજ-સૂઝ અને જ્ઞાન વિના તેઓ જીવદશા ભોગવવા લાગ્યા.

વળી, જેઓએ સદ્‌ગુરુના શરણે જઈને ગુરુકૃપા દ્વારા તે પ્રણવ ફળની જ્ઞાનગતિ પ્રાપ્ત કરી, તેઓ ઊંડા અભ્યાસી થયા અને શિવગતિના બન્યા. પરિણામે

સદ્ગુરુની કૃપા સિવાય જ્ઞાનગતિ પ્રાપ્ત ન કરનારા બ્રાહ્મણો વિત્ત, સિવાયના (નિર્વિત) રહ્યા.

**વાલ્મીક મુનિનારદ, પારાસુર વસિષ્ઠ;**
**સૌદર થા પન ગુરુગમે, સબ શિર ભયે વરેષ્ટ. ૧૬**

### શબ્દાર્થ

**વાલ્મીક** = ભીલ જાતિમાં ઉછેર પામેલ લૂંટારુ, નારદમુનિના સંસર્ગથી મહાન ઋષિ પદ પ્રાપ્ત કરી તમસા નદીના કાંઠે આશ્રમ બનાવીને રહ્યા. પોતે આદ્ય કવિ કહેવાયા. રામાવતારની પહેલા જ દિવ્ય દૃષ્ટિથી રામાયણની રચના કરી **મુનિનારદ** = નારદમુનિ, વિષ્ણુના પરમભક્ત કે જેઓ પૃથ્વી પર અને દેવલોકમાં આવગમન કરીને પ્રભુ કિર્તન કરવામાં નિપુણતા પ્રાપ્ત કરી હતી. ખટપટી માનસવૃત્તિ રાખી પરોપકાર્ય કરાવીને આનંદમાં રહેનાર દેવર્ષિ થઈ ગયા **પારાસુર** = પરાશર નામના આ મહર્ષિ જ્યોતિષ, ગણિત, બીજગણિત, નૌકાશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રમાં પ્રવીણ તથા શોધક તેમજ મહાન વક્તા હતા **વસિષ્ઠ** = મહાન પ્રસિદ્ધ વૈદિક ઋષિ જે રઘુવંશના કુલગુરુ **સૌદર** = શુદ્ર મુખ્ય ચાર વર્ણઃ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર પૈકીના ચોથા વર્ણના વ્યક્તિ જેનો સેવા ધર્મ છે **થા** = હતા **પન** = પરંતુ **ગુરુગમે** = ગુરુના જ્ઞાન થકી મળેલ સમજને આધારે **સબ** = દરેકના **શિર** = મસ્તક પર દરેક જાતિ ઉપર **ભયે** = થયા **વરેષ્ટ** = સર્વોતમ, શ્રેષ્ઠ, વરિષ્ઠ, સૌથી મોટા, મહાન.

### અનુવાદ

**વાલ્મીકિ, નારદમુનિ, પારાસુર અને વસિષ્ઠ વગેરે શુદ્ર હોવા છતાં ગુરુના જ્ઞાન થકી (દરેક જાતિમાં) સર્વોતમ કહેવાયા.**

### ભાવાર્થ

રામાયણ રચનાર વાલ્મીકિ, કિર્તનકાર અને દેવર્ષિ નારદમુનિ અનેક શાસ્ત્રોના વક્તા પારાશુર અને રઘુવંશના કુલગુરુ વસિષ્ઠ વિગેરે મહાન ઋષિ થઈ ગયા. તેઓ સમાજની મુખ્ય ચાર વર્ણઃ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર પૈકીની શુદ્ર ગણાતી નિમ્ન કક્ષાના વર્ણમાં થઈ ગયા હતા, પરંતુ તેમણે પોતાના શિર પર સમર્થ ગુરુનું બાનુ ધારણ કર્યું હતું. તેથી ગુરુકૃપા દ્વારા વિવિધ ક્ષેત્રે ઊંડી સમજ પ્રાપ્ત કરી હતી. પરિણામે વિશેષ જ્ઞાનગતિ મેળવેલી હોવાને કારણે સમગ્ર માનવજાતિમાં જ્ઞાની અને સર્વોતમ મહાપુરુષ તરીકે પ્રથમ પંક્તિમાં નામના પ્રાપ્ત કરી છે.

**જબ બરનેહુ હમ સંતહી, ફલ પાવન અધિકાર;**
**પાયેહુ સબ જેહી શિવ ભયે, બિનું પયે દ્વિજ રખવાર. ૧૭**

### શબ્દાર્થ

**જબ** = જેથી, તેથી જ **બરનેહુ** = વર્ણન કર્યું છે **હમ** = મેં **સંતહી** = સંત પુરુષોના **ફલ** = ફળ, પ્રણવ વૃક્ષના ફળ રૂપ સંધ્યા અને ગાયત્રી **પાવન** = પ્રાપ્ત કરીને, પ્રાપ્ત કરવાના, **અધિકાર** = અધિકારી **પાયેહુ** = પામ્યા, પ્રાપ્ત કર્યું **સબ** = બધાએ, સૌએ **જેહી** = તેઓ **શિવ** = શિવ દશાવાળા **ભયે** = થયા **બિનું** = વિના, વગર સિવાય **પયે** = પ્રાપ્ત કર **દ્વિજ** = બ્રાહ્મણ **રખવાર** = રખેવાળ, રક્ષક.

### અનુવાદ

**જેથી ફળ પ્રાપ્ત કરનાર અધિકારી સંતોનું મેં વર્ણન કર્યું છે. જેમણે ફળ પ્રાપ્ત કર્યું તેઓ સૌ શિવદશાવાળા થયા અને જેણે નથી પ્રાપ્ત કર્યું, તે બ્રાહ્મણો રખેવાળ રહ્યા.**

### ભાવાર્થ

જગતમાં પ્રણવવૃક્ષના ફળ રૂપ સંધ્યા અને ગાયત્રીના જાપનું ગુરુકૃપા થકી (ઘણા મહાપુરુષો) જ્ઞાન પ્રાપ્તિના અધિકારી બન્યા તેવા મહાન સંત પુરુષોના નામનો ઉલ્લેખ દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે તેમના અગાઉના વર્ણનમાં કર્યો છે. તેવા અધિકારી સંતો એ તે ફળ પ્રાપ્ત કર્યું છે અને શિવદશાવાળા થયા છે. સંસારમાં જેઓએ તે ફળ પ્રાપ્ત નથી કર્યું. તેવા જીવદશા ભોગવે છે. કહેવાતા બ્રાહ્મણોએ તે પ્રણવવૃક્ષના ફળ રૂપ સંધ્યા અને ગાયત્રીના જાપ અન્ય વ્યક્તિ પાસે જપાવ્યા છે. તેમણે પોતે પણ ભૌતિક કાર્યોની ફલશ્રુતિ માટે જપ્યા છે. વળી તે જાપ જપવા માટે પોતાનો જ ઠેકો (અધિકાર) છે તેવું સમાજને ઠસાવીને તે પ્રણવ ફળની રખેવાળી કરી છે. એટલે જ તેઓ તે ફળના રખેવાલ (રક્ષક) જ બની રહ્યા છે.

**પ્રણવ વૃક્ષ ફલ વ્રનવહી, કહે જીનું જેહી અધિકાર;**
**સંત સમજ ફલ ભક્ષનકી, વિપ્ર વદેહુ રખવાર. ૧૮**

### શબ્દાર્થ

**પ્રણવ વૃક્ષ** = પ્રણવ વૃક્ષ **ફલ** = ફળ **વ્રનવહી** = વર્ણન કર્યું છે, વર્ણવ્યું **કહે** = કહ્યું **જીનું** = જેનો **જેહી** = જેવો **અધિકાર** = પાત્રતા, અધિકાર **સંત** = જ્ઞાન ગતિ કેળવેલ વ્યક્તિ **સમજ** = સમજ **ફલ** = ફળ

**ભક્ષનકી** = પચાવી જાણવું, ઉપભોગ કર્યો, માણ્યું **વિપ્ર** = બ્રાહ્મણ **વદેહુ** = કહ્યા **રખવાર** = રખેવાળ, રક્ષક.

## અનુવાદ

**પ્રણવ વૃક્ષના ફળનું વર્ણન કરીને જેનો જેવો અધિકાર હતો તે પ્રમાણે કહ્યું છે. સંતોએ સમજપૂર્વક તે ફળનું ભક્ષણ કર્યું, જ્યારે બ્રાહ્મણોને રખેવાળ કહ્યા છે.**

## ભાવાર્થ

સંસારમાં આદિ-અનાદિથી પ્રણવવૃક્ષના ફળ રૂપ સંધ્યા અને ગાયત્રીના મંત્રો માટે જેનો જેવો અધિકાર હતો તે પ્રમાણે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે નિષ્પક્ષ રીતે વર્ણન કર્યું છે.

ગુરુમુખી થઈ ગુરુએ દર્શાવેલી સમજને યથાયોગ્ય રીતે સંપૂર્ણતઃ સમજણ થકી પ્રણવ ફળના વિત્તને જેણે પચાવી જાણ્યું, તેવા સંતપુરુષોને શિવદશાવાળા કહ્યા છે. તે પ્રણવવૃક્ષના ફળનો યથાર્થ રીતે ઉપયોગ ન કરનાર, પરંતુ ફક્ત સાચવી જ રાખનાર બ્રાહ્મણોને ફક્ત રખેવાળ (રક્ષક) તરીકે દર્શાવ્યા છે.

**રખવાલેમેં જેહી દીયે, દાન પુન્ય બ્રહ્મભોજ;**
**કરમકાંડ કન્યા વિધિ, ઓરુ મૃતીયા ક્રમ મોજ. ૧૯**

### શબ્દાર્થ

**રખવાલેમેં** = રખેવાળી કરવાના કાર્ય માટે **જેહી** = જે **દીયે** = આપવામાં આવ્યું **દાન** = દક્ષિણા, બક્ષિસ, ભેટ **પુન્ય** = સુકૃતનું ફળ, સત્કર્મનું ફળ, પવિત્ર કર્મ **બ્રહ્મભોજ** = બ્રાહ્મણોને આપવામાં આવતું ભોજન, ચોરાશી **કરમકાંડ** = ધાર્મિક ક્રિયાઓ અને કર્મો **કન્યા વિધિ** = કન્યાની લગ્નવિધિ **ઓરુ** = અને, વળી **મૃતીયા** = મરણ પામેલાની પાછળ મૃતીય **ક્રમ** = મરણોત્તર કર્મકાંડ **મોજ** = આનંદ, મરજી પડે તેમ, ઈચ્છાનુસાર, રુચિ મુજબ.

## અનુવાદ

**રખેવાળી માટે પુન્યદાન, બ્રહ્મભોજન, કન્યાની લગ્નવિધિ અને મૃત્યુ પામેલાની ઈચ્છાનુસાર ક્રિયા તથા કર્મકાંડ આપવામાં આવ્યું છે.**

## ભાવાર્થ

સંધ્યા-ગાયત્રીના રખેવાળ એવા બ્રાહ્મણોને રખેવાળીના બદલામાં તેમના જીવનનિર્વાહને ધ્યાનમાં રાખી ધાર્મિક ક્રિયા-કર્મ માટેનો અધિકાર આપવામાં આવ્યો છે.

આ નિમિત્તે બ્રાહ્મણોને સંસારના મુમુક્ષુ જનો પુણ્યની પ્રાપ્તિ માટે દાન-દક્ષિણા આપે છે. વાર-તહેવાર અને શુભ દિવસોમાં બ્રહ્મભોજન પણ કરાવે છે. કન્યાના લગ્નવિધિ માટે પણ ગોરપદુ કરાવવાનો અધિકાર આપવામાં આવેલો છે. તે ઉપરાંત મરણ પામેલાની ઈચ્છા અધૂરી રહી ગયેલી હોય તેવા બહાના હેઠળ વિવિધ પ્રકારની જીવન-જરૂરિયાત માટેની સામગ્રી તથા મરનારની પસંદગીનું અન્ન-વસ્ત્ર અને કિંમતી ઝવેરાતની દક્ષિણા આપવાનું પણ ગોઠવેલું છે. એવી માન્યતા પણ ઊભી કરી છે કે મૃતાત્મા તેવી તે વસ્તુ અર્થાત્ પદાર્થ પછીના જન્મે મેળવી શકે અથવા તેને સ્વર્ગમાં પ્રાપ્ત થાય.

**અબ શાખા પુનિ પત્રહી, વૃક્ષ પુષ્પ પતિયાર;**
**નામ રૂપ ગુણ સબ કહું, જીને જેહી તત્ત્વ વિચાર. ૨૦**

### શબ્દાર્થ

**અબ** = હવે **શાખા** = ડાળી **પુનિ** = અને **પત્રહી** = પાન, પાંદડાં **વૃક્ષ** = વૃક્ષ, ઝાડ **પુષ્પ** = પુષ્પ, ફૂલ **પતિયાર** = પ્રતીતિ, વિશ્વાસ, નક્કીપણુ, પ્રસિદ્ધ, લક્ષણો, સમજ **નામ** = નામ **રૂપ** = આકાર, પ્રતિકૃતિ, દેખાવ **ગુણ** = ગુણ, રસપ્રદ લક્ષણ, અસર, પ્રભાવ, લાક્ષણિકતા **સબ** = બધું, તમામ **કહું** = કહું છું **જીને** = જેનો, જે તે **જેહી** = જે રીતે, જેવો **તત્ત્વ** = તત્ત્વ અંગેનો **વિચાર** = અભિપ્રાય, ચિંતવન.

## અનુવાદ

**હવે (તે પ્રણવ) વૃક્ષની શાખા, પત્ર અને પુષ્પના નામ રૂપ અને ગુણ સહિત બધા તત્ત્વોનો જેણે જે રીતે અભિપ્રાય દર્શાવ્યો છે તે નક્કી કરીને કહુ છું.**

## ભાવાર્થ

પ્રણવ વૃક્ષની શાખા, પત્ર અને પુષ્પને ક્યાં ક્યાં નામોનું આરોપણ કરવામાં આવેલું છે તે તેમજ તેમના રૂપ, રંગ અને દરેકની લાક્ષણિકતા અંગે રહેલાં સર્વ તત્ત્વો માટે જે જે રીતે અભિપ્રાય દર્શાવીને તેનું વર્ણન કરવામાં આવેલ છે. દિવ્ય પરમગુરુ

શ્રીમત્ કરુણાસાગર જણાવે છે કે તે માટે જેમણે જે પ્રમાણેનો અભિપ્રાય દર્શાવ્યો છે તેને નિશ્ચયાત્મક સ્વરૂપે જ દર્શાવવામાં આવશે.

**પરા પશ્યંતી મધ્યમા, વૈખરી વાણી વિલાસ;**
**એ શાખા તરુ પ્રણવકી, ભયે જીનુ નિગમ પ્રકાશ. ૨૧**

### શબ્દાર્થ

**પરા** = પરા વાણી **પશ્યંતી** = પશ્યંતી વાણી **મધ્યમા** = મધ્યમા વાણી **વૈખરી** = વૈખરી વાણી **વાણી** = બોલી, વચન, શબ્દ **વિલાસ** = મોજ, આનંદ, ખેલ **એ શાખા** = એ શાખા, ડાળી **તરુ** = વૃક્ષ **પ્રણવકી** = પ્રણવના **ભયે** = થયા **જીનુ** = જેના **નિગમ** = વેદ બ્રહ્માજી દ્વારા થયેલું ઉચ્ચારણ **પ્રકાશ** = જાહેર કરવું, અલભ્ય વિગતને સમજાય તેમ કહેવી, પ્રસિદ્ધિ, વિસ્તાર.

### અનુવાદ

**પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી વાણીનો વિલાસ એ તો પ્રણવ વૃક્ષની શાખા છે, જેના થકી વેદનો વિસ્તાર થયો છે.**

### ભાવાર્થ

પ્રણવ વૃક્ષની શાખા રૂપે પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી વાણીનો વિકાસ થયો છે. (ખેલ અસ્તિત્વમાં આવેલો છે) બ્રહ્માજીએ પોતાના ચાર દિશાના મુખથી તે વાણીનો વિસ્તાર કરેલો છે, જેના થકી જ ચાર વેદ પ્રસિદ્ધિ પામેલા છે.

**નિગમ ચતુર ચિત્ત ચિંતવન, ઉચરેહુ અનંત પ્રકાર;**
**નામ સામ રઘુ જજુરહી, અથર વરણ અનુસાર. ૨૨**

### શબ્દાર્થ

**નિગમ** = વેદ, શ્રુતિ **ચતુર** = ચાર **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **ચિંતવન** = ચિંતવન, ચિંતન, મનન **ઉચરેહુ** = ઉચ્ચાર કર્યો છે **અનંત** = અંત રહિત, જેનો કોઈ છેડો (અંત) નથી તેવું **પ્રકાર** = પ્રકારે, રીતે, વિધિ, વિશિષ્ટ જ્ઞાન **નામ** = નામ **સામ** = સામવેદ **રઘુ** = ઋગ્વેદ **જજુરહી** = યજુર્વેદ **અથર** = અથર્વવેદ **વરણ** = વર્ણન, પ્રકાર **અનુસાર** = અનુસાર, પ્રમાણે, મુજબ.

### અનુવાદ

**ચિત્તના ચિંતવન બાદ ચાર વેદની અનંત પ્રકારની વાણીનો ઉચ્ચાર કર્યો છે. તેવી વાણીના વર્ણન અનુસાર તેનાં નામ સામવેદ, ઋગ્વેદ, યર્જુવેદ અને અથર્વવેદ છે.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ ચિત્તનું ચિંતવન કરીને ચાર વેદ દ્વારા સર્જનહારે રચેલી રચના અંગે વિશિષ્ટ જ્ઞાનનો ઉચ્ચાર કર્યો છે. તેવી વાણીના વર્ણનના પ્રકાર મુજબ જોતાં ઉત્તર દિશા તરફના મુખે પરા વાણી દ્વારા અથર્વવેદનું ઉચ્ચારણ કરેલું છે. દક્ષિણ દિશા તરફના મુખ મધ્યમા વાણી દ્વારા યર્જુવેદનું ઉચ્ચારણ કરેલું છે. પૂર્વ દિશા તરફના મુખે વૈખરી વાણી દ્વારા ઋગ્વેદનું ઉચ્ચારણ કરેલું છે અને પશ્ચિમ દિશાના મુખે પશ્યંતિ વાણી દ્વારા સામવેદનું ઉચ્ચારણ કરેલું છે.

**શ્રુતિ સ્મૃતિ ઓરુ કાંડહી, નિગમ પત્ર અહંમેવ;**
**અષ્ટાદશ ખટ નવ જીનું, પત્રમે અંક અવેવ. ૨૩**

### શબ્દાર્થ

**શ્રુતિ** = સાંભળેલી વાત **સ્મૃતિ** = સંસ્મરણો, યાદદાસ્તથી લખેલા શાસ્ત્રકારો દ્વારા રીત, રિવાજ, ક્રિયા, ધર્મ, રાજનીતિ વિગેરે વિષયો પર લખાયેલા ગ્રંથો **ઓરુ** = અને, વળી **કાંડહી** = ક્રિયા અંગેના અધ્યાય, પ્રકરણ, વિભાગ **નિગમ** = વેદ **પત્ર** = પાંદડાં, પાન **અહંમેવ** = પોતાની મેળે **અષ્ટાદશ** = અઢાર પુરાણ **ખટ** = છ (શાસ્ત્ર) **નવ** = નવ (વ્યાકરણ) **જીનું** = જેનું **પત્રમે** = પાન તરીકે, પાંદડાંમાં **અંક** = અંક, નક્કી કરવું, આંકડા **અવેવ** = આચાર, વિવેક, વ્યવસ્થા, ચોક્કસ, અવયવ, અંગ.

### અનુવાદ

**સાંભળેલી વાત ઉપરથી થયેલી રચના, યાદદાસ્તથી લખેલા ગ્રંથો અને વૈદિક સાહિત્યના વિભાગો વિગેરે પોતાની મેળે લખેલા પાંદડાં છે. તેમજ અઢાર પુરાણ, છ શાસ્ત્ર, નવ વ્યાકરણ પણ તે શાખાના જ પાંદડા રૂપ નક્કી કરેલા અંગો છે.**

## ભાવાર્થ

વેદના જ્ઞાનનો અનુભવ, પોતાની તપશ્ચયાના બળે પોતાના અંતરાત્મામાં આવ્યો એટલે કે, અંતઃકરણમાં સંભળાયો તે સંભળાયેલા શબ્દોના સંગ્રહથી બનાવેલા ગ્રંથોને શ્રૃતિથી સંબોધવામાં આવ્યા છે. તે જ રીતે પરંપરાથી યાદદાસ્ત ઉપરથી ઋષિઓએ તેમજ ધર્માચાર્યોએ રીત, રિવાજ, ક્રિયા, ધર્મ, રાજનીતિ વિગેરે વિષયો ઉપર લખેલા ધર્મ-પુસ્તકો સ્મૃતિ તરીકે ગણાયા છે. વળી, વેદોના અભ્યાસ થકી વૈદિક સાહિત્યનું આધુનિકરણ કરીને દર્શાવવામાં આવતા અધ્યાય, પ્રકરણ, ભાગ વગેરે ભાગ પાડીને ચોક્કસ વિષયો ઉપરના લખાણો કાંડ તરીકે ઓળખાય છે.

શાખા રૂપ વેદોના આધારથી ફૂટી નીકળેલ પોતાના અનુભવ જન્ય લખાયેલા પાંદડાં સમાન શ્રૃતિ, સ્મૃતિ અને કાંડ જેવા ધાર્મિક ગ્રંથો છે. વળી, અઢાર પુરાણ, છ શાસ્ત્રો અને નવ વ્યાકરણ જેવા નક્કી કરેલા ગણતરીના આંકડામાં દર્શાવ્યા પ્રમાણેના અંગો પણ વેદરૂપ શાખાના જ અન્ય પાંદડાંઓ છે.

## ચૌદ વિદ્યા વૈદક ગીરા, મંત્ર જંત્ર બહુ ભિન્ન;
## ઓરુ કથા ઈતિહાસ લહુ, નિગમ પત્ર જીનું ચિન. ૨૪

### શબ્દાર્થ

**ચૌદ** = ચૌદ **વિદ્યા** = વિદ્યા, જ્ઞાન, કળા **વૈદક** = વૈદુક, ચિકિત્સા, ઔષધી **ગીરા** = વાણી, ભાષા, જ્ઞાન **મંત્ર** = સારી તેમજ માઠી અસર ઉપજાવે તેવો શાબ્દિક ઉચ્ચાર અથવા તેવું ચમત્કારિક વાક્ય, સૂક્ત કે ઋચા **જંત્ર** = યંત્ર તાંત્રિક કોઠો, કોષ્ટક આકૃતિ કે અક્ષરોવાળો કાગળ, પતરું, તાવીજ, ભોજપત્ર, ધાતુ, માદળિયું **બહુ** = ઘણા **ભિન્ન** = જુદાં, અલગ **ઓરુ** = અને **કથા** = વાર્તા, કહાણી, નવલકથા, વર્ણન વૃતાંત, હેવાલ કથાકાર દ્વારા કહેવામાં આવતી, ધાર્મિક, પૌરાણિક કે સામાજિક વિષય ઉપરનું વિવેચન, કથન યા ભાષણ **ઈતિહાસ** = તવારીખ વખતના ક્રમ પ્રમાણે નોંધાયેલી ઐતિહાસિક પ્રમાણ દર્શાવતી ભૂતકાળની હકીકત યા વૃતાંત દર્શાવતું સાહિત્ય **લહુ** = સુધી **નિગમ** = વેદ **પત્ર** = પત્ર, પાંદડાં **જીનું** = જેનું, જેના **ચિન** = ઓળખ, નિશાની.

## અનુવાદ

**ચૌદ પ્રકારની વિદ્યા, વૈદિક વાણી, ઘણાં પ્રકારના મંત્ર, જંત્ર અને કથા ઈતિહાસ સુધીના સર્વ વેદ રૂપ શાખાના પાંદડા તરીકે જ ઓળખાય છે.**

## ભાવાર્થ

બ્રહ્મજ્ઞાન, રાસાયણિક સ્વરકથા, વૈદ્યક, જ્યોતિષ, શબ્દાખ્યાન, ધનુર્વિદ્યા, સંગીતમ્, નાટ્યત્મ્, અશ્વારોહણ, કોકશાસ્ત્રાષ્ઠનમ્, વાગ્દીનતા, ચાતુરી અને જલતરમ્ જેવી ચૌદ વિદ્યા તથા ઔષધિક જ્ઞાન દર્શાવતી વિશિષ્ટ વાણી તેમજ બહુ પ્રકાર મંત્ર, જંત્રની આદ્ય લઈ કથાકારો દ્વારા થતા રોચક અને ભયાનક વૃતાંતો અને પૌરાણિક વખતના ક્રમ પ્રમાણે નોંધાયેલી ઐતિહાસિક પ્રમાણ દર્શાવતી વાતો સહિતનું તમામ સાહિત્ય ચાર વેદના પાંદડાં તરીકેની નિશાની રૂપે છે.

**એહી પત્ર વૃક્ષ પ્રણવકે, નિગમ ચતુર અધિકાર;**
**અબ ગતિ ગમ કહુ કુસ્મકી, જેહી બાવન વિસ્તાર. ૨૫**

### શબ્દાર્થ

**એહી** = આ પ્રમાણે **પત્ર** = પાંદડાં, પાન **વૃક્ષ** = ઝાડ **પ્રણવકે** = પ્રણવના **નિગમ** = વેદ **ચતુર** = ચાર **અધિકાર** = પાત્રતા, જાણકારી, પ્રમાણ પરિચ્છેદ, વિષય **અબ** = હવે **ગતિ** = સમજ **ગમ** = જ્ઞાન **કહુ** = કહુ છું **કુસ્મકી** = ફૂલોની **જેહી** = જે **બાવન** = બાવન અંકોનો બાવન અક્ષરોનો **વિસ્તાર** = ફેલાવો, હદ, પસારો.

## અનુવાદ

**એ પ્રણવ વૃક્ષના પાન ઉપર ચાર વેદનો અધિકાર છે. હવે તેનાં ફૂલ રૂપ બાવન અક્ષરનો વિસ્તાર છે તેની ગમ ગતિ કહુ છું.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ જે જે પાંદડાં સ્વરૂપે વર્ણવેલા છ શાસ્ત્રો, નવ વ્યાકરણ, શ્રૃતિ, સ્મૃતિ, કાંડ, અઢાર પુરાણ, ચૌદ વિદ્યા, વૈદક વાણી રૂપ મંત્ર, તંત્ર સહિતની ઐતિહાસિક કથાઓ વિગેરે સર્વ રચના વિકાસ પામેલી છે. તે બધું ઋગ્વેદ, અથર્વવેદ, યર્જુવેદ અને સામવેદના દોહન પૈકી તેમાંથી ઉત્પત્તિ પામેલ હોઈ તે સર્વ રચના ઉપર ચાર વેદનો જ અધિકાર રહેલો છે.

દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે પછી પ્રણવ વૃક્ષના ફૂલો અંગેની માહિતી દર્શાવીને તેનું જ્ઞાન અને સમજ વિષે કહે છે.

(દોહા)

**શાખા પત્ર ફળ બરનેહુ, વિવિધ્ય ભાત્ય વિગતંગ;**
**અબ ગ્યમ કહુ સૂણ કુસુમકી, કહે કુવેર ઉમંગ. ૨૬**

### શબ્દાર્થ

**શાખા** = શાખા **પત્ર** = પાન, પાંદડાં **ફળ** = ફળ **બરનેહુ** = વર્ણવ્યું વર્ણન કર્યું **વિવિધ્ય ભાત્ય** = જુદી જુદી રીતે, પ્રકારે **વિગતંગ** = વિગતવાર અંગો દર્શાવીને **અબ** = હવે પછી **ગ્યમ** = ગમ, સમજ, જ્ઞાન **કહુ** = કહુ છું **સૂણ** = સાંભળો, શ્રવણ કરો **કુસુમકી** = ફૂલોની **કહે કુવેર** = દિવ્ય પરમગુરુ કુવેરસ્વામી કહે છે **ઉમંગ** = આનંદથી, પ્રેમપૂર્વક, હર્ષથી.

### અનુવાદ

**શાખા, પત્ર અને ફળનું વિધ વિધ પ્રકારે વિગતવાર વિભાગ પાડીને વર્ણન કર્યું. હવે તેનાં પુષ્પોની સમજ ઉમંગપૂર્વક કહુ છું તે સાંભળો, એમ કુવેરસ્વામી કહે છે.**

### ભાવાર્થ

આ કેતુ-૨ માં પ્રણવ વૃક્ષની શાખાઓ પત્રો અને ફળો વિશે તેના અંગો દર્શાવીને જુદા-જુદા પ્રકારે વિસ્તારપૂર્વક સમજ આપી છે. હવે પછી પ્રણવ વૃક્ષના ફૂલો અંગેની માહિતી દર્શાવવામાં આવે છે તે દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર શ્રોતાજનોને શ્રવણ કરવા માટે અનુરોધ કરે છે.

# અંક પસારન પુષ્ટિ પ્રતિપાદ કરનન
# કેતુ ૩

**કર્તા અંશવૃત્તિ પ્રણવહી, ઉભયે હોત ટહંકાર;**
**સોહિ નિજ સ્વર ટહંકારકે, અક્ષર કીયે આકાર. ૧**

### શબ્દાર્થ

**કર્તા** = સર્જનહાર, અંશો જેના સજાતીય છે તેવા બ્રહ્માંડની સર્વ રચના કરનાર **અંશવૃત્તિ** = કર્તાની છઠ્ઠી વૃત્તિ **પ્રણવહી** = પ્રણવ, શ્વાસોચ્છવાસ **ઉભયે** = બન્ને **હોત** = થાય છે, કરે છે **ટહંકાર** = અવાજ, રણકાર, વાણી વિલાસ, ધ્વનિ **સોહિ** = તે **નિજ** = મૂળ, આદિ, પોતાના **સ્વર** = શ્વાસ, સૂર, નાદ, વાયુ, નાક વાટે ચાલે તે શ્વાસનો પ્રવાહ **ટહંકારકે** = અવાજ, રણકાર, વાણીવિલાસ, ધ્વનિને લીધે **અક્ષર** = વર્ણમાળાના શબ્દ-વ્યંજન રહિત કે વ્યંજન સહિત સ્વરોચ્ચારણાત્મક લિઈપ, શ્રુતિ, દસ્કત **કીયે** = કર્યા, થાય થયા **આકાર** = ઘાટ, રૂપ, આકૃતિ.

### અનુવાદ

**કર્તાની અંશવૃત્તિના અંશની વૃત્તિ જ્યારે પ્રણવ ઉપર પડે ત્યારે બંને વાયુ ટહંકાર કરે છે. તે મૂળ ટહંકારવાળા સ્વર થકી અક્ષરનો આકાર થાય છે.**

### ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડ અને તેમાં પોષણ પામતી તમામ ઉત્પત્તિના કારણ રૂપે રહેલા સર્જનહારની છેલ્લી અને છઠ્ઠી અંશવૃત્તિના અંશની વૃત્તિ પ્રથમથી તત્ત્વોના સમૂહથી તૈયાર થયેલા ઘાટમાં રહેલા પ્રણવ ઉપર પડવાથી ત્યારે પ્રથમ સોહંગ અને પછી ઓહંગ એમ બંને પ્રકારના મુકાતા અને લેવાતા શ્વાસ ચેતનતા પામીને ટહંકાર કરે છે. તે મૂળ ટહંકારવાળા સ્વર થકી ક્રમશઃ પરા, પશ્યંતિ, મધ્યમા અને છેલ્લે વૈખરી વાણીના વહનથી અક્ષરોનો આકાર થાય છે. પરિણામે કંઠ થકી સ્વરોચ્ચાર શક્ય બને છે.

**બોહોરહુ સ્વર ઓરુ મન મીલી, ધરે અંક શિર નામ;**
**બિનું સ્વર મન અંતઃકરણ, ઉઠે નાં અંક અકામ. ૨**

### શબ્દાર્થ

**બોહોરહુ** = ત્યાર બાદ, ત્યાર પછી, પરંતુ જ્યારે **સ્વર** = શ્વાસ **ઓરુ** = અને **મન** = અંતઃકરણ **મીલી** = મળીને, ભેગાં થઈને **ધરે** = ધારણ કરે, ધરીને, લઈને **અંક** = આંકડાં, અક્ષર **શિર** = મસ્તક, માથુ **નામ** = નામ **બિનું** = વગર, સિવાય **સ્વર** = પવન, શ્વાસ **મન અંતઃકરણ** મન અંતઃકરણ **ઉઠે નાં** = ઊઠે નહીં, ઉત્પન્ન થાય નહીં **અંક** = અક્ષર **અકામ** = નિષ્કામ, અનિચ્છા, ખાલી, સ્વાભાવિક.

### અનુવાદ

**પરંતુ જ્યારે સ્વર અને મન મળે ત્યારે અક્ષરનાં શિર પર નામ ધારણ થાય છે એટલે કે, મન અંતઃકરણ સિવાયના નિષ્કામ સ્વરથી અક્ષર ઊઠતા નથી.**

### ભાવાર્થ

શરીરમાં વહેતા પ્રણવ ઉપર મન અંતઃકરણ જ્યાં સુધી સવાર થતું નથી ત્યાં સુધી કોઈ પણ પ્રકારના અક્ષરની ઉત્પત્તિ થઈ શકતી નથી. એટલે કે, મન અંતઃકરણના સવાર થયા વગરનો પ્રણવ સ્વાભાવિક દશામાં નિષ્કામ વહે છે. આમ તે સમયે અક્ષરનું ઉચ્ચારણ કરવાની ક્ષમતા વગરનો પ્રણવ સહેજાસહજ વહે છે. તેથી તે અક્ષરનું ઉચ્ચારણ કરી શકતો નથી.

**તેહી અંતઃકરણ સ્વરનકે, વિછડે નહીં અખરંત;**
**ના તો એકલા પ્રણવસે, નામનસે લખીયંત. ૩**

### શબ્દાર્થ

**તેહી** = તે **અંતઃકરણ** = અંતઃકરણ **સ્વરનકે** = પ્રણવને **વિછડે** = વિખૂટો, છૂટો, જુદો **નહીં** = નહીં **અખરંત** = અક્ષર, આખરે, છેવટે **ના તો** = નહીંતો, તો નહીં **એકલા** = એકલા **પ્રણવસે** = પ્રણવથી **નામનસે** = નામ વડે, નામ ન હોય તો **લખીયંત** = લખી શકાય.

### અનુવાદ

**તે અંતઃકરણને સ્વરથી છૂટો પાડવામાં આવે તો અક્ષર થતા નથી, ના તો એકલા પ્રણવથી પણ નામ લખાતું નથી.**

## ભાવાર્થ

અગાઉની ચોપાઈનું પુનરાવર્તન કરીયે તો એકલા મન અંતઃકરણને પ્રણવથી જુદો કરી દેવામાં આવે તો મન અંતઃકરણ વગરનો સ્વર અક્ષરને ઉત્પન્ન કરી શકતો નથી.

અક્ષર ઉત્પન્ન કરી ન શકે તેવો નિષ્કામ પ્રણવ જો સહેજાસહેજ સ્વાભાવિક રીતે વહેતો હોય તો તે પ્રણવથી અક્ષરો ઉત્પન્ન ન થતા હોય તો અક્ષરો સિવાય નામ લખી શકાય નહીં.

**તીનકે કહુ અનુકરમહી, સુનો સંત ગતિ તાય;**
**હોત લીન સષોપતિ મન, સ્વર તે ક્યૌ ન બોલાય. ૪**

### શબ્દાર્થ

**તીનકે** = તે અંગે, તેના માટે, તેનાં, તેની **કહુ** = કહુ છું **અનુકરમહી** = અનુક્રમ, દરજ્જો, પદ, સ્થાન, રચના અંગેની રીત, પદ્ધતિ **સુનો** = સાંભળો, શ્રવણ કરો **સંત ગતિ** = સંત ગતિના **તાય** = જેઓની, તેઓની, તેની, તમો **હોત** = થાય **લીન** = લય પામવું, અદૃશ્ય થવું, સમાપ્ત થવું **સષોપતિ** = સષોપતિ અવસ્થા **મન** = મન અંતઃકરણ **સ્વર** = પ્રણવ **તે** = તે, થી **ક્યૌ** = કેવી રીતે, કેમ કરીને, શા માટે, શાથી **ન** = નહીં, નથી **બોલાય** = બોલવાપણું, ઉચ્ચાર થવો.

## અનુવાદ

**તેની ગતિ વિષે કહુ છું તે હે, સંત ગતિવાળા ! શ્રવણ કરો. સષોપતિ અવસ્થામાં મન લીન પામે છે ત્યારે પ્રણવ કેમ બોલી શકતો નથી ?**

## ભાવાર્થ

અગાઉ દર્શાવેલ મન અંતઃકરણ અને પ્રણવની એક્તા અંગે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણા શરીરમાં ગોઠવેલી રચનાને ઉદ્દેશીને સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. જે ગૂઢાર્થવાળી બાબતનો ખુલાસો સંત ગતિવાળી વ્યક્તિઓને શ્રવણ કરવા અનુરોધ કર્યો છે.

શરીરમાં ક્રમાનુસાર જાગ્રત, સ્વપ્ન, સષોપતિ, તુરિયા અને ઉનમુનિ એમ પાંચ અવસ્થા વર્તતી હોય છે. જ્યારે શરીરમાં અગ્નિ તત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયમ મહદ્

પ્રાણાયમને વિષે વર્તે ત્યારે સુષુપ્તિ અવસ્થા સ્ફૂરણ થાય છે, ત્યારે મન અંતઃકરણ અને જાગૃત અવસ્થા તેમજ બુદ્ધિ અંતઃકરણ અને સ્વપ્ન અવસ્થા લીન પામી ગયેલાં હોય છે. જેથી પ્રણવ મન અંતઃકરણના સવાર વગરનો વહે છે. તેના કારણે તે કેવી રીતે બોલી શકે ?

**પુની જાગ્રતમહી પ્રણવહી, કુંભક કરી રોકાય;**
**ઓરુ એકલ મન અરોક્તે, સ્વર બિનું શબ્દ ન થાય. ૫**

**શબ્દાર્થ**

**પુની** = વળી **જાગ્રતમહી** = જાગૃતમાં **પ્રણવહી** = પ્રણવને **કુંભક** = સ્થિર, સ્થંભન **કરી** = કરીને **રોકાય** = રોકવામાં આવે તો **ઓરુ** = અને, વળી **એકલ** = એકલું **મન** = મન અંતઃકરણ **અરોક્તે** = રોકવું નહીં તે, રોકવામાં ન આવે **સ્વર** = પ્રણવ **બિનું** = વગર, સિવાય **શબ્દ** = શબ્દ **ન** = નહીં, ના **થાય** = થાય.

**અનુવાદ**

**વળી જાગૃતમાં પ્રણવને કુંભક કરી રોકવામાં આવે અને એકલું મન રોક્યા વગરનું હોય તો પણ સ્વર વગર શબ્દ થાય નહીં.**

**ભાવાર્થ**

શરીરમાં પૃથ્વી તત્ત્વનો સૂક્ષ્મ પ્રાણાયમ જ્યારે મહદ્ પ્રાણાયમને વિષે વર્તે ત્યારે જાગૃત અવસ્થા સ્ફૂરણ થાય છે. આ વખતે મન અંતઃકરણનો વિશેષ પ્રભાવ રહેલો હોય છે. આવી જાગૃત અવસ્થા દરમિયાન જ્યારે પ્રણવને કુંભક કરીને રોકવામાં આવે ત્યારે મન અંતઃકરણ તો પ્રભાવશાળી હોય, પરંતુ પ્રાણાયમ જ ન વહેતો હોય તો એકલું મન અંતઃકરણ પણ પ્રણવ વગર કંઈ જ કરી શકવા સમર્થ હોતું નથી. આવી કુંભસ્થ પરિસ્થિતિમાં પ્રણવ રોકાયેલો હોય અને મન અંતઃકરણ રોકાયા સિવાયનું હોય પણ સ્વર (ગતિ કરતો) ચાલતો નથી. પરિણામે શબ્દ પણ ઉત્પન્ન થતો નથી.

**તબતે જુગલ મીલી જબી, ઝાડત અંક ટહંકાર;**
**હોત અનંત વિવિધિ વિધ, અગણિત અરથ ઉચાર. ૬**

### શબ્દાર્થ

**તબતે** = તેટલા માટે, તે માટે, તેથી **જુગલ** = બંને **મીલી** = મળે, ભેગા થઈને, ભળીને **જબી** = જ્યારે, ત્યારે **ઝાડત** = ખરવું, પાકવાની ક્રિયા, ખંખેરવું **અંક** = આંકડા, અક્ષર, વર્ણમાળાનો મૂળ અક્ષર **ટહંકાર** = અવાજ, વાણી, રણકાર, ધ્વનિ **હોત** = થાય **અનંત** = અંત વગરના **વિવિધિ વિધ** = જુદા-જુદા પ્રકારના, અલગ-અલગ, ભિન્ન ભિન્ન **અગણિત** = અસંખ્ય **અરથ** = અર્થ, સાર, તાત્પર્ય, હેતુ **ઉચાર** = ઉદ્ગાર, બોલ, અવાજ.

### અનુવાદ

**તેથી તો જ્યારે બંને મળે ત્યારે અક્ષરોનો રણકાર થાય છે. (અક્ષરો બોલવાનું ચાલુ થાય છે) ત્યારે વિધ વિધ પ્રકારના અસંખ્ય અર્થોનો ઉચ્ચાર થાય છે.**

### ભાવાર્થ

જેમ પાકના ડુંડા પરિપક્વ થતાં તેને ખંખેરવામાં આવે અને કણ ખંખેરાઈને છૂટા પડે છે. તેવી જ રીતે જ્યારે પ્રણવ અને મન અંતઃકરણ બંને ભળીને સંયોગ થતાં પરિપક્વ (પામેલા) થયેલા કણરૂપ અક્ષરોનો ધ્વનિ છૂટો પડી કંઠમાંથી નીકળવા માંડે છે. ત્યારે મુખ દ્વારા વિવિધ પ્રકારના ગણતરી ન થઈ શકે તેટલાં અપાર તાત્પર્યવાળી વાણીનો ઉદ્ગાર નીકળે છે.

## મન ઓરુ સ્વર પ્રસંગ મીલી, અક્ષર કીયે સમેવ;
## પુનહી થયે તીનું નામહી, મન સ્વર કે અહંમેવ. ૭

### શબ્દાર્થ

**મન** = મન અંતઃકરણ **ઓરુ** = અને **સ્વર** = પ્રણવ **પ્રસંગ** = તક, અવસર, યોગ્ય સમય, અનુકૂળ વખત **મીલી** = મળીને **અક્ષર** = અક્ષર **કીયે** = કર્યો, થયા **સમેવ** = સુમેળ, સુભગ મિશ્રણ, સુયોગ મેળવળી **પુનહી** = ત્યાર બાદ, પછી, વળી તેનાથી **થયે** = થાય, બને **તીનું** = તેનું **નામહી** = નામ **મન** = મન અંતઃકરણ **સ્વર કે** = સ્વરના, પ્રણવના **અહંમેવ** = પોતાના થકી, પોતાની મેળે, સ્વમેળથી, આપોઆપ, અનાયાસે, પોતાની જાતે, ભાવનાથી.

### અનુવાદ

**મન અને સ્વરના સુભગ મિશ્રણથી અક્ષરનો સુમેળ થાય છે, ત્યાર બાદ મન**

**અને સ્વરની ભાવનાથી નામ બને છે.**

## ભાવાર્થ

સૌ પ્રથમ જ્યારે મન અંતઃકરણનો સુયોગ રીતે પ્રણવ સાથે સુમેળ થાય છે ત્યારે મન અંતઃકરણના સવાર થયેલા પ્રણવથી અક્ષરોની ઉત્પત્તિ શક્ય બને છે. ત્યાર બાદ અંતઃકરણ અને પ્રણવની શુદ્ધ અહંમેવથી તે અક્ષરોના સમૂહવાળા નામનો ઉદ્ભવ શક્ય બને છે. અર્થાત્ નામ બને છે.

**બિનું અહંમેવ મન સ્વરનકે, કહો કુન કરત ઉચ્ચાર;**
**બિનું ઉચરે સ્વર અક્ષર, કીનહુ ન લીખે લગાર. ૮**

### શબ્દાર્થ

**બિનું** = વગર, સિવાય **અહંમેવ** = અહંકાર, બનાવ્યા સિવાય પોતાની મેળે, સ્વમેળ, ભાવના **મન** =મન અંતઃકરણ **સ્વરનકે** = પ્રણવના **કહો** =કેહા **કુન** = કોણ **કરત** = કરે છે **ઉચ્ચાર** = ઉદ્ગાર, અવાજ, વાણી, બોલ **બિનું** = વગર, સિવાય **ઉચરે** = ઉદ્ગાર, અવાજ **સ્વર** = પ્રણવ **અક્ષર** = અક્ષર **કીનહુ** = કોઈ, કઈ રીતે, કોણ **ન** = નહીં **લીખે** = લખે, અક્ષરોને ચીતરે, અક્ષરોની નોંધ કરે, આલેખવું **લગાર** = સહેજ પણ, ક્રમાનુસાર, જરાક, અનુક્રમે, કદિ પણ.

## અનુવાદ

**મન અને સ્વરના મેળ સિવાય કોણ ઉચ્ચાર કરી શકે ? વળી સ્વરનો ઉચ્ચાર થયા સિવાય અક્ષરને કોઈ ક્યારેય લખી શકતું નથી.**

## ભાવાર્થ

મન અંતઃકરણ અને પ્રણવના સુભગ મિલન સિવાય શરીરમાં ચેતનતા પામેલા અન્ય તત્ત્વો અથવા તત્ત્વોનો સમૂહ ઉચ્ચાર કરી શકે તેમ નથી, તો પછી તે બંને સિવાય ઉચ્ચાર કોણ કરે ? જો ઉચ્ચાર જ ન થાય તો અક્ષરની હયાતિ જ ન હોય તો પછી અક્ષરને સહેજ પણ કોઈ લખી શકતું નથી. અર્થાત્ ઉચ્ચાર થયા સિવાય કોઈથી એક પણ અક્ષર લખી શકાતો નથી.

**ઓરુ બિનું અક્ષર નામહી, કીસ વિધિ શકે સકાર;**
**આવહી ઈત કોઈ કહી શકો, મન બિનું બોલ બકાર. ૯**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **બિનું** = વગર, સિવાય **અક્ષર** = અક્ષર **નામહી** = નામ પણ **કીસ વિધિ** = કઈ રીતે, શી રીતે **શકે** = થઈ શકે, શક્ય બને **સકાર** = આકારરૂપ, સાકાર, મૂર્તિમાન, પ્રત્યક્ષ **આવહી ઈત** = અહીં આવો **કોઈ** = કોઈ **કહી શકો** = કહી શકે, બોલી શકે **મન** = મન અંતઃકરણ **બિનું** = સિવાય, વગર **બોલ** = બોલ, ઉચ્ચાર, ધ્વનિ **બકાર** = મોઢેથી, ઉચ્ચારાયેલો સ્પષ્ટ શબ્દ, બકવાસ, બરલવું, બકવું.

### અનુવાદ

**અક્ષર સિવાય નામ કેવી રીતે સાકાર થઈ શકે ? મન સિવાયના બરલવાથી "અહીં આવો" એટલું પણ કોઈ કહી શકે ખરું ?**

### ભાવાર્થ

જો મન અંતઃકરણના પ્રભાવ વગરનો પ્રણવ વહેતો હોય તો તેમાં કોઈ પણ પ્રકારના અક્ષર ઉચ્ચારવાની ક્ષમતા રહેતી નથી. તેથી મન વગરના પ્રણવ વડે બરલવાથી "અહીં આવો" તેવું વિધાન કોઈ કરી શકે નહીં. જો અક્ષરની ઉત્પત્તિ ન થાય તો એક કે તેથી વિશેષ માત્રામાં જોડાયેલા અક્ષરો વડે બનતા નામ શબ્દ કે વાક્ય કેવી રીતે સાકાર થઈ શકે ? અર્થાત્ અક્ષર સિવાય નામ સાકાર થઈ જ ન શકે.

**તદપી અંક ઓરુ નામકે, સ્વર તે મન કીરતાર;**
**જબ તો નામસે મન બડે, દેખ હો હુદે વિચાર. ૧૦**

### શબ્દાર્થ

**તદપી** = તેથી જ તો, તેટલા માટે **અંક** = અંગ, અક્ષર **ઓરુ** = અને, વળી **નામકે** = નામનો **સ્વર તે** = પ્રણવ થકી, પ્રણવથી **મન** = મન અંતઃકરણ **કીરતાર** = કર્તા **જબ તો** = જેથી **નામસે** = નામથી **મન** = મન અંતઃકરણ **બડે** = મહાન, મોટું **દેખ હો** = જુઓ **હુદે** = હૃદયથી **વિચાર** = વિચાર કરીને.

## અનુવાદ

**તેટલા માટે જ તો સ્વરથી થતા અક્ષર અને નામનો કર્તા મન છે. જેથી હૃદયમાં વિચાર કરીને જુઓ કે મન નામથી પણ મોટું છે.**

## ભાવાર્થ

પ્રણવના આવાગમન અર્થાત્ રેચક-પ્રેરક ગતિથી કંઠ દ્વારા નીકળતા અક્ષરો અને નામ મન અંતઃકરણના પ્રભાવથી જ શક્ય બને છે. તેથી પ્રણવ દ્વારા નીકળતા અક્ષરો અને નામનો કર્તા મન કહી શકાય. આ ગૂઢાર્થ ભરેલી સમજને આપણે આપણા હૃદયમાં વિચાર કરીને નિર્ણય કરી શકીયે કે ખરેખર નામથી પણ મન મોટું છે.

**તબહી સકલ કુલ નામહી, અક્ષર સહિત સમેત;**
**મન અંતઃકરણ સ્વરનકી, એ સબ પ્રજા સહેત. ૧૧**

### શબ્દાર્થ

**તબહી** = તેટલા જ માટે, ત્યારે **સકલ** = તમામ, દરેક, સર્વ **કુલ** = બધા મળીને, એકંદરે **નામહી** = નામ **અક્ષર** = અક્ષર **સહિત** = સાથે, ની આદ્ય લઈને **સમેત** = બધા, સર્વ, તમામ **મન અંતઃકરણ** = મન અંતઃકરણ **સ્વરનકી** = પ્રણવની **એ સબ** = એ બધી, એ સર્વ **પ્રજા** = પ્રજોત્પતિ, સંતતિ, સંતાન, ઓલાદ, ઉત્પત્તિ **સહેત** = સહિત, હેતુવાળુ, કારણવાળુ, ઈચ્છાપૂર્વકનું, પ્રયોજનવાળુ પારસ્પરિક કહેત.

## અનુવાદ

**તેટલા માટે દરેક પ્રકારના નામની આદ્ય લઈને તમામ અક્ષરો મન અંતઃકરણ અને સ્વરની શુભ ઈચ્છાની ઉત્પત્તિ છે.**

## ભાવાર્થ

તેટલા માટે જ નક્કી કહી શકાય કે વિવિધ પ્રકારના દરેક નામોની આદ્ય લઈને બાવન અક્ષરો સહિતની તમામ જે ઉત્પત્તિ થયેલી છે તે મન અંતઃકરણ અને સ્વર એમ બંનેની ઉત્પન્ન થયેલી શુભ ઈચ્છા (પારસ્પરિક હેત)ની પેદાશ છે.

**પ્રજા સ્વરન ઓરુ મન તણી, અંક નામ ઉભયેવ;**
**વિવિધિ ભાત્ય ભિન્ન ભિન્ન કરી, સકલ સુનાયેહુ ભેવ. ૧૨**

### શબ્દાર્થ

**પ્રજા** = ઉત્પત્તિ, સંતતિ, ઓલાદ **સ્વરન** = પ્રણવ **ઓરુ** = અને **મન** = મન અંતઃકરણ **તણી** = ની **અંક** = અક્ષર **નામ** = નામ **ઉભયેવ** = બંને **વિવિધિ ભાત્ય** = અલગ-અલગ રીતે **ભિન્ન ભિન્ન કરી** = જુદા-જુદા કરી, અળગું કરીને **સકલ** = બધાને, તમામને, સર્વને **સુનાયેહુ** = સંભળાવ્યું છે **ભેવ** = ભેદ, મર્મ, સમજ.

### અનુવાદ

**અક્ષર અને નામ એ બંને સ્વર તથા મનની ઉત્પત્તિ છે. તેની વિવિધપૂર્ણ સમજ અલગ-અલગ કરીને સૌને કહી સંભળાવી.**

### ભાવાર્થ

વર્ણમાળાના સ્વર અને વ્યંજન સહિતના તમામ અક્ષરો અને તે અક્ષરોના સમૂહથી બનેલા નામ એમ બંનેની ઉત્પત્તિનું કારણ પ્રણવ અને મન અંતઃકરણ છે. એટલે કે, અક્ષર અને નામ બંને પ્રણવ અને મન અંતઃકરણના સમૂહથી ઉત્પન્ન થયેલી પ્રજા છે.

આ વિષયની વિવિધતાભરી સમજ તથા તેના મર્મને દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે અલગ-અલગ રીતે કહી સંભળાવ્યો છે.

**તબતે અક્ષર નામકે, કારણ મન કિરતાર;**
**ઉલટ પુલટ જેહી વિધિ જમ, કીન મરમ ગતિ સાર. ૧૩**

### શબ્દાર્થ

**તબતે** = તેટલા જ માટે **અક્ષર** = અક્ષર **નામકે** = નામનું **કારણ** = મૂળ ઉત્પત્તિનું બીજ ઉપજાવનાર **મન** = મન અંતઃકરણ **કિરતાર** = સર્જનહાર **ઉલટ પુલટ** = ઊલટ-સૂલટ **જેહી વિધિ** = જે પ્રમાણે, જે રીતે **જમ** = જેમ **કીન** = કહી, કહ્યું **મરમ** = મર્મ, રહસ્ય, ભેદ **ગતિ** = સમજ, જ્ઞાન **સાર** = મુદ્દો, સત્ત્વ.

### અનુવાદ

**તેટલા માટે અક્ષર અને નામના કારણ રૂપ કર્તા મન છે. જે અંગે ઊલટ-સૂલટ**

**કરીને જેમ છે તેમ તે રીતે તેનો મર્મ અને ગતિનો સાર કહ્યો છે.**

### ભાવાર્થ

તેટલા માટે જ અક્ષરો અને દરેક નામોના કારણ રૂપે રહેલા કર્તા શરીરમાં રહેલું મન અંતઃકરણ છે. જે વાત ઊલટ-સૂલટ કરીને જે પ્રમાણેનું બંધારણ રહેલું છે તે રીતે તેના મર્મ અને જ્ઞાનના રહસ્યને દિવ્ય પરમગુરુ કરુણાસાગરે આપણને સમજ પડે તે માટે સમજાવ્યો છે.

**અંક કીન ધરી નામસે, નામ નહી બિનું અંક;**
**ઉભે લગત એક એકન પર, મનકી કીયે આલંક. ૧૪**

### શબ્દાર્થ

**અંક** = અક્ષર **કીન** = થી, કરાય છે **ધરી** = ધારણ **નામસે** = નામથી **નામ** = નામ **નહી** = નહીં **બિનું** = વગર, સિવાય **અંક** = અક્ષર **ઉભે** = બંને **લગત** = લાગેલા છે, સંબંધ ધરાવે છે, લાગીને **એક એકન પર** = એક એકના ઉપર **મનકી** = મનથી **કીયે** = કર્યા થકી **આલંક** = શણગાર, અલંકાર, સ્વરોને વિવિધ પ્રકારે કરવામાં આવતું આરોહઅવરોહ.

### અનુવાદ

**અક્ષરથી નામ ધારણ કરાય છે, પરંતુ અક્ષર સિવાય નામ હોઈ શકે નહીં. તે બંને એક એકના ઉપર લાગેલો મનનો અલંકાર છે.**

### ભાવાર્થ

નામ સિવાય વિશ્વમાં કોઈ પદાર્થ બાકી નથી તેથી અક્ષરોનો સુમેળ કરીને નામનું આરોપણ કોઈ પદાર્થ કે વસ્તુ પર કરવામાં આવેલું છે. એટલે નામના બંધારણમાં અક્ષરોની આવશ્યકતા જરૂરી છે. જો અક્ષર ન હોય તો અક્ષર સિવાય નામ હોઈ શકે નહીં એટલે જ શક્ય નથી. આ પ્રમાણે અક્ષર અને અનેકાનેક નામ એમ બંને મનના શણગાર રૂપે છે.

**પણ આગમ ગમ અક્ષર, હોત પ્રથમ ઝણકાર;**
**નિજ અનુભવે શુન્ય સ્વર કરી, સ્વર તે અંક આકાર. ૧૫**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **આગમ** = આગળ, પ્રથમ, ઉત્પત્તિ, પ્રત્યક્ષ, શરૂઆત, મૂળ ઉત્પત્તિ સ્થાન, આગમન, સંપ્રાપ્તિ **ગમ** = ગતિ, સમજ, જ્ઞાન **અક્ષર** = અક્ષર **હોત** = હોય છે **પ્રથમ** = પહેલાં, આરંભમાં શરૂઆતમાં **ઝણકાર** = અવાજ, ધ્વનિ, ઝણ ઝણ અવાજ **નિજ** = પોતાના, સ્વ, જાતે **અનુભવે** = પ્રત્યક્ષ જ્ઞાનથી, અવલોકનથી થયેલું જ્ઞાન, અખતરો, અજમાયશ **શુન્ય સ્વર કરી** = સ્વરને શૂન્યવત્ કરીને, નિષ્કામ કરીને **સ્વર** = પ્રણવ **તે** = તે **અંક** = અક્ષર **આકાર** = આકૃતિ, ઘાટ, સ્વરૂપ.

### અનુવાદ

**પરંતુ અક્ષરની સમજને જોતાં તેની ઉત્પત્તિ પ્રથમ ધ્વનિથી થાય છે. જે પોતાના અનુભવથી પ્રણવને શૂન્યવત્ કરીને જોવાથી ખબર પડશે કે સ્વરથી અક્ષરનો આકાર થાય છે.**

### ભાવાર્થ

અક્ષર અને નામની ઉત્પત્તિને તેના ક્રમના સંદર્ભે જોતાં જ્યારે પ્રણવ ગતિવંત થાય છે ત્યારે પ્રથમ ધ્વનિ ઉત્પન્ન થાય છે. જે અક્ષર સ્વરૂપે આકાર પામીને કંઠ દ્વારા બહાર આવે છે, પરંતુ જો કોઈ વ્યક્તિ પોતાના પ્રણવને કુંભક કરે એટલે કે, સ્થિર (નિષ્કામ, શાંત) કરે તો પ્રણવથી કોઈ પણ પ્રકારની ક્રિયા કે તેના થકી કોઈ ઉત્પત્તિ થતી નથી જ્યારે કુંભક કરેલા પ્રણવને ફરીથી ગતિવંત કરવામાં આવે તો મન અંતઃકરણના સવારવાળા પ્રણવ થકી અક્ષરોની ઉત્પત્તિ આકાર પામે છે. એટલે કે, અક્ષરોની ઉત્પત્તિ થાય છે.

**તેહી સ્વર અક્ષરકે શિર, પીછે રખે સનામ;**
**નહીંતર અક્ષર તો હુતે, કરકે કીને અનામ. ૧૬**

### શબ્દાર્થ

**તેહી** = તે **સ્વર** = પ્રણવ **અક્ષરકે** = અક્ષરોના **શિર** = મસ્તક પર, છત્ર રૂપે **પીછે** = પાછળથી, પછીથી **રખે** = રાખવામાં આવ્યું, રાખ્યું **સનામ** = યોગ્ય નામ, સારું નામ, શ્રેષ્ઠ નામ **નહીંતર** = નહીં તો, એમ ન હોય તો, નકર **અક્ષર** = અક્ષર **તો** = તો **હુતે** = હતા જ **કરકે** = કરીને **કીને** = કર્યા **અનામ** = નામ વિનાનું, અનામી, લેવાતો કે બહાર કાઢતો શ્વાસ, અતિ ઉત્તમ.

## અનુવાદ

**તે અક્ષરના શિર ઉપર પ્રણવ છે અને ત્યારબાદ યોગ્ય નામ રાખવામાં આવે છે. નહીંતર તો નામ સિવાયના અક્ષરો તો હતા જ.**

## ભાવાર્થ

જ્યારે શ્વાસની રેચક-પ્રેરક થતી ગતિમાં બાવન અક્ષરોની મૂળ હયાતિ પોખાયેલી છે એટલે કે, પ્રણવ અક્ષરોનું ઘર છે, પરંતુ અગાઉ જોયું તેમ તે પ્રણવ ઉપર મન અંતઃકરણની ભાવના જોડાવાથી જે તે અક્ષરો પ્રણવ દ્વારા પ્રભાવશાળી બનીને બહાર નીકળે છે તે નીકળેલા અક્ષરો પછી જ જે તે પદાર્થની યોગ્યતા મુજબ નામ રાખવામાં આવે છે. જો એમ ન હોય તો પ્રણવ થકી આકારોવાળા અક્ષરો નીકળે જ નહીં. પરંતુ પ્રણવમાં નામ સમાયેલું ન હોવાથી પ્રણવ થકી માત્ર અક્ષરો પ્રથમ બહાર આવે છે અને પાછળથી નામ નક્કી કરવામાં આવે છે.

**તબ વસ્તુતાએ સહી, આગમ ગ્યમ અંકેશ;**
**પીછે નામ આરોપિત, જબતે અંક સરેશ. ૧૭**

### શબ્દાર્થ

**તબ** = તેથી **વસ્તુતાએ** = ખરી રીતે, સાચું જોતાં **સહી** = ખરું સાચું, નક્કી **આગમ** = અગાઉ, પ્રથમ, આગળ **ગ્યમ** = સમજ, ગતિ, ગમ, ભેદ **અંકેશ** = અક્ષરો, અંક **પીછે** = પછીથી, પાછળથી **નામ** =નામ **આરોપિત** = આરોપણ કરવામાં આવે છે, આલેખાયેલું **જબતે** = જેથી **અંક** = અક્ષર **સરેશ** = ઉત્તમ, શ્રેષ્ઠ.

## અનુવાદ

**તેથી ખરી રીતે અક્ષરની ગતિ આગળ છે અને પાછળથી નામ આરોપણ થાય છે. જેથી અક્ષર જ શ્રેષ્ઠ છે.**

## ભાવાર્થ

અક્ષર સિવાય નામનું આરોપણ શક્ય નથી, એટલે ખરું જોતાં અક્ષરને પ્રથમ સમજવા અને નામનું પાછળથી આરોપણ થાય તેમ સમજવું. જેથી નક્કી કરી શકાય કે અક્ષરો અને નામ એ બંનેમાં અક્ષર શ્રેષ્ઠ છે.

**બિનું આરોપણ નામકે, અંક હુતે તદ રૂપ;**
**નામ લગી સંગ્ન્યા શિર, જાતે કરત જનુપ. ૧૮**

### શબ્દાર્થ

**બિનું** = વગર, સિવાય **આરોપણ** = સ્થાપવું, આરોપવું, આલેખન કરવું **નામકે** = નામનું **અંક** = અક્ષર **હુતે** = હતા **તદ રૂપ** = તદાકાર, એકાત્મક સ્વરૂપનું, અભિન્ન **નામ** = નામ **લગી** = લાગવાથી, સુધી, પર્યંત **સંગ્ન્યા** = સંજ્ઞા, અર્થબોધ, સંવેદન, અમુક પદાર્થને બીજાથી ઓળખવા માટે વપરાતો શબ્દ, સંજ્ઞા સૂચક શબ્દ, સાંકેતિક સમજ આપવી તે **શિર** = છત્ર રૂપ, ઉપર **જાતે** = જેથી, મેળે, પોતે, તેથી **કરત** = કરે છે, થાય છે **જનુપ** = ઓળખાણ, જાણ.

### અનુવાદ

**નામનું આરોપણ કર્યા સિવાયના અક્ષરો પોતાના સ્વરૂપે હતા ત્યાર પછી ઓળખાણ માટે તેના શિરે નામની સંજ્ઞા લગાવવામાં આવે છે.**

### ભાવાર્થ

નામનું આરોપણ કર્યા સિવાયના અક્ષરો પોતે તો એકાત્મક સ્વરૂપે પ્રણવમાં રહેલા હતા. એટલે કે, અક્ષરો પોતાના સ્થાને મૂળ ભૂમિકામાં તદાકાર (અમૂર્ત) રહેલા હતા, પરંતુ જ્યારે તે ઉત્પન્ન થયેલા અક્ષરોને કોઈ પણ વસ્તુ યા પદાર્થને એકબીજાથી ભિન્ન ઓળખવા માટે વપરાતા નામમાં વાપરવામાં આવ્યા છે. જ્યારે તે પદાર્થ ઉપર નામની સંજ્ઞા લગાવવામાં આવી ત્યારે તે વસ્તુની ઓળખ સમજમાં આવે છે.

**પણ રકમે નહીં નામહી, અરપીત આલ અહંમેવ;**
**રકમે તો અક્ષર સ્વર, મીલ્યા ન નામ અવેવ. ૧૯**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **રકમે** = રકમ, ચીજ, વસ્તુ, પદાર્થ **નહીં** = નથી **નામહી** = નામ **અરપીત** = અર્પેલું, આરોપણ, લગાવેલું, આપેલું **આલ** = આળ, આક્ષેપ, મતલબ, તરકીબ **અહંમેવ** = અહંકાર, ભાવના, હુંપદ, પોતાની મેળે **રકમે** = ચીજ વસ્તુએ, પદાર્થે **તો** = તો **અક્ષર** = અક્ષર **સ્વર** =પ્રણવ **મીલ્યા** = મળ્યા **ન** = નહીં **નામ** = નામ **અવેવ** = અવયવ, વિભાગ, વ્યવસ્થા, ચોક્કસ, સાધન, ઉપકરણ.

### અનુવાદ

**રકમ એ નામ નથી, પરંતુ નામનું આરોપણ મતલબથી કરવામાં આવ્યું છે. રકમની ઓળખ માટે પ્રણવથી બનેલા અક્ષરો દ્વારા નામ બન્યું છે, પરંતુ જો મળેલા અક્ષરોને છૂટા પાડતાં નામ રહેતું નથી.**

### ભાવાર્થ

ગમે તે કોઈ પદાર્થ ચીજ કે વસ્તુને રકમ તરીકે સંબોધવામાં આવે છે જે નામ નથી. આ વસ્તુને સમજવા તેના ઉપર નામ અર્થપૂર્ણ મતલબના (સ્વરૂપે) સંદર્ભે અક્ષરોના સમૂહથી બનેલું નામ નક્કી કરવામાં આવે છે. જે નામ જે રકમ માટે વપરાયેલું છે તે નામ તે રકમથી અલગ છે. તેમ છતાં તે વસ્તુ તે નામ થકી જ વ્યવહારમાં ઓળખાય છે. નામમાં અક્ષર અથવા તો અક્ષરોના સમૂહનો ઉપયોગ કરવામાં આવેલો હોય છે. જો આ અક્ષરોને છૂટા પાડી દેવામાં આવે તો અક્ષરોના સમૂહથી બનેલું નામ રહેતું નથી.

**બીનુ રકમે જેહી નામહી, કાજ કરત નહીં કોય;**
**વંજ્યાસુત જ્યૌ તાતકી, સેવ કરત કીનું કોય. ૨૦**

#### શબ્દાર્થ

**બીનુ** = વગર, સિવાય **રકમે** = રકમ, વસ્તુ, પદાર્થ, ચીજ **જેહી** = જે **નામહી** = નામ જ છે **કાજ** = કામ, કાર્ય **કરત** = કે **નહીં** = નહીં **કોય** = કોઈ પણ, કોઈ **વંજ્યાસુત** = વાંજણીનો પુત્ર **જ્યૌ** = જેમ **તાતકી** = પિતાની **સેવ** = સેવા-ચાકરી, મદદ, સારવાર **કરત** = કરતાં **કીનું** = કોઈએ **કોય** = જોયું ? દેખ્યું ? નિહાળ્યું ?

### અનુવાદ

**રકમ સિવાયનું જે નામ હોય તે કાંઈ કામ કરી શકતું નથી. જેમકે, વાંઝણી સ્ત્રીના પુત્રને પિતાની સેવા-ચાકરી કરતા કોઈએ જોયો છે ?**

### ભાવાર્થ

જે વસ્તુનું શક્યતાપણું કે હયાતિ જ નથી તેના ઉપર નામનું સંબોધન પણ

શક્ય નથી. કોઈ કારણસર કોઈ કહે કે વસ્તુ વગર નામની શક્યતા છે. તો તે વાત સ્વીકાર્ય નથી.

જેમ કે, પુત્ર વગરની સ્ત્રીને વાંઝણી સ્ત્રી કહેવામાં આવે છે. આવા પુત્રની શક્યતા વગર કોઈ કહે કે તે વાંઝણી સ્ત્રીનો પુત્ર તેના પિતાની સેવા-ચાકરી કરે છે, તો તે અશક્ય કહેવાય. જે વાતને કોઈ પણ સંજોગોમાં સ્વીકારી શકાય તેમ નથી.

**તબતે નામ મિથ્યા મત, રકમ વિના રધ કાંય;**
**તાતે અંક અનુપમે, સબ આયે તીનુ માંય. ૨૧**

### શબ્દાર્થ

**તબતે** = તેથી **નામ** = નામ **મિથ્યા** = નકામું, ફોગટ, વ્યર્થ **મત** = માન્યતા, માનીનતા, અભિપ્રાય, મંતવ્ય **રકમ** = રકમ, વસ્તુ, પદાર્થ **વિના** = વગર, સિવાય **રધ** = રિદ્ધિ, રૂપ, દેખાવ, આબાદી **કાંય** = કોઈ પણ, ક્યાં, કેમ, શા માટે **તાતે** = તેથી, તેનાથી, ત્યારે ને ત્યારે **અંક** = અક્ષર **અનુપમે** = અનુપમ, અપૂર્વ, જેની સરખામણી ન થાય તેવું, અજોડ **સબ** = સૌ, બધા, સર્વ **આયે** = આવ્યા, આવે **તીનુ** = તેની **માંય** = અંદર.

### અનુવાદ

**જેથી રકમ સિવાય નામનું કોઈ પણ સ્વરૂપ મિથ્યા છે. માટે અક્ષરના જોડાણમાં સૌ (બધા નામ) તેની અંદર જ આવી જાય છે.**

### ભાવાર્થ

રકમ સ્વરૂપે કોઈ પદાર્થ, વસ્તુ કે ચીજની ઉપસ્થિતિ ન હોય તો કોઈ પણ પ્રકારનું અનુપમ નામનું સ્વરૂપ વ્યર્થ છે. કારણ કે, એકલા નામ માત્રથી કોઈ કામ સાર્થક થતું નથી. તે માટે રકમ સિવાયના નામનો મત મિથ્યા સાબિત થાય છે. વળી, રકમ ઉપરના બધા નામોની હયાતિ અક્ષરના જોડાણવાળી તેની વર્ણમાળાની અંદર સમાયેલી છે. એટલે કે, નામમાં જોડાયેલાં બધા અક્ષરો તેની વર્ણમાળાની અંદર સમાયેલાં છે.

## કર્તા અંશ જીનું વૃત્તિ હુતે, પ્રણવ સેતી ઉચરંત;
## સોહી ઉચરન કે અક્ષર, કીન બાવન ગતિ તંત. ૨૨

### શબ્દાર્થ

**કર્તા** = સર્જનહારનો **અંશ** = સજાણજાણ સ્વરૂપ ચૈતન અંશ **જીનું** = જેની **વૃત્તિ** = જાણ, આભાસ **હુતે** = હોવાથી, પડવાથી **પ્રણવ** = પ્રણવ **સેતી** = દ્વારા, થકી **ઉચરંત** = ઉચ્ચારે છે **સોહી** = તે **ઉચરન કે** = ઉચ્ચારવાથી **અક્ષર** = અક્ષર **કીન** = કરવાથી થાય છે, બન્યા **બાવન** = બાવન **ગતિ** = ગતિવાળા, ચેષ્ટાવાન, ક્રિયાશીલ, વેગમંડપ **તંત** = શરીરમાં, ઘાટમાં.

### અનુવાદ

**કર્તાના અંશની વૃત્તિ દ્વારા પ્રણવમાંથી અક્ષરોનો ઉચ્ચાર થાય છે. તેવા ઉચ્ચારેલા અક્ષરોથી બાવન અક્ષરની ચેષ્ટા શરીરમાંથી નીકળે છે.**

### ભાવાર્થ

કૈવલકર્તાના સજાણજાણ સ્વરૂપ ચૈતન અંશનો આભાસ સૌ પ્રથમ પ્રણવ ઉપર પડવાથી જડ પ્રણવ સચેતન થાય છે. તે સચેતન થયેલા પ્રણવ થકી શરીરમાંથી મુખ દ્વારા અક્ષરો ઉચ્ચારાય છે. તે ઉચ્ચારાયેલા અક્ષરોમાં દેહના પ્રાકૃતિક તત્ત્વ-બંધારણ મુજબ તે તે શરીરમાં ઉંમર (સમય)ની મર્યાદામાં રહીને બાવન અક્ષરનો ઉચ્ચાર થાય છે.

## જેતને સ્વરથે પ્રણવમેં, તેતને નીકસે આય;
## બહોરુ ઉચ્ચાર ન કરી શકે, તીનકે કહું અભિપ્રાય. ૨૩

### શબ્દાર્થ

**જેતને** = જેટલા **સ્વરથે** = અક્ષર હતા, સ્વર હતા, મૂળાક્ષર હતા **પ્રણવમેં** = પ્રણવની ક્ષમતા મુજબ, પ્રણવમાં **તેતને** = તેટલા **નીકસે** = નીકળે,ઉચ્ચાર થાય **આય** = આવે **બહોરુ** = ત્યાર પછી, તેથી વિશેષ, કોઈ વધુ **ઉચ્ચાર** = ઉચ્ચાર **ન કરી શકે** = કરી શકે નહીં **તીનકે** = તેનો **કહું** = કહુ **અભિપ્રાય** = હેતુ, મતલબ, આશય.

### અનુવાદ

**પ્રણવમાં જેટલા સ્વર હતા તેટલા જ બહાર આવીને નીકળે છે. ત્યાર બાદ કોઈ**

**વધારે અક્ષરનો ઉચ્ચાર કરી શકતા નથી તે વિષેનો અભિપ્રાય કહુ છું.**

### ભાવાર્થ

શરીરમાં રહેલા તત્ત્વોના બંધારણ મુજબ જે તે શરીર દ્વારા પ્રણવની ક્ષમતા મુજબ જેટલા સ્વર પોંખાયેલા હોય તેટલા જ સ્વર બહાર નીકળે છે, તેથી વિશેષ કે અન્ય પ્રકારના સ્વરનો જે તે ઘાટ ઉચ્ચાર કરી શકે નહીં. તે વિશેનો અભિપ્રાય દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે દર્શાવે છે.

**નિજપતિ પૂરવે પ્રણવમેં, જેહી પોખેહુ સ્વર સંચ;**
**તે તરુ પ્રણવ ગીરાલતે, ખીલેહુ પુષ્પ રતિ રંચ. ૨૪**

### શબ્દાર્થ

**નિજપતિ** = સર્જનહારે પોતે **પૂરવે** = પ્રથમથી જ, પ્રારંભમાં જ શરૂઆતમાં **પ્રણવમેં** = પ્રણવમાં **જેહી** = જે રીતે, જેટલા, **પોખેહુ** = મૂક્યા હોય, દાખલ કર્યા હોય, ગોઠવણી કરી હોય **સ્વર** = સ્વર, અક્ષર **સંચ** = ગોઠવણ, કરામત, સંચય, સંગ્રહ **તે તરુ** = તે વૃક્ષ **પ્રણવ** = પ્રણવ **ગીરાલતે** = વાણી રૂપ પાંદડાં **ખીલેહુ** = ખીલી ઊઠે છે **પુષ્પ** = પુષ્પ, ફૂલ **રતિ** = ઝીણામાં ઝીણાં, શોભા, રહસ્ય, શક્તિ, બળ **રંચ** = જરામાત્ર સાવ થોડું, સહેજ, લગીર.

### અનુવાદ

**કૈવલકર્તાએ પ્રથમથી જ પ્રણવમાં સ્વરનો સંચ પોંખેલો છે. તે પ્રણવ વૃક્ષમાંથી પાંદડાં રૂપ વાણી અને પુષ્પરૂપ અક્ષરો રતિએ રતિ ખીલી ઊઠે છે.**

### ભાવાર્થ

જ્યારે સકર્તા સર્જનહારે સમગ્ર રચના કરી ત્યારે પ્રથમથી જ ઘાટો પ્રમાણે તેના પ્રણવનો સંચ (જથ્થો, સંગ્રહ, જમાવ) ગોઠવેલો છે. તે રચના મુજબ દરેક ઘાટોમાં પ્રણવ ગતિવાળો થઈને રહે છે. એવા પ્રણવ વૃક્ષમાં પાંદડાં રૂપી પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી વાણીનો ઉચ્ચાર અને ફૂલ રૂપી બાવન અક્ષરોની ખીલવણીનો સંચ ભરેલો છે. તે સંચ મુજબ જે તે ઘાટોમાં વાણીનો ઉચ્ચાર અને અક્ષરોનાં ઉદ્ભવ થાય છે. જેમાં જેટલું પોખણ કરેલું છે તે પૈકીનું રતિએ રતિ બધું જ પોતપોતાના

ઘાટના તત્ત્વોના બંધારણ મુજબ નીકળ્યે જાય છે. આ પ્રમાણે જે તે ઘાટ પોતાના સમયની મર્યાદામાં તથા તત્ત્વોની પરિપક્વતાને આધારે થાય તે મુજબ જ પ્રણવ વૃક્ષ ખીલી ઊઠે છે.

**જેહી પુષ્પ ગતિ અક્ષર, સ્વર કરી કીયેહુ આકાર;**
**તા બિનુ ક્યૌ નહીં ઉચરત, બિનુ પોખેહુ કિરતાર. ૨૫**

### શબ્દાર્થ

**જેહી** = જે **પુષ્પ** = ફૂલ **ગતિ** = ગતિવંત **અક્ષર** = અક્ષર **સ્વર** = પ્રણવ **કરી** = કાપીને, કાઢીને, ટૂકડા કરીને **કીયેહુ** = કર્યા છે **આકાર** = સ્વરૂપવાળા, મરોડમય **તા બિનુ** = તે સિવાયના **ક્યૌ** = કેમ, શા માટે **નહીં** = નહીં **ઉચરત** = ઉચ્ચાર કરવો, બોલવું, વદવું **બિનુ** = વગર, સિવાય **પોખેહુ** = દાખલ કર્યા હોય, ગોઠવણી કરી હોય, મૂક્યા હોય **કિરતાર** = સર્જનહાર, કર્તા.

### અનુવાદ

**જે પુષ્પ રૂપ અક્ષરોની ગતિને સ્વરનાં ટુકડા કરીને તેનો આકાર આપેલો છે. કર્તાએ પોખણી કર્યા તે સિવાયના અક્ષરોનો ઉચ્ચાર કેમ થતો નથી.**

### ભાવાર્થ

કર્તાએ દરેક ઘાટોના બંધારણમાં પ્રથમથી જ પ્રણવ વૃક્ષની ઉત્પત્તિનો સંચ ગોઠવેલો છે. તત્ત્વોની પોખણી કરીને પહેલેથી જ બીજમાં ભરી દીધેલો છે. જેથી તે તે ઘાટ પરિપક્વ થતાં પોતપોતાના ઘાટને અનુરૂપ પ્રણવમાંથી અક્ષરો કાઢી શકે છે. સળંગ સૂત્રવત્ ચાલતા આ પ્રણવના ટુકડે-ટુકડા કરીને અક્ષરોની મરોડમય આકૃતિ બનાવેલી છે. આમ, સર્જનહાર દ્વારા જેટલી ગોઠવણ કરેલી છે તેનાથી વધારે અક્ષરોની ઉત્પત્તિ કોઈ પણ ઘાટો માટે શક્ય નથી. અર્થાત્ નિજકર્તાએ પોખેલા છે તેનાથી વધુ અક્ષરો બોલી શકાતા નથી.

**તેહી બાવન અક્ષર નિજ, પુષ્પ પ્રણવ તરુ સોય;**
**પરમ બાસ જીનુ લપટહી, બિનુ પટ લગે ન કોય. ૨૬**

### શબ્દાર્થ

**તેહી** = તે **બાવન** = બાવન **અક્ષર** = અક્ષર **નિજ** = મૂળ, આદિ, અસલ **પુષ્પ** = ફૂલ **પ્રણવ** = પ્રણવ **તરુ** = વૃક્ષ **સોય** = તે છે **પરમ** = શ્રેષ્ઠ, ઉત્તમ **બાસ** = સુગંધ, સુવાસ **જીનુ** = જેમાં **લપટહી** = લપટાયેલી હોવાથી, સમાયેલી હોવાથી **બિનુ** = તે સિવાયનો **પટ** = ઢોળ, વાસ, પટ, પાસ, સંસર્ગ, અસર **લગે** = લાગે **ન** = નહીં **કોય** = કોઈ, બીજી, અન્ય નહીં.

### અનુવાદ

**તે બાવન અક્ષર પ્રણવ વૃક્ષના મૂળ પુષ્પોરૂપે છે. જેમાં શ્રેષ્ઠ સુગંધ લપટાયેલી (ભળેલી) છે. તે પટ લાગ્યા સિવાયનું કોઈ જ નથી.**

### ભાવાર્થ

શરીરમાં વહી રહેલા પ્રણવવૃક્ષની ઉપસ્થિતિમાં આદિ ગણાતા બાવન અક્ષરો પુષ્પ સ્વરૂપે છે. જેમાં પચ્ચીસ સ્પર્શ, ચાર અર્ધ સ્વર, ત્રણ ઉષ્મ, એક મહાપ્રાણ ળ, ક્ષ, જ્ઞ અને સોળ સ્વર મળીને કુલ બાવન અક્ષરો પ્રણવ વૃક્ષના પુષ્પો સમાન છે.

જેમ પુષ્પોમાં શ્રેષ્ઠ સુગંધ સમાયેલી હોય છે, તે જ ન્યાયે વિશ્વમાં બાવન અક્ષરોના પટ લાગ્યા સિવાય કોઈ પણ પદાર્થ કે વસ્તુ નથી. સુનિશ્ચિત કરેલા બાવન અક્ષરો રૂપ ફૂલોમાં રહેલી સુવાસ માત્ર જ સર્વ (બધી) વસ્તુને લપટાયેલી છે. બાવન અક્ષરો સિવાયની અન્ય પાસ કોઈ પણ વસ્તુને લાગેલી નથી.

## જેહી લપટ અક્ષર કહ્યો, તેહી સકલ રહે છાય;
## સુગમ નિગમ અણુ રજ તજ, બિનું અક્ષર ન કહાય. ૨૭

### શબ્દાર્થ

**જેહી** = જે **લપટ** = લપટાયેલા **અક્ષર** = અક્ષર **કહ્યો** = કહ્યો **તેહી** = તે **સકલ** = સર્વત્ર, સર્વ **રહે** = રહેલો છે, રહે છે **છાય** = છવાયેલા, પથરાયેલો, ફેલાયો **સુગમ** = સરળ, સહેલું, સુલભ **નિગમ** = વેદ, માર્ગ, પંથ, અંત **અણુ** = અતિ સૂક્ષ્મ, **રજ તજ** = જરાક, કિંચિત, લગાર, ધૂળના કણ જેટલું **બિનું** = વગર, સિવાય **અક્ષર** = અક્ષર **ન** = નહીં **કહાય** = કહેવાય.

### અનુવાદ

**જે લપટાયેલો અક્ષર કહ્યો તે સર્વત્ર છવાયેલો રહેલો છે. જેમકે, સુગમ, નિગમ,**

**અણુ અને રજ તજ વિગેરે અક્ષર સિવાય કહેવાય નહીં.**

### ભાવાર્થ

અગાઉની ચોપાઈઓમાં અક્ષરોને પ્રણવવૃક્ષના પુષ્પો રૂપે દર્શાવીને તેની સુવાસ સર્વત્ર લપટાયેલી છે તેમ દર્શાવવામાં આવ્યું છે. તે અંગે વધુ સ્પષ્ટતા કરવામાં આવે છે કે અક્ષરને લપટાયેલો કહ્યો. કારણ કે, તે અક્ષરોનો પસારો સર્વત્ર દરેક વસ્તુ યા પદાર્થ ઉપર છત્રછાયાના રૂપે પ્રસરેલો છે. અર્થાત્ દરેકના શિર ઉપર છત્રછાયા રૂપે અક્ષરનો પ્રભાવ છે. અક્ષર સિવાય કોઈ પણ વસ્તુ, રકમ કે પદાર્થને ઓળખી શકાય તેમ નથી.

**અતહી પૌઢ પસરન જીનું, કીનુ તન નહીં બિનું અંક;**
**લઘુ દીરઘ કે અરૂપ રૂપ, અક્ષર થકી વલ વંક. ૨૮**

### શબ્દાર્થ

**અતહી** = એટલે, તેવી **પૌઢ** = વિશાળ, ભવ્ય **પસરન** = ફેલાવો, પસારો **જીનું** = જેનો, તેનો **કીનુ** = કોઈ **તન** = ઘાટ **નહીં** = નથી **બિનું** = સિવાય, વગર **અંક** = અક્ષર **લઘુ** = નાના **દીરઘ** = મોટા **કે** = કે, અથવા, અને **અરૂપ** = રૂપ વગરના, અદશ્ય **રૂપ** = રૂપવાળા, દશ્ય **અક્ષર** = અક્ષર **થકી** = વડે, થી **વલ** = વળવાળા **વંક** = વાંકુ, આડું, મરોડદાર.

### અનુવાદ

**તેનો પસારો વિશાળ છે તેથી કોઈ પણ ઘાટ અક્ષર સિવાયનો નથી. નાનાં-મોટાં અને રૂપ-અરૂપ બધાં જ વળ ભરેલા વાંકા અક્ષરોથી જ સમજાય છે.**

### ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડમાં અક્ષરનો પસારો ખૂબ જ વિશાળ પ્રમાણમાં પ્રસરેલો છે. તેથી જ બ્રહ્માંડની સર્વ સ્થાવર જંગમ ઉત્પત્તિની આદ્ય લઈને દરેક પ્રકારના ઘાટો - સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ - અક્ષર સિવાયના નથી. ટૂંકમાં કોઈ પણ પદાર્થ કે ઘાટની ઓળખ માટે વપરાતાં નામ યા વિશેષણોમાં અક્ષર હોય છે.

કદમાં નાનાં હોય કે મોટાં અને દૃષ્ટિમાં રૂપવાળા હોય કે અરૂપ, પરંતુ તમામની ઓળખ વળ ભરેલા મરોડદાર અક્ષરો થકી જ શક્ય બને છે.

## બરન અઢાર વિવિધ વિધ, ચતુર શ્રેષ્ઠ જીનું મૂળ;
## ટેરત જીનું ઉતઈત સબે, અક્ષર તે અનુકૂળ. ૨૯

### શબ્દાર્થ

**બરન** = વર્ણ, જાતિ, નાત **અઢાર** = અઢાર **વિવિધ વિધ** = વિધ વિધ પ્રકારની, અલગ-અલગ પ્રમાણેની **ચતુર** = ચાર **શ્રેષ્ઠ** = મુખ્ય **જીનું** = જેનું **મૂળ** = મૂળ, અસલ, પ્રાથમિક, મૂળભૂત **ટેરત** = બોલાવતા થતો ઉદ્‌ગાર, સૂર, હાક, પોકાર **જીનું** = જેના અંગે, જેનો, જેને **ઉતઈત** = અહીંતહીં અત્ર-તત્ર,આલોક-પરલોક **સબે** = બધે જ, સર્વત્ર **અક્ષર** = અક્ષર **તે** = તે **અનુકૂળ** = અનુકૂળ, માફક, રૂચતું, બંધ બેસતું, પ્રતિકૂળ.

### અનુવાદ

**જુદા-જુદા પ્રકારની અઢારે વર્ણની મૂળભૂત ચાર મુખ્ય વર્ણ છે તે દરેકને અક્ષર થકી અનુકૂળતા પ્રમાણે જ્યાં ને ત્યાં (સર્વત્ર) બોલાય છે.**

### ભાવાર્થ

ઘણા વર્ષો પહેલાં કાર્યક્ષેત્રના આધારે જ્ઞાતિનું વિભાજન પાડવામાં આવેલું-જેમાં બ્રાહ્મણ, વણિક, સોની, દરજી, લુહાર, સુથાર, કડિયા, કંદોઈ, ખેડૂત, માળી, વાળંદ, બારોટ, ચમાર, રાજપૂત, ભંગી, મોચી, કસાઈ અને વૈદ્ય એમ વિધ-વિધ પ્રકારની વર્ણ-ભેદ હતા. તેમાં મુખ્ય બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ ચાર વર્ણના મથાળા હેઠળ અન્ય પેટા (ગૌણ) જ્ઞાતિનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આમ બધી જ પ્રકારની જાતિ કે વર્ણોને જ્યાં ને ત્યાં સર્વત્ર પોતપોતાની અનુકૂળતા પ્રમાણે અક્ષરો થકી જ બોલાવવામાં આવે છે. તે મુજબ તે તે જ્ઞાતિની ઓળખ કરવામાં આવે છે.

## વણીક કહે તો અક્ષરે, બ્રાહ્મણ અંક અનુપ;
## ક્ષત્રિ કહે તો અક્ષરે, અક્ષર સૌદર ઉપ. ૩૦

### શબ્દાર્થ

**વણીક** = વણિક, વાણિયો, વેપારી **કહે તો** = કહીયે તો **અક્ષરે** = અક્ષર વડે **બ્રાહ્મણ** = વિપ્ર, દ્વિજ **અંક** = અક્ષર **અનુપ** = અનોપમ, શ્રેષ્ઠ, ઉત્તમ **ક્ષત્રિ** = ક્ષત્રિય, રાજપૂત **કહે તો** = કહીયે તો **અક્ષરે** =અક્ષર થકી **અક્ષર** = અક્ષર **સૌદર** = શુદ્ર, ચાકર **ઉપ** =ઉપમા, ગૌણ, ઉતરતું, હીણ.

### અનુવાદ

**અક્ષરથી જ વણિક કહેવાય અને ઉત્તમ જાતિ બ્રાહ્મણ પણ અક્ષર થકી જ કહેવાય. અક્ષર વડે ક્ષત્રિય તથા નિમ્ન ગણાતા શુદ્ર પણ અક્ષરથી જ કહી શકાય.**

### ભાવાર્થ

આર્ય પ્રજાની ચાર વર્ણ પૈકી પ્રથમ બ્રાહ્મણ જ્ઞાતિ અને દ્વિતીય પંક્તિમાં પ્રજાનું રક્ષણ કરનારી ક્ષત્રિય જાતિ અક્ષરો થકી જ ઓળખાયા છે. ત્યાર બાદ તૃતીય પ્રકારના વેપાર-વ્યવસાય કરનાર વણિક જ્ઞાતિના વૈશ્યોને પણ અક્ષર વડે ઓળખવામાં આવે છે. વળી, સેવા-ચાકરી જ પોતાની ફરજ માને છે એવા ચોથા પ્રકારની શુદ્ર જાતિ પણ અક્ષર થકી જ કરી શકાય છે.

**તીન તીન અક્ષર લગે, વરણ ચતુર શિર વાણ;**
**આપ આપનેકુ બોલાવન, સબ શિર અંક એંધાણ. ૩૧**

#### શબ્દાર્થ

**તીન તીન** = ત્રણ, ત્રણ **અક્ષર** = અક્ષર **લગે** = લાગે છે **વરણ** = વર્ણ, જાતિ, જ્ઞાતિ **ચતુર** = ચાર **શિર** = માથે, માથા પર **વાણ** = વાણી, વાચા, બોલી **આપ આપનેકુ** = પોતપોતાની રીતે **બોલાવન** =બોલાવતાં **સબ શિર** = દરેકને માથે, દરેક ઉપર **અંક** = અક્ષર **એંધાણ** = એંધાણ, સંજ્ઞા, નિશાની, ચિહ્ન, ઓળખ.

### અનુવાદ

**આ ચારેય વર્ણના શિર પર ત્રણ ત્રણ અક્ષરો લાગુ પડે છે. પોતપોતાને બોલાવવામાં પણ દરેકના શિર પર ઓળખ માટે અક્ષરોની જ નિશાની છે.**

### ભાવાર્થ

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ ચારેય વર્ણના લખાણમાં ત્રણ-ત્રણ અક્ષરોનો સમાવેશ થયેલો છે. તે ત્રણ ત્રણ અક્ષરો થકી તે તે જાતિને બોલાવવામાં કે ઓળખવામાં આવે છે. આ ત્રણ ત્રણ અક્ષરો દરેક જાતિ માટે ઓળખવાની નિશાની રૂપે રહેલા છે.

## ઓરુ નરનાર સકલ જીનું, ત્રીયા પુત્ર પરિવાર;
## સબ શિર ઓળખાણ અંકસે, ચલત મનુષ વેહેવાર. ૩૨

### શબ્દાર્થ

**ઓરુ** = આતે, વળી **નરનાર** = પુરુષ અને સ્ત્રી **સકલ** = સૌ, સર્વ, તમામ **જીનું** = જેનું **ત્રીયા** = પત્ની **પુત્ર** =દીકરો, પુત્ર **પરિવાર** = કુટુંબ કબીલો, કુટુંબીજનો **સબ શિર** = દરેકના માથે **ઓળખાણ** =ઓળખાણ **અંકસે** = અક્ષરોથી **ચલત** = ચાલે **મનુષ** = મનુષ્ય **વેહેવાર** = વ્યવહાર, સંબંધ, દુનિયા દારીના કામકાજ, રીવાજ.

### અનુવાદ

**વળી સર્વ સ્ત્રી-પુરુષ કે જેના પરિવારમાં પત્ની પુત્ર સહિત દરેકની અક્ષર થકી જ ઓળખાણ થતી હોવાથી મનુષ્યનો વ્યવહાર ચાલે છે.**

### ભાવાર્થ

સ્ત્રી-પુરુષના સામાજિક સંબંધોવાળા સ્નેહીજનો અને પરિવારમાં પત્ની પુત્રની આદ્ય લઈને દરેક કૌટુંબિક સભ્યોના શિર પર અક્ષરોનું આરોપણ થયેલું છે. તેના થકી જ સૌની ઓળખાણ થાય છે. આ રીતે વપરાશ શબ્દો થકી જ દુનિયાદારીના તમામ કામકાજ અને સામાજિક વ્યવહાર ચાલે છે.

## જંગમ બિના બિનુ અક્ષરે, સ્થાવર ભાર અઢાર;
## રૂપ ગુણ ઓરુ ચૈતન વડે, ચાલ્યો જાય પરિવાર. ૩૩

### શબ્દાર્થ

**જંગમ** = હરતાં ફરતાં ઘાટ, જંગમ જાતિ **બિના** = સિવાય, વિના **બિનુ** = વગર, વિના **અક્ષરે** =અક્ષરોથી **સ્થાવર** = સ્થિર જાતિ, ખસી ન શકે તેવી જાતિના ઘાટો, વનસ્પતિ **ભાર** = ચોવીસ મણનું વજન વીસ કરોડ, એકવીસ લાખ ચુમ્મોતેર હાજર જેટલી સંખ્યા (૨૦,૨૧,૭૪,૦૦૦) **અઢાર** = અંકે અઢાર **રૂપ** = દેખાવ, આકૃતિ, સ્વરૂપ, મૂર્તિ **ગુણ** = પ્રકૃતિનું રસપ્રદ લક્ષણ, વસ્તુની સ્વાભાવિક ખાસિયત **ઓરુ** = અને **ચૈતન** = શરીરની ચેતનતાના કારણ રૂપે રહેલ અંશ, જીવ-આત્મા **વડે** = વડેથી **ચાલ્યો જાય** = ચાલ્યો જાય છે **પરિવાર** =કુટુંબ કબીલો, વસ્તાર.

### અનુવાદ

**જંગમ જાતિ સિવાયનો અઢાર ભાર સ્થાવર જાતિનો પરિવાર અક્ષર સિવાય માત્ર રૂપ, ગુણ અને ચૈતનથી જ ચાલે છે.**

### ભાવાર્થ

હલનચલન કરવાવાળી જંગમ જાતિ સિવાયની જે સ્થિર સ્થાવર જાતિ છે તેવી તમામ અઢાર ભાર વનસ્પતિનો પરિવાર મૌન અને સ્થિર દશા ભોગવે છે તેમ છતાં તેમના પારિવારિક જીવન જોતાં અક્ષર સિવાય તેમનામાં રહેલી પ્રાકૃતિક અને રસપ્રદ લક્ષણાત્મક ગુણો સહિત સર્જનહારના સજાતીય ચૈતન અંશની હાજરીથી જ સર્વનો વ્યવહાર ચાલ્યો જાય છે. એટલે કે, અંશની ચેતનતાથી પોતાનામાં રહેલા રૂપ અને ગુણ મુજબ વૃદ્ધિ પામીને સદા સર્વદા સ્થિર રહે છે.

**કોહો તરુ કીનેકુ બોલાવત, કોઉ કીનુ કરત મેલાપ;**
**ફૂલત ફલત ઉદ્‌બીજ વૃક્ષ, જાંહી તાંહી આપહી આપ. ૩૪**

#### શબ્દાર્થ

**કોહો** = કહો **તરુ** = વૃક્ષ **કીનેકુ** = કોને, કોની સાથે **બોલાવત** = બોલાવે છે **કોઉ** = કોઈ, કોણ **કીનુ** = કોની સાથે **કરત** = કરે **મેલાપ** =મેળાપ, મિલન **ફૂલત** = વિકસે છે, વૃદ્ધિ પામે છે **ફલત** = ફળે છે, ફળોની ઉત્પત્તિ કરે છે **ઉદ્‌બીજ** = ઊગે છે, બીજનું ફલીકરણ થાય છે, **વૃક્ષ** = વૃક્ષ, ઝાડ **જાંહી તાંહી** = જ્યાં છે ત્યાંનું ત્યાં જ **આપહી આપ** = પોતાની જાતે, પોતાની રીતે.

### અનુવાદ

**વૃક્ષ કોને બોલાવે છે ? અને કોણ કોની સાથે મેળાપ કરે છે ? તે કહો. જ્યાં ત્યાં જ પોતે પોતાની જાતે ઊગે છે. વિકસે છે અને ફલે ફૂલે છે.**

### ભાવાર્થ

સ્થાવર જાતિની વનસ્પતિને અક્ષર ઉચ્ચારવાની ગતિ ન હોવાથી તે કદિ પણ જંગમ જાતિની જેમ બોલતું નથી. વળી, વનસ્પતિ જાતિ એક જ જગ્યાએ સ્થિર રહીને ચલિત થતી ન હોવાથી તે એકબીજાને અરસ-પરસ મેળાપ પણ કરી શકતા નથી તેથી

વૃક્ષ જયાં યોગ્ય વાતાવરણ મળ્યું ત્યાં ઊગ્યું હોય અને ત્યાંનું ત્યાં જ વૃદ્ધિ પામે છે. વળી, ફલીકરણ દ્વારા અપાર ફૂલો અને ફળોની ઉત્પત્તિ કરે જાય છે.

**બિનું બોલે તરુ સબનકુ, અક્ષરકુ નહીં કામ;**
**બિનું અક્ષર રુપ ગુણ વડે, સ્થાવર રહત આરામ. ૩૫**

### શબ્દાર્થ

**બિનું** = સિવાય, વિના **બોલે** = બોલે, વાચા **તરુ** = તરુ **સબનકુ** = સૌને **અક્ષરકુ** = અક્ષરનું **નહીં** = નહીં, નથી **કામ** = જરૂરિયાત **બિનું** = સિવાય, વગર **અક્ષર** = અક્ષર **રુપ** = આકૃતિ, દેખાવ **ગુણ** = પ્રકૃતિનું રસપ્રદ લક્ષણ **વડે** = થી, વડે **સ્થાવર** = સ્થિર, સ્થાવર જાતિ **રહત** = રહે છે **આરામ** = વિસામો, વિશ્રાંતિ, બગીચો, શાંતિ, સુખરૂપતા.

### અનુવાદ

**વાચા સિવાયના સર્વ વૃક્ષોને અક્ષરની જરૂરિયાત નથી. અક્ષર સિવાય રૂપ અને ગુણ વડે સ્થાવર જાતિ આરામમાં રહે છે.**

### ભાવાર્થ

સ્થાવર જાતિને વાણી ઉચ્ચારવાની ક્ષમતા ન હોવાથી વાચા સિવાયના તમામ વૃક્ષોને પરસ્પર વ્યવહાર માટે અક્ષરની જરૂરિયાત હોતી નથી. તેથી તેમનો વ્યવહાર અક્ષર સિવાયનો હોય છે અને વૃક્ષજાતિ એક જ સ્થળે સ્થિર રહીને પોતાના બીજમાં પોખાયેલા રૂપ અને ગુણ મુજબ વૃદ્ધિ પામીને સદાને માટે વિશ્રાંતિમય રહે છે.

**બોલેહુ નિજ પ્રતિવાદી વીદ, મમ ઉર ભયે સંદેહ;**
**તરણ આદ્ય કુલ થાવર, બિનું અક્ષર નહીં દેહ. ૩૬**

### શબ્દાર્થ

**બોલેહુ** = બોલે છે **નિજ** = પોતે **પ્રતિવાદી** = ખંડન કરનાર, વિરોધ કરનાર વાદીની સામે પ્રતિપક્ષ કરનાર, વિરુદ્ધવાદ કરનાર **વીદ** = વદે, બોલે, કહે, વિદ્વાન, પંડિત, જાણકાર **મમ** = મારા **ઉર** = હૃદયમાં **ભયે** = થયે **સંદેહ** = શંકા, સંશય, વહેમ **તરણ** = ઘાસ, તરણું, તણખલું **આદ્ય** = સહિત, આદિ **કુલ** = તમામ **થાવર** = સ્થિર, સ્થાવર જાતિ **બિનું** = વગર, સિવાય **અક્ષર** = અક્ષર **નહીં** = નથી **દેહ** = ઘાટ, શરીર, તન.

### અનુવાદ

**કોઈ પ્રતિવાદી બોલે છે કે મારા હૃદયમાં શંકા થઈ છે કે તરણાની આદ્ય લઈને સ્થાવર જાતિના સર્વ ઘાટો અક્ષર સિવાયના હોઈ ન શકે.**

### ભાવાર્થ

કોઈ પણ વાતના તર્કબદ્ધ રીતે વિરોધ કરનાર વિદ્વાન વ્યક્તિ પોતાના હૃદયમાં શંકા પેદા કરીને કહે છે કે, અક્ષરોની ક્ષમતા સિવાયની તરણાની આદ્ય લઈને વિશ્વમાં જેટલી પણ સ્થિર સ્થાવર જાતિના ઘાટો છે તે બધા ઉપર અક્ષરનું આરોપણ કરેલું છે. અર્થાત્ કોઈ પણ સ્થિર (સ્થાવર) ઘાટ અક્ષર સિવાયના નથી.

**સ્થાવર કહે તો અક્ષર, વનસ્પતિ સોહી અંક;**
**ઓરુ ભિન્ન ભિન્ન તરુ સબનકે, અક્ષરકે શિર લંક. ૩૭**

#### શબ્દાર્થ

**સ્થાવર** = સ્થિર જાતિના વૃક્ષા **કહે તો** = કહેવામાં આવે તો **અક્ષર** = અક્ષર **વનસ્પતિ** = વનસ્પતિ **સોહી** = તે પણ **અંક** = અક્ષર **ઓરુ** =અને **ભિન્ન ભિન્ન** = જુદા-જુદા, અલગ-અલગ **તરુ** = વૃક્ષ **સબનકે** = દરેકના, સૌના **અક્ષરકે** = અક્ષરોના **શિર** = માથા ઉપર **લંક** = અલંકાર, આભૂષણ, શોભા.

### અનુવાદ

**સ્થાવર કહેતા તે અક્ષર છે અને વનસ્પતિનું નામ તે પણ અક્ષર જ છે. આમ, જુદા-જુદા પ્રકારના વૃક્ષોના શિર પર અક્ષરના અલંકાર હોય છે.**

### ભાવાર્થ

વિશ્વમાં ઉત્પન્ન થતી દરેક પ્રકારની વનસ્પતિ માટે વપરાતા સ્થાવર શબ્દ પણ અક્ષરથી જ કહેવાય છે. વનસ્પતિ એમ પણ અક્ષર દ્વારા જ કહેવામાં આવે છે. વળી, સંસારમાં પેદા થયેલા બધા જ પ્રકારના જુદા-જુદા વૃક્ષો ઉપર પણ અક્ષરના જ અલંકારોનું આરોપણ કરીને દરેકનાં નામ નિશ્ચિત કરવામાં આવેલા છે.

**શૂન્ય તે સમજ પ્રતિવાદી વીદ, ઉપજેહુ તુજ અંદેસ;**
**કહુ જેહી વિગત મનુષ ક્રત, છૂટત હી સકલ સંદેશ. ૩૮**

### શબ્દાર્થ

**શૂન્ય** = ખાલી, વિનાનું **તે** = તે **સમજ** = સમજ, જ્ઞાન, અક્કલ **પ્રતિવાદી** = વાતનું ખંડન કરનાર **વીદ** = વાણી, બોલવું **ઉપજેહુ** = ઉપજ્યો, પેદા થયો **તુજ** = તારો, તમારો **અંદેસ** = શંકા, સંદેહ, સંશય **કહુ** = કહું **જેહી** = જે **વિગત** = હકીકત, માહિતી, જાણ **મનુષ** = માનવી દ્વારા **ક્રત** =ઉત્પત્તિ, રચના, કૃત **છૂટત હી** = છૂટે, દૂર થાય **સકલ** = બધા જ પ્રકારના **સંદેશ** = સંશય, શંકા.

### અનુવાદ

**પ્રતિવાદી દ્વારા ઉચ્ચારાયેલ સમજ વિનાના વચનો તેમનામાં ઉદ્ભવેલા સંશયોનું પરિણામ છે. સંશયો નષ્ટ થાય તે માટે કહુ છું કે તે સર્વ અક્ષરો મનુષ્ય કૃત છે.**

### ભાવાર્થ

માત્ર હૃદયમાં શંકા ઉદ્ભવવાના કારણે પ્રતિવાદી દ્વારા ઉચ્ચારાયેલ સમજ વિનાના વચનોનું ખંડન કરતા દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સ્પષ્ટતા કરે છે કે જેથી તેમના હૃદયમાં ઉદ્ભવેલા સંશયો દૂર થાય.

સ્થિર, સ્થાવર જાતિ માટે કહેવામાં આવતા સ્થાવર (શબ્દ) અને વનસ્પતિ જેવા શબ્દો તેમજ વિશ્વમાં ઉત્પન્ન થયેલ દરેક વૃક્ષો પર જે શબ્દોનું આરોપણ કરવામાં આવેલું છે તે મનુષ્ય દ્વારા પોતાના વહેવાર તથા પારસ્પરિક (એકબીજાની) ઓળખ કરવા માટે જ વિભિન્ન અક્ષરોથી કરવામાં આવેલી શબ્દોની રચના છે.

**જેતન ભર સ્થાવર તનુ, પનડી આદ્ય વૃક્ષ વેલ;**
**તે તે ભર બિનું અક્ષરે, અદબદ રહત અકેલ. ૩૯**

### શબ્દાર્થ

**જેતન ભર** = જેટલા છે તેટલા બધા જ **સ્થાવર તનુ** = સ્થાવર જાતિના ઘાટો **પનડી** = પાંદડાવાળી જાતિ **આદ્ય** = સહિત, થી લઈને **વૃક્ષ** = વૃક્ષ, ઝાડ **વેલ** = વેલ જાતિ, વેલી, લાંબી પથરાતી કે ઊંચે ચડતી વનસ્પતિ **તે તે** = તેટલી બધી જ **ભર** = જેટલી **બિનું** = વગર, સિવાય, વિના **અક્ષરે** = અક્ષરોથી **અદબદ** = મોઘમ, અસ્પષ્ટ, અનિશ્ચિત **રહત** = રહે છે **અકેલ** = એકલું, સંગાથ વિનાનું.

### અનુવાદ

**પનડીની આદ્ય લઈને વૃક્ષ અને વેલી જાતિ સહિત સ્થાવર જાતિના ઘાટો છે તે બધા જ અક્ષર સિવાય અદબદપણે એકલા જ રહે છે.**

### ભાવાર્થ

અઢાર ભાર સ્થાવર જાતિમાં રહેલ તૃણ, પનડી, વેલી અને વૃક્ષ જાતિમાં પૃથ્વી તત્ત્વનો વિશેષ ભાગ રહેલો હોવાથી તમામ સ્થાવર જાતિ પૃથ્વીથી અલગ થઈને હલન-ચલન કરી શકતી નથી. તેમજ અક્ષરનો ઉચ્ચાર પણ કરી શકતી નથી. તે હમેશાં મોઘમપણે સ્થિર રહીને એકલવાયુ જીવન જીવે છે. તેમને જીવન જીવવામાં અંદરો-અંદર અન્યનો પારસ્પરિક સાથ-સહકાર લેવાની જરૂર પડતી નથી.

**જીવન સહીર ઓરુ રૂપ ગુણ, પ્રથમ હુતેહુ તરુ તંત;**
**તીનું સબ લેખ જંગમે લીખે, અપનો કરત વ્રતાંત. ૪૦**

#### શબ્દાર્થ

**જીવન** = આયુષ્ય **સહીર** = સમાયેલી શક્તિ, બળ, કૌવત, સત્ત્વ, સહન શક્તિ **ઓરુ** = અને **રૂપ** = આકૃતિ, સ્વરૂપ, દેખાવ, આકાર **ગુણ** = પ્રાકૃતિક લક્ષણ **પ્રથમ** = પહેલેથી જ, અગાઉથી જ **હુતેહુ** = હોય છે, હતાં જ **તરુ** = વૃક્ષ, વનસ્પતિ **તંત** = ઘાટ, શરીર **તીનું** = તેઓનું **સબ** = સર્વ, તમામ **લેખ** = લખાણ, વિવરણ **જંગમે** = જંગમ જાતિવાળાઓએ **લીખે** = લખેલું છે, લખ્યું છે **અપનો** = પોતાનો **કરત** = કરવા માટે **વ્રતાંત** = વર્ણન, બયાન, હકીકત, વિગત, પ્રક્રિયા, વર્તણૂંક, રીતભાત.

### અનુવાદ

**વૃક્ષના ઘાટોમાં પ્રથમથી જ તેમના આયુષ્ય, શક્તિ, રૂપ અને ગુણો હતાં. તે બધાનું વર્ણન જંગમજાતિએ પોતાના વ્યવહાર માટે લખાણમાં કરેલું છે.**

### ભાવાર્થ

સર્વ પ્રકારની વનસ્પતિના અંકુરોમાં સર્જનહારે પ્રથમથી જ જે તે ઘાટનું આયુષ્ય, આકાર, પ્રાકૃતિક લક્ષણો અને તેની શક્તિ સહિત તમામ બાબતો પોંખી દીધેલી છે. તે મુજબ યોગ્ય ભૌગોલિક પરિસ્થિતિ અને અનુકૂળતાભર્યા સંજોગો મળતાં જે તે

સ્થાવર જાતિ વૃદ્ધિ પામીને ખીલી ઊઠે છે.

આ પ્રમાણે ઉત્પન્ન થયેલી વનસ્પતિ માટે જંગમ જાતિમાં શ્રેષ્ઠ અને બુદ્ધિવાળી ગણાતી માનવજાતિએ પોતાની જરૂરિયાત પ્રમાણે બાવન અક્ષરોનો સુમેળ કરીને લખાણ (વર્ણન) કરેલું છે.

**જેતને ભર જંગમ વિના, કોઈ ન ઉચરત અંક;**
**ઓર સકલ વસ્તુ સબે, જડવત્ સદા નિશંક. ૪૧**

### શબ્દાર્થ

**જેતને** = જેટલા **ભર** = બધા, તમામ, તેટલા **જંગમ** = જંગમ જાતિ **વિના** = સિવાય **કોઈ** = કોઈ પણ **ન ઉચરત** = ઉચ્ચાર કરતા નથી **અંક** = અક્ષર **ઓર સકલ** = બીજી બધી **વસ્તુ** = પદાર્થ, વસ્તુ, ઉત્પત્તિ **સબે** = તમામ, સર્વ **જડવત્** = જડની જેમ, નિર્જીવની માફક, ચૈતન્યતા વગર, અચેતનની જેમ **સદા** = સર્વદા **નિશંક** = નિર્ભયપણે, નીડરતાથી, હિંમતપૂર્વક, શંકા રહિત.

### અનુવાદ

**જેટલી જંગમ જાતિ છે તે સિવાય અન્ય કોઈ અક્ષરનો ઉચ્ચાર કરતા નથી. બીજી બધી જ ઉત્પત્તિના તમામ પદાર્થો હમેશાં નિઃશંકપણે જડવત્ છે.**

### ભાવાર્થ

વિશ્વમાં જંગમ જાતિના જેટલા ઘાટો છે તે એક યા બીજી રીતે પોતપોતાના ઘાટની ક્ષમતા મુજબ શબ્દનું ઉચ્ચારણ કરે છે, પરંતુ સ્થાવર જાતિના દરેક ઘાટો કોઈ પણ પ્રકારના શબ્દોનું ઉચ્ચારણ કરી શકવા માટે અસમર્થ છે. તેથી તે સ્થાવર જાતિના ઘાટો જ્યાં ઊગે છે ત્યાં જ સદાને માટે જડવત્ સ્થિતિમાં રહે છે અને ત્યાં જ વૃદ્ધિ પામીને નિર્ભયપૂર્વક પોતાનું જીવન પૂર્ણ કરે છે. એ જ રીતે સ્થાવરજાતિ સિવાયની બીજી બધી જ જડ વસ્તુઓ પણ હમેશને માટે જડવત્ સ્થિતિમાં રહે છે.

**તે સબ જડવત્ વસ્તકે, શિર અક્ષર પ્રતિકાર;**
**તે સબ જંગમને કીયે, લેન દેન અધિકાર. ૪૨**

### શબ્દાર્થ

**તે સબ** = તે બધી **જડવત્** = અચેતનની જેમ, જડની જેમ **વસ્તકે** = વસ્તુ-પદાર્થને **શિર** = માથે, મસ્તક પર **અક્ષર** = અક્ષર **પ્રતિકાર** = ઈલાજ, ઉપાય, પ્રતીક રૂપે આકાર પામેલા **તે સબ** = તે બધા જ **જંગમને** = જંગમ જાતિએ **કીયે** = કર્યા છે **લેન દેન** = લેવડ-દેવડ, વ્યવહાર મુજબ **અધિકાર** = પાત્રતાવાળા, લાયકાતવાળા, યોગ્ય.

### અનુવાદ

**તે તમામ જડવત્ વસ્તુના શિર પર પ્રતિક રૂપે અક્ષરોનું આરોપણ જંગમ જાતિએ લેવડ-દેવડ માટે વસ્તુની લાયકાત મુજબ કર્યા છે.**

### ભાવાર્થ

જડવત્ રહેલી તમામ વસ્તુ યા પદાર્થો ઉપર તેની ઓળખના પ્રતિક આકારવાળા રૂપે અક્ષરો આરોપણ કરેલા છે. તેમ કરવાનો હેતુ જંગમ જાતિનો મુખ્ય ઈરાદો પોતાના અંગત જીવનમાં લેવડ-દેવડનો વ્યવહાર યોગ્ય રીતે ચાલે તે જ હતો. આમ, સમાજમાં વિનિમય અને વ્યાપારલક્ષી વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને જ દરેક વસ્તુની પાત્રતા મુજબ તેના ઉપર અક્ષરો ગોઠવેલા છે.

**જો જડ વસ્ત સકલ શિર, જંગમ ન લીખતે લેખ;**
**તો વહીવટ નટ ક્યૌ ચલે, લેવત દેત અપેખ. ૪૩**

### શબ્દાર્થ

**જો** = જો **જડ વસ્ત** = નિર્જીવ વસ્તુ, અચેતન પદાર્થ **સકલ** = તમામ, બધાને **શિર** = માથે **જંગમ** = જંગમજાતિ **ન લીખતે** = વખતા નહીં **લેખ** = લખાણ **તો** = તો **વહીવટ** = વ્યવહાર, કારોબાર, વ્યવસ્થા **નટ** = નાટક, ખેલ **ક્યૌ** = કેવી રીતે, કેમ, શી રીતે **ચલે** = ચાલી શકે, ચાલે **લેવત દેત** = લેવડ-દેવડ, આપ-લે **અપેખ** = જાણ્યા સિવાય, અજાણપણે.

### અનુવાદ

**જો સર્વ જડ વસ્તુના શિર પર જંગમજાતિએ લખાણ ન લખ્યું હોય તો તેને જાણ્યા સિવાય લેવડ-દેવડના વ્યવહારનો ખેલ કેવી રીતે ચાલે ?**

### ભાવાર્થ

વિશ્વની તમામ જડ વસ્તુ ઉપર જંગમજાતિના બુદ્ધિજીવી એવા માનવોએ જો અક્ષરનું આરોપણ ન કરેલું હોય તો તેને ઓળખી શકવામાં ભારે તકલીફ ઊભી થાય. જો તે ચીજ વસ્તુ ન ઓળખી શકાય તો પોતાના અંગત લેવડ-દેવડના વ્યવહારનો ખેલ પણ ચાલે નહીં.

## એહી બાવન અક્ષર જેહી, પ્રણવ વૃક્ષ કે ફૂલ;
## નિજપતિ પસરન સબ શિર, પૂજા ચઢન અમુલ. ૪૪

### શબ્દાર્થ

**એહી** = એવા **બાવન** = અંકે બાવન **અક્ષર** = અક્ષર **જેહી** = જે **પ્રણવ** = શ્વાસોચ્છ્વાસ **વૃક્ષ કે** = વૃક્ષ, ઝાડનું **ફૂલ** = પુષ્પ **નિજપતિ** = નિજકર્તા, સર્જનહારે પોતે **પસરન** = પસારો, ઉત્પત્તિ **સબ શિર** = દરેકના મસ્તક પર **પૂજા** = પૂજન **ચઢન** = ચઢાવવા **અમુલ** = અમૂલ્ય, મૂલ્યવાન, કીંમત.

### અનુવાદ

**એવા બાવન અક્ષર કે જે પ્રણવવૃક્ષના ફૂલ છે, તે નિજપતિના પસારા પૈકી દરેકના શિર પર ચઢાવવા માટે અમૂલ્ય ફૂલો છે.**

### ભાવાર્થ

વર્ણમાળામાં રહેલા બાવન અક્ષરો છે તે પરિપક્વ થયેલા પ્રણવ વૃક્ષનાં ફૂલો છે. એવાં ફૂલો સર્જનહાર દ્વારા નિર્મિત દરેક સ્થાવર-જંગમ સહિત સર્વ જડ અને ચૈતન ઉત્પત્તિના શિર પર શોભે છે. દરેક વસ્તુ યા પદાર્થ ઉપર ચઢાવેલા આ અક્ષર રૂપી પુષ્પો ખૂબ જ મૂલ્યવાન છે.

## પ્રણવ અંશ નિજપતિ જન, પ્રથમ અલખ જીને ચીન;
## તાઈ અલખ લખ કરનન, અંક આરોપણ કીન. ૪૫

### શબ્દાર્થ

**પ્રણવ** = શ્વાસોચ્છ્વાસ **અંશ** = સર્જનહારનો સજાણજાણ, સજાતિ તત્ત્વ **નિજપતિ** = પરમપિતા, સર્જનહાર **જન** = જે માનવોએ **પ્રથમ** = પ્રારંભમાં, શરૂઆતમાં, પહેલેથી **અલખ** = લખી ન શકાય તેવા, અવર્ણનીય **જીને** = જેમણે **ચીન** = ઓળખ્યું, જાણ્યું **તાઈ** = તે **અલખ** = લખી ન શકાય તેવા, અવર્ણનીય

**લખ** = લક્ષ, બોધ **કરનન** = કરવા માટે, કહેવા માટે **અંક** = અક્ષરોનું **આરોપણ** = આરોપણ, ચઢાવ **કીન** = કરેલું છે, કરવામાં આવ્યું છે.

## અનુવાદ

**અલખ એવા સર્જનહારના, અંશ અને પ્રણવને ઓળખવા માટે તેમજ અલખના પદને લખવા માટે જ અક્ષરોનું આરોપણ કરવામાં આવ્યું છે.**

## ભાવાર્થ

જેનુ વર્ણન કરીને લખી કે કહી ન શકાય તેવા અપ્રત્યક્ષ સ્વરૂપે રહેલા પ્રણવ, અંશ અને સર્વ ઉત્પત્તિના સાક્ષી રૂપે રહેલા સકર્તાપિત સર્જનહાર છે. માનવોએ ગુરુકૃપા થકી પોતે જીવનકાળના આરંભમાં એવા સર્વ અલેખ પદોને જણાવવા માટે તેમજ અલખપદના લક્ષને લખીને દર્શાવી શકાય તેવા આશયથી જ દરેકના ઉપર અક્ષરોનું આરોપણ કરેલું છે.

**માનવ દેવ વિહંગ પશુ, વિવિધ ભાત્ય બહુ વેખ;**
**એતને જંગમ મહી કીનુ, તરુ શિર લખીને લેખ. ૪૬**

### શબ્દાર્થ

**માનવ** = મનુષ્ય **દેવ** = દેવી-દેવતાઓ **વિહંગ** = પક્ષી **પશુ** = પશુ **વિવિધ ભાત્ય** = જુદી જુદી રીતે, ભિન્ન ભિન્ન રીતે **બહુ** = વધુ, વિશેષ **વેખ** = ઘાટ, સ્વરૂપ, વેશ **એતને** = એટલા **જંગમ મહી** = જંગમમાં **કીનુ** = કોણ **તરુ** = વૃક્ષ **શિર** = મસ્તક પર **લખીને** = લખવામાં આવ્યા **લેખ** = લખાણ.

## અનુવાદ

**માનવ, દેવ, પશુ અને પક્ષી મળીને વિવિધ ભાતના જંગમ ઘાટો છે. તેમાંથી વૃક્ષના શિર પર નામનાં લેખ કોણે લખ્યાં છે ?**

## ભાવાર્થ

જંગમ જાતિમાં માનવ જાતિ, દેવી-દેવતાઓ, પશુ અને પંખીઓ મળી વિવિધ ભાતના ઘણા ઘાટોનો સમાવેશ થાય છે. તે સમગ્ર ઘાટો પૈકી સ્થાવર જાતિની વૃક્ષ,

વેલી, પાંદડી અને જળ જાતિના અનેક ભાત-ભાતના ઘાટો ઉપર કોણે અક્ષરનું આરોપણ કરીને તેમન શિર પર લેખ લખ્યાં છે ?

**બાવન અંક સંજુક્તહી, જીનકે પ્રણવ પ્રસાર;**
**તીનું અક્ષર શિર સબનકો, લીખેહુ વિચાર વિચાર. ૪૭**

### શબ્દાર્થ

**બાવન** = અંકે બાવન **અંક** = અક્ષર **સંજુક્તહી** = ભેગા મેળવીને, જોડીને, ભળીને **જીનકે** = જેનો **પ્રણવ** = પ્રણવ, શ્વાસોચ્છ્વાસ **પ્રસાર** = પસારો, ફેલાવો **તીનું** = તેના જ **અક્ષર** = અક્ષર **શિર** = માથા પર, શિર પર **સબનકો** = બધાના, સૌના **લીખેહુ** = લખવામાં આવ્યા **વિચાર વિચાર** = વિચાર કરી કરીને, વિચારી વિચારીને.

### અનુવાદ

**બાવન અક્ષરો જોડીને જે પ્રણવનો પસારો થયેલો છે, તેવા અક્ષરો દરેકના શિર પર વિચારી વિચારીને લખેલા છે.**

### ભાવાર્થ

શરીરમાં જે પ્રણવનો પસારો થયેલો છે તેમાં વર્ણમાળાના બાવન અક્ષરો ભળેલા છે. તે પ્રણવ થકી ઉચ્ચાર પામેલા બાવન અક્ષરો સૃષ્ટિની તમામે તમામ ઉત્પાદિત જ રચનાઓ ઉપર ખૂબ જ વિચારી વિચારીને લખેલા છે.

**તેહી જંગમ સુર માનવ, જીનકે પ્રણવ પ્રચંડ;**
**ચૌદ તબક સ્થિર ચરચવે, સપ્ત દ્વીપ નવ ખંડ. ૪૮**

### શબ્દાર્થ

**તેહી** = તે, જેનો **જંગમ** = જંગમ જાતિ **સુર** = દેવ **માનવ** = મનુષ્ય **જીનકે** = જેમનો **પ્રણવ** = શ્વાસોચ્છ્વાસ, રેચક-પ્રેરક પવન **પ્રચંડ** = શક્તિશાળી, મહાન, બળવાન, પ્રતાપી **ચૌદ તબક** = ચૌદ લોક **સ્થિર** = સ્થાવર **ચરચવે** = ચાલતા અને ચારો ચરતા **સપ્ત દ્વીપ** = સાત દ્વિપ **નવ ખંડ** = પૃથ્વી પરના જમીનનો ઘણો મોટો ભાગ, નવ ખંડો.

### અનુવાદ

**સાત દ્વિપ, નવખંડની આદ્ય લઈ ચૌદ લોક અને સ્થાવર જાતિ સહિત ચારો ચરતા અને (હાલતા) ચાલતા સર્વ જંગમ જાતિમાં માત્ર દેવ અને મનુષ્યનો પ્રણવ શક્તિશાળી છે.**

### ભાવાર્થ

સમગ્ર વિશ્વમાં જેનો સમાવેશ થાય છે તેવા સપ્ત દ્વિપઃ પુષ્કર, સાગ, કૌસક, કુશાલક, સાલમ, પલકી અને જંબુદ્વિપ તેમજ નવખંડઃ ઈલાવૃત, ભદ્રાસ્વ, હરિવર્ષ, કિંપુરુષ, કૈતુમાલ, રમ્ય, ભરત, હિરણ્ય, ઉત્તરકુરુ, વૃત્ત, રમ્ય, દ્રવ્યમાલ, કેપૂમાલ, હરિ, વિધિમાલ, હર્ણ, અને સુવર્ણ અને ચૌદ લોકઃ અવ્યાક્રત શક્તિ લોક, વિષ્ણુલોક, સત્‌લોક, તપલોક, જનલોક, મહરલોક, તારાલોક, દેવલોક ગાંધર્વલોક, ઈન્દ્રલોક, ભૂરલોક, ચંદ્રલોક, સુરલોક અને મૃત્યુલોકની આદ્ય લઈ સ્થિર સ્થાવર જાતિ સહિત ચારો ચરતા અને હાલતાં-ચાલતાં સર્વ જંગમ જાતિના ઘાટોમાં માત્ર દેવી-દેવતા અને માનવજાતિનો પ્રણવ વિશેષ શક્તિશાળી છે.

**મહિમા અતુલ જુગ જાહેર, સુર મનુ પ્રણવ પ્રતાપ;**
**જીનતે ઉપજેહુ અક્ષર, દીયેહુ સકલ શિર છાપ. ૪૯**

### શબ્દાર્થ

**મહિમા** = મહાત્મ્ય, મહત્તા, પ્રભાવ **અતુલ** = અનુપમ, જેની તુલના કે સરખામણી ન કરી શકાય તેવું **જુગ** = જગતમાં **જાહેર** = પ્રસિદ્ધ **સુર** = દેવી-દેવતા **મનુ** = મનુષ્યજાતિ **પ્રણવ** = રેચક પ્રેરક ગતિ **પ્રતાપ** = પ્રભાવ, સામર્થ્ય **જીનતે** = જેમના થકી, જેનાથી **ઉપજેહુ** = ઉપજ્યા છે, ઉત્પન્ન થયા, પેદા થયા **અક્ષર** = અક્ષર **દીયેહુ** = આપવામાં આવ્યા, દીધેલું **સકલ શિર** = દરેકના મસ્તક પર **છાપ** = નિશાની, ઓળખ, મહોર, નામના.

### અનુવાદ

**દેવો તેમજ માનવોના પ્રણવનો પ્રતાપ અને અતુલ્ય મહિમા જગ જાહેર છે. જેનાથી અક્ષરો ઉત્પન્ન થઈને સર્વના શિર ઉપર ઓળખ આપેલી છે.**

### ભાવાર્થ

પૌરાણિક ઈતિહાસને તપાસતાં જણાય છે કે દેવી-દેવતાઓ તેમજ માનવોના શરીરમાં રહેલા શક્તિશાળી પ્રણવની મહત્તા અને પ્રસિદ્ધિની તુલના કે સરખામણી અન્ય ઘાટ સાથે કરી શકાય તેમ નથી. એવા શક્તિશાળી પ્રણવના માધ્યમ થકી જ તેઓ દ્વારા અક્ષરોનું નિર્માણ કરાયેલું છે. તે અક્ષરો દ્વારા વિશ્વની સ્થાવર-જંગમ સહિત સર્વ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રચનાના શિર પર તેની ઓળખાણ માટે અક્ષરોનું આરોપણ કરવામાં આવેલું છે.

## અમરવેલી જીનું પ્રણવહી, જીનકે સકલ સરાય;
## પત્ર પુષ્પ ફળ અવિગત, ઉલચે ઓછાં ન થાય. ૫૦

#### શબ્દાર્થ

**અમરવેલી** = વૃક્ષો ઉપર ઊગતી આકાશવેલ, અવિરત ચાલતી વેલી **જીનું** = જેની, જેનું **પ્રણવહી** = પ્રણવ જ **જીનકે** = જેનાં, જેના થકી **સકલ** = સર્વ, તમામ, બધા જ **સરાય** = સરાહના **પત્ર** = પાન, પત્ર **પુષ્પ** = ફૂલ **ફળ** = ફળ **અવિગત** = જેની વિગત અપરંપાર છે, અપાર વિગતોવાળા **ઉલચે** = ઉલેચવામાં આવે તો પણ, બહાર કાઢતાં પણ **ઓછાં ન થાય** = ઘટતાં નથી, ઓછાં થતાં નથી.

### અનુવાદ

**જેનો પ્રણવ અમરવેલી રૂપ છે. જેનાં અવિગત પાન, પુષ્પ અને ફળની સરાહના સર્વ કરે છે. તેને ઉલેચવા છતાં તેમાથી કોઈ ઓછુ થતું નથી.**

### ભાવાર્થ

અગાઉ વાત કરી તેવા દેવી-દેવતાઓ અને મનુષ્ય જાતિના પ્રસિદ્ધ અને શક્તિશાળી પ્રણવવૃક્ષ અમરવેલી સમાન છે. જેનાં ઉત્પત્તિ રૂપે રહેલ અપાર પાનાં, પુષ્પો અને ફળોની સરાહના સમસ્ત જગતમાં થતી હોય છે. તે પ્રણવવૃક્ષમાંથી નીકળતા અપાર પાનાં, પુષ્પ અને ફળો સતત નીકળતા જ રહેતા હોય તેમ છતાં પ્રણવમાંથી કાંઈ પણ ઓછું થતું નથી.

**ઉલચન સોહી ઉચારન, અક્ષર જપ સંધ્યાય;**
**અખીલ વસ્તુ શિર અરપતાં, પુરીત પ્રણવ પરાય. ૫૧**

### શબ્દાર્થ

**ઉલચન** = ઉલેચતાં, બહાર કાઢતાં **સોહી** = તે **ઉચારન** = ઉચ્ચાર કરવો, બોલવું **અક્ષર** = અક્ષર **જપ** = જપવું, નામ કે મંત્રનું રટણ, આવર્તન **સંધ્યાય** = કાળની સંધીના સમયે કરવામાં આવતી સ્તુતિ કે પ્રાર્થના **અખીલ** = સમસ્ત, સર્વ, તમામ **વસ્તુ** = પદાર્થ **શિર** = મસ્તક પર **અરપતાં** = અર્પણ કરતાં, ચઢાવતાં **પુરીત** = પુરાયેલો, ભરાયેલ **પ્રણવ** = પ્રણવ **પરાય** = પરભારું, બારોબાર, પરમ, ઉત્તમ, પરાયણ.

### અનુવાદ

**ઉલેચવું એટલે ઉચ્ચાર કરવો અને અક્ષર એટલે સંધ્યાના જાપ સમસ્ત પદાર્થ ઉપર અર્પણ કરવા છતાં અક્ષરો પ્રણવમાં પુરાયેલા જ રહે છે.**

### ભાવાર્થ

અગાઉની ચોપાઈમાં જે ઉલેચવાની વાત કરી તેની વધુ સ્પષ્ટતા કરતાં જાણવવામાં આવ્યું છે કે ઉલેચવું એટલે ઉચ્ચાર કરવો અને જે ઉચ્ચાર થાય છે તે બાવન અક્ષરોને સંધ્યાના જાપ ગણવાના છે. આમ, અખિલ સૃષ્ટિના દરેકે દરેક પદાર્થો ઉપર અક્ષરોનું આરોપણ કરવામાં આવ્યું હોવા છતાં શરીરમાં રહેલો શ્રેષ્ઠ અને શક્તિશાળી પ્રણવ પોતાના અવધિકાળ સુધી પુરાયેલો રહે છે ત્યાં સુધી અક્ષરો તે સતત નીકળ્યા જ કરે છે તેમ છતાં ખૂટતા નથી કે પ્રણવમાં કાંઈ ઓછું થતું નથી.

**અરપણ સોહી અક્ષર સ્વર, ઉચરન કટુક મધુર;**
**ગીરા ગંગ વહીતમ પ્રભા, નીકસત અંક અપુર. ૫૨**

### શબ્દાર્થ

**અરપણ** = આરોપણ, સમર્પણ, બલિદાન, બક્ષિસ, આપવું **સોહી** = તે **અક્ષર** = અક્ષર **સ્વર** =પ્રણવ **ઉચરન** = ઉચ્ચાર કરવો, બોલવું, વદવું **કટુક** = કઠોર, કડવું, ન ગમે તેવું **મધુર** = મીઠું, કર્ણપ્રિય, રૂચિકર, મનોરંજક, વહાલ ઉપજાવે તેવું **ગીરા** = વાણી, ભાષા **ગંગ** = ગંગાનદી, જહાનવી, ભાગીરથી **વહીતમ** = વહે છે, અવિરત પ્રવાહ રૂપે ચાલવું કે સરવું **પ્રભા** = પ્રતિષ્ઠા, ઓજ, વિખ્યાત, નામ **નીકસત** = નીકળે છે **અંક** = અક્ષર **અપુર** = અપાર, અપરંપાર, પાર વિનાના.

## અનુવાદ

**અર્પણ કરાયેલા અક્ષરોથી પ્રણવ દ્વારા કડવા અને મીઠા ઉચ્ચારણો થાય છે. તે વિખ્યાત ગંગાના પ્રવાહની જેમ વાણી દ્વારા અપાર અક્ષરો નીકળે છે.**

## ભાવાર્થ

પ્રણવ વૃક્ષના અક્ષર રૂપ પુષ્પો જ્યારે અર્પણ કરવામાં આવે ત્યારે ઉચ્ચારવામાં આવતી વાણી ગમે નહીં તેવી કઠોર અથવા અતિપ્રિય લાગે તેવી મધુર એમ બંને પ્રકારની નીકળે છે. વાણી નીકળવાની પ્રક્રિયા વિશ્વની વિખ્યાત એવી ગંગા નદીના અવિરત પ્રવાહની જેમ સતત નીકળ્યા કરે છે.

**પણ નિજ પ્રણવ પુરણ સદા, અક્ષરે સ્વર સમેત;**
**ઉચરંતાં તમના તમ, કમતી ન એક અખેત. ૫૩**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ, પણ **નિજ** = મૂળ, આદિ, પોતે **પ્રણવ** = પ્રણવ **પુરણ** = પરિપૂર્ણ, ભરપૂર **સદા** = સદાને માટે, હમેશાં, કાયમ **અક્ષરે** = અક્ષરોથી **સ્વર** = અવાજ **સમેત** = સહિત, સાથે **ઉચરંતાં** = ઉચ્ચાર કરતાં **તમના તમ** = તેમનો તેમ જ, જેવો છે તેવો જ **કમતી** = ઓછું, ઘટતું **ન** = નહીં **એક** = અંકે એક **અખેત** = દાણો, કણ.

## અનુવાદ

**પરંતુ નિજ પ્રણવમાં હમેશાંને માટે અક્ષરનો અવાજ પૂરાયંલાં રહે છે. તેનો ઉચ્ચાર કરવા છતાં તેમાંથી એક પણ અક્ષર ઓછો થયા સિવાય તેમનો તેમ જ રહે છે.**

## ભાવાર્થ

ચૈતન અંશની ચેતનતા પામીને ચેતન થયેલા પ્રણવમાં અક્ષરોના ઉચ્ચાર કરવાની ક્ષમતા હમેશાંને માટે ભરપૂર રીતે પોખાયેલી છે. જેથી અપાર અક્ષરોનો ઉચ્ચાર થતો હોવા છતાં પ્રણવમાંથી એક પણ અક્ષર ઓછો થતો નથી. નિજ પ્રણવની સ્થિતિ જે આદિ (આરંભ)માં હતી તે જ સ્થિતિમાં સદાને માટે જળવાય રહે છે. અર્થાત્

(વધારો-ઘટાડો થયા વિના પ્રણવ) છેલ્લે સુધી જેવો હતો તેવો ને તેવો જ રહે છે.

**તેહી અક્ષર નિજ બાવન, સ્વર સહિત ગંભીર;**
**આપને કાજ ચલાવન, લખેહુ સકલ તનુ શિર. ૫૪**

**શબ્દાર્થ**

**તેહી** = તે **અક્ષર** = અક્ષર **નિજ** = મૂળ, આદિ, પોતે **બાવન** = અંકે બાવન **સ્વર** = અવાજ, ઘાંટો, નાદ, ધ્વનિ, સૂર **સહિત** = સહિત **ગંભીર** = ગહન, પુખ્ત, ધીર, પ્રૌઢ **આપને** = પોતાને **કાજ ચલાવન** = કામકાજ માટે, કાર્ય માટે, વ્યવહાર ચલાવવા માટે **લખેહુ** = લખેલા છે **સકલ** = સર્વ, તમામ, બધા જ **તનુ** = ઘાટ **શિર** = મસ્તક પર.

**અનુવાદ**

**પોતાના સ્વર સહિત તે મૂળ બાવન અક્ષરો ગહન છે. જે પોતાના કામ-કાજ ચલાવવા માટે બધા જ ઘાટોના શિર પર લખેલા છે.**

**ભાવાર્થ**

જેનો પૂર્ણ ઉચ્ચાર કોઈની મદદ વિના થઈ શકે તેવા બાર અક્ષરવાળા સ્વર સહિત વર્ણમાળાના કુલ બાવન અક્ષરોની સ્થિતિ ખૂબ જ ગહન છે. જે અક્ષરોનો ઉપયોગ ખાસ કરીને માનવજાતિ દ્વારા પોતાનો વ્યવહાર ચલાવવા માટે વિશ્વની સર્વ ઉત્પત્તિના શિર પર લખેલા છે. ટૂંકમાં, દરેકે દરેક વસ્તુ કે પદાર્થ ઉપર અક્ષરોનું આરોપણ કરવામાં આવેલું છે.

**પણ નહીં બોલત વૃક્ષ-વન, ઉત ઈત આવે ન જાય;**
**કરી ઓળખાણ મનુષ્ય જીનું, સબ શિર અંક લગાય. ૫૫**

**શબ્દાર્થ**

**પણ** = પરંતુ **નહીં** = નથી **બોલત** = બોલતાં **વૃક્ષ** = ઝાડ, તરુ **વન** = જંગલ **ઉત ઈત** = આ બાજુ કે તે બાજુ, અહીં કે ત્યાં **આવે ન જાય** = આવતા કે જતા નથી **કરી** = કરીને **ઓળખાણ** = પરિચય, પિછાન **મનુષ્ય** = માનવ, **જીનું** = જેનો, જેણે **સબ શિર** = દરેકને માથે **અંક** = અક્ષર **લગાય** = લગાવ્યા છે, લગાવીને.

## અનુવાદ

**જંગલમાં રહેલ વૃક્ષો કે વનસ્પતિ બોલતાં નથી, વળી તે આમ તેમ આવતાં કે જતાં પણ નથી. તે દરેકના શિર ઉપર અક્ષરો લગાવીને માણસે જ તેની ઓળખાણ કરાવી છે.**

## ભાવાર્થ

જંગલમાં વિધ વિધ પ્રકારની પનડી, વેલી, તૃણજાતિ અને વૃક્ષો વગેરે અસંખ્ય પ્રમાણમાં વનસ્પતિ ઊગી નીકળે છે અને ફૂલી-ફાલીને વિકાસ પામે છે. તે દરેક વનસ્પતિ પ્રણવ થકી અક્ષરનો ઉચ્ચાર કરી શકતી નથી. વળી, તે જંગમ જાતિના ઘાટોની જેમ આમ તેમ આવતાં કે જતાં પણ નથી. તે જ્યાં ઊગે ત્યાં જ વૃદ્ધિ પામે છે અને પોતાના જીવનની અંતિમ ક્ષણ સુધી રહે છે. બુદ્ધિ જીવી માનવોએ પોતાના સ્વાર્થ માટે અર્થાત્ લેવડ-દેવડના વ્યવહાર માટે અનુકૂળતા રહે તેથી દરેકે દરેક સ્થાવર જાતિના માથે અક્ષરોનું આરોપણ કરીને ઓળખાણ કરાવેલી છે.

**બર બટ સરુ તરુ અક્ષરે, પીપલ અંક પરોગ;**
**તીનુ આદ્ય તરુ સબનકુ, અરપેહુ અંક અમોગ. ૫૬**

### શબ્દાર્થ

**બર બટ** = ભરાવદાર વડ **સરુ તરુ** = દેવદારનું વૃક્ષ **અક્ષરે** = અક્ષરોથી **પીપલ** = પીપળ **અંક** = અક્ષર **પરોગ** = છેવટે, આખરે **તીનુ આદ્ય** = તેની, ત્રણેની આદ્ય આદિ, સહિત, વગેરે, ને લઈને **તરુ** = વૃક્ષ **સબનકુ** = દરેકને, સૌને **અરપેહુ** = અર્પણ કરવામાં આવ્યા છે. આરોપણ કર્યા છે **અંક** = અક્ષર **અમોગ** = અમોધ, સચોટ, બરાબર.

## અનુવાદ

**ભરાવદાર વડ, સરવ (દેવદાર) અને પીપળાના વૃક્ષ ઉપર પણ છેવટે નામ રહેલાં છે. એ ત્રણેની આદ્ય લઈને તમામ વૃક્ષોને સચોટ (નિશ્ચિત) અક્ષરો અર્પણ કરેલાં છે.**

## ભાવાર્થ

ખૂબ જ મોટું અને ભરાવદાર વડનું ઝાડ, સરવ અર્થાત્ દેવદારનું વૃક્ષ અને

પીપળાના ઝાડ માથે પણ આખરે તો અક્ષરોનો પ્રભાવ જોવા મળે છે. આ સિવાય એ ત્રણેની આદ્ય લઈને દરેકે દરેક પ્રકારના નાનાં-મોટાં વૃક્ષો ઉપર અમુક ચોક્કસ રીતે અક્ષરોનું આરોપણ કરવામાં આવેલું છે.

**શાખ્યા પત્ર ફૂલહી ફલ, પેઢ મુલ સહુ સાજ;**
**એતને દો દો અક્ષરે, લીખ્યે માનવ દેવ રાજ. ૫૭**

### શબ્દાર્થ

**શાખ્યા** = શાખા, ડાળ **પત્ર** = પાંદડાં **ફૂલહી** = ફૂલ પણ **ફલ** = ફળ **પેઢ** = થળ **મુલ** = મૂળ **સહુ** = બધું જ **સાજ** = અંગો, વિભાગ, સામાન **એતને** = એટલા ઉપર **દો દો** = બબ્બે **અક્ષરે** = અક્ષરો **લીખ્યે** = લખ્યા, લખેલા **માનવ** = મનુષ્ય **દેવ** = દેવો **રાજ** = સત્તા, હકૂમત, અમલ.

### અનુવાદ

**ડાળ, પાન, ફૂલ, ફળ થડ અને મૂળ એ બધા અંગો છે. એટલા ઉપર બબ્બે અક્ષરો શ્રેષ્ઠ અમલ ધરાવતા માનવો અને દેવોએ લખેલા છે.**

### ભાવાર્થ

વૃક્ષના તમામ અંગો-વિભાગો જેવા કે, ડાળ, થડ, પાન, ફળ, ફૂલ અને મૂળ વગેરે ઉપર બબ્બે અક્ષરોનું આરોપણ કરવામાં આવેલું છે. એ તમામ અંગો ઉપર બબ્બે અક્ષરોનાં નામનું જંગમ જાતિમાં શ્રેષ્ઠ અમલી ગણાતા માનવો યા દેવોએ આરોપણ કરેલું છે.

**પુનિ ઉચરત જેહી જેહી વિધિ, તેહી વિધિ તેતને અંક;**
**પણ બાવન નિજ મૂલસે, કીનેહુ ભાવ અસંક. ૫૮**

### શબ્દાર્થ

**પુનિ** = ફરીથી, વળી **ઉચરત** = ઉચ્ચારવામાં આવતા **જેહી જેહી** = જે જે **વિધિ** = પ્રકારે **તેહી** = તે **વિધિ** = પ્રમાણે, રીતે **તેતને** = તેટલા **અંક** = અક્ષરો **પણ** = પરંતુ **બાવન** = બાવન અંક **નિજ** = મૂળ **મૂલસે** = મૂળાક્ષરોથી **કીનેહુ** = કરવામાં આવ્યા **ભાવ** = સ્થિતિ, મૂલ્ય, ગુણ, ઉત્પત્તિ, અવસ્થા, પદાર્થ, વસ્તુ, વિશ્વાસ, ભરોસો, ભાવના, લાગણી, તાત્પર્ય, અભિપ્રાય **અસંક** = અસંખ્ય, અપાર.

## અનુવાદ

**વળી જે જે પ્રમાણે ઉચ્ચાર થાય તે પ્રમાણે તેટલા અક્ષરો બોલાય છે, પરંતુ અંકે બાવન મૂળાક્ષરો થકી જ અસંખ્ય ભાવ દર્શાવવામાં આવે છે.**

## ભાવાર્થ

વળી જે જે રીતે જેટલા-જેટલા અલગ-અલગ પ્રકારના ઉચ્ચાર થાય છે તેટલા તેટલા અક્ષરો છે એમ જણાય છે, પરંતુ તે ઉચ્ચાર થયેલા તમામ પ્રકારના અક્ષરોનો, સમાવેશ જે બાવન મૂળાક્ષરો છે તે પૈકીના કોઈ ને કોઈ (મૂળ) અક્ષરો જ હોય છે. તે બાવન અક્ષરોથી જ અને પ્રકારના ભાવ દર્શાવતી રજૂઆત કરવામાં આવે છે.

| ભાવ | રસ | ભાવ | રસ |
|---|---|---|---|
| રતિના સ્થાયીભાવ | શૃંગાર | ઉત્સાહનો | વીર |
| હાસનો ભાવ | હાસ્ય | ભયનો | ભયાનક |
| શોકનો ભાવ | કરુણ | જુગુપ્સાનો | વિભત્સ |
| ક્રોધનો ભાવ | રૌદ્ર | વિસ્મયનો | અદ્ભુત |

**ઉલટ પુલટ ઉતઈત કરી, અક્ષરકે અનુકરમ;**
**અનંત ભાત ભાષા ભણી, ભિન્ન ભિન્ન કીયેહુ મરમ. ૫૯**

### શબ્દાર્થ

**ઉલટ પુલટ** = ઊલટા સૂલટું, આગળ પાછળ **ઉતઈત** = આમ તેમ, અહીં તહીં **કરી** = કરીને **અક્ષરકે** = અક્ષરોના **અનુકરમ** = અનુક્રમ, ક્રમાનુસાર, શ્રેણી-બદ્ધ **અનંત** = અંત વગરના, અસંખ્ય **ભાત** = પ્રકાર, જાતની **ભાષા** = વાણી, બોલી **ભણી** = ભણીને, શીખીને **ભિન્ન ભિન્ન** = જુદા-જુદા, વિવિધ, અલગ-અલગ **કીયેહુ** = કર્યા **મરમ** = મર્મ, ભેદ, રહસ્ય, અભિપ્રાય.

## અનુવાદ

**અક્ષરોના ક્રમાંકને ઊલટ-સૂલટ તથા આમ તેમ કરી અનંત પ્રકારની ભાષા બોલીને જુદા-જુદા અભિપ્રાય આપી શકાય છે.**

## ભાવાર્થ

વિશ્વમાં જે મૂળ બાવન અક્ષરોના ક્રમાંક છે તે અક્ષરોને ઊલટ-સૂલટ તથા આમ તેમ આગળ-પાછળ કરીને અનંત પ્રકારની ભાષા અસ્તિત્વમાં આવેલી છે. તે ભાષાઓનો વ્યાકરણ સહિત અભ્યાસ કરીને ભાષાના વિદ્વાન ભાષાશાસ્ત્રીઓએ અલગ-અલગ પ્રકારના અભિપ્રાય આપ્યા છે.

**અણુ કહે તો અક્ષરે, રેણુ અક્ષર રેખ;**
**પરવત કહે તો અક્ષરે, રઈ શિર અક્ષર લેખ. ૬૦**

### શબ્દર્થ

**અણુ** = સાઠ પરમાણુનો બનેલો કણ, એક રજનો આઠમો ભાગ, પદાર્થના બધા જ ગુણધર્મો ધરાવતું નાનું એકમ **કહે તો** = કહેવામાં આવે તો **અક્ષરે** = અક્ષરથી **રેણુ** = કણ, રેતી, રજ, ધૂળ **અક્ષર** = અક્ષર **રેખ** = અલ્પ, જરાક, રજ **પરવત** = પર્વત, પહાડ, ગિરિ, નગ **કહે તો** = કહેવામાં આવે તો **અક્ષરે** = અક્ષરથી **રઈ** = રાઈનો દાણો, નાનો અનાજનો કણ **શિર** = માથે **અક્ષર** = અક્ષરનો **લેખ** = લખાણ.

## અનુવાદ

**અક્ષર વડે અણુ કહેવામાં આવે છે અને રેણુ કે રેખ પણ અક્ષરથી જ કહેવાય છે. પર્વત પણ અક્ષરથી કહેવાય છે તથા રાઈના માથે પણ અક્ષરનું લખાણ છે.**

## ભાવાર્થ

કોઈ પદાર્થ અથવા સમયના માપ, કદ કે એકમને દર્શાવવામાં આવતાં નાનામાં નાના અણુ, રેણુ, રેખ અને રાઈ તેમજ મોટામાં મોટા પર્વત સહિત દરેક માટે સંબોધવામાં આવતા શબ્દ માટે અક્ષરનો જ ઉપયોગ કરવામાં આવે છે. તે દરેકના માથે (દરેકને) અક્ષર દ્વારા જ બોલીને કે લખાણ લખીને ઓળખવામાં અથવા તે વસ્તુને દર્શાવવામાં આવે છે.

**સ્થિર સ્થાવર ઓરુ જલ થલ, તરણ આદ્ય રતી રંચ;**
**તેહી સબ અક્ષરતે કીયે, લેન દેનકુ સંચ. ૬૧**

### શબ્દાર્થ

**સ્થિર** = હલન ચલન ન કરી શકે તેવી **સ્થાવર** = સ્થાવર જાતિ **ઓરુ** = અને **જલ** = પાણીમાં રહેનારી **થલ** = પૃથ્વી પર રહેનારી **તરણ** = તરણું, ઘાસ, તૃણ **આદ્ય** = આદિ, ને લઈને, સહિત **રતી** = થોડું, સહેજ, લગાર, જરાક **રંચ** = અલ્પમાત્ર **તેહી** = તે **સબ** = બધું **અક્ષરતે** = અક્ષરથી **કીયે** = કરવામાં આવ્યુ, કર્યું, **લેન દેનકુ** = લેવડ દેવડ માટે **સંચ** = ગોઠવણ, વ્યવસ્થા, વ્યવહાર.

### અનુવાદ

**સ્થિર સ્થાવર જાતિ, જલ અને સ્થળની ઉપર તરણાની આદ્ય લઈને તમામ લેવડ-દેવડ માટે કરવામાં આવેલી સહેજ પણ ગોઠવણ કે વ્યવસ્થા અક્ષરોથી કહેવાય છે.**

### ભાવાર્થ

વિશ્વમાં જેટલી પણ સ્થિર રહેલી સ્થાવર જાતિની વનસ્પતિ અને પાણીમાં રહેનારી તથા પૃથ્વી પર ઊગતી તરણાની આદ્ય લઈને નાનામાં નાની ઉત્પત્તિ સહિત દરેકના માથે અક્ષરોનું આરોપણ કરવામાં આવેલું છે. આમ, દરેક વસ્તુ ઉપર અક્ષરનું આરોપણ લગાવવાથી સામાજિક લેવડ-દેવડની વ્યવસ્થા જળવાય છે.

**ઉત્તર પૂર્વ પશ્ચિમ, દક્ષિણ સરગ પાતાલ;**
**એ સબ અક્ષરતે કહ્યો, જીનતે પ્રૌઢ વિશાલ. ૬૨**

### શબ્દાર્થ

**ઉત્તર** = ઉત્તર દિશા **પૂર્વ** = પૂર્વ દિશા **પશ્ચિમ** = પશ્ચિમ દિશા **દક્ષિણ** = દક્ષિણ દિશા **સરગ** = સ્વર્ગ, પૌરાણિક માન્યતા પ્રમાણે ઈન્દ્રદેવનો લોક **પાતાલ** = પૃથ્વીના પેટાળમાં આવેલ લોક, જ્યાં સર્પ, દૈત્ય, દાનવ અને યક્ષ વસે એમ માનવામાં આવે છે **એ સબ** = એ બધા **અક્ષરતે** = અક્ષરથી **કહ્યો** = કહેવાયા દર્શાવ્યા **જીનતે** = જેનાથી, જેથી **પ્રૌઢ** = મહાન, પુરાણુ, પૂર્ણ દશામાં આવેલું **વિશાલ** = બહોળું, વિસ્તૃત, વિશાળ.

### અનુવાદ

**ઉત્તર, પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ તથા સ્વર્ગ અને પાતાળ એ સર્વ અક્ષરોથી જ કહેવાય છે. જેનો ઘણો જ વિશાળ પસારો છે.**

## ભાવાર્થ

જેનો ઘણો જ મોટો વિસ્તાર છે એવી ચારે દિશાઓઃ ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ તથા પૃથ્વીના પેટાળમાં રહેલ પાતાળ તેમજ પૃથ્વીથી દૂર અંતરિક્ષમાં રહેલ સ્વર્ગ એ બધું અક્ષર વડે જ કહેવાય કે ઓળખાય છે.

**દેશ કાળ જીનું નગ્રહી, તીરથ વ્રત ગ્રેહે ગ્રામ;**
**અક્ષરતે સબહી કહ્યો, ઓરુ આશ્રમ વિશ્રામ. ૬૩**

### શબ્દાર્થ

**દેશ કાળ** = આસપાસની પરિસ્થિતિ અને વર્તમાન સમય મુજબ લોક સમુદાયનું વલણ **જીનું** = જેનાથી બનેલા **નગ્રહી** = નગર, જ્યાં ઘણી જાતના લોકો વસતા હોય અને વેપાર-ધંધા ચાલતા હોય તેવું શહેર **તીરથ** = તીર્થ, પુણ્ય સ્થાન, પવિત્ર સ્થળ, યાત્રાનું ધામ **વ્રત** = નિયમપૂર્વક આચરવાનું પુણ્યકર્મ, પ્રતિજ્ઞા, નિયમ લઈને આચરવામાં આવતી સંયમવાળી ધાર્મિક ક્રિયા **ગ્રેહે** = ગૃહ, ઘર, નિવાસસ્થાન, રહેઠાણ **ગ્રામ** = ઘણાં ઘરો અને ફળિયાં હોય તેવું વસાહતી સ્થાન **અક્ષરતે** = અક્ષરોથી **સબહી** = બધું જ, તમામ, સર્વ **કહ્યો** = કહેવામાં આવ્યાં **ઓરુ** = અને **આશ્રમ** = ઋષિ મુનિ તેમજ ધર્મ પ્રમાણે જીવન જીવનાર માટેનું વિસામાનું સ્થાન કે રહેઠાણ **વિશ્રામ** = વિશ્રાંતિ યા આરામ લેવાનું સ્થાન.

## અનુવાદ

**દેશકાળના આધારે વસેલાં, નગર, ગામ, ઘરો અને તીર્થ, વ્રત સહિતના આશ્રમ તથા વિશ્રાંતિગૃહ એ બધું અક્ષરથી જ કહી શકાય છે.**

## ભાવાર્થ

ભૌગોલિક પરિસ્થિતિ અને વર્તમાન સમયના સંજોગોને આધીન થઈ વસેલાં મોટાં શહેરો, નાનાં ગામડાં અને તેમાં બનાવેલાં નિવાસસ્થાન (ઘરો) ઉપરાંત ધાર્મિક ક્રિયા માટે આચરવામાં આવતા વ્રતો તથા પવિત્ર સ્થાનોની આદ્ય લઈને આશ્રમો તેમજ વિશ્રાંતિગૃહો વિગેરેનો ઉલ્લેખ અક્ષરો દ્વારા કરી શકાય છે.

**રાજા રહીયત દિવાનહી, પંડિત ચોર ચાકાર;**
**અક્ષરતે સબ અનુભવે, જાતિ એક આકાર. ૬૪**

### શબ્દાર્થ

**રાજા** = અમુક હદવાળા પ્રદેશનું રક્ષણ અને કારભાર કરવા માટે ઉપરી સ્થાને પસંદ કરાયેલો વડો, રાજ અમલી **રહીયત** = રૈયત, જનસમૂહ, પ્રજા **દિવાનહી** = વજીર, પ્રધાન, રાજાનો ખાસ અને અંગત વિશ્વાસુ વહીવટકર્તા **પંડિત** = વિદ્વાન, શાસ્ત્રોનું જ્ઞાન ધરાવનાર સંસ્કારી, બુદ્ધિશાળી, કાબેલ, તત્ત્વ વિવેચક **ચોર** =ચોરી કરનાર **ચાકાર** = ચાકર, મજૂર, વૈતરું કરનાર, દાસ **અક્ષરતે** = અક્ષરથી **સબ** = બધા, સર્વ **અનુભવે** = અનુભવાય, સમજાય **જાતિ** = ગુણ ધર્મ, આકૃતિ વગેરેની સમાનતાને લીધે પાડેલો ભેદસૂચક સમુદાય **એક** = અંકે એક **આકાર** = રૂપ, સ્વરૂપ, દેખાવ.

## અનુવાદ

**રાજા, રૈયત, દિવના, પંડિત, ચોર અને ચાકર એમ એક જ મનુષ્યનો આકાર ધરાવતી તમામ મનુષ્યજાતિનો એક આકાર હોવા છતાં અક્ષર (નામ)થી જ અનુભવ થાય છે.**

## ભાવાર્થ

વડો રાજ અમલી, પ્રજા, પ્રધાન, પંડિત, ચોકીદાર, ચોર અને ચાકરી કરનાર ચાકર એ બધા જ મનુષ્ય જાતિના છે. વળી તેઓ એક જ પ્રકારનું રૂપ અને દેખાવ ધારણ કરનાર છે, તેમ છતાં તેમની ઓળખાણ અક્ષર થકી જ આપી શકાય છે. આ પ્રમાણે તેમના કાર્ય અને લાયકાતના ધોરણે તેમની ભિન્નતા (જુદાપણુ) અક્ષરથી જ દર્શાવી શકાય છે.

## દેવ દનુજ વૈષ્ણવ ઋષિ, પીર પેગમ્બર સોય;
## અક્ષરતે ગીનતી ગની, અધિક નુન્ય કહે જોય. ૬૫

### શબ્દાર્થ

**દેવ** = દૈવત્ય ધરાવતા વિશેષ પ્રકારના દિવ્ય દેહધારી વિશેષ અને પરમવિશેષ અંશો **દનુજ** = દાનવ, અસુર, દૈત્ય, રાક્ષસ **વૈષ્ણવ** = વિષ્ણુની ઉપાસના કરનાર ઉપાસક **ઋષિ** = વેદના મંત્રોનો પ્રકાશ કરીને આધ્યાત્મિક સાક્ષાત્કાર કરનાર મુનિ, તપસ્વી કે સાધુ **પીર** = પવિત્ર ધર્માચરણ પાળીને જીવન જીવતો ઓલિયો, દેવત્ત્વ પામેલો મુસલમાન સંત, વલી કે ધર્મપુરુષ **પેગમ્બર** = પેગમ્બર, ધર્મ સ્થાપક **સોય** = સહિત, તેઓ **અક્ષરતે** = અક્ષર વડે જ **ગીનતી** = ગણતરી **ગની** = ગણીને, કરીને **અધિક** = વિશેષ, મોટા **નુન્ય** = નાના, લઘુ **કહે** = કહેવાય **જોય** = જોઈને.

## અનુવાદ

**દેવો, દાનવો, વૈષ્ણવો, ઋષિ, પીર અને પયગંબરો છે તેમની ગણતરી ગણીને ઓછા વત્તા (નાનાં મોટાં) કહેવું હોય તો અક્ષરથી જ કહી શકાય છે.**

## ભાવાર્થ

ઐશ્વર્ય ધરાવતા દેવી-દેવતાઓ, દાનવો, વૈષ્ણવો, ઋષિમુનિઓ, પીર અને પેગમ્બરો સહિતના તમામની ગણતરી કરીને તેમાં કોણ કોનાથી અધિક કે ન્યૂનતમ સામર્થ્યવાન છે તેવી રજૂઆત કરવી હોય તો અક્ષર દ્વારા જ કરી શકાય છે.

**વિરંચી શિવ શંકર, શ્રીપતિ ચિન હજાર;**
**ચિન ચિન અક્ષર વડે, પઢી પઢી કરે પોકાર. ૬૬**

### શબ્દાર્થ

**વિરંચી** = બ્રહ્મા **શિવ શંકર** = કલ્યાણ સ્વરૂપ મહાદેવજી **શ્રીપતિ** = લક્ષ્મીપતિ, વિષ્ણુ **ચિન** = નામ **હજાર** = અંકે એક હજાર **ચિન** = નામ **ચિન** = નામ **અક્ષર વડે,** =અક્ષરથી **પઢી પઢી** = બોલી બોલીને **કરે પોકાર** = મોટેથી બોલી બોલીને, ફરિયાદ, નામ દઈને, હૃદયની ભાવનાથી રજૂઆત કરવી.

## અનુવાદ

**જેના હજાર નામ છે એવા વિષ્ણુ અને શિવ-શંકર તેમજ બ્રહ્મા સહિતના નામનો પાઠ પઢીપઢીને અક્ષર દ્વારા જ મોટેથી બોલી બોલીને પોકાર કરવામાં આવે છે.**

## ભાવાર્થ

મુમુક્ષુ માનવો સંસારમાં જેમનાં હજાર નામ છે એવા લક્ષ્મીપતિ વિષ્ણુ અને શિવ-શંકર તેમજ બ્રહ્માજીના નામનો મહિમા ગાતા હોય છે. આ પ્રમાણે અક્ષર વડે નામનો પોકાર કરી કરીને ભક્તજનો પોતપોતાના ઈષ્ટદેવોને હૃદય પૂર્વક શુદ્ધ ભાવનાથી પોતાના દુઃખો અંગે પોકાર કરતા હોય છે. આ ઉપરાંત પણ સ્તુતિ અને પ્રાર્થનાના પાઠ અક્ષરો દ્વારા જ કરવામાં આવે છે.

**ચતુર વીસ ઈશ્વર તનુ, ધરે જીનુ અવન્ય મોજાર;**
**પ્રથક પ્રથક બરનન કીયે, અક્ષર તે શુભ સાર. ૬૭**

### શબ્દાર્થ

**ચતુર વીસ** = ચોવીસ **ઈશ્વર** = ઐશ્વર્યવાન અવતારો **તનુ** = દેહ, શરીર, ઘાટ **ધરે** = ધારણ કર્યા **જીનુ** = જેમણે **અવન્ય મોજાર** = પૃથ્વી પર, પૃથ્વી મધ્યે **પ્રથક પ્રથક** = જુદા-જુદા, અલગ-અલગ **બરનન** = વર્ણન **કીયે** = કર્યું છે **અક્ષર તે** = અક્ષરોથી, અક્ષર વડે **શુભ સાર** = કલ્યાણકારી.

### અનુવાદ

**જેમણે પૃથ્વી પર ચોવીસ અવતાર ધારણ કર્યા છે તે દરેકનું કલ્યાણકારી કાર્યોનું વર્ણન અલગ-અલગ રીતે અક્ષરથી જ કરવામાં આવ્યું છે.**

### ભાવાર્થ

જ્યારે અધર્મનો ફેલાવો વ્યાપે છે ત્યારે ધર્મનું સ્થાપન કરવા માટે લક્ષ્મીપતિ વિષ્ણુ અવતાર ધારણ કરીને યુગે યુગે પૃથ્વી ઉપર આવે છે. તેમણે જ્યાં જે પ્રમાણેની જરૂરિયાત હોય ત્યાં તે પ્રમાણેનો ઘાટ ધારણ કર્યો છે. એવા વિષ્ણુના પૃથ્વી ઉપર જે ચોવીસ અવતારો થયા તેમના કલ્યાણકારી કાર્યોનું વર્ણન અક્ષરો વડે જ શક્ય બન્યું છે. અર્થાત્ અક્ષર સિવાય કોઈ પણ પ્રકારનું વર્ણન થઈ શકતું નથી.

**પંચ તત્ત્વ કે સબ તનુ, રૂપ ગુણ ભિન્ન અપાર;**
**ચોરાસી લક્ષ સબ મીલી, અક્ષરે કીયે સુમાર. ૬૮**

### શબ્દાર્થ

**પંચ તત્ત્વ કે** = પાંચ તત્ત્વોના **સબ** = બધા **તનુ** = ઘાટ, દેહ **રૂપ** = આકાર, દેખાવ, સ્વરૂપ **ગુણ** = પ્રાકૃતિક લક્ષણો, જાતિ, સ્વભાવ **ભિન્ન** = જુદા-જુદા **અપાર** = અસંખ્ય, અનેક **ચોરાસી લક્ષ** = ચોર્યાસી લાખ **સબ મીલી** = બધા મળીને **અક્ષરે** = અક્ષર દ્વારા, અક્ષરથી **કીયે** = કરેલા છે, કરવામાં આવ્યો છે **સુમાર** = ગણતરી, હિસાબ, અંદાજ, સંખ્યા.

### અનુવાદ

**પાંચ તત્ત્વના બધા મળીને ચોર્યાસી લાખ પ્રકારના ઘાટો છે. જેના ભિન્ન ભિન્ન**

**રીતે અસંખ્ય રૂપ અને ગુણ જોવા મળે છે, તેની ગણતરી અક્ષરથી જ કરેલી છે.**

## ભાવાર્થ

જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌બીજ એમ ચાર પ્રકારની ખાણમાં જુદી જુદી રીતે ઉત્પન્ન થતા ઘાટો બધા મળીને કુલ ચોર્યાસી લાખ પ્રકારના છે. જે મુખ્ય પંચ મહાભૂત (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ) ના બનેલા છે. તેમ છતાં દરેકના જુદા-જુદા પ્રાકૃતિક લક્ષણો અને દરેકના ભિન્ન-ભિન્ન અસંખ્ય સ્વરૂપો (આકૃતિ) જોવા મળે છે. તેમાં વળી સ્થાવર જાતિના ત્રીસ લાખ, જળચર જાતિના બાવીસ લાખ, ગગનગામી ચૌદ લાખ અને જંગમ જાતિના અઢાર લાખ મળીને ચૌદ લાખ અને જંગમ જાતિના અઢાર લાખ મળીને કુલ ચોર્યાસી લાખ પ્રકારના ઘાટોની ગણતરી અક્ષર દ્વારા જ થઈ છે.

**ઓરુ તીનકે વિપુ સબનમેં, ચિન ભિન્ન નહીં અંત;**
**જો જો કહો તો અક્ષરે, નખ-સીખ અંક પ્રજંત. ૬૯**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **તીનકે** = તેમના **વિપુ** = શરીર, ઘાટ **સબનમેં** = દરેકમાં, બધામાં **ચિન** = ચિહ્નો **ભિન્ન** = જુદા-જુદા **નહીં** = નથી **અંત** = છેડો **જો જો** = જે જે **કહો તો** = કહેવામાં આવે તો **અક્ષરે** = અક્ષર વડે જ **નખ-સીખ** = નખ થી તે શિખા પર્યંત, આખુ શરીર **અંક** = અક્ષર, અંક **પ્રજંત** = ઉત્પત્તિ, પ્રજા.

## અનુવાદ

**વળી તે દરેક શરીરના ચિહ્નો અંત ન આવી શકે તેટલાં જૂદાં જૂદાં છે. નખથી શિખા પર્યંત જે કાંઈ કહીએ તે અક્ષર વડે જ કહેવાય.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવેલા ચોર્યાસી લાખ પ્રકારના ભિન્ન ભિન્ન ઘાટો છે. તે દરેક શરીરના ચિહ્નો પણ જુદા-જુદા હોઈ જેનો કોઈ અંત આવી શકે તેમ નથી. વળી પગના નખથી તે માથાની શિખા (ચોટલી) સુધીના તમામ અંગો અને ઉપાંગો માટે જે કાંઈ વર્ણન કરવું હોય તો તે અક્ષર વડે જ કરી શકાય છે.

**હાડ માંસ તુચા રગ, પંચવીસ વિસ્તાર;**
**રોમ રોમ અક્ષર લગે, તહાં લગી શબ્દ ઉચ્ચાર. ૭૦**

### શબ્દાર્થ

**હાડ** = હાડકાં **માંસ** = કોશનો એક ભાગ, આમિષ **તુચા** = ચામડી **રગ** = નસ, રક્તવાહિની **પંચવીસ** = પચ્ચીસ, પ્રકૃતિનો **વિસ્તાર** = ફેલાવો, પ્રમાણ, વિશાળતા **રોમ રોમ** = આખાયે શરીરમાં રુવાંટું, ચામડી ઉપરના વાળ **અક્ષર** = અક્ષર **લગે** = સુધી **તહાં લગી** = ત્યાં સુધી **શબ્દ** = શબ્દ, વચન **ઉચ્ચાર** = ઉદ્‌ગાર, બોલ, વાણી.

### અનુવાદ

**હાડકાં, માંસ, ત્વચા, નસ અને પચ્ચીસ પ્રકૃતિના વિસ્તાર સુધી રોમે રોમના શબ્દોનો ઉચ્ચાર અક્ષર વડે જ થઈ શકે છે.**

### ભાવાર્થ

શરીરના બંધારણમાં રહેલા હાડકાં, માંસ, ચામડી, રક્તવાહિનીઓ અને ગુણ, ઘણ, ઈન્દ્રિયો અંતઃકરણો, પુરુષ અને પ્રકૃતિ સહિત પચ્ચીસ તત્ત્વોના વિસ્તાર સુધીના આખાયે શરીરના રોમેરોમને દર્શાવવા માટે શબ્દોનો ઉચ્ચાર અક્ષર વડે થઈ શકે છે.

**૨૫ પ્રકૃતિનો વિસ્તારઃ**

૪ અવસ્થા - જાગ્રત, સ્વપ્ન, સષોપતિ અને તુર્યા

૪ અંતઃકરણ - મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર

૩ ગુણ - રજો, તમો અને સતો

૧૦ આકાંક્ષા - ૫ કર્મેન્દ્રિય અને ૫ જ્ઞાનેદ્રિય

૪ મહાતત્ત્વકારણ - આનંદ, મહા તત્ત્વ, ધનંજય અને પ્રકૃતિ

**કીટ પતંગ જમીચર, જે તે જીવ વિચરંત;**
**કામ પડે જીનું કહેણકુ, અક્ષરતે ઉચરંત. ૭૧**

### શબ્દાર્થ

**કીટ** = કીટકો, જંતુ **પતંગ** = પતંગિયા, પક્ષી **જમીચર** = જમીન ઉપર ચારો ચરનાર, સ્થળચર જાતિ **જે તે** = જેટલા છે તેટલા **જીવ** = જીવો **વિચરંત** = વિચરણ કરે,વિચરે છે **કામ પડે** = જરૂર પડે, જરૂરિયાત મુજબ

**જીનું** = જેને, જેની, જેનું **કહેણકુ** = કહીને, બોલાવીને **અક્ષરતે** = અક્ષરથી **ઉચરંત** = ઉચ્ચાર કરીને, કહીને.

## અનુવાદ

**કીટ પતંગની આદ્ય લઈને પૃથ્વી પર ચારો ચરીને વિચરતા જેટલા જીવો છે તેમને જરૂર પડ્યે બોલાવવા માટે અક્ષરથી જ ઉચ્ચાર કરવો પડે છે.**

## ભાવાર્થ

નાનામાં નાના જીવ-જંતુથી માંડીને પતંગિયાં કે પક્ષીઓની આદ્ય લઈ પૃથ્વી પર ચારો ચરીને જેટલા જેટલા જીવો વિચરતા જોવા મળે છે તે દરેકને જરૂર પડે ત્યારે બોલાવવા માટે અક્ષરથી જ ઉચ્ચાર કરવો પડે છે.

## સપ્ત ધાત નિજ મુલસે, કીનેહુ ઘાટ અનંત;
## ત્રહે ત્રહેકે આભુક્ષણ, અક્ષર તે લખીયંત. ૭૨

### શબ્દાર્થ

**સપ્ત ધાત** = સાત ધાતુ (ખનિજ, દ્રવ્ય) સોનું, રૂપું, તાંબુ, કલાઇ, લોખંડ, સીસું અને પારો **નિજ** = આદિ **મુલસે** = મૂળથી **કીનેહુ** = કર્યા, બનાવવામાં આવ્યા છે **ઘાટ** =આકાર, સ્વરૂપ **અનંત** = અનેક, અંત ન આવે એટલા **ત્રહે ત્રહેકે** = જુદી જુદી જાતના, તરેહ તરેહના, ભિન્ન ભિન્ન **આભુક્ષણ** = આભૂષણ, ઘરેણાં, દાગીના **અક્ષર તે** = અક્ષરથી **લખીયંત** = લખી શકાય, લખાય.

## અનુવાદ

**આદિ મૂળ સાત ધાતુઓમાથી જુદી જુદી જાતના અનેક આભૂષણો બનાવવામાં આવે છે. તેને અક્ષર વડે જ લખી શકાય છે.**

## ભાવાર્થ

પૃથ્વીના પેટાળમાંથી નીકળતી સાત મૂળભૂત ધાતુઓ - સોનું, રૂપું, તાંબુ, કલાઈ, લોખંડ, સીસુ અને પારામાં અન્ય ધાતુઓના મિશ્રણ થકી અનેક પ્રકારના ઘરેણાં (આભૂષણો) બનાવવામાં આવે છે તે તમામ દાગીનાઓનું નામ કે વર્ણન અક્ષર થકી જ કરવામાં આવે છે.

**સાર અસાર હી અક્ષરે, પાપ પુન્ય ચ્યૌ અંક;**
**હાર જીત સોઈ અક્ષર, કહત બજાયન ડંક. ૭૩**

**શબ્દાર્થ**

**સાર** = સત્ત્વ, શાશ્વત **અસાર** = નિસત્વ, જડ, નાશવંત **હી** = પણ **અક્ષરે** = અક્ષરથી જ **પાપ** = દુષ્કર્મ અધર્મ, અશુભ ફળ આપનારું કર્મ **પુન્ય** = પુણ્ય, સત્કર્મનું ફળ **ચ્યૌ** = ચાર **અંક** = અક્ષર **હાર** = પરાજય **જીત** = વિજય, ફતેહ **સોઈ** = તે પણ **અક્ષર** = અક્ષરથી **કહત** = કહુ છું **બજાયન** = વગાડીને **ડંક** = ડંકો, ઢોલ, નગારું.

## અનુવાદ

**પાપ-પુણ્ય અને હાર-જીત એ ચાર પણ અક્ષરથી તથા સાર અને અસાર તે પણ અક્ષરથી જ કહેવાય છે એમ ડંકો વગાડીને કહુ છું.**

## ભાવાર્થ

પાપ અને પુણ્ય તથા હાર અને જીત એ ચાર બાબત અક્ષર વડે જ કહેવાય છે. વળી સાર અને અસાર (નાશવંત અને શાશ્વત) કહેવું હોય તો પણ અક્ષર થકી જ કહેવાય છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર ઢોલ વગાડીને કહે છે કે કોઈ પણ બાબત અક્ષર થકી જ કહીને ઓળખાવી શકાય છે.

**જ્ઞાની ધ્યાની ભક્ત હી, વૈરાગી મહંત;**
**આપ આપની હદમે લીખે, અક્ષરતે સબ સંત. ૭૪**

**શબ્દાર્થ**

**જ્ઞાની** = સારા અસાર સમજવાની શક્તિવાળા સમજુ અને ડાહ્યા માનવ **ધ્યાની** = ધ્યાન ધરનાર, સમાધિસ્થ **ભક્ત** = ઈષ્ટદેવની ભક્તિ કરનાર, દયા, ક્ષમા, દીનતા અને અન્યના દુઃખ હરવાની ભાવના રાખનાર ઉપાસક **હી** = પણ **વૈરાગી** = સંસારમાંથી આસક્તિનો ત્યાગ કરતાર ત્યાગી જન **મહંત** = મઠાધિકારી **આપ આપની** = પોતપોતાની **હદમે** = મર્યાદામાં, સીમામાં, હદમાં **લીખે** = લખે **અક્ષરતે** = અક્ષરથી, અક્ષર વડે **સબ** = બધા, તમામ **સંત** = ધર્મિષ્ઠ, સત્પુરુષ, સંસારના પ્રપંચોથી દૂર રહીને આધ્યામિક જીવન જીવનાર.

### અનુવાદ

**જ્ઞાની, ધ્યાની, ભક્ત, વૈરાગી અંતે મહંત સહિતના બધા જ સંતો પોતપોતાની મર્યાદામાં રહીને અક્ષર વડે જ લખે છે.**

### ભાવાર્થ

સંસારમાં જ્ઞાની, ધ્યાની, ભક્ત વૈરાગી અને મહંત ગણાતા તમામ સંત દશામાં જીવનારા મહાપુરુષો પોતપોતાની વિચારધારાને પોતાના હૃદયમાં પ્રવર્તમાન જ્ઞાનની મર્યાદામાં રહીને સંસારને ઉપદેશાત્મક બોધ પણ અક્ષર વડે જ આપે છે.

**હદ્ય કહે દો અક્ષરે, બેહદ્ય અક્ષર તીન;**
**આદ્ય અંત મધ્ય ઉપર, દો દો અક્ષર કીન. ૭૫**

#### શબ્દાર્થ

**હદ્ય** = મર્યાદિત, સીમિત **કહે** = કહેતાં **દો** = બે **અક્ષરે** =અક્ષરથી **બેહદ્ય** = અપાર, અસીમ અમર્યાદિત, અનહદ **અક્ષર** = અક્ષર **તીન** = ત્રણ **આદ્ય** = પ્રારંભ, આદિ **અંત** = છેવટ, આખર, અવધિ, સમાપ્તિ **મધ્ય** = વચ્ચેનો ગાળો, પસારાનો સમય, વચલો ભાગ **ઉપર** = પર **દો દો** = બે બે, બબ્બે **અક્ષર** = અક્ષર **કીન** = કર્યા, કરેલા.

### અનુવાદ

**હદ બે અક્ષરથી અને બેહદ ત્રણ અક્ષરથી કહી શકાય છે તથા આદ્ય, અંત અને મધ્ય પણ બબ્બે અક્ષરોથી કરેલા છે.**

### ભાવાર્થ

હદ શબ્દ બે અક્ષરોથી બનેલો છે. બેહદ શબ્દ ત્રણ અક્ષરોના સમૂહથી બનેલો છે. જ્યારે આદ્ય, મધ્ય અને અંત એ કાળના ત્રણે સૂચક શબ્દો બબ્બે અક્ષરોથી કહેવામાં (બનાવવામાં) આવ્યા છે.

**નિરગુણ સિરગુણ અવિગત, નિરંજન નિરલેપ;**
**ચતુર ચતુર અક્ષર કીયે, પંચુકે શિર લેપ. ૭૬**

### શબ્દાર્થ

**નિરગુણ** = ગુણોથી રહિત, નિર્ગુણ, ગુણાતીત, લૌકિક ગુણધર્મો વિનાનું **સિરગુણ** = ગુણયુક્ત સત્ત્વ, રજ અને તમ એ ત્રણેય ગુણાંશ હોય તેવું સ્વરૂપ **અવિગત** = જેની કોઈ વિગત ન દર્શાવી શકાય તેવા અવ્યક્ત, અગમ્ય **નિરંજન** = અંજન રૂપ માયાથી નિર્લેપ, છ મહાદેવો પૈકીના મુખ દેવ **નિરલેપ** = અલિપ્ત, ન લેપાયેલું, અનાસક્ત, જેને લેપ લાગ્યો ન હોય એવું **ચતુર ચતુર** = ચાર ચાર **અક્ષર** = અક્ષર **કીયે** = કર્યા **પંચુકે** = પાંચને **શિર** = પર, ઉપર, માથે **લેપ** = લપેટાયેલ, લાગેલ, વળગેલ.

### અનુવાદ

**નિર્ગુણ, સિર્ગુણ, અવિગત, નિરંજન અને નિર્લેપ આ પાંચે પાંચના શિરે ચાર-ચાર અક્ષરો લપટાયેલા છે.**

### ભાવાર્થ

નિર્ગુણ, સિર્ગુણ, અવિગત, નિરંજન અને નિર્લેપ એ પાંચે પાંચ શબ્દોનું બંધારણ ચાર ચાર અક્ષરોથી થયેલું છે. અર્થાત્ ઉપર મુજબના પાંચે પાંચ શબ્દોના માથે ચાર ચાર અક્ષરોનું આરોપણ કરીને સચોટ અર્થપૂર્ણ શબ્દની રચના કરવામાં આવી છે.

## ચૈતન કહે તો આતમા, અજર અમર કે અચંત;
## તીન તીન અક્ષર લગે, અરૂપનકુ બિનું તંત. ૭૭

### શબ્દાર્થ

**ચૈતન** = ચેતનાવાળું, સજીવપણું **કહે તો** = કહેવામાં આવે તો **આતમા** = આત્મા, જીવ **અજર** = જેનો નાશ થતો નથી તેવું, જીર્ણ કે ઘરડું ન થાય તેવું **અમર** = ચિરંજીવ, સનાતન, અવિનાશી **કે** = અથવા **અચંત** = અદ્દ્ભુત, અચિંત્ય, અવિચાર્ય, ધારણા વગરનું **તીન તીન** = ત્રણ ત્રણ **અક્ષર** = અક્ષર **લગે** = લાગેલા છે **અરૂપનકુ** = આ રૂપને, જેનો કોઈ આકાર કે સ્વરૂપ નથી તેવા ને **બિનું** = વગર **તંત** = શરીર, રૂપ, ઘાટ, તત્ત્વ, સાર.

### અનુવાદ

**રૂપ વિનાના અરૂપ એવા ચૈતનને માટે કહેવાતા આતમા, અજર, અમર કે અચંત શબ્દોને ત્રણ ત્રણ અક્ષર લાગેલા છે.**

### ભાવાર્થ

જેનું કોઈ રૂપ કે આકાર નથી એવા ચૈતન તત્ત્વ માટે વ્યાવહારિક વપરાતા આત્મા, અજર, અમર અને અચંત શબ્દોનું બંધારણ ત્રણ ત્રણ અક્ષરોથી થયેલું છે. અર્થાત્ અરૂપ હોવા છતાં એવા ચૈતન તત્ત્વને પણ ત્રણ ત્રણ અક્ષરવાળા આતમા, અજર, અમર અને અચંત શબ્દોથી સંબોધવામાં આવ્યા છે.

**પરમેશ્વર પરબ્રહ્મ હી, પરમાતમ જેહી કીન;**
**પંચ પંચ અક્ષર લગે, જીનકે ચીન અચીન. ૭૮**

#### શબ્દાર્થ

**પરમેશ્વર** = પરમ ઈશ્વર **પરબ્રહ્મ** = બ્રહ્મથી પરે, બ્રહ્મથી તીત **હી** = પણ **પરમાતમ** = પરમાત્મા **જેહી** = જે **કીન** = કર્યા **પંચ પંચ** = પાંચ પાંચ **અક્ષર** = અક્ષર **લગે** = લાગેલા **જીનકે** = જેના **ચીન** = ચિહ્નો, સ્વરૂપ, આકાર **અચીન** = અજાણ, અરૂપ, અદશ્ય.

### અનુવાદ

**પરમેશ્વર, પરબ્રહ્મ અને પરમાત્મા એ સ્વરૂપ અજાણ્યું હોવા છતાં તેમને પાંચ પાંચ અક્ષરો લાગેલા છે.**

### ભાવાર્થ

સકલ બ્રહ્માંડના સર્જનહાર માટે વપરાતા પરમેશ્વર, પરબ્રહ્મ અને પરમાત્મા જેવા શબ્દો પાંચ પાંચ અક્ષરોથી બનેલા છે સર્જનહાર રૂપ અને અરૂપથી પરે હોવા છતાં સર્વથી અજાણ રહેલા હોઈ તેમના માટે ઉદ્‌બોધન માટે વપરાતા ત્રણેય પરમેશ્વર, પરબ્રહ્મ અને પરમાત્મા શબ્દોનું બંધારણ પાંચ પાંચ અક્ષરોથી થયેલું છે.

**અગમ કહે કે અલખ હી, અચુત અકલ હી અખંડ;**
**તીન તીન અક્ષર પુનિ, પંચુ પદ શિર મંડ. ૭૯**

#### શબ્દાર્થ

**અગમ** = અગમ્ય, અગોચર **કહે** = કહેવામાં આવે **કે** = કે **અલખ** = જે લખી શકાય નહીં તેવું, વર્ણન ન થઈ શકે તેવું **હી** = પણ **અચુત** = અજન્મા, જે કદી યોનિ દ્વારા જન્મ ધારણ કરતા નથી

**અકલ** = કળી ન શકાય તેવા **હી** = પણ **અખંડ** = ખંડન થયું નથી એવું, અવિનાશી, આદ્ય, મધ્ય અને અંત એવા કાળના બંધન નથી એવા **તીન તીન** = ત્રણ ત્રણ **અક્ષર** = અક્ષર **પુનિ** = વળી **પંચુ** = પાંચ **પદ** = સ્થાન, પદ **શિર** = માથે **મંડ** = મંડાણ, મૂળ, પાયો, આરંભ, આધાર.

## અનુવાદ

**જેણે મંડાણ કર્યું છે તેમના પદ માટે અગમ કહેવામાં આવે કે અલખ તથા અચુત, અકલ કે અખંડ એ પાંચેય ઉપર ત્રણ ત્રણ અક્ષરો લાગેલા છે.**

## ભાવાર્થ

જેણે સમગ્ર બ્રહ્માંડનું મંડાણ કર્યું છે એવા પરમ પિતાના અમોઘ પદ માટે ઉપમાવાચક અગમ, અલખ, અચુત, અકલ અને અખંડ એમ પાંચે પાંચ શબ્દોની રચના ત્રણ ત્રણ અક્ષરોના જોડાણથી કરવામાં આવેલા છે.

**સમરથ કહે કે સરજન, અકરત કે કિરતાર;**
**ચતુર ચતુર અક્ષર એહી, અવિગત કરન ઉચાર. ૮૦**

### શબ્દાર્થ

**સમરથ** = સામર્થ, સામર્થ્યવાન **કહે** = કહેવામાં આવે **કે** = કે, અથવા **સરજન** = સર્જનહાર **અકરત** = અકર્તા, જેના કોઈ કર્તા જ નથી **કે** = કે, અથવા **કિરતાર** = કર્તા કરવાવાળા **ચતુર ચતુર** = ચાર ચાર **અક્ષર** = અક્ષર **એહી** = આ, આ પ્રમાણે **અવિગત** = જેની વિગત ન જાણી શકાય તેવા **કરન** = કરવા **ઉચાર** = ઉચ્ચાર, બોલી, કહેણ.

## અનુવાદ

**સમરથ કહેવામાં આવે કે સરજન અને અકરત, કિરતાર કે અવિગત કહીને ઉચ્ચાર કરવામાં આવે તો એમાં ચાર-ચાર અક્ષરો છે.**

## ભાવાર્થ

જેના કોઈ કર્તા નથી, પરંતુ જે દરેકના કર્તા છે એવા અવિગત સમર્થ સર્જનહાર માટે ઉચ્ચારવામાં આવતાં સમરથ, સરજન, અકરત, કિરતાર અને અવિગત

વિશેષણોને ચાર ચાર અક્ષરોના બંધારણથી બંધાયેલા અક્ષરોવાળા શબ્દ દ્વારા જ ઉચ્ચાર કરવામાં આવે છે.

**પૂરણબ્રહ્મ પરમપદ, અદ્વૈતવીત હી અભેવ;**
**એ સબ અદબદ અક્ષરે, લખી લખી કીયે સભેવ. ૮૧**

### શબ્દાર્થ

**પૂરણબ્રહ્મ** = પૂર્ણ બ્રહ્મ **પરમપદ** = શ્રેષ્ઠપદ, અંતિમપદ, કૈવલધામ **અદ્વૈતવીત** = વિત્ત રૂપે રહેલા અદ્વૈત કર્તા **હી** = જ છે **અભેવ** = અભેદ, મોઘમ, ભેદ વગરના **એ સબ** = એ બધું જ, તમામ **અદબદ** = સંશયગ્રસ્ત, અલૌકિક, અદ્ભુત **અક્ષરે** = અક્ષરથી **લખી લખી** = લખી લખીને **કીયે** = કરવામાં આવ્યો, કર્યો **સભેવ** = જાહેર, પ્રસિદ્ધ, ખુલ્લું.

### અનુવાદ

**પુરણબ્રહ્મ, પરમપદ, અદ્વૈતવીત એ બધું મોઘમ છે છતાં એ તમામ અદબદ પદોને અક્ષર વડે લખી લખીને જ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.**

### ભાવાર્થ

પૂર્ણબ્રહ્મ, પરમપદ એવું કૈવલધામ તથા વિત્તરૂપે રહેલા અદ્વૈત સકર્તા સર્જનહાર મોઘમ રહેલા છે. જેનાથી જગત સંપૂર્ણતઃ અજાણ રહેલું છે. એવા અદબદ રહેલા પદોને સંસારમાં અક્ષરો વડે લખી લખીને જાહેર કરવામાં આવેલા છે. મતલબ કે મહાપુરુષો એવા મોઘમ પદના ભેદને સમજાવવા અક્ષરો વડે લખાણ લખી લખીને પ્રસિદ્ધ કરે છે.

**પંચ તત્ત્વ ઓરુ ગુણ બિનું, જેહી પદ પરમ પુરેશ;**
**તેહી પણ અક્ષરતે કહે, કરન જુગન જણવેશ. ૮૨**

### શબ્દાર્થ

**પંચ તત્ત્વ** = પાંચ મહાતત્ત્વો - પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ **ઓરુ** = અને **ગુણ** = રજો, તમો અને સતોગુણ **બિનું** = વગર, સિવાય **જેહી** = જે, તે **પદ** = પદ, સ્થાન, દરજ્જો **પરમ** = અંતિમ, મહાન **પુરેશ** = શ્રેષ્ઠ, ઉત્તમ **તેહી** = તે **પણ** = પણ **અક્ષરતે** = અક્ષરથી **કહે** = કહેવાય, કહેવામાં આવે **કરન** = કરવા માટે **જુગન** = જગતને **જણવેશ** = ઉપદેશ, જણાવવા માટે.

### અનુવાદ

**પંચતત્ત્વ અને ગુણ સિવાયનું જે પદ અંતિમ અને શ્રેષ્ઠ છે તેને પણ અક્ષર વડે જ જગતને જણાવી શકાય છે.**

### ભાવાર્થ

સર્જનહારનું પદ છેવટનું અર્થાત્ અંતિમ અને સૌથી શ્રેષ્ઠ છે. વળી તે પંચ મહાભુત (તત્ત્વો): પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ તેમજ પ્રાકૃતિક ત્રણ ગુણો: રજો, તમો અને સતોગુણ વિનાનું છે તેમ છતાં પણ તે શ્રેષ્ઠ પરમપદને અક્ષર વડે જ (દર્શાવીને) લખાણ દ્વારા જગતના જીવોને સમજાવી શકાય છે.

## અક્ષરાતીત અક્ષર બિનું, જેહી પદ અદબદ સોય;
## રહત સદા જમનો તમ, અંક વિના ગમ ગોય. ૮૩

### શબ્દાર્થ

**અક્ષરાતીત** = અક્ષરથી પરે, જ્યાં અક્ષરો પહોંચતા નથી તેવું, અવર્ણનીય **અક્ષર** = અક્ષર **બિનું** = વગર, સિવાય **જેહી** = જે **પદ** = પદ, સ્થાન, દરજ્જો **અદબદ** = મોઘમ, ગુપ્ત, અજાણ્યું **સોય** = તે જ **રહત** = રહે **સદા** = હમેશાં **જમનો તમ** = જેમ છે તેમ જ **અંક** = અક્ષર **વિના** = વિના, સિવાય **ગમ ગોય** = અજાણ, જાણ્યા સિવાયનું.

### અનુવાદ

**અક્ષરાતીત એટલે અક્ષર સિવાયનું જે પદ અદબદ છે તે અક્ષર સિવાય સદાને માટે જાણ્યા વગરનું જેમ છે તેમ અજાણ્યુ જ રહ્યું હોત.**

### ભાવાર્થ

પરમાત્માનું પરમપદ અક્ષરથી પર હોવાથી અવર્ણનીય છે. અર્થાત્ જ્યાં અક્ષર પહોંચતા જ નથી તેવું અંતિમ પદ છે. જેથી સદા સર્વદા ગુપ્ત જ રહેલું છે. જો અક્ષરોની ઉત્પત્તિ ન થઈ હોત તો (અક્ષર સિવાય) આ અદબદ રહેલું પરમપદ હમેશાંને માટે જાણ્યા વગરનું જેમ હતું તેમ અજાણ જ રહ્યું હોત.

## સોહી પદ ઈન્દ્રિ અગોચર, વાણી ચતુર પર પુંજ;
## તેહી બિનું વયે વિપુ અક્ષરે, કરન જ્ઞાન ગમ ગુંજ. ૮૪

### શબ્દાર્થ

**સોહી** = તે **પદ** = સ્થાન, દરજ્જો, ધામ **ઈન્દ્રિ** = અવયવ, અંગ, ગાત્ર, જ્ઞાન અને કર્મનું સાધન **અગોચર** = અગમ્ય, ઈન્દ્રિયાતીત, ઈન્દ્રિયોથી ન જાણી શકાય તેવું **વાણી** = સ્વર, વેણ, વાચા, શબ્દ, બોલી, ઉચ્ચારેલો સ્પષ્ટ અવાજ **ચતુર** = ચાર **પર** = થી પરે, ઉપર **પુંજ** = પ્રકાશનો ગંજ, સમુદાય જથ્થો, ઢગલો **તેહી** = તેના **બિનું** = વગર, સિવાય **વયે** = વય, ઉંમર, આયુષ્ય **વિપુ** = શરીર, દેહ, આકૃતિ, આકાર **અક્ષરે** = અક્ષરથી **કરન** = કરવા **જ્ઞાન** = સમજ, જાણ, ખબર, પ્રતીતિ **ગમ** = કથન, વર્ણન, સૂઝ, ગતિ, ભાન, મનનું વલણ **ગુંજ** = કલરવ, ગુંજન, રહસ્ય, છૂપો ભેદ, છાનું, ગુહ્ય, ખાનગી, ગુપ્ત.

### અનુવાદ

**તે પદ ઈન્દ્રિયોથી જાણી કે પામી ન શકાય તેવું છે. ચાર પ્રકારની વાણીથી પર રહેલ પ્રકાશના પુંજ (ઢગલા) જેવું છે. તે વય અને સ્વરૂપ વગરનું છે, તેમ છતાં તેવા ગુપ્ત પદની સમજ અક્ષરો દ્વારા મેળવી શકાય છે.**

### ભાવાર્થ

સર્જનહારનું તે અંતિમ પદ કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય કે અંતઃકરણથી જાણી કે પામી ન શકાય તેવું છે. પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી એમ ચારે વાણીથી પણ તે પદ પર રહેલું હોઈ પ્રકાશના જથ્થા (પુંજ) સમાન સ્વયં પ્રકાશિત છે. વળી તે પદને આદ્ય, મધ્ય કે અંત એવું કાળનું બંધન પણ નથી. એટલું જ નહીં, પરંતુ તે પ્રત્યક્ષ કે પરોક્ષ આકાર વિનાનું અને રૂપ-અરૂપથી પર છે. તેમ છતાં તેવા સર્વથી અજાણ-ગુપ્ત રહેલા પદની સમજ અક્ષરોથી જ કરી (આપી) શકાય છે.

## આદ્ય અંત મધ્ય ઉત-ઈત, જહાં લગી સુરત ફેલાવ;
## રૂપ અરૂપ બરનન કીયે, અંક સતંતર સહાવ. ૮૫

### શબ્દાર્થ

**આદ્ય** = આરંભ, આદિ, પ્રથમ **અંત** = આખર, છેવટ, સમાપ્તિ, છેડો, વિનાશ **મધ્ય** = વચલો ભાગ, પસારો વચ્ચેનો ગાળો **ઉત-ઈત** = આલોક-પરલોક, અહીં અને ત્યાં **જહાં લગી** = જ્યાં સુધી **સુરત** = નરજ,

બ્રાહ્ય દૃષ્ટિ **ફેલાવ** = ફેલાવીને, પ્રસારીને **રૂપ** = આકાર, મૂર્તિ, સ્વરૂપ, આકૃતિ **અરૂપ** = નિરાકાર, આકાર વિનાનું **બરનન** = વર્ણન, આલેખન, વિવેચન, બયાન **કીયે** = કર્યું **અંક** = અક્ષર **સતંતર** = વારંવાર, સળંગ, સતત, એકધાર, એક પછી એક **સહાવ** = ધીરજપૂર્વક, પકડવું, છવાયેલું, સહાય કરવી.

## અનુવાદ

**આદ્ય, મધ્ય અને અંત તેમજ આલોક અને પરલોકમાં જ્યાં સુધી સુરતાનો ફેલાવો છે ત્યાં સુધી રૂપ અને અરૂપનું વર્ણન કરવામાં અક્ષરો સતત સહાયકારક છે.**

## ભાવાર્થ

આરંભથી તે અંત સુધી તથા વચગાળાના પસારા સહિત આલોક અને પરલોકમાં જ્યાં સુધી દૃષ્ટિનો ફેલાવો પહોંચે ત્યાં સુધી પ્રત્યક્ષ આકૃતિ રૂપે રહેલા કે પરોક્ષ રહેલા નિરાકારનું વર્ણન કરવામાં આવેલું છે. આ બધું ત્યારે જ શક્ય બન્યું છે કે જ્યારે અક્ષરો સતત (હમેશાં) સહાય રૂપ બન્યા છે. એટલે કે, એકધારું લખાણ અક્ષર સિવાય કદી પણ શક્ય બનતું નથી.

**જીનું ગતિ અગમ અગોચર, પુનિ ગોચર ઘન ઘોર;**
**અતિ મતિ અંક પ્રતાપ હી, છાઈ રહેહુ સબ ઠોર. ૮૬**

## શબ્દાર્થ

**જીનું** = જેની **ગતિ** = સમજ, જ્ઞાન, શક્તિ, બળ **અગમ** = અગમ્ય, જાણી કે પહોંચી ન શકાય તેવું, ન સમજાય એવું **અગોચર** = ઇન્દ્રિયાતીત **પુનિ** = વળી **ગોચર** = ઇન્દ્રિયોની સહાયથી જાણી શકાય તેવું, ઇન્દ્રિયગમ્ય **ઘન ઘોર** = ગાઢ, ગીચ, ભયાનક, ભયંકર **અતિ** = થી પરે, ઘણુ, હદપારનું વિશેષ **મતિ** = બુદ્ધિ, આત્મજ્ઞાન, સમજણ **અંક** = અક્ષર **પ્રતાપ હી** = પ્રભુત્વ, પ્રભાવ, અસર, શક્તિ, સામર્થ્ય **છાઈ રહેહુ** = છવાઈ રહેલું છે, વિસ્તાર પામીને રહેલું, પથરાઈ રહેલું **સબ ઠોર** = બધી જ જગ્યાએ, તમામ ઠેકાણે, બધે જ.

## અનુવાદ

**જેની ગતિ અગમ અને અગોચર છે એવું અને સમજથી પરે ગીચોગીચ રીતે રહેલ ઇન્દ્રિયગમ્ય છે તેવી તમામ વિસ્તાર પામેલી જગ્યા ત્યાં ને ત્યાં જ ઠરીને**

**છવાયેલી રહી છે, તે તમામની વિશેષ સમજ અક્ષરના પ્રતાપથી જ પડી શકે છે.**

### ભાવાર્થ

સર્જનહારના પરમપદની ગતિ ઈન્દ્રિયો દ્વારા જાણી કે સમજી શકાય તેમ નથી. તેમના દ્વારા રચવામાં આવેલ બધી રચના કે જે સમગ્ર બ્રહ્માંડમાં વિસ્તાર પામેલી છે. એટલું જ નહીં, પરંતુ જયાં ને ત્યાં એમ બધે જ ગીચોગીચ રીતે છવાયેલી જણાય છે. આ બધી વિશિષ્ટ પ્રકારની સમજણ અક્ષરોના પ્રતાપથી જ સમજી શકાય છે.

**આણેહુ અંત સકલ જીનું, જે તે ભર જુગ કહેણ;**
**પરમકારણ પર અપરમ, અક્ષરે કીયે પ્રવેણ. ૮૭**

#### શબ્દાર્થ

**આણેહુ** = આવ્યું, લાવવું **અંત** = અંત, અવધિ, સમાપ્તિ, વિનાશ **સકલ** = તમામ, સર્વ **જીનું** = જેનું, જેનો **જે તે** = જેટલા **ભર** = તેટલા **જુગ** = જગતમાં **કહેણ** = વચનથી, કહેવાતા, વાણીથી સંબોધાતા **પરમકારણ** = પરમકારણ દેહ **પર** = ઉપર **અપરમ** = અપરમપાર **અક્ષરે** = અક્ષરોએ **કીયે** = કર્યો છે **પ્રવેણ** = પ્રવેશ, દાખલ કરવું.

### અનુવાદ

**જગતમાં જેનું સંબોધન થઈ શકે છે તે સર્વનો વિનાશ છે એવું, અને પરમકારણ દેહથી પણ પર રહેલ અપરંપાર પદ માટે પણ અક્ષરોએ પ્રવેશ કર્યો છે.**

### ભાવાર્થ

જગતમાં જે જે પદોના વાણીથી વર્ણન થયા છે તે તમામ નાશવંત પદો છે. તેવા પદોનું વર્ણન પણ અક્ષરોથી થયું છે. તેમજ જે પદ પરમકારણ દેહથી પર અપરંપાર રીતે શોભી રહ્યું છે. એવું પરમપદ અક્ષરાતીત છે કે જ્યાં વાણી પહોંચી શકતી નથી તેમ છતાં પણ તેનું વર્ણન કરવા માટે અક્ષરોનો ઉપયોગ થાય છે.

**નેતિ નેતિ જીનકી કરે, અંક લગે તેહી દ્વાર;**
**તો રૂપ ગુણ ક્યૌ બંચહી, અક્ષર ગતિ અપાર. ૮૯**

### શબ્દાર્થ

**નેતિ નેતિ** = જેનો કોઈ અંત નથી **જીનકી** = જેની, જેના માટે **કરે** = કરવામાં આવે, કહેવામાં આવે **અંક** = અક્ષર **લગે** = લાગેલા છે, લાગે છે **તેહી** = તેના **દ્વાર** = બારણે, દ્વારે **તો** = તો **રૂપ** = રૂપવાળા **ગુણ** = ત્રણ ગુણવાળા **ક્યૌ** = કેવી રીતે, કેમ કરીને **બંચહી** = બચી શકે **અક્ષર** = અક્ષરોની **ગતિ** = ગતિ **અપાર** = અધિક, ખૂબ, ઘણી, અપરંપાર.

### અનુવાદ

**જેના માટે નેતિ કહેવામાં આવી છે તેના દ્વાર સુધી પણ અક્ષરો પહોંચે છે. તો પછી એવા અપરંપાર ગતિવાળા અક્ષરો આગળ રૂપ-ગુણવાળા કેવી રીતે બચી શકે?**

### ભાવાર્થ

બ્રહ્માજી દ્વારા જે બ્રહ્મપદ માટે નેતિ એટલે કે, જેનો કોઈ અંત નથી તેવો પોકાર કરવામાં આવ્યો છે એવા પદના દ્વાર સુધી અક્ષરો પહોંચી ગયા છે. તો પછી એવા અપરંપાર ગતિવાળા અક્ષરો આગળ રૂપ-ગુણવાળા (રજો, તમો અને સતોગુણના દેવો) કેવી રીતે બચી શકવાના છે ? એટલે કે, રૂપ ગુણ ધરાવતા ઘાટો પણ અક્ષર થકી વર્ણન કરવામાં બાકી રહ્યા નથી.

## નિરાકાર અક્ષર લગે, ઉચરત ગુરુ ગમ જ્ઞાન;
## તબ આકારી ક્યૌ રહે, બિનું અક્ષર અવિલાન. ૮૯

### શબ્દાર્થ

**નિરાકાર** = આકાર રહિત આકાર સિવાયના **અક્ષર** = અક્ષર **લગે** = લાગેલા, વળગેલા છે **ઉચરત** = ઉચ્ચાર કરવો **ગુરુ** = ગુરુ **ગમ** = સમજ, જાણ **જ્ઞાન** = જ્ઞાન **તબ** = ત્યારે, તો પછી **આકારી** = આકારવાળા **ક્યૌ** = કેમ, કેવી રીતે **રહે** = રહે **બિનું** = વગર, સિવાય **અક્ષર** = અક્ષર **અવિલાન** = વિલોકન, તપાસવું.

### અનુવાદ

**ગુરુએ નિરાકારનું જ્ઞાન ઉચ્ચારેલું હોવા છતાં ત્યાં પણ અક્ષરો પહોંચી ગયા છે, તો પછી આકારવાળાનું અવિલાન અક્ષર વગર કેવી રીતે રહી શકે?**

## ભાવાર્થ

પરમગુરુ એ આકાર રહિત જે સર્જનહારનું પરમપદ છે તેનું જ્ઞાન ઉચ્ચારેલું છે. તેવું ગુપ્ત અને અવર્ણનીય પદ હોવા છતાં અક્ષરો ત્યાં સુધી પહોંચી ગયા છે, તો પછી જે આકારવાળા પદો છે તેનું અવિલાન કરવામાં અક્ષરો કેમ બાકી રહી શકે ! અર્થાત્ આકારવાળા પદો પણ અક્ષરથી વર્ણન કરવામાં બાકી રહ્યા નથી.

**અંતસકરણ ચતુર ચીદે, મહાદ મંથન કરી જોય;**
**રખેહુ થાહ અથાહહી, બિનું અક્ષર નહીં કોય. ૯૦**

### શબ્દાર્થ

**અંતસકરણ** = અંતઃકરણ **ચતુર** = ચાર **ચીદે** = ચિદ્ અંતઃકરણ **મહાદ** = મહાન, ઘણી જ ખૂબ **મંથન** = મંથન, મહેનત, પ્રયાસ, અથાગ પ્રયત્ન **કરી** = કરીને **જોય** = જોયું, જોતાં **રખેહુ** = રહેલું **થાહ** = સીમા, હદ, અંત, તાગ, છેડો **અથાહહી** = અમાપ, ઘણું ઊંડું, પાર વિનાનું થાહ વગરનું **બિનું** = વગર, સિવાય **અક્ષર** = અક્ષર **નહીં** = નથી **કોય** = કોઈ.

## અનુવાદ

**ચિત્ત આદિ ચાર અંતઃકરણથી ઊંડું મંથન કરતાં જણાય છે કે જેનો થાહ પામી શકાય તેવું અને જેનો થાહ પામી ન શકાય તેવું બધું જ અક્ષર સિવાય બાકી (રહેતું) નથી.**

## ભાવાર્થ

મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત એ ચારે ચાર અંતઃકરણ દ્વારા ઊંડા મંથન દ્વારા સમજાય છે કે વિશ્વમાં જેનો તાગ મેળવી શકાય તેવા પદો અને પદાર્થો તેમજ જેનો પાર ન પામી શકાય તેવા અથાગ પદ છે. આવા પ્રત્યક્ષ પદ અને અપ્રત્યક્ષ પદ સુધીના તમામ પદો અક્ષર સિવાય બાકી રહ્યા નથી.

**યેસેહી અંક અપરબલ, સકલ સોચ કલ સંચ;**
**બિનુ અક્ષર વિકસે નહીં, શબ્દ કુલ પકીત રંચ. ૯૧**

### શબ્દાર્થ

**યેસેહી** = એવી જ રીતે, આ રીતે **અંક** = આકાર **અપરબલ** = બળવાન, અપાર બળવાળા **સકલ** = બધા, તમામ **સોચ** = સમજ, વિચાર **કલ** = કાળ, ચાવી, કૂચી **સંચ** = યુક્તિ, ગુપ્ત કરામત લાગ, સંચય **બિનુ** = વગર, સિવાય **અક્ષર** = અક્ષર **વિકસે** = વિકાસ, આવિષ્કાર, ઉઘાડવું **નહીં** = નહીં **શબ્દ** = શબ્દ **કુલ** = તમામ, બધું, પૂર્ણ **પકીત** = પાકવું, ઊગવું, નિકળતું, ઊઠવું, રચના **રંચ** = લગીર, સહેજ, થોડું, જરાક.

### અનુવાદ

**એવી રીતે અક્ષરમાં અપાર બળ છે. તેમજ સર્વની સમજયુક્ત ચાવી રૂપ છે. તમામ શબ્દની પરિપકવતા (રચના) થોડા પણ અક્ષરો વિના વિકસી શકાતી નથી.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ શબ્દ રચનામાં અક્ષરોનું અપાર બળ સમાયેલું છે. તેમજ અક્ષરો વિશ્વની દરેક પ્રકારના પદાર્થોની ગુપ્ત સમજયુક્ત કરામતમાં ચાવી રૂપે રહેલા છે. તમામ શબ્દની રચના અક્ષરો વિના થોડી પણ વિકાસ પામતી નથી. એટલે કે, વિશ્વમાં કહેવાતા તમામ શબ્દોમાં કોઈ ને કોઈ સંખ્યામાં અક્ષરોનો સમાવેશ થયો હોય છે. તેવા અલગ-અલગ સંખ્યાના સમૂહવાળા અક્ષરોથી શબ્દની રચના થયેલી છે.

**બિનહુ શબ્દ શુન્યવત્ સબે, રહત જબી ગુણ રૂપ;**
**હલન ચલન ચૈતન પણે, મુન્યે મુન્ય જનુપ. ૯૨**

### શબ્દાર્થ

**બિનહુ** = સિવાય, વગર, વિના **શબ્દ** = શબ્દ **શુન્યવત્** = શૂન્ય સ્થિતિમાં શૂન્યની પેઠે **સબે** = સૌ, બધું જ **રહત** = રહે **જબી** = જ્યારે, ત્યારે **ગુણ** = ગુણવાળું **રૂપ** = રૂપવાળું **હલન ચલન** = હાલવું ચાલવું **ચૈતન પણે** = ચૈતન થકી, ચૈતનની **મુન્યે મુન્ય** = સુનમૂન **જનુપ** = જણાય.

### અનુવાદ

**ગુણ અને રૂપવાળું બધું જ શબ્દ વગર શૂન્યવત્ રહે છે. જેમ કે, ચૈતન વગર બધું હલન-ચલન વિના સુનમૂન જણાય છે.**

### ભાવાર્થ

વિશ્વમાં રહેલા દરેક ઘાટો ચૈતન અંશની ચૈતનતા વગર જડવત્ સૂનમૂન રહે છે. તેમનામાં કોઈ પણ પ્રકારની હલન-ચલનની ક્રિયા શક્ય બનતી નથી. તેવી જ રીતે ગુણ અને રૂપવાળા દરેકની ઓળખાણ માત્ર શબ્દ થકી જ થતી હોય છે. જો શબ્દ ન હોય તો તે પણ સમજના પક્ષે જોતાં તે શૂન્યવત્ જણાય છે.

**અક્ષરનકે અભિપ્રાયન, લગે ન શબ્દ વિનાય;**
**રૂપ ગુણ ઔર ચૈતન વડે, વરત્યાં જાય સદાય. ૯૩**

#### શબ્દાર્થ

**અક્ષરનકે** = અક્ષરોના **અભિપ્રાયન** = ઉદ્દેશ્ય, ઈચ્છા, અભિગમ, ઈરાદો **લગે** = લાગે, સમજાય **ન** = નહીં **શબ્દ** = શબ્દ **વિનાય** = સિવાય, વિના **રૂપ** = રૂપ, આકૃતિ **ગુણ** = લાક્ષણિકતા, પ્રાકૃતિક રજો, તમો અને સતોગુણવાળો જાતિ સ્વભાવ **ઔર** = અને **ચૈતન વડે** = ચૈતનથી **વરત્યાં જાય** = વર્તમાન કરતાં જાય, આચરણ કરતાં **જાય સદાય** = હમેશાં, નિરંતર, સર્વદા.

### અનુવાદ

**અક્ષરનો અભિગમ શબ્દ સિવાય સમજી શકાય નહીં. રૂપ, ગુણ અને ચૈતન વડે સર્વદા વર્તમાન કર્યે જાય છે.**

### ભાવાર્થ

શબ્દના બંધારણમાં વપરાયેલા એક કે તેથી વિશેષ માત્રામાં જોડાયેલા સમૂહવાળા અક્ષરોનો ઉદ્દેશ શબ્દ સિવાય સમજી શકાય નહીં. જેને શબ્દોથી સંબોધવામાં આવ્યા છે તેવા રૂપ અને ગુણ ચૈતન થકી જ બધા જ ઘાટો અને સદા સર્વદા વર્તમાન કર્યે જાય છે. અન્ય રીતે સમજીએ તો ચૈતન થકી ચૈતન્ય પ્રાપ્ત કરેલા રૂપ અને ગુણવાળા તત્ત્વોના મિશ્ર પ્રભાવથી જ સર્વ ઘાટો સદાને માટે અક્ષરોથી બંધાયેલા શબ્દોના અભિપ્રાય જાણીને પોતાના અંદર-અંદરનો વ્યવહાર કર્યે જાય છે.

**શબ્દ ધનુષ રસના કર, સુરતે શેન સંધાય;**
**નિશાનાં સબ વસ્તહી, અક્ષર સર વેધાય. ૯૪**

### શબ્દાર્થ

**શબ્દ** = શબ્દ **ધનુષ** = ધનુષ્ય, કમાન, કામઠુ **રસના** = જીભ **કર** = હાથ **સુરતે** = સુરતાથી **શેન** = એકાગ્ર દષ્ટિ, સંકેત, સમજ **સંધાય** = જોડાય **નિશાનાં** = તાકવાનું લક્ષ્ય, બાણ મારવાનું નિશ્ચિત કરેલ સ્થળ, લક્ષબિંદુ **સબ** = બધું, સર્વ **વસ્તહી** = વસ્તુ, ચીજ **અક્ષર** = અક્ષર **સર** = ઈરાદો, પરિણામ, બાણ, ભેદવું તે **વેધાંય** = વીંધાય.

### અનુવાદ

**શબ્દ રૂપ ધનુષ્યને જીહ્વા રૂપ હાથ વડે સુરતા દ્વારા એકાગ્રતા સંધાય તો તાકવાના લક્ષ્ય રૂપ વસ્તુને અક્ષર-બાણ થકી વિંધાય છે.**

### ભાવાર્થ

નામ, રૂપ અને ગુણવાળી તમામ ઉત્પત્તિ અને તેનાથી પરે કારણ રૂપે રહેલા પરનેતિ પદ તરીકે સંબોધાતા અંતિમ પરમપદની સાચી સમજ અક્ષર થકી જ મેળવી શકાય છે. શબ્દ રૂપ ધનુષ્યને જીહ્વા રૂપ હાથ વડે સુરતા દ્વારા એકાગ્રતા સધાઈને અક્ષર રૂપ બાણ થકી વીંધવામાં આવે તો તાકવાના લક્ષબિંદુ રૂપ વસ્તુની સાચી સમજ મેળવવામાં સફળતા મળે છે.

## તેહી વસ્ત રૂપ ગુણ સબે, ઔરુ ચૈતન સમલીત;
## નિરાલંબ નિર્ગુણ લગે, અનુભવે અંક મલીત. ૯૫

### શબ્દાર્થ

**તેહી** = તે **વસ્ત** = વસ્તુ, પદાર્થ, ચીજ **રૂપ** = રૂપ, આકાર, આકૃતિ **ગુણ** = પ્રાકૃતિક ત્રિગુણાત્મક લક્ષણવાળું **સબે** = બધું, તમામ **ઔરુ** = અને **ચૈતન** = ચૈતન **સમલીત** = એકરસ, સમાયેલ, વ્યાપક **નિરાલંબ** = આલંબન રહિત, નિરાધાર **નિર્ગુણ** = ગુણથી રહિત, બ્રહ્મ **લગે** = સુધી **અનુભવે** = પ્રત્યક્ષ જ્ઞાનથી સમજણ શક્તિથી, ઇન્દ્રિયગમ્ય પરિચયથી **અંક** = અક્ષર **મલીત** = મળેલા, ભળેલા.

### અનુવાદ

**તે રૂપ ગુણવાળી બધી જ વસ્તુ અને ચૈતન જે સંમિલિત થયેલા છે તે ઘાટ તેમજ નિરાલંબ નિર્ગુણ સુધી પ્રત્યક્ષ જ્ઞાનથી જોતાં તેમાં અક્ષર ભળેલા છે.**

### ભાવાર્થ

જેમાં ચૈતન ભળીને રહેલું છે એવા રૂપ, ગુણવાળી દરેક વસ્તુઓ રૂપ ઘાટોની આદ્ય લઈ નિરાલંબ અને નિર્ગુણ બ્રહ્મ સુધીનું બધું અનુભવ દ્વારા નિહાળતાં તેમાં અક્ષર મળીને રહેલા જણાય છે.

**દેખહો અતિ અપરંપર, જીનકો પ્રબલ પસાર;**
**રમણ રલીત જીત તીત જીનું, નહીં કછુ અંતને પાર. ૯૬**

### શબ્દાર્થ

**દેખહો** = નિહાળો, જુઓ **અતિ** = વિશેષ, વધુ, ઘણું **અપરંપર** = અપરંપાર, અનહદ, અપાર **જીનકો** = જેનો **પ્રબલ** = બળવાન, પ્રચંડ **પસાર** = પસારો, ફેલાવો **રમણ** = ખેલી રહેલ, રમતો, વિલાસ **રલીત** = ખુશી, હરખ, પથરાયેલ, રેલાયેલું **જીત તીત** = જ્યાં ને ત્યાં **જીનું** = જેનો **નહીં** = નથી **કછુ** = કાંઈ, કંઈ **અંત** = છેડો **ને** = અને **પાર** = નિવેડો, હદ, નિકાલ, ફેસલો, છેડો.

### અનુવાદ

**અક્ષરોનો વિશેષ પ્રમાણમાં અનહદ અને પ્રચંડ પસારો છે તે જુઓ, જેનો વિલાસ જ્યાં ને ત્યાં પથરાયેલો હોઈ કોઈ પણ રીતે તેનો અંત કે નિવેડો આવી શકે તેમ નથી.**

### ભાવાર્થ

અવલોકન કરતાં માલૂમ પડે છે કે અક્ષરોનો પસારો અત્યંત બળવાન છે. ચૌદ લોક અને તેનાથી પરે જ્યાં ને ત્યાં તેનો વ્યાપ છે. સર્વત્ર આનંદપૂર્વક રમણ-વિલાસ કરી રહેલા અક્ષરોનો કોઈ પણ રીતે અંત કે છેડો આવી શકે તેમ નથી.

**એહી વિધિ અક્ષર સરભર, શબ્દ સમીપ સમદાય;**
**યાતે ઉબરે ના કછુ, વાલી અંક છીમાય. ૯૭**

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ પ્રમાણે **અક્ષર** = અક્ષર **સરભર** = બરાબર, સરખે, સરખું સમઘાત, પુરેપુરું **શબ્દ** = શબ્દ **સમીપ** = નજીક, પાસે, નિકટ **સમદાય** = સમુદાય, જથ્થો, ટોળું **યાતે** = એટલા માટે, તે

પૈકી **ઉબરે** = બચી શકે, ઉગરે, બાકી રહે **ના કછુ** = કાંઈ પણ નહીં **વાલી** = ગોઠવાવવું, જેથી, વળી **અંક** = અક્ષર **છીમાય** = સમાય, ભળવું.

### અનુવાદ

**આ પ્રમાણે સંપૂર્ણ રીતે અક્ષરોનો સમુદાય શબ્દોની અંદર સમાયેલા છે. એટલા માટે અક્ષરોની ગોઠવણીથી ભળેલા શબ્દથી કોઈ પણ બચી શકતું નથી.**

### ભાવાર્થ

આ પ્રમાણે બાવન અક્ષરો પૈકીનો એક કે એકથી વિશેષ અક્ષરોનો સમુદાય શબ્દ રચનામાં સમાયેલા છે. એટલા માટે કહી શકાય કે અક્ષરોની ગોઠવણીથી બનેલા શબ્દ સિવાય વિશ્વમાં કંઈ જ બાકી રહેતું નથી. એટલે કે, વિશ્વમાં એવી કોઈ ઉત્પત્તિ નથી કે જેના ઉપર શબ્દનું આરોપણ થયેલું ન હોય.

**નામ વસ્તુ કહી હુતી, જેહી આગમ હમ સોય;**
**જીનકી ઉતપન આદ્યહી, કરહી નિરૂપણ જોય. ૯૮**

#### શબ્દાર્થ

**નામ** = નામ **વસ્તુ** = પદાર્થ, ચીજ **કહી** = કહી **હુતી** =હતી **જેહી** = જે **આગમ** = આગળ, અગાઉ **હમ** = મે, અમે **સોય** = તે **જીનકી** = જેની **ઉતપન** = ઉત્પત્તિ **આદ્યહી** = પ્રારંભમાં, આદિથી **કરહી** = કરેલ છે **નિરૂપણ** = આરોપણ, વર્ણન, કોઈ વિષયનો વિવેચન પૂર્વક, નિર્ણય, વિચાર, વિવેચન **જોય** = જોઇને, દેખીને.

### અનુવાદ

**દરેક વસ્તુ નામવાળી છે એવું મેં આગળ કહ્યું હતું તેની આદિ ઉત્પત્તિ જોઈને જ મેં નિરૂપણ કર્યું છે.**

### ભાવાર્થ

અગાઉ કેતુ એકમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે વિશ્વમાં રહેલી તમામ ઉત્પત્તિના શિર પર નામનું આરોપણ કરવામાં આવ્યું છે એવી સમજૂતી આપેલી

છે. આ હકીકત તેઓએ બ્રહ્માંડમાં પ્રથમથી જ થયેલી બધી જ ઉત્પત્તિને ધ્યાનમાં રાખીને પોતાના અવલોકન દ્વારા નિશ્ચયપૂર્વક નિર્ણય કરીને આપણને દર્શાવી છે.

**તબ નહીં નિકસા નામહી, જોતાં આદ્ય અનાદ્ય;**
**આદે તો અક્ષર ધર, ન રહી નામ ઉપાધ. ૯૯**

### શબ્દાર્થ

**તબ** = ત્યારે **નહીં** = નથી **નિકસા** = નીકળ્યા, બહાર, પડ્યા, પ્રસિદ્ધિમાં આવ્યા, જાણીતા થયા **નામહી** = નામ **જોતાં** = નિહાળતાં **આદ્ય** = આદિ **અનાદ્ય** = અનાદિ **આદે** = શરૂઆતમાં આદ્યમાં મૂળ **તો** = તો **અક્ષર** = અક્ષર **ધર** = ધારણ કર્યા, પ્રથમનું ઠેકાણું, અસલ, મૂળ **ન રહી** = રહી નહીં **નામ** = નામની **ઉપાધ** = ઉપાધિ, પંચાત, જંજાળ.

### અનુવાદ

**ત્યારે આદિ-અનાદિથી જોતાં નામ નીકળ્યુ નથી, પરંતુ પ્રથમ તો મૂળ અક્ષર જ છે જેથી ત્યાં નામની ઉપાધિ રહેવા પામતી નથી.**

### ભાવાર્થ

દરેકના શિર પર નામનું આરોપણ કરવામાં આવેલું છે, પરંતુ આદિ-અનાદિથી જોતાં નામની પ્રસિદ્ધિ દરેકના શિર પર જોવા મળે છે. તેમ છતાં આદિમાં તો સૌથી પ્રથમ બાવન અક્ષરો જ છે. તે અક્ષરો વડે જ નામ તો ત્યાર બાદ બને છે. જેથી પ્રથમ અક્ષર છે અને ત્યારે પછી નામ છે. એ પ્રમાણે જોતાં અક્ષરોની તુલનામાં નામની ઉપાધિ રહેવા પામતી નથી.

**અજબ દ્દષ્ટ અદ્‌ભુત ગમે, કીના સકલ પહેચાણ;**
**જાંહી ત્યાંહી દેખ્યા અક્ષર, મીલ્યા ન નામ ઠેકાણ. ૧૦૦**

### શબ્દાર્થ

**અજબ** = આશ્ચર્યજનક, નવાઈ ઉપજાવે તેવું **દ્દષ્ટ** = દૃષ્ટિથી **અદ્‌ભુત** = વિસ્મય પમાડનારું, નવાઈ, અચંબો **ગમે** = સમજથી, ગતિથી, જાણથી **કીના** = કર્યું, કર્યા **સકલ** = બધું, તમામ, સર્વ **પહેચાણ** = ઓળખાણ **જાંહી ત્યાંહી** = જ્યાં ને ત્યાં, સર્વત્ર **દેખ્યા** = નિહાળવા **અક્ષર** = અક્ષર

**મીલ્યા ન** = ન મળ્યા, મળ્યા નહીં **નામ** = નામ **ઠેકાણ** = ઠેકાણું, સ્થાન, જગ્યા, મુકામ.

### અનુવાદ

**આશ્ચર્યજનક દૃષ્ટિથી તેમજ અદ્‌ભુત ગતિ દ્વારા સૌની ઓળખાણ કરવામાં આવી છે. જેમાં જ્યાં અને ત્યાં બધે અક્ષર જોવામાં આવ્યા, પરંતુ તેના સિવાય કોઈ ઠેકાણે નામ મળ્યું નહીં.**

### ભાવાર્થ

પરમગુરુએ નવાઈ ઉપજાવે તેવી અલૌકિક દૃષ્ટિથી નિહાળીને અદ્‌ભુત જ્ઞાન દ્વારા સમગ્ર બ્રહ્માંડની તમામ ઉત્પત્તિની ઓળખાણ કરી બતાવી છે, જેમાં સર્વત્ર નામનો પસારો થયેલો જોવા મળ્યો, પરંતુ તે નામ અક્ષરો વડે બનેલું હોવાથી બધાની પહેચાનમાં અક્ષરોનું પ્રાધાન્ય છે પણ કોઈ ઠેકાણે અક્ષર વગરનું નામ મળ્યું નહીં.

**અક્ષર કહ્યો ના નામહી, નામ કહ્યો નહીં અંક;**
**પણ આદ્ય નિજ અક્ષર, જાતે નામ અલંક. ૧૦૧**

#### શબ્દાર્થ

**અક્ષર** = અક્ષર **કહ્યો** = કહો, કહેતાં **ના** = ના **નામહી** = નામ જ છે **નામ** = નામ **કહ્યો** = કહો, કહેતાં **નહીં** = નથી **અંક** = અક્ષર **પણ** = પરંતુ **આદ્ય** = આદ્ય, પ્રથમ, મૂળ, આદિ **નિજ** = પોતે **અક્ષર** =અક્ષર **જાતે** = જેથી **નામ** = નામ **અલંક** = અલંકાર, ઘરેણાં, શણગાર.

### અનુવાદ

**અક્ષર કહેતાં નામ નથી અને નામ પોતે (તેજ) અક્ષર કહેવાતું નથી પણ આદિ નિજ અક્ષર છે, જેનાથી નામ અલંકૃત થાય છે.**

### ભાવાર્થ

અક્ષરને કદી પણ નામ તરીકે સંબોધન કરી શકાતું નથી અને નામને પણ અક્ષર તરીકે સંબોધન થાય નહીં. તેમ છતાં આદિ (મૂળ) જે અક્ષર છે તેવા અક્ષરો થકી જ નામ અલંકૃત થાય છે.

## પ્રથમ વૃક્ષ નિજ પ્રણવસે, ઉપજેહુ અંક અલાપ;
## તેહી સચરાચર સબ પર, કીન જદીપ તે થાપ. ૧૦૨

### શબ્દાર્થ

**પ્રથમ** = પ્રારંભમાં **વૃક્ષ** = ઝાડ, તરુ **નિજ** = મૂળ, આદિ **પ્રણવસે** = પ્રણવ થકી, શ્વાસોચ્છ્વાસથી **ઉપજેહુ** = ઉત્પન્ન થાય છે **અંક** = અક્ષર **અલાપ** = આલાપ, સાત સ્વરથી ગાવું તે **તેહી** = તે **સચરાચર** = સર્વત્ર, સ્થાવર-જંગમ, આલોક-પરલોક **સબ** = બધા, સર્વ **પર** = ઉપર, માં **કીન** = કોણ, કોણે, કોઈએ **જદીપ** = જ્યારે, ત્યારે જ **તે** = તે **થાપ** = સ્થાપન, આરોપણ.

### અનુવાદ

**નિજ પ્રણવ વૃક્ષમાંથી પ્રથમ અક્ષરનો આલાપ ઉત્પન્ન થયો. ત્યારે જ તેનું સ્થાવર જંગમ બધા પર કોઈએ આરોપણ કર્યું.**

### ભાવાર્થ

સૌ પ્રથમ નિજ પ્રણવમાંથી શુદ્ધ સ્વરનું બાવન અક્ષરોવાળુ ચોખ્ખું સ્વરૂપ બન્યું. ત્યાર પછી જ તે શુદ્ધ સ્વરૂપવાળા અક્ષરોનું કોઈએ સ્થાવર-જંગમની બધી જ ઉત્પત્તિ ઉપર આરોપણ કરેલું છે.

## સૃષ્ટ આદ્ય જીનું અબ લગી, ફેલેહી અંક ચૌ ઓર;
## અંકમયે ગત અવિગત, નામ રહ્યા કીત ઠોર. ૧૦૩

### શબ્દાર્થ

**સૃષ્ટ** = સૃષ્ટિ, વિશ્વ, જગત **આદ્ય** = આદિથી, શરૂઆતથી, પ્રારંભથી **જીનું** = જેનું, થી લઈને **અબ લગી** = અત્યાર સુધી **ફેલેહી** = વિસ્તાર પામ્યા છે, ફેલાયેલાં છે **અંક** = અક્ષર **ચૌ ઓર** = ચારે બાજુ, ચોતરફ, **અંકમયે** = અક્ષરથી વીંટાયેલું, અક્ષરોથી ભરપૂર **ગત** = નાશવંત **અવિગત** = શાશ્વત **નામ** = નામ **રહ્યા** = રહ્યા **કીત** = ક્યાં, કઈ **ઠોર** = ઠેકાણે.

### અનુવાદ

**સૃષ્ટિની આદિથી અત્યાર સુધી ચારે બાજુ અક્ષરો ફેલાયેલા છે. વળી નાશવંત અને શાશ્વતને પણ અક્ષર વીંટાયેલા (લાગેલા) છે, તો પછી નામને ઠરવાનું ઠેકાણું જ ક્યાં રહ્યું?**

## ભાવાર્થ

સૃષ્ટિનો પ્રારંભ થયો તેવા આદિકાળથી તે અત્યાર સુધીમાં અક્ષરોનો ફેલાવો ચારે તરફ જોવા મળે છે. વળી, વિશ્વમાં જે નાશવંત ઉત્પત્તિ છે તે અને તેનાથી પરે રહેલી અવિગત શાશ્વત માટે પણ અક્ષરોનું આરોપણ કરવામાં આવેલું છે. ટૂંકમાં ગત અને અવિગત એ બધું જ અક્ષરમય બનેલું છે. તેથી નામને રહેવાનું કોઈ નિશ્ચિત ઠેકાણું થઈ શકતું નથી.

**નામ કહો તો અક્ષરે, નાંમા અક્ષર દોય;**
**ચતુર અંક નિજ નામકે, ગનતી વિલોક હી જોય. ૧૦૪**

### શબ્દાર્થ

**નામ** = નામ **કહો તો** = કહેવામાં આવે તો **અક્ષરે** = અક્ષર વડે **નાંમા** = નાંમા **અક્ષર** = અક્ષર **દોય** = બે **ચતુર** = ચાર **અંક** = અંક **નિજ નામકે** = નિજ નામનું **ગનતી** = ગણતરી **વિલોક હી** = અલોકન કરીને, નિહાળીને, તપાસીને **જોય** = જુઓ.

## અનુવાદ

**નામ કહેવામાં બે અક્ષરો છે અને નાંમા પણ બે અક્ષરો છે નિજ નામના ચાર છે જેની ગણતરી તમે વિલોકન દ્વારા જુઓ.**

## ભાવાર્થ

નામ શબ્દનું બંધારણ બે અક્ષરોથી થયેલું છે અને નાંમા શબ્દમાં પણ બે અક્ષરો સમાયેલા છે. જ્યારે નિજનામ શબ્દનું બંધારણ ચાર અક્ષરોથી થયેલું છે. તેની ગણતરી શબ્દોના બંધારણનું વિલોકન કરતાં જણાઈ આવે છે.

**નામા કહે તો નામ હૈ, માના કહેતાં મન;**
**ઉલટ સુલટ અક્ષર વડે, જેહી તેહી ટેરત તન. ૧૦૫**

### શબ્દાર્થ

**નામા** = નામ **કહે તો** = કહેવામાં આવે તો **નામ હૈ** = નામ છે **માના** = માના **કહેતાં** = કહેવામાં આવે તો **મન** = મન **ઉલટ સુલટ** = ઊલટા સૂલટી **અક્ષર** = અક્ષર **વડે** = વડે, થી **જેહી તેહી** = જે તે **ટેરત** =બોલે છે, વદે છે **તન** = ઘાટ, શરીર, દેહ.

## અનુવાદ

**નામ કહેવામાં આવે તો નામ છે અને માના કહેવામાં આવતાં મન થાય છે. ઊલટા-સૂલટી અક્ષરો વડે જે તે ઘાટનું નામ બોલાય છે.**

## ભાવાર્થ

નામ કહેવામાં આવે તો તેનો અર્થ નામ થાય છે અને માના કહેવામાં આવે તો તેનો અર્થ મન થાય છે. આ પ્રમાણે અક્ષરોને ઊલટ-સૂલટ કહીને શબ્દોનો ઉચ્ચાર કરવામાં આવે તો તેનો અર્થમાં ફેરફાર (તફાવત) થયેલો જણાય છે. એ મુજબ સર્વ પદાર્થોના નામાભિકરણ થયેલા હોવાથી દરેક વ્યક્તિ તે પ્રમાણે બોલે છે.

**ના કહેતાં તો ના કીયા, માં કહેતાં તો માંય;**
**જુગલ અંક બરનન કીયે, તીનુ સત્ માનત કાંય. ૧૦૬**

### શબ્દાર્થ

**ના** = ના **કહેતાં** = કહેવામાં આવતાં **તો** = તો **ના** = ના, નહીં **કીયા** = કર્યું, કહેવાયું **માં** = માં, અંદર **કહેતાં** = કહેવામાં આવતાં **તો** = તો **માંય** = માં, અંદર **જુગલ** = બે, બંને **અંક** = અક્ષર **બરનન** = વર્ણન **કીયે** = કર્યા **તીનુ** = તેને **સત્** = સાચા, શાશ્વત **માનત** = માને છે **કાંય** = સર્વકાંઈ, કેમ, શા માટે ?

## અનુવાદ

**ના કહેતાં તો ના થયું અને માં કહેતાં તો માંય (અંદર) થાય છે. બંને અક્ષરનું વર્ણન કરતાં તેના હાર્દને શા માટે સર્વ સત્ય માનો છો ?**

## ભાવાર્થ

"ના" કહેવા પાછળનો અર્થ નકારાત્મક વલણ દર્શાવતું "ના" (નહીં) એમ થાય છે. જ્યારે "માં" કહેવામાં આવે તો તેનો અર્થ 'ની અંદર-માંય' એવો થાય છે. બંનેનો ભેગો (સાથે) અર્થ કરીએ તો "માં નથી" -"ના માંજ" એમ સમજી શકાય છે. આ ગૂઢાર્થભર્યા વિષયને પોતાના શરીરમાં ઘટાવવામાં આવે તો કહી શકાય કે ચૈતન જડ શરીરમાં સમાયેલું નથી. આ રહસ્યને સર્વ કોઈ શા માટે સત્ય માનો છો ?

**અક્ષર કહે તો અક્ષરે, તીન અંક જીનુ તાય;**
**અંક અંક સોહી અક્ષર, નરણે નામ ન પાય. ૧૦૭**

### શબ્દાર્થ

**અક્ષર** = અક્ષર **કહે તો** = કહેવામાં આવે તો **અક્ષરે** = અક્ષર વડે જ **તીન અંક** = ત્રણ અક્ષરો **જીનુ** = જેનો **તાયં** = તેના **અંક અંક** = અક્ષર અક્ષર **સોહી** = તે **અક્ષર** = અક્ષર **નરણે** = નિર્ણય **નામ** = નામ **ન** = નહીં **પાય** = પ્રાપ્ત થાય, જડતું, મળતું.

### અનુવાદ

**અક્ષર કહેવું હોય તો પણ અક્ષરથી જ કહેવાય છે. જેના ત્રણ અક્ષરો છે. તે દરેક અક્ષરોથી અક્ષર થયેલું છે. તેનો નિર્ણય કરતાં જણાય છે કે તેમાં નામ જડતું (મળતું) નથી.**

### ભાવાર્થ

''અક્ષર'' શબ્દ કહેવું હોય તો પણ તેનું બંધારણ અક્ષરોથી જ થયેલું છે. જેમાં, ત્રણ અક્ષરોનો સમાવેશ કરવામાં આવેલા છે. જે ત્રણેય જુદા-જુદા અક્ષરોથી બનેલો ''અક્ષર'' શબ્દ છે. તે શબ્દમાં નામ સમાયેલું નથી, કારણ કે, નામમાં પણ અક્ષરોનો જ સમાવેશ થતો હોય છે. તેથી નિર્ણયપૂર્વક કહી શકાય કે અક્ષરમાં નામ હોતું નથી, પરંતુ નામનાં અક્ષરો જરૂર હોય છે.

**કકા કહે તો અક્ષર, ખ ખે અંક ખખાય;**
**તેહી આદ્ય નિજ બાવન, અંકે અંક પસાય. ૧૦૮**

### શબ્દાર્થ

**કકા** = ક અને કા **કહે તો** = કહીએ તો **અક્ષર** = અક્ષર **ખ ખે** = ખ અને ખે **અંક** = અક્ષર **ખખાય** = ખ થી થાય છે. **તેહી** = તેની, તેના **આદ્ય** = થી લઈને, થી માંડીને **નિજ** = મૂળ **બાવન** = બાવન **અંકે અંક** = અક્ષરે અક્ષર **પસાય** = પસારો, વિસ્તાર (થાય).

### અનુવાદ

**ક અને કા અક્ષર જ કહેવાય છે જ્યારે ખ અક્ષરથી જ ખ અને ખે થાય છે. તેની**

**આદ્ય લઈને મૂળ બાવન અક્ષરોનો જ પસારો (થયેલો) છે.**

### ભાવાર્થ

સ્વરોના બાર ચિહ્ન મેળવીને પ્રત્યેક વ્યંજનની રચના કરવામાં આવતી હોય છે. જેમ કે ક, કા, કિ, કી, કુ, કૂ, કે, કૈ, કૌ, કં, કઃ આવા પ્રત્યેક ક કા, ખ ખે વગેરે અક્ષરો જ છે. બારાખડીમાં દરેક વ્યંજનોની આદ્ય લઈને મૂળ બાવન અક્ષરોનો જ પસારો થયેલો છે.

## એહી વિધિ નિરખી નિરૂપણ, કીના ખોજ ખનીત;
## સપરસ નામ ન પાઈયા, અંકે અંક જનીત. ૧૦૯

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ રીતે, આ પ્રમાણે **નિરખી** = જોઈને, તપાસતાં **નિરૂપણ** = નિર્ણય, વર્ણન, વિચાર **કીના** = કર્યા, કરી, **ખોજ** = શોધ **ખનીત** = બારીકાઈથી **સપરસ** = સ્પર્શ, અસર, લાગવું, અડકવું વ્યંજનનો એક પ્રકાર જે કંઠ, તાલુ, મૂર્ધ, દંત અને ઓષ્ઠ એ પાંચ સ્થાનનો કોઈ પણ વ્યંજન સ્પર્શ કહેવાય છે **નામ** = નામ **ન** = નહીં **પાઈયા** = મેળવી શકાય, પ્રાપ્ત કરી શકાય **અંકે અંક** = અક્ષરોથી અક્ષર, અક્ષરે અક્ષર **જનીત** = જણાય, દેખાય.

### અનુવાદ

**એ પ્રમાણે જોઈને વિચાર કરતાં તેની બારીકાઈપૂર્વક શોધ કરવામાં આવે તો બધા જ અક્ષરો સ્પર્શથી થયેલા જણાય છે. જેમાં નામ મળતું નથી.**

### ભાવાર્થ

એ પ્રમાણેની બારાખડીના વ્યંજનોમાં મૂળ બાવન અક્ષરોના પ્રભાવનો વિચાર કરીને બારીકાઈથી શોધ કરવામાં આવે તો તે દરેક અક્ષરો કંઠ, તાલુ, મૂર્ધ, દંત અને ઓષ્ટથી સ્પર્શ પામીને થયેલા છે. જે તમામ અક્ષરો વ્યક્તિગત રીતે અલગ-અલગ જણાય છે, પરંતુ તેમાં નામનો સમાવેશ થતો નથી અર્થાત્ અક્ષરોમાં નામ સમાયેલું નથી.

**અક્ષર લક્ષ વિલોકન, સકલીત અતિ અપરામ;**
**ચાપચુપ કછુ નાં રહ્યા, અંક થકી બેફામ. ૧૧૦**

### શબ્દાર્થ

**અક્ષર** = અક્ષર **લક્ષ** = અંતિમ ધ્યેય, હેતુ, ઉદ્દેશ **વિલોકન** = જોવાથી, તપાસતાં **સકલીત** = સર્વ રીતે, બધી રીતે, તમામ સંખ્યા **અતિ** = અતિશય, ઘણા **અપરામ** = સર્વત્ર, વ્યાપક, અનિશ્ચિતતા, અપાર શક્તિ, બળ, તાકાત, મહત્તા, અનુમાન, વર્ણવ્યું **ચાપચુપ** = ચુપચાપ, છાનુમાનું **કછુ** = કાંઈ **નાં** = નથી, ના **રહ્યા** = રહ્યા **અંક** = અક્ષર **થકી** = થી, વડે **બેફામ** = ધ્યાન વગર, સમજ વગર, બેપરવાહ, ગાફેલ.

### અનુવાદ

**અક્ષરના લક્ષ્યનું વિલોકન કરીને અક્ષરની વ્યાપકતા અને વિશેષ પ્રમાણમાં રહેલી શક્તિને બધી રીતે દર્શાવી છે. જેથી હવે કંઈ પણ છાનું રહ્યું નથી.**

### ભાવાર્થ

કેતુ-૩ માં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા અક્ષરના લક્ષનું પૂર્ણ રીતે વિલોકન કરીને અક્ષરની વ્યાપકતા અંગે દર્શાવવામાં આવ્યું છે. આમ અક્ષરોની અપાર શક્તિને બધી રીતે સમજાવી છે. જેથી હવે અક્ષર માટેની સમજ મેળવવામાં કંઈ જ છાનું રહેવા પામ્યું નથી.

**એસેહી અંક અલોકની, પ્રભુતાયન ગતિરાજ;**
**આદ્ય કીયેહુ નિજપતિ જીનું, કુન પરોજન કાજ. ૧૧૧**

### શબ્દાર્થ

**એસેહી** = એ જ પ્રમાણે, એવી જ રીતે **અંક** = અક્ષર **અલોકની** = ન દેખાય તેવી **પ્રભુતાયન** = પ્રભુતા, વૈભવ, અમલ **ગતિરાજ** = મહાન, શ્રેષ્ઠ, સમજમાં મહાન, મહાન રહસ્ય **આદ્ય** = પ્રથમ **કીયેહુ** = કર્યા **નિજપતિ** = સર્જનહાર, પરમપતિ **જીનું** = જેમને **કુન** = કોણ, ક્યા **પરોજન** = પ્રયોજન, ઇરાદો, મતલબ, આશય **કાજ** = માટે.

### અનુવાદ

**આ પ્રમાણે અક્ષરોનો અમલ ન દેખી શકાય તેવો મહાન અને રહસ્યમય છે.**

**પ્રથમથી જ નિજકર્તા એ ક્યા પ્રયોજન માટે ઉત્પન્ન કર્યા હશે ?**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ અક્ષરોનો અમલ સર્વ પ્રકારની પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ ઉત્પત્તિ ઉપર વર્તાય છે. જેથી કહી શકાય કે તેની ગતિ મહાન અને પ્રભુતાવાળી છે. વિચાર આવે છે કે સર્જનહારે આવા મહાન ગતિવાળાં અક્ષરોનું પ્રયોજન કયા હેતુ માટે કર્યું હશે ?

**તેહી નીજ પ્રોજ પરાયન, સાહેન કરન પ્રચીન;**
**શ્રેષ્ઠ સજન તેહી કહતહુ, જેહી કારન પતિ કીન. ૧૧૨**

### શબ્દાર્થ

**તેહી** = તે **નીજ** = મૂળ, આદિ **પ્રોજ** = પ્રયોજન **પરાયન** = પ્રથમથી જ, પરાયણ, સાવધાનીપૂર્વક **સાહેન** = સાહ્યબી, ઉત્પત્તિને **કરન** = કરવા માટે **પ્રચીન** = પ્રસિદ્ધ, જાહેર, ઓળખાણ, પ્રચાર, ફેલાવો, સમજણ **શ્રેષ્ઠ** = શ્રોતા, સાંભળનાર વર્ગ **સજન** = સજ્જનો **તેહી** = તે **કહતહુ** = કહું છું **જેહી** = જેના **કારન** = કારણે **પતિ** = સર્જનહારે **કીન** = કર્યું, કર્યા.

## અનુવાદ

**તેનો મૂળ આશય ઉત્પત્તિની ઓળખાણ કરાવવાનો છે. હે શ્રોતા સજ્જનો ! જે કારણે સર્જનહારે (અક્ષરો) ઉત્પન્ન કર્યા છે તે હું કહુ છું.**

## ભાવાર્થ

સર્જનહારનો જે અક્ષર રચવાનો આશય હતો તે દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સૌ શ્રોતા સજ્જનોને કહે છે. સર્જનહારનો અક્ષર નિર્માણ કરવા પાછળનો મુખ્ય આશય તેમના દ્વારા કરવામાં આવેલી સમગ્ર ઉત્પત્તિની ઓળખાણ કરવા માટે સહાયરૂપ થાય તે જ છે.

### દોહા

**અંક લક્ષ વિલોકકે, વિવિધી ભાત કીયે અંગ;**
**કહે કુવેર સૂણ શુદ્ધ મને, કહુ નિજ કર્તા ઉમંગ. ૧૧૩**

### શબ્દાર્થ

**અંક** = અક્ષર **લક્ષ** = અંતિમ ધ્યેય, હેતુ **વિલોકકે** = અવલોકન કરીને, તપાસીને **વિવિધી** = અલગ-અલગ, જુદા-જુદા **ભાત** = પ્રકાર, રીતે **કીયે** = કર્યા **અંગ** = ભાગ, કેતુ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સૂણ** = સાંભળો **શુદ્ધ મને** = નિર્મળ મનથી **કહુ** = કહું છું **નિજ કર્તા** = સર્જનહારનો પોતાનો, મૂળ સકર્તાનો, આદિ કર્તાનો **ઉમંગ** = ઉમળકો, આનંદ, ખુશી, ઈચ્છા.

### અનુવાદ

**આ કેતુમાં અલગ-અલગ રીતે અક્ષરોના હેતુને અવલોકન કરીને જણાવ્યા છે. કુવેરસ્વામી કહે છે કે હવે હું નિજ કર્તાના ઉમંગ અંગે જણાવું છું તે (આપ સૌ) શુદ્ધ મને સાંભળો.**

### ભાવાર્થ

આ ગ્રંથમાં કેતુ ત્રણમાં દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા પ્રણવ વૃક્ષની ઉત્પત્તિ અંગેનું અવલોકન કરીને અક્ષરોના અંતિમ ધ્યેયની સમજ વિવિધ રીતે દર્શાવવામાં આવી છે.

હવે પછીના કેતુમાં તેઓ સર્જનહારના સૃષ્ટિ રચવાના ઉમંગ અંગે જણાવે છે જે શુદ્ધ મન રાખીને સૌને સાંભળવાનો અનુરોધ કરે છે.

# કર્તા ઉમેદ દેખાવન
## કેતુ ૪

**પ્રથમ આદ્ય કૈવલ જીનું, ઉપજેહુ દ્વૈત ઉમેદ;**
**કીનેહુ સૃષ્ટ સકલ કુલ, કારણ સહિત કલેદ. ૧**

**શબ્દાર્થ**

**પ્રથમ** = પહેલાં, આરંભમાં **આદ્ય** = આદિ, અનાદિ **કૈવલ** = વળથી રહિત **જીનું** = જેમને **ઉપજેહુ** = ઉત્પન્ન કર્યા **દ્વૈત** = જુદા, અલગ, ભિન્ન **ઉમેદ** = ઈચ્છા, ઉમંગ, અભિલાષા **કીનેહુ** = કર્યા કર્યુ **સૃષ્ટ** = વિશ્વ, સૃષ્ટિ **સકલ કુલ** = સર્વસ્વ, તમામ, બધું જ **કારણ** = ઉત્પત્તિનું મૂળ, ઉપજાવનાર **સહિત** = સહિત સાથે, શુદ્ધ **કલેદ** = ઘાટ, શરીર.

**અનુવાદ**

**પ્રથમ આદિમાં જ્યારે કૈવલકર્તાને દ્વૈતરૂપ સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છા થઈ ત્યારે સર્વ રચનાના કારણ રૂપ કર્તાએ ઘાટો સહિત બધી જ રચના કરી.**

**ભાવાર્થ**

મહદ્ સજાણજાણ કૈવલકર્તાને સૌથી પ્રથમ (શરૂઆતમાં) ઉપજણ ઊપજી ત્યારે પોતાના શુદ્ધ સંકલ્પથી દ્વૈત રૂપ વિશ્વની રચના કરી છે. તે સર્જનહાર સર્વ ઘાટોની આદ્ય લઈ બ્રહ્માંડ સહિત બ્રહ્મભૂમિકામાં પોષણ પામેલ રચનાના કારણ રૂપે છે.

**જદીપ રચેહુ રુપ ગુણમયે, જડવત્ તદીપ સબીજ;**
**વિવિધી ભાત્ય તનુ સબ મીલી, ચોરાસી લક્ષ કીજ. ૨**

**શબ્દાર્થ**

**જદીપ** = જ્યારે **રચેહુ** = રચ્યું **રુપ** = આકૃતિ, દૃશ્ય, રૂપ **ગુણમયે** = પ્રાકૃતિક લક્ષણો (રજો-તમો-સતો ગુણ) મુજબ **જડવત્** = જડની જેમ, નિષ્તેજ **તદીપ** = ત્યારે **સબીજ** = બધા બીજગો, બીજગો સહિત **વિવિધી** = અલગ-અલગ, જુદા-જુદા **ભાત્ય** = પ્રકારના, રીતના **તનુ** = ઘાટ, શરીર **સબ** = બધા, તમામ, દરેક **મીલી** = મળીને **ચોરાસી લક્ષ** = ચોર્યાસી લાખ **કીજ** = કર્યા, બનાવ્યા.

### અનુવાદ

**જ્યારે રૂપ ગુણથી બનેલી સર્વ રચના કરી ત્યારે તેના બીજગ સહિત બધા જડવત્ રહ્યાં. એવા વિવિધ પ્રકારના મળીને કુલ ચોર્યાસી લાખ ઘાટો બનાવ્યા છે.**

### ભાવાર્થ

જ્યારે કૈવલકર્તાએ રૂપ અને ગુણોવાળી રચનાની શરૂઆતમાં તત્ત્વોની ઊલટ-સૂલટ મેળવણી કરીને બધા ઘાટોના બીજગો બનાવ્યા ત્યારે તે ઘાટો વૃદ્ધિ પામ્યા પરંતુ જડવત્ રહ્યા. જેમાં ઉદ્‌બીજ, ઈન્ડજ, સ્વેદજ અને જરાયુજ એમ ચોર્યાસી લાખ પ્રકારના સ્થાવર અને જંગમ ઘાટો ઉત્પન્ન કર્યા છે.

**જ્યૌ સ્થાવર બીજગ નિજ, ચૈતન પણ જડવંત;**
**તેસેહી જંગમ સબનકે, પ્રથમ કીયેહુ જડતંત. ૩**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેવી રીતે, જેમ **સ્થાવર** = અચલ, સ્થિર, ખસી ન શકે તેવા **બીજગ** = બીજગ, અંકુરિત થાય તેવુ બીજ, શુક્રાણુ **નિજ** = મૂળ, આદિ **ચૈતન** = ચૈતન **પણ** = પરંતુ **જડવંત** = જડની જેમ, જડવત્ **તેસેહી** = તેવી જ રીતે **જંગમ** = હાલતાં-ચાલતાં જીવ, ગતિશીલ **સબનકે** = બધાના, તમામના **પ્રથમ** = પહેલાં, પ્રારંભમાં, શરૂઆતમાં **કીયેહુ** = કર્યા **જડતંત** = જડ ઘાટ, જડ શરીર.

### અનુવાદ

**જેવી રીતે સ્થાવરના મૂળ બીજગ ચૈતન હોવા છતાં પણ જડ જેવા જ રહ્યા તેવી જ રીતે જંગમના તમામ ઘાટો પ્રથમથી જડ રચ્યા છે.**

### ભાવાર્થ

જેવી રીતે સ્થાવર જાતિના બીજગોમાં સમાયેલ હિરણ્યગર્ભિત ચૈતનતા થકી થયેલ તમામ પ્રકારની ઉત્પત્તિ વૃદ્ધિ પામીને ચેતન દશ્યમાન થાય છે પરંતુ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખસી શકતા ન હોવાથી જડ જેવા જ દેખાય છે. તેવી જ રીતે પ્રારંભમાં જંગમ જાતિના વિવિધતાભર્યા તમામ ઘાટો પ્રથમથી જ વૃદ્ધિ પામીને અટકી રહ્યા, જેથી તે બધા જ ઘાટો હલન-ચલન વગર જડવત્ રહ્યા.

**તેહી જડવત જંગમનકે, બીજગ બિંદુ જીનું આદ્ય;**
**પ્રણવ જાપ બિનુ સબ તનુ, સમદમ હુતે સમાધ. ૪**

### શબ્દાર્થ

**તેહી** = તે **જડવત** = જડ જેવા **જંગમનકે** = જંગમ જાતિના ઘાટોના **બીજગ** = બીજ, બીજગ રેત ભાગ **બિંદુ** = બૂંદ, સ્ત્રી શુક્રાણુ, ધાતુ શુક્ર **જીનું** = જેમનું જે **આદ્ય** = આદિ, અનાદિ **પ્રણવ** = શ્વાસોચ્છ્વાસ, રેચક-પ્રેરક થતો પવન **જાપ** = જપાતો જાપ **બિનુ** = વગર, સિવાય **સબ** = બધા જ, તમામ **તનુ** = ઘાટ, શરીર **સમદમ** = સપ્રમાણ ચાલતો શ્વાસ **હુતે** = હતો, રહેલો **સમાધ** = સમાધિવત્, ધ્યાતા અને ધ્યાનનો ખ્યાલ ગુપ્ત થઈ ધ્યાનનું સ્વરૂપ જ ચિત્તમાં રહે તેવું ઊંડું ધ્યાન.

### અનુવાદ

**તે જડવત્ જણાતા જંગમ ઘાટોના આદિમાં બૂંદ અને બીજગ રહેલા છે. એવા ઘાટ પ્રણવ જાપ વગર સમદમપણે સમાધિવત્ રહેલા છે.**

### ભાવાર્થ

પ્રારંભના જંગમ ઘાટોના મૂળમાં આદિ બૂંદ અને બીજગ રહેલાં સર્જનહાર દ્વારા ઉત્પન્ન કરેલા બૂંદ અને બીજગના ફલીકરણથી જંગમ જાતિના ઘાટોની વૃદ્ધિ થયેલી, પરંતુ પ્રારંભમાં તે ઘાટો વૃદ્ધિ પામીને જે તે સ્થિતિમાં યથાવત રહ્યા. કારણ કે, ઘાટોમાં સમદમ પ્રમાણે રહેલો શ્વાસોચ્છ્વાસ કરવાવાળો પ્રણવ સમાધિવત્ સ્થિર રહે છે. પ્રણવ ચલાયમાન ન થવાથી તે પ્રણવ જાપ ગતિ વિહીન અને કાર્યશીલતા વગરનો સ્થિર રહેલો હોવાથી વિકાસ પામીને તૈયાર થયેલા બધા જ જંગમ ઘાટો જડવત્ રહે છે.

**કુન તત્ત્વકે તેહી તનુ, પ્રણવ જાપ બિનું પંડ;**
**નિજકર્તા કત પ્રથમહી, સરજેહુ બીજ સખંડ. ૫**

### શબ્દાર્થ

**કુન** = ક્યા **તત્ત્વકે** = તત્ત્વોના **તેહી** = તે **તનુ** = શરીર, ઘાટ **પ્રણવ** = પ્રણવ, રેચક-પ્રેરક પવન **જાપ** = જાપ વારંવાર કાર્યાન્વિત રહેવું **બિનું** = વગર, સિવાય **પંડ** = શરીર, ઘાટ **નિજકર્તા** = આદિ રચનારા, મૂળ સર્જનહાર **કત** = રચના, ઉત્પત્તિ **પ્રથમહી** = શરૂઆતથી જ, પહેલેથી જ **સરજેહુ** = સર્જન કર્યું છે,

ઉત્પન્ન કર્યું છે **બીજ** = બીજગ **સખંડ** = વિભાગવાળું, સમૂહ, જથ્થો.

## અનુવાદ

**પ્રણવ જાપ સિવાયના ઘાટો માટે બીજગોના સમૂહની નિજકર્તાએ પ્રથમથી જ રચના કરી છે તો ક્યાં તત્ત્વો વડે તે ઘાટની રચના કરી હશે?**

## ભાવાર્થ

સર્જનહારે પ્રારંભમાં અવ્યક્ત તત્ત્વો બનાવ્યાં પછી શુદ્ધ પરિપક્વ તત્ત્વો થતાં તે તત્ત્વોની ઊલટ-સૂલટ મેળવણી દ્વારા વ્યક્ત તત્ત્વોનું નિર્માણ કર્યું. આ વધતા-ઓછા પ્રમાણમાં તત્ત્વોની મેળણી કરીને વિવિધતાવાળા ઘાટો માટેના તત્ત્વોના અર્ક રૂપ બીજગોના સમૂહની ઉત્પત્તિ કરી છે. આ બીજગોને કર્તાએ પાંચમી ચૈતનવૃત્તિ દ્વારા બીજગોની વૃદ્ધિ કરીને પ્રણવ જાપ સિવાયના ઘાટો તૈયાર કર્યા.

આ તમામ ઘાટોની રચનામાં મુખ્ય ક્યાં ક્યાં તત્ત્વો સમાયેલા છે તે અંગે હવે પછીની ચોપાઈમાં દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવે છે.

**પંચ તત્ત્વ ઓરુ ગુણ ઘણ, સહિત પ્રકૃતિ જીનું સાજ;**
**કીન સકલ તનુ બીજગ, આગમ નિજ મહારાજ. ૬**

### શબ્દાર્થ

**પંચ તત્ત્વ** = પાંચ મહાભૂત તત્ત્વો (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ) **ઓરુ** = અને **ગુણ** = (રજો, તમો અને સતો) ત્રણ ગુણ **ઘણ** = ત્રણ ઘણ (અચંત, સ્વકાશ અને અહંકાર) **સહિત** = સાથે, મળીને, ની આદ્ય લઈ **પ્રકૃતિ** = પ્રકૃતિ તત્ત્વ **જીનું** = જેનો **સાજ** = સરંજામ, જથ્થો, સમૂહ, સામગ્રી **કીન** = કર્યા **સકલ** = બધા, તમામ, સર્વ **તનુ** = ઘાટ, શરીર **બીજગ** = બીજગ **આગમ** = અગાઉથી, પહેલાથી પ્રારંભમાં **નિજ** = મૂળ, આદિ, પોતે **મહારાજ** = મહારાજાધિરાજ કૈવલકર્તા, સર્જનહાર, સમસ્ત બ્રહ્માંડમાં જેનું રાજ છે તેવા સ્વરાજ કર્તા.

## અનુવાદ

**આદિથી કૈવલકર્તાએ પોતે બધા જ ઘાટોના બીજગોને પંચતત્ત્વો, ગુણ, ઘણ અને પ્રકૃતિ સહિતના સાજ વડે તૈયાર કરેલા છે.**

### ભાવાર્થ

સમસ્ત બ્રહ્માંડમાં જેમનું રાજ ચાલે છે એવા સર્જનહારે બ્રહ્માંડની રચનાના પ્રારંભમાં જ વિવિધતાવાળા ઘાટો માટે બીજગોની રચના કરેલી છે. જેમાં પાંચ તત્ત્વો: પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ તથા ત્રણ ઘણ: અહંકાર, સ્વકાશ અને અચંત ઘણની આદ્ય લઈને પ્રકૃતિના તત્ત્વોની મેળવણી દ્વારા બધા જ ઘાટના બીજગોનું નિર્માણ કર્યું છે.

**પચ્ચીસ પ્રકૃતિ**

૩ ગુણ – રજો, તમો, સતો
૪ અવસ્થા – જાગ્રત, સ્વપ્ન, સષોપતિ અને તુર્યા
૪ અંતઃકરણ – મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર
૫ જ્ઞાનેન્દ્રિય – નાક, કાન, જીભ, નેત્ર, ત્વચા
૫ કર્મેન્દ્રિય – હાથ, પગ, મુખ, ઉપસ્થ, ગુદા
૪ – (નિરંજન, મહા, આનંદ, પ્રકૃતિ)

**ઓર સત્વા સમ ચૈતન, પ્રેરેહુ સબ તનુ માંહાંય;**
**બાઢેહુ જડ બીજગ જબી, માપક જીનું જેતનાંય. ૭**

#### શબ્દાર્થ

**ઓર** = અને **સત્વા** = સત્તા, અમલ **સમ ચૈતન** = પૂર્ણ ચૈતન નહીં તેવું વિશેષ, ચૈતનના અભાવથી રહેલી ચૈતનના **પ્રેરેહુ** = દાખલ કરી, પ્રેરવું ગતિ મૂકવી **સબ** = બધા જ, તમામ, સર્વ **તનુ** = ઘાટ, શરીર **માંહાંય** = માં, અંદર **બાઢેહુ** = વૃદ્ધિ પામ્યા **જડ** = નિશ્ચેત, સ્થૂળ ચૈતન નહીં તેવા **બીજગ** = બીજગ **જબી** = જ્યારે, ત્યારે **માપક** = માપ પ્રમાણે **જીનું** = જેનું **જેતનાંય** = જેટલું.

### અનુવાદ

**અને સર્વ ઘાટોના જડ બીજગોમાં સત્તા થકી સમ ચૈતન રૂપ હીર પ્રેરક કર્યું તેથી જડ બીજગોમાં જેનું પ્રમાણ પોખાયેલું હતું તે મુજબ વૃદ્ધિ પામ્યાં.**

### ભાવાર્થ

અગાઉ જે વિવિધતાવાળા ઘાટોના જડ બીજગો નિર્માણ કર્યા હતાં તેમાં સર્જનહારે

પોતાની પાંચમી સજીવનવૃત્તિના પ્રતાપે સમ ચૈતન વૃત્તિરૂપ વિત્ત પ્રેરક કર્યું. જેથી જડ બીજગો સમ ચૈતનતાના અમલથી જેમાં જેટલાં તત્ત્વો પોખ્યાં હતાં તે પ્રમાણે તેમાંથી અંકુરિત થઈને વદ્ધિ પામ્યાં.

**સ્થાવરકે સ્થાવર સમ, વડ બીજ શ્રીફળ આદ્ય;**
**જંગમકે જંગમ સમ, જીનું જ્યાંહી ત્યાંહી પરસ્વાધ્ય. ૮**

### શબ્દાર્થ

**સ્થાવરકે** = સ્થિર સ્થાવર જાતિના **સ્થાવર સમ** = સ્થિર પ્રમાણે **વડ** = વડનું ઘટાદાર વૃક્ષ **બીજ** = બીજગ **શ્રીફળ** = નાળિયેરનું ફળ, નાળિયેર **આદ્ય** = સહિત, ની આદ્ય લઈને, આદિ **જંગમકે** = જંગમ જાતિના **જંગમ સમ** = જંગમ સરખા, જેવાં **જીનું** = જેનું **જ્યાંહી** = જ્યાં, જેમ **ત્યાંહી** = ત્યાં, તેમ **પરસ્વાધ્ય** = પરતંત્ર, પારકાને આધીન.

### અનુવાદ

**સ્થાવર જાતિમાં વડ અને શ્રીફળની આદ્ય લઈને સર્વ બીજગોની વૃદ્ધિ સ્થાવર પ્રમાણે થાય છે અને જંગમ જાતિના જંગમ પ્રમાણે વૃદ્ધિ થાય છે. આમ બંને જેમ છે તેમ જ હોઈ પરાધીન છે.**

### ભાવાર્થ

સ્થાવર જાતિના બીજગોનું જામણ પૃથ્વી છે. એટલે સ્થાવર જાતિમાં નાનામાં નાનું દેખાતું વડનું અને મોટામાં મોટું દેખાતાં શ્રીફળનાં બીજની આદ્ય લઈ તમામ જડ બીજો પોતાની જાતે ઊગી શકતાં નથી, પરંતુ તેમને પૃથ્વીનો આધાર લેવો પડે છે. પૃથ્વીમાં રહેલા આવાં સ્થાવર જાતિના બીજગોને યોગ્ય પ્રમાણમાં પાણીનું પોષણ અને યોગ્ય વાતાવરણ મળતાં તે પૃથ્વીમાં અંકુરિત થઈને વૃદ્ધિ પામે છે.

જંગમ જાતિનાં બીજગોનો ચાર પ્રકારની ખાણની દૃષ્ટિએ ઉત્પત્તિનો આધાર રહેલો છે. તેમાં પણ જે તે પ્રકારનાં બીજગોને તે તે મુજબની ભૂમિકા મળતાં ફલીકરણની પદ્ધતિ મુજબ અંકુરિત થાય છે અને વૃદ્ધિ પામે છે, પરંતુ પોતે સ્વતંત્ર રીતે વૃદ્ધિ પામી શકતાં નથી.

**ચર બીજગ રસ બિંદુકે, સ્થાવર અંકુર બીજ;**
**પણ બિનું હલન ચલન જેહી, જડવત્ તંત સજીજ. ૯**

### શબ્દાર્થ

**ચર** = ચલાયમાન થતા, જંગમ જાતિના **બીજગ** = બીજગો **રસ બિંદુકે** = બૂંદ, પ્રવાહિત વીર્ય, ધાતુના **સ્થાવર** = સ્થાવર જાતિ **અંકુર** = અંકુરો **બીજ** = બીજગના **પણ** = પરંતુ **બિનું** = વગર, સિવાય **હલન ચલન** = હાલવું અને ચાલવું **જેહી** = જેઓ **જડવત્** = જડ જેવી **તંત** = ઘાટ, શરીર, તત્ત્વ **સજીજ** = સર્જન કર્યા છે.

### અનુવાદ

**જંગમ જાતિમાં બૂંદ-બીજગ છે અને સ્થાવર જાતિમાં બીજ રૂપ અંકુર બીજગમાં રહેલાં છે, પરંતુ તે સર્વ તત્ત્વો હલન-ચલન સિવાયનાં જડ જેવાં સજર્યા છે.**

### ભાવાર્થ

જંગમ જાતિમાં ચાર પ્રકારની ઉત્પત્તિ પૈકી જરાયુજ ખાણવાળા ઘાટોની ઉત્પત્તિ માતાના ગર્ભાશયમાં ગર્ભને વીંટળાઈને ઓરના પડદામાં થતી હોય છે. જેમાં બૂંદ-બીજગની યોગ્ય મેળવણીથી ફલીકરણની પદ્ધતિથી વૃદ્ધિ પામે છે.

સ્થાવર જાતિના બીજગોમાં બીજ રૂપ અંકુર રહેલું છે. પૃથ્વીમાં રહેલા તે બીજગોને યોગ્ય વાતાવરણ અને પાણીનો સંયોગ થતાં બીજ અંકુરિત થાય છે. આમ ઉપર પ્રમાણે ઉત્પત્તિના સંદર્ભમાં જોતાં સર્જનહાર દ્વારા સ્થાવર જાતિના ઘાટોના બીજગો અને જંગમ જાતિના બૂંદ બીજગમાં રહેલા તત્ત્વો વૃદ્ધિ પામે ખરાં પરંતુ હલન-ચલન વગરનાં જડ જેવાં સર્જન કરવામાં આવ્યાં છે.

**અરપેહુ નિજ કર્તા પુનિ, પ્રણવ દક્ષ તીનું મ્હાંય;**
**સહિર ભયે સબ તત્ત્વહી, પણ વિચરણ ગતિ ન્હાંય. ૧૦**

### શબ્દાર્થ

**અરપેહુ** = અર્પણ કરેલું છે **નિજ** = મૂળ, આદિ **કર્તા** = સર્જનહાર, રચયિતા **પુનિ** = ત્યાર પછી **પ્રણવ** = રેચક-પેરક પવન, **દક્ષ** = બળ, તાકાત, યુક્તિવાળુ, દક્ષત્વ **તીનું** = તેની **મ્હાંય** = અંદર, માં **સહિર** = વિત્તવાળા, શક્તિ, દૈવત, નૂર **ભયે** = થયાં **સબ** = બધા, તમામ **તત્ત્વહી** = તત્ત્વો **પણ** = પણ,

પરંતુ **વિચરણ** = હલન-ચલનની **ગતિ** = ચાલ, ગતિ **ન્હાંય** = નહીં, નથી.

## અનુવાદ

**ત્યાર પછી નિજ કર્તાએ પ્રણવની તાકાત અર્પણ કરી ત્યારે સર્વ તત્ત્વો વિત્તવાળાં થયાં, પરંતુ હલન-ચલનની ગતિ આવી નહીં.**

## ભાવાર્થ

નિજ કૈવલકર્તાએ સ્થાવર જાતિ અને જંગમ જાતિનાં બીજગો જડ તત્ત્વના મિશ્રણથી તૈયાર કર્યા. ત્યાર પછી તેમાં યુક્તિપૂર્વક પ્રણવની ગતિ અર્પણ કરી જેથી સર્વ તત્ત્વો વિત્તવાળા થયા, પરંતુ તે બીજગોમાં હલન-ચલન કરવાની ગતિ આવી શકી નહીં.

**લોહોકર ચરમ ધમાસકે, જ્યૌ શ્વાસા દમ થાય;**
**મ્હેં તે આપા પરનકી, કુછ નહીં ગમ તાય. ૧૧**

### શબ્દાર્થ

**લોહોકર** = લુહાર, લવાર **ચરમ** = ચામડાંની **ધમાસકે** = ધમણનું **જ્યૌ** = જેમ, જેવી રીતે **શ્વાસા** = રેચક પ્રેરક **દમ** = પવન **થાય** = થાય **મ્હેં તે** = જાતે, પોતે, મેળે **આપા** = પોતાની **પરનકી** = પુરવાની આદત, પ્રકૃતિ, અભ્યાસ, મહાવરો, સ્વભાવગત **કુછ નહીં** = કાંઈ નહીં **ગમ** = સમજ, જાણ **તાય** = તેને, તની.

## અનુવાદ

**લુહાર ચામડાંની ધમણમાં પવનને જેમ રેચક-પ્રેરક કરાવે છે, પરંતુ સ્વભાવગત પોતાની મેળે તેને (પવનને) આ ક્રિયા કરવાની જાણ હોતી નથી.**

## ભાવાર્થ

લોખંડના સાધનો ઘડવાનો ધંધો કરનાર લુહાર દ્વારા ચામડાંની ધમણમાં પવન દાખલ કરવાની અને ધમણમાંથી બહાર કાઢવાની પ્રક્રિયા થતી હોય છે, પરંતુ ધમણમાં રહેલા પવનને પોતાની મેળે ધમણની અંદર દાખલ થવાની કે બહાર નીકળવાની જાણ હોતી નથી.

## ત્યૌ બીજગ ચર અચરકે, હોય રહે પ્રણવ પુરીત;
## ધમણ શ્વાસવત્ સબ તનુ, સમજ નહીં સફુરીત. ૧૨

### શબ્દાર્થ

**ત્યૌ** = તેવી રીતે **બીજગ** = બીજગ **ચર** = સ્થાવર **અચરકે** = જંગમના **હોય રહે** = થઈ રહેલા **પ્રણવ** = પ્રેરક રેચક પ્રણવ **પુરીત** = પુરાયેલો **ધમણ** = ધમણ, પવન ફૂંકવા માટેનું ચામડાંનું સાધન **શ્વાસવત્** = રેચક-પ્રેરકની ગતિ માફક **સબ** = બધા જ, તમામ **તનુ** = ઘાટ, શરીર **સમજ** = જાણ, સમજણ, ગતિ **નહીં** = નહીં **સફુરીત** = સ્ફુરાયમાન, પ્રસાર, ફેલાવો, સ્ફૂર્તિ.

### અનુવાદ

**તેવી જ રીતે સ્થાવર અને જંગમના બીજગોથી થયેલા ઘાટોમાં ધમણના શ્વાસની માફક પ્રણવ પુરાઈ રહેલો છે, પરંતુ તેને સ્ફુરણ પામવાની સમજ હોતી નથી.**

### ભાવાર્થ

જેવી રીતે લુહારની ધમણમાં પુરાયેલો પવન જડવત્ હોય છે. તેવી જ રીતે સ્થાવર અને જંગમ જાતિના બીજગોમાંથી વૃદ્ધિ પામેલા દરેક ઘાટોમાં પ્રણવ યુક્તિપૂર્વક પુરાઈને રહેલો છે, પરંતુ ધમણના પવનની જેમ જ તે પણ જડવત્ રહેલો છે. અર્થાત્ તે પ્રણવ પોતાની જાતે સ્ફુરણા પામીને રેચક કે પ્રેરકની ગતિ કરી શકતો નથી કે તેને પોતાની કાર્ય શક્તિ અંગેની સમજ હોતી નથી.

## સકલ સોજ સંપુરણ, ભયે ભવ બીજગ સ્ત્રવાલ;
## એક માલિક બિનું શૂન્યવત્, કોઉ કીનું કરહી સંભાલ. ૧૩

### શબ્દાર્થ

**સકલ** = તમામ, બધી જ **સોજ** = સામગ્રી, સાજ, જ્ઞાન, જાણ **સંપુરણ** = સંપૂર્ણ, પુરેપુરી **ભયે** = થયા **ભવ** = જગત, વિશ્વના **બીજગ** = બીજગો **સ્ત્રવાલ** = સવાલ, પ્રશ્ન **એક** = એક (ફક્ત, કેવલ) **માલિક** = ધણી, ખાવિંદ, સ્વામી **બિનું** = વગર, સિવાય **શૂન્યવત્** = શૂન્યની પેઠે ચેતનતા વગરનું જેમનું તેમ, જડવત્ **કોઉ** = કોણ **કીનું** = કોની, કોનું, કોને **કરહી** = કરે, રાખે **સંભાલ** = સંભાળ, દેખભાળ, દેખરેખ.

## અનુવાદ

**જગતના બધા જ બીજગો સામગ્રીથી સંપૂર્ણ (પરિપૂર્ણ) થયાં, પરંતુ પ્રશ્ન એ થયો કે માલિક સિવાય બધા જ જડવત્ રહ્યા. જેથી કોણ કોની સંભાળ રાખે ?**

## ભાવાર્થ

વિશ્વની રચનાના પ્રારંભે સર્જનહાર દ્વારા વિવિધતાવાળા ઘાટો માટે તત્ત્વોની મેળવણી કરીને સંપૂર્ણ રીતે બીજગો તૈયાર કરવામાં આવ્યા. ત્યાર બાદ ચિત્ત રૂપ સમચૈતન્ય પ્રેરક થવાથી વૃદ્ધિ પણ પામ્યા. વૃદ્ધિ પામેલા ઘાટોમાં રેચક-પ્રેરકની ગતિ માટે જરૂરી પ્રણવ પણ દાખલ કરવામાં આવ્યો. તેમ છતાં બધા જ ઘાટો માલિકરૂપી ચૈતન અંશ વગરના હોવાથી હલન-ચલનની ક્રિયા વગર શૂન્યવત્ પડી રહ્યા.

આ પ્રમાણે તત્ત્વોના સમૂહથી તૈયાર થયેલ ઘાટોમાં તેનો માલિક ન હોવાથી તે જડવત્ રહ્યા કારણ કે, માલિક સિવાય તૈયાર થયેલા તમામ જડવત્ ઘાટોમાં કોણ કોની સંભાળ રાખે ?

## ડાલ પેઢ જડ પાત લ્યૌ, જ્યૌ હોયે વૃક્ષ અમૂલ;
## અનંગ અંશ આયે બિનું, લગત ન જ્યૌ ફલ ફૂલ. ૧૪

### શબ્દાર્થ

**ડાલ** = ડાળીઓ **પેઢ** = થડ **જડ** = સ્થિર, નિર્જીવ **પાત** = પાંદડાં, પાન **લ્યૌ** = સુધી, ની આદ્ય લઈને **જ્યૌ** = જેમ, જેવી રીતે **હોયે** = હોય **વૃક્ષ** = ઝાડ, તરુ **અમૂલ** = અમૂલ્ય, કિંમતી **અનંગ** = ઋતુકાળ, કામદેવ **અંશ** = અંશ **આયે** = આવ્યા **બિનું** = વગર, સિવાય **લગત ન** = લાગતા નથી, લાગે નહીં **જ્યૌ** = જેમ, તેને **ફલ** = ફળ **ફૂલ** = પુષ્પ, ફૂલ.

## અનુવાદ

**જેમ કોઈ વૃક્ષના અમૂલ્ય એવા થડ, ડાળીઓ અને પાનની આદ્ય લઈ સ્થિર રહે છે, પરંતુ જ્યાં સુધી અનંગના કારણ રૂપ રહેલા અંશની જાણ સિવાય તેને ફળ-ફૂલ લાગતા નથી.**

## ભાવાર્થ

ડાળ, થડ અને પાંદડાંની આદ્ય લઈને તમામ, સામગ્રી સાથેનું કોઈ વૃક્ષ સંપૂર્ણ

રીતે તૈયાર હોય, પરંતુ તે વૃક્ષમાં અનંગ કહેતાં ઋતુકાળના કારણ રૂપે રહેલા ચૈતન અંશની જાણ હોતી નથી. આ અંશની જાણ સિવાય તે વૃક્ષને ફૂલ ખીલતાં નથી કે ફળ પણ લાગતાં નથી જે કિંમતી હોય છે.

**ત્યૌ તનુ ખેત પ્રણવ વૃક્ષ, જીનકે અનંગ પહેચાણ્ય;**
**બીન પહેચાણ સષોપતિવત્, ઉચરત નહીં કછુ વાણ્ય. ૧૫**

### શબ્દાર્થ

**ત્યૌ** = તેવી જ રીતે **તનુ** = ઘાટ, શરીર **ખેત** = ક્ષેત્ર, ખેતર **પ્રણવ વૃક્ષ** = પ્રણવ રૂપ વૃક્ષ **જીનકે** = જેનો **અનંગ** = અનંગ, કામદેવ **પહેચાણ્ય** = પહેચાન, જાણ, ઓળખાણ **બીન** = વગર, સિવાય **પહેચાણ** = ઓળખાણ **સષોપતિવત્** = સષોપતિ અવસ્થા, સમાન **ઉચરત** = બોલે, વદે, ઉચ્ચાર કરે **નહીં** = નહીં **કછુ** = કાંઈ **વાણ્ય** = વાણી, વચન, બોલ.

### અનુવાદ

**તેવી જ રીતે શરીર રૂપ ખેતરમાં રહેલા વૃક્ષને અનંગ રૂપ અંશની જાણ રહેલી છે. તે જાણ સિવાય સષોપતિ અવસ્થાની માફક કોઈ પણ પ્રકારની વાણીનો ઉચ્ચાર થઈ શકતો નથી.**

### ભાવાર્થ

તેવી જ રીતે જગતના દરેકે દરેક ઘાટોને ખેતર રૂપે સમજવા અને તેમાં રેચક-પ્રેરકની ગતિ કરવાવાળો પ્રણવ રહેલો છે તેને વૃક્ષ સમજવું. આ પ્રણવવૃક્ષની ઉપર અનંગ રૂપ અંશની જાણ્ય હોવી જરૂરી છે. શરીરમાં હાજર રહેલા અંશની પ્રણવ ઉપર જો જાણ્ય ન હોય તો જેમ સષોપતિ અવસ્થામાં કોઈ પણ પ્રકારની વાણીનો ઉચ્ચાર થઈ શકતો નથી તેમ પ્રણવવૃક્ષ દ્વારા સંધ્યા-ગાયત્રી રૂપી ફળ કે બાવન અક્ષરો રૂપી ફૂલ ખીલતાં નથી.

**તેહી નિજ વાણ્ય પહેચાણ્ય હી, ક્તા અંશ જીનું ભાસ;**
**જબ તેહી અંશ આયે બિનુ, તબ તીનું નહીં પ્રકાશ. ૧૬**

### શબ્દાર્થ

**તેહી** = તે **નિજ** = મૂળ, સ્વયં, પોતે, આદિ **વાણ્ય** = વાણી **પહેચાણ્ય** = જાણ, ઓળખ, પહેચાન **હી** = છે **ક્રતા** = સર્જનહાર **અંશ** = (સજાણજાણ રૂપ) ચૈતન અંશ **જીનું** = જેનો, ની **ભાસ** = આભાસ, પ્રતિબિંબ **જબ** = જ્યારે, જો **તેહી** = તે **અંશ** = (કર્તાના સજાણજાણ રૂપ સજાતીય) ચૈતન અંશ **આયે** = આવ્યા **બિનુ** = વિના, સિવાય **તબ** = ત્યારે, તો **તીનું** = તેનો **નહીં** = નહીં **પ્રકાશ** = પ્રકાશવું, સક્રિય થવું.

### અનુવાદ

**જાણ થકી ઉચ્ચારાતી તે મૂળ વાણી કર્તાનાં અંશના આભાસની છે. જો તે અંશ આવે નહીં તો તેનો પ્રકાશ થઈ શકે નહીં.**

### ભાવાર્થ

પ્રણવ જડ છે તેથી તે આપોઆપ ગતિ કરી શકતો નથી, વળી તે ગતિ કરતા પ્રણવ ઉપર જો અંશની જાણ ન હોય તો તે (પ્રણવ) શબ્દોચાર પણ કરી શકતો નથી.

તત્ત્વોના સમૂહથી બનેલા ઘાટમાં જ્યાં સુધી નિજકર્તાનો અંશ આવતો નથી ત્યાં સુધી તેની ચેતનતા સિવાય શરીર ચૈતનવંતું થતું નથી અર્થાત્ હલન-ચલન કરી શકતું નથી. મતલબ કે શરીરની ચેતનતા માટે અંશની હાજરી આવશ્યક છે.

અંશના આભાસથી ચેતનવંત બનેલો પ્રણવ શરીરના અન્ય તત્ત્વોને ચેતનવંત કરે છે અને અન્યોન્ય તત્ત્વોને ગતિશીલતા બક્ષે છે. આ પ્રમાણે જોતાં શરીરમાં હાજર રહેલા અંશની જાણ જો પ્રણવ ઉપર હોય તો જ શરીરમાં બાવન પ્રકારના અક્ષરોનું ઉચ્ચારણ શક્ય બને છે.

**બિનું નિજ પરમ પ્રકાશહી, સકલ સાજ સમુદાય;**
**હાસ વિનોદ વિવરજીત, પુનિ દેખેહુ કરતાય. ૧૭**

### શબ્દાર્થ

**બિનું** = વગર, વિના, સિવાય **નિજ** = મૂળ, આદિ, સ્વયં **પરમ** = શ્રેષ્ઠ **પ્રકાશહી** = આભાસથી **સકલ** = બધા, તમામ, સર્વ **સાજ** = સામગ્રી, મિશ્રિત કરેલ તત્ત્વો, સરસામાન **સમુદાય** = જૂથ, સમૂહ **હાસ વિનોદ** = આનંદ-કિલ્લોલ, હાસ્ય વિનોદ **વિવરજીત** = વંચિત, રહિત, ઉપેક્ષિત, ત્યજાયેલું **પુનિ** = વળી, ત્યાર બાદ **દેખેહુ** = જોયો, નિહાળ્યો **કરતાય** = કર્તાએ, સર્જનહારે.

### અનુવાદ

**વળી સર્જનહારે નિજ અંશના આભાસ રહિત સામગ્રીના બધા જ સમુદાયને (ઘાટને) હાસ્ય-વિનોદ સિવાયના નિહાળ્યા.**

### ભાવાર્થ

પ્રણવની આદ્ય લઈને જડ તત્ત્વોના બંધારણથી બંધાયેલા અને સંપૂર્ણ વૃદ્ધિ પામેલા ઘાટને જ્યારે સકર્તા સર્જનહારે નિજ અંશના આભાસ વિનાનો નિહાળ્યો, ત્યારે તે ઘાટ કોઈ પણ પ્રકારની હાસ્ય-વિનોદની ચેષ્ટા કર્યા સિવાયનો નિર્જીવ-જડવત્ જોયો.

**સકલ કેતુ ચર અચરકે, મુરતીમાન તનુ બંધ;**
**જડાકાર જડવત્ સબે, રચેહુ મંદ કે મંદ. ૧૮**

#### શબ્દાર્થ

**સકલ** = બધા, તમામ, સર્વ **કેતુ** = અંગ, વિભાગ, ક્રત, રચના **ચર** = જંગમ, હલનચલન કરનારું, ફરનારું **અચરકે** = સ્થાવર, સ્થિર વનસ્પતિ **મુરતીમાન** = મૂર્તિ સમાન **તનુ** = શરીરના **બંધ** = બંધારણ **જડાકાર** = નિશ્ચેષ્ટ **જડવત્** = જડની જેમ **સબે** = બધા જ, તમામ **રચેહુ** = રચ્યા, રચેલા **મંદ કે મંદ** = જડના જડ, નિસ્તેજ, મંદ મંદ.

### અનુવાદ

**આ કેતુમાં સ્થાવર અને જંગમના બંધારણ પામેલા ઘાટો કે જે મૂર્તિમાન, જડાકાર-જડવત્ અને નિસ્તેજ રચેલા છે તે કહ્યા છે.**

### ભાવાર્થ

કેતુ નંબર ચાર (૪) માં સર્જનહારે દ્વૈત રૂપ જગત ઉત્પન્ન કરવા માટે તેમના કાર્ય રૂપે સ્થાવર અને જંગમના ઘાટોનું બંધારણ જણાવ્યું છે. તેમાં પ્રણવની આદ્ય લઈને જડ તત્ત્વોના બંધારણથી બંધાયેલા અને વૃદ્ધિ પામેલા ઘાટોની સ્થિતિ સમજાવવામાં આવી છે. આ તમામ ઘાટો વૃદ્ધિ પામીને મૂર્તિમાન સ્વરૂપે જડાકાર જડવત્ રીતે નિસ્તેજ દશામાં રહેલા છે.

**તબ કૈવલ ખુદ ખાવને, ધરી ઉર મહેર ધિરાજ;**
**અપનેહુ અંશ પ્રેરક કરી, સજીવ કીયેહુ સબ સાજ. ૧૯**

### શબ્દાર્થ

**તબ** = ત્યારે **કૈવલ** = વળથી રહિત **ખુદ** = મૂળ, આદિ, પોતે **ખાવને** = નિજપતિએ, ધણીએ, માલિકે **ધરી** = ધારણ કરી **ઉર** = પોતાનામાં હૃદયમાં **મહેર** = કરુણા, દયા, કૃપા **ધિરાજ** = કરૂણેશ **અપનેહુ** = પોતાના **અંશ** = (સજાણજાણ સ્વરૂપ) ચૈતન અંશ **પ્રેરક** = દાખલ, પ્રવેશ **કરી** = કરીને **સજીવ** = જીવંત, સચેતન **કીયેહુ** = કર્યા છે **સબ** = તમામ, બધા, સર્વ **સાજ** = સામગ્રી, રચના, સરસામાન, ઘાટના બંધારણના સર્વ તત્ત્વ સમૂહ.

### અનુવાદ

**ત્યારે કરુણેશ એવા ખુદ કૈવલ ધણીએ પોતાનામાં કરુણા ધારણ કરીને પોતાના જ અંશો પ્રેરક કર્યા અને સર્વ સાજ સજીવન કર્યો.**

### ભાવાર્થ

વૃદ્ધિ પામેલા ઘાટોની મૂર્તિમાન, જડાકાર-જડવત્ અને નિસ્તેજ દશા જોઈ ત્યારે કરુણાઓના ઈશ એવા ખુદ કૈવલ ધણીએ કરુણા ધારણ કરી. તેમણે પોતાની છઠ્ઠી અંશવૃત્તિ દ્વારા સજાતીય અને સજાણ-જાણ રૂપ સામાન્ય, વિશેષ અને પરમવિશેષ એમ ત્રણ પ્રકારના અંશો ઉત્પન્ન કર્યા. ત્યાર બાદ પ્રથમથી જડ તત્ત્વોના બંધારણથી વૃદ્ધિ પામીને તૈયાર થયેલા સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણદેહવાળા તમામ ઘાટોમાં અંશને પ્રવેશ કરાવ્યો. જેથી ઘાટોના બંધારણમાં રહેલા દરેક તત્ત્વોનો સમૂહ પ્રણવના માધ્યમથી ચેતન થયા. પરિણામે શરીરના તમામ અંગો અને ઉપાંગો સહિત સર્વ સાજ ચેતનવંત થયો.

### (દોહા)

**કતા ઉમંગ પંચીકરણ, કીયેહુ વિવિધી વિભાગ;**
**કહે કુવેર સબ અંશકે, સૂનહો સંત અનુરાગ. ૨૦**

### શબ્દાર્થ

**કતા** = રચનાર, નિજકર્તા, માલિક **ઉમંગ** = ઉત્સાહ, હોંશ, મોજ **પંચીકરણ** = પાંચના ગુણાંકમાં રહેલ તત્ત્વોની મેળવણી, મુખ્ય પાંચ તત્ત્વોના બંધારણ **કીયેહુ** = કર્યો છે **વિવિધી** = વિધ વિધ પ્રકારે, જુદી

જુદી રીતે **વિભાગ** = કાર્યક્ષેત્ર, પ્રકરણ, હિસ્સા, પેટા ભાગ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સબ** = હવે પછી **અંશકે** = કર્તાના સજાતીય સજાણજાણ અંશોનો **સૂનહો** = સાંભળો, શ્રવણ કરો **સંત** = સંત દશાવાળા **અનુરાગ** = પ્રેમ, આસક્તિ, લગની.

## અનુવાદ

**કેવલકર્તાના ઉમંગનું પંચીકરણ વિધ વિધ વિભાગોથી કર્યું. કુવેરસ્વામી કહે છે કે હવે અંશનું વર્ણન કરું છું તે હે સંતો ! અનુરાગપૂર્વક શ્રવણ કરો.**

## ભાવાર્થ

આ કેતુમાં નિજ કેવલકર્તાના ઉમંગનું પંચીકરણ જુદા-જુદા પ્રકારે અલગ-અલગ પેટા ભાગો દર્શાવીને સમજાવ્યું છે.

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે પછીના કેતુમાં સર્જનહારે પોતાના સજાતીય સજાણ-જાણ રૂપ ચૈતન અંશો ઉત્પન્ન કરીને ઘાટોમાં પ્રવેશ કરાવ્યો તે અંગેનું વર્ણન કરે છે. જે સર્વ સંત દશાના પુરુષોને અનુરાગ ધારણ કરીને શ્રવણ કરવા અનુરોધ કર્યો છે.

# અંશ પ્રેરક કરન પુષ્ટિ નામ વિભાગ
# કેતુ ૫

**ભયે સાજ શુદ્ધ ચૈતન, સકલ ચરલ ગતિ ચહાવ;**
**કરન લગે વિચરન વિધ, કર્તા અંશ જેહી ભાવ. ૧**

### શબ્દાર્થ

**ભયે** = થયો **સાજ** = સર્વ સામગ્રી, તત્ત્વોનો સમૂહ **શુદ્ધ** = પવિત્ર, નિર્મળ, **ચૈતન** = ચૈતન **સકલ** = સર્વ, તમામ, બધાં જ **ચરલ** = ચલાયમાન **ગતિ** = ગતિમાન, ગતિવાળો **ચહાવ** = ચાહના, ઈચ્છા **કરન લગે** = કરવા લાગ્યો **વિચરન** = ચલાયમાન **વિધ** = અલગ, જુદા, રીતે, પ્રમાણે, મુજબ **કર્તા** = કર્તા **અંશ** = સજાણજાણ સજાતિ ચૈતન અંશ **જેહી** = જેના, ના **ભાવ** = ભાવના, પ્રકૃતિ, સ્વભાવ, ઈરાદો-વૃત્તિ.

### અનુવાદ

**શુદ્ધ ચૈતનથી જ સર્વ સાજ ચલાયમાન થઈ, તેની ઈચ્છા મુજબની ગતિવાળો થયો અને આ રીતે કર્તાના અંશો ભાવ ધારણ કરીને અલગ-અલગ ઘાટોમાં વિચરણ કરવા લાગ્યા.**

### ભાવાર્થ

કૈવલકર્તાના સજાણજાણ સજાતીય ચૈતન અંશના અગાઉથી તત્ત્વોના બંધારણ વડે તૈયાર થયેલ ઘાટોમાં પ્રવેશ થતાં જ તેના સામાન્ય આભાસ થકી પ્રણવના માધ્યમથી ઘાટનો સર્વે સાજ ચૈતનવંત બનીને ચલાયમાન થઈ ઈચ્છા મુજબ હલન-ચલનની ગતિ કરવા લાગ્યો.

આ રીતે ઘાટોને અનુરૂપ થઈ કર્તાના અંશો શુદ્ધ ભાવ ધારણ કરીને અલગ-અલગ ઘાટોમાં વિચરણ કરવા લાગ્યા.

**જેહી ભાવ ખુદ અંશકે, તેહી નિજ પરમ અનંગ;**
**પ્રણવતરૂ તનુ વૃક્ષમેં, હોય રહે સમલ સલંગ. ૨**

### શબ્દાર્થ

**જેહી** = જે **ભાવ** = ભાવ, ઈચ્છા, ભાવના **ખુદ** = પોતાની **અંશકે** = અંશની **તેહી** = તે **નિજ** = મૂળ, આદિ **પરમ** = શ્રેષ્ઠ **અનંગ** = કામના, ઈચ્છા, મનોભાવ, **પ્રણવતરૂ** = પ્રણવ વૃક્ષ **તનુ** = ઘાટ **વૃક્ષમેં** = વૃક્ષમાં **હોય રહે** = થઈને રહ્યો **સમલ** = સમાઈને, એકરસ થઈને **સલંગ** = સળંગ, સૂત્રવત, અતૂટ.

### અનુવાદ

**અંશનો પોતાનો જે ભાવ છે તે જ મૂળ પરમ અનંગ છે જે ઘાટમાં પ્રણવતરુ વૃક્ષમાં સળંગ સમાઈને રહેલો છે.**

### ભાવાર્થ

અંશનો મૂળ સ્વભાવ પોતાના આભાસ થકી ચૈતનતા પ્રદાન કરવાનો છે અને ચૈતનતા પ્રદાન કરવી તે જ તેની મૂળ પરમ કામના છે. આથી જ્યારે તે ઘાટમાં પ્રવેશ કરે છે ત્યારે ઘાટમાં રહેલા પ્રણવવૃક્ષની સાથે પોતે પોતાની કામનારૂપ ચૈતનતાના આભાસે સળંગ સમાઈને સૂત્રવત રહે છે. એટલે કે, અંશ પોતાના આભાસ થકી પ્રથમ પ્રણવને સજીવન કરીને કાર્યશીલતા બક્ષે છે.

**જદીપ પ્રણવતરુ તત્ત્વહી, નીખ શીખ ભયે ઋતુ સાલ;**
**ઉમંગે અનંગ અમીત પુનિ, સફલીત પુષ્પ વિશાલ. ૩**

### શબ્દાર્થ

**જદીપ** = જ્યારે, તેથી તો, જેથી **પ્રણવતરુ** = પ્રણવવૃક્ષ **તત્ત્વહી** = તત્ત્વવાળું **નીખ શીખ** = પગના નખથી તે મસ્તકની ચોટલી સુધી, સમગ્ર ઘાટ **ભયે** = થયો, થયું **ઋતુ સાલ** = કામના મય **ઉમંગે** = ઉમંગથી **અનંગ** = કામના, ઈચ્છા, જાણ **અમીત** = અમીમય **પુનિ** = પછી, વળી **સફલીત** = સ્ફુરણા પામે, ફલિત થાય **પુષ્પ** = પુષ્પ, ફૂલ **વિશાલ** = મહાન, વિશાળ, ઘણાં.

### અનુવાદ

**જ્યારે પ્રણવતરુ નખથી શિખા સુધીના તત્ત્વોને કામનામય બનાવે છે ત્યાર પછી અંશની અમીમય જાણથી વિશાળ પ્રમાણમાં પુષ્પ સ્ફુરાયમાન થાય છે.**

### ભાવાર્થ

અંશના સામાન્ય આભાસથી ચેતનવંત થયેલું પ્રણવવૃક્ષ પોતાની ચૈતનતાને અન્ય તત્ત્વો સાથે ભેળવીને અન્યો અન્ય ઘાટના સર્વ તત્ત્વોને સચેતન કરે છે. આ રીતે પગના નખથી તે મસ્તકની શિખા સુધીનો સંપૂર્ણ ઘાટ સચેતન થાય છે. જ્યારે અંશની અમીમય જાણ પ્રણવવૃક્ષ ઉપર સતત સળંગ સૂત્રવત રહેતાં તે પ્રણવવૃક્ષના પુષ્પો વિશાળ પ્રમાણમાં સ્ફુરાયમાન થાય છે.

## તેહી પુષ્પ એહી અક્ષર, પ્રણવવૃક્ષ જીનું સોય;
## ફલ સંધ્યા ગાયંત્રી, સકલ જાપ શિર દોય. ૪

#### શબ્દાર્થ

**તેહી** = તે **પુષ્પ** = પુષ્પ, ફૂલ **એહી** = એ, તે **અક્ષર** = અક્ષર **પ્રણવવૃક્ષ** = પ્રણવવૃક્ષ **જીનું** = ના, જેનાં **સોય** = છે **ફલ** = ફળ **સંધ્યા ગાયંત્રી** = સંધ્યા અને ગાયત્રી **સકલ** = સર્વ, તમામ **જાપ** = વારંવાર ઉચ્ચારણ કરવું, આવર્તન, વારંવાર સ્મરણ **શિર** = મસ્તક રૂપ, શિખર, ટોચ **દોય** = બન્ને.

### અનુવાદ

**પ્રણવવૃક્ષના પુષ્પ રૂપે અક્ષરો નીકળ્યા તેના ફળરૂપે સંધ્યા અને ગાયત્રી છે. જે બન્ને દરેક જાપના શિખર રૂપે છે.**

### ભાવાર્થ

પ્રણવવૃક્ષના પુષ્પો રૂપે બાવન અક્ષરોનો સમાવેશ થયો છે અને તે પ્રણવવૃક્ષના ફળ સ્વરૂપે સંધ્યા-ગાયત્રીના જાપ થયેલા છે. આ બન્ને જાપ સર્વ જાપોના શિખર રૂપે છે.

## ઓરુ સ્થાવર તનુ સબનકે, બિનું રસના મુખ દ્વાર;
## અંશ વડે ફલ ફૂલીતવ, ભવીત ન અંક ઉચાર. ૫

#### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **સ્થાવર** = સ્થાવરજાતિ **તનુ** = ઘાટ **સબનકે** = દરેકના, સર્વના **બિનું** = વિના, સિવાય **રસના** = જીહ્વા **મુખ** = મુખ, મોં **દ્વાર** = અંદર-બહાર જવા આવવાનો માર્ગ **અંશ** = સજાણજાણ

ચૈતન અંશ **વડે** = વડે **ફલ** = ફળ **ફૂલીતવ** = ફૂલ ખીલે છે **ભવીત** = થાય **ન** = નહીં **અંક** = અક્ષરોના **ઉચાર** = ઉચ્ચાર, બોલવું, અવાજ, ઉદ્ગાર.

### અનુવાદ

**પરંતુ અંશની હયાતીને લીધે ફૂલ-ફળ આવે છે. સ્થાવર જાતિના સર્વ ઘાટો મુખ દ્વાર અને રસના સિવાયના હોવાથી અક્ષરોનો ઉચ્ચાર કરી શકતા નથી.**

### ભાવાર્થ

વળી સ્થાવર જાતિના તમામે તમામ એકવીસ લાખ (અઢાર ભાર) પ્રકારના ઘાટોને મુખ દ્વાર અને જીહ્વા ઇન્દ્રિય હોતી નથી. જેથી તે પ્રણવ દ્વારા ઉચ્ચાર કરી શકતા નથી, પરંતુ અંશની હયાતી ને લીધે તે જીવંત રહેવાથી બીજગમાં પોખ્યા પ્રમાણે વૃદ્ધિ પામીને ઋતુકાળે તેમાં ફૂલ પણ ખીલે છે અને ફળો લાગતાં હોય છે.

**તત્ત્વ ધનં જેહુ તીન ઘણ, અવન્ય સહિત અતિ ભાગ;**
**કીનેહુ નિજપતિ જીનું તન, તનું ઉચરન નહીં જાગ. ૬**

#### શબ્દાર્થ

**તત્ત્વ** = તત્ત્વ **ધનં જેહુ** = ધનંજય તત્ત્વ **તીન** = ત્રણ **ઘણ** = ઘણ તત્ત્વો **અવન્ય** = પૃથ્વી તત્ત્વ **સહિત** = સહિત, સાથોસાથ, જોડે, સંગે **અતિ** = વિશેષ, વધારે **ભાગ** = ભાગ, હિસ્સો **કીનેહુ** = કર્યા છે **નિજપતિ** = મૂળધણી, નિજકર્તા **જીનું** = જેમના, જેનાં **તન** = ઘાટ, શરીર **તનું** =તેઓ **ઉચરન** = ઉચ્ચાર કરવો, બોલવું **નહીં** = નહીં **જાગ** = જાગૃત અવસ્થા.

### અનુવાદ

**ધનંજય તત્ત્વકારણના ત્રણ ઘણ અને પૃથ્વીતત્ત્વ સહિત વિશેષ ભાગવાળા શરીર નિજપતિએ બનાવ્યા છે. તેને મુખ્ય જાગ્રત અવસ્થા નહીં હોવાથી તે વાણીનો ઉચ્ચાર કરતા નથી.**

### ભાવાર્થ

સર્જનહારે પ્રારંભમાં સ્થાવરજાતિના એકવીશ લાખ (અઢારભાર) પ્રકારના

અલગ-અલગ બીજગો બનાવ્યાં ત્યારે તેમાં પૃથ્વીતત્ત્વનો ૮ ભાગ અને બાકીના જળ, અગ્નિ, વાયુ અને આકાશના મળી કુલ ૨ ભાગ પોખ્યા છે તેમજ ધનંજય તત્ત્વકારણના અહંકાર ઘણ, સ્વકાશઘણ અને અચંતઘણના પણ વિશેષમાત્રામાં તત્ત્વોનો સમાવેશ કરેલો છે. વળી, સ્થાવર જાતિને મુખ્ય જાગ્રત અવસ્થા નહીં હોવાથી તે મન અંતઃકરણ દ્વારા પોતે ઉચ્ચાર કરી શકતાં નથી.

**તેહી સબ તનુ સ્થિર થાવર, જીનું જડ ભાગ વિશેષ;**
**ઓરુ રસના ઈન્દ્રિ બિનું, ક્યૌ હોય શબ્દ ઉદેશ. ૭**

### શબ્દાર્થ

**તેહી** = તે **સબ** = બધા, તમામ **તનુ** = ઘાટ, શરીર **સ્થિર** = સ્થિર રહેનાર **થાવર** = સ્થાવર જાતિ **જીનું** = જેનો **જડ** = જડપણું, જડતાવાળો **ભાગ** = ભાગ, હિસ્સો **વિશેષ** = અધિક **ઓરુ** = અને વળી **રસના** = જીહ્વા **ઈન્દ્રિ** = ઈન્દ્રિ **બિનું** = વિના, સિવાય, વગર **ક્યૌ** = કેવી રીતે **હોય** = હોય, થાય **શબ્દ** = શબ્દ **ઉદેશ** = ઉચ્ચારણ.

### અનુવાદ

**તે સર્વ સ્થિર રહેતા સ્થાવર જાતિના ઘાટોમાં જડતાપણાનો ભાગ વિશેષ રહેલો છે. વળી જીહ્વા ઈન્દ્રિ સિવાયના હોવાથી શબ્દનો ઉચ્ચાર કેવી રીતે કરે ?**

### ભાવાર્થ

તે તમામે તમામ સ્થિર રહેતા સ્થાવર જાતિના ઘાટોમાં જડતાપણાનો ભાગ વિશેષ પ્રમાણમાં રહેલો છે. જેથી તે હલન-ચલન કરી શકતા નથી વળી સ્થાવરજાતિના ઘાટોને જીહ્વા ઈન્દ્રિય ન હોવાને કારણે શબ્દનું ઉચ્ચારણ કરી શકતા નથી.

**પ્રકૃતિ તત્ત્વ મીલી તીન ગુન, અગન પવન ઓરુ શૂન્ય;**
**એ તેહી ભાગ અધિક જીનું, કરહી શબ્દ અતિ ધૂન્ય. ૮**

### શબ્દાર્થ

**પ્રકૃતિ તત્ત્વ** = પ્રકૃતિ તત્ત્વ **મીલી** = મળીને **તીન** = ત્રણ **ગુન** = ગુન, ગુણ (રજો-સતો-તમો) **અગન** = અગ્નિ તત્ત્વ **પવન** = પવન તત્ત્વ **ઓરુ** = અને **શૂન્ય** = આકાશ તત્ત્વ **એ તેહી** = એટલા, તેટલા

**ભાગ** = ભાગ, હિસ્સો **અધિક** = વિશેષ **જીનું** = જેમનામાં **કરહી** = કરી શકે, કરે **શબ્દ** = શબ્દ **અતિ** = ઘણું **ધૂન્ય** = ઉચ્ચાર, ગુંજારવ, અટક્યા વગર વાણીનો ઉચ્ચાર.

## અનુવાદ

**પ્રકૃતિ તત્ત્વ, ત્રણ ગુણ, અગ્નિ, પવન અને આકાશ એટલા તત્ત્વોના વિભાગ અધિક હોય તે અટક્યા વગર શબ્દનો ઉચ્ચાર કરી શકે છે.**

## ભાવાર્થ

પ્રકૃતિ તત્ત્વ કારણ, રજોગુણ, સતોગુણ, તમોગુણ, અગ્નિતત્ત્વ, પવનતત્ત્વ અને આકાશ તત્ત્વોના ભાગ વિશેષ પ્રમાણમાં જેના બીજગોમાં પોખેલા હોય તેવા તમામ ઘાટો અટક્યા સિવાય સારી રીતે શબ્દોનો ઉચ્ચાર કરી શકે છે.

**તેતેહી નિજ જંગમ તનુ, હલન ચલણ ઈતિહાસ;**
**બાવન અંક સહિત જેહી, કરત હી વાણી વિલાસ. ૯**

### શબ્દાર્થ

**તેતેહી** = તેટ તેટલા **નિજ** = મૂળ, આદિ **જંગમ** = જંગમજાતિ **તનુ** = ઘાટ **હલન ચલણ** = હાલવું-ચાલવું **ઈતિહાસ** = વિગતવાર વર્ણન, વખતના ક્રમ પ્રમાણે નોંધાયેલી હકીકત, ભૂતકાળનું વૃતાંત **બાવન** = અંકે બાવન **અંક** = અક્ષર **સહિત** = સાથે, સુદ્ધાં, જોડે **જેહી** = જેઓ, જે **કરત** = કરે **હી** = છે, જ **વાણી** = અવાજ, સ્વર, સૂર, વચન, વેણ **વિલાસ** = મજા, આનંદ, સુખભોગ, મોજશોખ માણવાએ, શૃંગાર ચેષ્ટા.

## અનુવાદ

**તેટ તેટલું નિજ જંગમ જાતિના ઘાટોના હલન-ચલન અંગેનું વિગતવાર વર્ણન છે. જે અંગેની વાણીનો વિલાસ બાવન અક્ષરથી કરેલો છે.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યું તે પ્રમાણે તેટ તેટલા નિજ જંગમજાતિના ઘાટો હલન-ચલન અંગેની જે પ્રમાણે ચેષ્ટા કરે છે તેનું જ વિગતવાર વૃતાંત કરવામાં આવ્યું છે આ પ્રમાણેના તત્ત્વોના બંધારણવાળા ઘાટોના હલન-ચલણની પ્રવૃત્તિનુ વર્ણન કુલ બાવન

અક્ષરોના વાણી-વિલાસથી જ કરેલુ છે.

**એહી બાવન અક્ષર જેહી, પ્રણવવૃક્ષ જીનું ફૂલ;**
**નિજપતિ પસરન સબ શિર, પૂજા ચઢન અમૂલ. ૧૦**

### શબ્દાર્થ

**એહી** = તે, એ **બાવન** = અંકે બાવન **અક્ષર** = અક્ષર **જેહી** = જે **પ્રણવવૃક્ષ** = પ્રણવરૂપી વૃક્ષ **જીનું** = નાં, જેનાં **ફૂલ** = ફૂલ, પુષ્પ **નિજપતિ** = આદી સર્જનહાર, નિજકર્તા **પસરન** = પસારો, રચના **સબ** = બધી જ, આદિ, તમામ **શિર** = મસ્તક, માથું **પૂજા** = પૂજા, તર્પણ, આદર સત્કાર, પૂંજવું તે, આરધવાતે આરાધના, **ચઢન** = ચઢાવવા **અમૂલ** = અમૂલ્ય, કિંમતી.

### અનુવાદ

**એ બાવન અક્ષરો જે પ્રણવવૃક્ષનાં ફૂલ છે. તે અક્ષર નિજ કૈવલપતિએ કરેલા પસારાના શિર ઉપર પૂજા કરવા ચઢાવેલા કિંમતી પુષ્પો છે.**

### ભાવાર્થ

પ્રણવવૃક્ષના પસારા પૈકીના પુષ્પો, કુલ મળીને બાવન છે. તે વર્ણમાળાના બાવન અક્ષરોને બાવન પુષ્પો ગણવામાં આવે છે. આવા બાવન અક્ષરો પૈકીના કોઈને કોઈ અક્ષર કે અક્ષરોના સમૂહ દ્વારા બનાવેલ શબ્દોનું આરોપણ નિજ કૈવલકર્તાની સમસ્ત રચનાના શિર ઉપર પૂજા કરવા માટે ચઢાવેલાં કિંમતી પુષ્પોની જેમ શોભી રહ્યાં છે.

**રચત બાગ નરપતિ જેહુ, કુસુમ તરુ અતિસાર;**
**આપ સહિત શિર સબનકે, ચઢન પુષ્પ પરિવાર. ૧૧**

### શબ્દાર્થ

**રચત** = બનાવે, રચના કરે **બાગ** = બાગ, બગીચા, ઉદ્યાન, ઉપવન, વાટિકા **નરપતિ** = રાજા, રાજ્યનો વડો **જેહુ**= જેમ, જેવી રીતે **કુસુમ** = ફૂલ, પુષ્પ **તરુ** = છોડ, ઝાડ **અતિસાર** = સારામાં સારાં, વિશેષ પ્રમાણમાં, ઘણાં સારાં **આપ** = પોતાના (રાજાના) **સહિત** = સાથ, સહિત, સુદ્ધાં **શિર** = મસ્તક માથું **સબનકે** = સર્વના, બધાના, તમામને **ચઢન** = ચઢાવવામાં આવે છે **પુષ્પ** = ફૂલ, કુસુમ **પરિવાર** = કુટુંબીજનો, કુટુંબ કબીલો, સ્વજનનો સમૂહ.

### અનુવાદ

**જેમ રાજા સારામાં સારા પુષ્પો ખીલે તેવા છોડવા રોપાવીને બગીચા બનાવે છે અને તે પુષ્પો રાજા સહિત સર્વ પરિવારના શિર ઉપર ચઢે છે.**

### ભાવાર્થ

જેમ કે કોઈ રાજયનો (વડો) રાજા પોતાની ઇચ્છા મુજબનાં સારામાં સારા પુષ્પો ખીલવે તેવા છોડવાઓને રોપાવીને માળી દ્વારા બગીચો બનાવે છે. તે બગીચામાં ખીલેલાં પુષ્પો તેમના સેવકો કે દાસ દાસીઓ દ્વારા રાજાના મસ્તક ઉપર કે તેમના પરિવારજનોને ચઢાવતા હોય છે.

**ત્યોં કૈવલપતિ સબનકે, અસંખ્ય લોક જીનું રાજ;**
**જીનકે બાગ સો વિધિ તનુ, સૃષ્ટ અગમ જેહી સાજ. ૧૨**

### શબ્દાર્થ

**ત્યોં** = તેમ, તેવી જ રીતે **કૈવલપતિ** = કૈવલકર્તા, કૈવલધણી **સબનકે** = દરેકના, સર્વના **અસંખ્ય** = અસંખ્ય **લોક** = લોક **જીનું** = જેમનું **રાજ** = રાજ, અમલ **જીનકે** = જેમના, તેમના **બાગ** = બગીચા, ઉદ્યાન **સો** = તો **વિધિ** = વિધ વિધ **તનુ** = ઘાટ, શરીર **સૃષ્ટ** = સૃષ્ટિ, જગત ઉત્પત્તિ, સર્જન **અગમ** = અગાઉથી, સુયોજીત, અગમચેતી **જેહી** = જેનો **સાજ** = ઉત્પત્તિ, ઉપયોગી સામાન, સામગ્રી.

### અનુવાદ

**તેવી જ રીતે સર્વના પતિ કૈવલકર્તા છે અને અસંખ્ય લોક ઉપર તેમનું જ રાજ છે. તેમની યોજના મુજબ બગીચારૂપ જે સર્વ રચના છે જેમાં વિવિધ પ્રકારના ઘાટોનો સમાવેશ થાય છે.**

### ભાવાર્થ

તેવી જ રીતે સમગ્ર બ્રહ્માંડમાં રહેલા અસંખ્ય લોક ઉપર સર્જનહાર કૈવલકર્તાનો જ અમલ વર્તાય છે અને તેથી જ તો તેમને 'સ્વરાજ' વિશેષણથી સંબોધવામાં આવે છે. એવા કૈવલકર્તાએ પોતે યોજના પૂર્વક (અગમ) વિચારીને જ તેમાં સમગ્ર રચના રૂપ બગીચાનું આયોજન વિવિધ પ્રકારના ઘાટો (કોઈની પણ મદદ લીધા સિવાય)

તેમણે પોતે જ ઉત્પન કરેલા છે.

**સોહી વિધિ તનુ બગીચા બીચ, પ્રણવ પુષ્પ તરુ બોય;**
**નિજપતિ પ્રથમ પદારથ, બાગ રચેહુ વિધિ સોય. ૧૩**

### શબ્દાર્થ

**સોહી** = તે **વિધિ** = વિધ વિધ **તનુ** = ઘાટ **બગીચા** = ઉદ્યાન, બાગ **બીચ** = મધ્યે, માં **પ્રણવ** = પ્રણવ, રેચક-પ્રેરકની ગતિ કરતો શ્વાસ **પુષ્પ** = ફૂલ **તરુ** = વૃક્ષ **બોય** = રોપ્યું, વાવ્યું, વાવણી કરવી **નિજપતિ** = સર્જનહાર, નિજકર્તા **પ્રથમ** = પ્રારંભમાં, પહેલાં, આદિમાં **પદારથ** = પદાર્થ, તત્ત્વ, સત્ત્વ, વસ્તુ, ચીજ, દ્રવ્ય **બાગ** = બગીચો, ઉદ્યાન **રચેહુ** = રચેલો છે **વિધિ** = વિધિપૂર્વક, રીતે, પ્રમાણે **સોય** = તે.

### અનુવાદ

**તે બગીચા રૂપ વિવિધ પ્રકારના ઘાટોમાં પ્રણવવૃક્ષ રોપવાથી પુષ્પો ખીલ્યાં છે આ રીતે આદિમાં નિજ કૈવલકર્તાએ વિધિપૂર્વક તત્ત્વોની રચના દ્વારા બાગની રચના કરી છે.**

### ભાવાર્થ

આ રીતે આદિમાં નિજપતિ કૈવલકર્તાએ વિધિપૂર્વક તત્ત્વોની ઉત્પત્તિ કરીને બ્રહ્મ ભૂમિકામાં વિવિધ ઇંડો અને અસંખ્ય લોક રૂપ બગીચાની રચના કરી તેમાં તરેહ તરેહના ઘાટોની ઉત્પત્તિ કરેલી છે.

જેમાં સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહ ધરાવતા અસંખ્ય ઘાટોમાં પ્રણવ વૃક્ષને વાવ્યું છે તેવા પ્રણવવૃક્ષની વૃદ્ધિ થતાં તેમાંથી અક્ષર રૂપ પુષ્પો ખીલેલાં છે.

**તેહી બાગ તરુ પુષ્પહી, જેહી નિજ અંક અનુપ;**
**નિજપતિ પ્રજા ચર અચરહી, ચઢેહુ સકલ શિર ઉપ. ૧૪**

### શબ્દાર્થ

**તેહી** = તે **બાગ** = બગીચા, ઉદ્યાન **તરુ** = વૃક્ષ, છોડ **પુષ્પહી** = પુષ્પ છે **જેહી** = જે **નિજ** = મૂળ, પોતે, આદિ **અંક** = અક્ષરો **અનુપ** = અનોપમ, સર્વોત્તમ, અજોડ **નિજપતિ** = નિજકર્તા, સર્જનહાર

**પ્રજા** = પ્રજા, ઉત્પત્તિ, સંતતિ, પરિવાર **ચર** = જંગમ જાતિ **અચરહી** = સ્થાવર જાતિ **ચઢેહુ** = ચઢે છે, આરોપણ થવું **સકલ** = સર્વના, તમામના **શિર ઉપ** = શિર ઉપર, મસ્તક ઉપર.

### અનુવાદ

**તે બાગમાં વૃક્ષ પર ખીલેલાં પુષ્પો રૂપ અનુપમ મૂળ અક્ષરો નિજપતિની પ્રજારૂપ સ્થાવર અને જંગમ સહિત તમામના શિર ઉપર ચઢેલાં છે.**

### ભાવાર્થ

તે કર્તાના બગીચામાં રહેલાં દરેક પ્રકારના ઘાટોમાં વૃદ્ધિ પામેલા પ્રણવવૃક્ષના પુષ્પ રૂપ અનોપમ મૂળ બાવન અક્ષરો છે. તે અક્ષરો પૈકી કોઈને કોઈ પુષ્પ રૂપી અક્ષરોના સમૂહ નિજ કૈવલકર્તાની પ્રજા રૂપ બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિના શિર ઉપર આરોપણ થયેલા છે.

**અક્ષરકી ઉતપન એહી, પ્રણવવૃક્ષ જીનું આદ્ય;**
**પણ આપે નહીં બીકસહી, ઉપજ અંશવૃત્તિ સ્વાધ. ૧૫**

### શબ્દાર્થ

**અક્ષરકી** = અક્ષરોની **ઉતપન** = ઉત્પત્તિ **એહી** = તે, એ, પ્રમાણે છે **પ્રણવવૃક્ષ** = પ્રણવવૃક્ષ **જીનું** = જેનું, ની **આદ્ય** = આદિ, સહિત, મૂળ **પણ** = પરંતુ **આપે** = પોતાની જાતે, પોતે **નહીં** = નહીં **બીકસહી** = વિકાસ થવું, વિકસે **ઉપજ** = ઉત્પત્તિ, પેદાશ **અંશવૃત્તિ** = અંશની જાણ **સ્વાધ** = સ્વાધીન, આધીન, કાબુમાં, વશમાં, સ્વહસ્તક, તાબામાં, અવલંબિત.

### અનુવાદ

**આદિ પ્રણવવૃક્ષમાંથી તે અક્ષરો ઉત્પન્ન થયેલાં છે, પરંતુ પોતાની મેળે વિકાસ પામતા નથી. કારણ કે, તે અંશની જાણને આધીન છે.**

### ભાવાર્થ

આદિ પ્રણવ વૃક્ષમાંથી પુષ્પો રૂપી બાવન અક્ષરોની ઉત્પત્તિ થાય છે, પરંતુ તે પ્રણવવૃક્ષ પોતાની મેળે વિકાસ પામીને કશું જ ઉત્પન્ન કરી શકતું

નથી, કારણ કે, પ્રણવ તો જડ છે, પરંતુ તે પ્રણવવૃક્ષ ઉર જયારે અંશની જાણ પડે છે. ત્યારે તે પ્રણવવૃક્ષ કાર્યાન્વિત થઈને તેમાં વૃદ્ધિ જણાય છે. એટલે કે, પુષ્પ રૂપ અક્ષરોની ઉત્પત્તિ પ્રણવ પોતાની જાતે કશું ન કરી શકવાથી અંશની જાણ ઉપર નિર્ભર છે.

**સોહી અંશ અવિગત અતિ, જીનકી સુરત સચંત;**
**પ્રણવ વૃક્ષ ઋતુ જગવત, ખીલત અંક વસંત. ૧૬**

### શબ્દાર્થ

**સોહી** = તે **અંશ** = સજાણજાણ સજાતીય ચૈતન અંશ **અવિગત** = સમજમાં ન આવે તેવો, અવ્યક્ત, અવિનાશી, નિત્ય **અતિ** = ઘણો, વિશેષ **જીનકી** = જેની, તેની **સુરત** = સુરતા, દિવ્ય દૃષ્ટિ **સચંત** = ચેતનાવંત, સચેતન, ચેતનયુક્ત, **પ્રણવ વૃક્ષ** = પ્રણવ રૂપ ઝાડ **ઋતુ** = ઋતુ (વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર), મોસમ **જગવત** = જાગ્રત કરે, જગાડે **ખીલત** = ખીલે છે **અંક** = અક્ષરો **વસંત** = વસંતઋતુ, પાનખર પછીની વૃક્ષોને નવપલ્લિવત કરનારી ઋતુ.

### અનુવાદ

**તે અંશ વિશેષ અવિગત છે અને તેની સુરતા અતિ સચેતન છે જેના થકી ઋતુ જાગ્રત થાય છે, જ્યારે પ્રણવવૃક્ષમાં વસંતઋતુ વર્તે ત્યારે અક્ષરો ખીલે છે.**

### ભાવાર્થ

તે સકર્તા સર્જનહારનો સજાણજાણ સજાતીય ચૈતન અંશ તો કળ્યામાં ન આવે તેવો નિત્ય છે અને તેની ચૈતનવૃત્તિ અતિ સચેતન છે. જેની જાણ જડ પ્રણવ વૃક્ષ ઉપર પડવાથી તે પ્રણવને ચૈતનતા બક્ષે છે. અંશની ચેતનતાથી જાગ્રત થયેલ પ્રણવને મોસમની અસર જણાય છે. જેમાં જ્યારે વસંતઋતુ વર્તમાન કરે ત્યારે તે પ્રણવવૃક્ષના અક્ષરો રૂપ પુષ્પો ખીલી ઊઠે છે.

**અંક ઉપજ તરુ પ્રણવકી, દેખહુ નિજગતિ સોય;**
**આદ્ય અંત મધ્ય કી ગમ, અગમ સુગમ કહી મોય. ૧૭**

### શબ્દાર્થ

**અંક** = અક્ષર **ઉપજ** = ઉત્પત્તિ, પેદાશ **તરુ** = વૃક્ષ **પ્રણવકી** = પ્રણવની **દેખહુ** = જોઈને, દેખીને **નિજગતિ** = મૂળ જ્ઞાન થકી, નિજજ્ઞાને **સોય** = તે **આદ્ય** = પ્રારંભ **અંત** = છેડો, છેવટ **મધ્ય** = વચ્ચે, પસારાનો ગાળો **કી** = ની **ગમ** = સમજ, જાણ્ય **અગમ** = અગમ્ય, સમજમાં ન આવે તેવું, અઘરું, કઠિન **સુગમ** = સરળ, સમજાય તેવું **કહી** = કહ્યું છે **મોય** = મેં.

### અનુવાદ

**આદ્ય, અંત અને મધ્યમાં પ્રણવ વૃક્ષની ઊપજ રૂપ અક્ષરોની મૂળ ગતિને જોઈ છે તેથી જે સમજમાં જલદી ન આવે તેવી ગતિને મેં સરળ કરીને કહી છે.**

### ભાવાર્થ

સૃષ્ટિના પ્રારંભથી તે મધ્યના પસારાની આદ્ય લઈને અંત સુધીના સમયગાળામાં પ્રણવવૃક્ષની ઉત્પત્તિ રૂપે જે બાવન મૂળ અક્ષરોની ગતિને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે નિહાળી છે. તેથી જ તેઓએ તે અંગેની જાણ જે જલદીથી સમજમાં આવે નહીં તેવી હોવા છતાં સર્વને સરળતાપૂર્વક સમજાય તે રીતે વર્ણવી છે.

**એસેહી પ્રણવ કારણ નિજ, જિનુ કૃત અંક આકાર;**
**સકલ પદારથકે પદ, લખી લખી કીયે સકાર. ૧૮**

### શબ્દાર્થ

**એસેહી** = એવી રીતે, એ પ્રમાણે **પ્રણવ** = પ્રણવ **કારણ** = કારણ રૂપે, મૂળ **નિજ** = પોતે **જિનુ** = જેનું **કૃત** = રચના, ઉત્પત્તિ **અંક** = અક્ષર **આકાર** = આકારવાળા **સકલ** = સર્વ, તમામ, બધા જ **પદારથકે** = પદાર્થ, ચીજ વસ્તુ **પદ** = પદ, સ્થાન, દરજ્જો **લખી લખી** = લખી લખીને **કીયે** = કર્યો છે **સકાર** = સાકાર, પ્રત્યક્ષ, પ્રસિદ્ધ.

### અનુવાદ

**એવા મૂળ કારણ રૂપ પ્રણવની રચના રૂપે આકારવાળા અક્ષરો થયેલા છે. જે પ્રત્યેક વસ્તુના પદ દર્શાવતાં હોઈ લખી લખીને પ્રસિદ્ધ કરેલાં છે.**

### ભાવાર્થ

અક્ષરોના મૂળ કારણ રૂપ જે પ્રણવ છે તેની ઉત્પત્તિ રૂપે આકારવાળા અક્ષરો થયેલા છે. જે અક્ષરો દ્વારા બ્રહ્માંડની પ્રત્યેક પદાર્થના પદોની લખી લખી પ્રત્યક્ષ સ્વરૂપે દર્શાવવામાં આવ્યાં છે.

**તેહી સકારનકે પદ, અટક રહેહુ સબ લોય;**
**નિજકર્તા ગતિ અકથહી, તાય લહત નહીં કોય. ૧૯**

### શબ્દાર્થ

**તેહી** = તે **સકારનકે** = સાકાર રૂપે દર્શાવેલાં, પ્રત્યક્ષ સ્વરૂપે દેખાતાં, પ્રસિદ્ધ **પદ** = પદો, સ્થાન, દરજ્જો પામેલાં **અટક** = અટકી **રહેહુ** = રહ્યા છે **સબ** = બધા, સર્વ, તમામ **લોય** = લોકો, કોઈ (સબલોય = સબકોઈ, સર્વ) **નિજકર્તા** = નિજ સર્જનહાર, આદિકર્તા, મૂળ સર્જક **ગતિ** = સમજ, જ્ઞાન **અકથહી** = અવર્ણનીય, અકથ **તાય** = તેટલા માટે, તેથી **લહત** = જાણતા **નહીં** = નથી **કોય** = કોઈપણ.

### અનુવાદ

**તેવા પ્રસિદ્ધ પદમાં સર્વ કોઈ અટકી રહેલા છે. જ્યારે નિજકર્તાની ગતિ અકથ છે તેટલા માટે તેમને કોઈ જાણતા નથી.**

### ભાવાર્થ

બ્રહ્મમાં સાકાર પામેલા અને જેને અક્ષરો દ્વારા લખી લખીને પ્રસિદ્ધિ પામેલા છે, તેવા પદોમાં સઘળો સંસાર અટકી રહેલો છે. એટલે કે, તેવા પ્રસિદ્ધ પામેલા પદોમાં સૃષ્ટિના સર્વ નરનારી એ પોતાની વૃત્તિને વિરામ પમાડી છે.

જ્યારે જગતના નિજ સર્જનહાર તો પ્રત્યક્ષ સ્વરૂપે દેખાય તેવા નથી એટલે તેમને વાણી દ્વારા વર્ણવી શકાય કે અક્ષરો દ્વારા લખી શકાય તેમ નથી. એટલા માટે જગતના સર્વ કોઈ સર્જનહારના પદને જાણતા નથી.

**નામ કારણ નિજ અક્ષર, અંકે નાંમ લખાય;**
**તેહી અંક કે કારણ, પ્રણવ જાપ જીનું તાય. ૨૦**

### શબ્દાર્થ

**નામ** = નામના **કારણ** = કારણ રૂપ **નિજ** = મૂળ, આદિ, પોતે **અક્ષર** = અક્ષર **અંકે** = અક્ષર થકી **નાંમ** = નામ **લખાય** = લખી શકાય **તેહી** = તે **અંક કે** = અક્ષરોના **કારણ** = કારણરૂપે **પ્રણવ જાપ** = પ્રણવ સ્વરૂપે જપાતા જાપ **જીનું** = તેનું, જેનું **તાય** = તે, છે.

### અનુવાદ

**નામના કારણ રૂપ મૂળ અક્ષર છે કારણ કે, અક્ષરથી જ નામ લખાય છે અને તે અક્ષરોના કારણ રૂપ પ્રણવ જાપ છે.**

### ભાવાર્થ

બ્રહ્મ ભૂમિકામાં પોષણ પામીને વૃદ્ધિ થયેલી દરેકે દરેક પદાર્થ, પદ કે ઘાટ સર્વ ઉપર નામનું આરોપણ થયેલું છે. તે નામનું બંધારણ અક્ષરો સિવાય શક્ય નથી, તેથી નામના મૂળ કારણ રૂપે અક્ષરો રહેલા છે.

આ અક્ષરો તો પ્રણવવૃક્ષનાં પુષ્પો સમાન ખીલેલાં છે. દરેકે દરેક ઘાટોમાં વારંવાર જપાતા શ્વાસના આધારે સચેતન પામેલા પ્રણવવૃક્ષ દ્વારા અક્ષરોની ઉત્પત્તિ થાય છે. તેથી તે અક્ષરોના કારણ રૂપે પ્રણવ જાપ છે.

## સોહી પ્રણવ ગતિ અજબહી, જાતે ચલીત સબ વેશ;
## કર્તા અંશ નિજ વૃત્તિ બિનું, ખીલત નાં અંક ફૂલેશ. ૨૧

### શબ્દાર્થ

**સોહી** = તે **પ્રણવ** = પ્રણવની **ગતિ** = સમજ, જ્ઞાન **અજબહી** = અદ્‌ભુત, આશ્ચર્યકારક, નવાઈ ઊપજે એવી **જાતે** = જેના થકી **ચલીત** = ચલાયમાન **સબ** = દરેક, સર્વ **વેશ** = ઘાટ, દેહ **કર્તા** = સર્જનહારના **અંશ** = સજાણજાણ સજાતિ ચૈતન અંશ **નિજ** = પોતે **વૃત્તિ** = જાણ **બિનું** = સિવાય, વગર, વિના **ખીલત** = ખીલે, વિકસે **નાં** = નહીં **અંક** = અક્ષર **ફૂલેશ** = સ્ફુરાયમાન, ફૂલો, પુષ્પ, કુસુમ, સુમન.

### અનુવાદ

**તે પ્રણવની ગતિ અજબ છે. જેનાથી સર્વ ઘાટો ચલાયમાન થાય છે, પરંતુ કેવલકર્તાના અંશની નિજ જાણ વગર અક્ષર રૂપ પુષ્પો ખીલતાં નથી.**

### ભાવાર્થ

નિજકર્તાના અંશના આભાસથી ચૈતન થયેલા પ્રણવની ગતિ નવાઈ ઊપજે એવી છે. કારણ કે, તેના માધ્યમ થકી આખાયે શરીરના સર્વ તત્ત્વો અન્યો અન્ય ક્રમશઃ ચેતનવંત થઈને સંપૂર્ણ ઘાટ ચલાયમાન થાય છે. તેમ છતાં ઘાટમાં અજપા જાપ તરીકે જપાતા એકલા પ્રણવથી અક્ષરો ઉત્પન્ન થતા નથી, પરંતુ જ્યારે નિજ અંશની જાણ પ્રણવ ઉપર સવાર થાય ત્યારે તેવા પ્રણવ દ્વારા અક્ષર રૂપી પુષ્પો સ્ફુરાયમાન થાય છે.

**જદીપ પ્રણવ તેહી જડવત્, વૃત્તિ અંશ બિનું વેગ;**
**ઝુઝત નહીં જ્યૌ રણ વિષે, સુરા હસ્ત બિનું તેગ. ૨૨**

### શબ્દાર્થ

**જદીપ** = જેથી, જેમકે **પ્રણવ** = પ્રણવ, રેચક-પ્રેરક ગતિ કરતો શ્વાસ **તેહી** = તે **જડવત્** = જડ દશામાં, જે તે સ્થિતિમાં **વૃત્તિ** = જાણ, આભાસ **અંશ** = સજાણજાણ સજાતિ ચૈતન અંશ **બિનું** = વગર **વેગ** = ગતિમાન, ચલાયમાન **ઝુઝત** = ઝઝુમે **નહીં** = નહીં **જ્યૌ** = જેમ **રણ** = રણ ભૂમિ **વિષે** = માં, વિશે **સુરા** = શૂરવીર **હસ્ત** = હાથ **બિનું** = સિવાય, વગર **તેગ** = તલવાર.

### અનુવાદ

**જેમ રણભૂમિમાં શૂરવીરના હાથ વગર તલવાર ઝઝૂમી શકતી નથી, તેમ અંશની જાણ સિવાયનો પ્રણવ વેગ વિનાનો જડવત્ છે.**

### ભાવાર્થ

જેમ રણભૂમિમાં કોઈ શૂરવીર પોતાના હાથમાં તલવાર હોય તો તે શત્રુઓ સામે ઝઝૂમીને લડી શકે છે, પરંતુ શુરવીરના હાથ વગર એકલી તલવાર કાંઈ કરી શકતી નથી.

તે જ ન્યાયે પ્રણવ જડ છે અને એકલો પ્રણવ શરીરમાં ચલાયમાન થઈ શકતો નથી, પરંતુ ચૈતન અંશના આભાસથી ચલાયમાન થાય છે. અંશની હાજરી વિના પ્રણવ જડવત્ સ્વરૂપે રહે છે તે પોતે સ્વતંત્ર રીતે કાર્યાન્વિત થઈ શકતો નથી.

**જબ તેહી વૃત્તિ નિજ કારણ, પ્રણવ જાપ શિર સોય;**
**તેહી કારણ બિનું નિરવીત, પ્રણવ સકલ સબ કોય. ૨૩**

### શબ્દાર્થ

**જબ** = જેથી **તેહી** = તે **વૃત્તિ** = વૃત્તિ, આભાસ **નિજ** = મૂળ, આદિ **કારણ** = કારણ, કાર્યની ઉત્પત્તિનું મૂળ બીજગ **પ્રણવ** = પ્રણવ **જાપ** = જાપ **શિર** = મસ્તક, માથુ, મહાન, શ્રેષ્ઠ **સોય** = તે, છે **તેહી** = તે **કારણ** = કારણ **બિનું** = વિના, સિવાય **નિરવીત** = વિત્ત વગરનો, સત્વ વગરનું **પ્રણવ** = પ્રણવ **સકલ** = દરેક, સર્વ, પરિપૂર્ણ, તમામ **સબ કોય** = સર્વકોઈ, બધા.

### અનુવાદ

**જેથી પ્રણવ જાપના શિર ઉપર તે વૃત્તિ નિજ કારણ રૂપે છે. તે કારણ વિના બધામાં રહેલો પરિપૂર્ણ પ્રાણાયામ નિરવીત્ત રહે છે.**

### ભાવાર્થ

પ્રણવ જડ હોવાના કારણે તે સ્વતંત્રપણે કોઈ ક્રિયા કરી શકે તેમ નથી. વળી અંશની હાજરીથી તે ક્રિયાશીલ રહે, પરંતુ જ્યાં સુધી ચૈતન અંશની જાણ તેમાં સવાર થતી નથી ત્યાં સુધી તે પ્રણવ કોઈપણ પ્રકારના શબ્દનું ઉચ્ચારણ કરી શકતો નથી. જેથી પ્રણવ જાપના શિર ઉપર સકર્તા-પતિના સજાણજાણ સજાતિ ચૈતન અંશની વૃત્તિ મૂળભૂત કારણ રૂપે રહેલી છે. અંશની કારણ રૂપે રહેલી વૃત્તિ (જાણ) સિવાય બધા જ ઘાટોમાં પરિપૂર્ણ રીતે રહેલો પ્રાણાયામ કોઈપણ પ્રકારની શબ્દ ઉચ્ચારની ક્રિયા વિનાનો વિત્ત સિવાયનો વહે છે.

**પરમતત્ત્વ જેહી પ્રણવકે, કર્તા અંશવૃત્તિ ઈશ;**
**વૃત્તિ વિલસન વિતપન કર, પ્રેરક અંશ સધીશ. ૨૪**

### શબ્દાર્થ

**પરમતત્ત્વ** = વિશેષ તત્ત્વ, અધિક શક્તિવાન તત્ત્વ **જેહી** = જે **પ્રણવકે** = પ્રણવથી **કર્તા** = કર્તાનો, સર્જનહારનો **અંશવૃત્તિ** = અંશવૃત્તિ, અંશની જાણ **ઈશ** = મહાન **વૃત્તિ** = વૃત્તિ, જાણ, આભાસ **વિલસન** = વિકાસ કરવું **વિતપન** = નાશ કરવું **કર** = કરીને **પ્રેરક** = દાખલ થઈ, **અંશ** = સજાણજાણ સજાતીય ચૈતન અંશ **સધીશ** = અધિપતિ, સત્તાધીશ.

## અનુવાદ

**પ્રણવથી જે અધિક શક્તિવાન તત્ત્વ મહાન કર્તાની અંશવૃત્તિના અંશ છે. તેવો સત્તાધિશ અંશ પોતાની વૃત્તિ પ્રેરક કરીને પ્રણવનો વિકાસ કરે છે અને નાશ પણ કરે છે. (પ્રણવને રેચક અને પ્રેરક કરે છે.)**

## ભાવાર્થ

જડ પ્રણવથી અધિક શક્તિવાન તત્ત્વ મહાન સકર્તા સર્જનહારની છઠ્ઠી અંશવૃત્તિના ચૈતન અંશ છે, કારણ કે, તેવા સત્તાધિશ અંશ જ્યારે પોતાની વૃત્તિ પ્રથમથી તૈયાર થયેલા ઘાટમાં હાજર થઈને પોતાના સામાન્ય આભાસ દ્વારા પ્રણવને ચેતન કરે છે. એટલે કે, અંશની પોતાની જે ચૈતન કરવાની અધિકતમ રહેલી ચૈતન શક્તિના પ્રભાવથી ઘાટમાં રહેલાં સમચૈતન હીર રૂપ પ્રણવને પૂર્ણપણે ચૈતનતા બક્ષે છે અને પ્રણવની રેચક અને પ્રેરક ગતિને ક્રિયાવંત કરે છે. વળી જ્યારે અંશ પોતાની વૃત્તિને પાછી વાળી ઉલટાવી દે છે ત્યારે પ્રણવની ગતિનો નાશ થાય છે.

**સોહી અંશ શિર કૈવલ, નિજપતિ પરમ પરાય;**
**જાહી પરન્તુ કોઈ નહીં, ખુદ છેવટ ઘર તાય. ૨૫**

### શબ્દાર્થ

**સોહી** = તે **અંશ** = સજાણજાણ સજાતીય ચૈતન અંશ **શિર** = મસ્તક, મહાન, શિરોમણી **કૈવલ** = કૈવલકર્તા **નિજપતિ** = નિજકર્તા **પરમ** = મહાન, અંતપદ **પરાય** = પરિપૂર્ણ, પરાયણ **જાહી** = જેમનાથી **પરન્તુ** = પરે, અંતના પરે **કોઈ નહીં** = કોઈ નથી **ખુદ** = પોતે **છેવટ** = છેવટનું અંતિમ **ઘર** = રહેઠાણ, નિવાસ, ધામ, મકાન **તાય** = તેનું (અંશનું)

## અનુવાદ

**તે અંશના શિર ઉપર કૈવલકર્તા છે. તે નિજપતિ પરમ પરાયણ છે અંતે જેમના પરે બીજું કોઈ નથી અને તે જ અંશનું છેવટનું ધામ છે.**

## ભાવાર્થ

કર્તાની છઠ્ઠી અંશવૃત્તિથી ઉત્પન્ન થયેલા ત્રણે પ્રકારના સામાન્ય, વિશેષ અને

પરમવિશેષ અંશોના શિર ઉપર મહાન કૈવલકર્તા છે. તે નિજપતિ પરિપૂર્ણ રીતે પૂર્ણ ચૈતન અને પરમપદના ધણી છે. તેમનું પદ અંશનું છેવટનું ધામ કોઈ તેમના પરે બીજું કોઈ પદ નથી.

**તેહી પરમ નિજ પુરુષકી, જીનું ગતિ અપરમ માહાજ;**
**ચૌદ તબક ચર અચર લ્યૌ, સબ સફુરીત જીનું સાજ. ૨૬**

**શબ્દાર્થ**

**તેહી** = તે **પરમ** = મહાન, અંતિમ **નિજ** = મૂળ, આદિ **પુરુષકી** = પુરુષની **જીનું** = જેમની **ગતિ** = શક્તિ, બળ, સમજ **અપરમ** = અપરંપાર, પાર ન પામી શકાય તેવી **માહાજ** = મહાન, શ્રેષ્ઠ, મહદ્ **ચૌદ તબક** = ચૌદ તબક **ચર** = જંગમ જાતિ **અચર** = સ્થાવર જાતિ **લ્યૌ** = સુધીના **સબ** = બધું જ, સર્વ **સફુરીત** = સ્ફુરાયમાન, ઉત્પત્તિ, વિકાસ પામેલું **જીનું** = જેમનો **સાજ** = રચના, સામગ્રી, ઉત્પત્તિ.

**અનુવાદ**

**તે નિજ પરમપુરુષની ગતિ અપરંપાર અને મહાન છે. સ્થાવર-જંગમની આદ્ય લઈ ચૌદ તબક સુધીની સર્વ ઉત્પત્તિ તેમણે જ સ્ફુરાયમાન કરેલી છે.**

**ભાવાર્થ**

તે નિજ પરમ કૈવલ પુરુષની ગતિનો કોઈ પાર પામી શકે તેમ નથી, તેવી અપરંપાર અને મહાન છે. વૈરાટમાં રહેલા ચૌદ લોકની આદ્ય લઈ પૃથ્વી પરના સ્થાવર જાતિના તમામ ઘાટો અને જંગમજાતિના તમામે તમામ ઘાટોની આદ્ય લઈ બ્રહ્માંડના અઠ્ઠાવીસ તબકો સહિતની સર્વ ઉત્પત્તિ તેમના જ દ્વારા સ્ફુરાયમાન થયેલી છે. અર્થાત્ સર્વ સાજને તેમણે જ સ્ફુરાયમાન ક્ર્યો છે.

**ઓરુ પુરુષ પ્રકૃતિ પુનિ, અવ્યાક્રત લ્યહુ બ્રહ્મ;**
**તેહી પણ સ્ફુરણતા તીનું, જીનતે સબ અનુક્રમ. ૨૭**

**શબ્દાર્થ**

**ઓરુ** = અને **પુરુષ** = નિરંજન પુરુષ **પ્રકૃતિ** = મહંમાયા, આદ્યશક્તિ **પુનિ** = વળી **અવ્યાક્રત** = આદ્યશક્તિ **લ્યહુ** = સુધી, ની આદ્ય લઈને **બ્રહ્મ** = બ્રહ્મ **તેહી** = તે **પણ** = પણ

**સ્ફુરણતા** = સ્ફુરણા પામેલ **તીનું** = તેમનાથી **જીનતે** = જેનો **સબ** = બધા, સર્વ **અનુક્રમ** = ક્રમાનુસાર, અનુક્રમે.

## અનુવાદ

**નિરંજનપુરુષ અને વળી પ્રકૃતિ રૂપ આદ્યશક્તિની આદ્ય લઈ બ્રહ્મ સુધી તેમની જ સ્ફુરણા છે. તે બધી જ ઉત્પત્તિ ક્રમાનુસાર થયેલી છે.**

## ભાવાર્થ

સર્જનહારે સૌ પ્રથમ બ્રહ્મનો પસારો કરીને તેમાં ક્રમાનુસાર સર્વ ઉત્પત્તિને સ્ફુરણ કરેલી છે જેમાં બ્રહ્મ સહિત નિરંજન પુરુષની આદ્ય લઈ પ્રકૃતિ રૂપ આદ્યશક્તિ અને બ્રહ્મનો સમાવેશ તેમની સ્ફુરણામાં આવી જાય છે.

**તેહી અનુક્રમ કારણ જીનું, કરત આરાધન જહાંન;**
**નિજ છેવટ સુધ સદનકી, કોહુકુ નહીં પહેચાંન. ૨૮**

### શબ્દાર્થ

**તેહી** = તે **અનુક્રમ** = ક્રમાનુસાર ઉત્પત્તિનું **કારણ** = કારણ, ઉત્પત્તિનું મૂળ **જીનું** = જેનું **કરત** = કરે છે **આરાધન** = આરાધના, ભજન **જહાંન** = વિશ્વ, જગત **નિજ** = આદિ, મૂળ **છેવટ** = છેવટનું, અંતિમ **સુધ** = પવિત્ર, નિર્મળ **સદનકી** = ધામની **કોહુકુ** = કોઈને પણ **નહીં** = નથી **પહેચાંન** = ઓળખ, જાણ, ખબર.

## અનુવાદ

**તે અનુક્રમનું કારણ જે છે તેનું વિશ્વ આરાધન કરે છે, પરંતુ આદિ અને અંતિમ નિર્મળ ધામને કોઈ પણ ઓળખી શક્યા નથી.**

## ભાવાર્થ

બ્રહ્માંડની ક્રમાનુસાર જે ઉત્પત્તિ જેમાં સ્ફુરણ પામી તેવા બ્રહ્મ-ભૂમિકા સહિત સ્ફુરણા પામેલ પદોને વિશ્વના બધા જ લોકો મૂળ કારણ રૂપે સમજીને તેની આરાધના કરે છે, પરંતુ બ્રહ્મ સહિત બધી જ ઉત્પત્તિ જે સ્ફુરણા પામી છે તેના બનાવનાર વળથી રહિત ખુદ માલિકના નિર્મળ ધામને જગતના કોઈ પણ વ્યક્તિ ઓળખતા નથી કે જાણતા નથી.

## બિનું ગતિ પૂરવે પહેચાનહી, નિજ કર્તા ઘર ઠેઠ;
## તબ લગી પુરુષ પ્રકૃતિ કૃત, પરેહુ સકલ તનું વેઠ. ૨૯

### શબ્દાર્થ

**બિનું** = સિવાય, વગર, વિના **ગતિ** = સમજ, જ્ઞાન, જાણ **પૂરવે** = પ્રથમની, આદિની, પ્રારંભ, પહેલાની, પ્રાચીન **પહેચાનહી** = પહેચાણ્યા, જાણ્યા, ઓળખ્યા **નિજ** = મૂળ, આદિ **કર્તા** = સર્જનહાર, માલિક, રચનાર **ઘર** = ધામ, સ્થાન, પદ **ઠેઠ** = છેવટનું, અંતિમ **તબ લગી** = ત્યાં સુધી **પુરુષ** = નિરંજન પુરુષ **પ્રકૃતિ** = મહામાયા, આદ્યશક્તિ **કૃત** = રચના **પરેહુ** = ધ્યાનમાં દેખાઈ, સમજાઈ **સકલ** = સર્વને **તનું** = તેમનું **વેઠ** = કાર્ય, સર્જનહાર દ્વારા સોંપેલ કાર્યને નિભાવનારા, માલિક દ્વારા સોંપેલ કાર્યને ફરજ બજાવવું કે બોજ વેઠવો.

### અનુવાદ

**જ્યાં સુધી આદિ નિજકર્તાના અંતિમ ધામ કે જે પ્રારંભના પહેલાનું છે તેની ઓળખ નથી, ત્યાં સુધી સર્વ પુરુષ અને પ્રકૃતિ રૂપ રચનાને જોઈને નાહકનો બોજ વેઠ્યા કરે છે.**

### ભાવાર્થ

આદિ નિજકર્તા અને તેમનું અંતિમ કૈવલધામ કે જે સૃષ્ટિના પ્રારંભ પહેલાનું અસ્તિત્વમાં હતું. જ્યાં સુધી તેવા પુરાણા કૈવલપતિને કે તેમના કૈવલધામને જાણતા નથી, ત્યાં સુધી જગતના જીવો સર્જનહારની રચના પૈકીના નિરંજન પુરુષ અને આદ્યશક્તિની માયાજાળમાં નાહકનો બોજ વેઠ્યા કરે છે.

## વહત વેઠવીત પરવશ, આપનું આપ ભૂલાન;
## લહત ન મરમ અહો મમ, કુન હે કવન ઠેકાન. ૩૦

### શબ્દાર્થ

**વહત** = વહ્યા કરે છે **વેઠવીત** = વેઠીયાની જેમ, નકામો બોજ વેઠીને **પરવશ** = પારકાને આધીન થઈ, પરાધીન બની **આપનું** = પોતાનું **આપ** = સ્વરૂપ **ભૂલાન** = ભૂલાઈ જઈને, ભૂલીને **લહત** = જણાતા **ન** = નથી **મરમ** = મર્મ, રહસ્ય **અહો** = અહો ! **મમ** = હું, મારું **કુન** = કોણ ? **હે** = છે **કવન** = ક્યાં, કયું **ઠેકાન** = ઠેકાણું, નિજ ઘર, આદિ મુકામ.

## અનુવાદ

**પોતાના સ્વ-સ્વરૂપને ભુલી હું કોણ છું ? અને મારું મૂળ વતન ક્યું છે ? તેના રહસ્યને ન જાણવાથી પરાધીન બની વેઠિયાની જેમ વહ્યા કરે છે.**

## ભાવાર્થ

પોતાના મૂળ વતન રૂપ કૈવલધામમાંથી શુદ્ધ નિર્મળ અંશ સ્વરૂપે છૂટા પડ્યે કરોડો કલ્પો વીતી ગયા છે. ત્યારથી તે અત્યાર સુધી સામાન્ય અંશો ક્રમાનુસાર કે કર્માનુસાર ચોર્યાસી લાખ પ્રકારના સ્થાવર-જંગમ ઘાટોમાં રખડતો રહ્યો છે. જેથી અંશ તે પોતાનું શુદ્ધ ચૈતન સ્વરૂપને ભૂલીને દેહમાં રખડતો ફરતો હોય પોતાની જાતને દેહમય માની બેઠો છે.

પોતાના શુદ્ધ ચૈતન સ્વ-સ્વરૂપને ભૂલીને હું કોણ છું ? અને મારું મૂળ રહેઠાણ ક્યું છે ? એ રહસ્યને તે જાણી શક્યો નહીં. તેથી દેહના આવરણોને આધીન બની કર્મોનો બોજ સહન કરતો જાય છે અને સંસારના જન્મ-મરણના ક્રમમાં વહ્યા કરે છે.

**એહી પરકાર સકલ કુલ, કરહી ક્રત અવિલાન;**
**અટક રહે ઈતકે ઈત, નિજપતિ પરમ ન જાન. ૩૧**

### શબ્દાર્થ

**એહી** = એ, તે **પરકાર** = પ્રકારે **સકલ કુલ** = સર્વ, બધા જ, સમસ્ત **કરહી** = કરે છે **ક્રત** = રચના, ઉત્પત્તિ **અવિલાન** = અવલોકન **અટક રહે** = અટકી રહ્યા **ઈતકે ઈત** = અહીંના અહીંજ **નિજપતિ** = સર્જનહાર, નિજકર્તા, મૂળ માલિક **પરમ** = શ્રેષ્ઠ, અંતિમ, મહાન **ન** = નહીં **જાન** = જાણ્યું, જાણ્યા.

## અનુવાદ

**એ પ્રકારે સર્વ કોઈ રચનાનું જ અવિલાન કરીને અહીંના અહીં જ અટકી રહ્યા છે, તેથી નિજપતિને જાણી શક્યા નથી.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ જગતના સર્વ જીવો પોતાના સ્વ-સ્વરૂપના જ્ઞાનના

અભાવે સર્જનહારની રચના પૈકીના નાશવંત પદોમાં વૃત્તિ વિરામ પમાડી અહીં જ અટકી રહ્યા છે. એટલે કે, બ્રહ્માંડમાં વૃદ્ધિ પામેલા પ્રસિદ્ધ નાશવંત પદોની ભક્તિના પ્રતાપે ચાર પ્રકારની ખંડિત મુક્તિ મેળવીને સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહોમાં જન્મ-મરણના ક્રમ ભોગવીને ભટક્યા કરે છે.

પોતાના શુદ્ધ ચૈતન અંશ સ્વરૂપને ન જાણવાથી અંશ જેની સજાતિનો છે એવા સર્જનહાર કૈવલકર્તાને જાણી શક્યો નથી.

**કેતેક અટકેહુ નામહી, નામ લીયે ભવપાર;**
**કેતેક અટકેહુ અક્ષર, તજી તન ખર વિસ્તાર. ૩૨**

**શબ્દાર્થ**

**કેતેક** = કેટલાક **અટકેહુ** = અટક્યા છે **નામહી** = નામમાં **નામ લીયે** = નામ લેવાથી **ભવપાર** = મોક્ષ **કેતેક** = કેટલાક **અટકેહુ** = અટક્યા છે **અક્ષર** = જે ક્ષર (નાશ) નથી થતું તેવું, અવિનાશી, શાશ્વત **તજી** = ત્યજીને, છોડીને **તન** = શરીર **ખર** = નાશવંત, નાશ થાય તેવું **વિસ્તાર** = પ્રદેશ, ફેલાવો, ચૌદલોક, ઉત્પત્તિ, રચના.

**અનુવાદ**

**કેટલાક નામ લેવાથી મોક્ષ મળશે તેમ માનીને નામમાં અટક્યા છે અને કેટલાક શરીરનો નાશવંત વિસ્તાર ત્યજીને શાશ્વતમાં અટક્યા છે.**

**ભાવાર્થ**

વિશ્વમાં કેટલાક મુમુક્ષુઓ નામ રટણ કરવાથી મોક્ષની પ્રાપ્તિ થશે તેવી માન્યતા દૃઢ કરીને સતત નામનું જ રટણ કરે છે અને નામમાં જ અટકી રહ્યા છે. જ્યારે કેટલાક શરીરના બધા તત્ત્વો નાશવંત છે અને એક દિવસ તેનો નાશ થવાનો છે તેમ માનીને જેનો નાશ નથી તેવા શાશ્વત પદમાં અટક્યા છે.

**કેતેક અટકેહુ પ્રણવહી, જપત અજંપા જાપ;**
**કેતેક જ્યોત નિરંજન, કરત સમાધ અલાપ. ૩૩**

### શબ્દાર્થ

**કેતેક** = કેટલાક **અટકેહુ** = અટક્યા છે **પ્રણવહી** = પ્રણવમાં, પ્રાણાયામની સાધનામાં **જપત** = જપે છે **અજંપા** = અજપા જાપ, આપમેળે જપાતા શ્વાસ, અવિરતપણે મંત્ર અથવા જપનું આવર્તન કરવું કે જપવું તે **જાપ** = ઈષ્ટના નામ, મંત્રોચ્ચાર કરવા, વારંવાર સ્મરણ અને ઉચ્ચાર **કેતેક** = કેટલાક **જ્યોત નિરંજન** = જ્યોતિ સ્વરૂપ નિરંજનમાં **કરત** = કરીને **સમાધ** = સમાધિ, ચિત્તનું એકાગ્રપણું, ચિત્તવૃત્તિનો નિરોધ **અલાપ** = સ્તુતિ, વખાણ, મગ્ન, ધ્યાતા અને ધ્યાનનો ખ્યાલ લુપ્ત કરીને.

### અનુવાદ

**કેટલાક અજપા જાપના જાપ કરીને પ્રણવમાં અટક્યા છે અને કેટલાક જ્યોતિ સ્વરૂપ નિરંજનમાં ધ્યાતા અને ધ્યાનનો ખ્યાલ લુપ્ત કરીને સમાધિમાં અટક્યા છે.**

### ભાવાર્થ

વિશ્વમાં કેટલાંક યોગીઓ પ્રણવની સાધના દ્વારા અજપા જપાતા જાપ દ્વારા ખટચક્રો ઉપર કાબુ મેળવી કઠીન તપશ્ચર્યા કરીને પ્રણવની સાધનામાં જ અટક્યા છે અને કેટલાંક સિદ્ધ પુરુષો બ્રહ્મરંદ્રમાં વૃત્તિને સ્થિર કરી જ્યોતિ નિરંજનના સ્વરૂપમાં ધ્યાતા અને ધ્યાનનો ખ્યાલ લુપ્ત કરીને સમાધિવત્ સ્થિતિમાં મગ્ન બન્યા છે.

## કેતેક ઋષિમુનિ જતમત, સમદમ સહેજ સ્વભાવ;
## સંધ્યા ગાયત્રી પદે, નિજ મન કીયે અટકાવ. ૩૪

### શબ્દાર્થ

**કેતેક** = કેટલાંક **ઋષિમુનિ** = ઋષિમુનિઓ **જતમત** = ભૌતિક આશા આકાંક્ષા રહિત, ગમે તેવી મુશ્કેલી વેઠીને, મહા મુસીબતે **સમદમ** = દમને સમકરી **સહેજ** = સહજ, સ્વાભાવિક **સ્વભાવ** = મનોવૃત્તિ, પ્રાકૃતિકલક્ષણ, જન્માદીકસ્વભાવ **સંધ્યા ગાયત્રી** = સંધ્યા અને ગાયત્રી **પદે** = પદોમાં, મંત્રોમાં **નિજ** = પોતાના **મન** = મન અંતઃકરણને **કીયે** = કર્યું છે, કરીને **અટકાવ** = અટકાવી, થંભાવી, સ્થિર કરી.

### અનુવાદ

**કેટલાક ઋષિમુનિઓ પ્રણવ સમદમ કરી સહેજ સ્વભાવે જતમતપણે રહે છે અને પોતાના મનને સંધ્યા ગાયત્રીના પદમાં અટકાવી રાખે છે.**

### ભાવાર્થ

વેદના મંત્રોનો પ્રકાશ કરનાર મંત્રદૃષ્ટા ઋષિમુનિઓ શરીરની ઇન્દ્રિયો અને મન ઉપર દમન કરીને પ્રણવને સમદમપણે રાખી સહેજ સ્વભાવે જતમતપણે જીવન જીવતા હોય છે. તેઓ પોતાના મન અંતઃકરણની એકાગ્રતાથી સંધ્યા અને ગાયત્રી પદની સ્તુતિ કરે છે અને ત્રણેયકાળની સંધિના સમયે વિશેષ ધ્યાનસ્થ દશામાં મનને જોડી રાખીને તે પદમાં જ ચિત્તને અટકાવી રાખે છે.

**કેતેક ચીનત બ્રહ્મકુ, નિરાલંબ નિરલેપ;**
**ગુણાતીત નિરગુણ પદે, કરતહી ચંત અલેપ. ૩૫**

### શબ્દાર્થ

**કેતેક** = કેટલાક **ચીનત** = ઓળખીને, જાણીને **બ્રહ્મકુ** = બ્રહ્મને, બ્રહ્માંડમાં વ્યાપક સર્જનહારનો બ્રહ્મપ્રકાશ **નિરાલંબ** = કોઈ પણ પ્રકારના આલંબન રહિત, નિરાધાર, એકલવાયું **નિરલેપ** = જેને કોઈ પ્રકારનો લેપ (આવરણ) લાગતું નથી તેવું, અનાસક્ત, નિર્મલ **ગુણાતીત** = ગુણોથી તીત (રજો-સતો-તમોથી પર) **નિરગુણ** = નિર્ગુણ, ગુણધર્મ વિનાનું **પદે** = પદમાં, સ્થાનમાં **કરતહી** = કરે છે **ચંત** = ચિંતવન **અલેપ** = લોપાયમાન થયા સિવાય, અલિપ્ત રીતે, બંધનોથી રહિત, અનાશક્ત, નિર્લેપ.

### અનુવાદ

**કેટલાંક ચિત્તને અન્યમાં લેપાયમાન કર્યા સિવાય નિરાલંબ, નિર્લેપ અને ગુણથી રહિત નિર્ગુણ બ્રહ્મપદને ઓળખી તેનું જ ચિંતવન કરે છે.**

### ભાવાર્થ

વિશ્વમાં કેટલાંક બ્રહ્મને જાણનારા બ્રહ્મદર્ષિ, બ્રહ્મવેત્તા અને બ્રહ્મજ્ઞાની પુરુષો પોતાના ચિત્તને બ્રહ્મપદ સિવાય અન્ય પદોમાં લોપાયમાન કરતા નથી. તેઓ માત્ર આલંબન રહિત, નિર્લેપ અને ત્રણ ગુણોથી રહિત એવા નિર્ગુણ બ્રહ્મપદમાં પોતાની ચિત્ત વૃત્તિને એકાગ્ર કરી રાખે છે.

**કેતેક વેદ વચન ચીદ, નિગમ શાખ વિસવાસ;**
**વૌં જ્યાંહી ત્યાંહી સબ ફસ રહે, નિજ કર્તા ક્રત પાસ. ૩૬**

### શબ્દાર્થ

**કેતેક** = કેટલાક **વેદ** = બ્રહ્માજી રચિત ચાર વેદ (ઋગ્વેદ, યર્જુવેદ, અથર્વવેદ, સામવેદ) **વચન** = વચન, વાણી, શ્લોક, શ્રુતિ **ચીદ** = જ્ઞાન, સમજ, ચિદ્ **નિગમ** = વેદ, નિગમ **શાખ** = શાખા **વિસવાસ** = વિશ્વાસ, ભરોસો **વૌં** = આ રીતે, આ પ્રમાણે **જ્યાંહી ત્યાંહી** = જ્યાં ત્યાં **સબ** = સર્વ, બધા જીવો **ફસ** = ફસાઈ, અટકી **રહે** = રહ્યા **નિજ** = મૂળ, આદિ **કર્તા** = સર્જનહાર, રચનાર **કૃત** = ઉત્પત્તિ **પાસ** = બંધનમાં, જાળ, ફાંસલો.

### અનુવાદ

**કેટલાક વેદોના વચનોમાં સમજ કેળવીને વેદની શાખામાં વિશ્વાસ ધારણ કરે છે. આ રીતે નિજકર્તાની રચના રૂપ બંધનોમાં સર્વ જ્યાં ત્યાં ફસાઈ રહ્યા છે.**

### ભાવાર્થ

કેટલાક વેદજ્ઞાતાઓ વેદના વચનોમાં પૂર્ણ સમજ કેળવીને તેમજ વેદની શાખા રૂપ છ દર્શનઃ સાંખ્ય, વેદાંત, મિમાંસા, પાતાંજલી, ન્યાય અને વૈશેષિકમાં વિશ્વાસ ધારણ કરીને અટકી રહ્યા છે.

આમ, અગાઉ જોયું તે મુજબ વિશ્વના સર્વ ધર્મપરાયણ જીવાત્માઓ પોતાને જ્યાં વિશ્વાસ સંપાદિત થયો ત્યાં પોતાની વૃત્તિને અટકાવીને કૈવલકર્તાની રચના પૈકીના કોઈને કોઈ પદોમાં ફસાઇ રહ્યા છે.

## તેહી કૃત પાસ ભ્રમી ઈત, ચૈતન સહિત સકંચ;
## મોક્ષ ચતુર લ્યૌ પસરન, તબતે કોહું ન વંચ. ૩૭

### શબ્દાર્થ

**તેહી** = તે, તે પ્રમાણે **કૃત** = રચના, ઉત્પત્તિ **પાસ** = બંધન, જાળ **ભ્રમી** = ભ્રમિત, ભ્રમમાં પડીને **ઈત** = અહિંયા, મૃતલોકમાં **ચૈતન** = ચૈતન **સહિત** = સુદ્ધાં, ની સાથે, ની આદ્ય લઈ **સકંચ** = સકંચો, કાબુ, આંટી ઘૂંટી **મોક્ષ** = મુક્તિ **ચતુર** = અંકે ચાર **લ્યૌ** = સુધી **પસરન** = પ્રસારીને, ફેલાઈને **તબતે** = તેમાંથી **કોહું** = કોઈ પણ **ન** = નહીં **વંચ** = બચી શક્યા, બચ્યા, ઉગર્યા.

### અનુવાદ

**તે રીતે ચૈતન સહિત બંધનની આંટીઘૂંટીવાળી મૃત્યુલોકની ભ્રમણાયુક્ત ચાર**

**પ્રકારની મુક્તિ સુધી સર્જનહારની રચનાનો પસારો હોવાથી તેમાંથી કોઈ બચી શકતું નથી.**

## ભાવાર્થ

ચૈતન અંશની આદ્ય લઈ મૃત્યુલોકની ભ્રમણાયુક્ત બંધનની આંટીઘૂંટીવાળી ચાર પ્રકારની સાયુજ, સાલોક, સામીપ્ય અને સાંનિધ્ય મુક્તિ સુધીનો સર્વ પસારો સર્જનહારની રચના છે. મહાપ્રલયકાળ વખતે આમાનું કશું જ બચી શકતું નથી.

**બંચે નહીં જેહી વિતપન, કોહુ કર્તા ક્રત તીત;**
**નામ રૂપ ગુણ રચી રહે, ધરી ઉર પ્રેમ પ્રતીત. ૩૮**

### શબ્દાર્થ

**બંચે નહીં** = બચી શકે નહીં **જેહી** = જે **વિતપન** = નાશ પામે તેવી, નાશવંત **કોહુ** = કોઈ **કર્તા** = સર્જનહારના **ક્રત** = રચનાથી **તીત** = પરે, ઉપર, પર **નામ** = નામ **રૂપ** = આકાર **ગુણ** = ત્રણ ગુણ **રચી** = રચીપચી **રહે** = રહ્યા **ધરી** = ધારણ કરી **ઉર** = હૃદયમાં **પ્રેમ** = પ્રેમ **પ્રતીત** = વિશ્વાસ.

## અનુવાદ

**જે નાશવંત છે તે બચી શકે જ નહીં. કારણ કે, કર્તાના ક્રતથી તીત કશું જ નથી, છતાં બધા પોતાના હૃદયમાં પ્રેમ અને વિશ્વાસ ધારણ કરીને નામ, રૂપ અને ગુણમાં રચીપચી રહ્યા છે.**

## ભાવાર્થ

વિશ્વમાં સર્વ કોઈ પોતાના હૃદયમાં અપાર પ્રેમ અને શ્રદ્ધા-વિશ્વાસ ધારણ કરીને જ નાશવંત છે તેવા રૂપ, ગુણવાળા પદોમાં રચીપચીને રહેલા છે. એવા નાશવંત પદો સર્જનહારની રચનાથી તીત ન હોવાથી તેમાનું કાંઈ પણ બચી શકે તેમ નથી અર્થાત્ જે કાંઈ સર્જનહારનું ક્રત છે તે નાશવંત છે તેથી તેનો નાશ નિશ્ચિત છે. જ્યારે કૈવલકર્તા તો ક્રતથી તીત છે. જે સદાને માટે શાશ્વત છે.

**તેહી નામ રૂપ ગુણ જેહી, પ્રણવ અંક ઓરુ અંશ;**
**અધીક ન્યુન એક એકનપે, કહી સમજાયેહુ વંશ. ૩૯**

### શબ્દાર્થ

**તેહી** = તે **નામ** = નામ **રૂપ** = આકાર **ગુણ** = રજો, તમો અને સતોગુણ **જેહી** = જે **પ્રણવ** = પ્રણવ **અંક** = અક્ષર **ઓરુ** = અને **અંશ** = સજાણજાણ રૂપ સજાતિ ચૈતન અંશ **અધીક** = મોટા, વિશેષ **ન્યુન** = નાના, લઘુ **એક એકનપે** = એક એકથી **કહી** = કહી **સમજાયેહુ** = સમજાવ્યું **વંશ** = કુળ, ઉત્પત્તિનું કારણ.

### અનુવાદ

**તે નામ, રૂપ, ગુણ, પ્રણવ, અક્ષર અને અંશ એ બધા એક એકથી નાના-મોટાં છે તે વિશેનું કુળ તમોને કહી સમજાવ્યું છે.**

### ભાવાર્થ

રૂપ અને ગુણવાળી સર્જનહાર દ્વારા રચવામાં આવેલી તમામ ઉત્પત્તિ ઉપર નામનું આરોપણ કરવામાં આવેલું છે, પરંતુ તે નામના બંધારણમાં અક્ષરો સમાયેલા છે. તે અક્ષર પ્રણવ વૃક્ષના પુષ્પ સમાન છે અને પ્રણવનો અધિપતિ અંશ છે. જો અંશનો સામાન્ય આભાસ પ્રણવ ઉપર ન પડે તો પ્રણવ સચેતન થતો નથી. તેમજ જો અંશની જાણ પ્રણવ ઉપર ન હોય તો પ્રણવ અક્ષરોનું ઉચ્ચારણ કરી શકતો નથી.

આમ, એકએકથી (અધિક) કોની વિશેષતા છે અને કોણ અધિક-ન્યૂન છે તે અંગેની સવિસ્તાર માહિતી આ કેતુના શરૂઆતમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા દર્શાવવામાં આવી છે.

**ઓરુ કહત પુની અબ જેહી, સૂનો સંત ચિત્ત લાય;**
**જેહી જીનકે શિર કારણ, તેહી તિનું કહુ અધિકાય. ૪૦**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વલી **કહત** = કહુ છું **પુની** = વળી **અબ** = હવે **જેહી** = જે **સૂનો** = શ્રવણ કરો **સંત** = સંત ગતિના પુરુષો **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **લાય** = લાવીને, રાખીને **જેહી** = જે **જીનકે** = જેના **શિર** = મસ્તક, અધિપતિ **કારણ** = કારણ રૂપે **તેહી** = તે **તિનું** = તેનો **કહુ** = કહુર છું **અધિકાય** = અધિકતા, સત્તા, વિશેષતા.

## અનુવાદ

**વળી જેના શિર ઉપર જે કારણ રૂપ રહેલું છે તેની અધિકતા વિષે હવે ફરીથી કહુ છું જે હે સંતો ! ચિત્ત રાખીને (લાવીને) શ્રવણ કરો.**

## ભાવાર્થ

અગાઉ કોણ કોનાથી અધિક-ન્યૂન છે તે અંગે સમજાવ્યું છે. હવે પછી જે જેના શિર ઉપર કારણ રૂપે રહેલું છે તે અને તેની અધિકતા વિષે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દર્શાવે છે, જે સંત ગતિના માનવોને એકાગ્ર ચિત્તે શ્રવણ કરવા અનુરોધ કરે છે.

**વસ્ત સકલ શિર નામહી, નામ શિર અક્ષરંત;**
**અક્ષરકે શિર પ્રણવહી, જેહી ઋષિમુનિ સમરંત. ૪૧**

### શબ્દાર્થ

**વસ્ત** = વસ્તુ, પદાર્થ **સકલ** = બધા જ, સર્વ, તમામ **શિર** = શિર પર, મસ્તક પર, ની ઉપર **નામહી** = નામ જ છે **નામ** = નામના **શિર** = મસ્તકે, શિરપર **અક્ષરંત** = અક્ષરો છે **અક્ષરકે** = અક્ષરોના **શિર** = શિર પર **પ્રણવહી** = પ્રણવ છે **જેહી** = જેનું **ઋષિમુનિ** = ઋષિમુનિઓ **સમરંત** = સ્મરણ કરે છે, રટણ કરે છે, ધ્યાન ધરે છે.

## અનુવાદ

**દરેક વસ્તુના શિર પર નામ છે, નામના શિરે અક્ષર છે અને અક્ષરના શિર પર પ્રણવ છે, જેનું ઋષિમુનિઓ સ્મરણ કરે છે.**

## ભાવાર્થ

સર્જનહાર દ્વારા રચવામાં આવેલ બ્રહ્માંડમાં સર્વ ઉત્પત્તિ ઉપર કોઈ ને કોઈ નામનું આરોપણ કરવામાં આવેલું છે. તે નામના શિર પર તેના કારણ રૂપ અક્ષરો છે કે જે નામના બંધારણમાં વપરાયેલા છે. તે અક્ષરોના શિર ઉપર કારણ રૂપે પ્રણવ રહેલો છે. આ પ્રણવ સિવાય અક્ષરોની ઉત્પત્તિ શક્ય નથી. એવા પ્રણવનું ઋષિમુનિઓ હમેશાંને માટે સ્મરણ કરે છે.

## તેહી પ્રણવ શિર કારણ, કર્તા અંશવૃત્તિ વેત;
## જાતે પ્રણવતરુ પુલઈકત, પુષ્પ પત્ર ફલ જેત. ૪૨

### શબ્દાર્થ

**તેહી** = તે જ **પ્રણવ** = પ્રણવ **શિર** = શિર ઉપર **કારણ** = કારણ રૂપે **કર્તા** = સર્જનહાર **અંશવૃત્તિ** = નિજકર્તાની અંશવૃત્તિ **વેત** = જાણ, વિત્ત **જાતે** = જેનાથી, જેના વડે **પ્રણવતરુ** = પ્રણવવૃક્ષ **પુલઈકત** = પલ્લવિત, સ્ફુરાયમાન **પુષ્પ** = ફૂલ, કુસુમ **પત્ર** = પાંદડાં, પાન **ફલ** = ફળ **જેત** = જે તે સમય

### અનુવાદ

**તે પ્રણવના શિર ઉપર કારણ રૂપે કર્તાના અંશની જાણ્યવાળી વૃત્તિ છે, જેના વડે પ્રણવ વૃક્ષના પુષ્પ, પત્ર અને ફળ જે તે સમયે સ્ફુરાયમાન થાય છે.**

### ભાવાર્થ

પ્રણવ તો જડ છે તેને ચેતનતા બક્ષનાર કારણ રૂપ કૈવલકર્તાનો સજાતીય અંશ છે. જ્યારે સજાણજાણ સજાતીય ચૈતન અંશનો, સામાન્ય આભાસ પ્રણવ પર પડે છે ત્યારે પ્રણવ ચેતનવંત બનીને રેચક-પ્રેરકની ગતિ કરે છે. પોતાની ચેતનતાના માધ્યમથી અન્યોન્ય દેહના તત્ત્વોને ચેતન કરે છે. જેથી સમગ્ર (ઘાટ) દેહના તત્ત્વોને ચેતન કરે છે. તે પ્રણવ ઉપર ચૈતન અંશની જાણ જ્યારે સવાર થાય છે ત્યારે તે પ્રણવ અક્ષરોનું ઉચ્ચારણ કરી શકે છે. આમ અંશના આભાસથી પ્રણવવૃક્ષ સ્ફુરાયમાન થાય છે. પરિણામે પુષ્પ, પત્ર અને ફળ જે તે સમયના બંધારણ મુજબ ઋતુકાળે પલ્લવિત થાય છે.

## તેહી અંશવૃત્તિ શિર જેહી, અધિપતિ અંશ અછેદ;
## અંશ શિર પતિ પરમધી, નિજ કર્તા અકલેદ. ૪૩

### શબ્દાર્થ

**તેહી** = તે **અંશવૃત્તિ** = અંશની જાણ, અંશની વૃત્તિ **શિર** = માથે **જેહી** = જે **અધિપતિ** = ઉપરી, સૂબો, માલિક **અંશ** = સજાણજાણ સજાતિ ચૈતન અંશ **અછેદ** = છેદાય નહીં તેવું, કાળના બંધનથી મુક્ત **અંશ** = અંશના **શિર** = માથે, મસ્તકે **પતિ** = માલિક, સર્જનહાર **પરમધી** = મહાન, સૂબો, શહેનશાહ, અધિપતિના પતિ **નિજ** = મૂળ, આદિ, પોતે, સ્વયં **કર્તા** = સર્જનહાર, માલિક, રચયિતા **અકલેદ** = અકળ, કળ્યામાં ન આવે તેવા, રૂપ અરૂપથી પરે.

### અનવાદ

**તે અંશવૃત્તિના શિર પર અધિપતિ તરીકે અંશ રહેલો છે જે અછેદ છે. તે અંશના શિર પર પરમધીશ (અધિપતિના પતિ) તરીકે અકળ નિજકર્તા છે.**

### ભાવાર્થ

પ્રણવ ઉપર રહેલી અંશની જાણ વૃત્તિના શિર પર છેદી ન શકાય તેવા અધિપતિ રૂપે કૈવલકર્તાનો સજાતીય સજાણજાણ ચૈતન અંશ રહેલો છે. તે અંશના શિર પર અધિપતિના પણ પતિ એવા પરમધીશ અકળ નિજ કૈવલકર્તા રહેલા છે.

**તેહી પરમપતિ કૈવલ, વલ વિનુ વસ્ત વિશેષ;**
**સકલ ઈષ્ટ શિર સાહેબ, સામ્રથ ધણી ધીશેષ. ૪૪**

### શબ્દાર્થ

**તેહી** = તે, તેઓ **પરમપતિ** = મહાન પતિ, અધિપતિના પતિ **કૈવલ** = કૈવલકર્તા **વલ વિનુ** = વળ વગરના **વસ્ત** = વસ્તુ **વિશેષ** = મહદ્ **સકલ** = સર્વના, તમામના, બધાના **ઈષ્ટ** = મોટા **શિર** = માથે **સાહેબ** = સાહ્યબીના માલિક, ખાવિંદ **સામ્રથ** = સમર્થ **ધણી** = પતિ, સ્વામી **ધીશેષ** = સર્વોપરી, અધિશ્વર.

### અનુવાદ

**તે પરમ કૈવલ પતિ વળ વિનાના હોઈ વસ્તુ રૂપે મહદ્ છે. બધા ઈષ્ટના શિર પર સ્વામી રૂપ તે સમર્થ અને સર્વોપરી રહેલા છે.**

### ભાવાર્થ

સર્જનહારે આ સૃષ્ટિ વળ ભરીને બનાવી છે, પરંતુ પોતે તો કોઈ પણ પ્રકારના વળથી રહિત "કૈવલ" છે. એવા મહદ્ સજાણજાણ કૈવલકર્તા તમામ સાહ્યબીના માલિક છે. તેમજ વિશ્વમાં કહેવાતા ઈષ્ટોના શિર ઉપર ધણી રૂપે સર્વોપરી રહેલા છે. તેઓ પોતે સમર્થ તથા અનંત કરુણાઓના ઈશ હોઈ "કરુણેશ" છે.

**સબકે સરજાન સોહી પદ, અંશ અખિલ નિજ તાત;**
**સર્વાતીત સર્વજ્ઞહી, જો નહીં અંક લખાત. ૪૫**

### શબ્દાર્થ

**સબકે** = બધાના, દરેકના, સર્વના **સરજાન** = સર્જનહાર, સર્જક, રચયિતા **સોહી** = તે **પદ** = પદ, સ્થાન, દરજ્જો **અંશ** = (સજાણ, જાણ સજાતીય) ચૈતન અંશ **અખિલ** = સર્વ, બધું, સમસ્ત, સઘળું, અશેષ **નિજ** = પોતે, મૂળ, આદિ **તાત** = પિતા, બાપ, પૂજ્ય **સર્વાતીત** = સર્વથી પર, સૌથી ભિન્ન, સૌથી ન્યારું **સર્વજ્ઞહી** = જેની જાણથી કાંઈ પણ અજાણ્યું (છુપું) રહેતુ નથી તેવા, બધું જ જાણનારા, સંપૂર્ણ જ્ઞાતા **જો** = જો **નહીં** = નહીં **અંક** = અક્ષરોથી **લખાત** = લખી શકાય, વર્ણવી શકાય.

### અનુવાદ

**તે દરેક ઉત્પત્તિનું મૂળ છે અને સ્વયં તમામ અંશોના પિતા છે એવા સર્વાતીત અને સર્વજ્ઞ કર્તાને અક્ષરથી લખી શકાય તેમ નથી.**

### ભાવાર્થ

સમસ્ત બ્રહ્માંડમાં વૃદ્ધિ પામેલા અઠ્ઠાવીસ ઈંડો અને મહીમંડ ઈંડમાં રચના પામેલા ચૌદ લોક સહિતના સર્વ સ્થાવર જંગમ ઘાટોવાળી સમસ્ત વૈરાટની ઉત્પત્તિના મૂળ કારણ રૂપે "આદ્ય" કૈવલ પદ છે. વળી સામાન્ય, વિશેષ અને પરમ વિશેષ અંશોના પોતે નિજ તાત "સક્રત" છે. તેમની જાણમાં કંઈ જ છાનું (અજાણ્યું) રહેતું નથી તેવા "સ્વરાજ" તે સર્વજ્ઞ છે. તેમજ બ્રહ્માંડથી પરે રહેલા છે એવા અવર્ણનીય કૈવલકર્તાને અક્ષર દ્વારા લખી શકાય તેમ નથી.

**અંક ઉદ્ કરનન તેહી, જેહી અંશ શિર દીન;**
**ઔર ક્રત રજ તજ પર, પુનિ આપને શિર લીન. ૪૬**

### શબ્દાર્થ

**અંક** = અક્ષર **ઉદ્** = ઉત્પન્ન, ઉદય **કરનન** = કરનાર **તેહી** = તે **જેહી** = જે **અંશ** = (સજાણ, જાણ, સજાતીય) ચૈતન અંશ **શિર** = માથે **દીન** = આપેલું, દીધેલું **ઔર** =અને **ક્રત** = રચના, ઉત્પત્તિ **રજ તજ** = રજથી તજ સુધી નાનામાં નાનું અને પરમાણુ સુધીનું સર્વ **પર** = ઉપર **પુનિ** = વળી **આપને** = આપે, પોતાના **શિર** = માથે **લીન** = લીધું છે.

### અનુવાદ

**અક્ષરોની ઉત્પત્તિ કરવાનું (કાર્ય) અંશને માથે આપેલું છે અને વળી રજથી તજ**

**સુધીની ઉત્પત્તિ પોતાને માથે લીધેલી છે.**

## ભાવાર્થ

પ્રણવ દ્વારા અક્ષરોની ઉત્પત્તિના કારણ રૂપે સકર્તા પતિનો પોતાનો સજાતીય સજાણજાણ રૂપ ચૈતન "અંશ" રહેલો છે, જ્યારે બ્રહ્માંડમાં રજથી તજ સુધીની તમામ ઉત્પત્તિના કારણ રૂપે સકર્તા પતિ સર્જનહાર "અંશી" પોતે (સ્વયં) રહેલા છે.

**પણ આપે નહીં ધરહીત, નિજ શિર અક્ષર આલ;**
**ઈતસે આપને અરપેહુ, કતા કંઠ અંક માલ. ૪૭**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **આપે** = પોતે **નહીં** = નહીં **ધરહીત** = ધારણ કર્યું **નિજ શિર** = પોતાના માથે **અક્ષર** = અક્ષરની ઉત્પત્તિનું **આલ** = બાનુ, આળ, ઓથુ, કહેવાપણું, નિમિત્ત **ઈતસે** = અહીથી, મૃત્યુલોકમાંથી **આપને** = આપણને **અરપેહુ** = અર્પણ કરવામાં આવ્યું છે **કતા** = સર્જનહારના **કંઠ** = ગળે, કંઠે, ગળામાં **અંક** = અક્ષરોની **માલ** = માળા, હારમાળા.

## અનુવાદ

**પરંતુ આપે આપના માથે અક્ષરોનું નિમિત્ત ધારણ કર્યું નથી. તેમ છતાં મૃત્યુલોકના માનવોએ કર્તાને કંઠે અક્ષરોની માળા અર્પણ કરી છે.**

## ભાવાર્થ

કૈવલકર્તાએ તેમના પોતાના માથે અક્ષરોના નિર્માણનું નિમિત્ત ધારણ કર્યું નથી, પરંતુ તે કાર્ય પોતાના સજાતીય અંશને સોંપેલુ છે. તેમણે જ અંશને પોતાની જાણ થકી પ્રણવના માધ્યમ દ્વારા અક્ષરોની ઉત્પત્તિના કાર્ય માટે કારણ રૂપ બનાવ્યા છે.

તેમ છતાં મૃત્યુલોકના માનવોએ તે અક્ષરોની રચનાનું કૈવલકર્તાના માથે આરોપણ કર્યું છે. એટલે કે, અક્ષરોથી બનેલા પ્રગટ "કૈવલ" મંત્ર કે ગુપ્ત "અમરમંત્ર" રૂપ માળા તેમના કંઠમાં અર્પણ કરેલી છે.

**સોહી સકસ કુન આપનમે, અલખ લખેહુ જીને લેખ;**
**જેહી આગમ કીયેહુ મમ, પુનિ અબ કહહુ વિશેષ. ૪૮**

### શબ્દાર્થ

**સોહી** = તે **સકસ** = શખ્સ, વ્યક્તિ, માણસ **કુન** = કોણ **આપનમે** = આપણામાંથી **અલખ** = અવર્ણનીય પદ માટે **લખેહુ** = લખ્યું છે **જીને** = જેણે **લેખ** = લખાણ **જેહી** = જે **આગમ** = અગાઉ **કીયેહુ** = કહ્યું છે **મમ** = મેં, હુ **પુનિ** = વળી, ફરીથી **અબ** = હવે **કહહુ** = કહુ છું **વિશેષ** = અધિક, ખાસ કરીને, મુખ્યત્ત્વે, વધુ વિગતવાર.

### અનુવાદ

**તે વ્યક્તિ આપણામાં કોણ છે ? જેણે અલખના લેખ લખેલા છે. જે આગળ મેં કહ્યુ છે છતાં હવે હું ફરીથી વિગતવાર કહુ છું.**

### ભાવાર્થ

સર્જનહારનું પદ અવર્ણનીય છે. જેનું અક્ષરો દ્વારા વર્ણન કરી શકાય તેમ નથી તેમ છતાં એવા અલેખ પદનું લખાણ દ્વારા લખીને દર્શાવવા માટે પ્રયત્ન કર્યો છે. આ વ્યક્તિ આપણામાંથી કોણ છે ? તે માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે અગાઉ સ્પષ્ટતા કરી છે. તેમ છતાં તે ગૂઢાર્થભર્યા વિષય અંગે હવે પછી વિગતવાર જણાવે છે.

**સોહી સકસ ઈત પ્રણવહી, ક્રતા અંશ મીલી દોય;**
**એહી દ્વૈત જીનુંને લીખે, અંક અલખ શિર સોય. ૪૯**

### શબ્દાર્થ

**સોહી** = તે **સકસ** = શખ્સ, વ્યક્તિ **ઈત** = અહીં **પ્રણવહી** = પ્રણવ જ છે **ક્રતા** = સર્જનહારનો **અંશ** = સજાણજાણ સજાતીય ચૈતન અંશ **મીલી** = મળીને **દોય** = બન્ને **એહી** = એ, તે જ **દ્વૈત** = બંને, ભેગા થઈ **જીનુંને** = જેમણે **લીખે** = લખેલું છે, લખ્યા છે **અંક** = અક્ષર **અલખ** = અવર્ણનીય **શિર** = માથે **સોય** = તે.

### અનુવાદ

**તે વ્યક્તિ તે જ પ્રણવ છે અને કર્તાના અંશ મળી બંનેએ ભેગા થઈને અલખના માથે અક્ષરો લખ્યા છે.**

## ભાવાર્થ

અગાઉની ચોપાઈમાં જે સવાલ પુછવામાં આવ્યો હતો તેના જવાબ આપતા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સમજાવે છે કે તે વ્યક્તિ બીજી કોઈ જ નથી, પરંતુ ઘાટમાં ચૈતનતા પામીને રહેલો પ્રણવ છે. સકર્તા પતિ કૈવલકર્તાના સજાણજાણ ચૈતન અંશની જાણ પ્રણવ ઉપર સવાર થવાથી બંને ભેગા મળીને અક્ષરોની ઉત્પત્તિ કરે છે અને તે અક્ષરોના કારણ રૂપ તે બંને હોવાથી તેમના દ્વારા અલખના માથે કારણ રૂપ તે બંને હોવાથી તેમના દ્વારા અલખના માથે અક્ષરો લખ્યા છે તે સમજાવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## તેહી અભિપ્રાય અબ કહુ જેહી, અદબદે અંક લખીત;
## સુનહો સકલ શુદ્ધ ચિત્તે જન, અકલનું સકલ જનીત. ૫૦

### શબ્દાર્થ

**તેહી** = તે **અભિપ્રાય** = મંતવ્ય, મત, વિચાર, તાત્પર્ય, ઉદ્દેશ્ય, મતલબ **અબ** = હવે **કહુ** = કહુ છું **જેહી** = જેનો **અદબદે** = મોઘમ, અપૂર્ણ, ઉપલક, અધૂરું **અંક** = અક્ષર **લખીત** = લખેલા છે, લખ્યા છે **સુનહો** = સાંભળો **સકલ** = સર્વ, બધા **શુદ્ધ ચિત્તે** = નિર્મળ ચિત્તથી એકાગ્ર થઈને **જન** = માનવા, સજ્જનો **અકલનું** = અકળનું, અગમ્ય, કળી ન શકાય તેવું, ગહન, ગૂઢ **સકલ** = સરળ રીતે, સમજ પડે તે રીતે **જનીત** = જણાવું છું.

## અનુવાદ

**મોઘમ માટે લખાયેલા અક્ષરો અંગે હવે અભિપ્રાય કહુ છું. તે કળી ન શકાય તેવા ગૂઢ વિષયને સરળ રીતે જણાવું છું. માટે હે સજ્જનો ! તમે બધા શુદ્ધ ચિત્તે શ્રવણ કરો.**

## ભાવાર્થ

જે નિવર્ણ પદ અદબદપણે મોઘમ રહેલું છે તેવા પરમપદ માટે અક્ષરોથી લખાણ લખેલ છે. તે અંગેનો અભિપ્રાય હવે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવે છે. તે ગહન અને ગૂઢ વિષને ખૂબ જ સરળતાથી સમજાય તેવી રીતે દર્શાવવામાં આવ્યો છે. જે બધા જ સજ્જનોને શુદ્ધ ચિત્તે શ્રવણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

**નારાયણ નિર્ગુણ બ્રહ્મ, કતા અલખહી અભેવ;**
**એ સબ ઉતસે તીત પર, અંકે અલખ લખેવ. ૫૧**

### શબ્દાર્થ

**નારાયણ** = નાભિ નારાયણ **નિર્ગુણ** = ગુણોથી રહિત **બ્રહ્મ** = સર્જનહારનો સચરાચર વ્યાપક પ્રકાશ **કતા** = સર્જનહાર **અલખહી** = લખી ન શકાય તેવા **અભેવ** = અરૂપ, રૂપ વગરના વેશ રહિત **એ સબ** = એ બધા, એ તમામ, એ સર્વ **ઉતસે** = દૈવી ધામોથી **તીત** = પરે, અલગ, દૂર, આદ્ય **પર** = ઉપર **અંકે** = અક્ષરોએ **અલખ** = લખીન શકાય તેવા, નિર્વાણ **લખેવ** = લખેલું છે, લાગ્યા છે.

### અનુવાદ

**નાભિનારાયણ, નિર્ગુણ બ્રહ્મ તથા સર્જનહાર અરૂપ અને અવર્ણનીય છે એ તમામ દેવલોકથી પર હોઈ અલેખ રહેલાં હોવા છતાં તેઓ અક્ષરોથી લખાયા છે.**

### ભાવાર્થ

નાભિનારાયણ મહિમંડ ઈંડના અધિપતિ તરીકે સર્જનહાર દ્વારા મુકવામાં આવેલા બે પુરુષો પૈકીના એક છે. જેમાં નિરંજનનું વ્યક્ત જ્યોતિ સ્વરૂપ ગણવામાં આવે છે જ્યારે જગતની ઉત્પત્તિના માધ્યમ તરીકે નાભિનારાયણનો કોઈ પણ પ્રકારનો ઉલ્લેખ જોવા મળતો નથી એવા નાભિનારાયણ, નિર્ગુણ સચરાચર વ્યાપક બ્રહ્મ અને બ્રહ્માંડની પરે રહેલા કૈવલપતિ એમ ત્રણે અરૂપ અને અવર્ણનીય છે. આ ત્રણે પદોનું સ્થાન દૈવી ચૌદ લોકથી પણ પરે રહેલું છે. એ પદો અવર્ણનીય (અલેખ) હોવા છતાં તેમના ઉપર અક્ષરોનું આરોપણ કરીને લખવામાં આવ્યા છે.

**બિનુ અક્ષર અરમીત પદ, સદ્ ચિદ્ આનંદ પાર;**
**કુન લહત તીનુ જકતમે, જો ન કરત અંક સાર. ૫૨**

### શબ્દાર્થ

**બિનુ** = વગર, વિના, સિવાય **અક્ષર** = અક્ષર **અરમીત** = બેહદ, અમાપ **પદ** = સ્થાન, દરજ્જો, મોભો **સદ્** =સદ **ચિદ્** = ચિદ્ **આનંદ** = આનંદથી **પાર** = પરે, પર **કુન** = કોણ **લહત** = જાણે **તીનુ** = તેમને **જકતમે** = જગતમાં **જો** = જો **ન** = નહીં **કરત** = કરે **અંક** = અક્ષર **સાર** = સારાસાર, તાત્પર્ય, મદદ, સહાય, યોગ્યતા, શ્રેષ્ઠ, સારી રીતે.

### અનુવાદ

**સદ્ ચિદ્ આનંદથી પર રહેલું અક્ષર સિવાયનું જે અમાપ પદ છે તેનું અક્ષરની સહાયતાથી જો વર્ણન ન કર્યું હોત તો જગતમાં તેને કોણ જાણી શકત ?**

### ભાવાર્થ

સદ્ ચિદ આનંદ રૂપ જે બ્રહ્મપદ છે તેનાથી પરે અંતિમ કૈવલ પદ રહેલું છે કે જે અવર્ણનીય છે. અર્થાત્ તે અક્ષર સિવાયનું નિર્વાણ અને અમાપ પદ છે. એવા પરમપદને જો અક્ષરની સહાયતાથી વર્ણન કરીને તેની મહદ્તાને દર્શાવવામાં ન આવી હોત તો એવા અમોઘ ગુપ્ત પદને જગતના જીવો જાણી શકત નહીં.

**ઓરુ બિનું અંક અકલ નિધ, રિધ્ય અજમાલ રહાત;**
**તીનુ જુગ જાહેર કરનકુ, ક્યૌ અનુભવિ કવિ ગાત. ૫૩**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **બિનું** = વિના, સિવાય **અંક** = અક્ષર **અકલ** = અકળ **નિધ** = નિધિ **રિધ્ય** = રિદ્ધિ **અજમાલ** = ગુપ્ત, અજાણ્યુ, છૂપું **રહાત** = રહેત **તીનુ** = તેને **જુગ** = જગતમાં **જાહેર** = પ્રસિદ્ધ **કરનકુ** = કરવા માટે **ક્યૌ** = કેવી રીતે, કેમ કરીને **અનુભવિ** = જાત અનુભવ કરનાર, પ્રત્યક્ષ જ્ઞાન મેળવનાર **કવિ** = કલ્પનાઓ અને પ્રતિભાવથી કાવ્યની રચના કરનાર **ગાત** = ગાઈ શકત, લખી શકત, વર્ણન કરત, કથવું, આલાપવું.

### અનુવાદ

**વળી અક્ષરો સિવાય તે રિદ્ધિ-સિદ્ધિવાળું અકળ પદ અજાણ રહી જાત. તે પદને જગતમાં જાહેર કરવા માટે અનુભવી અને કવિ કેવી રીતે વર્ણન કરી શક્યા હોત ?**

### ભાવાર્થ

જો અક્ષરોની ઉત્પત્તિ જ ન થઈ હોત તો સર્જનહારનું અંતિમ પદ કે જે રિદ્ધિ-સિદ્ધિવાળું અને કોઈના કળ્યામાં ન આવે તેવું તે પદ અજાણ્યુ રહી જાત. કારણ કે, એવા પરમપદને જાહેર કરવા માટે અક્ષર સિવાય જાત અનુભવથી સિદ્ધ કરેલ અનુભવી પુરુષો અને કલ્પના તેમજ પ્રતિભાના આધારે કાવ્યની રચના કરનારા

કવિઓ પોતાના મંતવ્યોનું (કલ્પનાઓનું) વર્ણન કદાપિ કરી શક્યા ન હોત.

**બિનું ગાયે પદ પ્રસિદ્ધતા, દરશત નહીં દિવ્ય મહાદ;**
**મહાદ મુદા બિનું દૃઢ ચિત્તે, નહીં ન આરાધત સાધ. ૫૪**

### શબ્દાર્થ

**બિનું** = સિવાય, વગર, વિના **ગાયે** = વર્ણન કરે, રચના કરે, આલાપે **પદ** = સ્થાન, દરજ્જો, મોભો **પ્રસિદ્ધતા** = પ્રસિદ્ધિ, પ્રકાશિત થવા પણું, ખ્યાતિ, કીર્તિ, મશહૂરતા, સૌના જાણમાં હોવું તે **દરશત** = પ્રગટ, દૃશ્યમાન, ખુલ્લું, દેખાય, જોવાય **નહીં** = નહીં **દિવ્ય** = અદ્‌ભુત, દૈવત્વવાન **મહાદ** = મોટાઈ, વિશાળતા, મહાનતા **મહાદ** = મહાનતાવાળો, વિશાળ, મોટાઈવાળો **મુદા** = મુદ્દો, મહત્વની બાબત, ચીજ, માલ **બિનું** = વિના, સિવાય, વગર **દૃઢ** = મક્કમપણે, મજબૂત **ચિત્તે** = ચિત્તથી **નહીં** = નથી **ન આરાધત** = આરાધના કરત, સાધના કરત **સાધ** = સાધક, સાધના.

### અનુવાદ

**વર્ણન કર્યા સિવાય તે મહાન દિવ્ય પદ પ્રસિદ્ધિ પામીને દૃશ્યમાન થઈ શકે નહીં. વળી તે મહાન મુદ્દા વિના દૃઢ ચિત્તે સાધકો તેની સાધના કે આરાધના કરી શક્યા ન હોત.**

### ભાવાર્થ

જો વર્ણન કરવામાં ન આવે તો એવા મહાન અને અમોઘ પરમપદની પ્રસિદ્ધિ થાય નહીં. જો પ્રસિદ્ધિ ન થાય તો તે પદ માટે સાધકો પોતાના ચિત્તને દૃઢ (સ્થિર) કરી સાધના પણ કરી ન શકે. કે મુમુક્ષુઓ એવા મહાન પદની આરાધના પણ કરી શક્યા ન હોત.

**બિનું નિજ સંત આરાધન, જગ જીવ ક્યૌ પતીઆય;**
**બિનું જગ જીવ પતિયારન, બઢત ન પતિ મહિમાય. ૫૫**

### શબ્દાર્થ

**બિનું** = સિવાય, વિના **નિજ** = મૂળ, આદિ, પોતે **સંત** = સંત **આરાધન** = આરાધના **જગ** = જગતમાં **જીવ** = જીવો **ક્યૌ** = કેવી રીતે, કેમ કરીને **પતીઆય** = વિશ્વાસ **બિનું** = વિના, વગર **જગ** = જગતના **જીવ** = જીવો **પતિયારન** = વિશ્વાસ **બઢત ન** = વધે નહીં **પતિ** = ધણીનો **મહિમાય** = મહાત્મ્ય, મહત્તા, મહિમા, પ્રભાવ.

### અનુવાદ

**જો સંતો આરાધના ન કરે તો જગતના જીવોને વિશ્વાસ કેવી રીતે આવે? વળી જગતના જીવોને વિશ્વાસ આવ્યા સિવાય પતિનો મહિમા વધી શકે નહીં.**

### ભાવાર્થ

અક્ષરો દ્વારા વર્ણન પામેલ અવર્ણનીય મહાન પદનું સંત-મહાપુરુષો જો પોતે આરાધના ન કરે તો તેમને અનુસરીને જીવન જીવતા મુમુક્ષુઓને આરાધ્યમાં વિશ્વાસ બેસે (થાય) નહીં. જો ધર્મ જગતમાં મુમુક્ષુ જનોને વિશ્વાસ ન આવે તેવા દિવ્ય પદનો મહિમા અને સકર્તા પતિ પ્રત્યેની શ્રદ્ધા પણ વધી શકે નહીં.

**તબ જે તે જન જુગનકે, જપી જપ કરન વિરામ;**
**અતહી અગમતે સુગમ કીયે, અંકે અલખ સનામ. ૫૬**

### શબ્દાર્થ

**તબ** = તેથી, તે કારણે **જે તે** = જેટલા **જન** = માનવો **જુગનકે** = વિશ્વના, જગતના **જપી** = જપ કરીને, જપીને **જપ** = જપ, મંત્ર, નામ **કરન** = કરવા માટે **વિરામ** = શાંતિ, મુક્ત, જન્મ-મરણના ભવ સંકટમાંથી આરામ (મુક્તિ) **અતહી** = એ રીતે, એટલા માટે જ **અગમતે** = જે અગમ્ય હતું તે **સુગમ** = સરળ **કીયે** = કર્યું **અંકે** = અક્ષરોએ **અલખ** = લખી ન શકાય તેવા અવર્ણનીય પદને **સનામ** = નામ સહિત, નામનું સંબોધન કરીને.

### અનુવાદ

**તેથી જગતના જે તે માનવો વિરામ કરવા માટે જાપને જપે છે એટલા માટે અક્ષર વડે અલખને નામ ધારણ કરાવી અગમને સુગમ કર્યું છે.**

### ભાવાર્થ

તેથી જ જગતમાં જેને સંતોની આરાધના જોઈને વિશ્વાસ આવ્યો છે એવા મુમુક્ષુ જનો જન્મ-મરણના ભવબંધનમાંથી શાંતિ મેળવવા માટે જાપ જપે છે.

આ પ્રમાણે અક્ષરોની સહાય વડે નામ ધારણ કરાવીને જે કેવલ પદ અગમ-અગોચર અને અવર્ણનીય હતું તેને સમજવામાં સરળ કર્યું છે.

**નામ લખાઈત અક્ષરે, અંક પ્રણવસે હોય;**
**પ્રણવ હોત ન્હેં અક્ષરે, નિજ નેંનન ગતિ જોય. ૫૭**

### શબ્દાર્થ

**નામ** = નામ **લખાઈત** = લખાય છે **અક્ષરે** = અક્ષર વડે **અંક** = અક્ષર **પ્રણવસે** = પ્રણવથી **હોય** = થાય **પ્રણવ** = પ્રણવ **હોત** = થાય **ન્હેં અક્ષરે** = ન્હેંઃઅક્ષરથી **નિજ** = પોતાની **નેંનન** = નેત્રોની **ગતિ** = સમજ, જ્ઞાન, દૃષ્ટિ **જોય** = જુઓ, તપાસો, નિહાળો.

### અનુવાદ

**નામ અક્ષરો વડે લખાય છે, અક્ષરો પ્રણવ વડે થાય છે અને પ્રણવ ન્હેઃઅક્ષર વડે થાય છે. તે પોતાના નેત્રોની જ્ઞાનગતિ દ્વારા જુઓ.**

### ભાવાર્થ

નામના બંધારણમાં અક્ષરોનો સમાવેશ થાય છે. એટલે કે, નામ અક્ષરો વડે લખવામાં આવે છે. વળી, તે અક્ષરો ઘાટમાં રહેલા પ્રણવથી ઉત્પન્ન થાય છે અને પ્રણવ ન્હેઃઅક્ષરથી થાય છે. આવી સરળ સમજણ માનવોએ પોતાની આંખોની દિવ્ય જ્ઞાનગતિ કેળવીને જોવી જોઈએ.

**ન્હેઃઅક્ષર સ્વર બિનું વિત્ત, સૂક્ષ્મ તત અનુ નાદ;**
**ક્રતા અંશ થકી ઉત્પન્ન, કરત સકલ જીનું આદ્ય. ૫૮**

### શબ્દાર્થ

**ન્હેઃઅક્ષર** = ન્હેઃઅક્ષર **સ્વર** = શ્વાસ, પવન **બિનું** = વિના, સિવાય **વિત્ત** = વિત્ત, શક્તિ, સત્ત્વ **સૂક્ષ્મ** = ધીમો, મંદ **તત** = તેનો **અનુ** = ક્રમાનુસાર, અનુક્રમે **નાદ** = નાદ, અવાજ **ક્રતા અંશ** = કર્તાના સજાતીય અંશ **થકી** = થી વડે **ઉત્પન્ન** = ઉત્પન્ન **કરત** = કરે છે **સકલ** = બધા, સર્વ **જીનું** = જેની, જેમની **આદ્ય** = આદિ, પ્રારંભે, પહેલાં.

### અનુવાદ

**ન્હેઃ અક્ષરવાળો પ્રણવ વિત્ત સિવાયનો હોવાથી તેનો ક્રમાનુસાર સૂક્ષ્મ નાદ હોય છે. કર્તાના અંશ થકી સર્વના પ્રારંભમાં (સૌથી પ્રથમ) તે ઉત્પન્ન થયેલો છે.**

## ભાવાર્થ

પિંડના સાક્ષી સ્વરૂપે રહેલો કર્તાના સજાણજાણ સજાતીય અંશના સામાન્ય આભાસ થકી જડ પ્રણવ ચેતનતાનો વેગ પ્રાપ્ત કરીને સૌ પ્રથમ ૐકાર પ્રણવ ચેતનવંત બને છે. જાગ્રત, સ્વપ્ન, સષોપતિ, મન, બુદ્ધિ અને અહંકાર એમ છ તત્ત્વોના પ્રભાવ લીન પામીને જ્યારે પ્રણવ નિર્મળ સ્વરૂપે સમદમ પ્રમાણે વહે તેવો પ્રણવ બ્રહ્મરંદ્રના સ્થાનેથી ન્હે:અક્ષરવાળો ઉત્પન થતો ગણાય છે. જેમાં બ્રહ્મરંદ્ર, હૃદય, નાભિ અને કંઠ સ્થાને ક્રમાનુસાર પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી નાદ અતિ સૂક્ષ્મ બ્રહ્મરંદ્રથી શરૂ થઈ છેવટે કંઠસ્થાને વૈખરી વાણી દ્વારા અક્ષરની ઉત્પત્તિ થાય છે.

**તેહી અંશ આપનેહુ આપ, જીનું નિજપતિ કિરતાર;**
**તેહી નિજપતિ ઓરુ આપનપુ, લહે બિનું નહીં નિસ્તાર. ૫૯**

### શબ્દાર્થ

**તેહી** = તે **અંશ** = સજાણજાણ ચૈતન અંશ **આપનેહુ** = પોતાનું ચૈતન સ્વરૂપ **આપ** = પોતે, સ્વયં **જીનું** = જેના **નિજપતિ** = સર્જનહાર, નિજકર્તા, પરમપિતા **કિરતાર** = બનાવનાર, કરતાર, ઉત્પન્ન કરનાર **તેહી** = તે **નિજપતિ** = પરમપતિ, નિજકર્તા **ઓરુ** = અને **આપનપુ** = પોતાનું ચૈતન સ્વરૂપ **લહે** = જાણ્યા **બિનું** = વગર, સિવાય **નહીં** = નહીં **નિસ્તાર** = નિવેડો, અંત, મોક્ષ, ઉદ્ધાર.

## અનુવાદ

**તે આપનપુ નિજ સ્વરૂપ કે જેના કરનારા નિજપતિ છે, તે નિજપતિ અને આપનપુ સ્વ-સ્વરૂપને જાણ્યા સિવાય નિવેડો આવતો નથી.**

## ભાવાર્થ

શરીરમાં રહેલા સર્વ જડ તત્ત્વોને પ્રણવના માધ્યમથી ચેતનવંત કરનાર સજાણજાણ સ્વરૂપ ચૈતન અંશ છે. જેના સર્જન કરનાર પરમપતિ સકર્તા સર્જનહાર કૈવલકર્તા છે. એટલે કે, મહદ્ સજાણજાણ સ્વરૂપ પૂર્ણ ચૈતન સર્જનહારનો સજાતીય અલ્પ જાણ રૂપ ચૈતન અંશ છે.

પોતાના આપનપુ ચૈતન અંશ સ્વરૂપને અને તે જેની સજાતિનો છે એવા નિજપતિ

કૈવલકર્તાને જાણ્યા સિવાય અંશના જન્મ-મરણનો નિવેડો આવતો નથી.

**સમદમ સંજમ સાધન, કરહી કલ્પ લ્યૌ જોગ;**
**અપનેહુ આપ ચીને બિનું, મીટે ન કર્તા વિજોગ. ૬૦**

### શબ્દાર્થ

**સમદમ** = પ્રણવને કુંભક કરી, દમને સમકરી **સંજમ** = ઈન્દ્રિયોનો નિગ્રહ કરી, સંયમ પાળીને **સાધન** = સાધના **કરહી** = કરવામાં આવે, કરે **કલ્પ** = સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગ એમ ચાર યુગની ચોકડી, એવી ૯૯૪ ચોકડી જેટલા સમયનો ગાળો ૪૩,૨૦,૦૦૦ વર્ષનો સમયગાળો **લ્યૌ** = સુધી, પર્યંત **જોગ** = યોગ, ચિત્ત વૃત્તિઓનો સંયમ, ધ્યાનસ્થ સ્થિતિ **અપનેહુ** = આપનપુ, સ્વ-ચૈતન સ્વરૂપ **આપ** = પોતાનું સ્વયં **ચીને** = ઓળખ્યા જાણ્યા **બિનું** = વગર, સિવાય, વિના **મીટે ન** = મટી શકે નહીં, દૂર ન થાય **કર્તા** = સર્જનહારનો, પરમપિતાનો, અંશીનો **વિજોગ** = વિયોગ, જુદાઈ.

### અનુવાદ

**પ્રણવને કુંભક કરીને ઈન્દ્રિયોનો નિગ્રહ કરી એક કલ્પ પર્યંત યોગ અને સાધના કરવામાં આવે તો પણ જ્યાં સુધી પોતાના સ્વ-સ્વરૂપને જાણે નહીં ત્યાં સુધી કર્તાનો વિયોગ મટી શકતો નથી.**

### ભાવાર્થ

સર્જનહારના કૈવલધામમાંથી શુદ્ધ ચૈતન અંશ અણિ અગ્ર અંકુરિત સ્વરૂપે છૂટા પડ્યે કરોડો કલ્પો વીતી ગયા છે. તે અંતિમ પરમપદને પ્રાપ્ત કરવા માટે માનવ પોતે પ્રણવને કુંભક કરી મન સહિત દસેય ઈન્દ્રિયોનો નિગ્રહ કરીને એક કલ્પ પર્યંત યોગ અને સાધના કરે તો પણ તેને પરમપદની પ્રાપ્તિ શક્ય નથી. જ્યાં સુધી સમર્થ ગુરુના શરણે જઈ પોતાના ચૈતન અંશ સ્વરૂપને જાણે નહીં અને દેહના આવરણોથી લપટાયેલો અંશ અસલ મૂળ શુદ્ધ અણિ અગ્ર અંકુરિત સ્વરૂપે ન થાય ત્યાં સુધી સર્જનહાર "કૈવલકર્તા" સાથેનો વિયોગ મટી શકતો નથી.

**તબ લગી ભરમત ઉત ઈત, ચૌદ તબક લ્યૌ જંત;**
**નિજ ઘર કબહુ ન પાવહી, બિન સદ્ગુરુ ઓરુ સંત. ૬૧**

### શબ્દાર્થ

**તબ લગી** = ત્યાં સુધી **ભરમત** = ભ્રમણાયુક્ત મતોમાં ભરમાઈને ભટક્યા કરવું, રખડવું, ભમ્યા કરવું **ઉત ઈત** = આમતેમ, આલોક અને પરલોકમાં, મૃત્યુલોક અને દેવલોકમાં **ચૌદ તબક** = ચૌદ લોક **લ્યૌ** = સુધી **જંત** = જીવો **નિજ ઘર** = મૂળ વતન, નિજ કૈવલધામ **કબહુ** = કદાપિ, ક્યાંરેય પણ, કોઈ દિવસ **ન** = નહીં **પાવહી** = પ્રાપ્ત કરે, મેળવી શકે **બિન** = વિના, સિવાય **સદ્‌ગુરુ** = સદ્‌ગુરુ **ઓરુ** = અને **સંત** = સંત.

### અનુવાદ

**(જ્યાં સુધી) સાચા સંત અને સદ્‌ગુરુ સિવાય નિજ ઘર કદાપિ પ્રાપ્ત કરી શકતા નથી ત્યાં સુધી જીવો ચૌદ લોકની આદ્ય લઈ મૃત્યુલોક અને દેવલોકમાં ભટક્યા કરે છે.**

### ભાવાર્થ

જ્યાં સુધી કૈવલકર્તાનો વિયોગ ન ટળે ત્યાં સુધી જગતના જીવો અજ્ઞાનતાને વશ હોઈ ભ્રમણા યુક્ત મત-મતાંતરોમાં ફસાઈને ચૌદ લોકની આદ્ય લઈ મૃત્યુલોક તથા દેવલોકમાં ક્રમાનુસાર જન્મ-મરણના ક્રમને વશ થઈ ભટક્યા કરે છે. એટલા માટે જ સાચા સંત અને સમર્થ સદ્‌ગુરુના શરણે ગયા સિવાય કોઈ પણ અંશ પોતાના મૂળ અંતિમ ઘર રૂપ અખંડ ‘‘કૈવલધામ’’ ને કદાપિ પ્રાપ્ત કરી શકશે નહીં.

**તેહી સંત જેહી સત્‌ગુરુ, અતિ જાગ્રત કૃત તીત;**
**નામ રૂપ ગુણ રહિતમ, જીનું લક્ષ અકથ કથીત. ૬૨**

### શબ્દાર્થ

**તેહી** = તે જ **સંત** = સંત મહાપુરુષ **જેહી** = જે **સત્‌ગુરુ** = સદ્‌ગુરુ **અતિ જાગ્રત** = અત્યંત જાગ્રત **કૃત** = રચના, ઉત્પત્તિથી **તીત** = પરે, અલગ, રહિત **નામ** = નામ **રૂપ** = આકાર **ગુણ** = પ્રાકૃતિક ત્રણ લક્ષણો (રજો, તમો અને સતો) **રહિતમ** = થી રહિત, રહેલા **જીનું** = જેનો **લક્ષ** = અંતિમ ધ્યેય **અકથ** = અવર્ણનીય **કથીત** = દર્શાવવામાં, જણાવવામાં, બતાવવામાં.

### અનુવાદ

**તે સંત રૂપ સદ્‌ગુરુ રચનાથી અલગ રહેલા નામ, રૂપ, ગુણ સિવાયના અકથ**

**પદનું વર્ણન કરવામાં વિશેષ જાગૃત રહે છે.**

### ભાવાર્થ

તે સાચા સંત રૂપ સદ્‌ગુરુ સમગ્ર બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિથી અલગ રહેલા નામ, રૂપ અને ગુણો સિવાયના અકથ કર્તાપદના લક્ષનું વર્ણન કરવામાં સદાને માટે વિશેષ ઉજાગ્રત રહે છે.

**ઓર સકલ વિતપન વેત, આપનપુ જાનનહાર;**
**જેહી આપનપુ ઓરુ પતિપદ, જીનુ સરલ એકતાર. ૬૩**

### શબ્દાર્થ

**ઓર** = બીજા, અન્ય (અને) **સકલ** = બધા, તમામ, સર્વ **વિતપન** = નાશવંત **વેત** = વેત્તા, વેશધારી, જાણકાર **આપનપુ** = સ્વ-ચૈતન સ્વરૂપ **જાનનહાર** = જાણકાર, વેત્તા **જેહી** = જે, તે **આપનપુ** = પોતાનું ચૈતન (અંશ) સ્વરૂપ **ઓરુ** = અને **પતિપદ** = સર્જનહારનું પદ, અંશી **જીનુ** = જેમનું **સરલ** = સરળ રીતે **એકતાર** = એકાકાર, એકરૂપ, જોડાણ, સળંગ સૂત્રવત્, અખંડ.

### અનુવાદ

**તેઓ પોતાના (સ્વ) ચૈતન સ્વરૂપને જાણનારા છે તેમજ આપનપુ અને પતિપદ સાથે તેમનો સરળપણે એકતાર છે, વળી બીજા બધા નાશવંત પદના વેત્તા છે.**

### ભાવાર્થ

વળી તે સદ્‌ગુરુ રૂપ પરમગુરુ સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ હોઈ તેઓ પોતાના (સ્વ) ચૈતન અંશ સ્વરૂપે દેહના બંધનોથી અલિપ્ત રહીને સજાણજાણ સ્વરૂપમાં જ તલ્લિન બનીને રહે છે. એટલું જ નહીં, પરંતુ પોતાની અલ્પ સજાણજાણ કર્તાની મહદ્ સજાણજાણ સાથે સરળપણે સળંગ સૂત્રવત્ એકતાર કરીને રહે છે.

જ્યારે વિશ્વમાં નિરંજનની આદ્ય લઈ ત્રણ ગુણોના અધિષ્ઠાન દેવતાઓ સહિત સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહ ધરાવતા બાકીના બધા જ નાશવંત પદના જાણનારા છે.

## જેહી એકતાર સરલ સીધ, નિધ મહાતમ ગમ જ્ઞાન;
## પ્રકૃતિ પુરૂષ પસરન ગણ, જીનતે અલગ સહાંન. ૬૪

### શબ્દાર્થ

**જેહી** = જે **એકતાર** = સળંગ, સૂત્રવત્, સંલગ્ન, અનુબંધન યુક્ત **સરલ** = સરળ રીતે **સીધ** = પ્રમાણિક, નિષ્કપટી, સળંગ **નિધ** = સાંનિધ્ય, નજીકપણું **મહાતમ** = મહાત્મ્ય, મહિમા, પ્રભાવ **ગમ** = સમજ, જાણ **જ્ઞાન** = જ્ઞાન **પ્રકૃતિ** = આદ્યશક્તિ, પ્રકૃતિ **પુરૂષ** = નિરંજન પુરુષ **પસરન** = પસારો **ગણ** = પ્રાકૃતિક ગુણના સમવર્તી ઘણ-સ્વકાસ, અચંત અને અહંકાર **જીનતે** = જેનાથી **અલગ** = જુદા, રહિત **સહાંન** = સમજ, સમજુ રહેલા છે.

### અનુવાદ

**તેમની એકતા સરળ અને સળંગ સૂત્રવત્ છે. તેમનું સાંનિધ્ય પ્રભાવશાળી છે, વળી જ્ઞાન પક્ષે તેમની સમજ (જાણ) છે. જે પ્રકૃતિ અને પુરુષના પસારા રૂપ ગુણ અને ઘણથી અલગ રહેલા છે.**

### ભાવાર્થ

તેવા પરમગુરુની એકતા સર્જનહારની જાણ સાથે સરળ રીતે સળંગ સૂત્રવત્ રહેલી છે. તેમનું સાંનિધ્ય ખૂબ જ પ્રભાવશાળી છે. વળી જ્ઞાનપક્ષે જોતાં તેમની સમજ પ્રકૃતિ અને નિરંજન પુરુષના પસારા રૂપ ત્રણ ગુણોના દેવતા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તેમજ ત્રણ ઘણના દેવતા મીંડક, કોરમ અને શેષજીથી અધિક અલગ પ્રકારની છે. એટલું જ નહીં, પરંતુ તેમની વૃત્તિ બ્રહ્મથી પરે રહેલ પરમપદની સાથે સળંગ સૂત્રવત્ જોડાયેલી છે.

## સુપનંતર અંતર નહીં, નિજ ગતિસે મતિ ભિન્ન;
## ઉતઈતકે હોઈ રહે જેહી, સાક્ષી સકલ પ્રવિન. ૬૫

### શબ્દાર્થ

**સુપનંતર** = સ્વપ્નમાં પણ **અંતર** = દૂર, છેટું, જુદાઈ, ભિન્નતા **નહીં** = નથી **નિજ** = મૂળ, પોતાની **ગતિસે** = સમજથી, જાણથી **મતિ** = બુદ્ધિ, જાણ, સમજ, ગતિ **ભિન્ન** = જુદી, અલગ **ઉતઈતકે** = અહીં અને તહીં, મૃત્યુલોક અને દેવલોક **હોઈ રહે** = થઈ રહે **જેહી** = જે, જેઓ **સાક્ષી** = દષ્ટા, જોનાર, સાખ પુરનાર

**સકલ** = સર્વના બધી જ બાબતોથી **પ્રવિન** = કુશળ, માહિતગાર, નિપુણ, બુદ્ધિમાન, કાબેલ.

### અનુવાદ

**સ્વપ્નાંતરે પણ નિજ જાણની સમજથી જુદાઈ ન હોવાથી તેમની ગતિ સહેજ પણ ભિન્ન થતી નથી. વળી, અહીં અને ત્યાંના સાક્ષી રૂપે રહેલા હોઈ તેઓ બધી જ રીતે નિપુણ છે.**

### ભાવાર્થ

દિવ્ય પરમગુરુ પોતાની સજાણજાણથી કર્તાની મહદ્ જાણ સાથે સદાને માટે જોડાયેલા છે અને સ્વપ્નાંતરે પણ તેઓ ભિન્નતા (જુદાપણું) અનુભવતા નથી. અર્થાત્ તેઓ કર્તાની નિજ જાણ સાથે સળંગ સૂત્રવત્ જોડાયેલા જ રહે છે. વળી તેઓ આ બાજુના (મૃત્યુલોક તથા દેવલોક સહિત) અને ત્યાંના (કૈવલધામના) સાક્ષી સ્વરૂપે રહેલા હોઈ સર્વ બાબતોના સંપૂર્ણ રીતે માહિતગાર હોય નિપુણ છે.

**ઈત સાક્ષી જેહી અનિતકે, રહન અલગ મગ મંદ;**
**તીત સાક્ષી દિવ્ય દરસકે, કરનહી ક્તા સમંધ. ૬૬**

### શબ્દાર્થ

**ઈત** = અહીંના, મૃત્યુલોકના, આ બાજુના **સાક્ષી** = દૃષ્ટા, જોનાર, શાખ પુરનાર **જેહી** = જે તે **અનિતકે** = અનિત્યના, નાશવંત રચનાના **રહન** = રહે છે, રહેલા છે **અલગ** = જુદા, ભિન્ન, રહિત **મગ** = માર્ગ, બાજુ, રસ્તો, પ્રત્યે, તરફ, સુધી, ગતી, ભણી **મંદ** = હળવું, ઉદાસીન લાગણી રહિત, નિસ્તેજ, ધીમું, નરમ, વિતરાગી, નિસ્પૃહી **તીત** = ત્યાંના **સાક્ષી** = દૃષ્ટા **દિવ્ય** = અલૌકિક, મહાન, ઉત્તમ, શ્રેષ્ઠ **દરસકે** = દૃષ્ટિના **કરનહી** = કરે છે, કરાવે છે **ક્તા** = સર્જનહાર, નિજકર્તા **સમંધ** = સબંધ, પરિચય, મેળ, સંધિ, જોડાણ, સંયોગ.

### અનુવાદ

**અહીંના નાશવંત પદાર્થોના સાક્ષી હોઈ અનિત્ય માર્ગો પ્રત્યે તેઓ ભિન્ન અને ઉદાસીન રહે છે. તેમજ ત્યાંના પણ સાક્ષી હોઈ દિવ્ય દૃષ્ટિથી કર્તા સાથે સંબંધ કરાવે છે.**

### ભાવાર્થ

તેઓ આ બાજુની (જગત પક્ષની) નાશવંત રચના પૈકીના સાક્ષી હોવાથી અનિત્ય માર્ગો પર ચાલતા સિદ્ધાંતો પ્રત્યે સંમત નથી એટલે જ તેવા બાદલા અને પતિપક્ષ વગરના સિદ્ધાંતો પ્રત્યે સદા ભિન્ન અને ઉદાસીન રહે છે. તેમજ ત્યાંના (કર્તા પક્ષના) પણ સાક્ષી હોવાથી પોતાની દિવ્ય દૃષ્ટિથી શરણે આવેલા અંશોને સકર્તા સર્જનહાર (કૈવલકર્તા) સાથે મેળાપ કરાવી આપે છે.

**કર્તા સંબંધી તેહી સદ્ગુરુ, અલખ લખાવે સો સંત;**
**એસેહી અદલી મીલે જીનું, ફદલ કરહી ભવ જંત. ૬૭**

### શબ્દાર્થ

**કર્તા** = સકર્તા પતિ, સર્જનહાર **સંબંધી** = સંબંધવાળુ, નાતો ધરાવતું **તેહી** = તે **સદ્ગુરુ** = સદ્ગુરુ **અલખ** = લખી ન શકાય તેવા, અવર્ણનીય **લખાવે** = દર્શાવે, જણાવે **સો** = તે **સંત** = સંત પુરુષ **એસેહી** = એવા, તેવા **અદલી** = ઈન્સાફી, ન્યાયી, યથાર્થી **મીલે** = મળે **જીનું** = જેને **ફદલ** = નષ્ટ, મુક્ત **કરહી** = કરે છે **ભવ** = સંસારના, જગતના **જંત** = માનવોને, વ્યક્તિઓને, મુમુક્ષુઓને.

### અનુવાદ

**કર્તા સાથે સંબંધ ધરાવે તે જ સદ્ગુરુ અને અલખને દર્શાવે (લખાવે) તે સંતપુરુષ છે. એવા સદ્ગુરુ જો કોઈ મુમુક્ષુ (માનવ) ને મળે તો તેનું ભવબંધન નષ્ટ કરે છે.**

### ભાવાર્થ

સર્જનહાર સાથે સંબંધ ધરાવનાર સદ્ગુરુ કહેવાય છે. આમ અલખ એવા અંશીને દર્શાવનારને જ સાચા સંત પુરુષ કહેવાય છે. એવા મહાન સમર્થ ન્યાયી શ્રીમત્ કરુણાસાગરનું શરણું જગતના કોઈ માનવી સ્વીકારે તો એવા અધિકારી સેવકનું તેઓ નિશ્ચિતપણે જન્મ અને મરણનું (ભવનું) બંધન દૂર કરે છે.

**ઓરુ સંત જીતને ગુરુ, જગ બોધીક ગુણ ગ્રામ;**
**કરમકાંડ દઢ કરનકે, મોક્ષ બતાવન નામ. ૬૮**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **સંત** = સંતપુરુષ **જીતને** = જેટલા **ગુરુ** = ગુરુ **જગ** = વિશ્વને, જગતને **બોધીક** = બોધ આપનાર, બોધ દેનાર **ગુણ** = ત્રણ ગુણો (રજો, તમો અને સતોગુણ) **ગ્રામ** = ઉપદેશ, જ્ઞાન **કરમકાંડ** = ધાર્મિક ક્રિયાઓ અને કર્મો **દૃઢ** = નિશ્ચત, સ્થિર, નક્કી **કરનકે** = કરાવીને **મોક્ષ** = મુક્તિ **બતાવન** = બતાવે છે, દેખાડે છે **નામ** = નામની જ, કહેવા પુરતી જ નામના સ્મરણ થકી જ.

### અનુવાદ

**બીજા જેટલા સંત અને ગુરુઓ છે તે જગતને (ત્રણ રજો, તમો અને સતો) ગુણોનો ઉપદેશ કરનારા છે. તેઓ કર્મકાંડને દૃઢ કરાવીને નામથી જ મોક્ષ બતાવે છે.**

### ભાવાર્થ

જગતમાં અન્ય સંત પુરુષો તથા જેઓ ગુરુ તરીકેનો દાવો કરનારા છે તેઓ સૌ જગતના અજ્ઞાની અને ભોળા જીવોને રૂપ, ગુણવાળા સગુણ દેવ-દેવીઓના નામનો ઉપદેશ આપે છે. વળી શાસ્ત્રોમાં દર્શાવ્યા મુજબની ધાર્મિક ક્રિયાઓ (કર્મકાંડ)ને દૃઢ કરાવે છે. આમ સગુણ દેવી-દેવતાઓનાં નામનું સ્મરણ કરાવીને જે મુક્તિ અપાવવાનો ડોળ કરે છે તે ફક્ત નામથી જ (મનને મનાવવા પૂરતી જ) મુક્તિ છે. એમ કરવાથી ભવસાગરમાંથી અર્થાત્ જન્મ અને મરણના બંધનમાંથી મુક્ત થઈ શકાતું નથી.

## એસેહી ગુરુ ઓરુ સંતહી, ભવમેં ભવિત અપાર;
## સૌ ક્યૌ અલખ લખાવહી, જીનુ નહીં તત્ત્વ વિચાર. ૬૯

### શબ્દાર્થ

**એસેહી** = એવા, તેવા **ગુરુ** = ગુરુ **ઓરુ** = અને **સંતહી** = સંત-પુરુષો **ભવમેં** = જગતમાં, સંસારમાં **ભવિત** = થઈ ગયેલા, થયા **અપાર** = પાર વિનાના, અનેક, અસંખ્ય **સૌ** = તે બધા **ક્યૌ** = કેવી રીતે, કેમ કરીને **અલખ** = લખી ન શકાય તેવા, અવર્ણનીય પદને **લખાવહી** = દર્શાવી શકે, બતાવી શકે, જણાવે **જીનુ** = જેમને **નહીં** = નથી **તત્ત્વ** = તત્ત્વો અંગેના, તત્ત્વજ્ઞાન **વિચાર** = ખ્યાલ, સમજ.

### અનુવાદ

**એવા ગુરુઓ અને સંતપુરુષો વિશ્વમાં અનેક થઈ ગયા છે. તેમને તત્ત્વજ્ઞાનનો**

**પણ ખ્યાલ (વિચાર માત્ર) નથી તો પછી કેવી રીતે અલખને દર્શાવી (સમજાવી) શકે ?**

## ભાવાર્થ

જેઓ રૂપ અને ગુણોવાળા અવતારાદિક મહાપુરુષો અને દેવી-દેવતાઓના નામનું રટણ કરાવી કર્મકાંડની ક્રિયા-કર્મમાં જગતના જીવોને જકડી રાખે છે. તેવા ગુરુઓને પિંડ કે બ્રહ્માંડના નાશવંત તત્ત્વોના બંધારણ અંગેની સાચી સમજ પણ નથી તો પછી તેઓ તત્ત્વાતીત એવા અલખ કર્તાપદ પ્રાપ્ત કરવાવાળાના અંશ અને અંશીના લક્ષને કેવી રીતે સમજાવી શકે ?

**ઓરુ લહત નહીં આપનપુ, પુનિ કર્તા નહીં જાત;**
**તેહી ક્યૌ પાર પમાડેહી, જીનકે નામ સિદ્ધાંત. ૭૦**

## શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **લહત** = જાણે **નહીં** = નહીં **આપનપુ** = પોતાનું શુદ્ધ સ્વ-ચૈતન અંશસ્વરૂપ **પુનિ** = વળી, તેમ જ **કર્તા** = સર્જનહાર, કૈવલપતિ **નહીં** = નહીં **જાત** = જાતિ, વંશ **તેહી** = તેઓ **ક્યૌ** = કેવી રીતે **પાર** = ભવપાર **પમાડેહી** = પમાડે **જીનકે** = જેમના, જેઓના **નામ** = નામ **સિદ્ધાંત** = સિદ્ધાંત, પ્રમાણિત કરેલ મત.

## અનુવાદ

**જેઓ પોતાનું સ્વ-ચૈતન સ્વરૂપને જાણતા નથી કે તેના સજાતીય કર્તાને પણ ઓળખતા નથી તો પછી તેમના આપેલા નામ કે સિદ્ધાંત કેવી રીતે ભવપાર કરાવી શકે ?**

## ભાવાર્થ

તેવા સંત-પુરુષો અને ગુરૂપદ ધારણ કરીને બેઠેલાઓ પિંડમાં રહેલા નાશવંત અને શાશ્વત ચેતનતા બક્ષનાર, તત્ત્વાતીત એવા પોતાના ચૈતન અંશ સ્વરૂપને પણ જાણતા નથી. વળી અંશ જેની સજાતિનો છે એવા બ્રહ્માંડથી તીત રહેલા જગતના સર્જનહાર અંશીને પણ તેઓ ઓળખતા નથી, તો પછી તેઓએ દર્શવેલા નામ કે તેમણે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતનું જ્ઞાન જગતના જીવોને કેવી રીતે ભવ પાર કરી શકે ? મતલબ કે તેમણે દર્શાવેલ નામનું રટણ કરીને અગર તેમના દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંતનું

જ્ઞાન પ્રાપ્ત કરીને જગતના ભોળા-અજ્ઞાની જીવો કેમ કરીને ભવપાર થઈ શકે ?

**જેહી નામ જીનકે શિર, દેત ન તેહી દરશાય;**
**બિનું દરસે નિજ નામીકુ, નામે કછુ ન બસાય. ૭૧**

### શબ્દાર્થ

**જેહી** = જે **નામ** = નામ **જીનકે** = જેમના, જેના **શિર** = માથે, મસ્તકે **દેત** = દેતાં, લેતાં, અર્પણ કરતાં **ન** = નહીં **તેહી** = તે **દરશાય** = દેખાય, જણાય **બિનું** = વગર, સિવાય **દરસે** = દેખે, જોવાથી **નિજ** = મૂળ, આદિ પોતાના **નામીકુ** = નામને ધારણ કરનાર **નામે** = નામથી **કછુ** = કાંઈ પણ **ન** = નહીં **બસાય** = બનવું, થવું.

### અનુવાદ

**જેના શિર પર જે નામ છે તે નામ દેવાથી નામી દશ્યમાન થતા નથી. વળી નામીને જાણ્યા સિવાય નામથી કોઈ પણ કામ બનતું નથી.**

### ભાવાર્થ

નાશ્વંત તત્ત્વોથી બનેલા કોઈ પણ સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહ ધારણ કરેલા ઘાટ ઉપર જે નામનું આરોપણ કરવામાં આવેલું છે, તેવા નામના રટણથી નામીની હયાતિ ન હોવાથી નામી દશ્યમાન થતો નથી. વળી નામને યથાર્થ રીતે ઓળખવા કે જાણ્યા સિવાય ફક્ત નાશવંત નામોના રટણ માત્રથી અંશની મુક્તિનું કાર્ય પાર પડતું નથી.

**તેહી નામ અક્ષર લહે, નામ રહે નહીં લેશ;**
**જ્યાંહી ત્યાંહી વ્યાપક અક્ષર, સબ પર રેશે રેશ. ૭૨**

### શબ્દાર્થ

**તેહી** = તે **નામ** = નામ **અક્ષર** = અક્ષર **લહે** = જણાય છે **નામ** = નામ **રહે** = રહે **નહીં** = નહીં, નથી **લેશ** = જરાપણ, કિંચિત પણ, લેશમાત્ર **જ્યાંહી** = જ્યાં **ત્યાંહી** = ત્યાં **વ્યાપક** = પથરાયેલું, સર્વત્ર ફેલાયેલું **અક્ષર** = અક્ષર **સબ પર** = બધા ઉપર, સૌના માથે **રેશે રેશ** = રજે રજ, સંપૂર્ણપણે, બધું જ, તમામ, કણ પણ છોડ્યા વગર.

### અનુવાદ

**તે નામ અક્ષર વડે જણાય છે, જેથી નામ જરાપણ રહેવા પામતું નથી. રજે રજની આદ્ય લઈને જ્યાં ને ત્યાં પ્રત્યેક (વસ્તુઓ) ના શિર પર અક્ષરો જ વ્યાપક રહેલા છે.**

### ભાવાર્થ

નામનું બંધારણ વર્ણમાળાના અક્ષરો થકી બંધાયેલું છે. જેથી અક્ષરોના મહત્ત્વને જોતાં નામનું અસ્તિત્વ જરાપણ રહેવા પામતું નથી. એટલે કે, નામની ઉત્પત્તિના મૂળને જોતાં રજ રજની આદ્ય લઈને દરેક વસ્તુ, વ્યક્તિ કે પદાર્થ ઉપર જ્યાં ને ત્યાં અક્ષરોનો જ વ્યાપ જોવા મળે છે.

**તા પર પ્રણવ પ્રસિદ્ધ પદ, જીનત્યે ઉપજેહુ લેખ;**
**શબ્દાતીત સમદમ રહે, અંક રહે નહીં રેખ. ૭૩**

### શબ્દાર્થ

**તા પર** = તેના પર **પ્રણવ** = પ્રાણાયમ **પ્રસિદ્ધ** = જાહેર, વિખ્યાત, જાણીતું, પ્રખ્યાત **પદ** = દરજ્જો, સ્થાન, ઠેકાણું, જગ્યા **જીનત્યે** = જેનાથી **ઉપજેહુ** = ઉત્પન્ન થાય છે, બને છે **લેખ** = લખાણ, શબ્દ રચના **શબ્દાતીત** = શબ્દોથી પરે **સમદમ** = સપ્રમાણ ચાલતો શ્વાસ, સમાન કે સરખા પ્રમાણે વહેતો પ્રણવ **રહે** = રહે **અંક** = અક્ષર, વર્ણમાળાનો મૂળાક્ષર **રહે** = રહે **નહીં** = નહીં **રેખ** = જરાપણ, લગાર, થોડુ, અલ્પ.

### અનુવાદ

**તેના ઉપર પ્રસિદ્ધ પ્રણવ પદ રહેલું છે કે જેનાથી શબ્દ રચના ઉત્પન્ન થાય છે. જ્યારે શબ્દોથી તીત થઈ સમદમ પ્રણવ વહે ત્યારે જરા પણ અક્ષરો રહેવા પામતા નથી.**

### ભાવાર્થ

બાવન અક્ષરોનું મૂળ પ્રણવ છે. જે પ્રસિદ્ધપણે દેહમાં વહ્યા કરતો જણાય છે. પરંતુ જ્યારે દેહમાં તુર્યાવસ્થાનું વર્તમાન ચાલતું હોય ત્યારે અગાઉની અવસ્થા અને તેના અંતઃકરણોના પ્રભાવ લીન પામતાં શબ્દોથી તીત થઈને પ્રણવ અંશની જાણ વિનાનો સરખા પ્રમાણે રેચક-પ્રેરકની ગતિ કરતો હોવાથી લેશમાત્ર પણ અક્ષરોની ઉત્પત્તિ થતી નથી.

## જદીપ રહે એક પ્રણવહી, અજપા સહેજ સ્વભાવ;
## તાઈ કરત પુનિ કુંભક, રહત ન પ્રણવ પ્રસાવ. ૭૪

### શબ્દાર્થ

**જદીપ** = જ્યારે, જેથી **રહે** = રહે **એક** = એકલો, એકમાત્ર **પ્રણવહી** = પ્રણવ, શ્વાસોચ્છ્વાસ **અજપા** = આપોઆપ જપાતો (ચાલતો) શ્વાસ **સહેજ** = સહેજા સહેજ, એની મેળે કંઈ પણ ક્રિયા વગરનો **સ્વભાવ** = લક્ષણ, પ્રકૃતિ, ગુણ, ખાસિયત **તાઈ** = તેને **કરત** = કરીને **પુનિ** = વળી, ફરીથી **કુંભક** = સ્થિર, રેચક અને પ્રેરકના શ્વાસને રુંધી રાખવાની ક્રિયા, શ્વાસ લઈને સ્થિર રાખવું તે **રહત** = રહે છે **ન** = નહીં **પ્રણવ** = પ્રણવ શ્વાસોચ્છ્વાસ **પ્રસાવ** = પસારો, ફેલાવો, વિસ્તરણ.

### અનુવાદ

**જેથી સહેજ સ્વભાવે અજપારૂપ પ્રણવ એકલો જ વહે છે, વળી પ્રણવને કુંભક કર્યા પછી પ્રણવનો પસારો રહેવા પામતો નથી.**

### ભાવાર્થ

જ્યારે તીત થઈને વહે તો પ્રણવ સહેજ સ્વભાવે અજપા જાપ રૂપે કોઈ પણ પ્રકારના પ્રભાવથી રહિત એકલો જ નિર્મળ સ્વરૂપે રેચક-પ્રેરકની ગતિ કરતો હોય છે.

જ્યારે પ્રેરક થયેલા પ્રણવને રેચક ન થવા દેતાં સ્થિર કરીને કુંભક કરવામાં આવે તે પછી પ્રણવનો પસારો રહેવા પામતો નથી. એટલે કે, શ્વાસની રેચક કે પ્રેરક ગતિ પણ અટકી ગયેલી હોય છે. જેને પ્રણવની કુંભક સ્થિતિ કહેવામાં આવે છે.

## પ્રણવ હોત જબી કુંભક, પ્રેરક રેચક ગતિ ત્યાગ;
## સ્વર સમવત્ત સરભર રહે, પ્રણવ રહત નહીં જયાગ. ૭૫

### શબ્દાર્થ

**પ્રણવ** = પ્રાણાયમ, શ્વાસોચ્છ્વાસ **હોત** = થાય છે **જબી** = જ્યારે **કુંભક** = સ્થિર **પ્રેરક** = અંદર પુરાય છે તે **રેચક** = બહાર નીકળે છે તે **ગતિ** = ચાલ **ત્યાગ** = ત્યજી દેવું, છોડવું **સ્વર** = શ્વાસ, પ્રણવ **સમવત્ત** = સરખા પ્રમાણમાં, સ્થિર, એક સરખો **સરભર** = ભરપૂર, પુરાયેલો, પુરેપુરું **રહે** = રહે **પ્રણવ** = પ્રાણાયામ **રહત** = રહે છે **નહીં** = નહીં **જયાગ** = જાગ્રત, ક્રિયાશીલ, કાર્યાન્વિત.

### અનુવાદ

**જ્યારે પ્રણવ કુંભક થાય છે ત્યારે રેચક-પ્રેરક ગતિ ત્યજી દે છે. તે સમયે પ્રણવ એક સરખા પ્રમાણમાં પુરાયેલો રહેતો હોવાથી ક્રિયાશીલ રહેતો નથી.**

### ભાવાર્થ

જ્યારે શરીરમાં પ્રાણાયમની ગતિ કુંભક સ્થિતિમાં હોય છે ત્યારે પ્રણવની પ્રેરક (અંદર જવાની) ગતિ કે રેચક (બહાર નીકળવાની) ગતિ લીન પામેલી હોય છે. આ સમયે શ્વાસ શરીરમાં એક સરખા પ્રમાણમાં પુરાયેલો હોવાથી તેની ગતિ સ્થિર દશામાં હોય છે ત્યારે કોઈ પણ પ્રકારની ક્રિયાશીલતા હોતી નથી.

**ગયે પ્રણવ વિપુ વિલસહી, કુંભકકે ઘરમાંય;**
**કર્તા અંશવૃત્તિ મસરીત, ન્હેઃ અક્ષર રહે જ્યાંય. ૭૬**

### શબ્દાર્થ

**ગયે** = જાપ, થાય **પ્રણવ** = પ્રાણાયમ, શ્વાસ **વિપુ** = શરીરમાં **વિલસહી** = આનંદ કરતો, શોભવું, માણવું, વિલાસ કરવો, રહેવું, લીન પામવું, વિલસાઈ જવું **કુંભકકે** = કુંભકના **ઘરમાંય** = ઠેકાણે, ઘરની અંદર, સ્થાનમાં **કર્તા અંશવૃત્તિ** = કર્તાના અંશની વૃત્તિ, કર્તાના અંશની જાણ **મસરીત** = મળીને, ભેગી ભળીને, મીશ્રિત થઈને **ન્હેઃ અક્ષર** = ન્હેઃ અક્ષર **રહે** = રહે છે **જ્યાંય** = જ્યાં છે ત્યાં.

### અનુવાદ

**જ્યારે પ્રણવ શરીરમાં વિલસાઈ જાય ત્યારે કુંભકના સ્થાનમાં રહે છે. આ સમયે કર્તાના અંશની વૃત્તિ તેમાં ભળેલી હોવાથી ન્હેઃઅક્ષર ત્યાં રહે છે.**

### ભાવાર્થ

જ્યારે યોગીજનો પ્રાણાયમની સાધના દ્વારા પ્રણવને કુંભક સ્થિતિમાં રાખે છે ત્યારે પ્રણવ શરીરમાં નિવૃત્ત થઈ કુંભકના સ્થાને રહે છે આ સમયે અંશની વૃત્તિ કુંભકના સ્થાનમાં પડેલી હોય છે. એવા અંશ વૃત્તિથી પ્રભાવિત થયેલ કુંભક પ્રણવના સ્થાન કે જ્યાં કુંભકનું ઘર છે અને ન્હેઃ અક્ષરનું રહેઠાણ છે એવા સ્થાનને બ્રહ્મરંદ્ર તરીકે ઓળખવામાં આવે છે.

## પ્રણવ લીન ભયે કુંભક, અંક રહે કીસ ઠામ;
## બિનું અક્ષર વૃત્તિ વસ્તહી, ન્હેઃઅક્ષર તીનુ નામ. ૭૭

### શબ્દાર્થ

**પ્રણવ** = પ્રાણાયમ, શ્વાસ **લીન** = સમાઈ જાય, શાંત પામે, સ્થિર થઈને રહે, ગરકાવ થાય **ભયે** = થાય **કુંભક** = સ્થિર **અંક** = અક્ષર **રહે** = રહે **કીસ ઠામ** = કયા ઠેકાણે, કઈ જગ્યાએ **બિનું** = વગર, સિવાય **અક્ષર** = અક્ષર **વૃત્તિ** = અંશવૃત્તિ **વસ્તહી** = વસ્તુ સ્વરૂપે **ન્હેઃઅક્ષર** = ન્હેઃઅક્ષર **તીનુ** = તેનું **નામ** = નામ.

### અનુવાદ

**પ્રણવ લીન પામીને કુંભક સ્થિતિમાં થાય ત્યારે અક્ષર ક્યા સ્થળે રહી શકે ? વસ્તુ રૂપ અક્ષર સિવાયના પ્રણવ પર અંશવૃત્તિ છે તેનું નામ ન્હેઃઅક્ષર છે.**

### ભાવાર્થ

અગાઉની ચોપાઈને વધુ સ્પષ્ટ કરતાં સમજાવ્યું છે કે જ્યારે પ્રણવ રેચક કે પ્રેરક ગતિ કરતા લીન પામે ત્યારે તે કુંભક સ્થિતિમાં થઈને રહે છે. તે સમયે પ્રણવની ગતિ કુંભક હોવાથી અક્ષરની ઉત્પત્તિ થતી નથી. એટલે કે, અક્ષર રહેવા પામતો નથી. તો પછી તેને રહેવાનું મૂળ સ્થાન હોઈ શકે નહીં. આ રીતે પ્રણવની ગતિ જ નથી તો પછી અક્ષર પણ ઉત્પન્ન થઈ શકતો નથી પ્રણવ કુંભકના સ્થાનમાં સ્થિર રહેતો હોઈ તેવા શુદ્ધ નિર્મળ પ્રણવ ઉપર અંશની વૃત્તિ પણ સ્થિર થઈને રહે છે. આમ, પ્રણવના મૂળ ઘર રૂપ જે કુંભક સ્થાન છે કે જ્યાં અંશની વૃત્તિ સ્થિર થયેલી રહે છે, તે ન્હેઃઅક્ષર તરીકે ઓળખાય છે.

## જેહી વસત ન્હેઃઅક્ષર, કર્તા અંશ જીનુ સુઝ;
## સુઝ પરમ પર અંશ વિત્ત, જેહી છેવટ નિજ બુઝ. ૭૮

### શબ્દાર્થ

**જેહી** = જે **વસત** = વસ્તુ, સત્વ **ન્હેઃઅક્ષર** = ન્હેઃઅક્ષર **કર્તા અંશ** = કૈવલકર્તાના સજાણજાણ ચૈતન અંશ **જીનુ** = જેની **સુઝ** = જાણ **સુઝ પરમ** = શ્રેષ્ઠ સૂઝ, છેવટની જાણ **પર** = તેનાથી તીત **અંશ વિત્ત** = અંશની જાણ-વૃત્તિ **જેહી** = જે **છેવટ** = અંતિમ, આખરની **નિજ બુઝ** = પોતાની સમજ, મૂળ સમજ, નિજ જાણ.

### અનુવાદ

**જે વસ્તુરૂપ ન્હે:અક્ષર છે, તે જ કર્તાના અંશની જાણ છે. તે પરમજાણની પર અંશનું વિત્ત રહેલું છે. એ જ અંશની છેલ્લી (અંતિમ) સમજ છે.**

### ભાવાર્થ

સર્જનહારના સજાતીય સજાણજાણ, ચૈતન અંશની અહીં સાચી અને છેવટની સમજ દર્શાવિવામાં આવી છે. પ્રણવના કુંભક સ્થાનમાં રહેલી અંશની જાણ કે જેને ન્હે:અક્ષર તરીકે સંબોધવામાં આવી છે. તે અંશની જાણ જે કુંભક પ્રણવનું જે રહેઠાણી સ્થાન છે તેના ઉપર સ્થિર થઈને રહેલી છે તે જ અંશનું સાચું વિત્ત છે. તે વિત્તવાળો અંશ પોતાની જાણ થકી પ્રણવને ચેતનતા બક્ષીને મૂળ સ્થાનમાંથી ચલાયમાન કરે છે એટલે કે, પાંચ તત્ત્વોના બનેલા ઘાટમાં જે સમચૈતન હીર રૂપ પ્રાણાયામ છે તેને ચેતનવંત કરનાર સકર્તા પતિનો સજાતીય અંશ છે.

## જેહી બુઝ નિજ છેવટ, કર્તા અંશ ઈત આપ;
## આપ પરંતહુ અપરમ, નિજપતિ પરમ અમાપ. ૭૯

#### શબ્દાર્થ

**જેહી** = તે, જે **બુઝ** = સમજ **નિજ** = પોતાની, મૂળ, આદિ **છેવટ** = છેવટની, અંતિમ, છેલ્લી **કર્તા અંશ** = સકર્તા પતિનો સજાણજાણ સજાતીય ચૈતન અંશ **ઈત** = આ બાજુ, અહીં **આપ** = પોતે **આપ** = પોતે **પરંતહુ** = તેમ છતાં **અપરમ** = અપરંપાર, મહદ્ **નિજપતિ** = પરમપતિ, સર્જનહાર **પરમ** = મહાન, શ્રેષ્ઠ **અમાપ** = અમાપ, માપથી રહિત.

### અનુવાદ

**કર્તાના અંશની આ સમજ જે છેવટની છે જેને આપનપુ સ્વરૂપ કહેવાય. પરંતુ આપનપુ રૂપ અંશની ઉપર અપરંપાર એવા સર્જનહાર કે જેઓ સર્વશ્રેષ્ઠ અને અમાપ રહેલા છે.**

### ભાવાર્થ

જડ તત્ત્વોના બંધારણથી તૈયાર થયેલા નાશવંત શરીરને પ્રણવના માધ્યમથી

ચેતનતા પ્રદાન કરનાર આપનપુ ચૈતન સ્વરૂપ તે જ સકર્તાપતિ સર્જનહારનો સજાણજાણ સજાતીય ચૈતન અંશ છે. જેની સમજ જે અગાઉ દર્શાવવામાં આવી, તે જ છેવટની અને સાચી સમજ છે.

તે અંશ જેની સજાતિનો અલ્પ ભાગ છે, એવા મહદ્ સજાણજાણ ચૈતન અપરંપાર સર્જનહાર બ્રહ્માંડથી તીત રહેલા છે. જેમની અગાધ ને અમાપ શક્તિ સર્વત્ર વ્યાપેલી છે. આમ દરેકે દરેક સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહોમાં તેમનો સજાતીય અંશ સર્વોપરી તરીકે રહેલો છે.

**તહી અમાપકે માપક, સકલ અંશ ઈત જહાંન;**
**દ્વૈત ભયે પદ પરમસે, તબત્યે હોત હેરાન. ૮૦**

### શબ્દાર્થ

**તહી** = તે, તેવા **અમાપકે** = અમાપકના **માપક** = માપવાળા **સકલ** = બધા જ **અંશ** = સજાણજાણ સજાતીય ચૈતન અંશ **ઈત** = આ **જહાંન** = વિશ્વમાં, જગતમાં, બ્રહ્માંડમાં **દ્વૈત** = છૂટા, જુદા, અલગ, ભિન્ન **ભયે** = થયા, પડ્યા **પદ** = સ્થાન **પરમસે** = પરમધામમાંથી, કૈવલધામમાંથી **તબત્યે** = ત્યારથી **હોત** = થાય છે **હેરાન** = દુઃખી, પરેશાન.

### અનુવાદ

**તે અમાપના માપક સર્વ અંશો આ બ્રહ્માંડમાં (રહેલા) છે. જ્યારથી તેઓ પરમપદથી વિખૂટા (અલગ) પડ્યા ત્યારથી દુઃખી થાય છે.**

### ભાવાર્થ

એવા અમાપ કૈવલકર્તાના સજાતીય માપક સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશો કૈવલધામમાંથી અલગ (છૂટા) પડીને આ બાજુ બ્રહ્માંડમાં આવ્યા છે. સર્જનહારે જ્યારે પોતાની છઠ્ઠી અંશવૃત્તિથી અંશોને ઉત્પન્ન કરીને વિદેશ રૂપ બ્રહ્માંડમાં મોકલ્યા ત્યારે શુદ્ધ અણિ અગ્ર અંકુરિત સ્વરૂપે હતા. બ્રહ્માંડમાં આવ્યા બાદ અંશોને વિધ વિધ પ્રકારના દેહોના આવરણો લાગતાં દુઃખી થવા લાગ્યા છે. આ પ્રમાણે જ્યારે કર્તાથી અલગ થયા બાદ આવરણો લાગ્યા ત્યારથી (કરોડો કલ્પોથી) અત્યાર સુધી જન્મ-મરણના ચક્રાવામાં પીલાતા જાય છે અને દુઃખી થાય છે.

**હોત હેરાન હલાહલ, હુરમત હંગ ગમાય;**
**અજર પુરુષકે અંશ થયે, પણ પરવશે પસાય. ૮૧**

### શબ્દાર્થ

**હોત** = થયા, થાય છે **હેરાન** = દુઃખી, પીડાય, વ્યાકુળ **હલાહલ** = અતિ, મહાન, તીવ્ર, અતિશય **હુરમત** = શુદ્ધ, પવિત્ર, મોભો, મરતબો **હંગ** = જાણ **ગમાય** = ગુમાવીને, ખોઈને **અજર પુરુષકે** = અજન્મા પુરુષના, અમર પરમપિતાના, અવિનાશી કર્તાના **અંશ** = સજાણજાણ સજાતીય ચૈતન અંશ **થયે** = હતા, હોવા છતાં, થયા **પણ** = પરંતુ **પરવશે** = પરાધીન થઈને, પરવશ થઈને, પારકાને આધીન થઈને **પસાય** = પસ્તાયા, ફસાયા, સપડાઈ ગાય (ભરમાયા).

### અનુવાદ

**પોતાની શુદ્ધ જાણ ગુમાવવાથી અતિશય હેરાન થાય છે (જો કે) પોતે તો અજર પુરુષના અંશ હતા, પરંતુ પરાધીન બનીને પસ્તાયા છે.**

### ભાવાર્થ

બધા જ અંશો અજર-અમર સકર્તાપતિ સર્જનહાર એવા મહદ્ સજાણ-જાણ કૈવલકર્તાના સજાતીય અલ્પ સજાણ-જાણ સ્વરૂપે છે. જયારે આ બ્રહ્માંડમાં કૈવલધામમાંથી વિખૂટા પડ્યા ત્યારે તો શુદ્ધ અણિ અગ્ર અંકુરિત સ્વરૂપે હતા જ. પરંતુ જેમ જેમ (જુદા-જુદા દેહોના) આવરણો ચઢતા ગયા તેમ તેમ પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપની જાણ ગુમાવીને દેહમય બની ગયા. પોતાની જાતને ‘‘હું ચૈતન છું’’ એમ ભૂલાઈ જતાં પોતે જે દેહ ધારણ કર્યો તેવા થઈને રહ્યા. આ પ્રમાણે પોતાના દેહને પરવશ થઈ પોતાના દેહ જેવા જ પોતાના સ્વામી દેહધારી છે તે જાણીને અવળે માર્ગે દોરાય અને દેહધારી તથા નાશવંત ભગવાનોમાં વૃત્તિઓ જોડી દીધી, એટલે જન્મ-મરણના ભવદુઃખમાં ભટક્યા રહ્યા છે. આમ, દેહને આધીન થવાથી કરોડો કલ્પોથી દુઃખી થઈને પસ્તાય છે.

**જ્યૌ નરપતિ સુત સ્વે થકો, જીલત સુખદ સમંધ;**
**સુપને ભયે કીંગાલહી, પાવત અતિ દુઃખ દ્રંધ. ૮૨**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેમ કે, જેવી **નરપતિ** = રાજા **સુત** = પુત્ર, રાજકુંવર **સ્વે** = પોતે **થકો** = થકી **જીલત** = માણે, અનુભવે **સુખદ** = સુખદાયી, સુખકર, સુખમય **સમંધ** = સંબંધ, સંયોગ, સંસર્ગ, જોડાયેલું **સુપને** = સ્વપ્નમાં **ભયે** = થયો **કીંગાલહી** = કંગાળ, ગરીબ, નિર્ધન, દરિદ્ર **પાવત** = પ્રાપ્ત કરે, મેળવે, ભોગવે, સહન કરે **અતિ** = અતિશય, અપાર, વિશેષ **દુઃખ** = પીડા, કષ્ટ, મુશ્કેલી **દ્રંધ** = કષ્ટ, આપત્તિ, સંકટ.

### અનુવાદ

**જેવી રીતે રાજકુંવર પોતે પુત્રના નાતે રાજાના તમામ પ્રકારના સુખ માણતો હતો, પરંતુ સ્વપ્ન અવસ્થામાં નિર્ધન બનીને અત્યંત દુઃખ ભોગવે છે.**

### ભાવાર્થ

ઉદાહરણ તરીકે રાજાનો કુંવર (રાજકુમાર) પોતે પુત્રના નાતે રાજાના તમામ રાજપાટ અને ધન-સંપત્તિના સુખ-વૈભવ ભોગવતો હોય છે. તે પોતાનું જીવન અત્યંત સુખદ રીતે પસાર કરતો હતો, પરંતુ તે જ રાજકુંવર સ્વપ્ન અવસ્થામાં પોતે નિર્ધન (ભિખારી) બની ગયો. તે પોતે પોતાનું સાચું સ્વરૂપ ભૂલી ગયો. પરિણામે કંગાલ બની (સ્વપ્નાવસ્થામાં) અત્યંત દુઃખમય જીવન જીવીને દુઃખી દુઃખી થઈ ગયો.

**ત્યૌ જગ જીવ સકલ સુત, નરપતિ પિતુ પરમેશ;**
**સુપન થાની અજ્ઞાનહી, દુઃખ જીનું જનમ મરેશ. ૮૩**

### શબ્દાર્થ

**ત્યૌ** = તેવી જ રીતે **જગ** = જગતના, જગતમાં **જીવ** = જીવો, અંશો **સકલ** = બધા, તમામ, સઘળા, સર્વ **સુત** = પુત્ર, કુંવર, દીકરા **નરપતિ** = રાજા **પિતુ** = પિતા **પરમેશ** = પરમેશ્વર, કર્તા **સુપન** = સ્વપ્ન અવસ્થા **થાની** = થવાથી **અજ્ઞાનહી** = અજ્ઞાનતાને લીધે **દુઃખ** = કષ્ટ, પીડા, આપત્તિ, મુશ્કેલી **જીનું** = જેનું, જેથી, ને કારણે, ને લીધે **જનમ મરેશ** = જન્મે છે અને મરણ પામે છે.

### અનુવાદ

**તેવી જ રીતે રાજા રૂપ પિતા-પરમેશ્વરના બધા જ અંશો (જીવ) પુત્ર સ્વરૂપે છે, પરંતુ સ્વપ્ન રૂપ અજ્ઞાન થવાને કારણે જન્મ-મરણનું દુઃખ ભોગવી રહ્યા છે.**

## ભાવાર્થ

તેવી જ રીતે સમગ્ર બ્રહ્માંડમાં જેનું રાજ છે તેવા રાજા રૂપ પરમપિતા પરમેશ્વર કૈવલકર્તાના બધા જ અંશો પુત્ર સ્વરૂપે છે. સકર્તા પતિ મહદ્ સજાણજાણ સ્વરૂપે હોઈ તેમના જ ઉત્પન્ન કરેલા સામાન્ય, વિશેષ અને પરમવિશેષ એમ બધા જ અંશો અલ્પ સજાણ-જાણ સ્વરૂપે છે. આ અંશો સ્વપ્ન અવસ્થા રૂપ દેહના બંધનોમાં ગરકાવ થઈ અજ્ઞાનતાને લીધે દેહવશ થઈ ગયા પરિણામે પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપને ભુલી ગયા છે. જેના કારણે ચોર્યાસી લાખ પ્રકારના ઘાટોમાં કર્મના બંધનોને લીધે જન્મ-મરણનું મહાન દુઃખ ભોગવી રહ્યાં છે.

**અંશ કલા ગત્ય બરનેહુ, જેહી ભાવ ગતિ તાય;**
**અબ ગ્યમ કહું અંશીપદ, ઓરુ સદ્ગુરુ સમજાય. ૮૪**

### શબ્દાર્થ

**અંશ** = સજાણજાણ કૈવલકર્તાનો ચૈતન અંશ **કલા** = સામર્થ્ય, અદ્ભુત શક્તિ **ગત્ય** = ગતિ **બરનેહુ** = વર્ણન કર્યું **જેહી** = જે **ભાવ** = પ્રકૃત્તિ, સ્વભાવ, સત્તા, ગુણ **ગતિ** = દશા, ચાલ, ચેષ્ટા, જાણ, માહિતી, બળ, શક્તિ **તાય** = તેની **અબ** = હવે **ગ્યમ** = સમજ, સૂઝ, જ્ઞાન **કહું** = કહુ છું **અંશીપદ** = કર્તા પદ, અંશનું મૂળ, પરમપદ, અંતિમ પદ **ઓરુ** = અને, વળી **સદ્ગુરુ** = સદ્ગુરુ **સમજાય** = સમજવું, ખબર પડે, સમજણ પડે.

## અનુવાદ

**અંશની (અદ્ભુત) કલા તથા જે પ્રમાણે તેમનો પ્રભાવ (સ્વભાવ) અને સૂઝ હતી તેનું વર્ણન કર્યું. હવે સદ્ગુરુનું મહાત્મ્ય તેમજ અંશીપદનું જ્ઞાન સમજ પડે તે રીતે કહુ છું.**

## ભાવાર્થ

આ કેતુમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે ઘાટને ચલાયમાન કરનાર સકર્તા પતિના સજાતીય સજાણજાણ ચૈતન અંશની રહેલી અદ્ભુત શક્તિ અને સામર્થ્યતા તથા તેની નિજ જાણ અંગેની વિસ્તૃત સમજ દર્શાવી છે.

હવે પછીના કેતુમાં તેઓ સૌને સમજ પડે તે રીતે બ્રહ્મથી તીત રહેલ સકર્તા

પતિ-સર્જનહારનું (પરમપદ) અંશીપદ અને સદ્ગુરુના મહાત્મ્ય (સામર્થ્યતા)વિષે વિસ્તૃત વર્ણન કરશે.

**ગુરુ ચતુરન કહું ગ્યમ, અંશહી ત્રિયે વિભાવ;**
**કહે કુવેર સુણ શુદ્ધ ચિત્તે, શ્રોતા સકલ જીનું ન્યાવ. ૮૫**

### શબ્દાર્થ

**ગુરુ** = ગુરુ **ચતુરન** = ચાર પ્રકારના **કહું** = કહું **ગ્યમ** = સમજ, જ્ઞાન માહિતી **અંશહી** = અંશની પણ, કર્તાના જાતીય સજાણજાણ ચૈતન અંશની પણ **ત્રિયે** = ત્રણ પ્રકારના **વિભાવ** = પરિચય, સ્થાયી ભાવોને ઉત્પન્ન કરનાર, વસ્તુની ઓળખ કરનાર **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સુણ** = સાંભળો **શુદ્ધ ચિત્તે** = નિર્મળ ચિત્ત રાખીને, એકાગ્ર ચિત્ત રાખીને **શ્રોતા** = સાંભળનાર વર્ગ **સકલ** = બધા સર્વ **જીનું** = જેના વિશે **ન્યાવ** = ન્યાયપૂર્વક, પૂર્વાગ્રહથી રહિત, સત્યના આધારે, પ્રમાણપૂર્વક.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે હે શ્રોતાજનો ! હવે ચાર પ્રકારના ગુરુઓ અને ત્રણ પ્રકારના અંશોનો પરિચય આપતું જ્ઞાન કહુ છું તે એકાગ્ર ચિત્ત રાખીને સૌ સાંભળો.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે પછીના કેતુ - ૬ માં ચાર પ્રકારના ગુરુઓની સમજ અને ત્રણ પ્રકારના અંશોનો પરિચય આપતી બાબત કે જે સત્ય અને શાશ્વત ભાવ જગાડનારી છે. તે વિશે સમજાવે છે. તેમના એવા ન્યાયપૂર્વકના સત્ય વચનો દરેક શ્રોતાજનોને શુદ્ધ અને એકાગ્ર ચિત્ત રાખીને શ્રવણ કરવા અનુરોધ છે.

# અંશ અંશીપદ સદ્‌ગુરુ સિદ્ધાંત દેખાવન
# કેતુ ૬

**યેસેહી જીવ ભવ ભુગતત, સુપન નિંદ અજ્ઞાન;**
**સદ્‌ગુરુ મહેર ટેરન જીનું, જાગ્રત કરનકુ જ્ઞાન. ૧**

### શબ્દાર્થ

**યેસેહી** = એવી રીતે **જીવ** = જીવો **ભવ** = વિશ્વ, જગત **ભુગતત** = ભોગવે છે, દુઃખ સહન કરવું **સુપન** = સ્વપ્ન અવસ્થા **નિંદ** = નિદ્રા, ઊંઘ **અજ્ઞાન** = અજ્ઞાન **સદ્‌ગુરુ** = સદ્‌ગુરુ **મહેર** = મહેરબાની, કૃપા, દયા, અમીદૃષ્ટિ **ટેરન** = પોકાર, હાંક મોટેથી બૂમ પાડીને બોલવું **જીનું** = ને કારણે, જેથી, તેથી **જાગ્રત** = જાગ્રત, સચેત, સતેજ **કરનકુ** = કરવા માટે **જ્ઞાન** = સમજ, જાણ, માહિતી.

### અનુવાદ

**એવી રીતે જગતના જીવો નિદ્રામાં આવતા સ્વપ્ન સમાન અજ્ઞાનતાને કારણે દુઃખ ભોગવી રહ્યાં છે. તેમાંથી જાગ્રત કરવા માટે સદ્‌ગુરુ કૃપા કરીને જ્ઞાનનો પોકાર કરે છે.**

### ભાવાર્થ

કેતુ પાંચમાં ચોપાઈ નંબર ૮૨ અને ૮૩ માં સ્વપ્ન અવસ્થાનું ઉદાહરણ આપીને સમજાવવામાં આવ્યું હતું કે નિદ્રાના સ્વપ્નમાં રાજકુંવર ગરીબ બનીને દુઃખ સહન કરે છે પરંતુ હકીકતમાં તો તે સુખ વૈભવનો હક્કદાર રાજકુંવર છે. એનો અનુભવ (ખ્યાલ) તે જાગ્રત અવસ્થામાં જ કરી શકે છે.

તે જ ન્યાયે રાજા રૂપ નિજ કર્તાના અંશો કર્તાએ આપેલ સુખ-વૈભવના હક્કદાર છે, પરંતુ અજ્ઞાન રૂપ નિદ્રાના સ્વપ્નવસ્થામાં પોતે દુઃખ ભોગવે છે. તેથી નિજ ચૈતન સ્વરૂપ ભૂલી જતાં જન્મ-મરણનું મહાન દુઃખ સહન કર્યા કરે છે.

સમર્થ સદ્‌ગુરુ આવા જીવો પર દયા કરીને તેમને જાગ્રત કરવા માટે જ્ઞાનનો ટહંકાર (પોકાર) કરે છે. સદ્‌ગુરુ દ્વારા જ્ઞાનના પોકારથી જે જાગ્રત થાય છે તેની સ્વપ્ન અવસ્થા એટલે કે, અજ્ઞાનતા નષ્ટ થતાં જીવદશા દૂર થાય છે પરિણામે જાગ્રત અવસ્થા રૂપ સ્વ-સ્વરૂપનું જ્ઞાન થતાં જન્મ-મરણ રૂપ ભટકવાનું દુઃખ રહેવા પામતું નથી.

**જાગ્રત ભયે સો જાનીયે, જુગ જાહેર જેહી જંત;**
**નિજ કર્તા ઓરુ આપનપુ, દરસે એક સતંત. ૨**

### શબ્દાર્થ

**જાગ્રત** = જાગ્રત **ભયે** = થયા **સો** = તે **જાનીયે** = જણાય **જુગ** = જગતમાં, વિશ્વમાં **જાહેર** = પ્રસિદ્ધ, ખુલ્લું, પ્રગટ, પ્રત્યક્ષ **જેહી** = જે **જંત** = જીવ **નિજ કર્તા** = મૂળ માલિક **ઓરુ** = અને **આપનપુ** = પોતાનું ચૈતન સ્વરૂપ **દરસે** = જુએ, નિહાળે, દૃશ્યમાન કરે **એક સતંત** = એક સુત્રવત્, એક્તાપણુ.

### અનુવાદ

**જગતમાં જાગ્રત થયેલા જીવો તે જ ગણાય કે જેઓ આપનપુ સ્વરૂપ અને નિજકર્તાને એકસૂત્રવત્ નિહાળી શકે, અર્થાત્ એક્તા સાધી શકે.**

### ભાવાર્થ

જગતના અસંખ્ય જીવોમાં જાગ્રત થયેલા જીવો પ્રત્યક્ષ રીતે જુદા જ તરી આવે છે. કારણ કે, જ્ઞાનથી જાગ્રત થયેલા અંશો પોતાના શુદ્ધ સ્વ-ચૈતન સ્વરૂપને ઓળખીને તે જેની સજાતિનો છે એવા મૂળ માલિક અંશી સાથે એક સૂત્રવત્ રીતે જોડાયેલા છે. એટલે કે, જગતમાં સૌને જડ ભાવની દૃષ્ટિએ નહીં, પરંતુ દરેકમાં એકમાત્ર અંશીનો જ ચૈતન અંશ છે તેવા ચૈતન ભાવે નિહાળે છે. આ રીતે પોતાના આપનપુ સ્વરૂપને સર્જનહાર અંશી સાથે એક સૂત્રવત્ જોડી રાખીને જીવન જીવે છે. તેઓમાં સ્વપ્નાંતરે પણ માયા પ્રવેશતી નથી, પરંતુ તેઓ નાશવંત ભાવથી અને નાશવંત પદાર્થથી દૂર રહે છે. આ રીતનું અને સુત્રવત્ એક્તા સાધીને જીવનાર જીવો જાગ્રત થયેલા ગણાય.

**ઓરુ સકલ વિભૂતિ જીનું, વિવિધી ભાત્ય હી અનેક;**
**ક્તા કિયેહુ ત્યૈ દરસહી, નિજ અનુભવે વિવેક. ૩**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **સકલ** = તમામ **વિભૂતિ** = ઐશ્વર્યતા, સામર્થ્ય, સંપત્તિ, આબાદી **જીનું** = જેની **વિવિધી** = વિધ વિધ **ભાત્ય** = પ્રકાર, તરેહ, જાત, રીતે **હી** = જ, છે **અનેક** = ઘણા, વધારે, બહુ, એકથી વધુ **ક્તા** = સર્જનહાર, કર્તા **કિયેહુ** = નિર્માણ કર્યું છે, દેખાય છે **ત્યૈ** = તેમ **દરસહી** = જોઈ, નિહાળી **નિજ** = પોતાના **અનુભવે** = પ્રત્યક્ષ જ્ઞાનથી, અવલોકનથી, પ્રત્યક્ષ અને યથાર્થ જ્ઞાનથી **વિવેક** = વિનય,

સભ્યતા, ચતુરાઈ, ન્યાયપૂર્ણતા, નિત્યાનિત્યના નિર્ણય મુજબનું આચરણ.

### અનુવાદ

**વળી દરેક વિભૂતિ કે જે અનેક અને વિધ વિધ પ્રકારની છે. તે કર્તા દ્વારા નિર્માણ પામેલી છે તેવું પોતાના અનુભવ અને વિવેકથી નિહાળે છે.**

### ભાવાર્થ

આવી જાગ્રત થયેલી વ્યક્તિ જગતમાં જે જે ભૌતિક ઐશ્વર્યતાનો ખજાનો ભરેલો છે. તે તેમજ પોતે પ્રાપ્ત કરેલ દરેક વૈભવ રૂપી સુખ સંપત્તિને બનાવનાર એક માત્ર સર્જનહાર છે તેવું સ્વાનુભવથી નિહાળે છે અને ઐશ્વર્યતા સભર સર્વ રચનાને વિવેકપૂર્ણ રીતે ઉપયોગ કરે છે.

**વિભૂતિ વેત ઓરુ આપનપુ, જીનું દરશે દિવ્ય નેંન;**
**પુનિ નિજ પતિપદે સમરસ, સોહી જાગ્રત સુખ ચેન. ૪**

#### શબ્દાર્થ

**વિભૂતિ** = ઐશ્વર્યતા, સામર્થ્યતા, સંપત્તિ **વેત** = જાણીને **ઓરુ** = અને, વળી **આપનપુ** = પોતાનું ચૈતન સ્વરૂપ **જીનું** = જેને **દરશે** = નિહાળે, દેખે **દિવ્ય નેંન** = અલૌકિક દષ્ટિ, દિવ્યચક્ષુ, અનુભૂતિ **પુનિ** = વળી **નિજ** = પોતાના, મૂળ **પતિપદે** = સર્જનહારના, પરમપદ સાથે **સમરસ** = ભળીને, એકમેક થઈને **સોહી** = તે **જાગ્રત** = જાગ્રત **સુખ** = સુખ **ચેન** = ચિહ્ન, નિશાની, લક્ષણ, એંધાણ.

### અનુવાદ

**જેને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થાય છે તે પોતાના નિજ સ્વરૂપને અને વિભૂતિને ઓળખે છે. વળી નિજ પતિપદ સાથે સમરસ થઈને રહે છે. આ નિશાની જાગ્રત થયેલ સુખી વ્યક્તિની સમજવી.**

### ભાવાર્થ

જેને સદ્‌ગુરુના જ્ઞાન થકી દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થાય છે તેવી વ્યક્તિ પોતાના નિજ ચૈતન સ્વરૂપે રહેલો અંશ સ્વરૂપને સર્જનહારની સજાતિનો છે તેમ સમજે છે. વળી

બ્રહ્માંડની સઘળી વિવિધતાભરી વિભૂતિને સર્જનહાર દ્વારા નિર્માણ કરેલી છે તેવુ જાણે છે. આ ઉપરાંત નિજ કૈવલપતિના મહાન પરમપદમાં પોતાની શુદ્ધ જાણને સદાને માટે એકાકાર કરીને સુખ-શાંતિમય જીવન વ્યતિત કરે છે.

આ પ્રમાણેના લક્ષણો જ્ઞાનથી જાગૃત થયેલા સુખી વ્યક્તિના હોય છે.

**એહી વિધ જગે સો જાગ્રત, જેહી આગમ હમ કીન;**
**નિજકર્તા ઓરુ આપનપુ, દરસી ભયે અભિન્ન. ૫**

### શબ્દાર્થ

**એહી વિધ** = આ પ્રમાણે **જગે** = જાગ્રત થાય **સો** = તે **જાગ્રત** = જાગેલો કહેવાય **જેહી** = તે **આગમ** = અગાઉ **હમ** = મેં **કીન** = કહ્યું **નિજકર્તા** = આદિ સર્જનહાર, મૂળ કૈવલ પતિ **ઓરુ** = અને **આપનપુ** = પોતાનું શુદ્ધ ચૈતન સ્વરૂપ **દરસી** = જોઈને, નિહાળીને સમજીને **ભયે** = થયા, થાય **અભિન્ન** = અખંડ, એકમેક, એક સુત્રવત્, એકરૂપ.

### અનુવાદ

**મેં આગળ કહ્યું તે પ્રમાણે જેઓ જાગ્રત થયા છે તેઓ જ નિજ કર્તા અને પોતાના ચૈતન અંશ-સ્વરૂપને સમજીને એકરૂપ થઈને રહે છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે અગાઉની ચોપાઈઓમાં સદ્‌ગુરુના જ્ઞાનના ટહંકાર થકી અજ્ઞાનતા સભર સ્વપ્ન અવસ્થાવાળી નિદ્રામાંથી જાગ્રત થયેલા વ્યક્તિના લક્ષણો દર્શાવ્યા છે.

જેઓ પોતાના શુદ્ધ ચૈતન અંશ સ્વરૂપને ઓળખીને તેના સજાતીય વિશ્વ નિયંતા સર્જનહાર કૈવલકર્તાને સમજે છે. તેઓ બ્રહ્માંડથી (ભિન્ન) તીત એવા સર્જનહાર કૈવલકર્તાના મહદ્ હંગ સાથે પોતાના શુદ્ધ અલ્પ હંગને જોડીને સમરસ થઈ રહે છે, તેઓ જ ખરેખર જાગ્રત થયેલા જાણવા.

**તેહી દરસાવત સદ્‌ગુરુ, જેહી ખુદસે બુદ્ધ લાય;**
**બિનું ખુદકી બુદ્ધ જેહી જન, ઓરલી કહેત બનાય. ૬**

### શબ્દાર્થ

**તેહી** = તે **દરસાવત** = દર્શાવે છે, બતાવે છે **સદ્‌ગુરુ** = સદ્‌ગુરુ **જેહી** = જેઓ **ખુદસે** = નિજ ઘરથી **બુદ્ધ** = બુદ્ધિ, જાણ, જ્ઞાન, સમજ **લાય** = લાવ્યા છે. **બિનું** = સિવાય, વગર **ખુદકી** = નિજ ઘરની **બુદ્ધ** = સમજ, જ્ઞાન, માહિતી **જેહી** = જે **જન** = માનવી, વ્યક્તિ **ઓરલી** = આ બાજુની, બ્રહ્માંડમાં વૃદ્ધિ પામેલ સર્વ ઉત્પત્તિ અંગેની, વર્ણવી શકાય તેવી **કહેત** = કહે છે, જણાવે છે **બનાય** = બનાવેલી, રચના પામેલી.

### અનુવાદ

**સદ્‌ગુરુ નિજ ઘરથી જે સમજ લઈને આવ્યા છે, તે જ માહિતી દર્શાવે છે. બાકી જે વ્યક્તિ પાસે નિજ ઘર સિવાયની સમજ છે તે આ બાજુની રચનાની વાત કહે છે.**

### ભાવાર્થ

જેઓ ખુદ કર્તાના નિજ ધામમાંથી પરમપદની જાણ લઈને આવ્યા છે તેવા સદ્‌ગુરુ શ્રીમત્ કરુણાસાગર આ વિશ્વમાં અંશ-અંશીના લક્ષ દર્શાવવા સકર્તા સિદ્ધાંતના જ્ઞાનને દર્શાવે છે.

જ્યારે ખુદ કૈવલકર્તાના નિજ ધામ સિવાયની જાણ દર્શાવનાર વ્યક્તિઓ બ્રહ્માંડમાં વૃદ્ધિ પામીને રહેલી આ બાજુની રચનાની માહિતી કહી સમજાવે છે.

## ઓરલી સો ઉત ઈતનકી, ભવ ભરમાવીક ભેદ;
## તીતકી કહીત થકીત ભયે, નયેતી નયેતી કહી વેદ. ૭

### શબ્દાર્થ

**ઓરલી** = આ બાજુની, વર્ણનીય રચનાની **સો** = તે તો **ઉત** = ત્યાંનું **ઈતનકી** = અહીનું **ભવ** = જગત, વિશ્વને **ભરમાવીક** = છેતરવા માટેનું, ભ્રમણામાં નાંખે તેવું, ખોટે માર્ગે દોરવું, ગૂંચવવું, ભરમાવવું **ભેદ** = અભિપ્રાય, મર્મ, રહસ્ય, ગુહ્ય તાત્પર્ય **તીતકી** = પરેની, થી પરની **કહીત** = કહેતા **થકીત** = થાકી જવું, હારી જવું, કંટાળવું, મુઝાવું **ભયે** = થયા, ગયા **નયેતી** = જેનો કોઈ અંત નથી, જેનો કોઈ પાર પામી શકાય તેમ નથી **કહી** = કહીને **વેદ** = વેદ (બ્રહ્મા સ્થિત મહાનિબંધ).

### અનુવાદ

**ઓરલી એટલે અહીં અને તહીંની કે જેમાં જગતના જીવોને ભરમાવેલ છે.**

**તેનાથી પરે રહેલ હકીકતને કહેવામાં થાકી જવાથી વેદોએ ''ન ઈતિ ન ઈતિ'' કહેલું છે.**

## ભાવાર્થ

ઓરલી એટલે કે, અહીંની મૃત્યુલોકની અને ત્યાંની દેવલોકની હકીકત કે જે ચાર વેદમાંથી પ્રાપ્ત કરીને જગતના જીવો રહસ્યમૂર્ણ ભ્રમણામાં પડેલા છે, પરંતુ તેઓ ઈત અને ઉતથી (તીત) પર રહેલા પરમપદની હકીકતથી અજાણ્યા રહેલા છે. તે બાબતની જાણ દર્શાવવામાં બ્રહ્માજી પણ અસમર્થ હોવાથી તેમણે અંતે થાકીને ''નેતિ'' જેનો કોઈ પાર પામી શકાય તેમ નથી તેવું (વેદમાં) જાહેર કર્યું છે.

**નિગમ નયેતિ કહી જેહી પદે, તેહી પદ ગુપ્ત અનાદ્ય;**
**ઓર સકલ પદ પ્રસિદ્ધ જે, ખુદસે ઈત જગ આદ્ય. ૮**

## શબ્દાર્થ

**નિગમ** = વેદ, બ્રહ્માજી દ્વારા વદિત ચાર વેદ **નયેતિ** = ન ઈતિ **કહી** = કહેલું **જેહી** = જે **પદે** = પદ માટે **તેહી** = તે **પદ** = સ્થાન, દરજ્જો, ધામ **ગુપ્ત** = છૂપું, છાનું, અજાણ્યુ, ગૂઢ **અનાદ્ય** = આદિ, અનાદિથી, પુરાતન, પ્રારંભ પહેલાનું **ઓર** = અન્ય, બીજાં **સકલ** = બધા, તમામ, સર્વ **પદ** = પદો, સ્થાન, ધામો **પ્રસિદ્ધ** = પ્રસિદ્ધ, પ્રખ્યાત, દર્શાવાય તેવા, જાહેર, પ્રચલિત **જે** = જે **ખુદસે** = નિજ ઘરથી **ઈત** = અહીં **જગ** = જગતમાં **આદ્ય** = આદિથી, પુરાતન, આરંભના.

## અનુવાદ

**વેદોએ જે પદ માટે નેતિ પોકારી છે તે પદ આદિ અનાદિથી ગુપ્ત છે. જ્યારે બીજા બધા પ્રસિદ્ધ પદો છે, જે ખુદ કર્તા દ્વારા રચવામાં આવેલા જગતની રચનાના પ્રારંભના છે.**

## ભાવાર્થ

બ્રહ્માજીએ પોતાના રચાયેલા ચાર વેદોમાં જે પદ માટે ''નેતિ'' શબ્દથી સંબોધન કરેલું છે તે પરમપદ આદિ-અનાદિથી ગુપ્ત રહેલું છે.

જ્યારે બીજા બધા જ પ્રસિદ્ધ પદો નાશવંત પદો છે. જેની રચના ખુદ સર્જનહાર

દ્વારા કરવામાં આવેલી છે. આ રચના જગતની રચનાના પ્રારંભમાં થયેલી છે. માટે તેવા પદો બ્રહ્માજી દ્વારા વર્ણવવામાં આવેલા હોઈ પ્રસિદ્ધ છે.

**જેહી જગ આદ્ય પ્રસિદ્ધ પદ, નિગમ દીયેહુ વિસ્તાર;**
**આદ્ય પરંતુ અનાદ્ય કી, કીનેહુ નયેતિ પોકાર. ૯**

### શબ્દાર્થ

**જેહી** = જે **જગ** = વિશ્વ, જગત **આદ્ય** = આદિ, પ્રારંભનું **પ્રસિદ્ધ** = જાહેર, પ્રખ્યાત **પદ** = પદ, સ્થાન, દરજ્જો **નિગમ** = વેદ **દીયેહુ** = આપ્યો છે, કર્યો છે, દર્શાવ્યો છે **વિસ્તાર** = વિગતવાર વર્ણન, સમજુતી, સમજ, વિસ્તૃત માહિતી **આદ્ય** = આદિ **પરંતુ** = પણ, પરંતુ **અનાદ્ય** = આદિ અનાદિ, આદિથી પણ પહેલાં, જેની અગાઉ કોઈ ન હોવું પ્રાચીન-સનાતન અને શાશ્વત **કી** = ની **કીનેહુ** = કરી છે, કહી છે **નયેતિ** = ન ઈતિ, જેનો કોઈ (અંત) છેડો જ નથી **પોકાર** = ટંકાર, સાદ, પોકાર કરવો, લલકારીને મોટેથી બોલવું.

### અનુવાદ

**જગતના જે આદિ પ્રસિદ્ધ પદો છે તેનું વેદોએ વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે, પરંતુ આદિથી પણ અનાદિ પદ માટે ‘‘નેતિ’’ નો પોકાર કર્યો છે.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ ચાર વેદોમાં વિશ્વના પ્રારંભમાં સ્થાપિત થયેલાં જે જે પદો છે તેનું ખુબ જ વિસ્તારપૂર્વક વર્ણન કરીને દર્શાવ્યાં છે. માટે તે જગતમાં જાહેર થઈને પ્રસિદ્ધ પામ્યાં છે, પરંતુ જે પદ આદિથી પણ અનાદિનું છે કે જેનો આરંભ જ થતો નથી, તેવું સનાતન અને શાશ્વત એવા અંતિમ પદ માટે ‘‘નેતિ’’ શબ્દનો પોકાર કર્યો છે. આ રીતે વેદોએ પોતાની અજાણતા (અસર્થતા)નો એકરાર કર્યો છે.

**વેદ થકીત ભયે જેહુનતે, વ્રનવ કરત અતિ વાણ્ય;**
**તો તીનકે સુત શાસ્તર, જીનમે કાહા પહેચાણ્ય. ૧૦**

### શબ્દાર્થ

**વેદ** = બ્રહ્માજી વદીત ચાર મહાનિબંધ **થકીત** = થાક્યા, હાર્યા, કંટાળ્યા **ભયે** = થયા, ગયાં છે **જેહુનતે** = જેના માટે, જેનાથી **વ્રનવ** = વર્ણન, આલેખન, પ્રશંસા, વખાણ કરતી વાણી, રજૂઆત

**કરત** = કરે છે, કરતાં કરતી રચનાની **અતિ** = અતિશય, વિશેષ, વિસ્તૃત **વાણ્ય** = વાણી **તો** = તો **તીનકે** = તેના **સુત** = પુત્ર, સંતાન, સંતતિ, ઉત્પત્તિ **શાસ્તર** = શાસ્ત્ર **જીનમે** = જેમાં, તેમાં **કાહા** = કેવી રીતે, કેમ કરીને, ક્યાંથી **પહેચાણ્ય** = પહેચાન, ઓળખાણ, જ્ઞાન, જાણ્ય, સમજ.

## અનુવાદ

**જેના વિશે વાણી દ્વારા વર્ણન કરતાં વેદો પણ થાકી ગયા તો તેના પુત્ર રૂપે શાસ્ત્રોમાં તો તેની સમજ ક્યાંથી હોય ?**

## ભાવાર્થ

પાંચમા મુખના છેદન બાદ વિસ્મૃતિ થતાં અનાદિ પદનું વાણી દ્વારા વિસ્તૃત રીતે વર્ણન કરવામાં બ્રહ્માજી પણ પાર પામી શક્યા નહીં અને આખરે હારી ગયા. તેઓ પોતાની અજાણતાનો એકરાર કરીને “નેતિ” શબ્દના પોકાર બાદ તે અંતિમ નેતિ પદ અવર્ણનીય રહ્યું.

જો બ્રહ્માજી પોતે જ આવા પરમપદ માટે ન જાણી શકવાથી પોતાના ચાર વેદમાં વાણીથી વર્ણન ન કરી શક્યા તો પછી વેદોના ઊંડો અભ્યાસ કરીને વિદ્વાનો દ્વારા બનાવેલા છે જે શાસ્ત્રો છે તેમાં એવા પરમપદની સમજ ક્યાંથી હોય શકે ?

## તબ જેતને કવિ શાસ્તર, કીનેહુ નિગમ વિલોક;
## તેતે હે ભર ઓરલી ગમ, જીનમે વસ્ત ન રોક. ૧૧

### શબ્દાર્થ

**તબ** = તેથી, ત્યારે **જેતને** = જેટલા **કવિ** = કાવ્ય રચનાર **શાસ્તર** = શાસ્ત્રો શાસ્ત્રકારો **કીનેહુ** = કર્યો છે, કર્યું છે **નિગમ** = વેદ **વિલોક** = અભ્યાસ કરવો, વિલોકન, તપાસવું, અવલોકન, બારીકાઈથી નિરીક્ષણ કરવું **તેતે** = તેટલા, તે બધા **હે** = છે **ભર** = સુધી **ઓરલી** = આ બાજુની, જગતની રચના પક્ષની **ગમ** = સમજ, સૂઝ, માહિતી, જાણ **જીનમે** = જેમાં **વસ્ત** = વસ્તુ, સત્ય શાશ્વત પદ **ન** = નહીં **રોક** = રોકડું, પ્રત્યક્ષ, સ્પષ્ટ રજૂઆત તેવું, તરત પ્રમાણિત થાય તેવું.

## અનુવાદ

**તેથી જેટલા કવિઓ અને શાસ્ત્રકારોએ વેદનો અભ્યાસ કર્યો છે તે સમજ આ બાજુની છે. જેમાં શાશ્વત પદ સ્પષ્ટ પ્રમાણિત થતું નથી.**

### ભાવર્થ

વિશ્વમાં વેદોનો બારીકાઈથી અભ્યાસ કરીને કવિઓ અને શાસ્ત્રકારોએ કવિતાઓ અને શાસ્ત્રોનું નિર્માણ કર્યું છે, પરંતુ તે તમામ પ્રકારના સાહિત્યમાં વિશ્વની ઉત્પત્તિના પ્રારંભથી માંડીને જગત પક્ષના બધા જ પાસાઓનું ખૂબ જ વિસ્તારપૂર્વક વર્ણન જોવા મળે છે, પરંતુ આ સર્વ રચનાના રચનાર બ્રહ્માંડથી તીત રહેલા વિશ્વનિયંતાના અનાદિ-અંતિમ પદની તેમાં સ્પષ્ટતા કરવામાં આવી નથી કે પ્રત્યક્ષ રીતે તે નેતિ પદ પ્રમાણિત થયેલું માલૂમ પડતું નથી.

**અષ્ટાદશ ખટ નવ માંહી, ઓર કતેબ કુરાન;**
**મોક્ષ ઉધારે સબનમે, કહી ગયે પક્ષ પુરાન. ૧૨**

### શબ્દાર્થ

**અષ્ટાદશ** = અઢાર પુરાણ **ખટ** = છ શાસ્ત્ર **નવ** = નવ વ્યાકરણ **માંહી** = માં, અંદર **ઓર** =અને **કતેબ** = કિતાબ (ધર્મપુસ્તક) **કુરાન** = કુરાન **મોક્ષ** = મુક્તિ, છૂટકારો, જન્મ-મરણના બંધનમાંથી છૂટવું તે, ઉદ્ધાર થવો તે **ઉધારે** = બોજા રૂપ, અવિશ્વાસ, ભરોસા વગરનું, તે સિવાયની વાત, નામે લખીને આપવું તે, બદલા સિવાય પ્રાપ્ત કરવું **સબનમે** = બધામાં, દરેકમાં **કહી ગયે** = કહી ગયા, કહેવામાં આવ્યું છે **પક્ષ** = પક્ષકારો, મત, અભિપ્રાય, તરફેણ કરનારો સમૂહ **પુરાન** = પુરાણા, પુરાતન, જૂના, અનુભવી.

### અનુવાદ

**અઢાર પુરાણ છ શાસ્ત્રો, નવ વ્યાકરણ, કિતાબ અને કુરાન સહિત બધાના અનુભવી (ગ્રંથકારો) પક્ષકારો મોક્ષને ઉધાર રાખીને કહી ગયા છે.**

### ભાવાર્થ

અઢાર પુરાણ, છ શાસ્ત્રો, નવ વ્યાકરણ, કિતાબ અને કુરાન વગેરે ધાર્મિક ગ્રંથના રચયિતાઓએ અખંડ મોક્ષ પદ માટે કોઈ નિશ્ચિત સ્પષ્ટીકરણ કર્યું નથી, પરંતુ આમ-તેમ, આડું-અવળું અને ગોળ-ગોળ સમજાવીને ભરોસો આપીને જન્મ-મરણના ભવ બંધનમાંથી છૂટવા માટેની માત્ર લખાણમાં દર્શાવવા પુરતી જ વાતો કહી ગયા છે.

## ઉધારેકા મોક્ષમે, ગાફલ સો પતિયાય;
## વેત્તા સૌ વિલસે નહીં, જબ લગી હાલ ન પાય. ૧૩

### શબ્દાર્થ

**ઉધારેકા** = ઉછીના, લખાણ પુરતા **મોક્ષમે** = મોક્ષમાં, મુક્તિમાં **ગાફલ** = બેદરકાર, ગફલત કરનાર, અસાવધાન, કાળજી ન રાખનાર **સો** = તે **પતિયાય** = વિશ્વાસ, ખાતરી, ઈતબાર, યકીન, પ્રતીતિ **વેત્તા** = જાણકાર, જ્ઞાની, હોશિયાર, સમજુ **સૌ** = બધા, તમામ **વિલસે** = ફસાય, સપડાય, ઠગાય જાય, અટકી જાય **નહીં** = નહીં **જબ લગી** = જ્યાં સુધી **હાલ** = પ્રત્યક્ષ પ્રમાણ **ન** = નહીં **પાય** = પ્રાપ્ત કરે, મેળવે.

### અનુવાદ

**ઉધાર મોક્ષમાં ગાફલ જીવો જ વિશ્વાસ મૂકે છે. જ્યાં સુધી પ્રત્યક્ષ પ્રમાણ ન મળે ત્યાં સુધી જ્ઞાની તેમાં ફસાતા નથી.**

### ભાવાર્થ

માત્ર લખાણમાં દર્શાવ્યા પુરતો ભરોસો આપતી ભવના બંધનમાંથી છૂટવાની વાતોમાં બેદરકારી રાખનાર જીવો જ વિશ્વાસ રાખે છે અને તેઓ જ તેવા મત-પક્ષોમાં ફસાય છે. જેઓ સમર્થ ગુરુના જ્ઞાનથી સજાગ થયેલા જ્ઞાની પુરુષો છે તેઓ જ્યાં સુધી મોક્ષ મેળવવા માટેની સાચી અને યથાર્થ વાતો પ્રત્યે પ્રત્યક્ષ પ્રમાણ ન મળે ત્યાં સુધી તેવી પોકળ વાતોમાં વિશ્વાસ કરતા નથી. આમ, સાવધાની રાખનાર મુમુક્ષુઓ માત્ર લખાણમાં મોક્ષની વાતો દર્શાવતા મત-પક્ષોમાં કદાપિ ફસાતા નથી.

## હાલ મુદા હસ્તાંમલ, નિજ અનુભવે દરશાય;
## અરસ પરસ એકતા ગ્યમ, બીન સત્‌ગુરુ નવ થાય. ૧૪

### શબ્દાર્થ

**હાલ** = વર્તમાન, પ્રત્યક્ષ **મુદા** = મુદ્દો, પ્રમાણ, પુરાવો, સાબિતી, તાત્પર્ય **હસ્તાંમલ** = હસ્તોહસ્ત, હાથોહાથ **નિજ** = પોતાના, સ્વ **અનુભવે** = અનુભવથી **દરશાય** = દેખાય, દૃશ્યમાન થાય, જણાય **અરસ પરસ** = પરસ્પર, અન્યોન્ય, એકબીજાને માંહોમાંહે **એકતા** = જોડાણ, સજાતીયતા, સ્વજાતિપણાનું ઐક્યપણું **ગ્યમ** = સમજ, સૂઝથી **બીન** = વગર, સિવાય **સત્‌ગુરુ** = સદ્‌ગુરુ **નવ** = નહીં, ના **થાય** = થાય.

### અનુવાદ

**હોથો હાથ મોક્ષના મુદ્દાનું પ્રત્યક્ષ પ્રમાણ પોતાના અનુભવથી જ દર્શાય છે. પરસ્પર એકતા કરવાની સમજ સદ્‌ગુરુ સિવાય પ્રાપ્ત થાય નહીં.**

### ભાવાર્થ

મોક્ષ રૂપ જે મુદ્દો છે તેને હાથોહાથ કોઈના દ્વારા આપવામાં આવે કે કોઈના તરફથી મેળવવામાં આવે તેમ નથી, પરંતુ એવા મોક્ષ રૂપ મુદ્દાનું હાથોહાથ પ્રત્યક્ષ પ્રમાણ સ્વાનુભવ થકી જણાય છે.

પોતાના ચૈતન અંશ સ્વરૂપની અને તે જેની સજાતિનો છે એવા સર્જનહાર અંશીના પરમમોક્ષ પદની સાથે એકતા કરવી હોય તો તેની સમજ માત્ર વિશ્વમાં સદ્‌ગુરુ રૂપ દિવ્ય પરમગુરુ જ આપી શકે તેમ છે. તે સિવાય આવા પરમ મોક્ષના મુદ્દાની સમજ અન્ય કોઈ પણ પાસેથી મળતી નથી.

## આદ્ય અંત ઓરુ મધ્યમેં, જેતી ભર જુગ જાણ;
## સદ્‌ગુરુ બિના ઉચ્ચારણ, તે સબ ઓરલી વાણ. ૧૫

### શબ્દાર્થ

**આદ્ય** = પ્રારંભ, શરૂઆત **અંત** = સમાપ્તિ, છેડો, આખર **ઓરુ** = અને **મધ્યમેં** = પસારાનો સમય **જેતી** = જેટલી **ભર** = છે તેટલી, સુધીની **જુગ** = જગતની **જાણ** = માહિતી, સમજ, જ્ઞાન **સદ્‌ગુરુ** = સદ્‌ગુરુ **બિના** = વગર, વિના, સિવાય **ઉચ્ચારણ** = કથન, વચન, ઉક્તિ **તે સબ** = તે બધી જ **ઓરલી** = આ બાજુની, જગત પક્ષની **વાણ** = વાણી, વચન, વેણ.

### અનુવાદ

**આદ્ય અંત અને મધ્યમાં જગતની જેટલી સમજ છે તે બધી જ વાણી સદ્‌ગુરુ સિવાય ઉચ્ચારાયેલી હોવાથી આ બાજુની છે.**

### ભાવાર્થ

વિશ્વના પ્રારંભથી લઈને પસારાના સમયથી અંત સુધીના સમય દરમિયાન જગતમાં જેટલી માહિતી (જ્ઞાન) દર્શાવવામાં આવી છે તે બધી જ માહિતી (જ્ઞાન)

સૃષ્ટિની રચનાના સંદર્ભમાં ઉચ્ચારાયેલી છે. સદ્‌ગુરુ દ્વારા ન ઉચ્ચારાયેલી હોવાથી તે બધી જ વાણી જગતની રચના પૈકીની વાણી છે.

**શક્તિ જ્યોત નિરંજન, રજ તમ સાત્વિક દેવ;**
**જગ જીનુ સકલ ઉપાસીક, એ સબ ઓરલી સેવ. ૧૬**

### શબ્દાર્થ

**શક્તિ** = આદ્યશક્તિ, મહંમાયા **જ્યોત નિરંજન** = જ્યોતિપુરુષ નિરંજન **રજ** = રજોગુણી બ્રહ્માજી **તમ** = તમોગુણી શંકર **સાત્વિક** = સતોગુણી વિષ્ણુ **દેવ** = દેવતાઓ **જગ** = જગત, વિશ્વ **જીનુ** = જેના, જેની **સકલ** = બધા, સર્વ **ઉપાસીક** = ઉપાસના કરે છે, આરાધના, ભક્તિ કરે છે **એ સબ** = તે બધી જ તેવી બધી જ **ઓરલી** = આ બાજુની, જગત પક્ષની **સેવ** = સેવા, પૂજા, ભક્તિ.

### અનુવાદ

**સમગ્ર જગત જેની ઉપાસના કરે છે તે આદ્યશક્તિ, જ્યોતિ પુરુષ નિરંજન, રજો, તમો અને સાત્ત્વિક વિગેરે દેવોની બધી જ સેવા ઓરલી છે.**

### ભાવાર્થ

આદ્યશક્તિ, જ્યોતિ પુરુષ નિરંજન, રજોગુણી બ્રહ્મા, તમોગુણી શિવજી અને સતોગુણી વિષ્ણુ સહિત સર્વ દેવોની જેમાં જગતના બધા જ જીવો ઉપાસના કરે છે. આ બધી જ સગુણ દેવ-દેવીઓની આરાધના છે, જગતના રચનાર જે બ્રહ્મથી તીત છે, એવા શાશ્વત સર્જનહારનો સમાવેશ થતો નથી. આ બધી જ ઉપાસના, સેવા-પૂજા જગતની રચના પૈકીની હોવાથી ઓરલી સેવા છે.

**ઓરુ જેતને ઈશ્વર તનુ, લીન્ય અવન અવતાર;**
**નિજ ગ્યમસે નિજપદ રહી, કરી ગયે ઓરલે વિહાર. ૧૭**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **જેતને** = જેટલા **ઈશ્વર** = ઐશ્વર્યતા ધરાવતા વિષ્ણુ **તનુ** = દેહ, ઘાટ, શરીર **લીન્ય** = લીધા, લીધો **અવન** = પૃથ્વી પર **અવતાર** = જન્મ, અવતરણ, દેહ ધારણ **નિજ** = પોતાની **ગ્યમસે** = સમજથી, જ્ઞાનથી **નિજપદ** = આદિ, મૂળ પદ **રહી** = રહી ગયું, રહ્યું **કરી ગયે** = કરી ગયા

**ઓરલે** = આ બાજુના, જગત પક્ષના **વિહાર** = લીલા, ભ્રમણ, વિચરણ.

## અનુવાદ

**પૃથ્વી ઉપર ઐશ્વર્યતા ધરાવતા વિષ્ણુએ જેટલા અવતાર લીધા તે બધાની જાણ પોતાના મૂળ પદમાં જ રાખી આ જગતમાં વિચરણ કરી ગયા છે.**

## ભાવાર્થ

પૃથ્વી પર આદિ વિષ્ણુના ઐશ્વર્ય ધરાવતા ચોવીસ અવતારો થયા છે. તે તમામ અવતારોને પોતાના નિજ પદ એવા બ્રહ્મપદ અને આદ્યશક્તિ તેમજ નિરંજન સુધીના પદોની જ માહિતી હોવાથી ત્યાં સુધીનું વર્ણન કરી ગયા છે. તેઓ પોતાની જવાબદારી અદા કરવા આ બાજુના એટલે કે, સર્જનહારની રચના પૈકીના શરીર ધારણ કરીને પૃથ્વી પર વિચરણ કરી ગયા છે.

**તેહી વિહારનકે વિને, કરત સકલ નર લોય;**
**નિજ ગમ સ્વ-સ્વરૂપકી, ગાવત નહીં ગતિ કોય. ૧૮**

### શબ્દાર્થ

**તેહી** = તે **વિહારનકે** = વિહાર કરી ગયા તેના, વિચરણ કરી ગયેલાના **વિને** = વિનયપૂર્વક સ્તુતિ **કરત** = કરે છે **સકલ** = સર્વ, બધા, સૌ **નર** = પુરુષ **લોય** = સ્ત્રી **નિજ** = મૂળ, આદિ પોતાના **ગમ** = સમજ, તરફ, બાજુની, ભણી **સ્વ-સ્વરૂપકી** = સ્વ-ચૈતન અંશ સ્વરૂપની **ગાવત** = ગાય છે, કથે છે, કહે છે **નહીં** = નહીં **ગતિ** = સમજ, જ્ઞાન **કોય** = કોઈ પણ.

## અનુવાદ

**સૌ સ્ત્રી-પુરુષો તે વિહાર કરી ગયેલાની વિધિપૂર્વક સ્તુતિ કરે છે, પરંતુ પોતાના સ્વ-સ્વરૂપની સમજ કોઈ મેળવી શક્યાં નથી.**

## ભાવાર્થ

વિશ્વના સ્ત્રી-પુરુષો ઐશ્વર્યવાન વિષ્ણુના અવતારોની વિનયપૂર્વક સ્તુતિ-પ્રાર્થના દ્વારા ભક્તિ કરે છે. આમ તેઓ માત્ર ઈષ્ટ દેવોના ગુણગાન કરે છે. આ પ્રમાણે

અવતારિક મહાપુરુષો સહિત જગતમાં કોઈ પણ ચૈતન સ્વરૂપની સાચી સમજ દર્શાવતા ન હોવાથી જગતમાં સ્વ-સ્વરૂપની સમજ કોઈ મેળવી શક્યાં નથી.

**ભૂત ભવિષ્ય વર્તમાન કી, જાનતહી ગતિ કોય;**
**ત્રિયે કાલ દરશી લ્યહુ, એ સબ ઓરલી બોહોય. ૧૯**

### શબ્દાર્થ

**ભૂત** = ભૂતકાળ **ભવિષ્ય** = ભવિષ્યકાળ **વર્તમાન** = વર્તમાનકાળ **કી** = ની **જાનતહી** = જાણે છે **ગતિ** = સમજ, જ્ઞાન **કોય** = કોઈ **ત્રિયે કાલ** = ત્રણેય કાળ **દરશી** = જોનાર **લ્યહુ** = જાણે **એ સબ** = એ બધું, એ સર્વ **ઓરલી** = આ બાજુની, જગતની રચના પૈકીની **બોહોય** = બયાન, વાણી, વર્ણન, બોધ, ઉપદેશ, જ્ઞાન, માહિતી.

### અનુવાદ

**ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણ કાળની ગતિને કોઈ (ત્રિકાળદર્શી) જાણતા હોય, પરંતુ એ બધી આ બાજુની માહિતી (વાણી) છે.**

### ભાવાર્થ

ભૂતકાળમાં થઈ ગયેલી બાબત, વર્તમાનકાળમાં બની રહેલી બાબત કે પછી ભવિષ્યમાં બનવાની હોય તે બાબત એ ત્રણેય કાળની ગતિને કોઈ ત્રિકાળદર્શી સાધક જાણતા હોય છે. આ બધી હકીકતથી જગત આશ્ચર્ય પામે છે, પરંતુ તે સર્વ બાબત જગતની ઉત્પત્તિના આરંભથી માંડીને વર્તમાન અને અંત સુધીના સમયગાળા પૂરતી છે જે સર્જનહારની રચના પૈકીની હોવાથી આ બાજુની માહિતી કહી શકાય.

**અષ્ટ સિધ્ધિ નવ નિધિ જેહી, જીનકે સ્વાધીન હોય;**
**એ સબ ઓરલી સામ્રતા, જગ પૂજાવન સોય. ૨૦**

### શબ્દાર્થ

**અષ્ટ સિધ્ધિ** = આઠ પ્રકારની સિદ્ધિઓ **નવ નિધિ** = નવ પ્રકારની નિધિ **જેહી** = જે **જીનકે** = જેના, જેમને **સ્વાધીન** = વશમાં, તાબામાં કાબૂમાં, આધીન **હોય** = હોય **એ સબ** = બે બધું જ

**ઓરલી** = આ બાજુની, જગતની રચના પૈકીની **સામ્રતા** = શક્તિ, સામર્થ્યતા, બળ **જગ** = જગત, વિશ્વમાં **પૂજાવન** = પૂજા કરાવવા માટે, પૂજાવવા માટે જ **સોય** = તે, તેને.

## અનુવાદ

**આઠ સિદ્ધિઓ અને નવ નિધિઓ જેને સ્વાધીન હોય તે બધું સામર્થ્ય આ બાજુનું જ છે. જે માત્ર જગતમાં પૂજાવા માટે જ છે.**

## ભાવાર્થ

જેણે પોતાની સાધનાથી આઠ પ્રકારની સિદ્ધિઓ અને નવ પ્રકારની નિધિઓ વશ કરી હોય તેવા સિદ્ધ પુરુષ જે જગતના લોકો તેની સામર્થ્યતાને લીધે પૂજે છે. આમ જે તે સાધકે જે તે પ્રકારનું સામર્થ્ય પ્રાપ્ત કર્યું હોય તો તે સિદ્ધિ માત્ર તેની હયાતિ સુધી જ તેની પાસે રહે છે. તેના મૃત્યુ બાદ તે નિધિ કે સિદ્ધિ કદાપિ કામ આવતી નથી. વળી, સાધના દ્વારા પ્રાપ્ત કરેલી બાબતો સર્જનહારની રચના પૈકીની (આ બાજુની) હોવાથી નાશવંત હોવા છતાં સાધકોનો સિદ્ધિઓ મેળવવા પાછળનો ઈરાદો જગતમાં પૂંજાવામાટેનો હોય છે.

**ખટ દર્શન ચૌ સંપ્રદાય, સિધકે યોગ અષ્ટાંગ;**
**નિજ લક્ષ બિનું ઓરુ પક્ષ સબે, એ સબ ઓરલે સ્વાંગ. ૨૧**

### શબ્દાર્થ

**ખટ દર્શન** = છ શાસ્ત્રો **ચૌ સંપ્રદાય** = ચાર સંપ્રદાય **સિધકે** = સાધકોના **યોગ** = ઈષ્ટ તત્ત્વની સાથે સંલગ્નતા, ચિત્તવૃત્તિનો નિરોધ, જોડાણ **અષ્ટાંગ** = આઠ પ્રકારના યોગ **નિજ** = મૂળ, આદિ **લક્ષ** = અંતિમ ધ્યેય, હેતુ ઉપદેશ નિશાન **બિનું** = સિવાય, વિના, વગર **ઓરુ** = અને અન્ય **પક્ષ** = માન્યતા, મત, વિચારધારા **સબે** = બધા, તમામ **એ** = એ **સબ** = બધા, તમામ **ઓરલે** = ઓરલ્યા, આ બાજુના **સ્વાંગ** = બનાવટી વેશ પોષાક, દંભ, નાટક, શરણગાર, રૂપ, અલંકાર, પદ્ધતિ.

## અનુવાદ

**છ દર્શન, ચાર સંપ્રદાય, સિદ્ધોના આઠ પ્રકારના યોગ વગેરે બધા જ પક્ષો નિજ લક્ષ સિવાયના હોવાથી આ બાજુના શણગાર જેવા જ છે.**

## ભાવાર્થ

છ દર્શનઃ સાંખ્ય, મિમાંસા, પતંજલિ, વૈશેષિક, ન્યાય અને વેદાંત તેમજ ચાર સંપ્રદાયઃ શ્રી સંપ્રદાય, સદ્ સંપ્રદાય, બ્રહ્મ સંપ્રદાય અને સનકાદિક સંપ્રદાય સહિત સાધના દ્વારા સાધકોએ સિદ્ધ કરેલ આઠ પ્રકારના યોગના અંગોઃ યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ બધી વિચારધારા નિજ અંશ-અંશીના લક્ષ સિવાયના હોવાથી જગત પક્ષની ઉત્પત્તિના અલંકાર રૂપે છે.

**મુદ્રા ખેચરી ભૂચરી, અગોચરી ઉનમુન્ય;**
**ચાચરી સહિત દેખાવન, માહાતા જગ પર શૂન્ય. ૨૨**

### શબ્દાર્થ

**મુદ્રા** = યૌગિક ક્રિયા **ખેચરી** = આકાશમાં ઊડવાની શક્તિ **ભૂચરી** = પૃથ્વી વિષે ગમન કરવાની શક્તિ **અગોચરી** = અદશ્ય થવાની શક્તિ **ઉનમુન્ય** = બ્રહ્મ પરાયણ સ્થિતિ, સોહંગ પરમાત્માનો સાક્ષાત્કારની શક્તિ **ચાચરી** = સૌના મનની હકીકત જાણવાની શક્તિ **સહિત** = સુદ્ધાં, સાથે **દેખાવન** = દેખાડવા, બતાવવા **માહાતા** = મહત્તા, મોટાઇ, ઐશ્વર્ય, પ્રભાવ **જગ** = જગતને, દુનિયાને **પર** = મોક્ષ માટે, પરલોક માટે **શૂન્ય** = નકામું, વ્યર્થ, ઠાલુ, રહિત, રદબાતલ, નકામી.

## અનુવાદ

**ભૂચરી, ચાચરી, ખેચરી, અગોચરી અને ઉન્મૂનિ એ પાંચ મુદ્રાઓ જગતમાં મહત્તા દેખાડવા પુરતી જ હોઈ મોક્ષ માટે નકામી છે.**

## ભાવાર્થ

બાર વર્ષ સુધી સાધક નાભિ સ્થાને દષ્ટિ રાખીને અમરમંત્રનો જાપ જપે તો તેને ભૂચરી મુદ્રા સિદ્ધિ થાય, નેત્રને સન્મુખ દષ્ટિ રાખીને અમરમંત્રનો જાપ જપે તો ચાચરી મુદ્રા સિદ્ધ થાય, આકાશ તરફ દષ્ટિ રાખીને અમરમંત્રનો જાપ જપે તો ખેચરી મુદ્રા સિદ્ધ થાય અને નાકના અગ્ર ભાગે દષ્ટિ રાખીને અમરમંત્રનો જાપ જપે તો ઉન્મૂનિ મુદ્રા સિદ્ધ થાય છે, પરંતુ આ બધી જ મુદ્રાની સાધના જગતના જીવોને પોતાની મહત્તા દેખાડવા માટેની જ હોય છે. આત્મકલ્યાણ કે મોક્ષની બાબતમાં તે તદ્દન શૂન્ય (નિષ્ફળ) પુરવાર થાય છે.

**ડૂબન ઘડન કરાંમત, અદૃશ્ય ઉડઘન સોય;**
**એ કરીયા પર સ્વાધીન, નિજ બલ સમ નહીં કોય. ૨૩**

### શબ્દાર્થ

**ડૂબન** = તલ્લીનતા, નિમજ્જન **ઘડન** = ગડન, અંદર પેસી જવું, ગરકવું **કરાંમત** = ચમત્કાર, ચતુરાઈ, બનાવટ, ખૂબી **અદૃશ્ય** = રહસ્યમ રીતે લોપ થવું, અદર્શનીય થવું, અંતર્ધાન થવું **ઉડઘન** = આકાશમાં ઉડવું **સોય** = તે પણ **એ** = આ **કરીયા** = ક્રિયા, પ્રવૃત્તિ, કાર્ય, કરણી, આચાર, કળા **પર સ્વાન** = પરાધિન, બીજાને તાબે હોય એવું, પરતંત્ર, પરવશ **નિજ** = પોતાના **બલ** = આત્મબળ, શક્તિ સામર્થ્યતા **સમ** = સમાન, બરોબર, ના જેવું, તુલ્ય **નહીં** = નહીં **કોય** = કાંઈ પણ.

### અનુવાદ

**નિમજ્જન, ગરકવું, ચમત્કાર, અદર્શનીય થવું અને આકાશમાં ગમન કરવું એ બધી ક્રિયાઓ પરાધીન હોઈ પોતાના આત્મબળ તુલ્ય નથી.**

### ભાવાર્થ

ભૂચરી મુદ્રાની સાધનાથી પૃથ્વીને વિષે ગવન કરવું, ચાચરી મુદ્રાની સાધનાથી સૌના મનની હકીકત જાણવી, ખેચરી મુદ્રાની સાધનાથી આકાશમાં ગવન કરવું, અગોચરી મુદ્રાના સાધનાથી સૌના દેખતાં અદૃશ્ય થઈ જવું અને ઉન્મૂનિ મુદ્રાની સાધનાથી પરમાત્માનું દર્શન કરવું, એ બધી જ ક્રિયાઓ સાધના દ્વારા પ્રાપ્ત કરેલ સામર્થ્યતા છે. તે પરાધિન ક્રિયાઓ છે, પરંતુ પોતાના આત્મબળ સમાન બરાબરીમાં આવી શકતી નથી.

**સાધન તબ લગી સિદ્ધ રહે, બિન સાધે તબ જીવ;**
**જીવદશા ગત ઓરલકી, સંશે સહિત સદૈવ. ૨૪**

### શબ્દાર્થ

**સાધન** = સાધના સાધે, સાધના કરે **તબ લગી** = ત્યાં સુધી **સિદ્ધ** = સિદ્ધ, ઉપાધિ, સાધનની શક્તિ, સાધનાનું ફળ **રહે** = રહેવા પામે **બિન** = સિવાય, વિના **સાધે** = સાધના સાધે **તબ** = તો, ત્યારે **જીવ** = જીવદશાવાળા, અજ્ઞાન, **જીવદશા** = અજ્ઞાન દશા **ગત** = ગતિ, સમજ, બુદ્ધિ, શક્તિ, મતિ, બળ, સ્થિતિ, દશા **ઓરલ કી** = જગતની ઉત્પત્તિ અંગેની, આ બાજુની **સંશે** = સંશય, સંદેહ, શંકા **સહિત** = શુદ્ધાં, સાથોસાથ, વાળુ **સદૈવ** = સદાય, હમેશાં, સર્વદા, નિરંતર.

## અનુવાદ

**જ્યાં સુધી સાધના કરવામાં આવે ત્યાં સુધી સિદ્ધિ રહે છે. સાધના વગર તે માનવ જીવદશા ભોગવે છે. આ જીવદશાની ગતિ સર્વદા સંશયવાળી હોઈ આ બાજુની જ છે.**

## ભાવાર્થ

સાધનાથી પ્રાપ્ત કરેલ સિદ્ધિને સમયાંતરે સિદ્ધ કરવી પડે છે. જો સાધક તે સાધના ન કરે તો તેની સિદ્ધિ રહેતી નથી. ત્યાર બાદ સાધક પણ સામાન્ય જીવદશા ભોગવે છે.

આવી જીવદશાવાળી સ્થિતિ હમેશાંને માટે સંશયોવાળી ગણાય છે. કારણ કે, તેનાથી માનવીની મોક્ષની આશા ફળીભૂત થતી નથી. માટે એવી જીવદશાની સ્થિતિ ઓરલી એટલે કે, જગત પક્ષની જ છે.

**મુક્તિ સાન્નિધ્ય સારૂપ, સાલોક્ય ઓરુ સાયોજ;**
**નવધાકે ફલ દેવનકુ, એ સબ ઓરલી મોજ. ૨૫**

### શબ્દાર્થ

**મુક્તિ** = જન્મ-મરણના ફેરામાંથી નિવૃત્તિ પામવું, મોક્ષ થવો, દેહના બંધનોમાંથી આત્માનો છૂટકારો **સાન્નિધ્ય** = સ્વાનિધ્ય મુક્તિ **સારૂપ** = સારુપ્ય મુક્તિ **સાલોક્ય** = સાલોક્ય મુક્તિ **ઓરુ** = અને **સાયોજ** = સાયુજય મુક્તિ **નવધાકે** = નવ પ્રકારની ભક્તિ **ફલ** = ફળ, પરિણામ, લાભ પ્રાપ્તિ **દેવનકુ** = દેવાવાળી, આપવાવાળી **એ સબ** = એ બધી **ઓરલી** = આ બાજુની, જગતની ઉત્પત્તિ પક્ષની **મોજ** = આનંદ, ખુશાલી, મજા, હરખ, ઉલ્લાસ.

## અનુવાદ

**સ્વાનિધ્ય, સારુપ્ય, સાલોક્ય અને સાયુજય મુક્તિ નવધા ભક્તિના ફળ આપવાવાળી છે, છતાં એ સર્વ આનંદ આ બાજુના જ છે.**

## ભાવાર્થ

સૂતસંહિતામાં મત મુજબ ચાર પ્રકારની મુક્તિ દર્શાવવામાં આવી છે. જેમાં પોતાના ઈષ્ટદેવની સમીપમાં પહોંચી જવું તે સાંનિધ્ય મુક્તિ, ઈષ્ટદેવના સ્વરૂપની

જેમ પ્રતીતિ થવી તે સારૂપ્ય મુક્તિ, સગુણ દેવની ઉપાસના કરી તે તે દેવલોકમાં જઈ નિવાસ કરવો તે સાલોક્ય મુક્તિ અને ઉપાસ્ય દેવતાના સ્વરૂપમાં સમાઈને રહેવું તે સાયુજ્ય મુક્તિ છે.

માનવી સંસારમાં રહીને નવ પ્રકારની ભક્તિઃ શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સાંખ્ય અને આત્મનિવેદનના આધારે જે કાંઈ ફળ પ્રાપ્તિ કરે તે પ્રમાણે મુક્તિ મેળવે છે.

આ પ્રમાણે બધા જ પ્રકારની ભક્તિનો અને તેના ફળની પ્રાપ્તિનો આનંદ નાશવંત હોઈ જગતની ઉત્પત્તિના પક્ષનો છે.

**ધરમ અરથ જેહી મોક્ષ હી, ઓર ચતુરથો કામ;**
**એ સંપત્ય સુખ ઓરલકે, જીવ રત્ય કરન વિરામ. ૨૬**

### શબ્દાર્થ

**ધરમ** = ધર્મ, ફરજ, કર્તવ્ય, પંથ **અરથ** = અર્થ, ધન, સંપત્તિ, નાણુ **જેહી** = જે **મોક્ષ** = મુક્તિ **હી** = છે **ઓર** = અને **ચતુરથો** = ચોથો **કામ** = વાસના, વિષયસુખ, ઈચ્છા **એ** = એ **સંપત્ય** = સંપત્તિ, ઐશ્વર્ય, આબાદી **સુખ** = તન અને મનને શાંતિ આપનારો અનુભવ, આરામ, શાંતિ, સંતોષ, તૃપ્તિ **ઓરલકે** = આ બાજુના, જગતની ઉત્પત્તિ પક્ષના **જીવ** = જીવો **રત્ય** = પ્રેમપૂર્વક **કરન** = કરે છે **વિરામ** = વિસામો, વિશ્રામ, નિવૃત્તિ, જંપ, શાંતિ, આરામ.

### અનુવાદ

**ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ સર્વ સંપત્તિનું સુખ આ બાજુનું હોઈ જીવો પ્રેમપૂર્વક તેમાં વિરામ કરે છે.**

### ભાવાર્થ

જ્યાં સુધી વ્યક્તિને પોતાના સ્વરૂપનું જ્ઞાન ન થાય ત્યાં સુધી પ્રકૃતિ સંબંધ છોડતી નથી. જ્યાં સુધી પ્રકૃતિનું જોડાણ છે ત્યાં સુધી વ્યક્તિ પુરુષાર્થ કરવામાં વ્યસ્ત રહે છે. પ્રકૃત્તિ પુરુષાર્થીને માટે એટલે કે, પુરુષને થતા દુઃખોની નિવૃત્તિ કરવાને માટે નિરંતર પ્રયત્નશીલ રહે છે. જેથી પ્રથમ ધર્મ કહેતાં સાંસારિક ફરજો બજાવવાના પ્રયત્ન કરે છે. તેની સાથે સંબંધિત ભોગ વિલાસ અને ઇન્દ્રિયોના સુખોનો ઉપભોગ

કરે છે. તેને સંતોષવા માટે સંપત્તિ ઉપાર્જીત કરવાનો પ્રયત્ન કરે છે. આખરે થાકીને તે આધ્યાત્મિક માર્ગે પ્રયાણ કરવા અને મોક્ષની પ્રાપ્તિ અર્થે પ્રયત્નશીલ રહે છે.

આ ચારે ચાર પુરુષાર્થથી ઉપલબ્ધ થતી બધી સંપત્તિ અને સુખ આ બાજુના છે. છતાં પણ જીવદશા ભોગવનારા માનવો તેમાં જ પ્રેમપૂર્વક રચ્યા-પચ્યા રહીને અટકી ગયા છે. એટલું જ નહીં, પરંતુ તેમાં જ શાંતિ અનુભવે છે.

**સોલ કલા સંપુરણ, હુતે કૃષ્ણ અવતાર;**
**અરજુનકુ ઉપદેશતાં, દીયે લક્ષ તીનું પાર. ૨૭**

### શબ્દાર્થ

**સોલ** = સોળ **કલા** = કળા, ગુણ **સંપુરણ** = સંપૂર્ણ **હુતે** = હતા **કૃષ્ણ** = શ્રી કૃષ્ણ **અવતાર** = અવતરણ કરનારા વિષ્ણુના અવતાર **અરજુનકુ** = અર્જુનને **ઉપદેશતાં** = ઉપદેશ આપતાં **દીયે** = આપ્યો, દીધો **લક્ષ** = લક્ષ, અંતિમ નિર્ણય, ધ્યેય **તીનુ** = તેમની **પાર** = ઊંડો, મર્મ, ભેદ, શરણું.

### અનુવાદ

**કૃષ્ણનો અવતાર સર્વગુણ સંપન્ન હતો. તેમણે અર્જુનને (સોળકળાની પારનો) ઉપદેશ આપી (તેને) શરણમાં લીધો હતો.**

### ભાવાર્થ

વિષ્ણુના આઠમા અવતાર એવા શ્રીકૃષ્ણ સર્વગુણો તથા સર્વ વિદ્યાથી સંપન્ન હતા, જેવા કે પવિત્રતા, મધુરતા, હર્ષિતમુખતા, શુભ ભાવના, સંતુષ્ટતા, પરોપકાર, ઈમાનદારત્ત્વતા, આજ્ઞકારીત્ત્વ, નિયમિતતા, ઉદારતા, નમ્રતા, પ્રેમ ક્ષમાશીલતા, સહનશીલતા, રમણિકતા અને ધૈર્યતા. આમ છતાં પણ તેઓ અર્જુનના સારથી બનીને યુદ્ધભૂમિમાં ગયા. લડાઈની શરૂઆતમાં પોતાના આપ્તજનોને સામે ઊભેલા જોઈ અર્જુને હથિયાર છોડી દીધા, ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને પોતાના શરણમાં લઈ બોધ આપી લડવા સમજાવ્યો. પાંડવોને યુક્તિ બતાવી દુર્યોધન સહિત કૌરવોનો સંહાર કરાવ્યો અને પાંડવોને વિજય અપાવ્યો હતો.

(**નોંધઃ** પુરાતન કાળમાં એક રૂપિયાના સોળ આના હતા. સોળ આનાનો પુરો રૂપિયો થાય તેવા સંદર્ભમાં પરિપૂર્ણતા માટે સોળનો આંક દર્શાવવામાં આવતો હતો.)

## તબ જેતને ક્રત કૃષ્ણકે, સોલ કળા ગુણ ગ્રામ;
## નિજ લક્ષકે ઉપદેશમેં, ઓરલે ના આયે કામ. ૨૮

### શબ્દાર્થ

**તબ** = તેથી, ત્યારે **જેતને** = જેટલા **ક્રત** = કૃત્યો, કર્મો, કાર્ય **કૃષ્ણકે** = શ્રીકૃષ્ણના **સોલ કળા** = સોળ ગુણો **ગુણ** = ગુણો **ગ્રામ** = ગાથા, ગાન **નિજ લક્ષકે** = પોતાના અંતિમ ધ્યેય માટેના **ઉપદેશમેં** = ઉપદેશ માટે, ઉપદેશમાં **ઓરલે** = આ બાજુના, જગત પક્ષના **ના** નહીં, ના **આયે** = આવ્યા, આવે **કામ** = કામમાં.

### અનુવાદ

**તેવી સોળ કળાવાન શ્રીકૃષ્ણના કૃત્યોની ગાથા ગવાતા બોધ જગત પક્ષના હોવાથી નિજ લક્ષના ઉપદેશ માટે કામ આવે નહીં.**

### ભાવાર્થ

તેટલા માટે સંપૂર્ણ ગુણોથી પરિપૂર્ણ એવા વિષ્ણુના આઠમા અવતાર એવા શ્રી કૃષ્ણના ગુણોની ગાથા ગવાતા બોધ આપતા (સર્વ) જ્ઞાનની વાતો જગતની રચના પૈકીની હોવાથી જીવોના જન્મ-મરણના ભવસંકટમાંથી પૂર્ણપણે મુક્તિ આપવાના કાર્ય માટે કામ આવતા નથી. આ વચનો પોતાના ચૈતન સ્વરૂપને ઓળખવા માટેનો કે સર્જનહારના તત્ત્વાતીત શાશ્વત સ્વરૂપને દર્શાવવામાં અપુરતાં હોવાથી જીવોના મોક્ષ માટે સહાયભૂત થઈ શકતાં નથી.

## એહી વિધિ કરત સકલ કુલ, જેહી ઈશ્વર તનુ કીન;
## નિજ ગમસે ઓરલ્યે સબે, જગ દરશાવન ચીન. ૨૯

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ પ્રમાણે, આ રીતે **કરત** = ક્રુત, રચના, ઉત્પત્તિ, કાર્યો, કરવું **સકલ** = સર્વ, બધા **કુલ** = સમસ્ત, એકંદરે, બધું મળીને થાય એટલું **જેહી** = જે **ઈશ્વર** = ઐશ્વર્યવાન,અવતારાદિક પુરુષ-વિષ્ણુ **તનુ** = શરીર **કીન** = કર્યું, બનાવ્યું **નિજ ગમસે** = મૂળ સમજથી, પોતાની જાણથી, અંશ-અંશીના લક્ષથી **ઓરલ્યે** = આ બાજુનો **સબે** = બધા, સર્વ, તમામ **જગ** = જગતમાં, વિશ્વમાં **દરશાવન** = બતાવવા, દર્શાવવા **ચીન** = ચિહ્ન, લક્ષણો, પ્રતિક, રૂપ, સંકેત.

## અનુવાદ

**આ પ્રમાણે અવતારાદિક પુરુષ શ્રી વિષ્ણુના તમામ કાર્યો નિજ ગમ સિવાય આ બાજુના છે અને લક્ષણ જગતને દર્શાવવા પૂરતાં જ છે.**

## ભાવાર્થ

આ પ્રમાણે અવતારાદિક પુરુષ શ્રી વિષ્ણુના બધા જ અવતારો મળીને જે જે કાર્યો કર્યા તે તમામ કાર્યો અને ઉપદેશ જગતના જીવોનું અધર્મથી રક્ષણ કરવા અને ધર્મનું સ્થાપન કરવા માટે હતો. જેમાં જગતની ઉત્પત્તિને સહાયભૂત થનારા અને પોતાનું પાલન-પોષણ કરવાની જવાબદારી અદા કરવા માટેની ઉપદેશાત્મક વાતો હોવાથી તેમાં નિજ લક્ષ રૂપી અંશ-અંશીની સમજ નથી. વળી, તેમણે જે જે શરીર ધારણ કર્યા છે તે સર્જનહાર દ્વારા તૈયાર કરવામાં આવેલા શરીર પૈકીના પોતાના કાર્યો કરવા માટે અનુકૂળતાવાળા ધારણ કર્યા છે અને તે ચિહ્નો (લક્ષણો) દ્વારા જગતને પોતાની ઐશ્વર્યતા બતાવવા પ્રયત્નો કર્યા છે.

**ત્રિગુણ શકત કત ઉતપન, સ્થૂળ સૂક્ષ્મ જેહી ઘાટ;**
**સરગ પાતાલ અચર ચર, એ સબ ઓરલે ઠાઠ. ૩૦**

### શબ્દાર્થ

**ત્રિગુણ** = ત્રણ ગુણઃ રજો, તમો અને સતો **શકત** = આદ્યશક્તિ મહંમાયા **કત** = રચના **ઉતપન** = ઉત્પન્ન **સ્થૂળ** = પ્રાકૃતિક ઇન્દ્રિયો અને અંતઃકરણથી ગ્રહણ કરી શકાય તેવા ઘાટ **સૂક્ષ્મ** = સ્થૂળથી ઊલટું અવ્યક્ત ઘાટ **જેહી** = જે **ઘાટ** = શરીર **સરગ** = સ્વર્ગ, ઇન્દ્રદેવના લોક **પાતાલ** = પૃથ્વીના ઊંડાણમાં આવેલો લોક **અચર** = સ્થાવર **ચર** = જંગમ **એ** = એ **સબ** = બધા, સર્વ **ઓરલે** = આ બાજુના, વિશ્વની ઉત્પત્તિ પૈકીના **ઠાઠ** = શોભા, ઠઠારો, દેખાવ, સજાવટ, શણગાર.

## અનુવાદ

**ત્રણ ગુણ અને શક્તિની આદ્ય લઈ સ્થૂળ, સૂક્ષ્મ ઘાટોની ઉત્પત્તિ તથા સ્વર્ગ અને પાતાળ સહિત સ્થાવર જંગમ સૃષ્ટિ, એ સર્વ (બધો) ઠાઠ આ બાજુનો જ છે.**

## ભાવાર્થ

રજોગુણી બ્રહ્મા, સતોગુણી વિષ્ણુ અને તમોગુણી શંકર તથા આદ્યશક્તિ મહામાયાની આદ્ય લઈ સ્થાવર-જંગમ સહિતના સર્વ ઘાટો તથા અંતરિક્ષના ચૌદ દૈવી લોક તેમજ પૃથ્વીના પાતાળમાં આવેલા ચૌદ લોક, આ તમામ ઉત્પત્તિ (રચના) જગત પક્ષેની હોઈ આ બાજુનો ઠાઠ છે.

**ઓર પુરૂષ પ્રકૃતિ લહુ, ત્રિગુણ સહિત જેહી તંત;**
**એ નિજ ભવ કારણ પદ, સબ ઓરલનકે અંત. ૩૧**

### શબ્દાર્થ

**ઓર** = અને **પુરૂષ** = નિરંજનપુરુષ **પ્રકૃતિ** = આદ્યશક્તિ **લહુ** = સુધી **ત્રિગુણ** = ત્રણ ગુણઃ રજો તમો અને સતો **સહિત** = મળીને, સહિત **જેહી** = જે **તંત** = ઘાટો **એ** = એ **નિજ** = આદિ, મૂળ **ભવ** =વિશ્વ, જગત **કારણ પદ** = કારણ રૂપે રહેલાં પદ **સબ** = સર્વ, બધા **ઓરલનકે** = આ બાજુના **અંત** = છેવટે નાશ પામનાર, છેડો.

## અનુવાદ

**વળી પુરુષ અને પ્રકૃતિ સહિત ત્રણ ગુણ સુધીના જે ઘાટો છે તે જગતના મૂળ કારણ પદ હોવા છતાં તે બધા આ બાજુના નાશવંત પદો છે.**

## ભાવાર્થ

વળી સૃષ્ટિની શરૂઆતમાં સર્જનહાર દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલ આદ્ય પુરુષ નિરંજન, આદ્યશક્તિ સહિત બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સુધીના સર્વ દૈવી ઘાટો જગતની વૃદ્ધિના કારણ રૂપે રહેલા છે. જેમના દ્વારા બ્રહ્મ ભૂમિકામાં તત્ત્વોના મિશ્રણવાળી વિવિધતા ભરેલી સૃષ્ટિની રચના સર્જનહારે કરેલી છે.

જ્યારે મહાપ્રલય થશે ત્યારે સ્થૂળ, શૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહના તત્ત્વો સહિત સર્વ ઉત્પત્તિનો નાશ થવાનો છે. વળી પાંચ મુખ્ય મહાતત્ત્વોના બંધારણ થયેલ જગતની સર્વ પ્રકારની ઉત્પત્તિ આ બાજુની નાશવંત ઉત્પત્તિ છે. જે કાંઈ ઐશ્વર્યવાન અને દેવત્વ ધરાવતા મહાપુરુષના દૈવી ધામો છે તેમનો પણ નાશ થવાનો છે.

**એહી અંત સબ ઓરલકે, કારણ કૃત મહિમાન;**
**અંતસકરણ ચતુર ચિત્તે, ઉતે કરત અવિલાન. ૩૨**

### શબ્દાર્થ

**એહી** = એ પ્રમાણે **અંત** = વિનાશ, પ્રલય **સબ** = સર્વ, તમામ, બધા જ **ઓરલકે** = આ બાજુના, વિશ્વની ઉત્પત્તિ રૂપ સર્વ પદાર્થોના **કારણ** = કારણ રૂપ **કૃત** = રચના, ઉત્પત્તિ **મહિમાન** = મહિમા, પ્રભાવ, પ્રતાપ, ફેલાવો, વિસ્તાર, મહત્તા **અંતસકરણ** = અંતઃકરણ **ચતુર** = ચારે **ચિત્તે** = ચિતવન થકી, ચિત્ત વડે **ઉતે** = એનો, તેનો **કરત** = કરવામાં આવે, થઈ શકે, કરી શકાય **અવિલાન** = અવલોકન, અનુભવ, પ્રત્યક્ષ જ્ઞાન, અભ્યાસ, મહાવરો.

### અનુવાદ

**આ પ્રમાણે સર્વ ઓરલ્યા પદોનો નાશ થાય છે. કૃતના કારણ રૂપ પદોનો જે મહિમા છે તેનું ચાર અંતઃકરણના ચિંતવનથી અનુભવ કરી શકાય છે.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા પ્રમાણે જે જે ઓરલ્યા એટલે કે, જગતની ઉત્પત્તિ પૈકીના પદો છે તે સર્વનો વિનાશ મહાપ્રલયકાળે થતો હોવાથી તે સર્વ નાશવંત છે.

વળી કૃતની વૃદ્ધિના કારણ રૂપે રહેલા જે જે અવ્યક્ત તત્ત્વોના દૈવી પદો છે તે સર્વ પણ નાશવંત છે. એવા નાશવંત ઓરલ્યા પદોનો મહિમા ચાર અંતઃકરણ મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્તના ચિંતવનથી અનુભવી શકાય છે.

**અબકે કહું ઓરલી તીત, વિત્ત વ્યાપક જીત પ્રાય;**
**જેહી સિદ્ધાંત વેદાન્તકુ, સાંખ્ય સહિત અનુસ્ત્રાય. ૩૩**

### શબ્દાર્થ

**અબકે** = હવે પછી **કહું** = કહુ, દર્શાવું, જણાવું **ઓરલી** = આ બાજુની, જગતની ઉત્પત્તિ પક્ષની **તીત** = ઉપર, પરે, તીતની પાર, થી અલગ **વિત્ત** = હીર, સત્ત્વ, સાર **વ્યાપક** = પ્રસરાયેલું, પથરાયેલું, સર્વત્ર વ્યાપીને રહેલું **જીત** = જેનું, જેના અંગે **પ્રાય** = અભિપ્રાય, મત, વિચાર ઘણું કરીને, બધી રીતે, ઘણે અંશે **જેહી** = જે **સિદ્ધાંત** = વિચારધારા, સિદ્ધમત, પ્રમાણિત કરેલ નિર્ણય **વેદાન્તકુ** = વેદાન્તનો **સાંખ્ય** = સાંખ્યશાસ્ત્ર **સહિત** = સાથે, સુદ્ધાં, સહિત **અનુસ્ત્રાય** = અનુસરેલા, મળતું આવવું, સરખું હોવું, ઉપદેશ પ્રમાણે સંમત થવું.

### અનુવાદ

**હવે પછી ઓરલ્યા પદોથી તીત જે વિત્ત રૂપે વ્યાપક છે તેના અંગે કહુ છું. આમ તો આ વેદાન્તનો સિદ્ધાંત છે, પરંતુ સાંખ્યશાસ્ત્ર સુદ્ધાં આને અનુસરેલું છે.**

### ભાવાર્થ

હવે પછી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જગતની ઉત્પત્તિ પક્ષના પદોથી તીત જે વિત્ત રૂપે વ્યાપક બ્રહ્મપદ છે જે અંગે વેદાન્તને, વિદ્વાનો પ્રશ્ન વિવરણ કરે છે. આ વેદાંતીના મતને સાંખ્યશાસ્ત્ર પણ અનુમોદન આપી તેનું જ અનુસરણ કરે છે.

**નિગમ અંતકે તંતકી, સોહી પદ વદીત વેદાંત;**
**સાંખ્ય સમાસ ન ઉબરન, જીનુ જજત સબ સંત. ૩૪**

### શબ્દાર્થ

**નિગમ** = બ્રહ્મા દ્વારા વદીત ચાર વેદ **અંતકે** = છેવટનું, અંતનું **તંતકી** = તત્ત્વ જ **સોહી** = તે **પદ** = સ્થાન, મૂળ, દરજ્જો **વદીત** = વદે છે, દર્શાવે છે, બોલે છે **વેદાંત** = વેદાંતશાસ્ત્ર **સાંખ્ય** = સાંખ્યશાસ્ત્ર **સમાસ** = સમાવેશ **ન** = નહીં **ઉબરન** = બચી શક્યો, ઊગરી શક્યા **જીનુ** = જેનું **જજત** = ભજન કરે છે, ઉપાસના કરે છે **સબ** = બધા, સર્વ, તમામ **સંત** = સંત પુરુષો, સંત દશાની વ્યક્તિ.

### અનુવાદ

**વેદનો જે અંતિમ સાર છે તે પદનું જ વેદાંત વર્ણન કરે છે. સાંખ્ય શાસ્ત્ર પણ તેમાંથી અલિપ્ત નથી. એવા પદની સર્વ સંતો ઉપાસના કરે છે.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ વદેલા ચાર વેદોમાં સાર રૂપ છેવટના (આખરી) પદ તરીકે બ્રહ્મપદને દર્શાવવામાં આવ્યું છે. વ્યાસમુનિએ પણ તેમના રચેલા વેદાંતશાસ્ત્રમાં તે જ બ્રહ્મપદનું વર્ણન કર્યું છે. વળી કપિલમુનિએ જે સાંખ્યશાસ્ત્રનું નિર્માણ કરી તેમણે પણ છેવટના પદ તરીકે બ્રહ્મપદનું સ્થાપન કર્યું છે. એટલા માટે જ બધા બ્રહ્મરૂપ, બ્રહ્મદર્શી, બ્રહ્મવેત્તા અને બ્રહ્મજ્ઞાની સંતપુરુષો છેવટના પદ તરીકે બ્રહ્મપદના ઉપાસક બનીને તેની ઉપાસના કરે છે.

**તેહી તત વ્યાપક બ્રહ્મહી, નિરાકાર નિરધાર;**
**સૂન્યનું સહીર સનાતન, જીન કો વાર ન પાર. ૩૫**

### શબ્દાર્થ

**તેહી** = તે **તત** = સાર રૂપ, તત્ત્વ **વ્યાપક** = સર્વત્ર પથરાયેલું **બ્રહ્મહી** = બ્રહ્મ જ **નિરાકાર** = આકાર રહિત, સ્વરૂપ વિનાનું **નિરધાર** = નિર્ધારીત કર્યું છે, નક્કી કર્યું છે **સૂન્યનું** = શૂન્યનું **સહીર** = હીર રૂપે, સત્ત્વ રૂપે **સનાતન** = કાયમ, સદા, હમેશાં **જીન કો** = જેનો, જેમનો **વાર ન પાર** = પાર પામી ન શકાય તેવું, ભેદ ન જાણી શકાય તેવું, જેનો છેડો ન માપી શકાય તેવું.

### અનુવાદ

**તે તત્ત્વ રૂપ વ્યાપક બ્રહ્મને નિરાકાર નિર્ધારિત કરવામાં આવ્યું છે. તે શૂન્યના હીર રૂપ અને સનાતન હોવાથી તેનો કોઈ પાર પામી શકાય તેમ નથી.**

### ભાવાર્થ

બ્રહ્મ તત્ત્વ સ્વરૂપે હોઈ સમગ્ર બ્રહ્માંડમાં સર્વત્ર વ્યાપક રહેલું છે. વળી તેને નિરાકાર તરીકે નિર્ધારિત કરવામાં આવેલું છે. બ્રહ્મ શૂન્યના હીર રૂપ અને સદા-સર્વદા માટે પથરાયેલું હોવાથી જ્ઞાની પુરુષો તેના અંતનો પાર પામી શક્યા નથી.

**વારપાર બિનુ વિદીતતાં, સદિત સધેહુ જબી સંત;**
**શૂન્ય સહિર શૂન્યવત્ તણુ, માનેહુ સકલ સિદ્ધાંત. ૩૬**

### શબ્દાર્થ

**વારપાર** = અંત, છેડો **બિનુ** = વગરનું **વિદીતતાં** = વર્ણન કરતાં **સદિત** = સદીવ, સદૈવ, હમેશાં, નિત્ય, સદા **સધેહુ** = સાધના કરે છે **જબી** = જેથી **સંત** = સંત પુરુષો **શૂન્ય સહિર** = હિર રૂપે, સત્ત્વરૂપે **શૂન્યવત્** = શૂન્યની પેઠે **તણુ** = તેનું, નું **માનેહુ** = માને છે **સકલ** = સર્વ, બધા જ તમામ **સિદ્ધાંત** = વિચારધારા, મતો, સિદ્ધાંત, મંતવ્ય, છેવટનો નક્કી નિશ્ચય.

### અનુવાદ

**(બ્રહ્મને) અંત વગરનું વર્ણવેલ હોવાથી સંત પુરુષો સદાને માટે તેની સાધના કરે છે, વળી સર્વ સિદ્ધાંતીઓ તેને શૂન્યના હીર રૂપે અને શૂન્યવત્ માને છે.**

### ભાવાર્થ

તે સચરાચર વ્યાપક બ્રહ્મને અંત રહિત વર્ણવેલું છે. તેથી સંત પુરુષો હરહમેશાં એવા બ્રહ્મપદની સાધના કરે છે.

વળી, દરેક વિચારધારકોના મંતવ્ય મુજબ બ્રહ્મ શૂન્યના હીર રૂપે છે અને તેને શૂન્યની જેમ જ માને છે.

**ગુણ બિનું ઈન્દ્રિ અગોચર, નીરસત્ત્વ અતિ નિરમાલ;**
**વંદીત તાય છેવટ પદ, જાનીત મુદા વિશાલ. ૩૭**

### શબ્દાર્થ

**ગુણ** = પ્રાકૃતિક ગુણ **બિનું** = સિવાયનું **ઈન્દ્રિ અગોચર** = ઈન્દ્રિયોથી ગોચર ન થાય તેવું **નીરસત્ત્વ** = નિષ્કામ, સત્ત્વ વિનાનું, વાસના રહિત **અતિ** = વિશેષ, ઘણું, અતિશય **નિરમાલ**=કર્તુત્ત્વ-શક્તિ વગરનું **વંદીત**=વખાણ કરતાં, નમવું **તાય**=તેને **છેવટ**=છેવટનું, અંતિમ **પદ**=પદ, સ્થાન **જાનીત** = જાણીને **મુદા** = મુદ્દો, વસ્તુ, પદાર્થ **વિશાલ** = મહાન, શ્રેષ્ઠ, વિશાળ.

### અનુવાદ

**તે બ્રહ્મપદ ગુણ વિનાનું, ઈન્દ્રિયો સિવાયનું અગોચર, નિષ્કામ અને અત્યંત નિર્માલ્ય છે. એવા વિશાળ પદને છેવટનો મુદ્દો માનીને તેનું જ વર્ણન કરવામાં આવ્યું છે.**

### ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડમાં પથરાયેલું બ્રહ્મ કોઈ પણ પ્રકારના પ્રાકૃતિક ગુણો સિવાયનું છે, વળી તે ઈન્દ્રિયોથી દષ્ટિમાં આવી શકે તેવું નથી તેમજ કર્તવ્યશક્તિ વગરનું છે.

સર્વ સંત પુરુષો અને વિચારધારકો એવા વિશાળ બ્રહ્મપદને છેવટના અંતિમ પદનો મુદ્દો માનીને સર્વએ તેના વખાણ કર્યા છે, વર્ણન કરેલું છે.

**ઓરુ આતમ પરમાત્મા, એ પુનિ ઉનકે અંશ;**
**સબ ઓરલેકે તીતનકી, નીરસત્વ બ્રહ્મહી વંશ. ૩૮**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **આતમ** = આત્મા, ઓહંગ **પરમાત્મા** = સોહંગ **એ** = એ **પુનિ** = વળી **ઉનકે** = તેના **અંશ** = તત્ત્વભાગ, સજાતીય વિભાગ **સબ** = સર્વ, બધા, તમામ **ઓરલેકે** = ઓરલ્યા, આ બાજુના, જગતની ઉત્પત્તિ પક્ષના **તીતનકી** = અલગ, થી જુદા, થી પરે **નીરસત્વ** = નિષ્કામ, નિર્વિત **બ્રહ્મહી** = બ્રહ્મના **વંશ** = કુળ, સજાતિ, પારિવારિક સંબંધ ધરાવતું.

### અનુવાદ

**વળી આત્મા (ઓહંગ) અને પરમાત્મા (સોહંગ) એ પણ બ્રહ્મના જ અંશો છે. તે બંને જગતની રચના પક્ષના અલગ, નિર્વિત બ્રહ્મના વંશના છે.**

### ભાવાર્થ

કોઈ પણ ઘાટમાં લેવાતા ઓહંગ પ્રણવ કે જેને આત્માના શબ્દથી સંબોધવામાં આવે છે, મુકાતો સોહંગ પ્રણવ કે જેને પરમાત્મા શબ્દથી સંબોધવામાં આવે છે. એ બંને પ્રકારના પ્રાણાયમ ઓહંગ અને સોહંગ બ્રહ્મના જ અંશો છે. વળી તે બંને જગતની જે નાશવંત રચના છે, તેના બંધારણમાં રહેલા સર્વ જડ તત્ત્વોથી અલગ અને સમચૈતન હીર રૂપે છે તેમજ નિષ્કામ બ્રહ્મના વંશના છે.

**તેહી બ્રહ્મ સરભર સદ, સબ ઓરલી તીત અંત;**
**આ ગતી ચિન નચિન ભયે, માનુ ભાવ મહંત. ૩૯**

### શબ્દાર્થ

**તેહી** = તે **બ્રહ્મ** = બ્રહ્મ **સરભર** = પૂરેપુરું, સમઘાત, ઓછું વત્તું ન થાય તેવું, ભરાવેલું, એક સરખું **સદ** = સદાય, હમેશાં **સબ** = સર્વ **ઓરલી** = આ બાજુની, જગત પક્ષની **તીત** = પરે, તેનાથી અલગ **અંત** = છેવટ **આ** = આ **ગતી** = સમજ **ચિન** = સમજણ, ઓળખાણ, જ્ઞાન, જાણીને **નચિન** = ચિંતા વિનાનું, નચિંત, ચિંતા રહિત **ભયે** = થયા **માનુ ભાવ** = મહાનુભાવ, મહાપુરુષ, મહાપ્રતાપી, સામર્થતાવાળા **મહંત** = મઠાધિકારી, પ્રધાન સાધુ, મોટા તપસ્વી.

### અનુવાદ

**તે બ્રહ્મ સદાય સભરાભર ભરેલું છે અને નાશવંત સર્વ ઓરલ્યા પદોથી અલગ રહેલું છે. આવી સમજ પ્રાપ્ત કરીને મહાન ગતિવાળા મહંતો નિશ્ચિત થયા છે.**

### ભાવાર્થ

તે બ્રહ્મ સમગ્ર બ્રહ્માંડમાં એવું તો ઠસોઠસ ભરાયેલું છે કે જેના સિવાય કોઈ જગ્યા ખાલી નથી. તેમજ એક સરખા પ્રમાણમાં પથરાયેલું છે. આ બ્રહ્મ જગતના નાશવંત પદાર્થોથી અલગ છે, વળી સર્વ નાશવંત પદાર્થો તેમાં જ વૃદ્ધિ અને અંત પામે છે.

આવી સમજ પ્રાપ્ત કરીને મહાન ગતિવાળા બ્રહ્મદર્શી, બ્રહ્મવેત્તા, બ્રહ્મજ્ઞાની અને બ્રહ્મરૂપ મહાપુરુષો પોતાની ચિત્ત વૃત્તિને તેમાં સ્થિર કરીને નિશ્ચિત થયા છે.

## પરમહંસ સુખ સુનક લ્યૌ, જીનકી ગતિ અભિન્ન;
## તેહી પણ અટકે યાહી પદે, નિજકર્તા નહીં ચિન. ૪૦

### શબ્દાર્થ

**પરમહંસ** = સંન્યાસની છેલ્લી ચોથી કોટીએ પહોંચેલો સાધક જેમ હંસ પક્ષી દૂધ અને પાણી એકઠાં હોય તેમાંથી દૂધ-દૂધને ખેંચી લે છે એ જ રીતે આવા સાધક નાશવંત અને શાશ્વતનો ભેદ સમજીને પારખી શકે છે. માત્ર શાશ્વતમાં જ જેની પ્રીતિ હોય, એવું ઉત્તમ જ્ઞાન જેને હોય તેને પરમહંસ કહેવાય છે **સુખ** = શુકદેવ **સુનક** = સનકાદિક **લ્યૌ** = સુધી, સહિત, સુદ્ધા **જીનકી** = જેઓની **ગતિ** = જ્ઞાન, સમજ **અભિન્ન** = અખંડ, એકાકાર **તેહી** = તેઓ **પણ** = પણ **અટકે** = અટક્યા, ચિત્તને સ્થિર કર્યું **યાહી** = આ, એ **પદે** = પદમાં **નિજકર્તા** = પરમપિતા, મૂળ સર્જનહાર, આદિ રચનાર, પુરાણા કર્તા **નહીં** = નહીં **ચિન** = ઓળખ્યા, જાણ્યા.

### અનુવાદ

**પરમહંસો, શુકદેવ અને સનકાદિક વિગેરેની ગતિ (બ્રહ્મમાં) એકાકાર થયેલી છે. તેઓ પણ આ જ પદમાં અટક્યા હોવાથી નિજકર્તાને જાણી શક્યા નથી.**

### ભાવાર્થ

જેને સચ્ચિદાનંદ બ્રહ્મનો પૂર્ણ રૂપમાં અનુભવ થયો હોય તેવા ચાર પ્રકારના કુટીચક, બહુદક, હંસ અને પરમહંસ સંન્યાસીઓમાં શ્રેષ્ઠ એવા પરમહંસો, વ્યાસપુત્ર જ્ઞાની અને વિદ્વાન શુકદેવજી તેમજ બ્રહ્મપુત્રો સનકાદિક વિગેરેની ચિત્તવૃત્તિ સદાને માટે બ્રહ્મમાં એકાકાર થઈને રહેલી હોય છે. તેમના જ્ઞાનની હદ જોતાં તેઓ પણ કર્તૃત્વશક્તિ વગરના સચરાચર વ્યાપક બ્રહ્મ કે જે સકર્તા સર્જનહારનું નૂર છે તેમાંજ

અટકી ગયા છે, પરંતુ તે બ્રહ્મપ્રકાશના નૂરી એવા સકર્તાપતિ સર્જનહાર કૈવલકર્તાને જાણી શક્યા નથી.

**યોગેશ્વર અજગર હર, અજ ઈશ્વર અવતાર;**
**તેહી સબ બ્રહ્મ સિદ્ધાંતકે, કરી ગયે વિમલ વિચાર. ૪૧**

### શબ્દાર્થ

**યોગેશ્વર** = નવ યોગેશ્વર (શુક્રાચાર્ય, નારાયણ ઋષિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિહોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન) યોગમાં પરમ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તેવા સિદ્ધ પુરુષ મહાન યોગી **અજગર** = અવધૂતોના ગુરુ એવા મહામુનિ **હર** = શંકર, મહાદેવ **અજ** = બ્રહ્માજી **ઈશ્વર** = વિષ્ણુ **અવતાર** = અવતારાદિકના અવતારો **તેહી** = તે **સબ** = બધા **બ્રહ્મ સિદ્ધાંતકે** = બ્રહ્મ સિદ્ધાંતના **કરી ગયે** = કરી ગયા **વિમલ** = નિર્મલ, પવિત્ર, શુદ્ધ **વિચાર** = રોકાણ, થોભવું, અટકાય જવું, અભિપ્રાય, ધ્યાન, લક્ષ, મનસૂબો, મનથી ચિંતવન કરવું તે.

### અનુવાદ

**યોગેશ્વરો, અજગર મુનિ, શંકર, બ્રહ્મા અને વિષ્ણુ તથા તેમના અવતારો તે સર્વ બ્રહ્મ સિદ્ધાંતનું શુદ્ધ ભાવે પવિત્ર વિચાર (ચિંતવન) કરી ગયા છે.**

### ભાવાર્થ

નવ યોગેશ્વરો, મહામુનિ અજગર, પ્રાકૃતિક ગુણોના ઈષ્ટ દેવતા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તથા વિષ્ણુના ચોવીસ અવતારો સહિતના સર્વ બ્રહ્મ સિદ્ધાંતમાં અટકી ગયેલાં છે અને તેમના ઉપદેશમાં અંતિમ પદ તરીકે બ્રહ્મપદને સ્થાપી શુદ્ધ ભાવે પોતાના ચિત્તને બ્રહ્મમાં એકાકાર કરીને જીવન જીવ્યા છે.

**ઓરુ જેતને જુગ ધરમહી, બ્રહ્મ દરસ ગતિ જ્ઞાન;**
**તીનું આદ્યે જ્ઞાતા સબે, કરત ઉનુ અવિલાન. ૪૨**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **જેતને** = જેટલા **જુગ** = જગતના, વિશ્વના **ધરમહી** = ધર્મો, મતપંથો, વિચાર ધારાઓ, સંપ્રદાયો **બ્રહ્મ** = બ્રહ્મ **દરસ** = દર્શાવતું **ગતિ** = સમજ આપતું **જ્ઞાન** = જ્ઞાન **તીનું** = તેની

**આદ્યે** =પ્રારંભમાં, શરૂઆતમાં, પહેલા **જ્ઞાતા** = જાણકાર, જ્ઞાની, વેત્તા, દૃષ્ટા **સબે** = સર્વ **કરત** = કરે છે **ઉનુ** = એનું જ, તેનું જ **અવિલાન** = નિરીક્ષણ, સમીક્ષા, આલોચના, દર્શનીય એહસાસ.

## અનુવાદ

**વળી જગતના દરેક ધર્મો બ્રહ્મ સિદ્ધાંતનું જ જ્ઞાન દર્શાવે છે. તેની આદ્ય જે જ્ઞાતાઓ થઈ ગયા તે સર્વ પણ તેનું જ અવિલાન કરે છે.**

## ભાવાર્થ

બધા જ મતપંથો દ્વારા સ્થાપિત સંપ્રદાયોમાં આખરે તો બ્રહ્મને સર્વોપરી માનેલું છે. સર્વ ઉત્પત્તિ અને લયનું મૂળ બ્રહ્મ છે તેમ ગણીને "એક બ્રહ્મ દુતીયો નાસ્તિ" તેમજ "અહં બ્રહ્માસ્મિ" જેવી વિચારસરણી ધરાવતા બ્રહ્મ સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે.

વળી ધર્મના સ્થાપકોના પહેલા થઈ ગયેલ વિશેષ જ્ઞાન ધરાવતા બ્રહ્મવેત્તા, બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી અને બ્રહ્મરૂપ મહાન યોગી પુરુષો પણ પોતાની સુરતા-નુરતા બ્રહ્મ સાથે જોડી રાખીને તેનું જ આલોચન કરતા હતા.

**પુનિ અનુભવી કવી યાંહાં લ્યહુ, રહત સકલ લોહોલાય;**
**નિજપતિ પરમસિદ્ધાંત કી, કોહુ ન ગયે ગતિ ગાય. ૪૩**

### શબ્દાર્થ

**પુનિ** = વળી **અનુભવી** = અનુભવ કરનારા, સમજુ, વાકેફ **કવી** = કવિ, કાવ્ય રચનાર **યાંહાં** = અહીં, ત્યાં **લ્યહુ** = સુધી **રહત** = રહે છે **સકલ** = તમામ, સર્વ, બધા **લોહોલાય** = લોલીન, તલ્લીન, તન્મય, તદ્રુપ **નિજપતિ** = નિજકર્તા, મૂળ સર્જનહાર **પરમ** = અંતિમ, શ્રેષ્ઠ **સિદ્ધાંત કી** = સિદ્ધાંતની, છેવટના નક્કી નિશ્ચય અંગેની **કોહુ** = કોઈ **ન** = નહીં **ગયે** = ગયા **ગતિ** = સમજ, ગાથા, જ્ઞાન **ગાય** = વર્ણવીને, દર્શાવીને.

## અનુવાદ

**વળી અનુભવી અને કવિ સર્વ અહીં સુધી જ તલ્લીન થઈને રહ્યા છે, પરંતુ નિજપતિના અંતિમ સિદ્ધાંતોનું કોઈ વર્ણન કરીને ગયા નથી.**

### ભાવાર્થ

ભૂતકાળમાં વિશ્વમાં ઘણા મહાપુરુષો થયા કે જેમણે પોતાના વિચારોનું પ્રમાણ આપી પુરવાર કરેલા અને સિદ્ધ કરેલા દૃઢ મતો દર્શાવેલા છે. તેમણે પોતાની વિચાર શક્તિ મુજબ પ્રસંગાનુસાર કવિતાઓ અને કાવ્યોની રચના કરી, તેમજ મહાનિબંધની રચના કરી ગયા છે, પરંતુ આ સર્વ જ્ઞાની મહાપુરુષો અંતે તો બ્રહ્મસિદ્ધાંતના હાર્દમાં જ પોતાનું ચિત્ત સ્થિર કરીને તલ્લીન બની રહ્યા હતા.

વિશ્વના તમામ પદાર્થો, તત્ત્વો અને બ્રહ્મ સહિત સમગ્ર બ્રહ્માંડ જેના દ્વારા નિર્માણ થયેલું છે, તેવા નિજપતિના અંતિમ પદનું કોઈ પણ જ્ઞાન કથીને ગયા નથી.

**કિન્યેહુ ખોજ ખલક ખુદ, સબકે અનુભવ સોય;**
**નિગમ આદ્ય સદ્‌ચિદ્ લ્યહુ, બ્રહ્મ લક્ષ ગ્યમ ગોય. ૪૪**

#### શબ્દાર્થ

**કિન્યેહુ** = કરી છે **ખોજ** = શોધ, ઓળખ, તપાસ **ખલક** = સમગ્ર બ્રહ્માંડ **ખુદ** = પોતે, જાતે, સ્વયં **સબકે** = દરેકના **અનુભવ** = પોતાનો જાત તજુરબો, પ્રત્યક્ષ જ્ઞાન, પરિચય **સોય** = તે **નિગમ** = (બ્રહ્મા દ્વારા વદીત) ચાર વેદો **આદ્ય** = આદિ, પ્રારંભનું, પહેલું, આરંભનું **સદ્** = સદાને માટે, હમેશાં **ચિદ્** = ચિદાકાર **લ્યહુ** = સુધી **બ્રહ્મ** = બ્રહ્મ **લક્ષ** = અંતિમ, ધ્યેય, કેન્દ્ર બિંદુ **ગ્યમ** = સમજ, જ્ઞાન **ગોય** = ગાયુ, વર્ણવ્યું, દર્શાવ્યું, બતાવ્યું.

### અનુવાદ

**વિશ્વમાં મેં મારા જાત અનુભવથી શોધ કરીને વેદની આદ્ય લઈ સદ્‌ચિદાનંદ બ્રહ્મના લક્ષ સુધીનું જ્ઞાન જણાવ્યું છે.**

### ભાવાર્થ

જ્ઞાની પુરુષો કવિઓ તેમજ અન્ય સાધકો તેમજ બ્રહ્માજીના વદીત વેદની આદ્ય લઈ સર્વનું અંતિમ કેન્દ્રિત થયેલું જ્ઞાન (લક્ષ) સદ્ ચિદ્ આનંદ રૂપ સચરાચર વ્યાપક બ્રહ્મ સુધીનું છે. એવા આદ્ય બ્રહ્મસિદ્ધાંતની સાચી સમજ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે અહીં પોતાના જાત અનુભવથી શોધ કરીને દર્શાવ્યું છે.

**એહી સદન સદ સબનકો, પરમહંસ લ્યહુ તાય;**
**દત્ત અજગર ઈશ્વર ધર, ઓરકી કુન ચલાય. ૪૫**

### શબ્દાર્થ

**એહી** = તે, એજ **સદન** = ધામ, ઠેકાણું, ઘર **સદ** = કાયમનું, સાચું, નક્કી કરેલ **સબનકો** =દરેકનું, સર્વ દ્વારા **પરમહંસ** = પરમહંસ **લ્યહુ** = સુધી **તાય** = તે, તેમનો **દત્ત** = દત્તાત્રેય **અજગર** = અજગર મુનિ **ઈશ્વર** = વિષ્ણુએ **ધર** = ધારણ કરેલ અવતારો **ઓરકી** = બીજાની **કુન ચલાય** = શું ચાલે ? શું કરી શકે ? શી વિસાત ?

### અનુવાદ

**પરમહંસોની આદ્ય લઈ દત્તાત્રેય, અજગરમુનિ અને પૃથ્વી પરના વિષ્ણુના અવતારો સુધી દરેકે તે પદને કાયમનું ધામ માનેલું છે, તો પછી અન્યની શી વિસાત?**

### ભાવાર્થ

વિશ્વમાં મહાન અને જ્ઞાની ગણાતા પરમહંસોની આદ્ય લઈને દત્તાત્રેય, અજગરમુનિ અને પૃથ્વી પર થયેલા વિષ્ણુના સર્વ અવતારો સુધી દરેકે બ્રહ્મપદને જ પોતાનું અંતિમ ઠેકાણું માનેલું છે.

જો આવા મહાપુરુષો બ્રહ્મ સિદ્ધાંતની માન્યતામાં અટકી ગયા હોય તો પછી અન્ય સામાન્ય જ્ઞાન ધરાવતા જગતના જીવોની બ્રહ્મપદથી આગળનું વિચારવાની બુદ્ધિ શી રીતે ચાલી શકે ?

**એસેહી બ્રહ્મ અખિલ પદ, સબકી અગમ ઉપાસ;**
**જેહી તત આદ્ય અનાદ્ય કે, નિજપતિ પરમ પ્રકાશ. ૪૬**

### શબ્દાર્થ

**એસેહી** = એવી રીતે, એ જ રીતે, આ પ્રમાણે **બ્રહ્મ** = બ્રહ્મ **અખિલ પદ** = સર્વનું સર્વ સામાન્ય પદ, દરેકનું માનેલું અશેષ પદ **સબકી** = દરેકની **અગમ** = આગવું, મુખ્ય, પહેલું, આરંભનું **ઉપાસ** = ઉપાસના, સાધ્ય બિંદુ, આરાધ્ય પદ **જેહી** = જેનાથી **તત** = તત્ત્વ **આદ્ય** = આદિ **અનાદ્ય** = અનાદિ **કે** = ની, એવા **નિજપતિ** = પરમ પતિ, મૂળ માલિક **પરમ પ્રકાશ** = શ્રેષ્ઠ પ્રકાશ.

### અનુવાદ

**આ રીતે બ્રહ્મ સર્વનું માનેલું અશેષ પદ છે કે જેની સર્વ કોઈ પરંપરાથી ઉપાસના કરે છે. જે તત્ત્વ આદિ અનાદિ એવા નિજપતિનો પરમ પ્રકાશ છે.**

### ભાવાર્થ

એવા બ્રહ્મપદનું અગાઉ દર્શાવ્યા પ્રમાણે વેદને અનુસરનારા જ્ઞાનીજનોનું સર્વ સામાન્ય રીતે માનેલું અશેષ પદ છે. તેથી જ સર્વ કોઈ પહેલેથી જ બ્રહ્મપદની ઉપાસના કરે છે.

તે બ્રહ્મ તત્ત્વ તો આદિ અનાદિ એવા મૂળ સકર્તા પતિ સર્જનહારનો પરમ પ્રકાશ છે જે સમગ્ર બ્રહ્માંડમાં ઠસોઠસ ભરાયેલો છે. એટલે કે, જ્યાં સુધી સર્જનહારનો બ્રહ્મપ્રકાશ પથરાયેલો છે ત્યાં સુધીના સમગ્ર ઘટકને બ્રહ્માંડ (તરીકે) ગણવામાં આવે છે. આ બ્રહ્મરૂપ ભૂમિકામાં જ સર્જનહાર દ્વારા કરવામાં આવેલી તમામ રચનાની ઉત્પત્તિ, વૃદ્ધિ અને વિનાશ થાય છે.

**તેહી પરકાશ પરમ વીત, માનેહુ સકલ સહિર;**
**વ્યાસ કપિલ નારદાદિક, ગાડેહુ ગમ ગંભિર. ૪૭**

### શબ્દાર્થ

**તેહી** = તે **પરકાશ** = પ્રકાશ **પરમ** = શ્રેષ્ઠ **વીત** = વિત્ત, સ્વરૂપ, હીર **માનેહુ** = માને છે **સકલ** = બધા, સર્વ **સહિર** = સત્ત્વ, દેવત્ત્વ, તેજ, નૂર **વ્યાસ** = વ્યાસમુનિ **કપિલ** = કપિલમુનિ **નારદાદિક** = નારદ આદિ **ગાડેહુ** = ઊંડા ઉતરવું, પ્રવેશવું, દાખલ થવું, ગરકાવ થઈ જવું **ગમ** = જાણ, સમજ, બુદ્ધિ, જ્ઞાન **ગંભિર** = ગંભીર, ગહન, ઊંડાણમાં, ગૂઢ.

### અનુવાદ

**તે મહાન વિત્તવાળા પ્રકાશને સર્વના (સાર રૂપ) વિત્ત રૂપે માને છે. વ્યાસમુનિ કપિલમુનિ અને નારદમુનિ આદિ તેમાં જ ઊંડા ગરકાવ થઈ ગયા હતાં.**

### ભાવાર્થ

તે મહાન બ્રહ્મપ્રકાશ જગતની સર્વ ઉત્પત્તિના સાર રૂપે છે તેવું સર્વ માને છે

એટલે કે, સર્વ ઉત્પત્તિના કારણ રૂપ બ્રહ્મ છે. આ સર્વ ઉત્પત્તિ બ્રહ્મમાંથી આપોઆપ ઉત્પન્ન થઈ છે અને અંતે બ્રહ્માં જ સમાઈ જવાથી અને દરેક ઘાટો પણ અંતે બ્રહ્મમય બની જવાના છે. તે પ્રમાણેની બ્રહ્મ સિદ્ધાંત માનનારાઓની દૃઢ માન્યતા છે.

વ્યાસમુનિ, કપીલમુનિ અને નારદમુનિ આદિ સર્વ જ્ઞાની પુરુષો બ્રહ્મ પદમાં જ ગરકાવ થઈને પોતાની ચિત્તવૃત્તિને સ્થિર કરેલી છે.

**અષ્ટાવક્ર વસિષ્ટ હી, હસ્તાંમલ રખદેવ;**
**ઓરુ જેતને તત વેત્તહી, તીનકે એહી અહંમેવ. ૪૮**

**શબ્દાર્થ**

**અષ્ટાવક્ર** = જન્મથી જેના આઠેય અંગ વાંકા હતાં તેવા એક પૌરાણિક ઋષિ **વસિષ્ટ** = રઘુવંશના કુલ ગુરુ અને મોટા પ્રસિદ્ધ વૈદિક જીતેન્દ્રિય ઋષિ **હી** = પણ **હસ્તાંમલ** = હસ્તામલક ઋષિ **રખદેવ** = ઋષભદેવ **ઓરુ** = અને **જેતને** = જેટલા **તત વેત્તહી** = તત્ત્વવેત્તા પણ **તીનકે** = તેના, તેમનો **એહી** = આ પ્રમાણે **અહંમેવ** = પતરાજી, માનીનતા, પોતાનું અંગત, હું પદ, માન્યતા.

**અનુવાદ**

**અષ્ટાવક્ર, વસિષ્ઠ, હસ્તામલક અને ઋષભદેવ સહિત જેટલા તત્ત્વવેત્તા પુરુષો હતા, તેમની પણ આ જ માન્યતા હતી.**

**ભાવાર્થ**

અષ્ટાવક્ર, વસિષ્ઠ, હસ્તામલક અને ઋષભદેવ સહિત, જેટલા જેટલા તત્ત્વવેત્તા પુરુષો જગતમાં થઈ ગયા તે બધાની માન્યતા બ્રહ્મપદ માટેની જ હતી. તે સર્વ બ્રહ્મસિદ્ધાંતમાં જ માનતાં હતાં.

**એસેહી પરમ પ્રકાશમે, રહે સકલ વિલમાય;**
**પણ પરકાશીક પુરૂષકી, કોહુ નહીં ગતિ ગાય. ૪૯**

**શબ્દાર્થ**

**એસેહી** = આ પ્રમાણે, એવી રીતે **પરમ** = મહાન, શ્રેષ્ઠ **પ્રકાશમે** = પ્રકાશમાં, નૂરમાં **રહે** = રહેલા છે **સકલ** = સર્વ, તમામ, બધા **વિલમાય** = વળગેલા, અટકેલા, વિરામ પામેલા, સમજ પ્રાપ્ત કરીને

**પણ** = પણ, પરંતુ **પરકાશીક** = પ્રકાશક, નૂરી **પુરૂષકી** = પુરુષની **કોહુ** = કોઈએ પણ **નહીં** = નહીં **ગતિ** = સમજ, જાણ **ગાય** = જણાવી, દર્શાવી, વર્ણવી, બતાવી.

### અનુવાદ

**આ પ્રમાણે પરમ પ્રકાશમાં સર્વ અટકી રહ્યા છે, પરંતુ પ્રકાશક પુરુષની ગતિનું વર્ણન કોઈએ કર્યું નથી.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ વિશ્વમાં સર્વ જ્ઞાની, ધ્યાની અને તત્ત્વવેત્તા પુરુષો સચરાચર વ્યાપક મહાન અકર્તા બ્રહ્મપ્રકાશને સર્વોપરી માનીને તેની જ ઉપાસનામાં અટકી ગયા છે.

આવા મહાન બ્રહ્મપ્રકાશના પ્રકાશક બ્રહ્મથી પરે રહેલા તત્ત્વાતીત આદિ અનાદિ પુરાણાપુરુષ એવા કૈવલ પતિની કોઈએ પણ સમજ દર્શાવવા કે જાણવા પ્રયત્ન કર્યો નથી. અર્થાત્ જાણી કે જણાવી શક્યા નથી.

**તેહી પરકાશીક પુરૂષકે, જીવ ઈશ્વર જીનું અંશ;**
**ઈશ્વર અંશ વિશેષહી, જીવ સામાન્ય સમંશ. ૫૦**

#### શબ્દાર્થ

**તેહી** = તે, **પરકાશીક** = પ્રકાશક, નૂરી **પુરૂષકે** = પુરુષના જ **જીવ** = જીવો **ઈશ્વર** = ઐશ્વર્યવાન દેવી-દેવતાઓ **જીનું** = જેમના **અંશ** = સજાણજાણ ચૈતન સર્જનહારનો સજાતીય અંશ **ઈશ્વર** = ઐશ્વર્યવાન, દેવી-દેવતાઓ **અંશ** = ચૈતન સ્વરૂપ **વિશેષહી** = વિશેષ, મહાન **જીવ** = જીવો **સામાન્ય** = સામાન્ય **સમંશ** = એક સરખા ચૈતન અંશો.

### અનુવાદ

**તે પ્રકાશક પુરુષના જ અંશ જીવ તેમજ ઈશ્વરમાં રહેલા છે. ઈશ્વરમાં વિશેષ અંશ અને સામાન્ય જીવમાં એક સરખા સામાન્ય અંશ છે.**

### ભાવાર્થ

બ્રહ્માંડથી તીત, આદિ અનાદિ, પુરાણા પુરુષને આદ્ય સક્ત, સ્વરાજ, કરુણેશ

અને કૈવલ એમ પાંચ વિશેષણોથી નવાજવામાં આવેલા છે, તેવા બ્રહ્મના પ્રકાશક અંશી કૈવલકર્તાના જ સજાતિ અંશ સ્થાવર જંગમ સહિતના સર્વ નાનાં-મોટા ઘાટોમાં રહેલ એક સરખા સામાન્ય અંશ છે. છ મહાન દેવો, તેત્રીસ કરોડ સામાન્ય ઐશ્વર્યવાન દેવતાઓમાં અને નવ કરોડ દેવીઓ સહિત સર્વ વિશેષ અંશ છે.

**તેહી અંશ નિજ આપનપુ, જાનત નહીં જન કોય;**
**તો તિનકે કર્તા પુનિ, કહો કેમ બુજત સોય. ૫૧**

### શબ્દાર્થ

**તેહી** = તે **અંશ** = સકર્તા પતિનો સજાતીય અલ્પ સજાણજાણ ચૈતન અંશ **નિજ** = મૂળ, પોતાનું **આપનપુ** = સ્વ-ચૈતન અંશસ્વરૂપ **જાનત** = જાણતા **નહીં** = નથી **જન** = માનવો **કોય** = કોઈ પણ **તો** = તો **તિનકે** = તેના **કર્તા** = બનાવનાર, રચયિતા, નિજકર્તા **પુનિ** = વળી, તો પછી **કહો** = કહો **કેમ** = કેમ, કેવી રીતે, શી રીતે **બુજત** = જાણી શકે **સોય** = તે.

### અનુવાદ

**તે અંશને કે જે પોતાનું સ્વ-ચૈતન સ્વરૂપ છે તેને કોઈ માનવો જાણતા નથી, તો પછી તેના કર્તાને તેઓ કેવી રીતે જાણી શકે ?**

### ભાવાર્થ

વિશ્વના પ્રારંભથી જ જ્ઞાની, તત્ત્વવેત્તા પુરુષોએ જે પ્રમાણેનું જ્ઞાન જગતને આપ્યું છે, તે સર્જનહારની રચના પૈકીનું હોઈ આ બાજુનું છે. જેમાં અંશ-અંશીના લક્ષ દર્શાવવામાં આવ્યો નથી. જેથી જગતના જીવો તે જ્ઞાનથી અજાણ છે.

અંશ કે જે જડ તત્ત્વોવાળા ઘાટમાં પોતાની ચૈતનતાના આભાસથી બ્રહ્મના અંશો આત્મા (ઓહંગ) અને પરમાત્માના (સોહંગ) માધ્યમથી સમગ્ર ઘાટના સર્વ ગુણ, ઘણ, ઈન્દ્રિયો સહિતના તત્ત્વોને ચેતનવંત કરે છે. જડ ઘાટને ચેતનવંત કરનારું શાશ્વત જે પોતાનું મૂળ ચૈતન સ્વરૂપ છે તેને જગતના માનવો જાણી શકતા નથી.

જો પોતાના સ્વ-ચૈતન સ્વરૂપની જ પહેચાન ન થઈ શકે તો પછી અંશ જેની સજાતિનો છે એવા તત્ત્વાતીત અને બ્રહ્માંડથી પર રહેલા અંશી કૈવલકર્તાને તો કેવી રીતે જાણી શકે ?

**જેહી અંશ નિજ આપનપુ, સૂનહા સંત તીનુ ન્યાય;**
**સકલ સોજ સુજ નાયક, કહુ કારણ મહિમાય. ૫૨**

### શબ્દાર્થ

**જેહી** = જે **અંશ** = સકર્તા પતિનો સજાતીય અલ્પ સજાણજાણ ચૈતન અંશ **નિજ** = મૂળ, પોતાનું **આપનપુ** = સ્વ-ચૈતન સ્વરૂપ **સૂનહો** = સાંભળો **સંત** = સંત ગતિના પુરુષો **તીનુ** = તેના **ન્યાય** = વ્યાજબી પ્રમાણ દ્વારા નિશ્ચિતપણે યથાર્થ નિર્ણયને તર્ક દ્વારા દર્શાવવો તે **સકલ** = સર્વ, તમામ **સોજ** = શરીર, સર સામાન, સંપત્તિ, સાજ **સુજ** = જાણનાર, જ્ઞાતા **નાયક** = સર્વોપરી, શ્રેષ્ઠ, આગેવાન **કહુ** = કહુ છું **કારણ** = ઉદ્દેશ, મતલબ, ફેંસલો જે ઉપરથી અપાય તેવી કોઈ પણ બાબત, કાર્યની ઉત્પત્તિ કે પ્રકૃત્તિનું મૂળ બીજ ઉપજાવનાર **મહિમાય** = મહાત્મ્ય, યશ, ગાથા, પ્રતાપ.

## અનુવાદ

**જે આપનપુ નિજ અંશસ્વરૂપ છે તે સર્વ સાજને જાણનાર આગેવાન છે અને કારણ રૂપે રહેલો છે. તેનું મહાત્મ્ય ન્યાયપૂર્વક કહુ છું તે હે સંતો! તમે શ્રવણ કરો.**

## ભાવાર્થ

દરેક ઘાટને જીવંત રાખવાના કારણ રૂપે રહેલું નિજ ચૈતન અંશસ્વરૂપ છે. વિવિધ જડ તત્ત્વોના બંધારણથી બનેલાં સંપૂર્ણ શરીરના વિત્ત રૂપે રહેલ જ્ઞાતા અને સર્વોપરી સત્તા ધરાવનાર અંશ જ છે.

એવા આગેવાન ચૈતન અંશ સ્વરૂપનું મહાત્મ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર વ્યાજબી પ્રમાણ દ્વારા યથાર્થ નિર્ણય કરીને જણાવે છે તે સર્વ હકીકતને સંત ગતિના સર્વ સ્ત્રી-પુરુષોને સાંભળવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

**વિવિધી તત્ત્વ તનું જીનુ ગતિ, અતિ મતિ અકલ અબાજ;**
**અંતસકરણ રહિત તીત, જીનકો સકલ સમાજ. ૫૩**

### શબ્દાર્થ

**વિવિધી** = જુદા જુદા, અલગ અલગ **તત્ત્વ** = તત્ત્વ **તનું** = શરીર, ઘાટના **જીનુ** = જેની **ગતિ** = ગતિ, શક્તિ, કળા **અતિ** = વિશેષ **મતિ** = બુદ્ધિ, સમજ, જ્ઞાન, જાણ **અકલ** = અકળ, કળ્યામાં ન આવે તેવી **અબાજ** = અવર્ણનીય, અવાક, વાણીથી વર્ણન ન થઈ શકે તેવી, અબાધ, સ્વતંત્ર, કોઈને રસાધીન ન

હોય તેવું, સ્વાધિન **અંતસકરણ** = અંતઃકરણ **રહિત** = સિવાય, વિના **તીત** = પરે, થી પાર **જીનકો** = જેનો **સકલ** = સર્વ **સમાજ** = સમુદાય, સમૂહ, એકની હકૂમતને માનનારું જૂથ.

## અનુવાદ

**શરીરના વિવિધ તત્ત્વો ઉપર વ્યાપેલી તેની વિશેષ ગતિ અને મતિ અકળ તથા અવર્ણનીય છે. અંતઃકરણોથી પણ તીત રહેલી છે. સર્વ તત્ત્વો ઉપર તેનો જ અમલ વ્યાપેલો છે.**

## ભાવાર્થ

શરીરના બંધારણમાં રહેલા મુખ્ય પાંચ મહાતત્ત્વો તેમજ ગુણ-ઘણ ઈન્દ્રિયો, અંતઃકરણની આદ્ય લઈને પ્રણવ સહિત સર્વ તત્ત્વોના સમૂહ ઉપર અંશની સત્તા વ્યાપેલી છે. અંશની વિશેષ ચૈતન શક્તિ અને જાણ કળ્યામાં ન આવે તેવી એને સ્વાધીન છે. વળી શરીરના સર્વ તત્ત્વોનો અમલી હોવા છતાં તે અંતઃકરણોથી તીત છે.

**તેહી સમાજ સાજ ઈત, નામ રુપ ગુણ વેત;**
**સહિત આતમ પરમાતમા, પુરૂષ પ્રકૃતિ સમેત. ૫૪**

### શબ્દાર્થ

**તેહી** = તે, તેનો **સમાજ** = જૂથ, સમુદાય **સાજ** = સાજ, અલંકાર **ઈત** = અહીં **નામ** = નામ **રુપ** = રૂપ **ગુણ** = પ્રાકૃતિક ગુણો **વેત** = વેત્તા, જાણકાર **સહિત** = સહિત, સાથે, સુદ્ધાં **આતમ** = આત્મા, ઓહંગ **પરમાતમા** = પરમાત્મા, સોહંગ **પુરૂષ** = પુરુષ, નિરંજન તત્ત્વ **પ્રકૃતિ** = પ્રકૃત્તિ, અવ્યાક્રત તત્ત્વ **સમેત** = સાથે, સહિત.

## અનુવાદ

**તેનો સમાજ એટલે શરીરના - નામ, રૂપ, ગુણવાળા તત્ત્વોની આદ્ય લઈને આત્મા, પરમાત્મા અને પુરુષ, પ્રકૃત્તિ, સહિતનો સાજ આ સર્વનો તે વેત્તા છે.**

## ભાવાર્થ

અંશના અમલવાળા સર્વ તત્ત્વોનું જૂથ એટલે કે, શરીરના સાજ રૂપે રહેલા નામ,

રૂપ, ગુણવાળા સર્વ તત્ત્વોની આદ્ય લઈને લેવાતો આત્મા રૂપ ઓહંગ પ્રણવ અને પરમાત્મા રૂપ મુકાતો સોહંગ પ્રણવ સહિત પુરુષ રૂપ નિરંજન મહાતત્ત્વ અને પ્રકૃત્તિરૂપ અવ્યાકૃત મહાતત્ત્વનો સમાવેશ થાય છે. આ સર્વ સાજનાં વેત્તા રૂપે ચૈતન અંશ રહેલાં છે.

**એહી સબ સાજ સકલ જીનું, ઈષ્ટ અંશ તીનુ રાય;**
**અલગ થકો અજરાયલ, લગત સરલ અભિપ્રાય. ૫૫**

### શબ્દાર્થ

**એહી** = આ **સબ** = બધો, સર્વ **સાજ** = સાજ, અલંકાર શરીર **સકલ** = તમામ **જીનું** = જેનો **ઈષ્ટ** = મોટો, શ્રેષ્ઠ, સર્વોપરી **અંશ** = સર્જનહારનો સજાતીય સજાણજાણ ચૈતન અંશ **તીનુ** = તેનો **રાય** = રાજા **અલગ** = જુદો **થકો** = હોવા છતાં, રહીને **અજરાયલ** = નિર્ભય, અજરામય, જન્મ-મરણ વિનાનું **લગત** = લાગે છે, જણાય છે **સરલ** = સરળ રીતે, સીધે સીધું, સહેલાઈથી **અભિપ્રાય** = મતલબ, તાત્પર્ય, આશય, અભિગમ, વિચાર કરતાં.

### અનુવાદ

**આ સર્વ સાજ રૂપ સમુદાયનાં ઈષ્ટ રૂપ રાજા અંશ છે. સરળ રીતે વિચાર કરતાં તે અલગ હોવા છતાં તે જન્મ-મરણ વિનાનો છે.**

### ભાવાર્થ

શરીરના સર્વ સાજ રૂપ તત્ત્વોના સમુદાયનો તે રાજા રૂપ મહાન અમલી ચૈતન અંશ છે. કારણ કે, તે પોતાની ચેતન શક્તિ દ્વારા જ શરીરના સર્વ તત્ત્વોના સમૂહને ચેતનવંત બનાવીને કાર્યરત કરે છે. સરળ રીતે અભિપ્રાય જોતાં તે જન્મ-મરણ વિનાનો છે અને અન્ય તત્ત્વોના સમૂહથી તે અલગ રહેલો જણાય છે.

**રજ તજ ઈંડ કટાક્ષ લ્યૌ, દૃષ્ટા અહંગ સબેવ;**
**સાક્ષી સમલ સ્વાભાવિક, દાવિક વિમલ ગનેવ. ૫૬**

### શબ્દાર્થ

**રજ તજ** = નાનામાં નાનું, જરાક, થોડું **ઈંડ** = બ્રહ્માંડ **કટાક્ષ** = બારીક, કુશાગ્ર, નજર પહોંચે ત્યાં સુધી **લ્યૌ** = સુધી **દૃષ્ટા** = દેખનારો, દર્શક, નિહાળનારો, સાક્ષીરૂપ **અહંગ** = પોતે **સબેવ** = સર્વના

**સાક્ષી** = હાજર રહી અનુભવ કરનાર, નજરે જોનાર **સમલ** = વિકારયુક્ત, મલિન **સ્વાભાવિક** = મુખ્ય, મૂળભૂત આધારભૂત, કુદરતી ગુણથી સિદ્ધ, પ્રાકૃત્તિક સ્વભાવવાળુ **દાવિક** = દાવો કરનાર, સ્વામીત્ત્વ, માલિકી હક્ક **વિમલ** = નિર્મળ, મળરહિત, શુદ્ધ **ગનેવ** = ગણતરી થાય છે. ગણાય છે.

## અનુવાદ

**રજેરજની આદ્ય લઈ નજર પહોંચે ત્યાં સુધીના બ્રહ્માંડના પ્રાકૃત્તિક લક્ષણોવાળા સર્વ મલિન પદાર્થોનો તે પોતે દૃષ્ટા છે અને તેનું સ્વામિત્ત્વ નિર્મલ ગણાય છે.**

## ભાવાર્થ

અંશ પોતે રજેરજની આદ્ય લઈ નજર પહોંચે ત્યાં સુધીના પ્રાકૃતિક લક્ષણોવાળા બ્રહ્માંડના સર્વ મલિન પદાર્થોનો દૃષ્ટા છે. કારણ કે, દરેક પ્રકારના વિવિધતાવાળા શરીરમાં દેહની અવધિ સુધી અંશ દૃષ્ટા બનીને રહે છે. બ્રહ્માંડના સઘળા મલિન લક્ષણોવાળા પ્રાકૃતિક પદાર્થોનો ઉપભોગ કરીને તેની ચાસમીને માણે છે તેમ છતાં શરીરના માલિકી હક્કને નાતે તેની પોતાની લાક્ષણિકતા નિર્મલ છે.

**અજબ ખેલ નિજ અંશકો, જ્યૌ જહુરીકે ન્યાય;**
**વિવિધી ભાત્ય ખેલવનકો, અનુભવ આપ પરાય. ૫૭**

### શબ્દાર્થ

**અજબ** = અજાયબી ભરેલો, નવાઈ ઉપજાવે તેવો, આશ્ચર્યજનક **ખેલ** = કાર્ય, રમત, લીલા, પરાક્રમ **નિજ** = પોતે, મૂળ, સ્વયં **અંશકો** = અંશનો, નિજકર્તાના સજાતિ સજાણજાણ અંશનો **જ્યૌ** = જેમકે **જહુરીકે** = બાજીગરના **ન્યાય** = પ્રમાણપૂર્વક તુલના ને સમાનતાના ધોરણે અજમાવાતી વિદ્યા **વિવિધી ભાત્ય** = જુદી જુદી રીતે, અલગ-અલગ પ્રકારે **ખેલવનકો** = રમત રમાડે છે **અનુભવ** = અનુભવ, પ્રત્યક્ષ જ્ઞાન **આપ** = પોતે **પરાય** = જુદો, અલગ.

## અનુવાદ

**બાજીગર ખેલથી અલગ રહીને વિવિધ પ્રકારનો ખેલ પોતાના અનુભવથી ખેલે છે, તે જ ન્યાયે નિજ અંશ અજાયબી ભરેલો ખેલ ખેલે છે.**

### ભાવાર્થ

જેવી રીતે કોઈ હોશિયાર અને અનુભવી બાજીગર પોતાના અનુભવના આધારે પોતે ખેલથી અલગ રહીને વિવિધ પ્રકારનો ખેલ ખેલે છે. તે જ ન્યાયે સકર્તા પતિનો સજાતીય સજાણજાણ રૂપ ચૈતન અંશ પણ પોતાના ચૈતનપણાની (ચૈતન્યની) શક્તિના બળે દેહના તત્ત્વોથી પરે રહીને અજબનો પરાક્રમ કરતો હોય છે.

**ખેલ ન જાનત ખેલીકુ, ખેલી ખોજ સબંસ;**
**યા વિધિ અંશ લહત સબે, કોહુ ન ચીનત અંશ. ૫૮**

### શબ્દાર્થ

**ખેલ** = લીલા, પરાક્રમ, રમત **ન જાનત** = જાણતો નથી, ઓળખે નહીં **ખેલીકુ** = ખેલનારને, રચનારને, પરાક્રમીને, ખેલાડીને **ખેલી** = રમનાર, ખેલનાર **ખોજ** = શોધ, જાણે **સબંસ** = કરામત, ખેલની આવડત **યા વિધિ** = આ પ્રમાણે **અંશ** = સર્જનહારનો સજાતીય આપનપુ ચૈતન અંશ **લહત** = જાણે બધું **સબે** = સર્વ, બધું **કોહુ ન** = કોઈ પણ નહીં **ચીનત** = ઓળખે, વાકેફ, જાણે **અંશ** = અંશ.

### અનુવાદ

**ખેલીને ખેલ જણાતો નથી, પરંતુ ખેલી ખેલની કરામતથી વાકેફ છે. તેવી જ રીતે અંશ બધું જાણે છે, પરંતુ કોઈ અંશને ઓળખતું નથી.**

### ભાવાર્થ

ખેલનારને ખેલ જાણતો નથી, પરંતુ જે ખેલનાર ખેલી છે તે ખેલની બધી જ તરકીબો અને કરામતથી વાકેફ હોય છે. તેવી જ રીતે ખેલરૂપ શરીરના સર્વ તત્ત્વોની ક્રિયાની કરામતને ખેલાડી રૂપ ચૈતન અંશ જાણે છે, પરંતુ ચેતનવંત થયેલ તત્ત્વો જેની ચેતનતાથી સચેતન થયા છે તેવા ચૈતન કરનારા ખેલાડી રૂપ અંશને (તત્ત્વો) જાણતા નથી.

**અંશ અખિલ ગતી સસુજકી, જીનકા મુદ્દા અગાધ;**
**સબકુ રખ અપનાયકે, આપ રહત નિજ સ્વાધ. ૫૯**

### શબ્દાર્થ

**અંશ** = સર્જનહારના સજાતિ સજાણજાણ રૂપ ચૈતન અંશ **અખિલ** = સમસ્ત, સઘળી, સર્વ, તમામ **ગતી** = શક્તિ, ચૈતનતાના લક્ષણ **સસુજકી** = વિશેષ જાણવાળી, સજાણ **જીનકા** = જેનો **મુદ્દા** = મુદ્દો **અગાધ** = ગૂઢ, ગહન **સબકુ** = સર્વને **રખ** = રાખે છે **અપનાયકે** = અપનાવીને, સ્વીકારીને **આપ** = પોતે, સ્વયં **રહત** = રહે છે **નિજ** = મૂળ, પોતે, સ્વયં **સ્વાધ** = સ્વાધીન, સ્વતંત્ર.

### અનુવાદ

**અંશની સઘળી ગતિ સજાણ હોવાથી તેનો મુદ્દો અગાધ છે, કેમ કે અંશ દરેક તત્ત્વોને અપનાવીને રાખે છે અને પોતે સ્વતંત્ર રહે છે.**

### ભાવાર્થ

અંશની પોતાની મૂળ લાક્ષણિકતાને જોતાં તે સજાણ છે પરંતુ અંશ કરોડો કલ્પોથી સર્જનહારના ધામમાંથી વિખૂટો પડ્યો છે અને વિવિધ પ્રકારના સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ દેહોમાં વિચરણ કરે છે તેથી પોતાની સજાણજાણ વૃત્તિને વિસ્મૃત્તિ પામ્યો છે આ વિષયને સમજવો એ અતિ ગહન છે.

જે જે ઘાટમાં જાય છે તે તે ઘાટોના બૂંદ-બીજગના આધારે ફલીકરણ થતાં જે પ્રમાણે ઘાટવૃદ્ધિ થાય છે તે મુજબ તે ઘાટના સર્વ જડ તત્ત્વોને પોતાના કરીને અપનાવી તેની ચૈતનતાને સંવર્ધન કરી પ્રાદુર્ભાવ કરે છે. તેમ છતાં અંશ પોતે તો તત્ત્વોને આધીન ન થતાં સ્વતંત્ર પણે રહે છે, પરંતુ, તે દેહમય બની ગયો હોવાથી દેહના સર્વ સાજને ભોગવી તેની ચાસમી મેળવી આનંદમય રહે જેના કારણે પોતાના મૂળ સ્વરૂપને ભૂલી ગયો છે.

**મેરે તન ઓરુ મન પુનિ, ઈન્દ્રિ અંતસ પ્રાણ;**
**રજ તમ સાત્વિક ગુણ મમ, કહત જે સબલ સજાણ. ૬૦**

### શબ્દાર્થ

**મેરે** = મારું **તન** = શરીર **ઓરુ** = અને **મન** = મન અંતઃકરણ **પુનિ** = વળી **ઈન્દ્રિ** = અવયવ, અંગ, કર્મ અને જ્ઞાનને ગ્રહણ કરનાર અવયવ **અંતસ** = અંતઃકરણ **પ્રાણ** = લેવાતો અને મૂકાતો પ્રાણ, શ્વાસ ઉચ્છવાસ **રજ** = રજોગુણ **તમ** = તમોગુણ **સાત્વિક** = સતોગુણ **ગુણ** = પ્રાકૃતિક લક્ષણ **મમ** = મારા **કહત** = કહે છે **જે** = જે **સબલ** = બળપૂર્વક **સજાણ** = પોતાની જાણ થકી.

## અનુવાદ

**તેથી અંશ સબળ સજાણથી મારું શરીર અને મન તથા ઈન્દ્રિયો, અંતઃકરણ, પ્રાણ, રજોગુણ, તમોગુણ અને સત્વગુણ મારાં છે તેમ કહે છે.**

## ભાવાર્થ

પોતાના નિજ ચૈતન સ્વ-સ્વરૂપની સજાણજાણને ભુલવાથી દેહમય બની ગયેલી જાણથી પોતે જે શરીરમાં રહે છે તે શરીર અને મન મારું છે તેમ હક્ક કરે છે. વળી પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્, અહંકાર અને નચિંત્ત અંતઃકરણો, રજોગુણ, તમોગુણ અને સતોગુણ તેમજ લેવાતા અને મુકાતા શ્વાસને પણ મારા છે તેવો દાવો કરે છે.

**મેરી માનત આતમા, પરમાત્મા ભી મેર;**
**બાની ચતુર મમ ઉચ્ચરણ, મેરી મંડ ચ્યૌ વેર. ૬૧**

### શબ્દાર્થ

**મેરી** = મારો **માનત** = માને છે **આતમા** = આત્મા, ઓહંગ **પરમાત્મા** = પરમાત્મા, સોહંગ **ભી** = પણ **મેર** = મારી **બાની** = વાણી **ચતુર** = ચાર પ્રકાર **મમ** = મારા દ્વારા **ઉચ્ચરણ** = ઉચ્ચારાય છે, બોલાય છે **મેરી** = મારી **મંડ** = મંડાણ **ચ્યૌ** = ચારેય દિશા **વેર** = તરફ, લગી, સુધી, બાજુ.

## અનુવાદ

**તેથી આત્મા અને પરમાત્માને પણ મારા માને છે, ચાર પ્રકારની વાણીનો ઉચ્ચાર પણ મારો છે. આ પ્રમાણે ચારેય તરફ મારું જ મંડાણ છે.**

## ભાવાર્થ

પોતાની જાણમાં ઘાટના સર્વ અવયવોને અપનાવીને મારાપણાનો દાવો કરતો અંશ આત્મા સ્વરૂપ ઓહંગ અને પરમાત્મા સ્વરૂપ સોહંગ પ્રાણાયામને પણ પોતાનો માને છે. વળી પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી વાણીનો જે ઉચ્ચાર થાય છે તે પણ અંશનું પોતાનું જ ઉચ્ચારણ છે તેમ માને છે આ રીતે અંશ ચોતરફ તેનું પોતાનું જ મંડાણ છે તેમ માની બેઠો છે.

**ટેરત હંગ હકાર જે, હું હું કરત હંમેશ;**
**ભાવ અનંતે અંશહી, સરવજ્ઞે સરવેશ. ૬૨**

### શબ્દાર્થ

**ટેરત** = કહે છે, બોલે છે **હંગ** = જાણ **હકાર** = હુંકારો **જે** = જે **હું હું** = હું હું **કરત** = કરે છે **હંમેશ** = સદાય **ભાવ** = અભિનય, ચેષ્ટા, અવસ્થા, સ્થિતિ **અનંતે** = અંતમાં રહેલી, મૂળ, અવિનાશીપણું, નિત્ય **અંશહી** = અંશ જ **સરવજ્ઞે** = સર્વનો જ્ઞાતા **સરવેશ** = સર્વમાં ઇશ, સૌનો ઉપરી, અધિકારી, સર્વનો સ્વામી.

### અનુવાદ

**અંશ જે હુંકારો કરીને હમેશાં હું હું કરે છે તે જ તેની જાણ છે. એવા ભાવવાળો અંશ જ સર્વજ્ઞ અને સર્વેશ છે.**

### ભાવાર્થ

અંશ જે હુંકારો કરીને હમેશાંને માટે હું હું કરે છે તે જ તેની સાચી જાણ છે એટલે કે, અંશનું સાચું હંગ તે હુંકાર કરતા બોલેલો હું હું શબ્દ છે તે જ પોતાના સ્વ-ચૈતન સ્વરૂપની સાચી અને અસલી જાણ છે. તેવી જાણને જ અંશની "સજાણ" કહેવાય.

આવી હંગ વૃત્તિ ધરાવતો અને ભાવવાળો અવિનાશી અંશ જ શરીરનો વેત્તા અને સ્વામી છે.

**એ લક્ષણ નીજ અંશકી, જેહી માનત સબ મેર;**
**ખાવન જદીપ ખરાખરી, લેત સબનકુ ઘેર. ૬૩**

### શબ્દાર્થ

**એ** = આ, તે **લક્ષણ** = પ્રાકૃતિક ગુણ, મૂળ ઓળખ **નીજ** = પોતાની **અંશકી** = અંશની **જેહી** = જે **માનત** = માને છે, માનીને બેઠો છે **સબ** = બધું, તમામ **મેર** = મારું **ખાવન** = ઘણી, સ્વામી **જદીપ** = જેથી **ખરાખરી** = ખરેખર, સાચેસાચ **લેત** = લે છે. **સબનકુ** = સર્વને **ઘેર** = ઘેરીને, વીંટળાઇને, સર્વને પોતાને આધીન કરી પોતે સ્વતંત્રપણે સ્વાધીન રહેલું.

### અનુવાદ

**આ નિજ અંશનું લક્ષણ છે. સર્વને ઘેરીને રહેતો હોવાથી સર્વ મારું છે તેમ તે**

**માને છે, પરંતુ ખરેખર તો તે સર્વનો સ્વામી (માલિક) છે.**

### ભાવાર્થ

પોતાની ''હું'' પણાની જાણ એ જ અંશનું સાચું લક્ષણ છે. અંશનું પોતાનું અલ્પજ્ઞ હંગ એ જ તેની સજાણજાણ વૃત્તિ છે. તેમ છતાં દેહમાં રહીને પોતાનું સ્વામિત્ત્વ ધરાવતો હોવાથી દેહના દરેક સાજને તે ઘેરીને રહેતો હોવાથી સર્વ (બધું) મારું છે તેમ તે માની બેઠો છે. ભાડૂતી મકાનમાં જેમ ભાડૂત જેટલો સમય ભોગવટો ધરાવે તેટલો સમય તે મકાન મારું છે તેમ માનતો હોય છે અને તે જ રીતે તેની સાર સંભાળ પણ રાખે છે. આ રીતે તે ઘરના વૈભવી સુખોને પોતે માણતો હોય છે.

**ઘેહેરી રહે સો વસ્ત હે, ઘેરનવાલ સધીશ;**
**યા વિધિ માલિક માલહી, કોહુ નહીં અનુઈશ. ૬૪**

### શબ્દાર્થ

**ઘેહેરી** = ઘેરીને, વિંટળાઈને **રહે** = રહે **સો** = તે, તો **વસ્ત** = વસ્તુ, પદાર્થ, તત્ત્વ **હે** = છે **ઘેરનવાલ** = ઘેરાઈને રહેનારો, બીજાને અધિક કરીને પોતે સ્વતંત્ર રહેવાળો, ઘેરવાવાળો **સધીશ** = સર્વેશ્વર, સ્વામી, માલિક **યા વિધિ** = આ પ્રમાણે, આ રીતે **માલિક** = સ્વામી **માલહી** = મહાલે છે, આનંદનો અનુભવ લેવો, ચાસ્મી પ્રાપ્ત કરવી **કોહુ** = કોઈ પણ **નહીં** = નથી **અનુઈશ** =જરા પણ મહાન.

### અનુવાદ

**જે ઘેરાઈને રહે છે તે તો પદાર્થ (વસ્તુ) છે જ્યારે ઘેરવાવાળો સ્વામી છે. આ પ્રમાણે માલિક તરીકે તે મહાલે છે, જેથી તેનાથી કોઈ સહેજ પણ મહાન (મોટું) નથી.**

### ભાવાર્થ

અંશ જેનાથી ઘેરાઈને રહેલો છે તે તો જડ તત્ત્વોનો સમૂહ છે. તે જડ તત્ત્વોના જૂથને ઘેરાઈને રહેલા દેહનો સ્વામી અંશ પોતે છે. આ પ્રમાણે દેહના માલિક તરીકે અંશ દેહના તત્ત્વોની ચાસ્મી લઈને આનંદમય અનુભૂતિ કરતો હોય છે. આ પ્રમાણે જોતા શરીરના બંધારણમાં રહેલા જડ તત્ત્વો અંશના સ્વામિત્વથી જરા પણ મહાન કે ઈશતા ધરાવતા નથી (ઈશ થઈ શકતા નથી).

**જાતે ઈશ સકલ શિર, અંશ કરત જીનું દાવ;**
**માલિક થઈ માનત સબે, આપનો જાન પસાવ. ૬૫**

### શબ્દાર્થ

**જાતે** = પોતે, સ્વયં, ખુદ **ઈશ** = સ્વામી, માલિક **સકલ** = સર્વના **શિર** = માથે, શિર પર **અંશ** = સર્જનહારના સજાણજાણ ચૈતન સજાતિ અંશસ્વરૂપ **કરત** = કરે છે **જીનું** = જેનો, તેનો **દાવ** = દાવો, હક્ક **માલિક** = સ્વામી, માલિક, ધણી **થઈ** = થઈને **માનત** = માને છે **સબે** = સર્વ, બધા **આપનો** = પોતાનું **જાન** = જાણીને **પસાવ** = પસારો, ફેલાવો.

### અનુવાદ

**પોતે સર્વના શિર ઉપર હોવાથી અંશ માલિક તરીકેનો દાવો કરે છે અને માલિક થઈને બધો પોતાનો જ પસારો છે તેમ માને છે.**

### ભાવાર્થ

અંશ સર્વ ઘાટોના જડ તત્ત્વોને ચેતનતા બક્ષીને કાર્યાન્વીત કરે છે. તેથી તે સર્વના શિર પર પોતાનું પ્રભુત્વ ધરાવે છે. આમ તે (અંશ) દેહના માલિક તરીકે દાવો કરે છે.

આમ માલિકીના હક્કને આધારે જ જે કંઈ શરીરનો પસારો છે તે બધો પોતાનો જ પસારો છે એમ તે માને છે, પરંતુ તે માન્યતા અને હકીકતમાં મોટો તફાવત (સમજ ફેર) છે.

**પણ નહીં આપ પસાવમે, અલીવત અલગ સદાય;**
**લહત ચાસમી શબનકી, સો વિધિ દેહુ બતાય. ૬૬**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **નહીં** = નહીં **આપ** = પોતે, સ્વયં **પસાવમે** = પસારામાં, ફેલાવામાં, વિસ્તારમાં **અલીવત** = ભ્રમરની જેમ **અલગ** = જુદો, નિરાળો, ભિન્ન **સદાય** = હમેશાં, સદાને માટે, કાયમ **લહત** = માણે છે, ભોગવે, મેળવે **ચાસમી** = આનંદ, ચાસ્મી, સત્વ, સ્વાદ, મઝા **શબનકી** = સર્વની, બધાની **સો** = તે, તેની **વિધિ** = રીત, ક્રિયા, પદ્ધતિ, પ્રણાલી **દેહુ** = દઉ છું, આપુ છું **બતાય** = બતાવી, દર્શાવી, દેખાડી.

## અનુવાદ

**પોતે પસારામાં નથી, પરંતુ ભ્રમરની જેમ હમેશાં અલગ રહીને જે રીતે સર્વની ચાસ્મી લે છે તે રીત બતાવી આપું (દ૯) છું.**

## ભાવાર્થ

અંશ પોતે શરીરના બંધારણમાં રહેલા જડ તત્ત્વોના સમૂહવાળા પસારામાં નથી, પરંતુ જેમ ભ્રમર (ભમરો) કમળથી અલગ રહીને ફૂલના પરાગની ચાસમી લે છે તેમ અંશ પણ શરીરના જડ તત્ત્વોની ચાસમી લે છે.

તે ભ્રમર રૂપ અંશ પુષ્પના પરાગ રૂપ શરીરની ઇન્દ્રિયોની ચાસમી જે રીતે લેવાની ક્રિયા કરે છે તે દિવ્ય પરમગુરુ આપણને હવે પછી દર્શાવે છે.

**ઇન્દ્રિ ચાસમી મન મીત, મન ચાસમી ગુણ તંત;**
**ગુણ ચાસમી અવ્યાક્રત, જીનું ચિત્ત વિમલ સતંત. ૬૭**

### શબ્દાર્થ

**ઇન્દ્રિ** = ઇન્દ્રિયોની **ચાસમી** = ચાસમી, આનંદ, સ્વાદ, મઝા, સત્ત્વ **મન** = મન અંતઃકરણ **મીત** = પ્રેમપૂર્વક મેળવે છે **મન** = મન અંતઃકરણ **ચાસમી** = ચાસણી **ગુણ** = ત્રણ પ્રકારના: રજો, તમો અને સતો ગુણ **તંત** = તત્ત્વ **ગુણ** = પ્રાકૃતિક ગુણો **ચાસમી** = ચાસણી **અવ્યાક્રત** = અવ્યાક્રત તત્ત્વ **જીનું** = જેનું **ચિત્ત** = સત્ત્વ, વિત્ત, સાર **વિમલ** = નિર્મળ, શુદ્ધ વિમળ **સતંત** = સંપૂર્ણ રીતે, અત્યંત, અતિશય, તદ્દન, અવિરત.

## અનુવાદ

**ઇન્દ્રિયોની ચાસમી મન, મનની ચાસમી ગુણના તત્ત્વો અને ગુણની ચાસમી અવ્યાકૃત મેળવે છે. જેનું વિત્ત સંપૂર્ણ નિર્મલ છે.**

## ભાવાર્થ

પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિયની ચાસમી મન અંતઃકરણને મળે છે (લે છે). મનની ચાસમી રજોગુણ, તમોગુણ અને સતોગુણ પોતાના તત્ત્વો થકી ગ્રહણ કરે છે. ત્રણ ગુણની ચાસમી અવ્યાક્રત તત્ત્વ મેળવે છે અને અવ્યાક્રતને જે ચાસમી પ્રાપ્ત થાય છે તેનું વિત્ત સંપૂર્ણ રીતે નિર્મલ સ્વરૂપે હોય છે.

## અવ્યાક્રત હિત ચાસમી, લહત નિરંજન જ્યોત;
## જીનકુ લાગત ના કછુ, કાલ કરમકી છોત. ૬૮

### શબ્દાર્થ

**અવ્યાક્રત** = અવ્યાક્રત તત્ત્વ **હિત** = હિતકારક, માંગલિક, કલ્યાણકારી **ચાસમી** = ચાસમી **લહત** = લે છે **નિરંજન** = નિરંજન તત્ત્વ **જ્યોત** = જ્યોતિ **જીનકુ** = જેને **લાગત** = લાગે **ના** = નહીં **કછુ** = કાંઈ પણ **કાલ કરમકી** = કાળના કર્મોની, જન્મ-મરણ કે કર્મોના બંધનની **છોત** = બાધ, દોષ, અસર, તીવ્ર લાગણી.

### અનુવાદ

**અવ્યાક્રતની કલ્યાણકારી ચાસમી જ્યોતિ સ્વરૂપ નિરંજન લે છે. જેને કાળ કે કર્મની કોઈ પણ અસર લાગતી નથી.**

### ભાવાર્થ

નિર્મળ સ્વરૂપના વિત્તવાળી અવ્યાકૃત તત્ત્વની કલ્યાણકારી ચાસમી જ્યોતિ સ્વરૂપ નિરંજન તત્ત્વ ગ્રહણ કરે છે.

આદિ નિરંજન તત્ત્વ એટલે પરમકારણ દેહનું તત્ત્વ હોવાથી તેને સ્થાવર-જંગમના સ્થૂળ દેહની આદ્ય લઈ સૂક્ષ્મ અને કારણ દેહની માફક કર્મોનું બંધન તથા જન્મ-મરણની લાગણીનો અનુભવ કરવો પડતો નથી. માત્ર પ્રારંભમાં ઉત્પત્તિ અને મહાપ્રલય વખતે લય પામે છે. શરીરમાં રહેલું તે તત્ત્વ અંશને વીંટળાઈને રહે છે.

શરીરમાં અવ્યાક્રત તત્ત્વ અને નિરંજન તત્ત્વ સ્ત્રી-પુરુષના દેહને વિષે બન્નેના ભાગ અરસપરસ રહ્યા છે જેથી સ્ત્રી-પુરુષ વિષય-વાસના ભોગવી શકે અને નિરંજનના તત્ત્વોના પ્રતાપે તીવ્ર વૈરાગ્ય ધારણ કરી નર-નારી ભજન-સ્મરણ પણ કરી શકે છે.

## નિરંજન નિજ અગન્યમે, ચાસમી અમીત અટાય;
## દહત સકલ કલીમલ જીનું, રહત ન રજક ખટાય. ૬૯

### શબ્દાર્થ

**નિરંજન** = નિરંજન તત્ત્વ **નિજ** = મૂળ, પોતાના **અગન્યમે** = અગ્નિમાં **ચાસમી** = ચાસમી **અમીત** = ચિકાસ, અમૃતમય, ન જણાય તેવું, વિકાર વગરનું, ઈજા વગરનું, નાશ નહીં કરેલું

**અટાય** = એકરસ **દહત** = બાળીને, બાળે છે **સકલ** = સર્વ, તમામ, સંપૂર્ણ **કલીમલ** = કાળના વિકારને **જીનું** = જેને જેનો **રહત** = રહેતો **ન** = નથી, નહી **રજક** = જરાપણ, રજ પણ **ખટાય** = ખટાઈ, ખારાશ, વિકાર.

### અનુવાદ

**નિરંજન પોતાના અગ્નિમાં ચાસમીને એકરસ કરી નાશ નહીં થયેલ ચિકાશ રૂપ કાળના વાકારને સંપૂર્ણ બાળી દે છે, જેથી સહેજ પણ વિકાર રહેતો નથી.**

### ભાવાર્થ

નિરંજન તત્ત્વનું કામ પોતાના અગ્નિમાં તપાવીને ચાસમીને એકરસ કરવાનું છે. અર્થાત્ પુરુષના દેહમાં રહેલા નિરંજનના આઠ ભાગ અને અવ્યાક્તના બે ભાગને પોતાના તીવ્ર વૈરાગના અગ્નિમાં તપાવીને એકરસ કરે છે. તેવી જ રીતે સ્ત્રીના શરીરમાં રહેલા અવ્યાક્તના આઠ ભાગમાં નિરંજનના બે ભાગને ભેળવીને એકરસ કરે છે.

આથી વિશેષ ભાગ જેમાં રહ્યા તેમાં અલ્પ ભાગ ભળી જતો હોવાથી અલ્પ ભાગના તત્ત્વનું અહંપણુ ન રહેતાં વિશેષ ભાગનું જ અહંપણુ રહે છે.

આ પ્રમાણેના નિરંજન તત્ત્વના પુરુષાર્થના સાધન વડે જ સ્ત્રી કે પુરુષના વિષયોની ચાસમી વિકાર રહિત બને છે.

**સો નિરંજન નિરલેપકી, ચાસમી ચકિત અનુપ;**
**તાય લહત વિત તીત જેહી, આતમ તત્ત્વ સ્વરૂપ. ૭૦**

#### શબ્દાર્થ

**સો** = તેવા **નિરંજન** = નિરંજન તત્ત્વ **નિરલેપકી** = અનાસક્તની, નિર્લેપની, વિકાર રહિત, શુદ્ધ, નિર્મળ **ચાસમી** = ચાસમી, સત્વ, નૂર **ચકિત** = આશ્ચર્ય પમાડે તેવી, નવાઈ પમાડે તેવી **અનુપ** = અતુલ્ય, અજોડ, સર્વ શ્રેષ્ઠ **તાય** = તેને **લહત** = માણે છે **વિત** = વિત્ત, બળ, શક્તિ **તીત** = ની પરે, અલગ **જેહી** = જે **આતમ તત્ત્વ** = આત્મતત્ત્વ, ઓહંગ તત્ત્વ **સ્વરૂપ** = સ્વરૂપ, ઘાટ, પોતાનું ખરું કુદરતી રૂપ સામ્ય, મર્મ, રહસ્ય, સ્વભાવ.

### અનુવાદ

**તે નિર્લેપ નિરંજનની ચાસમી આશ્ચર્યચકિત કરે તેવી અનુપમ છે. તે ચાસમીના**

**વિત્તને જ તીત રહેલ આત્મતત્ત્વનું સ્વરૂપ લે છે.**

### ભાવાર્થ

એવા અનાસક્ત નિરંજન તત્ત્વ દ્વારા શુદ્ધ થયેલી ચાસમી આશ્ચર્યચકિત કરે તેવી અને તેની તુલના ન થઈ શકે કેવી અતુલ્ય છે. નિરંજન તત્ત્વથી પરે રહેલ ૐકાર રૂપ આત્મતત્ત્વનું ઓહંગ સ્વરૂપ આ નિરંજન તત્ત્વની શ્રેષ્ઠ ચાસમીને ગ્રહણ કરે છે.

**તેહી આતમ ગમ ચાસમી, પુનિ પરમાતમ લેત;**
**રોમ રોમ રગ રગ સગે, જાત્યે જનીત સચેત. ૭૧**

### શબ્દાર્થ

**તેહી** = તે **આતમ** = આત્મા, ઓહંગ, ૐકાર **ગમ** = ગતિ **ચાસમી** = ચાસમી **પુનિ** = વળી, પછી **પરમાતમ** = પરમાત્મા, સોહંકાર, સોહંગ **લેત** = લે છે, ગ્રહણ કરે છે **રોમ રોમ** = રોમેરોમ, રુવાંટે રુવાંટે **રગ રગ** = રગેરગ, નશેનશ **સગે** = સાથે મળીને, સર્વ, સજાગ **જાત્યે** = જેથી **જનીત** = જણાય છે **સચેત** = ચેતનવંત, સચેતન

### અનુવાદ

**તે આત્મગતિની ચાસમી ત્યાર પછી પરમાત્મા લે છે. જેથી રોમેરોમ અને રગેરગ સર્વ સચેતન થયેલા જણાય છે.**

### ભાવાર્થ

તે ૐકાર ઓહંગ કે જેને આત્મા તરીકે સંબોધવામાં આવે છે. એવા નાભિને વિષે રહેલા પ્રણવની ચાસમી સોહંકાર પ્રણવ કે જેને પરમાત્મા તરીકે સંબોધવામાં આવે છે તે ગ્રહણ કરે છે. પરમાત્માને ચાસમી મળતાં જ અંશ તે આ ચાસમીને માણે છે. જેથી જડ તત્ત્વોના સમૂહથી બંધાયેલા સમગ્ર શરીરના રોમેરોમ અને રગેરગ સચેતન થયેલા જણાય છે.

**પરમાતમ યમ ચાસમી, ચૈતનવત વિત હેત;**
**આસન અરસ થકો જેહી, અંશ ઉપરછલો લેત. ૭૨**

### શબ્દાર્થ

**પરમાતમ** = પરમાત્મા, સોહંગ **યમ** = ઈન્દ્રિયોને વશમાં રાખવી તે, જેમ, જે રીતે, એ પ્રમાણે, એ રીતે **ચાસમી** = ચાસમી **ચૈતનવત** = ચૈતનવૃત્તિની જેમ **વિત** = શક્તિ, બળ, સત્વ, સાર **હેત** = પ્રેમપૂર્વક **આસન** = સ્થાન, બેઠક, જગ્યા, બેસવાનું ઠેકાણું **અરસ** = અંતરીક્ષ **થકો** = થકી, થી **જેહી** = જે, તે **અંશ** = સકર્તા પતિનો સજાતીય સજાણજાણ ચૈતન અંશ **ઉપરછલો** = ઉપલક રીતે, ઉપર ઉપરથી **લેત** = લે છે, ગ્રહણ કરે છે, માણે છે.

### અનુવાદ

**આ પ્રમાણે પરમાત્માની ચાસમી અંશની ચૈતનવૃત્તિના વિત્ત રૂપ હોઈ અંતરિક્ષ આસને રહીને અંશ તે ચાસમીને પ્રેમપૂર્વક ઉપરછલ્લો છે.**

### ભાવાર્થ

આ પ્રમાણે પરમાત્માએ ગ્રહણ કરેલી ચાસમી અંશની ચૈતનવૃત્તિના વિત્ત રૂપે હોવાથી તે ચાસમીને અંશ પ્રેમપૂર્વક પોતાના અંતરિક્ષ આસને રહીને ઉપરછલ્લો ગ્રહણ કરે છે.

**એહી પરકાર અન્યોઅન્ય, લેત અંશ સબ નુર;**
**અરસપરસ પહોંચી શકે, તબ લગી રહે તન તુર. ૭૩**

### શબ્દાર્થ

**એહી** = એ **પરકાર** = પ્રકારે **અન્યોઅન્ય** = એકબીજાને **લેત** = લે છે, દે છે **અંશ** = સર્જનહારનો સજાતીય સજાણજાણ ચૈતન અંશ **સબ** = સર્વ **નુર** = ઓજ, સત્ય, ચાસમી **અરસપરસ** = અન્યોઅન્ય **પહોંચી** = પહોંચી **શકે** = શકે **તબ લગી** = ત્યાં સુધી **રહે** = રહે છે **તન** = શરીર **તુર** = વેગ, ત્વરા, ઊર્મિ, ગતિ.

### અનુવાદ

**આ પ્રમાણે એકબીજા થકી અંશ ચાસમી લે છે. જ્યાં સુધી એકબીજાને ચાસમી પહોંચતી રહે ત્યાં સુધી શરીરનો વેગ રહે છે.**

### ભાવાર્થ

અગાઉ સમજાવ્યું તે મુજબ ઈન્દ્રિયોની ચાસમી મનને પહોંચે છે, મનની

ચાસમી ગુણને પહોંચે છે, ગુણની ચાસમી અવ્યાક્તને પહોંચે, અવ્યાક્તની ચાસમી નિરંજનને, નિરંજનની ચાસમી આત્માને પહોંચે, આત્માની ચાસમી પરમાત્માને અને પરમાત્માની ચાસમી છેવટે અંશને પહોંચે છે.

આ પ્રમાણે અંતરિક્ષ આસને રહીને અંશ પિંડથી અલગનો અલગ અને સળંગ રીતે સમસ્ત તત્ત્વોની ચાસમી લેતો રહે છે. જ્યાં સુધી અંશ ચાસમી લેતો રહે ત્યાં સુધી નિજ જાણ સ્વરૂપ કર્તાનો સજાતિ ચૈતન અંશ પિંડને વિષે અનુકૂળ રહેતો હોય છે. જેથી આખા શરીરના સર્વ જડ તત્ત્વોના જૂથમાં અંશનો સામાન્ય આભાસ એકબીજામાં પ્રવેશ થઈ શરીરના સર્વ તત્ત્વોને ચેતનવંત રાખે છે.

**અંશ વિલોકીત દષ્ટ લ્યૌ, તન પર ધર તતમાય;**
**જબ લગી સાજ ચલીત સબે, લોહચુંબક નિજ ન્યાય. ૭૪**

**શબ્દાર્થ**

**અંશ** = સકર્તા પતિનો સજાતીય સજાણજાણ ચૈતન અંશ **વિલોકીત** = નિહાળવું નિરીક્ષણ કરવું, નીરખવું **દષ્ટ** = દષ્ટિ, નજર **લ્યૌ** = સુધી **તન** = શરીર **પર** = ઉપર **ધર** = ધારણ કરીને **તતમાય** = તેમાં, તત્ત્વો પ્રત્યે મમતા **જબ લગી** = ત્યાં સુધી **સાજ** = જડ તત્ત્વોનો સમૂહ, અલંકાર **ચલીત** = ચાલે છે **સબે** = સર્વ, તમામ **લોહચુંબક** = લોહચુંમક, લોખંડને આકર્ષવાના ગુણવાળુ સાધન પદાર્થ દ્રવ્ય **નિજ** = પોતાના **ન્યાય** = નિયમ, સિદ્ધાંત, નિર્ણય.

**અનુવાદ**

**જ્યાં સુધી અંશ પોતાની દષ્ટિ દ્વારા શરીરના તત્ત્વો પ્રત્યે સ્નેહ રાખીને નિહાળે છે ત્યાં સુધી જ લોહચુંબકના ન્યાય પ્રમાણે શરીરનો સર્વ સાજ ચલાયમાન રહે છે.**

**ભાવાર્થ**

લોહચુંબક પોતાની ચુંબકત્વ શક્તિના બળે લોખંડને આકર્ષિત કરે છે. (તેમ) કર્તાનો સજાતિ સજાણજાણ ચૈતન અંશ પોતાના સામાન્ય અને વિશેષ આભાસ દ્વારા શરીરના તત્ત્વો પ્રત્યે સ્નેહ રાખીને નિહાળે છે. ત્યાં સુધી અંશ પોતાની ચૈતનવૃત્તિના આભાસ થકી શરીરના તત્ત્વોને અન્યોન્ય ચૈતનતા પ્રદાન કરીને ચૈતનવંત રાખે છે.

અંશ પોતાના આભાસથી કર્તાની પ્રકાશ બ્રહ્મવૃત્તિના ત્રણ મહાતત્ત્વ - અવિકાસ, વિકાસ અને કુંભસ્થના પ્રાણાયમને ચેતન કરે છે. પ્રણવની ચેતનતા કર્તાની સંજમ ભોગવૃત્તિના ત્રણ ચક્ષસત્વઃ વગ્રજ્ઞાન, અનંગ અને કાળને ચેતનવંત કરે છે. ચક્ષસત્વની ચેતનતા નિરંજન અને અવ્યાકૃતના વિભાગને વિષે જઈને ચેતન કરે છે. પછી તેની ચેતનતા આનંદ તત્ત્વ અને મહાતત્ત્વને ચેતન કરે છે. આનંદતત્ત્વ, પ્રકૃતિતત્ત્વને અને મહાતત્ત્વ, ધનંજેતત્ત્વને ચેતન કરે છે. ત્યાર બાદ પ્રકૃતિ ત્રણ ગુણ ચેતન કરે છે. રજોગુણ દશ આકાંશા ચેતાવીને, તમોગુણ દશ કાળને ચેતાવે છે અને સતોગુણ પંચ અંતઃકરણ તથા પંચ અવસ્થા એમ દશને ચેતાવે છે. એ પ્રમાણે ત્રણ ગુણના ત્રીસ તત્ત્વો ચેતન થાય છે. પછી ધનંજેતત્ત્વે પોતાના ત્રણ ગુણ ચેતન કર્યા, અહંકાર ઘણે પંચભૂત અને પંચમાત્રા એમ દસ ચેતન કર્યા. સ્વકાશ ઘણે પંચભૂત અને પંચમાત્રા એ દશ ચેતન કર્યા. સ્વકાશ ઘણે પાંચ વિવિસ્તા અને પાંચ સંભસકરણ ચેતન કર્યા. અચંતઘણે દશ ભાવના ચેતન કરી. એ પ્રમાણે ત્રણ ઘણના ત્રીસ તત્ત્વો ચેતન થયા આ પ્રમાણે અન્યોન્ય ચેતન તત્ત્વ ભાગ મળી કુલ ઈક્કોતેર તત્ત્વો અને વૃત્તિઓ સહિત શરીરના બંધારણવાળા ચોર્યાસી તત્ત્વોનો વિસ્તાર સચેતન થયો. આ પ્રમાણે શરીરનો સર્વ સાજ ચલાયમાન રહે છે.

**સાજ ચલીત ઈત તબ લગે, જબ લગી અંશ વિલોક;**
**અંશ વિલોકન ઉલટસે, વિખરી જાત તન થોક. ૭૫**

**શબ્દાર્થ**

**સાજ** = શરીરના સર્વ અવયવો, સર્વ અલંકાર **ચલીત** = ચાલે છે, કાર્યાન્વિત રહે **ઈત તબ લગે** = આ ત્યાં સુધી **જબ લગી** = જ્યાં સુધી **અંશ** = સકર્તા પતિનો સજાણજાણ ચૈતન અંશ **વિલોક** = નિહાળે, નીરખે, દૃષ્ટિપાત કરે **અંશ** = અંશ **વિલોકન** = નિહાળતા, દૃષ્ટિપાત કરતાં જોતાં **ઉલટસે** = ઊલટાવી દે, પાછી ફેરવી દે **વિખરી જાત** = વિખેરાય જાય, નાશ પામે, કાર્ય કરતાં બંધ થાય, નિષ્ક્રિય બની જાય **તન** = શરીરનો **થોક** = સમૂહ, જથ્થો, તત્ત્વોનું જૂથ, બંધારણીય સર્વ સમૂહ.

**અનુવાદ**

**જ્યાં સુધી અંશ દૃષ્ટિથી નિહાળે છે ત્યાં સુધી ત્યાં સુધી શરીરનો સર્વ સાજ ચલાયમાન રહે છે. જ્યારે અંશ તેની દૃષ્ટિ ઊલટાવી લે ત્યારે શરીરનો સર્વ સાજનો**

**સમૂહ વિખેરાઈ જાય છે.**

### ભાવાર્થ

કૈવલકર્તાની અંશવૃત્તિનો જે નિજ જાણ સ્વરૂપ ચૈતન અંશ છે તે તેના આભાસ વડે પ્રથમ પ્રાણાયમને ચેતન કરીને ત્રણ ચક્ષસત્ત્વોને વિશે જઈ તેને ચેતન કર્યા તેથી તે કાર્યાન્વિત થયાં હતાં.

શરીરથી લેવાતા પ્રાણાયમની ગણતરીનો અંત નજીક આવતાં પ્રથમ અનંગ ચક્ષસત્વ હાર પામી જાય ત્યારે લેતા પ્રાણાયામનું ખેંચવાપણું છૂટી જાય અને શરીર અતિશય શિથિલ થઈ જાય.

ત્યાર પછી વગ્રજ્ઞાન ચક્ષસત્ત્વ એકલો જ પ્રાણાયમને અંદર પુરીને પૃષ્ટ કરતું હતું તે પણ નાશ થાય એટલે શ્વાસ અંદર પેસતો (દાખલ થતો) બંધ થાય.

જ્યારે માત્ર કાળ ચક્ષસત્વ એકલો જ પ્રાણાયમને બહાર રેચક કર્યા કરતો હોવાથી અંતે પ્રાણાયમનો નાશ થાય જ્યારે પ્રાણાયમનો નાશ થઈ ગયો ત્યારે નિજ જાણ સ્વરૂપ કર્તાના અંશની દૃષ્ટિનો આભાસ જે પ્રાણાયમ ઉપર હતો તે પ્રાણાયમ નાશ થયા પછી આભાસ ઊલટાવીને પોતાના નિજ જાણ સ્વરૂપને વિષે લીન પામી જાય ત્યારે શરીરનો સર્વ સાજ કાર્ય કરતો બંધ થઈ જાય છે. ત્યારે તેને જંગમ જાતિનું શરીર મૃત્યુ પામી ગયું એમ કહેવાય છે.

**અંશ દૃષ્ટિ તનકે તુપે, અવિલોકત કુન કાજ;**
**બોહોરુ દૃષ્ટિ ઉલટાવત, મુદે કવન મહારાજ. ૭૬**

### શબ્દાર્થ

**અંશ** = કૈવલકર્તાની અંશવૃત્તિનો નિજ જાણ સ્વરૂપ અંશની **દૃષ્ટિ** = નજર **તનકે** = શરીરને **તુપે** = તૃપ્ત કરે, પ્રસન્ન કરે સંતુષ્ટ કરે **અવિલોકત** = નિહાળે, નિરીક્ષણ કરે **કુન કાજ** = શા માટે ? ક્યા કારણે ? **બોહોરુ** = ત્યાર પછી, અને પછી, અને વળી **દૃષ્ટિ** = નજર **ઉલટાવત** = ઉલટાવતાં, પાછી ફેરવી લેતાં **મુદે** = મુદ્દો, વિષય **કવન** = કેમ ? શા માટે ? શા કારણે ? **મહારાજ** = મહારાજ.

### અનુવાદ

**"હે મહારાજ ! અંશની દૃષ્ટિ શરીરથી તૃપ્ત થઈ શા માટે નિરિક્ષણ કરે છે ?**

**પછીથી (તે) શા માટે દૃષ્ટિ ઊલટાવે છે ? તે વિષય કહી સમજાવો.''**

### ભાવાર્થ

પ્રતિવાદી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર મહારાજશ્રીને ખુલાસો કરવા માટે વિનંતિ કરે છે કે કૈવલકર્તાની અંશ વૃત્તિના નિજ જાણ સ્વરૂપ ચૈતન અંશની દૃષ્ટિ શરીરના સર્વ તત્ત્વોથી તૃપ્ત થઈ કયા કારણોને લઈને નિરિક્ષણ કરે છે ? વળી કયા કારણને લીધે અને શા માટે પોતાની દૃષ્ટિ ઊલટાવીને તે પોતાના નિજ જાણ સ્વરૂપને વિષે લીન પમાડે (કરી દે) છે ?

**અંશ દૃષ્ટિ તનકે તુપે, પૂછેહુ જેહી અભિપ્રાય;**
**નિજપતિ અંશ આશક કહું, સૂનો સકલ ચિત્ત લાય. ૭૭**

### શબ્દાર્થ

**અંશ દૃષ્ટિ** = અંશની દૃષ્ટિ **તનકે** = શરીરને વિષે **તુપે** = તૃપ્ત, પ્રસન્ન, સંતુષ્ટ **પૂછેહુ** = પૂછ્યું છે **જેહી** = જેનો, તેનો **અભિપ્રાય** = ખુલાસો, મંતવ્ય, તાત્પર્ય, વિચાર દર્શાવવો **નિજપતિ** = સકર્તા પતિ, નિજ કર્તાનો, મૂળ માલિકનો **અંશ** = સજાણજાણ ચૈતન સ્વરૂપ અંશ **આશક** = ચાહના, અનુરાગ, મોહ, પ્રેમ **કહું** = કહુ છું **સૂનો** = સાંભળો, શ્રવણ કરો **સકલ** = સર્વ, તમામ **ચિત્ત લાય** = ચિત્ત રાખીને, એક ચિત્તે.

### અનુવાદ

**અંશની દૃષ્ટિ શરીરથી તૃપ્ત થવાના પ્રશ્નનો જે અભિપ્રાય પૂછ્યો તે નિજ કર્તાના અંશનો આસકભાવ કહુ છું તે બધા (સૌ) ચિત્તપૂર્વક (એકાગ્ર ચિત્તે) સાંભળો.**

### ભાવાર્થ

અંશની દૃષ્ટિ શરીરથી તૃપ્ત થવાના કારણ અંગે જે પ્રતિવાદીએ પ્રશ્ન પૂછ્યો હતો તેના જવાબ આપતાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે તે ક્રિયા કરવા પાછળ નિજ કર્તાના સજાણ જાણ સ્વરૂપ ચૈતન અંશની દૃષ્ટિ શરીરની ઈન્દ્રિની ચાસમી મેળવી તૃપ્ત થવા અંગે હવે પછી ખુલાસો કરવામાં આવશે. તે સર્વ શ્રોતાજનોને શુદ્ધ મને અને એકાગ્ર ચિત્ત રાખીને શ્રવણ કરવા અનુરોધ કરવામાં આવે છે.

## ગુણ ઈન્દ્રિ અંતઃકરણ, અવ્યાક્રત જેહી જ્યોત;
## ઓરુ આતમ પરમાતમા, જીનકે ઈષ્ટ ઉદ્યોત. ૭૮

### શબ્દાર્થ

**ગુણ** = ત્રણ ગુણઃ રજો, તમો અને સતો **ઈન્દ્રિ** = શરીરના અવયવો જેમાં પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય **અંતઃકરણ** = મન, બુદ્ધિ અહંકાર અને ચિત્ત **અવ્યાક્રત** = અવ્યાક્રત મહાતત્ત્વ **જેહી** = જે **જ્યોત** = જ્યોત સ્વરૂપ નિરંજન **ઓરુ** = અને **આતમ** =આત્મા, ઓહંગ, ૐકાર **પરમાતમા** = સોહંગકાર, પરમાત્મા, સોહંગ **જીનકે** = જેમના **ઈષ્ટ** = સ્વામી, મોટા, સર્વોપરી **ઉદ્યોત** = આભાસ.

### અનુવાદ

**ગુણ, ઈન્દ્રિયો, અંતઃકરણ, અવ્યાક્રત, નિરંજન, આત્મા અને પરમાત્મા સહિત સર્વના પર સર્વોપરી અંશનો આભાસ છે.**

### ભાવાર્થ

ત્રણ ગુણ, દશ ઈન્દ્રિયો, ચાર અંતઃકરણ, અવ્યાક્રત, મહાતત્ત્વ, નિરંજન મહાતત્ત્વ, લેવાતો ૐકાર પ્રણવ અને મુકાતો સોહંકાર પ્રણવ એ તમામ ઉપર સર્વોપરી અંશ છે. અંશ પોતાના આભાસ થકી જ સર્વ તત્ત્વોને ચેતનતા પ્રદાન કરે છે.

## એતને ભર ધર સબનકી, ચરત ચાસમી અંશ;
## તેહી અભિપ્રાય વિલોકની, તન પર રહત આકંશ. ૭૯

### શબ્દાર્થ

**એતને ભર** = એટલાં બધા **ધર** = ધારણ કરેલા, ધારણ કરીને રાખેલાં **સબનકી** = બધાની, સર્વની **ચરત** = ચરે છે, ઉપભોગ કરે, મેળવે અનુભવે **ચાસમી** = ચાસણી, સત્વ, નૂર **અંશ** = અંશ **તેહી** = તે **અભિપ્રાય** =ખુલાસો, મંતવ્ય, તાત્પર્ય, કારણોને લીધે **વિલોકની** = નિહાળતાં, જોવાની **તન પર** = શરીર ઉપર **રહત** = રહે છે, રાખે છે **આકંશ** = આકાંક્ષા, મમત્વ, નિગરાની, સંભાળ, દૃષ્ટિ.

### અનુવાદ

**ધારણ કરેલાં એટલાં બધાં તત્ત્વોની ચાસમી અંશ ચરે છે. તેના કારણે જ શરીર ઉપર તે (અંશ) આકાંક્ષા (દૃષ્ટિ) રાખે છે.**

### ભાવાર્થ

અગાઉની ચોપાઈમાં દર્શાવ્યા મુજબના સર્વ તત્ત્વોને અંશે ધારણ કરી રાખેલાં છે. તે સર્વ તત્ત્વોની ચાસમી સકર્તાપતિના સજાણજાણ રૂપ ચૈતન અંશ ચરે છે. તેના કારણે જ અંશ શરીર ઉપર આકાંક્ષા (દૃષ્ટિ) રાખે છે. આમ પોતાના નિજ આભાસ થકી સર્વ તત્ત્વોને પરસ્પરતાના ધોરણે ચૈતનતા પ્રદાન કરે છે.

**ચાસમી પહોંચત અંશકુ, તબ લગી હંશ હુલાસ;**
**જો અટકે ઉત ચાસમી, તબ તે અંશ ઉદાસ. ૮૦**

#### શબ્દાર્થ

**ચાસમી** = ચાસણી, સત્વ, નૂર **પહોંચત** = પહોંચે **અંશકુ** = સકર્તાપતિના સજાતીય સજાણજાણ રૂપ ચૈતન અંશને **તબ લગી** = ત્યાં સુધી **હંશ** = અંશ **હુલાસ** = આનંદિત, ખુશી **જો** = જો **અટકે** = અટકી જાય તો, મળતી બંધ થઈ જાય તો, તેમાં રુકાવટ આવે તો **ઉત** = તે **ચાસમી** = ચાસણી, સત્વ, નૂર **તબ તે** = ત્યાર પછી તો, ત્યારે **અંશ ઉદાસ** = નિરાશ નાશીપાસ, ગમગીન, શોકાતુર.

### અનુવાદ

**અંશને ચાસમી પહોંચે ત્યાં સુધી તે આનંદિત (તૃપ્ત) રહે છે. જો તે ચાસણી અટકી જાય તો અંશ ઉદાસીન થાય છે.**

### ભાવાર્થ

જ્યાં સુધી સકર્તા પતિના સજાતીય સજાણજાણ રૂપ ચૈતન અંશને ઈન્દ્રિયોની આદ્ય લઈ ક્રમશઃ પરમાત્મા સોહંગ સુધી સર્વ તત્ત્વોની ચાસમી મળતી રહે ત્યાં સુધી (અંશ) તે આનંદમાં (તૃપ્ત) રહે છે. જ્યાં સુધી તે આનંદમાં રહે ત્યાં સુધી પોતાના નિજ આભાસ થકી તેની દૃષ્ટિ શરીર ઉપર પડેલી રહે છે. જ્યાં સુધી અંશની દૃષ્ટિ શરીર ઉપર રહેલી હોય ત્યાં સુધી શરીરનો સાજ ચેતનવંત બનીને ચલાયમાન રહે છે. જ્યારે અંશને ચાસમી મળતી અટકી જાય ત્યારે અંશ ઉદાસીન થાય છે.

**અંશ ઉદાસિક જદીપતે, તન પર ધરીત અભાવ;**
**ઉલટ દૃષ્ટિ હોય તદીપસે, જો ન સરી નિજ ચહાવ. ૮૧**

### શબ્દાર્થ

**અંશ** = અંશ **ઉદાસિક** = ઉદાસ, નિરાશ **જદીપતે** = જ્યારથી, જ્યારે **તન પર** = શરીર ઉપર **ધરીત** = ધારણ કરે **અભાવ** = અણગમો, અરુચિ **ઉલટ દૃષ્ટિ** = ઊલટી નજર **હોય** = થાય **તદીપસે** = ત્યારથી, ત્યાર પછી **જો** = જો **ન** = નહીં **સરી** = સરે, પૂર્ણ થાય **નિજ** = પોતાના **ચહાવ** = ઈચ્છા, ચાસણી, અભિલાષા.

### અનુવાદ

**જ્યારે અંશ ઉદાસીન થાય ત્યારે શરીર ઉપર અભાવ ધારણ કરે છે. જો પોતાની ઈચ્છા ન સરે ત્યારે દૃષ્ટિ ઊલટાવી લે છે.**

### ભાવાર્થ

જ્યારે અંશને ચાસમી મળતી અટકી જાય ત્યારે તે ઉદાસીન થાય છે. જ્યારે અંશ ઉદાસીન થાય ત્યારે તે શરીર ઉપર અભાવ ધારણ કરે છે, તેના કારણે તે પોતાની અભાસ રૂપ દૃષ્ટિ ઊલટાવી લે છે. અંશની દૃષ્ટિ ઊલટ થતાં શરીરને ચૈતનતાનો આભાસ પ્રાપ્ત થતો નથી, જેથી શરીર જડ બની જાય છે. જેને આપણે વ્યક્તિનું મૃત્યુ થયું તેમ કહીએ છીએ.

**અંશ દૃષ્ટિ જીનું ઉલટસે, વિછરત વિપુ વિલાય;**
**આપ આપને જ્યૌ વિભાગમે, તનકે તત્ત્વ સમાય. ૮૨**

### શબ્દાર્થ

**અંશ દૃષ્ટિ** = અંશની દૃષ્ટિ **જીનું** = જે, જેની **ઉલટસે** = ઊલટાવવાથી, ઊલટ થવાથી **વિછરત** = વિખૂટા પડે છે, છૂટા પડે **વિપુ** = શરીર **વિલાય** = નાશ પામવું, મરણ પામવું, કાળવશ થવું, **આપ આપને** = પોતપોતાના **જ્યૌ** = જે, તે **વિભાગમે** = વિભાગમાં **તનકે** = શરીરના **તત્ત્વ** = તત્ત્વો **સમાય** = સમાઈ જવું, ભળી જવું, ઓગળી જવું, એકાકાર થવું.

### અનુવાદ

**અંશ દૃષ્ટિ ઉલટાવીને શરીરથી છૂટો પડે છે, તેથી શરીર નાશ પામે છે, ત્યારે**

**શરીરના તત્ત્વો પોતપોતાના જે તે વિભાગમાં સમાઈ જાય છે.**

## ભાવાર્થ

અંશ પોતાની દૃષ્ટિ શરીર ઉપરથી ઊલટાવીને શરીરથી છૂટો પડી જાય છે. તેથી શરીર નાશ પામે છે, જેને આપણે વ્યક્તિનું મૃત્યુ થયું તેમ કહીયે છીએ.

મૃત્યુ પામેલા જડ શરીરની પોતપોતાની ધાર્મિક માન્યતા અને રીત-રિવાજ મુજબ તેની અંતિમ ક્રિયા કરવામાં આવે છે. આ અંતિમ ક્રિયા બાદ શરીર મૂળ પાંચ મહાતત્ત્વો (પંચભૂત): પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એ શરીરના બંધારણમાં અલ્પ ભાગે રહેલા હતા તે પોતપોતાના મહાતત્ત્વોમાં ભળી જતાં હોય છે.

**બહોરુ અંશ જેહી ઉલટસે, કરત જ્યાંહી અભિરાન;**
**યા ગત્ય કોહુ ન પાવત, તાતે સકલ હેરાન. ૮૩**

### શબ્દાર્થ

**બહોરુ** = અને વળી, ત્યાર પછી **અંશ** = નિજ કર્તાનો સજાતિ સજાણજાણ રૂપ ચૈતન અંશ **જેહી** = જે, જે રીતે **ઉલટસે** = ઊલટાઈને **કરત** = કરે **જ્યાંહી** = જ્યાં **અભિરાન** = વિરામ **યા** = આ, ત **ગત્ય** = ગતિ, સમજ, જ્ઞાન, બાબત **કોહુ** = કોઈ પણ **ન** = નહીં **પાવત** =પ્રાપ્ત કરે, જાણે, મેળવે **તાતે** = તેથી **સકલ** = સર્વ, તમામ **હેરાન** = વ્યાકુળ, અસ્વસ્થ, ખૂબ દુ:ખી, વ્યગ્ર.

## અનુવાદ

**વળી અંશ દૃષ્ટિ ઉલટાવી લઈને કયા સ્થાને વિરામ કરે છે (તે)ગતિ કોઈ જાણતા નથી, તેથી સૌ દુ:ખી થાય છે.**

## ભાવાર્થ

અંશ પોતાની દૃષ્ટિ ઊલટાવીને દેહના સંચિત કર્મો અનુસાર પાંચ દ્વાર: ગુદા, ઉપસ્થ, આંખ, મોં અને બ્રહ્મરંધ્ર પૈકી ગમે તે એક દ્વારે થઈને શરીરમાંથી છૂટો પડીને અને સંગે પોતાની વાસનાઓને લઈને નીકળી જાય છે, ત્યાર બાદ તે અન્ય દેહમાં જઈને વસે છે કે મુક્તિના માર્ગે ગમન કરી વિરામ કરે છે.

અંશની ગતિ અંગેની સાચી સમજ કોઈ જાણતા નથી તેથી પોતાના જીવન

દરમિયાન સૌ મનવાંછિત કર્મો કરીને ભવિષ્યનું વિચાર્યા વગર દુ:ખી જીવન વ્યતિત કરે છે અને બીજા દેહમાંથી ગયા બાદ પણ ખૂબ જ દુ:ખી થાય છે.

**ઓર ન ચીનત અબ થકી, છતે પિંડ સદ રુપ;**
**તો બિછડે કીમ પાવહી, તનત્યે અંશ અનુપ. ૮૪**

### શબ્દાર્થ

**ઓર** = અને **ન** = નહીં, નથી **ચીનત** = ઓળખ્યા, જાણ્યા **અબ** = હાલ, અત્યારે **થકી** = સુધી **છતે પિંડ** = શરીર હોવા છતાં, શરીરમાં રહ્યા છતાં, શરીરની હયાતિમાં **સદ** = સાચું, શાશ્વત **રુપ** = સ્વરૂપ, આકૃતિ, છબિ **તો** = તો **બિછડે** = છોડ્યા બાદ, છૂટા પડ્યા પછી, વિખૂટા પડ્યે **કીમ** = કેવી રીતે, કેમ કરીને, શી રીતે **પાવહી** = પ્રાપ્ત કરી શકાય, મેળવી શકાય, **તનત્યે** = તનથી, શરીરથી **અંશ** = સર્જનહારનો સજાતીય સજાણજાણ રૂપ ચૈતન અંશ **અનુપ** = અનુપમ, અજોડ અતુલ્ય, શ્રેષ્ઠ.

### અનુવાદ

**શરીરની હયાતિમાં અનુપમ એવા અંશની ગતિને કોઈ જાણી શકતું નથી તો પછી શરીરથી વિખૂટા પડ્યા બાદ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ?**

### ભાવાર્થ

વળી અંશની પ્રત્યક્ષ હાજરીથી જીવંત રહેલા શરીર થકી અનુપમ એવા અંશની ગતિની જાણ્ય મેળવી શક્યા ન હોય તો શરીરની છૂટા પડ્યા બાદ અંશની ગતિ અંગેની સમજ મેળવવી કેવી રીતે શક્ય બને ?

**જબસે અંશ ગવન જીત, મોહોઘમ મુદા મદાર;**
**ઘેહેનો ગત્ય વત સબનકા, રહત અંત અનુસાર. ૮૫**

### શબ્દાર્થ

**જબસે** = જ્યારથી **અંશ** = સર્જનહારની, સજાતિનો સજાણજાણ રૂપ ચૈતન અંશ **ગવન** = ગતિ, ચાલ, ગામ **જીત** = જ્યાંથી **મોહોઘમ** = અદબદ, અનિશ્ચિત **મુદા** = મુદ્દો, પુરાવો, પ્રમાણ **મદાર** = આધાર, ટેકો, આશ્રય **ઘેહેનો** = ગહન, ગૂઢ **ગત્ય** = ગતિ, સમજ, જ્ઞાન **વત** = ની પેઠે, ની જેમ, ની પ્રમાણે, ની માફક **સબનકા** = સર્વના, બધાના **રહત** = રહે છે **અંત** = છેવટ **અનુસાર** = એ પ્રમાણે, એ મુજબ, એવી જ રીતે.

## અનુવાદ

**જ્યારથી અંશે જ્યાંથી ગમન કર્યું તે મુદ્દો આધાર વગરનો અદબદ છે અને અંતે ક્યાં રહે છે તેની ગતિ પણ એ જ પ્રમાણે ગહન છે.**

## ભાવાર્થ

જ્યારથી આ બ્રહ્માંડમાં અંશ જ્યાંથી ગવન કરીને આવ્યો છે તે અંગેનો રહસ્યમય મુદ્દો કોઈ પણ પ્રકારના આધાર વિનાનો અદબદ રહેલો છે. તેની જેમ જ મહા પ્રલય કાળ વખતે જ્યારે સર્વનો વિનાશ થશે ત્યારે અંતમાં તે ક્યાં રહેવાનો છે તે બાબત પણ એ જ પ્રમાણે અત્યંત ગહન (ગૂઢ) છે.

**વા ગમ જેહી દરશાવહી, અંત અંશ અસ્થાન;**
**પુનિ નિજ પ્રથમ લખાવહી, જાંહીસે કીયે પીયાન. ૮૬**

### શબ્દાર્થ

**વા** = તે **ગમ** = સમજ, જ્ઞાન **જેહી** = જે **દરશાવહી** = દર્શાવે **અંત** = અંતમાં **અંશ** = સકર્તા પતિના સજાતિ સજાણજાણ રૂપ ચૈતન અંશ **અસ્થાન** = મૂળ રહેઠાણ, અસલી સ્થાન, **પુનિ** = વળી **નિજ** = પોતે **પ્રથમ** = સૌથી પહેલાં **લખાવહી** = લખાવે, દર્શાવે **જાંહીસે** = જ્યાંથી **કીયે** = કર્યું **પીયાન** = પ્રસ્થાન, પ્રયાણ.

## અનુવાદ

**અંશનું છેવટનું સ્થાન કયું ? અને તે ક્યાંથી આવ્યો છે ? તે અંગનું જ્ઞાન જે દર્શાવે અને સૌ પ્રથમ જણાવે તે....**

## ભાવાર્થ

આ ચોપાઈ હવે પછીની ચોપાઈ સાથે પૂર્ણ થાય છે માટે બંને ચોપાઈનો અર્થ સળંગ રીતે વાંચવા અનુરોધ છે.

મહાપ્રલય કાળ વખતે જ્યારે સમગ્ર બ્રહ્માંડનો વિનાશ થશે ત્યારે અંશનું છેવટનું સ્થાન કયું છે ? તે અંગેની સમજ જે દર્શાવે (તેને સદ્‌ગુરુ કહેવાય)

વળી બ્રહ્માંડમાં ઉત્પત્તિ સમયે અંશે જે નિજ વતન (મૂળ ઘર)થી આ બાજુ પ્રયાણ કર્યું તે સમજ સર્વ પ્રથમ આ વિશ્વમાં દર્શાવે... (તેને સદ્‌ગુરુ કહેવાય).

**એહી દોનું મુશ્કલ ગત્ય, બિનું ગમ ઘર ગુંજપાર;**
**આદ્ય અંત જેહી અંશકી, કહે સો સતગુરુ સાર. ૮૭**

### શબ્દાર્થ

**એહી** = એ **દોનું** = બંને **મુશ્કલ** = મુશ્કેલ, કઠીન **ગત્ય** = ગતિ, સમજ, જ્ઞાન **બિનું** = સિવાય, વિના **ગમ** = જ્ઞાન, સમજ **ઘર** = મૂળ રહેઠાણ, મૂળ સ્થાન **ગુંજપાર** = ગુપ્ત અને પર **આદ્ય** = આદિ, શરૂઆત **અંત** = અંત, છેવટ, છેડો **જેહી** = જે **અંશકી** =અંશની **કહે** = કહે **સો** = તે **સતગુરુ** = સદ્‌ગુરુ **સાર** = સારાંશ, હેતુ, ઉદ્દેશ.

### અનુવાદ

**અંશની આદ્ય અને અંતની ગતિ તેમજ ગુપ્ત અને પાર રહેલા ઘરની ગતિ જાણ્યા સિવાય એ બંનેની સાચી સમજ પ્રાપ્ત કરવી મુશ્કેલ છે. તેમ છતાં તે ગતિ વિષેનો સાર જેઓ કહી સમજાવે તેમને જ સદ્‌ગુરુ કહેવાય.**

### ભાવાર્થ

એટલે કે, અંશની ઉત્પત્તિ અને અંતની સમજ તેમજ બ્રહ્માંડથી પરે, રહેલા સજાણ્ય મૂળ વતન (નિજ ઘર) અંગેની એમ બંને બાબતોની સાચી સમજ પ્રાપ્ત કરવી ઘણી મુશ્કેલ છે.

પરંતુ આવા ગુપ્ત અને પર રહેલા અંશ અને અંશી બંને પદની તમામ માહિતી યથાર્થ અને ન્યાયપૂર્ણ રીતે જે સમજાવે તેઓને (તેમને) જ સદ્‌ગુરુ કહી શકાય.

**સો સતગુરુ સરજન સમ, જીનુ ગ્યમ એહી અદ્‌ભુત;**
**અંશ અપને અપનાવહી, અરસ પરસ અનુસુત. ૮૮**

### શબ્દર્થ

**સો** = તે, એ **સતગુરુ** = સદ્‌ગુરુ **સરજન** = સર્જનહાર **સમ** = સમાન, તુલ્ય **જીનુ** = જેઓની **ગ્યમ** = જાણ્ય, જ્ઞાન, સમજ **એહી** = એ **અદ્‌ભુત** = અલૌકિક **અંશ** = સર્જનહારનો સજાતીય સજાણજાણ રૂપ ચૈતન અંશ **અપને** = પોતાનો **અપનાવહી** = અપનાવેલા, શરણાગત થયેલા, ગ્રહણ કરેલા, સ્વીકારેલા, પોતાનું કરીને માનનારાઓને **અરસ પરસ** = એકબીજા સાથે, અન્યોન્ય, પરસ્પર **અનુસુત** = એકતા, અંતર્ગત, ની સાથે સંકલાયેલું, ગુંથાયેલું.

## અનુવાદ

**તે સદ્‌ગુરુ સર્જનહાર તુલ્ય હોઈ તેમની ગતિ એવી અદ્‌ભુત છે કે અંશને પોતે અપનાવી અરસપરસ એકતા કરી આપે છે.**

## ભાવાર્થ

અંશ અંશીના લક્ષનો ઉપદેશ કરનારા એવા સદ્‌ગુરુ રૂપ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જો પ્રાપ્ત થાય તો તેમને સર્જનહાર તુલ્ય માનીને તેમના શરણે જવું. કારણ કે, પોતાના સ્વ-ચેતન અંશ સ્વરૂપની અને અંતિમ પદ એવા સર્જનહારના પરમપદ અંગેનું અદ્‌ભુત જ્ઞાન ધરાવે છે.

તેમના શરણમાં તન-મન અને ધન અર્પણ કરીને સંપૂર્ણ રીતે શરણાગતિ સ્વીકારે છે. એવા અધિકારી અંશને તેઓ પોતે અપનાવી સર્જનહાર અંશી સાથે એકતા કરી આપે છે.

**અંશ આપ નિજ આપનપુ, જેહી નીરખન નિરબંધ;**
**તીનું એકતા કરવાવહી, કર્તા સેતી સંબંધ. ૮૯**

### શબ્દાર્થ

**અંશ** = નિજકર્તાની સજાતીય સજાણજાણ સ્વરૂપ ચૈતન અંશ **આપ** = પોતે, સ્વયં **નિજ** = પોતાનું, મૂળ, આદિ, અસલ **આપનપુ** = સ્વ-ચૈતન સ્વરૂપ **જેહી** = જે **નીરખન** = દર્શાવે છે, બતાવે છે **નિરબંધ** = બંધન રહિતનું, નિર્મળ સ્વરૂપ **તીનું** = તેની, તેવાની **એકતા** = તાદાત્મ્ય, ઐક્ય, સ્વજાતિપણું **કરવાવહી** = કરાવે છે, કરાવીને **કર્તા** = સર્જનહાર, સકર્તાપતિ **સેતી** = સાથે **સંબંધ** = જોડાણ, સંધિ, સંયોગ.

## અનુવાદ

**અંશને પોતાનું નિજ ચૈતન સ્વ-સ્વરૂપ દર્શાવીને (જન્મ-મરણના) બંધન રહિત કરે છે અને કર્તા સાથે સંબંધ કરાવી મેળાપ કરાવે છે.**

## ભાવાર્થ

સદ્‌ગુરુરૂપ શ્રીમત્ કરુણાસાગર અંશને તેનું આદિમાં જે અસલ શુદ્ધ ચૈતન સજાણ-જાણ સ્વરૂપની સાચી સમજ દર્શાવે છે અને કૈવલધામમાંથી જેવો બ્રહ્માંડમાં પ્રવેશ્યો હતો તેવા અણિ અગ્ર અંકુરિત સ્વરૂપે કરે છે.

આ રીતે ગુરુકૃપાથી શુદ્ધ અને અસલ સ્વ-સ્વરૂપે થયેલા અંશને પોતાના અલ્પ અકર્તા હંગ થકી સર્જનહારના મહદ્ કર્તા હંગ સાથે સંબંધ કરાવી દેહને અંતે અંશ કૈવલધામમાં બિરાજમાન સર્જનહાર કૈવલકર્તા સાથે મેળાપ કરાવે છે.

**જેહી વિધિ અંશ અખિલ ગત, તેહી વિધિ ક્રતા કરાલ;**
**તેસેહી સતગુરુ સામ્રથ, ધીમત ઉગ્ર વિશાલ. ૯૦**

### શબ્દાર્થ

**જેહી** = જે **વિધિ** = રીતે **અંશ** = સકર્તાપતિનો સજાતીય સજાણજાણ સ્વરૂપ ચૈતન અંશ **અખિલ** = સંપૂર્ણ, અશેષ **ગત** = ગતિ, સમજ, સ્વામિત્વ **તેહી વિધિ** = તે જ રીતે **ક્રતા** = સર્જનહાર **કરાલ** = કરામત, કારણ રૂપે, કાર્યબળ, મહાનતા, પ્રચંડતા **તેસેહી** = તે જ રીતે **સતગુરુ** = સદ્‌ગુરુ **સામ્રથ** =સામર્થ્ય, શક્તિ, બળ **ધીમત** = શ્રેષ્ઠ મત, ચાતુર્ય, બુદ્ધિ **ઉગ્ર** = વિશેષ, અતિ તીવ્ર, તેજસ્વી, તીક્ષ્ણ **વિશાલ** = દીર્ઘ, મહાન, વિસ્તૃત.

### અનુવાદ

**જે રીતે અંશનું સ્વામીત્વ સંપૂર્ણ છે. તે જ પ્રમાણે કર્તાની પણ શ્રેષ્ઠ કરામત છે. તેવી જ રીતે સદ્‌ગુરુની સામર્થ્યતા અને બુદ્ધિ અતિ તેજસ્વી અને મહાન છે.**

### ભાવાર્થ

જે રીતે આ જડ તત્ત્વોના જૂથવાળા શરીરમાં સંપૂર્ણપણે અંશનું સ્વામીત્વ છે. તે જ પ્રમાણે સંપૂર્ણ બ્રહ્માંડમાં સર્જનહારનો અમલ અને માલિકીપણું રહેલું છે.

તેવી જ રીતે સદ્‌ગુરુ રૂપ શ્રીમત્ કરુણાસાગરમાં સોળ વિભૂતિની સામર્થ્યતા અને નવ બુદ્ધિની વિશેષ મહાનતા રહેલી છે.

**જબી સતગુરુ સરજન સમ, કીયેહુ આગમ હમ સોય;**
**આદ્ય અંત હકીગતનકી, રાખેહું જીનું ગમ ગોય. ૯૧**

### શબ્દાર્થ

**જબી** = જ્યારે **સતગુરુ** = સદ્‌ગુરુ **સરજત** = સર્જનહાર **સમ** = સમાન **કીયેહુ** = કહ્યુ હતું **આગમ** = આગળ, અગાઉ **હમ** = મેં **સોય** = તે **આદ્ય** = પ્રારંભની **અંત** = અંતની, છેવટની

**હકીગતનકી** = હકીકત અંગેની **રાખેહું** = રાખી છે **જીનું** = જેમણે **ગમ** = પોતાની સમજમાં **ગોય** = ગુપ્ત, છુપાયેલી, કંડારાયેલી, સમાયેલી.

### અનુવાદ

**મેં આગળ કહ્યું હતું કે સદ્‌ગુરુ સર્જનહાર તુલ્ય છે કારણ કે, આદ્ય અને અંતની હકીકતને તેમણે ગુપ્તપણે રાખેલી છે.**

### ભાવાર્થ

અગાઉ જે સદ્‌ગુરુ માટે સર્જનહાર તુલ્ય સમજવા માટેની જે વાત દર્શાવાયેલી હતી, તેના સંદર્ભમાં અહિ ખુલાશો કરવામાં આવે છે કે સદ્‌ગુરુરૂપ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરની સામર્થ્યતા અતિ વિશેષ છે. તેમની સમજમાં બ્રહ્માંડની ઉત્પત્તિના પ્રારંભની સર્વ હકીકત તેમજ જયારે મહા પ્રલય કાળ થશે ત્યારે જે રીતે બ્રહ્માંડનો નાશ થઈને જે તે ઉત્પત્તિ પાછી સર્જનહારની છ પ્રકારની વૃત્તિઓમાં કેવી રીતે સમાઈ જશે ? તે તમામ હકીકત તેમણે ગુપ્ત રાખી છે.

**તેહી પરસાવત પુનિ જગ, જીનું રગ રગ ચિત્ત ચહાય;**
**જાનતહી જબી જીવ મગ, નિજ કર્તા ઘર તાય. ૯૨**

#### શબ્દાર્થ

**તેહી** = તે **પરસાવત** = દર્શાવે છે, પ્રસ્તુત કરે, પ્રસન્નતાપૂર્વક પ્રદાન કરે છે **પુનિ** = વળી, જેમણે **જગ** = જગતમાં **જીનું** = જેમને **રગ રગ** = રગેરગમાં **ચિત્ત** = ચિત્ત અંતઃકરણમાં **ચહાય** = ચાહના, મહેચ્છા, ભાવના, અંતિમ લક્ષ **જાનતહી** = જાણે છે, જાણી શકે છે **જબી** = ત્યારે **જીવ** = જીવો **મગ** =માર્ગને, જ્ઞાનને, ગતિને **નિજ કર્તા** = નિજ સકર્તા પતિ, આદિ સર્જનહાર **ઘર** = ઠેકાણું, ધામ **તાય** = તેમનું, તેઓ.

### અનુવાદ

**જેના ચિત્તમાં તથા રગેરગમાં ચાહના છે તેવા જીવગતિના જીવોને પ્રસન્નતાપૂર્વક ગતિ (જ્ઞાન) પ્રદાન કરે છે. જેથી તેઓ નિજ કર્તાના ધામરૂપ નિજ ઘરનો માર્ગ જાણી શકે.**

## ભાવાર્થ

જેના રગેરગ અને ચિત્તમાં સર્જનહારને મળવા માટેની તીવ્ર તાલાવેલી હોય તેવા ભાગ્યવંત અંશોને ગુપ્ત જ્ઞાનનો ખજાનો પ્રસન્નતાપૂર્વક પ્રદાન કરે છે. તથા અંશ-અંશીનો લક્ષ આપે છે. જેથી જગતમાં એવા અધિકારી અંશો સર્જનહારના કૈવલધામમાં જઈને તેમને પ્રત્યક્ષ મળી શકે.

**તબ બિનું સત્ગુરુ સદપદ, નિજ બલ લહત ન કોય;**
**અજ ભવ ઓરુ ઈશ્વર લ્યહુ, જીવકી કુન સમોય. ૯૩**

### શબ્દાર્થ

**તબ** = તેથી **બિનું** = સિવાય, વિના **સત્ગુરુ** = સદ્ગુરુ **સદપદ** = સાચું કર્તાપદ, શાશ્વત કર્તાપદ **નિજ** = પોતાના, સ્વયં **બલ** = શક્તિ, તાકાત **લહત** = જાણી, જાણે **ન** = નહીં, નથી **કોય** = કોઈ પણ **અજ** = બ્રહ્મ **ભવ** = શંકર **ઓરુ** = અને **ઈશ્વર** = વિષ્ણુ **લ્યહુ** = સુધી, સહિત **જીવકી** = જીવોની **કુન** = શીશુ **સમોય** = શક્તિ, ગણતરી.

## અનુવાદ

**તેથી સદ્ગુરુ સિવાય આ શાશ્વત પદને પોતાની મેળે કોઈ પણ જાણી શક્યું નથી. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પણ જાણી શક્યા નથી તો પછી સામાન્ય જીવોની તો શી ગણતરી ?**

## ભાવાર્થ

સર્જનહારના શાશ્વત પરમપદની સાચી સમજ સદ્ગુરુ રૂપ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સિવાય પ્રાપ્ત થઈ શકે તેમ નથી તેમજ કોઈ પણ વ્યક્તિ માટે પોતાના સ્વ અનુભવ કે શક્તિના બળે તેવા પદની જાણ શક્ય નથી.

મહાન ગણાતા બ્રહ્મા, વિષ્ણુ, શંકરની આદ્ય લઈ અવતારાદિક દેવી-દેવતાઓ સહિત કોઈ પણ એવા પરમપદની સમજ પ્રાપ્ત કરી શક્યા નથી તો પછી જગતના સામાન્ય જીવોની તો ગણતરી જ કેવી રીતે કરી શકાય ?

## ગુરુપદ ચતુર પ્રકારકે, જીનકે કહુ મહિમાય;
## પરમગુરુ ઓર સત્ગુરુ, ગુરુ પ્રોક્ષ ગુરુ તાય. ૯૪

### શબ્દાર્થ

**ગુરુપદ** = ગુરુનું પદ, ગુરુનું સ્થાન, હોદ્દો **ચતુર** = ચાર **પ્રકારકે** = પ્રકારના **જીનકે** = જેનો **કહુ** = કહુ **મહિમાય** = મહિમા, મહાત્મ્ય, શ્રેષ્ઠતા, પ્રતાપ **પરમગુરુ** = પરમગુરુ **ઓર** = અને **સત્ગુરુ** = સદ્ગુરુ **ગુરુ પ્રોક્ષ** = પ્રોક્ષગુરુ **ગુરુ તાય** = તાયગુરુ.

### અનુવાદ

**પરમગુરુ, સદ્ગુરુ, તાયગુરુ અને પ્રોક્ષગુરુ એ ચાર પ્રકારના ગુરુઓનો મહિમા (હું) કહુ છુ.**

### ભાવાર્થ

દુનિયામાં મુમુક્ષુ પોતાના શીર પર ગુરુનું પદ ધારણ કરે છે, પરંતુ ધર્મમાર્ગમાં નેતિપદ, આધ્યાત્મિક વેદોગત અને શાસ્ત્રોક્ત કર્મકાંડ જ્ઞાનના આધારે જોવામાં આવે ગુરુપદને ચાર પ્રકારમાં વિભાજન પાડીને સમજી શકાય છે. જેમાં જ્ઞાનપક્ષે જોતાં ક્રમશઃ પરમગુરુ, સદ્ગુરુ, તાયગુરુ અને પ્રોક્ષગુરુ એમ ચાર પદો દર્શાવી શકાય.

હવે પછી આ ચાર પ્રકારના ગુરુપદનો મહિમા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને સ્પષ્ટતા કરીને દર્શાવે છે.

## પ્રથમ પોક્ષ ગુરુકી કહું, જીનું લક્ષ પ્રોક્ષ પરાય;
## શાસ્ત્ર વેદ મહી કહી સૂની, બેઠેહુ ગુરુપદ લાય. ૯૫

### શબ્દાર્થ

**પ્રથમ** = પહેલાં, શરૂઆતમાં **પ્રોક્ષ ગુરુકી** = પ્રોક્ષ ગુરુ વિશેની **કહું** = કહુ **જીનું** = જેમનો **લક્ષ** = હેતુ, ઉદ્દેશ, મંતવ્ય, ઈરાદો **પ્રોક્ષ** = પરોક્ષ, ગેરહાજર **પરાય** = દર્શાવે, પરસાવે **શાસ્ત્ર** = વિદ્વાનો દ્વારા, વેદના અભ્યાસ પછી બનાવેલા પોતાના મતને દર્શાવતા ધર્મગ્રંથોમાં **વેદ મહી** = બ્રહ્માજી દ્વારા વદિત મહાગ્રંથમાં **કહી** = કહેલી **સૂની** = સાંભળેલી **બેઠેહુ** = બેઠા છે **ગુરુપદ** = ગુરુનું પદ **લાય** = ધારણ કરીને, લાવીને, લઈને.

### અનુવાદ

**જેઓ પરોક્ષ લક્ષને દર્શાવે છે તેવા પ્રોક્ષગુરુ અંગે પ્રથમ કહુ છું. ગુરુનું પદ લઈને બેઠેલા આવા ગુરુઓ વેદ અને શાસ્ત્રોમાં કહેલી અને સાંભળેલી બાબતનો બોધ આપે છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને પ્રથમ પ્રોક્ષગુરુ અંગે સમજાવે છે. આવા પ્રોક્ષ ગુરુઓ અપ્રત્યક્ષ પદને દર્શાવે છે. જેમાં ચારવેદઃ ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ અને યજુર્વેદ તેમ જ છ શાસ્ત્રોઃ સાંખ્ય, વેદાંત, મિમાંસાં, પતંજલિ અને ન્યાય તથા વૈશેષિક સહિત ધર્મગ્રંથોમાંથી જે સાંભળેલી અને કહેલી બાબતોને રોચક વાણી દ્વારા પોતાના અનુયાયી વર્ગને દર્શાવે છે.

**ગુણ ઘણ પ્રકૃતિ પુરૂષ બ્રહ્મ, જેહી ઈશ્વર અવતાર;**
**તીનુ આદ્ય પદ પ્રોક્ષકે, બોધ પ્રોક્ષ ગુરુ સાર. ૯૬**

#### શબ્દાર્થ

**ગુણ** = ત્રણ ગુણોના અધિપતિઃ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ **ઘણ** = ત્રણ ઘણના અધિપતિઃ શેષ, મીંડક અને કોરમ **પ્રકૃતિ** = મહંમાયા, આદ્યશક્તિ **પુરૂષ** = જ્યોતિ સ્વરૂપ નિરંજન **બ્રહ્મ** = સચરાચર વ્યાપક બ્રહ્મ **જેહી** = જે **ઈશ્વર** = ઐશ્વર્યવાન **અવતાર** = અવતારો **તીનુ** = તેમની **આદ્ય** = સહિત, આદિ **પદ પ્રોક્ષકે** = પ્રોક્ષ પદનો **બોધ** = ઉપદેશ **પ્રોક્ષ ગુરુ** = પ્રોક્ષ ગુરુઓના **સાર** = સારાંશ, તાત્પર્ય, રહસ્ય, મર્મ.

### અનુવાદ

**ગુણ, ઘણ, પ્રકૃતિ, પુરુષ, બ્રહ્મ અને ઈશ્વરીય અવતારોની આદ્ય લઈને જે પરોક્ષ પદ છે તેના ઉપદેશનો સારાંશ પ્રોક્ષ ગુરુઓ સમજાવે છે.**

### ભાવાર્થ

ત્રણ ગુણોના અધિપતિ દેવોઃ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર તથા ત્રણ ઘણના અધિપતિ દેવોઃ શેષ, કોરમ અને મીંડક એમ છ મહાદેવો સૃષ્ટિનાં ઉત્પત્તિના કારણરૂપે રહેલા આદ્યશક્તિ અને નિરંજન પુરુષ તથા સચરાચર વ્યાપક સદ્-ચિદ્-આનંદરૂપ બ્રહ્મની આદ્ય લઈ વિષ્ણુના અવતારો સહિતના જે પરોક્ષ પદો છે તેનો મહિમા જીવોને

જણાવવા તેમજ ગુણગાન ગાવા, એ જ પ્રોક્ષ ગુરુઓનો મુખ્ય ઉદ્દેશ અને કાર્ય હોય છે.

**અબ કહું શુદ્ધ ગુરુ ગમ પદ, જીનું ઉર તત્ત્વ તપાસ;**
**ભાગ ત્યાગ દરશાવહી, પંચીકરણ પ્રકાશ. ૯૭**

### શબ્દાર્થ

**અબ** = હવે **કહું** = કહુ **શુદ્ધ** = નિર્મળ, પવિત્ર, નિષ્કલંક **ગુરુ** = ગુરુ **ગમ** = સમજ **પદ** = સ્થાન, હોદ્દો **જીનું** = જેમનું, જેઓનું **ઉર** = લક્ષ, હ્દય **તત્ત્વ** = તત્ત્વોને **તપાસ** = તપાસીને, ચકાસણી કરીને, અન્વેષણ કરીને **ભાગ ત્યાગ** = વિશ્લેષણ, ભાગકાર કરીને, યથાયોગ્ય જુદા કરીને **દરશાવહી** = દર્શાવે છે, બતાવે છે **પંચીકરણ** = પાંચ મહાતત્ત્વોનો સમન્વય, શરીરમાં પાંચ તત્ત્વો ક્યા રૂપે રહેલાં છે તેની સમજૂતી **પ્રકાશ** = ખુલાસો કરવો, જાહેર કરવું, પ્રકાશિત કરવું, જણાવવું, કહેવું, બતાવવું.

### અનુવાદ

**હવે શુદ્ધ ગુરુ (તાય ગુરુ)ના પદની સમજ વિષે કહુ છું, જેમનો લક્ષ તત્ત્વોને તપાસીને તેનો ભાગ-ત્યાગ કરી દર્શાવવાનો છે તથા પંચીકરણ બતાવવાનો છે.**

### ભાવાર્થ

હવે પરમગુરુ કરુણાસાગર આપણને તાયગુરુની શુદ્ધ સમજ રૂપ પદ વિષે માહિતી આપતાં જણાવે છે કે તાયગુરુ તત્ત્વોના લક્ષણોની ચકાસણી કરે છે શરીરમાં રહેલા તત્ત્વોના ભાગાકાર કરીને ત્યજવા યોગ્ય તત્ત્વોને જુદા તારવી બતાવે છે. સ્થૂળ શરીરના બંધારણમાં રહેલા પંચ મહાભૂતઃ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ સહિતનાં સર્વ તત્ત્વો (શરીરમાં) કેટલા પ્રમાણમાં મીશ્રિત થઈને રહેલા છે તેની કાર્યશક્તિ અંગેની સમજૂતી આપે છે.

**બહોરુ જેહી પ્રોક્ષ કહેહુ પદ, ગુણ ઘણ બ્રહ્મ અનાદ્ય;**
**તીનકે અંશ વંશ ઈત, સમજાવહી નિજ સ્વાદ્ય. ૯૮**

### શબ્દાર્થ

**બહોરુ** = અને વળી, ત્યાર પછી **જેહી** = જે **પ્રોક્ષ** = પરોક્ષ **કહેહુ** = કહેવામાં આવ્યા તે, કહ્યા છે તે **પદ** = સ્થાન, દરજ્જો **ગુણ** = ત્રણ ગુણો **ઘણ** = ત્રણ ઘણો **બ્રહ્મ** = સચરાચર વ્યાપક સદ્-ચિદ્-આનંદ પ્રકાશ

**અનાદ્ય** = ની આદ્ય લઈને, સહિત **તીનકે** = તેના **અંશ** = તત્ત્વ ભાગ **વંશ** = જાતિના, કુળના, સજાતિના **ઈત** = તે **સમજાવહી** = સમજાવે છે **નિજ** = મૂળ, આદિ **સ્વાદ્ય** = સ્વાધીન, કોને આધીન.

## અનુવાદ

**વળી ગુણ, ઘણ અને બ્રહ્મની આદ્ય લઈને જે પરોક્ષ પદ કહ્યાં હતાં તેમના અંશ અને તેના સજાતિ તત્ત્વો મૂળભૂત રીતે અંશને સ્વાધીન છે તેમ સમજાવે છે.**

## ભાવાર્થ

તાય ગુરુના મત મુજબ બ્રહ્માડમાં રહેલા ત્રિગુણાત્મક દેવતાઓ, સચરાચર વ્યાપક બ્રહ્મની આદ્ય લઈને મુખ્ય દૈવી-સ્વરૂપોના સજાતીય તત્ત્વ ભાગ આપણા શરીરમાં કયા કયા સ્થાને રહેલા છે ? તેના કાર્ય સ્વરૂપે તેમની ભૂમિકા કઈ કઈ છે ? તે અંગેની માહિતી દર્શાવે છે. વળી તે તત્ત્વો અંશને સ્વાધીન થઈને વર્તમાન કરે છે, તે પ્રમાણેની વિગતવાર સમજ સમજાવે છે.

**તેહી નીજ સ્વાધ શરીર તત, પ્રોક્ષ કહેહુ જીનું દેવ;**
**તીનું એકતા અરથાવહી, અરસ પરસ અહંમેવ. ૯૯**

### શબ્દાર્થ

**તેહી** = તે **નીજ** = પોતાના **સ્વાધ** = સ્વાધીન, પોતે પોતાના નિયમમાં રાખનાર, પોતાના તાબામાં રહેલું **શરીર** = ઘાટ, દેહ **તત** = તત્ત્વો **પ્રોક્ષ** = પરોક્ષ **કહેહુ** = કહ્યાં છે **જીનું** = જેના **દેવ** = દેવતાઓ **તીનું** = તેમની **એકતા** = એક જાતિપણું, ઐક્ય, એકતાપણું, સંપ, મેળ **અરથાવહી** =અર્થવાળું, ઈચ્છાવાદી, આશ્રિત બનીને **અરસ પરસ** = અન્યોન્ય, પરસ્પર, આપસ આપસમાં **અહંમેવ** = અહંકાર, મારાપણું, પોતાપણું.

## અનુવાદ

**જે પરોક્ષ દેવો કહ્યા હતા તે શરીરમાં તત્ત્વ સ્વરૂપે અંશને સ્વાધીન થઈને રહેલા છે. તેમનું એકતાપણું આસપાસ આશ્રીત બનીને રહેવાવાળુ હોવા છતાં અહંમેવપણું ધારણ કરીને રહેલાં છે.**

### ભાવાર્થ

તાય ગુરુના મતે બ્રહ્માંડમાં જે પરોક્ષ ગુરુ દ્વારા દર્શાવેલ તે દેવોના સજાતીય તત્ત્વ ભાગ શરીરમાં પોત-પોતાની કાર્યશક્તિને આધીન થઈને સ્વતંત્ર કાર્યાન્વિત રહેલા છે તેમજ પોતાની લાક્ષણિકતાના આધારે સજાતીય કાર્યને સંભાળે છે. તેમ છતાં શરીરમાં સર્વ વિવિધતાવાળા કાર્યો કરવાવાળા હોવા છતાં અરસપરસ સુમેળ સાધીને અહંમેવપણું ધારણ કરીને રહે છે.

**પ્રોક્ષ દેવ તીનું અંશ ઈત, વિત્ત વ્યાપક તનું માંહાંય;**
**તેહી વિત્ત વિવિધ નરણાવહુ, જેહી જીનત્યે ઉપજાંહાંય. ૧૦૦**

### શબ્દાર્થ

**પ્રોક્ષ દેવ** = પરોક્ષ રીતે રહેલા દેવતાઓ **તીનું** = તેમના **અંશ** = તત્ત્વ ભાગ, સજાતીય વિભાગ **ઈત** = અહીં **વિત્ત** = વિત્ત રૂપે, શક્તિરૂપે, હીર, સત્વ **વ્યાપક** = સર્વ ઠેકાણે વ્યાપી રહેલ, સર્વત્ર ફેલાયેલું **તનુ** = શરીર **માંહાંય** = માં, અંદર **તેહી** = તે **વિત્ત** = શક્તિ, બળ, તાકાત, હીર **વિવિધ** = વિગતવાર, ભાત-ભાતનું, ભિન્ન ભિન્ન પ્રકારનું, જાતજાતનું **નરણાવહુ** = નિર્ણય કરીને બતાવું છું **જેહી** = જે **જીનત્યે** = જેનાથી **ઉપજાંહાંય** = ઉત્પન્ન થઈ છે, ઉત્પન્ન થયાં છે.

### અનુવાદ

**પરોક્ષ રહેલા દેવોના અંશો વિત્ત રૂપે શરીરમાં વ્યાપકપણે રહેલાં છે. આ વિત્ત જેનાથી ઉત્પન્ન થયું છે તે વિષે વિવિધ રીતે નિર્ણય કરીને દર્શાવું છું.**

### ભાવાર્થ

અંતરિક્ષમાં પરોક્ષપણે રહેલા દેવી-દેવતાઓના સજાતીય તત્ત્વના અંશ ભાગ આપણા શરીરમાં પણ વ્યાપક રૂપે રહેલા છે. જે તે ઈન્દ્રિયોના સ્થાને રહેલ તે તત્ત્વ ભાગ કોની ઉત્પત્તિ છે તે વિષેનો તાય ગુરુનો મત વિવિધ પ્રકારે વિગતવાર નિર્ણય કરીને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દર્શાવે છે.

**ગુણ ઘણકે અંશ ગુણ ઈત, રજ તમ ઉપજત સ્વાંત્ય;**
**પ્રકૃતિ અંશ તનું વૃત્તિ વિત્ત, સુરત નુરત જીનું ક્રાંત્ય. ૧૦૧**

### શબ્દાર્થ

**ગુણ ઘણકે** = ત્રણ ગુણ અને ત્રણ ઘણના **અંશ** = સજાતીય તત્ત્વભાગ **ગુણ** = ગુણના રૂપે **ઈત** = અહીં, આ બાજુ **રજ** = રજોગુણ **તમ** = તમો ગુણ **ઉપજત** = ઉત્પત્તિ, ઉત્પત્તિના કારણ રૂપ **સ્વાંત્ય** = સતોગુણ **પ્રકૃતિ** = અવ્યાકૃત, મહંમાયા, આદ્યશક્તિ **અંશ** = સજાતિ તત્ત્વ ભાગ **તનું** = શરીર, ઘાટ **વૃત્તિ** = કાર્ય, રૂચિ, ભાવ, ચારિત્ર, વર્તણૂક, વ્યાપાર **વિત્ત** = શક્તિ, બળ, તેજ, પ્રભાવ, દષ્ટિ **સુરત** = સુરતા, આંતરદૃષ્ટિ **નુરત** = નૂરતા, નેત્રદૃષ્ટિ **જીનું** = જેનું **ક્રાંત્ય** = કિરણ, તેજ, નૂર.

### અનુવાદ

**ગુણ-ઘણના અંશ અહીં રજો, તમો અને સતોગુણના સ્વરૂપે ઉત્પન્ન થયેલા છે અને પ્રકૃતિનો અંશ શરીરમાં વૃત્તિના વિત્ત રૂપે રહે છે જેના કિરણ રૂપે સુરતા અને નૂરતા છે.**

### ભાવાર્થ

અંતરિક્ષમાં રહેલા ગુણ અને ઘણના દેવતાઓના પારસ્પરિક સંબંધો ધરાવતા તેમના તત્ત્વ ભાગ આપણા શરીરમાં ત્રણ પ્રાકૃતિક ગુણો રજોગુણ, તમોગુણ અને સતોગુણ સ્વરૂપે રહેલા છે.

પ્રકૃતિનો તત્ત્વભાગ શરીરમાં કાર્ય (દૃષ્ટિ) ના વિત્ત રૂપે છે. જેના કિરણો સુરતા અને નૂરતા સ્વરૂપે રહેલા છે.

**પુરુષ અંશ બ્રહ્મરંદ્ર મીત, સેહેસ્ત્ર કમલ દલ જ્યોત;**
**સાધત યોગી સમાધીસે, જાનીત અગમ ઉદ્યોત. ૧૦૨**

### શબ્દાર્થ

**પુરુષ** = નિરંજન પુરુષ **અંશ** = સજાતીય તત્ત્વ ભાગ **બ્રહ્મરંદ્ર** = બ્રહ્મરંદ્ર **મીત** = મોં **સેહેસ્ત્ર** = એક હજાર **કમલ દલ** = કમળની પાંખડી **જ્યોત** = જ્યોતિ **સાધત** = સાધના કરે છે **યોગી** = યોગના સાધકો **સમાધીસે** = સમાધિવત્ થઈને સમાધિસ્થ થઈને **જાનીત** = જાણીને **અગમ** = અલૌકિક, અગમ્ય **ઉદ્યોત** = પ્રકાશ.

### અનુવાદ

**નિરંજન પુરુષનો તત્ત્વ ભાગ બ્રહ્મરંદ્રમાં હજાર પાંખડીના કમળ વચ્ચે જ્યોત**

**સ્વરૂપે રહેલો છે. જેને યોગીઓ અગમ પ્રકાશ જાણીને સમાધિ દ્વારા સાધે છે.**

### ભાવાર્થ

આદિ નિરંજન પુરુષનો સજાતીય અલ્પ તત્ત્વ ભાગ શરીરના ગર્ભગૃહ સમા બ્રહ્મરંદ્રમાં હજાર પાંખડીના કમળની મધ્યે જ્યોતિ સ્વરૂપે રહેલો છે. તે જ્યોતિના પ્રગટ પ્રકાશને યોગની પ્રક્રિયામાં નિષ્ણાત સાધકો અગમ્ય પ્રકાશ સમજીને સમાધિ દ્વારા સાધે છે.

**બ્રહ્મ અંશ પદ પરમીત, આતમ પરમાતમ;**
**જીનું પસરન તત પ્રણવહી, સ્વાસ સરલ ઈતિ દમ. ૧૦૩**

### શબ્દાર્થ

**બ્રહ્મ** = સચરાચર વ્યાપક બ્રહ્મપ્રકાશ **અંશ** = સજાતીય તત્ત્વ ભાગ **પદ** = સ્થાન, દરજ્જો **પરમીત** = પ્રમાણસર, પરવાના રૂપ, સીમા, અલ્પભાગ **આતમ** = આત્મા **પરમાતમ** = પરમાત્મા **જીનું** = જેનો **પસરન** = પસારો, ફેલાવો **તત** = તત્ત્વ **પ્રણવહી** = પ્રણવ છે **સ્વાસ** =શ્વાસ, રેચક-પ્રેરકની ગતિ કરતો પવન **સરલ** = સરળતાપૂર્વક **ઈતિ** = આ પ્રમાણે, પૂર્ણ સ્વરૂપે **દમ** = પવન, પ્રાણવાયુ, શ્વાસ-ઉચ્છવાસ.

### અનુવાદ

**બ્રહ્મના સજાતીય તત્ત્વ ભાગના પ્રમાણિત પદ રૂપે આત્મા અને પરમાત્મા છે જેનો પસારો પ્રણવ તત્ત્વમાં રહેલો છે. જેથી શ્વાસોચ્છ્વાસની પૂર્ણ સ્વરૂપે રેચક-પ્રેરક ગતિ સરલતાપૂર્વક થાય છે.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં સચરાચર વ્યાપક સદ્-ચિદ્-આનંદ રૂપ જે બ્રહ્મપ્રકાશ છે તેનાં ત્રણ મહાતત્ત્વો: અવિકાસ, વિકાસ અને કુંભસ્થ છે. તે બ્રહ્મના સજાતીય તત્ત્વ ભાગનું પ્રત્યક્ષ પ્રમાણ આપણા શરીરમાં આત્મા (ઓહંગ) અને પરમાત્મા (સોહંગ) સ્વરૂપે રહેલા છે.

આ બે તત્ત્વોના પ્રભાવથી શરીરમાં શ્વાસોચ્છ્વાસની પૂર્ણપણે રેચક અને પ્રેરક ગતિ સરળતાપૂર્વક અહર્નિશ ચાલ્યા કરે છે.

**આતમ પસરનકે તન, પોરક ઉલટ ઓહંગ;**
**પરમાતમ પસરન તન, છૂટત સુલટ સોહંગ. ૧૦૪**

### શબ્દાર્થ

**આતમ** = આત્મા **પસરનકે** = પ્રસરણ થવાથી, પસારાને લીધે **તન** = શરીરમાં **પોરક** = શ્વાસ અંદર, ખેંચવાની ક્રિયા **ઉલટ** = ઊલટું, ઊંધું વળી જવું **ઓહંગ** = ઓહંગ **પરમાતમ** = પરમાત્મા **પસરન** = પસારો થવાથી **તન** = શરીરમાં **છૂટત** = છૂટે છે, છૂટો **સુલટ** = ઊલટું નહીં તેવું, અનુકૂળ, ઉપર બાજુ **સોહંગ** = સોહંગ.

### અનુવાદ

**આત્મા રૂપ ઓહંગ એટલે શરીરમાંથી જે પ્રેરક થયેલો પ્રણવ ઊલટ થઈ શરીરમાં પ્રસરણ પામે છે તે. પરમાત્મા રૂપ સોહંગ પ્રણવ શરીરમાં પ્રસરણ પામેલો સૂલટો થઈ સોહંગ સ્વરૂપે છૂટે છે. (બહાર નીકળે છે).**

### ભાવાર્થ

પરમાત્મા રૂપ સોહંગ પ્રણવ એટલે શરીરમાંથી બહાર છૂટતો શ્વાસ કે જે અગાઉ શરીરમાં પ્રસરણ પામીને રહેલો હતો તે સૂલટ થઈને બહાર છૂટે છે. જેમાં અપાન, પાન, ઉદાન વ્યાન અને સમાન વાયુ સમાયેલા છે જેની શરીરમાંથી રેચક ક્રિયા થાય છે.

આત્મા રૂપ ઓહંગ પ્રણવ એટલે શરીરમાં પ્રવેશતો શ્વાસ કે જે બહાર નીકળેલા સોહંગ પ્રણવ બાર આંગળ વહન પછી ઊલટો થઈને સમગ્ર શરીરમાં પ્રસરણ પામે છે. જેમાં કોરમ, કલકલ, દેવદત્ત, નાગ અને ધનંજય વાયુ સમાયેલા છે. જે શરીરમાં સમગ્રપણે પ્રસાર પામેલો રહે છે.

**જેહી જેહી પ્રોક્ષ પ્રોઢ પદ, કીયેહુ અંશ ઈત તાય;**
**અંશ અંશી ઉતઈત વિત્ત, દિયેહુ દિવ્ય દરશાય. ૧૦૫**

### શબ્દાર્થ

**જેહી જેહી** = જે જે **પ્રોક્ષ** = પરોક્ષ **પ્રોઢ** = મોટા, મહાન, શ્રેષ્ઠ **પદ** = સ્થાન, દરજ્જો **કીયેહુ** = કરેલ છે, રહેલા છે **અંશ** = સજાતીય અલ્પ તત્ત્વ ભાગ **ઈત** = અહીંયા **તાય** = તેમના **અંશ** = સજાતીય અલ્પ તત્ત્વ ભાગ **અંશી** = મહદ્ તત્ત્વ **ઉતઈત** = અહીંયા અને ત્યાં, પિંડ અને બ્રહ્માંડમાં **વિત્ત** = વિત્ત રૂપે શક્તિરૂપે, બળ

સ્વરૂપે, કારણ રૂપે **દિયેહુ** = દીધા છે **દિવ્ય** = વિશેષ, મહાન, શ્રેષ્ઠપણું **દરશાય** = દરસાવ્યા છે, બતાવ્યા છે.

## અનુવાદ

**જે જે મહાન પરોક્ષ પદ હતા, તેના અલ્પ તત્ત્વ ભાગ અહીં રહેલા છે. મૂળ મહદ્ તત્ત્વ બ્રહ્માંડમાં અને અલ્પ સજાતિ તત્ત્વ પિંડમાં વિત્ત રૂપે રહેલા છે તેની વિશેષતા દર્શાવી છે.**

## ભાવાર્થ

જે જે મહાન પરોક્ષ પદ બ્રહ્મ, નિરંજન, અવ્યાક્રત, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને ઐશ્વર્યવાન અવતાદિક દૈવી-દેવતાઓ જે બ્રહ્માંડમાં મહદ્ સ્વરૂપે રહેલા છે. તેના અલ્પ સજાતીય તત્ત્વ ભાગ વ્યાપક રીતે પિંડમાં રહેલા છે આ રીતે ‘‘પિંડે સો બ્રહ્માંડે’’ ના ન્યાય મુજબ મહદ્ તત્ત્વ બ્રહ્માંડમાં અને તેના સજાતીય અલ્પ તત્ત્વ ભાગ પિંડમાં વિત્ત સ્વરૂપે રહેલા છે. તેનું સ્થાન અને કાર્યની વિશેષતા દર્શાવી દેવામાં આવી છે.

**એહી વિધિ પદ પરસાવન, પોક્ષ પ્રત્યક્ષ લક્ષ દોય;**
**તેહી જાનહુ નિજ ગુરૂપદ, કીયેહુ આગમ હમ સોય. ૧૦૬**

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ પ્રમાણે **પદ** = પદ, સ્થાન, હોદ્દો **પરસાવન** = પરસાવ્યા, દેખાડ્યા, સમજાવ્યા **પોક્ષ** = પરોક્ષ **પ્રત્યક્ષ** = પ્રત્યક્ષ, હાજર **લક્ષ** = અંતિમ, ધ્યેય, મર્મ, રહસ્ય **દોય** = બંને **તેહી** = તે **જાનહુ** = જાણવા **નિજ** = પોતે **ગુરૂપદ** = ગુરુની પદવી **કીયેહુ** = કહ્યું છે **આગમ** = અગાઉ **હમ** = મેં **સોય** = તે.

## અનુવાદ

**એ પ્રમાણે પરોક્ષ અને પ્રત્યક્ષ એ બંને પદનો લક્ષ દેખાડે છે. તેવા ગુરુની પદવી પામેલા મેં આગળ કહ્યા મુજબ (પ્રોક્ષ ગુરુ અને તાય ગુરુ) જાણવા.**

## ભાવાર્થ

પ્રોક્ષગુરુ બ્રહ્માંડમાં રહેલા પરોક્ષ પદોને સમજાવીને તેમજ વેદ અને શાસ્ત્રોની

સાંભળેલી તથા કહેલી વાતો (જીવોને) દર્શાવીને ઉપદેશ આપે છે તેમજ મહાપુરુષોની લીલાઓના ગુણગાન ગાય છે.

વળી "પિંડે સો બ્રહ્માંડે" ના ન્યાય મુજબ બ્રહ્માંડમાં જે મહદ્ પરોક્ષ શ્રેષ્ઠપદો છે. તેમના જ સજાતીય અલ્પ તત્ત્વ ભાગ શરીરમાં રહેલા છે. તેવું દર્શાવીને જગતને ઉપદેશ આપનારા તાય ગુરુ કહેવાય.

આ પ્રમાણે પ્રોક્ષ ગુરુઓ અને તાય ગુરુ પરોક્ષ પદોને પિંડમાં પ્રત્યક્ષ દર્શાવીને અગાઉ જણાવ્યા મુજબ બંને પોતપોતાનો લક્ષ દેખાડે છે.

**ગુણ ઘણ પ્રકૃતિ પુરૂષ વિત્ત, જીનું જીવન બ્રહ્મ અંશ;**
**બ્રહ્મ અંશ શિર અંકુર, નિજ કર્તા તીનું હંસ. ૧૦૭**

### શબ્દાર્થ

**ગુણ** = ત્રણ ગુણ **ઘણ** = ત્રણ ઘણ **પ્રકૃતિ** = અવ્યાક્રત, મહામાયા **પુરૂષ** = નિરંજન પુરુષ **વિત્ત** =સત્વ, બળ, શક્તિ **જીનું** = જેઓનું **જીવન** = જીવન જીવનનો આધાર, જીવન શક્તિ **બ્રહ્મ** = બ્રહ્માંડમાં સચરાચર વ્યાપક બ્રહ્મપ્રકાશ **અંશ** = અલ્પ સજાતિ તત્ત્વ ભાગ **બ્રહ્મ અંશ** = બ્રહ્મનો સજાતિ અલ્પ તત્ત્વ ભાગ **શિર** = માથે ઉપરી **અંકુર** = અંકુર, મૂળ, બીજ, આધાર **નિજ કર્તા** = નિજ કૈવલકર્તા, નિજપતિ **તીનું** = તેમનો **હંસ** = સર્જનહારનો સજાતીય સજાણજાણ અલ્પ ચૈતન સ્વરૂપ.

### અનુવાદ

**ગુણ, ઘણ, પ્રકૃતિ અને પુરુષનું વિત્ત રૂપ જીવન બ્રહ્મના અલ્પ તત્ત્વ ભાગ છે. બ્રહ્મના શિર પર અંકુર રૂપે નિજકર્તાનો અંશ રહેલો છે.**

### ભાવાર્થ

પિંડમાં બંધારણમાં રહેલા જડ, સમચૈતન અને ચૈતન એમ ત્રણ વિભાગની સ્પષ્ટતા કરવામાં આવી છે.

ત્રણ ગુણ અને ત્રણ ઘણ સહિત તેના પેટા તત્ત્વો અંતઃકરણ, અવસ્થા, કાળ, આકાંક્ષા, ભાવના, વિવિસ્તા, સંભસકરણ, માત્રા અને પાંચ મહાભૂતની આદ્ય લઈ ચાર મહાતત્ત્વ કારણ, અવ્યાક્રત અને નિરંજન સુધીના સર્વ જડતત્ત્વોનો સમૂહ છે.

આ જડ તત્ત્વોના વિત્ત રૂપે બ્રહ્મના સજાતીય મહદ્ તત્ત્વ વિભાગવાળા અવિકાસ વિકાસ અને કુંભસ્થ તત્ત્વોનો બનેલો અલ્પ ઓહંગ, સોહંગ અને કુંભસ્થ તત્ત્વભાગ પ્રાણાયામ સ્વરૂપે સમચૈતન હીર રૂપે રહેલા છે.

આ સર્વની ઉપર ચૈતનતાના કારણ રૂપે સકર્તાપતિ સર્જનહારનો સજાતીય સજાણ-જાણ સ્વરૂપે ચૈતન અંશ રહેલો છે.

**સો હંસા હક હજરત, ગજરથવત્ તનુ ઘાટ;**
**બ્રાજત સકલ ચરાચર, નિજપતિ અંશ અઘાટ. ૧૦૮**

### શબ્દાર્થ

**સો** = તે **હંસા** = સકર્તા પતિનો સજાતીય સજાણજાણ ચૈતન સ્વરૂપ **હક** = સત્તાધીશ, અધિકારી **હજરત** = હાલ, હજૂર, પ્રત્યક્ષ, હયાતિ, હાજરી, અસ્તિત્વ **ગજરથવત્** = હાથીથી જોડાયેલા રથ સમાન **તનુ** = શરીર **ઘાટ** = કૃતિ, આકૃત્તિ, દેખાવ, રૂપ **બ્રાજત** = બિરાજમાન, બેઠેલા **સકલ** = સર્વ, તમામ **ચરાચર** = ચર અને અચર, સ્થાવર અને જંગમ **નિજપતિ** = મૂળ માલિક, સકર્તા પતિ, સર્જનહારનો **અંશ** = અંશ **અઘાટ** = અરૂપ, આકૃત્તિ રહિત, દશ્યમાન ન થાય તેવો.

### અનુવાદ

**તે અંશ હાથીના રથ સમાન આકારવાળા શરીરનો સત્તાધીશ છે. નિજપતિનો સજાણજાણ અરૂપ અંશ સ્થાવર જંગમ દરેકમાં બિરાજમાન છે.**

### ભાવાર્થ

હાથીથી ચાલતા રથમાં જેમ રથ, હાથી અને તેને ચલાવનાર મહાવત હોય છે તેમ ઘાટરૂપ જડ શરીર રથ સમાન છે. ઓહંગ અને સોહંગ જે બ્રહ્મના અલ્પતત્ત્વ વિભાગ છે તે હાથી સમાન છે અને સર્વને ચલાવવાવાળો મહાવત સમાન સકર્તાપતિ સર્જનહારનો સજાણજાણ સજાતીય ચૈતન સ્વરૂપ અંશ છે.

આ પ્રમાણે અરૂપી ચૈતન અંશ વિશ્વના ચોર્યાસી લાખ પ્રકારના સ્થાવર અને જંગમના દરેક ઘાટોમાં બિરાજમાન છે. આમ દરેક ઘાટોનો સત્તાધીશ હોઈ તે સ્વામીત્વ ધરાવે છે.

## તેહી નિજ અંશ અઘાટકી, ઘાટમાંહી ગતિ ભેવ;
## સમજાવે સોહી સતગુરુ, સામ્રથ અંશ સદેવ. ૧૦૯

### શબ્દાર્થ

**તેહી** = તે **નિજ** = મૂળ, પોતે **અંશ** = સકર્તા પતિનો સજાણજાણ ચૈતન સ્વરૂપ **અઘાટકી** = અરૂપની, આકૃત્તિ રહિતની **ઘાટમાંહી** = શરીરમાં, આકૃતિવાન ઘાટમાં **ગતિ** = સમજ **ભેવ** = મર્મ, રહસ્ય, ભેદ, ગુહ્ય તાત્પર્ય, રચના **સમજાવે** = સમજાવે **સોહી** = તે **સતગુરુ** = સદ્‌ગુરુ **સામ્રથ** = સામર્થવાન, સમર્થ **અંશ** = અંશ **સદેવ** = સદૈવ, અવિનાશી, કાયમ, સદાને માટે.

### અનુવાદ

**તે નિજ અરૂપ અંશની ગતિનો ભેદ ઘાટની રચનામાં કેવો છે ? તે વિશેની હકીકત જે સમજાવે તે સદ્‌ગુરુ છે કારણ કે, તે અવિનાશી અંશના સામર્થ્યને જાણનારા છે.**

### ભાવાર્થ

જેનું કોઈ રૂપ નથી તેવા અરૂપી આપનપુ ચૈતન અંશની ગતિનો ભેદ શરીરની રચનામાં કેવો છે ? તે વિશેની સર્વ હકીકત જે સમજાવે તેમને ત્રીજા પ્રકારના સદ્‌ગુરુ કહેવાય. કારણ કે, સદ્‌ગુરુ જડ શરીરનો માલિકી હક્ક ધરાવતા અને પોતાની સ્વ-ચૈતન શક્તિથી સર્વ તત્ત્વોને ચેતનવંત કરનારા અંશની સમર્થતાને જાણનારા મહાપુરુષ છે.

## સામ્રથ અંશ સદેવકી, કહે સો ગમ ગતિ રાજ;
## પરમારથ અરથ સબનકુ, ગરજત ગિરા ધિરાજ. ૧૧૦

### શબ્દાર્થ

**સામ્રથ** = સામર્થ્યવાન, સમર્થ **અંશ** = સકર્તાપતિના સજાણજાણ ચૈતન સ્વરૂપ **સદેવકી** = સદાને માટે રહેનાર, અવિનાશી, સદૈવ, કાયમ **કહે** = કહે **સો** = તે **ગમ** = સમજ, જાણ **ગતિ** = સમજમાં, જ્ઞાનમાં **રાજ** = શ્રેષ્ઠ, રાજા, સર્વોપરી **પરમારથ** = બીજાના કલ્યાણ માટે, પરોપકાર **અરથ** = માટે, અર્થે, હેતુ **સબનકુ** = બધાનો, સર્વનો **ગરજત** = ગર્જનાયુક્ત **ગિરા** = અવાજ, વાણી **ધિરાજ** = મહારાજા, રાજાધિરાજ.

### અનુવાદ

**ગતિના રાજા સમાન (સદ્‌ગુરુ) સમર્થ અને અવિનાશી અંશની સમજ આપે છે**

**અને બધાના પરોપકાર માટે જ સદ્‌ગુરુ રાજા-ધિરાજ ગર્જનાયુક્ત વાણીનો ઉચ્ચાર કરે છે.**

### ભાવાર્થ

સદ્‌ગુરુનું પદ જ્ઞાનની બાબતમાં સર્વોપરી રાજા સમાન છે. શરીરના અધિપતિ તરીકે જે આપનપુ સ્વ-ચૈતન અવિનાશી અંશસ્વરૂપ છે. તેના સાચા સ્વરૂપને અને તેના સામર્થ્યને તેઓ જાણે છે. વળી અંશ જેની સજાતિનો છે તે બાબતની ગૂઢાર્થભરી હકીકતથી તેઓ વાકેફ છે, તેથી જ જગતના સર્વ મુમુક્ષુઓના પરોપકાર અર્થે જ ગર્જનાયુક્ત (પોકાર કરીને) જ્ઞાનોપદેશ પૂર્ણ વાણીનું ઉચ્ચારણ કરે છે. એટલા માટે જ તેમને અગાઉ વર્ણવેલા ગુરુઓની તુલનામાં રાજાધિરાજ તરીકે ગણવામાં આવે છે.

**જેહી નિજ ગિરા ધિરાજકી, જાગ્રત સજીવ સજોત્ય;**
**સુનત હી હોત સચેતન, નિજપતિ અંશ ઉદ્યોત્ય. ૧૧૧**

### શબ્દાર્થ

**જેહી** = જે, એવા **નિજ** = પોતાની, મૂળ **ગિરા** = વાણી **ધિરાજકી** = રાજાધિરાજની **જાગ્રત** = સાવધાન, સાવચેત, સાવધ, જ્ઞાનયુક્તદશા, સભાન, સંપ્રજ્ઞ **સજીવ** = જીવોને સચેતન કરી, સમગ્ર જીવોને, જડતાને દૂર કરી **સજોત્ય** = વિશેષ પ્રકાશવાન કરવા, સ્વાનુભવી બનાવીને, સ્વ-સ્વરૂપને પ્રકાશિત કરી **સુનત હી** = સાંભળતાં જ **હોત** = થાય **સચેતન** = ચેતનતાવાળું, સાવધ **નિજપતિ** = નિજકર્તા, સર્જનહાર, કૈવલપતિ **અંશ** = સર્જનહારની સજાણજાણ અલ્પજ્ઞ ચૈતન સજાતિસ્વરૂપ **ઉદ્યોત્ય** = ઉજાગ્રત, પ્રકાશવાન, તેજસ્વી, જ્ઞાનવાન, આત્માયુક્ત, સ્વ-સ્વરૂપનો ઉજાગર.

### અનુવાદ

**એવા રાજાધિરાજની નિજવાણી (નિજનું જ્ઞાન આપનારી) થી સર્વ જીવો જાગ્રત અને જ્ઞાનવાન બને છે. તે વાણીને સાંભળતાં જ નિજપતિનો અંશ સચેતન થઈને પ્રકાશે છે.**

### ભાવાર્થ

રાજાધિરાજ એવા સદ્‌ગુરુની વાણી ચૈતન સ્વરૂપને દર્શાવવાવાળી

છે, જેથી જગતના તમામ જીવો અત્યાર સુધી જે અંધકારમય અજ્ઞાનયુક્ત દશામાં જીવતા હતા, તેમના અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરી જ્ઞાનથી જાગ્રત કરવાવાળી છે.

સદ્‌ગુરુની વાણીના પ્રતાપે સર્જનહારના સજાતીય સજાણજાણ સ્વરૂપ ચૈતન અંશને પોતાના અસલ સ્વરૂપની અનુભૂતિ થાય છે, જેથી પોતે સચેતન થઈ વિશ્વમાં ભોગ-વૈભવવાળી જિંદગીથી મુક્ત થઈને પોતાના આત્મકલ્યાણના માર્ગે ગમન કરે છે.

## અંશ ઉદ્યોત કરનન જેહી, અસત લોપ સતવેત;
## તેહી વિત્ત વિશ્વ વેતાવહી, જબી સતગુરુ ભવેત. ૧૧૨

### શબ્દાર્થ

**અંશ** = સકર્તા પતિનો સજાણજાણ સજાતીય ચૈતન સ્વરૂપ **ઉદ્યોત** = પ્રકાશમય, જ્ઞાનમય, સ્વ-સ્વરૂપથી ઉજાગર **કરનન** = કરવા **જેહી** = જે, તે **અસત** = અસત્ય, જડ, નાશવંત **લોપ** = છેદન, વિનાશ, દ્વારા **સતવેત** = શાશ્વતની જાણકારી શાશ્વતના વેત્તા બનાવવા **તેહી** = તે **વિત્ત** = સાર, ઉદ્દેશ લક્ષ **વિશ્વ** = જગતને **વેતાવહી** = દર્શાવવા, યોગ્ય તક પુરી પાડવી, મનસૂબો પુરો પાડવો, બતાવવા **જબી** = જ્યારે, જેથી **સતગુરુ** = સદ્‌ગુરુ **ભવેત** = થાય છે, ભવમાં વેશ ધારણ કરીને આવે છે, વિશ્વમાં અવતરણ કરે છે.

### અનુવાદ

**નાશવંત પદોનો વિદ્વંશ અને શાશ્વત પદનું સ્થાપન કરીને અંશને પોતાના સ્વ-ચૈતન સ્વરૂપે કરવા વિત્ત રૂપ લક્ષને જણાવવા માટે જ સદ્‌ગુરુ આ વિશ્વમાં અવતાર ધારણ કરે છે.**

### ભાવાર્થ

વિશ્વમાં ચાલતી ખંડિત (બાદલી) ઉપાસનાવાળા નાશવંત પદોનો વિધ્વંશ કરીને બ્રહ્માંડથી તીત રહેલા સર્જનહારના શાશ્વત પદનું સ્થાપન કરવા એટલે કે, અંશ જેની સજાતિનો છે એવા સર્જનહારની સાચી ઓળખ કરાવીને અંશને પોતાના સ્વ-ચૈતન સ્વરૂપની ઝાંખી કરાવવાના મુખ્ય કાર્ય (આશય) માટે જ સદ્‌ગુરુ આ વિશ્વમાં અવતાર ધારણ કરે છે.

## પ્રોક્ષ ગુરુ ઓરુ ગુરુ પદ, સતગુરુ કીયે સભેવ;
## રહે સો પરમ પુનિત ગુરુ, મહાદ્ મોક્ષ દીન દેવ. ૧૧૩

### શબ્દાર્થ

**પ્રોક્ષ ગુરુ** = પ્રોક્ષગુરુ **ઓરુ** = અને **ગુરુ પદ** = તાયગુરુ **સતગુરુ** = સદ્‌ગુરુ **કીયે** = ક્ર્યો, કર્યું, દર્શાવ્યો **સભેવ** = વિશેષ રહસ્ય, ગુપ્ત ભાવ, મર્મ, ભેદ **રહે સો** = (બાકી) રહ્યો તે **પરમ** = શ્રેષ્ઠ, મહાન **પુનિત** = પરમાર્થી, પવિત્ર, નિર્મળ **ગુરુ** = ગુરુ **મહાદ્** = મહાન, અખંડ **મોક્ષ** = મુક્તિ **દીન** = દુર્લભ, પંથ, દરિદ્ર, ગરીબ, લાચાર, નિરૂપાય, સંપ્રદાય, નિરાધાર **દેવ** = દેવા, આપવા, બક્ષિશ કરવા, બક્ષવા.

### અનુવાદ

**પ્રોક્ષગુરુ, તાયગુરુ અને સદ્‌ગુરુનો મર્મ મેં કહ્યો. જે બાકી રહ્યા તે પરમ (અખંડ) મોક્ષના બક્ષિસ કરવાવાળા મહાન (પુનિત) ગુરુ છે.**

### ભાવાર્થ

પ્રોક્ષગુરુ, તાયગુરુ અને સદ્‌ગુરુ એમ ત્રણ પ્રકારના ગુરુઓ અને તેમનો દુનિયાના જીવો પ્રત્યે જે આશય હતો તે વિસ્તારપૂર્વક (સવિસ્તાર) દર્શાવિવામાં આવ્યો છે.

હવે જે બાકી રહ્યા છે તે ચોથા પ્રકારના સર્વથી શ્રેષ્ઠ, પુનિત એવા પરમગુરુ છે, જે પંચમી કૈવલ અખંડ મુક્તિના (મોક્ષના) દાતા છે.

## મહાદ્ મોક્ષ મજબુત અતિ, નિજ પતિપદ પરસાય;
## ઓરુ પુનિ અંશ આપનુ જેહી, તેહી તદવત્ સદ થાય. ૧૧૪

### શબ્દાર્થ

**મહાદ્** = મહાન, મોટો, મહદ્, અખંડ, શ્રેષ્ઠ **મોક્ષ** = મુક્તિ **મજબુત** = મજબુત અખંડનીય **અતિ** = થી પર, શ્રેષ્ઠ, વિશેષ, મહાન **નિજ** = આદિ, મૂળ **પતિપદ** = સકર્તા પતિનું, પરમપદ **પરસાય** = સ્પર્શ કરાવે, મેળાપ કરાવે, આભાસ કરાવે, સંસર્ગ કરાવે **ઓરુ** = અને **પુનિ** = વળી, ફરી **અંશ** = સકર્તા પતિનો સજાણજાણ સજાતીય ચૈતન સ્વરૂપ **આપનુ** = પોતાનું શુદ્ધ, સ્વ-ચૈતન સ્વરૂપ **જેહી** = જે **તેહી** = તે **તદવત્** = તદાકાર **સદ** = સદા માટે, હંમેશને માટે **થાય** = થાય.

## અનુવાદ

**મહદ્ મોક્ષ સૌથી પરે અને અખંડ હોઈ નિજ પતિપદનો મેળાપ કરાવે છે. વળી આપનપુ જે અંશ છે તે સદાને માટે તેમાં તદાકાર થાય છે.**

## ભાવાર્થ

જેને મહદ્ મોક્ષ કહેવામાં આવે છે તે શ્રેષ્ઠ અને અચ્છેદ પદ છે. જે પ્રાપ્ત થયા પછી અંશને જન્મ-મરણ ભોગવવા પાછું બ્રહ્માંડમાં આવવું પડતું નથી. વળી આ પરમ (અખંડ) મોક્ષની પ્રાપ્તિ થકી અંશ પોતાના સજાતીય અંશી સકર્તાપતિ સર્જનહારની સાથે મેળાપ કરી શકે છે. ત્યાર બાદ અંશ તે છેવટના ધામમાં સદાને માટે તદાકાર થઈને રહે છે.

જગતમાં પ્રચલિત ચાર પ્રકારની મુક્તિઃ સાયુજ્ય સાલોક્ય, સામીપ્ય અને સાંનિધ્ય છે, તે તો જગતની રચના પૈકીના નાશવંત પદોના હોઈ અલ્પ મોક્ષ દેનારા છે.

**જેહી અંશ ઈત આપનપુ, ઓરુ નિજ પતિપદ શેષ;**
**તીનુ લક્ષ જેહી લખાવહી, સો ગુરુ પરમ પુરેષ. ૧૧૫**

### શબ્દાર્થ

**જેહી** = જે **અંશ** = સકર્તાપતિની સજાણજાણ સજાતીય ચૈતન સ્વરૂપ **ઈત** = અહીંયાં **આપનપુ** = પોતાનુ સ્વ-ચૈતન અંશસ્વરૂપ **ઓરુ** = અને **નિજ** = મૂળ, આદિ **પતિપદ** = પતિનું પદ, કર્તાપદ, સર્જનહારનું પરમપદ **શેષ** = અંતિમ, છેવટનું **તીનુ** = તેનો **લક્ષ** = જ્ઞાન, સમજ, મર્મ **જેહી** = જે **લખાવહી** = જણાવે, દર્શાવે, બતાવે, લખાવે **સો** = તે **ગુરુ** = ગુરુ **પરમ પુરેષ** = પરમપુરુષ, મહાન પુરુષ, શ્રેષ્ઠ પુરુષ.

## અનુવાદ

**અહીંયાં (આ બાજુ, વિશ્વમાં) આપનપુ અંશ અને છેવટના નિજ પતિપદનો લક્ષ જે દર્શાવે તે જ ગુરુઓમાં શ્રેષ્ઠ પુરુષ છે.**

## ભાવાર્થ

બ્રહ્માંડમાં રહેલા સર્વ જીવોના પોતાના સ્વ-ચૈતન અંશસ્વરૂપ અને અંશ જેની સજાતિનો છે તેવા અંશી સકર્તા પતિ સર્જનહાર કૈવલ કર્તાનો છેવટનો જે નિજલક્ષ દર્શાવે તે જ શ્રેષ્ઠ (પરમ)પુરુષ કહેવાય છે.

## પરમ પુરેસ પરમગુરુ, નિજપતિ અંશ વિશેષ;
## અંશ અંશી એકતાવન, જીનું પરમ ઉપદેશ. ૧૧૬

### શબ્દાર્થ

**પરમ પુરેસ** = શ્રેષ્ઠ પુરુષ, પરમ પુરુષ, **પરમગુરુ** = પરમગુરુ **નિજપતિ** = સર્જનહાર, સકર્તા પતિ, મૂળ માલિક, નિજ કર્તા **અંશ** = સજાણજાણ સજાતીય અલ્પ ચૈતન સ્વરૂપ **વિશેષ** = વિશેષ **અંશ અંશી** = અંશ અને અંશી **એકતાવન** = એકતા કરાવવાવાળા, મેળાપ કરાવનાર **જીનું** = જેઓનો, જેમનો **પરમ** = શ્રેષ્ઠ, પરમ **ઉપદેશ** = ઉપદેશ, બોધ, શીખ.

### અનુવાદ

**પરમ પુરુષ એ જ પરમગુરુ છે, જે નિજપતિના પરમ વિશેષ અંશ છે. જેમનો પરમ ઉપદેશ અંશ-અંશીની એકતા (મિલન) કરાવનારો છે.**

### ભાવાર્થ

જે પરમપુરુષ છે, તે જ ચોથા પ્રકારના ગુરુ છે. તેમને જ ગુરુઓમાં શ્રેષ્ઠ એવા પરમગુરુ છે. સર્જનહારની છટ્ઠી અંશવૃત્તિ થકી ઉત્પન્ન થયેલા સામાન્ય, વિશેષ અને પરમવિશેષ એમ ત્રણ પ્રકારના અંશો પૈકીનાં સર્વોપરી અંશ છે.

તેઓ, શરીરના સ્વામી તરીકે રહેલું સ્વ-ચૈતન આપનપુ અંશસ્વરૂપ અને અંશની સજાતિ એવા સર્જનહાર અંશી સાથે એકતા કરાવી આપે છે. બીજા શબ્દોમાં કહીએ તો તેમના પરમ ઉપદેશનું સંપૂર્ણપણે પાલન કરવાથી જગતના અંશો બ્રહ્માંડથી તીત રહેલા અંશી કૈવલકર્તા સાથે મેળાપ કરી શકે છે.

## જદીપ પરમ ઉપદેશકે, કીયેહુ પરમગુરુ સોય;
## અંશ અંશી દરશાવન, જીનું સરભર નહીં કોય. ૧૧૭

### શબ્દાર્થ

**જદીપ** = જેથી, તેટલા માટે જ **પરમ** = શ્રેષ્ઠ, મહાન **ઉપદેશકે** = ઉપદેશને **કીયેહુ** = કર્યો છે **પરમગુરુ** = પરમગુરુ **સોય** = તે **અંશ અંશી** = અંશ અને અંશી **દરશાવન** = બતાવવા **જીનું** = જેમના **સરભર** = સમાન, તુલ્ય, બરાબરી કરી શકે તેવા **નહીં** = નથી **કોય** = કોઈ પણ.

## અનુવાદ

**તેટલા માટે જ અંશ-અંશીને દર્શાવવાવાળો તે પરમ ઉપદેશ હોવાથી તેઓશ્રીને પરમગુરુ કહેવામાં આવે છે. તેમની સરખામણી કરી શકે તેવું બીજુ કોઈ નથી.**

## ભાવાર્થ

તેટલા માટે જ વિશ્વમાં અંશ અને અંશીનો પરમ લક્ષ દર્શાવવા માટે તેઓ સમર્થ હોવાને કારણે તેમને પરમગુરુ કહેવામાં આવ્યા છે. જ્ઞાનની દૃષ્ટિએ અન્ય ગુરુઓની સરખામણી કરતાં પરમગુરુની સરખામણીમાં અન્ય કોઈ પણ આવી શકે તેમ નથી.

**અંશ વંશ ઈત આપનપુ, અંશી નિજ કિરતાર;**
**અસંખ્ય લોક પતિ પરમધી, જીનુ ગતિ અપરમપાર. ૧૧૮**

### શબ્દાર્થ

**અંશ** = સકર્તા પતિનો સજાણજાણ સજાતીય ચૈતન સ્વરૂપ **વંશ** = કુળ, જાતિ **ઈત** = અહીં **આપનપુ** = પોતાનુ સ્વ-ચૈતન સ્વરૂપ **અંશી** = સર્જનહાર, સકર્તાપતિ **નિજ** = મૂળ, આદિ, પોતે **કિરતાર** = કર્તા, બનાવનાર, કરતાર, ઉત્પન્ન કરનાર **અસંખ્ય લોક** = અનેક ધામ **પતિ** = માલિક, સ્વામી, ધણી **પરમધી** = પરમ વિશેષ **જીનુ** = જેમની **ગતિ** = ગતિ, શક્તિ, બળ, બુદ્ધિ, સમજ, જાણ **અપરમપાર** =પાર ન પામી શકાય તેવી.

## અનુવાદ

**અહિ આપનપુ અંશ તે સ્વયં (પોતે) જ સર્જનહાર અંશીના વંશનો છે. તેમ તેઓ (સકર્તા) અસંખ્ય લોકના માલિકના પરમ વિશેષ અંશ હોઈ તેમની ગતિ અપરંપાર છે.**

## ભાવાર્થ

બ્રહ્માંડમાં રહેલા સ્થૂળ, સૂક્ષ્મ, કારણ મહાકારણ તથા પરમકારણ દેહોમાં સ્વ-ચૈતન આપનપુ સ્વરૂપ તે અંશ છે અને અંશો સહિત સર્વ બ્રહ્માંડની ઉત્પત્તિના રચનાર અંશી છે.

સર્જનહારની ઉત્પત્તિમાં અસંખ્ય લોકનો સમાવેશ થાય છે. એવા સર્વની ઉત્પત્તિના કારણ રૂપ રહેલા સર્જનહારના પરમગુરુ પરમવિશેષ અંશ છે.

વળી, તેઓ નવબુદ્ધિ અને સોળ પ્રકારની વિભૂતિથી વિભૂષિત દિવ્યદેહ ધરાવતા હોઈ તેમની ગતિનો કોઈ પાર પામી શકે તેમ નથી.

**અપરમપાર પરમ અતિ, તીનુ ગતિ સરલ સવેત;**
**આપનુ આપ નિજ પતિપદ, શુદ્ધ સનમુખ કરી દેત. ૧૧૯**

### શબ્દાર્થ

**અપરમપાર** = અપરંપાર, કોઈ પાર ન પામી શકે તેવી **પરમ** = શ્રેષ્ઠ **અતિ** = વિશેષ **તીનુ** = તેમની **ગતિ** = સમજ, જ્ઞાન, સૂઝ **સરલ** = સરળ રીતે **સવેત** = સર્વના વેત્તા **આપનુ આપ** = પોતાનું **નિજ** = સ્વ-ચૈતન સ્વરૂપ નિજ **પતિપદ** = પોતાનું પરમ કૈવલધામ **શુદ્ધ** = સરળતાપૂર્વક ચોખ્ખું કરીને **સનમુખ** = પ્રત્યક્ષ કરીને **કરી દેત** = દે છે, આપે છે, બતાવે છે.

### અનુવાદ

**પરમગુરુની ગતિ અતિ અપરંપાર અને સરળતાવાળી વેત્તા રૂપે છે. તેઓ આપનપુ અને નિજ પતિપદને ચોખ્ખું કરીને પ્રત્યક્ષ કરી આપે છે.**

### ભાવાર્થ

એવા પરમગુરુની ગતિ અપરંપાર છે. વળી તેમની જાણ સરળતાપૂર્વક સર્વના વેત્તા રૂપે હોઈ તેમને ‘‘કૈવલ વેત્તા’’ ની ઉપમાથી સંબોધવામાં આવે છે. વળી તેઓ અંશને નાશવંત સર્વ પદાર્થોથી અલગ તારવીને શુદ્ધ સ્વરૂપે કરે છે અને બ્રહ્માંડથી પર રહેલા શાશ્વત (અવિનાશી) કૈવલકર્તા અંશીના પદને પ્રત્યક્ષ કરી આપે છે.

**જેહી પતિ પરમ મરમ મુદે, સુધો બતાવન સેર;**
**જીનકુ કહત પરમગુરુ, સબ ગુરુ શિખર સમેર. ૧૨૦**

### શબ્દાર્થ

**જેહી** = જે **પતિ** = સર્જનહાર, માલિક, ધણી **પરમ** = શ્રેષ્ઠ, છેવટના **મરમ** = મર્મ, અભિપ્રાય, રહસ્ય ગૂઢાર્થ **મુદે** = મુદ્દો **સુધો** = સીધો, સરળ કરીને **બતાવન** = બતાવે **સેર** = માર્ગ **જીનકુ** = જેને **કહત** = કહેવાય **પરમગુરુ** = પરમગુરુ **સબ** = બધો પ્રકારના **ગુરુ શિખર** = ટોચ, શૃંગ **સમેર** = મેરુ પર્વત પૌરાણિક માન્યતા મુજબ વિશાળ અને ઊંચો સોનાનો પર્વત.

## અનુવાદ

**પરમપતિના ગૂઢાર્થ ભરેલા મર્મનો મુદ્દો જે સીધો સરળ કરીને બતાવે છે, તેમને પરમગુરુ કહેવાય છે. જે સર્વ ગુરુઓમાં પર્વતની ટોચ સમાન છે.**

## ભાવાર્થ

બ્રહ્માંડ સહિત સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલા સૌના માલિક મહદ્ સજાણજાણ સ્વરૂપે બ્રહ્માંડથી તીત રહેલા છે. તેમને પ્રાપ્ત કરવાનો માર્ગ અતિ કઠણ અને ગૂઢાર્થ ભરેલો છે. તેમ છતાં તેવા માર્ગને દર્શાવે છે તેમને પરમગુરુ કહેવાય છે. એવા પરમગુરુ ચારે પ્રકારના ગુરુઓમાં મેરુ પર્વતની ટોચ સમાન શ્રેષ્ઠ અને સામર્થ્યવાન ગુરુ છે.

**એહી ગુરુ ચતુર પ્રકારકે, પ્રગટ પોમી પતિ દેવ;**
**જેહી જીનું લક્ષ બતાવન, કીનેહુ સકલ સભેવ. ૧૨૧**

### શબ્દાર્થ

**એહી** = એ **ગુરુ** = ગુરુ **ચતુર** = ચાર **પ્રકારકે** = પ્રકારના **પ્રગટ** = પ્રત્યક્ષ **પોમી** = પૃથ્વી **પતિ** = સ્વામી, રાજા **દેવ** = દેવો **જેહી** = જે **જીનું** = જેના **લક્ષ** = લક્ષ **બતાવન** = બતાવે **કીનેહુ** = કહ્યો, કર્યો **સકલ** = સર્વ **સભેવ** = મર્મ, ભેદને બહાર પાડ્યો, ખુલ્લો કર્યો, દર્શાવ્યો, વિશેષ રહસ્ય, જાહેર.

## અનુભવ

**આ ચારે પ્રકારના ગુરુ પૃથ્વી પતિ સમાન દૈવી પુરુષો છે. જે ગુરુનો જેવો લક્ષ હતો તે સર્વ જાહેર કર્યો છે.**

## ભાવાર્થ

આ ચારે પ્રકારના ગુરુઓના લક્ષ જગતમાં પોતપોતાના અનુયાયીઓને અધર્મમય પ્રવૃત્તિઓ છોડાવીને ધર્મમય જીવન જીવવા માટેનો રાહ (માર્ગ) દર્શાવવાનો છે. એવા ગુરુઓ પ્રત્યક્ષ રાજા સમાન દૈવી પુરુષો છે, કારણ કે, જેમ રાજાના હુકમને રૈયત માને છે તેમ ગુરુ અને તેમના ઉપદેશને અનુસરનાર અનુયાયીઓનો સંબંધ બંધાયેલો હોય છે.

જે પ્રકારના ગુરુનો જેવો લક્ષ હતો તે સર્વ હકીકત જગતમાં જાહેર કરીને શ્રીમત્ કરુણાસાગર મહારાજશ્રીએ દર્શાવ્યો છે.

**સબતે શ્રેષ્ઠ પરમગુરુ, ઓરુ સતગુરુ સમેત;**
**અંશી અંશ દેખાવન, જબતે જુગલ સહેત. ૧૨૨**

### શબ્દાર્થ

**સબતે** = સૌથી, સર્વમાં **શ્રેષ્ઠ** = મહાન **પરમગુરુ** = પરમગુરુ છે **ઓરુ** = અને **સતગુરુ** = સદ્‌ગુરુ **સમેત** = સહિત, સાથે **અંશી** = અંશ જેનો સજાતીય છે એવા સર્વના કારણ રૂપ કર્તા **અંશ** = સર્જનહારનો, સજાણજાણ સજાતિ ચૈતન સ્વરૂપ **દેખાવન** = દેખાડે છે **જબતે** = જેથી, જેના કારણે, જેને લીધે **જુગલ** = બંને **સહેત** = હેતપૂર્વક, પ્રેમથી, વહાલથી, પ્રીતિપૂર્વક.

### અનુવાદ

**તે સર્વ ગુરુઓમાં શ્રેષ્ઠ પરમગુરુની સદ્‌ગુરુ છે કારણ કે, બંને પ્રીતિપૂર્વક અંશ અને અંશીપદને દર્શાવે છે.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ ચારે પ્રકારના ગુરુઓમાં શ્રેષ્ઠ પરમગુરુ અને સદ્‌ગુરુ છે. કારણ કે, બંનેનો લક્ષ જગતના જીવોના કલ્યાણ માટે પ્રીતિપૂર્વક શરીરના સ્વામી રૂપ અંશનું પદ અને અંશની આદ્ય લઈ બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલા અંશીના પરમપદને દર્શાવે છે.

**ભવતારણ કારણ દોહુ, લીન મનુજ તનુ ભેષ;**
**ઓર સકલ ગુરુ ધરનકે, કરન કરમ ઉપદેશ. ૧૨૩**

### શબ્દાર્થ

**ભવતારણ** = ભવસાગર તરવા, જન્મ-મરણના ફેરામાંથી બચાવી લેવાના **કારણ** = કારણે હેતુ માટે **દોહુ** = બંનેએ **લીન** = લીધો, લે છે **મનુજ** = મનુષ્યનો **તનુ** = શરીર **ભેષ** = વેશ, ભેખ **ઓર સકલ** = બીજા બધા, અન્ય સૌ **ગુરુ** = ગુરુઓ **ધરનકે** = ધરતી પરના, પૃથ્વી પરના **કરન** = કરે, કરવા **કરમ** = કર્મનો, કર્મકાંડની વિધિનો **ઉપદેશ** = બોધ.

## અનુવાદ

**ભવસાગર તારવા માટે બંને ગુરુઓએ મનુષ્ય દેહનો ભેખ લીધો છે. જ્યારે ધરતી પરના બીજા ગુરુઓ કર્મકાંડ માટે ઉપદેશ કરે છે.**

## ભાવાર્થ

ગુરુઓમાં શ્રેષ્ઠ એવા પરમગુરુ અને સદ્‌ગુરુ સહિત બંને ગુરુઓ જગતના જીવોને જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ અપાવવાના ઉમદા ઉદ્દેશથી વિશ્વમાં મનુષ્ય શરીર ધારણ કરીને પવિત્ર ભેખ ગ્રહણ કર્યો છે. જ્યારે જગતના અન્ય પ્રોક્ષ અને તાય ગુરુ તરીકે ગણાતા સર્વ ગુરુઓ જગતના જીવોને શુભ અને અશુભ કર્મના બંધનો માટે ઉપદેશ આપીને પાપ તથા પુણ્યની ફલશ્રુતિ દર્શાવે છે. તેમાંથી મુક્ત થવા માટે કર્મકાંડની ક્રિયાઓ અને ધાર્મિક વિધિ જેવી કે યજ્ઞ, સ્નાન, સંધ્યા, પૂજાપાઠ, જપ, હોમ-હવન, અર્ચન, આતિથ્ય, વૈશ્યદેવ વિગેરેમાં જીવોને બાંધી રાખે છે.

**કરમી ગુરુ ઉપદેશતે, ભવકે ભરમ ન જાય;**
**ભુલ્યેહુ જીવ કહી કલપકે, ઉલટા રખેહુ ભુલાય. ૧૨૪**

### શબ્દાર્થ

**કરમી** = કર્મ માર્ગી, કર્મયોગી, કર્મનિષ્ઠ **ગુરુ** = ગુરુઓના **ઉપદેશતે** = ઉપદેશથી **ભવકે** = સંસારના, જગતના **ભરમ** = ભ્રમણાઓ, ભ્રાંતિ **ન** = ના **જાય** = જાય, દૂર થાય **ભુલ્યેહુ** = ભુલા પડેલા **જીવ** = જીવદશાવાળા **કહી** = કેટલાયે **કલપકે** = કલ્પોથી **ઉલટા** = ઊલટા, અવળા, ઊંધા **રખેહુ** = રાખે છે **ભુલાય** = ભુલાવીને, ભુલા પડેલા.

## અનુવાદ

**કર્મમાર્ગી ગુરુઓના ઉપદેશથી જગતની ભ્રમણાઓ નષ્ટ થતી નથી. કેટલાયે કલ્પોથી ભૂલા પડેલા જીવોને ઉલટાના ભૂલા પાડે છે.**

## ભાવાર્થ

કર્મના બંધનો અને તેના નિવારણના ઉપાય દર્શાવનારા કર્મી ગુરુઓના

ઉપદેશથી જગતના જીવોની વિવિધ પ્રકારની ભ્રમણાઓ નષ્ટ થતી નથી. કારણ કે, ઘણા કલ્પોથી જન્મ-મરણના ક્રમમાં ફરતા જીવો ભ્રમણાયુક્ત બાદલી ઉપાસનાઓમાં ભૂલા પડેલા છે. પરિણામે તેઓ અજ્ઞાનયુક્ત દશા ભોગવી રહ્યા છે. તેમ છતાં આવા કર્મી ગુરુઓ સંસારના જીવોને તેમાંથી બહાર કાઢવાને બદલે ઊલટા વધારે ભૂલા પાડીને વધારે ને વધારે ભ્રમણાઓમાં ગૂંચવીને નાખે છે.

**બરનેહુ ગુરુ ચતુર જેહી, સબ ગુરુકે મુખીયંત;**
**તારન તરન જુગલમહી, બાદલ ગુરુ અનંત. ૧૨૫**

**શબ્દાર્થ**

**બરનેહુ** = વર્ણવેલા, દર્શાવેલા, બતાવેલા **ગુરુ** = ગુરુ **ચતુર** = ચાર **જેહી** = જે **સબ** = બધા, સર્વ, તમામ **ગુરુકે** = ગુરુઓના **મુખીયંત** = વડા, મુખિયા, મુખ્ય, અગ્રેસર **તારન** = અન્યને તારી શકે **તરન** = પોતે તરી શકે **જુગલમહી** = બન્નેમાં **બાદલ** = બાદલા, ખંડીત ઉપાસના કરવાવાળા, નકલી **ગુરુ** = ગુરુ **અનંત** = અનેક અપાર, અસંખ્ય.

**અનુવાદ**

**ચાર પ્રકારના ગુરુનું જે વર્ણન કર્યું તે સર્વ ગુરુઓમાં તારણ તરણ એવા બે મુખ્ય છે, તે સિવાય બાદલ ગુરુઓ અનંત છે.**

**ભાવાર્થ**

અગાઉ જે પ્રોક્ષગુરુ, તાયગુરુ, સદ્‌ગુરુ અને પરમગુરુ એમ ચાર પ્રકારના ગુરુઓનું વર્ણન કરેલું છે. આ ચારે પ્રકારના ગુરુઓમાં પરમગુરુ અને સદ્‌ગુરુ ભવસાગરમાં પોતે તરી શકે અને અન્યને તારી શકે તેવા સમર્થ છે. આમ તમામ (પ્રકારના) ગુરુઓમાં તેઓ બંને સમર્થ અને અગ્રેસર છે. તે સિવાય વિશ્વમાં અન્ય ગુરુપદ ધારણ કરીને બેઠેલા બાદલી-નાશવંત ઉપાસના કરાવવાવાળા પ્રોક્ષગુરુ કે તાયગુરુ તો અસંખ્ય છે.

**બાદલ ગુરુગમ જ્ઞાનસે, કોઉ ન ભયે ભવપાર;**
**અવની રચી જીનું અબલગી, ભટકત સબ સંસાર. ૧૨૬**

### શબ્દાર્થ

**બાદલ** = ખંડિત ઉપાસના કરાવવાવાળા, નકલી **ગુરુગમ** = ગુરુઓની સમજ, ગુરુઓની સૂઝ, જાણ **જ્ઞાનસે** = જ્ઞાન થકી **કોઉ ન** = કોઈ પણ નહીં **ભયે** = થયા **ભવપાર** = ભવસાગરમાંથી પાર, ભવસાગર તરી જવું, અખંડ મોક્ષની પ્રાપ્તિ કરવી **અવની** = પૃથ્વી, ભૂમિ **રચી** = રચાઈ, ઉત્પન્ન થઈ **જીનું** = જ્યારથી, ત્યારથી **અબલગી** = અત્યાર સુધી **ભટકત** = ભટકતા ફરે છે **સબ** = સારો, આખો, સમસ્ત **સંસાર** = જગત, સંસાર, દુનિયા, જન્મી ને મરવા સુધીનો ખટરાગી, જીવનચક્રની ઘટમાળમાં રહેનાર, પ્રાકૃતિક વિલાસમય જિંદગી જીવનાર, પૃથ્વી પરની જીવ સૃષ્ટિ, ચોર્યાસી લાખ પ્રકારની યોનિ.

### અનુવાદ

**બાદલ ગુરુઓની સૂઝ (સમજ) અને જ્ઞાનથી કોઈ પણ ભવ પાર થઈ શક્યું નથી. પૃથ્વી રચાઈ ત્યારથી અત્યાર સુધી સઘળો સંસાર ભ્રમણાઓમાં ભટક્યા કરે છે.**

### ભાવાર્થ

જેના ઉપદેશમાં આપનપુ નિજ ચૈતન અંશની ઓળખાણ અને અંશ જેની સજાતિનો છે એવા બ્રહ્માંડથી તીત રહેલા અવિનાશી અંશીની સાથે મેળાપ કરાવવા માટેની યુક્તિ કે સાચો માર્ગ નથી, તેવા તમામ ગુરુઓને બાદલ ગુરુઓ જાણવા.

નાશવંત પદોની સૂઝ અને સમજના આધારે કરવામાં આવતા એવા બાદલા ગુરુઓના ઉપદેશથી જગતના અજ્ઞાની જીવો અપાર કષ્ઠ વેઠીને ગમે તેવા કર્મો કરે છે, પરંતુ કદી પણ અખંડ મોક્ષની પ્રાપ્તિ કરી શકે તેમ નથી. તેના કારણે જ જ્યારથી આ પૃથ્વીની રચના થઈ ત્યારથી અત્યાર સુધીમાં ખંડિત ઉપાસનાઓમાં રચીપચીને રહેલા જગતના તમામ જીવો જન્મ-મરણની ઘટમાળમાં ભટક્યા જ કરે છે.

## ખુદકી ખોજ ન તદીપસે, જદીપસે વિખરે વિછોય;
## ઉલટી અંશ ફેરી ના મીલે, પરમ પુરુષ ઘર કોય. ૧૨૭

### શબ્દાર્થ

**ખુદકી** = પોતાની, ચૈતન સ્વ-સ્વરૂપની **ખોજ** = શોધખોળ, તપાસ, ગોત **ન** = નહીં **તદીપસે** = ત્યારથી **જદીપસે** = જ્યારથી **વિખરે** = વિખરાયા, છૂટા પડ્યા **વિછોય** = વિયોગ, જુદાઈ, વિરહ **ઉલટી** = ઊલટાઈને, પાછોવળીને **અંશ** = સકર્તા પતિનો સજાણજાણ સજાતીય ચૈતન અલ્પ સ્વરૂપ

**ફેરી** = પાછો, ફરી, પુનઃ **ના** = નહીં, નથી **મીલે** = મેળવી શક્યો, પ્રાપ્ત કરી શક્યો, મળ્યો **પરમ પુરુષ** = આદિ અનાદિ પુરુષ, કૈવલકર્તાના **ઘર** = ઘર, ઠેકાણું, ધામ, મુકામ **કોય** = કોઈ પણ.

## અનુવાદ

**જ્યારથી (અંશો) વિખૂટા પડ્યા ત્યારથી કોઈએ ખુદની શોધ કરી નથી. તેથી કોઈ પણ અંશ ઊલટાઈને ફરીથી પરમપુરુષના ધામને મેળવી (પ્રાપ્ત કરી) શક્યો નથી.**

## ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડમાં પાંચ પ્રકારના દેહમાં રહેલો સ્વ-ચૈતન સજાણજાણ સ્વરૂપ અંશ જ કર્તાની સજાતિના છે. તે નિજ આપનપુ સિવાય બીજું કોઈ સકર્તાની સજાતિનું નથી એટલે સર્જનહારની સજાતિનું નિજ ચૈતન (આપનપુ) સ્વરૂપ જ સર્જનહારને ઓળખીને તેમને પ્રાપ્ત કરવાની એકમાત્ર નિશાની છે.

જ્યારથી અંશો મહદ્ સજાણજાણ સ્વરૂપે પરમપિતાના કૈવલધામમાંથી વિખૂટા પડ્યા, ત્યારથી અત્યાર સુધીમાં કોઈએ પોતાના સ્વ-ચૈતન અંશ સ્વરૂપની સાચી ઓળખ કરી નહીં. પોતાની ઓળખ ન થવાથી અંશ જેની સજાતિનો છે તેવા સર્જનહાર અંશીને તો ઓળખવાનો સવાલ જ ઊભો થતો નથી. અંશ પોતાનું સ્વ-ચૈતન સ્વરૂપ ભૂલ્યો એટલે બ્રહ્માંડથી તીત પોતાની વૃત્તિ ઊલટાવીને પુનઃ પરમ પિતાના કૈવલધામને મેળવી શક્યો નથી. પરિણામે નિજ ઘર એવું કૈવલધામ પ્રાપ્ત ન થવાથી તે ધામના ધણી રૂપ કૈવલકર્તાને પણ તે પ્રાપ્ત કરી શક્યો નથી.

**પરમ પુરુષ પતિ કૈવલ, સકલ અંશ કિરતાર;**
**ખલક ખેલ જીનકી ખુશી, હુંસી હુલાવનહાર. ૧૨૮**

## શબ્દાર્થ

**પરમ પુરુષ** = અનાદિ પુરુષ, શ્રેષ્ઠ પુરુષ **પતિ** = ધણી, સ્વામી, કંથ **કૈવલ** = વળથી રહિત, કૈવલકર્તા, **સકલ** = સર્વ, તમામ, બધા જ પ્રકારના **અંશ** = સકર્તા પતિના સજાણજાણ સજાતીય ચૈતન સ્વરૂપ **કિરતાર** = કરવાવાળા, કર્તા, સર્જનહાર **ખલક** = બ્રહ્માંડ, વિશ્વનો **ખેલ** = રમત, બાજી **જીનકી** = જેમની **ખુશી** = મોજ, આનંદ **હુંસી** = હસવું, આનંદ **હુલાવનહાર** = મોજ કરાવનાર, આનંદને માણનાર.

## અનુવાદ

**પરમ પુરુષ કૈવલપતિ સર્વ અંશના સર્જનહાર છે. તેમણે અંશોની હસી-ખુશી માટે ખલકના ખેલને ખેલીને આનંદ માણનારા છે.**

## ભાવાર્થ

પરમપુરુષ સકર્તા કૈવલપતિ આદિ-અનાદિમાં પોતે એકલા જ મહાશૂન્યમાં રહેલા હતા. જ્યારે તેમણે અહંભાવ ધારણ કર્યો ત્યારે પોતે કાંઈક કરી શકે તેમ છે તેવી ઉમંગભેર ઇચ્છા પ્રગટ કરી અને પોતાના શુદ્ધ સંકલ્પ થકી અંશોની હસી-ખુશી માટે ખલકના ખેલને ખીલવ્યો.

પોતાની છઠ્ઠી અંશવૃત્તિથી સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોને ઉત્પન્ન કર્યા. એવા સર્જનહાર અંશોના માધ્યમથી સર્વ ખલકના ખેલનો આનંદ માણે છે.

**તેહી નિજ હુંસી હુલાવન, ખાવન ખરે ખેલાન;**
**ઉરજે અંશ સકલ તીનુ, જબતે વિનુ મેલાન. ૧૨૯**

## શબ્દાર્થ

**તેહી** = તે **નિજ** =મૂળ, આદિ **હુંસી** = મોજ **હુલાવન** = જાણવા, માણવા **ખાવન** = ખુદ ધણીએ **ખરે** = ખરેખર સાચે જ **ખેલાન** = ખીલવ્યો **ઉરજે** = લપટાયા, આનંદ માણવા લાગ્યા, મનના સંકલ્પ વિકલ્પો **અંશ** = સકર્તા પતિના સજાતીય સજાણજાણ અલ્પ ચૈતન સ્વરૂપ **સકલ તીનુ** = ત્રણે પ્રકારના **જબતે** = જેથી **વિનુ** = વિના, સિવાય **મેલાન** = મિલન, મેળાપ.

## અનુવાદ

**અંશોને આનંદ કરાવનાર તે નિજ ધણીએ આ સૃષ્ટિનો ખેલ ખેલ્યો છે. જેમાં ત્રણેય પ્રકારના અંશો પ્રકૃતિવશ થવાથી મેળાપ સિવાયના રહ્યા.**

## ભાવાર્થ

એવા પરમપતિ સકર્તા સર્જનહાર કૈવલકર્તા એ જ સાચા આદિ ધણી રૂપ પરમપુરુષ છે. તેમણે જ આ સમગ્ર બ્રહ્માંડમાં રચનાના ખેલને ખીલવ્યો છે.

આ સમગ્ર રચનામાં સામાન્ય વિશેષ અને પરમવિશેષ અંશો મનના સંકલ્પ વિકલ્પમાં રચ્યાપચ્યા રહીને રચનામાં જ વ્યસ્ત રહ્યા છે. જેથી સર્જનહાર સાથે મેળાપ સિવાયના રહીને જન્મ-મરણના ચક્કરમાં ફર્યા કરે છે.

**અંશ સકલ ઉરજન ગતિ, નિજપતિ નેંન નિહાર;**
**હાલ હુકમ મહેરબાનકે, લીન કુવેર અવતાર. ૧૩૦**

### શબ્દાર્થ

**અંશ** = સકર્તા પતિ સર્જનહારના સજાતીય ચૈતન અલ્પ સ્વરૂપ **સકલ** = સર્વ **ઉરજન** = મનના સંકલ્પ-વિકલ્પમાં વ્યસ્ત ઉલઝણ, ગૂંચવાયેલી, બેહાલ, જન્મ-મરણના ભવસંકટ ભોગવતી **ગતિ** = સ્થિતિ, દશા **નિજપતિ** = નિજકર્તા **નેંન** = અલૌકિક-દિવ્ય નેત્રો દ્વારા **નિહાર** = નિહાળ્યું, જોયું **હાલ** = તુરંત જ, હજૂરમાં રહેલા **હુકમ** = આજ્ઞા, આદેશ **મહેરબાનકે** = મહેરબાની કરીને, મહેર કૃપા કરીને **લીન** = લીધો **કુવેર** = કુવેરસ્વામીએ **અવતાર** = અવતરણ.

### અનુવાદ

**સર્વ અંશોની ઉલઝનવાળી સ્થિતિ નિજપતિએ પોતાની દિવ્ય દૃષ્ટિથી નિહાળી ત્યારે કૃપા કરીને પોતાની હજૂરમાં રહેલા કુવેરસ્વામીને અવતાર લેવા આદેશ કર્યો.**

### ભાવાર્થ

પોતાના આનંદ માટે રચેલ ખલકના ખેલને માણનારા સકર્તા પતિ સર્જનહારે પોતાના અંશો પૈકી કોઈ પાછું કૈવલધામમાં આવ્યું નહીં, તેથી પોતાના દિવ્ય નૈન (નેત્ર) દ્વારા નિહાળ્યું તો સંસારમાં સર્વ પ્રકારના અંશો નિજ ચૈતન સ્વરૂપને ભૂલીને મનના સંકલ્પ-વિકલ્પોમાં વ્યસ્ત બનીને જન્મ-મરણના ક્રમમાં વહેતા ફરે છે. આવી પરિસ્થિતિને નિહાળતાં કૃપા કરીને તેમના સાંનિધ્યમાં સદાને માટે રહેતા પોતાના પાટવી પરમવિશેષ અંશને અંશ-અંશીનો લક્ષ દર્શાવવા માટે બ્રહ્માંડમાં જવા માટેનો આદેશ આપ્યો.

**નિજપતિ અંશ વિશેષ જે, વિપુ રહિત વિતસાર;**
**નામ કુવેર જીન મેં કીનું, કવન કીન અવતાર. ૧૩૧**

### શબ્દાર્થ

**નિજપતિ** = નિજકર્તા, પરમપતિ **અંશ** = સર્જનહારના સજાતીય સજાણ-જાણ ચૈતન અલ્પ સ્વરૂપ **વિશેષ** = વિશેષ **જે** = જે **વિપુ** = દેહ, શરીર **રહિત** = વિના, સિવાય **વિતસાર** = વિત્તના સારરૂપ **નામ** = નામ **કુવેર** = કુવેરસ્વામી **જીન** = જેમનું **મેં** = મેં **કીનું** = કર્યું, કહ્યું, કોનું **કવન** = કેમ, શા માટે **કીન** = કર્યો, ધર્યો, કયા કારણે **અવતાર** = અવતરણ.

### અનુવાદ

**નિજ પતિના વિશેષ અંશ છે જે દેહ રહિત વિત્તના સાર રૂપે છે તેમનું નામ કુવેર કેમ છે ? તેમણે કયા કારણે અવતાર ધારણ કર્યો છે ?**

### ભાવાર્થ

પ્રતિવાદીને પ્રશ્ન થાય કે નિજપતિના પરમવિશેષ પાટવી અંશ તો દેહ સહિત માત્ર અંશની સજાણજાણ રૂપ વિત્તના સાર રૂપે નિજ કૈવલધામમાં સર્જનહારના સાંનિધ્યમાં સદાને માટે રહે છે. તો પછી તેમનું નામ કુવેર શા માટે રાખવામાં આવ્યું ? વળી, તેમણે કયા કારણે બ્રહ્માંડમાં જઈને અવતાર ધારણ કર્યો ?

**નામ કુવેર જીનમેં જેહી, ઓરુ અરથ અવતાર;**
**જેહી વિધિ જીનું વિશેષણ, કહત સૂનો અનુસાર. ૧૩૨**

### શબ્દાર્થ

**નામ** = નામ **કુવેર** = કુવેરસ્વામી **જીનમેં** = જેમનું **જેહી** = જે **ઓરુ અરથ** = અર્થ પ્રમાણે **અવતાર** = અવતરણ **જેહી** = જે **વિધિ** = પ્રમાણે **જીનું** =જેમનું, તેમનું **વિશેષણ** = નામનો ગુણ કે લક્ષણ બતાવનાર શબ્દ, ખાસીયત **કહત** = કહુ છું **સૂનો** = સાંભળો **અનુસાર** = એ પ્રમાણે, તેને અનુકૂળ, તે મુજબ.

### અનુવાદ

**જેમનું કુવેર નામ અને ક્યા કારણે અવતાર થયો છે ? જે પ્રમાણે તે વિશેષણ લગાવ્યું છે તે વષેની હકીકત કહુ છું તે શ્રવણ કરો.**

### ભાવાર્થ

પરમવિશેષ અંશને માટે વાપરવામાં આવેલા કુવેર નામની શી ખાસીયત છે ?

તેનો ગર્ભિત મર્મ અને સર્જનહાર દ્વારા જેવી રીતે આદેશ આપવામાં આવ્યો તથા અવતાર ધારણ કર્યો તેના મૂળ કારણમાં જે વિશેષ અર્થ સમાયેલો છે તે બધી જ હકીકત પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે તે સર્વ શ્રોતાજનોને શ્રવણ કરવા માટે અનુરોધ કરવામાં આવે છે.

**પરમ પુરુષ નિજ હુકમકુ, તુરત ધરે શિર મેર;**
**ક્તા કીન ક્યૌ બેર અબ, જબતે નામ કુવેર. ૧૩૩**

### શબ્દાર્થ

**પરમ પુરુષ** = પરમપુરુષ, નિજ કર્તા, પરમપતિ **નિજ** = પોતાના **હુકમકુ** = આદેશને, આજ્ઞાને, હુકમને **તુરત** = તાત્કાલિક, શિઘ્ર, તત્કાળ **ધરે** = ધારણા કરીને **શિર** = માથે **મેર** = મારા **ક્તા** = સર્જનહારે **કીન** = કહ્યું **ક્યૌ** = શા માટે, કેમ **બેર** = વાર, વિલંબ, ઢીલ, મોડું કરવું **અબ** = હવે **જબતે** = જેથી, જેના કારણે **નામ** = નામ **કુવેર** = કુવેરસ્વામી.

### અનુવાદ

**નિજ પરમપુરુષના હુકમને મેં તુરંત જ મારા શિર પર ધારણ કર્યો. કર્તાએ કહ્યું તેમાં હવે શેની વાર લગાડવાની હોય ? તેથી નામ કુવેર રાખવામાં આવ્યું.**

### ભાવાર્થ

પરમ પુરુષ એવા નિજ કૈવલકર્તાના આદેશને પરમવિશેષ પાટવી અંશે કોઈ પણ પ્રકારનો સમય બગાડ્યા સિવાય (શીઘ્ર) માથે ચઢાવી લીધો. તેમણે પરમપતિના હુકમને માન્ય રાખીને વાર લગાડ્યા સિવાય તત્કાળ કૈવલધામ છોડીને બ્રહ્માંડમાં જવા માટેની તૈયારી દર્શાવી. અર્થાત્ કર્તાના આદેશનું પાલન કરવામાં ક્યૌં બેર (વાર શા માટે ?) તેના આધારે તેમનું નામ કુવેર રાખવામાં આવ્યું છે.

**આયેહુ અવન અચાનક, અરસ અગમ હોય સેર;**
**ખુદકે ખરે સંદેશમે, ક્યૌ કરે બેર કુવેર. ૧૩૪**

### શબ્દાર્થ

**આયેહુ** = આવ્યો છું **અવન** = પૃથ્વી પર **અચાનક** = એકાએક **અરસ** = અંતરિક્ષ **અગમ** = અગમ્ય, અલૌકિક **હોય** = હોય **સેર** = માર્ગ **ખુદકે** = ખુદ કર્તાના **ખરે** = સાચા **સંદેશમે** = સંદેશો જણાવવામાં **ક્યૌ** = કેમ ? શા માટે ? **કરે** = કરે, લગાડે **બેર** = વાર **કુવેર** = કુવેરસ્વામી.

### અનુવાદ

**અંતરિક્ષથી અગમ માર્ગે એકદમ પૃથ્વી ઉપર આવ્યો છું. કારણ કે, ખુદકર્તાનો સાચો સંદેશો કહેવામાં કુવેર ! શા માટે વાર કરે ?**

### ભાવાર્થ

કૈવલધામમાંથી નીકળીને વચ્ચે આવતા તેર તબક (ઇંડ)ને પસાર કરી છેલ્લા ચૌદમા મહિમંડ ઇંડમાં અલૌકિક માર્ગે ગમન કરીને સીધા જ નિરંજન ધામમાં આવ્યા હતા. ત્યારબાદ વિવિધ દૈવી ધામોને ચેતાવી સીધા જ પૃથ્વી ઉપરના સાત દ્વિપોમાં તેઓ ક્રમશઃ પધાર્યા હતા.

ખુદ કર્તાના અંશ-અંશીના લક્ષને દર્શાવતા સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરવા કૈવલજ્ઞાનને દર્શાવવામાં વાર શા માટે લગાડવી ? જીવોનું કલ્યાણ થાય તેવા પરોપકારી કાર્યને પાર પાડવાના ઉદ્દેશને ધ્યાનમાં લઈને કુવેરસ્વામી શા માટે વિલંબ કરે ?

**કીન મરમ મુજ નામકે, જેહી વિધિ અંક કુવેર;**
**તેહી વિધિ કહુ અવતારકી, સુનો સકલ ચિત્ત હેર. ૧૩૫**

### શબ્દાર્થ

**કીન** = કહ્યો, કર્યો **મરમ** = મર્મ, રહસ્ય, ઉદ્દેશ **મુજ** = મારા **નામકે** = નામનો **જેહી** = જે **વિધિ** = પ્રમાણે રીતે **અંક** = અક્ષર, શબ્દ **કુવેર** = કુવેર **તેહી** = તે **વિધિ** = પ્રમાણે **કહુ** = કહુ છું **અવતારકી** = અવતારની **સુનો** = સાંભળો **સકલ** = સર્વ, બધા **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **હેર** = ચોરાઈ જાય, બીજે લાગી જાય, છૂપી રીતે બીજે જતુ રહે, સ્નેહપૂર્વક નજર રાખીને, પ્યારથી.

### અનુવાદ

**મારા નામમાં જે પ્રમાણે કુવેર (ત્રણ અક્ષરથી જોડાયેલ) શબ્દનો મર્મ કહ્યો.**

**તેવી જ રીતે અવતારની હકીકત કહુ છું, તે સર્વ સ્નેહપૂર્વક ચિત્ત રાખીને શ્રવણ કરો.**

## ભાવાર્થ

સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ માટે વપરાયેલું “કુવેર” નામનો ગર્ભિત મર્મ જે પ્રમાણે હતો તે સમજાવવામાં આવ્યો. તેવી જ રીતે “અવતાર” શબ્દની સાચી હકીકત જે પ્રમાણે છે તેને હવે પછી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સમજાવે છે. જેને સર્વ મુમુક્ષુ જનોએ ખૂબ જ સ્નેહપૂર્વક ચિત્ત રાખીને શ્રવણ કરવા માટે અનુરોધ કરવામાં આવે છે.

**તારન તરન જે અવન્યકે, ગવન ગમાવનહાર;**
**જીનકુ કહેણ્ય જદીપ કહ્યે, અવન્ય તાર અવતાર. ૧૩૬**

### શબ્દાર્થ

**તારન તરન** = પોતે તરે અને અન્યને તારે **જે** = જે **અવન્યકે** = પૃથ્વીના **ગવન** = વિચરણ કરતા, ગવન કરી રહેલા **ગમાવનહાર** = સૂઝ આપનારા, ગમ આપનારા **જીનકુ** = જેમને **કહેણ્ય** = કહેવત **જદીપ** = એટલે જ, તેટલે જ **કહ્યે** = કહેવામાં આવ્યું છે **અવન્ય** = પૃથ્વીના જીવોને **તાર** = તારવાવાળા, તારવા માટે **અવતાર** = અવતાર, અવતરણ.

## અનુવાદ

**પોતે તરે અને અન્યને તારી શકે તેવું જ્ઞાન ધરાવનાર જો પૃથ્વી પર વિચરણ કરે ત્યારે જ કહી શકાય કે તેમનો પૃથ્વી પર તારવા માટે જ અવતાર થયો છે.**

## ભાવાર્થ

અવતાર અંગેની સમજ આપતાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે આપણને ખુલાસો કરે છે કે – જે વ્યક્તિ સંસાર-સાગરથી પોતે તરી શકે તેમ હોય અને અન્ય જીવોને તારવા માટે સમર્થ હોય તે ઉપરાંત પરમાર્થ કાર્ય માટે જેઓ જીવોને તારવા માટેની સાચી સમજ આપતું જ્ઞાન આપવા માટે જ પૃથ્વી પર વિચરણ કરતા હોય.એવા મહાપુરુષને માટે જ કહી શકાય કે તેમનો પૃથ્વી પરના જીવોને તારવા માટે જ અવતાર થયો છે.

**ઓર સકલ અવ્યે અંશકી, સમજ સરાવન સાર;**
**નામ રુપ ગુણ વયે થકી, અવ્યે કરન અવતાર. ૧૩૭**

### શબ્દાર્થ

**ઓર** = અને, વળી, બીજા, અન્ય **સકલ** = બધા, તમામ **અવ્યે** =વય સિવાયના, ઉંમર વિનાના, આવરદા રહિત, શાશ્વત **અંશકી** = સર્જનહારના સજાણજાણ સજાતીય ચૈતન સ્વરૂપની **સમજ** = સમજ, જ્ઞાન **સરાવન** = આપે, તેમ કરે, દર્શાવે **સાર** = સારાંશ, સત્ય, સાચી **નામ** = નામ **રુપ** = રૂપ, સ્વરૂપ, દ્વારા, ને લીધે, માંથી **ગુણ** = ગુણ **વયે** = ઉંમર, વય આયુષ્ય, નાશવંત **થકી** = થી, દ્વારા, ને લીધે **અવ્યે** = વય સિવાય, આવરદા રહિત **કરન** = કરવા માટે **અવતાર** = અવતાર.

### અનુવાદ

**વળી જેઓ શાશ્વત અંશોની સાર રૂપ સમજ સમજાવે અને નામ, રૂપ, ગુણવાળા નાશવંત દેહથી શાશ્વતને જુદો કરી બતાવે તે અવતાર કહેવાય.**

### ભાવાર્થ

વળી જે મહાપુરુષ શાશ્વત અંશોની સાચી સમજ આપે કે અંશ તો સકર્તાપતિ સર્જનહારનો સજાણજાણ સજાતીય ચૈતન અલ્પ સ્વરૂપ છે. એટલે કે, અંશ સર્જનહારના વંશનો અલ્પ શાશ્વત સ્વરૂપ છે.

તેમજ નામ, રૂપ, ગુણવાળા જે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ મહાકારણ અને પરમકારણ દેહો છે તેઓ વયવાળા હોઈ નાશવંત છે. જ્યારે દેહને ચૈતનતા બક્ષનારો અધિપતિ સ્વામી તરીકે રહેલો ચૈતન અંશ તો શાશ્વત છે. માત્ર કર્મોને વશ થઈને દેહના આરબલ સુધી દેહને ચેતનતા પ્રદાન કરે છે. ત્યાર બાદ પાછો સંચિત કર્મોને આધીન બનીને અન્ય નવા દેહમાં પ્રવેશે છે. આ પ્રમાણે સતત વિવિધ દેહોમાં ભ્રમણ કરતો શાશ્વત અંશ પોતાનું અસલ શુદ્ધ અણિ અગ્ર અંકુરિત સ્વરૂપને ભૂલી જઈને દેહમય બની ગયો છે. આવી યોગ્ય અને યથાર્થ સમજ આપનાર મહાપુરુષનો અવતાર થયો છે તેમ કહેવાય.

**અવે અંશ જીનું તારણ, અવે તાર અવતાર;**
**ઓર સકલ ઉદ્ભવ તનું, ભાદુ કીટ સંસાર. ૧૩૮**

### શબ્દાર્થ

**અવે** = વયથી રહિત, શાશ્વત **અંશ** = સકર્તા પતિનો સજાણજાણ અલ્પ ચૈતન સ્વરૂપ **જીનું** = જેને **તારણ** = તારે, ભવસાગરમાંથી મુક્ત કરે, જન્મમરણના ફેરામાંથી ફારગતી આપે **અવે તાર** = અવતાર = અવે શબ્દ અને તાર શબ્દના સમૂહ થઈ બનેલો **અવતાર** = અવતાર **ઓર** = અને વળી, બીજા, અન્ય **સકલ** = બધા, સર્વ, તમામ **ઉદ્ભવ** = પેદા થાય, ઉત્પન્ન થાય જન્મ **તનું** = શરીર, દેહ **ભાદુ** = ભાદરવા માસમાં પેદા થતા **કીટ** = કીટાણુ **સંસાર** = સંસાર આદિથી અંત સુધીની ઘટમાળ, જન્મ-મરણનો ઘટનાક્રમ.

### અનુવાદ

**શાશ્વત અંશને જે તારે તેને અવે-તાર અવતાર કહેવામાં આવે છે. જ્યારે બીજા સર્વ સંસારમાં ઉત્પન્ન થયેલા ભાદરવા માસમાં પેદા થતા કીટાણું જેવા સમજવા.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં જે મહાપુરુષ શાશ્વત અંશનું દેહમાં ભટકવાનું હમેશાંને માટે મુક્ત કરીને અંશ જ્યાંથી આવ્યો છે તેવા અંતિમ કૈવલ પદમાં પોતાના (મૂળ) અસલ અનુઅગ્ર અંકુરિત સ્વરૂપે કરીને કર્તા સાથે જોડાણ (મિલન) કરાવે તેને અવે તાર અવતાર કહેવાય.

જ્યારે તે સિવાયના બીજા સર્વ દેહધારીઓ જેમ સંસારમાં ભાદરવા માસની વર્ષાઋતુમાં પેદા થયેલા કીટાણુ જેવા અલ્પ પ્રકારના જીવ ગતિવાળા સમજવા.

**નિજપતિ પરમ અવ્યે મહી, અવે અંશ એકતાર;**
**તેહી દરસત ભવસિંધુમે, જીનું કહત અવતાર. ૧૩૯**

### શબ્દાર્થ

**નિજપતિ** = સકર્તા પતિ, નિજકર્તા, મૂળ આદિ અનાદિ સર્જનહાર **પરમ** = શ્રેષ્ઠ, છેવટના, અંતિમ **અવ્યે** = અવિનાશી શાશ્વત **મહી** = માં, ની સાથે **અવે** = શાશ્વત **અંશ** = સકર્તાપતિના સજાણ, જાણ સજાતિ અલ્પ ચૈતન સ્વરૂપ **એકતાર** = મેળાપ, એકાકાર, તલ્લીન, જોડાણ, મિલન **તેહી** = તે **દરસત** = દ્રશ્યમાન થાય, દેખાય, જોવા મળે **ભવસિંધુમે** = ભવસાગરમાં, સંસારમાં, વિશ્વમાં, બ્રહ્માંડમાં **જીનું** = જેમને, તેમને **કહત** = કહેવાય, કહે છે **અવતાર** = અવતાર, અવતરણ.

### અનુવાદ

**નિજપતિના અવિનાશી મહદ્ સ્વરૂપમાં શાશ્વત અંશની એકતા કરાવે એવા**

**કોઈ ભવસાગરમાં દશ્યમાન થાય તો તેમને અવતાર કહેવાય.**

### ભાવાર્થ

સકર્તા પતિ સર્જનહાર અવિનાશી અને મહદ્ સજાણજાણ સ્વરૂપે કૈવલધામમાં બિરાજમાન છે. તેમના મહદ્ હંગની સાથે અંશના અલ્પ હંગની એકતા કરાવે અથવા તો તે પ્રકારના મિલન (જોડાણ) માટેનું જ્ઞાન બતાવે એવા કોઈ મહાપુરુષ વિશ્વમાં દશ્યમાન થાય તો તેમનો અવતાર થયો તેમ કહેવાય.

**પંચ તત્ત્વ ગુણ ઘણ મયે, સકલ જોન્ય સંસાર;**
**જ્ઞાનહીન જબી જીવ ભયે, કીયે ના કોઉ અવતાર. ૧૪૦**

### શબ્દાર્થ

**પંચ તત્ત્વ** = પાંચ મહાતત્ત્વોઃ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ **ગુણ** = ત્રણ ગુણઃ રજો, રમો અને સતો **ઘણ** = ત્રણ ઘણઃ સ્વકાશ, અચંત અને અહંકાર **મયે** = મળીને **સકલ** = સર્વ, તમામ, બધા **જોન્ય** = યોનિ **સંસાર** = સંસાર **જ્ઞાનહીન** = જ્ઞાન વગરના, અજ્ઞાની **જબી** = જ્યારે **જીવ** = જીવો **ભયે** = થયા, રહ્યા **કીયે** = કહ્યા **ના** = નહીં, નથી **કોઉ** = કોઈને **અવતાર** = અવતાર.

### અનુવાદ

**પંચ મહાભૂત, ગુણ અને ઘણ મળીને થયેલા સંસારના સર્વ ઘાટો યોનિ માર્ગે જન્મેલા છે. જેથી તેઓ જ્ઞાન સિવાયના હોઈ જીવદશાવાળા છે. તેને કારણે કોઈને અવતાર તરીકે વર્ણવી શકાય નહીં.**

### ભાવાર્થ

પંચ મહાભૂતઃ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશની આદ્ય લઈ રજોગુણ, તમોગુણ અને સતોગુણ સહિત તેના પેટા તત્ત્વો અને સ્વકાશઘણ, અચંતઘણ અને અહંકાર ઘણ સહિત તેના પેટા તત્ત્વોવાળા દેહે માતાની યોનિ (ગર્ભયોનિ) દ્વારા જન્મેલા સર્વ જ્ઞાનપક્ષે જોતાં અજ્ઞાની હોવાથી જીવદશા ભોગવે છે. તેના કારણે જ એવા દેહધારીઓ પૈકી કોઈને પણ અવતાર તરીકે ગણી શકાય નહીં.

## ખોજ ન અપને આપનકી, માપકી માનત સાર;
## સંશે સહિત વહીત સદા, જીનું કહત સંસાર. ૧૪૧

### શબ્દાર્થ

**ખોજ** = શોધ, ખોળ, તપાસ **ન** = નહીં **અપને** = પોતાના **આપનકી** = સ્વ-ચૈતન અંશ સ્વરૂપની **માપકી** = માપકને, સીમિતને, હદવાળાને **માનત** = માને છે, માની બેઠા છે **સાર** = સત્વ, શાશ્વત, પરમેશ્વર, શ્રેષ્ઠ **સંશે** = શંકા, અનુમાન, સંશય, ભ્રમ, સંદેહ **સહિત** = સાથે, જોડે, સંગે, સુદ્ધા **વહીત** = તણાય છે, વહે છે, સહન કરે છે, વેદે છે, ઘસડાય છે **સદા** = સદાય, હમેશાં, સર્વદા, નિરંતર **જીનું** = જેમને **કહત** = કહેવાય **સંસાર** = જગત, આદિથી અંત સુધીની ઘટમાળ, જન્મ-મરણનો ઘટના ક્રમ.

### અનુવાદ

**પોતાના (સ્વ) સ્વરૂપની શોધ કરે નહીં અને માપકને શાશ્વત માને છે એવી ભ્રમણા ,સાથે સદાને માટે જે જીવાત્માઓ વહ્યા કરે છે તેને સંસાર કહેવાય છે.**

### ભાવાર્થ

માનવી પોતાના પિંડની રચના અંગે નિહાળે તો પણ નાશવંત તત્ત્વો અને શાશ્વત અંશની ખબર પડે, પરંતુ અજ્ઞાનતાને કારણે વશ થઈ દેહને આધીન જીવાત્માઓ પોતાના (સ્વ) ચૈતન સ્વરૂપની શોધ કરતા નથી. જગતમાં જે નાશવંત અને હદવાળા ઐશ્વર્યવાન દૈવી પુરુષોની ઐશ્વર્યતામાં અંજાઈને ભ્રમણાયુક્ત જીવન જીવીને કાળના મુખમાં સદાને માટે વહ્યા કરે છે. આમ જન્મ-મરણના દુઃખને સહ્યા કરતા હોવાથી તેને સંસાર કહેવામાં આવે છે.

## પ્રોક્ષ વસ્ત પતિયારન, સંશે માનત સાર;
## અંધાધ્વંધ અનાદીકે, જીનું કહત સંસાર. ૧૪૨

### શબ્દાર્થ

**પ્રોક્ષ** = પરોક્ષ, ગેરહાજર, અદ્દશ્ય, પૂંઠ પાછળનું **વસ્ત** = વસ્તુ, પદાર્થ, પદ, દ્રવ્ય **પતિયારન** = વિશ્વાસ મુકી, પ્રીતિ ધારણ કરી, ભરોસો રાખીને **સંશે** = સંશયગ્રસ્ત, ભ્રમણાયુક્ત **માનત** = માને છે **સાર** = સાત્વ, શાશ્વત, પરમેશ્વર, શ્રેષ્ઠ **અંધાધ્વંધ** = આંધળે આંધળું, અંધાધુંધ ઢંગધડા વગરનું, અંધેર, અવ્યવસ્થિત **અનાદિકે** = અનાદિથી, પહેલેથી **જીનું** = જેને **કહત** = કહેવામાં આવે **સંસાર** = સંસાર.

### અનુવાદ

**પ્રોક્ષ પદો ભ્રમણા ભરેલ હોવા છતાં તેમાં વિશ્વાસ રાખી સાર રૂપ માને છે. આવું અનાદિથી જે અંધાધુધ (અંધેર) ચાલ્યું આવે છે તેને સંસાર કહેવાય.**

### ભાવાર્થ

વિશ્વમાં જેટલા પરોક્ષ પદો છે તે ભ્રમણા ભરેલા છે. તેમ છતાં અજ્ઞાનતાને કારણે તેમાં પ્રીતિ ધરાવીને તેને શ્રેષ્ઠ પરમેશ્વરનું પદ માને છે. આ પ્રમાણેની માન્યતા પ્રમાણે આદિ અનાદિથી અંધેર ચાલી આવ્યું હોવાથી તેને સંસાર કહેવામાં આવે છે.

**આવનકી જીનું ગમ નહીં, જાવનકી જેહી દ્વાર;**
**અબ નહીં પેખત એહી મમ, તીનું કહત સંસાર. ૧૪૩**

#### શબ્દાર્થ

**આવનકી** = આવવાની, આવ્યા તે બાબતની **જીનું** = જેમને **ગમ** = સમજ, જ્ઞાન, સૂઝ **નહીં** = નથી **જાવનકી** = જવાનું **જેહી** = જે **દ્વાર** = ઈન્દ્રિયોનો માર્ગ કે છેદ - આંખ, મોં, ઉપસ્થ, ગુદા અને બ્રહ્મરુંદ્ર - બહાર જવા માટેનો માર્ગ **અબ** = હવે, હાલ **નહીં** = નહીં **પેખત** = જોવું, નિહાળવું, અવલોકન કરવું **એહી** = તે **મમ** = મારું, હું પોતાના **તીનું** = તેને **કહત** = કહેવામાં આવે છે **સંસાર** = સંસાર, જગત.

### અનુવાદ

**હું ક્યાંથી આવ્યો છું ? અને કયા દ્વારે થઈને જવાનો છું ? વળી પોતાના સ્વ-સ્વરૂપને કોઈ નિહાળતું નથી તેને સંસાર કહેવામાં આવે છે.**

### ભાવાર્થ

આદિથી ભ્રમણાયુક્ત હદ-બેહદ પદોમાં પ્રીતિ રાખીને આંધળું અનુકરણ કરી અનહદની ઉપેક્ષા સર્વ છે જેને કારણે પિંડને ચલાવનાર તથા ચેતનતા બક્ષનાર અંશ ક્યાંથી આવ્યો છે ? દેહના અવધિકાળે તે ઈન્દ્રિયોના કયા દ્વારે થઈને નીકળવાનો છે તેમજ હાલમાં પાંચ દેહના આવરણોથી ઢંકાયેલું જે અંશસ્વરૂપ છે તેને કોઈ યથાર્થ રીતે નિહાળતું નથી. તેથી તેને સંસાર કહેવામાં આવે છે.

## કો હમ કો કિરતાર હે, નરણે નહીં નિરધાર;
## આદ્ય અંતકી અદબદ, ચલત સોઈ સંસાર. ૧૪૪

### શબ્દાર્થ

**કો હમ** = હું કોણ ? **કો કિરતાર હે** = કર્તા કોણ છે ? **નરણે** = નિર્ણય કરીને **નહીં** = નહીં **નિરધાર** = નક્કી કર્યું, નિશ્ચિત કર્યું **આદ્ય** = પ્રારંભ, શરૂઆતથી, આદિથી **અંતકી** = અંતની પ્રલયકાળની, છેવટની **અદબદ** = મોઘમ, અનિશ્ચિત, અચોકકસ, સંશયગ્રસ્ત **ચલત** = ચાલે છે **સોઈ** = તે **સંસાર** = સંસાર, જગત.

### અનુવાદ

**હું કોણ ? મારા કર્તા કોણ છે ? તેનો ચોક્કસ નિર્ણય કર્યા સિવાય આદિથી અંત સુધી અદબદપણે ચાલી રહ્યું છે તેને સંસાર કહેવાય છે.**

### ભાવાર્થ

શરીરમાં હુંકારો ભરનાર હું કોણ છું ? અર્થાત્ હું કોની સજાતિનો છું ? અને મારા કર્તા કોણ છે ? એટલે કે અંશ જેની સજાતિનો છે તે સર્જનહાર કોણ છે ? તે ગૂઢાર્થ ભરેલી બાબતનો ચોક્કસ નિર્ણય કર્યા સિવાય આદિ અનાદિથી અંત સુધી (જન્મથી તે મૃત્યુ સુધી) અદબદ રીતે રચનાનો ક્રમ ચાલ્યા કરે છે તેને સંસાર કહેવામાં આવે છે.

## એહી વિધિ શુધ્ય બિનું સબ જુગ, સંશેતિ સંસાર;
## આપા પર ઉત ઈતનકી, લહત ન વાર ન પાર. ૧૪૫

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ પ્રમાણે **શુધ્ય** = સાચી સમજ, પવિત્ર સૂઝ **બિનું** = સિવાય, વિના **સબ** = સર્વ, તમામ, સમસ્ત **જુગ** = વિશ્વ, જગત **સંશેતિ** = સંશયગ્રસ્ત, ભ્રમણાયુક્ત **સંસાર** = જગત, વિશ્વ **આપા પર** = પોતાના ઉપર નિજ ચૈતન સ્વરૂપથી પરે **ઉત-ઈતનકી** = અહિ અને ત્યાંની, આલોક અને પરલોકની મૃત્યુલોક અને દૈવી લોકની **લહત** = જાણ, સમજ માહિતી **ન** = નહીં **વાર** = વખત-વેળા, સમય **ન** = નહીં અને **પાર** = અંત, છેવટનું, હદ-સીમા **વાર ન પાર** = જેનો કોઈ પાર પામી ન શકે તેવું, વારપાર વિનાના ખુબ જ વિશાળ.

## અનુવાદ

**પોતાના (સ્વ) ચૈતન અંશ સ્વરૂપની અને દેવ તથા મૃત્યુ લોકથી પરે રહેલા પાર ન પામી શકાય તેવા અંશીને જાણતા નથી. આ પ્રમાણે સાચી સમજ સિવાય સમસ્ત જગત ભ્રમણાઓમાં વહ્યા કરે છે. તેથી તેને સંસાર કહેવાય છે.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા પ્રમાણે જગતના અજ્ઞાની દશામાં જીવતા જીવદશાના સર્વ જીવો છે, તેઓને પોતાનું સ્વ-ચૈતન અંશસ્વરૂપની ઓળખાણ અને તે જેના વંશનો છે એવા દેવ અને મૃત્યુલોકથી પણ પરે રહેલા પાર ન પામી શકાય તેવા અંશીની પણ સમજ નથી. આ પ્રમાણે સાચી સમજ સિવાય સમસ્ત જગતના સર્વ જીવો ભ્રમણાયુક્ત ઉપાસનાઓમાં વળગી રહીને સંશયગ્રસ્ત જિંદગી જીવે છે. પરિણામે જન્મ-મરણના કાળક્રમમાં વહ્યા જ કરે છે તેથી તેને સંસાર કહેવામાં આવે છે.

**વારપાર વિનું વિશ્વહી, અન્ધ પરમ સબ કોય;**
**વહે જાત કહી કાલકે, ઉલટી પૂંઠ ન જોય. ૧૪૬**

### શબ્દાર્થ

**વારપાર** = જેનો છેડો નથી તેવું **વિનું** = વગરનું, સિવાયનું **વિશ્વહી** = જગત **અન્ધ** = આંધળા, અજ્ઞાની **પરમ** = મહાન, વિશેષ **સબ** = સર્વ, તમામ **કોય** = કોઈ **વહે** = વહ્યા **જાત** = જાય છે **કહી** = કેટલાય, કેટલાક **કાલકે** = કાળથી **ઉલટી** = પાછા ફરીને **પૂંઠ** = પૂંઠ **ન** = નહીં **જોય** = જોયું, નિરખ્યું, તપાસ્યું.

## અનુવાદ

**વારપાર સિવાયના જગતમાં સર્વ કોઈ પરમ અંધ છે. તેથી ઘણા કાળથી વહ્યા જાય છે, પરંતુ પૂંઠ ઉલટાવીને કોઈ નિહાળતા જ નથી.**

## ભાવાર્થ

જગતની સર્વ રચનાનો કોઈ પાર પામી શકે તેમ નથી. એવા વાર પાર સિવાયના જગતમાં સૌ કોઈ પરમ અંધ એટલે કે, અત્યંત અજ્ઞાની જીવો છે. તેઓ અગાઉથી

ચાલી આવેલી રૂઢિગત માન્યતાઓ અને ભ્રમણાયુક્ત ઉપાસનાઓમાં અનેક યુગોથી એવા તો જકડાઈ ગયા છે. કે કોઈ પણ વ્યક્તિ પૂંઠ ઉલટાવીને (અવળા ફરીને, મૂળ પાછું વળીને) વેદોના જ્ઞાનને પણ તપાસવા તૈયાર નથી.

જે પદ માટે વેદોમાં ખુદ બ્રહ્માજીએ નેતિનું ઉચ્ચારણ કર્યું છે, તેમ છતાં તેવા પદને સ્થાને ગમે તેવા બાદલા પદો ઊભા કરીને દર્શાવવા પ્રયત્ન કરનાર આચાર્યો અને મહાપુરુષોની વાતોમાં જ ફસાઈ ગયા છે. પરિણામે જન્મ-મરણની ઘટમાળમાં વહ્યાં જ કરે છે.

**પૂઠ પુરાની સબનકી, જેહી અંશકી આદ્ય;**
**વિછડે તે ઈત કે ઈત, રહે સકલ પરસ્વાધ. ૧૪૭**

**શબ્દાર્થ**

**પૂઠ** = પૂંછ, પીઠ, શરીરનો પાછલો ભાગ **પુરાની** = પુરાણું, પ્રાચીન, જૂની, અસલી **સબનકી** = સર્વની **જેહી** = જે **અંશકી** = સકર્તા પતિના સજાણજાણ સજાતીય ચૈતન અલ્પ અંશ સ્વરૂપના **આદ્ય** = આદિ, પ્રથમથી **વિછડે** = છૂટા પડ્યા **તે** = ત્યારથી **ઈત કે ઈત** = તેમની તેમ જ, અહીંના અહીં જ **રહે** = રહેલા છે **સકલ** = સર્વ, તમામ, **પરસ્વાધ** = પરાધીન, પરતંત્ર, અન્ય ઉપર આધારિત, બીજાને તાબે, પરવશ.

**અનુવાદ**

**જ્યારે અંશો (કર્તાથી) છૂટા પડ્યા ત્યારથી શરૂઆતમાં પૂંઠ હતી તે જ પ્રમાણે (ઊલટી પૂંઠ કરીને) અહીંના અહીં જ રહેલા હોવાથી સૌ પરવશ થઈને રહ્યા છે.**

**ભાવાર્થ**

આદિકાળમાં કૈવલધામમાંથી સર્વ અંશો જ્યારે સકર્તા સર્જનહાર કૈવલકર્તાથી વિખૂટા પડ્યા ત્યારે તેમની પૂંઠ કૈવલધામ તરફ હતી. અહીં આ વિશ્વમાં આવ્યા પછી પણ કોઈએ પોતાની પૂંઠ પાછી ઊલટાવીને પોતાના મૂળ વતન તરફ કે પોતાના સ્વ-ચૈતન સ્વરૂપ તરફ નિહાળવા પ્રયત્નો કર્યા નથી. તેથી વિખૂટા પડ્યા પછી ઈત કે ઈત અર્થાત્ અહીંના અહીં જ દેહને વાશ (તાબે) થઈને રહેલા છે.

## પરસ્વાધીન સો પ્રકૃતિ વશ, જીનકે કરત કરાલ;
## તિનું વિકરાલ વિચરણસે, ઉલજેહુ અંશ નરાલ. ૧૪૮

### શબ્દાર્થ

**પરસ્વાધીન** = પરવશ, પરતંત્ર, પરાધીન, સ્વાયત નહીં તેવા **સો** = તે **પ્રકૃતિ** = માયા, આદ્યશક્તિ **વશ** = આધીન, તાબે, મોહિત, પ્રભુત્વ **જીનકે** = જેની, જેમની **કરત** = કર્મો, કાર્યશક્તિ **કરાલ** = ઉગ્ર, તીવ્ર, કઠોર, મજબૂત, જોરાવર **તિનું** = તેમનું **વિકરાલ** = ભયંકર, વિકરાળ, બિહામણુ, પ્રચંડ, વિશાળ **વિચરણસે** = પસારામાં, ભ્રમણમાં, પ્રભાવમાં **ઉલજેહુ** = ફસાયા, સપડાયા, તાબે થયા **અંશ** = સકર્તા પતિ સર્જનહારના સજાણજાણ સજાતીય અલ્પ ચૈતન સ્વરૂપ **નરાલ** = નિરાળા, શુદ્ધ, પવિત્ર, અપૂર્વ, અદ્દભુત.

### અનુવાદ

**જેનું કાર્યબળ અતિ ઉગ્ર છે તેવી પ્રકૃતિને (અંશો) વશ થઈ ગયા હોવાથી પરસ્વાધીન કહેવાયા. એવી ભયંકર માયાના પસારામાં જે નિરાલા અંશો હતા તે ફસાયા છે.**

### ભાવાર્થ

અગાઉની ચોપાઈમાં અંશો માટે જે પરસ્વાધીન સ્થિતિ કહી તેના અનુસંધાનમાં આ ચોપાઈ છે જેનું કાર્યબળ સમગ્ર બ્રહ્માંડમાં અતિ ઉગ્ર રૂપે વ્યાપેલુ છે એવી પ્રકૃતિમાં અંશો પરવશ થઈને ભટક્યા કરે છે. આ પ્રમાણે પસારામાં અંશો ફસાયા છે. જ્યારે પોતાના મૂળ વતન રૂપ કૈવલધામમાંથી નીકળ્યા ત્યારે શુદ્ધ અણિ અગ્ર અંકુરિત હતા પરંતુ પ્રકૃતિના પાશ રૂપ દેહના બંધનોમાં પરવશ થઈ ગયા છે.

## ઉલજણ સો અજ્ઞાનહી, આપા વિસર વિલાસ;
## ગુણ ઈન્દ્રિ અંતઃકરણ, જીનમે કરત હુલાસ. ૧૪૯

### શબ્દાર્થ

**ઉલજણ** = ઉલઝન, ફસાઇ જવું **સો** = તે **અજ્ઞાનહી** = અજ્ઞાન છે **આપા** = પોતાનું સ્વ-ચૈતન સ્વરૂપ **વિસર** = વિસરાઈ ગયું, ભુલાઇ જવાથી **વિલાસ** = ભોગવિલાસમાં, મોજમાં **ગુણ** = ત્રણ પ્રાકૃતિક ગુણઃ રજો, તમો અને સતો **ઈન્દ્રિ** = શરીરના અવયવોઃ કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિય **અંતઃકરણ** = ચાર અંતઃકરણઃ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર **જીનમે** = જેમાં **કરત** = કરે છે **હુલાસ** = મોજ-મજા, આનંદ, ઉલ્લાસ.

### અનુવાદ

**પોતાના (સ્વ) ચૈતનને વિસરીને ગુણ, ઈન્દ્રિય અને અંતઃકરણોના ભોગવિલાસ ભોગવીને મોજ-મજા કરવી તે જ અજ્ઞાનતાવસાત્ (અંશો) ફસાઈ જવું કહેવાય.**

### ભાવાર્થ

પોતાના સ્વ-ચૈતન અંશ સ્વરૂપના અખંડ સ્વરૂપને ભૂલી જઈને પ્રકૃતિના પ્રદેશ રૂપ ત્રણ ગુણ, દશ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણોના ભોગવિલાસ ભોગવીને મોજ-મજા તથા આનંદ કરવો એ જ અંશની અજ્ઞાનતા છે. આ રીતે પ્રકૃતિના પ્રભાવમાં આવી દેહને પરવશ થઈને રહેવું તે અજ્ઞાનતાવશાત્ ફસાઈ જવું કહેવાય.

**હુલસે હાસ વિનોદમેં, વિલસે વિપુ સબન્ધ;**
**વિપુ સબન્ધે વિપુવત ભયે, અતહી ઘોર તમ અન્ધ. ૧૫૦**

### શબ્દાર્થ

**હુલસે** = મોજ મજા કરે, ઉલ્લાસ કરે **હાસ** = હાસ્ય, આનંદ, ઉત્સાહ **વિનોદમેં** = મોજ, આનંદ, ક્રિડા, ખેલ, ગમ્મત, રમૂજ **વિલસે** = વિલાસીક, ભોગ વિલાસ, કામાસકતને લીધે **વિપુ** = દેહ, શરીર **સબન્ધ** = સબંધ, જોડાણ, દેહભાવ, આત્મભાવ **વિપુ** = શરીર, દેહ **સબન્ધે** = સંબંધે, જોડાણથી **વિપુવત** = શરીરમય, દેહરૂપ **ભયે** = થયો **અતહી** = તેથી **ઘોર** = અતિ, ગાઢ, વિશેષ **તમ** = અજ્ઞાન **અન્ધ** = આંધળો.

### અનુવાદ

**શરીર સંબંધે કરીને અંશ હાસ્ય-વિનોદ અને ઉલ્લાસમાં વિલાસી બન્યો. શરીર સંબંધે દેહરૂપ બની ગયા તેથી ગાઢ અંધકાર રૂપ અજ્ઞાન લાગુ પડ્યું.**

### ભાવાર્થ

સકર્તા પતિ સર્જનહાર કૈવલકર્તાના કૈવલધામમાંથી વિખૂટા પડ્યા પછી અંશને પરમકારણ, મહાકારણ, કારણ, સૂક્ષ્મ અને છેવટે સ્થૂળ દેહ પ્રાપ્ત થયો. કરોડો કલ્પોથી ભિન્ન-ભિન્ન પ્રકારના દેહમાં ભટકતા રહીને શરીરના સંબંધે હાસ્ય-વિનોદ અને મોજ-મજામાં અંશ વિલાસિક બન્યો. આ પ્રમાણે દેહની લાંબા સમયના સહવાસ

(સંબંધ)થી પોતે પોતાનું મૂળ (અંશ) સ્વરૂપ વિસરી ગયો એટલે સ્વયં દેહમય બની ગયો. જેથી અજ્ઞાન રૂપ અંધકારમય જીવન જીવીને જન્મ-મરણના ભવ દુઃખમાં ભટકતો રહ્યો.

**એસેહી અંધ અચેતન, જડ તન વત્ ગતિ પાય;**
**નિજપતિ અંશ અહંગ મમ, સો ગમ ગયેહુ ભુલાય. ૧૫૧**

**શબ્દાર્થ**

**એસેહી** = આ પ્રમાણે, એવી રીતે **અંધ** = આંધળો, અજ્ઞાની **અચેતન** = જડ, બેભાન, ચેતન વિનાનું **જડ** = જડ **તન** = શરીર **વત્** = ની જેમ **ગતિ** = સમજ, સૂઝ, બુદ્ધિ **પાય** = પ્રાપ્ત કરી, મેળવી **નિજપતિ** = પરમપતિ, નિજકર્તા **અંશ** = અંશ **અહંગ** = હું **મમ** = પોતે, મારા **સો** = તે **ગમ** = સમજ **ગયેહુ** = ગયા છે **ભુલાય** = ભુલાઈને, વિસરાઈને.

**અનુવાદ**

**આ રીતે અંશે અજ્ઞાનતાને કારણે અચેતન થઈને જડ શરીર જેવી જ ગતિ પ્રાપ્ત કરી. હું પોતે નિજપતિનો અંશ છું તે સમજ ભુલાઈ ગઈ.**

**ભાવાર્થ**

આ પ્રમાણે અંશ ઈન્દ્રિયોના ભોગવિલાસ ભોગવીને જડ શરીરના લાંબા ગાળાના સહવાસથી અજ્ઞાન અને અચેત બની પોતે શરીરવત્ બની ગયો. જેથી અંશ પોતે સકર્તાપતિ સર્જનહારનો સજાણજાણ સ્વ-ચૈતન સજાતીય અલ્પ સ્વરૂપ છે તે વાતને વિસરી ગયો અને દેહને વશ થઈ પોતે દેહ જેવો જ જડ છે તેમ માનવા લાગ્યો.

**ભુલેહુ એહી ગમ જબનસે, અહંગ આપ નિજ સોય;**
**તબસે અંશ અખિલ ઈત, રહે સકલ ભવ ભોય. ૧૫૨**

**શબ્દાર્થ**

**ભુલેહુ** = ભૂલી ગયો **એહી** = તે, એ **ગમ** = જાણ, સમજ, સૂઝ **જબનસે** = જ્યારથી **અહંગ** = નિજ જાણ, હું **આપ** = પોતે **નિજ** = મૂળ, આદિ, પોતાની **સોય** = જે હતી તે **તબસે** = ત્યારથી **અંશ** = અંશ **અખિલ** = સમસ્ત, બધી જ, સર્વ **ઈત** = પ્રાપ્ત કરેલું, મેળવેલું, પામેલું, અહીંયાં **રહે** = રહેલું, રહ્યું **સકલ** = સર્વ, તમામ **ભવ** = જગત, વિશ્વ **ભોય** = ભમતા, ભટકતાં, મોં.

### અનુવાદ

**પોતે અખંડ નિજ ચૈતન અંશસ્વરૂપે છે એવી સમજ જ્યારથી ભૂલાઈ ગઈ ત્યારથી જગતના સર્વ અંશો અહીંયા રખડતા જ રહ્યા છે.**

### ભાવાર્થ

પોતે અખંડ નિજ ચૈતન સજાણજાણ અંશસ્વરૂપે છે એવી સાચી સમજ જ્યારથી વિસરાઈ ગઈ છે ત્યારથી અખિલ સૃષ્ટિના સર્વ અંશો અહીંના મૃત્યુલોક અને દેવી-દેવતાઓના ધામોમાં ચાર પ્રકારની મુક્તિને આધીન થઈ જન્મ-મરણ ભોગવીને રખડતા રહેલા છે.

**એહી પરકાર વિકલ ભયે, નિજપતિ અંશ અચેત;**
**ક્રખી કાલ જીવ બીજગ, ઉદીત સદા ભવ ખેત. ૧૫૩**

#### શબ્દાર્થ

**એહી** = આ, તે **પરકાર** = પ્રકારે, રીતે **વિકલ** = વિકળ, વ્યાકુળ, અસમર્થ, બેચેન **ભયે** = થયા **નિજપતિ** = સર્જનહારના કૈવલકર્તાના **અંશ** = અંશો **અચેત** = જડ, ગાફલ, ચેતના રહિત **ક્રખી** = ખેડૂત **કાલ** = જીવન દરમિયાન, ઋતુ-મોસમ પ્રમાણે, કાળ **જીવ** = જીવ દશાવાળા **બીજગ** = બીજગોને **ઉદીત** = ઉગાડે છે **સદા** = સદાય, હમેશાં **ભવ** = ભવરૂપ, જગતરૂપ **ખેત** = ખેતર, ક્ષેત્ર.

### અનુવાદ

**જેમ ખેડૂત રૂપી કાળ બીજગ રૂપ જીવોને ખેતર રૂપ જગતમાં સદાને માટે ઉદય કરે છે, એ જ પ્રકારે નિજપતિના અંશો વ્યાકુળ થવાથી અચેત થાય છે.**

### ભાવાર્થ

જેમ ખેડૂત પોતાના ખેતરમાં બીજનું વાવેતર કરીને પાકને ઊગાડે છે. જ્યારે પાકની અવધિ થાય છે ત્યારે તે લણે છે. બીજી ઋતુમાં ફરીથી પાછા બીજા બીજગોને ઊગાડે છે અને ફરીથી લણે છે. આ પ્રમાણે ખેડૂતનો ક્રમ ચાલુ જ રહે છે.

એ જ રીતે બ્રહ્માંડ રૂપ બ્રહ્મક્ષેત્રમાં જીવોની ઉત્પત્તિ થાય છે અને કાળક્રમે મૃત્યુ પામે છે. આ ક્રિયા સતત ચાલ્યા કરે છે.

જીવદશા ભોગવવાની આ પ્રમાણેની સ્થિતિમાં નિજપતિનો અંશ કરોડો કલ્પોથી એક શરીરમાંથી બીજા શરીરમાં ક્રમાનુસાર કે કર્માનુસાર ભટકતો રહેવાથી વ્યાકુળ બનીને જડવત્ થઈ ગયો છે.

**યા વિધિ અંશ ચરાચર, આપનું આપ ગમાય;**
**રહે સકલ ઈતકે ઈત, પતિપે જાન ન પાય. ૧૫૪**

### શબ્દાર્થ

**યા વિધિ** = આ પ્રમાણે, આ રીતે **અંશ** = અંશ **ચરાચર** = સ્થાવર અને જંગમ ઘાટોમાં **આપનું આપ** = પોતાનું (સ્વ) ચૈતન નિજ જાણ સ્વરૂપ **ગમાય** = ગુમાવી દીધું ભૂલી ગયો, ખોઇ બેઠો **રહે** = રહે છે **સકલ** = સર્વ, તમામ, બધા **ઈતકે ઈત** = અહીંના અહીંજ **પતિપે** = પતિની પાસે **જાન** = જવા **ન** = નહીં **પાય** = પામ્યા, પામે.

### અનુવાદ

**આ પ્રમાણે સ્થાવર જંગમ ઘાટોના સર્વ અંશો પોતાના નિજ અંશ સ્વરૂપની સમજ ગુમાવી બેઠા છે. તેથી તેઓ અહીંના અહીં જ રહ્યા તેથી પતિ પાસે જવા પામ્યા નહીં.**

### ભાવાર્થ

આ રીતે સ્થાવર અને જંગમ સહિત ચાર ખાણવાળા ચોર્યાસી લાખ પ્રકારના ઘાટોમાં રહેલા સર્વ અંશો પોતાના નિજ અંશ સ્વરૂપની જાણ ગુમાવી બેઠા છે. એટલે જ્યારથી સર્જનહારથી છૂટા પડ્યા ત્યારથી કરોડો, કલ્પો વીતી ગયા તેમ છતાં મૃત્યુલોક અને દેવલોકમાં કર્મોને આધીન થઈ આવાગમન કર્યા કરે છે, પરિણામે ભવ-સંકટમાં વહ્યા કરે છે. જેથી અંશ જેની સજાતિનો છે એવા બ્રહ્માંડથી તીત રહેલા કૈવલકર્તાની પાસે પાછા જઈ શકતા નથી.

**જબ નિજપતિ કરુણામયે દયાવંત દિલ હેર;**
**આપને અંશ ઉબારન, પઠ્યેહુ પુરુષ કુવેર. ૧૫૫**

### શબ્દાર્થ

**જબ** = જેથી, ત્યારે, જ્યારે **નિજપતિ** = નિજ સકર્તાપતિ, નિજ કર્તા **કરુણામયે** = કરુણા કરીને કરુણાનિધીને **દયાવંત** = દેખાવ **દિલ** = હૃદયમાં, મનમાં, ચિત્તમાં, મરજી, ઈચ્છા **હેર** = મદદ, સહાય (જોવું) **આપને** = પોતાના **અંશ** = અંશોને **ઉબારન** = ઉદ્ધાર કરવો, તારવા **પઠયેહુ** = મોકલ્યા, પાઠવ્યા **પુરુષ કુવેર** = કુવેરસ્વામી પુરુષને.

### અનુવાદ

**જ્યારે દયાળુ કરુણેશ નિજપતિએ હૃદયમાં દયા લાવી જોયું ત્યારે પોતાના અંશોનો ઉદ્ધાર કરવા પરમ પુરુષ એવા કુવેરસ્વામીને મોકલ્યા.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં ગયેલા સર્વ અંશો પૈકીના કોઈ અંશ કૈવલધામમાં પરત પહોંચ્યા નહીં, પરંતુ આ ભવસાગરમાં જ ભટકી ગયા હતા. કરુણેશ કૃપાળુ એવા કૈવલકર્તાએ દિલમાં દયા લાવીને પોતાના દિવ્ય નેત્રો દ્વારા જ્યારે આ સ્થિતિને નિહાળી ત્યારે અજ્ઞાનના અંધકારમાં અથડાતા પોતાના સજાણજાણ અંશોનો ઉદ્ધાર કરવા માટે તેમના સાંનિધ્યમાં રહેલા પરમવિશેષ પાટવી અંશ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરને અંશ-અંશીનો લક્ષ આપવા માટે વિશ્વમાં મોકલ્યા.

**આયેહુ જુગન જદીપ હમ, ગ્રહી નિજ ગમ સમશેર;**
**ફના કરન તેહી ફંદકુ, જીનમે જીવ ઉર જેર. ૧૫૬**

### શબ્દાર્થ

**આયેહુ** = આવ્યો **જુગન** = જગતમાં **જદીપ** = જ્યારે **હમ** = હું **ગ્રહી** = ગ્રહણ કરીને, ધારણ કરીને **નિજ ગમ** = મૂળ માર્ગની જાણ (સમજ) નિજ જાણ રૂપ **સમશેર** = તલવાર **ફના** = નાશ, ધ્વંશ **કરન** = કરવા માટે **તેહી** = તે **ફંદકુ** = પાશને, જાળને, બંધનને, દુઃખને મૂંઝવણને, મુશ્કેલીને **જીનમે** = જેમાં જીવોના **જીવ** = જીવોના **ઉર** = હૃદય **જેર** = વિષ, ઝેર, પાયમાલ, આધીન, વશ, તાબે.

### અનુવાદ

**હું નિજ જાણ્ય રૂપ તલવાર ગ્રહણ કરીને જીવોના જીવનને પાયમાલ કરતા બંધનોને તોડવા માટે વિશ્વમાં આવ્યો છું.**

## ભાવાર્થ

કેવલધામમાંથી બ્રહ્માંડમાં આવવા માટે નીકળેલા કુવેરસ્વામીએ નિજ જાણ રૂપ તલવાર ધારણ કરી છે. કારણ કે, તેમનું કાર્ય જીવોને અંશ-અંશીનો લક્ષ દર્શાવીને જીવોના જીવનમાં જે દુઃખી કરનારા માયાવી બંધનો છે તેને ધ્વંશ કરવાનું છે. આવા ભગીરથ અને પરોપકારી કાર્ય માટે જ તેઓ વિશ્વમાં પધાર્યા છે.

**તેહી ઉલજણ અલપાવન, ઢાહાવન ઘડ અજ્ઞાન;**
**ભુલે હુ જેહી નિજ આપનપુ, કરવાવહુ અવિલાન. ૧૫૭**

### શબ્દાર્થ

**તેહી** = તે **ઉલજણ** = સમસ્યા, સ્થિતિ, ગૂંચવાડો, મુંઝવણ **અલપાવન** = ઓછી કરવા, દૂર કરવા **ઢાહાવન** = ઠેકાણે પાડવા, નષ્ટ કરવા, દૂર કરવા, શાંત પાડવા, ઠારવા **ઘડ** = પર્વત, મહાન, ગાઢ **અજ્ઞાન** = અજ્ઞાન **ભુલે હુ** = ભૂલા પડ્યા છે **જેહી** =જે **નિજ** = પોતાના **આપનપુ** = નિજ ચૈતનરૂપ, અંશ સ્વરૂપને **કરવાવહુ** = કરાવું છું **અવિલાન** = ઓળખાણ, સાચી સમજ.

## અનુવાદ

**તે સમસ્યામાંથી દૂર કરી તથા ગાઢ અજ્ઞાનને નષ્ટ કરીને જે પોતાનું ચૈતન સ્વરૂપ ભૂલાઈ ગયેલું છે તેની સાચી સમજ હું આપું છું.**

## ભાવાર્થ

આ વિશ્વમાં આવ્યા પછી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરનું મુખ્ય કાર્ય સાંસારિક બંધનોમાં જીવન જીવી રહેલા જીવોનું જન્મ-મરણનું જે મહાન દુઃખ છે તે સમસ્યાને હલ કરવાનું છે. સગુણ અને નિર્ગુણની દઢ થયેલી માન્યતાઓ રૂપી અજ્ઞાનના આવરણો અને દેહના બંધનોને દૂર કરવાં તેમજ અંશની શુદ્ધ ચૈતન સ્વરૂપની સાચી અને યથાર્થ સમજ આપવા આ જગતમાં આવ્યાં છે.

**જબ તે જીવ સકલ અબ, આવહુ શરણ હમાર;**
**જેતને ભર આવી શકો, તાહી કરહુ ભવપાર. ૧૫૮**

### શબ્દાર્થ

**જબ તે** = તેટલા માટે, જેથી **જીવ** = જીવ દશા ભોગવવાવાળા જીવો **સકલ** = સર્વ, તમામ, દરેક **અબ** = હવે **આવહુ** = આવો **શરણ** = શરણમાં, શરણે **હમાર** = મારા **જેતને ભર** = જેટલા બને તેટલા **આવી શકો** = આવી શકાય **તાહી** = તેમને **કરહુ** = કરીશ **ભવપાર** = ભવ સિંધુથી પાર, મુક્ત, જન્મ-મરણમાંથી સંપૂર્ણપણે છૂટકારો, અખંડ મુક્તિ.

### અનુવાદ

**તેટલા માટે હે સર્વ જીવો ! હવે તમે મારા શરણમાં આવો. જેટલા મારે શરણે આવશો તેટલાને હું ભવપાર કરીશ.**

### ભાવાર્થ

કૈવલકર્તા દ્વારા કુવેરસ્વામીને મોકલવા માટેનો આશય અને તેમની સામર્થ્યતાને અગાઉની ચોપાઈ દ્વારા આપણે જાણી સર્વ જીવને તેમના શરણમાં આવવા માટે તેમના તરફથી આહવાન, આપવામાં આવ્યું છે. સાથે સાથે બાંહેધરી પણ આપવામાં આવે છે કે જેટલા બની શકે તેટલી સંખ્યામાં શરણે જીવોને તેઓ પંચમી અખંડ મુક્તિ પ્રદાન કરીને સદાને માટે જન્મ-મરણનું જે મોટામાં મોટું દુઃખ છે તેમાંથી મુક્ત કરશે.

**ચરન શરન આવન ગતિ, તેહી મતિ દેહુ બતાય;**
**તન મન સેતી ધન લ્યહુ, હમસે કછુ ન દુરાય. ૧૫૯**

### શબ્દાર્થ

**ચરન** = ચરણની પૂજા, ભક્તિ કરવી **શરન** = આશરો, આશ્રય **આવન** = આવવાની **ગતિ** = રીત, સમજ, વિધિ, પદ્ધતિ **તેહી** = તે **મતિ** = ભાવ, બુદ્ધિ, મનનું વલણ, પ્રાર્થના **દેહુ** = આપુ છું, દઉં છું **બતાય** = બતાવી, દર્શાવી **તન** = શરીર, દેહ **મન** = મન અંતઃકરણ **સેતી** = સાથે, ની સંગાથે ધન = સંપતિ, દોલત, પૈસા **લ્યહુ** = સુધી, સહિત **હમસે** = મારાથી, અમારાથી **કછુ** = કાંઈ પણ **ન** = નહીં, નથી **દુરાય** = અળગું, દૂર, વેગળું, છૂટે, આઘે, અંતર.

### અનુવાદ

**ચરણમાં કે શરણમાં આવવા માટેની વિધિ (પદ્ધતિ) બતાવી દઉં છું**

**(આપુઉં છું) કે તન, મન અને ધન સહિત કશું પણ મારાથી અળગું રાખશો નહીં.**

## ભાવાર્થ

પરમગુરુના ચરણમાં જઈ તેમના શરણાગત થવાની જે પદ્ધતિ (વિધિ-રીત) છે તે સમજ દિવ્ય પરમગુરુએ દર્શાવી છે. શરણે આવનાર મુમુક્ષુ જનોએ તન મન અને સંપત્તિ (ધન) સહિત બધું જ ગુરુદેવના શરણમાં સમર્પિત કરી કશું પણ અળગુ ન રાખતાં સર્વાંગે સમીપ રહેવાનું છે.

**એહી વિધિ જેહી અધિકારન, ધારન દઢ ગંભીર;**
**દેખત હી ભવ સિંધુત્યે, તુરત લગાવહુ તીર. ૧૬૦**

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ પ્રમાણે, એ રીતે **જેહી** = જે **અધિકારન** = પાત્રતા, લાયક, ફરજવાન, યોગ્યતા **ધારન** = ધારણ કરીને ગ્રહણ કરીને, મેળવીને **દઢ** = મક્કમ, દઢતાપૂર્વક, અચલ, ફરે-ડગે નહીં તેવું **ગંભીર** = ગહન, ગૂઢ, અહોભાવ અને માન ઉપજાવે તેવું, પ્રૌઢ, ઠરેલ સ્વભાવવાળું **દેખત હી** = દેખતાની સાથે, તરત જ, જોતાં જ **ભવ સિંધુત્યે** = સંસાર સાગરમાંથી **તુરત** = તરત જ, તત્કાળ **લગાવહુ** = પહોંચાડી દઈશ, લગાવી દઈશ **તીર** = કિનારે, પેલે પાર, ભવપાર.

## અનુવાદ

**આ પ્રમાણેની લાયકાત કેળવેલી અને દ્રઢ મક્કમતા ધારણ કરેલી દેખતાની સાથે ભવસાગરના કિનારે તરત જ પહોંચાડી દઈશ.**

## ભાવાર્થ

પરમગુરુનાં શરણમાં સેવકની તન-મન અને ધન સહિત સર્વસ્વ સમર્પણની દઢ ભાવના, યોગ્યતા, વલણ અને સદ્‌ગુણો નજરે પડતાની સાથે જ ગુરુદેવ એવા અધિકારી જીવો ઉપર કરુણા વરસાવે અને કર્મોને માફ કરી ભવસાગરની પાર પહોંચાડી દે છે.

**જુગ જાહેર બાહેર મહી, અનભે જ્ઞાન હમેર;**
**સરલ મુમુક્ષુ શુદ્ધ ચિત્તે, સૂનત જાય ભવફેર. ૧૬૧**

### શબ્દાર્થ

**જુગ** = જગતમાં, વિશ્વમાં **જાહેર** = પ્રસિદ્ધ **બાહેર** = બહાર, અંતરિક્ષના ધામ, ચૌદ દેવલોક **મહી** = માં **અનભે** = ભય રહિત, નિર્ભય **જ્ઞાન** = જ્ઞાન **હમેર** = મારું, અમારું **સરલ** = સરળ, સહજ, નિખાલસ **મુમુક્ષુ** = મોક્ષની ઇચ્છા ધરાવતા **શુદ્ધ ચિત્તે** = પવિત્ર ચિત્તથી, નિર્મળ ચિત્તે **સૂનત** = સાંભળતાની સાથે જ, શ્રવણ કરતાં જ **જાય** = જાય, થાય, નષ્ટ થાય **ભવફેર** = ભવના ફેરા, જન્મ અને મરણના ફેરા ફરવાનું.

### અનુવાદ

**મારું જ્ઞાન જગતની અંદર અને બહાર જાહેર છે. સરળ મુમુક્ષુ જન શુદ્ધ ચિત્તથી શ્રવણ કરશે તેનું ભવમાં ફરવાનું ટળી જાય છે.**

### ભાવાર્થ

જે મુમુક્ષુ પક્ષાપક્ષ રહિત શુદ્ધ અને સરળ ચિત્તે આ જ્ઞાનને ગ્રહણ કરી યોગ્ય અધિકારી બનીને સમર્પિત થાય તો તેવા મુમુક્ષુને યથાર્થ જ્ઞાનના શ્રવણ થકી ગુરુકૃપા પ્રાપ્ત થાય છે. ત્યારબાદ તેના ફળ (પરિણામ) સ્વરૂપે મુમુક્ષુજનોનું ચાર ખાણમાં ભટકીને ગર્ભ સંકટ ભોગવવાનું મહાન કષ્ટ હમેશાંને માટે દૂર થાય છે.

**ભવકે ફેર ફરાગત્ય, સો મત્ય હમસે પાય;**
**આદ્ય અંત મધ્યકી ગમ, દરસે પરમ પરાય. ૧૬૨**

### શબ્દાર્થ

**ભવકે ફેર** = ભવના ફેરા, જગતના ફેરા **ફરાગત્ય** = ફારગતી, છૂટું, મુક્ત **સો** = તે **મત્ય** = મતિ, બુદ્ધિ, સમજ **હમસે** = અમારી પાસેથી, મારી પાસેથી **પાય** = પ્રાપ્ત કરે, મેળવે **આદ્ય** = શરૂઆત, પ્રારંભની **અંત** = છેવટનું, અંતનું **મધ્યકી** = પસારાની, વર્તમાનની **ગમ** = સમજ, જાણ, જ્ઞાન **દરસે** = જણાય, ખબર પડે, દરશાય **પરમ** = શ્રેષ્ઠ, પરમપદ, અંતિમ પદ **પરાય** = સૌથી પરે, પર રહેલું.

### અનુવાદ

**ભવના ફેરામાંથી મુક્ત થવાની સમજ મને મળવાથી જ પ્રાપ્ત થશે.**

**જેથી આદ્ય, મધ્ય અને અંતની તેમજ સૌથી પરે રહેલા પરમપદની પણ જાણ થશે.**

## ભાવાર્થ

કેવલ વેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના શરણમાં જઈને સમર્પિત મુમુક્ષુ તરીકેનો અધિકાર પ્રાપ્ત કરવાથી ભવના ફેરામાંથી નિશ્ચિતપણે મુક્તિ મેળવવાની સમજ પ્રાપ્ત થાય છે. વળી સૃષ્ટિની આદ્ય, મધ્ય અને પ્રલયકાળની સાચી સમજ તેમજ સમગ્ર બ્રહ્માંડથી તીત રહેલ પરમપદની જાણ થાય છે.

**પરમ પરાય પરમપદ, જેહી સદ નિજ કરતાર;**
**તેહી ઘર સધર બસાવહુ, જો હોય હંસ હમાર. ૧૬૩**

### શબ્દાર્થ

**પરમ** = શ્રેષ્ઠ, અંતિમ **પરાય** = બ્રહ્માંડથી તીત, સર્વથી પરે **પરમપદ** = પરમપદ **જેહી** = જે **સદ** = સદાયકાળ, હંમેશને માટે, સદાસર્વદા, શાશ્વત, અવિનાશી **નિજ** = પોતે, મૂળ, આદિ **કિરતાર** = સર્જનહાર **તેહી** = તે **ઘર** = ધામ, ઠેકાણું, વસવાટ **સધર** = સદ્ધર, શક્તિશાળી, પ્રચંડ **બસાવહુ** = વસવાટ કરાવું, વસાવું, નિવાસ કરાવું **જો** = જે, જો **હોય** = હોય, થાય **હંસ** = અણિ અગ્ર અંકુરિત થયેલો અંશ, હંસગતિવાળો અંશ **હમાર** = અમારો, મારો.

## અનુવાદ

**જે અવિનાશી (શાશ્વત) નિજ કિરતાર છે કે જેમનું પરમપદ સર્વથી પરે રહેલું છે. જે હંસ મારો થાય તો તેને તે સદ્ધર ઘરમાં (ધામમાં)વસાવીશ (વસવાટ કરાવીશ).**

## ભાવાર્થ

ભક્તની સ્થિતિ અંગે પરમગુરુ કહે છે કે જે કોઈ શિષ્ય સમગ્ર જીવન દરમિયાન તેમના શરણમાં તન, મન અને ધન સહિત સમર્પિત થઈને રહેતો હોય તો તેવા અધિકારી સેવકને તેઓ હંસ ગતિવાળા કરી દે છે. ત્યાર બાદ દેહને અંતે બ્રહ્માંડથી તીત એવા સદ્ધર કૈવલધામમાં મોકલે છે. કૈવલધામમાં પહોંચેલા અંશો હંસ સ્વરૂપે મહાકલ્પ સુધી નિવાસ કરે છે.

## કોટિ કલપકે પતિનસે, વિછડેહુ અંશ ચ્યૌ વેર;
## તાહી મેલાવન ટેરત, સામ્રથ શ્રીમત્ કુવેર. ૧૬૪

### શબ્દાર્થ

**કોટિ** = અસંખ્ય, કરોડો, વર્ગ, પ્રકાર **કલપકે** = જગતના આયુષ્યનો કાળ, જગતની ઉત્પત્તિથી માંડીને નાશ થાય ત્યાં સુધીનો વખત, ૧૦૦૦ મહાયુગ (યુગની ચોકડી) જેટલો સમયગાળો **પતિનસે** = પતિથી, કૈવલકર્તાથી **વિછડેહુ** = છૂટા પડ્યા છે, વિખરાયા છે **અંશ** = સકર્તા પતિના સજાણજાણ સજાતીય સ્વ-ચૈતન અલ્પ સ્વરૂપ **ચ્યૌ વેર** = ચારેય બાજુ, ચોતરફ **તાહી** = તેમને, તેઓને **મેલાવન** = મેળાપ કરાવવા માટે **ટેરત** = જ્ઞાનનું ઉચ્ચારણ, સિંહ ગર્જનાયુક્ત અવાજ, હાક દઈને કરાતો પોકાર **સામ્રથ** = સમર્થ, ધુરંધર, શક્તિમાન **શ્રીમત્** = જેમનો મત સર્વ શ્રેષ્ઠ છે એવા ધર્મસ્થાપક **કુવેર** = કુવેરસ્વામી.

### અનુવાદ

**કરોડો કલ્પોથી પતિના ધામમાંથી અંશો ચારે બાજુ ફેલાયેલાં છે. તેમનો મેળાપ કરાવવા માટે જ સમર્થ શ્રીમત્ કુવેરસ્વામી જ્ઞાન થકી પોકાર કરે છે.**

### ભાવાર્થ

બ્રહ્માંડની રચનાના પ્રારંભમાં કરેલી સર્વ પ્રકારના દેહો સહિત વૈરાટની સ્થૂળ રચના નિસ્તેજ રહી, ત્યારે પોતાની છઠ્ઠી અંશવૃત્તિથી ત્રણ પ્રકારના અંશો ઉત્પન્ન કર્યા. જેમ ખેડૂત અનાજના કણને ખેતરમાં વાવે છે તેમ સર્વ અંશો બ્રહ્માંડમાં ચારે તરફ વિખેરાયા અને ક્રમશઃ પરમકારણ, મહાકારણ, કારણ, સૂક્ષ્મ અને સ્થૂળ દેહમાં ભટકવા લાગ્યા. જેમાં સામાન્ય અંશો સ્થાવર જંગમના ચોર્યાસી લાખ પ્રકારના અસંખ્ય સ્થૂળ ઘાટોમાં રમણ કરતા રહ્યા. સર્વ ઘાટોમાં શ્રેષ્ઠ અને મહામોંઘો મનુષ્યદેહ પ્રાપ્ત કરેલ અંશોનો પરમપિતા સાથે મેળાપ કરાવવા માટે જ ધર્મ ધુરંધર શ્રીમત્ કુવેરસ્વામી સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરીને અંશ-અંશીનો લક્ષ દર્શાવતા કૈવલજ્ઞાનનો પોકાર કરે છે.

## જબી જેહી ચહે હો પરમ ગત્ય, તેહી હમસે રત લાવ;
## પાર કરન જેહી ચઢનકુ, મમ અનુભવ ભવ નાવ. ૧૬૫

### શબ્દાર્થ

**જબી** = જેથી **જેહી** = જે, જેઓ **ચહે હો** = ચાહતા હો તો, ચાહના રાખતા હોય તો, ઈચ્છા હોય તો **પરમ ગત્ય** = પરમ શ્રેષ્ઠ ગતિ માટેની **તેહી** = તેવાઓ, તેમને **હમસે** = અમારામાં, મારામાં **રત** = પ્રીતિ,

પ્રેમ, રત્ય, આરત **લાવ** = લાવો, લાવવી **પાર કરન** = પાર કરવા માટે **જેહી** = જે **ચઢનકુ** = બેસવા, બેસાડીને **મમ** = મારા **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, અજમાયશ, મહાવરો **ભવ** = ભવસાગર **નાવ** = નૌકા, નૈયા, વહાણ, જહાજ, નાવડું, સમુદ્રમાં તરી શકે તેવું વહાણ.

## અનુવાદ

**જેઓ પરમગતિની ચાહના રાખતા હોય તેમણે મારામાં પ્રીતિ રાખવી જોઈએ. જેથી મારા અનુભવ રૂપ નાવમાં જે અંશો ચઢી જશે તેમને હું ભવપાર કરાવીશ.**

## ભાવાર્થ

જે મુમુક્ષુજનો, સર્જનહારના પરમશ્રેષ્ઠ કૈવલધામમાં જવા માટેની ઈચ્છા રાખતા હોય તે બધા અંશોએ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર ઉપર વિશ્વાસ ધારણ કરીને તેમના કહ્યા મુજબના માર્ગે ગમન કરવું પડશે.

જે જે અંશો તેમના ચરણરજના અધિકારી બનીને પ્રીતિપૂર્વક સર્જનહારને મળવાની આરત ધરાવતા હશે, તેવા અંશોને ગુરુદેવ પોતાના અનુભવ રૂપી નાવના સામર્થ્યથી સંસાર સાગર પાર કરાવીને સર્જનહારના ધામમાં પહોંચાડશે.

### નિજપતિ અતિ હેત કારણે, આયેહુ અવન્ય કુવેર;
### જદીપ કહત જીવ સબનકુ, ભવમે બજાયન ભેર. ૧૬૬

#### શબ્દાર્થ

**નિજપતિ** = નિજ સકર્તા પતિ, આદિ સર્જનહાર **અતિ** = અત્યંત, વધુ, ઘણા, વિશેષ, અતિશય **હેત** = પ્રેમ, પ્રીતિ **કારણે** = ને લીધે **આયેહુ** = આવ્યો છું **અવન્ય** = પૃથ્વી પર, ધરતી પર **કુવેર** = કુવેરસ્વામી **જદીપ** = જેથી, તેના કારણે **કહત** = કહુ છું **જીવ** = જીવદશા, ભોગવવાવાળા **સબનકુ** = સર્વ, તમામ, સૌને **ભવમે** = વિશ્વમાં, જગતમાં **બજાયન** = વગાડીને **ભેર** = ભૂંગળ, નોબત, ઢોલ, દુંદુભી.

## અનુવાદ

**નિજ પતિના અત્યંત હેતને કારણે જ કુવેરસ્વામી કહે છે કે હું પૃથ્વી પર આવ્યો છું. તેથી વિશ્વમાં ભૂંગળ વગાડીને સર્વ જીવોને કહુ છું.**

### ભાવાર્થ

વિશ્વમાં દુઃખી થતા સર્વ સામાન્ય અંશોને નિહાળ્યા બાદ સકર્તા પતિ કૈવલકર્તાને પોતાના અંશોની બેહાલ સ્થિતિ જોઈને અંશો પ્રત્યેના અત્યંત હેતને કારણે પોતાના સાંનિધ્યમાં રાખેલા પરમવિશેષ પાટવી અંશને પૃથ્વી પર સર્જનહારનો સંદેશો પાઠવવા મોકલ્યા છે. તેના કારણે જ કુવેરસ્વામી અંતરિક્ષના દૈવી ધામોમાં કૈવલકર્તાનો લક્ષ આપીને છેલ્લે પૃથ્વી પર પધાર્યા છે.

આ હકીકત રૂપ કૈવલજ્ઞાનને તેઓ જગતની સામે ઢોલ વગાડીને પ્રસિદ્ધ કરે છે.

## જ્ઞાન ભેર ગમ ગરજીત, જન મન કરન સચેત;
## બીનહુ સચેત અચેતન, ઉપજત નહીં કીનુ હેત. ૧૬૭

#### શબ્દાર્થ

**જ્ઞાન** = જ્ઞાન **ભેર** = ભૂંગળ, ઢોલ, દુંદુભિ, નોબત **ગમ** = જાણ્ય, સમજ, બુદ્ધિ **ગરજીત** = ગર્જનાયુક્ત **જન** = લોકોના **મન** = મન અંતઃકરણ **કરન** = કરવા માટે **સચેત** = સચેતન, સાવધ **બીનહુ** = વગર, સિવાય **સચેત** = સાવધ **અચેતન** = અચેત, જડ **ઉપજત** = ઉપજે, પેદા થાય **નહીં** = નહીં **કીનુ** = કોઈને પણ **હેત** = પ્રેમ, પ્રીતિ, આરત.

### અનુવાદ

**લોકોના મનને સચેતન કરવા માટે જ્ઞાન રૂપ દુંદુભિની ગર્જના કરી કારણ કે, સચેત સિવાયના અચેતન જીવો પૈકી કોઈને પરમગુરુ પ્રત્યે હેત ઉપજે નહીં.**

### ભાવાર્થ

જ્ઞાનથી અંધ અને જીવદશા ભોગવતા માનવોને સચેત કરવા માટે ગર્જનાયુક્ત કૈવલજ્ઞાનની દુંદુભિ વગાડીને જાગ્રત કર્યા. જેથી લોકોને પરમપદના લક્ષની જાણ થાય. જો સર્વ જીવો ચેતના સિવાયના જડ બુદ્ધિવાળા જ રહે તો તે અચેત જીવોને ગુરુદેવ પર હેત ઉત્પન્ન થતું નથી.

**બીનહુ હેત સતગુરુ ઉરે, ઉલસત નહીં અહંમેવ;**
**બિનું અહંમેવ સદેવકે, દેઈ ન શકત કીનું ભેવ. ૧૬૮**

### શબ્દાર્થ

**બીનહુ** = સિવાય, વિના, વગર **હેત** = પ્રીતિ, પ્રેમ **સતગુરુ** = સદ્‌ગુરુ **ઉરે** = હૃદયમાં **ઉલસત** = ઉપજે, ઉત્પન્ન થાય **નહીં** = નહીં **અહંમેવ** = શિષ્ય ભાવ, લાગણી, ઉમળકો **બિનું** = વગર, સિવાય, વિના **અહંમેવ** = લાગણી, ઉમળકો **સદેવકે** = સદ્‌ગુરુ દેવને **દેઈ** = આપી **ન** = નહીં **શકત** = શકે **કીનું** = કોઈને **ભેવ** = ગુપ્ત જ્ઞાન, આત્મસ્વરૂપ, આપનપુનો વેશ, રહસ્ય, ભેદ.

### અનુવાદ

**સદ્‌ગુરુ પ્રત્યે હૃદયમાં હેત ઉપજ્યા સિવાય ઉમળકાભર્યો પ્રેમ ઉત્પન્ન થાય નહીં અને શિષ્ય ભાવ સિવાય સદ્‌ગુરુ દેવ કોઈને આપનપુ સ્વરૂપનું જ્ઞાન આપે નહીં.**

### ભાવાર્થ

જ્ઞાન ગર્જના કરવાં છતાં પણ જીવો જાગ્રત ન થાય જીવોને સદ્‌ગુરુ પ્રત્યે ઉમળકાભર્યો પ્રેમ ઉત્પન્ન થાય નહીં. જો શિષ્યભાવ ન ઉત્પન્ન થાય તો સદ્‌ગુરુદેવ કોઈને પણ આપનપુ નિજ શુદ્ધ ચૈતન સ્વરૂપ અને પતિપદનું સ્થાપન કરતા કૈવલ જ્ઞાનનો લક્ષ આપે નહીં.

**તેહી કારણ ઉપજાવન, સબકે ઉર અનુરાગ;**
**કથહુ જ્ઞાન ગૂઢ અદ્‌ભુત, ભવ જૂથ કરન સમાગ. ૧૬૯**

### શબ્દાર્થ

**તેહી** = તે **કારણ** = કારણ **ઉપજાવન** = ઉપજાવવા માટે **સબકે** = દરેકના સર્વના **ઉર** = હૃદયમાં **અનુરાગ** = પ્રીતિ, આદરભાવ, ગાઢ સ્નેહ, લગની **કથહુ** = કહુ છું, જણાવું છું, દર્શાવું છું **જ્ઞાન** = જ્ઞાન **ગૂઢ** = ગુઢાર્થભર્યું **અદ્‌ભુત** = આશ્ચર્યજનક, અલૌકિક, વિસ્મય ઉત્પન્ન કરનારું **ભવ** = જગતના **જૂથ** = સમૂહને **કરન** = કરવા માટે **સમાગ** = સમાગમ, મેળાપ, ભેગા કરીને, એકત્ર કરી.

### અનુવાદ

**દરેકના હૃદયમાં પરમગુરુ પ્રત્યે આદરભાવ ઉપજે તે માટે જગતમાં જીવોના**

**સમૂહને એકત્ર કરી ગૂઢ અને અદ્‌ભુત જ્ઞાન જણાવું છું.**

### ભાવાર્થ

જગતના વિષયી, અર્થાર્થી, મુમુક્ષુ અને જીજ્ઞાસુ એમ ચારે પ્રકારના જીવોના હૃદયમાં ગુરુદેવ પ્રત્યે આદરભાવ ઉત્પન્ન થાય તે જરૂરી છે. તે માટે જગતના દરેક વૃત્તિવાળા જીવોના સમૂહને એકત્રિત કરીને દરેક પ્રત્યે સમાન આત્મ બંધુત્વનો ભાવ ધારણ કરી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર ગૂઢાર્થ ભરેલા અદ્‌ભુત કૈવલજ્ઞાનનો બોધ કરે છે.

**ભવ જુથ સજન સમોહકુ, વિલસાવન આનંદ;**
**પરમ અર્થહી કુવેર તનુ, કરન સકલ નિરદ્વંદ. ૧૭૦**

### શબ્દાર્થ

**ભવ** = જગત, વિશ્વ, સંસાર **જુથ** = સમૂહ **સજન** = સજ્જન **સમોહકુ** = સમુદાયને **વિલસાવન** = માણવું, ભોગવવું **આનંદ** = ખુશી, પ્રસન્નતા, સુખ, આહ્‌લાદ, મોહ **પરમ અર્થહી** = પરમાર્થ માટે, પરોપકાર અર્થે **કુવેર** = કુવેરસ્વામીનું **તનુ** = શરીર, દેહ **કરન** = કરવા માટે **સકલ** = બધા, સૌ, સર્વ, તમામ **નિરદ્વંદ** = શંકાનું સમાધાન, ઉપાધિમાંથી મુક્ત, બંધનમાંથી છૂટકારો, જડ-ચેતનનો નિવેડો.

### અનુવાદ

**જગતમાં સજ્જનોનો સમૂહ જ્ઞાનનો આનંદ માણે તે માટે દરેક પ્રકારની દ્વંદમાંથી મુક્ત કરવાના પરોપકાર અર્થે કુવેરસ્વામીનો દેહ છે.**

### ભાવાર્થ

જગતમાં સજ્જનોના જૂથથી બંધાયેલા અલગ-અલગ સમુદાય છે. તે સર્વ સમુદાય પોતાને લાગેલા માયિક બંધનોમાંથી મુક્ત થઈને તમામ સજ્જનો મનુષ્ય દેહ થકી આત્મકલ્યાણનો ઉદ્દેશ પૂર્ણ થવાનો આનંદ માણે તેવા પરોપકારી કાર્ય માટે જ કુવેરસ્વામી દિવ્યદેહ ધારણ કરીને પ્રગટ થયેલા છે.

**નિરદ્વંદે નિરલેપહી, હંસા કરી સુજાન;**
**કહે કુવેર પહોંચાવહુ, અપને પરમ ઠેકાન. ૧૭૧**

### શબ્દાર્થ

**નિરદ્વંદે** = માયિક ઉપાધિમાંથી મુક્ત, જડ-ચેતનનો નિવેડો, બંધનમાંથી છૂટકારો **નિરલેપહી** = નિર્મળ, અલિપ્ત, લોપાયા વિનાનું, અનાસક્ત **હંસા** = હંસવૃત્તિવાળા **કરી** = કરીને **સુજાન** = સજાણજાણ, પોતાના (સ્વ) ચૈતન સ્વરૂપની પહેચાન **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **પહોંચાવહુ** = પહોંચાડીશ **અપને** = પોતાના **પરમ** = શ્રેષ્ઠ, અંતિમ **ઠેકાન** = ઠેકાણે, મુકામે, નિવાસસ્થાને, ધામે.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે હું અંશને માયિક ઉપાધિઓથી નિર્મલ હંસ સ્વરૂપે બનાવીને સ્વ-ચૈતન સ્વરૂપની પહેચાન કરાવીશ તથા પોતાના મૂળ મુકામે પહોંચાડીશ.**

### ભાવાર્થ

વિવિધ દેહોના લાંબા સમયના સંસર્ગથી અંશ પોતાનું (નિજ) ચૈતન સ્વરૂપ ભૂલી ગયેલો છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર અંશ ઉપર ચઢેલા દેહના આવરણો દૂર કરીને નિર્મલ હંસ સ્વરૂપે બનાવે છે. જેથી અંશને પોતાના ભુલાયેલા નિજ (સ્વ) ચૈતન સ્વરૂપની સાચી જાણ થાય છે. વળી અંશ જેવો કૈવલધામમાંથી આવ્યો હતો તેવો જ અણિ અગ્ર અંકુરિત સ્વરૂપે કરી દે છે. ત્યારબાદ તે જ્યાંથી આવ્યો હતો તે મૂળ વતન રૂપ કૈવલધામમાં પાછો પહોંચાડે છે.

**પરમ ઠેકાન પરમપતિ, ખૂદ છેવટ કિરતાર;**
**સોહી કૈવલ સબ અંશકે, સામ્રથ સરજનહાર. ૧૭૨**

### શબ્દાર્થ

**પરમ** = શ્રેષ્ઠ, મહાન, અંતિમ **ઠેકાન** = ઠેકાણું **પરમપતિ** = સકર્તા પતિ, કૈવલ પતિ **ખૂદ** = પોતે, અસલ, સ્વયં **છેવટ** = અંતિમ, સર્વથી પરે, છેડે **કિરતાર** = સર્જનહાર, રચનાના રચનાર, સર્વના કર્તા **સોહી** = તે **કૈવલ** = કૈવલકર્તા **સબ** = સર્વ **અંશક** = અંશોના **સામ્રથ** = સમર્થ, સામર્થ્યવાન, સર્વને ધારણ કરનાર **સરજનહાર** = નિજકર્તા, સર્વના કરનાર

### અનુવાદ

**પરમપતિનું ધામ શ્રેષ્ઠ છે, એવા અંતિમ ધામના તેઓ ખુદ (પોતે) કર્તા છે. તે કૈવલકર્તા સર્વ અંશોના સમર્થ સર્જનહાર છે.**

### ભાવાર્થ

પરમપતિનું શ્રેષ્ઠ એવું કૈવલધામ બ્રહ્માંડની મધ્યે આવેલું છે. તે કૈવલધામ જ સૌનું અંતિમ ઠેકાણું (સ્થાન) છે. તે જ ધામના તેઓ સ્વયં સર્જનહાર છે.

એવા મહદ્ સજાણજાણ સ્વરૂપ કૈવલકર્તા સામાન્ય, વિશેષ અને પરમવિશેષ એ ત્રણે પ્રકારના અંશોને ઉત્પન્ન કરનાર સમર્થ સર્જનહાર છે.

**પરમ અંશ મમ તેહુનકે, સકલ અંશ પતિ ઈશ;**
**ઓર અંશ સરભર સબે, માયા મોહિત સદિશ. ૧૭૩**

#### શબ્દાર્થ

**પરમ અંશ** = પરમ વિશેષ અંશ **મમ** = હું **તેહુનકે** = તેમનો **સકલ** = સર્વ, તમામ **અંશ** = અંશ **પતિ** = ધણી, માલિક **ઈશ** = પરમેશ્વર, ઈશ્વર, ઉપરી, સ્વામી **ઓર** = બીજા, અન્ય **અંશ** = અંશ **સરભર** = સરખે સરખા, સમધાત **સબે** = બધા, સર્વ **માયા** = પ્રકૃત્તિ, અવ્યાકૃત તત્ત્વ, સાંસારિક મોહ **મોહિત** = આશક્ત, આકર્ષિત થવું, નાશવંત પ્રેમ **સદિશ** = સદાય, હમેશાં, સર્વદા

### અનુવાદ

**સર્વ અંશોના માલિક એવા કૈવલ પતિનો હું પરમવિશેષ અંશ છું. જ્યારે બીજા સદાય માયામાં મોહિત થઈને રહેવાવાળા સમઘાત અંશો છે.**

### ભાવાર્થ

ત્રણ પ્રકારના અંશો ઉત્પન્ન કરનાર ધણી રૂપ સકર્તાપતિ સર્જનહાર કૈવલકર્તા પોતે જ છે. તેમના જ ઉત્પન્ન કરેલા પરમવિશેષ અંશો પૈકી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પરમવિશેષ પાટવી અંશ છે, જે સદાને માટે કૈવલકર્તાના સાંનિધ્યમાં નિવાસ કરે છે. જ્યારે બાકીના તમામ અંશો બ્રહ્માંડમાં પ્રકૃત્તિને વશ થઈને જીવન જીવવાવાળા એક સમાન વૃત્તિ ધરાવનારા છે.

**જબી હમ અંશ વિશેષહી, અચલ જ્ઞાન ગતિ રાજ;**
**આયેહુ અંશ ચેતાવન, તારન સકલ સમાજ. ૧૭૪**

### શબ્દાર્થ

**જબી** = જેથી, હોવાના કારણે **હમ** = હું **અંશ વિશેષહી** = વિશેષ અંશ **અચલ** = દૃઢ, અવિકારી, નિત્ય, સ્થિર **જ્ઞાન** = જ્ઞાન **ગતિ** = જાણ, સમજ, વેત્તા **રાજ** = રાજા, વડો, સર્વોત્તમ, ભૂપ, સર્વશ્રેષ્ઠ, સ્વામી **આયેહુ** = આવ્યો છું **અંશ** = અંશોને **ચેતાવન** = ચેતાવવા, અજ્ઞાનને દૂર કરવા, અજ્ઞાન રૂપ નિદ્રામાંથી જગાડવા **તારન** = તારવા, ભવસંકટમાંથી મુક્ત કરવા, જન્મ-મરણનું દુઃખ દૂર કરવા **સકલ** = સર્વ, તમામ,બધા જ **સમાજ** = જન, સમુદાય, જનસમૂહ, ધર્મ કે આચરણવાળો અનુયાયી વર્ગ

### અનુવાદ

**પરમવિશેષ અંશ હોવાના કારણે હું અચળ જ્ઞાનગતિનો રાજા છું. જેથી તમામ પ્રકારના જનસમુદાયના અંશોને જ્ઞાનથી જાગ્રત કરી તેમને ભવસંકટથી મુક્ત કરવા માટે આવ્યો છું.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કૈવલકર્તાના પરમવિશેષ પાટવી અંશ છે. તેઓ અવિકારી તથા જ્ઞાનના પક્ષે જોતા ચક્રવર્તિ કૈવલજ્ઞાન દર્શાવતા સકર્તા સિદ્ધાંતના આદ્યસ્થાપક હોઈ દેવાધિદેવ છે.

જગતના અજ્ઞાની તથા જીવદશા ભોગવતા તમામ પ્રકારના જનસમુદાયના મુમુક્ષુઓને અજ્ઞાન રૂપ નિદ્રામાંથી જાગ્રત કરવાના પરોપકારી ઉદ્દેશ અર્થે વિશ્વમાં આવ્યાં છે. તેમના શરણે આવેલા અંશોને ભુલાઈ ગયેલું સ્વ-ચૈતન અંશ સ્વરૂપને દર્શાવી અંશ જેની સજાતિનો છે તેવા સર્જનહાર કૈવલકર્તા સાથે મેળાપ કરાવવાના ઉત્તમ આદેશ માટે જ બ્રહ્માંડમાં આવ્યા છે. જેથી સર્જનહારથી કરોડો કલ્પો વિખૂટાથી પડેલા અંશો ભવસંકટથી મુક્ત થઈને પંચમી અખંડ કૈવલ મુક્તિ પ્રાપ્ત કરી શકે.

**વિશેષ ત્રિયે પરકારકે, સૂણો તાય ઉપદેશ;**
**પરમ વિશેષ વિશેષહી, ઓર સામાન્ય વિશેષ. ૧૭૫**

### શબ્દાર્થ

**વિશેષ** = ખાસ, જાત, ભાત, ભેદ, તફાવત **ત્રિયે** = ત્રણ **પરકારકે** = પ્રકારના **સૂણો** = સાંભળો **તાય** = તેનો **ઉપદેશ** = બોધ, સમજ, શિખામણ **પરમવિશેષ** = પરમવિશેષ **વિશેષહી** = વિશેષ **ઓર** = અને **સામાન્ય વિશેષ** = સામાન્ય વિશેષ પ્રકારના

### અનુવાદ

**પરમવિશેષ, વિશેષ અને સામાન્ય વિશેષ એવા ત્રણ પ્રકારના વિશેષ અંશો છે, તે વિશેનો ઉપદેશ હવે શ્રવણ કરો.**

### ભાવાર્થ

સર્જનહારે પોતાની છઠ્ઠી અંશવૃત્તિથી અગાઉ સર્જન કરેલા સર્વ દેહોને સજીવન કરવા માટે ત્રણ પ્રકારના અંશો ઉત્પન્ન કર્યા છે. જેમાં પરમવિશેષ, વિશેષ અને સામાન્ય અંશોનો સમાવેશ થાય છે.

જે પૈકી પરમવિશેષ અંશો અને વિશેષ અંશોમાં બે પ્રકારના અંશોનું જે નિર્માણ કર્યું છે. તેવા પરમવિશેષ અને વિશેષ અંશોમાં બે પ્રકારના વિશેષ અને સામાન્ય વિશેષ અંશોનો બોધ હવે પછી જણાવશે, જેને શુદ્ધ ચિત્તે સાંભળવા માટે અનુરોધ કરવામાં આવે છે.

**પરમ વિશેષ પરમ ગતિ, જેહી કૈવલપદ વેત્ત;**
**દિવ્ય અનુભવ તીનકે પુનિ, નિજપતિ અંશ સહેત. ૧૭૬**

### શબ્દાર્થ

**પરમવિશેષ** = પરમવિશેષ **પરમ** = શ્રેષ્ઠ, મહાન **ગતિ** = જાણવાળા, બુદ્ધિવાળા, જ્ઞાનવાળા **જેહી** = જે **કૈવલપદ વેત્ત,** = કૈવલપદના વેત્તા, કૈવલવેત્તા **દિવ્ય** = અલૌકિક **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, પ્રત્યક્ષ નિરીક્ષણથી આવેલી સમજ **તીનકે** = તેમનો **પુનિ** = વળી **નિજપતિ** = આદિ સર્જનહાર, મૂળ કૈવલપતિ, આદિ સકર્તાપતિ **અંશ** = સર્જનહારના સજાણજાણ સ્વ-ચૈતન અલ્પ સ્વરૂપ **સહેત** = હેતપૂર્વક, પ્રેમપૂર્વક, ઉદ્દેશપૂર્વક, હેતુપૂર્વક, કારણપૂર્વક, પ્રયોજન સાથે.

### અનુવાદ

**જે કૈવલપદનાં વેત્તા છે તેવા પરમવિશેષ અંશની પરમગતિ છે. વળી તેમનો દિવ્ય અનુભવ હોવાથી તેઓ અંશને નિજપતિ પ્રત્યે હેત કરાવે છે.**

### ભાવાર્થ

સર્વ પ્રકારના અંશોમાં પરમવિશેષ અંશ શ્રેષ્ઠ જાણ અને જ્ઞાન ધરાવે છે. તેમાં વળી જે પાટવી અંશ છે તેઓ સર્જનહારના આદિ કૈવલપદના જાણકાર છે. તેથી જ તેમને કૈવલવેત્તા તરીકે સંબોધવામાં આવે છે. તેમનો અનુભવ અલૌકિક છે. સર્જનહારે તે પરમવિશેષ પાટવી અંશને ખાસ ઉદ્દેશવાળા કાર્ય માટે ઉત્પન્ન કર્યા હોવાથી સદાને માટે પોતાના સાંનિધ્યમાં રાખે છે. તેઓ (પાટવી પરમવિશેષ અંશ) દર કલ્પે કલ્પે કૈવલધામમાંથી પરમપિતાનો સંદેશો આપવા માટે બ્રહ્માંડમાં આવે છે અને અંશોને જાગ્રત કરી કર્તા પ્રત્યે હેત ઉત્પન્ન કરાવે છે.

**અકલ કલા ગત તેહુનકી, ના આવત કિંમત માંહાંય;**
**જ્યૌ પારસકે દરબકી, અંત નહી કછુ કાંહાંય. ૧૭૭**

#### શબ્દાર્થ

**અકલ** = કળી ન શકાય એવું, અગમ્ય, ગહન, ગૂઢ **કલા** = તેજ, કાંઈત, સામર્થ્ય અદ્‌ભુત શક્તિ **ગત** = ગતિ, સમજ, જ્ઞાન **તેહુનકી** = તેમની **ના** = ના **આવત** = આવે, ગણાય, ગણતરી **કિંમત** = મૂલ્ય, વળતર, બદલો, દામ **માંહાંય** = માં, અંદર **જ્યૌ** = જેમ, જેવી રીતે **પારસકે** = પારસની **દરબકી** = દ્રવ્યની, ધનની **અંત** = છેડો, છેવટ **નહી** = નહીં **કછુ** = કાંઈ **કાંહાંય** = ક્યાંય પણ

### અનુવાદ

**તેમનું ગૂઢ જ્ઞાન અને અદ્‌ભુત શક્તિ કિંમતમાં આંકી શકાય તેમ નથી. જેમ કે પારસના દ્રવ્યની કિંમતનો કોઈ પણ રીતે અંત આવી શકતો નથી.**

### ભાવાર્થ

જેમ વિશ્વમાં પારસની કિંમત આંકવાનું કોઈ વિચારે તો તેને કોઈ પણ કિંમતના બદલામાં મૂલ્ય આંકી શકાય તેમ નથી. કારણ કે, તેની કિંમતનો કોઈપણ રીતે અંત આવી શકતો નથી. તેવી જ રીતે બ્રહ્માંડમાં પરમવિશેષ પાટવી અંશ, કૈવલવેત્તા, શ્રીમત્ કરુણાસાગરનું ગૂઢાર્થભર્યું કૈવલજ્ઞાન અને તેમના દિવ્યદેહની અદ્‌ભુત શક્તિ કિંમતમાં આંકી શકાય તેમ નથી. અર્થાત્ તેની તુલના કરી શકાય તેવું દુનિયામાં કોઈ જ નથી.

## પરમવિશેષ જે અંશકી, લહી ન શકત ગતિ કોય;
## જીનું આપે દરશાવહી, તેહી જાનત જબી સોય. ૧૭૮

### શબ્દાર્થ

**પરમવિશેષ** = પરમવિશેષ **જે** = જે **અંશકી** = અંશની **લહી** = જાણી **ન** = નહીં **શકત** = શકે **ગતિ** = જ્ઞાન, જાણ, ગતિ, શક્તિ **કોય** = કોઈ **જીનું** = જેમને, જેને **આપે** = આપવામાં આવે, બક્ષે, દે **દરશાવહી** = દર્શાવે, બતાવે, સમજાવે **તેહી** = તે જ **જાનત** = જાણી શકે **જબી** = ત્યારે, જેથી **સોય** = તે

### અનુવાદ

**પરમવિશેષ અંશની ગતિને કોઈ જાણી શકે તેમ નથી. તેઓ જે અંશને આ લક્ષ દર્શાવીને આપે ત્યારે જ તે જાણી શકે છે.**

### ભાવાર્થ

પરમવિશેષ પાટવી અંશ શ્રીમત્ કરુણાસાગરના ગૂઢાર્થ કેવલજ્ઞાનનો લક્ષ બ્રહ્માંડમાં સર્વ કોઈ પ્રકૃત્તિના પાશમાં બંધાયેલા હોવાથી જાણી શક્યા નથી. દિવ્ય પરમગુરુની કૃપા સિવાય અગમ્ય એવા અંશ-અંશીના લક્ષને કોઈ જાણી શકે તેમ પણ નથી.

આ લક્ષને જાણવો ત્યારે જ શક્ય બને જ્યારે કેવલવેત્તા પુરુષ જાતે કોઈને તે લક્ષ દર્શાવીને પોતાની કૃપા થકી બક્ષિસ કરે ત્યારે જ તે વ્યક્તિ જાણી શકે તેમ છે.

## રહે સો દ્વે પરકારકે, જીનું ઉભયે અનુક્રમ;
## બિનું અનુભવ એક અનુભવિ, તાય સુનાવહુ મ્રમ. ૧૭૯

### શબ્દાર્થ

**રહે** = રહ્યા, બાકીના જે રહ્યા **સો** = તે **દ્વે** = બે **પરકારકે** = પ્રકારના **જીનું** = જેમનું **ઊભયે** = બંનેનું **અનુક્રમ** = ક્રમાનુસાર, એક પછી એક, ક્રમાંક અનુસાર **બિનું** = વિના, સિવાય **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **એક** = એક **અનુભવિ** = પ્રત્યક્ષ જ્ઞાન ધરાવનાર **તાય** = તે બાબત, તેમના અંગે, તેઓના **સુનાવહુ** = કહું છું, સંભળાવું છું, દર્શાવું છું **મ્રમ** = મર્મ, રહસ્ય, ભેદ, સમજ

### અનુવાદ

**બે પ્રકારના બાકીના રહ્યા તે પૈકી એક અનુભવી અને બીજા અનુભવ સિવાયના**

**છે. તે બંનેનો મર્મ ક્રમાનુસાર કહું છું.**

## ભાવાર્થ

પરમવિશેષ અંશ વિશે અગાઉ દર્શાવ્યું. હવે જે વિશેષ અને સામાન્ય વિશેષ પૈકી વિશેષ અંશોમાં એક અનુભવી છે અને બીજા અનુભવ સિવાયના છે. તે બંને પ્રકારનાઅંશો વિશે ક્રમાનુસાર તેમના ભેદનો ખુલાસો પછી કરવામાં આવશે. તે સૌ શ્રોતાજનોને સાંભળવા માટે અનુરોધ છે.

**એહી દોહુ બ્રહ્મ સિદ્ધાંતકે, અનુભવી બિનું અનુભેવ;**
**નિજપતિ અંશ વિશેષહી, જબતે જુગલ સદેવ. ૧૮૦**

### શબ્દાર્થ

**એહી** = તે **દોહુ** = બંને **બ્રહ્મ સિદ્ધાંતકે** = બ્રહ્મ સિદ્ધાંતને માનનારા **અનુભવી** = અનુભવવાળા **બિનું અનુભેવ,** = અનુભવ સિવાયના, બિન અનુભવી **નિજપતિ** = સર્જનહારના **અંશ** = અંશ **વિશેષહી** = વિશેષ કોટિના અંશો **જબતે** = જેથી **જુગલ** = બંને **સદેવ** = વિશેષ દેવતાઓ, ઐશ્વર્યવાદ દૈવી સ્વરૂપો, સમાન દૈવત્ત્વ ધરાવતાં.

## અનુવાદ

**અનુભવી અને બિન-અનુભવી એ બંને અંશો બ્રહ્મ સિદ્ધાંતી છે, તેમ છતાં તે બંને નિજપતિના વિશેષ અંશો હોવાથી સમાન દૈવત્વ ધરાવે છે.**

## ભાવાર્થ

વિશેષ અંશો પૈકી એક અનુભવી છે જ્યારે બીજા અનુભવ સિવાયના છે, તેમ છતાં બંનેની માન્યતા અને સમજ બ્રહ્મસિદ્ધાંતની છે. એટલે કે, બંનેએ પોતાની વૃત્તિને બ્રહ્મ સિદ્ધાંતના ન્યાયે બ્રહ્મપદમાં અટકાવીને સ્થિર કરેલી છે.

આ બંને પ્રકારના અંશો સકર્તા પતિ સર્જનહાર કૈવલકર્તાના વિશેષ અંશો હોવાથી તે બંને સમાન દૈવત્વ-ધરાવતા વિશેષ અંશો છે.

**તિનકે કહુ દૃષ્ટાંતહી, સૂનો સકલ ધરી મન;**
**સહિત જ્વાલ જ્યૌ દેવતા, પુનિ બીનું જ્વાલ અગન. ૧૮૧**

### શબ્દાર્થ

**તિનકે** = તેનું, તેમનું, તે માટેનું **કહુ** = કહુ છું **દૃષ્ટાંતહી** = ઉદાહરણ, દાખલો **સૂનો** = સાંભળો **સકલ** = સર્વ, તમામ **ધરી** = ધારણ કરીને, કેન્દ્રિત કરીને **મન** = મન અંતઃકરણ **સહિત** = સાથે, વાળો **જ્વાલ** = જ્વાલા, પ્રજ્વલિત અગ્નિની શિખા, ઝાળ, ભડકો **જ્યૌ** = જેમ **દેવતા** = અગ્નિ, અંગારા, આગ **પુનિ** = વળી **બીનું** = સિવાય, વગર **જ્વાલ** = જ્વાળા **અગન** = અગ્નિ, અંગારા

### અનુવાદ

**તેમના વિશે દૃષ્ટાંત કહુ છું, તે તમો સર્વ મનને એકાગ્ર કરીને શ્રવણ કરો. જેમ સળગતો અગ્નિ જ્વાળા સહિત અને જ્વાળા સિવાયનો પણ હોય છે.**

### ભાવાર્થ

બે પ્રકારના વિશેષ અંશોની વિશેષ સમજ પડે તે માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને દૃષ્ટાંત દ્વારા સમજાવતા કહે છે કે — અગ્નિના બે પ્રકાર છે જેમાં એક અગ્નિ એવો હોય છે કે તેમાં જ્વાળાઓ પ્રત્યક્ષ દેખાય છે, જ્યારે બીજા પ્રકારનો અગ્નિ જ્વાળા સિવાયનો હોય છે એટલે કે, ધગધગતા અંગારા હોય પરંતુ તેમાં જ્વાળાઓ હોતી નથી.

**જ્વાલા સહિત જેહી અગનહી, જીનકે પ્રગટ પ્રકાશ;**
**સામ્રથ સે સબહી ભખે, હરિયા સુકા ચિકાશ. ૧૮૨**

### શબ્દાર્થ

**જ્વાલા** = જ્વાળા, ઝાળ, ભડકો **સહિત** = સાથે, વાળો **જેહી** = જે **અગનહી** = અગ્નિ **જીનકે** = જેનો **પ્રગટ** = પ્રત્યક્ષ, દેખાય તેવો, નિહાળી શકાય તેવો **પ્રકાશ** = જ્યોતિ, તેજ, રોશની, અજવાળું **સામ્રથ સે** = પોતાની શક્તિબળથી, પોતાના સામર્થ્યથી **સબહી** = દરેકને, સર્વને **ભખે** = ભક્ષણ કરે, ખાઈ જાય, નાશ કરે, બાળી દે **હરિયા** = લીલું **સુકા** = સૂકું **ચિકાશ** = ચિકાશપણું, ચિકાશ, તૈલી.

### અનુવાદ

**જ્વાળા સહિત જે અગ્નિ હોય તેનો પ્રકાશ પ્રત્યક્ષ દેખાય છે. તે પોતાના સામર્થ્ય**

**થકી લીલા, સૂકા તેમજ ચિકાશવાળા સર્વ પદાર્થોને બાળી નાંખે છે.**

## ભાવાર્થ

જે જ્વાળાવાળો અગ્નિ હોય છે તેવા અગ્નિની જ્વાળાઓનો પ્રકાશ પ્રત્યક્ષ રીતે નિહાળી શકાય છે. તે જ્વાળાવાળો અગ્નિ પોતાની સામર્થ્યતાથી લીલા, સૂકા, ચિકાશવાળા કે કોઈ પણ તૈલી પદાર્થોને બાળીને ખાખ કરી નાંખે છે.

**ઓરુ બિનું જ્વાલ વહન જેહી, બિનું વિત્તકે જીત ખાય;**
**ગાસ ફુસ સબહી જરે, પણ ચીકટે બુજી જાય. ૧૮૩**

### શબ્દાર્થ

**ઓરુ** = અને **બિનું જ્વાલ** = જ્વાળા સિવાયનો **વહન** = અગ્નિ **જેહી** = જે **બિનું** = સિવાય, વિના **વિત્તકે** = સત્વ, રસ, હીર, કસ **જીત** = જે જે, તે **ખાય** = ભક્ષણ કરે, બાળી નાંખે **ગાસ ફુસ** = સૂકું ઘાસ, સૂકા થયેલાં તૃણ, ખડ **સબહી** = સર્વ, તમામ, બધું જ **જરે** = બાળી દે, રાખ કરી નાંખે, હજમ કરે **પણ** = પરંતુ **ચીકટે** = તૈલી પદાર્થથી, ચિકાશવાળા પદાર્થથી **બુજી જાય** = ઓલવાય જાય, બુઝાઈ જાય

## અનુવાદ

**વળી જ્વાળા સિવાયનો અગ્નિ છે, (ફક્ત અંગારા) તે વિત્ત સિવાયના પદાર્થોને બાળી નાંખે છે. જેમાં ઘાસની આદ્ય લઈ બધું જ બળી જાય છે, પરંતુ ચિકાશવાળા પદાર્થથી તે બુઝાઈ જાય છે.**

## ભાવાર્થ

વળી પ્રગટ જ્વાળાઓ નીકળતી ન હોય તેવા અગ્નિ (અંગારા)માં છૂપાયેલો અગ્નિ રસ-કસ સિવાયના સૂકા ઘાસની આદ્ય લઈ ધાન્ય સહિત સઘળા અલ્પ પદાર્થોને બાળી નાંખે છે. જ્યારે તેવા અગ્નિમાં જો ઘી-તેલ જેવા અન્ય ચિકાશવાળાં પદાર્થો નાંખવામાં આવે તો તે અગ્નિ બુઝાઈ જાય છે.

**તેસેહી બિનું વિત્ત વૈભવ, ખાનપાન પટ ધામ;**
**વિષય વૈભવ ભવ ચિકનતા, મોહિત નારી તનુ ચામ. ૧૮૪**

### શબ્દાર્થ

**તેસેહી** = તેવી જ રીતે **બિનું વિત્ત** = વિત્ત વગરનો, કસ સિવાયનો, રસ-કસ રહિત, વાસના રહિત **વૈભવ** = સુખાકારી, ઠાઠમાઠ, જાહોજલાલી, સમૃદ્ધિ, સાહેબી **ખાનપાન** = ખાવુંપીવું, આરોગવું **પટ** = વસ્ત્ર, આભૂષણ, પહેરવેશ **ધામ** = રહેઠાણ માટેનું ઘર, રાચ રચીલું, ઝરૂખા વગેરે **વિષય** = સંસાર સુખ, કામભોગ, ઈન્દ્રિય વિકાર **વૈભવ** = ઠાઠ, મોજશોખ **ભવ** = સંસાર, જગત, વિશ્વ **ચિકનતા** = ચિકાશવાળું, જોડાઈને રહે તેવું, ચોંટી રહે તેવું **મોહિત** = મોહ ઉપજાવનાર **નારી તનુ** = નારીનું શરીર,સ્ત્રીના દેહની **ચામ** = ચાહના, રૂપ પ્રત્યેનો મોહ, સૌંદર્યનું ખેંચાણ

### અનુવાદ

**તેવી જ રીતે વિત્ત સિવાયના વૈભવ રૂપ ખાવું-પીવું વસ્ત્ર અને ઘર છે. સંસારના વિષય વૈભવો તેમજ સ્ત્રીનાં સૌંદર્ય તથા શરીર પ્રત્યેનો મોહ થવો તે ચીકટ છે.**

### ભાવાર્થ

ઘણા માનવી સંસારમાં રહીને વાસના રહિત ભૌતિક પદાર્થોનો ઉપભોગ કરે છે. જેમાં સારું સારું ખાવા-પીવાનું, મનને ગમે તેવા વસ્ત્રો પરિધાન કરવાનું તેમજ રહેવા માટે વિશાળ આલિશાન બંગલા અને રાચ-રચીલું વગેરેનો સમાવેશ થાય છે. જે વિત્ત સિવાયનાં વૈભવ ગણાય છે.

સંસારમાં કામી પુરુષો દ્વારા કામ વાસના અને વિષય વૈભવવાળા પદાર્થોનો ઉપભોગ તેમજ સ્ત્રીનાં સૌંદર્ય અને તેના કોમળ શરીર પ્રત્યેનો મોહ જાગ્રત થવો તે ચીકટ યુક્ત વાસના સહિતનો વૈભવ ગણાય છે.

**એહી ઉભયે વૈભવ ભવ, વિનુ વિત્ત પુનિ ચિકાસ;**
**વિત્ત વિનું આંન્ય પદારથ, વિત્ત સોઈ વિષય વિલાસ. ૧૮૫**

### શબ્દાર્થ

**એહી** = આ પ્રમાણે **ઉભયે** = બંને પ્રકારના **વૈભવ** = સાહેબી, ઠાઠમાઠ, સુખાકારી **ભવ** = જગતનો **વિનુ** = સિવાય, વિના **વિત્ત** = સત્ત્વ, રસ-કસ **પુનિ** = વળી **ચિકાસ** = ચિકાસ, ચિકણવટવાળું **વિત્ત** = રસકસ, સત્ત્વ **વિનું** = વગરનું, સિવાયનું **આન્ય** = બીજા **પદારથ** = પદાર્થ, ભાવના, અંતઃકરણથી ઉદ્‌ભવતા સંકલ્પો **વિત્ત** = સત્ત્વ, રસકસ **સોઈ** = તે **વિષય વિલાસ** = કામભોગ માટેનો આનંદ, વિષયસુખ

### અનુવાદ

**આ પ્રમાણે બે પ્રકારના વૈભવો પૈકી એક વિત્ત સિવાયનો અને બીજો ચિકાશવાળો છે. વિત્ત સિવાયના અન્ય પદાર્થો છે અને વિત્તવાળો તે વિષયોનો આનંદ છે.**

### ભાવાર્થ

અગાઉ જોઈ ગયા તેમ સંસારમાં વૈભવના બે પ્રકાર છે. એક વૈભવ વિત્ત સિવાયનો કે જેમાં અન્ય પદાર્થોનો ઉપભોગ કરીને સાત્વિક સુખ પ્રાપ્ત કરવાનો હેતુ છે. જ્યારે બીજો વૈભવ ચિકાશવાળો છે, જેમાં સ્ત્રી શરીરનાં સુખની આદ્ય લઈ વિષય વાસનાવાળો રાજસ આનંદ માણવાનો ઈરાદો છે.

**અબ તિનકે ભુગતા કહું, નિજપતિ અંશ વિશેષ;**
**બિનું અનુભવ એક અનુભવી, જીનું ગતિ અધિક નુનેશ. ૧૮૯**

#### શબ્દાર્થ

**અબ** = હવે **તિનકે** = તેના **ભુગતા** = ભોક્તા, માણનારા **કહું** = કહુ છું **નિજપતિ** = પરમપતિના, નિજકર્તાના, સર્જનહારના **અંશ** = સજાણજાણ સજાતીય સ્વ-ચૈતન અલ્પ સ્વરૂપ **વિશેષ** = વિશેષ અંશો **બિનું** = વિના, સિવાયના **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **એક** = એક **અનુભવી** = પ્રત્યક્ષ જ્ઞાનને માણનારા **જીનું** = જેમની **ગતિ** = સમજ, જ્ઞાન, સૂઝ **અધિક** = વિશેષ, વધુ, વધારે, મહાન **નુનેશ** = ઓછી, અલ્પ, ન્યૂન

### અનુવાદ

**હવે તેના ભોક્તા વિષે કહુ છું. જે નિજપતિના અંશો છે, તેમાનાં એક બિન અનુભવી અને બીજા અનુભવી છે. તેમની ગતિ પણ અધિક-ન્યૂન હોય છે.**

### ભાવાર્થ

ઉપર્યુક્ત દર્શાવ્યા મુજબ બંને પ્રકારના વૈભવોના ઉપભોગ કરનારા ભોક્તા દૈવી મહાપુરુષો વિષે હવે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને જણાવે છે. બંને પ્રકારના ભોક્તાઓ સર્જનહારના વિશેષ અંશો જ છે, પરંતુ તેમાં એક પ્રકારના અનુભવી પુરુષો છે, જ્યારે બીજા પ્રકારના અનુભવ સિવાયના પુરુષો છે; તે જ પ્રમાણે બંને પુરુષોની સામર્થ્યતા પણ ઓછી-વધતી છે.

## સુનકાદિક સુખદેવ દત્ત, કપિલ દેવ ફરશુરામ;
## જ્વાલ રહિત એહી અગન્યકે, બિનુ વિત્ત ભોગ વિરામ. ૧૮૭

### શબ્દાર્થ

**સુનકાદિક** = બ્રહ્માના પુત્રો **સુખદેવ** = શુકદેવ **દત્ત** = દત્તાત્રેય **કપિલ દેવ** = કપિલમુનિ **ફરશુરામ** = પરશુરામ **જ્વાલ રહિત** = જ્વાળા સિવાયના **એહી** = એ જ **અગન્યકે** = અગ્નિ હોઈ **બિનુ** = સિવાય **વિત્ત** = સત્ત્વ, રસ, ભક્તિ **ભોગ** = ભોગવીને **વિરામ** = અટકી ગયા છે, વિરામ પામ્યા છે

### અનુવાદ

**સુનકાદિકો, શુકદેવ, દત્તાત્રેય, કપિલદેવ અને પરશુરામ સહિતના સર્વ જ્વાળા સિવાયના અગ્નિ જેવા હોઈ વિત્ત સિવાયના ભોગ ભોગવીને વિરામ પામ્યા છે.**

### ભાવાર્થ

બે પ્રકારના વિશેષ અંશો પૈકીના બ્રહ્માપુત્ર સુનકાદિકો, શુકદેવ, દત્તાત્રેય, કપિલદેવ અને પરશુરામ સહિતના સર્વ જ્વાળા વગરનાં અગ્નિ સમાન થઈ ગયા છે. જેઓ વિત્ત સિવાયનો નિર્વિત્ત ભોગ ભોગવીને બ્રહ્મપદમાં વિરામ પામ્યા છે.

## જદીપ રહેહુ ઈશ્વર ધર, તજી તન વિષય વિલાસ;
## તબી જશ અચર ચરાચર, ભવહીત ભયે પ્રકાશ. ૧૮૮

### શબ્દાર્થ

**જદીપ** = જેથી **રહેહુ** = રહ્યા છે **ઈશ્વર** = ઈશ્વર પદ ઐશ્વર્યવાન સ્થાન **ધર** = ધારણ કરીને **તજી** = ત્યજીને **તન** = શરીરના, દેહના **વિષય વિલાસ** = વિષય સુખ, કામભોગ માટેનો આનંદ **તબી** = ત્યારે જ **જશ** = કીર્તિવાન, યશવાન **અચર** = અચળ, ચલિત ન થાય તેવું **ચરાચર** = સ્થાવર અને જંગમ, સર્વમાં, સર્વત્ર વ્યાપક રીતે **ભવહીત** = ભવના હીત માટે, ભવના કલ્યાણ માટે **ભયે** = થયા **પ્રકાશ** = હાજર, પ્રત્યક્ષ સ્વરૂપ ધારણ કરીને, દેહ ધારણ કરીને

### અનુવાદ

**તેમણે શારીરિક વિષયોનો ત્યાગ કર્યો જેથી ઈશ્વરપદ ધારણ કરીને રહે છે.**

**તેથી જ સ્થાવર-જંગમ સમેત સર્વના કલ્યાણ અર્થે દેહ ધારણ કર્યા હોઈ જગતમાં તેમની અચળ કીર્તિ ફેલાઈ છે.**

### ભાવાર્થ

તેમણે પોતાની ઇન્દ્રિયોને શરીર સંબંધી ભોગ વિલાસવાળા રાજસી કાર્યો કર્યા ન હોવાથી આજે પણ તેમની અચળ કીર્તિ સમસ્ત વિશ્વમાં ફેલાયેલી છે. તેથી તેમની ઐશ્વર્યવાન પુરુષો તરીકે ગાથા ગવાય છે. ખરેખર, તેમણે આ જગતમાં સ્થાવર-જંગમના ઘાટોની આદ્ય લઈ સર્વના કલ્યાણ માટે જ ઐશ્વર્યવાન દેહ ધારણ કર્યા છે.

**રામ કૃષ્ણ જનકાદિક, શંકર ઓરુ મુનિ વ્યાસ;**
**જવાલ સહિત એહી અગન્યથે, કરી ગયે વિવિધ વિલાસ. ૧૮૯**

### શબ્દાર્થ

**રામ** = દશરથ પુત્ર શ્રી રામ **કૃષ્ણ** = વાસુદેવ પુત્ર શ્રીકૃષ્ણ **જનકાદિક** = જનક રાજાની આદ્ય લઈને **શંકર** = શંકરાચાર્ય **ઓરુ** = અને **મુનિ વ્યાસ** = વ્યાસમુનિ **જવાલ** = જ્વાળા **સહિત** = સાથે, વાળા **એહી** = તે **અગન્યથે** = અગ્નિ હતા **કરી ગયે** = કરી ગયા **વિવિધ** = વિધ વિધ પ્રકારના **વિલાસ** = આનંદ ભોગ-વિલાસ

### અનુવાદ

**રામ, કૃષ્ણ, જનકની આદ્ય લઈ શંકરાચાર્ય અને વ્યાસમુનિ સર્વ જ્વાળા સહિત અગ્નિ સમાન હોવાથી તેઓ વિધવિધ પ્રકારના વિષય વિલાસ ભોગવી ગયા છે.**

### ભાવાર્થ

વિષ્ણુના અવતાર કહેવાતા શ્રીરામ અને શ્રીકૃષ્ણ તેમજ જનક રાજાની આદ્ય લઈને આદિ શંકરાચાર્ય અને વ્યાસમુનિ સર્વ વિશેષ ઐશ્વર્યવાન મહાપુરુષો જ્વાળા સહિત અગ્નિ સમાન થઈ ગયા. તેઓએ તેમના જીવનકાળ દરમ્યાન વિધ વિધ પ્રકારના વિષય-વિલાસ ભોગવીને પણ જગતના કલ્યાણ અર્થે જીંદગી વ્યતિત કરી ગયા છે.

**પણ અનુભવ ઈશ્વર પદ, બુજે નહીં રતિ રંચ;**
**વિષય સહિત વૈભવ સબે, ભુગતત સકલ સમંચ. ૧૯૦**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન **ઈશ્વર પદ** = ઐશ્વર્યવાન પદનું હતું **બુજે** = બુઝાઈ જાય, લીન પામે, નાશ પામે **નહીં** = નહી **રતિ રંચ** = સહેજ પણ, જરાય પણ, રંચ (રજ)માત્ર પણ, કિંચિતમાત્ર પણ **વિષય** = સાંસારિક ભોગ **સહિત** = સાથે, લઈને **વૈભવ** = સાહેબી, ઠાઠ-માઠ, ભપકો **સબે** = સર્વ પ્રકારનો **ભુગતત** = ભોગવતા હતા, ઉપભોગ કરતા હતા **સકલ** = સર્વ **સમંચ** = પોતાના ઉચ્ચ સ્થાને રહીને

### અનુવાદ

**પોતાના ઉચ્ચ સ્થાને રહીને તેઓ વિષયો યુક્ત સર્વ પ્રકારનો વૈભવ ભોગવતા હોવા છતાં તેમને ઈશ્વરપદ વિષેનો અનુભવ કિંચિતમાત્ર પણ બુઝાયો ન હતો.**

### ભાવાર્થ

જ્વાલા સહિત અગ્નિ સમાન વિશેષ અંશો પોતાના ઉચ્ચ સ્થાને રહીને સાંસારિક વિષયોયુક્ત સર્વ પ્રકારનો વૈભવ ભોગવતા હતા. તેમ છતાં તેમનામાં રહેલું ઐશ્વર્યતાનું તેજ અને દૈવત્ત્વ(દૈવી) શક્તિની આદ્ય લઈ ઈશ્વરપદ વિષેનો અનુભવ કિંચિતમાત્ર પણ બુઝાયા સિવાય અખંડ રહેતો હતો.

**મીસરીમંડ શંકરનકુ, બુજે ત્રીયા ક્રત ચીન;**
**નરપતિ નાર ભૂગતી કીયે, જબ જીતેહુ મત જીન. ૧૯૧**

### શબ્દાર્થ

**મીસરીમંડ** = મંડનમિશ્ર, ઈશ્વરને નહીં માનનાર અને અદ્વૈત મતનો વિરોધી, વાણીમાં સર્વોત્તમ કુશળતા ધરાવતો એક પંડિત હતો. તેની સ્ત્રી ભારતીને સરસ્વતીનો અવતાર ગણાવતો અને પોતે બ્રહ્મનો અંશ માનતો. આખરે શંકરાચાર્ય સાથે વાદ-વિવાદમાં હાર્યો. તે સુરેશ્વર નામથી આચાર્યનો મુખ્ય શિષ્ય થઈને રહ્યો. છેવટે મગધ દેશમાં રહીને તેણે અદ્વૈતનો ઉપદેશ કરી આચાર્ય પદવીથી પ્રસિદ્ધિ મેળવી હતી. **શંકરનકુ** = શંકરાચાર્યને **બુજે** = જાણ્યું, જણાવ્યું **ત્રીયા** = સ્ત્રી **ક્રત** = કામનાગ્રસ્ત કળાના **ચીન** = ચિહ્નો, કરામત, પ્રશ્ન **નરપતિ** = રાજાની **નાર** = સ્ત્રી, રાણી સાથે **ભૂગતી કીયે** = ભોગ કર્યો **જબ** = જેથી, ત્યાર પછી **જીતેહુ** = જીત્યા **મત જીન** = જૈન મતથી

## અનુવાદ

**મંડનમિશ્રની સ્ત્રી સાથેના સંવાદમાં સ્ત્રી સાથે કામનાગ્રસ્ત કળાનાં ચિહ્નો જાણવા માટે રાજાની સ્ત્રી સાથે ભોગ ભોગવીને શંકરાચાર્ય જૈન મતને જીતી શક્યા હતા.**

## ભાવાર્થ

શંકરાચાર્યની સાથે વાદ-વિવાદમાં મંડનમિશ્ર હાર્યા પણ તેની સ્ત્રીને આચાર્ય જીતે ત્યારે જ પૂર્ણ હાર્યા ગણાય. કારણ કે, સ્ત્રી એ પુરુષનું અર્ધું અંગ છે. શાસ્ત્રના એવા નિયમથી મંડનમિશ્રની સ્ત્રી સરસ્વતીએ આઠ દિવસ સુધી શંકરાચાર્ય સાથે વિવાદ-વાદ ચલાવ્યો. તેમાં આચાર્યને જીતી શકાય તેમ ન હતું. તેથી સરસ્વતીએ સ્ત્રી સાથેના કામના કાળ અંગેના કેટલાક પ્રશ્નો કર્યા. શંકરાચાર્ય તો બ્રહ્મચારી જીવન જીવનારા હતા. એટલે તેમણે એક માસની મુદત માગી. શંકરાચાર્ય પાસે પરકાયા પ્રવેશ કરવાની સિદ્ધિ હોવાથી તે એક મૃત રાજાના શરીરમાં પ્રવેશ પામ્યા અને રાણી સાથે ભોગ ભોગવીને અનુભવ લઈ પાછા આવ્યા. આખરે શંકરાચાર્યની જીત થઈ. એટલે મંડનમિશ્રે ખુશ થઈ શંકરાચાર્ય પાસે સંન્યાસ લઈ દીક્ષા લીધી. આ પ્રમાણે શંકરાચાર્યે મંડનમિશ્રના જૈનવાદ પર જીત મેળવી હતી.

**ઓર ચતુર જાનત સબે, રામકૃષ્ણ ઓરુ વ્યાસ;**
**જનકાદિક જેહી ગ્રહી થકે, બુઝે ન વિષય ચિકાસ. ૧૯૨**

### શબ્દાર્થ

**ઓર** = અને **ચતુર** =ચાર **જાનત** = જાણે છે **સબે** = સર્વ, બધા **રામ** = શ્રીરામ **કૃષ્ણ** = શ્રીકૃષ્ણ **ઓરુ** = અને **વ્યાસ** = વ્યાસમુનિ **જનકાદિક** = જનક રાજા વગેરે **જેહી** = જે **ગ્રહી** = ગૃહસ્થી **થકે** = થવા છતાં, હોવા છતાં **બુઝે ન** = બુઝાયા નહીં **વિષય ચિકાસ** = વિષયભોગની ચિકાશથી

## અનુવાદ

**શ્રીરામ, શ્રીકૃષ્ણ, વ્યાસજી અને જનકરાજા એ ચારેને બધા જાણે છે. તેઓ ગૃહસ્થી હોવા છતાં ચિકાશવાળા વિષયથી બુઝાઈ ગયા ન હતા.**

### ભાવાર્થ

વિશ્વમાં પ્રસિદ્ધ પામેલા શ્રીરામ, શ્રીકૃષ્ણ, વ્યાસમુનિ અને જનકરાજા ગૃહસ્થી જીવન જીવતા હતા, આ ચારે વિશેષ અંશો જ્વાળા સહિત અગ્નિ જેવા હોવાથી સંસારના ભોગ-વિલાસ અને વિત્તરૂપી વૈભવ ચિકાશયુક્ત પદાર્થોને પોતાના સામર્થ્યથી બાળી નાંખેલા હોવાથી પોતાની ઐશ્વર્યવાન ઈશ્વરીય પદોથી જરા પણ બુઝાયા ન હતા.

**જ્વાલ સહિત અગન જબી, વિશય સહિત અચવંત;**
**ઈશ્વરતા કછુ ના ઘટી, રહે સદા ગતિવંત. ૧૯૩**

#### શબ્દાર્થ

**જ્વાલ** = જ્વાળા **સહિત** = સાથે **અગન** = અગ્નિ **જબી** = જ્યારે **વિશય** = વિષયભોગ, વાસના **સહિત** = સાથે **અચવંત** =આચમન, ભોક્તા **ઈશ્વરતા** = ઐશ્વર્ય **કછુ** = કાંઈ **ના** = ના **ઘટી** = ઘટી **રહે** = રહે છે **સદા** = સર્વદા, હમેશાં માટે, સદાય **ગતિવંત** = ગતિવાળા, જ્ઞાનવાળા, જાણકાર

### અનુવાદ

**જ્વાળા સહિત અગ્નિવાળા (વિશેષ અંશો) વિષયોસહિતનું આચરણ કરવાં છતાં ઐશ્વર્યતા બિલકુલ ઘટતી નથી અને સર્વદા ગતિવંત રહે છે.**

### ભાવાર્થ

જેટલા વિશેષ અંશો જ્વાળા સહિતના અગ્નિ જેવા હોય છે તેટલા સર્વ વિષયો સહિત વિત્તવાળા વૈભવોને આચરણમાં લેતા હોય છે. તેમના વ્યવહારમાં આવી વૃત્તિ અને પ્રવૃત્તિ સમાયેલી હોવા છતાં તેમાં લોપાયમાન થતા નથી. સર્જનહાર દ્વારા તેમને મળેલી ઐશ્વર્યતામાં બિલકુલ વધારો કે ઘટાડો થતો નથી અને પોતાના આદિકાળ પર્યંત હમેશાંને માટે ગતિવંત રહે છે.

**દ્વે પરકાર વિશેષકે, કીયેહુ નિરાક્રણ ભેદ;**
**પરમ વિશેષ સકલ શિર, જીનું અનુભવ અકલેદ. ૧૯૪**

### શબ્દાર્થ

**દ્વે** = બે **પરકાર** = પ્રકારના **વિશેષકે** = વિશેષ અંશનું **કીયેહુ** = કર્યું છે **નિરાકરણ** = નિર્ણય, ખુલાસા **ભેદ** = મર્મ, રહસ્ય, તફાવત **પરમ વિશેષ** = પરમવિશેષ અંશ **સકલ શિર** = સર્વના શિર પર, શિરતાજ સમાન, સૌથી શ્રેષ્ઠ **જીનું** = જેમના **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, સીધા પરીચયથી આવેલી સમજ **અકલેદ** = કહ્યામાં ન આવે તેવો, અગમ્ય, અલૌકિક, ગૂઢ

### અનુવાદ

**બે પ્રકારના વિશેષ અંશોના તફાવતનું વિશ્લેષણ કર્યું, પરંતુ પરમવિશેષ અંશનો અનુભવ કળી ન શકાય તેવો હોઈ તે સર્વના શિર ઉપર છે.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા પ્રમાણે વિશેષ અંશો બે પ્રકારના છે. જેવા કે એક જવાળા સહિત અગ્નિ જેવા અને બીજા જવાળા રહિત અગ્નિ જેવા હોય છે. તે બંનેનો તફાવત શ્રીમત્ કરુણાસાગરે નિર્ણય કરીને દર્શાવ્યો છે. જ્યારે પરમવિશેષ અંશની પ્રત્યક્ષ પ્રમાણયુક્ત જાણ (જ્ઞાન) કળ્યામાં આવી શકે તેમ નથી. વળી તેઓ વિશેષ, સામાન્ય વિશેષ અને સામાન્ય એમ સર્વ અંશોના શિર ઉપર અધિપતિ તરીકે છે.

**જેહી નિજ પરમ વિશેષ હી, સકલ અંશ પતિરાજ;**
**તેહી હમ આયેહુ ભવમહી, કહે કુવેર તુમ કાજ. ૧૯૫**

### શબ્દાર્થ

**જેહી** = જે, જેથી **નિજ** = મૂળ, આદિ, પોતે **પરમવિશેષ હી** = પરમ વિશેષ પાટવી **સકલ** = સર્વ, તમામ **અંશ** = અંશોના **પતિરાજ** = મહારાજા તુલ્ય, અધિપતિ રાજા, રાજાઓમાં અધિપતિ સમાન **તેહી** = તેજ **હમ** = હું **આયેહુ** = આવ્યો છું **ભવમહી** = જગતમાં, વિશ્વમાં, બ્રહ્માંડમાં **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે **તુમ** = તમારા **કાજ** =કારણે, કાર્ય માટે, કામ માટે, કલ્યાણ માટે

### અનુવાદ

**જે પરમવિશેષ પાટવી અંશ છે તે સર્વ અંશોના અધિપતિ છે, એવો હું તમારા કાર્ય માટે જ વિશ્વમાં આવ્યો છું.**

### ભાવાર્થ

પરમવિશેષ અંશોમાં જે પાટવી અંશ છે તે સર્વ અંશોના અધિપતિ છે. એવા પરમવિશેષ પાટવી અંશ, એજ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર છે. જેઓ જગતના જીવોને ભવસાગરમાંથી પાર ઉતારવાના કાર્ય માટે જ (વિશ્વમાં) આવ્યા છે.

**અબ તુમ અંશ સકલ જીનું, મિલન ભાવ કિરતાર;**
**તેહી તત્પર હોઈ જન મન, આવહુ સંઘ હમાર. ૧૯૬**

### શબ્દાર્થ

**અબ** = હવે **તુમ** = તમો **અંશ** = સકર્તા પતિના સજાણજાણ સજાતીય સ્વ-ચૈતન અલ્પ સ્વરૂપ **સકલ** = સર્વ, તમામ **જીનું** = જેમને **મિલન** = મળવા માટેનો **ભાવ** = ઈચ્છા, ઉમળકો, આરત, ઈરાદો **કિરતાર** = સર્જનહાર, નિજકર્તા **તેહી** = તે, તેવા **તત્પર** = આતુર, તૈયાર, સજ્જ **હોઈ** = હોય **જન** = જેમના, જેઓના, જનસમૂહ, વ્યક્તિ **મન** = મન અંતઃકરણ **આવહુ** = આવવું હોય **સંઘ** = સાથે, સંગે **હમાર** = અમારી, મારી

### અનુવાદ

**હે સર્વ અંશો! હવે તમારા બધામાંથી જેને સર્જનહારને મળવાની ઈચ્છા હોય તેઓ મારી સાથે આવવા મનથી તૈયાર થઈ જાવ.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર વિશ્વના માનવોને કૈવલજ્ઞાનનો બોધ આપ્યા પછી જે જાગ્રત થયા છે અને જેને સર્જનહારને મળવાની આરત છે તેવા અધિકારી અંશોને આહ્‌વાન કરે છે. જેને સકર્તા પતિને મળવું હોય તેવી વ્યક્તિઓએ દૃઢતાપૂર્વક (મક્કમ) મનથી સજ્જ થઈ જવાનું કહ્યું છે. તેવા મુમુક્ષુ માનવોને તેમની પોતાની સાથે જ આવવા માટેનો અનુરોધ કરે છે.

**જેહી મમ સંઘ સધાવહી, તેહી હંસા રતિવંત;**
**પરમ પુરુષ પતિ પરસહી, જીનકે ભાયગ અનંત. ૧૯૭**

### શબ્દાર્થ

**જેહી** = જે **મમ** = મારી **સંઘ** = સાથે **સધાવહી** = આવશે, પ્રયાણ કરશે, આવવા માટે જોડાશે **તેહી** = તે **હંસા** = નિર્મળ હંસ સ્વરૂપે થયેલા **રતિવંત** = અનુરાગી, આરતવંત **પરમ પુરુષ** = આદિ પુરુષ, શ્રેષ્ઠ પુરુષ, સર્જનહાર **પતિ** = ધણી, માલિક **પરસહી** = મેળાપ કરી શકે, એકતા કરી શકે, સ્પર્શી શકે **જીનકે** = જેઓના **ભાયગ** = ભાગ્ય, નસીબ **અનંત** = અપાર, મહાન, વિશેષ, અંતરહિત

### અનુવાદ

**જે આરતવંત હંસો મારી સાથે આવશે, તેઓ મહાન ભાગ્યશાળી હોઈ પરમ પુરુષ એવા માલિકને મળી શકશે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્‌ કરુણાસાગર કૃપા કરીને જ્યારે તેમની સાથે કૈવલધામમાં જવા માટે તૈયાર થવાની વાત કરે છે ત્યારે એમ માનવું કે એવા અંશોનો કરોડો કલ્પોનો સંચિત કર્મોનો ઉદય થયો છે. તેઓ મહાન ભાગ્યશાળી અંશો છે. ગુરુની કૃપાથી સર્વ પ્રકારના કર્મ બંધનમાંથી મુક્ત થઈને હંસ સ્વરૂપે થયેલા અંશો જો કૈવલધામમાં સાથે જવા માટે જોડાશે તો તેવા હંસો કૈવલધામમાં બિરાજમાન મહદ્‌ સજાણજાણ પરમપુરુષ ખુદ કૈવલ ધણી સાથે કરોડો કલ્પોના વિયોગને અંતે પાછા મળી શકશે.

### (રાગ- સોરઠા)

**અનંત ભાયગ જન જેહુન કે, પરમગુરુ પરસાય;**
**પરમ સુખદ રસ સિંધુમે, સો સત કુવેર મેલાય. ૧૯૮**

### શબ્દાર્થ

**અનંત** = અંત રહિત, અપાર **ભાયગ** = ભાગ્યવાન, નસીબદાર, ભાગ્યશાળી **જન** = વ્યક્તિ, માનવ **જેહુન કે** = જેમને **પરમગુરુ** = ગુરુઓમાં શ્રેષ્ઠ પ્રકારના પરમગુરુ **પરસાય** = મેળાપ થાય, મળે **પરમ** = શ્રેષ્ઠ, અંતિમ **સુખદ** = સુખ દેનારું, સુખદાયી **રસ સિંધુમે** = જળ સમુદ્રમાં, રસના સાગરમાં **સો** = તે **સત કુવેર** = દિવ્ય પરમ ગુરુ, કુવેરસ્વામી **મેલાય** = મેળાપ કરાવે, મેળવાવે છે, ભેળાવે છે.

### અનુવાદ

**જે મહાન ભાગ્યશાળી વ્યક્તિ ને જ પરમગુરુનો મેળાપ થાય છે. અને આવા**

**અંશોને કુવેરસ્વામી અંતિમ અને સુખદાયી અમૃતસાગરમાં ભેળવે છે.**

### ભાવાર્થ

વિશ્વના માનવો આત્મકલ્યાણના ઉદ્દેશથી પોતાના માથે ગુરુનું બહાનું ધારણ કરીને દિવસ-રાત ભક્તિમય જિંદગી જીવે છે. ગુરુ તરીકેનું સંબોધન ધરાવતા વિવિધ ધર્મોના અનેક મુખિયાઓ સંસારમાં છે. તેમાં વળી યુગના પ્રભાવમાં જ્યાં જૂઠ અને પ્રપંચીઓનો પ્રભાવ વિશેષ હોય તેવા કળીકાળમાં પરમગુરુનું શરણું પ્રાપ્ત થવું તે તો ગયા જન્મોના સંચિત સુક્રિતવાળા ભાગ્યશાળી વ્યક્તિને સાંપડે છે.

એવા પરોપકારી શ્રીમત્ કરુણાસાગર દિવ્યદેહે પ્રગટ થયા છે. જેમનો આવવાનો મુખ્ય ઇરાદો ભવસાગરમાં જન્મ-મરણના ક્રમમાં ભટકતા અજ્ઞાની અને અંધ જીવોને અંખડ સુખના સાગર એવા કૈવલધામનું સુખ બક્ષિશ કરવાનું છે. જેથી અંશ હંસ સ્વરૂપે થઈ પોતાની મૂળ ઉદ્‌ભવ-સ્થાનમાં જઈને વિશ્વનિયંતાના સાંનિધ્યનું અપાર સુખનો અનુભવ માણી શકે.

**અંશ અંશીપદ સદ્‌ગુરુ, બરનન કીયેહુ જેહી ચાર;**
**અંશ સામાન્ય વિશેષહી, પરમ વિશેષ વિચાર. ૧૯૯**

### શબ્દાર્થ

**અંશ** = સકર્તા પતિના સજાણજાણ સજાતીય સ્વ-ચૈતન અલ્પ સ્વરૂપ **અંશીપદ** = મહદ્ સજાણજાણ સકર્તાપતિનું અંતિમ પદ **સદ્‌ગુરુ** = સદ્‌ગુરુ, આપનપુ સ્વરૂપની ઓળખાણ કરાવીને તેના સજાતીય અંશીને ઓળખાવનાર ધર્મગુરુ **બરનન** = વર્ણન **કીયેહુ** = કર્યું **જેહી** = જે **ચાર** = ચાર **અંશ સામાન્ય** = સામાન્ય અંશો **વિશેષહી** = વિશેષ અંશો **પરમવિશેષ** = પરમ વિશેષ અંશો **વિચાર** = મનોરથ, મનસૂબો, લક્ષ, નિશ્ચય, અભિપ્રાય, મત, હું કોણ?, ઉત્પત્તિ કેવી રીતે થઈ? આનો કર્તા કોણ? ઉપાદાન કારણ કોણ? એ ચાર વિષયક જે ભાવના છે તેનું નામ વિચાર

### અનુવાદ

**અંશ-અંશીપદ અને સદ્‌ગુરુની આદ્ય લઈ ચાર પ્રકારના ગુરુનું વર્ણન મેં કર્યું છે, વળી સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશો વિશે પણ અભિપ્રાય દર્શાવ્યો છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે કેતુ-૬માં ત્રણ પ્રકારના અંશોઃ સામાન્ય, વિશેષ (સામાન્ય વિશેષ અને વિશેષ અંશો) તથા પરમવિશેષ અંશોની યોગ્ય અને યથાર્થ સમજ દર્શાવી પોતાનો અભિપ્રાય આપ્યો છે. વળી ચાર પ્રકારના ગુરુઃ પ્રોક્ષગુરુ, તાયગુરુ, સદ્‌ગુરુ અને પરમગુરુનું પણ વર્ણન કર્યું છે.

બધા જ પ્રકારના અંશો જેની સજાતિના છે એવા મહદ્ સજાણ કૈવલકર્તાના અંશીપદની પણ યથાર્થ રીતે છણાવટ કરી છે.

**ચાસમી અષ્ટ પ્રકારકે, ઓર સાધન વિધિ સોય;**
**અબ કહું નામી પદ સદ, કહે કુવેર ચિત્ત પ્રોય. ૨૦૦**

### શબ્દાર્થ

**ચાસમી** = કસ, સત્વ, દ્રાવણ, સાત્વિક આનંદ, અમી, રસ **અષ્ટ** = આઠ **પ્રકારકે** = પ્રકારના **ઓર** = અને **સાધન** = સાધના કરવા યોગ્ય કાર્યો, સાધવુ **વિધિ** = રીત, પદ્ધતિ પ્રકાર **સોય** = તે **અબ** = હવે **કહું** = કહુ છું **નામી** = નામ ધારણ કરેલ, પ્રખ્યાત, નામાંકિત **પદ** = પદો, સ્થાન, દરજ્જો **સદ** = શાશ્વત, સત્ય **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **પ્રોય** = પરોવીને, એકાગ્રતાથી.

## અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે આઠ પ્રકારની ચાસમી અને સાધનાની રીત જણાવી. હવે હું સત્ય નામીપદ વિશે કહુ છું તેમાં ચિત્તને પરોવો.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે કેતુ-૬માં આઠ પ્રકારની ચાસમી અને યોગ-સાધનની ક્રિયા અંગે જણાવ્યું છે.

હવે પછીના કેતુ-૭માં તેઓ જે શાશ્વત નામીપદ છે તે વિશે વિસ્તારપૂર્વક સમજ આપશે. તેમાં શ્રોતાઓને પોતાના ચિત્ત પરોવવા માટે અનુરોધ કરવામાં આવે છે.

# નામ નામી પ્રતિપાદ કરન
# કેતુ ૭

---

**અષ્ટાદશ નવ બાવન, નિગમ ચતુર ખટ માંહાંય;**
**પરમપુરુષ પડનાલિકા, જીનમે પાવત નાંહાંય. ૧**

### શબ્દાર્થ

**અષ્ટાદશ** = અંકે અઢાર **નવ** = અંકે નવ **બાવન** = અંકે બાવન **નિગમ** = બ્રહ્મા દ્વારા ઉચ્ચારાયેલા વેદ **ચતુર** = ચાર **ખટ** = અંકે છ **માંહાંય** =માં, અંદર **પરમપુરુષ** = પરમ પુરુષ **પડનાલિકા** = પદ્ધતિ, પરંપરા, પ્રણાલિકા, પ્રાપ્ત કરવા માટેના ઉપાય, પરંપરાથી ચાલી આવતી રૂઢિ **જીનમે** = જેમાં **પાવત** = પ્રાપ્ત કરી શકાય, મેળવી શકાય **નાંહાંય** = નહીં, નથી,ના

### અનુવાદ

**અઢાર પુરાણ, નવ વ્યાકરણ, બાવન અક્ષર, ચાર વેદ, છ શાસ્ત્ર વગેરેમાં પરંપરાથી ચાલી આવતી રૂઢિ હોઈ તેમાં પરમપુરુષને પ્રાપ્ત કરવાની પ્રણાલિકા નથી.**

### ભાવાર્થ

વિશ્વમાં પ્રસિદ્ધિ પામેલા બ્રહ્માજી દ્વારા વદેલા ચાર વેદો, વિદ્વાનો દ્વારા બનાવેલા અઢાર પુરાણોની આદ્ય લઈ બાવન અક્ષરોની વર્ણમાળા સહિત સર્વ રચના આદિ અનાદિથી પરંપરાગત ચાલી આવેલી વિચારધારાઓ છે. જેમાં વિશ્વના સર્જનહાર મહદ્ સજાણજાણ સ્વરૂપ કૈવલકર્તાને પ્રાપ્ત કરવા માટેની રીત (વિધિ) દર્શાવવામાં આવેલી ન હોવાથી બ્રહ્મથી પરે રહેલા પરમપુરુષને કોઈ પ્રાપ્ત કરી શક્યા નથી.

**તેહી પરમ પડનાલીકા, સસમવેદસે પાય;**
**તેહી સસમ પદ પરમસે, કહે પરમગુરુ લાય. ૨**

### શબ્દાર્થ

**તેહી** = તે **પરમ** = શ્રેષ્ઠ, પરમપદ **પડનાલીકા** = પ્રણાલિકા, રીત, પદ્ધતિ **સસમવેદસે** = પાંચમો શ્વસમવેદથી, સ્વ. સમવેદથી **પાય** = પ્રાપ્ત કરી શકાય **તેહી** = તે **સસમ** = સસમવેદ **પદ** = પદ, સ્થાન

**પરમસે** = પરમથી **કહે** = કહે છે **પરમગુરુ** = પરમગુરુ **લાય** = લાવ્યો.

## અનુવાદ

**તે શ્રેષ્ઠ પ્રણાલિકા સ્વ-સમવેદ (શ્વસમ્ વેદ) થી પ્રાપ્ત થાય છે. પરમગુરુ કહે છે કે તે શ્વસમવેદનું જ્ઞાન તેઓ પરમપદથી લાવ્યા છે.**

## ભાવાર્થ

મહદ્ સજાણજાણ પરમપુરુષને પ્રાપ્ત કરવા અંગેની સરળ પદ્ધતિની માહિતી જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક કૈવલવેત્તા શ્રીમત્ કરુણાસાગર દ્વારા રચિત પંચમ શ્વસમવેદથી પ્રાપ્ત કરી શકાય છે.

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે તે વેદમાં બ્રહ્મથી તીત રહેલા શાશ્વત પરમપુરુષ તે પ્રાપ્ત કરવા માટેની પ્રણાલિકાની સચોટ અને ન્યાયિક જાણ કૈવલકર્તાના પરમપદમાંથી લાવ્યા છે.

**પરમગુરુ ઓરુ પતિપદ, ભિન્ન ભાવ કછું નાંહાંય;**
**એકમેક સમરસ સદા, પરમગુરુ પતિ માંહાંય. ૩**

### શબ્દાર્થ

**પરમગુરુ** = પરમગુરુ **ઓરુ** = અને **પતિપદ** = સર્જનહારનું પરમપદ, નિજકર્તાપદ **ભિન્ન** = અલગ, જુદો **ભાવ** = સ્નેહ, હેત, ભેદ, મર્મ, ચાહ, મનની વૃત્તિ, સ્વરૂપ, સ્થિતિ, હયાતી, અસ્તિત્વ **કછું** = કાંઈ, કંઈ **નાંહાંય** = નથઈ, નહીં **એકમેક** = એકબીજાથી **સમરસ** = સમાયેલા, જોડાયેલા, ભળી ગયેલા, એકાત્મક થઈ ગયેલા **સદા** = હંમેશને માટે, સદાય, કાયમ, નિત્ય, નિરંતર **પરમગુરુ** = પરમગુરુ **પતિ** = સર્જહાર, માલિક, કર્તા **માંહાંય** = મોં, પ્રત્યે, અંદર.

## અનુવાદ

**પરમગુરુ અને પતિપદમાં બિલકુલ ભિન્નભાવ નથી. પરમગુરુ હમેશાંને માટે પરમપતિ સાથે એકમેક થઈને રહે છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર પોતાની સજાણજાણ થકી સર્જનહાર કૈવલકર્તાની

મહદ્ સજાણજાણ સાથે કદીપણ ભિન્ન સ્વરૂપે થતા નથી. એટલે કે, પરમગુરુ હમેશાંને માટે કૈવલકર્તા સાથે હંગથી એકમેકપણે જોડાઈને રહે છે.

**પરમગુરુ પદ પરમ કે, લહત મરમ ગતિ તાય;**
**યાતે પરમગુરુ થકી, પરમ પુરુષ દરશાય. ૪**

**શબ્દાર્થ**

**પરમગુરુ** = પરમગુરુ **પદ પરમ કે** = પરમપદના **લહત** = જાણે છે **મરમ** = મર્મ, રહસ્ય **ગતિ** = સમજ, જાણ **તાય** = તેની, તેમની **યાતે** = તેથી, તેટલા માટે **પરમગુરુ** = પરમગુરુ **થકી** = દ્વારા, થી, મારફત **પરમ પુરુષ** = પરમપુરુષ, નિજકર્તા, સકર્તાપતિ **દરશાય** = ઓળખાય.

**અનુવાદ**

**પરમગુરુ તે પરમપદની ગતિના મર્મને જાણે છે. તેથી પરમગુરુ થકી પરમપુરુષને ઓળખી શકાય છે.**

**ભાવાર્થ**

વિશ્વમાં માત્ર ને માત્ર પરમવિશેષ પાટવી અંશ એવા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સર્જનહારના પરમપદની ગતિના મર્મને જાણે છે.

તેટલા માટે જ ચારેય પ્રકારના ગુરુઓમાં શ્રેષ્ઠ એવા પરમગુરુના શરણમાં જઈ તેમની કૃપા પ્રાપ્ત કરવામાં આવે તો એવા કૃપાવંત અધિકારી મુમુક્ષુને કૈવલકર્તાના અખંડ નિરાકાર સ્વરૂપની ઓળખ થાય છે.

**પરમપુરુષ યશ ગાવન, બિનું પક્ષ કે લક્ષ નામ;**
**તેહી લક્ષ દેત પરમગુરુ, જાનત જદીપ મરમ. ૫**

**શબ્દાર્થ**

**પરમપુરુષ** = પરમપતિ, સકર્તાપતિ, શ્રેષ્ઠપુરુષ **યશ** = ગુણગાન, પ્રશંસા, કીર્તિ **ગાવન** = ગાઈ શકાય, ગાવું, સ્તુતિ, પ્રાર્થના **બિનું પક્ષ કે** = પક્ષા પક્ષ રહિત, પક્ષપાત સિવાય **લક્ષ** = ઉદ્દેશ, હેતુ, ધ્યેય, અંતિમ કેન્દ્ર બિંદુ **નામ** = નામ **તેહી** = તે **લક્ષ** = સમજ, જ્ઞાન **દેત** = આપે છે **પરમગુરુ** = પરમગુરુ **જાનત** = જાણે છે **જદીપ** = તેટલા માટે, તેથી, જ્યારે **મરમ** = મર્મ, રહસ્ય, ભેદ, જાણ.

## અનુવાદ

**પક્ષપાત સિવાયના લક્ષ થકી પરમપુરુષના નામના યશગાન ગાઈ શકાય છે. તે લક્ષના મર્મને પરમગુરુ જાણતા હોવાથી તે લક્ષ (માનવોને) આપે છે.**

## ભાવાર્થ

કોઈ પણ પ્રકારના પક્ષાપક્ષથી રહિત એવા નિષ્પક્ષ અને ન્યાયપૂર્વકના જ્ઞાન થકી જ સકર્તાપતિ સર્જનહારના નામના યશગાન ગાઈ શકાય છે.

એવા જ્ઞાનના હાર્દને દુનિયામાં માત્ર પરમગુરુ જ જાણે છે અને તેથી જ સકર્તાપતિનો લક્ષ માત્ર પરમગુરુ જ વિશ્વના માનવોને દર્શાવે છે.

**સોહી મરમ ભવ ગુપ્ત હી, જીનકી આદ્ય ન અંત;**
**પરમ પુનિત થકી પાવત, કોઈક જવરલા સંત. ૬**

### શબ્દાર્થ

**સોહી** = તે **મરમ** = મર્મ, રહસ્ય, ભેદ **ભવ** = જગતમાં **ગુપ્ત હી** = છૂપો, અજાણ્યો, છાનો, અધ્યાહાર **જીનકી** = જેની **આદ્ય** = આદિ, પ્રારંભ, શરૂઆત, ઉત્પત્તિ **ન** = નહીં, નથી **અંત** = છેડો, આખર, સમાપ્તિ, હદ, વિનાશ **પરમ** = શ્રેષ્ઠ, મહાન, અધિક **પુનિત** = પવિત્ર, કલ્યાણકારી, નિર્મળ, પાવનકારી **થકી** = થી, દ્વારા, મારફત **પાવત** =પ્રાપ્ત કરી શકે, પ્રાપ્ત થાય, મેળવી શકે **કોઈક** = કોઈક **જવરલા** = કવચિત, ભાગ્યે જ, જવલ્લે જ, કદીક જ **સંત** = સંત ગતિના માનવો.

## અનુવાદ

**જેનો આદિ કે અંત નથી તેવા લક્ષનો મર્મ વિશ્વમાં ગુપ્ત રહેલો છે. તે લક્ષ પરમ કલ્યાણકારી દ્વારા જ કોઈક વિરલા સંત પ્રાપ્ત કરી શકે છે.**

## ભાવાર્થ

જેનો આદિ કે અંત નથી એવા પક્ષાપક્ષથી રહિત સકર્તા પતિનો લક્ષ વિશ્વમાં આદિ-અનાદિ કાળથી અધ્યાહાર રહેલો છે. તેવા ગુપ્ત લક્ષનો મહિમા વિશ્વમાં માત્ર પરોપકારી અને કલ્યાણકારી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપવા માટે સમર્થ છે. ભવોભવના સંચિત કર્મોના પુણ્ય પ્રતાપે કોઈ વિરલા સંત ગતિના માનવો જ

પરમગુરુનું શરણું સ્વીકારીને આ મહાન લક્ષને પ્રાપ્ત કરી શકે છે.

**પરમ પુનિત સો પરમગુરુ, અંશ હી પરમ વિશેષ;**
**તેહી જીનું લક્ષ લખાવત, કરત નામ અભિશેષ. ૭**

### શબ્દાર્થ

**પરમ** = મહાન, શ્રેષ્ઠ **પુનિત** = પવિત્ર, કલ્યાણકારી,પાવનકારી, નિર્મળ **સો** = તે **પરમગુરુ** = પરમગુરુ **અંશ હી** = સર્જનહારના સજાતિ સજાણજાણ ચૈતન સ્વરૂપ **પરમ વિશેષ** = પરમ વિશેષ **તેહી** = તેઓ **જીનું** = જેમને, જેને, જે **લક્ષ** = ધ્યેય, કેન્દ્રબિંદુ **લખાવત** = દર્શાવે, બક્ષે આપે **કરત** = કરે છે (**કરતા** = કર્તા, સર્જનહારના) **નામ** = નામનું **અભિશેષ** = સ્થાપન, આરોપણ, મંડાણ.

### અનુવાદ

**પરમગુરુ તો મહાન કલ્યાણકારી છે. જે કર્તાના પરમવિશેષ અંશ છે. તેઓ જે લક્ષ દર્શાવે છે તેમાં કર્તાના નામનું સ્થાપન કરેલું છે.**

### ભાવાર્થ

વિશ્વમાં મહાન કલ્યાણકારી મહાપુરુષ માત્ર પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર છે. જેઓ સર્જનહાર દ્વારા ઉત્પન્ન કરાયેલા પરમવિશેષ અંશોમાં પાટવી અંશ છે.

માનવોના જન્મ-મરણ રૂપ ભવસંકટને દૂર કરવા માટે સગુણ અને નિર્ગુણથી તીત એવા સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરીને અંશ-અંશીનો લક્ષ દર્શાવે છે. તેઓએ જે લક્ષને દર્શાવ્યો છે તેમાં અંશ જેનો સજાતિ છે એવા વિશ્વના તત્ત્વાતીત સર્જનહારને આદ્ય, સક્રત, સ્વરાજ, કરુણેશ અને કૈવલ એમ પાંચ વિશેષણો દ્વારા નવાજીને સ્થાપન કર્યું છે.

**જેહી નામ નિજ લક્ષ પર, ધરેહુ બોધ પ્રતિપાદ;**
**તેહી નામ નિજ પતિનકે, તાઈ જપત ગતિ મહાદ. ૮**

### શબ્દાર્થ

**જેહી** = જે, તે **નામ** = નામ **નિજ** = આદિ, મૂળ **લક્ષ** = અંતિમ ધ્યેય, કેન્દ્ર બિંદુ, છેલ્લો આશય, હાર્દ **પર** = ઉપર **ધરેહુ** = ધારણ કર્યું **બોધ** = ઉપદેશજ્ઞાન, શિખામણ **પ્રતિપાદ** = કરવું, પુરવાર કરવું

**તેહી** = તે **નામ** = નામ **નિજ** = મૂળ, આદિ **પતિનકે** = માલિકનું, પતિનું, સ્વામીનું **તાઈ** = તે, તેમનું **જપત** = રટણ, જપ કરતાં **ગતિ** = સૂઝ, જ્ઞાન, જાણ **મહાદ** = મહાન, વિશેષ, શ્રેષ્ઠ, પરમ.

## અનુવાદ

**જે નામ નિજ(કર્તા)ના લક્ષ ઉપર ધારણ કરીને જ્ઞાનનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તે નામ મૂળ માલિકનું છે. તેનું રટણ કરવાથી શ્રેષ્ઠ ગતિ પ્રાપ્ત થાય છે.**

## ભાવાર્થ

જે નામ અંશ-અંશીના નિજ લક્ષ દર્શાવતા પરમપદ ઉપર ધારણ કરીને કૈવલજ્ઞાન દર્શાવતા સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરવામાં આવ્યું છે, તે જ નામ વિશ્વના આદિ અનાદિ માલિક કૈવલકર્તાનું છે. નિજ કૈવલકર્તાના નામના જાપનું આઠેય પહોર રટણ કરવામાં આવે તો અંશને પરમપદની મહાન ગતિ પ્રાપ્ત થાય છે.

**અખિલ નામ શિર તારણ, નિજ પતિકે જેહી નામ;**
**નામી નામ સદોદીત, રહત અનાદ્ય સધામ. ૯**

### શબ્દાર્થ

**અખિલ** = સમસ્ત, સઘળા, સર્વ **નામ** = નામ **શિર** = મસ્તક રૂપે, શિષ, ટોચરૂપ **તારણ** = ઉદ્ધારક, પાર ઉતારનાર, મુક્તિદાતા **નિજ** = મૂળ, આદિ **પતિકે** = માલિકનું, સ્વામીનું **જેહી** = જે, તે **નામ** = નામ **નામી** = જેમના ઉપર નામનું આરોપણ કરવામાં આવેલું છે તે પુરુષ, નામને ધારણ કરનાર **નામ** = નામ, સંજ્ઞા **સદોદીત** = નિત્ય, અવિનાશી, સર્વદા **રહત** = રહેલું છે, રહે છે **અનાદ્ય** = અનાદિ **સધામ** = પોતાના મૂળ સ્થાનમાં, શ્રેષ્ઠ ધામમાં.

## અનુવાદ

**નિજ પતિનું જે નામ છે તે સર્વ નામોના શિરમોર ઉદ્ધારક નામ છે. નામને ધારણ કરનાર નામી અવિનાશી છે, જે આદિ અનાદિથી પોતાના મૂળ ધામમાં રહે છે.**

## ભાવાર્થ

મહદ્ સજાણજાણ નિજકર્તાનું ''કૈવલ'' નામ છે તે જગતપક્ષના સર્વ પ્રકારના

નામોમાં શિરમોર રૂપે રહેલું છે. વળી કૈવલ નામ એ પંચમી અખંડ કૈવલ મુક્તિને પ્રાપ્ત કરાવવાવાળું ઉદ્ધારક નામ છે.

એવા નામને ધારણ કરનાર નામી કૈવલકર્તા પોતે સદા-સર્વદા માટે નિત્ય રહેનારા હોઈ તે અવિનાશી છે. જે પોતાની સર્જેલી સર્વ રચના પહેલાં (આદ્ય) વિકાસના સમય દરમ્યાન (મધ્ય) અને મહાપ્રલયકાળે (અંત) રચનાને સમેટી લીધા પછી પણ પોતાના મૂળ કૈવલધામમાં જ રહે છે.

**સોહી નિજ ધામ સધામકે, અજન્ય જોન્ય કિરતાર;**
**તિનકે નામ આરોપીત, ભજત હોત ભવપાર. ૧૦**

### શબ્દાર્થ

**સોહી** = તે, પોતે **નિજ ધામ** = મૂળ સ્થાન, અંતિમ ધામ, પોતાના રહેઠાણવાળા **સધામકે** = શ્રેષ્ટ ધામના, પોતાના ધામના **અજન્ય** = અજન્મા, ઉત્પત્તિ વગરનું, નહીં ઉત્પન્ન કરવા જેવું **જોન્ય** = યોનિ, સર્વને ઉત્પન્ન કરનાર **કિરતાર** = સર્જનહાર, કર્તા, કરનાર **તિનકે** = તેમના, તેમને **નામ** = નામ **આરોપીત** = અર્પણ કરવામાં આવ્યું છે **ભજત** = ભજતાં, રટણ કરતાં, જપતાં **હોત** = થાય **ભવપાર** = ભવસાગરમાંથી મુક્તિ, સંસારમાંથી મોક્ષ, ભવબંધનથી છૂટકારો.

### અનુવાદ

**તે નિજના ધામમાં રહેલા સર્જનહાર અજન્મા હોઈ યોનિ દ્વારે જન્મ્યા નથી. તેમને આરોપણ કરવામાં આવેલું નામ જપતા ભવસાગર પાર કરી શકાય છે.**

### ભાવાર્થ

કૈવલકર્તા પુરુષ પોતે અને તેઓ જે ધામમાં નિવાસ કરે છે તે કૈવલધામ ઉત્પત્તિ વગરનું છે અર્થાત્ અવિનાશી છે. એવા અવિનાશી કૈવલકર્તા ઉત્પત્તિ રહીત અજન્મા છે. તેવા અયોની કર્તાએ બ્રહ્માંડની સમગ્ર ઉત્પત્તિને (સૃષ્ટિને) ઉત્પન્ન કરી હોઈ તેઓ પોતે સમસ્ત બ્રહ્માંડની આદ્ય લઈ સર્વ અંશો સહિત સર્વ રચનાના રચનાર છે.

તેમને આરોપણ કરવામાં આવેલું "કૈવલ" નામ (વિશેષણ)નું ભજન-સ્મરણ (રટણ) કરવાથી અંશને જન્મ-મરણના ભવબંધનમાંથી હમેશાંને માટે મુક્તિ પ્રાપ્ત થાય છે.

**બિનુ નિજપતિ નિજ નામ હી, નામ કરત નહીં કામ;**
**પત્થરકુ પારસ કીયે, ઉપજત નહીં કછુ દામ. ૧૧**

### શબ્દાર્થ

**બિનુ** = સિવાય, વિના **નિજપતિ** = મૂળ સકર્તાપતિ, મૂળ માલિક, આદિ પરમપિતા **નિજ** = મૂળ, પોતાના **નામ હી** = નામ જ **નામ** = સંજ્ઞા, બિરુદ, ઉપમા **કરત** = કરે **નહીં** = નહીં **કામ** = કાર્ય, કારજ કરણી, કર્તવ્ય **પત્થરકુ** = પથ્થરને, પાષાણને **પારસ** = પોતાના સ્પર્શથી લોખંડને સોનામાં રૂપાંતર કરનાર પદાર્થ, સ્પર્શ મણિ **કીયે** = કહેવામાં આવે, કહેવાથી **ઉપજત** = ઉપજે, મળે, કમાણી થાય **નહીં** = નહીં **કછુ** = કઈ, કોઈ **દામ** = દામ, કિંમત, સંપત્તિ, ધન.

### અનુવાદ

**નિજપતિ સિવાય તેમના નામથી કોઈ કાર્ય થતું નથી. જેમ પથ્થરને પારસ કહેવાથી તેની કંઈ પણ કિંમત ઉપજતી નથી.**

### ભાવાર્થ

જેમ મૂળ પારસના સ્પર્શથી લોખંડનું સોનામાં પરિવર્તન થાય છે અને તેની કિંમત પણ ઘણી ઊપજે છે, પરંતુ જો તે ‘‘પારસ’’ નામ અન્ય પત્થર ઉપર આરોપણ કરવામાં આવે તો લોખંડને સ્પર્શ કરવા થકી પણ લોખંડ સોનામાં પરિવર્તિત થતું નથી. જેથી લોખંડની ધાતુ લોખંડના ભાવે જ વેચાય છે. તેની વિશેષ કિંમત ઉપજતી નથી. એ જ રીતે સર્જનહાર કૈવલકર્તાને આરોપણ કરેલું ‘‘કૈવલ’’ નામના રટણથી અંશને જન્મ-મરણના ભવસંકટમાંથી મુક્તિ મળે છે, પરંતુ અન્ય અવતારાદિક દેહો ઉપર સર્જનહારનું નામ આરોપણ કરીને તેમના ગમે તેટલા જપ જપવામાં આવે તો પણ પંચમી અખંડ કૈવલમુક્તિ કદી મળતી નથી.

અન્ય રીતે સમજીએ તો સર્જનહારને આરોપણ થયેલું ‘‘કૈવલ’’ નામ અન્ય કોઈ વ્યક્તિને લગાડવામાં આવેલું હોય અને તે વ્યક્તિના નામનું વારંવાર ઉદ્‌બોધન કરીને બોલવામાં આવે તેમ છતાં પણ અંશનો ઉદ્ધાર થતો નથી.

**પારસ નામ પારસ શિર, ઉભયે લોહ પલટાય;**
**હોત ધાતુ શુદ્ધ કંચન, મોહોઘે મૂલ બેકાય. ૧૨**

### શબ્દાર્થ

**પારસ નામ** = પારસનું નામ **પારસ શિર** = પારસ ઉપર **ઉભયે** = બંને ભેગા થતાં, બંનેનો સ્પર્શ થતાં **લોહ** = લોખંડ, ધાતુ **પલટાય** = બદલાય, પરિવર્તન થાય **હોત** = થાય, હોવાથી **ધાતુ** = ખનિજ તત્ત્વ, દ્રવ્ય **શુદ્ધ** = ચોખ્ખું, નિર્મળ, વિકાર રહિત **કંચન** = સોનું **મોહોઘે** = મોંઘે, ભારે કિંમત, ઘણી કિંમત, મહામૂલ્ય **મૂલ** = કિંમત, મૂલ્ય, દામ, ભાવ **બેકાય** = વેચાય.

### અનુવાદ

**પારસ નામ પારસના શિર ઉપર હોય તો બંનેના સ્પર્શથી લોખંડ પલટાય છે અને શુદ્ધ સુવર્ણ ધાતુ મોંઘા મૂલ્યથી વેચાય છે.**

### ભાવાર્થ

પારસ નામ જો સાચા પારસ ઉપર ધારણ કરવામાં આવેલું હોય તો તેવો પારસ પોતાના સ્પર્શથી લોખંડની ધાતુને સુવર્ણમાં પરિવર્તન કરી દે છે. પછી લોખંડનું અસ્તિત્વ રહેવા પામતું નથી.

પલટાયેલી ધાતુ શુદ્ધ સુવર્ણમાં રૂપાંતર થઈ હોવાથી બજારમાં પણ તે સોનું ખૂબ જ ઘણી ઊંચી કિંમતે વેચાય છે.

## આવત કાજ જબી નામ હી, નિજ નામી પતિ સંગ;
## પુનિ નામ શિર ઓરનકે, ભવ દુઃખ કરત ન ભંગ. ૧૩

### શબ્દાર્થ

**આવત** = આવે છે **કાજ** = કામ **જબી** = જ્યારે **નામ હી** = નામ **નિજ** = મૂળ, અસલ **નામી** = નામને ધારણ કરનાર **પતિ** = પતિ, માલિક, કર્તા **સંગ** = સાથે, ની જોડે, સંગાથ **પુનિ** = વળી, પરંતુ **નામ** = નામ **શિર** = મસ્તકે, ઉપર **ઓરનકે** = અન્યના, બીજાના **ભવ દુઃખ** = જન્મ-મરણનું ભવ સંકટ **કરત** = કરે **ન** = નહીં **ભંગ** = નાશ.

### અનુવાદ

**નિજ નામી પતિની સાથે જ્યારે નામ હોય તો તે કામમાં આવે છે, પરંતુ તે નામ અન્યના શિર પર હોય તો તેનાથી ભવ દુઃખ મટી શકતું નથી.**

## ભાવાર્થ

મૂળ સર્જનહાર કે જેમણે કૈવલ નામ ધારણ કરવામાં આવ્યું છે તેવા નામીના નામના જાપનું રટણ અંશને જન્મ-મરણના સંકટમાંથી મુક્ત થવાના કામમાં સહાયભૂત થાય છે, પરંતુ તે નામ જો પાંચે દેહો પૈકી કોઈ પણ દેહધારીના મસ્તક ઉપર લગાડવામાં આવે અને તે વ્યક્તિના નામની માળા ફેરવવામાં આવે તો પણ નામ દેનાર વ્યક્તિનું જન્મ-મરણ રૂપ ભવસંકટ કદી પણ ટળી શકતું નથી.

## ભવદુઃખ ભંજન કરનકુ, નિજ નામી કે નામ;
## ઉભયે નામ નામી બિના, નામ કરત નહી કામ. ૧૪

### શબ્દાર્થ

**ભવ** = જગત, સંસાર **દુઃખ** = કષ્ટ, સંકટ, પીડા **ભંજન** = દૂર, નષ્ટ **કરનકુ** = કરવા માટે **નિજ** = મૂળ, અસલ, આદિ **નામી કે** = નામને ધારણ કરનારનું **નામ** = બિરુદ, નામ, ઉપમા **ઉભયે** = બન્ને **નામ** = નામ **નામી** = નામને ધારણ કરનાર **બિના** = વગર, સિવાય, વિના **નામ** = નામ **કરત** = કરે, સિદ્ધ થાય **નહી** = નહીં **કામ** = કાર્ય, અર્થ સરવો, કર્મ, કૃત્ય, ઉદ્દેશ.

## અનુવાદ

**ભવદુઃખ દૂર કરવા માટે નિજ નામીનું નામ છે. તે નામી અને નામ બંને વિના નામથી કાર્ય સિદ્ધ થતું નથી.**

## ભાવાર્થ

વિશ્વના સર્વ માનવોએ જો જન્મ-મરણનું મહાન દુઃખ દૂર કરવું હોય તો, માત્ર ને માત્ર મૂળ સર્જનહારને આરોપણ થયેલું કૈવલ નામ જ યોગ્ય અને લાયકાત ધરાવતું યથાર્થ નામ છે.

સાચા સર્જનહાર અને તેમને આરોપણ કરવામાં આવેલું “કૈવલ” નામ એમ બંનેની યોગ્યતા સિવાય માત્ર એકલા જ નામથી જન્મ-મરણના ભવ સંકટ રૂપ દુઃખમાંથી મુક્તિ પ્રાપ્ત કરવાનું કાર્ય કદિ પણ સિદ્ધ થઈ શકતું નથી.

**રાજ નામ શિર રાજકે, ટેરત બોલહી રાજ;**
**રીઝે તો રિધ સિધ તણુ, કરત કાજ તેહી રાજ. ૧૫**

### શબ્દાર્થ

**રાજ નામ** = રાજાનું નામ **શિર રાજકે** = રાજાના મસ્તક ઉપર **ટેરત** = બોલાવતા, નામનું ઉચ્ચારણ કરતાં **બોલહી** = બોલે છે **રાજ** = રાજા **રીઝે તો** = ખુશ થાય તો, પ્રસન્ન થાય તો, રાજી થાય તો **રિધ સિધ** = રિદ્ધિ સિદ્ધિ, મૂલ્યવાન સંપત્તિ કે દ્રવ્ય **તણુ** = નુ **કરત** = કરે છે **કાજ** = કાર્ય, કામ **તેહી** = તે **રાજ** = રાજા.

### અનુવાદ

**રાજાને માથે રાજાનું નામ હોવાથી, તેમના નામ ઉચ્ચારણથી તે રાજા બોલે છે. જો તે પ્રસન્ન થાય તો રિદ્ધિ-સિદ્ધિ આપવાનું કામ તે રાજી કરે છે.**

### ભાવાર્થ

રાજાનું નામ એ ખરેખર જે રાજગાદી પર બિરાજમાન રાજાનું હોય અને કોઈ ભાટ ચારણ તેમના નામનો પોકાર કરે તો રાજા તેનો પ્રત્યુત્તર આપે છે. જો તે રાજા કદાચ ખુશ થાય તો પોતાના નામના પોકાર કરીને ગુણ-ગાન ગાનારને મૂલ્યવાન દ્રવ્યની ભેટ પણ આપી દે છે. આમ થવાથી રાજાના નામનું ઉચ્ચારણ કરનારનું કલ્યાણ થઈ જાય છે અર્થાત્ તેની દરિદ્રતા ટળી જાય છે.

**તેહી નામ શિર રંક કે, બરજત બોલે સોય;**
**રીઝે પણ તેહી રાજ કે, કાજ કરત નહીં કોય. ૧૬**

### શબ્દાર્થ

**તેહી** = તે **નામ** = નામ **શિર** = માથે, મસ્તક ઉપર **રંક કે** = ગરીબના, દીનના, નિર્ધનના **બરજત** = બોલાવતાં, તેમના નામનું મોટેથી બૂમ પાડતાં **બોલે** = બોલે **સોય** = તે **રીઝે** = ખુશ થાય, પ્રસન્ન થાય **પણ** = પરંતુ **તેહી** = તે **રાજ કે** = રાજાની જેમ **કાજ** = કાર્ય, કામ, મદદ **કરત** = કરે **નહીં** = નહીં **કોય** = કાંઈ પણ, કંઈ પણ.

### અનુવાદ

**જો તે જ નામ ગરીબનું હોય અને બોલાવવામાં આવે તો બોલે ખરો અને પ્રસન્ન**

**પણ થાય, પરંતુ રાજાની જેમ કંઈ પણ કરી શકે નહીં.**

## ભાવાર્થ

રાજાનું જે નામ હોય તે જ નામ કોઈ નિર્ધન વ્યક્તિનું હોય અને નામનું ઉચ્ચારણ કરીને તેને બોલાવવામાં આવે તેને સારા લાગે તેવા કે શબ્દો કહેવામાં આવે તો તે ગરીબ વ્યક્તિ પ્રત્યુત્તર આપે છે. પોતાની પ્રશંસા સાંભળીને તે બોલાવનાર વ્યક્તિ ઉપર તે ગરીબ પ્રસન્ન પણ થાય, તેમ છતાં પણ પોતાની ગરીબાઈને કારણે નામ દેનારને તે વ્યક્તિ રાજાની જેમ મૂલ્યવાન દ્રવ્યની ભેટ કે સંપત્તિનું દાન કરી શકતો નથી.

**ઉત ઈતકે જેહી તેહી પર, નામ સકલ શિર વ્યાપ;**
**પણ નામી સામ્રથ લગી, કરત કાજ તેહી માપ. ૧૭**

### શબ્દાર્થ

**ઉત ઈતકે** = અહિ અને ત્યાં, મૃત્યુલોક અને દેવલોક, બ્રહ્માંડ અને પરમપદ **જેહી તેહી** = જે તે, જેના તેના, દરેકના **પર** = ઉપર, પર **નામ** = નામ, સંજ્ઞા **સકલ** = સર્વના, તમામના, બધાના **શિર** = માથે, મસ્તક પર **વ્યાપ** = વ્યાપેલું, પ્રસરેલું, ફેલાયેલું, વિસ્તાર પામેલું **પણ** = પરંતુ **નામી** = નામને ધારણ કરનાર **સામ્રથ** = સામર્થ,શક્તિ, તાકાત, યોગ્યતા **લગી** = સુધી **કરત કાજ** = કાર્ય, કામ **તેહી** = તે **માપ** = હદ, ગજું, તાકાત.

## અનુવાદ

**આ બાજુ કે તે બાજુ દરેકના શિરે નામ વ્યાપક રૂપે રહેલું છે. તેમ છતાં નામી તેના સામર્થ્ય અનુસાર કાર્ય કરી શકે છે.**

## ભાવાર્થ

આ બાજુના (મૃત્યુલોક) અને તે બાજુના (દેવલોકની) આદ્ય લઈને બ્રહ્માંડથી તીત રહેલા પરમપદ સહિત દરેકે દરેકના શિર ઉપર નામનું આરોપણ થયેલું છે. નામના આરોપણ સિવાય અણુ પણ બાકી નથી. એટલે કે, પ્રત્યક્ષ અને પરોક્ષ એમ દરેકના માથે નામ છે, પરંતુ નામને ધારણ કરનાર નામીની  સામર્થ્યતા મુજબ તે કાર્ય કરી શકે છે.

**બડે બોલ ભિક્ષુત શિર, ધરત નામ ધનપાલ;**
**પણ કોડી ખરચત નહીં, કયા ભયે નામ વિશાલ. ૧૮**

### શબ્દાર્થ

**બડે** = મોટા, ભારે **બોલ** = શબ્દ, અવાજ, વચન, વાણી, ટહુકો **ભિક્ષુત** = ભિખારી, ગરીબ, નિર્ધન, ભિક્ષુક **શિર** = માથે, મસ્તક પર **ધરત** = ધારણ કરે **નામ** = નામ **ધનપાલ** = ધનપાળ ધનિક, પૈસાદાર **પણ** = પરંતુ **કોડી** = નાનામાં નાના ચલણનો સિક્કો, પૈસો **ખરચત નહીં** = ખર્ચતા નથી **કયા ભયે** = શુ થયું, શું થઈ શકે **નામ** = નામ **વિશાલ** = મોટું, મહાન, દીર્ઘ, વિસ્તૃત.

### અનુવાદ

**ભિખારીને માથે મોબાવાળું ધનપાલ નામ રાખવામાં આવ્યું હોય અને તે એક કોડી પણ ખરચી શકતો ન હોય તો તેના મોટા નામથી શું થયું!**

### ભાવાર્થ

કોઈ ભિખારી હોય અને તેનું નામ ધનપાલ રાખવામાં આવ્યું હોય, પરંતુ તેની પાસે ખરચવા માટે એક કોડી પણ ન હોવાથી નામનું કોઈ મહત્ત્વ રહેતું નથી. તેનું નામ ધનપાલ હોવા છતાં તેને ભિક્ષા માગીને જ જીવન ગુજારવું પડે છે. એટલે ભિખારીનું ધનપાલ નામ રાખવાથી તેના નામ વડે કોઈ પણ કાર્ય સિદ્ધ થતું નથી. અર્થાત્ નામીની સામર્થ્યતા વગર નામથી કોઈ જ કાર્ય થઈ શકતું નથી.

**તબતે સામ્રથ નામીકે, નામ જપે નિસ્તાર;**
**નામી નામ સંજુક્ત હી, જબ પાવત દેદાર. ૧૯**

### શબ્દાર્થ

**તબતે** = તેથી જ, તેટલા માટે જ **સામ્રથ** = સામર્થ્યવાન, સમર્થ **નામીકે** = નામને ધારણ કરનારનું **નામ** = નામ **જપે** = જપવામાં આવે તો, રટણ કરવામાં આવે તો **નિસ્તાર** = નિવેડો, અંત મોક્ષ, ઉદ્ધાર **નામી** = નામને ધારણ કરનાર **નામ** = નામ **સંજુક્ત હી** = જોડાયેલું, બંને ભેગા, યુક્ત **જબ** = ત્યારે જ, જ્યારે, જે થકી જ **પાવત** = પ્રાપ્ત કરી શકાય **દેદાર** = મૂળ સ્વરૂપ, સાચું સ્વરૂપ, સાક્ષાત દર્શન, અસલ સ્વરૂપની ઝાંખી.

## અનુવાદ

**તેટલા માટે જ સમર્થ નામીનું નામ જપવાથી ઉદ્ધાર થઈ શકે છે. વળી નામી અને નામનું જોડાણ હોય ત્યારે જ અસલ સ્વરૂપની ઝાંખી થઈ શકે છે.**

## ભાવાર્થ

તેટલા માટે જ જેમના ઉપર નામનું આરોપણ કરવામાં આવ્યું છે એવા સમર્થ નામીનું નામ જપવાથી જપનાર વ્યક્તિના જન્મ-મરણ રૂપ ભવસંકટનો નિવેડો આવી શકે છે.

**સકલ કાજ સંપૂરણ, નિજપતિ દરશ દેદાર;**
**જેહી નામે નામી મીલે, તેહી નામ સત સાર. ૨૦**

### શબ્દાર્થ

**સકલ** = બધું જ, સર્વ પ્રકારનું **કાજ** = કાર્ય, કામ **સંપૂરણ** = પૂર્ણ થાય છે, પરિપૂર્ણ થાય છે. **નિજપતિ** = પરમપતિ, મૂળ આદિ કૈવલ પુરુષ, નિજકર્તા **દરશ** = દશ્યમાન, ઝાંખી **દેદાર** = સ્વરૂપ **જેહી** = જે **નામે** = નામથી **નામી**= નામનું આરોપણ થયેલ, જેના ઉપર નામનું આરોપણ થયેલ છે તે **મીલે** = મળે **તેહી** = તે જ **નામ** = નામ **સત** = સાચુ, શાશ્વત **સાર** = સાર રૂપે, રૂપ

## અનુવાદ

**નિજપતિના સ્વરૂપની ઝાંખી થવાથી સર્વ કાર્ય પરિપૂર્ણ થાય છે. એટલે કે, જે નામથી નામી પ્રાપ્ત થાય છે તે જ નામ સાર રૂપે સત્ય છે.**

## ભાવાર્થ

વિશ્વમાં માનવ દેહ પ્રાપ્ત કર્યા પછી માનવીને અંશના જન્મ-મરણના ભવસંકટને મુક્ત કરવા માટેની આકાંક્ષા થતાં કૈવલ નામના રટણ થકી જ અંશ જેની સજાતિનો છે એવા નિજપતિના શાશ્વત સ્વરૂપને પ્રાપ્ત કરી શકે છે. પછી અંશને કાંઈ પણ મેળવવાનું બાકી રહેતું નથી. અંશને જન્મ-મરણના ક્રમમાંથી સંપૂર્ણપણે મુક્તિ મળે પછી બીજું કાંઈ પણ રટણ કરવાની જરૂર પણ રહેતી નથી. એટલે કે, જે નામના સ્મરણથી સમર્થ નામી કૈવલકર્તા પ્રાપ્ત થાય તે જ કૈવલ નામ સાર રૂપે સત્ય છે.

## સોહી સત સાર સદોદિત પદ, દરસ વિના દિવ્ય હાલ;
## નામી બિના જેહી નામકી, કરત ભક્તિ સબ ઠાલ. ૨૧

### શબ્દાર્થ

**સોહી** = તે **સત** = સત્ય, શાશ્વત **સાર** = સત્વ **સદોદિત** = સદોદીત, દેદીપ્યમાન, સ્વયં પ્રકાશિત **પદ** = સ્થાન, દરજ્જો, પદ **દરસ** = જાણ્યા, સમજ્યા **વિના** = સિવાય **દિવ્ય** = અલૌકિક, શાશ્વત **હાલ** = હાલત, અવસ્થા, સ્થિતિ, સ્વરૂપ **નામી** = નામને ધારણ કરનાર **બિના** = સિવાય, વગર **જેહી** = જે, તે **નામકી** = નામની **કરત** = કરવામાં આવે છે, કરે છે **ભક્તિ** = મોક્ષ મેળવવા માટેનો ઉપાય, મુક્તિ માટેનો ઉપચાર પ્રીતિ, આદર, અનુરાગ **સબ** = બધું જ, તમામ, સર્વ **ઠાલ** = ફોગટ, ઠાલું, નકામું, બાદલું, અમસ્તું, નાહક, નિરર્થક.

### અનુવાદ

**તે સાર રૂપ શાશ્વત દેદીપ્યમાન પદની અલૌકિક સ્થિતિને જાણ્યા સિવાય અને નામી વિનાના જે નામ છે, તેની કરવામાં આવતી ભક્તિ નિરર્થક છે.**

### ભાવાર્થ

સારરૂપે રહેલું શાશ્વતપદ અને દેદીપ્યમાન સર્જનહારનું અલૌકિક પરમપદ બ્રહ્માંડથી તીત આવેલું છે. એવા મહદ્ સજાણજાણ સર્જનહાર નામીનું નામ રટણ કર્યા સિવાયના વિશ્વના જેટલા નામી અવતારાદિક દેહ-ધારીઓના નામનું રટણ કરવાથી અંશને પંચમી અખંડ કૈવલ મુક્તિ પ્રાપ્ત થતી નથી. માટે તે સર્વ નામોનું રટણ અને તેવા નામીની ભક્તિ નિરર્થક (ફોગટ) અને વ્યર્થ છે.

## નામી સજીવ જડ નામ હી, સમલીત સંગ ડોલંત;
## નામી નામ દરસે જબી, ટેરત તુરત બોલંત. ૨૨

### શબ્દાર્થ

**નામી** = નામને ધારણ કરનાર **સજીવ** = જીવતું, સચેતન, ચૈતન્યવાળુ **જડ** = નિર્જીવ, ચેતન નહીં તેવું **નામ હી** = નામ છે **સમલીત** = બંને મળીને, મિશ્રિત થઈને, હળીમળીને **સંગ** = સાથે **ડોલંત** = ડોલવું, હરવું ફરવું,ચલાયમાન થવું, વિચલીત થવું **નામી** = નામને ધારણ કરનાર **નામ** = નામ **દરસે** = દશ્યમાન

થાય, દેખાય **જબી** = જ્યારે **ટેરત** = બોલાવતાં, ટહુકો કરતાં, ઉદ્‌બોધતાં **તુરત** = તુરત જ, તત્કાળ, ઝટ, એકદમ, **બોલંત** = બોલે છે.

## અનુવાદ

**નામી જીવંત છે અને નામ નિર્જીવ છે. બંને ભેગા મળીને વિચરણ કરે છે. જ્યારે નામી દૃશ્યમાન હોય ત્યારે નામને ઉદ્‌બોધતાં તુરંત જ બોલે છે.**

## ભાવાર્થ

નાશવંત તત્ત્વોના બંધારણથી બંધાયેલું શરીર નિર્જીવ છે. જ્યારે તેનો સંચાલક અંશ ચૈતન અને (શાશ્વત) છે. શરીરનું જે નામાભિકરણ કરવામાં આવે છે તે નામ પણ નિર્જીવ છે. નામી તરીકે રહેલો ચૈતન અંશ અને નાશવંત શરીર એમ બંનેના ભેગા ભળવાથી બંને સાથે જ હરે ફરે છે. તેથી નામધારી તે જડ શરીર સાથે નામી ચૈતન અંશ તેમાં પ્રત્યક્ષ દૃશ્યમાન હોય ત્યારે તે જડ શરીરનું નામ બોલતાંની સાથે જ તે પ્રત્યુત્તર આપે છે, પરંતુ જો નામધારી જડ શરીરમાં સજીવ નામી ભેગો ના ભળેલો હોય તો માત્ર નામ ધારણ કરેલ જડ શરીર કોઈ પણ પ્રકારની ક્રિયા કરતું નથી કે બોલવવા છતાં બોલતું નથી.

‘પિંડે સો બ્રહ્માંડે’ સિદ્ધાંતથી વિચારીએ તો બ્રહ્માંડથી તીત રહેલા નામી કૈવલકર્તા ચૈતન છે અને તેમના દ્વારા ઉત્પન્ન કરાયેલી બ્રહ્માંડ સહિતની નામ રૂપવાળી સર્વ ઉત્પત્તિ જડ છે.

**બીન નામી જેહી નામકુ, સમરત હે સબ કોય;**
**નામી દરસ પરસ વિના, કાજ ન હોવત કોય. ૨૩**

## શબ્દાર્થ

**બીન** = સિવાય, વગર **નામી** = નામને ધારણ કરનાર **જેહી** = જે **નામકુ** = નામને **સમરત હે** = સ્મરણ કરે છે, યાદ કરે છે **સબ કોય** = સર્વ કોઈ, બધા, સર્વ **નામી** = નામને ધારણ કરનાર **દરસ** = દરશ્યા **પરસ** = પરસ્યા **વિના** = વગર, સિવાય **કાજ** = કાર્ય, કામ **ન** = નહીં **હોવત** = થતું, હેતુ, **કોય** = કોઈ પણ.

### અનુવાદ

**નામી વગરનાં નામનું જ સર્વ કોઈ સ્મરણ કરે છે, પણ નામીને દરશ્યા કે સ્પર્શ્યા સિવાય કોઈ પણ કાર્ય થતું નથી.**

### ભાવાર્થ

પિંડની દૃષ્ટિએ વિચારીએ તો નામી રૂપ ચૈતન અંશ વગરના નામ રૂપ શરીર જડ છે. તેમ છતાં વિશ્વના માનવો એવા ચૈતન સિવાયના દેહધારીના નામનું જ સ્મરણ કરે છે.

નામી રૂપ અંશની પ્રત્યક્ષ હાજરી કે સ્પર્શ થયા સિવાય માત્ર નામ રૂપ જડ શરીરથી કોઈ પણ કાર્ય થતું નથી.

**નામી દરશત આગમ, તનુ ધરકે લક્ષ રૂપ;**
**તબ ટેરત તીનું નામકુ, બોલત હાલ અનુપ. ૨૪**

### શબ્દાર્થ

**નામી** = નામને ધારણ કરનાર **દરશત** = દૃશ્યમાન થાય, પ્રત્યક્ષ હાજર થાય **આગમ** = પહેલાં, પ્રથમ **તનુ** = શરીર **ધરકે** = ધારણ કરેલ **લક્ષ** = અંતિમ ધ્યેય, કેન્દ્ર સ્થાન **રૂપ** = રૂપ, આકાર, સ્વરૂપ **તબ**= ત્યારે **ટેરત** = બોલે છે, શબ્દનું ઉચ્ચારણ કરે છે **તીનું** = તેના, તેનું **નામકુ** = નામને **બોલત** = બોલે છે **હાલ** = પ્રત્યક્ષ રૂપે, હાલ હજૂર **અનુપ** = અજોડ, શ્રેષ્ઠ, અનોપમ.

### અનુવાદ

**પહેલા શરીર ધારણ થાય ત્યારે લક્ષ રૂપ નામી પ્રત્યક્ષ હાજર થાય છે. જ્યારે તેના નામનું ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે તે હાલ હજૂર અનુપમ શબ્દો બોલે છે.**

### ભાવાર્થ

પ્રથમ જડ શરીરમાં તેની ચૈતનતાના કેન્દ્ર સ્થાન રૂપ ચૈતન અંશ સૌ પ્રથમ પ્રત્યક્ષ સ્વરૂપે હાજર થાય છે ત્યારે તે નામી અંશના ચૈતન આભાસથી શરીરના સર્વ જડ તત્ત્વો સચેતન થાય છે. એવા ચેતનવંત શરીરને નામ દઈને બોલાવતાં તે મુખ દ્વારા બાવન વર્ણમાળાથી જોડાયેલી અનુપમ વાણીનો ઉચ્ચાર કરે છે.

**અતિ જડ કાષ્ટ પાષાણહી, મુખ વિના સ્થાવર મુન્ય;**
**ટેરત નામ નાં બોલહી, સદા શૂન્ય કે શૂન્ય. ૨૫**

### શબ્દાર્થ

**અતિ** = વિશેષ, અધિક **જડ** = જડ, નિર્જીવ **કાષ્ટ** = લાકડું વૃક્ષ **પાષાણહી** = પથ્થર છે **મુખ વિના** = મુખ વિના, મોં વિના **સ્થાવર** = સ્થાવર જાતિ **મુન્ય** = સૂન-મૂન, બોલ્યા વગરના મૌન **ટેરત** = બોલાવવા છતાં **નામ** = નામ દઈ **નાં** = નહીં ,નથી **બોલહી** = બોલતાં , પ્રત્યુતર આપતાં **સદા** = સદાને માટે,હમેશાં **શૂન્ય કે શૂન્ય** = સૂન-મૂન સ્થિતિમાં.

### અનુવાદ

**વિશેષ (વધુ) જડતા ધરાવતા પથ્થર અને લાકડાનું સ્થાવર જાતિ મુખ વિના મૌન સ્થિતિમાં રહે છે. તેનું નામ દઈને બોલાવ્યા છતાં તે બોલતાં નથી, પરંતુ સદાને માટે મૌન દશામાં જ રહે છે.**

### ભાવાર્થ

વિશેષ જડતા ધરાવતા પૃથ્વી તત્ત્વના કઠણ ભાગ સમાન પથ્થરો અને લાકડું છે. વળી સ્થાવર જાતિની અઢાર ભાર વનસ્પતિ જાતિને પણ મુખ ન હોવાથી તે મૌન દશામાં જીવંત રહી ઊગે છે અને વૃદ્ધિ પામે છે. તેમના ઉપર પણ નામનું આરોપણ કરવામાં આવેલું છે. તેમનું નામ દઈને તેમને બોલાવવામાં આવે તેમ છતાં તે કોઈ પણ પ્રકારનો પ્રત્યુત્તર દેતાં નથી, પરંતુ સદાને માટે મૌન દશામાં જ રહે છે.

**જબતે નામી સજીવતે, ઉચરે બોલત સોય;**
**જડકે શિરકે નામહી, ક્યૌ નહી બોલત કોય. ૨૬**

### શબ્દાર્થ

**જબતે** = જેથી, એટલા માટે **નામી** = નામને ધારણ કરનાર **સજીવતે** = સજીવંત હોવાથી **ઉચરે** = બોલે છે **બોલત** = બોલવાથી **સોય** = તે **જડકે** = નિર્જીવના **શિરકે** = માથા ઉપરના, શિરે **નામહી** = નામ છે **ક્યૌ** = કેમ ? શા માટે ? કેમ કરીને પણ **નહી** = નહીં **બોલત** = બોલે **કોય** = કોઈ પણ.

## અનુવાદ

**એટલા માટે જ નામી સજીવ છે જે વાણીનો ઉચ્ચાર કરે છે. જ્યારે જડનાં શિર પર નામ છે તે કોઈ પણ રીતે કંઈ પણ બોલી શકતું નથી.**

## ભાવાર્થ

એટલા માટે જ નામી ચૈતન અંશ છે અને તેની ચેતનાથી દેહની દસ ઈન્દ્રિયો પૈકી મુખ ઈન્દ્રિય દ્વારા વાણીનો ઉચ્ચાર થાય છે. જ્યારે નામી સિવાયના જડ શરીર કે જેના ઉપર નામ હોવાં છતાં તે વાણીનો ઉચ્ચાર કરી શકતું નથી.

**મનુષ્ય દેવ બિનું ઓરનકે, નામ ન આવત કાજ;**
**આપને સ્વારથ કે લીયે, કીન નામ સબ સાજ. ૨૭**

### શબ્દાર્થ

**મનુષ્ય** = મનુષ્યો **દેવ** = દેવી-દેવતાઓ **બિનું** = સિવાય, વગર **ઓરનકે** = બીજાના **નામ** = નામ **ન** = નહીં **આવત** = આવે **કાજ** = કામમાં કાર્યમાં **આપને** = પોતાના **સ્વારથ કે** = સ્વાર્થને **લીયે** =માટે, લીધે **કીન** = કર્યા, બનાવ્યા, પાળ્યા **નામ** = નામ **સબ** = સર્વ **સાજ** = વસ્તુ, પદાર્થ.

## અનુવાદ

**મનુષ્ય અને દેવ સિવાય અન્ય નામ કામમાં આવતાં નથી. પોતાના સ્વાર્થને માટે જ દરેક પદાર્થનાં નામ પાડેલાં છે.**

## ભાવાર્થ

વિશ્વમાં ચોર્યાસી લાખ પ્રકારના વિવિધતા ભરેલા અસંખ્ય શરીર છે. તેમજ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ દેહો સહિત વિવિધ તત્ત્વો અને તત્ત્વોના બનેલા પદાર્થો તેમજ વિશાળ વિરાટની રચના જોવા મળે છે. આ દરેક ઉત્પત્તિ ઉપર નામનું આરોપણ કરવામાં આવેલું છે. તે પૈકી મનુષ્યના સ્થૂળ શરીર અને દેવતાઓના સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહ ઉપર પાડેલાં નામ સિવાયના અન્ય ઘાટોના નામો નામ-સ્મરણના કામમાં આવતાં નથી. પરંતુ અન્ય દેહ, વસ્તુ કે પદાર્થોના નામો માનવ અને દેવોએ પોતાના સ્વાર્થ માટે જ પાડેલાં છે. જેથી દરેકને નામથી ઓળખી શકાય અને લેવડ-દેવડનો વ્યવહાર સરળતાપૂર્વક ચાલે.

**નામ સંગન્યા અંકકી, ઉચરી લગાયે આપ;**
**પણ તિનકે તન ઉપર, નામકી રેખ ન છાપ. ૨૮**

### શબ્દાર્થ

**નામ** = નામ **સંગન્યા** = સંજ્ઞા, ઓળખ માટેની સાંકેતિક નિશાની અથવા નામ **અંકકી** =અક્ષરોની **ઉચરી** = બોલીને, ઉચ્ચાર કરીને **લગાયે** = લગાવવામાં આવે **આપ** = પોતે, સ્વયં **પણ** = પરંતુ **તિનકે** = તેના **તન** = શરીર, દેહ, સ્વરૂપ **ઉપર** = ઉપર **નામકી** = નામની **રેખ** = જરાપણ **ન** = નહીં, નથી **છાપ** = આબેહૂબ ચિત્ર, સિક્કો, નિશાની, ચિહ્ન, મહોર, પ્રતિકૃતિ, બિંબ.

### અનુવાદ

**અક્ષરોના ઉચ્ચાર કરીને (અંશે) પોતે જ નામની સંજ્ઞા લગાવી છે, પરંતુ તેના પોતાના સ્વરૂપ ઉપર નામની જરા પણ છાપ નથી.**

### ભાવાર્થ

નામની સંજ્ઞા નામી અંશે જડ દેહના માધ્યમ થકી અક્ષરોના ઉચ્ચાર દ્વારા દરેક જડ-ચૈતન, રૂપ-અરૂપ, સ્થાવર-જંગમ સર્વ ઉપર ઓળખ માટે લગાવી છે, પરંતુ નામીએ ધારણ કરેલ શરીર પર કે અન્ય પદાર્થ ઉપર કોઈ નિશ્ચિત નામનું જરાપણ ચિન્હ જોવા મળતું નથી કે પહેલેથી અંકિત કરેલું હોતું નથી.

**છાપ હોય તો સબ લીખે, બંચે અંક મેલાય;**
**બિનુ ઓલખીત જેહી નામ સે, ક્યૌ નહી લેત બોલાય. ૨૯**

### શબ્દાર્થ

**છાપ** = કૃતિ, ચિહ્ન, નિશાની, સિક્કો, બિંબ **હોય તો** = હોય તો **સબ** = બધા જ, સર્વ **લીખે** = લખે **બંચે** = વાંચવાથી **અંક** = અક્ષરો **મેલાય** = જોડીને, મેળવીને, મિલાવીને **બિનુ** = વિના, સિવાય **ઓલખીત** = ઓળખ, પિછાણ, જાણ **જેહી** = જે, તે **નામ સે** = નામથી **ક્યૌ** = કેમ, શી રીતે, શા માટે **નહી** = નહીં **લેત** = લેવું, લે **બોલાય** = બોલાવવું, બોલાવી.

### અનુવાદ

**છાપ હોય તો સૌ કોઈ લખી શકે અને અક્ષરોને જોડીને વાંચી પણ શકે, પરંતુ**

**ઓળખ્યા સિવાય તે નામથી કેવી રીતે બોલાવી શકાય?**

### ભાવાર્થ

શરીર, વસ્તુ કે જડ પદાર્થ ઉપરના નામના બીબાં કે સિક્કાની પ્રતિકૃત્તિ હોય તો સર્વ માનવી તેને નિહાળીને તે મુજબ લખી શકે અને જો વર્ણમાળાના અક્ષરો અંકિત થયેલ હોય તો તે અક્ષરોને મિલાવીને વાંચી પણ શકાય, પરંતુ જો પ્રતિકૃતિ કે અન્ય લખાણ અંકિત કરેલું જ ન હોય તો તેને ઓળખ્યા સિવાય કે જાણ્યા સિવાય તેનું નામ દઈને કેવી રીતે બોલાવી શકાય?

**જબ સે નામી નામહી, જુગલ મીલે બિનું જંત;**
**ભવસાગર સાગર માંહી, કોઈ નહી ઉબરંત. ૩૦**

#### શબ્દાર્થ

**જબ સે** = જેથી **નામી** = નામને ધારણ કરનાર **નામહી** = નામ **જુગલ** = બંને **મીલે** = મળ્યા ભેગા થયા **બિનું** = વિના, સિવાય, વગર **જંત** = માનવ **ભવસાગર** = સંસારસાગર, ભવસિંધુ **સાગર માંહી** = અથાહ જળનો સમૂહ સમુદ્રમાં, સાગરમાં **કોઈ** = કોઈ **નહી** = નહીં **ઉબરંત** = ઊગરી શકે, મુક્તિ મેળવી શકે, ભવપાર થઈ શકે, બચી શકે.

### અનુવાદ

**જેથી નામી અને નામ બંને ભેગાં થયા સિવાય સંસાર સાગરના અથાગ જળમાંથી કોઈ ઊગરી શકતું નથી.**

### ભાવાર્થ

પિંડને અનુલક્ષીને સમજીએ તો નામી અને નામ રૂપ જડ શરીર બંનેનું મિલન થયા સિવાય એકલા નામથી કે એકલા જડ શરીરથી સંસારસાગરના અથાહ જળમાંથી કોઈ પણ ઊગરી શકતું નથી. એટલે કે, નામીનું અને તે નામીને આરોપણ કરવામાં આવેલું નામ એ બંનેની યથાયોગ્ય એકતાથી જ પરિણામ સુધી પહોંચી શકાય છે.

બ્રહ્માંડને અનુલક્ષીને સમજીએ તો નામી વિશ્વનિયંતા, કૈવલકર્તા અને તેમને

આરોપણ કરવામાં આવેલું 'કૈવલ' નામ એ બંનેની એકતા સાધીને તે નામનું રટણ કરવાથી અંશનું જન્મ-મરણનું ભવસંકટ ટળી શકે છે.

**જબ આગે નામી મીલે, નામ ન આવત કામ;**
**નામી સંગ હલમલી, સબ સુખ હોત આરામ. ૩૧**

**શબ્દાર્થ**

**જબ** = જ્યારે **આગે** = પ્રથમ, પ્રારંભે **નામી** = નામને ધારણ કરનાર **મીલે** =મળે **નામ** = નામ **ન** = નહીં **આવત** = આવે **કામ** = કામ **નામી** = નામને ધારણ કરનાર **સંગ** = સાથે **હલમલી** = હળી મળીને, સાંનિધ્યમાં રહીને **સબ સુખ** = સર્વ પ્રકારના સુખ **હોત** = હોવાથી **આરામ** =નિશ્ચિતપણુ, શાંતિ, મુક્તિ, વિશ્રાંતિ.

**અનુવાદ**

**જો આગળ જતાં નામી મળે તો પછી નામ કામમાં આવતું નથી. કારણ કે, નામી સાથે હળીમળી જવાથી સર્વ પ્રકારનું સુખ પ્રાપ્ત થતું હોવાથી શાંતિ મળે છે.**

**ભાવાર્થ**

ભક્તના બળે જેમ જેમ ઉર્ધ્વગમન થતાં છેલ્લે જો નામી કૈવલકર્તા મળે તો પછી અંશને તે નામીને આરોપણ થયેલું કૈવલ નામનું રટણ કરવાની જરૂર પડતી નથી. એટલે કે, નામીનું નામ નામીને મેળવવા માટે રટણ કરાતું હોય છે, પરંતુ જો નામી મળી ગયા હોય તો પછી બીજું કશું જ મેળવવાનું રહેતું નથી કે નામનું રટણ પણ કરવાની જરૂર રહેતી નથી. માત્ર હંસ ભાવે નામી સાથે હળી મળીને તેમના સાંનિધ્યમાં જ રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. આવું વિશેષ શાશ્વત સુખ પ્રાપ્ત થયું હોવાથી અંશને નિશ્ચિતણું મળે છે એટલે કે, પંચમી - અખંડ મુક્તિને માણવાનો લ્હાવો પ્રાપ્ત થાય છે.

**ઓરુ નામી જેહી નામસે, સમરત તન મન દેહ;**
**કારજ તો જબહી સરે, નામી મીલે સદેહ. ૩૨**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **નામી** = નામને ધારણ કરનાર **જેહી** = જે **નામસે** = નામથી **સમરત** = સ્મરણ, રટણ, ભજત **તન** = શરીર **મન** = મન અંતઃકરણ **દેહ** = દઈને **કારજ તો** = કાર્ય તો **જબહી** = જ્યારે, ત્યારે જ **સરે** =ફળે, સિદ્ધ થાય, સફળ થાય, પરિણામ આવે **નામી** = નામીને ધારણ કરનાર **મીલે** = મળે, પ્રાપ્ત થાય **સદેહ** = પ્રત્યક્ષ, સાક્ષાત સ્વરૂપે.

### અનુવાદ

**વળી નામીનું જે નામ છે તેનું સ્મરણ તન-મન દઈને કરવામાં આવે અને નામી સાક્ષાત્ મળે ત્યારે જ કાર્ય થયું ગણાય.**

### ભાવાર્થ

મોક્ષની ઈચ્છાવાળા વ્યક્તિઓ નામનું રટણ તો કરે છે, પરંતુ સમર્થ નામીનું જે નામ છે એવા નામી અને નામ બંનેની યોગ્યતા સમજીને નામીના નામનું આઠેય પહોર રટણ કરવામાં આવે અને તેના પરિણામ સ્વરૂપ જ્યારે નામીનો સાક્ષાત્કાર થાય અર્થાત્ નામીનો મેળાપ થાય ત્યારે જ જે લક્ષ હતો તે સફળ થયો ગણાય છે. અન્ય રીતે સમજીએ તો અંશનું કૈવલ નામ રટણ કરવાનું કાર્ય ત્યારે જ સફળ થયું ગણાય કે જ્યારે પરમગુરુની કૃપાથી અંશ કૈવલધામમાં જઈ અંશી ને મળે.

**તેહી નીજ નામી નામહી, અજરા અમર સજાપ;**
**કહે કુવેર લખવાવહુ, જેહી પદ આદ્ય અદ્યાપ. ૭૭**

### શબ્દાર્થ

**તેહી** = તે **નીજ** = મૂળ, આદિ **નામી** = નામને ધારણ કરનાર **નામહી** = ના જ **અજરા અમર** = અવિનાશી **સજાપ** = જાપ રહિત **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **લખવાવહુ** = લખાવું છું, દર્શાવું છુ, જણાવું છું **જેહી** = તે **પદ** = સ્થાન, પદ **આદ્ય અદ્યાપ** = આદિ અનાદિનું.

### અનુવાદ

**તે નામના જાપ સહિત નિજ નામી અવિનાશી છે. કુવેરસ્વામી કહે છે કે જે પદ આદિ-અનાદિનું છે તે હું જણાવું છું.**

### ભાવાર્થ

કૈવલકર્તાના નામના જાપની આદ્ય લઈ નામી રૂપે રહેલા સર્જનહાર કૈવલકર્તા પોતે અવિનાશી છે. તે સર્જનહાર કૈવલકર્તાનું આદિ અનાદિનું જે પરમપદ છે તે પદને લક્ષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને જણાવે છે.

**બિનું નિજ નામી નામહી, દરશ્યા વિના દેવાલ;**
**કોટી કરમ કરતા મરે, બરહીત આલ પંપાલ. ૩૪**

### શબ્દાર્થ

**બિનું** = સિવાય, વિના **નિજ** = મૂળ, આદિ, પોતે, સ્વયં **નામી** = નામને ધારણ કરનાર **નામહી** = નામ પણ **દરશ્યા** = ઓળખ્યા, જાણ્યા **વિના** = સિવાય, વગર **દેવાલ** = દેનારા, આપનારા, દેદાર, સ્વરૂપ **કોટી** = કરોડો **કરમ** = કાર્ય, કર્મ **કરતા** = કરતા **મરે** = મરણ પામે, મૃત્યુને વરે **બરહીત** = નાશવંત, ક્ષણભંગુર **આલ પંપાલ** = આશ્વાસન આપવાવાળું, સાંત્વના દેનારું, તર્ક વિતર્ક, ફાંફાં, વલખાં, મિથ્યા પ્રયત્ન, પટામણું, ફોસલાવનારું, ફોગટ, નિરર્થક, નકામું.

### અનુવાદ

**નિજ નામીના સ્વરૂપને અને તેમના નામને જાણ્યા સિવાય કરોડો કર્મો કરીને મૃત્યુને વરો પણ તે ક્ષણભંગુર અને નિરર્થક છે.**

### ભાવાર્થ

મહદ્ સજાણજાણ સ્વરૂપે રહેલા નિજ નામીને અને તેમને આરોપણ કરવામાં આવેલા નામને યથાર્થ રીતે સમજવું જરૂરી છે. સમર્થ નામી અને તેમના નામને જાણ્યા સિવાય અન્ય નામોના રટણ કરીને કલ્યાણના આશયથી કરોડો કર્મો કરીને મૃત્યુ પામવા છતાં એ સર્વ ક્રિયાનું ફળ પદાર્થ પ્રાપ્તિનું હોઈ ક્ષણભંગૂર છે અને એ બધા આત્મકલ્યાણના માટે નિરર્થક છે.

**યા વિધિ રટણ કરત સબે, નામી લહે બિનુ નામ;**
**પ્રસિદ્ધ પોકાર પોકાર તે, હોત ન મોક્ષ આરામ. ૩૫**

### શબ્દાર્થ

**યા વિધિ** = આ રીતે, આ પ્રમાણે **રટણ** = જાપ, જપ કરી કરી નામ સ્મરણ **કરત** = કરવાથી **સબે** = બધું, તમામ, સઘળું **નામી** = નામને ધારણ કરનાર **લહે** = જાણ્યા **બિનુ** = સિવાય **નામ** = નામ **પ્રસિદ્ધ** = જાણીતુ, વિખ્યાત, જગજાહેર, મશહુર **પોકાર પોકાર તે** = મોટેથી બૂમ પાડી પાડીને, નામ લઈ લઈને નામનો લલકાર કરી કરીને **હોત** = થતો, થાય **ન** = નહીં **મોક્ષ** = મુક્તિ, જન્મ-મરણમાંથી છૂટકારો **આરામ** = વિશ્રાંતિ, નિરાંત, નિવૃત્તિ.

### અનુવાદ

**આ રીતે નામીને જાણ્યા સિવાય બધા (નામનું) રટણ કરે છે તેમજ પ્રખ્યાત નામોનો પોકાર કર્યા કરવા છતાં પણ મુક્તિ કે વિશ્રાંતિ મળતી નથી.**

### ભાવાર્થ

અગાઉ સમજાવ્યા પ્રમાણે વિશ્વમાં મોક્ષની આશા રાખનાર મનુષ્યો નામીને જાણ્યા સિવાય જગતમાં જે પ્રસિદ્ધ નામો છે તેવા નામોનો લલકાર કરી કરીને જપે છે. આ રીતે જપતાં જપતાં અનંત જન્મો વીતી જાય તેમ છતાં પણ અખંડ મોક્ષની પ્રાપ્તિ શક્ય નથી. એટલે કે, નામી અને તેમના નામની ઐક્યતાવાળી ભક્તિ સિવાયના અન્ય પ્રસિદ્ધ નામોના રટણ કરવા છતાં અખંડ મોક્ષ રૂપ વિશ્રાંતિ કદી પણ મળતી નથી.

## યૌ ભરમત કહી કાલ કે, આપને ખસમ વિસાર;
## તિનું ચેતન કરનન જેહી, મમ તનુ એ હી ઉપગાર. ૩૬

### શબ્દાર્થ

**યૌ** = આ રીતે, આમ, આ પ્રમાણે **ભરમત** = ભ્રમણામાં, ભ્રાંતિયુક્ત **કહી કાલ કે** = કેટલાયે કાળથી **આપને** = પોતાના **ખસમ** = માલિક, સ્વામી, પતિ, કર્તા **વિસાર** = ભૂલાઈને, વિસારીને, ભૂલીને **તિનું** = તેઓને, તેમને **ચેતન** = જાગ્રત, સચેતન, સભાન **કરનન** = કરવા **જેહી** = માટે **મમ** = મારું **તનુ** = શરીર **એ હી** = તે, આ **ઉપગાર** = પરોપકાર, ઉપકાર.

### અનુવાદ

**આ પ્રમાણે (જગતના જીવો) કેટલાયે કાળથી પોતાના માલિકને ભૂલી ગયા છે.**

**તેમને જાગ્રત કરવા માટેના પરોપકાર અર્થે જ આ મારું શરીર છે.**

## ભાવાર્થ

જગતના જીવો કેટલાયે યુગોથી પ્રસિદ્ધ નામોનું રટણ કર્યા કરે છે, પરંતુ પોતાના સ્વ-ચૈતન અંશ સ્વરૂપને ન ઓળખવાથી અંશ જેની સજાતિનો છે એવા મહદ્ ચૈતન સર્જનહારને ઓળખી શક્યા નથી. આમ સાચા માલિકને ભૂલી જઈને અનિત્ય અને ભ્રમણા ભરેલી ઉપાસનાઓમાં ફસાઈને ભવસંકટ વેઠ્યા કરે છે.

ભ્રમણાયુક્ત ઉપાસનાઓમાં ફસાયેલા જીવોને જાગ્રત કરવા માટેના પરોપકારી કાર્ય કરવા માટે જ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર મનુષ્યનો દિવ્ય દેહ ધારણ કરીને પ્રગટ થયા છે.

**પર ઉપગારી જાણી મમ, અબ જેહી કરો પતિયાર;**
**તિનું નિજપતિ પરસાવહુ, કહે કુવેર પોકાર. ૩૭**

### શબ્દાર્થ

**પર ઉપગારી** = પરોપકારી, બીજા પર ઉપકાર કરનાર **જાણી** = જાણીને **મમ** = મને **અબ** = હવે **જેહી** = જેઓ **કરો** = કરો **પતિયાર** = વિશ્વાસ, દઢભાવ, શ્રદ્ધા, ભરોસો, પ્રતીતિ **તિનું** = તમોને તેને **નિજપતિ** = મૂળ-આદિ સર્જનહાર, નિજકર્તા, કૈવલપતિ **પરસાવહુ** = સ્પર્શ કરાવીશ, મેળાપ કરાવીશ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે **પોકાર** = જાહેરમાં બોધ કરીને, ગર્જનાયુક્ત અવાજ કરીને.

## અનુવાદ

**કુવેરસ્વામી ગર્જનાયુક્ત અવાજ કરીને કહે છે કે મને પરોપકારી જાણીને જેઓ મારી ઉપર વિશ્વાસ કરશે, તેમને હું નિજપતિનો મેળાપ કરાવીશ.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર ભ્રમણાયુક્ત ઉપાસનાઓમાં ભૂલા પડેલા જીવોને અંશ-અંશીનો લક્ષ બતાવવાના પરોપકારી કાર્ય અર્થે જ વિશ્વમાં પધાર્યા છે. માટે તેમના પર પૂરેપૂરો ભરોસો રાખીને તેમના શરણમાં તન, મન અને ધન

સમર્પિત કરવું જોઈએ. જે માનવો આ પ્રમાણેનો સમર્પણભાવ રાખીને તેમનામાં પૂર્ણ વિશ્વાસ રાખશે તો જરૂર તેઓશ્રી એવા સમર્પિત અનુયાયીને સકર્તાપતિ સર્જનહાર કૈવલકર્તાનો મેળાપ કરાવશે.

**પરમ પોકાર કીયેહુ મમ, પરમ પુરુષ ગતિ લાય;**
**પરમ ભાગ્ય જીનું જાનહી, પરમ મોક્ષ તેહી પાય. ૩૮**

**શબ્દાર્થ**

**પરમ** = ઉત્તમ, શ્રેષ્ઠ **પોકાર** = ગર્જનાયુક્ત વાણી દ્વારા **કીયેહુ** = કહુ છું **મમ** = હું **પરમ પુરુષ** = શ્રેષ્ઠ પુરુષ, આદ્ય પુરુષ **ગતિ** = સમજ, જાણ **લાય** = લાવીને **પરમ ભાગ્ય** = ઉત્કૃષ્ટ ભાગ્ય **જીનું** = જેનું **જાનહી** = જાણજો, જાણીને, માણી શકશે **પરમ મોક્ષ** = અખંડ મુક્તિ, અંતિમ મોક્ષની ગતિ **તેહી** = તે **પાય** = મેળવે, પ્રાપ્ત કરે.

**અનુવાદ**

**પરમ પુરુષની જાણ (જ્ઞાનગતિ) લાવીને હું શ્રેષ્ઠ ગર્જનાયુક્ત જ્ઞાનનું કથન કરું છું. જેનું ઉત્કૃષ્ટ ભાગ્ય હશે તેઓ જ જાણી શકશે અને પરમ મોક્ષની ગતિ પ્રાપ્ત કરશે.**

**ભાવાર્થ**

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર વિશ્વના સાચા સર્જનહાર -પરમ કૈવલ પુરુષની જાણ દર્શાવતો અંશ-અંશીનો લક્ષ લઈને આ વિશ્વમાં પધાર્યા છે. સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરી તેઓ જગતના જીવોને જાગ્રત કરવાના આશયથી કૈવલજ્ઞાનનું ગર્જનાયુક્ત ઉદ્‌બોધન કરે છે. સંચિત પૂણ્યકર્મોના ઉદયના પ્રતાપે જેનું ઉત્કૃષ્ટ ભાગ્ય હશે તે જ અંશ આવા મહાન અને અલૌકિક કૈવલજ્ઞાનને ગ્રહણ કરી શકશે. આ પ્રમાણે પરમગુરુની રીઝ પ્રાપ્ત કરીને અધિકારી બનેલા શુદ્ધ અંશો જ અંતિમ પંચમી અખંડ કૈવલમુક્તિ પ્રાપ્ત કરી શકશે.

**પરમ મોક્ષપદ પરમહી, મરમ સુનાવહુ તાય;**
**અનંત લોક ઉપજે ખપે, ઓછું અદકુ ન થાય. ૩૯**

### શબ્દાર્થ

**પરમ** = શ્રેષ્ઠ, ઉત્કૃષ્ટ, અંતિમ **મોક્ષપદ** = મુક્તિનું ધામ, કૈવલધામ **પરમહી** = શ્રેષ્ઠ, સર્વોત્તમ **મરમ** = મર્મ, રહસ્ય, જ્ઞાન **સુનાવહુ** = સંભળાવું છું, દર્શાવું છું, જણાવું છું **તાય** = તેનું, તેનો **અનંત** = અસંખ્ય, અંત રહિત **લોક** = જીવો **ઉપજે** = ઉત્પન્ન થાય, જન્મે **ખપે** = મરણ પામે, નાશ થાય **ઓછું અદકુ** = ઓછું વત્તુ, વધારે ઓછું **ન** = નહીં **થાય** = થાય.

### અનુવાદ

**પરમ મોક્ષવાળા પરમપદનો મર્મ હું તમોને સંભળાવું છું. અનંત જીવો ઉત્પન્ન અને નાશ થાય છે છતાં તેમાં વધઘટ થતી નથી.**

### ભાવાર્થ

અંશોને પંચમી અખંડ કૈવલ મુક્તિ પ્રાપ્ત થાય એવા પરમ કૈવલપદનો મર્મ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને દર્શાવે છે. સર્જનહારની સંકલ્પ શક્તિનો કોઈ પાર પામી શકે તેમ નથી. કારણ કે, બ્રહ્માંડમાં અનંત લોક (જીવો, ઘાટો) ઉત્પન્ન થાય છે અને અવધિકાળે તે ઘાટો દેહની અવધિકાળે નાશ પણ થાય છે, તેમ છતાં ઉત્પત્તિ અને લયના કારણ રૂપ કૈવલકર્તાના પરમપદમાં કોઈ પણ પ્રકારની વધઘટ જણાતી નથી.

**ઉપજે ઓછમ નાવત, સમલે શ્રેષ્ઠ ન હોય;**
**આદ્ય અંત ઓરુ મધ્ય મહી, જ્યૌકા ત્યૌ પદ સોય. ૪૦**

### શબ્દાર્થ

**ઉપજે** = ઉત્પન્ન થાય **ઓછમ** = ઓછું, ઘટાડો **નાવત** = નથી થતો **સમલે** = સમાઈ જતાં **શ્રેષ્ઠ** = વધારે, વધે **ન** = નહીં **હોય** = થાય **આદ્ય** = પ્રારંભે, શરૂઆત **અંત** = છેડે, છેલ્લે, છેવટે **ઓરુ** = અને **મધ્ય** = પસારાના સમય દરમિયાન **મહી** = માં, અંદર **જ્યૌકા ત્યૌ** = જેમ છે તેમ જ, જેમનું તેમ **પદ** = સ્થાન, પદ **સોય** = તે રહે છે.

### અનુવાદ

**ઉત્પત્તિ થવાથી ઓછું થતું નથી અને સમેટી લેવાથી વધી જતું નથી, અર્થાત્ પરમપદ આધિ, મધ્ય અને અંતમાં જેમનું છે તેમનું તેમ જ રહે છે.**

## ભાવાર્થ

બ્રહ્માંડમાં થતી સર્વ પ્રકારની ઉત્પત્તિને કારણે પરમપદમાંથી કાંઈ પણ ઓછું થતું નથી અને મહાપ્રલયકાળે જ્યારે બધી જ ઉત્પત્તિ સમાય જશે ત્યારે તે પદમાં કોઈ પણ પ્રકારનો વધારો નોંધાતો નથી. એટલે કે, વિશ્વના પ્રારંભમાં, પ્રસારના મધ્ય ભાગમાં કે પ્રલયના અંતઃકાળે તે પરમ કૈવલપદ વધ-ઘટ વગરનું જેમનું તેમજ રહે છે.

**અંત સદન સબ અંશ કે, કારણ કરન નિવાસ;**
**જેહી નિજપતયે પ્રસારત, બોહોરહુ સકલ વિલાસ. ૪૧**

### શબ્દાર્થ

**અંત** = છેવટનું **સદન** = ધામ, રહેઠાણ, ઘર **સબ** = સર્વ, તમામ, બધા જ **અંશ કે** = અંશોનું **કારણ** = આધાર, ઉત્પત્તિનું મૂળ **કરન** = કરવા માટે **નિવાસ** = આશ્રય, વસવાટ, મુકામ **જેહી** = જે **નિજપતયે** = નિજપતિએ, સર્જનહાર, સકર્તાપતિએ **પ્રસારત** = પસારો કર્યો **બોહોરહુ** = પછીથી, ત્યારબાદ **સકલ** = સર્વ, તમામ **વિલાસ** = ખેલ, રચના, વિકાસ, વૃદ્ધિ, આનંદ, મોજમજા.

## અનુવાદ

**તે ધામ સર્વના કારણ રૂપ હોઈ સર્વ અંશો છેવટે તેમાં જ નિવાસ કરે છે. ત્યાં સુધી નિજપતિએ કરેલા પસારામાં જ સર્વ મોજમજા કરે છે.**

## ભાવાર્થ

સકર્તાપતિ સર્જનહાર કૈવલકર્તા ત્રણે પ્રકારના અંશોની આદ્ય લઈ સર્વ પ્રકારની ઉત્પત્તિના કારણ રૂપ છે. મહાપ્રલયકાળે સમગ્ર ઉત્પત્તિ નાશ પામતાં છેવટે સર્વ અંશો કૈવલધામમાં જ સમાય છે.

સર્જનહારે સૌ પ્રથમ સર્વના નાશવંત તત્ત્વોવાળી રચના રચીને બૂંદ-બીજગ દ્વારા તમામ પ્રકારના ઘાટો તૈયાર કર્યા. તે પોતપોતાના તત્ત્વો અનુસાર વૃદ્ધિ પામ્યા, પરંતુ જડવત્ રહ્યા. ત્યારપછી છેલ્લે સર્જનહારે પોતાની છઠ્ઠી અંશવૃત્તિ દ્વારા સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોનો ઉત્પન્ન કર્યા. અગાઉથી તૈયાર થયેલા ઘાટોમાં આનંદ કરવા માટે તેમને પ્રેરક કર્યા અને સર્વ રચના હાલતી-ચાલતી કરી.

આ પ્રમાણે નિજપતિએ તૈયાર કરેલા પસારામાં જ સર્વ અંશો આવીને મોજ-મજા કરવા લાગ્યા.

**બ્રહ્મ સનાતન કે જેહી, પરમ પ્રકાશીત જાણ;**
**અપરમપાર પરમ પર, છેવટ પુરુષ પુરાણ. ૪૨**

### શબ્દાર્થ

**બ્રહ્મ** = સચરાચર વ્યાપક સદ્-ચિદ્-આનંદ બ્રહ્મ **સનાતન** = કર્તૃત્વશક્તિ વગરનું, ક્રિયા રહિત, શરૂઆતનું, આનાદિ, પ્રાચીન, સદાનું, કાયમનું **કે** = તે **જેહી** = જે **પરમ** = શ્રેષ્ઠ, ઉત્તમ, સર્વોત્કૃષ્ટ **પ્રકાશીત** = પ્રકાશમય **જાણ** = જાણવું, સમજવું **અપરમપાર** = જેનો કોઈ પાર ન પામી શકાય તેવું **પરમ પર** = સર્વથી પરે **છેવટ** = અંતના, છેલ્લા, આખરના **પુરુષ** = પુરુષ **પુરાણ** = પુરાણું, આદિ-અનાદિ, જેમના પહેલાં કાંઈ જ ન હતું તેવા પ્રાચીન.

### અનુવાદ

**જે અપરંપાર ગતિવાળા અને સર્વથી પરે રહેલા છેવટના પુરુષ છે તેમનો પરમ પ્રકાશ એ જ સનાતન બ્રહ્મ જાણવું.**

### ભાવાર્થ

વિશ્વનિયંતાની ગતિ અપરંપાર છે. વળી તેઓ સર્વ રચનાની પરે અને બ્રહ્માંડની મધ્યે આવેલા તત્ત્વાતીત કૈવલધામમાં રહેલા છે. એવા છેવટના પુરાણાપુરુષની બાહ્યહંગની વૃત્તિના પસારા રૂપે પથરાયેલો પરમપ્રકાશ સર્વત્ર બ્રહ્માંડમાં વ્યાપેલો છે જેને સનાતન બ્રહ્મ તરીકે સંબોધવામાં આવે છે.

**છેવટ શિખર સકલ શિર, વલ વિનુ કૈવલ કાય;**
**કલીત સકલ વલકે દ્રિગ, વિત્ત વ્રગ કે તીત સ્ત્રાય. ૪૩**

### શબ્દાર્થ

**છેવટ** = અંતનું, છેવટનું **શિખર** = સર્વોચ્ય, મથાળું, ટોચ **સકલ** = સર્વના, તમામના **શિર** = માથે, મસ્તકે **વલ વિનુ** = વળ વગરનું, બંધન રહિત **કૈવલ** = વળથી રહિત, કૈવલકર્તા **કાય** =સ્વરૂપ, દેદાર **કલીત** = રચના, ઉત્પત્તિ, બનાવેલી **સકલ** = સર્વ **વલકે** = વળવાળી **દ્રિગ** = નજર, જાણ, બે દૃષ્ટિ, બેવડું

**વિત્ત** = હીર, સત્વ, સાર, પ્રસિદ્ધ, દ્રવ્ય, તત્ત્વ **વ્રગ કે** = શ્રેણીને, ધોરણને, દરજ્જાને, વિભાગને **તીત** = તેમને, થી પર **સ્ત્રાય** = સરાહના, વખાણ, પ્રસંશા, ચાહના, સ્તોત્ર, પરંપરા, અવિરત ધારા, પ્રણાલી, પ્રથા.

### અનુવાદ

**સર્વના શિર પર આવેલા છેવટના શિખર રૂપે વળ વગરના કૈવલકર્તાનું સ્વરૂપ છે. સમસ્ત રચના વળ ભરીને બનાવી છે જ્યારે પોતે પોતાના સ્થાને વિત્ત રૂપે સ્તોત્રથી (વળથી) પર રહેલા છે.**

### ભાવાર્થ

સર્જનહાર કૈવલકર્તા ત્રણેય પ્રકાર અંશો સહિત બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિના કારણરૂપ હોઈ તેઓ સર્વના શિર ઉપર છેવટના શિખર સમાન છે. પોતે તો વળ રહિત સદાને માટે કૈવલધામમાં બિરાજમાન રહે છે, તેમ છતાં તેમણે સર્વ રચના વળ ભરીને બનાવેલી છે. આમ, સ્વયં તો અવિરત ચાલતી ઉત્પત્તિની ધારાના વિત્તરૂપે સર્વ રચનાથી પર રહેલા છે.

## સકલ ઈષ્ટ અધિપત પતિ, જો ગતિ કોહુ ન જાણ;
## ઈશ્વર જ્યોત ઉપાસીક, બ્રહ્મ દરશ લ્યું અયાણ. ૪૪

### શબ્દાર્થ

**સકલ** = બધા જ, તમામ, સર્વના **ઈષ્ટ** = ઈષ્ટદેવ, મોટા, મહાન **અધિપત** = અધિપતિ, રાજા, ઉપરી, સૂબો **પતિ** = સ્વામી, માલિક, ધણી, કર્તા **જો** = જે, તે **ગતિ** = સમજ, જ્ઞાન **કોહુ ન** = કોઈ પણ નહીં **જાણ** = સમજ, જાણવું, ખબર હોવી, માહિતગાર **ઈશ્વર** = ઐશ્વર્યવાન મહાપુરુષો **જ્યોત** = જ્યોતિ સ્વરૂપ, નિરંજન **ઉપાસીક** =ઉપાસના કરે છે **બ્રહ્મ** = સચરાચર વ્યાપક બ્રહ્મ **દરશ** = દર્શન, જાણનાર **લ્યું** = સુધી **અયાણ** = અજાણ્યા, અજ્ઞાત, અણસમજુ.

### અનુવાદ

**સર્વ ઈષ્ટઅધિપતિઓના પણ પતિ હોવા છતાં તેમની ગતિ કોઈ જાણતું નથી. ઈશ્વરો અને જ્યોતિની ઉપાસના કરવાવાળા તેમજ બ્રહ્મદર્શી પણ (પરમપદથી) અજાણ્યા છે.**

## ભાવાર્થ

વિશ્વમાં મહાન તરીકે જેમની ગણના થાય છે તેવા મહાદેવો અને અન્ય ઐશ્વર્યવાન દેવી-દેવતાઓના સ્વરૂપોના પણ પરમેશ્વર કૈવલકર્તા છે. તેમ છતાં તેમની સમજ કોઈને પણ નથી. વળી, એ બધા ઈશ્વરોની ઉપાસના કરવાવાળો ભક્ત સમાજ, જ્યોતિ સ્વરૂપની ઉપાસના કરવાવાળા યોગીજનો અને બ્રહ્મની ઉપાસના કરનારા બ્રહ્મદર્શી, બ્રહ્મજ્ઞાની અને બ્રહ્મવેત્તા પુરુષો પણ સકર્તા પતિના પરમ કૈવલપદથી અજાણ્યા છે.

## સબ કે મોહોઘમ માલિક, ગુણ ઘણ કે લ્યહુ જ્યોત;
## જે તે જીવ ઈશ્વર મહી, જીનકે અંશ ઉદ્યોત. ૪૫

### શબ્દાર્થ

**સબ કે** = સર્વના, તમામના **મોહોઘમ** = મોઘમ, અજાણ, અનિશ્ચિત, અદબદ, અસ્પષ્ટ, અનિર્ણીત **માલિક** = ધણી, કર્તા **ગુણ** = રજો, તમો અને સતોગુણના પ્રાકૃતિક લક્ષણો **ઘણ કે** = અહંકાર, સ્વકાસ અને અચંત ઘણના પ્રાકૃતિક લક્ષણોના **લ્યહુ** = સુધી, ની સાથે **જ્યોત** = જ્યોતિ સ્વરપ નિરંજન **જે** = જે **તે** = તે **જીવ** = જીવવૃત્તિના **ઈશ્વર** = ઐશ્વર્યવાન, અવતાદિક દેવી-દેવતા **મહી** = માં **જીનકે** = જેમનો **અંશ** = સજાણજાણ અલ્પ ચૈતન સ્વરૂપ **ઉદ્યોત** = પ્રકાશ, તેજ, આભાસ, ચમક, દેખાવ, ઉદય, ઉત્પન્ન, પેદા.

## અનુવાદ

**ગુણ ઘણની આદ્ય લઈ જ્યોતિ સુધી સર્વ માલિક અદબદ રહી ગયેલા છે. જેટલા જીવ અને ઈશ્વરો છે તે સર્વમાં તેમના જ અંશોનો આભાસ છે.**

## ભાવાર્થ

ત્રણ ગુણના અધિપતિ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તેમજ ત્રણ ઘણના અધિપતિ મીંડક, કોરમ અને શેષજી એમ છ મહાદેવોની આદ્ય લઈ જ્યોતિ સ્વરૂપ નિરંજન સુધીના સર્વ દેહોમાં રહેલા સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોના ઉત્પન્ન કરનાર માલિક કૈવલકર્તા અદબદ રહી ગયેલા છે. વળી જીવદશાવાળા દેહોમાં અને ઐશ્વર્યવાન દેવી-દેવતાઓમાં પણ કૈવલકર્તાના જ અંશો છે. અંશોના આભાસ થકી સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહો ચેતનમય અને સજીવન રહે છે.

**મોહઘમ સો મદભૂતનતા, સબતે અગમ અપેખ;**
**ધ્યાન ધરન ઓરુ રખનકુ, શિર પર સામ્રથ શેખ. ૪૬**

### શબ્દાર્થ

**મોહઘમ** = મોઘમ, અદબદ, અનિશ્ચિત, અસ્પષ્ટ **સો** = તે **મદભૂતનતા** = સ્થાયિત્વતા, સ્થિરતા, પરિપક્વતા, મજબૂતાઈ **સબતે** = સર્વથી, સર્વના **અગમ** = જાણવામાં ન આવે એવું, અગમ્ય, હદ વગરનું, આરંભનું, પહેલું **અપેખ** = અગોચર, ગોચર નહીં તેવું જણાય નહીં તેવું, અદર્શનીય **ધ્યાન** = ધ્યાન, ચિંતન, સ્મરણ, સ્મૃતિ **ધરન** = ધરવું **ઓરુ** = અને **રખનકું** = રાખવા યોગ્ય, રાખવા માટેનું **શિર પર** = માથે, મસ્તક ઉપર **સામ્રથ** = સમર્થવાન, સત્તાધીશ **શેખ** = અધિપતિ, ઉપરી, અમીર, પુરાણા પુરુષ.

### અનુવાદ

**અદબદ એ તો સ્થાયિત્વતા છે. જે સર્વથી આરંભનું અને અગોચર છે. તે પદ ધ્યાન ધરવા યોગ્ય અને સર્વના માથે સમર્થ અધિપતિ તરીકે છે.**

### ભાવાર્થ

કૈવલ ધણીના પરમપદનું રહેલું અદબદપણું તો કૈવલપદની સ્થિરતા (સ્થાયિત્વતા)ને દર્શાવે છે. વળી તે કૈવલ પદ સર્વ રચનાના પ્રારંભ પહેલાં પણ હતું અને પ્રલય પછી પણ રહેવાવાળું સ્થિર નિત્ય અને અગોચર છે. વિશ્વના દરેકે દરેક દેહ અને દેહને ચૈતન બક્ષનાર સર્વ પ્રકારના અંશોના શિર પર અધિપતિ તરીકે રહેલા સમર્થ સર્જનહાર કૈવલકર્તા જ છે. માટે તે પરમ કૈવલપદનું અહર્નિશ ધ્યાન ધરવા યોગ્ય છે.

**સકલ આધારન જેહુન કે, આપ રહિત નિરધાર;**
**તાઈ પરંતહુ કોઈ નહી, સિર પર સર્જનહાર. ૪૭**

### શબ્દાર્થ

**સકલ** = સર્વના, તમામના **આધારન** = આધાર, આશ્રય, અવલંબન, **જેહુન કે** = જેમના **આપ** = પોતે **રહિત** = રહેલા છે **નિરધાર** = આધાર રહિત, આધાર વિનાના, અનાધાર **તાઈ** = તેમના **પરંતહુ** = ઉપર, પર **કોઈ નહી** = કોઈ નથી **સિર પર** = માથે **સર્જનહાર** = કર્તા, સર્જન કરનારા.

## અનુવાદ

**તે પોતે આધાર સિવાયના રહેલા છે જ્યારે સર્વ (બધા) તેમના આધારે છે. તેમના શિર પર અન્ય કોઈ જ સર્જનહાર નથી.**

## ભાવાર્થ

સર્જનહાર કૈવલકર્તા અને તેમનું કૈવલધામ બ્રહ્માંડની મધ્યમાં કોઈ પણ આધાર રહિત આવેલું છે. જ્યારે કૈવલકર્તા પોતે સર્વ ઉત્પત્તિના કારણ રૂપ કોઈ સર્વ રચનાના તેઓ આધાર સ્તંભ સમાન છે. તેઓ ખુદ સમગ્ર રચનાના માલિક અને સર્જનકર્તા હોઈ તેઓના શિર પર અન્ય કોઈ સર્જનહાર નથી.

## નિજ નભ શૂન્ય સનાતન, ભરીત બ્રહ્મ તદ્ રૂપ;
## એહી જીનકે આભૂક્ષણ, જોટે જુગલ અનુપ. ૪૮

### શબ્દાર્થ

**નિજ** = મૂળ, આદિ **નભ** = આકાશ, આસમાન, ગગન **શૂન્ય** = ઠાલું, ખાલી જગ્યા, જેવાં કોઈ તત્ત્વ કે પદાર્થ નથી તેવું પોલાણ **સનાતન** = નિત્ય, અચળ, શાશ્વત **ભરીત** = ભરાયેલું, ભરેલું **બ્રહ્મ** = સદ્-ચિદ્-આનંદ સર્જનહારનો પ્રકાશ, સચરાચર વ્યાપક બ્રહ્મપ્રકાશ **તદ્ રૂપ** = તદાકાર, તેના જેવું, ઠસોઠસ **એહી** = તે **જીનકે** = જેમનું **આભૂક્ષણ** = આભૂષણ, શણગાર, ઘરેણું, આભરણ, અલંકાર **જોટે** = તુલનામાં એક વસ્તુને બધી રીતે મળતી આવતી બીજી વસ્તુ **જુગલ** = બંને **અનુપ** = અનુપમ, અજોડ, અતુલ્ય, ઉપમા વગરનું.

## અનુવાદ

**સનાતન શૂન્યમાં નિજ આકાશ અને બ્રહ્મ ઠસોઠસ ભરેલું છે તે જ નિજ કર્તાનું આભૂષણ છે. તે બંને અનુપમ હોઈ તેમની તુલનામાં બીજી કોઈ વસ્તુ આવી શકે તેમ નથી.**

## ભાવાર્થ

સર્જનહારની સંકલ્પશક્તિના પ્રથમ પ્રકાશબ્રહ્મવૃત્તિથી ઉત્પન્ન થયેલું સચરાચર વ્યાપક સદ્-ચિદ્-આનંદ રૂપ બ્રહ્મપ્રકાશ અને નિજ આકાશ સનાતન શૂન્યમાં ઠસોઠસ ભરાયેલું છે. તે બ્રહ્મ, સર્જનહાર કૈવલકર્તાના અલંકાર સમાન છે. નિજ આકાશ

અને સચરાચર વ્યાપક બ્રહ્મ એમ બંને અનુપમ હોઈ તેમના જોટે કોઈ મહદ્ તત્ત્વો આવી શકે તેમ નથી.

**ખુદ ખગ ચૈતન બ્રહ્મ હી, જેહી ઉભયે તનુ આલ;**
**પણ નિજપતિ પ્રસ પુનહીત, બીનસત નહીં કોઈ કાલ. ૪૯**

### શબ્દાર્થ

**ખુદ** = પોતે **ખગ** = આકાશ **ચૈતન** = ચૈતન **બ્રહ્મ હી** = બ્રહ્મ છે **જેહી** = જે **ઉભયે** = બંને **તનુ** = શરીર, સ્વરૂપ **આલ** = પથરાયેલું, પુષ્કળ, ઘણું, વિશાળ, નજીક, પાસે **પણ** = પરંતુ **નિજપતિ** = સર્જનહાર, સકર્તાપતિ **પ્રસ** = સ્પર્શ **પુનહીત** = પરસ્પર **બીનસત** = નાશ, વિનાશ, મૃત્યુ **નહીં** = નહીં **કોઈ કાલ** = કોઈ કાળે.

### અનુવાદ

**આકાશ પોતે અને ચૈતન બ્રહ્મ તે બંને સ્વરૂપથી વિશાળ છે, પરંતુ સકર્તા પતિને સ્પર્શીને પરસ્પર રહેલાં હોવાથી કોઈ કાળે નાશ પામતાં નથી.**

### ભાવાર્થ

મહદ્ આકાશતત્ત્વ પોતે અને ચૈતન બ્રહ્મ તે બંને સમગ્ર બ્રહ્માંડમાં પથરાયેલા છે. એવા વિશાળ સ્વરૂપ ધરાવતા આ બંને પરસ્પર રીતે સકર્તાપતિ સર્જનહારને સ્પર્શીને રહેલાં છે. જેમ બ્રહ્માંડમાં ઉત્પન્ન થયેલી સર્વ રચના પોતાના અલ્પ આયુષ્યકાળે નાશ પામે છે. તે રીતે જોતાં મહદ્ આકાશ અને ચૈતન બ્રહ્મ કોઈ કાળે નાશ પામતાં નથી. જ્યારે સર્જનહાર પોતાના સંકલ્પને સમાવી દે ત્યારે મહાકલ્પના અંતે કર્તાની જે વૃત્તિથી ઉત્પન્ન થયેલાં તે જ વૃત્તિમાં પાછાં સમાઈ જાય છે.

**છેવટ કે છેવટ જેહી, સબ ધરતા ધરનાર;**
**સબ અંતનકે અંત હી, સબ કરતા કરનાર. ૫૦**

### શબ્દાર્થ

**છેવટ કે** = છેવટના, સમાપ્તિના, આખરના **છેવટ** = છેલ્લા **જેહી** = જે **સબ** = સર્વ, તમામ, બધા **ધરતા** = ધારકના **ધરનાર** = ધારણ કરનાર **સબ** = સર્વ, તમામ, બધા **અંતનકે** = અંતના, અવધિના,

પ્રલયના **અંત હી** = અંત, છેડો, આખરી **સબ** = સર્વ, તમામ, બધા **કરતા** = કારણના, બનાવનારના **કરનાર** = કરનારા, સર્જનહાર.

## અનુવાદ

**જે છેવટના પણ છેવટ છે, જે સર્વ ધારકના ધારણ કરનાર છે, જે સર્વ અંતના અંત છે તે જ સર્વ ઉત્પાદકના પણ સર્જનહાર છે.**

## ભાવાર્થ

બ્રહ્માંડની મધ્યે રહેલ કૈવલધામના ધામી સર્વ પ્રકારની ઉત્પત્તિની સમાપ્તિને છેવટના સમાવનારા છે. બ્રહ્માંડમાં રહેલા અલગ-અલગ ઈંડો, તબકોને અને લોક પોતાનામાં રહેલી સર્વ ઉત્પતિને ધારણ કરીને રહે છે. એવા સર્વ ધારકના ધારણ કરનાર પણ તે જ છે. મહાપ્રલયકાળ વખતે જ્યારે સર્વ અલ્પ તત્ત્વો મહદ્ તત્ત્વોમાં સમાઈ જશે અને સર્વ મહદ્ તત્ત્વો જે વૃત્તિમાંથી પેદા થાયેલા તે વૃત્તિઓમાં પાછા ઉત્પત્તિના ઉલટ ક્રમે સમાઈ ત્યારે જવાના અંતમાં પોતાની છ વૃત્તિઓ સર્જનહાર પોતાનામાં સમાવી દે છે. આમ, દરેકના અંતના પણ અંત છેવટે તો કર્તા જ છે. વળી, વિશ્વમાં મૂળ પાંચ મહાતત્ત્વોના બંધારણથી નવી નવી વસ્તુ, ચીજ કે પદાર્થોનું ઉત્પાદન કરનાર ઉત્પાદકોના પણ સર્જનહાર સકર્તાપતિ કૈવલ જ છે.

**જીનકુ કૈવલ કહત હૈ, સામ્રથ સાહેબ નામ;**
**કહે કુવેર સોહી સદપદ, મેરે નિજ વિશ્રામ. ૫૧**

### શબ્દાર્થ

**જીનકુ** = જેમને, તેમને **કૈવલ** = વળથી રહિત, કૈવલ **કહત હૈ** = કહેવામાં આવે છે **સામ્રથ** = સામર્થવાન **સાહેબ** = સઘળી સાહેબીના માલિક **નામ** = નામ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સોહી** = તે **સદપદ** = શાશ્વત પદ, સત્ય પરમપદ **મેરે** = મારું **નિજ** = મૂળ, આદિ **વિશ્રામ** = રહેઠાણ, નિવાસ, મુકામ.

## અનુવાદ

**સમર્થ ધણીનું જે નામ છે તેમને કૈવલ કહેવામાં આવે છે. કુવેરસ્વામી કહે છે કે**

**તે શાશ્વત પરમપદ જ મારું રહેઠાણ છે.**

## ભાવાર્થ

અગાઉની ચોપાઈમાં દર્શાવ્યા મુજબ સર્વના છેવટના છેવટ અંત, ઉત્પાદકોના ઉત્પાદક અને અંતના ધારકના ધારણ કરનાર ધણીનું નામ કૈવલ છે. તેઓ સદાને માટે કૈવલધામમાં જ નિવાસ કરે છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે એવું જે શાશ્વત પરમકૈવલપદ છે. પરમગુરુ પરમવિશેષ પાટવી અંશના નાતે તેઓ સદાને માટે કૈવલકર્તાના સાંનિધ્યમાં રહે છે. એટલે કે, કૈવલધામ તેમના માટે કાયમનું રહેઠાણ છે.

**ખુદ ખાવન મેરે ધણી, એસે સામ્રથ સોય;**
**જબી હમ જીનું મુક્તાવહુ, સો ક્યૌ મુક્ત ન હોય. ૫૨**

### શબ્દાર્થ

**ખુદ** = પોતે **ખાવન** = પતિ, માલિક, સર્જનહાર **મેરે** = મારા **ધણી** = પતિ, સ્વામી **એસે** = એવા **સામ્રથ** = સામર્થ્યવાન **સોય** = તે **જબી** = એટલે, જેથી, તેટલે જ **હમ** = હું **જીનું** = જેને **મુક્તાવહુ** = મુક્તિની બક્ષીસ કરું, મુક્તિ પ્રદાન કરુ **સો** = તે **ક્યૌ** = કેમ **મુક્ત ન હોય** = મુક્તિ ન પામે, મુક્ત ન થાય.

## અનુવાદ

**તેઓ એવા સામ્રથ છે. જે સ્વયં માલિક છે અને મારા ધણી છે. એટલે હું જેને મુક્તિ આપું તેઓ કેમ મુક્ત ન થઈ શકે?**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબના સામર્થ્ય ધરાવતા કૈવલકર્તા છે જે ખુદ બ્રહ્મની આદ્ય લઈ બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિના માલિક છે, એટલું જ નહીં, પરંતુ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના ધણી સ્વરૂપે છે. તેથી જ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જેના ઉપર કૃપા કરે તેને અવશ્ય પંચમી અખંડ કૈવલ મુક્તિ મળે તેમાં કોઈ શંકા નથી.

**જુગ જીવન હેત કારણે, ઉચરેહુ જ્ઞાન અનંત;**
**કહે કુવેર નર નિરભયે, સૂણતાં હોય સતંત. ૫૩**

### શબ્દાર્થ

**જુગ** = જગતના, વિશ્વના **જીવન** = જીવોના **હેત** = પ્રેમ, લાગણી, કૃપા, કલ્યાણ **કારણે** = ને લીધે, ના કારણે **ઉચરેહુ** = કથ્યુ છે, બોલ્યા છે, ઉચ્ચાર કર્યો **જ્ઞાન** = જ્ઞાન **અનંત** = અપાર, અંત વગરનું, અથાહ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **નર** = માનવ **નિરભયે** = નિર્ભતાપૂર્વક થશે **સૂણતા** = સાંભળતાં જ **હોય** = થાય **સતંત** = એકાકાર, સંપૂર્ણ રીતે.

## અનુવાદ

**જગતના જીવોના કલ્યાણ માટે જ અથાહ જ્ઞાનનો ઉચ્ચાર કર્યો છે. કુવેરસ્વામી કહે છે કે તે સાંભળતાં જ માનવી સંપૂર્ણ રીતે નિર્ભય બને છે.**

## ભાવાર્થ

પરમગુરુને વિશ્વમાં મોકલવા સર્જનહારનો મુખ્ય આશય, ભૂલા પડેલા જગતના જીવોને અંશ-અંશીનો લક્ષ આપવાનો છે. તેથી જ અંશના કલ્યાણ માટે પરમગુરુએ કૈવલજ્ઞાનનો ઉચ્ચાર કર્યો છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સર્જનહારના આદેશથી અંતરિક્ષમાં અન્ય વિવિધ દેવી ધામોને ચૈતાવીને છેલ્લે પૃથ્વીના જીવોના ઉદ્ધાર માટે સાતમા જંબુદ્વીપમાં માનવનો દિવ્ય દેહ ધારણ કરીને પ્રગટ થયા છે. અહીં આવ્યા બાદ તેમણે અગાધ કૈવલજ્ઞાનનો ઉચ્ચાર કર્યો છે. જેમાં સગુણ-નિર્ગુણથી પરે સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરી છે. આ કૈવલજ્ઞાનને સાંભળતાં જ મુમુક્ષુજનો શુદ્ધ અંશભાવે સર્જનહારની ભક્તિ કરી સાથે એક્તા સાધી નિર્ભયતા પ્રાપ્ત કરે છે.

**અવિગત સરલ સમજ કરી, દરશાયેહુ દિવ્ય નેંન;**
**આદ્ય અંત ઉત ઈત મહી, કીનેહુ ગતિ પ્રવેન. ૫૪**

### શબ્દાર્થ

**અવિગત** = જેની સમજ પ્રાપ્ત નથી થઈ તેવા, અવર્ણનીય **સરલ** = સરળ **સમજ** = સમજણ **કરી** = કરીને, આપીને **દરશાયેહુ** = બતાવ્યા છે **દિવ્ય નેંન** = અલૌકિક ચક્ષુ, જ્ઞાનચક્ષુ **આદ્ય** = શરૂઆત, આદિ **અંત** = અંતમાં રહેનારા **ઉત** = દેવલોક **ઈત** = મૃત્યુલોક **મહી** = માં **કીનેહુ** = કરીને **ગતિ** = સમજ, જ્ઞાન **પ્રવેન** = પ્રવીણ, નિપુણ, હોશીયાર, ચતુર, બુદ્ધિમાન, નિષ્ણાત, પ્રસારીને.

### અનુવાદ

**આદિથી અંત સુધીની તેમજ દેવલોકથી મૃત્યુલોકની સમજમાં નિપુણ કરવા માટે સરળ સમજ પડે તે રીતે અવિગત કર્તાને દર્શાવ્યા છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કૈવલધામમાંથી નીકળીને અંતરિક્ષ માર્ગે પ્રથમ નિરંજન ધામમાં થઈ અલગ-અલગ દૈવી ધામોમાં જઈને કૈવલજ્ઞાનથી સર્વ અંશોને ચેતાવ્યા હતા. છેવટે વિશ્વના છ દ્વિપોને ચેતાવી સાતમા જંબુદ્વિપના ભૂલા પડેલા જીવોને આદિથી અંત સુંધી અને દેવલોકથી મૃત્યુલોક સુધીની સાચી સમજ આપીને કૈવલકર્તાની ઓળખ ખૂબ જ સરળ રીતે સમજ પડે તે રીતે દર્શાવી છે.

**સંધ્યા ગાયત્રી જપ, નિગમ અંક ચહુ વાણ;**
**નામ સહિત નરણે કીયે, પ્રણવ વૃક્ષ સફુરાણ. ૫૫**

### શબ્દાર્થ

**સંધ્યા ગાયત્રી** = સંધ્યા અને ગાયત્રી **જપ** = જપ, મંત્ર **નિગમ** = બ્રહ્માજી દ્વારા ઉચ્ચારાયેલ વેદ **અંક** = અક્ષર, અંકે **ચહુ** = ચાર **વાણ** = વાણી, સમજ **નામ** = નામ **સહિત** = સાથે, થી લઈને **નરણે** = નિર્ણય **કીયે** = કરીને, કર્યા **પ્રણવ** = પ્રાણાયમ, રેચક પ્રેરક અને કુંભસ્થ પ્રણવ **વૃક્ષ** = ઝાડ, વૃક્ષ **સફુરાણ** = સ્ફુરાયમાન, બુદ્ધિ, ફેલાવો, ઉત્પન્ન, પસારો.

### અનુવાદ

**હું નિર્ણયપૂર્વક કહુ છું કે સંધ્યા-ગાયત્રીના જપ, વેદની ચાર પ્રકારની વાણી, અક્ષર અને નામ વગેરે પ્રણવવૃક્ષમાંથી સ્ફુરાયમાન થયાં છે.**

### ભાવાર્થ

ત્રણકાળની સંધિના સમયે કરવા યોગ્ય ગાયત્રીના જપ, બ્રહ્માજી દ્વારા ઉચ્ચારાયેલા ચાર પ્રકારના વેદોની પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી વાણી, વર્ણમાળાના બાવન અક્ષરોથી બનેલા નામ સહિતની સર્વ ઉત્પત્તિ પ્રણવ વૃક્ષમાંથી થયેલી છે. આ અંગે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે નિર્ણય કરીને આ અગાઉ ગ્રંથમાં વિગતવાર સમજાવ્યું છે.

**ઓર ચતુર ગુરુ ગમનકી, વિશેષ ત્રીયે પ્રકાર;**
**ચીંન ભિન્ન તીનકે કીયે, જીનુ જેહી જમ અધિકાર. ૫૬**

### શબ્દાર્થ

**ઓર** = અન **ચતુર** = ચાર **ગુરુ** = ગુરુ **ગમનકી** = સમજણની ગતિની, સૂઝની, જ્ઞાનની **વિશેષ** = અધિકતાવાળા **ત્રીયે** = ત્રણ **પ્રકાર** = ભાગ, વિભાગ, દરજ્જો **ચીંન** = ચિહ્નો, સમજ, લક્ષણ **ભિન્ન** = જુદા, અલગ **તીનકે** = તેઓને **કીયે** = કર્યો **જીનુ** = જેનો **જેહી** = જેવો **જમ** = જેમ છે તેમ **અધિકાર** = પાત્રતા, સત્તા, લાયકાત, યોગ્યતા, અમલ.

### અનુવાદ

**ચાર પ્રકારના ગુરુઓની સમજ અને ત્રણ પ્રકારના વિશેષ અંશોના જુદા-જુદા લક્ષણો દર્શાવીને જેનો જેવો અધિકાર છે તે કહ્યું.**

### ભાવાર્થ

ગ્રંથના અગાઉના વિભાગમાં પ્રોક્ષગુરુ, તાયગુરુ, સદ્‌ગુરુ અને પરમગુરુ એમ ચાર પ્રકારના ગુરુઓની સમજ આપવામાં આવી છે. વિશેષ અંશોમાં સામાન્ય વિશેષ અને વિશેષ તેમજ પરમ વિશેષ એમ ત્રણ પ્રકારના અંશોના લક્ષણોને જુદા તારવીને દર્શાવ્યા છે. વળી જેમની જેવી જે પ્રમાણેની યોગ્યતા છે તે પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે.

**અંશ અંશી બરનન ધન્ય, જન મન કરન મેલાપ;**
**સકલ ચોજ નિજ નરણવી, ઓરુ નિજ પતિપદ આપ. ૫૭**

### શબ્દાર્થ

**અંશ** = સજાણજાણ અલ્પ ચૈતન સ્વરૂપ **અંશી** = મહદ્ સજાણજાણ પૂર્ણ ચૈતન સ્વરૂપ **બરનન** = વર્ણન **ધન્ય** = ધન્યવાદ **જન** = માનવ **મન** = મન અંતઃકરણ, ઈચ્છા, મરજી, ભાવ, દાનત, ઝંખના **કરન** = કરવા માટે **મેલાપ** = એકતા, મિલન **સકલ** = સર્વ, તમામ **ચોજ** = સમજ, વિચાર **નિજ** = મૂળ, આદિ **નરણવી** = નિર્ણય કરીને **ઓરુ** = અને **નિજ** = મૂળ, આદિ **પતિપદ** = સર્જનહારનુ પરમપદ **આપ** = પોતાનું અંશસ્વરૂપ.

## અનુવાદ

**નિજ પતિપદ અને આપનપુની સર્વ પ્રકારની મૂળ સમજનો નિર્ણય કરીને અંશ-અંશીપદનું વર્ણન કર્યું છે. જેમના મનમાં મેળાપ કરવાની ઈચ્છા છે તેવા માનવોને ધન્ય છે.**

## ભાવાર્થ

સર્જનહાર કૈવલકર્તા નિજ પરમપદનું અને દેહના સ્વામી તરીકે રહેલા સજાણજાણ ચૈતન અંશ સ્વરૂપની મૂળ જે સાચી સમજ હતી તેને યોગ્ય નિર્ણય કરીને જણાવી છે. દેહમાં સર્વોપરી અંશ અને બ્રહ્માંડના સર્વોપરી અંશીનું પણ વિગતવાર વર્ણન અગાઉ કરવામાં આવ્યું છે. આવી યોગ્ય અને ગૂઢાર્થ ભરેલી સમજને પ્રાપ્ત કરી જે માનવોના મનમાં સર્જનહારને મળવાની તાલાવેલી જાગશે તેઓ ધન્યવાદને પાત્ર છે.

**કલીમલ હરન કેતુ સત, કીયેહુ ગ્રંથ ટહંકાર;**
**કહે કુવેર સમજે નહીં, તે જન ગતિ ગમાર. ૫૮**

### શબ્દાર્થ

**કલીમલ** = કળિયુગમાં વ્યાપેલા અજ્ઞાનને **હરન** = દૂર કરવા, હરવા, નષ્ટ કરવા **કેતુ સત** = સાત કેતુ, સાત અંગ **કીયેહુ** = કર્યા છે, રચ્યા છે, બનાવ્યા છે **ગ્રંથ** = ધર્મપુસ્તક **ટહંકાર** = ઉચ્ચાર, ટંકાર, ગર્જના-યુક્ત વાણી, રણકાર **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સમજે નહીં** = સમજે નહીં **તે** = તે **જન** = માનવ, વ્યક્તિ **ગતિ** = બુદ્ધિ, સમજ, ગતિ, જ્ઞાન, જાણ **ગમાર** = મૂર્ખ, બુદ્ધિહીન, પશુ જેવી બુદ્ધિવાળો.

## અનુવાદ

**કળિયુગમાં વ્યાપેલા અજ્ઞાનને દૂર કરવા માટે આ ગ્રંથનાં સાત કેતુ દ્વારા ગર્જનાયુક્ત વાણીનો ઉચ્ચાર કર્યો છે. કુવેરસ્વામી કહે છે કે જે ન સમજે તે વ્યક્તિની બુદ્ધિ પશુ જેવી જ સમજવી.**

## ભાવાર્થ

ચાર યુગમાં કળિયુગ એ એવો યુગ છે કે જેમાં સૌથી વિશેષ પ્રમાણમાં અજ્ઞાન

વ્યાપેલું હોય છે. એવા કળિયુગના સમયમાં જીવોની અજ્ઞાનને દૂર કરવા માટે જ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે ગ્રંથની રચના કરીને સાત કેતુ દ્વારા ગર્જનાયુક્ત વાણીનો ઉચ્ચાર કર્યો છે.

આ ગૂઢાર્થ ભરેલા જ્ઞાનના હાર્દને જે માનવો ન સમજી શકે તો તેવા વ્યક્તિની બુદ્ધિ પશુ જેવી મંદ સમજવી.

**પરમસિદ્ધાંત કલ્પતરુ, સકલ ગ્રંથ તનુ શિર;**
**સૂણતાં સહેજ સ્વભાવિક, ભવજલ પાવહી તીર.૫૯**

### શબ્દાર્થ

**પરમસિદ્ધાંત કલ્પતરુ** = પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથ **સકલ** = સર્વ, તમામ, બધા **ગ્રંથ** = ધર્મ પુસ્તક **તનુ** = નું, તેનું **શિર** = મુખ્ય, સર્વોપરી, આગેવાન, ઉત્તમ, શિખર **સૂણતાં** = સાંભળતાં **સહેજ** = સહેજા સહજ, સેજમાં **સ્વભાવિક** = મૂળભૂત, મૌલિક, સ્વભાવ સિદ્ધ **ભવજલ** = સંસાર સમુદ્ર, ભવસાગર **પાવહી** = પ્રાપ્ત કરે, મેળવે **તીર** = કિનારો, પેલે પાર, મુક્તિ.

### અનુવાદ

**આ પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથ સર્વ ગ્રંથોમાં સર્વોપરી છે. સહેજ સ્વભાવે તેને સાંભળવાથી ભવસાગરના સામે કિનારે પહોંચી શકાય છે.**

### ભાવાર્થ

આ પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા રચિત અન્ય સર્વ ગ્રંથોમાં વૈવિધ્યપૂર્ણ જ્ઞાનયુક્ત સમજની દૃષ્ટિએ સર્વોપરી છે. જો કોઈ માનવી કોઈ પણ પ્રકારના પક્ષપાતી વલણ સિવાય સહજ સ્વભાવે આ ગ્રંથને સાંભળે તો નિશ્ચિતપણે તે ભવસાગરના સામે કિનારે પહોંચી શકે છે. એટલે કે, ભવસંકટ રૂપ જન્મ-મરણના સંકટમાંથી મુક્તિ મેળવી શકે છે.

**સપ્ત કેતુ સત ધાતહી, મીલી અંગ એક સોય;**
**નિજપતિ અંશ શિખર શિર, કતા જીવન જીનું જોય. ૬૦**

### શબ્દાર્થ

**સપ્ત કેતુ** = સાત કેતુ **સત ધાતહી** = સાત ધાતુ પણ, શરીરના સાત દ્રવ્યઃ રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને વિર્ય (શુક્રાણુ) **મીલી** = મળીને **અંગ** = આખું શરીર, દેહ **એક** = એક **સોય** =થાય છે **નિજપતિ** = મૂળ માલિક, સકર્તાપતિ, નિજકર્તા **અંશ** = સજાણજાણ ચૈતન સ્વરૂપ ભાગ **શિખર શિર** = સર્વોપરી **કતા** = સર્જનહાર **જીવન** = ચૈતનતા પ્રદાન કરનાર, ચૈતન્ય શક્તિ **જીનું** = જેનુ **જોય** = જુઓ.

### અનુવાદ

**સાત કેતુ રૂપ સાત ધાતુ મળીને એક અંગ (શરીર)રૂપ દેહ (ગ્રંથ) બન્યો છે. જેમ નિજપતિનો અંશ સર્વોપરી છે અને સર્વેનું જીવન સર્જનહાર છે તેમ જૂઓ.**

### ભાવાર્થ

આ ગ્રંથમાં સાત અલગ-અલગ કેતુની રચના છે. જેવી જ રીતે શરીરના બંધારણમાં રહેલી સાત ધાતુઃ રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્રાણુ છે. એવી રીતે દેહની જેમ ગ્રંથનું સ્વરૂપ બનેલું છે. તેમ દેહમાં સકર્તા પતિ સર્જનહાર કૈવલ પતિના સજાણજાણ ચૈતનઅંશ સર્વોપરી છે અને જડ તત્ત્વોની આદ્ય લઈ અંશ સહિતની સર્વ ઉત્પત્તિના જીવન પ્રદાન કરનાર મહદ્ સજાણજાણ પૂર્ણ ચૈતન સ્વરૂપે કૈવલ કર્તા છે, તેમ આ ગ્રંથ સર્વ ગ્રંથોમાં સર્વોપરી છે તે સમજવુ છે.

**સપ્ત કેતુ સપ્ત ધાતહી, મીલીત ભયે પુરુષાય;**
**અબ કહુ પંચીકરણ કી, કહે કુવેર બતાય. ૬૧**

### શબ્દાર્થ

**સપ્ત કેતુ** = સાત કેતુ **સપ્ત ધાતહી** = સાત ધાતુ **મીલીત** = મળીને **ભયે** = થયો **પુરુષાય** = પુરુષ, પુરુષનો પૂર્ણ દેહ, દેહનું પૂર્ણ સ્વરૂપ **અબ કહુ** = હવે કહુ છું **પંચીકરણ કી** = પંચીકરણની, પાંચ મહાતત્ત્વોનું એકીકરણ, દેહમાં એકત્ર થયેલા પાંચ મહાભૂતોનો સમન્વય **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **બતાય** = બતાવું છું, દર્શાવું છું.

### અનુવાદ

**સાત ધાતુ રૂપ સાત કેતુ મળીને દેહ રૂપ ગ્રંથનું સ્વરૂપ બનેલું છે. કુવેરસ્વામી**

**કહે છે કે હવે પછી તેના પંચીકરણની સમજ દર્શાવું છું.**

## ભાવાર્થ

તે જ રીતે સાત કેતુના સમૂહથી પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથનું સ્વરૂપ બનેલું છે. તે જે રીતે સાત ધાતુના સમૂહથી માનવ શરીરનું બંધારણ બનેલું છે.

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે પછી શરીરના બંધારણમાં પાંચ મહાતત્ત્વોનું એકીકરણ કરીને ગુણ-ઘણ, ઈન્દ્રિ, અંતઃકરણ વગેરેની કાર્યપદ્ધતિ અને તેના લક્ષણોની સમજ શરીરના અંગોની સાથે ગ્રંથની સરખામણી કરીને દર્શાવે છે.

**તરક ડસણ પકરન કર, સકલ પંથકે ન્યાવ;**
**સ્વર નાડ સુઝ અંતસ, રોમ અંક તન સાવ. ૬૨**

### શબ્દાર્થ

**તરક** = તર્ક, જ્ઞાન, વિચાર શક્તિ, સર્જન, ત્યાગ **ડસણ** = દાંત **પકરન** = પકડવા, પક્કડ, ભૂલ પકડવી તે, ભૂલ કે દોષ શોધવાની ક્રિયા **કર** = હાથ **સકલ** = સર્વ, તમામ **પંથકે** = પંથોના, ધર્મના **ન્યાવ** = ન્યાયપૂર્વક, ખરું-ખોટુ તપાસીને ફેસલો કરવો તે **સ્વર** = ધ્વનિ, નાદ, અવાજ **નાડ** = નાડી, શિરા, રગ, રક્તવાહિની **સુઝ** = સમજ, ગમ, કાર્ય કરવાની કુશળતા **અંતસ** = અંતઃકરણ **રોમ** = રુવાંટુ, શરીર ઉપરના નાના વાળ **અંક** = આંકડા, વર્ણમાળાના મૂળ બાવન અક્ષર **તન** = શરીર **સાવ** = સંપૂર્ણ, આખું, પૂર્ણ.

## અનુવાદ

**ગ્રંથરૂપ સમસ્ત દેહમાં તર્કરૂપ દાંત, સર્વ પંથના ન્યાયપૂર્વક દોષ શોધી કાઢવાની ક્રિયા રૂપ હાથ, નાદ રૂપ નાડી, સમજ રૂપ અંતઃકરણ અને રોમ રૂપ અક્ષર છે.**

## ભાવાર્થ

આ ગ્રંથને એક સંપૂર્ણ શરીર તરીકેની કલ્પના કરવામાં આવી છે. જેમાં તર્કબદ્ધ જે જ્ઞાન સમાયેલું છે તે ગ્રંથના દાંત સમાન છે. જગતના સર્વ ધર્મો છે તે દરેકમાં રહેલા દોષોને ન્યાયપૂર્ણ રીતે શોધી કાઢવાના કાર્ય રૂપે ગ્રંથના હાથ છે. ગ્રંથનો ધ્વનિ તે તેની શિરા સમાન છે. ગ્રંથમાં સમાયેલી સમજ એ અંતઃકરણ સ્વરૂપે છે અને ગ્રંથના લખાણમાં વપરાયેલા વર્ણમાળાના બાવન અક્ષરોએ ગ્રંથના રુવાંટા સમાન છે.

## લક્ષ નેંન સરવન શૂન, અનુભવે જેહી અવિકાસ;
## ગમ ગૂંજ કરન ત્વચા જીનું, મોક્ષ વાણી મુખ તાસ. ૬૩

### શબ્દાર્થ

**લક્ષ** = ધ્યાન, ઉદ્દેશ, એકાગ્રતા, અંતિમ ધ્યેય **નેંન** = નેત્ર, આંખ, ચક્ષુ **સરવન** = કાન, કર્ણ, અભ્યાસ, અધ્યયન **શૂન** = પ્રસવ, ઉત્પન્ન થવું, વિકસેલું, ખીલેલું, શૂન્ય, અંકુર, પુષ્પ **અનુભવે** = અવલોકનથી થયેલું જ્ઞાન, પ્રત્યક્ષ જ્ઞાન, પરિણામ, ફળ સમજણ શક્તિ **જેહી** = જે **અવિકાસ** = અવિકાસ મહાતત્ત્વ **ગમ** = ગતિ, પ્રવેશ, સૂઝ, સમજ, ભાન, જ્ઞાન, બળ, શક્તિ, નજર, ધ્યાન **ગૂંજ** = ભેદ, છૂપી વાત, ગુપ્ત, પ્રતિધ્વનિ, ગુંજન, કલરવ, આનંદ ધ્વનિ **કરત** = કરવા **ત્વચા** = ચામડી **જીનું** = જેની **મોક્ષ વાણી** = જે વાણીથી મોક્ષનું ફળ પ્રાપ્ત થાય તેવી વાણી **મુખ** = મોંઢુ, શબ્દ, અવાજ, મોં, પ્રસ્તાવના **તાસ** = તેનાં, તેની, તેનું.

### અનુવાદ

**આ ગ્રંથને લક્ષરૂપ આંખ, શૂન્ય રૂપ કાન, અનુભવ રૂપ અવિકાસ, ગમગૂંજ રૂપ ત્વચા અને મોક્ષવાણી રૂપ મુખ છે.**

### ભાવાર્થ

આ ગ્રંથરૂપ પુરુષને પોતાના અંતિમ ધ્યેયને પૂર્ણ કરવા રૂપ નેત્રો છે અને ગ્રંથ દ્વારા જ્ઞાનને માત્ર સંભળાવવાનું છે, પરંતુ ગ્રંથને પોતાને કાંઈ સાંભળવાની જરૂર ન હોવાથી શૂન્ય રૂપ કાન છે. ગ્રંથમાં પીરસાયેલું અનુભવજન્ય પ્રત્યક્ષજ્ઞાન અવિકાસ મહાતત્ત્વ છે. પ્રતિવાદીને પરાસ્ત કરવા માટે ગૂઢ સમજના પ્રતિધ્વનિરૂપ ચામડી છે. તેમજ ગ્રંથમાં સમાયેલી અખંડમુક્તિનું પ્રદાન કરવાવાળી વાણીરૂપ મુખ છે.

## સાર અસાર સિદ્ધાંત કે, ગંધ ગ્રહન જેહી નાક;
## અશુભ ઉથાપન શુભ થપે, સોહી શબ્દ નિજ વાક. ૬૪

### શબ્દાર્થ

**સાર** = સારું, ઉત્તમ **અસાર** = તુચ્છ, મિથ્યા, નિઃસત્વ, સાર વિનાનું **સિદ્ધાંત કે** = સિદ્ધાંતના **ગંધ** = વાસ, સોડમ, ઘ્રાણ ઈન્દ્રિય વડે ગ્રહણ કરાતો ગુણ **ગ્રહન** = અંગીકાર, સ્વીકારવું, લેવું **જેહી** = જે **નાક** = નાક, નાસિકા **અશુભ** = અકલ્યાણ, અહિત, નરસું, ખરાબ, અમંગળ **ઉથાપન** = અનાદર, સમાપ્તિ, અંત, દૂર કરવું **શુભ** = માંગલિક, કલ્યાણકારી, સારું હિતકારક

**થપે** = સ્થાપન કરવું, નિર્માણ કરવું, સ્થાપિત કરવું **સોહી** = તે **શબ્દ** = શબ્દ **નિજ** = મૂળ **વાક** = વાણી, વચન, બોલ, વાચા.

## અનુવાદ

**સાર-અસાર સિદ્ધાંતને પારખવા રૂપી ગંધ ગ્રહણ કરવાવાળું નાક છે. વળી અશુભનું ઉત્થાપન અને શુભનું સ્થાપન કરવા માટે શબ્દ રૂપી વાણી છે.**

## ભાવાર્થ

જેમ નાસિકા સુવાસ અને સુગંધની પરખ કરે છે, તેમ આ ગ્રંથમાં વિશ્વના વર્તમાન સિદ્ધાંતો પૈકી ઉત્તમ સિદ્ધાંત અને મિથ્યા સિદ્ધાંતોની પરખ દર્શાવવામાં આવેલી છે. વળી ગ્રંથમાં અકલ્યાણ કરવાવાળાનું ઉત્થાપન કરીને કલ્યાણકારી મતનું સ્થાપન કરવા માટે વપરાયેલા શબ્દોને સમજવા બાવન અક્ષરોના મૂળરૂપે રહેલી વાણી છે. કારણ કે, શબ્દમાત્રાની ઇન્દ્રિય કાન છે જેનો સબંધ વાણી સાથે જોડાયેલો છે.

**ગતિ ચકવે પસરન પદ, ગુદા ઈન્દ્રિ મહી ત્યાગ;**
**નામ રુપ ઓર ગુણ લહુ, અનિત્ય સદા જેહી ભાગ. ૬૫**

### શબ્દાર્થ

**ગતિ** = ચાલ, જાણ, માહિતી, ઝડપ, સમજ, શક્તિ, સ્થિતિ, માર્ગ **ચકવે** = ચક્રવર્તિ, સર્વત્ર **પસરન** = પસારો પામેલી **પદ** = પગ **ગુદા ઈન્દ્રિ** = ગુદા દ્વાર **મહી** = પૃથ્વી, મળ, ધરા **ત્યાગ** = ત્યાગવું ત્યજવાની ક્રિયા **નામ** = નામ **રુપ** = દેખાવ, સ્વરૂપ, આકૃતિ **ઓર** = અને **ગુણ** = પ્રાકૃતિક લક્ષણ **લહુ** = સુધી, વાળા **અનિત્ય** = નાશ પામનારું, નાશવંત **સદા** = સદાને માટે, હમેશાં **જેહી** = જે **ભાગ** = વિભાગ, હિસ્સો, અંગ.

## અનુવાદ

**ચક્રવર્તિ ગતિ રૂપ જે પસારો છે તે તેના પગ જાણવા તથા નામ, રૂપ અને ગુણ સુધીનું જે નાશવંત છે તેના ત્યજવા રૂપે ગુદા ઇન્દ્રિય (અંગ) જણાવી.**

### ભાવાર્થ

ગ્રંથમાં સમાયેલું સકર્તાસિદ્ધાંતનું સ્થાપન કરતું કૈવલજ્ઞાન સમગ્ર બ્રહ્માંડમાં પથરાયેલું હોય તેની પ્રબળ શક્તિરૂપ પગ જાણવા અને વિશ્વમાં જે નામ રૂપ અને ગુણવાળા નાશવંત પદો છે, જેનો હમેશાં ત્યાગ કરવા માટે જણાવવામાં આવ્યું છે તે ગુદા ઈન્દ્રિયરૂપ અંગ સમજવું.

**રસિક વચન રસના જીનું, માનુ ભાવ તા મૈસ;**
**અસ્ત કઠન સમજણ સદ, રાગવ રુદ્ર આ કૈસ. ૬૬**

### શબ્દાર્થ

**રસિક** = આશ્ચર્યજનક, અદ્ભુત, રોચક, ભાવુક્ત **વચન** = વાણી, કથન ઉપદેશ **રસના** = જીભ, જીહ્વા **જીનું** = જેનું **માનુ ભાવ** = મહાન ભાવ અતિ પ્રભાવશાળી, અલૌકિક ગુણવાળુ **તા** = તેનું **મૈસ** = માંસ, આમિષ, ગોસ **અસ્ત** = હાડકું **કઠન** = સખત, મજબુત **સમજણ** = સમજ, અક્કલ, જ્ઞાન, સમજણ **સદ** = સાચી **રાગવ** = રાગ, પ્રેમ, પ્રીતિ, ભાવ, આલાપ, મધુર લાગે તેવી રીતે સુર મિલાવટ કરી ગાવાની રચના **રુદ્ર** = લોહી, રુધિર **આ કૈસ** = આસક્તિ, લગનીવાળી પ્રીતિ, આકાંક્ષા.

### અનુવાદ

**જેના અદ્ભુત ઉપદેશ રૂપ જીહ્વા છે, મહાનુભાવપણું તેનું માંસ છે, સાચી ગૂઢાર્થ ભરેલી સમજણ રૂપ હાડકાં છે અને આસક્તિવાળો રાગ એ લોહી છે.**

### ભાવાર્થ

ગ્રંથરૂપ પુરુષના દેહમાં આશ્ચર્યજનક ઉપદેશની વાણીરૂપી જીહ્વા છે, મહાનુભાવપણું રૂપી માંસ છે, વળી ગૂઢાર્થ ભરેલી સમજણરૂપ હાડકાં છે અને ગ્રંથમાં લખાયેલી ચોપાઈઓ મધૂર લાગે તે રીતે સુંદર મેળવીને ગાવાની આસક્તિ રૂપી લોહી છે.

**કોશ પંચ જીનું કહતહું, સુનો સજ્જન સમુદાય;**
**અનો મનોમય વિજ્ઞાનહી, આનંદ પ્રાણ સમાય. ૬૭**

### શબ્દાર્થ

**કોશ** = શરીરમાં રહેલા મૂળ ઘટક કોશ **પંચ** = પાંચ **જીનું** = જેનાં **કહતહું** = કહુ છું **સુનો** = સાંભળો, શ્રવણ કરો **સજ્જન** = સજ્જનાના **સમુદાય** = સમૂહ, જૂથ **અનો** = અનોમય કોશ - જે પૃથ્વી તત્ત્વમાં રહીને પાંચ મહાતત્ત્વો, ઈન્દ્રિયો, અંતઃકરણ, અવસ્થા અને ગુણને પ્રકાશે છે **મનોમય** = મનોમય કોશ, અગ્નિ તત્ત્વમાં રહીને ઈન્દ્રિયો, અંતઃકરણ, અવસ્થા અને ગુણને પ્રકાશે છે **વિજ્ઞાનહી** = વિજ્ઞાનમય કોશ આકાશ તત્ત્વમાં રહીને ઈન્દ્રિયો, અંતઃકરણ, અવસ્થા અને ગુણને પ્રકાશે છે **આનંદ** = આનંદમય કોશ જળ તત્ત્વમાં રહીને ઈન્દ્રિયો, અંતઃકરણ, અવસ્થા અને ગુણને પ્રકાશે છે **પ્રાણ** = પ્રાણમય કોશ વાયુ તત્ત્વમાં રહીને ઈન્દ્રિયો, અંતઃકરણ, અવસ્થા અને ગુણને પ્રકાશે છે **સમાય** = સમાયેલા છે, સમાવેશ થયેલો છે.

## અનુવાદ

**અનોમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય અને પ્રાણમય એમ પાંચ કોશ છે. જે અંગે હું કહુ છું તે એકત્ર થયેલા હે સજ્જનો! તમે સાંભળો.**

## ભાવાર્થ

હવે પછી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને ગ્રંથરૂપ પુરુષમાં રહેલા અનોમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય અને પ્રાણમય એમ પાંચ પ્રકારના કોશની વિગત જણાવે છે. જેને એકત્ર થયેલા તમામ મુમુક્ષુઓને ધ્યાનપૂર્વક શ્રવણ કરવા માટે અનુરોધ કરવામાં આવે છે.

## સકલ પક્ષ લક્ષ ભક્ષન, અનોમય કોશ અનિત્ય;
## કલ્પીત કરમ સમાવન, મનોમય કોશ જનિત્ય. ૬૮

### શબ્દાર્થ

**સકલ** = સર્વ, તમામ, બધા **પક્ષ** = મત, સિદ્ધાંતમાં, સિદ્ધ કરવા બતાવવામાં આવેલી બાબત, માર્ગ, પંથ **લક્ષ** = ઉદ્દેશ, હેતુ, ચિત્તની એકાગ્રતાનું કેન્દ્રબિંદુ **ભક્ષન** = ખાવું, ધ્વંશ કરવો, નિકંદન કરવું **અનોમય કોશ** = અનોમય કોશ **અનિત્ય** = નાશવંત **કલ્પીત** = કલ્પેલી, કૃત્રિમ, બનાવટી, સ્થપાયેલુ, રચેલું, મનમાં ધારેલું, ખોટું **કરમ** = કર્મ, આચાર, વર્તણૂક, કર્તવ્ય, ફરજ, ધર્મ, પ્રવૃત્તિ **સમાવન** = સમાવેશ કરવો, સમાવવું, મિટાવવું, નષ્ટ કરવું, દૂર કરવું, દૂર કરી નાંખવું **મનોમય કોશ** = મનોમય કોશ **જનિત્ય** = જાણવો.

## અનુવાદ

**સર્વ અનિત્ય પક્ષોના લક્ષનું ભક્ષણ કરે છે, તે મનોમયકોશ છે અને કલ્પિત કર્મોને દૂર કરે છે, તેને મનોમયકોશ જાણવો.**

## ભાવાર્થ

જેટલા નાશવંત મત-પક્ષો છે તે તમામના લક્ષનું નિકંદન કરવાની જે સમજ ગ્રંથમાં દર્શાવવામાં આવી છે, તે અનોમયકોશ જાણવો અને સંસારમાં જીવો દ્વારા કરવામાં આવતા કલ્પિત કર્મોને ત્યજી દેવા માટે જે સમજ દર્શાવવામાં આવી છે તેને મનોમય કોશ જાણવો.

**મોદીત તાય આનંદમયે, વિગત્ય ભાગ વિજ્ઞાન;**
**ઓર કોશ જેહી પંચમો, સરલપણું સોહી પ્રાણ. ૬૯**

### શબ્દાર્થ

**મોદીત** = હર્ષ, આનંદ, ખુશી **તાય** = તે **આનંદમયે** = આનંદમય કોશ **વિગત્ય** = વિગત, રજૂઆત, સમજ, આધાર, મુદ્દો, સૂઝ, માહિતી, જાણ **ભાગ** = વિભાગ, હિસ્સો **વિજ્ઞાન** = વિજ્ઞાનમય કોશ **ઓર** = અને **કોશ** = કોશ **જેહી** = જે **પંચમો** = પાંચમો **સરલપણું** = સરલતા, નિષ્પક્ષપાતી હોવું, સહેલાઈ **સોહી** = તે **પ્રાણ** = પ્રાણમય કોશ.

## અનુવાદ

**આનંદ થાય તે આનંદમયકોશ છે. વિવિધતાભરી રજૂઆત તે વિજ્ઞાનમય કોશ છે અને પાંચમો જે કોશ છે તે નિષ્પક્ષતાનું વલણ તે પ્રાણમય કોશ છે.**

## ભાવાર્થ

ગ્રંથમાં દર્શાવેલ માહિતીથી વાંચનાર વર્ગને આનંદ ઉપજે તે આનંદમય કોશ છે. જ્યારે ગ્રંથમાં વિવિધતાભરી રજૂઆત દર્શાવવામાં આવી છે તેને વિજ્ઞાનમય કોશ સમજવો. વળી પાંચમો કોશ કે જે ગ્રંથમાં કરાયેલી સર્વ રજૂઆત પક્ષપાત સિવાયની છે તેને પ્રાણમય કોશ જાણવો.

**યા વિધ પરમ વિભાગ કે, ગ્રંથ પુરુષ અદ્‌ભુત;**
**બરનહુ માતા પિતા તીનું, જીને જાયે એહી સુત. ૭૦**

### શબ્દાર્થ

**યા વિધ** = આ પ્રમાણે, એ રીતે **પરમ** = શ્રેષ્ઠ, ઉત્તમ, મહાન, વિશેષ **વિભાગ કે** = વિભાગનો, અંગવાળો **ગ્રંથ પુરુષ** = ગ્રંથરૂપી પુરુષ, **અદ્‌ભુત** = અલૌકિક, નવાઇ ઉપજાવનાર, આશ્ચર્યકારક **બરનહુ** = વર્ણન કરુ છું **માતા પિતા** = માતા અને પિતા **તીનું** = તેના **જીને** = જેમણે **જાયે** = જન્મ આપ્યો **એહી** = આવા, એ **સુત** = પુત્ર, દીકરો.

### અનુવાદ

**આ રીતે ઉત્તમ અંગોવાળો આ ગ્રંથરૂપ અલૌકિક પુરુષ છે. હવે આ ગ્રંથરૂપ પુત્રને જેમણે જન્મ આપ્યો છે, તેના માતા અને પિતાનું વર્ણન કરું છું.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ વિશેષ અંગોથી વિભૂષિત આ પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથરૂપ અલૌકિક પુરુષ છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે આપણને આવા ઉત્તમ ગ્રંથરૂપ પુરુષને જેમણે જન્મ આપ્યો છે, એવા તેના માતા-પિતા વિશે સમજ આપે છે.

**સુરત વિચાર ઉભયે જીનું, સંજમ કે સુત ઓય;**
**સુરત વિચાર બાલક પુનિ, નિજપતિ અંશ કે દોય. ૭૧**

### શબ્દાર્થ

**સુરત** = સુરતા, બાહ્ય દૃષ્ટિથી થતી મનોવૃત્તિ, નજર **વિચાર** = મનોરથ, ઉદ્દેશ, આશય, નિશ્ચય, પરિણામનો ખ્યાલ, સ્વનું ચિંતવન **ઉભયે** = બંને **જીનું** = જેના **સંજમ કે** = મિલનથી, સંયમથી, જોડાણથી **સુત** = પુત્ર, સંતાન ઉત્પત્તિ **ઓય** = એ, તે **સુરત** = સુરતા **વિચાર** = સ્વનું ચિંતવન **બાલક** = ઉત્પત્તિ, સંતાન **પુનિ** = વળી, અને **નિજપતિ** = સર્જનહાર, મહદ્ સજાણજાણ પૂર્ણ ચૈતન સ્વરૂપ, સર્જનહાર કૈવલકર્તા **અંશ કે** = કર્તાના સજાતીય સજાણજાણ અલ્પ ચૈતન ભાગના **દોય** = બંને.

### અનુવાદ

**સુરતા અને વિચાર એ બંનેના સંયમની આ ઉત્પત્તિ છે. વળી સુરતા અને**

**વિચાર એ નિજ કૈવલકર્તાના અંશના બે બાળકો છે.**

### ભાવાર્થ

સુરતા અને વિચાર એ બંનેના સંયમથી આ પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથરૂપ પુત્રનો જન્મ થયો છે. એટલે કે, સુરતા અને વિચાર રૂપ માતા-પિતાની ઉત્પત્તિ રૂપ ગ્રંથ પુરુષનું સ્વરૂપ છે. વળી સુરતા અને વિચાર એ બંને નિજકૈવલકર્તાના સજાતિ સજાણજાણ અલ્પ ચૈતનઅંશની ઉત્પતિ છે.

**સુરત વિચાર સહિત સુત, કતા અંશ મીલી તાસ;**
**કુવેર મહેલ તનુ તખતમે, નિશ દિન કરત વિલાસ. ૭૨**

### શબ્દાર્થ

**સુરત** = સુરતા **વિચાર** = સ્વનું ચિતવન **સહિત** = સાથે, સંગે, જોડે, સુદ્ધાં **સુત** = પુત્ર **કતા** = સર્જનહાર **અંશ** = સજાણજાણ સ્વ-ચૈતન સ્વરૂપ **મીલી** = મળીને **તાસ** = તેની સાથે, સંગાથે **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **મહેલ** = હવેલી, આલેશાન માળવાળું મકાન **તનુ** = શરીર, દેહ **તખતમે** = સિંહાસનમાં, રાજગાદીમાં **નિશ દિન** = દરરોજ, હમેશાં માટે, રાત-દિવસ **કરત** = કરે છે **વિલાસ** = આનંદ, મોજ.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે તે પુત્ર રૂપ સુરતા અને વિચાર સાથે કર્તાના અંશ સંગાથે મળીને શરીર રૂપ મહેલના તખતમાં રાત-દિવસ આનંદ કરે છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે સુરતા અને વિચાર બંને બાળકો અને દેહની ચૈતનતાના કારણ રૂપે રહેલા સર્જનહારના સજાતીય સજાણજાણ ચૈતન અંશસ્વરૂપ એમ ત્રણે સાથે મળીને શરીર રૂપ સાત માળની હવેલીના રાજમહેલમાં રાજગાદીએ (સિંહાસને) બિરાજીને પોતે ચાસમીનો આનંદ રાત-દિવસ માણ્યા કરે છે.

**નિજપતિ અંશ બાલક જીનું, લગત દોહુ ભાઈ બહેન;**
**તીન કે સંજમ તે જેહી, ભયે ગ્રંથ સુત યેન. ૭૩**

### શબ્દાર્થ

**નિજપતિ** = સર્જનહાર, નિજ કૈવલકર્તા **અંશ** = કરતા સજાતીય સજાણજાણ અલ્પ ચૈતન સ્વરૂપ **બાલક** = બાળક, પુત્ર **જીનું** = જેમનો, જેનો **લગત** = લાગે છે **દોહ** = બંને **ભાઈ બહેન** = ભાઈ અને બહેન **તીન કે** = તેમના **સંજમ** = જોડાણ, સંયમ, મેલાન, મિલન **તે** = તે **જેહી** = જે **ભયે** = થયો **ગ્રંથ** = ગ્રંથ, ધર્મપુસ્તક **સુત** = પુત્ર, સંતાન, ઉત્પત્તિ **યેન** = મૂળ વતન ઘર, ધામ, ઠેકાણું.

### અનુવાદ

**નિજ સકર્તાના અંશનાં બાળકો હોઈ બંનેને ભાઈ-બહેનનો સંબંધ લાગે છે. તેમના જોડાણ થકી તેમના ઘરે જે પુત્ર પ્રાપ્તિ થઈતે આ ગ્રંથ છે.**

### ભાવાર્થ

નિજ સકર્તાપતિ સર્જનહારના સજાતીય સજાણજાણ ચૈતન અંશ સ્વરૂપના સુરતા અને વિચાર એ બંને બાળકો હોવાથી તે બંનેનો ભાઈ-બહેનનો સંબંધ લાગુ પડે છે. તે મુજબ સુરતા રૂપ બહેન અને વિચાર રૂપ ભાઈએ બંનેના સંયમથી તેમના ઘરે જે પુત્રની પ્રાપ્તિ થઈ તે જ પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથ છે.

## ગ્રંથ પુરુષ પરિપૂરણ, નિખ લહુ શીખા પ્રજંત;
## અનુપ તત્ત્વ જુરીકે કીયે, મૂરતિમાન એક તંત. ૭૪

### શબ્દાર્થ

**ગ્રંથ પુરુષ** = પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ (ગ્રંથ) રૂપ પુરુષ **પરિપૂરણ** = સંપૂર્ણ, પુરેપુરો **નિખ લહુ શીખા** = પગના નખથી માથાની ચોટલી સુધી **પ્રજંત** = પ્રજા, જાત, વર્ગ, ઉત્પત્તિ, પર્યંત **અનુપ તત્ત્વ** = અનોપમ તત્ત્વોના **જુરીકે** = સમૂહથી **કીયે** = કર્યો, કરવાં આવ્યો **મૂરતિમાન** = મૂર્તિમાન, સાકાર સ્વરૂપ, આકારવાળુ **એક** = એક **તંત** = શરીર, દેહ.

### અનુવાદ

**આ રીતે નખથી શિખા પર્યંત અનુપમ તત્ત્વોના સમૂહથી એક આકારવાળુ સંપૂર્ણ ગ્રંથરૂપ શરીર તૈયાર થયું છે.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા પ્રમાણે શરીરના અંગોની સરખામણીવાળુ પગના નખથી માંડીને મસ્તકની શિખા પર્યંત ગ્રંથનું સંપૂર્ણ સ્વરૂપ છે. અનુપમ તત્ત્વોના સમૂહથી આકાર સ્વરૂપ રૂપે તૈયાર થયેલ પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથરૂપ પુરુષનું સંપૂર્ણ શરીર દર્શાવવામાં આવ્યું છે.

**તેહી તંત તનુ પુરુષ કે, પ્રણવ કલ્પતરુ નામ;**
**ભવજલ ભરમ મીટાયકે, કરન મોક્ષ વિસરામ. ૭૫**

### શબ્દાર્થ

**તેહી** = તે **તંત** = તત્ત્વો, દેહ **તનુ** = શરીર, દેહ **પુરુષ કે** = પુરુષનો **પ્રણવ કલ્પતરુ** = પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ **નામ** = નામ **ભવજલ** = સંસાર સમુદ્ર, ભવસાગર **ભરમ** = ભ્રમણાઓ **મીટાયકે** = મીટાવીને, દૂર કરીને, નાશ કરીને **કરન** = કરે છે **મોક્ષ** = મુક્તિ **વિસરામ** = વિશ્રામ, શાંતિ, આરામ, વિસામો, નિરાંત.

## અનુવાદ

**તે તત્ત્વોથી બનેલ ગ્રંથ (ઘાટ) રૂપ પુરુષનું નામ પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ છે. તે સંસાર સમુદ્રની ભ્રમણાઓ દૂર કરીને મોક્ષ રૂપ વિશ્રામ કરાવે છે.**

## ભાવાર્થ

અનુપમ તત્ત્વોના સમૂહથી બંધાયેલ ગ્રંથરૂપ પુરુષનું નામ પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ છે. જેના શ્રવણ, મનન અને અધ્યયનથી માનવીની સંસાર સાગરની વિવિધ ભ્રમણાઓ મટી જાય છે.જેથી અજ્ઞાનતાને વશ થઈ ભવમાં ભૂલા પડેલા તથા ભ્રમણાઓમાં ફસાય રહેલા માનવીઓ દેહને અંતે અખંડ મોક્ષની ગતિ અવશ્ય પ્રાપ્ત કરીને કૈવલધામમાં જઈ સદાને માટે શાંતિ અનુભવી શકશે.

**પ્રણવ ગ્રંથ જેહી પુરુષહી, પરમ મોક્ષ જેહી દીન;**
**શ્રવણ કરત ભવ ભયે થકી, સો જન સોવત નચિન. ૭૬**

### શબ્દાર્થ

**પ્રણવ ગ્રંથ** = પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથ **જેહી** = જે **પુરુષહી** = પુરુષ જ **પરમ મોક્ષ** = અખંડ મુક્તિ **જેહી** = જે **દીન** = આપે, દે **શ્રવણ કરત** = સાંભળતાં, શ્રવણ કરતાં, સુણતાં જ **ભવ** = સંસારના **ભયે** = સંકટ, મુશ્કેલી, આપત્તિ, કષ્ટ, વિપત્તિ **થકી** = થી, થવાથી **સો જન** = તે માનવ, વ્યક્તિ **સોવત** = સૂઈ જાય **નચિન** = ચિંતામુક્ત, ચિંતા રહિત, નિરાંત, બેફિકર.

### અનુવાદ

**પ્રણવ કલ્પતરુ ગ્રંથરૂપ જે પુરુષ છે તે પરમ મોક્ષ આપે છે. વળી ગ્રંથને શ્રવણ કરવાથી માનવ સંકટોથી મુક્ત થઈને નિશ્ચિતપણે સૂઈ શકે છે.**

### ભાવાર્થ

પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથના શ્રવણ, ચિંતન અને અધ્યયન કરવાથી જગત પક્ષની સાયુજ્ય, સામીપ્ય, સાંનિધ્ય અને સારૂપ્ય એમ ચાર પ્રકારની મુક્તિથી પરે રહેલી પંચમી અખંડ કૈવલ મુક્તિ પ્રાપ્ત થાય છે. જેથી માનવી જન્મ-મરણના દુઃખના ભયમાંથી મુક્ત થઈને આ જન્મે (દેહે)નિશ્ચિતપણે સૂઈ શકે છે.

## પરમ મોક્ષ દાતા જબી, પરમ ગ્રંથ પુરુષાય;
## ભયે ઈતિ સંપૂરણ, સમસ્ત બોધ ગતિ રાય. ૭૭

### શબ્દાર્થ

**પરમ મોક્ષ** = શ્રેષ્ઠ અખંડ કૈવલ મુક્તિ, પરમપદ રૂપી મોક્ષ **દાતા** = દેનાર, બક્ષનાર **જબી** = જેથી કારણ કે, **પરમ** = શ્રેષ્ઠ, મહાન, ઉત્તમ **ગ્રંથ** = ગ્રંથ, ધાર્મિક મહાનિબંધ **પુરુષાય** = પુરુષ **ભયે** = થયો **ઈતિ** = અહિ **સંપૂરણ** = સંપૂર્ણ **સમસ્ત** = દરેક, સર્વ **બોધ** = ઉપદેશ, માહિતી **ગતિ** = સમજ, જ્ઞાન, જાણ **રાય** = રાજા, શ્રેષ્ઠ, ઉત્તમ.

### અનુવાદ

**પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથરૂપ પુરુષ પરમ મોક્ષના દાતા હોઈ સર્વથી શ્રેષ્ઠ ગ્રંથ છે. રાજા સમાન સર્વ પ્રકારના જ્ઞાન અને સમજમાં શ્રેષ્ઠ હોઈ અહીં તે ગ્રંથ સંપૂર્ણ થાય છે.**

### ભાવાર્થ

આ ગ્રંથમાં કંડારાયેલું શ્રેષ્ઠ જ્ઞાન પરમકૈવલપદ રૂપ અખંડ મોક્ષના દાતા છે. તેથી આ પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથરૂપ પુરુષ શ્રેષ્ઠ છે. સર્વ મત-પંથો અને વિશ્વના તમામ સિદ્ધાંતોના જ્ઞાનમાં શ્રેષ્ઠ રાજા સમાન આ પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથ અહીં સંપૂર્ણ થાય છે.

**સકલ ગ્રંથ નર જીનું પતિ, જબી નરપતિ ગતિ રાય;**
**નિજ અદકારીન કે ઘટ, જીનકે અમલ પસાય. ૭૮**

### શબ્દાર્થ

**સકલ** = સર્વ, તમામ **ગ્રંથ** = ગ્રંથ, ધાર્મિક મહાનિબંધ, ધર્મપુસ્તક **નર** = પુરૂષ **જીનું** = જેના, જેમાં **પતિ** = માલિક, રાજા, ધણી **જબી** = જેથી **નરપતિ** = રાજા **ગતિ** = સમજ, જ્ઞાન, માહિતી **રાય** = રાજા, મહાન, શ્રેષ્ઠ **નિજ** = પોતે, જાતે **અદકારીન કે** = અધિકારીને **ઘટ** = ઘટમાં, હૃદયમાં, શરીરમાં **જીનકે** = જેમનાં, જેનામાં **અમલ** = સત્તા, હકુમત, શાસન **પસાય** = પસારો પામે, સ્પર્શ થાય, ફેલાય, અસર વર્તાય.

### અનુવાદ

**આ ગ્રંથ પુરુષ સર્વ ગ્રંથોમાં રાજા તુલ્ય હોવાથી તેની ગતિ પણ નરપતિ (રાજા) સમાન શ્રેષ્ઠ છે. જે માનવ અધિકારી હશે તેમના જ હૃદયમાં તેના અમલનો પસારો થશે.**

### ભાવાર્થ

આ પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથરૂપ પુરુષ સર્વ ગ્રંથોમાં અગ્રેસર હોઈ તેની જ્ઞાનગતિ પણ નરપતિ સમાન શ્રેષ્ઠ છે. ગતજન્મોના સંચિત પૂણ્ય-પ્રતાપે જે માનવ આવા વિશેષકોટિના જ્ઞાનને પ્રાપ્ત કરવા અધિકારી હશે તેમના જ હૃદયમાં વિશેષ જ્ઞાનની અસર વર્તાશે, જ્યારે અન્ય બિન અધિકારીને (અનઅધિકૃત વ્યક્તિ) તો અન્ય ગ્રંથોની જેમ જ આ ગ્રંથની તુલના કરશે.

**તેહી રાય રજતાય કે, નિજ લક્ષ ખડક અનુપ;**
**મહામત મીંગલ સર કીયે, ગ્રંથ જ્ઞાન હીન ભૂપ. ૭૯**

### શબ્દાર્થ

**તેહી** = તે **રાય** = રાજા, ધણી, માલિક **રજતાય કે** = મહાજ્ઞાની, રાજાશાહીની **નિજ લક્ષ** = મૂળ ધ્યેય, મૂળ ઉદ્દેશ **ખડક** = તલવાર, હથિયાર **અનુપ** = અનુપમ, અજોડ, સર્વોત્તમ **મહામત** = ઉદાર મત, વિશેષ મંતવ્ય, શ્રેષ્ટ અભિપ્રાય, ઉત્તમ જ્ઞાન **મીંગલ** = મંગલ, કલ્યાણ, યશ, ફતેહ, વિજય **સર કીયે** = જીત મેળવવી, જીતી લેવું **ગ્રંથ** = ગ્રંથ, ધર્મપુસ્તક **જ્ઞાન હીન** = જ્ઞાન વગરના, અજ્ઞાની **ભૂપ** = રાજા.

### અનુવાદ

**તે રાજાની રાજાશાહીની નિજ લક્ષ રૂપ શ્રેષ્ઠ તલવાર છે. જેથી ગ્રંથ પુરુષ અન્ય અજ્ઞાની રાજા ઉપર પોતાના વિશેષ જ્ઞાન દ્વારા જીત મેળવીને વિજયી બન્યા છે.**

### ભાવાર્થ

પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથ પુરુષરૂપ રાજાની રાજાશાહીના મૂળ અંતિમ ધ્યેય રૂપી અજોડ તલવાર છે. જેના કારણે ગ્રંથ પુરુષ રૂપ રાજાએ અન્ય અજ્ઞાની રાજા ઉપર પોતાના વિશેષ જ્ઞાન રૂપ તલવાર દ્વારા પ્રહાર કરીને જીત મેળવી વિજય પ્રાપ્ત કર્યો છે.

### સાખી

**પરમસિદ્ધાંત કલ્પતરુ, માંહી સપ્ત કેતુ સાર;**
**શ્રીમત્ કુવેર નિજ ગ્રંથ કર્તા, પ્રગટ પોમી અવતાર. ૮૦**

### શબ્દાર્થ

**પરમસિદ્ધાંત કલ્પતરુ** = પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ **માંહી** = માં, અંદર **સપ્ત** = સાત **કેતુ** = અંગ, વિભાગ **સાર** = સાર રૂપે સત્વ રૂપે, ધૃત સ્વરૂપે **શ્રીમત્** = શ્રેષ્ઠ મત દર્શાવનાર **કુવેર** = કુવેરસ્વામી **નિજ** = સ્વયં, પોતે, મૂળ, આદિ **ગ્રંથ કર્તા** = ગ્રંથના રચયિતા, ગ્રંથના રચનારા **પ્રગટ** = પ્રત્યક્ષ, સાક્ષાત **પોમી** = પૃથ્વી, ધરતી, અવનિ **અવતાર** = અવતરણ, તારવા માટે આવનારા, આગમન દેહ ધારણ.

### અનુવાદ

**પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથમાં સાર રૂપ સાત કેતુ છે. તે ગ્રંથના રચયિતા**

**સ્વયં (પોતે) શ્રીમત્ કુવેરસ્વામી છે. જેમનું અવતરણ પૃથ્વી પર પ્રગટ સ્વરૂપે થયેલું છે.**

### ભાવાર્થ

પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથમાં જ્ઞાનના સત્વ રૂપે સાત કેતુની રચના કરવામાં આવેલી છે. આ ગ્રંથના મૂળ રચયિતા જ્ઞાનસંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રીમત્ કરુણાસાગર પોતે છે. જેમણે અંશ-અંશીનો લક્ષ દર્શાવતા કૈવલજ્ઞાનનો ઉપદેશ આપવા માટે આ પૃથ્વી પર માનવના પ્રગટ દિવ્ય દેહના સ્વરૂપે અવતરણ કર્યું છે.

**ઈતિ શ્રી સંપૂરણ, ગ્રંથ પુરુષ તદ્રૂપ;**
**શ્રીમત્ કુવેર શીર નાયક, ઉદીત ભયે ભવ ભૂપ. ૮૧**

### શબ્દાર્થ

**ઈતિ** = આ પ્રણાણે, સમાપ્ત થયું એમ બતાવે છે **શ્રી** = મંગલકારી **સંપૂરણ** = સંપૂર્ણ, પરિપૂર્ણ, આખો, પૂરેપુરું, સમાપ્ત **ગ્રંથ** = ધર્મપુસ્તક **પુરુષ** = પુરુષ, ગ્રંથ પુરુષ **તદ્રૂપ** = અનન્ય, તાદશ્ય, આબેહૂબ, એકરૂપાત્મક **શ્રીમત્ કુવેર** = શ્રીમત્ કુવેરસ્વામી **શીર નાયક** = મુખીયા, મુખ્ય કર્તા, મૂળ રચયિતા, અગ્રણી **ઉદીત** = પ્રકાશનો ઉદય, પ્રકાશિત, જાહેરમાં આવવું, પ્રકાશમાં આવવું **ભયે** = થયો, થયા કરે **ભવ** = જગતના, વિશ્વના **ભૂપ** = રાજા, માલિક, ધણી, ભૂમિપતિ, ભૂપતિ.

### અનુવાદ

**આ પ્રમાણે મંગલકારી ગ્રંથપુરુષ તાદશ્ય સ્વરૂપે પરિપૂર્ણ છે. શ્રીમત્ કુવેરસ્વામી તેના મૂળ રચયિતા છે. જે વિશ્વના માલિકને જાહેર કરે છે.**

### ભાવાર્થ

આ રીતે અહીં મંગલકારી પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથરૂપ પુરુષનું સાત કેતુ સહિત તાદશ્ય સ્વરૂપ પરિપૂર્ણ થાય છે. એવા શ્રેષ્ઠ જ્ઞાનથી ભરપૂર ગ્રંથના રચયિતા શ્રીમત્ કુવેરસ્વામી (કરુણાસાગર) પોતે છે. જેમનું મુખ્ય કાર્ય વિશ્વમાં અંશ-અંશીનો લક્ષ દર્શાવીને આદિથી અત્યાર સુધી અજાણ્યા રહેલા વિશ્વના માલિકને જાહેર કરવાનું છે.

**ગ્રંથ પુરુષ પંચીકરણ, કહે વિવિધ વિસ્તાર;**
**અબ કહુ કલંકી ભૂષણ, કહે કુવેર ગતિ સાર. ૮૨**

### શબ્દાર્થ

**ગ્રંથ પુરુષ** = ગ્રંથરૂપ પુરુષ **પંચીકરણ** = પાંચ મહાતત્ત્વો પાંચે પાંચમાં સમાયેલા છે તેની સમજ **કહે** = દર્શાવ્યું, જણાવ્યુ, કહ્યું **વિવિધ** = વિધવિધ રીતે **વિસ્તાર** = વિસ્તારપૂર્વક, વિગતવાર **અબ કહુ** = હવે કહું છું **કલંકી** = તારા રૂપ, મુગટ, પાઘ, મોરપીંછ **ભૂષણ** = આભૂષણ, અલંકાર, ઘરેણું, શણગાર, આભરણ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **ગતિ** = સમજમાં, જ્ઞાનમાં, જાણમાં **સાર** = મુખ્ય સારરૂપ, સત્વ સમાન.

### અનુવાદ

**ગ્રંથરૂપ પુરુષનું પંચીકરણ વિધ વિધ પ્રકારે વિસ્તારપૂર્વક કહ્યું. કુવેરસ્વામી કહે છે કે હવે પછી કલગી રૂપ આભૂષણની સાર રૂપ ગતિનું હું વર્ણન કરું છું.**

### ભાવાર્થ

આ ગ્રંથમાં ગ્રંથરૂપ પુરુષનું પાંચ મહાતત્ત્વોવાળા સ્થૂળ દેહમાં રહેલા ગુણ, ઘણ, ઈન્દ્રિયો અને અંતઃકરણો વગેરેની સાથે તુલના કરીને વિસ્તારપૂર્વક સમજ દર્શાવવામાં આવી છે. શ્રીમત્ કરુણાસાગરે સાત કેતુવાળો પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથની રચના પૂર્ણ કરી છે. હવે પછી આઠમા કેતુમાં પૂર્ણ થયેલા ગ્રંથ પુરુષના શિર ઉપર કલગી રૂપ જે તોરાનું આભૂષણ રહેલું છે, તેની સાર રૂપ જે સમજ છે તે વિશે હવે દર્શાવવામાં આવશે.

# ગ્રંથ પુરુષ પરિપૂર્ણતાકે શિર કલંકી ભૂષણ ધરાવન કેતુ ૮

**અબ તીનકે શિર ધરનકુ, કહત કલંકી તોર;**
**રેણ્ય રતા જીવ જતમત, ઉદે કરન જીનું ભોર. ૧**

### શબ્દાર્થ

**અબ** = હવે **તીનકે** = તેના **શિર** = માથે, મસ્તક પર **ધરનકુ** = ધારણ કરવા યોગ્ય **કહત** = કહુ છું **કલંકી તોર** = કલગીરૂપ તોરો, મુગટ, છોગું **રેણ્ય** = રાત્રિ, નિશા **રતા** = રત, આસક્ત, તલ્લીન, પરાયણ **જીવ** = જીવ દશા ભોગવવાવાળા વ્યક્તિઓ **જતમત** = જતમત પણે, આધાર, આશરો, સ્થિર થયેલી માન્યતા નિશ્ચિત કરેલ માનેલ **ઉદે** = ઉદય, પ્રકાશ, અજવાળું, શ્રેય, કલ્યાણ, ઉન્નતિ **કરન** = કરવા **જીનું** = જેનું **ભોર** = પરોઢિયું, વહેલી સવાર, અજવાળું, પ્રકાશ, પ્રાતઃકાળ, મળસકુ.

### અનુવાદ

**હવે તેના શિર પર ધારણ કરવા યોગ્ય કલગી તોરા વિશે કહુ છું, જે રાત્રિના અંધકાર રૂપ અજ્ઞાનમાં જતમતપણે વળગી રહેલા જીવોના કલ્યાણ કરાવનાર પરોઢિયાના પ્રકાશ રૂપ હશે.**

### ભાવાર્થ

શ્રીમત્ કરુણાસાગર હવે ગ્રંથરૂપ પુરુષના મસ્તક ઉપર ધારણ કરવા યોગ્ય કલકી રૂપ તોરા વિશે જણાવે છે, જે રાત્રિના અંધકાર રૂપ અજ્ઞાનમાં સૂતેલા જીવોને પરોઢિયાના સૂર્ય પ્રકાશ સમાન પોતપોતાની માન્યતાને સ્થિર કરીને નિશ્ચિતપણે જ્ઞાનથી જાગ્રત થવાના કાર્યમાં મદદરૂપ બની રહેશે.

**રેણ્ય રતા સોહી મત વશ, પતિ બિનું પખ અંધિયાર;**
**તીનમેં ભટકત સબ જુગ, જાંહી જીનું મન પતિયાર. ૨**

### શબ્દાર્થ

**રેણ્ય** = રાત્રિ, નિશા **રતા** = રત, આસક્ત, સ્થિર થયેલી માન્યતા, નિશ્ચિત કરેલ મત **સોહી** = તે,

એટલે કે, **મત** = માન્યતા, પંથ, ધર્મ, માનીનતા **વશ** = તાબે, મોહિત, આધીન, શરણે **પતિ** = માલિક, સ્વામી, કર્તા **બિનુ** = વિના, સિવાય **પખ** = પક્ષ, પંથ **અંધિયાર** = અંધકારમય, અજ્ઞાનમય **તીનમેં** = તેમાં **ભટકત** = ભટકે છે, રખડે છે, રઝળે છે, ભૂલા પડેલા છે **સબ** = સર્વ, તમામ, બધું **જુગ** = જગત, વિશ્વ **જાંહી** = જ્યાં **જીનું** = જેને **મન** = મન અંતઃકરણ **પતિયાર** = વિશ્વાસ, પ્રત્યે પ્રીતિ

## અનુવાદ

**રાત્રિના અંધકાર રૂપ સ્થિર થયેલી માન્યતા એટલે કર્તા સિવાયના મત-પંથમાં આધીન થઈને રહેવું. આમ મનમાં જ્યાં વિશ્વાસ બેઠો તેમાં જગતના સર્વ ભટક્યા કરે છે.**

## ભાવાર્થ

રાત્રિના અંધકારરૂપ અજ્ઞાનમાં પોતાની માન્યતાને સ્થિર કરીને નિશ્ચિતપણે રહેવું એટલે વિશ્વના સાચા સર્જનહાર સિવાયના બાદલા મતપંથોમાં આધીન થઈને સંસારમાં વિચરણ કરવું. આ રીતે જગતના સર્વ જીવો મનમાં જ્યાં વિશ્વાસ બેઠો ત્યાં પોતાનું તન-મન-ધન સમર્પણ કરીને ભૂલા પડેલા છે. આ રીતે ભૂલા પડેલા સર્વ જીવો પતિ સિવાયના પંથોમાં ભટક્યા કરે છે.

**નિજ ગમ નેંન વિના ભવ, ધરસે પરમ પરાય;**
**જબ તીનકુ જેહી ગુરુ મીલે, તેહી તેહી પુઠચ પલાય. ૩**

### શબ્દાર્થ

**નિજ ગમ** = પોતાનું (સ્વનું) જ્ઞાન **નેંન** = આંખો, દૃષ્ટિ, જ્ઞાન **વિના** = સિવાય **ભવ** = જગત **ધરસે** = વિશ્વાસે, ભરોસે **પરમ પરાય** = પરંપરાગત પ્રણાલિકા મુજબ થતું આવતું, પ્રારંભથી ચાલ્યું આવેલું **જબ** = જયારે, જેથી **તીનકુ** = તેમને **જેહી** = જે, જેવા **ગુરુ** = ગુરુ **મીલે** = મળ્યા **તેહી તેહી** = તે તે **પુઠચ પલાય** = પાછળ પાછળ વહેવા લાગ્યા, આદેશનું પાલન કરવા લાગ્યા

## અનુવાદ

**આદિ પરંપરાથી ભરોસો રાખીને જીવન જીવતા જગતના જીવો નિજના જ્ઞાન સિવાય અંધ છે. જેથી તેમને જેવા ગુરુ મળ્યા તે પ્રમાણે તેમની પાછળ પાછળ વહેવા લાગ્યા.**

### ભાવાર્થ

હું કોણ ? અને મારા સજાતીય કર્તા કોણ? એવા સ્વની જાણ્ય સિવાય અગાઉથી ચાલી આવેલી પરંપરાગત માન્યતાઓમાં વિશ્વાસ રાખીને જીવન જીવતા જગતના જીવો ભોળા અને જ્ઞાનચક્ષુથી અંધ છે, તેથી તેમને જેવા ગુરુ મળ્યા તેવા ગુરુના ચરણમાં પ્રીતિપૂર્વક વિશ્વાસ રાખીને તેમના આદેશનું પાલન કર્યા કરે છે.

**યાતે સબ જન જુગ મહી, જાંહી તાંહી પંથ ફસીન;**
**તાંહી તીનુ ઉપદેશ તે, હોઈ રહે કરમ કસીન. ૪**

### શબ્દાર્થ

**યાતે** = તેથી, એટલા માટે જ **સબ જન** = સર્વ માનવી **જુગ મહી** = જગતમાં, વિશ્વમાં **જાંહી તાંહી** = જ્યાં ત્યાં **પંથ** = ધર્મનો માર્ગ, ધાર્મિક સંપ્રદાય, ધર્મની શાખા **ફસીન** = ફસાયા, સપડાયા, છેતરાયા, ભરાઈ પડ્યા **તાંહી** = ત્યાં **તીનુ** = તેમના **ઉપદેશ તે** = ઉપદેશમાં, અનુશાસનમાં, આજ્ઞામાં, હુકમમાં, બોધને આધીન થઈને **હોઈ રહે** = થઈને રહ્યા **કરમ કસીન** = કર્મની કસોટીમાં, કર્મની પરીક્ષામાં, કર્મોમાં પલોટાઈને, કર્મના જખમ, ઘા, કર્મની આડ .

### અનુવાદ

**તેથી જ જગતના સર્વ માનવો જ્યાં ને ત્યાં ફસાયા છે અને તેઓના ઉપદેશને અનુસરી કર્મની કસોટી સહન કરી રહ્યા છે.**

### ભાવાર્થ

એટલા માટે જ વિશ્વના સર્વ માનવ સમુદાય ધર્મના વિવિધ ફાંટાઓમાં જ્યાં ને ત્યાં ભરાઈ પડ્યા છે. વળી એવા ગુરુઓનો ઉપદેશને અનુસરી જગતના ભોળા અને અજ્ઞાની જીવો કર્મની કસોટી સહન કરી રહ્યા છે. કારણ કે એવો ઉપદેશ નિજ સ્વરૂપના જ્ઞાનમાં અવરોધરૂપ બને છે.

**તબ તેહી કરમ કસાઈ કે, કીલમીસ મંજન જ્ઞાન;**
**અબ તેહી કહત સૂનો મમ, ભોર કરહી જેહી ભાન. ૫**

### શબ્દાર્થ

**તબ** = તેથી, તેટલા માટે જ **તેહી** = તે **કરમ**= કર્મોના **કસાઈ કે** = આડ-અસર ઊભી કરવાવાળા **કીલમીસ** = કાટ, વિકાર, નકામું આવરણ **મંજન** = માંજવું તે, દૂર કરવા માટે, સાફ કરવા માટે **જ્ઞાન** = જ્ઞાન **અબ તેહી** = હવે પછી તે **કહત** = કહુ છું **સૂનો** = સાંભળો **મમ** = હું **ભોર** = વહેલી સવાર, પરોઢિયું **કરહી** = કરવા, કરે છે **જેહી** = જે **ભાન** = સૂર્ય, સમજ, ભાનુ, પ્રકાશ

### અનુવાદ

**તેટલા માટે કર્મોના વિકાર રૂપ કાટને સાફ કરવા માટેનું જ્ઞાન હવે પછી હું કહુ છું. જેથી સવારના સૂર્ય પ્રકાશ રૂપ જ્ઞાનને શ્રવણ કરો.**

### ભાવાર્થ

એવા વિવિધ ધર્મ ગુરુઓના ઉપદેશથી કરવામાં આવેલા કર્મો જગતના જીવોને પોતાના કલ્યાણ માટે વિકારરૂપ છે. માટે એવા ઉપદેશથી કરવામાં આવેલા કર્મોના કાટ રૂપ આવરણને દૂર કરવા માટેનું યથાર્થ જ્ઞાન શ્રીમત્ કરુણાસાગર આપણને હવે પછી જણાવે છે. જેમ પરોઢિયાનો સૂર્ય-પ્રકાશ રાત્રિના અંધકારને દૂર કરે છે અને અજવાળું પ્રદાન કરે છે તેમ અંશ-અંશીનું જ્ઞાન જીવોના કાટ રૂપ કર્મોના આવરણને દૂર કરે છે. એમ કર્મોના આવરણને દૂર યથાર્થ કરવાવાળા જ્ઞાનને શ્રવણ કરવા અનુરોધ કરવામાં આવે છે.

## સકલ પક્ષવત્ રેણકી, ઉડઘન ઈષ્ટ જીનું નૂર;
## પ્રગટ કરત તીનુ માંહી જેહી, આપનું આપ પતિ સૂર. ૬

### શબ્દાર્થ

**સકલ** = સર્વ, તમામ, બધા **પક્ષવત્** = પક્ષરૂપ, ધર્મપંથ રૂપ **રેણકી** = અંધકાર મય, રાત્રિ સમાન છે **ઉડઘન** = તારા **ઈષ્ટ** = સ્થાપિત દેવતા **જીનું** = જેમનું, તેમનું **નૂર** = પ્રકાશ **પ્રગટ** = પ્રત્યક્ષ, જાહેર, પ્રસિદ્ધ **કરત** = કરે છે **તીનુ** = તેની **માંહી** = માં **જેહી** = જે **આપનું આપ** = પોતાનું સ્વ-ચૈતન સ્વરૂપ **પતિ** = સર્જનહાર, કર્તા **સૂર** = સૂર્ય, ભાનુ.

### અનુવાદ

**સર્વ ધર્મ-પંથો રાત્રિ સમાન છે અને તેમના ઈષ્ટ તારાઓથી થતાં પ્રકાશ રૂપ છે.**

**તેની અંદર સૂર્ય રૂપ પતિપદ અને પોતાનાં સ્વ-સ્વરૂપને હું પ્રસિદ્ધ કરું છું.**

### ભાવાર્થ

સમગ્ર વિશ્વમાં જેટલા જેટલા વિવિધતા ભર્યા ધર્મ-પંથો છે તે રાત્રિ સમાન છે. વળી તે તે ધર્મના ઈષ્ટ તરીકે સ્થાપિત કરેલા ઈશ્વરો આકાશમાં રહેલા તારાઓના પ્રકાશ સમાન છે. એવા અંધકારમય રાત્રિમાં સૂર્યના ઉજ્જવળ પ્રકાશ રૂપ વિશ્વના સર્જનહાર અંશી અને દેહના સ્વામીરૂપ અંશના જ્ઞાનને શ્રીમત્ કરુણાસાગર પ્રસિદ્ધ (જાહેર) કરે છે. અર્થાત્ અંશ અને અંશીપદનો લક્ષ દર્શાવે છે.

**તેહી નિજપતિ પદ પરમહી, છેવટ સદન સથાપ;**
**તીનું અંશ ઈત અંકુર, જેહી આપનું નિજ આપ. ૭**

### શબ્દાર્થ

**તેહી** = તે **નિજપતિ** = મૂળ સર્જનહાર, આદિ કૈવલકર્તાનું **પદ** = પદ,સ્થાન, દરજ્જો **પરમહી** = શ્રેષ્ઠ, મહાન **છેવટ** = અંતિમ, છેલ્લું **સદન** = ધામ, ઠેકાણું, રહેઠાણ, મુકામ **સથાપ** = સ્થાપિત થયેલું **તીનું** = તેમના જ **અંશ** = સજાણજાણ સજાતીય ચૈતન સ્વરૂપ **ઈત** = અહીં **અંકુર** = બીજ, મૂળ, લાક્ષણિકતા ધરાવતું, સજાતીય **જેહી** = જે **આપનું** = પોતાનું સ્વ-ચૈતન સ્વરૂપ, અંશસ્વરૂપ **નિજ** = મૂળ, આદિ **આપ** = પોતે, સ્વયં, નિજ.

### અનુવાદ

**તે નિજ સકર્તા પતિનું પરમપદ છેવટના ધામ તરીકે સ્થાપિત થયેલું છે. તેમના જ અંશો અંકુર સ્વરૂપે અહીં આવેલા છે, જે આપણું પોતાનું સ્વ-ચૈતન સ્વરૂપ છે.**

### ભાવાર્થ

નિજ સકર્તા કૈવલપતિનું જે પરમપદરૂપે કૈવલધામ છે. જે સર્વના અંતિમ પરમધામ તરીકે સ્થાપિત થયેલું છે. સર્વની ઉત્પત્તિના અને વિનાશના કારણ રૂપ તે કૈવલધામ છે. સકર્તાપતિ કૈવલકર્તાના જ અંકુર રૂપે સજાતીય સજાણજાણ સ્વરૂપ ચૈતનઅંશો અહીં આવેલા છે. તે અંશ જ આપણા સર્વનું સ્વ-ચૈતન સ્વરૂપ છે.

## આપનું આપ જેહી અંકુર, નિજપદ બિનું મેલાન;
## તબ લગી જોગ જગન જપ, સાધન શશુ ખેલાન. ૮

### શબ્દાર્થ

**આપનું આપ** = પોતાનું સ્વ-ચૈતન અંશસ્વરૂપ **જેહી** = જે **અંકુર** = બીજ, સજાતિ **નિજ પદ** = મૂળ આદિ પરમપદ **બિનું** = વિના, સિવાય **મેલાન** = પ્રાપ્તિ, મિલન, જોડાણ **તબ લગી** = ત્યાં સુધી **જોગ** = યોગ **જગન** = યજ્ઞ **જપ** = મંત્ર, નામ સ્મરણ **સાધન** = ઉપચાર, સામગ્રી, ઉપકરણ, ઉપાય **શશુ** = બાળક **ખેલાન** = ખેલ, રમત, ગમ્મત.

### અનુવાદ

**અંકુર રૂપ આપનું આપ અંશ સ્વરૂપ જ્યાં સુધી નિજપદમાં મળે (ભળે) નહીં ત્યાં સુધી યોગ, યજ્ઞ અને નામ સ્મરણ વગેરે ઉપાય બાળકના ખેલ સમાન છે.**

### ભાવાર્થ

જેમ બાળકની રમતમાં માત્ર ઔપચારિકતા જોવા મળતી હોય છે. તેમાં નક્કર અને વ્યવહારિક પ્રત્યક્ષ પરિણામ જોવા મળતું નથી, પરંતુ બાળકો પોતાના સંતોષ માટે પોતાના વિચારોને અનુકૂળ કર્મ ક્રિયા કરતા હોય છે.

તેવી જ રીતે સર્જનહાર અંશીના અંકુર રૂપ આપનું જે સ્વ-ચૈતન અંશસ્વરૂપ છે તે જ્યાં સુધી પ્રત્યક્ષ પરિણામ રૂપે નિજપદમાં મળે નહીં ત્યાં સુધી પોતાના સંતોષ ખાતર કરવામાં આવતા યોગ, યજ્ઞ, જપ વગેરે ધાર્મિક ઉપકરણો બાળકોની ખેલવૃત્તિ સમાન છે.

## જેહી નિજપદ કાયમ કુલ, આપનું આપ અંકુર;
## તા બિનું આંન્ય પદારથ, અવધકાલ અર્ક તુર. ૯

### શબ્દાર્થ

**જેહી** = જે **નિજપદ** = આદિ પરમપદ **કાયમ** = શાશ્વત, અવિનાશી, સદાને માટે રહેલું **કુલ** = કુળ, ઉત્પત્તિના કારણ રૂપ **આપનું આપ** = પોતાનું સ્વ-ચૈતન અંશસ્વરૂપ **અંકુર** = બીજ **તા બિનું** = તે સિવાયના **આંન્ય** = અન્ય, બીજા **પદારથ** = પદાર્થ, ઉત્પત્તિ **અવધકાલ** = નાશવંત, અવધિકાળવાળા, આરબલ સહિતના **અર્ક તુર** = આકડાના તૂરની સમાન, આકડાના છોડ પર લાગતા આકોલિયા સમાન, જેમાંથી રૂ જેવો મુલાયમ પદાર્થ નીકળતો હોય છે.

## અનુવાદ

**તે નિજકર્તાનું પરમપદ સર્વ ઉત્પત્તિના કારણ રૂપ હોઈ અવિનાશી છે અને આપનપુ સ્વ-સ્વરૂપ તેના અંકુર રૂપે છે. તે સિવાયના અન્ય પદાર્થો આકડાના તૂર સમાન નાશવંત છે.**

## ભાવાર્થ

અંકુર રૂપે આપનપુ સ્વ-ચૈતન અંશસ્વરૂપ રહેલું છે અને તેના સજાતીય મહદ્ સજાણજાણ પરમ ચૈતન અંશીનું પરમપદ અવિનાશી છે. જે બ્રહ્માંડ સહિત સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલું છે. જ્યારે સર્વે ઉત્પત્તિનો અંકુરમાં પોખેલા આરબલ મુજબ વૃદ્ધિ પામીને અંતે નાશ થાય છે એટલે કે, આકડાના તૂરની માફક અવધિકાળે નાશ પામતા હોઈ નાશવંત છે.

**પંચ તત્ત્વ ગુણ ઘણ મીલી, જેહી દરસત ભવ ખેત;**
**અવધકાલ તેહી બીનસહી, પુરુષ પ્રકૃત્તિ સમેત. ૧૦**

### શબ્દાર્થ

**પંચ તત્ત્વ** = પાંચ મહાતત્ત્વો, પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ **ગુણ** = ત્રણ પ્રાકૃતિક ગુણ - રજો, તમો અને સતો **ઘણ** = ત્રણ પ્રાકૃતિક ઘણ અહંકાર, સ્વકાસ, અચંત **મીલી** = મળીને, સહિત **જેહી** = જેનાથી, જે **દરસત** = દેખાય છે, દશ્યમાન થાય છે **ભવ** = વિશ્વ રૂપ **ખેત** = ખેતર, ક્ષેત્ર **અવધકાલ** = અવધિ પૂર્ણ, નાશવંત **તેહી** = તે **બીનસહી** = પણ નાશ પામે છે **પુરુષ** = નિરંજન પુરુષ **પ્રકૃત્તિ** = આદ્યશક્તિ **સમેત** = સહિત, સુદ્ધાં.

## અનુવાદ

**પાંચ તત્ત્વો, ત્રણ ગુણ, ત્રણ ઘણ આ જગત રૂપ ખેતરમાં દશ્યમાન થાય છે. પુરુષ અને પ્રકૃત્તિની આદ્ય લઈ તે પણ અવધિકાળે નાશ પામે છે.**

## ભાવાર્થ

બ્રહ્માંડમાં વૈરાટની સર્વ ઉત્પત્તિના બંધારણમાં મૂળભૂત રીતે રહેલાં પાંચ મહા તત્ત્વોઃ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. ત્રણ ગુણના તત્ત્વોઃ રજોગુણ,

તમોગુણ અને સતોગુણ તથા ત્રણ ઘણના તત્ત્વો અહંકાર ઘણ, અચંત ઘણ અને સ્વકાશ ઘણ સહિત સર્વ ઉત્પત્તિ વિશ્વરૂપ ખેતરમાં પ્રત્યક્ષ સ્વરૂપે દશ્યમાન થાય છે. આ સર્વ ઉત્પત્તિની આદ્ય લઈ નિરંજન પુરુષ અને આદ્ય પ્રકૃત્તિ સહિત સર્વ ઉત્પત્તિ પોત-પોતાના આરબલ મુજબ વૃદ્ધિ પામીને અવધિકાળે નાશ પામે છે.

**પણ સબકે અવિચલ જેહી, નિજ પતિ અંકુર અંશ;**
**બિનસે નહી કોઈ કલપહી, અજર અમર ગતિ હંસ. ૧૧**

**શબ્દાર્થ**

**પણ** = પરંતુ **સબકે** = સર્વથી **અવિચલ** = અવિનાશી **જેહી** = જે **નિજ પતિ** = સર્જનહાર, મૂળ માલિક, નિજ કૈવલકર્તા **અંકુર** = બીજ **અંશ** = સજાણજાણ સજાતીય સ્વ-ચૈતન સ્વરૂપ **બિનસે** = વિનાશ થાય, નાશ પામે **નહી** = નહીં **કોઈ** = કોઈ **કલપહી** = કલ્પમાં **અજર** = અજન્મા **અમર** = અવિનાશી **ગતિ** = લક્ષણમાં, સમજમાં, ચાલમાં **હંસ** = એક એવું પક્ષી જે માત્ર મોતીનો ચારો ચરે છે.

**અનુવાદ**

**પરંતુ સર્વના જે અચળ કર્તા છે, તેમના અંકુરરૂપ અંશો કોઈ કલ્પે નાશ પામતા નથી. તેવા હંસ ગતિવાળા અંશો અજર અમર છે.**

સર્જનહારની બાહ્ય કર્તા હંગની વૃત્તિથી ઉત્પન્ન થયેલી તત્ત્વોવાળી સર્વ ઉત્પત્તિ નાશવંત છે, પરંતુ સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલા સકર્તા પતિ સર્જનહાર અચળ અને અવિનાશી છે. જ્યારે કર્તાની અંતરહંગની વૃત્તિથી ઉત્પન્ન થયેલા અને તેમના અંકુર રૂપે રહેલા સજાણજાણ સ્વ-ચૈતન અંશો અન્ય ઉત્પત્તિની જેમ કલ્પે કલ્પે નાશ પામતા નથી. સર્જનહારે જ્યારે પોતાની છઠ્ઠી અંશવૃત્તિથી ઉત્પન્ન કર્યા ત્યારથી તે મહાકલ્પ પૂરો થતાં જ્યારે પોતાની અંશ વૃત્તિ સમાવી દેશે ત્યારે અંશો કૈવલ કર્તામાં સમાઈ જશે. એટલે સર્વ ઉત્પત્તિ જેમ કલ્પે કલ્પે નાશ પામીને ફરી ફરી ઉત્પન્ન થઈ ક્રમ મુજબ પોતપોતાના અવધિકાળે નાશ પામે છે, તે મુજબ સર્જનહારના સજાતિ હંસ ગતિવાળા અંશો નાશ પામતા નથી, પરંતુ તે તો અજર અને અમર છે.

**ઓરુ જેતને જપ જનન કે, રસના કે ઉચરાણ્ય;**
**લહે બિનું નિજ અંકુર, વૃથા કરત દમ હાણ્ય. ૧૨**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **જેતને** = જેટલા **જપ** = જાપ, મંત્ર, નામ સ્મરણ **જનન કે** = જન્મ ધારણ કરેલાના, જનનીની કૂખે જન્મેલાના **રસના કે** = જીભ વડે, જીભ થકી **ઉચરાણ્ય** = ઉચ્ચારાય છે, બોલાય છે **લહે** = જાણ્યા **બિનું** = સિવાય **નિજ** = મૂળ, આદિ પોતાનું **અંકુર** = સ્વરૂપ, બીજ, મૂળ કારણ રૂપ **વૃથા** = ફોગટ, નકામું, વ્યર્થ **કરત** = કરે છે **દમ** = શ્વાસ, પ્રણવ, રેચક-પ્રેરક ગતિ **હાણ્ય** = હાનિ, નુકશાન.

### અનુવાદ

**વળી જેટલા જન્મ ધારણ કરેલાના જાપ જિહ્વા દ્વારા ઉચ્ચારણ કરવામાં આવે છે તે સર્વ નિજ અંકુરરૂપ અંશની જાણ્ય સિવાયના હોવાથી માનવો જાપ જપીને પ્રણવની વ્યર્થ હાનિ કરે છે.**

### ભાવાર્થ

વિશ્વના માનવો વેદોગત્ય ચાલી આવેલી પરંપરાથી ઉદ્ભવ પામેલા વિવિધ મત-પંથો દ્વારા દર્શાવવામાં આવેલા પુરુષ-પ્રકૃત્તિની આદ્ય લઈ જન્મ ધારણ કરેલ અવતારાદિક મહાપુરુષોના નામના જાપ જપે છે. આવી કઠોર સાધના દ્વારા રસનાથી ઉચ્ચારાયેલા સર્વ જાપ દેહના સ્વામી રૂપે રહેલા અંશની જાણ સિવાયના હોવાથી માનવો પોતાના પ્રણવની વ્યર્થ રીતે હાનિ કરી રહ્યા છે.

**સહસ્ત્ર નામ નિગમાદિક, ખટ નવ પુરાણ અઢાર;**
**ઓરુ ઈશ્વર અવતાર લ્યૌ, રસના જપ અધિકાર. ૧૩**

### શબ્દાર્થ

**સહસ્ત્ર** = એક હજાર **નામ** = નામ **નિગમાદિક** = બ્રહ્માજી રચિત વેદો આદિ ધર્મગ્રંથોમાં **ખટ** = છ શાસ્ત્ર **નવ** = નવ વ્યાકરણ **પુરાણ અઢાર** = અઢાર પુરાણ (વ્યાસજી રચિત) **ઓરુ** = અને વળી **ઈશ્વર** = ઐશ્વર્યવાન વિષ્ણુના **અવતાર** = જન્મ ધારણ કરીને પૃથ્વી પર થયેલા અવતરણ **લ્યૌ** = સુધી **રસના** = જિહ્વા, જીભ **જપ** = જાપ, મંત્ર **અધિકાર** = કર્મનું કર્તાપણું, ફરજ, યોગ્યતા, પાત્રતા, સામર્થ્ય.

## અનુવાદ

**વેદની આદ્ય લઈ વિષ્ણુ અને શિવના હજાર નામ, છ શાસ્ત્ર, નવ વ્યાકરણ, અઢાર પુરાણ અને દસ અવતાર સુધીના સર્વની સામર્થ્યતા મુજબ જિહ્વા વડે જાપ જપાય છે.**

## ભાવાર્થ

બ્રહ્માજી વદીત ચાર વેદો, વિષ્ણુ અને શિવના હજાર નામ, છ શાસ્ત્ર, નવ વ્યાકરણ અને અઢાર પુરાણોમાં દર્શાવેલા અલગ-અલગ જાપ તેમજ પોતાની પાલન-પોષણ કરવાની ફરજ નિભાવવા વિષ્ણુના પૃથ્વી પર થતા દસ અવતારોના નામના, જાપ વિશ્વના ધર્મ પ્રેમી ભક્તો દ્વારા જપાય છે. વળી પોતાના અધિકારની રૂપે ફરજ બજાવતા મહાપુરુષોના નામોના જાપ કર્તાપણા સ્વરૂપે જિહ્વા દ્વારા જપાતા હોય છે.

## એતને ભર સ્વર હાનીત, સમરણ સિરગુણ જાપ;
## આપનું આપ નિજ અંકુર, લહે વિના વૃથા વિલાપ. ૧૪

### શબ્દાર્થ

**એતને** = એટલા, આ **ભર** = સુધીના **સ્વર** = પ્રણવ, શ્વાસ, દમ **હાનીત** = હાનિકારક, નુકશાનકારક **સમરણ** = સ્મરણ, સ્મૃતિ, વારંવાર યાદ કરીને જપવું **સિરગુણ** = સગુણ રજો, તમો અને સતો એમ ત્રણ ગુણોના અધિષ્ઠાન દેવતાઓના **જાપ** = જપ, મંત્ર, સ્રોત વગેરેનું આવર્તન (મૌખિક યા માળાથી) **આપનું આપ** = પોતાનું સ્વ-ચૈતન સ્વરૂપ **નિજ** = પોતે, સ્વયં, આદિ, મૂળ **અંકુર** = બીજ **લહે વિના** = જાણ્યા વગર **વૃથા** = નકામો, ફોગટ, વ્યર્થ **વિલાપ** = રુદન, રડવું, આક્રંદ.

## અનુવાદ

**આ સુધીના જાપ સ્મરણથી પ્રણવની હાનિ થાય છે. કારણ કે, નિજ અંકુર રૂપ આપનપુ અંશને જાણ્યા સિવાયના સગુણના જાપ વ્યર્થ વિલાપ છે.**

## ભાવાર્થ

નિરંજન પુરુષ અને પ્રકૃત્તિની આદ્ય લઈ નામ, રૂપ અને ગુણવાળા સગુણ

ઉપાસનામાં આવરી લેવાતા વિવિધ મંત્રોને મુખેથી કે માળાથી જપવામાં પ્રણવની હાનિ થાય છે. કારણ કે, સર્જનહારના નિજ અંકુર રૂપ પોતાના સ્વ-ચૈતન અંશના સ્વરૂપને યથાર્થ રીતે જાણ્યા સિવાય જપાતા સગુણના જાપો માત્ર વ્યર્થ વિલાપ સમાન છે.

**તબતે સકલ ઉચ્ચારણ, રસના રટણ જેહી નામ;**
**અજપા જાપ સાધન સિધનકુ, કુછ ન આવત કામ. ૧૫**

### શબ્દાર્થ

**તબતે** = તેથી, તેટલા માટે જ **સકલ** = સર્વ, તમામ, બધા જ **ઉચ્ચારણ** = વચન, ઉક્તિ, ઉચ્ચાર, કથન, બોલ, ઉદ્‌ગાર **રસના** = જિહ્‌વા **રટણ** = એકનું એક વારંવાર સ્મરણ કરવું, રટવું **જેહી** = જે **નામ** = નામ **અજપા** = આપોઆપ જપાયા કરતો **જાપ** = મંત્ર, જપ **સાધન** = ઉપકરણ, સામગ્રી, ઉપાય, યુક્તિ **સિધનકુ** = સિદ્ધ કરવા માટેનું, સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવતી ક્રિયા **કુછ** = કાંઈ પણ **ન** = નહીં **આવત** = આવે **કામ** = કામમાં આવવું, ઉપયોગી થવું.

### અનુવાદ

**તેટલા માટે જ, જિહ્‌વા વડે થતું નામનું સ્મરણ અને સિદ્ધિ માટે કરવામાં આવતા અજંપા જાપનું ઉચ્ચારણ વગેરે કાંઈ પણ કામમાં આવતું નથી.**

### ભાવાર્થ

તેટલા માટે જ જિહ્‌વા વડે થતા સર્વ પ્રકારના ઉચ્ચારાતા નામ સ્મરણની આદ્ય લઈ અષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે જપવામાં આવતા અજપા જાપ સહિતની સર્વ ક્રિયા અંશના કલ્યાણના કાર્ય માટે કંઈ પણ કામ આવતી નથી.

**અજપા જપ ફળ એહીં મુદા, રહત અતિ તન તુર;**
**આપનુ આપ નિજ પતિપદ, સો ગ્યમ ગતિ બડ દૂર. ૧૬**

### શબ્દાર્થ

**અજપા જપ** = આપોઆપ જપાતા જાપ, ૨૪ કલાકમાં ૨૧,૬૦૦ સ્વાભાવિક પણે જપાતા જાપ, પ્રયત્ન વિના શ્વાસોચ્છ્‌વાસે કરાતું ચિંતન **જપ** = જાપ, મંત્ર **ફળ** = પરિણામ, ફાયદો **એહીં** = આ **મુદા** = મુદ્દો, આધાર, મહત્વની બાબત, તાત્પર્ય, પ્રમાણ **અતિ** = વિશેષ પ્રમાણમાં, વધારે **તન** = શરીર,

દેહ **તુર** = આકડાના આકલિયા **આપનુ આપ** = પોતાનું સ્વ-ચૈતન સ્વરૂપ **નિજ પતિપદ** = મૂળ પરમપતિનું પદ, આદિ સર્જનહારનું પરમપદ **સો** = તે તો **ગ્યમ** = જાણ **ગતિ** = સમજથી, જ્ઞાનથી **બડ દૂર** = બહુ જ દૂર, ખુબ જ છેટું.

## અનુવાદ

**અજપા જાપના ફળનું તાત્પર્ય એ જ છેકે તૂરની માફક રહેલ શરીર અતિ વિશેષ રહી શકે છે. જ્યારે આપનપુ અને નિજ પતિપદની જાણ રૂપ જ્ઞાનગતિ તો બહુ જ દૂરની વાત છે.**

## ભાવાર્થ

પ્રયત્ન સિવાય થતા શ્વાસોચ્છવાસની ગતિ સામાન્ય રીતે વહે તો ૨૪ કલાકમાં ૨૧,૬૦૦ જાપ જપાય છે. તે મુજબ શ્વાસોચ્છવાસની ક્રિયા નિયમિત થાય એ જરૂરી છે, પરંતુ જો તે અજપા જાપની બચત કરવામાં આવે તો તેના ફળ સ્વરૂપે આકળાના તુરની જેમ આપણું પંચભૌતિક શરીર હોવા છતાં ઘણા વખત સુધી ટકી રહે છે.

જ્યારે પોતાના સ્વ-ચૈતન અંશ અને પતિપદ રૂપ નિજ અંશીની જાણ રૂપ જ્ઞાનની ગતિ તો ગૂઢાર્થ ભરેલી હોવાથી સમજમાં આવવી બહુ જ દૂરની વાત છે.

**અતિ આરબલસે એહી જુગ, સબ માનત કરી દેવ;**
**મહામત સિદ્ધ સરાવન, સાધત એહી અહંમેવ. ૧૭**

## શબ્દાર્થ

**અતિ** = વિશેષ, વધુ **આરબલસે** = આયુ મર્યાદાથી, આયુષ્યથી **એહી** = આ **જુગ** = જગત, વિશ્વ **સબ** = સર્વ **માનત** = માને છે **કરી** = કરીને **દેવ** = દૈવી સ્વરૂપ **મહામત** = મહાન મત ધારણ કરનારા, વિશેષ બુદ્ધિવાળા, તીવ્ર બુદ્ધિવાળી **સિદ્ધ** = સિદ્ધિ, સાધના દ્વારા પ્રાપ્ત કરેલ શક્તિ **સરાવન** = સરાહના મેળવવા માટે, પ્રાપ્ત કરવા, પ્રસિદ્ધ થવા, દેખાડવા **સાધત** = સાધના કરવી તે **એહી** = એજ, એ **અહંમેવ** = અહંકાર, ગર્વ, માન.

## અનુવાદ

**વિશેષ બુદ્ધિવાળા સિદ્ધ પુરુષ તરીકેની સરાહના મેળવવા અહંમેવ ધારણ કરીને સાધના કરતા હોય છે. જે લાંબુ આયુષ્ય ભોગવતા હોવાથી આ જગતમાં બધા દેવ તરીકે માને છે.**

## ભાવાર્થ

મહાન મત ધારણ કરવાવાળા યોગીપુરુષો પોતાને મહાન સિદ્ધ પુરુષ તરીકેની સરાહના કરાવવા માટે અહંમેવ ધારણ કરીને પ્રણવની સાધના કરતા હોય છે. એટલે કે, પ્રણવને કુંભક કરી રાખીને નિયમિતપણે ચાલતા ૨૧,૬૦૦ અજપા જપની ગણતરી કરતાં, પણ ખૂબ જ ઓછી સંખ્યામાં અજપા જાપ જપે છે. જેથી ઓછા શ્વાસોચ્છ્વાસને કારણે શ્વાસની બચત થતી હોવાથી આવી સાધના કરવાવાળી વ્યક્તિ પોતાનાં શરીરને ઘણાં લાબાં સમય સુધી ટકાવી રાખતા હોય છે. જેથી તેમનું આયુષ્ય લાંબુ થાય છે.

આવા લાંબા આયુષ્ય જીવવાને કારણે વિશ્વની સામાન્ય આયુષ્ય ધરાવનાર વ્યક્તિઓમાં યોગીઓ અલગ અને વિશેષ સિદ્ધિવાળા દેખાય છે. જેથી જગતના અજ્ઞાની જીવો આવા સિદ્ધ પુરુષોની સિદ્ધિથી અંજાઈને તેમને દૈવી પુરુષ તરીકે માને છે.

## ઓરુ અજપા જપ સાધને, વચન સિદ્ધિ સદ હોય;
## ઈશ્વર સમ કરી માનત, આ ભવમાં સબ કોય. ૧૮

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **અજપા** = આપોઆપ સહજ ચાલતા શ્વાસોચ્છ્વાસ **જપ** = જપ-મંત્ર **સાધને** = ઉપકરણ, સામગ્રી, ઉપાય, યુક્તિ **વચન સિદ્ધિ** = જે બોલે તે સાચુ હરે એવી શક્તિ **સદ** = સદાને માટે, તેઓ, સિદ્ધ **હોય** = થાય છે **ઈશ્વર સમ** = પરમેશ્વર સમાન, ભગવાન તુલ્ય **કરી** = કરીને **માનત** = માને છે **આ ભવમાં** = આ વિશ્વમાં **સબ કોય** = સહુ કોઈ.

## અનુવાદ

**વળી અજપા જપની સાધના કરવાથી તેઓનાં વચન સિદ્ધ થાય છે. તેથી આ વિશ્વમાં સહુ કોઈ તેમને ઈશ્વર તુલ્ય માને છે.**

## ભાવાર્થ

પ્રણવની સાધના કરવાથી શરીરમાંથી ઊઠતી પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી વાણીનો સંચય થાય છે. પ્રણવના સંગ્રહના પ્રતાપે આવા સિદ્ધ પુરુષને

વચન સિદ્ધનું બળ પ્રાપ્ત થાય છે. પરિણામે તે જે બોલે તે સાચું પડે છે. આવી સાધનાથી પ્રાપ્ત થયેલ સિદ્ધિના ચમત્કારથી અંજાઈને જગતના ભોળા જીવો આવી વ્યક્તિનો પરમેશ્વર તુલ્ય માનીને તેમની સરાહના અને ભક્તિ કરતા હોય છે.

**તેહી ઈશ્વર જગ માનીત્યે, ડૂબ મરહી અભિમાન;**
**આપનું આપ નિજ પતિપદ, તેહુ પણ તદપી ન જાન. ૧૯**

### શબ્દાર્થ

**તેહી** = તેમને **ઈશ્વર** = પરમેશ્વર, ભગવાન **જગ** = જગત **માનીત્યે** = માનતા હોવાથી **ડૂબ મરહી** = ડૂબી મરે છે, સિદ્ધિના પ્રભાવમાં છકી જાય છે **અભિમાન** = અહંકાર હું પદ, મગરૂરી, ગર્વ, અસ્મિતા **આપનું આપ** = પોતાનું સ્વ-ચૈતન અંશ સ્વરૂપે **નિજ પતિપદ** = મૂળ સર્જનહારનું પરમપદ, કૈવલ કર્તાનું પરમપદ **તેહુ** = તેને **પણ** = પણ **તદપી** = તો પણ, તથાપિ, તેમ છતાં **ન** = નહીં **જાન** = જાણતા, જાણે.

### અનુવાદ

**જગત તેમને ઈશ્વર તુલ્ય માનતા હોવાથી તેઓ અહંકારમાં જ ડૂબી મરે છે. તેમ છતાં પોતાના સ્વ-ચૈતન સ્વરૂપ અને આદિ સર્જનહારના પરમપદને પણ જાણતા નથી.**

### ભાવાર્થ

આવી સિદ્ધિ પ્રાપ્ત કરેલા મહાપુરુષોના ચમત્કારથી અંજાઈને જગતના લોકો તેમને ઈશ્વર તુલ્ય માનતા હોવાથી આવા પુરુષો અહંકારી બનીને પોતાની સિદ્ધિના પ્રભાવમાં છકી ગયા હોય છે.

પ્રણવની સાધનાથી સિદ્ધિ પ્રાપ્ત કર્યા હોવા છતાં પણ તેઓ પોતાના સ્વ-ચૈતન અંશ સ્વરૂપને અને અંશ જેના સજાતિનો છે એવા આદિ સર્જનહાર અંશીના પરમપદને પણ જાણતા નથી.

**ગાયત્રી સંધ્યા જપ, ફળ પ્રાપ્તિ જીનું હોય;**
**તો દરસે ત્રીયે કાલકી, પણ નિજ આપ ન જોય. ૨૦**

### શબ્દાર્થ

**ગાયત્રી** = ગાયત્રી મંત્ર **સંધ્યા** = ત્રિસંધ્યા **જપ** = મંત્ર જાપ **ફળ** = પરિણામ, પ્રાપ્તિ, ફાયદો, લાભ **પ્રાપ્તિ જીનું** = જેમને, જેનાથી **હોય** = થાય છે **તો** = તેથી **દરસે** = દશ્યમાન થાય, નિહાળી, જાણી શકે **ત્રીયે** = ત્રણેય **કાલકી** = કાળની, આદ, મધ્ય અને અંતના સમયની **પણ** = પણ, પરંતુ **નિજ** = પોતાના **આપ** = સ્વ-ચૈતન અંશસ્વરૂપ **ન** = નહીં **જોય** = જોઈ શકતા, જાણતા.

### અનુવાદ

**સંધ્યા અને ગાયત્રીના મંત્ર જાપની ફળ પ્રાપ્તિ જેને થઈ હોય તે ત્રણેય કાળને નિહાળે છે, પણ પોતના સ્વ-ચૈતન અંશ સ્વરૂપને જોઈ શકતા નથી.**

### ભાવાર્થ

ત્રિકાળસંધ્યા અને ગાયત્રીમંત્રના જાપ રટણથી વ્યક્તિને ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળની સર્વ પરિસ્થિતિને જાણવાની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જેથી આવા સિદ્ધપુરુષો ત્રણેય કાળને નિહાળે છે, તેમ છતાં પોતાની સ્વ-ચૈતન અંશસ્વરૂપને જોઈ શકતા નથી. એટલે કે, અંશ અંગેની માહિતીની પણ તેમને ખબર પડતી નથી કે જાણી શકતા નથી.

## પુનિ જેહી યોગ સમાધિસે, નિરખત નિરમલ જ્યોત;
## સુનત પ્રોક્ષ અનહદ ધૂની, પણ નહી આપ ઉદ્યોત. ૨૧

### શબ્દાર્થ

**પુનિ** = વળી **જેહી** = જેઓ, તેઓ **યોગ** = ચિતવૃત્તિઓનો નિરોધ કરવો તે, આસન, પ્રાણાયમ, ધ્યાન વગેરે દ્વારા અંતઃકરણની ઈશ્વર સાથે એકાગ્રતા કરવાનો માર્ગ, યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠેય યોગના અંગ કહેવાય છે **સમાધિસે** = ચિત્તના એકાગ્રપણાથી, ધ્યાતા અને ધ્યાનનો ખ્યાલ લુપ્ત થઈ ધ્યેયનું સ્વરૂપ જ ચિત્તમાં રહે તેવું ઊંડા ધ્યાનથી **નિરખત** = જુએ છે, નિહાળવું, દર્શન કરે **નિરમલ** = નિર્મળ, પવિત્ર, સ્વચ્છ **જ્યોત** = જ્યોતિ **સુનત** = સાંભળે **પ્રોક્ષ** = પરોક્ષ, અદશ્યતા, અપ્રત્યક્ષ **અનહદ** = હદ વિનાનુ, અંતરનો, અનાહૂત **ધૂની** = ધ્વનિ, અવાજ **પણ** = પરંતુ **નહી** = નહીં **આપ** = પોતાના સ્વ-ચૈતન અંશ સ્વરૂપનું **ઉદ્યોત** = જ્ઞાન, પ્રકાશ, તેજ.

### અનુવાદ

**વળી જેઓ યોગ દ્વારા સમાધિથી નિર્મળ જ્યોતનાં દર્શન કરે છે અને અપ્રત્યક્ષ**

**અનહદ ધ્વનિ સાંભળે છે. તેમ છતાં આનાથી પોતાના સ્વ-ચૈતન અંશનું જ્ઞાન થતું નથી.**

### ભાવાર્થ

વળી અષ્ટાંગ યોગ પૈકીના આઠમા સમાધિ યોગથી સાધકો બ્રહ્મરંદ્રમાં પ્રણવને સ્થિર કરે છે. જેના ફળસ્વરૂપે નિરંજન તત્ત્વની જ્યોતનાં દર્શન કરે છે. વળી બ્રહ્મરંદ્રમાં થતા, શંખ, ઝાંઝ, વીણા, શરણાઈ, બંસરી, દદુંભી, ભૈરી, મૃદંગ, સિતાર અને ઘંટના અનહદ નાદને સાંભળે છે. તેમ છતાં આવા સિદ્ધોને પોતાના સ્વ-ચૈતન અંશસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

**આપા જેહી નિજ જ્યોત કે, નિરખનહાર નચંત;**
**સુનનહાર જેહી નાદકે, સીધત્યે સોહી અચંત. ૨૨**

### શબ્દાર્થ

**આપા** = પોતે **જેહી** = જે રીતે, જે **નિજ** = પોતાની, મૂળ, અસલ **જ્યોત કે** = જ્યતિને **નિરખનહાર** = નિરખવાવાળો, જોવાવાળો **નચંત** = નિશ્ચિત, ચિંતારહિત **સુનનહાર** = સાંભળવાવાળો **જેહી** = જે, જે રીતે **નાદકે** = ધ્વનિને, અવાજને **સીધત્યે** = સાધવા થકી **સોહી** = તે **અચંત** = ચિતવન રહિત, ચિતવનમાં ન આવે તે.

### અનુવાદ

**જે નિજ જ્યોતને નિહાળવાવાળો છે અને નાદને સાંભળવાવાળો છે તે નિશ્ચિત રહેલો છે. એવો તે પોતે સાધવા છતાં ચિંતવનમાં આવે તેમ નથી.**

### ભાવાર્થ

સિદ્ધપુરુષો પ્રણવની સાધના દ્વારા વિવિધ ચમત્કારો કરી શકે છે, પરંતુ પ્રણવને ચૈતનતા બક્ષનારો અંશતો નિશ્ચિતપણે રહીને નિજ જ્યોતને નિહાળવાવાળો છે અને અનહદ નાદને સાંભવાવાળો પણ તે જ છે. એવા અંશ સ્વરૂપને સાધવા છતાં તે ચિંતવનમાં આવે તેમ નથી. એટલે કે, તેને સાધી શકાય તેમ નથી કે તેનું ચિત્તમાં ચિંતવન પણ કરી શકાય તેમ નથી.

**ભક્તિ ચતુર ખટ કરતહી, સહિત લક્ષણા પ્રેમ;**
**રૂપ ચતુર્ભુજ દરશીત, દઢ દેખીત જીનું નેમ. ૨૩**

### શબ્દાર્થ

**ભક્તિ** = આરાધના, ઉપાસના, ભજન કરવું તે **ચતુર ખટ** = ચાર છ એમ મળી કુલ દશ શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવા, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન અને પ્રેમ લક્ષણા એમ કુલ દશ પ્રકાર ભક્તિના છે **કરતહી** = કરે છે **સહિત** = સાથે, સહિત, મળીને **લક્ષણા પ્રેમ** = પ્રેમ લક્ષણા **રૂપ** = સ્વરૂપ, આકૃતિ **ચતુર્ભુજ** = ચાર હાથવાળા વિષ્ણુ **દરશીત** =દર્શન કરે છે **દઢ** = મક્કમ, સારધાર નિયમ **દેખીત** = જોઈને **જીનું** = જેનો **નેમ** = નિયમ.

### અનુવાદ

**પ્રેમલક્ષણા ભક્તિ સહિત જેઓ દશ પ્રકારની ભક્તિ કરે છે. તેમના દઢ નિયમને કારણે તેમને ચતુર્ભુજ સ્વરૂપનાં દર્શન થાય છે.**

### ભાવાર્થ

પ્રેમલક્ષણા સહિત જે ભક્ત દશે પ્રકારની ભક્તિ કરે છે અને પોતાના દૈનિક સેવાના કામમાં ખૂબ જ નિયમિતતા રાખે છે તથા ચુસ્તપણે સેવાનો ધર્મ બજાવે છે. એવા ભક્તની સારધાર નિયમવાળી ભક્તિના પ્રતાપે ચતુર્ભુજવાળા વિષ્ણુનાં દર્શન થાય છે.

**જબ તિનકુ, હરિ મીલનકે, ઉપજત અતિ અહંમેવ;**
**વહ્યે જાત ભવસાગર, બીન ચીનેહુ નિજ ભેવ. ૨૪**

### શબ્દાર્થ

**જબ** = જ્યારે, જેથી **તિનકુ** = તેને, ભક્તને **હરિ** = વિષ્ણુ **મીલનકે** = મળવાથી **ઉપજત** = ઉત્પન્ન થાય છે **અતિ** = વિશેષ, ઘણો **અહંમેવ** = સ્વાભિમાન, સ્વમાન, હું પદ, મમત્વ, આત્માભિમાન **વહ્યે જાત** = વહ્યા જાય છે **ભવસાગર** = સંસાર સમુદ્રમાં **બીન** = સિવાય, વિના **ચીનેહુ** = ખોળખ્યા, જાણ્યા **નિજ** = મૂળ, આદિ, પોતાનો **ભેવ** = સ્વ-સ્વરૂપ, આત્મ સ્વરૂપ, ચૈતન અંશનું સ્વરૂપ.

### અનુવાદન

**જેથી તેને વિષ્ણુ મળ્યાનો ઘણો જ અહંમેવ ઉત્પન્ન થાય છે, પરંતુ**

**પોતાના સ્વ-ચૈતન સ્વરૂપને જાણ્યા સિવાય તે સંસાર સાગરમાં વહ્યા જાય છે.**

### ભાવાર્થ

સારધાર નિયમવાળી ભક્તિના પ્રતાપે ભક્તને જયારે વિષ્ણુનાં ચતુર્ભુજ સ્વરૂપે દર્શન થાય છે, જેથી ભકતોને હું પણાનું મમત્વ ઉત્પન્ન થાય છે અને તેમનું મન માની લે છે કે હવે પછીની જિંદગીમાં તેણે કાંઈ મેળવવાનું બાકી રહેતું જ નથી. પરંતુ દેહને ચેતનવંત કરનાર સ્વ-ચૈતન અંશ સ્વરૂપને ન જાણવાથી જન્મ-મરણ ભોગવીને સંસારસાગરમાં વહ્યા જ જાય છે.

**ચત્રુભુજ જેહી દરશીત, અંતઃ કરણ સફુર;**
**કાષ્ટ મથીત હોય અગ્નહી, પણ નહી નીકસત સુર. ૨૫**

### શબ્દાર્થ

**ચત્રુભુજ** = ચાર હાથવાળા **જેહી** = જે **દરશીત** = દૃશ્યમાન થાય છે, દર્શન થાય છે **અંતઃ કરણ** = અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત અહંકાર અને નચિંત) **સફુર** = સ્ફુરાયમાન, સ્ફુરણા, પ્રેરણા થવી **કાષ્ટ** = લાકડું **મથીત** = મથતાં, પુરુષાર્થ કરતાં, મંથન, ઘર્ષણથી અગ્નિ પેદા કરવાની ક્રિયા **હોય** = થાય, હોય છે **અગ્નહી** = અગ્નિ **પણ** = પરંતુ **નહી** = નહીં **નીકસત** = પેદા થાય, નીકળે, ઉત્પન્ન થાય **સુર** = સૂર્ય

### અનુવાદ

**અંતઃકરણની સ્ફુરણાથી જ ચતુર્ભુજ સ્વરૂપનાં દર્શન થાય છે. જેમ કે લાકડાનાં ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન થાય છે, પરંતુ સૂર્ય પેદા થતો નથી.**

### ભાવાર્થ

જેમ લાકડાનાં ઘર્ષણથી તેમાં અગ્નિનું સ્વરૂપ પ્રગટ થાય છે. એમ અંતઃકરણની સ્ફુરણાથી ચતુર્ભુજ વિષ્ણુના સ્વરૂપનાં દર્શન થાય છે, પરંતુ અગ્નિનું મહદ્ સ્વરૂપ-રૂપ સૂર્ય પેદા થતો નથી.

**ત્યૌ અંતઃકરણ કાષ્ટ કે, મથીત દરશીત દલ દેવ;**
**આપનુ આપ નિજ પતિપદ, તેહી જાનત નહી ભેવ. ૨૬**

### શબ્દાર્થ

**ત્યૌ** = તેવી જ રીતે **અંતઃકરણ** = અંતઃકરણ **કાષ્ટ કે** = લાકડાનાં **મથીત** = મંથન કરવાથી **દરશીત** = દર્શન થાય છે **દલ** = હૃદય, મન, ચિત્ત **દેવ** = દૈવી સ્વરૂપધારી દેવતા **આપનું આપ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **નિજ પતિપદ** = આદિ સર્જનહારનું પદ, મૂળ કર્તા પદ **તેહી** = તે **જાનત** = જાણતા **નહી** = નહીં **ભેવ** = સ્વરૂપ, પોતે, રહસ્ય, મર્મ

### અનુવાદ

**તેવી જ રીતે લાકડા રૂપ અંતઃકરણના મંથનથી મનવાંછિત દેવના સ્વરૂપનાં દર્શન થાય છે, પરંતુ આપનપુ અને નિજ પતિપદના રહસ્ય તેઓ જાણતા નથી.**

### ભાવાર્થ

જેમ કાષ્ટના મંથનથી અગ્નિ પ્રગટ થાય છે તેવી જ રીતે કાષ્ટ રૂપ અંતઃકરણના મંથન થકી મનમાં જેનું ચિંતન ચાલતું હોય તેવા દૈવી સ્વરૂપનાં દર્શન થાય છે, પરંતુ તે અંતઃકરણોની મંથન ક્રિયાથી પોતાના નિજ ચૈતન અંશસ્વરૂપ કે મૂળ પતિપદના મર્મને જાણી શકાતો નથી.

**ધ્યાની ધ્યાન ધરત જેહી, ચિત્ત ચિતવન કે જોગ;**
**હોત લીન તુરીયે ચિત્ત, રહત ન જોગ સમોગ. ૨૭**

### શબ્દાર્થ

**ધ્યાની** = ધ્યાન ધરનાર **ધ્યાન** = એક જ લક્ષ પ્રત્યે ચિત્તની એકાગ્રતા **ધરત** = ધરે છે **જેહી** = જે, તે **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **ચિતવન કે** = ચિત્તવનના, સ્મરણના **જોગ** = યોગ, ચિત્તવૃત્તિનો નિરોધ, મેળાપ, દ્વારા, મારફત **હોત** = થાય છે **લીન** = તલ્લીન, લય પામવું, ઓગળી જવું, પીગળી જવું **તુરીયે** = તુરિયા અવસ્થા **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **રહત** = રહે **ન** = નહીં **જોગ** = યોગ **સમોગ** = સમયે, વખતે, કાળે.

### અનુવાદ

**ધ્યાની ધ્યાન ધરે છે તે ચિત્તના ચિંતવનનો યોગ જ છે, પરંતુ જ્યારે તુરિયા અવસ્થા**

**વખતે ચિત્તનું ચિંતવન પણ લય પામતું હોવાથી તે સમયે યોગ રહેવા પામતો નથી.**

### ભાવાર્થ

ચિત્તવૃત્તિના નિરોધ દ્વારા ધ્યાની ધ્યાન ધરતા હોય છે. જ્યારે ધ્યાનીને તુરિયા અવસ્થા વર્તમાન કરતી હોય ત્યારે તેના ચિત્તમાં થતું ચિંતવન પણ લય પામી જતું હોય છે, તે સમયે કાંઈ પણ પ્રકારની યૌગિક ક્રિયા રહેવા પામતી નથી.

**તેહી પણ અલ્પજ્ઞે જબી, ધ્યાન સફલ વિધિ સોય;**
**આપનુ આપ સર્વજ્ઞ જે, તેહી જાનત નહીં કોય. ૨૮**

#### શબ્દાર્થ

**તેહી** = તે **પણ** = પણ **અલ્પજ્ઞે** = મંદ જ્ઞાન ધરાવતાં, ઓછું જ્ઞાન ધરાવતાં, થોડું જાણનારાં, અણ સમજુ **જબી** = જ્યારે **ધ્યાન** = ધ્યાન, ચિત્તની એકાગ્રતા **સફલ** = ફતેહ, સફળ, સિદ્ધિ **વિધિ** = રીત, ઉપાય, પ્રણાલિ **સોય** = તે **આપનુ આપ** = પોતાનું સ્વ-ચૈતન અંશસ્વરૂપ **સર્વજ્ઞ** = બધું જાણનાર, જેનો અમલ સર્વ ઉપર છે તેવા, સજાણ **જે** = જે **તેહી** = તે **જાનત** = જાણે, સમજે **નહીં** = નહીં **કોય** = કોઈ.

### અનુવાદ

**તેઓ ધ્યાનની સફળતા માટેની વિધિ જાણવાં છતાં અલ્પજ્ઞ જ છે, કારણ કે, જે સર્વજ્ઞ આપનપુ સ્વરૂપ છે તેને તેઓ જાણતાં નથી.**

### ભાવાર્થ

ધ્યાનીઓ ધ્યાનમાં સફળતા કેવી રીતે મેળવવી તે અંગેની વિધિ સારી રીતે જાણે છે. તે મુજબ ધ્યાન ધરીને તેઓ ચમત્કારિક શક્તિ પણ પ્રાપ્ત કરે છે. તેમ છતાં જ્ઞાનની બાબતમાં તેઓ અલ્પજ્ઞ જ છે. કારણ કે, શરીરના સર્વ જડતત્ત્વો અને સમચૈતન પ્રણવને પોતાના આભાસથી ચૈતનતા બક્ષનાર સર્વજ્ઞ જે અંશસ્વરૂપ છે તેને ધ્યાની પુરુષો જાણતા જ નથી.

**સંન્યાસી ઓર જંગમ, શીવકે સમરણ સાર;**
**પ્રોક્ષ પદે પતિયારન, નહીં નિજ આપ વિચાર. ૨૯**

### શબ્દાર્થ

**સંન્યાસી** = બધાનો ત્યાગ કરી સંસારથી વિરક્ત થયેલ વ્યક્તિ હંસ કુટીચક, બ્રહદક અને પરમહંસ જેણે સંન્યાસ લીધો હોય તેવી વ્યક્તિ **ઓર** = અને **જંગમ** = એ નામનો એક શૈવ પંથ, શિવલીંગ પૂજક યોગી **શીવકે** = શિવજીનું **સમરણ** = સ્મરણ **સાર** = મુખ્ય હેતુ, ઉદ્દેશ **પ્રોક્ષ** = પરોક્ષ **પદે** = પદમાં **પતિયારન** = વિશ્વાસ **નહીં** = નહીં **નિજ** = પોતે, મૂળ, આદિ **આપ** = પોતાનું સ્વ-ચૈતન અંશસ્વરૂપ **વિચાર** = મનથી ચિંતવન અભિપ્રાય, નિશ્ચય, લક્ષ, સમજણ શક્તિ.

## અનુવાદ

**સંન્યાસી અને શિવલિંગ પૂજકોનો ઉદ્દેશ શિવનું સ્મરણ હોય છે. તેઓ પ્રોક્ષ પદોમાં વિશ્વાસ રાખે છે, પરંતુ નિજ ચૈતન અંશ સ્વરૂપનો તેઓ વિચાર કરતા નથી.**

## ભાવાર્થ

જેણે સંન્યાસ લીધો હોય તેવા સંન્યાસી અને શિવલિંગના પૂજકો તમોગુણના અધિષ્ઠાન મહાદેવ શંકરનું સ્મરણ કરતા હોય છે. તેઓ પરોક્ષપદમાં વિશ્વાસ રાખીને ભક્તિ કરે છે. આવા ધર્મ પરાયણ પુરુષો પોતાના ચૈતન અંશસ્વરૂપનો વિચાર સરખો પણ કરતા નથી.

**દાદુ સમરત રામકુ, સુદર કે લક્ષ બ્રહ્મ;**
**આપનું આપ નિજ પતિપદ, અલગ રહે તેહી મર્મ. ૩૦**

### શબ્દાર્થ

**દાદુ** = એ નામનો સાધુ ફકીરનું નામ, ત્યાગી, વૈરાગી **સમરત** = સ્મરણ કરે છે **રામકુ** = રામને **સુદર કે** = સુદત્ત, બ્રાહ્મણનો **લક્ષ** = ધ્યેય, અંતિમ મર્મ **બ્રહ્મ** = સચરાચર વ્યાપક બ્રહ્મપ્રકાશ **આપનું આપ** = પોતાનું સ્વ-ચૈતન અંશસ્વરૂપ **નિજ** = મૂળ, આદિ **પતિપદ** = સર્જનહારનું પરમપદ, કર્તાપદ **અલગ** = જુદા, વેગડા, પર **રહે** = પરે રહેલા છે **તેહી** = તેના **મર્મ** = રહસ્ય, ભેદ, તાત્પર્ય.

## અનુવાદ

**સાધુ રામનું સ્મરણ કરે છે બ્રાહ્મણનો લક્ષ બ્રહ્મ છે, પરંતુ તેમના સિદ્ધાંતથી આપનપુ અને પતિપદ અલગ રહી જાય છે.**

## ભાવાર્થ

ભગવાં વસ્ત્ર ધારણ કરનાર સાધુ ધાર્મિક અને ઈશ્વર ભક્તિ પરાયણ પ્રણાલિકાવાળુ જીવન જીવીને શ્રીરામનું સ્મરણ કરે છે તથા બ્રાહ્મણ કુળમાં જન્મેલા બ્રાહ્મણનો લક્ષ સચરાચર વ્યાપક બ્રહ્મ છે, પરંતુ તે બંનેના સગુણ અને નિર્ગુણ સિદ્ધાંતોથી પરે રહેલ આપનપુ અને (પતિપદના) અંશ-અંશીનો લક્ષ તેમની સમજથી અલગ જ રહી ગયેલો છે.

**જીન સરાયત જીવકુ, ભજન કરનકુ જ્યોત;**
**આપનુઆપ નિજ પતિપદ, તીનહુ ન હોત સદોત. ૩૧**

### શબ્દાર્થ

**જીન** = જૈનો, તીર્થંકરનો અનુયાયી વર્ગ **સરાયત** = સરાહના કરે છે **જીવકુ** = સજીવ દેહનું, જીવવાળાં દરેક શરીર **ભજન** = ભક્તિ **કરનકુ** = કરવાની, કરે છે **જ્યોત** = જ્યોતિ, જ્યતિ સ્વરૂપ નિરંજન દિપ **આપનુઆપ** = પોતાનું સ્વ-ચૈતન અંશસ્વરૂપ **નિજ પતિપદ** = આદિ પરમપદ, સર્જનહારનું અંતિમ પદ **તીનહુ** = તેઓનું, તેનુ **ન** = નહીં **હોત** = હોય, થયું **સદોત** = પ્રકાશ, જ્ઞાન, ઉદ્યોત, તેજ.

## અનુવાદ

**જૈનો જીવપદની સરાહના કરે છે અને જ્યોતનું ભજન કરે છે. તેમ છતાં તેમને આપનપુ અને પતિપદ અંગેનો પ્રકાશ થયો નથી.**

## ભાવાર્થ

જૈનોનો મુખ્ય સિદ્ધાંત અહિંસા છે. જૈન મત પ્રમાણે દરેક જીવવાળુ પ્રાણી, પદાર્થ કે ઈન્દ્રિય ધરાવતો કોઈ પણ જીવ માનવીનો ભાઈ છે. જેથી તેની રક્ષા કરવી જરૂરી છે. પ્રાણી અને વનસ્પતિને ઈજા ન થાય એટલા માટે જૈનો ઉઘાડા પગે ચાલે છે, કંદમૂળ ખાતા નથી, પાણી પણ ઉકાળીને પીવે છે. પોતાનાથી હિંસા ન થાય તેની ખાસ કાળજી રાખે છે. ભક્તિનું છેલ્લું પદ જ્યોતિ સ્વરૂપ છે તેમ છતાં તેમના હૃદયમાં પોતાના સ્વ-ચૈતન અંશસ્વરૂપનું કે સર્જનહારના પરમપદ અંગેનો જરા પણ જ્ઞાન-પ્રકાશ થયો નથી.

## મુસલમાની મુશ્કલ ગત્ય, કહત રોમ ત્યે ઝીન;
## રોજા નવાજ ગુજારત, રહે દિનકે દિન. ૩૨

### શબ્દાર્થ

**મુસલમાની** = મુસ્લિમ ધર્મ અંગીકાર કરનારની **મુશ્કલ** = આકરું, અઘરું, દુઃસાધ્ય, કઠણ **ગત્ય** = સમજ, જ્ઞાન, દશા, પાપાચરણ **ગત્ય** = મરણ, સદ્‌ગત **કહત** = કહે છે **રોમ ત્યે** = રમતા, ભમતા, ભટકતા **ઝીન** = મરણ પછી ભૂત થયેલા મુસલમાન **રોજા** = ઉપવાસ, અનશન **નવાજ** = ખુદાની બંદગી સૂર્યોદય પહેલાં ફજ, બપોર પછીની જુહર, ત્રીજા પહોરની અસર, સૂર્યાસ્ત પછીની મધરિબ અને રાત્રિની ઈશા એમ પાંચ નમાજ પઢવાની હોય છે **ગુજારત** = પઢવું તે, રૂબરુ કરવામાં આવતી વિનંતી, બંદગી કરવી તે **રહે** = રહે છે **દિનકે દિન** = દિવસોના દિવસો.

### અનુવાદ

**મુસલમાનોની ધર્મની ગતિ સમજવી મુશ્કેલ છે. તેઓ દુઃસાધ્ય મરણ પામેલા હોય તેને ઝીન કહે છે. તેઓ નમાજ પઢે છે અને દિવસોના દિવસો સુધી ઉપવાસ કરે છે.**

### ભાવાર્થ

મુસલમાનોની ધર્મની ગતિ સમજવી મુશ્કેલ છે. તેઓ મુશ્કેલીભરી પરિસ્થિતિમાં જો મરણ પામેલાનો રુહ ભટકતો હોય છે તેવા પ્રેતાત્માને જીન કહે છે. પોતાના રક્ષણ માટે દિવસમાં પાંચ વખત નમાજ પઢે છે, વળી દિવસોના દિવસો સુધી દિવસ રોજા રાખી સૂર્યાસ્ત પછી ભોજન લેતા હોય છે.

## અથરવેદ અનુકરમીત, તેહી ભરમીત ભવ માંય;
## અલ્લાહીલ્લાહી પોકારકે, નુરત જ્યલાં સાંય. ૩૩

### શબ્દાર્થ

**અથરવેદ** = બ્રહ્માજી વદીત ચાર વેદો પૈકીનો એક વેદ **અનુકરમીત** = અનુકરણ, તેમાં દર્શાવ્યા મુજબ કરવું, મૂળ ઉપરથી નકલ કરવી **તેહી** = તેથી, તેમાં **ભરમીત** = ભ્રમણામાં પડ્યા **ભવ માંય** = વિશ્વમાં, સંસારમાં, જગતમાં **અલ્લાહીલ્લાહી** = અલ્લાહુ લાઈલાહી **પોકારકે** = મોટે અવાજે બોલીને **નુરત** = નૂર, પ્રકાશ, તેજ **જ્યલાં** = જ્યોત જેવા **સાંય** = સાંય રૂપ સ્વામી, ખુદા, પરમેશ્વર, ઈશ્વર.

### અનુવાદ

**અથર્વવેદનો આધાર લેવાથી તેઓ જગતની ભ્રમણામાં ભરમાયા છે. અલ્લાહુ ઈલાહાનો પોકાર કરીને કહે છે કે સાંઈ જ્યોત સ્વરૂપ પ્રકાશમય છે.**

### ભાવાર્થ

ઈસ્લામ ધર્મના સ્થાપકે પોતાના ધર્મના બંધારણનો મૂળ આધાર બ્રહ્માજી રચિત ચાર વેદો પૈકીના અથર્વવેદનો લીધેલો છે. તેથી તેઓ અથર્વવેદને સ્વીકારે છે. અથર્વવેદના અનુસરણથી તેઓ પણ જગતની ભ્રમણામાં ભૂલા પડેલા છે. તેથી જ અલ્લાહુઈલાહીનો પોકાર કરીને કહે છે કે સાંઈરૂપ અલ્લા જ્યોતિસ્વરૂપ પ્રકાશમય છે.

**નાસુત મલકુત જભરુત, લાહુત જીનું અસ્થાન;**
**હરદમ હજરત રહી સદા, કરત ઉનું અવિલાન. ૩૪**

### શબ્દાર્થ

**નાસુત** = નાસુત ધામ **મલકુત** = મલકૂત ધામ **જભરુત** = જબરૂત ધામ **લાહુત** = લાહૂત ધામ **જીનું** = જેઓના **અસ્થાન** = દૈવી ધામ, ફિરસ્તાઓનો દેશ **હરદમ** = દરેક શ્વાસે, હમેશાં, દરેક ક્ષણે **હજરત** = કહ્યામાં, આજ્ઞામાં, નિકટતામાં, અસ્તિત્વમાં **રહી** = રહીને **સદા** = હમેશાં, સદાને માટે **કરત** = કરે છે **ઉનું** = તેમનું, તેઓનું **અવિલાન** = પીરજાદાઓની ખુશામત, બંદગી, પીર તથા આલિયાની ઈબાદત, તરફ જોઈ રહીને, દર્શન કરીને.

### અનુવાદ

**નાસૂત, મલકૂત, જબરૂત અને લાહૂત એ તેમનાં ધામ છે. તેઓ સદાને માટે આજ્ઞામાં રહીને તેમનું જ સદા અવિલાન કરે છે.**

### ભાવાર્થ

મુસલમાન ફિરસ્તાઓના નાસૂત, મલકૂત, જબરૂત અને લાહૂત એમ રહેવા માટેના ચાર મકાન (ધામો) છે. ધર્મ સ્થાપકના બતાવેલ પ્રમાણને આધારે મુસલમાનો તેમની આજ્ઞામાં રહીને સદાને માટે તેમનું જ અવિલાન કરે છે. આમ તેઓ પીર તથા ઓલિયાની ઈબાદત કરે છે.

**નેકી બદી સુનાવત, સાબુત કહત ઈમાન;**
**જીવતે જીવ હલાલકુ, ગનત ન ત્રાસ હેવાન. ૩૫**

### શબ્દાર્થ

**નેકી** = ઈમાનદારી, નીતિ **બદી** = બેઈમાની, અનીતિ **સુનાવત** = સંભળાવે છે, દર્શાવે છે **સાબુત** = અખંડ, સલામત, પુરેપુરું હયાત **કહત** = કહે છે **ઈમાન** = પ્રમાણિકતા, નેકી, વિશ્વાસ, આસ્થા, શ્રદ્ધા, માન્યતા **જીવતે** = જીવંત રૂહુવાળા **જીવ** = જીવો **હલાલકુ** = ઈસ્લામની શરિયત પ્રમાણે અલ્લાનું નામ દઈને કતલ કરવી **ગનત** = ગણે, ગણતરીમાં લે **ન** = નહીં **ત્રાસ** = દુઃખ, પીડા, જુલમ **હેવાન** = અણસમજુ, મૂર્ખ, ભાન વગરના.

### અનુવાદ

**નીતિ, અનીતિ સંભળાવીને તેમની માન્યતાને સાચી કહે છે. હેવાન બની જીવતા જીવને હલાલ કરવામાં ત્રાસ ગણતા નથી.**

### ભાવાર્થ

ઈસ્લામની શરિયત પ્રમાણે નીતિ-અનીતિ, હીત અને અહિત, પાપ અને પુણ્ય, ઉપકાર અને અપકાર વિગેરે નેકી-બદીની વાતો સંભળાવે છે. તેમ છતાં પોતાની માન્યતા સંપૂર્ણ સાચી છે તેમ કહે છે. વળી જેનામાં રુહ છે એવા જીવતા પ્રાણીઓની અલ્લાહનું નામ દઈને કતલ કરીને હલાલ તરીકે ભક્ષણ કરવામાં આવા હેવાન (અણસમજુ) માનવો ત્રાસ કે જુલમ ગણતા નથી.

**જબતેહી મર્મ નાં જાનહી, સબ રુહ સરજન સાંય;**
**તબતે મહેર ન લાવત, જીવેત જીવ હનતાંય. ૩૬**

### શબ્દાર્થ

**જબતેહી** = જેથી તેઓ **મર્મ** = રહસ્ય, ભેદ **નાં** = નહીં **જાનહી** = જાણે, જાણતા **સબ** = સર્વ, તમામ **રુહ** = અંશ, જીવ, પ્રાણ **સરજન** = ઉત્પત્તિ **સાંય** = માલિક, પરમેશ્વર, ખુદા **તબતે** = તેથી **મહેર** = દયા **ન** = નહીં **લાવત** = લાવતા **જીવતે જીવ** = જીવંત પ્રાણીઓની **હનતાંય** = હિંસા કરતાં, મારતાં, કતલ કરતાં, મારી નાંખતા.

### અનુવાદ

**દરેક જીવો સર્જનહારની જ ઉત્પત્તિ છે એવા મર્મને તેઓ જાણતા નથી. તેથી જીવંત જીવોને મારી નાખતાં દયા રાખતાં નથી.**

### ભાવાર્થ

સૃષ્ટિના સર્વ પીર-પયગંબરની આદ્ય લઈ પશુ-પ્રાણી, માનવ અને દાનવ સર્વમાં રહેલા અંશો (રુહ) સહિતની સર્વ ઉત્પત્તિ સર્જનહારની જ છે, જેથી ચૈતન રુહની દૃષ્ટિએ જોતાં સર્વને બંધુત્વની ભાવનાથી નિહાળવા જોઈએ. એવી સાચી અને યથાર્થ સમજ મુસલમાનો જાણતા નથી, તેથી જીવંત કે જેમાં સાંઈના રુહની હાજરી છે તેવા પ્રાણીઓનો વધ કરતાં તેમને દયા પણ આવતી નથી.

**જીનકુ અલ્લા કહતહી, નુર તનું અંબાર;**
**હિંદુ કહત નિરંજન, દોહુનકે એક સાર. ૩૭**

### શબ્દાર્થ

**જીનકુ** = જેને **અલ્લા** = અલ્લાહ, માલિક, પતિ **કહતહી** = કહે છે, કહો છો **નુર** = તેજ, પ્રકાશ, ઉદ્યોત **તનું** = નો **અંબાર** = પુંજ, ઢગલો, ભંડાર, જથ્થો **હિંદુ** = હિન્દુ **કહત** = કહે છે **નિરંજન** = આદ્ય પુરુષ નિરંજન, જ્યોતિ સ્વરૂપ નિરંજન **દોહુનકે** = બંનેનો **એક** = એક જ **સાર** = મર્મ, રહસ્ય, ભેદ, સારાંશ, સત્ત્વ.

### અનુવાદ

**પ્રકાશના પુંજને મુસલમાનો અલ્લા કહે છે તેને હિન્દુઓ નિરંજન કહે છે. તે બંનેનો સારાંશ એક જ છે.**

### ભાવાર્થ

જે અત્યંત પ્રકાશમય સ્વરૂપ છે તેને મુસલમાનો અલ્લા તરીકે સંબોધન કરે છે. તે જ્યોતિ સ્વરૂપ છે. હિન્દુઓ તેને નિરંજન કહે છે. આમ હિન્દુ અને મુસલમાન બંનેની માન્યતાનો મર્મ એક જ જણાય છે.

**એક કહતહી જ્યોતહી, એક કહત તીનું નુર;**
**આપનુ આપ નિજ પતિપદ, સો લક્ષ લહત ન ભુર. ૩૮**

### શબ્દાર્થ

**એક** = એક **કહત હી** = કહે છે **જ્યોતહી** = જ્યોતિ સ્વરૂપ નિરંજન **એક** = એક **કહત** = કહે છે **તીનુ** = તેને **નુર** = પ્રકાશ, તેજ, ઉદ્યોત **આપનુ આપ** = પોતાનું સ્વ-ચૈતન અંશસ્વરૂપ **નિજ પતિપદ** =મૂળ પરમપદ, કર્તા પદ **સો** = તે **લક્ષ** = જ્ઞાન, સમજ, અંતિમ ધ્યેય **લહત** = જાણે **ન** = નહીં **ભુર** = મૂર્ખ, પશુ સમાન બુદ્ધિવાળા, ભૂચર ગતિના જીવો.

### અનુવાદ

**એક જ્યોત સ્વરૂપ કહે છે, તો એક તેનો પ્રકાશ કહે છે, પરંતુ તેઓ ભૂચર ગતિના હોઈ પોતાના સ્વ-સ્વરૂપ અને પતિપદનો લક્ષ જાણતા નથી.**

### ભાવાર્થ

હિન્દુઓ જ્યોતિ સ્વરૂપને નિરંજન કહે છે તો મુસલમાનો પ્રકાશને અલ્લાહ કહે છે, પરંતુ તેઓ સૌ ભૂચર ગતિના હોવાને લીધે પોતાનામાં રહેલા સ્વ-ચૈતન અંશ સ્વરૂપને અને સર્જનહારના પરમપદના લક્ષને જાણતા નથી.

**સરિયત ત્રીખત હકીકત, ચોથે મારફત માંય;**
**પ્રોક્ષ રાહમાંહી પચી રહે, નિજ રુહ બુજત નાંહાંય. ૩૯**

### શબ્દાર્થ

**સરિયત** = સરિયત **ત્રીખત** = તુરખત **હકીકત** = હકીકત **ચોથે** = ચોથો **મારફત** = મારફત **માંય** = અંદર, માં **પ્રોક્ષ** = પરોક્ષ **રાહ** = માર્ગ, રસ્તો **માંહી** = માં, અંદર **પચી રહે** = વળગી રહ્યા, લાગી રહ્યા **નિજ** = મૂળ, આદિ, પોતાના **રુહ** = અંશ, આત્મા,જીવ **બુજત** = જાણ્યો, ઓળખ્યો, સૂઝયો **નાંહાંય** = નહીં.

### અનુવાદ

**મુસલમાનો સરિયત, તુરખત, હકીકત અને ચોથો મારફત એ ચાર પરોક્ષ રહેલા માર્ગમાં જ વળગી રહ્યા છે, પરંતુ સ્વયં (પોતાના-પોતે) અંશને જ ઓળખ્યો નથી.**

### ભાવાર્થ

મુસલમાનો સરિયત, તુરખત, હકીકત અને મારફત એમ ચાર પ્રકારની અલગ-અલગ ભૂમિકાવાળા પંથમાં જ વળગી રહ્યા છે. પરિણામે તેઓ પોતાના શરીરને જીવંત રાખવાવાળું નિજ આત્મસ્વરૂપ કે જેને તેઓ રુહ શબ્દથી સંબોધે છે, તેને ઓળખવા કે જાણવા માટે પ્રયત્ન પણ કર્યો નથી, કે જાણી શક્યા નથી.

**નિજ રુહ કરીમા કાદર, બિનું હાલ ફુરમાન;**
**કાજી મુલ્લા ક્યા કીયે, પઢી કતેબ કુરાન. ૪૦**

### શબ્દાર્થ

**નિજ** = મૂળ, આદિ, પોતાનો **રુહ** = અંશ, આત્મા, જીવ **કરીમા** = દયાળુ **કાદર** = પરમેશ્વર, પરમાત્મા **બિનું** = વગર, સિવાય, વિના **હાલ** = પ્રત્યક્ષ, હાજર સ્થિતિ **ફુરમાન** = આદેશ, હુકમ, આજ્ઞા, સ્ફુરાયમાન **કાજી** = કુરાન મુજબ ઈન્સાફ કરનાર ઈસ્લામિક ન્યાયાધીશ **મુલ્લા** = મસ્જિદમાં નમાજ પઢાવનાર મૌલવી **ક્યા** = શું **કીયે** = કરે છે, કર્યું **પઢી** = વાંચીને, ભણીને **કતેબ** = કિતાબ ગ્રંથ **કુરાન** = મુસલમાનોનાં મુખ્ય ધર્મગ્રંથ.

### અનુવાદ

**દયાળુ પરમેશ્વર અને જે પ્રત્યક્ષ સ્ફુરાયમાન છે એવા પોતાના નિજ રુહને જાણ્યા વિના હે કાજી-મુલ્લા ! કતેબ અને કુરાન વાંચીને શું કર્યું ?**

### ભાવાર્થ

પરમદયાળુ વિશ્વના સર્જનહારનો જ સજાતિ ચૈતનઅંશ પ્રત્યક્ષ સ્વરૂપે પોતાના શરીરમાં બિરાજમાન છે. એવા પોતાના સ્વ-ચૈતન સ્વરૂપ રુહને જાણ્યા સિવાય કાજી-મુલ્લાને પૂછવામાં આવે છે કે કતેબ અને કુરાન વાંચીને તેઓએ શું કર્યું ?

**બિનું તેહેકીત અપની રુહ, લહે બિનું દરવેસ;**
**ઓરુ ખાવન ખોજ્યા નહીં, ક્યાહા કીન ધરી ભેસ. ૪૧**

### શબ્દાર્થ

**બિનું** = સિવાય, વગર, વિના **તેહેકીત** = ઓળખ, સમજ, જ્ઞાન **અપની** = પોતાના **રુહ** = જીવ, આત્મા **લહે બિનું** = જાણ્યા સિવાય **દરવેસ** = યાચક, ફકીર, સ્વરૂપ, પોશાક **ઓરુ** = અને, વળી **ખાવન** = માલિક, કર્તા **ખોજ્યા** = શોધ્યા **નહીં** = નહીં **ક્યાહા** = શું **કીન** = કર્યુ **ધરી** = ધારણ કરી **ભેસ** = ભેખ.

### અનુવાદ

**સ્વરૂપને જાણ્યા સિવાય પોતાના રુહને પણ ઓળખી ન શક્યા, વળી માલિકને પણ ઓળખ્યા નહીં તો પછી ફકીરનો વેશ ધારણ કરીને શુ કર્યું ?**

### ભાવાર્થ

દેહના જડ-ચૈતન તત્ત્વોના બંધારણને જાણવાથી પોતાના શરીરના સ્વામીરૂપ ચૈતન અંશને યોગ્ય રીતે ઓળખી શક્યા નહીં, વળી અંશની સાચી ઓળખ ન થવાથી અંશ જેની સજાતિનો છે એવા માલિકને પણ ઓળખવા-શોધવા કોઈએ પ્રયત્ન કર્યો નહીં. તેથી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર, યાચક સ્વરૂપે ફરતા ફકીરોને સવાલ કરે છે કે તેમણે ફકીરનો વેશ ધારણ કરીને કર્યું શું ?

## મુસલમાન કે દીનકી, નીતિ નિપટ જઈનત;
## દાતણ પાલે ગૌ હને, દેખો અકલ અનિત. ૪૨

### શબ્દાર્થ

**મુસલમાન** = મુસલમાનો **કે** = ની **દીનકી** = દિનચર્યાની **નીતિ** = દાનત, નિયત, વૃત્તિ, ઈરાદો **નિપટ** = નફ્ફટ, બેશરમ, નિર્લજ્જ, બેઅદબ **જઈનત** = જણાય છે, દેખાય છે **દાતણ પાલે** = નજીવાનું રક્ષણ કરે, મડદાનું કબર બનાવીને રક્ષણ કરે **ગૌ** = ગાય **હને** = હત્યા કરે, સંહાર કરે, હણે **દેખો** = જુઓ **અકલ** = કળ્યામાં ન આવે, ન સમજાય તેવો વ્યવહાર **અનિત** = અનીતિભરી, અન્યાયી, દુરાચારી ભર્યો વ્યવહાર.

### અનુવાદ

**મુસલમાનોની દિનચર્યાને નિર્લજતા નફ્ફટ માલૂમ પડે છે. નાશવંતનું રક્ષણ કરે છે અને ગાયોની કતલ કરે છે. એથી અનીતિભરી અને ન સમજાય તેવા વ્યવહારને તમે નિહાળો.**

### ભાવાર્થ

મુસલમાનોની દિનચર્યાને નિહાળતાં ઇરાદાઓ પહેલેથી જ બેશરમ માલૂમ પડે છે. જેનામાં જીવ જ નથી તેવી નાશવંત મૃત શરીરની કબર બનાવીને તેનું રક્ષણ કરે છે. વળી દરગાહને ધૂપ-દીપ કરે છે, જ્યારે જેનામાં રુહ છે એવા ગાય સહિત અન્ય પ્રાણીઓની કતલ કરે છે. આ પ્રમાણે જોતાં એમ જરૂર કહી શકાય કે મુસલમાનનો વ્યવહાર સમજમાં ન આવે તેઓ અને અનીતિભર્યો છે.

**યા વિધકે ડહાપણ મહી, નિજ ગમ ખોજ ન હોય;**
**આપનુ આપ રુહ કાદર, જબી જાનત નહીં કોય. ૪૩**

### શબ્દાર્થ

**યા વિધકે** = આ પ્રમાણે **ડહાપણ** = શાણપણ, સમજ, અક્કલ **મહી** = માં, અંદર **નિજ** = પોતાની મૂળ, આદિ **ગમ** = જ્ઞાન, સૂઝ, સમજ **ખોજ** = શોધ, ઓળખ **ન** = નહીં **હોય** = હોય **આપનુ આપ** = પોતાનું સ્વ-ચૈતન અંશસ્વરૂપ **રુહુ** = અંશ, જીવ, પ્રાણ **કાદર** = કર્તાપદ, અંશી, સર્જનહાર, માલિક **જબી** = જેથી **જાનત** = જાણતા **નહીં** = નથી **કોય** = કોઈ પણ.

### અનુવાદ

**આ પ્રમાણેના ડહાપણને લીધે પોતાની ચૈતન સ્વરૂપની સમજ અંગેની શોધખોળ કરી શક્યા નહીં. તેથી પોતાના રુહને કે કાદરને કોઈ જાણતું નથી.**

### ભાવાર્થ

આ પ્રમાણેની હોંશિયારીમાં મુસલમાનો રાચતા (વર્તન કરતા) હોવાથી આપનપુ ચૈતન સ્વરૂપે રહેલા રુહ અંગેની સાચી સમજ પ્રાપ્ત કરી શક્યા નહીં. પરિણામે તેઓ પોતાના નિજ સ્વ-ચૈતન અંશસ્વરૂપ જેના વંશનો છે તેવા કાદર રૂપ સર્વના સર્જનહાર (કર્તા માલિક) ને ઓળખી શક્યા નથી.

**જ્ઞાનીકે લક્ષ નિરગુણ, બ્રહ્મ સતંતર સાવ;**
**નામ રૂપ ઓરુ ગુણ પર, અંતર ધરત અભાવ. ૪૪**

### શબ્દાર્થ

**જ્ઞાનીકે** = જ્ઞાની પુરુષોના **લક્ષ** = ધ્યાન, કેન્દ્ર બિંદુ, અંતિમ ધ્યેય **નિરગુણ** = નિર્ગુણ **બ્રહ્મ** = બ્રહ્મ **સતંતર** = ઠસોઠસ ભરેલું, સર્વવ્યાપક **સાવ** = સંપૂર્ણ રીતે, તદ્દન, માત્ર, બિલકુલ, અખિલ **નામ** = સંજ્ઞા **રૂપ** = સ્વરૂપ, આકૃતિ **ઓરુ** = અને **ગુણ** = પ્રાકૃતિક લક્ષણોઃ રજો, તમો અને સતો **પર** = પ્રત્યે, થી પરે **અંતર** = હૃદય, (અંતઃકરણો-મન) **ધરત** = ધારણા કરે છે **અભાવ** = નાખુશી, અણગમો, અરુચિ.

### અનુવાદ

**જ્ઞાનીનો લક્ષ માત્ર સર્વ વ્યાપક રહેલા નિર્ગુણ બ્રહ્મનો છે. તેથી નામ, રૂપ અને ગુણ પ્રત્યે હૃદયમાં અભાવ ધારણ કરે છે.**

### ભાવાર્થ

બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી, બ્રહ્મવેત્તા અને બ્રહ્મસ્વરૂપ પુરુષોનું (ધ્યાન) કેન્દ્રબિંદુ માત્ર સમગ્ર બ્રહ્માંડમાં સર્વવ્યાપક રહેલુ નિર્ગુણ બ્રહ્મ છે. તેથી જ એવા જ્ઞાની પુરુષો નામ, રૂપ અને ગુણવાળા પદો પ્રત્યે પોતાના હૃદયમાં અભાવ ધારણ કરતા હોય છે.

## નાસ્તીકકુ નિરમીત નહીં, આસ્તીક કહત અપેખ;
## ઉભયે પદ પ્રાપ્તિ બિનું, ભવ ભરમાવીક ભેખ. ૪૫

### શબ્દાર્થ

**નાસ્તીકહુ** = નાસ્તિકને, આસ્થા વગરના વ્યક્તિને **નિરમીત** = નિર્ણાયક શક્તિ, નક્કી કરેલ પદ **નહીં** = નથી **આસ્તીક** = શ્રદ્ધાળુ, આસ્થાવાળા, યકીનવાળા **કહત** = કહે છે **અપેખ** = અજાણ્યા, અણસમજ, અજ્ઞાની **ઉભયે** = બંને **પદ** = સ્થાન, દરજ્જો, સત્ય **પ્રાપ્તિ** = પ્રાપ્ત કર્યા, મેળવ્યા, સમજ્યા **બિનું** = વિના, વગર, સિવાય **ભવ** = વિશ્વને, જગતને **ભરમાવીક** = ભ્રમણામાં નાખે છે **ભેખ** = ભેખધારી, ભેખ ધારણ કરેલાઓ.

### અનુવદ

**નાસ્તિકને નિર્ણય શક્તિ નથી અને આસ્તિક પોતાને અજાણ્યા કહે છે. બંને પદોની પ્રાપ્તિ સિવાય ભેખધારીઓએ ભવ (જગત) ને ભરમાવ્યું છે.**

### ભાવાર્થ

જેને પ્રભુ પ્રત્યે આસ્થા નથી તેવા નાસ્તિક લોકો કોઈ પણ પ્રકારના પદ પ્રત્યે

નિર્ણય લઈ શકતા નથી. જ્યારે જે શ્રદ્ધાવાન વ્યક્તિઓ છે તે અજ્ઞાનતાવસાત્ ભૂલા પડેલા હોઈ પરમપદ માટે અજાણ છે. જેથી પોતાના સ્વ-ચૈતન અંશસ્વરૂપ અને કર્તાપદ અંશી એમ અંશ-અંશી બંને પદો માટે જગતના ભેખધારીઓએ વિશ્વના જીવોને ભ્રમણામાં નાખ્યા છે.

**નિરગુણ નરણવી નવ શકે, સિરગુણ કરત સમેટ;**
**એસે જ્ઞાન વિટંડકે, વેષ ભરનકે પેટ. ૪૬**

### શબ્દાર્થ

**નિરગુણ** = નિર્ગુણ - બ્રહ્મમાં માનનારો વર્ગ **નરણવી** = નિર્ણય **નવ** = નથી **શકે** = કરી શકતા **સિરગુણ** = સગુણ પદોમાં માનનારો વર્ગ **કરત** = કરે છે **સમેટ** = ટૂંકામાં પતાવી દેવું, અંત આણવો **એસે** = એવા **જ્ઞાન** = જ્ઞાન **વિટંડકે** = પાખંડીની, વિતંડાવાદીઓ **વેષ** = ભેખ, વેશ **ભરનકે પેટ** = પેટ ભરવા, ભરણ-પોષણ માટે, આજીવિકા ચલાવવા માટે.

### અનુવાદ

**નિર્ગુણમાં માનવાવાળા નિર્ણય કરી શકતા નથી અને સગુણમાં માનવાવાળા ગુણોમાં જ અંત આણે છે. એવા પાખંડી જ્ઞાન ધરાવનારાઓએ પોતાની આજીવિકા ચલાવવા માટે જ ભેખ ધારણ કર્યો છે.**

### ભાવાર્થ

નિર્ગુણ બ્રહ્મસિદ્ધાંતમાં માનવાવાળા જ્ઞાની પુરુષો બ્રહ્મ અંગે નિર્ણય કરી શકતા નથી. તેથી બ્રહ્માજીએ પણ નેતિનું ઉચ્ચારણ કરીને બ્રહ્મથી પર રહેલા પરમપદની શોધને માંડવાળ કરી હતી.

એ જ રીતે ત્રણ ગુણોઃ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને માનવાવાળા નામ, રૂપ અને ગુણવાળા પદોમાં પોતાની વૃત્તિ સ્થિર કરીને ત્યાં જ અટકી ગયા છે.

આ રીતે સગુણ અને નિર્ગુણ બંને સિદ્ધાંતના પાખંડી ભેખધારીઓએ આવા બાદલા જ્ઞાનનો સહારો પોતાની આજીવિકા ચલાવવા માટે જ લીધો છે.

## અહં બ્રહ્મ મુખસે કહે, પઢ પઢ સાંખ્ય વેદાંત;
## નિજ અનુભવ નહીં એહી મમ, તો ક્યોં પાવહી સ્વાંત. ૪૭

### શબ્દાર્થ

**અહં બ્રહ્મ** = અહં બ્રહ્માસ્મિ, હું જ બ્રહ્મ છું, **મુખસે** = મુખથી, વાણીથી **કહે** = કહે છે **પઢ પઢ** = વાંચી વાંચીને, અભ્યાસ કરી કરીને **સાંખ્ય** = સાંખ્યશાસ્ત્ર **વેદાંત** = વેદાંતશાસ્ત્ર **નિજ** = પોતાના **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, અજમાયશથી પ્રાપ્ત થયેલું જ્ઞાન **નહીં** = નહીં, નથી **એહી મમ** = હું કોણ છું, એ જ હું છું **તો** = તો પછી **ક્યોં** = કેમ કરીને, કેવી રીતે **પાવહી** = પ્રાપ્ત કરે **સ્વાંત** = શાંતિ, સુખ શાંતિ, અખંડ મોક્ષ.

### અનુવાદ

**સાંખ્ય અને વેદાંતને વાંચી વાંચીને મુખથી "અહં બ્રહ્માસ્મિ" કહે છે. હું કોણ છું ? એવા જાત અનુભવ નહીં હોવાથી તે કેમ કરીને અખંડ સુખ પ્રાપ્ત કરી શકે ?**

### ભાવાર્થ

સાંખ્યશાસ્ત્ર અને વેદાંતશાસ્ત્રનો વારંવાર અભ્યાસ કરી બ્રહ્મ સિદ્ધાંતને માનવાવાળા પોતાના મુખથી અહંબ્રહ્માસ્મિ કહેતા શીખેલા છે, પરંતુ તેઓને જાત અનુભવ નથી, તો પછી એવા સંજોગોમાં તેઓ પરમ પિતાના અખંડ કૈવલધામના સુખને કેવી રીતે પ્રાપ્ત કરી શકશે ?

## એકાએકી ભવ વિષે, ફરત ભેખ ચકચૂર;
## દામ ચામ દલમેં નહીં, તો ક્યોં ભટકત ભૂર. ૪૮

### શબ્દાર્થ

**એકાએકી** = એકલવાયા, એકલા જ ઓચિંતાના **ભવ વિષે** = દુનિયામાં, વિશ્વમાં **ફરત** = ફર છે **ભેખ** = સંસારના ત્યાગનો પહેરવેશ પહેરીને ફરનારા, ભેખધારીઓ **ચકચૂર** = ગુલતાન બનીને, મસ્ત બનીને, તલ્લીન થઈને **દામ** = પૈસો, સંપત્તિ, દ્રવ્ય **ચામ** = ચામડી, સૌંદર્યતા, નારી પ્રત્યેનો લગાવ **દલમેં** = હૃદયમં **નહીં** = નહીં, નથી **તો** = તો પછી **ક્યોં** = શા માટે, કેમ **ભટકત** = ભટકે છે, વિચરણ કરે, રખડે છે **ભૂર** = ભૂચર ગતિના જીવોની જેમ.

### અનુવાદ

**ભવમાં ભેખ ધારણ કરી મસ્ત બનીને એકલા જ ફરે છે. જો હૃદયમાં ધન અને નારી પ્રત્યેનો અભાવ ન હોય તો ભૂચર ગતિના જીવોની જેમ સંસારમાં શા માટે ભટકે છે ?**

### ભાવાર્થ

ભેખ ધારણ કર્યા પછી પણ જગતમાં ચકચૂર બનીને પોતાની અંગત વિચારસરણી ઊભી કરીને સ્વચ્છંદપણે ફરે છે. જો આવા ભેખધારીઓના હૃદયમાં ધન-સંપત્તિ અને નારીના સૌંદર્ય પ્રત્યે અભાવ ન હોય તો સંસારમાં શા માટે ભૂચર ગતિના બનીને ભટક્યા કરે છે ?

**માન બડાઈ જકતકી, લેન રહે નિરલેપ;**
**ઉપલી ચાલ દેખાવન, પણ અંતરમાં લેપ. ૪૯**

#### શબ્દાર્થ

**માન** = હું પણાનું અભિમાન, અન્ય દ્વારા પ્રાપ્ત થતો સત્કાર, પૂજ્ય ભાવ, આદર **બડાઈ** = તારીફ, ફૂલાશ, મોટાઈ, આપ-સ્તુતિ **જકતકી** = જગતની **લેન રહે** = લેતા રહે, મેળવે, પ્રાપ્ત કરે **નિરલેપ** = નિર્મળતા, અલિપ્ત, આસક્તિ રહિત, વિષયોથી અલગ રહેનાર **ઉપલી ચાલ** = ઉપરથી ચાલ ચલગત, દેખાવા પુરતી વર્તણૂક **દેખાવન** = દેખાડે છે **પણ** = પરંતુ **અંતરમાં** = હૃદયમાં, મનમાં **લેપ** = લેપાયમાન, આસક્ત, મોહિત.

### અનુવાદ

**જગતની માન-બડાઈ લેતા રહે છે અને પોતે નિર્લેપ છે, તેવું ઉપલક વ્યવહારથી દેખાડે છે, પરંતુ હૃદયમાં તો લોપાયમાન જ હોય છે.**

### ભાવાર્થ

આવા પાખંડી ભેખધારીઓ જગતના ભોળા ભક્તો દ્વારા પોતાના સંસારથી સત્કારની પ્રવૃત્તિ અને વ્યક્તિગત વખાણ કરતા મંતવ્યોને બોલાવડાવીને આનંદ માણે છે પોતે સંસારથી અલિપ્ત છે તેવા બાહ્ય આડંબર અને વર્તણૂક દુનિયાને બતાવે છે, પરંતુ હૃદયમાં તો આવી પ્રવૃત્તિ પ્રત્યે આસક્ત હોય છે.

## લેપ નહીં તો ક્યૌ કરો, ઉતઈત દોરા દોર;
## સેવા સંગના સંતકી, નિજ તન કારન ફોર. ૫૦

### શબ્દાર્થ

**લેપ** = લોપાયમાન, આસક્ત **નહીં તો** = ન હોય તો **ક્યૌ** = શા માટે ?, કેમ ? **કરો** = કરો છે **ઉતઈત** = આમ તેમ, અહીંયા અને ત્યાં **દોરા દોર** = દોડાદોડ, દોડધામ **સેવા** = ઉપભોગ, ચાકરી, બરદાસ્ત, સારવાર **સંગ** = સત્સંગ, લગની સહવાસ ફોગટ **ના** = નહીં **સંતકી** = સંતોની ઈષ્ટની **નિજ** = પોતાના **તન** = શરીર, દેહ **કારન** = કારણે, સ્વાર્થે **ફોર** = માટે, અર્થે, ફર્યા કરવું .

### અનુવાદ

**જો લોપાયમાન ન હોય તો આમ-તેમ (અહીં-તહીં) શા માટે દોડાદોડ કરે છે ? પોતાના શરીરના કારણ માટે જ તેઓ સંતોની સેવા અને સત્સંગ કરવાનું જણાવે છે.**

### ભાવાર્થ

જો એવા ભેખધારી પુરુષો હ્રદયપૂર્વક સંસારમાં લોપાયમાન થયેલા ન હોય તો તેઓ આમ તેમ દોડાદોડ શા માટે કરતા હશે ? ઈષ્ટદેવની સેવા અને તેમની સાથે સત્સંગ કરવા માટે વિશ્વના ભોળા અને ભાવિક ભક્તોને માર્ગદર્શન આપે છે, પરંતુ પોતે તો તેમાંનું કશું જ કરતા નથી. પોતાના શરીરની સેવા અને સ્વાર્થ માટે ભક્તોને સમજાવી જગતમાં ફોગટના ફર્યા કરતા હોય છે.

## આચારજકે બચનસે, કથત જ્ઞાન કરી મોટ;
## બિનું અનુભવ ધરીકે ફીરે, મ્રખા માન શિર પોટ. ૫૧

### શબ્દાર્થ

**આચારજકે** = ધર્માચાર્યોના ધર્મ સ્થાપકના **બચનસે** = વચનો થકી, વાણી દ્વારા **કથત** = કહે છે, કથાઓ દ્વારા સંભળાવે છે **જ્ઞાન** = જ્ઞાન **કરી** = કરીને **મોટ** = મોટું, વિશેષ, વધારે મહાત્મ્ય વધારીને હોય તેન કરતાં વિશેષ દર્શાવીને, રાઈનો પર્વત કરીને **બિનું** = વિના, સિવાય, વગર **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, પોતાની અજમાયશથી પ્રાપ્ત થયેલું જ્ઞાન **ધરીકે** = ધારણ કરીને **ફીરે** = ફરે, વિચરણ કરે **મ્રખા** = વૃથા, ફોગટ **માન** = હું પણું, પૂજય ભાવ **શિર** = મસ્તક પર **પોટ** = પોટલું, બોજો, સમૂહ.

## અનુવાદ

**વચનો દ્વારા મહાત્મ્ય (મહત્તા) વધારીને જ્ઞાન કથે છે અને સ્વાનુભવ સિવાય હુંપણાનો વ્યર્થ બોજો માથા પર લઈને ફરે છે.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવવામાં આવ્યા એવા ધર્માચાર્યો પોતાની કથાઓ દ્વારા ખોટી રીતે મહાત્મ્ય વધારીને રોચક વાણી દ્વારા જ્ઞાનનું ઉચ્ચારણ કરે છે. વળી, સ્વાનુભવ સિવાય પોતે મહાન અનુભવી છે, એવા હુંપણાનો વ્યર્થ બોજો પોતાના માથા ઉપર ધારણ કરીને વિશ્વમાં ફરે છે.

**આચારજ વ્યાસાદિક, જીનકે વચન વેદાન્ત;**
**તેહી ગમસે જ્ઞાની સબે, સૂની સૂની હોત સતંત. ૫૨**

### શબ્દાર્થ

**આચારજ** = આચાર્ય, ધર્મના મુખિયા **વ્યાસાદિક** = વ્યાસજીની આદ્ય લઈને **જીનકે** = જેઓના **વચન** = વચનો, ઉપદેશ, વાણી **વેદાન્ત** = વેદાન્ત શાસ્ત્ર **તેહી** = તે **ગમસે** = સમજથી, સૂઝથી **જ્ઞાની** = જ્ઞાની પુરુષો **સબે** = બધા, સર્વ **સૂની સૂની** = સાંભળી સાંભળીને **હોત** = થયા **સતંત** = સ્વતંત્ર, વિશેષ, વિદ્વાન, પોતાની ઈચ્છા મુજબના વક્તા, વાદ વિવાદમાં સંપૂર્ણ, વારંવાર.

## અનુવાદ

**વ્યાસની આદ્ય લઈને સર્વ ધર્માચાર્યો વેદાંતશાસ્ત્રોનો અભ્યાસ કરીને વચનો બોલે છે આ વચનોને વારંવાર સાંભળીને તે સમજ થકી સર્વ જ્ઞાની બન્યા છે.**

## ભાવાર્થ

વ્યાસજીની આદ્ય લઈને જે ધર્માચાર્યો થયા તેઓએ વેદાંતશાસ્ત્રોનો અભ્યાસ કરેલો છે. જેથી તેઓ વિશેષ કરીને પોતાની વાણીમાં બ્રહ્મજ્ઞાન અંગેની સમજ આપતા હોય છે. આવી વાણીને વારંવાર સાંભળીને સર્વ શ્રોતાઓ બ્રહ્મની ઊંડી સમજ પ્રાપ્ત કરીને બ્રહ્મજ્ઞાની બન્યા છે.

## તેહી સતંતરકે મતે, ગનત ન પાપ ન પૂણ્ય;
## અણસમજા ઉનમત ફરે, જ્યૌ વાદી ગત્ય શૂન્ય. ૫૩

### શબ્દાર્થ

**તેહી** = તે **સતંતરકે** = સ્વતંત્રના, વિશેષ વિદ્વાનોના **મતે** = મતાનુસાર, મંતવ્ય મુજબ, અભિપ્રાય પ્રમાણે **ગનત** = ગણતરી, ગણવું **ન** = નહીં **પાપ** = અશુભ ફળ આપનારું કાર્ય, જે કાર્યથી કાર્ય કરનારનું અધ:પતન થાય તેવાં કર્મો **ન** = નહીં **પૂણ્ય** = ઉત્તમ કર્મના ફળ, શુભ કર્મોનો સંચય, સુકૃતનું ફળ **અણસમજા** = અણસમજવાળા, સમજનો અભાવ હોય તેવી વ્યક્તિ **ઉનમત** = ઉન્મત્, ઉદ્ધત, અહંકારથી અંધ થયેલા, અહંકારી **ફરે** = વિચરણ કરે **જ્યૌ** = જેમ **વાદી ગત્ય શૂન્ય** = શૂન્યવાદીની જેમ, નાસ્તિકની જેમ, જગત કે ઈશ્વર છે જ નહીં એવું માનનાર, નિરીશ્વરવાદી.

### અનુવાદ

**વારંવાર સાંભળીને થયેલા એવા વિદ્વાનોના મંતવ્યના આધારે તેઓ પાપ કે પુણ્ય ગણતા નથી. વળી તેઓ સમજ્યા સિવાય નિરશ્વરવાદીની જેમ અહંકારી બનીને ફરે છે.**

### ભાવાર્થ

વેદાંતી ધર્માચાર્યોની વાણીને વારંવાર સાંભળી સાંભળીને પ્રાપ્ત થયેલી સમજના આધારે બ્રહ્મજ્ઞાની બનેલા પુરુષોના મંતવ્ય મુજબ પાપ કે પુણ્ય જેવું કોઈ કર્મફળ નથી. જેથી કર્મના બંધનોની કોઈ લગામ રહેવા પામી ન હોવાથી તેઓ સાચી સમજના અભાવે વિશ્વમાં એક ગામથી બીજે ગામ, એક રાજ્યથી બીજું રાજ્ય અને એક દેશથી બીજા દેશોમાં ભોળા ભાવિક ભક્તોની શારીરિક સેવા અને સંપત્તિની ઘેલછામાં અહંકારી બનીને ભટક્યા કરે છે.

## શૂન્યવાદી સરખા સબે, જ્ઞાની ભર સબ કોય;
## આપનુ આપ નિજ પતિપદ, જીનું દરશ્યા નવ કોઈ. ૫૪

### શબ્દાર્થ

**શૂન્યવાદી** = શૂન્યવાદમાં માનનાર, નિરશ્વરવાદી **સરખા** = સમાન, સમોવડિયા, પરસ્પર સુમેળ ધરાવતા **સબે** = સર્વ **જ્ઞાની** = જ્ઞાની **ભર** = સહિત **સબ કોય** = સર્વ કોઈ **આપનુ આપ** = પોતાના નિજ ચૈતન

અંશસ્વરૂપ **નિજ પતિપદ** = આદિ કર્તાપદ, મૂળ માલિકનું પદ **જીનું** = જેને **દરશ્યા** = નિહાળ્યા જાણ્યા, ઓળખ્યા **નવ કોઈ** = કોઈ નથી, કોઈ નહીં.

## અનુવાદ

**શૂન્યવાદી અને જ્ઞાની સહિત સર્વ કોઈ એક સરખા જ છે. પોતાનું નિજ ચૈતન અંશસ્વરૂપ અને આદિ કર્તાપદને કોઈએ જાણ્યું નથી.**

## ભાવાર્થ

સર્વ શૂન્યવાદીઓ નિરશ્વરવાદમાં માનતા હોય છે. વળી બ્રહ્મજ્ઞાનીઓ કર્મ બંધનથી થતા પાપ-પુણ્યના ફળમાં માનતા નથી. આમ, બધા શૂન્યવાદીઓ અને બ્રહ્મજ્ઞાનીઓ સહિત સૌની વિચારધારા સમાન જણાય છે. આ બંનેમાંથી કોઈ પણ પોતાના નિજ ચૈતન અંશ સ્વરૂપને અને અંશના સજાતિ એવા આદિ સર્જનહાર કૈવલકર્તાના પદને જાણતા નથી.

**મધ્મમ જ્ઞાનીકી ગમ, જેહી જમ કહી સૂનાય;**
**અબ ઉત્તમ જ્ઞાનિ કહુ, સૂનો સંતગતિ તાય. ૫૫**

### શબ્દાર્થ

**મધ્મમ** = વચલી કોટિની, સાધારણ **જ્ઞાનીકી** = જ્ઞાનીની **ગમ** = સમજ, જ્ઞાન, જાણ **જેહી** = જે **જમ** = જેમ હતી તેમ **કહી** = જણાવી, દર્શાવી **સૂનાય** = સંભળાવી **અબ** = હવે **ઉત્તમ** = શ્રેષ્ઠ, ઊંચી કક્ષાના, ઉત્કૃષ્ટ, મહાન **જ્ઞાનિ** = જ્ઞાનને જાણનારા **કહુ** = કહુ છું **સૂનો** = સાંભળો, શ્રવણ કરો **સંતગતિ** = જેની સમજ સંત પુરુષો જેવી છે **તાય** = તેવા, તેમની, તે.

## અનુવાદ

**મધ્યમ કોટિના જ્ઞાનીઓની સમજ જેવી હતી તેમ કહી સંભળાવી. હવે ઉત્તમ (કોટિના) જ્ઞાની વિષે કહુ છું તે હે સંત ગતિના શ્રોતાઓ ! શ્રવણ કરો.**

## ભાવાર્થ

મધ્યમ કોટિનું જ્ઞાન ધરાવતા જ્ઞાનીજનોની જે પ્રકારની સમજ દૃઢ થયેલી હતી

તે મુજબ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે અગાઉ વર્ણન કર્યું છે. હવે પછી જેમને ઉચ્ચ કક્ષાની સમજ છે એવા શ્રેષ્ઠ જ્ઞાનીપુરુષો વિષે જણાવે છે, જેને સંતગતિના શ્રોતાજનોને એકચિત્તે શ્રવણ કરવા માટે અનુરોધ કરવામાં આવે છે.

**ઉત્તમકે અવિલોકન, ભાગ ત્યાગ કરી ભિન્ન;**
**સાંખ્ય યોગ જુગતે જીનું, ચિતવનકુ તન ચિન. ૫૬**

### શબ્દાર્થ

**ઉત્તમકે** = ઊંચી કક્ષાના, ઉત્કૃષ્ટનું **અવિલોકન** = નિહાળતાં, અવિલોકન કરતાં **ભાગ ત્યાગ** = શાશ્વત અને નાશ્વંતનો ભેદ, સારા-નરસાનો વિચાર વિશ્લેષણ દ્વારા જડનો ત્યાગ **કરી** = કરીને, પાડીને **ભિન્ન** = જુદા, છૂટું **સાંખ્ય યોગ** = શાંખ્ય શાસ્ત્રમાં દર્શાવ્યા મુજબનો યોગ **જુગતે** = યુક્તિપૂર્વકનું જૂક્તિ, ઉપાય, રીત **જીનું** = જેનું **ચિતવનકુ** = ચિત્તમાં થતું ચિતવન **તન** = શરીર **ચિન** = ચિહ્નો, નિશાની, ઓળખ.

### અનુવાદ

**સાંખ્યશાસ્ત્રના યોગ અનુસાર તત્ત્વોના ભાગ-ત્યાગ કરીને યુક્તિપૂર્વક ચિત્તમાં ચિતવન કરતાં ચિહ્નો ઉત્તમ જ્ઞાનીને નિહાળતા જોવા મળે છે.**

### ભાવાર્થ

કોઈ વ્યક્તિ ઉત્તમ જ્ઞાની છે તે તેના લાક્ષણિક ચિહ્નો ઉપરથી નક્કી કરી શકાય છે. આવી ઉત્તમજ્ઞાન ધરાવતી વ્યક્તિને નિહાળતાં શરીરમાં રહેલા નાશવંત તત્ત્વોના વિભાગોનો ભાગ-ત્યાગ કરીને શાંખ્યશાસ્ત્રના આધારે શેષ રહેતા શાશ્વતને ઓળખીને યુક્તિપૂર્વક ચિત્તમાં ચિતવન કરતા જોવા મળે છે.

**ક્ષીતિ જલ પાવક પવનહી, શૂન્ય સહિત તત સંચ;**
**એહી તનકે વૈભાગહી, પોખત પંચે પંચ. ૫૭**

### શબ્દાર્થ

**ક્ષીતિ** = પૃથ્વીતત્ત્વ **જલ** = જળતત્ત્વ **પાવક** = અગ્નિતત્ત્વ **પવનહી** = પવનતત્ત્વ **શૂન્ય** = આકાશતત્ત્વ **સહિત** = મળીને, સાથે **તત** = તત્ત્વોનો **સંચ** = ગુપ્ત કરામત, મેળવણી, સંચિય, સંગ્રહ યુક્તિપૂર્વકની

ગોઠવણ **એહી** = એ **તનકે** = શરીરના, દેહના **વૈભાગહી** = વિભાગોથી **પોખત** = પોખવામાં આવ્યા છે, ભેળવવામાં આવ્યા છે, મેળવણી કરેલી છે **પંચે પંચ** = પાંચે પાંચમાં.

### અનુવાદ

**પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ સહિતના તત્ત્વોનો સમૂહ આ શરીરમાં પાંચે-પાંચ યુક્તિપૂર્વક ભેળવેલા છે.**

### ભાવાર્થ

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ સહિતના મૂળ પાંચ મહાતત્ત્વો છે. આ પાંચે પાંચ તત્ત્વોની મેળવણી આપણા શરીરમાં યુક્તિપૂર્વક મેળવેલી છે. જેમાં મૂળ એક તત્ત્વ હોય તેમાં બાકીના ચાર તત્ત્વોના વિભાગ ભેળવીને મુખ્ય એક તત્ત્વનું બંધારણ કરેલું છે. મૂળ માત્ર માનવશરીરની વાત કરીએ તો મુખ્ય તત્ત્વના આઠ વિભાગ અને અન્ય ચાર તત્ત્વોના પા પા (¼) ભાગ મેળવીને બનેલા બે ભાગ મળી કુલ દસ (૧૦) ભાગનું મુખ્ય તત્ત્વ બનેલું છે.

## અવનિ મેલાઈ અવન્યમે, તોય મેલાવત તોય;
## પવને પવન નભે નભ, તેજે તેજ સમોય. ૫૮

#### શબ્દાર્થ

**અવનિ** = પૃથ્વીતત્ત્વ **મેલાઈ** = મળે છે **અવન્યમે** = પૃથ્વીતત્ત્વમાં **તોય** = જળતત્ત્વ **મેલાવત** = મળે છે **તોય** = જળતત્ત્વમાં **પવને** = પવનમાં **પવન** = પવનતત્ત્વ **નભે** = આકાશમાં **નભ** = આકાશતત્ત્વ **તેજે** = અગ્નિતત્ત્વમાં **તેજ** = અગ્નિતત્ત્વ **સમોય** = સમાય છે.

### અનુવાદ

**પૃથ્વી પૃથ્વીમાં મળે છે, જળ જળમાં મળે છે, પવન પવનમાં, આકાશ આકાશમાં અને અગ્નિ અગ્નિમાં સમાય જાય છે.**

### ભાવાર્થ

સાંખ્યશાસ્ત્રના મત મુજબ શરીરના ભાગ-ત્યાગ કરનાર ઉત્તમ જ્ઞાનીઓના

મતાનુસાર પૃથ્વીતત્ત્વનો વિભાગ મહદ્ પૃથ્વીતત્ત્વમાં, જળતત્ત્વનો વિભાગ મહદ્ જળતત્ત્વમાં, પવનતત્ત્વનો વિભાગ મહદ્ પવનતત્ત્વમાં, આકાશતત્ત્વનો વિભાગ આકાશતત્ત્વમાં અને અગ્નિતત્ત્વનો વિભાગ મહદ્ અગ્નિતત્ત્વમાં મળી જાય છે. આ પ્રમાણે પાંચે પાંચ તત્ત્વો અંતે મહદ્ તત્ત્વોમાં ભળી જાય છે.

**પંચે પંચ મેલાયકે, યા વિધસે તન ઓય;**
**ચૈતનસે ચૈતન મીલી, અહં બ્રહ્મ કહે સોય. ૫૯**

### શબ્દાર્થ

**પંચે પંચ** = પાંચે પાંચ તત્ત્વો **મેલાયકે** = મેળવીને, ભેળવીને **યા વિધસે** = આ પ્રમાણે, આ રીતે **તન** = શરીર **ઓય** = તે, તે બધા **ચૈતનસે** = ચૈતનમાં, ચૈતનથી **ચૈતન** = ચૈતન **મીલી** = મળી જાય છે, મળતાં **અહં બ્રહ્મ** = હું બ્રહ્મ **કહે** = કહે **સોય** = તેઓ, તે મુજબ.

### અનુવાદ

**આ રીતે શરીરના પાંચે પાંચ તત્ત્વો પાંચે પાંચમાં ભળી જાય છે. ચૈતન ચૈતનમાં મળે છે તેથી તેઓ અહં બ્રહ્મ છું. તે મુજબ કહે છે.**

### ભાવાર્થ

વળી આવા બ્રહ્મજ્ઞાની પુરુષો સાંખ્યશાસ્ત્રના આધારે શરીરમાં રહેલા પાંચે પાંચ તત્ત્વોના વિભાગ પાંચ મહદ્તત્ત્વોમાં ભળે છે તેમ કહે છે અંતમાં જે ચૈતન પરમાત્મા છે, તે ચૈતન બ્રહ્મમાં ભળી જાય છે તેવું માને છે. તેથી જ આવા જ્ઞાની પુરુષો ''હું બ્રહ્મ છું'' એ પ્રમાણેનો મત દર્શાવે છે.

**મુવા પીછે કુન અવતરે, કહો કુણ ભુક્તે કર્મ;**
**વહીત વિટંડી થઈ ફરે, યા વિધિકે લહી મર્મ. ૬૦**

### શબ્દાર્થ

**મુવા પીછે** = મૃત્યુ પામ્યા પછી, મરણ થયા પછી **કુન** = કોણ **અવતરે** = અવતાર ધારણ કરે, જન્મ લે **કહો** = કહો **કુણ** = કોણ **ભુક્તે** = ભુક્તમાન કરે, ભોગવે **કર્મ** = ઇન્દ્રિય દ્વારા થતા કાર્યો, પ્રવૃત્તિ **વહીત** = વહીતળ, અસ્થિર મગજ **વિટંડી** = ખોટા વાદ-વિવાદી, પાખંડી, ઢોંગી, દંભી, આડંબરી

**થઈ ફરે** = થઈને ફરે છે **યા વિધિકે** = આ પ્રમાણેનો **લહી** = જાણી, ગ્રહણ કરી **મર્મ** = ભેદ, રહસ્ય, સત્વ, જ્ઞાન, સમજ.

## અનુવાદ

**આ પ્રમાણેની સમજ ગ્રહણ કરીને તેઓ વહીતળ અને વિતંડી થઈને ફરે છે તો પછી મૃત્યુ બાદ કોણ જન્મે છે ? કોણ કર્મો ભોગવે છે ? તે કહો !**

## ભાવાર્થ

આવા અહં બ્રહ્માસ્મિ માનવાવાળા મહાપુરુષો પોતાની મૂળ સમજને ગ્રહણ કરીને વિશ્વમાં વહીતળ તથા વિતંડી થઈને ફરતા હોય છે. શ્રીમત્ કરુણાસાગર તેઓને પ્રશ્ન પૂછે છે કે વ્યક્તિ મરણ પામ્યા પછી કોણ જન્મ ધારણ કરે છે ? વળી દેહ દ્વારા સત્કર્મો અને દુષ્કર્મોનું ફળ પાપ અને પૂણ્યના સ્વરૂપે કોણ ભોગવે છે ? તેનો જવાબ પૂછવામાં આવે છે.

**પણ ચૈતન નહીં આપનપુ, નિજપતિ બ્રહ્મ ન સોય;**
**જબ તીનકે એકતાયસે, અંશ મુક્ત નવ હોય. ૬૧**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **ચૈતન** = ચૈતન **નહીં** = નહીં **આપનપુ** = પોતાનું સ્વ-ચૈતન અંશસ્વરૂપ **નિજપતિ** = સકર્તા પતિ સર્જનહાર, કૈવલપતિ **બ્રહ્મ** = સચરાચર વ્યાપક બ્રહ્મ **ન** = નહીં, નથી **સોય** = તે **જબ** = જ્યારે, તેથી **તીનકે** = તેઓની, તેમની **એકતાયસે** = એકતા થવાથી, ભળવાથી **અંશ** = દેહનો સ્વામી, સજાણજાણ સ્વ-ચૈતન અંશસ્વરૂપ **મુક્ત** = જન્મ-મરણના બંધનમાંથી છૂટો **નવ** = ના, નહીં **હોય** = થાય.

## અનુવાદ

**પરંતુ ચૈતન છે તે આપણું અંશસ્વરૂપ નથી અને બ્રહ્મ નિજ સકર્તા પતિ ન હોઈ શકે, જેથી તેઓની એકતાથી અંશ મુક્ત થાય નહીં.**

## ભાવાર્થ

પરંતુ ચૈતન આત્મા છે તે શરીરના સ્વામી સ્વરૂપે રહેલા સકર્તાપતિ સર્જનહારનો

સજાતીય અંશસ્વરૂપ ન કહી શકાય. બ્રહ્માંડમાં જે સચરાચર વ્યાપક સકર્તા બ્રહ્મ છે તે કદી પણ નિજ સકર્તાપતિ હોઈ ન શકે. એટલે પરમાત્મા અને બ્રહ્મ બંને ભળવાથી આપનપુ અંશસ્વરૂપ છે, તેનું જન્મ-મરણ ટળી શકતું નથી કે કદાપી અખંડ મોક્ષ થઈ શકતો નથી.

**તત્ત્વ મીલે જ્યૌ તત્ત્વસે, યૌ ચૈતન ઓરુ બ્રહ્મ;**
**એ દોહુનકે સાક્ષીયનકે, તેહુ જાનત નહીં મર્મ. ૬૨**

**શબ્દાર્થ**

**તત્ત્વ** = તત્ત્વ **મીલે** = મળે, ભળે **જ્યૌ** = જેમ, જેવી રીતે **તત્ત્વસે** = તત્ત્વથી, તત્ત્વમાં **યૌ** = તેમ, એમ **ચૈતન** = પ્રણવ (આત્મા-પરમાત્મા) **ઓરુ** = અને **બ્રહ્મ** = સચરાચર વ્યાપક અકર્તા બ્રહ્મ **એ દોહુનકે** = એ બંનેનો **સાક્ષીયનકે** = દષ્ટાને **તેહુ** = તેઓ **જાનત** = જાણતા **નહીં** = નથી **મર્મ** = રહસ્ય, ભેદ, ગૂઢાર્થ, ગુપ્ત અર્થ.

**અનુવાદ**

**જેવી રીતે તત્ત્વ તત્ત્વમાં ભળે, તેવી જ રીતે ચૈતન અને બ્રહ્મ ભળી જાય છે, પરંતુ તે બંનેનો જે સાક્ષી છે તેના મર્મને કોઈ જાણતું નથી.**

**ભાવાર્થ**

બ્રહ્મજ્ઞાની પુરુષોના મંતવ્ય મુજબ શરીરના જે અલ્પ તત્ત્વો છે તે મહદ્ તત્ત્વોમાં ભળી જતા હોય છે. એ જ રીતે ચૈતન પ્રણવનું (આત્મા અને પરમાત્મા) સ્વરૂપ છે તે પણ બ્રહ્મમાં ભળી જાય છે. આ રીતે તત્ત્વો અને આત્મા-પરમાત્માના સાક્ષી રૂપે જે રહેલો છે, તેના મર્મને કોઈ બ્રહ્મજ્ઞાની જાણતા નથી.

**જેહી સાક્ષી નિજ આપનપુ, નિજપતિ અંશ અલેખ;**
**ચૈતન ઓરુ ચિદ્ બ્રહ્મકે, જાનનહાર સલેખ. ૬૩**

**શબ્દાર્થ**

**જેહી** = જે **સાક્ષી** = દષ્ટા, સાહેદી **નિજ** = પોતાનું **આપનપુ** = અંશસ્વરૂપ **નિજપતિ** = સકર્તાપતિનો, નિજ કર્તાનો **અંશ** = સજાણજાણ અંશસ્વરૂપ **અલેખ** = અવર્ણનીય **ચૈતન** = ચૈતન પ્રણવ **ઓરુ** = અને

**ચિદ્ બ્રહ્મકે** = ચિદાકાર બ્રહ્મને **જાનનહાર** = જાણવાળો **સલેખ** = વર્ણન થઈ શકે તેવું, વર્ણનીય.

## અનુવાદ

**જે સાક્ષીરૂપ નિજ આપનપુ અંશ છે તે નિજ કર્તાનો અંશ છે, જે અવર્ણનીય છે. વળી, તે વર્ણનીય એવા ચૈતન પ્રણવ અને બ્રહ્મને જાણનારો છે.**

## ભાવાર્થ

શરીરમાં સાક્ષી સ્વરૂપે જે આપનપુ અંશસ્વરૂપ છે તે સકર્તાપતિ સર્જનહાર કૈવલકર્તાનો અંશ છે. તે તત્ત્વાતીત હોવાથી વર્ણન થઈ શકતું નથી અર્થાત્ તે અવર્ણનીય છે. જ્યારે જેનું વર્ણન કરી શકાય એવા આત્મા-પરમાત્મા સ્વરૂપે રહેલા ઓહંગ અને સોહંગ પ્રાણાયમ તેમજ તે જેના સજાતિ છે એવા મહદ્ ચિદાકાર અકર્તાબ્રહ્મને જાણવાવાળો આપનપુ અંશ છે.

**તેહી જાનન જાન્યે બિના, જ્ઞાની સકલ ઉમંગ;**
**જ્યૌ પતિ બિનું કુંવારિકા, મોદ ધરત કરી સ્વાંગ. ૬૪**

### શબ્દાર્થ

**તેહી** = તે **જાનન** = જાણ્યને, ગુપ્તાર્થને, સમજને **જાન્યે બિના** = જાણ્યા સિવાય **જ્ઞાની** = બ્રહ્મજ્ઞાની પુરુષો **સકલ** = સર્વ **ઉમંગ** = આનંદમાં, ઉલ્લાસમાં **જ્યૌ** = જેમ કે **પતિ બિનું** = સ્વામી વિના, ભરથાર વગર, ધણી સિવાય **કુંવારિકા** = કુંવારી કન્યા, અપરણિતા **મોદ** = આનંદ, હર્ષ, ઉમંગ **ધરત** = ધારણ **કરી** = કરીને **સ્વાંગ** = શણગાર સજીને બેઠેલી પરણેતરનાં આભૂષણોઃ મંગળસૂત્ર, ચૂડી, ચાંદલો, સેંથો વિગેરે.

## અનુવાદ

**તે જ્ઞાનને જાણ્યા વિના સર્વ જ્ઞાનીઓ ઉમંગમાં રહે છે. જેમ કે, ધણી વિના કુંવારિકા પરણિતાના આભૂષણો પહેરીને આનંદ કરે છે.**

## ભાવાર્થ

જેમ સંસારમાં કોઈ કુંવારી કન્યા પતિ ન હોવા છતાં પણ પોતાના

અંગ ઉપર પરણિતાના આભૂષણો જેવાં કે ચૂડી, ચાંદલો, સેંથો, મંગળસૂત્ર વિગેરેનો શણગાર સજીને આનંદપૂર્વક રહે છે. તેમ એવા મિથ્યા આનંદને માણવાવાળા બ્રહ્મજ્ઞાની પુરુષો છે. ચૈતન પ્રણવ અને અકર્તા ચિદાકાર બ્રહ્મના સાક્ષી સ્વરૂપ રહેલા અંશને જાણ્યા સિવાય સદાને માટે તેઓ ઉમંગમાં રમણ કરે છે.

**એકહી બ્રહ્મ સતંતર, મુખસે કહત જનાય;**
**સુનકાદિક સુખ તરી ગયે, તો ક્યૌ જક્ત રહાય. ૬૫**

**શબ્દાર્થ**

**એકહી** = એક જ **બ્રહ્મ** = સચરાચરવ્યાપક બ્રહ્મપ્રકાશ **સતંતર** = સર્વવ્યાપક, અપરિચ્છિન, સર્વત્ર પથરાયેલો **મુખસે** = મુખ દ્વારા, મૌખિક **કહત** = કહેતા **જનાય** = જણાય છે **સુનકાદિક** = બ્રહ્મપુત્ર સનકાદિકો **સુખ** = શુકદેવ **તરી ગયે** = તરી ગયા, ભવપાર થઈ ગયા **તો** = તો **ક્યૌ** = શા માટે ? કેમ ? **જક્ત** = જગત, વિશ્વ **રહાય** = રહી ગયું.

**અનુવાદ**

**એક બ્રહ્મ સર્વત્ર વ્યાપક છે તેવું મુખેથી કહેતા જણાય છે. સુનકાદિક અને શુકદેવ તરી ગયા તો પછી જગત કેમ રહી ગયું ?**

**ભાવાર્થ**

બ્રહ્મજ્ઞાનીઓનો દાવો છે કે 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' છે, એક જ બ્રહ્મ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપક (અપરિચ્છિન) રહેલું છે. વળી તેઓ પોતે પણ બ્રહ્મરૂપ છે. આ પ્રમાણે તેમના મુખથી કહેતાં તેઓ ખચકાતા નથી. જો બધું જ બ્રહ્મસ્વરૂપે હોય તો આદિ કાળમાં બ્રહ્મના પુત્રો સુનકાદિકો અને શુકદેવ સંસારથી વિરક્ત થઈને ભવપાર થઈ ગયા તો પછી સંસારના બધા જ જીવો તરી જવા જોઈતા હતા, પરંતુ બીજા બધા જીવો તો સંસાર-સાગરમાં જ ભટક્યા કરે છે.

**એક હોય તો સબ તરે, સંત સહિત સંસાર;**
**આન્ય બિના કુન ઉગરે, ભુગતત નરક મોઝાર. ૬૬**

### શબ્દાર્થ

**એક** = એક જ **હોય તો** = હોય તો **સબ** = બધા જ, સર્વ **તરે** = ભવપાર થાય **સંત** = સંત પુરુષ **સહિત** = સહિત, સુદ્ધાં, સાથોસાથ **સંસાર** = જગત, વિશ્વ **આન્ય** = જુદા, બીજા **બિના** = સિવાય, વિના **કુન** = કોણ **ઉગરે** = ભવપાર થાય **ભુગતત** = ભોગવે **નરક** = નર્ક, પાપોને ભોગવવા માટેનું સ્થાન, મુઆ પછી અવગતિએ જનાર જીવોને પીડાજનક દુઃખ ભોગવવા માટેના લોક જે કુલ અઠ્ઠાવીસ છે **મોઝાર** = મોં, મધ્યે.

### અનુવાદ

**બધા જ જીવો એક બ્રહ્મરૂપ હોય તો સંત સહિત સંસારના સર્વ ભવપાર થાય. તે સિવાય બીજા કોણ ઉગરે ? વળી નરકમાં જઈ યાતના કોણ ભોગવે ?**

### ભાવાર્થ

વિશ્વમાં બધા જ જીવો એક બ્રહ્મરૂપ હોય તો સંત પુરુષોની આદ્ય લઈ સંસારના સર્વ જીવાત્માઓ ભવપાર થઈ જાય. જો બધા જ ભવપાર થઈ જાય તો કોઈ સંસારમાં રહેવા પામે નહીં. આ રીતે બીજા કોઈ જીવો હોય જ નહીં તો પછી તેમના સિવાય સંસારમાં સત્ કર્મો કરીને ઉગરવાના કોણ? વળી દુષ્કર્મોના ફળ સ્વરૂપે અઠ્ઠાવીસ પ્રકારના નર્કકુંડોમાં જઈ યાતના કોણ ભોગવે ?

**ઓર સંત અગનિત ગને, ભયે મુક્ત હોય શીવ;**
**એક હુતા તો ક્યૌ રહ્યા, અન્ય સકલ સબ જીવ. ૬૭**

### શબ્દાર્થ

**ઓર** = બીજા, અન્ય **સંત** = સંત પુરુષો **અગનિત** = ગણી ન શકાય એટલા **ગને** = ઘણા **ભયે** = થયા **મુક્ત** = ભવપાર મોક્ષગતિ **હોય** = થયા **શીવ** = શિવગતિને પામ્યા, જ્ઞાન-દશાને પામ્યા **એક હુતા તો** = એક જ બ્રહ્મસ્વરૂપે હતા તો **ક્યૌ** = કેમ ? શા માટે ? **રહ્યા** = રહ્યા **અન્ય** = બીજા **સકલ** = સર્વ, બધા, તમામ **સબ** = સર્વ **જીવ** = જીવદશા ભોગવવાવાળા.

### અનુવાદ

**અન્ય અગણિત સંતો ભવપાર થઈને શિવદશાને પામ્યા છે. જો બીજા બધા સૌ એક બ્રહ્મસ્વરૂપના જીવો હતા તો અન્ય જીવો બાકી કેમ રહી ગયા ?**

### ભાવાર્થ

વિશ્વમાં અન્ય અગણિત સંત-પુરુષો જીવદશામાંથી મુક્ત થઈને શિવદશા પામ્યા છે. જો તે બધા જ જીવો એક બ્રહ્મ સ્વરૂપે હોત તો, જે સંતો શિવદશાને પામ્યા તેમ અન્ય જીવો પણ શિવદશાને પામવા જોઈતા હતા. પરંતુ બધા જીવો શિવદશાને પામ્યા નહીં. જીવદશાના જીવો ભવદુઃખ ભોગવીને સંસારમાં જ શા માટે રહ્યા ?

**રામ-કૃષ્ણ વ્યાસાદિક, કપિલદેવ દત્ત રુપ;**
**અષ્ટાવક્ર શંકર ધર, ભયે ઈષ્ટ ભવભૂપ. ૬૮**

### શબ્દાર્થ

**રામ** = દશરથ પુત્ર શ્રીરામ **કૃષ્ણ** = વાસુદેવ પુત્ર શ્રીકૃષ્ણ **વ્યાસાદિક** = વ્યાસમુનિ વગેરે **કપિલદેવ** = કપિલમુનિ **દત્ત** = દત્તાત્રેય **રુપ** = સ્વરૂપ, દેહધારી **અષ્ટાવક્ર** = જેના આઠ અંગો વાંકા હતા તેવા વિદ્વાન ઋષિ **શંકર** = આદ્ય શંકરાચાર્ય **ધર** = પૃથ્વીને ધારણ કરનાર શેષજી **ભયે** = થયા **ઈષ્ટ** = મહાન, શ્રેષ્ઠ **ભવભૂપ** = પૃથ્વીના રાજા, ભૂપતિ, જગતના નરેશ.

### અનુવાદ

**શ્રી રામ, શ્રી કૃષ્ણ, વ્યાસમુનિ, કપિલમુનિ, દત્તાત્રેય, અષ્ટાવક્ર, આદ્ય શંકરાચાર્ય અને શેષજી મહાન ભૂપતિ થઈ ગયા.**

### ભાવાર્થ

વિષ્ણુના અવતાર એવા શ્રીરામ, શ્રીકૃષ્ણ અને દત્તાત્રેય તથા અઢાર પુરાણ, ભાગવત અને મહાભારત રચયિતા શ્રી વ્યાસજી, સાંખ્ય શાસ્ત્રના રચયિતા શ્રી કપિલમુનિ, આઠ અંગ જેના વાંકા હતા તેવા વિદ્વાન અષ્ટાવક્ર, આદ્ય શંકરાચાર્ય અને પૃથ્વીને ધારણ કરનાર શેષજી સહિતના રાજાની જેમ પૃથ્વી પરના જીવો ઉપર પ્રભાવ ધરાવતા સર્વ મહાન થઈ ગયા.

**વેદ પુરાન પ્રસિદ્ધ પદ, જાનત સબ મહિમાય;**
**એક હુતે ક્યૌ ના ભયે, સકલ જીવ સમતાય. ૬૯**

### શબ્દાર્થ

**વેદ** = બ્રહ્માજી દ્વારા ઉચ્ચારાયેલા ચાર વેદો **પુરાન** = વ્યાસજી દ્વારા રચિત અઢાર પુરાણો **પ્રસિદ્ધ** = જાહેર, પ્રખ્યાત **પદ** = પદવી, સ્થાન, સ્વરૂપ, દરજ્જો **જાનત** = જાણે છે **સબ** = સર્વ **મહિમાય** = મહિમા, યશ, કીર્તિ, મહત્તા, મોટાઈ, શ્રેષ્ઠતા, વિસ્તાર, ફેલાવો **એક** = એક બ્રહ્મ સ્વરૂપે, એકતા ધરાવતા **હુતે** = હતા **ક્યૌ** = શા માટે, કેમ **ના ભયે** = ન થયા **સકલ** = સર્વ, તમામ **જીવ** = જીવો **સમતાય** = સરખા, સમાન.

### અનુવાદ

**વેદ અને પુરાણોમાં જેઓ પ્રસિદ્ધ દરજ્જો પામ્યા છે તેમનો મહિમા સર્વ જાણે છે. જો બધાં એક બ્રહ્મ સ્વરૂપે હોય તો સર્વ જીવો સમાન કેમ ન થયા ?**

### ભાવાર્થ

બ્રહ્માજી દ્વારા ઉચ્ચારેલા ચાર વેદો અને વ્યાસજી દ્વારા રચિત અઢાર પુરાણોમાં જેઓ પ્રસિદ્ધ પદવીને પામ્યા છે તેઓની ગાથા જગતમાં સર્વજીવો જાણે છે. જો બ્રહ્મજ્ઞાનીના મત અનુસાર બધા જ બ્રહ્મસ્વરૂપે હોય તો બધા જ જીવો સમાન હોવા જોઈએ, પરંતુ તે એક સરખા કેમ ન થયા ?

## મછ કછ વેરાહ વ્યાઘ્રહી, પશુ જોન્ય અવતાર;
## એક હુતે ક્યૌ ના ભયે, ઓર પશુ સમ તાર. ૭૦

### શબ્દાર્થ

**મછ** = મચ્છાવતાર **કછ** = કચ્છાવતાર **વેરાહ** = વરાહ અવતાર **વ્યાઘ્રહી** = નૃસિંહ અવતાર **પશુ** = પશુ **જોન્ય** = યોનિ, જાતિ **અવતાર** = અવતરણ **એક હુતે** = એક જ બ્રહ્મસ્વરૂપ હોત તો **ક્યૌ** = કેમ? શા માટે? **ના ભયે** = ના થયા **ઓર** = અને, બીજા **પશુ** = પશુ **સમ** = સમાન, સરખા **તાર** = પરંપરા, અનુક્રમ, એક પછી એક.

### અનુવાદ

**મચ્છાવતાર, કચ્છાવતાર, વરાહઅવતાર અને નૃસિંહઅવતાર પશુ યોનિના અવતાર છે. જો એક સ્વરૂપે (બ્રહ્મ) હોત તો બીજા પશુ પરંપરાગત તેમના સમાન કેમ ના થયા ?**

### ભાવાર્થ

પૃથ્વી પર વિષ્ણુના કુલ ચોવીસ અવતાર થયા એમ માનવામાં આવે છે. તે પૈકીના મચ્છાવતાર, કચ્છાવતાર, વરાહ અવતાર અને નૃસિંહ અવતાર પશુ યોનિમાં જન્મ ધારણકરીને થયા છે. બ્રહ્મજ્ઞાનીઓના મત મુજબ બધા બ્રહ્મસ્વરૂપે એક જ હોય તો બીજા પશુઓ પરંપરાગત તેમના સમાન અવતાર રૂપ કેમ ના થયા ?

**કોઈક સંત જબ કહતહી, અખિલ બ્રહ્મ સંસાર;**
**નિગમ આમન્યા ક્યાંહાં રહી, તબ શીખ દેવન સાર. ૭૧**

### શબ્દાર્થ

**કોઈક** = કોઈ કોઈ **સંત** = સંત પુરુષો **જબ** = જ્યારે **કહતહી** = કહે છે કે **અખિલ** = સમસ્ત, સઘળું **બ્રહ્મ** = સચરાચર વ્યાપક સકર્તા બ્રહ્મપ્રકાશ **સંસાર** = જગત **નિગમ** = બ્રહ્માજી વદીત ચાર વેદો **ામન્યા** = મર્યાદા, આજ્ઞાધીનતા, મલાજો, વિવેક **ક્યાંહાં** = ક્યાંહાં **રહી** = રહી **તબ** = ત્યારે, તો **શીખ** = શિખામણ, બોધ, શિક્ષા, સલાહ **દેવન** = દેવા, આપવા **સાર** = સત્વ, ઉદ્દેશ, મર્મ, સારાંશ, તાત્પર્ય.

### અનુવાદ

**કોઈક સંત જ્યારે કહેતા હોય કે સમસ્ત સંસાર બ્રહ્મરૂપ છે તો પછી વેદની આમન્યા ક્યાં રહી ?**

### ભાવાર્થ

જો કોઈ બ્રહ્મજ્ઞાની સંતપુરુષ જ્યારે એમ કહેતા હોય છે કે સમસ્ત સંસાર બ્રહ્મરૂપ છે, તો પછી વેદમાં બ્રહ્મ માટે જે રીતે રજૂઆત કરી છે તે મુજબના તેના (વેદના) સારાંશની આમન્યા જ ક્યાં રહેવા પામી ?

**એક તાંહાં કોહો કેહુનકુ, સમજે ઓર સમજાય;**
**સકલ જ્ઞાન ગમ શાસ્તર, કીનેહુ કવન ઉપાય. ૭૨**

### શબ્દાર્થ

**એક** = એક **તાંહાં** = ત્યાં **કોહો** = કહો **કેહુનકુ** = કોણ, કોણે **સમજે** = સમજે **ઓર** = અને **સમજાય** = સમજાય (સમજાવે) **સકલ** = સર્વ, તમામ **જ્ઞાન** = જ્ઞાન **ગમ** = સમજ, સમજણ **શાસ્તર** = શાસ્ત્રો

**કીનેહુ** = કર્યા, રચ્યા **કવન** = કોના, ક્યા **ઉપાય** = કારણ, ઈલાજ, યુક્તિ, મહેનત, પ્રયાસ, શ્રમ, યત્ન.

## અનુવાદ

**જો એક જ (બ્રહ્મ) હોય તો સમજે કોણ ? અને સમજાવે કોને ? વળી સર્વને જ્ઞાનની સમજ આપનાર શાસ્ત્રોની રચના કોના ઉપાય માટે કરી હશે ?**

## ભાવાર્થ

બ્રહ્મજ્ઞાનીઓના મત મુજબ જો બધું જ બ્રહ્મમય હોય અને બીજું પદ જ ન હોય તો સર્વને જ્ઞાનની સમજ આપનારા છ શાસ્ત્રોના રચયિતા જ્ઞાની પુરુષોએ જે પ્રમાણે રચના કરી છે તે કોના માટે અને ક્યા કારણસર કરી હશે ? વળી આ જ્ઞાનને કોણ સમજે ? અને કોની સમજ માટે આવી રચના કરવામાં આવી હશે ? તે કહો.

**કો અજ્ઞાની તેહુનકુ, લક્ષ લખાવન જ્ઞાન;**
**કહનહાર જ્ઞાની કોહો, એક માંહી અવિલાન. ૭૩**

### શબ્દાર્થ

**કો** = કોણ **અજ્ઞાની** = અણસમજુ, અજાણ, જ્ઞાન વગરના **તેહુનકુ** = તેમને માટે, તેમનામાં **લક્ષ** = અંતિમ ધ્યેય, કેન્દ્ર બિંદુ, સારાંશ રૂપ પદ **લખાવન** = લખાવવાવાળુ **જ્ઞાન** = જ્ઞાન, સમજ **કહનહાર** = કહેવાવાળા **જ્ઞાની** = સમજ, જ્ઞાની **કોહો** = કહો, કોણ **એક માંહી** = એકમાં, એકની અંદર **અવિલાન** = સમજ, અવલોકનથી પ્રાપ્ત કરેલ નિર્ણય, સિદ્ધમત.

## અનુવાદ

**અજ્ઞાની કોણ ? અને તેમને લક્ષ સમજાવવાવાળું (લખાવવાવાળું) જ્ઞાન કહેનાર જ્ઞાની કોણ ? જો એક જ હોય તો તેમાં અવિલાન કોણ કોનું કરે ?**

## ભાવાર્થ

જો બધા બ્રહ્મસ્વરૂપે એક સરખા જ હોય તો પછી જગતમાં અજ્ઞાની કોણ હોઈ શકે ? વળી એવા અજ્ઞાનીઓને લક્ષ સમજાવવાવાળા (લખાવવાવાળા) જ્ઞાન કહેનાર

જ્ઞાનીજનો કેવી રીતે અને કોણ હોઈ શકે ? જો એક સમાનતા સર્વમાં રહેલી હોય તો પછી તેમાં કોણ કોનું અવિલાન કરે ?

**પુનિ એકમાંહી ભિન્ન ભિન્ન, સુખ દુઃખ કુણ ભુગતંત;**
**ચહે જીવ સમ ઈશ્વર, જો હોય એક હી તંત. ૭૪**

### શબ્દાર્થ

**પુનિ** = વળી **એકમાંહી** = એક જ હોય તો તેમાં **ભિન્ન ભિન્ન** = જુદા-જુદા, અલગ-અલગ **સુખ** = સત્ કર્મની સિદ્ધિનો આનંદ, સંતોષ, શાંતિ **દુઃખ** = દુષ્કર્મોની પીડા, અશાંતિ, સંકટ, આપત્તિ **કુણ** = કોણ **ભુગતંત** = ભોગવે, ભુક્તમાન કરે **ચહે** = રહેવા પામે, યાદે ઈચ્છા રાખે **જીવ** = જીવવૃત્તિવાળા **સમ** = સરખા, સમાન **ઈશ્વર** = ઐશ્વર્યવાન **જો** = જો **હોય** = હોય **એક હી** = એક સમાન, એક જ **તંત** = શરીર, ઘાટ, દેહ.

### અનુવાદ

**વળી એકરૂપમાં જુદા-જુદા સુખ દુઃખ કોણ ભોગવે ? જો એક જ શરીર હોય તો જીવ અને ઈશ્વર સરખાં જ રહે ?**

**જીવ અને ઈશ્વરના જો એક જ સરખા શરીર હોય તો એક સરખા રૂપમાં સુખ અને દુઃખ એમ જુદું જુદું કોણ ભોગવે ?**

### ભાવાર્થ

વળી જો એક જ બ્રહ્મસ્વરૂપે જગતના સર્વ જીવો હોય તો પછી સંસારમાં ઘણા જીવો સુખી અને ઘણા જીવો દુઃખી થઈને જુદા-જુદા સુખ-દુઃખ ભોગવતા હોય છે તેનું શું ? જો એક બ્રહ્મમય દરેકના શરીર હોય તો પછી સંસારમાં જીવ અને ઈશ્વરનો ભેદ જે જણાય છે તે ન હોવો જોઈએ. તેમ જ બધા એક સરખા દેહ ધારણ કરનારા હોવા જોઈએ.

**સબકે તન એક સરીખે, જીવ ઓર ઈશ પ્રજંત;**
**જીવ ગત કછુ ન જાનત, ઈશ્વર ગતિ સતંત. ૭૫**

### શબ્દાર્થ

**સબકે** = સર્વના, દરેકના, તમામના **તન** = શરીર, દેહ, ઘાટ **એક સરીખે** = એક સરખા **જીવ** = જીવવૃત્તિવાળા **ઓર** = અને **ઈશ** = ઐશ્વર્યતા ધરાવતા, ઈશતા પ્રાપ્ત કરનાર **પ્રજંત** = ઉત્પત્તિ, પ્રજોત્પતિ, સંતતિ **જીવ** = જીવ દશાવાળા **ગત** = ગતિ, સમજ, જ્ઞાન **કછુ** = કાંઈ પણ **ન** = નથી, નહીં **જાનત** = જાણતા **ઈશ્વર** = ઐશ્વર્યવાન ગતિવાળા ઐશ્વર્યતા ધરાવનારની **ગતિ** = સમજ, જ્ઞાન **સતંત** = એક સરખી, જોડાયેલી, સ્વતંત્ર, સતેજ.

### અનુવાદ

**શરીર અંગે જીવ અને ઈશ્વરની ઉત્પત્તિ એક સરખી છે, પરંતુ જીવગતિવાળા અજ્ઞાની અને ઈશ્વર ગતિવાળા જ્ઞાનથી સતેજ હોય છે.**

### ભાવાર્થ

જીવ હોય કે ઈશ્વર, પરંતુ તેઓની ઉત્પત્તિનો ક્રમ ચાર ખાણ પૈકીનો જ હોય છે. બંનેના શરીરની ઉત્પત્તિ ગર્ભયોનિ દ્વારા નીચી નાડે ઊંધા મસ્તકે જ એક સરખી રીતે થતી હોય છે, પરંતુ તે પૈકીના જે જીવ ગતિવાળા શરીર છે તે અજ્ઞાની અને જાણમાં અણ સમજુ હોય છે, જ્યારે ઈશ્વરીય અવતારાદિક મહાપુરુષો જ્ઞાની અને સમજમાં સતેજ જોવા મળે છે.

**એક હોય તો સબનકી, ગતિ સતંતર હોય;**
**જીવ ઈશ્વર લ્યહુ સરભર, અધિક નૂન્ય નહીં કોય. ૭૬**

### શબ્દાર્થ

**એક હોય તો** = એક રૂપ હોય તો **સબનકી** = સૌની, બધાની, તમામની **ગતિ** = સમજ, જ્ઞાન, બુદ્ધિ **સતંતર** = સમાન, એકરૂપતા ધરાવતી, અભેદ, એકાત્મક **હોય** = હોય **જીવ** = જીવ વૃત્તિવાળા **ઈશ્વર** = ઐશ્વર્યતાવાળા **લ્યહુ** = બધા જ, સુધીના, સહિત **સરભર** = સમઘાત, પુરેપુરું, બરાબર **અધિક** = વધારે, વિશેષ **નૂન્ય** = ઓછું, સૂક્ષ્મ **નહીં** = નહીં **કોય** = કોઈ પણ.

### અનુવાદ

**એકરૂપ હોય તો સૌની સમજ એકાત્મક હોય. જીવ અને ઈશ્વરની આદ્ય લઈ સર્વ સમઘાત હોય જેથી મોટા કે નાના કોઈ હોય જ નહીં.**

### ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડ જો એક બ્રહ્મરૂપ હોય તો દરેકની સમજ એકરૂપતા ધરાવતી હોવી જોઈએ. વળી જીવ હોય કે ઈશ્વર, પરંતુ તેમનામાં સર્વ બાબતની સમાનતા હોવી જોઈએ. તેઓમાં કોઈ મહાન તો કોઈ નાનું એમ નાનાં-મોટાનો ભેદ હોવો જોઈએ નહીં.

**એક હોય તો એહી વિધિ, ચહે સતંતર સોય;**
**યા તો સબ ભિન્ન ભિન્ન લગે, અધિક નૂન્ય જગ જોય. ૭૭**

### શબ્દાર્થ

**એક હોય તો** = એકરૂપ હોય તો, બ્રહ્મમય હોય તો **એહી વિધિ** = આ પ્રમાણે, એ રીતે **ચહે** = રહે, હોય **સતંતર** = એક સરખા, સમઘાત **સોય** = તે **યા તો** = અહીંયાં તો, એ તો **સબ** = બધા, તમામ, સર્વ **ભિન્ન ભિન્ન** = જુદા-જુદા, અલગ-અલગ **લગે** = લાગે છે, જણાય છે, દેખાય છે **અધિક** = વિશેષ, મોટા **નૂન્ય** = નાના, સૂક્ષ્મ **જગ** = જગત, વિશ્વ, સંસાર **જોય** = જણાય, દેખાય, જણાતાં, જોતાં.

### અનુવાદ

**એકરૂપ હોય તો આ પ્રમાણે તે બધા એક સમઘાત રહે, પરંતુ આ તો બધા જુદા-જુદા લાગે છે અને જગતમાં નાનાં-મોટાં જણાય છે.**

### ભાવાર્થ

બ્રહ્મજ્ઞાનીઓના મત મુજબ બધું જ એક બ્રહ્મરૂપ હોય તો બધા સમઘાત રહેવા જોઈએ, પરંતુ તેમ જણાતું નથી. જગતમાં બધા જુદા-જુદા લાગે છે. અર્થાત્ વિશ્વમાં કોઈ નાનું તો કોઈ મોટું એમ ન્યૂનાધિક જણાય છે.

**તબત્યે સબ જ્ઞાની મુનિ, પરમહંસ લહુ તાય;**
**એક બ્રહ્મ જેહી કહત હો, કહો અનુભવ તીનુ ન્યાય. ૭૮**

### શબ્દાર્થ

**તબત્યે** = તેથી, તેટલા માટે **સબ** = બધા, સર્વ **જ્ઞાની** = જ્ઞાની પુરુષો **મુનિ** = મુનિજનો **પરમહંસ** = પરમહંસ, સંન્યાસી **લહુ** = સુધીના, સહિત **તાય** = તમો, તે **એક બ્રહ્મ** = એક બ્રહ્મરૂપ

**જેહી** = જે, જે રીતે **કહત હો** = કહો છો **કહો** = કહો **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, સીધા પરિચયથી આવેલી સમજ, સમજણ શક્તિ **તીનુ** = તેનો **ન્યાય** = ઈન્સાફ, ખરું ખોટું તપાસીને વ્યાજબીપણાથી ફેંસલો કરવો તે, પ્રમાણ દ્વારા વસ્તુની પરીક્ષા.

## અનુવાદ

**તેટલા માટે હે પરમહંસની આદ્ય લઈ સર્વ જ્ઞાની અને મુનિજનો ! એક બ્રહ્મરૂપ જે કહો છો, તેનો ન્યાયપૂર્વક અનુભવ કહો.**

## ભાવાર્થ

વિશ્વમાં જણાતી સાચી અને વિવિધતાભરી તફાવતવાળી વ્યક્તિઓના સમૂહને નિહાળતાં એક પ્રતિવાદી તરીકે ઘણા ઘણા સવાલો બ્રહ્મજ્ઞાનીઓને બ્રહ્મ સિદ્ધાંતનો ખુલાસો કરવા પૂછવામાં આવે છે. બ્રહ્મજ્ઞાનમાં વિદ્વતાનો ઠેકો લઈને બેઠેલા પરમહંસોની આદ્ય લઈ બ્રહ્મજ્ઞાની, બ્રહ્મવેત્તા બ્રહ્મમય અને બ્રહ્મદર્શી પુરુષો તેમજ મુનિજનો સહિત સર્વને પૂછવામાં આવે છે કે બધું જ એક બ્રહ્મરૂપ હોય તો આવી વિવિધતા અને ન્યૂનાધિક તફાવત અંગે પોતાની સમજણશક્તિથી ખરા ખોટાને તપાસીને વ્યાજબીપણાથી ફેંસલો કરવો જોઈએ.

**અનુભવ કરે તો બ્રહ્મ લ્યૌ, એકતા કરી દેખાય;**
**પણ જીવ ઈશ્વર ભિન્નતા, ભાવિક ભરમ ન જાય. ૭૯**

### શબ્દાર્થ

**અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, જાતે પરિચય દ્વારા કેળવેલી સમજ **કરે તો** = કરવાથી **બ્રહ્મ લ્યૌ** = સચરાચર વ્યાપક બ્રહ્મપ્રકાશ સુધી **એકતા** = એકરૂપતા **કરી** = કરીને **દેખાય** = જણાય **પણ** = પરંતુ **જીવ** = જીવગતિવાળા **ઈશ્વર** = ઐશ્વર્યવાળા ઈશ્વરોની **ભિન્નતા** = જુદાપણુ, અલગતા **ભાવિક** = શ્રદ્ધાળુ, આત્માર્થી, ભક્તજનો **ભરમ** = ભ્રાંતિ, ભ્રમ, શંકાશીલ મિથ્યાભાવ **ન** = નહીં, ના **જાય** = દૂર થાય, નષ્ટ થાય.

## અનુવાદ

**જો અનુભવ કરવામાં આવે તો બ્રહ્મ સુધીના પદોની એકતા કરીને દેખાય, પરંતુ જીવ અને ઈશ્વરોની ભિન્નતા અંગે શ્રદ્ધાળુઓનો શંકાશીલ ભાવ નષ્ટ થાય નહીં.**

## ભાવાર્થ

પ્રત્યક્ષ જ્ઞાન અને જાત પરિચય કેળવીને બ્રહ્મરંદ્રમાં એકતા કરીને બ્રહ્મ સુધીના પદોની એકતા કરીને દેખાડી શકાય છે. પરંતુ વિશ્વમાં જીવ અને ઈશ્વરની જે ભિન્નતા છે તે અંગે ભાવિક ભક્તજનોનો શંકાશીલ મિથ્યા ભાવ કદી પણ દૂર થાય નહીં.

**એસેહી બ્રહ્મ સિદ્ધાંતમે, જેહી જ્ઞાની ઉમંગાય;**
**આપનુ આપ નિજ પતિપદ, જબી જાનત નહીં તાય. ૮૦**

### શબ્દાર્થ

**એસેહી** = આ રીતે, આ પ્રમાણે **બ્રહ્મ સિદ્ધાંતમે** = બ્રહ્મ સિદ્ધાંતમાં **જેહી** = જે, જેટલા **જ્ઞાની** = જ્ઞાની પુરુષો **ઉમંગાય** = આનંદમાં રહે, ઉમંગથી વર્તે **આપનુ આપ** = પોતાનું શુદ્ધ ચૈતન સ્વરૂપ **નિજ પતિપદ** = મૂળ સર્જનહારનું પરમપદ **જબી** = જેથી, જેના કારણે, જ્યારે **જાનત નહીં** = જાણતા નથી **તાય** = તે, તેને, તેઓ.

## અનુવાદ

**આી રીતે બ્રહ્મ સિદ્ધાંતમાં જે જ્ઞાની જનો આનંદ માણે છે, તેઓ પોતાનું ચૈતન (અંશ) સ્વરૂપ અને નિજ પતિપદને જાણી શક્યા નથી.**

## ભાવાર્થ

"અહં બ્રહ્માસ્મિ" કહેનારા બ્રહ્મ સિદ્ધાંતમાં માનનારા બ્રહ્મજ્ઞાનીઓ, બ્રહ્મદર્શી, બ્રહ્મસ્વરૂપ, બ્રહ્મવેત્તા, પરમહંસ અને અન્ય મુનિજનો બ્રહ્મરંદ્રમાં પોતાની વૃત્તિને સ્થિર કરીને તેનો આનંદ માણી તલ્લીન રહેતા હોય છે, પરંતુ તેઓ પોતાના ચૈતન અંશસ્વરૂપ અને બ્રહ્મથી પરે રહેલા તત્ત્વાતીત અંશી (નિજ સર્જનહાર) ના પરમપદને જાણી શક્યા નથી.

**કોઈ રસના ઉલટી કરી, તાલુક અગ્ર લગાય;**
**ઉનમુનિ ધરી સ્થિર બેઠત, આસન અટલ જમાય. ૮૧**

### શબ્દાર્થ

**કોઈ** = કોઈ **રસના** = જિહ્વા, જીભ **ઉલટી કરી** = ઊલટાવીને, ઊલટી કરીને **તાલુક** = તાળવાના **અગ્ર** = આગળના ભાગ **લગાય** = લગાવે, જોડે, રાખે **ઉનમુનિ** = ઉનમુનિઅવસ્થા **ધરી** = ધારણ કરી

**સ્થિર** = હાલ્યા સિવાય, એક ઠેકાણે, એક જગ્યાએ અચળ **બેઠત** = બેસે **આસન** = જગ્યા, સ્થાન, તપ કરતી વખતે કે ધ્યાન ધરતી વખતે જુદી જુદી રીતે શરીરને સ્થિર રાખવામાં આવે છે તેવી સ્થિતિ, તે કુલ ૮૪ પ્રકારના છે. જેમાં પદ્માસન, સ્વસ્તિકાસન, ભદ્રાસન, વજ્રાસન અને શીર્ષાસન મુખ્ય ગણાય છે **અટલ** = અડગ, અચલ, કાયમી, અનમનશીલ, સ્થિર, નિત્ય **જમાય** = જમાવીને, રાખીને, વાળીને.

## અનુવાદ

**કોઈ જિહ્વાને ઊલટી વાળીને અગ્ર ભાગ તાળવે લગાવી ઉનમુનિ અવસ્થા ધારણ કરીને અટલ આસન જમાવીને સ્થિર બેસે છે.**

## ભાવાર્થ

કેટલાક યોગી, તપસ્વી કે ધ્યાનીજનો પોતાની યૌગિક ક્રિયા દ્વારા જીહ્વાને ઉલટાવીને તેનો આગળનો ભાગ તાળવા સાથે જોડી રાખે છે. વળી જાગ્રત, સ્વપ્ન, સષોપતિ અને તુર્યા અવસ્થાના સંકલ્પ-વિકલ્પોથી લીન થઈને રહેવાવાળી ઉનમુનિ અવસ્થા ધારણ કરે છે. ત્યાર બાદ ચોર્યાસી (૮૪) પ્રકારના યૌગિક આસનો પૈકીના કોઈ એક આસન જમાવીને એક જ જગ્યાએ સ્થિર બેસીને (અટલ આસન જમાવીને) ધ્યાન ધરે છે.

**કંઠે ડુગડુગી લગી રહે, ઉત ઈત કછુ ન ભાન;**
**ધારા અમૃત ગંગકી, તાય કરત જેહી પાન. ૮૨**

### શબ્દાર્થ

**કંઠે** = ગળામાં, મોંના પોલાણમાં **ડુગડુગી** = ડગમગ કરતી જિહ્વા **લગી રહે** = સ્થિર થઈને તાળવે ચોંટી રહે **ઉત ઈત** = અહીં કે ત્યાંનું, આ લોક કે પરલોકનું **કછુ ન** = કોઈ પણ નહીં રહે **ભાન** = શુદ્ધિ, હોંશ, સહેજ **ધારા** = સળંગ વહેતો પ્રવાહ, સતત પ્રવાહિત પ્રવાહ **અમૃત ગંગકી** = ગંગાનો અમૃતમય **તાય** = તેનું **કરત** = કરે છે **જેહી** = જે, તેઓ **પાન** = ઉપભોગ, રસનું ગળે ઉતરવું તે, પેય, પીવું તે.

## અનુવાદ

**તાલુ સ્થાને જિહ્વા લગાવીને બેસી રહેતાં તેમને પોતાની આજુબાજુનું કોઈ ભાન હોતું નથી. તેઓ ગંગાની અમૃતધારાનું પાન કર્યા કરે છે.**

### ભાવાર્થ

આ અગાઉ ચોપાઈ ૮૧ મા જણાવ્યા પ્રમાણે સ્થિર આસન જમાવીને બેઠેલા યોગીજનો જિહ્વાને અવળીવાળીને તાલુસ્થાને લગાવી રાખે છે. ત્યાર બાદ ઉનમૂનિ અવસ્થામાં જઈ ધ્યાન ધરવાથી તેમને પોતાની આજુબાજુનું કોઈ ભાન રહેતું નથી. માત્ર તેઓ બ્રહ્મરંદ્રમાંથી ઝરતા દૈવી અમૃતરસની ધારાનું રસપાન કર્યા કરે છે.

**શૂન્ય શિખર સરભર તણી, અમૃત સાગર લહેર;**
**સૂર શલ્યા રસના પર, ઝરત અહોનિશ સેર. ૮૩**

### શબ્દાર્થ

**શૂન્ય શિખર** = બ્રહ્મરંદ્ર **સરભર** = સંપૂર્ણ રીતે, ભરપૂર **તણી** = ની, તેની **અમૃત સાગર** = અમૃતથી ભરેલા સાગરની **લહેર** = તરંગો, મોજાં, લહેરીઓ **સૂર શલ્યા** = દૈવી, શલ્યા, દૈવી શિલા **રસના** = જહ્વા **પર** = ઉપર **ઝરત** = ઝરે છે, ચૂવે છે **અહોનિશ** = અહર્નિશ, રાત-દિવસ, નિત્ય, હમેશા **સેર** = ધારા, ધાર, પ્રવાહ.

### અનુવાદ

**શૂન્ય શિખરમાં અમૃતસાગરની લહેર ભરપૂર ભરેલી છે. તેની ધારા દૈવી શિલા રૂપ જિહ્વા ઉપર અહર્નિશ ઝર્યા કરે છે.**

### ભાવાર્થ

શૂન્ય શિખર રૂપ બ્રહ્મરંદ્રમાં ભરપૂર ભરેલો અમૃતસાગરની લહેરિયો સતત વહ્યાં કરે છે. તે અમૃત ધારાની લહેરિયો દૈવી શલ્યા રૂપ જિહ્વા ઉપર અહર્નિશ ઝર્યા કરે છે.

**તેહી કારણ હી લગાવત, રસના તાલુક તંત;**
**સુર સલીતા અમૃત તણી, અરસ થકી અચવંત. ૮૪**

### શબ્દાર્થ

**તેહી કારણ હી** = તે કારણને લીધે જ **લગાવત** = લગાવે છે, જોડી રાખે **રસના** = જિહ્વા **તાલુક તંત** = તાળવામાં **સુર સલીતા** = દૈવી સરિતા **અમૃત** = પૌરાણિક કથા મુજબ સમુદ્રમંથનમાંથી

નીકળેલાં ચૌદ રત્નો પૈકીનું એક રત્ન **તણી** = ની, તેની **અરસ થકી** = અંતરિક્ષમાંથી **અચવંત** = આચમન, પ્રવાહીને પ્રસાદિક ભાવથી પીવું.

## અનુવાદ

**તે કારણે તેઓ જિહ્‌વાને તાળવામાં જોડી રાખીને બ્રહ્મરંદ્રના પોલાણમાંથી આવતા દૈવી સરિતા રૂપ અમૃતરસનું અહોર્નિશ આચમન કરે છે.**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબની સ્થિતિને કારણે જ યોગીજનો જિહ્વાને અવળી ઉલટાવીને તાળવામાં લગાવી રાખે છે. ત્યાં બ્રહ્મરુંદ્રના પોલાણમાંથી ઝરતા દૈવી સરિતારૂપ અમૃત રસનું અહર્નિશ આચમન કરે છે.

**પ્રેમ પસિન પુલકિત તન, રોમ રોમ રરંકાર;**
**ગદ્ ગદ્ કંઠે ગલિત ચિત્ત, રહે રસબસ એકતાર. ૮૫**

### શબ્દાર્થ

**પ્રેમ પસિન** = પ્રેમપૂર્વક **પુલકિત** = આનંદિત, પ્રફુલ્લિત **તન** = શરીર **રોમ રોમ** = દરેક રુવાટાંમાં **રરંકાર** = નિરંતર જપાતા ઓમકાર અને સોહંગનો જાપ **ગદ્ ગદ્ કંઠે** = ગળગળો શબ્દ, આનંદથી હૈયુ અથવા કંઠ ભરાઇ જવાથી લાગણીવાળો કંઠ રુંધાતા થતો અવાજ, પ્રસન્ન, આનંદિત **ગલિત ચિત્ત** = મુક્ત ચિત્તે, પૂર્ણ ચિત્તે **રહે** = રહે છે **રસબસ એકતાર** = રસથી એકાકાર, ધ્યાનમગ્ન, એક ચિત્ત, એકતાન, મશગૂલ, ગુલતાન, રચ્યુંપચ્યું, અન્યુનાધિક.

## અનુવાદ

**તેઓ પ્રેમપૂર્વક પ્રફુલ્લિત મને રોમેરોમમાં રરંકારનો જાપ ગદ્ગદિત કંઠે અને ગલિત ચિત્તે રસબસપણે એકાકાર થઈ ને રહે છે.**

## ભાવાર્થ

આવી સ્થિતિએ પહોંચતાં યોગીજનો સદાને માટે પ્રેમપૂર્વક અને પ્રફુલ્લિત મનથી રહેતા હોય છે. તે વખતે તેમના રોમેરોમમાં જપાતા રરંકાર ધ્વનિનો નાદ ગદ્ગદિત કંઠે નીકળે છે. તેમનું ચિત્ત રસથી તરબોળ થયેલું હોય છે. આમ તેઓ

પોતાની ચિત્તવૃત્તિને બ્રહ્મરંદ્રમાં એકાકાર કરીને સ્થિર રાખતા હોય છે.

**ઓરુ ચૈતન શુધ સાગરે, વૃત્તિ સરલ અનુસુત;**
**રહત સદા એકતા મીલી, મહાદ્ મતે મજબુત. ૮૬**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **ચૈતન** = ચેતનાવંત **શુધ** = નિર્મળ, શુદ્ધ **સાગરે** = સાગરમાં **વૃત્તિ** = વૃત્તિ, અંતઃકરણનું વલણ, ચિત્તમાં ઊઠતી વૃત્તિઓ અને વિચાર **સરલ** = સરળ, નિખાલસ, ખુલ્લા દિલનું, નિષ્કપટી **અનુસુત** = જોડાયેલું, સાહચર્ય, ઉત્કંઠા, તીવ્ર ઈચ્છા, નિકટ સંબંધ, અનુષંગ, અનુસ્યુતપણે, પરંપરાગત **રહત સદા** = સદાને માટે રહે છે, **એકતા મીલી** = એકતાપૂર્વક મળીને, તાદાત્મ્યપૂર્વક મળીને, સ્વજાતિપણાપૂર્વક **મહાદ્ મતે** = મહાન વિચારધારા, શ્રેષ્ઠ મત **મજબુત** = અસરકારક, બળવાન, સજ્જડ, સ્થિર, અચળ, દૃઢ, નક્કર, નિશ્ચયાત્મક.

### અનુવાદ

**વળી તેઓ નિર્મળ અમૃતના સાગરમાં પોતાની ચિત્તવૃત્તિને સરળતાપૂર્વક જોડી રાખીને સદાને માટે એકતાપૂર્વક મળીને રહે છે. આમ પોતાની વિચારધારા મહાન અને નિશ્ચયાત્મક છે તેમ (તેઓ) માને છે.**

### ભાવાર્થ

આવા યોગીજનો નિર્મળ અમૃતના સાગરમાં તરબોળ થઈને પોતાની ચિત્તવૃત્તિને ખુબ જ સરળતાપૂર્વક જોડી રાખે છે. વળી તેઓ સદાને માટે એકતા સાધીને તથા તલ્લીન થઈ ને રહે છે. આ પ્રમાણે પોતાની જ વિચારધારા મહાન અને નિશ્ચયાત્મક છે એમ તેઓ માને છે.

**એહી વિધિકે સાધન ધન્ય, તન મન કરી ખુરબાન;**
**પ્રોક્ષ પરમપદ પાવન, અરપી રહેઉ નિજ પ્રાન. ૮૭**

### શબ્દાર્થ

**એહી વિધિકે** = આ રીત પ્રમાણે, આ રીતે **સાધન** = સાધના, ઈશ્વર પ્રાપ્તિ માટે જરૂરી તપ, ઉપાય, યુક્તિ **ધન્ય** = ધન્યતાને પાત્ર, ધન્યવાદ આપવા યોગ્ય **તન** = શરીર **મન** = મન અંતઃકરણ **કરી** = કરીને

**ખુરબાન** = કુરબાન, બલિદાન **પ્રોક્ષ** = પરોક્ષ **પરમપદ** = શ્રેષ્ઠ પદ **પાવન** = મેળવવા, પ્રાપ્ત કરવા, પવિત્ર **અરપી રહેઉ** = અર્પણ કરીને રહેવું **નિજ** = પોતાના **પ્રાન** = પ્રાણ.

## અનુવાદ

**આ પ્રમાણેની યુક્તિ (સાધના) ધન્યવાદને પાત્ર છે. પ્રોક્ષ પરમપદ પ્રાપ્ત કરવા પોતાના બલિદાન કરીને પ્રાણને પણ અર્પણ કરવું છે.**

## ભાવાર્થ

જેઓ પોતાના શરીર અને મન કુરબાન કરીને આવી કઠિન સાધના કરે છે, તેવા યોગીજનો ધન્યવાદને પાત્ર છે. કારણ કે, આવી સાધના કરવા પાછળ તેમનો અંતિમ લક્ષ પરોક્ષ રહેલા પરમપદને પ્રાપ્ત કરવાનો છે. વળી તે માટે તેઓ પોતાના પ્રાણ અર્પણ કરી રહ્યા છે.

## ઓરુ અમૃત પીવન ફલ, જેહી પ્રાપ્ત પુનિ થાય;
## બિનું અન્ન જલ કેતે દિન, અમર રહત તીનું કાય. ૮૮

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **અમૃત** = અમર બનાવે તેવો દૈવી રસ, સુધા, પિયૂષ **પીવન** = પીવાનું **ફલ** = ફળ, અંત, પરિણામ, નતીજો **જેહી** = જેનો, જે **પ્રાપ્ત** = મળે, પ્રાપ્ત થાય **પુનિ** = વળી **થાય** = થાય **બિનું** = વિના, વગર, સિવાય **અન્ન** = અનાજ **જલ** = પાણી **કેતે** = કેટલાક, કેટલાયે **દિન** = દિવસો **અમર** = જીવંત **રહત** = રહે છે **તીનું** = તેમનું, તેમની **કાય** = કાયા, શરીર, દેહ, તન.

## અનુવાદ

**અમૃત પીવાનું ફળ પણ તેમને પ્રાપ્ત થાય છે. વળી તેમની કાયા અન્ન-જળ સિવાય કેટલાયે દિવસ જીવંત રહે છે.**

## ભાવાર્થ

યોગીજનો આવી કઠિન સાધના દ્વારા અમૃતરસનું સતત પાન કરે છે. તેનું ફળ પણ તેઓને પ્રાપ્ત થતું હોય છે. આવા યોગીજનો અચળ આસન જમાવી એક જ

જગ્યાએ ઘણા-લાંબા સમય સુધી અનાજ અને પાણીનો ત્યાગ કરી ધ્યાન ધરતા હોય છે. તેમને કદી પણ ભુખ કે તરસ પણ લાગતી નથી. આવી સ્થિતિમાં પણ તેમની કાયા જીવંત રહે છે. એટલું જ નહીં, પરંતુ કાળની અવસ્થાનો ક્રમ પણ તેમનાથી દૂર રહે છે.

**તન રાખન ફલ પ્રોક્ષકી, કહી સાધન વિધિ સોય;**
**આપનુ આપ નિજ પતિપદ, જેહી જાનત નહીં કોય. ૮૯**

**શબ્દાર્થ**

**તન** = શરીર, કાયા **રાખન** = રાખવા પાછળ, રાખવા માટેનું **ફલ** = ફળ, પરિણામ **પ્રોક્ષકી** = પરોક્ષ પદની **કહી** = કહી **સાધન વિધિ** = પ્રયોગ સાધક ક્રિયાની વિધિ **સોય** = તે **આપનુ આપ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **નિજ પતિપદ** = આદિ સકર્તા પતિનું અંતિમ પદ **જેહી** = જેને **જાનત નહીં** = જાણતા નથી **કોય** = કોઈ.

**અનુવાદ**

**શરીરને ટકાવી રાખવા માટેનું ફળ અને પરોક્ષ પદ માટેની સાધના વિધિ જાણવા છતાં તેઓ આપનપુ ચૈતન અંશ સ્વરૂપ અને આદિ કર્તાના પરમપદને કોઈ જાણતા નથી.**

**ભાવાર્થ**

યોગીઓ દ્વારા કરવામાં આવતી પરોક્ષપદ મેળવવા માટેની કઠિન સાધનાની વિસ્તૃત માહિતી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા દર્શાવવામાં આવી છે. આવી સાધના દરમિયાન અમૃતરસનું પાન કરીને તેના પરિણામ સ્વરૂપે યોગીઓ અન્ન અને જળ સિવાય કેટલાયે દિવસો સુધી પોતાનું શરીર ટકાવી રાખે છે છતાં આવા યોગીજનો પોતાના ચૈતન અંશ સ્વરૂપને કે નિજ કૈવલકર્તાના અંતિમ પદને જાણતા નથી.

**શૂન્ય શિખર ઘરકી ગમ, જો જાનહી કોઈ સંત;**
**સૂને નાદ અનહદ ધૂની, નિરખત જ્યોત પ્રજંત. ૯૦**

### શબ્દાર્થ

**શૂન્ય શિખર** = બ્રહ્મરંદ્ર **ઘરકી** = સ્થાનની **ગમ** = જાણ, સમજ, માહિતી **જો** = જો, તે **જાનહી** = જાણે **કોઈ** = કોઈ **સંત** = સંત પુરુષ **સૂને** = સાંભળે **નાદ** = ધ્વનિ, અવાજ **અનહદ ધૂની** = અનહદ ધ્વનિ જે દશ પ્રકારના છેઃ શંખ, ઝાંઝ, વીણા, શરણાઈ, બંસરી, દુદુંભિ, ભૈરી, મૃદંગ, સિતાર અને ઘંટનાદ **નિરખત** = નિહાળે છે, જુએ છે, દર્શન કરે **જ્યોત** = જ્યોતિ **પ્રજંત** = સળગતી પ્રજ્વલિત.

### અનુવાદ

**શૂન્યશિખર ધામની ગતિને જે કોઈ સંત જાણે તો તેઓ અનહદ ધ્વનિનો નાદ સાંભળી શકે અને પ્રજ્વલિત જ્યોતનાં દર્શન કરી શકે છે.**

### ભાવાર્થ

જે સંતપુરુષો શૂન્યશિખર રૂપ બ્રહ્મરંદ્રમાં રહેલા હજાર પાંખડીના કમળની ગતિને જાણે છે તેઓ પોતાના પ્રાણાયમને બ્રહ્મરંદ્ર કમળમાં કુંભક કરીને ચિત્તવૃત્તિને સ્થિર કરે છે. જેના પરિણામે તેઓ અનહદ ધ્વનિના દશ પ્રકારના નાદને સાંભળી શકે છે. બ્રહ્મરંદ્રના મધ્યે રહેલી જ્યોતિસ્વરૂપ નિરંજનની પ્રજ્વલિત જ્યોતના દર્શન કરી શકે છે.

**જેહી આગે હમ કહી ગયે, જ્યોત નાદ ઝણકાર;**
**એહી નિરખન પદ પોક્ષકે, લહે નાં નિરખનહાર. ૯૧**

### શબ્દાર્થ

**જેહી** = જે **આગે** = આગળ **હમ** = મેં, અમે **કહી ગયે** =કહી ગયા, કહ્યું છે તે **જ્યોત** = જ્યોતિ **નાદ** = અવાજ, ધ્વનિ **ઝણકાર** = ઝણ ઝણ અવાજ, રણકાર **એહી** = તે, એ **નિરખન** = જોવો છે **પદ પોક્ષકે** = પરોક્ષ પદને **લહે નાં** = જાણે નહીં **નિરખનહાર** = નિરખવાવાળો, જોનાર.

### અનુવાદ

**જ્યોતિ અને નાદના ઝણકાર વિશે જે આગળ કહ્યું તે મુજબ તે તો પ્રોક્ષપદને નિહાળે છે, પરંતુ તે જોનારો કોણ છે ? તે જાણતા નથી.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે અગાઉની ચોપાઈમાં પ્રજ્વલિત જ્યોતિ સ્વરૂપનાં

દર્શનની અને અનહદ નાદના ઝણકારને સાંભળવા અંગે સંત પુરુષોની સ્થિતિ દર્શાવી છે. તે તો માત્ર પરોક્ષ પદને નિહાળવાની વાત છે, પરંતુ આવી અગમ્ય જ્યોતિ સ્વરૂપને જોવાવાળો અને અનહદ નાદને સાંભળવાવાળો અખંડ ચૈતનઅંશ છે તેને તેઓ જાણી શક્યા નથી.

**શૂન્ય શિખર ઘરકી પરે, મહા શૂન્ય શિખર અનુપ;**
**અમીત શિખર તીનકી પરે, જુગમે કોઈક જનુપ. ૯૨**

### શબ્દાર્થ

**શૂન્ય શિખર** = બ્રહ્મરંધ્ર **ઘરકી** = સ્થાન, ગર્ભગૃહની **પરે** = પર, ઉપર **મહા શૂન્ય શિખર** = મહાશૂન્ય શિખર **અનુપ** = અજોડ, અનુપમ **અમીત શિખર** = અમીત શિખર **તીનકી** = તેનાથી **પરે** = ઉપર પર **જુગમે** = જગતમાં, વિશ્વમાં **કોઈક** = કોઈક વ્યક્તિ **જનુપ** = જાણે છે.

### અનુવાદ

**શૂન્યશિખર ધામની ઉપર અનુપમ મહાશૂન્ય શિખર આવેલું છે. અમીત શિખર તેનાથી પણ ઉપર આવેલું છે, પરંતુ વિશ્વમાં તેને કોઈક જ જાણે છે.**

### ભાવાર્થ

શૂન્યશિખર ધામની ઉપર જેની સરખામણી થાય તેમ નથી તેવું અનુપમ મહાશૂન્યશિખર આવેલું છે. આવા મહાશૂન્યશિખર ઉપર અમીતશિખર આવેલું છે. આમ આ અનુપમ અને ગૂઢાર્થ ભરેલા શિખરોની માહિતી (વાત) વિશ્વમાં કોઈક જ જાણે છે.

**પરમ પ્રકાશ શિખર પુનિ, અમીત શિખર શિર તંત;**
**ગંભિરા શિખરે સબે, સબ શિખરનકે અંત. ૯૩**

### શબ્દાર્થ

**પરમ પ્રકાશ શિખર** = પરમ પ્રકાશ શિખર **પુનિ** = વળી **અમીત શિખર** = અમીત શિખર **શિર તંત** = તેના ઉપર, તેના શિરે, તેના મસ્તકે **ગંભિરા શિખરે** = ગંભિરા શિખર તો **સબે** = સર્વની છેવટે **સબ શિખરનકે** = સર્વ શિખરોનો **અંત** = છેડો, છેવટ.

### અનુવાદ

**વળી અમીત શિખરના શિરપર પરમ પ્રકાશ શિખર આવેલું છે અને છેવટે સર્વ શિખરોના અંતે ગંભિરાશિખર છે.**

### ભાવાર્થ

વળી અમીત શિખરના શિર ઉપર પરમ પ્રકાશ શિખર આવેલું છે. આ રીતે શૂન્ય શિખર, મહાશૂન્ય શિખર, અમીત શિખર અને પરમ પ્રકાશ શિખર એમ ચારેય શિખરોની ઉપર સૌથી છેવટનું (અંતિમ) એવું ગંભિરાશિખર આવેલું છે.

**ગંભિરા જેહી શિખરહી, ગૂઢ ગત ઘેહેર ગંભિર;**
**સબ શિખરન શિર અવિગત, આદ્ય અંત વિનું તિર. ૯૪**

#### શબ્દાર્થ

**ગંભિરા જેહી શિખરહી** = જે ગંભિરાશિખર છે, તેની **ગૂઢ ગત** = ગૂઢાર્થ ભરેલી ગતિ **ઘેહેર** = ઘેરું, ગહન **ગંભિર** = પ્રોઢ, ગુહ્ય, અઘરું, ગૂઢ, અકળ, અથાંગ **સબ** = સર્વ **શિખરન** = શિખરોના **શિર** = મસ્તક રૂપે, ઉપર **અવિગત** =વિગતમાં ન આવે એવું, નિત્ય, અવ્યક્ત, અવિનાશી **આદ્ય** = આદિ અનાદિનુ **અંત** = છેવટ, અંત, વિનાશ **વિનું** = વગર, સિવાય, વિનાનું **તિર** = લક્ષને વેધનારું, કાંઠો, કિનારો, પાર, પાસે, નજીક, સમીપ.

### અનુવાદ

**જે ગંભિરા શિખર છે તેની ગૂઢાર્થભરેલી ગતિ ખૂબ જ ગહન અને અકળ છે. આ તમામ શિખરોના શિર ઉપર કિનારા રૂપે કળ્યામાં ન આવે તેવું આદ્ય અને અંત વગરનું ધામ આવેલું છે.**

### ભાવાર્થ

પાંચમું ગંભિરા શિખર જે સર્વ શિખરોના શિર ઉપર હોઈ તેની ગૂઢાર્થ ભરેલી ગતિ ખૂબ જ ગહન અને અકળ છે. જે સહેલાઈથી સમજી શકાય કે જાણી શકાય તેમ નથી.

વળી, આ પાંચેય શિખરો ઉપર છેવટના કિનારા સમાન કળ્યામાં ન આવે તેવું તથા જેનો કોઈ આદ્ય કે અંત નથી તેવું સર્વોપરી ધામ આવેલું છે.

## શૂન્ય મહાશૂન્યહી અમીત પુનિ, પરમ શિખર શિર તાય;
## ગંભિરા શિખરે કોઈ, સકલ ભેદી જબી જાય. ૯૫

### શબ્દાર્થ

**શૂન્ય** = શૂન્યશિખર **મહાશૂન્યહી** = મહાશૂન્યશિખર **અમીત** = અમીતશિખર **પુનિ** = વળી, અને **પરમ શિખર** = પરમપ્રકાશશિખર **શિર તાય** = તેના ઉપર **ગંભિરા શિખરે** = ગંભિરાશિખરને **કોઈ** = કોઈ **સકલ ભેદી** = સર્વ પ્રકારના ભેદને તોડનાર **જબી જાય** = ત્યારે જઈ શકે છે, ત્યારે જાય છે.

### અનુવાદ

**શૂન્ય, મહાશૂન્ય, અમીત અને પરમ શિખરના શિર ઉપર ગંભીરાશિખર આવેલું છે. તે સર્વને ભેદે ત્યારે જ ત્યાં કોઈ જઈ શકે છે.**

### ભાવાર્થ

શૂન્ય શિખર, મહાશૂન્ય શિખર, અમીત શિખર અને પરમ પ્રકાશ શિખર એમ ચાર શિખરોની પર શ્રેષ્ઠ એવુ ગંભિરા શિખર આવેલુ છે. આવા સર્વ શિખરોને ભેદે ત્યારે જ કોઈક વિરલા સંતપુરુષો તેની પાર રહેલા સર્વોપરી એવા આદ્ય અને અંત સિવાયના અવિગત પરમ ધામમાં જઈ શકે છે.

## તીનું ગતિ ઘેહેર ગંભિરહી, છકીત સદા ગુલતાન;
## રહત રચિત ઉનમૂનિવત, ગંભિરે શિખરાન. ૯૬

### શબ્દાર્થ

**તીનું ગતિ** = તેઓની ગતિ, તેમની ગતિ **ઘેહેર** = ઘેહેરી, ગહન **ગંભિરહી** = ધીર, પ્રૌઢ **છકીત** = ચકિત, દિગ્મૂઢ, બેફીકર **સદા** = સદાને માટે, હમેશાં **ગુલતાન** =મસ્ત, મશગૂલ, એકતાન, મગ્ન, તલ્લીન **રહત** = રહે છે **રચિત** = રચ્યાપચ્યા, રાચેલા, લીન બનીને રહેવું **ઉનમૂનિવત** = ઉનમૂનિ અવસ્થાની જેમ **ગંભિરે શિખરાન** = ગંભિરા શિખરે, ગંભિરા શિખરમાં.

### અનુવાદ

**ગંભિરા શિખરમાં પહોંચનારીની ગતિ ગહન અને પ્રૌઢ થઈ જવાથી તેઓ ચકિત થઈ સદાને માટે તેમાં ગુલતાન બનીને રાચે છે અને ઉનમૂનિવત્ રહે છે.**

### ભાવાર્થ

નીચેના ચારે શિખરોને ભેદીને પાંચમા ગંભિરા શિખરમાં જેની વૃત્તિ વિરામ પામી છે એવા સાધકોની ગતિ ગહન અને ગંભીર હોય છે. તેઓ સદાને માટે છકી ગયેલા હોઈ પોતાની મસ્તીમાં ગુલતાન રહે છે. જેમ ઉનમૂનિ અવસ્થામાં ચારે અવસ્થાઓના સંકલ્પ-વિકલ્પ લીન પામીને શાંત થાય છે એવી ઉનમૂનિવત સ્થિતિમાં તેઓ સદાને માટે રાચતા હોય છે.

## પંચ શિખર સફૂરન જીનું, ઓરુ પુનિ તિનકે વેત;
## ભિન્ન ભિન્ન જાનત જેહી, ગંભિરા શિખર સમેત. ૯૭

### શબ્દાર્થ

**પંચ શિખર** = પાંચ શિખરો **સફૂરન** = સ્ફુરણ થવું, યાદ આવવું, સંવેદના થવી, સૂઝ પ્રાપ્ત થવી **જીનું** = જેનું, જેની **ઓરુ પુનિ** = અને વળી **તિનકે** = તેના **વેત** = જાણકાર, વેત્તા **ભિન્ન ભિન્ન** = જુદું જુદું, અલગ-અલગ **જાનત** = જાણે છે **જેહી** = જેઓ **ગંભિરા શિખર** = ગંભિરા શિખર **સમેત** = સહિત.

### અનુવાદ

**ગંભિરા શિખર સહિત પાંચે શિખરોની સૂઝ અને તેના જાણકાર થયેલાને ભિન્ન ભિન્ન માહિતી મળી શકે છે.**

### ભાવાર્થ

ગંભિરા શિખરની આદ્ય લઈ શૂન્ય, મહાશૂન્ય, અમીત શૂન્ય અને પરમ પ્રકાશ શિખરોની સૂઝ પ્રાપ્ત થઈ હોય અને વળી પાંચે શિખરોના વેત્તા થયેલા સાધકો પિંડ અને બ્રહ્માંડની રચના પૈકીના જુદી જુદી સર્વ માહિતીના જાણકાર બને છે.

## પંચ શિખર ઘરકી ગમ, અનુભવ કરન વિચાર;
## જેહી દૃષ્ટા એહી સબનકે, તેહી ન લહત તત સાર. ૯૮

### શબ્દાર્થ

**પંચ શિખર** = પાંચ શિખરો **ઘરકી** = ઘરની ધામની **ગમ** = સમજ, સૂઝ, જ્ઞાન **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાન, પોતાની જાત સ્મૃતિથી પ્રત્યક્ષ પ્રમાણેથી ઉત્પન્ન થયેલું જ્ઞાન **કરન** = કરીને **વિચાર** = મનોરથ,

મનસૂબો, કલ્પના, મત, ધ્યાન, લક્ષ, ઉદ્દેશ, હેતુ **જેહી** = જે **દ્રષ્ટા** = જોનાર, નિહાળનાર **એહી** = એ **સબનકે** = બધાનો, સર્વના **તેહી** = તે **ન** = નહીં **લહત** = જાણે, ઓળખે **તત સાર** = તેનો સાર, તત્ત્વસાર, મર્મ, રહસ્ય.

## અનુવાદ

**પાંચેય શિખરોનાં ધામની સૂઝ અને પ્રત્યક્ષ જ્ઞાનનો વિચાર કર્યો છે એવા સર્વના જોનારના તત્ત્વનો મર્મ તેઓ જાણતા નથી.**

## ભાવાર્થ

સાધકોએ પાંચ શિખરોના ધામની સૂઝ અને પ્રત્યક્ષ પ્રમાણથી મેળવેલ જ્ઞાનનો વિચાર કર્યો છે, પરંતુ આ સર્વ શિખરોને અને તેના જ્ઞાનને ગ્રહણ કરવાવાળો જે અંશ ચૈતન છે, તેના મર્મને તેઓ જાણતા નથી.

## જેહી દ્રષ્ટા નિજ આપનપુ, તેહી ન લહો જબી ભેવ;
## તો તિનકુ નિજ પતિપદ, ક્યૌ પાવત અહંમેવ. ૯૯

### શબ્દાર્થ

**જેહી** = જે **દ્રષ્ટા** = જોનાર, દેખનાર, નિહાળનાર **નિજ** = પોતાનું **આપનપુ** = ચૈતન અંશસ્વરૂપ **તેહી** = તેને **ન** = નહીં **લહો** = જાણો **જબી** = જ્યાં સુધી **ભેવ** = સ્વરૂપ, ભેદ, મર્મ **તો** = તો **તિનકુ** = તેના **નિજ** = મૂળ, આદિ **પતિપદ** = સકર્તા પતિનું અંતિમ પદ **ક્યૌ** = કેમ કરીને **પાવત** = પ્રાપ્ત કરો **અહંમેવ** =હું પદ, નિજઘર, પોતાનું મૂળ ઠેકાણું, મતલબ.

## અનુવાદ

**જે દ્રષ્ટારૂપ આપનપુ સ્વરૂપ છે, તેને જ્યાં સુધી ન જાણો, તો પછી તેના આદિ અંતિમ પદના મતલબને કેમ કરીને પ્રાપ્ત કરી શકાય ?**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જે સાધકોએ પાંચે પાંચ શિખરની સૂઝ પ્રાપ્ત કરી છે અને પિંડ બ્રહ્માંડની રચના પૈકીની જુદી જુદી માહિતીને જાણે છે તેમને સવાલ પૂછે છે કે — આ સર્વના દ્રષ્ટા તરીકે શરીરમાં રહેલા ચૈતન

અંશ સ્વરૂપને જો જાણવામાં ન આવે તો પછી અંશ જેના સજાતીય વંશનો છે એવા સકર્તાપિતિ સર્જનહાર કૈવલકર્તાના કૈવલધામની ગતિને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ?

**તેહી ગંભિરા શિખરમેં, ગતિ ગંભિર જમાય;**
**નિજ તારીક મંતર જપે, જેહી તન મન જન લાય. ૧૦૦**

### શબ્દાર્થ

**તેહી** = તે **ગંભિરા શિખરમેં** = ગંભિરા શિખરમાં **ગતિ** = સૂઝ, સમજ, જાણ, માહિતી **ગંભિર** = ધીર, પ્રોઢ **જમાય** = જમાવીને, સ્થિર કરીને, અટકાવીને, દૃઢ કરીને **નિજ** = મૂળ, આદિ **તારીક મંતર** = તારક મંત્ર જે મંત્ર જપવાથી મોક્ષ મલે તે મંત્ર **જપે** = જપવામાં આવે, જપે **જેહી** = જેઓ, જે **તન** = શરીર, દેહ, ઘાટ, કાયા **મન** = મન અંતઃકરણ **જન** = વ્યક્તિ **લાય** = લાવીને, દઈને, લગાવીને, પરોવીને, જપીને.

### અનુવાદ

**તે ગંભિરા શિખરમાં જાણ (ગતિ)ને ગંભીરપણે અટકાવીને જે વ્યક્તિ તન-મન દઈને તારક મંત્ર જપે છે.**

### ભાવાર્થ

સંત પુરુષો ધીર ગંભીર બની પોતાની ચિત્તવૃત્તિને ગંભિરા શિખરમાં સ્થિર કરીને અટકાવી રાખે છે. વળી પોતાનું શરીર અને મન લગાવીને જે મંત્ર જપવાથી મોક્ષ મળે એવા તારક મંત્રનો જાપ જપે છે.

**તેહુ ન જાનત આપનપુ, જેહી નિજ જપ જપનાર;**
**નિજ તારક મંતરનકે, જીનું પ્રોક્ષ પ્રતિયાર. ૧૦૧**

### શબ્દાર્થ

**તેહુ** = તેઓ **ન** = નહીં, નથી **જાનત** = જાણતા **આપનપુ** = પોતાનું સ્વ-ચૈતન અંશસ્વરૂપ **જેહી** = જે **નિજ** = મૂળ, આદિ, પોતાના **જપ** = મંત્ર, જાપ **જપનાર** = જપનાર **નિજ** = મૂળ, આદિ, પોતાના **તારક મંતરનકે** = તારક મંત્રને **જીનું** = જેનો **પ્રોક્ષ** = પરોક્ષ **પ્રતિયાર** = પ્રત્યે વિશ્વાસ, પ્રત્યે પ્રીતિ.

## અનુવાદ

**જે પોતે જાપ જપનાર છે તે આપનપુ અંશ સ્વરૂપને જાણતા નથી. છતાં મૂળ તારક મંત્ર પ્રત્યે પરોક્ષ રીતે વિશ્વાસ રાખે છે.**

## ભાવાર્થ

તારક મંત્રનો જાપ જપનારા યોગી પુરુષો  પોતાના ચૈતન અંશ સ્વરૂપને જાણતા નથી તેમ છતાં, પોતાનો મોક્ષ થશે એવી મહત્વાકાંક્ષા રાખીને પોતે માનેલ એવા તારકમંત્રના જાપમાં પરોક્ષ રીતે વિશ્વાસ રાખીને અહર્નિશ જાપ જપ્યા કરે છે.

**નિજ કહેતાં જેહી આપનપુ, તિનકે તારન સોય;**
**નિજ તારક મંતર તેહી, સૂનો સંત સબ કોય. ૧૦૨**

### શબ્દાર્થ

**નિજ** = પોતાનો, મૂળ, આદિ **કહેતાં** = કહેતાં **જેહી** = જે **આપનપુ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **તિનકે** = તેના **તારન** = તારવા મોક્ષ કરવા **સોય** = ને માટે, તે **નિજ** = મૂળ, આદિ **તારક મંતર** = તારકમંત્ર **તેહી** = તે **સૂનો** = સાંભળો **સંત** = સંત પુરુષો **સબ કોય** = બધા, સૌ, બધા, સર્વ ભક્તજનો, દરેક.

## અનુવાદ

**નિજ એટલે કે, આપનપુ ચૈતન અંશસ્વરૂપ છે, તે જેને તારવા માટે નિજ તારકમંત્ર છે. તેનો મર્મ હે સંત ગતિવાળા સૌ કોઈ શ્રવણ કરો.**

## ભવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર ‘‘નિજ’’ અને ‘‘તારકમંત્ર’’ એમ બંને શબ્દોની વધુ સ્પષ્ટતા કરતા કહે છે કે જેને સંત ગતિના સૌ કોઈ સ્ત્રી-પુરુષોને સાંભળવા માટે અનુરોધ છે.

‘‘નિજ’’ નો અર્થ જ આપનપુ ચૈતન અંશસ્વરૂપ છે. તેના જન્મ-મરણને ટાળવા માટે જે મંત્રનો જાપ જપવામાં આવે છે તેને ‘‘તારક મંત્ર’’ કહેવામાં આવે છે.

## તબ તેહી તારક મંત્રહી, જેહી નિજ કરી જપનાર;
## નિજ તો આપનુઆપનપુ, મંત્ર પ્રોક્ષ અનુસાર. ૧૦૩

### શબ્દાર્થ

**તબ** = તેથી, તે માટે, ત્યારે **તેહી** = તે **તારક મંત્રહી** =તારક મંત્ર જ **જેહી** = જે **નિજ** = મૂળ, આદિ, પોતાના **કરી** = કરીને **જપનાર** = જપનાર, જપને જપનાર વ્યક્તિ **નિજ તો** = નિજ શબ્દ તો **આપનુ** = પોતાનું **આપનપુ** = ચૈતન અંશસ્વરૂપ **મંત્ર** = મંત્ર, જાપ **પ્રોક્ષ** = પરોક્ષ **અનુસાર** = તે પ્રમાણે તે, મુજબ.

### અનુવાદ

**તેથી તે તારકમંત્રને જે પોતાનો કરીને જપે છે, તે પોતાનું નિજ ચૈતનઅંશ સ્વરૂપ છે. તદ્ અનુસાર તારકમંત્ર પરોક્ષ કહેવાય.**

### ભાવાર્થ

જે પોતાના માટે અને પોતાનો કરીને તારકમંત્રનો જાપ જપે તો તે પોતાનું નિજ ચૈતન અંશસ્વરૂપ છે એટલે કે, જાપનો જપનાર અને જેના મોક્ષ માટે જાપ જપે છે, તે પોતાનું મૂળ ચૈતન અંશસ્વરૂપ છે. તેથી જ નક્કી કરી શકાય કે તારકમંત્ર ચૈતન અંશસ્વરૂપથી પરોક્ષ રહેલો છે.

## જેહી જીનું ઈષ્ટ ઉપાસના, તેહી માપસ જપ કીન;
## ભિન્ન ભિન્ન બહુ ભવ વિષે, અગણિત મંત્ર સજીન. ૧૦૪

### શબ્દાર્થ

**જેહી** = જેવી **જીનું** = જેની **ઈષ્ટ** = દેવતાઓની, ઈષ્ટદેવની, દૈવી સ્વરૂપની **ઉપાસના** = ઉપાસના **તેહી** = તે **માપસ** = માપ પ્રમાણે, માફક, તે મુજબ, અંદાજ પ્રમાણે **જપ** = જપ, મંત્ર, જાપ **કીન** = કરે છે **ભિન્ન ભિન્ન** = જુદા-જુદા, અલગ-અલગ **બહુ** = ઘણા, વિશેષ પ્રમાણમાં **ભવ વિષે** = જગત વિષે, વિશ્વની અંદર, સંસારમાં **અગણિત** = અસંખ્ય, અપાર **મંત્ર** = મંત્ર, જાપ **સજીન** = સ્થપાયેલો, ઉપલબ્ધ, સજાયેલો, જીવંત, હયાત, સૌથી પુરાણા.

### અનુવાદ

**જેની જેવા ઈષ્ટદેવોની ઉપાસના તે પ્રમાણે તે માપક જપ કરે છે. જગતમાં જુદા-જુદા પ્રકારના અગણિત મંત્ર ઉપલબ્ધ છે.**

### ભાવાર્થ

વિશ્વની અંદર ધાર્મિક માન્યતામાં ખૂબ જ વિવિધતા જોવા મળે છે. કોઈ મહાન દેવતાઓને તો કોઈ સામાન્ય દેવી-દેવતાઓને, કોઈ સૂક્ષ્મ પ્રકારની મલીન દેવી-દેવતાઓની ઉપાસના કરતા જણાય છે. વળી ઘણા અવતારાદિક મહાપુરુષોની તો કોઈ ચમત્કારિક સ્ત્રી-પુરુષોની આરાધના કરે છે. આમ અલગ-અલગ ઉપાસનાઓ પ્રચલિત થયેલી છે. જે તે ઈષ્ટદેવોની ઉપાસનામાં વળગી ગયેલા મુમુક્ષુજનો પોતપોતાના આરાધ્યને પ્રસન્ન કરવા અલગ-અલગ રચના પામેલા મંત્રોના જાપ જપતા હોય છે.

## તેસે હી નિજ તારક જપ, ઓર મંત્ર થકી મોટ;
## પણ નિજપતિ ઓરુ આપનપુ, તા બીચ કરનકુ ઓટ. ૧૦૫

### શબ્દાર્થ

**તેસે હી** = તેવી જ રીતે **નિજ** = પોતાના અંશ સ્વરૂપને **તારક** = તારી શકે, મોક્ષ કરાવી શકે **જપ** = મંત્ર, જાપ **ઓર** = બીજા **મંત્ર** =મંત્ર જાપ, જપ **થકી** = થી **મોટ** = મોટા, વિશેષ, અધિક, શ્રેષ્ઠ **પણ** = પરંતુ **નિજપતિ** = સર્જનહાર, કૈવલકર્તા, આદિ પરમપિતા **ઓરુ** = અને **આપનપુ** = પોતાનુ ચૈતન અંશસ્વરૂપ **તા બીચ** = તેની વચ્ચે **કરનકુ** = કરવાવાળો **ઓટ** = અંતરપટ, ઓથું, પડદો, છાયો, આધાર, ટેકો, પડછાયો.

### અનુવાદ

**તેવી જ રીતે અંશ સ્વરૂપને તારવાવાળો જપ બીજા મંત્રથી મોટો છે, પરંતુ મૂળ કૈવલકર્તા અને અંશસ્વરૂપ એ બંને વચ્ચે આધાર (ટેકો) છે.**

### ભાવાર્થ

વિશ્વમાં અલગ-અલગ ઈષ્ટદેવોની આરાધના માટેના જુદા-જુદા મંત્રો છે સજાણજાણ રૂપ ચૈતનઅંશસ્વરૂપની મુક્તિ માટે જપાતો જે મંત્ર છે તેને જ તારક મંત્ર કહેવાય. જે અન્ય બધા જ મંત્રો કરતાં શ્રેષ્ઠ છે, પરંતુ મહદ્ સજાણજાણ પૂર્ણચૈતનઅંશ સ્વરૂપ એમ બંને વચ્ચે તે મંત્ર ટેકા (આધાર) રૂપે છે. વળી, બંને વચ્ચેનું જે અંતર છે તેને જોડાણ કરનારો છે.

**ગંભીરા જેહી શીખરકે, ઓરુ નિજ તારક જાપ;**
**એહી ઉભયે પરકાશીક, તેહી નિજ આપનુઆપ. ૧૦૬**

### શબ્દાર્થ

**ગંભીરા** = ગંભિરા **જેહી** = જે **શીખરકે** = શિખરને **ઓરુ** = અને **નિજ** = મૂળ, આદિ, પોતાના **તારક જાપ** = તારક મંત્ર **એહી** = તે **ઉભયે** = બંને **પરકાશીક** = પ્રકાશ પાડનારો, પ્રકાશક **તેહી** = તે **નિજ** = પોતાનું **આપનુઆપ** = પોતાનુ ચૈતન અંશસ્વરૂપ.

### અનુવાદ

**ગંભીરા શિખર અને નિજ તારક જાપ એ બંનેનો પ્રકાશ કરનાર જે છે, તે જ પોતાનું ચૈતન અંશસ્વરૂપ છે.**

### ભાવાર્થ

ચાર શિખરોની ઉપર આવેલું પાંચમું જે ગંભીરાશિખર છે તે અને નિજ તારકમંત્ર એ બંનેનો પ્રકાશ કરનાર પ્રકાશક તરીકે પોતાનું ચૈતન અંશસ્વરૂપ છે. જેના ચૈતનતાના પ્રકાશ થકી જ ગંભીરાશિખર અને તારકમંત્રને ચેતનવંત (કાર્યરત) કરી શકાય છે.

**મંત્ર સજીવ જપનારસે, જપતા હોય જબાપ;**
**નહીં તો જડના જડ સદા, જે તે ભર કુલ જાપ. ૧૦૭**

### શબ્દાર્થ

**મંત્ર** = જાપ, જપ **સજીવ** = ચેતનવંત, કાર્યરત **જપનારસે** = જપનાર દ્વારા, જપનાર થકી **જપતા** = જાપ જપાતા **હોય** = થાય **જબાપ** = ઉત્તર દેનારો, જવાબ આપનારો પ્રતિક્રિયા રૂપે ફળ દેનાર વાળો ઉત્તર **નહીં તો** = નહીંતર **જડના જડ** = જડનો જડ **સદા** = સદાને માટે **જે તે ભર કુલ** = જેટલા છે તેટલા બધાં જ **જાપ** = મંત્ર જાપ.

### અનુવાદ

**મંત્ર જપનાર થકી જ સજીવ બને છે. તે જપવાથી તેનો વળતો જવાબ મળે છે. નહીંતર તો જેટલા છે તેટલા બધા જ મંત્રો સદાને માટે જડના જડ જ રહે છે.**

### ભાવાર્થ

કોઈ પણ પ્રકારના મંત્રનું નિશ્ચિત કરેલું ફળ ત્યારે જ પ્રાપ્ત થાય કે જ્યારે તે મંત્ર જપનાર દ્વારા યોગ્ય રીતે જપાતો હોય. નહીંતર તો તે મંત્રની શક્તિ પ્રાપ્ત થતી નથી. અથવા ફળ સ્વરૂપે મેળવવાપાત્ર પરિણામ મળતું નથી. જપાયા સિવાયના મંત્ર વિશ્વમાં જેટલા છે તે તમામ મંત્રો જડના જડ જ રહેલા હોય છે. તે ત્યારે જ સજીવ સ્વરૂપે કાર્યાન્વિત બને છે કે જ્યારે તેને કોઈ જપનાર દ્વારા તેને યોગ્ય રીતે જપવામાં આવે.

**અષ્ટાદશ ખટ નવ લહુ, કાગદ લીખે કુરાન;**
**ધરી રખે બોલે નહીં, આપે નિગમ પુરાન. ૧૦૮**

### શબ્દાર્થ

**અષ્ટાદશ** = અઢાર પુરાણ **ખટ** = છ શાસ્ત્રો **નવ** = નવ વ્યાકરણ **લહુ** = સુધીના **કાગદ** = કાગળમાં, કાગળ ઉપર **લીખે** = લખાયેલ **કુરાન** = કુરાન **ધરી રખે** =સામે ધરી રાખવામાં આવે **બોલે નહીં** = બોલે નહીં **આપે** = પોતાની જાતે **નિગમ** = બ્રહ્માજી દ્વારા વદેલા ચાર વેદો **પુરાન** = પુરાણ.

### અનુવાદ

**અઢાર પુરાણ, છ શાસ્ત્રો, નવ વ્યાકરણ અને કુરાન વગેરેનું લખાણ કાગળો ઉપર લખાયેલું છે. તેમને ખુલ્લા ધરી રાખવામાં આવે તો પણ તે વેદ યા પુરાન પોતાની જાતે બોલે નહીં.**

### ભાવાર્થ

હિન્દુધર્મના ધર્મપુસ્તકો રૂપે રહેલા અઢાર પુરાણ, છ શાસ્ત્રો અને નવ વ્યાકરણ તેમજ મુસ્લિમધર્મના ધર્મપુસ્તક કુરાન વગેરે સર્વ કાગળ ઉપર લખાયેલા છે. તે સર્વ ધર્મગ્રંથોને ખુલ્લા કરીને મુખ સામે ધરી રાખવામાં આવે તો પણ તે વેદ કે પુરાણની આદ્ય લઈ સર્વ ધર્મગ્રંથો પોતાની મેળે એક અક્ષર પણ બોલી શકતા નથી.

**વંચે જબી વંચાવહી, મંત્ર સહિત સબ વાણ;**
**તબતે વંચનહારહી, સકલ જાપ જુગ જાણ્ય. ૧૦૯**

### શબ્દાર્થ

**વંચે** = વંચાય **જબી** = જ્યારે **વંચાવહી** = વાંચવામાં આવે **મંત્ર** = મંત્ર, જપ, જાપ **સહિત** = સહિત, શુદ્ધાં **સબ** = દરેક, બધી જ **વાણ** = વાણી, લખાણ, બોલી **તબતે** = તેથી, ત્યારે **વંચનહારહી** = વાંચનારને **સકલ** = સર્વ, બધા, તમામ **જાપ** = જપ, મંત્ર **જુગ** = જગતમાં, વિશ્વમાં **જાણ્ય** = જાણ, જ્ઞાન, સમજ, જાણવું તે.

### અનુવાદ

**જ્યારે મંત્ર સહિતની દરેક પ્રકારની વાણીને વાંચવામાં આવે ત્યારે જ વંચાય છે. તેથી વાંચનારને સર્વમંત્રોની અને જગતની જાણ થાય છે.**

### ભાવાર્થ

જગતમાં વર્તમાન દરેક પ્રકારના મંત્રો સહિત ધર્મગ્રંથોમાં લખાયેલી વિશ્વની ઉત્પત્તિ અંગેની વાણીને વાંચવામાં આવે ત્યારે જ વંચાય છે. તેના વાંચનારને વાંચવામાં આવેલા મંત્રની માહિતી અને જગતપક્ષની સમજ પણ ત્યારે જ થાય છે.

**નિગમ આદ્ય ભવ ભજનકે, મંત્ર સહિત કરનાર;**
**ઓરુ સહિત નિજ તારક, જેહી જાપ જપનાર. ૧૧૦**

### શબ્દાર્થ

**નિગમ** = બ્રહ્માજી દ્વારા ઉચ્ચારાયેલ ચાર વેદ **આદ્ય** = ની આદ્ય લઈ, આદિ **ભવ** = વિશ્વના, જગતના **ભજનકે** = ભજનનું **મંત્ર** = જપ, જાપ **સહિત** = શુદ્ધાં, સહિત **કરનાર** = કરનાર **ઓરુ** = અને **સહિત** = શુદ્ધાં **નિજ** = ચૈતનઅંશને માટે, આપનપુ સ્વરૂપને માટે જપાતા **તારક** = તારકમંત્ર, મોક્ષ માટેનો મંત્ર **જેહી** = જે **જાપ** = મંત્ર, જપ **જપનાર** = જપનાર, જપને જપનાર વ્યક્તિ.

### અનુવાદ

**વેદની આદ્ય લઈ મંત્રો સહિત જેઓ ભજન કરે છે તે અને અંશના મોક્ષ માટેનો તારકમંત્રનો જેઓ જાપ જપે છે. એવા જાપને જપનાર....**

### ભાવાર્થ

બ્રહ્માજી વદિત ચાર વેદની આદ્ય લઈને તેમાં દર્શાવેલા અગણિત મંત્રો સહિત

મુમુક્ષુઓ ઈષ્ટદેવની ઉપાસના અને ભજન-સ્મરણ કરતાં હોય છે. એ સર્વની આદ્ય લઈને ઘણા મુમુક્ષુઓ અંશના મોક્ષ માટે જે તારકમંત્ર છે તેના પણ જાપ જપતા હોય છે, પરંતુ તે જાપ જપનાર.

**તેહી જાપ જપનારકી, ખોજ વિના સબ ખોટ;**
**ભવ જલ અંત ન આવહી, જપત જાપ કહી કોટ. ૧૧૧**

### શબ્દાર્થ

**તેહી** = તે **જાપ** = મંત્ર, જપ **જપનારકી** = જપનારની **ખોજ** = ખોળ, શોધ, તપાસ **વિના** = સિવાય, વગર **સબ** = બધું જ, સર્વ **ખોટ** = ખોટું, વ્યર્થ, નકામુ **ભવ જલ** = સંસાર સાગર, ભવસિંધુ **અંત** = છેડો, છેવટ, કિનારા **ન** = નહીં, નથી **આવહી** = આવતો, આવે **જપત** = જપતાં, જાપ સ્મરણ કરતાં **જાપ** = મંત્ર, જપ **કહી** = કેટલાંયે, કેટલાક **કોટ** = કરોડ.

### અનુવાદ

**તે જાપ જપનારની શોધ કર્યા વિના બધું જ વ્યર્થ છે. કરોડો વખત જાપને જપવા છતાં ભવજલનો અંત આવતો નથી.**

### ભાવાર્થ

તે જાપને જપનાર શરીરના સ્વામીરૂપે રહેલા ચૈતનઅંશની સાચી શોધ કર્યા સિવાય બધા જ પ્રકારની ઉપાસના અને ભજન-સ્મરણ વ્યર્થ છે. વળી ધર્મગ્રંથોમાં જણાવ્યા પ્રમાણેના મંત્રોને કરોડો વખત જપવા છતાં અંશનું જન્મ-મરણ રૂપ ભવસંકટનો કદી પણ અંત આવતો નથી.

**એહી વિધિ મંત્ર સકલ જેહી, નિજ તારક જપ આદ્ય;**
**પદ પાવન જુગધર જન, જપત જાપ પર સ્વાદ્ય. ૧૧૨**

### શબ્દાર્થ

**એહી વિધિ** = આ પ્રમાણે, આ રીતે **મંત્ર** = જપ, જાપ **સકલ** = સર્વ, તમામ, બધા **જેહી** = જે **નિજ** = ચૈતન અંશને તારવાવાળો **તારક** = તારકમંત્ર **જપ** = મંત્ર, જપ **આદ્ય** = આદિ **પદ** = પદ, સ્થાન, દરજ્જો, ધામ **પાવન** = પ્રાપ્ત કરવા **જુગધર** = જગને ધારણ કરનાર જગતકર્તા **જન** = વ્યક્તિ, માનવી

**જપત** = જપે છે **જાપ** = મંત્ર, જપ **પર સ્વાદ્ય** = પર સ્વાધીન, પરતંત્ર.

## અનુવાદ

**એ પ્રમાણે તારકમંત્રની આદ્ય લઈ સર્વ મંત્રોના જાપ જગત કર્તાના પદને પ્રાપ્ત કરવા માનવી પરસ્વાધીનપણે જપે છે.**

## ભાવાર્થ

અગાઉ જણાવ્યા પ્રમાણે વિશ્વના માનવો સર્જનહારના પરમપદને પ્રાપ્ત કરવાના ઉમદા ઉદ્દેશને કારણે અંશનો મોક્ષ કરનાર તારકમંત્રની આદ્ય લઈને વિધ વિધ પ્રકારના મંત્રોના જાપ જપ્યા કરે છે. પોતાના ચૈતન અંશસ્વરૂપની પૂર્ણ સમજને અભાવે પરોક્ષ મંત્રોને આધીન થઈને જાપનું સ્મરણ કર્યા કરે છે.

**જબ તેહી પરસ્વાધીન જન, જપત જાપ હોઈ દીન;**
**આપનું આપ નિજ પતિપદ, તબતે તેહુ ન ચીન. ૧૧૩**

### શબ્દાર્થ

**જબ** = જ્યારથી **તેહી** = તેઓ, તે પ્રમાણે, **પરસ્વાધીન** = અન્યને આધીન, પરકાને આધીન, પરોક્ષ પદને આધીન, પરાધીન **જન** = માનવી, વ્યક્તિ **જપત** = જપે છે **જાપ** = મંત્ર, જપ **હોઈ** = થઈને **દીન** = ગરીબ, નમ્રતા પૂર્વક, વિનમ્ર ભાવે **આપનું આપ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **નિજ પતિપદ** = આદિ સર્જનહારનું પરમપદ **તબતે** = તેથી, તેના કારણે, તેટલા માટે **તેહુ** = તેઓ **ન** = નહીં, નથી **ચીન** = ઓળખી શક્યા, શોધી શક્યા.

## અનુવાદ

**જ્યારે માનવી તે પ્રમાણે પરસ્વાધીન થઈને દીનતાપૂર્વક જાપને જપે છે તેથી તેઓ પોતાના અંશસ્વરૂપની અને આદિ કર્તાના પરમપદની શોધ કરી શક્યા નથી.**

## ભાવાર્થ

આ પ્રમાણે વિશ્વના માનવો પરાધીન થઈ ને વિનમ્રભાવે ભજન-સ્મરણ અને

ઉપાસનાની આદ્ય લઈ ને મંત્ર જાપ જપ્યા કરે છે. વિવિધ પ્રકારના મંત્રો અને પ્રાકૃતિક તત્ત્વોને આધીન થઈ ને જિંદગી જીવતા હોવાથી પોતાના ચૈતન અંશસ્વરૂપની કે અંશ જેના વંશનો છે એવા સજાતિ મહદ્ સજાણજાણ કૈવલકર્તાના અંતિમ પદને જાણી શક્યા નહીં, તેમજ તે અંગે શોધ પણ કરી નહીં.

**કોઈ પકડત ન્હેંઅક્ષર, સાર શબ્દ પુનિ સોય;**
**કોઈ કહત ઘર રહેતહી, નિજ ગુરુ ગમ પદ ઓય. ૧૧૪**

**શબ્દાર્થ**

**કોઈ** = કોઈ **પકડત** = પકડે છે **ન્હેંઅક્ષર** = ન્હેઃઅક્ષર **સાર શબ્દ** = સાર શબ્દ **પુનિ** = વળી **સોય** = તે **કોઈ કહત** = કોઈ કહે છે **ઘર રહેત હી** = રહત ઘર ને **નિજ** = પોતાના **ગુરુ** = ગુરુએ દર્શાવેલા **ગમ** = સમજ, જ્ઞાન **પદ** = સ્થાન, દરજ્જો, ઠેકાણું, ધામ **ઓય** = તે, એ, અમારું.

**અનુવાદ**

**કોઈ ન્હેઃઅક્ષરને પકડે છે, તો વળી કોઈ સાર શબ્દને અને કોઈ રહેત ઘર કહે છે. આ રીતે આદ્ય ગુરુની સમજ મુજબ આ પદ નક્કી કરેલ છે.**

**ભાવાર્થ**

કબીર પંથના આદ્ય સ્થાપક સદ્ગુરુ કબીરસાહેબની વાણીમાં દર્શાવ્યા મુજબના ત્રણ અલગ-અલગ શબ્દો જેનો મૂળ આશય એક છે. જે અંગે કોઈ ન્હેઃઅક્ષરમાં અટકીને મૂળ સ્થાન દર્શાવે છે તો વળી કોઈ સારશબ્દને માને છે અને કોઈ રહેતઘરને મૂળ પદ માને છે. આમ કબીર પંથના આદ્ય સ્થાપક સદ્ગુરુ કબીરસાહેબના જ્ઞાનોપદેશની માન્યતામાં અટકી રહેલા છે.

**સાર શબ્દ સોહી શબ્દ હૈ, સકલ શબ્દ સીરદાર;**
**ન્હેઃઅક્ષર પણ અક્ષર, સકલ અંક કિરતાર. ૧૧૫**

**શબ્દાર્થ**

**સાર શબ્દ** = સારશબ્દ **સોહી** = તે **શબ્દ હૈ** = શબ્દ છે **સકલ** = બધા જ, તમામ, સર્વ **શબ્દ** = શબ્દનો **સીરદાર** = સરદાર, મુખિયો, નાયક **ન્હેઃઅક્ષર** = ન્હેંઅક્ષર **પણ અક્ષર** = પણ અક્ષર જ છે **સકલ** = સર્વ,

તમામ **અંક** = અક્ષરોના **કિરતાર** = કરનારો, ઉત્પત્તિનો આધાર.

### અનુવાદ

**સાર શબ્દ એ એવો શબ્દ છે જે દરેક શબ્દોના સરદાર રૂપે છે ન્હેઃઅક્ષર પણ એવો અક્ષર છે જે સર્વ અંકોના કર્તા સ્વરૂપે છે.**

### ભાવાર્થ

શરીરમાં જે શબ્દની રચના થાય છે તેના કારણરૂપે પ્રણવ અને અંતઃકરણનું જોડાણ છે અને ત્યારે જ શબ્દ રચના સાકાર બને છે, પરંતુ જો પ્રણવમાં અંતઃકરણ લીન પામે ત્યારે માત્ર શુદ્ધ પ્રણવ જે અજપા જાપ તરીકે વહે છે તેને શબ્દનું મૂળ ઉદ્ભવ સ્થાન કહી શકાય. એવા શુદ્ધ પ્રણવના હંગ રૂપે રહેલા અજપાજાપને સાર શબ્દ કહેવામાં આવે છે. માટે સારશબ્દ દરેક શબ્દનો સરદાર ગણાય છે.

પ્રણવ અક્ષરથી રહિત વહે છે એટલે કે, બાવન વર્ણમાળાના અંકો સિવાયનો હોવા છતાં અંતઃકરણના પ્રભાવ વગર એકલો વહ્યા કરે છે. તેવા ૐકાર પ્રણવને ન્હેઃઅક્ષર કહેવાય છે, માટે દરેક અંકોનો ઉત્પન્ન કરનારો અજપાજાપ પ્રણવ છે. અર્થાત્ તે સર્વ અંકોનો કર્તા છે.

**કહત રેહેતઘર તેહી ઘર, સબ ઘરકે શિર મોટ;**
**આપનુ આપ પતિપદ બિનું, એ સબ ખાલી ચોટ. ૧૧૬**

### શબ્દાર્થ

**કહત** = કહેવામાં આવેલો **રેહેતઘર** = રહેતઘર **તેહી** = તે, તે એવું **ઘર** = ઘર, ઠેકાણું, સ્થાન **સબ ઘરકે** = દરેક ઘરોમાં **શિર મોટ** = મહાન, શ્રેષ્ઠ, સર્વોપરી **આપનુ આપ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **પતિપદ** = સર્જનહારનું અંતિમ કૈવલપદ **બિનું** = સિવાય, વગર **એ સબ** = આ સર્વ, આ બધું **ખાલી** = નકામી, વ્યર્થ **ચોટ** = નિશાન, લક્ષ્ય, માન્યતા, કેન્દ્ર બિંદુ, શિરોમણી સ્થાન, શ્રેષ્ઠ પદ, ઊંચું સ્થાન.

### અનુવાદ

**જેને રહેતઘર કહેવામાં આવે છે, તે ઘર સર્વ ઘરનું શ્રેષ્ઠ સ્થાન છે, પરંતુ આ**

**સર્વ માન્યતા આપનપુ અને પતિપદ સિવાયની હોવાથી સર્વ વ્યર્થ લક્ષ્ય છે.**

## ભાવાર્થ

સષોપતિ અવસ્થામાં ઈન્દ્રિયોના કાર્યો લીન પામી જાય છે. પ્રણવ ઉપર ઈન્દ્રિયોની જે પકડ હતી તે નાશ પામે છે. તે સમયે પ્રણવ અતિ શુદ્ધ એકલમલ વહેતો હોય છે. પ્રણવના મૂળ ઘર જે ૐકાર બ્રહ્મ છે, તેની સાથે એકરસ થઈને રહે છે આવી પ્રણવની રહેવાની સ્થિતિ ને રહેત ઘર કહેવામાં આવે છે. ૐકાર પ્રણવની ઉત્પત્તિ પણ રહેત ઘરમાંથી જ થાય છે માટે તે દરેક ઘરોથી સર્વ શ્રેષ્ઠ ઘર કહેવાય છે.

આ પ્રમાણે સારશબ્દ, રહેતઘર અને ન્હેઃઅક્ષર એમ ત્રણ અલગ-અલગ નામવાળા મુદ્દાનો અંતિમ ઉદ્દેશ જોતાં એક જ માલુમ પડે છે. સદ્‌ગુરુ કબીરસાહેબે બ્રહ્માંડમાં સચરાચર વ્યાપક બ્રહ્મના અંશસ્વરૂપે પિંડમાં રહેલા પ્રણવથી ઉપરનો જે ચૈતન અંશનો મુદ્દો હતો તે કોઈ અધિકારી ન જણાતાં તેને ગુપ્ત રાખેલો હતો.

તેથી આ ત્રણે મુદ્દા પોતાનું ચૈતન અંશસ્વરૂપ અને સકર્તા પતિ સર્જનહારના પરમપદની જાણ્ય વગરના હોવાથી તે સર્વ લક્ષ (માન્યતા) વ્યર્થ છે.

**જેતને ભર જપ કારણ, ધ્યાન ધરત દરશાય;**
**આપનુ આપ નિજ પતિપદ, તીનમે નહીં ન કહાય. ૧૧૭**

## શબ્દાર્થ

**જેતને ભર** = જેટલા છે તેટલા **જપ** = મંત્ર, જાપ **કારણ** = કારણ રૂપે **ધ્યાન** = ધ્યાન, ચિંતન, મનન, ઈન્દ્રિયોની એકાગ્રતા **ધરત** = ધરવામાં, ધરતાં **દરશાય** = જણાય, દેખાય, દશ્યમાન થાય **આપનુ આપ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **નિજ પતિપદ** = આદિ સર્જનહારનું પદ **તીનમે** = તેમાં **નહીં** = નથી **ન કહાય** = કહેવામાં આવ્યું નથી, કહેવાયું નથી, કહી શકાયું નથી.

## અનુવાદ

**કારણ રૂપે રહેલા જેટલા જાપ છે, તેનું ધ્યાન ધરતાં જેનું રૂપ દશ્યમાન થાય છે, તેમાં આપનપુ અને નિજ પતિપદ નથી અને કહેવાય પણ નહીં.**

## ભાવાર્થ

કોઈ પણ કાર્યને સિદ્ધ કરવા કે સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે કારણરૂપે રહેલા જેટલા જાપ છે તેટલા જાપનું ધ્યાન ધરવામાં આવે તો તેના ફળ સ્વરૂપે કાર્યની સિદ્ધિ થાય છે અને જે તે સ્વરૂપનાં દર્શન પણ અનુભવાય છે. આવા દૃશ્યમાન થતા સ્વરૂપોમાં આપનપુ ચૈતન અંશસ્વરૂપ અને વિશ્વનિયંતા સકર્તાપતિ સર્જનહારનું પરમપદ નથી અને જણાતું પણ નથી. જે સ્વરૂપ દેખાય છે તે નાશવંત હોઈ તેવા પદોને શાશ્વત પદ કહેવાય પણ નહીં.

**પંચ તત્ત્વ ઓરુ ગુણ ઘણ, માયા જ્યોત ને બ્રહ્મ;**
**એતનેમે નહીં આપનપુ, નહીં નિજ પતિપદ પરમ. ૧૧૮**

### શબ્દાર્થ

**પંચ તત્ત્વ** = પાંચ મહાતત્ત્વોઃ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ **ઓરુ** = અને **ગુણ** = ત્રણ ગુણઃ રજો, તમો અને સતો **ઘણ** = ત્રણ ઘણઃ અચંત, સ્વકાશ અને અહંકાર **માયા** = પ્રકૃતિ તત્ત્વવાળી મહંમાયા **જ્યોત** = જ્યોતિ સ્વરૂપ નિરંજન **ને** = અને **બ્રહ્મ** = સચરાચર વ્યાપક, અકર્તા બ્રહ્મપ્રકાશ **એતનેમે** = એટલામાં **નહીં** = નહીં **આપનપુ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **નહીં** = નહીં, નથી **નિજ પતિપદ** = આદિ સર્જનહારનું પદ **પરમ** = શ્રેષ્ઠ, અંતિમ, મહાન.

## અનુવાદ

**પાંચ તત્ત્વો, ગુણ, ઘણ, માયા, જ્યોતિ સ્વરૂપ અને બ્રહ્મ એ તમામની અંદર આપનપુ સ્વરૂપ નથી અને નિજપતિનું પરમપદ પણ નથી.**

## ભાવાર્થ

પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એમ પાંચ મહાતત્ત્વો. રજો, સતો, અને તમો એમ ત્રણ ગુણ. અચંત સ્વકાશ અને અહંકાર એમ ત્રણ ઘણ. પ્રાકૃતિક મહંમાયાનું સ્વરૂપ, જ્યોતિ સ્વરૂપ નિરંજનનું અને સચરાચર વ્યાપક અકર્તા બ્રહ્મપ્રકાશ. આ દરેક (તમામ) માં કોઈ આપનપુ ચૈતન અંશસ્વરૂપ અને આદિ સકર્તા પતિ સર્જનહારનું પરમ કૈવલપદ નથી.

## નિરગુણ શિરગુણ આત્મા, પરમાત્મા લહુ સોય;
## આપનુ આપ નિજ પતિપદ, જીનમે નહીં કીનુ કોય. ૧૧૯

### શબ્દાર્થ

**નિરગુણ** = નિર્ગુણ બ્રહ્મ **શિરગુણ** = સગુણ દેવ-દેવીઓ **આત્મા** = ઓહંગ પ્રણવ **પરમાત્મા** = સોહંગ પ્રણવ **લહુ** = સુધીની આદ્ય લઈ **સોય** = તે **આપનુ આપ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **નિજ પતિપદ** = આદિ સકર્તા પતિનું અંતિમ પદ **જીનમે** = તેમાં **નહીં** = નથી **કીનુ કોય** = તે પૈકી કોઈ પણ.

### અનુવાદ

**નિર્ગુણ, સગુણ, આત્મા અને પરમાત્મા સુધીના એ સર્વમાં આપનપુ અને નિજ પતિપદ પૈકી કોઈ નથી.**

### ભાવાર્થ

નિર્ગુણ સચરાચર વ્યાપક અકર્તા બ્રહ્મપ્રકાશ, સગુણ દેવી-દેવતાઓ, આત્માથી સંબોધાતો ઓહંગ પ્રણવ અને પરમાત્મા કહેવાતો સોહંગ પ્રણવ સુધીના દરેકમાં કોઈ પણ ચૈતન અંશનું સ્વરૂપ કે સકર્તાપતિ સર્જનહારનું કૈવલપદ નથી.

## દશ ઈન્દ્રિ અંતઃકરણ, પંચ કોશ ચહુવાણ;
## યામે નહીં નિજ આપનપુ, પુનિ નિજપતિ નિરવાણ. ૧૨૦

### શબ્દાર્થ

**દશ ઈન્દ્રિ** = પાંચ કર્મેન્દ્રિય અને પાંચ જ્ઞાનેન્દ્રિય **અંતઃકરણ** = પાંચ અંતઃકરણઃ મન, બુદ્ધિ, ચિત્ત અહંકાર અને નચિંત **પંચ કોશ** = અનોમય, મનોમય, પ્રાણમય, વિજ્ઞાનમય અને આનદમય **ચહુવાણ** = ચાર પ્રકારની વાણીઃ પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી **યામે** = તેમાં **નહીં** = નથી **નિજ** = પોતાનું **આપનપુ** = ચૈતન અંશ સ્વરૂપ **પુનિ** = વળી **નિજપતિ** = સકર્તા પતિ સર્જનહારનું **નિરવાણ** = નિર્વાણ પદ, વાણીથી રહિત પરમપદ.

### અનુવાદ

**દશ ઈન્દ્રિયો, અંતઃકરણો, પાંચ કોશ અને ચાર વાણી એ સર્વમાં પણ નિજ આપનપુ અને નિર્વાણ નિજ પતિ નથી.**

### ભાવાર્થ

પાંચ કર્મેન્દ્રિયોઃ હાથ, પગ, મુખ, જીભ, ગુદા અને ઉપસ્થ. પાંચ જ્ઞાનેન્દ્રિયોઃ આંખ, નાક, કાન, જીભ અને ત્વચા. પાંચ કોશઃ અનોમય, મનોમય, પ્રાણમય, વિજ્ઞાનમય અને આનંદમય અને ચાર પ્રકારની વાણીઃ પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી. આ સર્વમાં આપણું ચૈતન અંશસ્વરૂપ કે નિર્વાણ એવા સકર્તા પતિ સર્જનહાર કૈવલકર્તા નથી.

**અજપા જપ જેહી પ્રણવહી, રરંકાર ૐ કાર;**
**સો સદ નહીં નિજ આપનપુ, નહીં નિજપતિ નિરધાર. ૧૨૧**

#### શબ્દાર્થ

**અજપા જપ** = આપોઆપ જપાતા અજપા જાપ **જેહી** = જે **પ્રણવહી** = પ્રણવ છે **રરંકાર** = ઓહંકાર, સોહંગ પ્રણવ **ૐ કાર** = ઓહંગ પ્રણવ, ઓમકાર **સો** = તે **સદ** = સાચે જ, પણ **નહીં** = નથી **નિજ** = પોતાનો **આપનપુ** = ચૈતન અંશસ્વરૂપ **નહીં** = નથી **નિજપતિ** = આદિ પરમપિતા, નિજકર્તા **નિરધાર** = નક્કી, નિશ્ચિત રૂપે.

### અનુવાદ

**પ્રણવનો જે અજપા જપ સોહંકાર અને ૐકાર છે, તે ખરેખર નિજ આપનપુ સ્વરૂપ નથી તેમજ નિશ્ચિત રૂપે નિજપતિ પણ નથી.**

### ભાવાર્થ

શરીરમાં જપાતો જે અજપા જપ પ્રણવ છે તેમાં જે રરંકાર રૂપ રકાર (સોહંગ પ્રણવ) અને ૐકાર રૂપ ઓહંગ પ્રણવ જપાયા કરે છે, તે ખરેખર આપનું ચૈતન અંશસ્વરૂપ નથી તેમજ વિશ્વનિયંતા સકર્તાપતિ સર્જનહાર પણ નિશ્ચિત રૂપે નથી જ.

**જાગ્રત સ્વપ્ન સષોપતિ, ઓરુ તુરિયા ઉનમુન્ય;**
**ઈનમે નહીં નિજ આપનપુ, નહીં નિજ પતિપદ પુન્ય. ૧૨૨**

#### શબ્દાર્થ

**જાગ્રત** = જાગ્રતઅવસ્થા **સ્વપ્ન** = સ્વપ્નઅવસ્થા **સષોપતિ** = સષોપતિઅવસ્થા **ઓરુ** = અને **તુરિયા** = તુરિયાઅવસ્થા **ઉનમુન્ય** = ઉનમુનિઅવસ્થા **ઈનમે** = એમાં **નહીં** = નથી **નિજ** = પોતાનું

**અતાનપુ** = ચૈતન અંશસ્વરૂપ **નહીં** = નથી **નિજ** = મૂળ, આદિ **પતિપદ** = સર્જનહારનું અંતિમ પદ **પુન્ય** = પુણ્યશાળી, પવિત્ર, નિર્મળ.

## અનુવાદ

**જાગ્રત, સ્વપ્ન, સષોપતિ, તુર્યા અને ઉનમુનિ એમાં નિજ આપનપુ કે પવિત્ર એવું નિજ પતિપદ નથી.**

## ભાવાર્થ

જાગ્રત, સ્વપ્ન, સષોપતિ, તુર્યા અને ઉનમુનિ, એમ પાંચે પાંચ મૂળ અવસ્થાઓ છે તેમાં પણ આપણું ચૈતન અંશસ્વરૂપ નથી. એટલું જ નહીં, પરંતુ આદિ નિજકર્તા સર્જનહારનું નિર્મળ એવું પરમકૈવલપદ પણ નથી.

**જ્ઞાન ભક્તિ વૈરાગહી, પુનહી જોગ અષ્ટાંગ;**
**એતનેમેં નહીં આપનપુ, પુનિ નહીં નિજપતિ અંગ. ૧૨૩**

### શબ્દાર્થ

**જ્ઞાન** = જ્ઞાન, સમજ **ભક્તિ** = ભક્તિ **વૈરાગહી** = વૈરાગ્યપણું **પુનહી** = વળી **જોગ** = યોગનાં **અષ્ટાંગ** = આઠ અંગોઃ યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ **એતનેમેં** = એટલામાં **નહીં** = નથી **આપનપુ** = આપનું ચૈતન અંશ સ્વરૂપ **પુનિ** = વળી **નહીં** = નથી **નિજપતિ** = સર્જનહાર **અંગ** = અંગ, સ્વરૂપ.

## અનુવાદ

**જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય તથા અષ્ટાંગ યોગમાં પણ આપનપુ અને નિજપતિનું સ્વરૂપ નથી.**

## ભાવાર્થ

આધ્યાત્મિક માર્ગના આધાર સ્તંભ સમાન ગણાતા એવા જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય તેમજ આઠ પ્રકારના યોગઃ યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિમાં પણ પોતાનું ચૈતન અંશસ્વરૂપ અને અંશના સજાતીય વિશ્વિનયંતા સકર્તાપતિ સર્જનહારનું સ્વરૂપ નથી.

## સ્થૂળ સૂક્ષ્મ કારણ મહા, પરમકારણ લહુ દેહ;
## જીનમે નહીં નિજ આપનપુ, ઓરુ નહીં નિજપતિ છેહ. ૧૨૪

### શબ્દાર્થ

**સ્થૂળ** = સ્થૂળદેહ **સૂક્ષ્મ** = સૂક્ષ્મદેહ **કારણ** = કારણદેહ **મહા** = મહાકારણદેહ **પરમકારણ** = પરમકારણદેહ **લહુ** = સુધી **દેહ** = દેહ **જીનમે** = જેમાં **નહીં** = નથી **નિજ** = પોતાનું **આપનપુ** = ચૈતન અંશસ્વરૂપ **ઓરુ** = અને **નહીં** = નથી **નિજપતિ** = નિજકર્તા **છેહ** = છેવટ, અંતિમ, સર્વોપરી.

### અનુવાદ

**સ્થૂળ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ સુધીના દેહ છે, જેમાં પોતાનું અંશસ્વરૂપ નથી અને છેવટના નિજપતિ પણ નથી.**

### ભાવાર્થ

સ્થૂળદેહ, સૂક્ષ્મદેહ, કારણદેહ, મહાકારણદેહ અને પરમકારણદેહ એમ પાંચેય દેહો સુધીના દેહધારીઓમાં આપણું ચૈતન અંશસ્વરૂપ કોઈ જ નથી. તેમજ તેમાં બ્રહ્મની મધ્યે પરે રહેલા તત્ત્વાતીત અને છેવટના કૈવલપદને ધારણ કરનાર કૈવલકર્તા પણ કોઈ નથી.

## નામ રૂપ જીનકે ગુણ, વૃત્તિ સહિત વિસ્તાર;
## તિનમે નહીં નિજ આપનપુ, નહીં નિજપતિ શુભ સાર. ૧૨૫

### શબ્દાર્થ

**નામ** = નામ **રૂપ** = આકાર, આકૃતિ, સ્વરૂપ **જીનકે** = જેનો **ગુણ** = ત્રણ ગુણ **વૃત્તિ** = પ્રાકૃતિક લક્ષણો **સહિત** = સહિત **વિસ્તાર** = ફેલાવો, એરિયા, પથરાટ **તિનમે** = તેમાં **નહીં** = નથી **નિજ** = પોતાનું **આપનપુ** = ચૈતન અંશસ્વરૂપ **નહીં** = નથી **નિજપતિ** = સર્જનહારનું, આદિ પરમપિતા **શુભ** = કલ્યાણકારી **સાર** = સારરૂપે રહેલા, કારણરૂપે રહેલા.

### અનુવાદ

**જ્યાં સુધી નામ, રૂપ, ગુણ અને પ્રકૃતિનો વિસ્તાર છે, તેમાં આપણું ચૈતન અંશસ્વરૂપ અને સારરૂપે રહેલા કલ્યાણકારી આદિ પરમપિતા પણ નથી.**

## ભાવાર્થ

જ્યાં સુધી નામ, રૂપ, ગુણ અને પ્રકૃતિનો વિસ્તાર છે ત્યાં સુધી કોઈ પણ પદાર્થમાં નિજ આપનપુ રૂપ ચૈતન અંશસ્વરૂપ નથી, તેમજ સર્વ જગત અને અખિલ બ્રહ્માંડની ઉત્પત્તિના કારણ રૂપે રહેલા કલ્યાણકારી અને બ્રહ્મની મધ્યે પરે રહેલા આદિ પરમપિતા પણ કોઈ નથી.

**મહા તત પુનિ અહંકાર હી, ક્ષર અક્ષર લહુ સાજ;**
**ઈનમે નહીં નિજ આપનપુ, નહીં નિજપતિ મહારાજ. ૧૨૬**

### શબ્દાર્થ

**મહા તત** = મહા તત્ત્વોઃ અવિકાસ, વિકાસ અને કુંભસ્થ **પુનિ** = વળી **અહંકાર** = અહંકાર ઘણ **હી** = પણ **ક્ષર** = નાશવંત વ્યક્ત તત્ત્વો, પદાર્થ **અક્ષર** = અવ્યક્ત તત્ત્વ સમુદાય **લહુ** = સુધી, સહિત **સાજ** = પદાર્થ, દેહ, ઉત્પત્તિ **ઈનમે** = તેમાં **નહીં** = નથી **નિજ** = પોતાનું **આપનપુ** = ચૈતન અંશસ્વરૂપ **નહીં** = નથી **નિજપતિ** = સકર્તા પતિ, આદિ પરમપિતા, મૂળ સર્જનહાર **મહારાજ** = મહાન રાજા, મહારાજા.

## અનુવાદ

**મહાતત્ત્વો, અહંકાર, ક્ષર અને અક્ષર સુધીના સર્વ સાજમાં નિજ આપનપુ નથી. વળી (તેમજ) તેમાં મહારાજ રૂપ નિજકર્તા પણ નથી.**

## ભાવાર્થ

બ્રહ્મના ત્રણ મહા તત્ત્વોઃ અવિકાસ, વિકાસ અને કુંભસ્થ તથા અહંકાર ઘણથી થયેલા પાંચમહાભૂત તેમજ પંચમાત્રાના સ્થૂળ દેહો સહિત પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા સર્વ દૃશ્ય પદાર્થો અને અવ્યક્ત તત્ત્વો મળીને સર્વ ઉત્પત્તિ નિજ આપનપુ રૂપ ચૈતન અંશનું સ્વરૂપ નથી તે સર્વ ઉત્પત્તિના રાજાધિરાજ રૂપ સર્વના કારણ રૂપ રહેલા તત્ત્વાતીત અને બ્રહ્મથી પરે રહેલા સકર્તાપતિ સર્જનહાર પણ નથી.

**શૂન્ય શિખર ઓરુ મહાશૂન્ય, અમીત શિખર અનુસુત;**
**સોહી પણ નહીં નિજ આપનપુ, નહીં નિજપતિ અદ્‌ભુત. ૧૨૭**

### શબ્દાર્થ

**શૂન્ય શિખર** = શૂન્ય શિખર **ઓરુ** = અને **મહાશૂન્ય** = મહાશૂન્ય શિખર **અમીત શિખર** = અમીત શિખર **અનુસુત** = ની સાથે જોડાયેલું **સોહી** = તે **પણ** = પણ **નહીં** = નથી **નિજ** = પોતાનું **આપનપુ** = ચૈતન અંશસ્વરૂપ **નહીં** = નથી **નિજપતિ** = આદિ સકર્તા સર્જનહાર, મૂળ સકર્તાપતિ **અદ્‌ભુત** = અલૌકિક, નવાઈ ઉપજાવનાર.

### અનુવાદ

**શૂન્ય શિખર, મહાશૂન્ય અને જે અનુસુત અમીત શૂન્ય શિખર છે તે પણ નિજ આપનપુ નથી અને અદ્‌ભુત નિજ પતિપદ પણ નથી.**

### ભાવાર્થ

શૂન્ય શિખર, મહાશૂન્ય શિખર અને તેની સાથે જોડાયેલુ ત્રીજું અમીત શિખર આવેલું છે, તે આપનપુ ચૈતન અંશસ્વરૂપ નથી તથા આશ્ચર્યજનક એવા સકર્તા પતિ સર્જનહાર નથી.

**પરમ પ્રકાશ શિખર જેહી, કહત પરમ લક્ષ સોય;**
**આપનું આપ નિજ પતિપદ, ઈનમે નહીં કિનુ કોય. ૧૨૮**

### શબ્દાર્થ

**પરમ પ્રકાશ શિખર** = પરમ પ્રકાશશિખર **જેહી** = જે **કહત** = કહેવાય છે **પરમ લક્ષ** = મહાન અને શ્રેષ્ઠ લક્ષ **સોય** = તે **આપનું આપ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **નિજ પતિપદ** = નિજકર્તાનું અંતિમ પદ **ઈનમે** = તેમનામાં, તેમાં **નહીં** = નથી **કિનુ કોય** = કોઈ પણ, પૈકીનું કોઈ.

### અનુવાદ

**પરમ પ્રકાશશિખર કે જે પરમલક્ષી કહેવાય છે, તેમાં આપનપુ અને નિજપતિ પદ પૈકી કોઈ જ નથી.**

### ભાવાર્થ

ચોથું પરમપ્રકાશશિખર કે જે પરમલક્ષી તરીકે પણ ઓળખવામાં આવે છે. એવા પરમલક્ષવાળા પરમપ્રકાશ શિખરમાં પણ પોતાનું અંશસ્વરૂપ નથી, તેમજ

મૂળ સકર્તાપતિ સર્જનહારનું કૈવલપદ નથી.

**ઓરુ ગંભિરા શિખરહી, જેહી છેવટ શૂન્ય મહાદ;**
**તેહી પણ નહીં નિજ આપનપુ, નહીં નિજપતિ પ્રતિપાદ. ૧૨૯**

### શબ્દાર્થ

**ઓરુ** = અને, વળી **ગંભિરા શિખરહી** = ગંભિરાશિખર પણ **જેહી** = જે **છેવટ** = છેડે, અંતિમ, છેવાડું **શૂન્ય મહાદ** = મહદ્ શૂન્ય **તેહી** = તે **પણ** = પણ **નહીં** = નથી **નિજ** = પોતાનું **આપનપુ** = ચૈતન અંશસ્વરૂપ **નહીં** = નથી **નિજપતિ** = નિજ કર્તાપદ, મૂળ સર્જનહાર સકર્તા પતિ **પ્રતિપાદ** = પૂરવાર કરવું તે, નિશ્ચિત કરવું તે, કારણ રૂપ, પ્રમાણવાળું.

### અનુવાદ

**ગંભિરા શિખર જે છેવટનું મહાશૂન્ય છે તેમાં નિજ આપનપુ અને પ્રતિપાદિત નિજ પતિપદ નથી.**

### ભાવાર્થ

વળી, પાંચમુ જે ગંભિરાશિખર સર્વ શિખરમાં છેવટનું મહાશૂન્ય તરીકે રહેલું છે. તેમાં પણ આપણું ચૈતન અંશસ્વરૂપ નથી, તથા સર્વના કારણ રૂપ સ્થાપિત થયેલા સકર્તાપતિનું પરમપદ નથી.

**તમપદ તદપદ અસીપદ, સદ્ ચિદ આનંદ વ્યાપ;**
**તેહી પણ નહીં નિજ આપનપુ, નહીં નિજ પતિપદ થાપ. ૧૩૦**

### શબ્દાર્થ

**તમપદ** = જીવ ત્રણેય કાળમાં સત્ય હોઈ તે સિવાયનું અન્ય સર્વ નાશવંત છે **તદપદ** = ઈશ્વર રૂપ થવા ક્રિયા કરવી **અસીપદ** = તમપદ અને તદપદ એ બંનેને પોતાનામાં સમાવીને રહે તે અવિકારી રૂપ પદ **સદ્** = સર્વ પ્રકારના બીજગ **ચિદ** = હિરણ્ય ગર્ભિત અંકુરને ચિદ્ કહેવાય છે **આનંદ** = સદ્ અને ચિદ્ આ બંનેની એકતા રૂપે સ્ફુરણા થઈ તે આનંદ ગુણ રૂપ હોઈ ત્રિગુણાત્મક વિશ્વનો વિસ્તાર થયેલો છે **વ્યાપ** = વ્યાપેલો વિસ્તાર, વ્યાપક **તેહી પણ** = તે પણ **નહીં** = નથી **નિજ આપનપુ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **નહીં** = નથી **નિજ પતિપદ** = નિજ સકર્તા પતિનું પદ **થાપ** = સ્થાપના થયેલું, સ્થપાયેલું.

## અનુવાદ

**તમપદ, તદપદ, અસિપદ તથા સદ્, ચિદ્ અને આનંદનો જે વ્યાપ છે તે પણ નિજ આપનપુ નથી અને નિજ પતિપદ જે સ્થાપિત થયેલું છે તે પણ નથી.**

## ભાવાર્થ

વેદના બાર મહાવાક્યો પૈકી સામવેદના તમપદ, તદ્પદ અને અસીપદ એ ત્રણ મહાવાક્યો તેમજ ઋગ્વેદે સમજાવેલા સદ્, ચિદ્ અને આનંદ એ ત્રણ મહાવાક્યો મળી કુલ છ મહાવાક્યો પણ પોતાનું ચૈતન અંશસ્વરૂપ નથી. વળી, સ્થાપિત થયેલા મૂળ સકર્તા પતિ સર્જનહારનું અંતિમપદ પણ (તેમાં) નથી.

**અયં અહો નિરમલ નિજ, અહં બ્રહ્મ અસી કીન;**
**સો લક્ષ નહીં નિજ આપનપુ, નહીં નિજપતિ પરવીન. ૧૩૧**

### શબ્દાર્થ

**અયં** = હુ આત્મા છું એવો ભાવ **અહો** = મારો કર્તા કોણ છે એવો ભાવ **નિરમલ** = મારું સ્વરૂપ ન્યારું હોવાથી સમપણે સર્વમાં સમાઈને વ્યાપક છે તેવો નિર્મળ ભાવ **નિજ** = પોતાનું મૂળ **અહં** = હું પોતે ઈશ્વર રૂપ છું **બ્રહ્મ** = સચરાચર વ્યાપક બ્રહ્મ સાક્ષી રૂપ છે **અસી** = અસ્મિ, વ્યાપક કરીને સ્થપાયેલી છે **કીન** = નક્કી કરવુ, કર્યું **સો** = તે **લક્ષ** = ધ્યેય, સિદ્ધિ, અંતિમ નિર્ણય **નહીં** = નથી **નિજ આપનપુ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **નહીં** = નથી **નિજપતિ** = સર્જનહાર, મૂળ આદિ કૈવલકર્તા **પરવીન** = પ્રવીણ, સર્વજ્ઞ ગતિવાળા, કુશળ.

## અનુવાદ

**અયમ્, અહો, નિરમલ તેમજ અહમ્, બ્રહ્મ, અસ્મિનો જે મૂળ લક્ષ કહેલો છે, તે પણ નિજપતિપદ કે સર્વજ્ઞ ગતિવાળા નિજપતિ નથી.**

## ભાવાર્થ

અથર્વવેદના ત્રણ મહાવાક્યો: અયમ્, અહો, નિરમલ અને યજુર્વેદના ત્રણ મહાવાક્યો: અહમ્, બ્રહ્મ અને અસ્મિ એમ કુલ છ મહાવાક્યો દ્વારા જે દર્શાવેલ મૂળ લક્ષ છે, તે પણ આપનું ચૈતન અંશસ્વરૂપ નથી તથા સર્વજ્ઞ ગતિવાળા નિજકર્તા કૈવલ પતિ પણ તે નથી.

## બાવન અંક સહિત જેહી, મંત્ર જંત્ર બહુ ભિન્ન;
## જીનમે નહીં નિજ આપનપુ, ઓરુ નિજ પતિપદ ચીન. ૧૩૨

### શબ્દાર્થ

**બાવન** = બાવન **અંક** = અક્ષર **સહિત** = સાથે, સુદ્ધાં **જેહી** = જે **મંત્ર** = જપ, જાપ **જંત્ર** = યંત્ર, તાવીજ **બહુ** = ઘણા **ભિન્ન** = જુદા, અલગ **જીનમે** = જેમાં **નહીં** = નથી **નિજ આપનપુ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **ઓરુ** = અને **નિજ પતિપદ** = નિજ પતિપદ **ચીન** = જાણ, ચિહ્ન, લક્ષણ.

### અનુવાદ

**બાવન અક્ષરની આદ્ય લઈ જે ઘણા જુદા પ્રકારના મંત્ર અને યંત્ર છે, તેમાં પણ નિજ આપનપુ અને નિજ પતિપદની જાણ્ય નથી.**

### ભાવાર્થ

વર્ણમાળાના કુલ બાવન અક્ષરોની આદ્ય લઈ જગતમાં ઘણા વિધ વિધ પ્રકારના મંત્રો અને તંત્રશાસ્ત્રને અનુરૂપ બનાવેલ સિદ્ધ કરેલ યંત્ર અથવા તાવિજ વિગેરેમાં પણ આપણું ચૈતન અંશસ્વરૂપ નથી તથા મૂળ સર્જનહારના પરમપદની કોઈ નિશાની પણ નથી.

## નિજ તારક ન્હેઃ અક્ષર, સાર શબ્દ ઘર રહેત;
## ઈનમે નહીં નિજ આપનપુ, પુનિ નિજપતિ સમેત. ૧૩૩

### શબ્દાર્થ

**નિજ** = ચૈતન અંશને **તારક** = તારવાવાળો, મુક્તિ અપાવવાવાળો મંત્ર **ન્હેઃ અક્ષર** = ન્હેઃઅક્ષર **સાર શબ્દ** = સારશબ્દ **ઘર રહેત** = રહેતઘર **ઈનમે** = તેમાં **નહીં** = નથી **નિજ આપનપુ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **પુનિ** = વળી **નિજપતિ** = મૂળ સર્જનહાર **સમેત** = સહિત, સાથે, સુદ્ધાં, સાથોસાથ.

### અનુવાદ

**નિજ તારક મંત્ર ગણાતા ન્હેઃઅક્ષર, સાર શબ્દ અને રહેતઘર એ બધામાં આપણું ચૈતન અંશસ્વરૂપ સહિત નિજપતિ નથી.**

### ભાવાર્થ

દેહને ચૈતનતા બક્ષનાર સજાણજાણ ચૈતન અંશને મુક્તિ અપાવનાર તારક મંત્ર સ્વરૂપે ગણાતા અને પ્રણવની ઉત્પત્તિના મૂળ સ્થાનની સ્પષ્ટતા કરતા ત્રણ અલગ-અલગ સ્વરૂપે રહેલા ન્હેઃઅક્ષર, સારશબ્દ અને રહેતઘરમાં પોતાનું ચૈતન અંશસ્વરૂપ નથી વળી બ્રહ્માંડથી તીત રહેલા મહદ્ ચૈતન સજાણજાણ કૈવલકર્તા પણ નથી.

**અનહદ નાદ ગગન ધુનિ, બ્રહ્મરંદ્ર ઝણકાર;**
**સો સત નહીં નિજ આપનપુ, નહીં નિજ પતિપદ સાર. ૧૩૪**

### શબ્દાર્થ

**અનહદ નાદ** = અંતર ધ્વનિ, યોગીને સંભળાતા દશ પ્રકારના નાદ **ગગન ધુનિ** = ગગનમાં થતા ગૂંજવાર, આકાશના ખડભડાટ, નાદ **બ્રહ્મરંદ્ર ઝણકાર** = બ્રહ્મરંદ્રમાં થતા ઝણકાર, દશ નાદ **સો** = તે **સત** = સાચે જ, ખરેખર **નહીં** = નથી **નિજ આપનપુ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **નહીં** = નથી **નિજ પતિપદ** = આદિ સર્જનહારનું પદ **સાર** = સાર રૂપ રહેલું, કારણ રૂપે રહેલું, સત્વ.

### અનુવાદ

**ગગનમાં થતા ગુંજારવ અને બ્રહ્મરંદ્રમાં થતો અનહદનાદનો ઝણકાર પણ ખરેખર તો નિજ આપનપુ નથી અને સાર રૂપે રહેલા નિજ પતિપદ પણ નથી.**

### ભાવાર્થ

ગગનમંડળમાં થતા વિવિધ ગુંજારવ અને બ્રહ્મરંદ્રમાં થતા દશ પ્રકારના અનહદ નાદના ઝણકાર પણ ખરેખર જોતાં આપણું ચૈતન અંશસ્વરૂપ નથી. તેમજ સમગ્ર ઉત્પત્તિના કારણ રૂપે રહેલું નિજ સકર્તાપતિનું પરમપદ પણ નથી.

**પરમહંસ જેતને ભર, અસમી કીયે પોકાર;**
**સો અસમી નહીં આપનપુ, ઓરુ નહીં નિજ કીરતાર. ૧૩૫**

### શબ્દાર્થ

**પરમહંસ** = જિતેન્દ્રિય સંન્યાસી, જેનામાં પદાર્થભાવના નષ્ટ પામી છે એવા કામના રહિત સંન્યાસીઓમાં સૌથી શ્રેષ્ઠ પ્રકારના સંન્યાસી **જેતને ભર** = જેટલા છે તેટલા, હંસ અને પરમહંસ એમ ચાર

પ્રકારના બધા જ સર્વ **અસમી** = અહં બ્રહ્મ અસ્મિ **કીયે** = કરે છે **પોકાર** = ભારપૂર્વક રજૂઆત, ગર્જનાયુક્ત ટેર **સો** = તે **અસમી** = અસ્મિતા, હું છું એવો ભાવ, મમત્ત્વ **નહીં** = નથી **આપનપુ** = ચૈતન અંશસ્વરૂપ **ઓરુ** = અને **નહીં** = નથી **નિજ કીરતાર** = આદિ સર્જનહાર, આદ્ય રચનાર.

## અનુવાદ

**જેટલા પરમહંસો છે કે જેમણે અહં બ્રહ્માસ્મિનો પોકાર કર્યો છે તે અસ્મિતા આપનપુ નથી અને નિજ કિરતાર નથી.**

## ભાવાર્થ

વિશ્વમાં જેની કોઈ પણ પદાર્થ પ્રત્યે કામના નથી એવા કૂટીચક્ર, બદુહક, હંસ અને પરમહંસ સંન્યાસીઓ પૈકીના સર્વ શ્રેષ્ઠ ગણાતા જેટલા છે તેટલા સર્વ પરમહંસો પોતાની જાતને "અહં બ્રહ્માસ્મિ" કહે છે એવા તેમના "હું છું" એવી અસ્મિતાનો પોકાર પણ આપણું ચૈતન અંશસ્વરૂપ નથી અને મૂળ સર્જનહાર પણ નથી.

**જેતને ભર હમ કહી ગયે, આપનુ આપ પતિ નાંહાંય;**
**દ્રષ્ટા તેહી તેહી સબનકે, સો આપનપુ સબ માંય. ૧૩૯**

### શબ્દાર્થ

**જેતને ભર** = જેટલા કહ્યા તેટલા, જેટલા છે તેટલા **હમ** = મેં, હું અમે **કહી ગયે** = કહ્યું, વર્ણન કર્યું **આપનુ આપ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **પતિ** = સર્જનહાર, માલિક, ધણી **નાંહાંય** = નથી **દ્રષ્ટા** = દેખવાવાળા, નિહાળવાવાળા, સાક્ષી, જોનાર **તેહી તેહી** = તે તે **સબનકે** = સર્વનો, બધાનો **સો** = તે **આપનપુ** = ચૈતન અંશસ્વરૂપ **સબ માંય** = દરેકમાં, સર્વની અંદર, બધામાં વસેલો છે.

## અનુવાદ

**જેટલું હું વર્ણન કરી ગયો તે દરેક આપનપુ અને પતિ રૂપ કોઈ જ નથી, પરંતુ તે સર્વનો જે સાક્ષી છે તે નિજ આપનપુ સર્વમાં છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ અંગમાં અગાઉ જે જે વર્ણન કરી ગયા તે તે દરેક પૈકી કોઈ પણ આપનું ચૈતન અંશસ્વરૂપ નથી. સમગ્ર બ્રહ્માંડને ઉત્પન્ન કરીને ધારણ

કરી રહેલા કારણ રૂપ માલિક પણ તે પૈકીમાં કોઈ જ નથી. તેમ છતાં સર્વના દૃષ્ટારૂપ જે ચૈતનઅંશ છે તે આપણા દરેકમાં વસેલો છે. એટલે તેને જ આપનપુ કહી શકાય.

**એહી આપનપુ ચર અચરકે, ઉત ઈતકે દૃષ્ટાય;**
**તેહી સબ દૃષ્ટનકે દ્રીગ, સો નિજપતિ ગતિરાય. ૧૩૭**

**શબ્દાર્થ**

**એહી** = એ જ, તે જ **આપનપુ** = ચૈતન અંશસ્વરૂપ **ચર** = જંગમ જાતિ **અચરકે** = સ્થાવર જાતિ **ઉત** = ત્યાં, દેવલોક **ઈતકે** = અહીંના, મૃત્યુલોકના **દૃષ્ટાય** = દ્રષ્ટા, સાક્ષી, જોનારો છે **તેહી** = તે **સબ** = બધા જ, સર્વ **દૃષ્ટનકે** = જોવાવાળાના, સાક્ષીના **દ્રીગ** = જોનારો, દ્રષ્ટા **સો** = તે **નિજપતિ** = નિજ કર્તા, સકર્તા પતિ, સર્જનહાર, માલિક ધણી **ગતિરાય** = જાણ્યમાં શ્રેષ્ઠ, ગતિમાં રાજા સમાન, સર્વ શ્રેષ્ઠ અને સર્વોપરી ગતિવાળા, મહદ્ સજાણજાણ રૂપ.

**અનુવાદ**

**તે આપનપુ અંશસ્વરૂપ સ્થાવર અને જંગમ જાતિના તેમજ દેવલોક અને મૃત્યુલોકના દ્રષ્ટા છે. તે સર્વ દ્રષ્ટારૂપ અંશોને નિહાળનાર સર્વોપરી ગતિવાળા નિજ પતિ છે.**

**ભાવાર્થ**

તે જ આપનપુ ચૈતન અંશસ્વરૂપ સ્થાવર અને જંગમ જાતિના પ્રત્યેક ઘાટોમાં દેવલોક અને મૃત્યુલોક સહિતના બધા જ લોકમાં રહેલા દેહોમાં દ્રષ્ટા કરીકે વસેલો છે. એવા સર્વ દેહોના દૃષ્ટા તરીકે રહેલા સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોને નિહાળનાર મહદ્ સજાણ-જાણ સ્વરૂપ સર્વોપરી ગતિવાળા માલિક સકર્તા પતિ કૈવલકર્તા છે.

**જેહી આપનપુ ઓરુ પતિપદ, સંજ્ઞા દેહી દરશાય;**
**યા વિધિકે દુર્લભ લક્ષ, કહો કીનસે સૂની પાય. ૧૩૮**

**શબ્દાર્થ**

**જેહી** = જે **આપનપુ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **ઓરુ** = અને **પતિપદ** = સકર્તા પતિ સર્જનહારનું પરમપદ **સંજ્ઞા** = જ્ઞાન, સંકેત, પ્રમાણ, સમજ, નિશાની, ઈશારત **દેહી** = કરીને, દઈને, આપીને **દરશાય**

= જણાય, કહેવાય **યા વિધિકે** = આ પ્રમાણેનો, એવી રીતનો **દુર્લભ** = અલભ્ય, વિરલ, અઘરું, મળવું મુશ્કેલ **લક્ષ** = અંતિમ ધ્યેય, જ્ઞાન **કહો** = કહો **કીનસે** = કોની પાસેથી **સૂની** = સાંભળી, શ્રવણ કરી **પાય** = પ્રાપ્ત થાય, મેળવી શકાય.

## અનુવાદ

**જે આપનપુ અને પતિપદ છે તે સંજ્ઞા આપીને દેખાડી શકાય છે. એવો દુર્લભ લક્ષ કોની પાસેથી શ્રવણ કરીને પ્રાપ્ત કરી શકાય તે કહો ?**

## ભાવાર્થ

દરેક દેહમાં ચેતનતા પ્રદાનકરનાર દેહના સાક્ષીરૂપે રહેલા ચૈતનઅંશ સ્વરૂપને અને સમગ્ર બ્રહ્માંડમાં કારણરૂપે રહેલા મહદ્ સજાણજાણ કૈવલકર્તાના સ્વરૂપને આંગળી ચિંધીને કે હાથમાં લઈને બતાવી શકાય તેમ નથી, પરંતુ માત્ર પ્રમાણ દર્શાવીને કે સમજ દ્વારા દર્શાવી શકાય યા સમજાવી શકાય.

આવી સમજ આપતા દુર્લભ જ્ઞાનને મેળવવું હોય તો દુનિયામાં કોની પાસેથી શ્રવણ કરીને પ્રાપ્ત કરી શકાય ? તે એક મોટો પ્રશ્ન છે.

## એસેહી જો ગતિ અદ્ભુત, જુગધર જાનત ન્હાંય;
## આદ્ય અંત ઓરુ મધ્ય મહી, આપનુ આપ જેહી સાંય. ૧૩૯

### શબ્દાર્થ

**એસેહી** = આ રીતે, એવી રીતે, એ પ્રમાણે **જો** = જેની, જો **ગતિ** = સમજ, જ્ઞાન **અદ્ભુત** = અલૌકિક, આશ્ચર્ય પમાડનારું **જુગધર** = સમગ્ર જગતમાં, જગતભરમાં **જાનત** = જાણતા **ન્હાંય** = નથી **આદ્ય** = પ્રારંભ, આદિમાં **અંત** = છેવટે, મધ્ય **ઓરુ** = અને **મધ્ય મહી** = પસારામાં, મધ્યમાં, વચ્ચે **આપનુ આપ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **જેહી** = જે **સાંય** = કર્તા, સર્જનહાર, સકર્તા, નિજ કૈવલ પતિ.

## અનુવાદ

**એવી જેની અદ્ભુત ગતિ છે તેવા આપનપુ અને સાંઈ રૂપ સર્જનહારને આદ્ય, મધ્ય કે અંતમાં જગતભરના કોઈ જાણતા નથી.**

### ભાવાર્થ

એ પ્રમાણે જેની અદ્‌ભુત ગતિ છે એવા પોતાના ચૈતનઅંશ સ્વરૂપને અને ધણી રૂપે રહેલા સકર્તાપતિ સર્જનહાર કૈવલકર્તાને આદ્ય, મધ્ય અને અંત એમ ત્રણે કાળમાં જગતભરના કોઈ પણ જીવો યથાર્થ રીતે જાણતા નથી. તેમજ તેઓ તે વિશે સત્ય હકીકત (સાચી માહિતી) પણ પ્રાપ્ત કરી શક્યા નથી.

**સો આપનપુ ઓર પતિપદ, નિજ ગમ અતિ અજમાલ;**
**રચેહુ સૃષ્ટ જીનું અબલગી, કોહુ ન કીયે સંભાલ. ૧૪૦**

### શબ્દાર્થ

**સો** = તે **આપનપુ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **ઓર** = અને **પતિપદ** = સર્જનહારનું પરમપદ, કર્તાનું અંતિમપદ **નિજ ગમ** = મૂળ સમજ, નિજની જાણ **અતિ** = અત્યંત, ઘણી જ **અજમાલ** = ગુહ્ય, ગુપ્ત, અજાણી, ગૂઢ **રચેહુ** = રચના થઈ, રચેલી **સૃષ્ટ** = સૃષ્ટિનું, દુનિયા **જીનું** = જયારથી **અબલગી** =અત્યાર સુધી **કોહુ** = કોઈ પણ **ન** = નહીં, નથી **કીયે** = કરી **સંભાલ** = સંભાળ, શોધખોળ, તપાસ (યાદ કરવું).

### અનુવાદ

**તે આપનપુ અને પતિપદની મૂળ સમજ ઘણી જ ગુહ્ય રહેલી છે. સૃષ્ટિની રચના થઈ ત્યારથી અત્યાર સુધી કોઈએ તેની શોધ કરી નથી.**

### ભાવાર્થ

તે આપનપુ રૂપ ચૈતન અંશસ્વરૂપ અને સકર્તાપતિ સર્જનહારનું પતિપદ એમ બંનેની મૂળ સમજ અજાણી રહેલી છે. કારણ કે, સૃષ્ટિની રચના થઈ ત્યારથી અત્યાર સુધીમાં કરોડો કલ્પો વીતી ગયાં, પરંતુ ગુપ્ત રહેલા તે અંશ-અંશીના પદ માટે કોઈએ પણ શોધ કરવા કે જાણવા માટે પ્રયત્ન કર્યા નથી.

**જબી હમ આયેહુ તન ધર, કહત કાજ ખુદ ખોજ;**
**પઠવાયેહુ નિજપતિ જબી, આપનેહી અંશ પરોજ. ૧૪૧**

### શબ્દાર્થ

**જબી** = જેથી, તેને કારણે **હમ** = હું, અમે **આયેહુ** = આવ્યો છું **તન** = શરીર, દેહ **ધર** = ધારણ કરીને **કહત** = કહેવા, કહુ છું **કાજ** = માટે, કાજે **ખુદ** = પોતાની, અસલ, મૂળ **ખોજ** = તપાસ, શોધ, ખોળ, સંભાળ **પઠવાયેહુ** = મોકલ્યા છે **નિજપતિ** = આદિ સકર્તાપતિ, નિજકર્તા **જબી** = જેથી, જ્યારે, એટલે **આપનેહી** = પોતાનાં **અંશ** = અંશોને **પરોજ** = પ્રયોજન, હેતુ, કારણે, ઉદ્દેશ.

### અનુવાદ

**જેથી ખુદની ખોજ કહેવા માટે શરીર ધારણ કરીને હું (વિશ્વમાં) આવ્યો છું પોતાના અંશોને કારણે સકર્તાપતિએ મને મોકલ્યો છે.**

### ભાવાર્થ

એટલા માટે જ શરીરના સ્વામી તરીકે રહેલા ચૈતનઅંશ અને સમગ્ર સૃષ્ટિના ધણી તરીકે રહેલા અંશી - એમ અંશ-અંશીના જ્ઞાનને કહેવા માટે જ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દિવ્યદેહ ધારણ કરીને આ વિશ્વમાં પધાર્યા છે.

પોતાના અંશો જન્મ-મરણના દુઃખમાં દુખી થતા નિહાળીને તેમનું કલ્યાણ કરવા માટે સકર્તા પતિ સર્જનહાર કૈવલકર્તાએ તેમને મોકલ્યા છે.

**જબી હમ કહત પોકારહી, નિજપતિ પરમ સહેત;**
**મમ સંબંધી સબ અંશકુ, જાનીત સકલ સખેત. ૧૪૨**

### શબ્દાર્થ

**જબી** = જેથી, તેને કારણ **હમ** = હું **કહત** = કહુ છું **પોકારહી** = ટંકાર કરીને, ગર્જના કરીને **નિજપતિ** = સર્જનહારને **પરમ સહેત** = અત્યંત હેતપૂર્વક (શ્રેષ્ઠ પ્રેમાળ રીતે) વિશુદ્ધ, પ્રેમ ધારણ કરીને **મમ** = મારા **સંબંધી** = સંબંધવાળું, સગું, સગપણ ધરાવતું **સબ** = સર્વ, તમામ **અંશકુ** = અંશોના, અંશોને, અંશોની **જાનીત** = જાણીને **સકલ** = સર્વ, તમામ **સખેત** = એક જ ક્ષેત્ર, સમાન ઉત્પત્તિ સ્થાન.

### અનુવાદ

**જેથી હું વિશુદ્ધપ્રેમ ધારણ કરીને નિજપતિના જ્ઞાનનો ગર્જનાયુક્ત ટંકાર કરું છું. વળી સર્વનું એક જ ઉત્પત્તિસ્થાન હોવાથી તે જાણીને કહુ છું કે સર્વ અંશો મારા સંબંધી છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સકર્તાપતિ સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ છે જ્યારે દરેક અંશોને ઉત્પન્ન કરનાર સકર્તાપતિ કૈવલકર્તા છે. આમ, સામાન્ય, વિશેષ અને પરમવિશેષ અંશોનું ઉત્પત્તિ સ્થાન કૈવલકર્તાનું કૈવલધામ છે. તેથી સર્વ અંશોને પરમગુરુ બંધુત્ત્વના ભાવથી નિહાળે છે અને કોઈ પણ પ્રકારની અપેક્ષા રહિત વિશુદ્ધપ્રેમ ધારણ કરીને વિશ્વમાં અંશી તથા આપનપુ - અંશ સ્વરૂપને સમજાવતા કૈવલજ્ઞાનનો ગર્જનાયુક્ત ટંકાર કરે છે.

**અંશ સખેત જદીપ મમ, નિજપતિ સરજ સંબંધ;**
**તદીપ કહત અતિ આગ્રહી, સકલ મેટાવન દ્રંધ. ૧૪૩**

### શબ્દાર્થ

**અંશ** = સજાણજાણ ચૈતન અંશસ્વરૂપ **સખેત** = એક જ ઉત્પત્તિ સ્થાન, નિજ ઘર કૈવલધામ **જદીપ** = જેથી, જેના કારણે **મમ** = હું, મારા **નિજપતિ** = સકર્તાપતિ, સર્જનહાર **સરજ** = ઉત્પત્તિનો **સંબંધ** = સગપણ, સગાઈ **તદીપ** = તેથી, તેટલા માટે જ **કહત** = કહુ છું **અતિ** = અત્યંત, ઘણા **આગ્રહી** = આગ્રહપૂર્વક, ભારપૂર્વક **સકલ** = સર્વના, બધાના **મેટાવન** = મીટાવવા માટે, દૂર કરવા, નષ્ટ કરવા **દ્રંધ** = જુદાપણું, અંશી અંશનું અળગાપણું.

## અનુવાદ

**એક જ ઉત્પત્તિ સ્થાનમાં નિજપતિ દ્વારા અંશો સર્જાયેલા હોવાથી મારે સીધો સંબંધ છે, તેથી જ સર્વના જુદાપણાને દૂર કરવા માટે હું અત્યંત આગ્રહપૂર્વક કહુ છું.**

## ભાવાર્થ

સામાન્ય, વિશેષ અને પરમવિશેષ એમ ત્રણે પ્રકારના અંશોનું એક જ ઉત્પત્તિ સ્થાન કૈવલધામ છે. સકર્તાપતિ કૈવલકર્તા દ્વારા સૌનું સર્જન થયું છે. તેથી પરમગુરુ અને અન્ય બધા જ અંશો કૈવલકર્તાના વંશના હોવાથી, બધાનો આત્મ બંધુત્વનો સંબંધ કહેવાય છે. આ બંધુત્વની ભાવનાને લીધે જ અંશોનું કૈવલધામથી બ્રહ્માંડમાં છૂટા પડ્યા ને કરોડો કલ્પો વીતી ગયા હોવાથી સર્જનહાર સાથેનું જે જુદાપણું થયેલું છે તેને દૂર કરવા માટે જ પરમગુરુ ખૂબ જ આગ્રહપૂર્વક કૈવલજ્ઞાન જણાવે (સમજાવે) છે.

## દ્વંદ મીટાવન અંશકે, અહંગ લીન અવતાર;
## નિજપતિ પ્રજા પરમ વિત્ત, તાય કરન ભવપાર. ૧૪૪

### શબ્દાર્થ

**દ્વંદ** = જુદાપણું **મીટાવન** = મીટાવવા, દૂર કરવા, નષ્ટ કરવા **અંશકે** = અંશોનું **અહંગ** = મેં, મારો **લીન** = લીધો, થયો **અવતાર** = અવતરણ, તારવા માટે આવવું તે **નિજપતિ** = સર્જનહાર, કૈવલપતિ **પ્રજા** = ઉત્પત્તિ, સંતતિ, પરિવાર **પરમ** = શ્રેષ્ઠ, મહાન **વિત્ત** = સત્વ, શક્તિ, બળ, સાર **તાય** = તેને, તેઓને **કરન** = કરવા **ભવપાર** = ભવસાગરથી પાર, જન્મ-મરણમાંથી સંપૂર્ણ મુક્તિ.

### અનુવાદ

**શ્રેષ્ઠ વિત્તરૂપ પરિવાર હોઈ તેઓને ભવપાર કરવા માટે અને અંશોનું જુદાપણું મીટાવવા માટે મારો અવતાર થયો છે.**

### ભાવાર્થ

સકર્તાપતિ સર્જનહારના શ્રેષ્ઠ વિત્તરૂપે સર્જનહારે ઉત્પન્ન કરેલા સર્વ અંશો એક જ પરિવારના સભ્યો હોવાથી અંશોને ભવપાર કરવા માટે એટલે કે, સર્જનહારથી અલગ પડેલા અંશોના જુદાપણાને મીટાવવા માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે આ બાજુ (બ્રહ્માંડમાં) અવતરણ કર્યું છે.

## જેહી નિજપતિ પરજા ઈત, સકલ ચરાચર અંશ;
## જાણી સહોદર પતિ પખે, મમ ઉર કહન આકંશ. ૧૪૫

### શબ્દાર્થ

**જેહી** = જે **નિજપતિ** = સર્જનહાર, કૈવલકર્તા **પરજા** = પરિવાર, પ્રજા, વંશજ **ઈત** = અહીં **સકલ** = સર્વ, તમામ **ચરાચર** = ચર અને અચર, સ્થાવર અને જંગમ, સચરાચર **અંશ** = સજાણજાણ ચૈતન અંશસ્વરૂપ **જાણી** = જાણીને **સહોદર** = આત્મબંધુ **પતિ પખે** = પતિના પક્ષે જોતાં, સર્જનહાર થકી વિચાર કરતાં **મમ** = મારા **ઉર** = હૃદયમાં **કહન** = કહેવાની **આકંશ** = આકાંક્ષા, ઈચ્છા, આંતરભાવ.

### અનુવાદ

**જે નિજપતિની પ્રજા અહીંયાં સ્થાવર જંગમમાં અંશસ્વરૂપ છે, તેમને**

**પતિ પક્ષે જોતાં આત્મબંધુના નાતે મારા હૃદયમાં કહેવાની આકાંક્ષા ઉત્પન્ન થઈ છે.**

## ભાવાર્થ

જગતમાં સ્થાવર અને જંગમના દરેક ઘાટોમાં રહેલા અંશો પણ તેમણે જ બનાવેલા છે. સર્જનહારના પક્ષે જોતાં અંશભાવે બધા એક-બીજાના (પરસ્પર) આત્મબંધુનો નાતો ધરાવે છે, તેથી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે તેઓને પણ તેમના હૃદયમાં આત્મબંધુત્ત્વના નાતે કૈવલજ્ઞાન કહેવાની આકાંક્ષા ઉત્પન્ન થઈ છે.

**અહંગ સહિત સબ અંશકે, એક હી સરજનહાર;**
**જબ હી સકલ મમ બંધવ, જહાં લહુ પતિ વિસ્તાર. ૧૪૬**

### શબ્દાર્થ

**અહંગ** = મારા **સહિત** = સાથે, સુદ્ધાં **સબ** = બધા જ, તમામ, સર્વ **અંશકે** = અંશોના **એક હી** = એક જ **સરજનહાર** = ઉત્પન્ન કરનારા, સર્જન કરનારા **જબ હી** = જેથી **સકલ** = સર્વ, તમામ **મમ** = મારા **બંધવ** = ભાઈ, આત્મબંધુ **જહાં લહુ** = જ્યાં સુધી **પતિ** = માલિકનો, કૈવલકર્તાનો, ધણીના **વિસ્તાર** = ફેલાવો, પથરાટ, બ્રહ્મક્ષેત્ર.

## અનુવાદ

**મારા સહિત દરેક એક જ સર્જનહારના અંશો છે, જેથી જ્યાં સુધી માલિકનો વિસ્તાર છે, ત્યાં સુધી બધા જ મારા આત્મબંધુઓ છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે તેઓના સહિત જેટલા સામાન્ય વિશેષ અને પરમવિશેષ અંશો છે તે બધા એક જ સર્જનહાર કૈવલકર્તા દ્વારા ઉત્પન્ન કરવામાં આવેલા છે. એટલે બધા જ અંશો કૈવલકુળના વંશજ છે. જેથી કર્તા માલિકનો પ્રકાશ રૂપ બ્રહ્મ જ્યાં સુધી પથરાયેલો છે તેવા સમગ્ર બ્રહ્માંડના વિસ્તારમાં આવેલા તમામ અંશો તેમના આત્મબંધુઓ છે.

**અહંગ અંશ મમ સબનતે, નિજપતિ કીયેહુ વિશેષ;**
**સરજે સકલ સામાન્ય હી, પુનહી અંશ ભવ ભેષ. ૧૪૭**

### શબ્દાર્થ

**અહંગ** = મારા, હું **અંશ** = સજાણજાણ ચૈતન અંશસ્વરૂપ **મમ** = મારા **સબનતે** = બીજા કરતાં દરેકમાં, બધાના, સૌના **નિજપતિ** = સર્જનહાર, કેવલ પતિએ **કીયેહુ** = કર્યા છે, કર્યો છે **વિશેષ** = વિશેષ ગતિવાળો **સરજે** = ઉત્પન્ન કર્યો, બનાવ્યો **સકલ** = બધા, સર્વ **સામાન્ય હી** = સામાન્ય ગતિવાળા **પુનહી** = વાળી, ફરીથી, પછીથી **અંશ** = અંશ **ભવ** = જગતના **ભેષ** = દેહ, શરીર, ઘાટ.

### અનુવાદ

**મારા અંશને બીજા અંશો કરતા વિશેષ ગતિવાળો બનાવ્યો છે. પછીથી ભવના સર્વ દેહો માટે સામાન્ય અંશો બનાવ્યા છે.**

### ભાવાર્થ

જ્યારે સર્જનહારે બ્રહ્માંડના સમગ્ર દેહો સહિત સર્વ ઉત્પત્તિ બ્રહ્મક્ષેત્રમાં વૃદ્ધિ પમાડી તેમ છતાં જડવત્ રહી, ત્યારે પોતાની છઠ્ઠી અંશવૃત્તિ દ્વારા ત્રણે પ્રકારના પરમવિશેષ, વિશેષ અને સામાન્ય અંશો બનાવ્યા. તેમાં સૌ પ્રથમ પરમવિશેષ અંશોમાં પાટવીઅંશ તરીકે વિશેષ ગતિવાળો અંશ બનાવ્યો અને પોતાના સાંનિધ્યમાં સદાને માટે રહે તેવી ગોઠવણ કરી. પછી બાકીના પરમવિશેષ અને વિશેષ અંશો બનાવ્યા. ત્યાર બાદ છેવટે સર્વ દેહો માટે સામાન્ય અંશો બનાવ્યા છે.

**તેહી ભવ અંશ સામાન્યકુ, વ્યાપત અતિ અજ્ઞાન;**
**આપ સહિત પતિપદ લહુ, રહત નહીં જીનું જ્ઞાન. ૧૪૮**

### શબ્દાર્થ

**તેહી** = તે **ભવ અંશ** = ભવસાગરમાં મોકલાવેલા અંશો **સામાન્યકુ** = સામાન્ય અંશોને **વ્યાપત** = સહિત, સુદ્ધાં વ્યાપેલું **અતિ અજ્ઞાન** = અત્યંત અજ્ઞાન **આપ** = પોતાના અંશ સ્વરૂપ **સહિત પતિપદ** = સર્જનહારનું પરમપદ **લહુ** = સુધી **રહત** = રહ્યું **નહીં** = નથી, નહીં **જીનું** = જેમનું, તેમનું **જ્ઞાન** = સમજ.

### અનુવાદ

**જગતના તે સામાન્ય અંશોને અત્યંત અજ્ઞાન વ્યાપ્યું છે. પોતાના સ્વરૂપ સહિત પતિપદ સુધીનું તેમને જ્ઞાન રહ્યું નહીં.**

### ભાવાર્થ

જગતમાં જે સામાન્ય અંશો આવેલા છે તેઓ પોતાના કર્મોના આધારે જન્મ અને મરણ ભોગવતા રહ્યા. આ પ્રમાણે કરોડો કલ્પો વીતી ગયા. આમ દેહના લાંબા સંપર્કને કારણે સામાન્ય અંશોને ઘણું જ અજ્ઞાન વ્યાપી ગયું. એટલે પોતાના ચૈતનઅંશની તેમજ અંશ જેના વંશનો છે એવા સજાતીય મહદ્ સજાણજાણ સ્વરૂપ સર્જનહાર કૈવલકર્તાની સમજ પણ રહેવા પામી નહીં.

**તેહી ગમ જ્ઞાન કરન જેહી, સતગુરુ કે અવતાર;**
**લેત અવન પર જદીપ સે, યુગન યુગન બહુવાર. ૧૪૯**

#### શબ્દાર્થ

**તેહી** = તેઓને, તેમને **ગમ** = સમજ આપતું **જ્ઞાન** = જ્ઞાન, સમજ **કરન** = કરવા **જેહી** = જે, તે **સતગુરુ** = સદ્ગુરુ **કે** = નો **અવતાર** = અવતાર **લેત** = લે છે **અવન પર** = પૃથ્વી પર **જદીપ સે** = જ્યારથી, જેથી, માટે **યુગન યુગન** = યુગે યુગે **બહુવાર** = ઘણી વાર, બહુ વખત.

### અનુવાદ

**તેઓને જ્ઞાન આપવા માટે જ સદ્ગુરુ દરેક યુગે યુગે (ઘણી વાર) પૃથ્વી ઉપર અવતાર લે છે.**

### ભાવાર્થ

એવા અજ્ઞાની જીવોને જાગ્રત કરવા માટેનું જ્ઞાન દર્શાવવા સદ્ગુરુ દરેક યુગે યુગે પૃથ્વી ઉપર (ઘણી વાર) અવતાર ધારણ કરીને આવે છે.

**જેહી સતગુરુ અવતારહી, લેત યુગન બહુ વાર;**
**તેહી સબ બ્રહ્મ સિદ્ધાંત લ્યૌ, લક્ષ લખાવન હાર. ૧૫૦**

### શબ્દાર્થ

**જેહી** = જે, તે **સતગુરુ** = સદ્ગુરુ **અવતારહી** = અવતાર **લેત** = લે છે **યુગન** = યુગે યુગે **બહુ વાર** = ઘણી વખત **તેહી** = તેઓ **સબ** = બધા **બ્રહ્મ સિદ્ધાંત** = બ્રહ્મ સિદ્ધાંત **લ્યૌ** = સુધી **લક્ષ** = અંતિમ ધ્યેય **લખાવન હાર** = લખાવનારા, સમજાવનારા.

### અનુવાદ

**સદ્ગુરુ યુગે યુગે ઘણી વખત અવતાર લે છે. તે બધા બ્રહ્મસિદ્ધાંત સુધીનો લક્ષ લખાવનારા (સમજાવનાર) છે.**

### ભાવાર્થ

યુગે યુગમાં સદ્ગુરુ અવતાર ધારણ કરે છે. તેમની જવાબદારી શ્રેષ્ઠ ગતિનું જ્ઞાન સમજાવવાનું છે. તેમ છતાં તેઓ બધા જ બ્રહ્મસિદ્ધાંત સુધીનો લક્ષ (જગતના જીવોને) સમજાવે છે.

**પણ નિજપતિ ઓરુ આપનપુ, તીનમેં કહત ન કોઈ;**
**પ્રથમ આદ્ય થકી જેહી ગમ, અબહમ લાયેહુ સોય. ૧૫૧**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **નિજપતિ** = સર્જનહાર, મૂળ સકર્તાપતિ **ઓરુ** = અને **આપનપુ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **તીનમેં** = તેઓનામાંથી **કહત** = કહેતા **ન** = નથી **કોઈ** = કોઈ પણ **પ્રથમ આદ્ય** = આદિ અનાદિની, પ્રારંભની, શરૂઆતની, પ્રથમ, આદિનું **થકી** = થી **જેહી ગમ** = સમજ, જ્ઞાન **અબહમ** = હવે હું **લાયેહુ** = લાવ્યો છું **સોય** = તે.

### અનુવાદ

**પરંતુ નિજપતિ અને આપનપુનું જ્ઞાન તેમનામાંથી કોઈ પણ કહેતા નથી. સૌ પ્રથમની જે (ગુપ્ત) સમજ હતી તે હવે હું લાવ્યો છું.**

### ભાવાર્થ

પરંતુ સકર્તાપતિ સર્જનહાર કૈવલકર્તાની અને પોતાના ચૈતનઅંશ સ્વરૂપનું જ્ઞાન યુગે યુગે અવતાર ધારણ કરીને આવેલા સદ્ગુરુ પૈકી કોઈ પણ કહી શકતા નથી, કૈવલ પુરુષને

ભવ ઉત્પન્ન કરવાનો જે પ્રથમ ઉમંગ થયો ત્યારથી જે પ્રારંભમાં થયેલ ઉત્પત્તિ અંગેની સાચી સમજ હતી, તે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ વિશ્વમાં લઈને આવ્યા છે.

**તબ જેતને તત વેત્તહી, જુગધર જાનનહાર;**
**સકલ જ્ઞાન ઓરુ મમ ગમ, કરહી નિરૂપણ સાર. ૧૫૨**

### શબ્દાર્થ

**તબ** = તેથી **જેતને** = જેટલા **તત વેત્તહી** = તત્ત્વવેત્તા પુરુષો છે **જુગધર** = જગતને ધારણ કરનાર, જગતના કારણ રૂપે રહેલા જગતભરના **જાનનહાર** = જાણવાવાળા **સકલ જ્ઞાન** = સર્વજ્ઞાન, બધાનું જ્ઞાન **ઓરુ** = અને **મમ ગમ** = મારી સમજ, મારું કૈવલજ્ઞાન **કરહી** = કરીને **નિરૂપણ** નિર્ણય કરવો, તપાસ કરવી, અવલોકન, વિવેચનપૂર્વક નિર્ણય **સાર** = ઉદ્દેશ, હેતુ, મૂળ અર્થ, સત્વ, તાત્પર્ય, સારાંશ, મર્મ, રહસ્ય.

### અનુવાદ

**તેથી જેટલા તત્ત્વવેત્તા છે અને જગતને ધારણ કરનારને જાણવાવાળા છે. તેઓએ મારી સમજ અને અન્ય સર્વ જ્ઞાનનો વિવેચનપૂર્વક નિર્ણય કરીને મૂળ ઉદ્દેશને તારવીને નિરૂપણ કરો.**

### ભાવાર્થ

જગતમાં જેટલા તત્ત્વવેત્તા પુરુષો છે તેમને અને જેઓ પોતાની જાતને જગતના ધારણ કરનારને જાણે છે તેવા જ્ઞાની પુરુષો તેમની સમજ મૂળ કથેલું બ્રહ્મજ્ઞાન ને સમજીને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે જણાવેલ અંશ અંશીનો લક્ષ આપતું કૈવલજ્ઞાન, એમ બન્નેનું જ્ઞાન સમજીને વિવેચનપૂર્વક નિર્ણય કરીને તેનો સારાંશ સમજવા પ્રયત્ન કરવો જોઈએ.

**જ્યૌ નિજ દામ સકલ શિર, અધિપત પારસ દામ;**
**પણ ચિંતામણિ આગળ, કછુ ન આવત કામ. ૧૫૩**

### શબ્દાર્થ

**જ્યૌ** = જેમકે, જેવી રીતે **નિજ** = પોતાનું, મૂળ **દામ** = કિંમત, મૂલ્ય **સકલ શિર** = દરેક ઉપર, દરેકની **અધિપત** = સોથી વધારે મોંઘું **પારસ** = પારસ, એવો પથ્થર કે જેના સ્પર્શથી લોખંડ પણ સોનું

બની જાય છે **દામ** = કિંમત, મૂલ્ય, રાશિ **પણ** = પરંતુ **ચિંતામણિ** = એવો મણિ કે જેને હાથમાં રાખીને જે ચિંતવન કરે તે પ્રાપ્ત થાય **આગળ** = ની આગળ, તેના બદલામાં, ની સરખામણીમાં **કછુ ન** = કાંઈ પણ નહીં **આવત** = આવતું **કામ** = કામ.

## અનુવાદ

**જેમ દરેકના માથે તેનું મૂલ્ય નક્કી કરેલું હોય છે, તેમાં સૌથી વધુ મૂલ્યવાન પારસ કહેવાય છે, પરંતુ ચિંતામણિની સરખામણીમાં પારસ (કંઈ) પણ કામ આવતું નથી.**

## ભાવાર્થ

જગતમાં દરેકે દરેક ચીજવસ્તુ કે પદાર્થ પર મૂલ્ય નિશ્ચિત કરવામાં આવતું હોય છે. જેમાં અધિકમાં અધિક મૂલ્યવાન જો કોઈ વસ્તુ હોય તો તે પારસ છે. પારસ થકી લોખંડને સ્પર્શ કરીને જોઈએ તેટલું સોનું બનાવી શકાય છે, પરંતુ એનાથી પણ અધિક મૂલ્યવાન ચિંતામણિ છે. કારણ કે, પારસ થકી તો સોનુ જ પ્રાપ્ત થાય છે. જ્યારે ચિંતામણીથી તો જે ચિંતવન કરવામાં આવે તે પ્રાપ્ત થઈ શકે. એટલે જેની કિંમત જ નિશ્ચિત કરી શકાય નહીં, એવા ચિંતામણિની તુલના પારસ સાથે કરવામાં આવે તો ચિંતામણિ જ અમૂલ્ય છે.

**ત્યૌ કુલ જ્ઞાન સકલ શિર, બ્રહ્મ જ્ઞાન અતિ મોટ;**
**પણ કૈવલ ચિંતામણિ, કોહુ ન તિનકી ઓટ. ૧૫૪**

### શબ્દાર્થ

**ત્યૌ** = તેવી જ રીતે, તેમ **કુલ** = બધું, તમામ, સર્વ **જ્ઞાન** = સમજ, સિદ્ધાંતથી પ્રતિપાદિત કરેલું મંતવ્ય, નિર્ધારિત કરેલ ઉદ્દેશ **સકલ શિર** = બધાના માથે, સૌના માથે **બ્રહ્મ જ્ઞાન** = બ્રહ્મસિદ્ધાંત દ્વારા નિશ્ચિત કરેલ મત **અતિ** = ઘણાં, અત્યંત, વિશેષ **મોટ** = મોટો, ઉત્તમ, શ્રેષ્ઠ **પણ** = પરંતુ **કૈવલ** = વળથી રહિત, સકર્તા પતિ, સર્જનહાર, સકર્તા સિદ્ધાંત દ્વારા સ્થાપિત કરેલ કૈવલ સર્જનહાર **ચિંતામણિ** = ચિંતામણિરૂપ **કોહુ ન** = કાઈ પણ નહીં **તિનકી** = તેમની **ઓટ** = ઓથ, બરાબરી, પડખે, વળતું.

## અનુવાદ

**તેવી જ રીતે સર્વ પ્રકારના જ્ઞાનથી સર્વોપરી શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાન છે, પરંતુ**

**ચિંતામણિની રૂપ કેવલજ્ઞાનની બરાબરીમાં કોઈ જ આવી ન શકે.**

## ભાવાર્થ

તેવી જ રીતે દુનિયામાં પ્રસ્થાપિત સર્વ પ્રકારના જ્ઞાન અને સિદ્ધાંતોમાં સર્વોપરી પારસ સમાન શ્રેષ્ઠ બ્રહ્મસિદ્ધાંતમાં દર્શાવેલ બ્રહ્મજ્ઞાન છે, પરંતુ પરમગુરુ કરુણાસાગર દ્વારા સ્થાપિત સકર્તા સિદ્ધાંત ચિંતામણિ રૂપ હોઈ તેની બરાબરી કરે તેવું જગતનું અન્ય કોઈ જ્ઞાન નથી.

**યા વિધિસે નરણે નિજ, કરી દેખહી જન કોય;**
**નિરખ પરે નિજ સબનકે, ઓરુ મમ ગમ જોહી હોય. ૧૫૫**

### શબ્દાર્થ

**યા વિધિસે** = આ પ્રમાણે, આ રીતે **નરણે** = નિર્ણય કરે **નિજ** = મૂળ, પોતે **કરી** = કરીને **દેખહી** = દેખે, જુએ, તપાસે **જન** = વ્યક્તિ, માનવી **કોય** = કોઈ **નિરખ પરે** = માલુમ પડે, સમજ પડે, ખરબ પડે **નિજ સબનકે** = દરેકના, બધાના, સૌના **ઓરુ** = અને **મમ** = મારી **ગમ** = સમજ, જ્ઞાન **જોહી** = જે, જે પ્રમાણે **હોય** = થાય છે.

## અનુવાદ

**આ પ્રકારે જો કોઈ માનવી પોતે નિર્ણય કરીને જુએ તો મારું જે જ્ઞાન છે તે અને સર્વના લક્ષની ખબર પડે.**

## ભાવાર્થ

અગાઉ પારસ અને ચિંતામણિની તુલના દર્શાવવામાં આવી છે. તે પ્રકારે કોઈ જાગ્રત થયેલ માનવ પોતે પક્ષાપક્ષ રહિત દ્રષ્ટિએ સત્ય નિર્ણય કરીને જુએ તો તેને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા દર્શાવેલ સકર્તા સિદ્ધાંતનું કૈવલજ્ઞાન તથા વિશ્વમાં સ્થાપિત અન્ય સિદ્ધાંતના લક્ષની નિશ્ચિત રૂપે ખબર પડે કે સૌથી અધિક શ્રેષ્ઠ જ્ઞાન કયું છે ?

**સાર અસાર જુવે જબી, તબ હમસે પતિઆય;**
**બીન પતિઆયે પતિપદ, કૈસે કરી બકસાય. ૧૫૬**

### શબ્દાર્થ

**સાર** = સત્વ, સાચું, શાશ્વત, સારું **અસાર** = ખોટું, જડ, અસત્ય, નાશ્વંત સત્ત્વહીન **જુવે** = તપાસે, જુએ, દેખે **જબી** = જ્યારે **તબ** = ત્યારે **હમસે** = મારા પ્રત્યે **પતિઆય** = વિશ્વાસ આવે **બીન** = સિવાય, વિના, વગર **પતિઆયે** = વિશ્વાસ આવે **પતિપદ** = સર્જનહારનું પરમપદ, સકર્તાપતિનું પદ **કૈસે કરી** = કેવી રીતે, કેમ કરીને **બકસાય** = બક્ષિસ કરાય, બક્ષાય, બક્ષિસ કરી શકુ.

### અનુવાદ

**જ્યારે સાર-અસારને જુએ તો જ મારા પ્રત્યે વિશ્વાસ આવે. વિશ્વાસ વગર હું પતિપદ કેવી રીતે બક્ષિસ કરું ?**

### ભાવાર્થ

સંસારમાં જે મુમુક્ષુઓને ભવમુક્ત થવાની અભિલાષા હોય તેઓ જગતના અન્ય ધર્મ-પંથોનું જ્ઞાન અને પરમગુરુ શ્રીમત્ કુવેરસ્વામી દ્વારા દર્શાવેલ કૈવલજ્ઞાન, એ બંનેના સત્યાસત્યનો નિર્ણય કરશે ત્યારે જ ખબર પડશે કે અખંડ મુક્તિ (જન્મ-મરણના બંધનમાંથી મુક્તિ) મેળવવા માટે કૈવલજ્ઞાન જ સર્વ શ્રેષ્ઠ ચિંતામણિ રૂપ છે અને તે પરમગુરુને સમર્પિત થયેલા અનુયાયીને પરમગુરુમાં વિશ્વાસ આવે ત્યારે સમર્પણ ભાવ જોઈને પરમગુરુ પણ તેમના પ્રત્યે રીઝે છે. આ રીતે પરમમોક્ષ માટે અધિકારી પાત્ર ન લાગે તો પરમકૃપાળુ પરમગુરુ પતિપદનું દાન બક્ષિસ કેવી રીતે કરે ?

**તબ જેતને જન જકતકે, જીનું મિલન પતિ ભાવ;**
**આપ સહિત દરસા ચહે, તેહી ચરન મમ આવ. ૧૫૭**

### શબ્દાર્થ

**તબ** = તેથી, તેટલા માટે જ **જેતને** = જેટલા **જન** = માનવો, વ્યક્તિ **જકતકે** = જગતના **જીનું** = જેમને, જેમણે **મિલન** = મળવા માટે **પતિ** = સર્જનહારને, માલિકને, ધણીએ **ભાવ** = ઈચ્છા, આકાંક્ષા, અંતરમાં જાગેલો વિરહનો વ્રેહ, તમન્ના **આપ સહિત** = પોતાના ચૈતનઅંશ સહિત

**દરસા** = ઓળખવા, દશ્યમાન કરવા **ચહે** = ચાહના રાખે, ઈચ્છા હોય **તેહી** = તેઓએ, તેવી વ્યક્તિઓએ **ચરન** = શરણમાં, આશ્રય, આશરો **મમ** = મારા **આવ** = આવો.

## અનુવાદ

**તેથી જગતના જેટલા માનવો કે જેઓ માલિકને મળવા ઈચ્છતા હોય અને નિજસ્વરૂપને ઓળખવાની ચાહના હોય તેઓ મારે શરણે આવો.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કુવેરસ્વામી અહીં માનવીમાં જાગ્રત થવા જણાવે છે. જગતમાં સારાસારનો નિર્ણય કર્યા પછી જીવોમાં સર્જનહારને મળવા માટે વિરહાગ્નિ પ્રગટવો જોઈએ. કૈવલકર્તાથી વિખૂટા પડ્યે કરોડો કલ્પો થયા છતાં જન્મ-મરણ ભોગવતા હોઈ માલિક સાથે જુદાપણાનો નિવેડો લાવવાનો તથા કૈવલધામનું સુખ પ્રાપ્ત કરવાની ઉત્કંઠા જાગવી જોઈએ. એટલું જ નહીં, પરંતુ પોતે જે કૈવલધામમાંથી અણિઅગ્ર અંકુરિત સ્વરૂપે આવ્યા હતા તેવા સ્વરૂપે થઈ પાછા જવા માટેની ચાહના રાખવી જોઈએ.

આવી ઉત્તમ ભાવનાવાળા જીવોએ પંચમી અખંડ કૈવલ મુક્તિના દાતા એવા પરમગુરુના શરણમાં અવશ્ય જવું જોઈએ.

**તો બિછડે કહી કલપકે, જીનસે કરું મેલાપ;**
**અબ હમસે નિરમુખ જેહી, પીછે કરહી પસ્તાપ. ૧૫૮**

### શબ્દાર્થ

**તો** = તો **બિછડે** = છૂટા પડ્યા, વિખૂટા થયા, જુદા પડ્યા **કહી** = કેટલાક **કલપકે** = કલ્પોથી **જીનસે** = તેઓને, જેઓને **કરું** = કરું **મેલાપ** = મિલન, એક્તા, મેળાપ, સમાગમ, મુલાકાત **અબ** = અત્યારે **હમસે** = મારાથી, અમારાથી **નિરમુખ** = વિમુખ, અળગા, જુદા, વેગળા **જેહી** = જેઓ, તેઓ **પીછે** = પાછળથી, છેલ્લે, અંતમાં **કરહી** = કરશો, કરશે **પસ્તાપ** = પસ્તાવો, પશ્ચાતાપ, અફસોસ, શોક, દિલગીરી, ભુલનો ખેદ.

## અનુવાદ

**તો કેટલાક કલ્પથી અંશો છૂટા પડ્યા છે તેઓનો મેળાપ કરાવીશ. અત્યારે જો**

**મારાથી અળગા રહેશો તો પાછળથી પસ્તાશો.**

### ભાવાર્થ

સૃષ્ટિની શરૂઆત થઈ ત્યારે અંશો કૈવલધામમાંથી (કૈવલકર્તાથી) વિખૂટા પડીને બ્રહ્માંડમાં આવ્યા. ત્યારથી તે અત્યાર સુધીનો સમયગાળો જોતાં કરોડો કલ્પો વીતી ગયા હશે. આમ, અંશો ઘણા લાંબા સમયથી વિખૂટા પડીને સંસારમાં જન્મ-મરણના બંધનને કારણે દુઃખી થતા રહ્યા છે પરમગુરુ તેમને શરણે આવેલા અંશોને કૈવલકર્તા સાથે મેળાપ કરાવી આપે છે.

આપણને મહામૂલ્યવાન મનુષ્ય દેહ મળ્યો છે અને તેમાં વળી પરમગુરુનું શરણ ગ્રહણ કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. કલ્પમાં એક જ વખત આવતા પરમગુરુનું શરણ જો અત્યારે આપણે નહીં સ્વીકારીએ અને તેમનાથી અળગા રહીશું તો પાછળથી પસ્તાવાનો વારો આવશે.

## જબ યેસે જાની જન, અબ સે મીલો સબેવ;
## નિજ પતિપદ ઓરુ આપનપુ, સહેજ લખાવહુ ભેવ. ૧૫૯

#### શબ્દાર્થ

**જબ** = જેથી **યેસે** = એ પ્રમાણે, એવું **જાની** = જાણીને **જન** = માનવી, વ્યક્તિ **અબ સે** = હવેથી હવે તો **મીલો** = મળો **સબેવ** = બધા, સર્વ, તમામ **નિજ પતિપદ** = નિજકર્તાનું પદ **ઓરુ** = અને **આપનપુ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **સહેજ** = સહેજવારમાં, પલમાં **લખાવહુ** = જણાવું, સમજાવું **ભેવ** = ભેદ, મર્મ, ગુપ્તભાવ, આત્મસ્વરૂપ, પોતાનો વેશ.

### અનુવાદ

**જેથી એવું જાણીને હે માનવો ! હવે જો બધા (મને) મળો તો નિજપતિપદ અને આપનપુનો ભેદ (હું) સહેજમાં સમજાવીશ.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કુવેરસ્વામીની સામર્થ્યતાને જાણ્યા પછી સર્જનહારને મળવાની જેમને ઉત્કંઠા (જિજ્ઞાસા) હોય તેવા દરેક માનવોએ તેમના શરણમાં અવશ્ય જવું

જોઈએ. જેથી તેઓ કૈવલધામમાં બિરાજમાન કૈવલકર્તા સાથે મેળાપ કરવાનો ઉપાય અને પોતાના ચૈતન અંશ સ્વરૂપના મર્મને સહેજમાં સમજાવશે.

**ઉદે અસ્ત ઓરુ ઉતઈત, યા ગમ જુગધર મહાંય;**
**કહે કુવેર હમ વિન જેહી, કહનહાર કોઈ નહાંય. ૧૬૦**

### શબ્દાર્થ

**ઉદે** = ઉત્પત્તિથી, પ્રારંભથી **અસ્ત** = પ્રલયકાળ સુધી, અંત સુધી **ઓરુ** = અને **ઉતઈત** = દેવલોક અને મૃત્યુલોક **યા ગમ** = આ પ્રમાણેની સમજ, આવું જ્ઞાન **જુગધર મહાંય** = જગતભરમાં **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **હમ વિન** = મારા વિના **જેહી** = જે **કહનહાર** = કહેવાવાળા, બતાવવાવાળા, બક્ષિસ કરવાવાળા **કોઈ** = કોઈ પણ **નહાંય** = નથી.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે (સૃષ્ટિના) પ્રારંભથી પ્રલય સુધી અને મૃત્યુલોકથી દેવલોકની આદ્ય લઈને જગતભરમાં આવું જ્ઞાન કહેવાવાળું મારા સિવાય કોઈ નથી.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કુવેરસ્વામી કહે છે કે સૃષ્ટિના પ્રારંભથી માંડીને તેના પ્રલયકાળ દરમિયાન અને મૃત્યુલોકના ચૌદલોક તથા અંતરિક્ષના ચૌદ દેવલોકની આદ્ય લઈ સમસ્ત જગતમાં ભવ સંકટમાંથી મુક્ત કરી પાંચમી અખંડ કૈવલમુક્તિ અપાવે એવું કૈવલજ્ઞાન તેમના સિવાય અન્ય કોઈ જ કહેવાવાળું નથી.

**દીરઘ દષ્ટિ કર દેખહી, જેહી અનુભવી તતવેત;**
**કહે કુવેર તબ દરસહી, મમ ગમ પરમ સહેત. ૧૬૧**

### શબ્દાર્થ

**દીરઘ દષ્ટિ** = લાંબી નજર, દૂરંદેશીપણું, અગમ બુદ્ધિ **કર** = કરીને, રાખીને **દેખહી** = જુઓ, દેખો, નિહાળો **જેહી** = જે **અનુભવી** = નિષ્ણાંત, કુશળતા પ્રાપ્ત કરેલ, પાવરધું, કસાયેલું, જેને પ્રત્યેક્ષ જ્ઞાન થયું છે તેવી વ્યક્તિ **તતવેત** = તત્ત્વવેત્તા **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **તબ** = ત્યારે **દરસહી** = દ્રશ્યમાન

થશે, સમજ પડશે, ઓળખાશે **મમ** = મારી, મારું **ગમ** = સમજ, જ્ઞાન, જાણ્ય **પરમ** = ઉત્તમ, શ્રેષ્ઠ **સહેત** = હેતપૂર્વક, પ્રેમપૂર્વક.

## અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે જે અનુભવી તત્ત્વવેત્તા છે, તેઓ દિર્ઘદૃષ્ટિ દ્વારા નિહાળશે ત્યારે જ મારી ગતિ શ્રેષ્ઠ છે તે તેઓ પ્રેમપૂર્વક સમજી શકશે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કુવેરસ્વામી કહે છે કે વિશ્વમાં જેને સ્વાનુભવથી જ્ઞાન પ્રાપ્ત થયું છે એવા તત્ત્વવેત્તા પુરુષો છે. તેઓ ગૂઢાર્થ ભરેલા કૈવલજ્ઞાનને દીર્ઘદૃષ્ટિ રાખીને પ્રેમપૂર્વક નિહાળશે તો જ તેઓ પરમગુરુએ દર્શાવેલી પરમપદની શ્રેષ્ઠ સમજને યથાર્થ રીતે સમજી શકશે.

**પરમ પુરુષ પઠવાયેહુ, જદીપ પરમ ગતિ લાય;**
**તદપી કહત સબ જહાંનકુ, દિવ્ય અનુભવ ગતિ તાય. ૧૬૨**

### શબ્દાર્થ

**પરમ પુરુષ** = પરમપુરુષે, કૈવલકર્તાએ **પઠવાયેહુ** = મોકલ્યા છે **જદીપ** = જેથી જ્યારે **પરમ ગતિ** = શ્રેષ્ઠ ગતિ, પરમપદની સમજ, અંતિમ પદનું જ્ઞાન **લાય** = લાવ્યો છું **તદપી** = તેથી, ત્યારે **કહત** = કહું છું **સબ** = સર્વ **જહાંનકુ** = વિશ્વને, જગતને **દિવ્ય** = મહાન, અલૌકિક **અનુભવ** = પ્રત્યક્ષ જ્ઞાનની, સ્વાનુભવથી પ્રાપ્ત કરેલ **ગતિ** = સમજ, જ્ઞાન, જાણ્ય **તાય** = તેની.

## અનુવાદ

પરમગુરુ પોતાની ઈચ્છાથી વિશ્વમાં આવતા નથી. જ્યારે જ્યારે સકર્તા પતિ સર્જનહાર કૈવલકર્તા તેમને આજ્ઞા કરે ત્યારે ત્યારે તેઓ પરમપદની શ્રેષ્ઠ ગતિની સમજ લઈને આ બ્રહ્માંડમાં આવે છે. કૈવલધામમાંથી નીકળતાં તેઓ અલૌકિક ગતિવાળા કૈવલજ્ઞાનની સમજ સાથે લઈને નીકળેલ હોવાથી સમગ્ર સૃષ્ટિના નિરંજનપુરુષની આદ્ય લઈ દૈવીલોકના ધામ સહિત જગતના સાત દ્વીપો અને ચૌદલોકને પોતાની અલૌકિક કૈવલજ્ઞાનની સમજ દર્શાવે છે. અહીં આવ્યા પછી અવતારાદિક પુરુષોની જેમ તેઓને ઋષિમુનિઓના આશ્રમમાં જઈ વિદ્યા પ્રાપ્ત કરવી પડતી નથી.

**જેહી જેહી જન પતીઆવહી, હમ સેતી રત લાય;**
**તેહી તેહી જન નિરભે કરું, નિજ પતિપદ પરસાય. ૧૬૩**

### શબ્દાર્થ

**જેહી જેહી જન** = જે જે માનવોને **પતીઆવહી** = વિશ્વાસ આવશે **હમ** = મારી **સેતી** = સાથે **રત** = પ્રેમ, આરત, લાગણી **લાય** = લાવશે લાવીને **તેહી તેહી જન** = તે તે માનવોને **નિરભે કરું** = નિર્ભય કરીશ, ભયથી મુક્તકરીશ **નિજ પતિપદ** = પોતાના (આદિ) સકર્તાપતિનું પરમપદ **પરસાય** = સ્પર્શાવીશ, સ્પર્શ કરાવીશ, મેળાપ કરાવીશ.

### અનુવાદ

**જે જે મનુષ્ય આરતપૂર્વક પ્રેમ રાખીને મારા પ્રત્યે વિશ્વાસ રાખશે તેને નિજ પતિપદ સાથે મેળાપ કરાવીને ભયમુક્ત કરીશ.**

### ભાવાર્થ

વિશ્વમાં જે જે મુમુક્ષુ હ્દયમાં કૈવલકર્તાને પ્રાપ્ત કરવાની આરત ધારણ કરીને શુદ્ધ પ્રેમપૂર્વક પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના શરણમાં પૂર્ણ વિશ્વાસ રાખશે તેવી દરેક વ્યક્તિને પરમગુરુ નિશ્ચિતપણે સકર્તાપતિ સર્જનહાર કૈવલકર્તાની સાથે અવશ્ય મેળાપ કરાવશે. જેથી એવા ભાગ્યશાળી અંશો વિરહાગ્નિ સહિતના ત્રિવિધ તાપના દુઃખમાંથી મુક્ત થઈ પરમપદના અખંડ સુખનો અનુભવ કરી શકશે.

**કહન હુતી સો સબ કહી, ખલક ખોજ લક્ષ ભેદ;**
**આપનું આપ પતિપદ બિનું, ઓર સબ કીયે ઉછેદ. ૧૬૪**

### શબ્દાર્થ

**કહન હુતી** = જે કહેવાનું હતું **સો** = તે **સબ કહી** = બધું જ કહ્યું **ખલક** = દુનિયાની, વિશ્વના, જગતની **ખોજ** = શોધ, તપાસ, ખોળ **લક્ષ** = જ્ઞાન, સમજ, અંતિમ ધ્યેય, હાર્દ, સારાંશ **ભેદ** = રહસ્ય, મર્મ **આપનું આપ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **પતિપદ** = સર્જનહારનું પદ **બિનું** = વગર, સિવાય, વિના **ઓર** = બીજું, અન્ય **સબ** = બધું, તમામ, સર્વ **કીયે** = કર્યું **ઉછેદ** = નિકંદન, રદ, જડમૂળથી ઉખાડી નાખ્યું.

## અનુવાદ

**વિશ્વમાં શોધવા યોગ્ય લક્ષના મર્મને ધ્યાનમાં રાખી જે કહેવાનું હતું તે બધું જ મેં કહ્યું છે. જેમાં આપનપુ અને પતિપદ સિવાય અન્ય સર્વનું છેદન કરેલું છે.**

## ભાવાર્થ

વિશ્વની ઉત્પત્તિના સંદર્ભમાં ચાર વેદની આદ્ય લઈ શાસ્ત્ર, પુરાણ, કુરાન, કિતાબ અને અન્ય ધર્મગ્રંથોમાં ઘણી બધી રહસ્યમય બાબતો અને ગૂઢાર્થ ભરેલા જ્ઞાનને દર્શાવવામાં આવ્યું છે, પરંતુ ખલક રચનારના અને પોતાના ચૈતનઅંશના સંદર્ભમાં જે શોધ કરવી જોઈતી હતી તે કોઈએ કરી નથી. માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે વિશ્વમાં આવીને પોતાના અનુભવના આધારે જે શોધવા યોગ્ય અંશ-અંશીના લક્ષને ધ્યાનમાં રાખીને વિવિધતાપૂર્ણ સમજ આપી કૈવલજ્ઞાન દર્શાવ્યું છે. તેમજ સાર-અસારનો નિર્ણય કરીને પક્ષપાત રહિત ન્યાયપૂર્ણ રીતે ધર્મગ્રંથોની રચના કરી છે, જેમાં પોતાની જવાબદારીને પૂરી કરવા તથા પરમ વિશેષ પાટવીઅંશના નાતે જેટલી ખંડિત અને બાદલી ઉપાસનાઓવાળા મતપંથો હતા તેનું છેદન કરીને દેહના સ્વામી ચૈતન-અંશ સ્વરૂપનું તેમજ બ્રહ્માંડના માલિક બ્રહ્મથી પરે રહેલા તત્ત્વાતીત કૈવલકર્તાના પરમપદનું સ્થાપન કર્યું છે.

**પણ નંદે નહીં મત કરી, સબ લક્ષ લીયે વિલોક;**
**મુદા વિના થાપન કરી, ક્યૌ ભરમાવહુ લોક. ૧૬૫**

### શબ્દાર્થ

**પણ** = પરંતુ **નંદે નહીં** = કોઈની નિંદા કરી નથી **મત કરી** = સિદ્ધાંતને દૃઢ કરી, મતનું સ્થાપન કરી **સબ લક્ષ** = દરેક પ્રકારના લક્ષનું **લીયે** = લીધો છે, કર્યું છે **વિલોક** = વિલોકન, અવલોકન, તપાસ, ચકાસણી, નિરીક્ષણ **મુદા વિના** = મૂળ તાત્પર્ય વિના, અંતિમ ધ્યેય વિના નિશ્ચિત પદ સિવાય **થાપન કરી** = સ્થાપના કરી, આરોપણ કરી, સિદ્ધ કરવા યોગ્ય મતની પ્રસ્તાવના કરી **ક્યૌ** = શા માટે ? કેમ ? **ભરમાવહુ** = છેતરું, ભ્રમણામાંનાંખું, ખોટે રસ્તે દોરું, આડે માર્ગે વાળુ **લોક** = લોકોને, વિશ્વને, સંસારને, જગતને.

## અનુવાદ

**દરેક પ્રકારના લક્ષનું વિલોકન કર્યું છે, પરંતુ મારા મતને સ્થાપવા કોઈની નિંદા કરી**

**નથી. કારણ કે, નિશ્ચિતપદ સિવાય તેનું સ્થાપન કરીને લોકોને શા માટે ભ્રમમાં નાંખુ ?**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે પોતાના ધર્મગ્રંથોમાં દરેકે દરેક પ્રકારના લક્ષનું સંપૂર્ણ રીતે વિલોકન કરીને પક્ષપાત રહિત સિદ્ધાંતિક રીતે નિર્ણયાત્મક વાતને ન્યાયપૂર્ણ રજૂ કરેલી છે. સકર્તા સિદ્ધાંન્તનું સ્થાપન કરવામાં, જેટલી ખંડિત અને બાદલી ઉપાસનાઓવાળા મત-પંથો હતા તેનું ઉત્થાપન કર્યું છે, પરંતુ તેમાં નિંદા કરવાનો તેમનો કોઈ ઈરાદો નથી.

જે પદ ગુપ્ત અને અજાણ હતું એવા પરમપદને દર્શાવતું અંશ-અંશીના લક્ષનું પ્રતિપાદન કરાવતું કૈવલજ્ઞાન જણાવી સંસારને મોક્ષના સીધા માર્ગે વાળ્યો છે. માલિકના પ્રતિનિધિ તરીકે અને આત્મબંધુત્વના નાતે તેઓ જગતને સત્યના માર્ગે જ વાળે છે, પરંતુ અન્યની જેમ જગતના માનવોને કદી પણ ભ્રમણામાં નાંખતા નથી.

**આપનું આપ વિનુ પતિપદ, થપે પંથ જેહી પીવ;**
**નિજ મતલબ કારણ સબે, ગયે ભુલાવહી જીવ. ૧૬૬**

### શબ્દાર્થ

**આપનું આપ** = પોતાનું ચૈતન અંશસ્વરૂપ **વિનુ** = વગર, સિવાય **પતિપદ** = સર્જનહારનું અંતિમ પદ, સકર્તાપતિનું પદ **થપે** = સ્થાપના કરે, સ્થાપે **પંથ** = મતપંથો, ધર્મમાર્ગો **જેહી** = જે, જેને **પીવ** = પીવે, અનુસરે, રસપાન કરે **નિજ** = પોતાની, અંગત **મતલબ** = હેતુ, કાર્ય, મુરાદ, ભાવના, આશય, સ્વાર્થ **કારણ** = ને કારણે, ને લીધે **સબે** = બધા, સર્વ, તમામ **ગયે** = ગયા **ભુલાવહી** = ભૂલા પડ્યા, અવળા માર્ગે વળી ગયા **જીવ** = જીવો, માનવો.

### અનુવાદ

**પોતાના સ્વાર્થને કારણે આપનપુ અને પતિપદ સિવાયના જે જે મતપંથો સ્થપાયેલાં છે, તેને અનુસરીને જીવો ભૂલા પડ્યા છે.**

### ભાવાર્થ

પોતાના ચૈતન અંશસ્વરૂપ અને સર્જનહારના અંતિમ પરમપદ સિવાયના

વિધવિધ મતપંથો આ સંસારમાં સ્થાપવામાં આવેલા છે. આ મત-પંથોના સ્થાપકોનો તેમાં અંગત સ્વાર્થ રહેલો છે. તેથી તો અન્ય મત-પંથોથી અલગ આગવો પંથ સ્થાપે છે. જગતના જીવો સત્ય બાબતને ન સમજવાથી દેખાદેખી અને તેનું અનુસરણ કરે છે. આ પ્રમાણે ધર્મના સ્થાપકોએ પોતાની મતલબ સિદ્ધ કરવા જગતના જીવોને અવળા માર્ગે ચડાવીને ભૂલા પાડ્યા છે.

**જેહી મતલબ સબ પક્ષનકી, ધુરત ગયે દઢાય;**
**જીનમેં ખોજ ન પતિપદ, નંદત દોષ ન તાય. ૧૬૭**

### શબ્દાર્થ

**જેહી** = જે, તે **મતલબ** = આશય, તાત્પર્ય, સ્વાર્થ **સબ** = સર્વ, દરેક **પક્ષનકી** = પક્ષોની, મત-પંથોની, ધર્મપંથોની **ધુરત** = ઠગાવું, છેતરાવું **ગયે** = ગયા **દઢાય** = દઢતા રાખીને, વિશ્વાસે **જીનમેં** = જેમાં, તેમાં **ખોજ** = શોધ, તપાસ, ઓળખ **ન** = નહીં, નથી **પતિપદ** = સર્જનહારના પદની, સકર્તા પતિની **નંદત** = નિંદા કરવામાં **દોષ** = ગુનો, અપરાધ, વાંક, કસૂર **ન** = નથી **તાય** = તેમાં, તેનો, તેથી, તે અંગે.

### અનુવાદ

**જેમાં પતિપદની શોધ નથી એવા સર્વ મતલબી મતોમાં જીવો વિશ્વાસ મૂકી ઠગાઈ ગયા છે. તેમની નિંદા કરવામાં દોષ કહેવાય નહીં.**

### ભાવાર્થ

જેમાં સકર્તાપતિ સર્જનહારના કૈવલપદની સાચી સમજ નથી અથવા પતિપદને શોધવા માટે જેમાં કોઈએ પ્રયત્નો કર્યા નથી. તેવા ધર્મમાર્ગોના સ્થાપકોની ઠગવાની વૃત્તિથી ધર્મ-પંથોની સ્થાપના કરવામાં આવી છે. જગતના અજ્ઞાની જીવો એવા બાદલા મત પથોમાં વિશ્વાસ લાવીને છેતરાઈ ગયાં છે. તેમને ખુલ્લા પાડવા (જાહેર કરવા) જે તે મતપંથો માટે ન્યાયપૂર્ણ રીતે યથાર્થ રજૂઆત કરવામાં નિંદા ગણાય નહીં અને અપરાધ કે દોષપાત્ર પણ કહેવાય નહીં. જેમ કે, ન્યાયાધીશનો નિર્ણય રહેમ કે લાગણીના આધારે નહીં, પરંતુ સત્ય પ્રમાણ અને પુરાવાને આધારે જ હોય છે. તેમાં અપરાધીને દંડ દેવામાં કે ગુનાહીત નોંધ કરવામાં ન્યાયાધીશ અપરાધી કે કસૂરવાર ગણાય નહીં.

**દોસ હમનકુ ક્યૌ લગે, કરત પરમપતિ થાપ;**
**ઓર લખાવત સબ ઘટ મહી, જેહી આપનું નિજ આપ. ૧૬૮**

### શબ્દાર્થ

**દોસ** = અપરાધ, ગુનો, વાંક **હમનકુ** = અમને, મને **ક્યૌ લગે** = કેમ લાગે, શા માટે લાગે **કરત** = કરતાં **પરમપતિ** = સર્જનહારના, સકર્તાપતિના, કૈવલકર્તાના **થાપ** = સ્થાપનામાં, સ્થાપના કરવામાં **ઓર** = અને **લખાવત** = જાણવવામાં, સમજાવવામાં, દર્શાવવામાં **સબ** = દરેક, સર્વના **ઘટ મહી** = શરીરમાં, દેહમાં **જેહી** = જે **આપનું** = પોતાનું **નિજ** = સ્વ, મૂળ **આપ** = ચૈતન સ્વરૂપ.

### અનુવાદ

**પતિપદનું સ્થાપન કરવામાં અને દરેકના ઘાટ (દેહ) માં જે પોતાનું સ્વ-ચૈતન સ્વરૂપ છે તેને દર્શાવવામાં મને દોષ શા માટે લાગે ?**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરેલી છે. તેમાં કૈવલજ્ઞાન દ્વારા સકર્તાપતિ સર્જનહાર અંશી અને દરેક ઘાટમાં રહેલ પોતાના સ્વ-ચૈતન અંશને દર્શાવવામાં આવ્યો છે. આ અંશ-અંશીના લક્ષની જેમાં ઉપેક્ષા સેવવામાં આવી છે તે સગુણ અને નિર્ગુણ સિદ્ધાંતોનું ખંડન કરવામાં આવ્યું છે. સિદ્ધાંતની આ બાબત ન્યાયપૂર્વક તથા પક્ષાપક્ષ રહિત સાચી અને યથાર્થ રજૂઆત કરવામાં તેમને દોષ લાગવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. અર્થાત્ સત્ય હકીકતને જેમ છે તેમ દર્શાવવામાં કદી કોઈને પણ દોષ લાગતો નથી.

**આપ લખાવહુ સબ ઘટ, જેહી આવહી મમ નેર;**
**પુનિ કર્તા દરશાવહુ, સામ્રથ કહે કુવેર. ૧૬૯**

### શબ્દાર્થ

**આપ** = પોતાનું સ્વ-ચૈતન અંશસ્વરૂપ **લખાવહુ** = સમજાવું, દર્શાવું, જણાવું **સબ ઘટ** = દરેક ઘાટમાં, બધા દેહમાં **જેહી** = જે **આવહી** = આવે **મમ નેર** = મારી નજીક, મારી પાસે, મારા શરણે **પુનિ** = વળી **કર્તા** = સકર્તા પતિ **દરશાવહુ** = બતાવું, દેખાડું, જણાવું **સામ્રથ** = સમર્થ, સામર્થવાન શક્તિશાળી **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે કે.

## અનુવાદ

**સામર્થ્ય ધરાવતા કુવેરસ્વામી કહે છે કે, જેઓ મારી સમીપ આવશે તેઓને હું પ્રત્યેક ઘાટમાં રહેલુ પોતાનું (ચૈતન) સ્વરૂપ અને વળી માલિકને પણ દર્શાવીશ.**

## ભાવાર્થ

વિશ્વમાં અંશ-અંશીના લક્ષને દર્શાવવા માટે એક માત્ર સર્જનહારના પરમવિશેષ પાટવીઅંશ, કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જે સામર્થ્યવાન છે. તેઓ જગતના જીવોને ખાતરી આપતાં કહે છે કે જે મુમુક્ષુ જીવો તેમના (પરમગુરુના) શરણમાં વિશ્વાસ ધારણ કરીને તન-મન-ધન સમર્પણ કરશે. તેમને તેઓ (પરમગુરુ) સર્વના ઘાટની ચૈતનતાના કારણરૂપે રહેલા પોતાના અંશસ્વરૂપને અને અંશ જેની સજાતિનો છે એવા અંશી-કૈવલકર્તાને પ્રમાણ દ્વારા સમજાવશે. એટલું જ નહીં, પરંતુ અંશ અને અંશીનો મેળાપ (એકતા) પણ કરાવી આપશે.

**જુગ જીવન હેત કારણે, ઉચરે જ્ઞાન અનંત;**
**કહે કુવેર નર નિરભયે, સૂણતાં હોય સતંત. ૧૭૦**

### શબ્દાર્થ

**જુગ** = જગતના, સંસારના **જીવન** = જીવોને **હેત** = પ્રેમના **કારણે** = કારણને લીધે **ઉચરે** = બોલ્યા છે, વધ્યા છે **જ્ઞાન** = જ્ઞાન **અનંત** = અંત રહિત અપાર અથાહ **કહે કુવેર** = કુવેરસ્વામી કહે છે **નર** = માનવ, પુરુષ **નિરભયે** = નિર્ભયતાપૂર્વક **સૂણતાં** = સાંભળતાં, શ્રવણ કરતાં **હોય** = થાય **સતંત** = સતેજ, સ્વતંત્ર, તત્ત્વોની જાણવાળા.

## અનુવાદ

**જગતના જીવોના હેતને કારણે અથાહ જ્ઞાનનું ઉચ્ચારણ કર્યું છે. કુવેરસ્વામી કહે છે કે આ જ્ઞાનને સાંભળતાં જ માનવી સતેજ અને નિર્ભય થઈ જશે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કૈવલકર્તાએ ઉત્પન્ન કરેલા સર્વ અંશો પૈકી પરમવિશેષ પાટવીઅંશ છે. તેથી તેમણે આત્મબંધુના સંબંધને કારણે જીવો પ્રત્યે હેત

ધારણ કરીને અથાહ કૈવલજ્ઞાનનો ઉચ્ચાર કરેલો છે.

કુવેરસ્વામી જણાવે છે કે કૈવલજ્ઞાનને સાંભળતાં જ અંશો જન્મ-મરણના ભયથી નિર્ભયતા પ્રાપ્ત કરી પોતાની જાણ્ય થકી સતંત (સતેજ) થશે.

**પરમસિદ્ધાંત કલ્પતરુ, સપ્ત કેતુ જીનું મહાંય;**
**કીયે કલંકી ભૂક્ષણ, જીનકે શિર ધર નાંય. ૧૭૧**

### શબ્દાર્થ

**પરમસિદ્ધાંત કલ્પતરુ** = પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથ **સપ્ત કેતુ** = સાત, અંગો, સાત સ્કંધ **જીનું** = જેની, તેની **મહાંય** = માં, અંદર **કીયે** = કર્યું, રચ્યું **કલંકી** = કલગી રૂપ, તોરા રૂપ **ભૂક્ષણ** = આભૂષણ, અલંકાર **જીનકે** = જેના **શિર** = મસ્તક પર, માથે **ધર નાંય** = ધારણ કરવા યોગ્ય, ધારણ કરવા માટે.

### અનુવાદ

**પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથમાં સાત કેતુ સમાયેલા છે. જેના માથે આભૂષણ ધારણ કરવા યોગ્ય કલગી રૂપે છે.**

### ભાવાર્થ

પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથમાં કુલ સાત કેતુ સમાયેલા છે. એ જ્ઞાનસભર ગ્રંથરૂપ પુરુષના શિર ઉપર આભૂષણ ધારણ કરાવવા માટે કલગી રૂપે આ આઠમો કેતુ રચવામાં આવેલો છે.

**અરુઢ બોધ અતિ અદ્‌ભુત, સકલ જ્ઞાન શિરશેર;**
**નિજ પતિપદ પરસાવન, પારેહુ પરમ કુવેર. ૧૭૨**

### શબ્દાર્થ

**અરુઢ** = પ્રચલિત નહીં તેવું, અપ્રસિદ્ધ, છાનું **બોધ** = ઉપદેશ, જ્ઞાન, સમજ, શિખામણ **અતિ** = વિશેષ, અત્યંત, ઘણું **અદ્‌ભુત** = આશ્ચર્યજનક, અલૌકિક **સકલ** = સર્વ પ્રકારના **જ્ઞાન** = જ્ઞાન **શિરશેર** = શિરોમણિ, સર્વોપરી **નિજ** = મૂળ, આદિ **પતિપદ** = સર્જનહારનું અંતિમ પદ **પરસાવન** = સ્પર્શ **પારેહુ** = પુરું કરવું **પરમ** = શ્રેષ્ઠ, મહાન **કુવેર** = કુવેરસ્વામી.

## અનુવાદ

**નિજપતિ પદનો સ્પર્શ કરી શકે તેવા વિશેષ આશ્ચર્યજનક અરુઢ બોધ કે જે સર્વ પ્રકારના જ્ઞાનમાં શિરોમણિ સમાન છે, તેવા શ્રેષ્ઠ ગ્રંથને કુવેરસ્વામી પૂર્ણ કરે છે.**

## ભાવાર્થ

અનંત બ્રહ્માંડાધીશ વિશ્વનિયંતા કૈવલકર્તાને પ્રાપ્ત કરવા માટે વિશેષ આશ્ચર્યજનક અરુઢ બોધ દર્શાવતો આ પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથ સર્વ પ્રકારના જ્ઞાનમાં શિરોમણિ સમાન છે. એવા મહાનગ્રંથને પરમગુરુ શ્રીમત્ કુવેરસ્વામી અહીં પરિપૂર્ણ કરે છે.

**સૂને કલંકી ભૂક્ષણ, જેહી જન તન મન લાય;**
**ખુલે નેંન નિજ લક્ષકે, દરશે પરમ પરાય. ૧૭૩**

### શબ્દાર્થ

**સૂને** = સાંભળે, શ્રવણ કરે **કલંકી** = કલગી રૂપ, તોરા રૂપ **ભૂક્ષણ** = આભૂષણ **જેહી** = જે **જન** = વ્યક્તિ, માનવ **તન મન લાય** = તન અને મન દઈને, ખુબ જ ધ્યાનપૂર્વક, એકાગ્ર ચિત્ત કરીને **ખુલે નેંન** = દિવ્ય (જ્ઞાન) ચક્ષુ ખુલી જાય **નિજ લક્ષકે** = મૂળ લક્ષના, આદિ અંતિમ ધ્યેયના **દરશે** = દ્રશ્યમાન થાય, દેખાય **પરમ પરાય** = પરાવાણીથી પર રહેલું પરમપદ.

## અનુવાદ

**જે માનવી તન-મન દઈને કલગી રૂપ આભૂષણને શ્રવણ કરશે તેના નિજ લક્ષનાં નૈન ખુલશે અને તેને પરાવાણીથી પર રહેલ પરમપદ દશ્યમાન થશે.**

## ભાવાર્થ

જે મુમુક્ષુ સજ્જન નરનારી તન-મન દઈને એટલે કે, શુદ્ધ એકાગ્ર ચિત્ત દઈને કલગી રૂપ આભૂષણનું શ્રવણ કરશે તો એવા મુમુક્ષુને મૂળ આદિ અંશ-અંશીના લક્ષના જ્ઞાનચક્ષુ ખુલી જશે. તેના પ્રતાપે તે વ્યક્તિ પરાવાણીથી પરે કૈવલધામમાં બિરાજમાન વિશ્વનિયંતા કૈવલકર્તાના શ્રેષ્ઠપદનો સ્વાનુભવ કરી શકશે.

**પરમપરાય પરમપદ, આદ્ય અંત મધ્ય સોય;**
**દરશી અંશ સહિત જીમે, હોય રહે સરલ સમોય. ૧૭૪**

### શબ્દાર્થ

**પરમપરાય** = પરા વાણીથી પરે **પરમપદ** = વિશ્વનિયંતાનું પરમપદ સર્વનું અંતિમપદ **આદ્ય** = શરૂઆત, પ્રારંભ **અંત** = પ્રલયકાળ, છેવટ **મધ્ય** = પસારાનો સમય, મધ્યકાળ **સોય** =તે **દરશી** = દ્રશ્યમાન કરનાર, નિહાળનાર **અંશ** = સજાણજાણ સ્વ-ચૈતન અંશસ્વરૂપ **સહિત** = સાથે, સુદ્ધા **જીમે** = જેમાં **હોય રહે** = થઈને રહે **સરલ** = સરળતાપૂર્વક, સહેલાઈથી **સમોય** = સમાયેલાં, એકતા સાધીને, ભળી જઈને.

### અનુવાદ

**આદ્ય, મધ્ય અને અંતમાં તે પરમપદ પરાવાણીથી પરે રહેલું છે. જેમાં સર્વને નિહાળનાર અંશ સહિત બધું સહેલાઈથી સમાઈ જાય છે.**

### ભાવાર્થ

સર્જનહાર કૈવલકર્તાનું પદ અંતિમ અને પરાવાણીથી પરે રહેલું નિર્વાણપદ છે. જે સદાને માટે શાશ્વત અને અવિનાશી છે. સૃષ્ટિમાં કહેવાતા ત્રણ કાળઃ આદ્ય, મધ્ય અને અંત પર્યંત પણ તે પદ જેમ છે તેમ અચળ રહેલું છે.

જ્યારે કૈવલકર્તાને પોતાનામાં ઉમંગ થયો અને કંઈક બનાવવાની ઈચ્છા થઈ ત્યારે તેમણે પોતાની છ વૃત્તિઓ દ્વારા સમગ્ર બ્રહ્માંડની રચના કરી. ત્યાર બાદ ત્રણ પ્રકારના અંશો ઉત્પન્ન કર્યા મહાકલ્પ સુધી અસ્તિત્વ રહે તેવી કળ ભરીને દેહના અધિપતિ તરીકે સ્થાપ્યા.

મહાપ્રલયકાળે બધી જ રચના જે તે ઉત્પત્તિના અવળા (ઊલટા) ક્રમ મુજબ એકબીજામાં સરળતાપૂર્વક ભળી જાય છે. ત્યાર બાદ સર્વ દેહોને ચૈતનતા પ્રદાન કરાવવાવાળો જે ચૈતન અંશ છે તે પણ મહાપ્રલયકાળે કર્તાની અંશવૃત્તિમાં ભળી જાય છે. આમ દરેક રચના કૈવલકર્તાની વૃત્તિઓમાં સમાઈ ગયા બાદ કૈવલકર્તા પોતાની સર્વ વૃત્તિઓ પોતાનામાં સમાવી દે છે. અંતે પોતે અખંડ મહદ્ ચૈતન સ્વરૂપે કૈવલધામમા એકલ પુરુષ તરીકે બિરાજમાન રહે છે.

**પરમ કલ્પતરુ ગ્રંથસે, પરમ મોક્ષ ફલ પાય;**
**જો જન હોય શિર રાખત, ઈચ્છત સોહી પદ પાય. ૧૭૫**

### શબ્દાર્થ

**પરમ કલ્પતરુ ગ્રંથસે** = પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથથી **પરમ મોક્ષ** = શ્રેષ્ઠ અખંડ કૈવલ મુક્તિનું **ફલ** = ફળ, પરિણામ, લાભ **પાય** = પ્રાપ્ત થાય, મળે **જો** = જો, જે **જન** = માનવ, વ્યક્તિ **હોય** = હોય **શિર રાખત** = મનમાં જેવું રાખે તેવું, પોતે વિચારે તેવું **ઈચ્છત** = ઈચ્છા મુજબનું **સોહી** = તે **પદ** = સ્થાન, ધામ, દરજ્જો **પાય** = પ્રાપ્ત કરે, મેળવે.

### અનુવાદ

**પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથથી અખંડ કૈવલમુક્તિનું ફળ પ્રાપ્ત થાય છે. વળી જો કોઈ મનમાં ઈચ્છે તેવું ઈચ્છિત ફળ પણ પ્રાપ્ત થાય છે.**

### ભાવાર્થ

પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથનું વાંચન, શ્રવણ અને મનન કરવાથી પંચમી અખંડ કૈવલમુક્તિનું ફળ પ્રાપ્ત થાય છે. વળી જો કોઈ સજ્જન (નર-નારી) પોતાના મનમાં જે કોઈ પણ ધારણા કરીને કોઈ મનવાંછિત વસ્તુ મેળવવા ઈચ્છા કરે તો તેને તેનું ઈચ્છિત ફળ પણ પ્રાપ્ત થાય છે.

**પરમ કલ્પતરુ ગ્રંથહી, પરમ જ્ઞાન ગતિ રાજ;**
**પરમ બોધ નિજ પતિપદ, લાયેહુ નિજ મહારાજ. ૧૭૬**

### શબ્દાર્થ

**પરમ કલ્પતરુ ગ્રંથહી** = પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથ **પરમ જ્ઞાન** = પરમપદનું જ્ઞાન, ઉત્તમ સમજ **ગતિ રાજ** = ગતિમાં સર્વોપરી, જ્ઞાનમાં સર્વોત્તમ **પરમ બોધ** = સર્વ શ્રેષ્ઠ બોધ **નિજ** = પોતાના, મૂળ, આદિ **પતિપદ** = સર્જનહારનું પદ, કૈવલકર્તાનું પદ **લાયેહુ** = લાવ્યા છે **નિજ મહારાજ** = મહારાજ પોતે, સ્વયં (પોતે) કરુણાસાગર મહારાજ.

### અનુવાદ

**પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથ પરમપદની સમજ આપનાર જ્ઞાનમાં સર્વોપરી**

**છે. કરુણાસાગર મહારાજશ્રી પોતે જ નિજ પતિપદનો પરમબોધ લાવ્યા છે.**

## ભાવાર્થ

સકર્તા સિદ્ધાંતના આદ્યસ્થાપક કૈવલવેત્તા, પંચમ બ્રહ્મ વેદાચાર્ય, પરમવિશેષ પાટવી અંશ, દિવ્યદેહધારી, પ્રગટ ઘનશ્યામ સ્વરૂપ શ્રીમત્ કરુણાસાગર મહારાજશ્રી પોતે આદિ-અનાદિ પદનો પરમબોધ કૈવલધામમાંથી સાથે લઈને જ આવ્યા છે. આ પરમબોધને દર્શાવતા પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથ સર્વ પ્રકારના જ્ઞાનમાં સર્વોપરી અને સમજમાં સર્વોત્તમ છે.

**પરમગુરુ પદ જ્ઞાનકી, ખોજ કરી ચકવેવ;**
**સાર અસાર નવેરન, સકલ સૂનાયેહુ ભેવ. ૧૭૭**

### શબ્દાર્થ

**પરમગુરુ** = ગુરુઓમાં શ્રેષ્ઠ એવા પરમગુરુ, અંશોને શુદ્ધ કરી અંશીસાથે મેળાપ કરાવી આપનાર ગુરુ **પદ** = સ્થાન, હોદ્દો **જ્ઞાનકી** = જ્ઞાનની **ખોજ** = શોધ, ખોળ **કરી** = કરીને **ચકવેવ** = ચક્રવર્તિ **સાર અસાર** = શાશ્વત-નાશવંત **નવેરન** = નિર્ણય કરીને **સકલ** = સર્વ, તમામ **સૂનાયેહુ** = સંભળાવ્યું છે, દર્શાવ્યું છે **ભેવ** = ભેદ, મર્મ, રહસ્ય.

## અનુવાદ

**પરમગુરુએ દર્શાવેલ જ્ઞાનની તપાસ કરતાં માલુમ પડશે કે તેમનું પદ ચક્રવર્તિ છે. તેમણે સાર-અસારનો નિર્ણય કરીને સર્વ પ્રકારના મર્મને (સંભાળાવ્યો) દર્શાવ્યો છે.**

## ભાવાર્થ

ચાર પ્રકારના ગુરુઓમાં શ્રેષ્ઠ એવા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે દર્શાવેલ કૈવલજ્ઞાનના હાર્દને (મર્મને) તપાસતાં જરૂર માલુમ પડે છે કે તેમનું પદ ચક્રવર્તિ છે. તેમણે આ પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથ દ્વારા પક્ષાપક્ષથી રહિત ન્યાયપૂર્ણ રીતે શાશ્વત અને નાશવંતના યથાર્થ નિર્ણય કરીને સર્વ પ્રકારની ભ્રમણાઓનો ભેદ દર્શાવ્યો છે.

**પરમ કલ્પતરુ ગ્રંથમે, પરમ ખોજ ખુદ મહાદ;**
**પરમ દક્ષ દિક્ષા પદ, કીયેહુ કુવેર પ્રતિપાદ. ૧૭૮**

### શબ્દાર્થ

**પરમ કલ્પતરુ ગ્રંથમે** = પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથમાં **પરમ ખોજ** = મહાન શોધ-ખોળ **ખુદ** = મૂળભુત, અસલ **મહાદ** = મહદ્ સજાણજાણ **પરમ** = મહાન, શ્રેષ્ઠ, અંતિમ **દક્ષ** = ઉપદેશ, વિદ્વતા સભર સમજ **દિક્ષા પદ** = પામવા યોગ્ય પદ અંગીકાર કરવા માટેનું અંતિમ પદ, પરમપદ પ્રાપ્તિ માટે, લેવા યોગ્ય નિયમ, વ્રત, સંકલ્પ, ઉપદેશ, સંસ્કાર, સંયમ વિગેરે લેવું તે **કીયેહુ** = કર્યું છે **કુવેર** = કુવેરસ્વામીએ **પ્રતિપાદ** = સ્થાપન, કથન, પ્રસ્થાપિત, વિવેચન, પ્રમાણ આપી પુરવાર કરવું.

### અનુવાદ

**પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથમાં મહદ્ સર્જનહારની શોધ દર્શાવેલ છે. વળી કુવેરસ્વામી એ વિદ્વતાસભર અંતિમ ધ્યેય અને પરમપદની પ્રાપ્તિ માટે યોગ્ય નિયમને દર્શાવી પ્રમાણયુક્ત પરમપદનું સ્થાપન કર્યું છે.**

### ભાવાર્થ

પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે મહદ્ સજાણજાણ મહદ્ ચૈતન સર્જનહાર કૈવલકર્તાનું વિશ્વમાં જે ગુપ્ત પદ હતું તેને દર્શાવવા માટે પ્રયત્ન કર્યો છે. વળી, વિદ્વતાસભર માનવીનો અંતિમ લક્ષ કે જે જન્મ-મરણમાંથી મુક્તિનો હોવો જોઈએ તે અંગેની યોગ્ય સમજ અને પરમપદની પ્રાપ્તિ માટે કરવા યોગ્ય નિયમો દર્શાવ્યા છે તેમજ પ્રત્યક્ષ પ્રમાણ દર્શાવી અંશની સાચી સમજ આપીને તેના સજાતીય સર્જનહાર અંશીના પરમપદનું સ્થાપન કર્યું છે.

**શ્રીમત્ કુવેર પતિ સામ્રથ, શિર પર સર્જનહાર;**
**શરણ ગ્રહે જન તેહુનકે, પ્રસત હોત ભવપાર. ૧૭૯**

### શબ્દાર્થ

**શ્રીમત્** = જેનો મત શ્રેષ્ઠ કલ્યાણકારી છે એવા **કુવેર** = કુવેરસ્વામી **પતિ** = ધણી, માલિક, કર્તા **સામ્રથ** = સમર્થ **શિર પર** = માથે **સર્જનહાર** = સમગ્ર બ્રહ્માંડ અને અંશોના ઉત્પન્ન કરનાર **શરણ** = શરણું

**ગ્રહે** = ગ્રહણ કરે, મેળવે, પ્રાપ્ત કરે **જન** = વ્યક્તિ, માનવી **તેહુનકે** = તેમના **પ્રસત** = સ્પર્શતા, મળતાં **હોત** = થાય **ભવપાર** = ભવસાગરથી પાર, જન્મ-મરણના સંકટમાંથી મુક્ત.

## અનુવાદ

**શ્રીમત્ કુવેરના શિર પર સમર્થ સર્જનહાર એવા માલિક રહેલા છે. જે માનવી તેમનું શરણ સ્વીકારે તેને ભવસાગરમાંથી છૂટકારો મળે છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરના શિર પર સમર્થ સર્જનહાર કૈવલકર્તા માલિકની ઓથ (સહાયતા-મહેર) છે. કારણ કે, તેઓ સદાને માટે પોતાની અલ્પ જાણને સકર્તા પતિ કૈવલકર્તાની મહદ્ સજાણજાણ સાથે એકમેક કરીને રહેલા છે. એટલે જ તો કૈવલકર્તાની અમી દૃષ્ટિ સદાય તેમના ઉપર રહેલી હોય છે.

એવા દિવ્ય દેહધારી ઘનશ્યામ સ્વરૂપનું જે મુમુક્ષુ નર-નારી શરણ ગ્રહણ કરે છે તેઓ સંસાર-સાગરમાંથી છૂટકારો મેળવીને કૈવલધામમાં જઈ કૈવલકર્તા મેળાપ કરી શકે છે.

**સકલ ગ્રંથ શિર નાયક, ઉદીત ભયે ભવ સૂર;**
**ઈતિ ગ્રંથ સંપુરણ, સમસ્ત બોધ પરિપૂર. ૧૮૦**

### શબ્દાર્થ

**સકલ ગ્રંથ** = તમામ ગ્રંથોમાં, બધા જ ગ્રંથોમાં સર્વ ગ્રંથોમાં **શિર નાયક** = અગ્રિમતા ધરાવતો, અધિનાયક, આગેવાન **ઉદીત ભયે** = ઉદય થયો આવિર્ભાવ થવો, ઉગવું **ભવ** = જગતમાં, ભવમાં, વિશ્વમાં **સૂર** = સૂર્ય, દિનકર, તિમિરહર **ઈતિ** = છેવટ, અંતે, અહીં **ગ્રંથ** = ધર્મપુસ્તક, ગ્રંથ **સંપુરણ** = સંપૂર્ણ, પૂરેપૂરો **સમસ્ત** = સર્વ, તમામ **બોધ** = ઉપદેશ, શિખામણ **પરિપૂર** = પરિપૂર્ણ, સંપૂર્ણ, પૂરેપુરું.

## અનુવાદ

**સર્વ ગ્રંથોમાં અગ્રિમ અને જગતમાં સૂર્ય સમાન આ ગ્રંથનો આવિર્ભાવ થયો છે. આ ગ્રંથમાં સમગ્ર ઉપદેશનો સમાવેશ કર્યો હોઈ ગ્રંથ પણ પૂર્ણ થઈ જાય છે.**

### ભાવાર્થ

પરમગુરુ કહે છે કે કૈવલજ્ઞાનથી ભરપૂર પંદર ધર્મગ્રંથોની રચના કરેલી છે તેમાં જ્ઞાનની દૃષ્ટિએ અગ્રિમતા જોતાં પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથ સર્વોત્તમ છે. જગતમાં અજ્ઞાન રૂપ અંધકારને દૂર કરનાર, સૂર્ય સમાન આ ગ્રંથનો ઉદય થયેલો છે. આ ગ્રંથમાં કુલ આઠ કેતુ છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા સર્વ પ્રકારના ઉપદેશને સંપૂર્ણ રીતે દર્શાવતા આ ગ્રંથની અહિ સમાપ્ત થાય છે.

**નગર સારસા શુભ સ્થાનક, રચ્યું સુખદ નિજ ધામ;**
**સંત ભોગી ભજનાનંદ, કરે ચિત્ત ચરન વિરામ. ૧૮૧**

### શબ્દાર્થ

**નગર સારસા** = સારસા નામનું નગર **શુભ સ્થાનક** = પવિત્ર સ્થળ (સ્થાન) **રચ્યું** = રચના કરી **સુખદ** = સુખદાયી, સુખ આપનાર, કલ્યાણકારી **નિજ ધામ** = મૂળ ધામ, પોતાનું ધામ, મુખ્ય સ્થાન **સંત** = સંત પુરુષ **પુરૂષો ભોગી** = ભુક્તમાન કરતા, માણવાવાળા, ભોગવતા **ભજનાનંદ** = ભજન-સ્મરણનો આનંદ **કરે** = કરે છે **ચિત્ત** = ચિત્ત અંતઃકરણથી **ચરન** = ચરણોમાં **વિરામ** = સ્થિર કરીને, અટકાવીને, વિશ્રામ કરીને.

### અનુવાદ

**સારસા નગર જે શુભ અને સુખકારી ધામ છે, જ્યાં આ ગ્રંથની રચના કરી છે. ત્યાં ભજનાનંદના ભોગી સંતો પોતાના ચિત્તને (મારા) ચરણોમાં સ્થિર કરીને વિરામ લે છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જ્યારે પ્રત્યક્ષ દિવ્યદેહ ધારણ કરેલા સ્વરૂપે હતા ત્યારે તેમના મૂંડીત સાધુ અને ઘણા બધા સંત-મહાપુરુષો પણ સાથે રહેતા હતા. તેમણે સકર્તા સિદ્ધાંત દ્વારા કૈવલજ્ઞાનનો પ્રવાહ વહેવડાવવા માટે ગામ સારસા (તા. આણંદ, જી. ખેડા, ગુજરાત, ભારત દેશ) નગરીમાં પવિત્ર અને સુખદાયી એવી મુખ્ય ગુરુગાદી તરીકે સ્થાપના કરી છે.

આવા પવિત્ર અને સુખકારી ધામમાં સાંસારિક સુખોને ત્યજી દઈને એક માત્ર ભજનાનંદના ભોગી એવા અસંખ્ય સંતપુરુષો પરમગુરુના ચરણકમળમાં ચિત્તને કેન્દ્રિત કરીને નિવાસ કરતા હતા.

(દોહા)

**પરમસિદ્ધાંત કલ્પતરુ, ઉદીત અર્કવત્ ક્રાંત્ય;**
**શ્રીમત્ કુવેર દયા કરી, કીયે સજન મને સ્વાંત્ય. ૧૮૨**

**શબ્દાર્થ**

**પરમસિદ્ધાંત કલ્પતરુ** = પરમસિદ્ધાંત પ્રણવ કલ્પતરુ ગ્રંથ **ઉદીત** = ઉદય, પામેલું, ઊગેલું **અર્કવત્** = સૂર્ય સમાન **ક્રાંત્ય** = કિરણો, કીર્તિ, તેજ, નૂર **શ્રીમત્ કુવેર** = શ્રેષ્ઠ મતના સ્થાપક કુવેરસ્વામી **દયા કરી** = કૃપા કરીને, દયા કરીને **કીયે** = કર્યા, **સજન** = સજ્જન, નરનારીના **મન** = મન અંતઃકરણ **સ્વાંત્ય** = શાંત, નિર્ભય, રાગદ્વેષથી રહિત, નિશ્ચિત, સંતોષપૂર્વક.

**અનુવાદ**

**પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથ ઉદય પામેલા સૂર્યના કિરણો (પ્રકાશ) સમાન છે. શ્રીમત્ કુવેરસ્વામીએ કૃપા કરીને સજ્જનોના મનને શાંત કર્યાં છે.**

**ભાવાર્થ**

રાત્રિના અંધકારની જેમ અજ્ઞાનરૂપ અંધકારમાં પોઢી રહેલા જગતને પરોઢિયાના ઊગતા સૂર્ય કિરણોના પ્રકાશ સમાન જ્ઞાનનો પ્રકાશ ફેલાવનારો આ પરમસિદ્ધાંત પ્રણવકલ્પતરુ ગ્રંથ છે.

આ ગ્રંથની રચના થકી પરમગુરુના કૃપાપાત્ર એવા સજ્જન નર-નારી, સંત અને ભક્તજનો વિગેરેના મન શાંત થયાં છે. કારણ કે, પરમગુરુના સ્વમુખે અદ્‌ભુત અને સર્વોપરી જ્ઞાન સાંભળવાનો લહાવો ગત જન્મના સંચિત પૂણ્ય કર્મોના પ્રતાપે જ મળતો હોય છે.

**કીયે સજન મન સ્વાંત, ક્રાંત કૈવલ દરશાઈ;**
**ભિન્ન ભિન્ન પરિબોધસે, અલખ લખ દીયો લખાઈ. ૧૮૩**

### શબ્દાર્થ

**કીયે** = કર્યા **સજન** = સજ્જનોના **મન** = મન અંતઃકરણ **સ્વાંત** = શાંત, નિર્ભય, નિરાંત **ક્રાંત** = કિરણરૂપી અંશ **કૈવલ** = કૈવલકર્તાના **દરશાઇ** = દર્શાવીને, બતાવીને **ભિન્ન ભિન્ન** = જુદા જુદા, અલગ-અલગ **પરિબોધસે** = પાકી સમજથી, પૂર્ણ ઉપદેશથી **અલખ** = અલખના **લખ** = લક્ષને **દીયો** = દીધો **લખાઇ** = લખાવીને, સમજાવીને, જણાવીને, વર્ણવીને

### અનુવાદ

**કૈવલકર્તાના ક્રાંત રૂપ અંશોના સ્વરૂપને દર્શાવીને સજ્જનોનાં મન શાંત કર્યા છે. જુદી જુદી રીતે પાકી સમજ આપીને અલખના લક્ષને સમજાવી દીધો છે.**

### ભાવાર્થ

આ ગ્રંથની રચના દ્વારા વિશ્વનિયંતા સકર્તાપતિ મહદ્ સજાણજાણ બ્રહ્મથી પરે રહેલા, તત્ત્વાતીત અંશી કૈવલકર્તાના કિરણ રૂપે રહેલા દેહોના ચૈતનતાના કારણ રૂપ ચૈતન અંશના શુદ્ધ સ્વરૂપને દર્શાવીને પરમગુરુએ પોતાના સમીપ શ્રવણ કરવા બેઠેલો સજ્જન નર-નારી અને સંત-પુરુષોના મન શાંત કર્યા છે, આ ઉપરાંત અલગ-અલગ દૃષ્ટિકોણ દ્વારા ગૂઢાર્થ ભર્યા કૈવલકર્તાના પરમપદને સરળ રીતે સમજાવીને અવર્ણનીય નિર્વાણ પદના (અલક્ષના) લક્ષને પણ દર્શાવ્યા છે.

**દીયો લખાઇ લક્ષ, પક્ષપાતિ સબ છૂટી;**
**ગ્રંથ નિધિ જલ મહાંય, ભરી મન માણેક મુઠી. ૧૮૪**

### શબ્દાર્થ

**દીયો** = દીધો **લખાઇ** = લખાવીને, દર્શાવીને, સમજાવીને **લક્ષ** = લક્ષ જ્ઞાન અંતિમ ધ્યેય **પક્ષપાતિ** = પક્ષપાત, તરફદારી, તરફેણ **સબ** = સર્વ **છૂટી** = છૂટી ગઈ, નાશ પામી, દૂર થઈ **ગ્રંથ** = ધર્મગ્રંથ **નિધિ** = સાગર, સમુદ્ર, ભંડાર, ખજાનો **જલ** = જળ **માંહાંય** = અંદર, માં **ભરી** = ભરીને, તૃપ્ત કરીને **મન** = મન અંતઃકરણ **માણેક** = રાતો મણિ, ખુબ જ કિંમતી, રત્નનો રાજા **મુઠી** = મૂઠી, આંગળીને હથેળી સાથે વાળવાથી થતો ઘાટ મૂઠી

### અનુવાદ

**આ લક્ષને દર્શાવવાથી સર્વ પક્ષપાત છૂટી ગયો છે. આ ગ્રંથરૂપ સાગરના**

**જળમાં મૂઠીભર માણેક મળતાં મનની તૃપ્તિ થઈ છે.**

## ભાવાર્થ

પરમગુરુ દ્વારા અંશ-અંશીનો લક્ષ દર્શાવવાથી જગતમાં પ્રવર્તમાન નકલી ભગવાનોની માન્યતામાં રહેલાં જે પક્ષપાત ભરેલી વિચારધારા હતી તે સર્વ દૂર થઈ છે. એવા આ ગ્રંથરૂપ જ્ઞાનસાગરના જળમાં ડૂબકી મારવાથી મરજીવા રૂપ મુમુક્ષુ માનવોને મૂઠીભર માણેકની જેમ મનની તૃપ્તિ થાય તેવું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

# ચોપાઈ અનુસુચી


| ચોપાઈ | અંગ | ચોપાઈ નં. | પેજ નં. |
|---|---|---|---|
| **અ** | | | |
| અમલ અચિત ઉતઈત મીત જીત તીત... | મંગલાચરણ | ૫ | ૫ |
| અમરવેલી જીનું પ્રણવહી, જીનકે સકલ સરાય... | કેતુ ૩ | ૫૦ | ૧૩૦ |
| અપરમપાર પરમ અતિ, તીનુ ગતિ સરલ સવેત... | કેતુ ૬ | ૧૧૯ | ૩૩૨ |
| અરુઢ બોધ અતિ અદ્‌ભુત, સકલ જ્ઞાન શિરશેર... | કેતુ ૮ | ૧૭૨ | ૫૬૩ |
| અબ કહું શુદ્ધ ગુરુ ગમ પદ, જીનું ઉર તત્ત્વ તપાસ... | કેતુ ૬ | ૯૭ | ૩૧૬ |
| અબ તીનકે શિર ધરનકુ, કહત કલંકી તોર... | કેતુ ૮ | ૧ | ૪૪૮ |
| અબ તુમ અંશ સકલ જીનું, મિલન ભાવ કિરતાર... | કેતુ ૬ | ૧૯૬ | ૩૮૬ |
| અબ તિનકે ભુગતા કહું, નિજપતિ અંશ વિશેષ... | કેતુ ૬ | ૧૮૬ | ૩૭૯ |
| અબ શાખા પુનિ પત્રહી, વૃક્ષ પુષ્પ પતિયાર... | કેતુ ૨ | ૨૦ | ૯૦ |
| અબકે કહું ઓરલી તીત, વિત્ત વ્યાપક જીત પ્રાય... | કેતુ ૬ | ૩૩ | ૨૭૦ |
| અવરણ કહો તો નામહી, વરણે નામ વિશેષ... | કેતુ ૧ | ૫૨ | ૫૦ |
| અવનિ મેલાઈ અવન્યમે, તોય મેલાવત તોય... | કેતુ ૮ | ૫૮ | ૪૮૭ |
| અવે અંશ જીનું તારણ, અવે તાર અવતાર... | કેતુ ૬ | ૧૩૮ | ૩૪૫ |
| અકલ કલા ગત તેહુનકી, ના આવત કિંમત માંહાંય... | કેતુ ૬ | ૧૭૭ | ૩૭૩ |
| અકલકે અકલ સકલ ઉતકષ્ટિ રિધ... | મંગલાચરણ | ૮ | ૮ |
| અરધ કહે તો નામહી, ઉરધ કહો ભી નામ... | કેતુ ૧ | ૪૬ | ૪૬ |
| અરપેહુ નિજ કર્તા પુનિ, પ્રણવ દક્ષ તીનું મ્હાંય... | કેતુ ૪ | ૧૦ | ૧૭૯ |
| અરપણ સોહી અક્ષર સ્વર, ઉચરન કટુક મધુર... | કેતુ ૩ | ૫૨ | ૧૩૧ |
| અતહી પૌઢ પસરન જીનું, કીનુ તન નહીં બિનું અંક... | કેતુ ૩ | ૨૮ | ૧૧૫ |
| અનહદ નાદ ગગન ધુનિ, બ્રહ્મરંદ્ર ઝણકાર... | કેતુ ૮ | ૧૩૪ | ૫૩૭ |
| અનંત ભાયગ જન જેહુન કે, પરમગુરુ પરસાય... | કેતુ ૬ | ૧૯૮ | ૩૮૭ |
| અનંત કોટિ વિષ્ણુ ભયે, સમ રરંકાર મકાર... | કેતુ ૧ | ૬૨ | ૫૬ |
| અનુભવ કરે તો બ્રહ્મ લ્યૌ, એકતા કરી દેખાય... | કેતુ ૮ | ૭૯ | ૫૦૧ |
| અસન બસનહી આભૂક્ષણ, સાલ દોસાલા લોય... | કેતુ ૧ | ૮૨ | ૭૦ |
| અહં બ્રહ્મ મુખસે કહે, પઢ પઢ સાંખ્ય વેદાંત... | કેતુ ૮ | ૪૭ | ૪૮૦ |
| અહંગ સહિત સબ અંશકે, એક હી સરજનહાર... | કેતુ ૮ | ૧૪૬ | ૫૪૫ |

| | | | |
|---|---|---|---|
| અહંગ અંશ મમ સબનતે, નિજપતિ કીયેહુ વિશેષ... | કેતુ ૮ | ૧૪૭ | ૫૪૬ |
| અગમ કહો તો નામહી, નિગમ કહો તો નામ... | કેતુ ૧ | ૪૩ | ૪૫ |
| અગમ કહે કે અલખ હી, અચુત અકલ હી અખંડ... | કેતુ ૩ | ૭૯ | ૧૪૯ |
| અવ્યાક્રત હિત ચાસમી, લહત નિરંજન જ્યોત... | કેતુ ૬ | ૬૮ | ૨૯૫ |
| અખિલ નામ શિર તારણ, નિજ પતિકે જેહી નામ... | કેતુ ૭ | ૯ | ૩૯૫ |
| અવિગત સરલ સમજ કરી, દરશાયેહુ દિવ્ય નેંન... | કેતુ ૭ | ૫૪ | ૪૨૭ |
| અતિ જડ કાષ્ટ પાષાણહી, મુખ વિના સ્થાવર મુન્ય... | કેતુ ૭ | ૨૫ | ૪૦૭ |
| અતિ આરબલસે એહી જુગ, સબ માનત કરી દેવ... | કેતુ ૮ | ૧૭ | ૪૫૯ |
| અજપા જપ જેહી પ્રણવહી, રરંકાર ૐ કાર... | કેતુ ૮ | ૧૨૧ | ૫૨૯ |
| અજપા જપ ફળ એહીં મુદા, રહત અતિ તન તુર... | કેતુ ૮ | ૧૬ | ૪૫૮ |
| અજબ દ્દષ્ટ અદ્‌ભુત ગમે, કીના સકલ પહેચાણ... | કેતુ ૩ | ૧૦૦ | ૧૬૩ |
| અજબ ખેલ નિજ અંશકો, જ્યૌ જહુરીકે ન્યાય... | કેતુ ૬ | ૫૭ | ૨૮૭ |
| અજર કહો સોહી નામ હે, અમરે નામ નવેશ... | કેતુ ૧ | ૪૯ | ૪૮ |
| અજરકે અજર સચર શિર સ્વાધીન સદ... | મંગલાચરણ | ૯ | ૮ |
| અયં અહો નિરમલ નિજ, અહં બ્રહ્મ અસી કીન... | કેતુ ૮ | ૧૩૧ | ૫૩૫ |
| અષ્ટ સિધ્ધિ નવ નિધિ જેહી, જીનકે સ્વાધીન હોય... | કેતુ ૬ | ૨૦ | ૨૬૦ |
| અષ્ટાવક્ર વસિષ્ટ હી, હસ્તાંમલ રખદેવ... | કેતુ ૬ | ૪૮ | ૨૮૧ |
| અષ્ટાદશ ખટ ચૌવેદ લ્યૌ, એક વાણી વિસ્તાર... | કેતુ ૧ | ૬૬ | ૫૯ |
| અષ્ટાદશ ખટ નવ માંહી, ઓર કતેબ કુરાન... | કેતુ ૬ | ૧૨ | ૨૫૫ |
| અષ્ટાદશ ખટ નવ લહુ, કાગદ લીખે કુરાન... | કેતુ ૮ | ૧૦૮ | ૫૨૦ |
| અષ્ટાદશ ખટ નવમાંહી ઓર ગ્રંથ ઈતિહાસ... | કેતુ ૧ | ૫ | ૧૬ |
| અષ્ટાદશ નવ બાવન, નિગમ ચતુર ખટ માંહાંય... | કેતુ ૭ | ૧ | ૩૯૦ |
| અક્ષર લક્ષ વિલોકન, સકલીત અતિ અપરામ... | કેતુ ૩ | ૧૧૦ | ૧૭૦ |
| અક્ષર કહ્યો ના નામહી, નામ કહ્યો નહીં અંક... | કેતુ ૩ | ૧૦૧ | ૧૬૪ |
| અક્ષર કહે તો અક્ષરે, તીન અંક જીનુ તાય... | કેતુ ૩ | ૧૦૭ | ૧૬૮ |
| અથરવેદ અનુકરમીત, તેહી ભરમીત ભવ માંય... | કેતુ ૮ | ૩૩ | ૪૭૦ |
| અક્ષરકી ઉતપન એહી, પ્રણવવૃક્ષ જીનું આદ્ય... | કેતુ ૫ | ૧૫ | ૧૯૭ |
| અક્ષરાતીત અક્ષર બિનું, જેહી પદ અદબદ સોય... | કેતુ ૩ | ૮૩ | ૧૫૨ |
| અક્ષરનકે અભિપ્રાયન, લગે ન શબ્દ વિનાય... | કેતુ ૩ | ૯૩ | ૧૫૯ |
| અથાહ કે અથાહ જથાહ બરનીત કીત... | મંગલાચરણ | ૧૧ | ૧૧ |
| અરૂપ કહો તો નામસે, રુપ કહો ભી નામ... | કેતુ ૧ | ૪૧ | ૪૩ |
| અણુ કહે તો અક્ષરે, રેણુ અક્ષર રેખ... | કેતુ ૩ | ૬૦ | ૧૩૭ |

### આ


| | | | |
|---|---|---|---|
| આચારજ વ્યાસાદિક, જીનકે વચન વેદાન્ત... | કેતુ ૮ | ૫૨ | ૪૮૩ |
| આચારજકે બચનસે, કથત જ્ઞાન કરી મોટ... | કેતુ ૮ | ૫૧ | ૪૮૨ |
| આદ્ય કહો તો નામ હી, અંત કહો તો નામ... | કેતુ ૧ | ૪૪ | ૪૫ |
| આદ્ય અંત મધ્ય ઉપજકે, કીયે નિરાક્રણ તંત... | કેતુ ૧ | ૩૬ | ૪૦ |
| આદ્ય અંત મધ્ય ઉત-ઈત, જહાં લગી સુરત ફેલાવ... | કેતુ ૩ | ૮૫ | ૧૫૩ |
| આદ્ય અંત ઓરુ મધ્યમેં, જેતી ભર જુગ જાણ... | કેતુ ૬ | ૧૫ | ૨૫૭ |
| આપ લખાવહુ સબ ઘટ, જેહી આવહી મમ નેર... | કેતુ ૮ | ૧૬૯ | ૫૬૧ |
| આપા જેહી નિજ જ્યોત કે, નિરખનહાર નચંત... | કેતુ ૮ | ૨૨ | ૪૬૩ |
| આપનું આપ વિનુ પતિપદ, થપે પંથ જેહી પીવ... | કેતુ ૮ | ૧૬૬ | ૫૫૯ |
| આપનું આપ જેહી અંકુર, નિજપદ બિનું મેલાન... | કેતુ ૮ | ૮ | ૪૫૩ |
| આવ ભાવ ઓરુ જાવન, ઉઠ બેઠ અવિકાસ... | કેતુ ૧ | ૭૧ | ૬૩ |
| આવત કાજ જબી નામ હી, નિજ નામી પતિ સંગ... | કેતુ ૭ | ૧૩ | ૩૯૮ |
| આવનકી જીનું ગમ નહીં, જાવનકી જેહી દ્વાર... | કેતુ ૬ | ૧૪૩ | ૩૪૯ |
| આતમ પસરનકે તન, પોરક ઉલટ ઓહંગ... | કેતુ ૬ | ૧૦૪ | ૩૨૧ |
| આણેહુ અંત સકલ જીનું, જે તે ભર જુગ કહેણ... | કેતુ ૩ | ૮૭ | ૧૫૫ |
| આયેહુ જુગન જદીપ હમ, ગ્રહી નિજ ગમ સમશેર... | કેતુ ૬ | ૧૫૬ | ૩૫૮ |
| આયેહુ અવન અચાનક, અરસ અગમ હોય સેર... | કેતુ ૬ | ૧૩૪ | ૩૪૨ |


### ઈ


| | | | |
|---|---|---|---|
| ઈત સાક્ષી જેહી અનિતકે, રહન અલગ મગ મંદ... | કેતુ ૫ | ૬૬ | ૨૩૨ |
| ઈતિ શ્રી સંપૂરણ, ગ્રંથ પુરુષ તદ્રૂપ... | કેતુ ૭ | ૮૧ | ૪૪૬ |
| ઈન્દ્રિ ચાસમી મન મીત, મન ચાસમી ગુણ તંત... | કેતુ ૬ | ૬૭ | ૨૯૪ |


### ઉ


| | | | |
|---|---|---|---|
| ઉત્તમકે અવિલોકન, ભાગ ત્યાગ કરી ભિન્ન... | કેતુ ૮ | ૫૬ | ૪૮૬ |
| ઉત્તર પૂર્વ પશ્ચિમ, દક્ષિણ સરગ પાતાલ... | કેતુ ૩ | ૬૨ | ૧૩૮ |
| ઉલચન સોહી ઉચારન, અક્ષર જપ સંધ્યાય... | કેતુ ૩ | ૫૧ | ૧૩૧ |
| ઉલજણ સો અજ્ઞાનહી, આપા વિસર વિલાસ... | કેતુ ૬ | ૧૪૯ | ૩૫૩ |
| ઉલટ પુલટ ઉતઈત કરી, અક્ષરકે અનુકરમ... | કેતુ ૩ | ૫૯ | ૧૩૬ |
| ઉભે નામ અનુભવનકી, ચવનકી રૂપ અરૂપ... | કેતુ ૧ | ૧૬ | ૨૪ |
| ઉપરછલા સોહી નામ હે, નામી ઘેહેર ગંભીર... | કેતુ ૧ | ૧૪ | ૨૩ |
| ઉધારેકા મોક્ષમે, ગાફલ સો પતિયાય... | કેતુ ૬ | ૧૩ | ૨૫૬ |

| | | | |
|---|---|---|---|
| ઉપજે ઓછમ નાવત, સમલે શ્રેષ્ઠ ન હોય... | કેતુ ૭ | ૪૦ | ૪૧૭ |
| ઉદે અસ્ત ઓરુ ઉતઈત, યા ગમ જુગધર મહાંય... | કેતુ ૮ | ૧૬૦ | ૫૫૫ |
| ઉત ઈતકે જેહી તેહી પર, નામ સકલ શિર વ્યાપ... | કેતુ ૭ | ૧૭ | ૪૦૧ |

**એ**

| | | | |
|---|---|---|---|
| એ લક્ષણ નીજ અંશકી, જેહી માનત સબ મેર... | કેતુ ૬ | ૬૩ | ૨૯૧ |
| એક દો દશ સત સહેસ્તર, લખ કોટિ જેહી લેખ... | કેતુ ૧ | ૭૨ | ૬૩ |
| એક કહતહી જયોતહી, એક કહત તીનું નુર... | કેતુ ૮ | ૩૮ | ૪૭૪ |
| એક તાંહાં કોહો કેહુનકુ, સમજે ઓર સમજાય... | કેતુ ૮ | ૭૨ | ૪૯૬ |
| એક હોય તો સબ તરે, સંત સહિત સંસાર... | કેતુ ૮ | ૬૬ | ૪૯૩ |
| એક હોય તો સબનકી, ગતિ સતંતર હોય... | કેતુ ૮ | ૭૬ | ૪૯૯ |
| એક હોય તો એહી વિધિ, ચહે સતંતર સોય... | કેતુ ૮ | ૭૭ | ૫૦૦ |
| એકાએકી ભવ વિષે, ફરત ભેખ ચકચૂર... | કેતુ ૮ | ૪૮ | ૪૮૦ |
| એકહી બ્રહ્મ સતંતર, મુખસે કહત જનાય... | કેતુ ૮ | ૬૫ | ૪૯૨ |
| એતને ભર ધર સબનકી, ચરત ચાસમી અંશ... | કેતુ ૬ | ૭૯ | ૩૦૩ |
| એતને ભર સ્વર હાનીત, સમરણ સિરગુણ જાપ... | કેતુ ૮ | ૧૪ | ૪૫૭ |
| એસેહી પ્રણવ કારણ નિજ, જિનુ ક્રત અંક આકાર... | કેતુ ૫ | ૧૮ | ૧૯૯ |
| એસેહી પરમ પ્રકાશમે, રહે સકલ વિલમાય... | કેતુ ૬ | ૪૯ | ૨૮૧ |
| એસેહી બ્રહ્મ સિદ્ધાંતમે, જેહી જ્ઞાની ઉમંગાય... | કેતુ ૮ | ૮૦ | ૫૦૨ |
| એસેહી બ્રહ્મ અખિલ પદ, સબકી અગમ ઉપાસ... | કેતુ ૬ | ૪૬ | ૨૭૯ |
| એસેહી ગુરુ ઓરુ સંતહી, ભવમેં ભવિત અપાર... | કેતુ ૫ | ૬૯ | ૨૩૪ |
| એસેહી જો ગતિ અદ્ભુત, જુગધર જાનત ન્હાંય... | કેતુ ૮ | ૧૩૯ | ૫૪૦ |
| એસેહી અંધ અચેતન, જડ તન વત્ ગતિ પાય... | કેતુ ૬ | ૧૫૧ | ૩૫૫ |
| એસેહી અંક અલોકની, પ્રભુતાયન ગતિરાજ... | કેતુ ૩ | ૧૧૧ | ૧૭૦ |
| એહી પરકાર સકલ કુલ, કરહી ક્રત અવિલાન... | કેતુ ૫ | ૩૧ | ૨૦૮ |
| એહી પરકાર વિકલ ભયે, નિજપતિ અંશ અચેત... | કેતુ ૬ | ૧૫૩ | ૩૫૬ |
| એહી પરકાર અન્યોઅન્ય, લેત અંશ સબ નુર... | કેતુ ૬ | ૭૩ | ૨૯૮ |
| એહી પત્ર વૃક્ષ પ્રણવકે, નિગમ ચતુર અધિકાર... | કેતુ ૨ | ૨૫ | ૯૪ |
| એહી પેજ વશ વિશ્વહી, લોક સકલ જીનું ન્યાવ... | કેતુ ૧ | ૧૧ | ૨૧ |
| એહી બાવન અક્ષર જેહી, પ્રણવ વૃક્ષ કે ફૂલ... | કેતુ ૩ | ૪૪ | ૧૨૬ |
| એહી બાવન અક્ષર જેહી, પ્રણવવૃક્ષ જીનું ફૂલ... | કેતુ ૫ | ૧૦ | ૧૯૪ |
| એહી દોનું મુશ્કલ ગત્ય, બિનું ગમ ઘર ગુંજપાર... | કેતુ ૬ | ૮૭ | ૩૦૯ |
| એહી દોહુ બ્રહ્મ સિદ્ધાંતકે, અનુભવી બિનું અનુભેવ... | કેતુ ૬ | ૧૮૦ | ૩૭૫ |

| | | | |
|---|---|---|---|
| એહી તરુ પ્રણવ પરમ વીત, ભવ કારણ નિજ ભેવ... | કેતુ ૨ | ૧૦ | ૮૨ |
| એહી સબ સાજ સકલ જીનું, ઈષ્ટ અંશ તીનુ રાય... | કેતુ ૬ | ૫૫ | ૨૮૬ |
| એહી સદન સદ સબનકો, પરમહંસ લ્યહુ તાય... | કેતુ ૬ | ૪૫ | ૨૭૯ |
| એહી ગુરુ ચતુર પ્રકારકે, પ્રગટ પોમી પતિ દેવ... | કેતુ ૬ | ૧૨૧ | ૩૩૪ |
| એહી વિધ જગે સો જાગ્રત, જેહી આગમ હમ કીન... | કેતુ ૬ | ૫ | ૨૫૦ |
| એહી વિધિ મંત્ર સકલ જેહી, નિજ તારક જપ આદ્ય... | કેતુ ૮ | ૧૧૨ | ૫૨૨ |
| એહી વિધિ પદ પરસાવન, પોક્ષ પ્રત્યક્ષ લક્ષ દોય... | કેતુ ૬ | ૧૦૬ | ૩૨૨ |
| એહી વિધિ કરત સકલ કુલ, જેહી ઈશ્વર તનુ કીન... | કેતુ ૬ | ૨૯ | ૨૬૭ |
| એહી વિધિ નિરખી નિરૂપણ, કીના ખોજ ખનીત... | કેતુ ૩ | ૧૦૯ | ૧૬૯ |
| એહી વિધિ જેહી અધિકારન, ધારન દૃઢ ગંભીર... | કેતુ ૬ | ૧૬૦ | ૩૬૧ |
| એહી વિધિ શુધ્ય બિનું સબ જુગ, સંશેતિ સંસાર... | કેતુ ૬ | ૧૪૫ | ૩૫૦ |
| એહી વિધિ અક્ષર સરભર, શબ્દ સમીપ સમદાય... | કેતુ ૩ | ૯૭ | ૧૬૧ |
| એહી વિધિકે સાધન ધન્ય, તન મન કરી ખુરબાન... | કેતુ ૮ | ૮૭ | ૫૦૬ |
| એહી ઉભયે વૈભવ ભવ, વિનુ વિત્ત પુનિ ચિકાસ... | કેતુ ૬ | ૧૮૫ | ૩૭૮ |
| એહી આપનપુ ચર અચરકે, ઉત ઈતકે દૃષ્ટાય... | કેતુ ૮ | ૧૩૭ | ૫૩૯ |
| એહી અંત સબ ઓરલકે, કારણ ક્રત મહિમાન... | કેતુ ૬ | ૩૨ | ૨૭૦ |


**ઓ**


| | | | |
|---|---|---|---|
| ઓરુ ચૈતન શુધ સાગરે, વૃત્તિ સરલ અનુસુત... | કેતુ ૮ | ૮૬ | ૫૦૬ |
| ઓરુ લહત નહીં આપનપુ, પુનિ કર્તા નહીં જાત... | કેતુ ૫ | ૭૦ | ૨૩૫ |
| ઓરુ પુરુષ પ્રકૃતિ પુનિ, અવ્યાક્રત લ્યહુ બ્રહ્મ... | કેતુ ૫ | ૨૭ | ૨૦૫ |
| ઓરુ કહત પુની અબ જેહી, સૂનો સંત ચિત્ત લાય... | કેતુ ૫ | ૪૦ | ૨૧૪ |
| ઓરુ રજ તમગુણ સાત્વીક, સરસ્વતી શારદ શેષ... | કેતુ ૧ | ૩૪ | ૩૮ |
| ઓરુ રજ તમગુણ સાત્વીક, એ તીન ગુણ જમી હીર... | કેતુ ૨ | ૬ | ૭૯ |
| ઓરુ તીનકે વિપુ સબનમેં, ચિન ભિન્ન નહીં અંત... | કેતુ ૩ | ૬૯ | ૧૪૩ |
| ઓરુ નરનાર સકલ જીનું, ત્રીયા પુત્ર પરિવાર... | કેતુ ૩ | ૩૨ | ૧૧૮ |
| ઓરુ નામી જેહી નામસે, સમરત તન મન દેહ... | કેતુ ૭ | ૩૨ | ૪૧૧ |
| ઓરુ સકલ વિભૂતિ જીનું, વિવિધી ભાત્ય હી અનેક... | કેતુ ૬ | ૩ | ૨૪૮ |
| ઓરુ સંત જીતને ગુરુ, જગ બોધીક ગુણ ગ્રામ... | કેતુ ૫ | ૬૮ | ૨૩૩ |
| ઓરુ સ્થાવર તનુ સબનકે, બિનું રસના મુખ દ્વાર... | કેતુ ૫ | ૫ | ૧૯૦ |
| ઓરુ ગંભિરા શિખરહી, જેહી છેવટ શૂન્ય મહાદ... | કેતુ ૮ | ૧૨૯ | ૫૩૪ |
| ઓરુ બિનું જવાલ વહન જેહી, બિનું વિત્તકે જીત ખાય... | કેતુ ૬ | ૧૮૩ | ૩૭૭ |
| ઓરુ બિનું અંક અકલ નિધ, રિધ્ય અજમાલ રહાત... | કેતુ ૫ | ૫૩ | ૨૨૩ |

| | | | |
|---|---|---|---|
| ઓરુ બિનું અક્ષર નામહી, કીસ વિધિ શકે સકાર... | કેતુ ૩ | ૯ | ૧૦૨ |
| ઓરુ જેતને ઈશ્વર તનુ, લીન્ય અવન અવતાર... | કેતુ ૬ | ૧૭ | ૨૫૮ |
| ઓરુ જેતને જપ જનન કે, રસના કે ઉચરાણ્ય... | કેતુ ૮ | ૧૨ | ૪૫૬ |
| ઓરુ જેતને જુગ ધરમહી, બ્રહ્મ દરસ ગતિ જ્ઞાન... | કેતુ ૬ | ૪૨ | ૨૭૬ |
| ઓરુ અમૃત પીવન ફલ, જેહી પ્રાપ્ત પુનિ થાય... | કેતુ ૮ | ૮૮ | ૫૦૭ |
| ઓરુ આતમ પરમાત્મા, એ પુનિ ઉનકે અંશ... | કેતુ ૬ | ૩૮ | ૨૭૩ |
| ઓરુ આતમ પરમાતમા, નિજ ગતિ અકલ અરૂપ... | કેતુ ૧ | ૪૦ | ૪૩ |
| ઓરુ અજપા જપ સાધને, વચન સિદ્ધિ સદ હોય... | કેતુ ૮ | ૧૮ | ૪૬૦ |
| ઓર ચતુર ગુરુ ગમનકી, વિશેષ ત્રીયે પ્રકાર... | કેતુ ૭ | ૫૬ | ૪૨૯ |
| ઓર ચતુર જાનત સબે, રામકૃષ્ણ ઓરુ વ્યાસ... | કેતુ ૬ | ૧૯૨ | ૩૮૩ |
| ઓર પુરૂષ પ્રકૃતિ લહુ, ત્રિગુણ સહિત જેહી તંત... | કેતુ ૬ | ૩૧ | ૨૬૯ |
| ઓર ન ચીનત અબ થકી, છતે પિંડ સદ રુપ... | કેતુ ૬ | ૮૪ | ૩૦૭ |
| ઓર સકલ વિતપન વેત, આપનપુ જાનનહાર... | કેતુ ૫ | ૬૩ | ૨૩૦ |
| ઓર સકલ અવ્યે અંશકી, સમજ સરાવન સાર... | કેતુ ૬ | ૧૩૭ | ૩૪૫ |
| ઓર સત્વા સમ ચૈતન, પ્રેરેહુ સબ તનુ માંહાંય... | કેતુ ૪ | ૭ | ૧૭૭ |
| ઓર સંત અગનિત ગને, ભયે મુક્ત હોય શીવ... | કેતુ ૮ | ૬૭ | ૪૯૩ |
| ઓરલી સો ઉત ઈતનકી, ભવ ભરમાવીક ભેદ... | કેતુ ૬ | ૭ | ૨૫૧ |


## અં


| | | | |
|---|---|---|---|
| અંક લક્ષ વિલોકકે, વિવિધી ભાત કીયે અંગ... | કેતુ ૩ | ૧૧૩ | ૧૭૧ |
| અંક કીન ધરી નામસે, નામ નહી બિનું અંક... | કેતુ ૩ | ૧૪ | ૧૦૫ |
| અંક ઉપજ તરુ પ્રણવકી, દેખહુ નિજગતિ સોય... | કેતુ ૫ | ૧૭ | ૧૯૮ |
| અંક ઉદ્ કરનન તેહી, જેહી અંશ શિર દીન... | કેતુ ૫ | ૪૬ | ૨૧૮ |
| અંત સદન સબ અંશ કે, કારણ કરન નિવાસ... | કેતુ ૭ | ૪૧ | ૪૧૮ |
| અંતસકરણ ચતુર ચીદે, મહાદ મંથન કરી જોય... | કેતુ ૩ | ૯૦ | ૧૫૭ |
| અંશ દૃષ્ટિ તનકે તુપે, પૂછેહુ જેહી અભિપ્રાય... | કેતુ ૬ | ૭૭ | ૩૦૨ |
| અંશ દૃષ્ટિ તનકે તુપે, અવિલોકત કુન કાજ... | કેતુ ૬ | ૭૬ | ૩૦૧ |
| અંશ દૃષ્ટિ જીનું ઉલટસે, વિછરત વિપુ વિલાય... | કેતુ ૬ | ૮૨ | ૩૦૫ |
| અંશ વંશ ઈત આપનપુ, અંશી નિજ કિરતાર... | કેતુ ૬ | ૧૧૮ | ૩૩૧ |
| અંશ કલા ગત્ય બરનેહુ, જેહી ભાવ ગતિ તાય... | કેતુ ૫ | ૮૪ | ૨૪૫ |
| અંશ સખેત જદીપ મમ, નિજપતિ સરજ સંબંધ... | કેતુ ૮ | ૧૪૩ | ૫૪૩ |
| અંશ સકલ ઉરજન ગતિ, નિજપતિ નેંન નિહાર... | કેતુ ૬ | ૧૩૦ | ૩૪૦ |
| અંશ વિલોકીત દૃષ્ટ લ્યૌ, તન પર ધર તતમાય... | કેતુ ૬ | ૭૪ | ૨૯૯ |

| | | | |
|---|---|---|---|
| અંશ ઉદ્યોત કરનન જેહી, અસત લોપ સતવેત... | કેતુ ૬ | ૧૧૨ | ૩૨૭ |
| અંશ ઉદીત કર્તારસે, કર્તા નિજ કૈવલ... | કેતુ ૧ | ૨૩ | ૨૯ |
| અંશ ઉદાસિક જદીપતે, તન પર ધરીત અભાવ... | કેતુ ૬ | ૮૧ | ૩૦૫ |
| અંશ આપ નિજ આપનપુ, જેહી નીરખન નિરબંધ... | કેતુ ૬ | ૮૯ | ૩૧૦ |
| અંશ અખિલ ગતી સસુજકી, જીનકા મુદ્દા અગાધ... | કેતુ ૬ | ૫૯ | ૨૮૮ |
| અંશ અંશી બરનન ધન્ય, જન મન કરન મેલાપ... | કેતુ ૭ | ૫૭ | ૪૨૯ |
| અંશ અંશીપદ સદ્‌ગુરુ, બરનન કીયેહુ જેહી ચાર... | કેતુ ૬ | ૧૯૯ | ૩૮૮ |
| અંશી અંશ દેખાવન, જબતે જુગલ સહેત. | કેતુ ૬ | ૧૨૨ | ૩૩૪ |
| અંશની અલેપતાની જાનીત કહીત ગમ... | મંગલાચરણ | ૬ | ૬ |
| અંશની અતુલતાની યેસેહી અક્ત કથા... | મંગલાચરણ | ૭ | ૭ |


### ક


| | | | |
|---|---|---|---|
| કલીમલ હરન કેતુ સત, કીયેહુ ગ્રંથ ટહંકાર... | કેતુ ૭ | ૫૮ | ૪૩૦ |
| કકા કહે તો અક્ષર, ખ ખે અંક ખખાય... | કેતુ ૩ | ૧૦૮ | ૧૬૮ |
| કરમી ગુરુ ઉપદેશતે, ભવકે ભરમ ન જાય... | કેતુ ૬ | ૧૨૪ | ૩૩૫ |
| કર્તા અંશ નિજ અનુભવે, જેહી આગે ચિતવંત... | કેતુ ૧ | ૧૯ | ૨૬ |
| કર્તા અંશ જીનું વૃત્તિ હુતે, પ્રણવ સેતી ઉચરંત... | કેતુ ૩ | ૨૨ | ૧૧૧ |
| કર્તા અંશવૃત્તિ પ્રણવહી, ઉભયે હોત ટહંકાર... | કેતુ ૩ | ૧ | ૯૬ |
| કહત રેહેતઘર તેહી ઘર, સબ ઘરકે શિર મોટ... | કેતુ ૮ | ૧૧૬ | ૫૨૫ |
| કર્તા સંબંધી તેહી સદ્‌ગુરુ, અલખ લખાવે સો સંત... | કેતુ ૫ | ૬૭ | ૨૩૩ |
| કહન હુતી સો સબ કહી, ખલક ખોજ લક્ષ ભેદ... | કેતુ ૮ | ૧૬૪ | ૫૫૭ |
| ક્રતા ઉમંગ પંચીકરણ, કીયેહુ વિવિધી વિભાગ... | કેતુ ૪ | ૨૦ | ૧૮૬ |
| કીન મરમ મુજ નામકે, જેહી વિધિ અંક કુવેર... | કેતુ ૬ | ૧૩૫ | ૩૪૩ |
| કીયે સજન મન સ્વાંત, ક્રાંત કૈવલ દરશાઈ... | કેતુ ૮ | ૧૮૩ | ૫૭૧ |
| કીટ પતંગ જમીચર, જે તે જીવ વિચરંત... | કેતુ ૩ | ૭૧ | ૧૪૪ |
| કિન્યેહુ ખોજ ખલક ખુદ, સબકે અનુભવ સોય... | કેતુ ૬ | ૪૪ | ૨૭૮ |
| કેતેક ચીનત બ્રહ્મકુ, નિરાલંબ નિરલેપ... | કેતુ ૫ | ૩૫ | ૨૧૧ |
| કેતેક વેદ વચન ચીદ, નિગમ શાખ વિસવાસ... | કેતુ ૫ | ૩૬ | ૨૧૧ |
| કેતેક ૠષિમુનિ જતમત, સમદમ સહેજ સ્વભાવ... | કેતુ ૫ | ૩૪ | ૨૧૦ |
| કેતેક અટકેહુ પ્રણવહી, જપત અજંપા જાપ... | કેતુ ૫ | ૩૩ | ૨૦૯ |
| કેતેક અટકેહુ નામહી, નામ લીયે ભવપાર... | કેતુ ૫ | ૩૨ | ૨૦૯ |
| કો હમ કો કિરતાર હે, નરણે નહીં નિરધાર... | કેતુ ૬ | ૧૪૪ | ૩૫૦ |
| કો અજ્ઞાની તેહુનકુ, લક્ષ લખાવન જ્ઞાન... | કેતુ ૮ | ૭૩ | ૪૯૭ |

| | | | |
|---|---|---|---|
| કોઈ પકડત ન્હેંઅક્ષર, સાર શબ્દ પુનિ સોય... | કેતુ ૮ | ૧૧૪ | ૫૨૪ |
| કોઈ રસના ઉલટી કરી, તાલુક અગ્ર લગાય... | કેતુ ૮ | ૮૧ | ૫૦૨ |
| કોઈક સંત જબ કહતહી, અખિલ બ્રહ્મ સંસાર... | કેતુ ૮ | ૭૧ | ૪૯૬ |
| કોહો તરુ કીનેકુ બોલાવત, કોઉ કીનુ કરત મેલાપ... | કેતુ ૩ | ૩૪ | ૧૧૯ |
| કોટિ કલપકે પતિનસે, વિછડેહુ અંશ ચ્યૌ વેર... | કેતુ ૬ | ૧૬૪ | ૩૬૪ |
| કોશ પંચ તે પંડહી, અનો મનોમયે ઓરુ પ્રાણ... | કેતુ ૧ | ૭૫ | ૬૬ |
| કોશ પંચ જીનું કહતહું, સુનો સજ્જન સમુદાય... | કેતુ ૭ | ૬૭ | ૪૩૬ |
| કૈવલ પરમસિદ્ધાંત ક્રાંત, જીનું સદ્ ચિદ્ આનંદ... | મંગલાચરણ | ૧ | ૧ |
| કુન તત્ત્વકે તેહી તનુ, પ્રણવ જાપ બિનું પંડ... | કેતુ ૪ | ૫ | ૧૭૫ |
| કંઠે ડુગડુગી લગી રહે, ઉત ઈત કછુ ન ભાન... | કેતુ ૮ | ૮૨ | ૫૦૩ |


### ખ


| | | | |
|---|---|---|---|
| ખટ દર્શન ચૌ સંપ્રદા, દ્વારશ પંથ વૈરાગ... | કેતુ ૧ | ૬૭ | ૫૯ |
| ખટ દર્શન ચૌ સંપ્રદાય, ભક્ત સહિત સંસાર... | કેતુ ૧ | ૪ | ૧૫ |
| ખટ દર્શન ચૌ સંપ્રદાય, સિધકે યોગ અષ્ટાંગ... | કેતુ ૬ | ૨૧ | ૨૬૧ |
| ખોજ ન અપને આપનકી, માપકી માનત સાર... | કેતુ ૬ | ૧૪૧ | ૩૪૮ |
| ખેલ ન જાનત ખેલીકુ, ખેલી ખોજ સબંસ... | કેતુ ૬ | ૫૮ | ૨૮૮ |
| ખુદ ખાવન મેરે ધણી, એસે સામ્રથ સોય... | કેતુ ૭ | ૫૨ | ૪૨૬ |
| ખુદ ખગ ચૈતન બ્રહ્મ હી, જેહી ઉભયે તનુ આલ... | કેતુ ૭ | ૪૯ | ૪૨૪ |
| ખુદકી ખોજ ન તદીપસે, જદીપસે વિખરે વિછોય... | કેતુ ૬ | ૧૨૭ | ૩૩૭ |


### ગ


| | | | |
|---|---|---|---|
| ગતિ ચકવે પસરન પદ, ગુદા ઈન્દ્રિ મહી ત્યાગ... | કેતુ ૭ | ૬૫ | ૪૩૫ |
| ગતિ કહો તો નામસે, અવગત નામ કહાય... | કેતુ ૧ | ૫૧ | ૪૯ |
| ગજ ઘોરા રથ પાલખી, ગારા વહેલ વાહન... | કેતુ ૧ | ૮૧ | ૬૯ |
| ગીરી સરસ્વતી અરણ્ય વન, ભારથી પુરી શીવ સીધ... | કેતુ ૧ | ૬૫ | ૫૮ |
| ગાયત્રી સંધ્યા જપ, ફળ પ્રાપ્તિ જીનું હોય... | કેતુ ૮ | ૨૦ | ૪૬૧ |
| ગંભીરા જેહી શીખરકે, ઓરુ નિજ તારક જાપ... | કેતુ ૮ | ૧૦૬ | ૫૧૯ |
| ગયે પ્રણવ વિપુ વિલસહી, કુંભકકે ઘરમાંય... | કેતુ ૫ | ૭૬ | ૨૩૯ |
| ગંભિરા જેહી શિખરહી, ગૂઢ ગત ઘેહેર ગંભિર... | કેતુ ૮ | ૯૪ | ૫૧૧ |
| ગ્રંથ પુરુષ પરિપૂરણ, નિખ લહુ શીખા પ્રજંત... | કેતુ ૭ | ૭૪ | ૪૪૧ |
| ગ્રંથ પુરુષ પંચીકરણ, કહે વિવિધ વિસ્તાર... | કેતુ ૭ | ૮૨ | ૪૪૭ |

| | | | |
|---|---|---|---|
| ગુરુ ચતુરન કહું ગ્યમ, અંશહી ત્રિયે વિભાવ... | કેતુ ૫ | ૮૫ | ૨૪૬ |
| ગુરુપદ ચતુર પ્રકારકે, જીનકે કહુ મહિમાય... | કેતુ ૬ | ૯૪ | ૩૧૪ |
| ગુણ ઘણ પ્રકૃતિ પુરૂષ બ્રહ્મ, જેહી ઈશ્વર અવતાર... | કેતુ ૬ | ૯૬ | ૩૧૫ |
| ગુણ ઘણ પ્રકૃતિ પુરૂષ વિત્ત, જીનું જીવન બ્રહ્મ અંશ... | કેતુ ૬ | ૧૦૭ | ૩૨૩ |
| ગુણ ઘણકે અંશ ગુણ ઈત, રજ તમ ઉપજત સ્વાંત્ય... | કેતુ ૬ | ૧૦૧ | ૩૧૮ |
| ગુણ બિનું ઈન્દ્રિ અગોચર, નીરસત્ત્વ અતિ નિરમાલ... | કેતુ ૬ | ૩૭ | ૨૭૩ |
| ગુણ ઈન્દ્રિ અંતઃકરણ, અવ્યાક્રત જેહી જ્યોત... | કેતુ ૬ | ૭૮ | ૩૦૩ |

**ઘ**

| | | | |
|---|---|---|---|
| ઘેહેરી રહે સો વસ્ત હે, ઘેરનવાલ સધીશ... | કેતુ ૬ | ૬૪ | ૨૯૨ |

**ચ**

| | | | |
|---|---|---|---|
| ચર બીજગ રસ બિંદુકે, સ્થાવર અંકુર બીજ... | કેતુ ૪ | ૯ | ૧૭૯ |
| ચરન શરન આવન ગતિ, તેહી મતિ દેહુ બતાય... | કેતુ ૬ | ૧૫૯ | ૩૬૦ |
| ચતુર વીસ ઈશ્વર તનુ, ધરે જીનુ અવન્ય મોજાર... | કેતુ ૩ | ૬૭ | ૧૪૨ |
| ચત્રુભુજ જેહી દરશીત, અંતઃ કરણ સફુર... | કેતુ ૮ | ૨૫ | ૪૬૫ |
| ચાસમી પહોંચત અંશકુ, તબ લગી હંશ હુલાસ... | કેતુ ૬ | ૮૦ | ૩૦૪ |
| ચાસમી અષ્ટ પ્રકારકે, ઓર સાધન વિધિ સોય... | કેતુ ૬ | ૨૦૦ | ૩૮૯ |
| ચૈતન કહે તો આતમા, અજર અમર કે અચંત... | કેતુ ૩ | ૭૭ | ૧૪૮ |
| ચૌદ તબક પર સદ્ ચિદ, આનંદ કંદ કલેદ... | કેતુ ૧ | ૮૫ | ૭૨ |
| ચૌદ વિદ્યા વૈદક ગીરા, મંત્ર જંત્ર બહુ ભિન્ન... | કેતુ ૨ | ૨૪ | ૯૩ |
| ચૌદહી પદમ અરબ અષ્ટ, ચાર શંખ નલ લાખ... | કેતુ ૧ | ૭૯ | ૬૮ |

**છ**

| | | | |
|---|---|---|---|
| છાપ હોય તો સબ લીખે, બંચે અંક મેલાય... | કેતુ ૭ | ૨૯ | ૪૦૯ |
| છેવટ કે છેવટ જેહી, સબ ધરતા ધરનાર... | કેતુ ૭ | ૫૦ | ૪૨૪ |
| છેવટ શિખર સકલ શિર, વલ વિનુ કૈવલ કાય... | કેતુ ૭ | ૪૩ | ૪૧૯ |

**જ**

| | | | |
|---|---|---|---|
| જલ થલ સ્થાવર જંગમ, લખ ચોરાસી જંત... | કેતુ ૧ | ૩૫ | ૩૯ |
| જબ બરનેહુ હમ સંતહી, ફલ પાવન અધિકાર... | કેતુ ૨ | ૧૭ | ૮૮ |
| જબ તે જીવ સકલ અબ, આવહુ શરણ હમાર... | કેતુ ૬ | ૧૫૮ | ૩૫૯ |
| જબ તેહી પરસ્વાધીન જન, જપત જાપ હોઈ દીન... | કેતુ ૮ | ૧૧૩ | ૫૨૩ |

| | | | |
|---|---|---|---|
| જબ તેહી વૃત્તિ નિજ કારણ, પ્રણવ જાપ શિર સોય... | કેતુ ૫ | ૨૩ | ૨૦૩ |
| જબ સે નામી નામહી, જુગલ મીલે બિનું જંત... | કેતુ ૭ | ૩૦ | ૪૧૦ |
| જબ તિનકુ, હરિ મીલનકે, ઉપજત અતિ અહંમેવ... | કેતુ ૮ | ૨૪ | ૪૬૪ |
| જબ નિજપતિ કરુણામયે દયાવંત દિલ હેર... | કેતુ ૬ | ૧૫૫ | ૩૫૭ |
| જબ યેસે જાની જન, અબ સે મીલો સબેવ... | કેતુ ૮ | ૧૫૯ | ૫૫૪ |
| જબ આગે કછુ થાપન, તબ પીછે તીનુ નામ... | કેતુ ૧ | ૩૨ | ૩૭ |
| જબ આગે નામી મીલે, નામ ન આવત કામ... | કેતુ ૭ | ૩૧ | ૪૧૧ |
| જદપી રટત સબ નામકુ, સુરત નુરત એકતાર... | કેતુ ૧ | ૬ | ૧૬ |
| જદીપ પ્રણવ તેહી જડવત્, વૃત્તિ અંશ બિનું વેગ... | કેતુ ૫ | ૨૨ | ૨૦૨ |
| જદીપ પ્રણવતરુ તત્ત્વહી, નીખ શીખ ભયે ઋતુ સાલ... | કેતુ ૫ | ૩ | ૧૮૯ |
| જદીપ પરમ ઉપદેશકે, કીયેહુ પરમગુરુ સોય... | કેતુ ૬ | ૧૧૭ | ૩૩૦ |
| જદીપ રચેહુ રુપ ગુણમયે, જડવત્ તદીપ સબીજ... | કેતુ ૪ | ૨ | ૧૭૩ |
| જદીપ રહે એક પ્રણવહી, અજપા સહેજ સ્વભાવ... | કેતુ ૫ | ૭૪ | ૨૩૮ |
| જદીપ રહેહુ ઈશ્વર ધર, તજી તન વિષય વિલાસ... | કેતુ ૬ | ૧૮૮ | ૩૮૦ |
| જબી સતગુરુ સરજન સમ, કીયેહુ આગમ હમ સોય... | કેતુ ૬ | ૯૧ | ૩૧૧ |
| જબી હમ કહત પોકારહી, નિજપતિ પરમ સહેત... | કેતુ ૮ | ૧૪૨ | ૫૪૨ |
| જબી હમ આયેહુ તન ધર, કહત કાજ ખુદ ખોજ... | કેતુ ૮ | ૧૪૧ | ૫૪૧ |
| જબી હમ અંશ વિશેષહી, અચલ જ્ઞાન ગતિ રાજ... | કેતુ ૬ | ૧૭૪ | ૩૭૧ |
| જબી જેહી ચહે હો પરમ ગત્ય, તેહી હમસે રત લાવ... | કેતુ ૬ | ૧૬૫ | ૩૬૪ |
| જબતે નામી સજીવતે, ઉચરે બોલત સોય... | કેતુ ૭ | ૨૬ | ૪૦૭ |
| જબતેહી મર્મ નાં જાનહી, સબ રુહ સરજન સાંય... | કેતુ ૮ | ૩૬ | ૪૭૨ |
| જબસે અંશ ગવન જીત, મોહોધમ મુદા મદાર... | કેતુ ૬ | ૮૫ | ૩૦૭ |
| જાતે ઈશ સકલ શિર, અંશ કરત જીનું દાવ... | કેતુ ૬ | ૬૫ | ૨૯૩ |
| જાહીકે પ્રકાશ બ્રહ્મ તાહી નાં અક્રમ ક્રમ... | મંગલાચરણ | ૧૦ | ૧૦ |
| જાગ્રત ભયે સો જાનીયે, જુગ જાહેર જેહી જંત... | કેતુ ૬ | ૨ | ૨૪૮ |
| જાગ્રત કહો તો નામસે, સુપને નામ પસાય... | કેતુ ૧ | ૫૭ | ૫૩ |
| જાગ્રત સ્વપ્ન સષોપતિ, ઓરુ તુરિયા ઉનમુન્ય... | કેતુ ૮ | ૧૨૨ | ૫૨૯ |
| જો જડ વસ્ત સકલ શિર, જંગમ ન લીખતે લેખ... | કેતુ ૩ | ૪૩ | ૧૨૫ |
| જીવન સહીર ઓરુ રૂપ ગુણ, પ્રથમ હુતેહુ તરુ તંત... | કેતુ ૩ | ૪૦ | ૧૨૩ |
| જીન સરાયત જીવકુ, ભજન કરનકુ જ્યોત... | કેતુ ૮ | ૩૧ | ૪૬૯ |
| જીનકુ કૈવલ કહત હૈ, સાઆ્રથ સાહેબ નામ... | કેતુ ૭ | ૫૧ | ૪૨૫ |
| જીનકુ અલ્લા કહતહી, નુર તનું અંબાર... | કેતુ ૮ | ૩૭ | ૪૭૩ |
| જીને જીને એહી ફલ પાઇયા, લઈ સતગુરુ ગમ સાર... | કેતુ ૨ | ૧૪ | ૮૫ |

| | | | |
|---|---|---|---|
| જીનું ગતિ અગમ અગોચર, પુનિ ગોચર ઘન ઘોર... | કેતુ ૩ | ૮૬ | ૧૫૪ |
| જવાલ સહિત અગન જબી, વિશય સહિત અચવંત... | કેતુ ૬ | ૧૯૩ | ૩૮૪ |
| જવાલા સહિત જેહી અગનહી, જીનકે પ્રગટ પ્રકાશ... | કેતુ ૬ | ૧૮૨ | ૩૭૬ |
| જયૌ નરપતિ સુત સ્વે થકો, જીલત સુખદ સમંધ... | કેતુ ૫ | ૮૨ | ૨૪૩ |
| જયૌ સ્થાવર બીજગ નિજ, ચૈતન પણ જડવંત... | કેતુ ૪ | ૩ | ૧૭૪ |
| જયૌ નિજ દામ સકલ શિર, અધિપત પારસ દામ... | કેતુ ૮ | ૧૫૩ | ૫૪૯ |
| જંગમ બિના બિનુ અક્ષરે, સ્થાવર ભાર અઢાર... | કેતુ ૩ | ૩૩ | ૧૧૮ |
| જેતન ભર સ્થાવર તનુ, પનડી આદ્ય વૃક્ષ વેલ... | કેતુ ૩ | ૩૯ | ૧૨૨ |
| જેતને ભર હમ કહી ગયે, આપનુ આપ પતિ નાંહાંય... | કેતુ ૮ | ૧૩૬ | ૫૩૮ |
| જેતને ભર જપ કારણ, ધ્યાન ધરત દરશાય... | કેતુ ૮ | ૧૧૭ | ૫૨૬ |
| જેતને ભર જંગમ વિના, કોઈ ન ઉચરત અંક... | કેતુ ૩ | ૪૧ | ૧૨૪ |
| જેતને સ્વરથે પ્રણવમેં, તેતને નીકસે આય... | કેતુ ૩ | ૨૩ | ૧૧૧ |
| જેહી મમ સંઘ સધાવહી, તેહી હંસા રતિવંત... | કેતુ ૬ | ૧૯૭ | ૩૮૬ |
| જેહી મતલબ સબ પક્ષનકી, ધુરત ગયે દઢાય... | કેતુ ૮ | ૧૬૭ | ૫૬૦ |
| જેહી લપટ અક્ષર કહ્યો, તેહી સકલ રહે છાય... | કેતુ ૩ | ૨૭ | ૧૧૪ |
| જેહી ભાવ ખુદ અંશકે, તેહી નિજ પરમ અનંગ... | કેતુ ૫ | ૨ | ૧૮૮ |
| જેહી પતિ પરમ મરમ મુદે, સુધો બતાવન સેર... | કેતુ ૬ | ૧૨૦ | ૩૩૨ |
| જેહી પુષ્પ ગતિ અક્ષર, સ્વર કરી કીયેહુ આકાર... | કેતુ ૩ | ૨૫ | ૧૧૩ |
| જેહી દષ્ટા નિજ આપનપુ, તેહી ન લહો જબી ભેવ... | કેતુ ૮ | ૯૯ | ૫૧૪ |
| જેહી બુઝ નિજ છેવટ, કર્તા અંશ ઈત આપ... | કેતુ ૫ | ૭૯ | ૨૪૧ |
| જેહી વસત ન્હેઃઅક્ષર, કર્તા અંશ જીનુ સુઝ... | કેતુ ૫ | ૭૮ | ૨૪૦ |
| જેહી નામ નિજ લક્ષ પર, ધરેહુ બોધ પ્રતિપાદ... | કેતુ ૭ | ૮ | ૩૯૪ |
| જેહી નામ જીનકે શિર, દેત ન તેહી દરશાય... | કેતુ ૫ | ૭૧ | ૨૩૬ |
| જેહી સતગુરુ અવતારહી, લેત યુગન બહુ વાર... | કેતુ ૮ | ૧૫૦ | ૫૪૮ |
| જેહી સાક્ષી નિજ આપનપુ, નિજપતિ અંશ અલેખ... | કેતુ ૮ | ૬૩ | ૪૯૦ |
| જેહી વિધિ અંશ અખિલ ગત, તેહી વિધિ ક્રતા કરાલ... | કેતુ ૬ | ૯૦ | ૩૧૧ |
| જેહી નિજ પરમ વિશેષ હી, સકલ અંશ પતિરાજ... | કેતુ ૬ | ૧૯૫ | ૩૮૫ |
| જેહી નિજ ગિરા ધિરાજકી, જાગ્રત સજીવ સજોત્ય... | કેતુ ૬ | ૧૧૧ | ૩૨૬ |
| જેહી નિજપદ કાયમ કુલ, આપનું આપ અંકુર... | કેતુ ૮ | ૯ | ૪૫૩ |
| જેહી નિજપતિ પરજા ઈત, સકલ ચરાચર અંશ... | કેતુ ૮ | ૧૪૫ | ૫૪૪ |
| જેહી જપસે જડ દેવ ભયે, તેહી દ્વીજ પ્રેરનવાલ... | કેતુ ૨ | ૧૨ | ૮૪ |
| જેહી જીનસે અનુકરમીત, ધરહીત પ્રસવ ભવેત... | કેતુ ૧ | ૨ | ૧૪ |
| જેહી જીનું ઈષ્ટ ઉપાસના, તેહી માપસ જપ કીન... | કેતુ ૮ | ૧૦૪ | ૫૧૭ |

| | | | |
|---|---|---|---|
| જેહી જગ આદ્ય પ્રસિદ્ધ પદ, નિગમ દીયેહુ વિસ્તાર... | કેતુ ૬ | ૯ | ૨૫૩ |
| જેહી જેહી પ્રોક્ષ પ્રોઢ પદ, કીયેહુ અંશ ઈત તાય... | કેતુ ૬ | ૧૦૫ | ૩૨૧ |
| જેહી જેહી જન પતીઆવહી, હમ સેતી રત લાય... | કેતુ ૮ | ૧૬૩ | ૫૫૭ |
| જેહી અદબદ અજમાલકે, ખેલ ખલક ગુણ રૂપ... | કેતુ ૧ | ૮ | ૧૮ |
| જેહી આપનપુ ઓરુ પતિપદ, સંજ્ઞા દેહી દરશાય... | કેતુ ૮ | ૧૩૮ | ૫૩૯ |
| જેહી આગે હમ કહી ગયે, જ્યોત નાદ ઝણકાર... | કેતુ ૮ | ૯૧ | ૫૦૯ |
| જેહી અંશ ઈત આપનપુ, ઓરુ નિજ પતિપદ શેષ... | કેતુ ૬ | ૧૧૫ | ૩૨૯ |
| જેહી અંશ નિજ આપનપુ, સૂનહા સંત તીનુ ન્યાય... | કેતુ ૬ | ૫૨ | ૨૮૪ |
| જેહી એકતાર સરલ સીધ, નિધ મહાતમ ગમ જ્ઞાન... | કેતુ ૫ | ૬૪ | ૨૩૧ |
| જુગ જાહેર બાહેર મહી, અનભે જ્ઞાન હમેર... | કેતુ ૬ | ૧૬૧ | ૩૬૨ |
| જુગ જીવન હેત કારણે, ઉચરે જ્ઞાન અનંત... | કેતુ ૮ | ૧૭૦ | ૫૬૨ |
| જુગ જીવન હેત કારણે, ઉચરેહુ જ્ઞાન અનંત... | કેતુ ૭ | ૫૩ | ૪૨૬ |

**ટ**

| | | | |
|---|---|---|---|
| ટેરત હંગ હકાર જે, હું હું કરત હંમેશ... | કેતુ ૬ | ૬૨ | ૨૯૧ |

**ડ**

| | | | |
|---|---|---|---|
| ડાલ પેઢ જડ પાત લ્યૌ, જ્યૌ હોયે વૃક્ષ અમૂલ... | કેતુ ૪ | ૧૪ | ૧૮૨ |
| ડૂબન ઘડન કરાંમત, અદશ્ય ઉડઘન સોય... | કેતુ ૬ | ૨૩ | ૨૬૩ |

**ન**

| | | | |
|---|---|---|---|
| નગર સારસા શુભ સ્થાનક, રચ્યું સુખદ નિજ ધામ... | કેતુ ૮ | ૧૮૧ | ૫૭૦ |
| ના કહેતાં તો ના કીયા, માં કહેતાં તો માંય... | કેતુ ૩ | ૧૦૬ | ૧૬૭ |
| નામ લખાઈત અક્ષરે, અંક પ્રણવસે હોય... | કેતુ ૫ | ૫૭ | ૨૨૬ |
| નામ લક્ષ ભયે જેહુનસે, ઓરુ જેહી વિધિ વિસ્તાર... | કેતુ ૧ | ૧૮ | ૨૬ |
| નામ લક્ષ વિલોકકે, કીનેહુ ખોજ ખનીત... | કેતુ ૧ | ૮૭ | ૭૪ |
| નામ વસ્ત પદ જેહુનતે, પ્રગટ ભયેહુ નિજ આદ્ય... | કેતુ ૧ | ૮૬ | ૭૩ |
| નામ વસ્તુ કહી હુતી, જેહી આગમ હમ સોય... | કેતુ ૩ | ૯૮ | ૧૬૨ |
| નામ કારણ નિજ અક્ષર, અંકે નાંમ લખાય... | કેતુ ૫ | ૨૦ | ૨૦૦ |
| નામ કહો તો અક્ષરે, નાંમા અક્ષર દોય... | કેતુ ૩ | ૧૦૪ | ૧૬૬ |
| નામ કુવેર જીનમેં જેહી, ઓરુ અરથ અવતાર... | કેતુ ૬ | ૧૩૨ | ૩૪૧ |
| નામ સંગન્યા અંકકી, ઉચરી લગાયે આપ... | કેતુ ૭ | ૨૮ | ૪૦૯ |
| નામ વિલાસ નિરાકરણ, પુનિ અક્ષર સમુદાય... | કેતુ ૧ | ૧ | ૧૩ |

| | | | |
|---|---|---|---|
| નામ ઠામ ગુણ ગ્રામહી, વચન થકી વિગતાય... | કેતુ ૧ | ૨૨ | ૨૯ |
| નામ રૂપ જીનકે ગુણ, વૃત્તિ સહિત વિસ્તાર... | કેતુ ૮ | ૧૨૫ | ૫૩૧ |
| નામી દરશત આગમ, તનુ ધરકે લક્ષ રૂપ... | કેતુ ૭ | ૨૪ | ૪૦૬ |
| નામી સજીવ જડ નામ હી, સમલીત સંગ ડોલંત... | કેતુ ૭ | ૨૨ | ૪૦૪ |
| નામા કહે તો નામ હૈ, માના કહેતાં મન... | કેતુ ૩ | ૧૦૫ | ૧૬૬ |
| નારાયણ નિર્ગુણ બ્રહ્મ, ક્રતા અલખહી અભેવ... | કેતુ ૫ | ૫૧ | ૨૨૨ |
| નાસ્તીકકુ નિરમીત નહીં, આસ્તીક કહત અપેખ... | કેતુ ૮ | ૪૫ | ૪૭૮ |
| નાસુત મલકુત જભરુત, લાહુત જીનું અસ્થાન... | કેતુ ૮ | ૩૪ | ૪૭૧ |
| નેકી બદી સુનાવત, સાબુત કહત ઈમાન... | કેતુ ૮ | ૩૫ | ૪૭૨ |
| નેતિ નેતિ જીનકી કરે, અંક લગે તેહી દ્વાર... | કેતુ ૩ | ૮૯ | ૧૫૫ |
| ન્હેઃઅક્ષર સ્વર બિનું વિત્ત, સૂક્ષ્મ તત અનુ નાદ... | કેતુ ૫ | ૫૮ | ૨૨૬ |
| નિરાકાર અક્ષર લગે, ઉચરત ગુરુ ગમ જ્ઞાન... | કેતુ ૩ | ૮૯ | ૧૫૬ |
| નિરગુણ કે વા સિરગુણ, અગમ અલખ કે અરૂપ... | કેતુ ૧ | ૨૯ | ૩૫ |
| નિરગુણ નરણવી નવ શકે, સિરગુણ કરત સમેટ... | કેતુ ૮ | ૪૬ | ૪૭૯ |
| નિરગુણ સિરગુણ અવિગત, નિરંજન નિરલેપ... | કેતુ ૩ | ૭૬ | ૧૪૭ |
| નિરગુણ શિરગુણ આત્મા, પરમાત્મા લહુ સોય... | કેતુ ૮ | ૧૧૯ | ૫૨૮ |
| નિરદ્વંદે નિરલેપહી, હંસા કરી સુજાન... | કેતુ ૬ | ૧૭૧ | ૩૬૯ |
| નિરંજન નિજ અગન્યમે, ચાસમી અમીત અટાય... | કેતુ ૬ | ૬૯ | ૨૯૫ |
| નિગમ ચતુર ચિત્ત ચિંતવન, ઉચરેહુ અનંત પ્રકાર... | કેતુ ૨ | ૨૨ | ૯૧ |
| નિગમ નયેતિ કહી જેહી પદે, તેહી પદ ગુપ્ત અનાદ્ય... | કેતુ ૬ | ૮ | ૨૫૨ |
| નિગમ આદ્ય ભવ ભજનકે, મંત્ર સહિત કરનાર... | કેતુ ૮ | ૧૧૦ | ૫૨૧ |
| નિગમ અંતકે તંતકી, સોહી પદ વદીત વેદાંત... | કેતુ ૬ | ૩૪ | ૨૭૧ |
| નિજ રુહ કરીમા કાદર, બિનું હાલ ફુરમાન... | કેતુ ૮ | ૪૦ | ૪૭૫ |
| નિજ કર્તા કૈવલ કુલ, પ્રણવ જાપ વિનું જેહ... | કેતુ ૨ | ૧ | ૭૫ |
| નિજ કર્તા કારન કુલ, યા સબ જીનકી હુંસ... | કેતુ ૧ | ૭ | ૧૭ |
| નિજ કહેતાં જેહી આપનપુ, તિનકે તારન સોય... | કેતુ ૮ | ૧૦૨ | ૫૧૬ |
| નિજ તારક ન્હેઃ અક્ષર, સાર શબ્દ ઘર રહેત... | કેતુ ૮ | ૧૩૩ | ૫૩૬ |
| નિજ નભ શૂન્ય સનાતન, ભરીત બ્રહ્મ તદ્ રૂપ... | કેતુ ૭ | ૪૮ | ૪૨૩ |
| નિજ ગમ નેંન વિના ભવ, ધરસે પરમ પરાય... | કેતુ ૮ | ૩ | ૪૪૯ |
| નિજપતિ પરમ અવ્યે મહી, અવે અંશ એકતાર... | કેતુ ૬ | ૧૩૯ | ૩૪૬ |
| નિજપતિ પૂરવે પ્રણવમેં, જેહી પોખેહુ સ્વર સંચ... | કેતુ ૩ | ૨૪ | ૧૧૨ |
| નિજપતિ અતિ હેત કારણે, આયેહુ અવન્ય કુવેર... | કેતુ ૬ | ૧૬૬ | ૩૬૫ |
| નિજપતિ અંશ બાલક જીનું, લગત દોહુ ભાઈ બહેન... | કેતુ ૭ | ૭૩ | ૪૪૦ |

| | | | |
|---|---|---|---|
| નિજપતિ અંશ વિશેષ જે, વિપુ રહિત વિતસાર... | કેતુ ૬ | ૧૩૧ | ૩૪૦ |


**ત**


| | | | |
|---|---|---|---|
| તમપદ તદપદ અસીપદ, સદ્ ચિદ આનંદ વ્યાપ... | કેતુ ૮ | ૧૩૦ | ૫૩૪ |
| તત્ત્વ મીલે જયૌ તત્ત્વસે, યૌ ચૈતન ઓરુ બ્રહ્મ... | કેતુ ૮ | ૬૨ | ૪૯૦ |
| તત્ત્વ ધનં જેહુ તીન ઘણ, અવન્ય સહિત અતિ ભાગ... | કેતુ ૫ | ૬ | ૧૯૧ |
| તત્ત્વ નામ ઓરુ ગુણ બીનું, જેહી અદબદ અજમાલ... | કેતુ ૨ | ૨ | ૭૬ |
| તબ લગી ભરમત ઉત ઇત, ચૌદ તબક લ્યૌ જંત... | કેતુ ૫ | ૬૧ | ૨૨૮ |
| તબ વસ્તુતાએ સહી, આગમ ગ્યમ અંકેશ... | કેતુ ૩ | ૧૭ | ૧૦૭ |
| તબ કૈવલ ખુદ ખાવને, ધરી ઉર મહેર ધિરાજ... | કેતુ ૪ | ૧૯ | ૧૮૬ |
| તબ તેહી કરમ કસાઈ કે, કીલમીસ મંજન જ્ઞાન... | કેતુ ૮ | ૫ | ૪૫૦ |
| તબ તેહી તારક મંત્રહી, જેહી નિજ કરી જપનાર... | કેતુ ૮ | ૧૦૩ | ૫૧૭ |
| તબ નહીં નિકસા નામહી, જોતાં આદ્ય અનાદ્ય... | કેતુ ૩ | ૯૯ | ૧૬૩ |
| તબ બિનું સત્ગુરુ સદપદ, નિજ બલ લહત ન કોય... | કેતુ ૬ | ૯૩ | ૩૧૩ |
| તબ જે તે જન જુગનકે, જપી જપ કરન વિરામ... | કેતુ ૫ | ૫૬ | ૨૨૫ |
| તબ જેતને ક્રત કૃષ્ણકે, સોલ કળા ગુણ ગ્રામ... | કેતુ ૬ | ૨૮ | ૨૬૭ |
| તબ જેતને કવિ શાસ્તર, કીનેહુ નિગમ વિલોક... | કેતુ ૬ | ૧૧ | ૨૫૪ |
| તબ જેતને તત વેત્તહી, જુગધર જાનનહાર... | કેતુ ૮ | ૧૫૨ | ૫૪૯ |
| તબ જેતને જન જકતકે, જીનું મિલન પતિ ભાવ... | કેતુ ૮ | ૧૫૭ | ૫૫૨ |
| તબતે નામ મિથ્યા મત, રકમ વિના રધ કાંય... | કેતુ ૩ | ૨૧ | ૧૧૦ |
| તબતે સકલ ઉચ્ચારણ, રસના રટણ જેહી નામ... | કેતુ ૮ | ૧૫ | ૪૫૮ |
| તબતે સામ્રથ નામીકે, નામ જપે નિસ્તાર... | કેતુ ૭ | ૧૯ | ૪૦૨ |
| તબતે જુગલ મીલી જબી, ઝાડત અંક ટહંકાર... | કેતુ ૩ | ૬ | ૯૯ |
| તબતે અગમ આલોચન, કીયે બીના જબી કાંય... | કેતુ ૧ | ૨૮ | ૩૪ |
| તબતે અક્ષર નામકે, કારણ મન કિરતાર... | કેતુ ૩ | ૧૩ | ૧૦૪ |
| તબત્યે સબ જ્ઞાની મુનિ, પરમહંસ લહુ તાય... | કેતુ ૮ | ૭૮ | ૫૦૦ |
| તબહી સકલ કુલ નામહી, અક્ષર સહિત સમેત... | કેતુ ૩ | ૧૧ | ૧૦૩ |
| તદપી અંક ઓરુ નામકે, સ્વર તે મન કીરતાર... | કેતુ ૩ | ૧૦ | ૧૦૨ |
| તરક ડસણ પકરન કર, સકલ પંથકે ન્યાવ... | કેતુ ૭ | ૬૨ | ૪૩૩ |
| તન રાખન ફલ પ્રોક્ષકી, કહી સાધન વિધિ સોય... | કેતુ ૮ | ૮૯ | ૫૦૮ |
| તહી અમાપકે માપક, સકલ અંશ ઇત જહાંન... | કેતુ ૫ | ૮૦ | ૨૪૨ |
| તા પર પ્રણવ પ્રસિદ્ધ પદ, જીનત્યે ઉપજેહુ લેખ... | કેતુ ૫ | ૭૩ | ૨૩૭ |
| તારન તરન જે અવન્યકે, ગવન ગમાવનહાર... | કેતુ ૬ | ૧૩૬ | ૩૪૪ |

| | | | |
|---|---|---|---|
| તાય ન જાનત જુગધર, જીનુ નામ વિસવાસ... | કેતુ ૧ | ૧૩ | ૨૨ |
| તીન તીન અક્ષર લગે, વરણ ચતુર શિર વાણ... | કેતુ ૩ | ૩૧ | ૧૧૭ |
| તીનકે કહુ અનુકરમહી, સુનો સંત ગતિ તાય... | કેતુ ૩ | ૪ | ૯૮ |
| તીનું ગતિ ઘેહેર ગંભિરહી, છકીત સદા ગુલતાન... | કેતુ ૮ | ૯૬ | ૫૧૨ |
| તો બિછડે કહી કલપકે, જીનસે કરું મેલાપ... | કેતુ ૮ | ૧૫૮ | ૫૫૩ |
| તંત અતંત ઉભયે તન, કર્તા અંશ બિનુ શુન્ય... | કેતુ ૧ | ૨૦ | ૨૭ |
| તે સબ જડવત્ વસ્તકે, શિર અક્ષર પ્રતિકાર... | કેતુ ૩ | ૪૨ | ૧૨૪ |
| તેતેહી નિજ જંગમ તનુ, હલન ચલણ ઇતિહાસ... | કેતુ ૫ | ૯ | ૧૯૩ |
| તેસે હી નિજ તારક જપ, ઓર મંત્ર થકી મોટ... | કેતુ ૮ | ૧૦૫ | ૫૧૮ |
| તેસેહી બિનું વિત્ત વૈભવ, ખાનપાન પટ ધામ... | કેતુ ૬ | ૧૮૪ | ૩૭૭ |
| તેહી ક્રત પાસ ભ્રમી ઇત, ચૈતન સહિત સકંચ... | કેતુ ૫ | ૩૭ | ૨૧૨ |
| તેહી પ્રણવ શિર કારણ, કર્તા અંશવૃત્તિ વેત... | કેતુ ૫ | ૪૨ | ૨૧૬ |
| તેહી ભવ અંશ સામાન્યકુ, વ્યાપત અતિ અજ્ઞાન... | કેતુ ૮ | ૧૪૮ | ૫૪૬ |
| તેહી પદ જેહી અદ્વૈત વિત્ત, અણુ આદ્યે બ્રહ્માંડ... | કેતુ ૧ | ૩૦ | ૩૫ |
| તેહી પરમ પડનાલીકા, સસમવેદસે પાય... | કેતુ ૭ | ૨ | ૩૯૦ |
| તેહી પરમ નિજ પુરુષકી, જીનું ગતિ અપરમ માહાજ... | કેતુ ૫ | ૨૬ | ૨૦૫ |
| તેહી પરમપતિ કૈવલ, વલ વિનુ વસ્ત વિશેષ... | કેતુ ૫ | ૪૪ | ૨૧૭ |
| તેહી પરકાશ પરમ વીત, માનેહુ સકલ સહિર... | કેતુ ૬ | ૪૭ | ૨૮૦ |
| તેહી પરકાશીક પુરૂષકે, જીવ ઈશ્વર જીનું અંશ... | કેતુ ૬ | ૫૦ | ૨૮૨ |
| તેહી પરસાવત પુનિ જગ, જીનું રગ રગ ચિત્ત ચહાય... | કેતુ ૬ | ૯૨ | ૩૧૨ |
| તેહી પુષ્પ એહી અક્ષર, પ્રણવવૃક્ષ જીનું સોય... | કેતુ ૫ | ૪ | ૧૯૦ |
| તેહી પણ અલ્પજ્ઞે જબી, ધ્યાન સફલ વિધિ સોય... | કેતુ ૮ | ૨૮ | ૪૬૭ |
| તેહી બાવન અક્ષર નિજ, પુષ્પ પ્રણવ તરુ સોય... | કેતુ ૩ | ૨૬ | ૧૧૩ |
| તેહી બાગ તરુ પુષ્પહી, જેહી નિજ અંક અનુપ... | કેતુ ૫ | ૧૪ | ૧૯૬ |
| તેહી બ્રહ્મ સરભર સદ, સબ ઓરલી તીત અંત... | કેતુ ૬ | ૩૯ | ૨૭૪ |
| તેહી વસ્ત રૂપ ગુણ સબે, ઔરુ ચૈતન સમલીત... | કેતુ ૩ | ૯૫ | ૧૬૦ |
| તેહી દરસાવત સદ્ગુરુ, જેહી ખુદસે બુદ્ધ લાય... | કેતુ ૬ | ૬ | ૨૫૦ |
| તેહી ઈશ્વર જગ માનીત્યે, ડૂબ મરહી અભિમાન... | કેતુ ૮ | ૧૯ | ૪૬૧ |
| તેહી કારણ હી લગાવત, રસના તાલુક તંત... | કેતુ ૮ | ૮૪ | ૫૦૪ |
| તેહી કારણ ઉપજાવન, સબકે ઉર અનુરાગ... | કેતુ ૬ | ૧૬૯ | ૩૬૭ |
| તેહી રાય રજતાય કે, નિજ લક્ષ ખડક અનુપ... | કેતુ ૭ | ૭૯ | ૪૪૪ |
| તેહી તત વ્યાપક બ્રહ્મહી, નિરાકાર નિરધાર... | કેતુ ૬ | ૩૫ | ૨૭૨ |
| તેહી તંત તનુ પુરુષ કે, પ્રણવ કલ્પતરુ નામ... | કેતુ ૭ | ૭૫ | ૪૪૨ |

| | | | |
|---|---|---|---|
| તેહી ખ્યાલી ખુદ ખેલનકુ, પ્રથમહી ઉપજેહુ આપ... | કેતુ ૨ | ૩ | ૭૬ |
| તેહી નીજ પ્રોજ પરાયન, સાહેન કરન પ્રચીન... | કેતુ ૩ | ૧૧૨ | ૧૭૧ |
| તેહી નીજ નામી નામહી, અજરા અમર સજાપ... | કેતુ ૭ | ૩૩ | ૪૧૨ |
| તેહી નીજ સ્વાધ શરીર તત, પ્રોક્ષ કહેહુ જીનું દેવ... | કેતુ ૬ | ૯૯ | ૩૧૭ |
| તેહી નામ શિર રંક કે, બરજત બોલે સોય... | કેતુ ૭ | ૧૬ | ૪૦૦ |
| તેહી નામ જેહી જેહી જન, જપત જાપ ભિન્ન ભિન્ન... | કેતુ ૧ | ૯ | ૧૯ |
| તેહી નામ રૂપ ગુણ જેહી, પ્રણવ અંક ઓરુ અંશ... | કેતુ ૫ | ૩૯ | ૨૧૪ |
| તેહી નામ અક્ષર લહે, નામ રહે નહીં લેશ... | કેતુ ૫ | ૭૨ | ૨૩૬ |
| તેહી સ્વર અક્ષરકે શિર, પીછે રખે સનામ... | કેતુ ૩ | ૧૬ | ૧૦૬ |
| તેહી સમાજ સાજ ઈત, નામ રુપ ગુણ વેત... | કેતુ ૬ | ૫૪ | ૨૮૫ |
| તેહી સબ તનુ સ્થિર થાવર, જીનું જડ ભાગ વિશેષ... | કેતુ ૫ | ૭ | ૧૯૨ |
| તેહી સકારનકે પદ, અટક રહેહુ સબ લોય... | કેતુ ૫ | ૧૯ | ૨૦૦ |
| તેહી સતંતરકે મતે, ગનત ન પાપ ન પૂણ્ય... | કેતુ ૮ | ૫૩ | ૪૮૪ |
| તેહી સંધ્યા ગાયંતરી, જેહી ફલ પ્રણવ વ્રખેવ... | કેતુ ૨ | ૧૩ | ૮૪ |
| તેહી સંત જેહી સત્‌ગુરુ, અતિ જાગ્રત ક્રત તીત... | કેતુ ૫ | ૬૨ | ૨૨૯ |
| તેહી જાપ જપનારકી, ખોજ વિના સબ ખોટ... | કેતુ ૮ | ૧૧૧ | ૫૨૨ |
| તેહી ગમ જ્ઞાન કરન જેહી, સતગુરુ કે અવતાર... | કેતુ ૮ | ૧૪૯ | ૫૪૭ |
| તેહી ગંભિરા શિખરમેં, ગતિ ગંભિર જમાય... | કેતુ ૮ | ૧૦૦ | ૫૧૫ |
| તેહી જાનન જાન્યે બિના, જ્ઞાની સકલ ઉમંગ... | કેતુ ૮ | ૬૪ | ૪૯૧ |
| તેહી વિહારનકે વિને, કરત સકલ નર લોય... | કેતુ ૬ | ૧૮ | ૨૫૯ |
| તેહી નિજ વાણ્ય પહેચાણ્ય હી, ક્રતા અંશ જીનું ભાસ... | કેતુ ૪ | ૧૬ | ૧૮૩ |
| તેહી નિજ હુંસી હુલાવન, ખાવન ખરે ખેલાન... | કેતુ ૬ | ૧૨૯ | ૩૩૯ |
| તેહી નિજ અંશ અઘાટકી, ઘાટમાંહી ગતિ ભેવ... | કેતુ ૬ | ૧૦૯ | ૩૨૫ |
| તેહી નિજપતિ પદ પરમહી, છેવટ સદન સથાપ... | કેતુ ૮ | ૭ | ૪૫૨ |
| તેહી જંગમ સુર માનવ, જીનકે પ્રણવ પ્રચંડ... | કેતુ ૩ | ૪૮ | ૧૨૮ |
| તેહી જડવત જંગમનકે, બીજગ બિંદુ જીનું આદ્ય... | કેતુ ૪ | ૪ | ૧૭૫ |
| તેહી ઉલજણ અલપાવન, ઢાહાવન ઘડ અજ્ઞાન... | કેતુ ૬ | ૧૫૭ | ૩૫૯ |
| તેહી આતમ ગમ ચાસમી, પુનિ પરમાતમ લેત... | કેતુ ૬ | ૭૧ | ૨૯૭ |
| તેહી અનુક્રમ કારણ જીનું, કરત આરાધન જહાંન... | કેતુ ૫ | ૨૮ | ૨૦૬ |
| તેહી અભિપ્રાય અબ કહુ જેહી, અદબદે અંક લખીત... | કેતુ ૫ | ૫૦ | ૨૨૧ |
| તેહી અંતઃકરણ સ્વરનકે, વિછડે નહીં અખરંત... | કેતુ ૩ | ૩ | ૯૭ |
| તેહી અંશ નિજ આપનપુ, જાનત નહીં જન કોય... | કેતુ ૬ | ૫૧ | ૨૮૩ |
| તેહી અંશ થકી અનુસુત, સકલ સાજ સમુદાય... | કેતુ ૧ | ૨૫ | ૩૧ |

| | | | |
|---|---|---|---|
| તેહી અંશ આપનેહુ આપ, જીનું નિજપતિ કિરતાર... | કેતુ ૫ | ૫૯ | ૨૨૭ |
| તેહી અંશવૃત્તિ શિર જેહી, અધિપતિ અંશ અછેદ... | કેતુ ૫ | ૪૩ | ૨૧૬ |
| તેહી એકલમલ અમલીસે, વીલસે અંશ બહુર... | કેતુ ૧ | ૨૪ | ૩૦ |
| તેહી એકતાય તે ઉચરત, અંશ પ્રેરિત અતિ વાણ... | કેતુ ૧ | ૨૬ | ૩૨ |
| તેહી અક્ષર નિજ બાવન, સ્વર સહિત ગંભીર... | કેતુ ૩ | ૫૪ | ૧૩૩ |
| તેહુ ન જાનત આપનપુ, જેહી નિજ જપ જપનાર... | કેતુ ૮ | ૧૦૧ | ૫૧૫ |
| ત્યૌ બીજગ ચર અચરકે, હોય રહે પ્રણવ પુરીત... | કેતુ ૪ | ૧૨ | ૧૮૧ |
| ત્યૌ કુલ જ્ઞાન સકલ શિર, બ્રહ્મ જ્ઞાન અતિ મોટ... | કેતુ ૮ | ૧૫૪ | ૫૫૦ |
| ત્યૌ તનુ ખેત પ્રણવ વૃક્ષ, જીનકે અનંગ પહેચાણ્ય... | કેતુ ૪ | ૧૫ | ૧૮૩ |
| ત્યૌ જગ જીવ સકલ સુત, નરપતિ પિતુ પરમેશ... | કેતુ ૫ | ૮૩ | ૨૪૪ |
| ત્યૌ અંતઃકરણ કાષ્ટ કે, મથીત દરશીત દલ દેવ... | કેતુ ૮ | ૨૬ | ૪૬૬ |
| ત્યાગ કહો તો નામહી, ગ્રાહાજ નામ ગનીત... | કેતુ ૧ | ૫૪ | ૫૧ |
| ત્યોં કૈવલપતિ સબનકે, અસંખ્ય લોક જીનું રાજ... | કેતુ ૫ | ૧૨ | ૧૯૫ |
| તિનકે કહુ દષ્ટાંતહી, સૂનો સકલ ધરી મન... | કેતુ ૬ | ૧૮૧ | ૩૭૬ |
| ત્રિગુણ શકત ક્રત ઉતપન, સ્થૂળ સૂક્ષ્મ જેહી ઘાટ... | કેતુ ૬ | ૩૦ | ૨૬૮ |


## દી


| | | | |
|---|---|---|---|
| દરસ અદરસ પદારથ, સ્થૂલ સૂક્ષ્મ ક્રત વેશ... | કેતુ ૧ | ૩૭ | ૪૦ |
| દશ ઈન્દ્રિ પૃથ્વી પોગર, અંત સકરણ વિકાસ... | કેતુ ૨ | ૭ | ૮૦ |
| દશ ઈન્દ્રિ અંતઃકરણ, પંચ કોશ ચહુવાણ... | કેતુ ૮ | ૧૨૦ | ૫૨૮ |
| દાદુ સમરત રામકુ, સુદર કે લક્ષ બ્રહ્મ... | કેતુ ૮ | ૩૦ | ૪૬૮ |
| દીરઘ દૃષ્ટિ કર દેખહી, જેહી અનુભવી તતવેત... | કેતુ ૮ | ૧૬૧ | ૫૫૫ |
| દેખહો અતિ અપરંપર, જીનકો પ્રબલ પસાર... | કેતુ ૩ | ૯૬ | ૧૬૧ |
| દેવ દનુજ વૈષ્ણવ ઋષિ, પીર પેગમ્બર સોય... | કેતુ ૩ | ૬૫ | ૧૪૦ |
| દેશ કાળ જીનું નગ્રહી, તીરથ વ્રત ગ્રેહે ગ્રામ... | કેતુ ૩ | ૬૩ | ૧૩૯ |
| દીયો લખાઈ લક્ષ, પક્ષપાતિ સબ છૂટી... | કેતુ ૮ | ૧૮૪ | ૫૭૨ |
| દોસ હમનકુ ક્યૌ લગે, કરત પરમપતિ થાપ... | કેતુ ૮ | ૧૬૮ | ૫૬૧ |
| દ્વંદ મીટાવન અંશકે, અહંગ લીન અવતાર... | કેતુ ૮ | ૧૪૪ | ૫૪૪ |
| દ્વે પરકાર વિશેષકે, કીયેહુ નિરાક્રણ ભેદ... | કેતુ ૬ | ૧૯૪ | ૩૮૪ |


## ધ


| | | | |
|---|---|---|---|
| ધરમ અરથ જેહી મોક્ષ હી, ઓર ચતુરથો કામ... | કેતુ ૬ | ૨૬ | ૨૬૫ |
| ધાત પહાંણ પ્રતમા વિષે, તેહી ફળ કીયેહુ પ્રવેશ... | કેતુ ૨ | ૧૧ | ૮૩ |

| | | | |
|---|---|---|---|
| ધ્યાની ધ્યાન ધરત જેહી, ચિત્ત ચિતવન કે જોગ... | કેતુ ૮ | ૨૭ | ૪૬૬ |

**પ**

| | | | |
|---|---|---|---|
| પરમ પરાય પરમપદ, જેહી સદ નિજ કરતાર... | કેતુ ૬ | ૧૬૩ | ૩૬૩ |
| પરમ પોકાર કીયેહુ મમ, પરમ પુરુષ ગતિ લાય... | કેતુ ૭ | ૩૮ | ૪૧૬ |
| પરમ પુરુષ પતિ કૈવલ, સકલ અંશ કિરતાર... | કેતુ ૬ | ૧૨૮ | ૩૩૮ |
| પરમ પુરુષ પઠવાયેહુ, જદીપ પરમ ગતિ લાય... | કેતુ ૮ | ૧૬૨ | ૫૫૬ |
| પરમ પુરુષ નિજ હુકમકુ, તુરત ધરે શિર મેર... | કેતુ ૬ | ૧૩૩ | ૩૪૨ |
| પરમ પુરેસ પરમગુરુ, નિજપતિ અંશ વિશેષ... | કેતુ ૬ | ૧૧૬ | ૩૩૦ |
| પરમ પુનિત સો પરમગુરુ, અંશ હી પરમ વિશેષ... | કેતુ ૭ | ૭ | ૩૯૪ |
| પરમ કલ્પતરુ ગ્રંથમે, પરમ ખોજ ખુદ મહાદ... | કેતુ ૮ | ૧૭૮ | ૫૬૮ |
| પરમ કલ્પતરુ ગ્રંથસે, પરમ મોક્ષ ફલ પાય... | કેતુ ૮ | ૧૭૫ | ૫૬૬ |
| પરમ કલ્પતરુ ગ્રંથહી, પરમ જ્ઞાન ગતિ રાજ... | કેતુ ૮ | ૧૭૬ | ૫૬૬ |
| પરમ તત્ત્વ પર નામકી, કહી હુતી પ્રતીવાદ... | કેતુ ૧ | ૧૭ | ૨૫ |
| પરમ વિશેષ પરમ ગતિ, જેહી કૈવલપદ વેત્ત... | કેતુ ૬ | ૧૭૬ | ૩૭૨ |
| પરમ ઠેકાન પરમપતિ, ખૂદ છેવટ કિરતાર... | કેતુ ૬ | ૧૭૨ | ૩૬૯ |
| પરમ અંશ મમ તેહુનકે, સકલ અંશ પતિ ઈશ... | કેતુ ૬ | ૧૭૩ | ૩૭૦ |
| પરમપરાય પરમપદ, આદ્ય અંત મધ્ય સોય... | કેતુ ૮ | ૧૭૪ | ૫૬૫ |
| પરમપુરુષ યશ ગાવન, બિનું પક્ષ કે લક્ષ નામ... | કેતુ ૭ | ૫ | ૩૯૨ |
| પરમતત્ત્વ સોહી નામ હૈ, પ્રતિવાદીન અભિપ્રાય... | કેતુ ૧ | ૧૦ | ૨૦ |
| પરમતત્ત્વ જેહી પ્રણવકે, કર્તા અંશવૃત્તિ ઈશ... | કેતુ ૫ | ૨૪ | ૨૦૩ |
| પરમાતમ યમ ચાસમી, ચૈતનવત વિત હેત... | કેતુ ૬ | ૭૨ | ૨૯૭ |
| પરમહંસ સુખ સુનક લ્યૌ, જીનકી ગતિ અભિન્ન... | કેતુ ૬ | ૪૦ | ૨૭૫ |
| પરમહંસ જેતને ભર, અસમી કીયે પોકાર... | કેતુ ૮ | ૧૩૫ | ૫૩૭ |
| પરમગુરુ પદ જ્ઞાનકી, ખોજ કરી ચકવેવ... | કેતુ ૮ | ૧૭૭ | ૫૬૭ |
| પરમગુરુ પદ પરમ કે, લહત મરમ ગતિ તાય... | કેતુ ૭ | ૪ | ૩૯૨ |
| પરમગુરુ ઓરુ પતિપદ, ભિન્ન ભાવ કછું નાંહાંય... | કેતુ ૭ | ૩ | ૩૯૧ |
| પરમવિશેષ જે અંશકી, લહી ન શકત ગતિ કોય... | કેતુ ૬ | ૧૭૮ | ૩૭૪ |
| પરમસિદ્ધાંત કલ્પતરુ, માંહી સપ્ત કેતુ સાર... | કેતુ ૭ | ૮૦ | ૪૪૫ |
| પરમસિદ્ધાંત કલ્પતરુ, સપ્ત કેતુ જીનું મહાંય... | કેતુ ૮ | ૧૭૧ | ૫૬૩ |
| પરમસિદ્ધાંત કલ્પતરુ, સકલ ગ્રંથ તનુ શિર... | કેતુ ૭ | ૫૯ | ૪૩૧ |
| પરમસિદ્ધાંત કલ્પતરુ, ઉદીત અર્કવત્ ક્રાંત્ય... | કેતુ ૮ | ૧૮૨ | ૫૭૧ |
| પરમેશ્વર પરબ્રહ્મ હી, પરમાતમ જેહી કીન... | કેતુ ૩ | ૭૮ | ૧૪૯ |

| | | | |
|---|---|---|---|
| પરવત કુલ અષ્ટાંગહી, નવ કુલ નાગ નરેશ... | કેતુ ૧ | ૭૮ | ૬૭ |
| પરસ્વાધીન સો પ્રકૃતિ વશ, જીનકે કરત કરાલ... | કેતુ ૬ | ૧૪૮ | ૩૫૩ |
| પર ઉપગારી જાણી મમ, અબ જેહી કરો પતિયાર... | કેતુ ૭ | ૩૭ | ૪૧૫ |
| પરમ મોક્ષ દાતા જબી, પરમ ગ્રંથ પુરુષાય... | કેતુ ૭ | ૭૭ | ૪૪૩ |
| પરમ મોક્ષપદ પરમહી, મરમ સુનાવહુ તાય... | કેતુ ૭ | ૩૯ | ૪૧૬ |
| પરમ પ્રકાશ શિખર પુનિ, અમીત શિખર શિર તંત... | કેતુ ૮ | ૯૩ | ૫૧૦ |
| પરમ પ્રકાશ શિખર જેહી, કહત પરમ લક્ષ સોય... | કેતુ ૮ | ૧૨૮ | ૫૩૩ |
| પરા પશ્યંતી મધ્યમા, વૈખરી વાણી વિલાસ... | કેતુ ૨ | ૨૧ | ૯૧ |
| પરા પસંતી મધ્યમા, વૈખરી વાણી વિલાસ... | કેતુ ૧ | ૭૩ | ૬૪ |
| પણ ચૈતન નહીં આપનપુ, નિજપતિ બ્રહ્મ ન સોય... | કેતુ ૮ | ૬૧ | ૪૮૯ |
| પણ રકમે નહીં નામહી, અરપીત આલ અહંમેવ... | કેતુ ૩ | ૧૯ | ૧૦૮ |
| પણ નામી સબ આગમ, પીછે નામ ધરંત... | કેતુ ૧ | ૨૭ | ૩૩ |
| પણ નહીં બોલત વૃક્ષ-વન, ઉત ઈત આવે ન જાય... | કેતુ ૩ | ૫૫ | ૧૩૩ |
| પણ નહીં આપ પસાવમે, અલીવત અલગ સદાય... | કેતુ ૬ | ૬૬ | ૨૯૩ |
| પણ નંદે નહીં મત કરી, સબ લક્ષ લીયે વિલોક... | કેતુ ૮ | ૧૬૫ | ૫૫૮ |
| પણ સબકે અવિચલ જેહી, નિજ પતિ અંકુર અંશ... | કેતુ ૮ | ૧૧ | ૪૫૫ |
| પણ નિજ પ્રણવ પુરણ સદા, અક્ષરે સ્વર સમેત... | કેતુ ૩ | ૫૩ | ૧૩૨ |
| પણ નિજપતિ ઓરુ આપનપુ, તીનમેં કહત ન કોઈ... | કેતુ ૮ | ૧૫૧ | ૫૪૮ |
| પણ આપે નહીં ધરહીત, નિજ શિર અક્ષર આલ... | કેતુ ૫ | ૪૭ | ૨૧૯ |
| પણ આગમ ગમ અક્ષર, હોત પ્રથમ ઝણકાર... | કેતુ ૩ | ૧૫ | ૧૦૫ |
| પણ અનુભવ ઈશ્વર પદ, બુજે નહીં રતિ રંચ... | કેતુ ૬ | ૧૯૦ | ૩૮૨ |
| પારસ નામ પારસ શિર, ઉભયે લોહ પલટાય... | કેતુ ૭ | ૧૨ | ૩૯૭ |
| પુની જાગ્રતમહી પ્રણવહી, કુંભક કરી રોકાય... | કેતુ ૩ | ૫ | ૯૯ |
| પુનિ જેહી યોગ સમાધિસે, નિરખત નિરમલ જ્યોત... | કેતુ ૮ | ૨૧ | ૪૬૨ |
| પુનિ ઉચરત જેહી જેહી વિધિ, તેહી વિધિ તેતને અંક... | કેતુ ૩ | ૫૮ | ૧૩૫ |
| પુનિ અનુભવી કવી યાંહાં લ્યહુ, રહત સકલ લોહોલાય... | કેતુ ૬ | ૪૩ | ૨૭૭ |
| પુનિ એકમાંહી ભિન્ન ભિન્ન, સુખ દુઃખ કુણ ભુગતંત... | કેતુ ૮ | ૭૪ | ૪૯૮ |
| પુરુષ અંશ બ્રહ્મરંદ્ર મીત, સેહેસ્ત્ર કમલ દલ જ્યોત... | કેતુ ૬ | ૧૦૨ | ૩૧૯ |
| પૂરણબ્રહ્મ પરમપદ, અદ્વૈતવીત હી અભેવ... | કેતુ ૩ | ૮૧ | ૧૫૧ |
| પૂઠ પુરાની સબનકી, જેહી અંશકી આદ્ય... | કેતુ ૬ | ૧૪૭ | ૩૫૨ |
| પૃથ્વી તેજ પવન નભ, ઓરુ પંચમુ નીર... | કેતુ ૧ | ૭૬ | ૬૬ |
| પ્રકૃતિ પુરુષ મારુત નભ, મહાતત અદરસ દેવ... | કેતુ ૧ | ૩૮ | ૪૧ |
| પ્રકૃતિ તત્ત્વ મીલી તીન ગુન, અગન પવન ઓરુ શૂન્ય... | કેતુ ૫ | ૮ | ૧૯૨ |

| | | | |
|---|---|---|---|
| પ્રજા સ્વરન ઓરુ મન તણી, અંક નામ ઉભયેવ... | કેતુ ૩ | ૧૨ | ૧૦૪ |
| પ્રથમ પોક્ષ ગુરુકી કહું, જીનું લક્ષ પ્રોક્ષ પરાય... | કેતુ ૬ | ૯૫ | ૩૧૪ |
| પ્રથમ વૃક્ષ નિજ પ્રણવસે, ઉપજેહુ અંક અલાપ... | કેતુ ૩ | ૧૦૨ | ૧૬૫ |
| પ્રથમ કહુ જેહી નામકી, જીનું જુગધર વિસ્તાર... | કેતુ ૧ | ૩ | ૧૪ |
| પ્રથમ આદ્ય કૈવલ જીનું, ઉપજેહુ દ્વૈત ઉમેદ... | કેતુ ૪ | ૧ | ૧૭૩ |
| પ્રણવ લીન ભયે કુંભક, અંક રહે કીસ ઠામ... | કેતુ ૫ | ૭૭ | ૨૪૦ |
| પ્રણવ વૃક્ષ ફલ વ્રનવહી, કહે જીનું જેહી અધિકાર... | કેતુ ૨ | ૧૮ | ૮૮ |
| પ્રણવ હોત જબી કુંભક, પ્રેરક રેચક ગતિ ત્યાગ... | કેતુ ૫ | ૭૫ | ૨૩૮ |
| પ્રણવ ગ્રંથ જેહી પુરુષહી, પરમ મોક્ષ જેહી દીન... | કેતુ ૭ | ૭૬ | ૪૪૨ |
| પ્રણવ અંશ નિજપતિ જન, પ્રથમ અલખ જીને ચીન... | કેતુ ૩ | ૪૫ | ૧૨૬ |
| પ્રેમ પસિન પુલકિત તન, રોમ રોમ રરંકાર... | કેતુ ૮ | ૮૫ | ૫૦૫ |
| પ્રેરક પસરન કરન ધરન, ધર સધર સબીવર... | મંગલાચરણ | ૨ | ૨ |
| પ્રોક્ષ વસ્ત પતિયારન, સંશે માનત સાર... | કેતુ ૬ | ૧૪૨ | ૩૪૮ |
| પ્રોક્ષ દેવ તીનું અંશ ઈત, વિત્ત વ્યાપક તનું માંહાંય... | કેતુ ૬ | ૧૦૦ | ૩૧૮ |
| પ્રોક્ષ ગુરુ ઓરુ ગુરુ પદ, સતગુરુ કીયે સભેવ... | કેતુ ૬ | ૧૧૩ | ૩૨૮ |
| પંચ તત્ત્વ કે સબ તનુ, રૂપ ગુણ ભિન્ન અપાર... | કેતુ ૩ | ૬૮ | ૧૪૨ |
| પંચ તત્ત્વ ગુણ ઘણ મીલી, જેહી દરસત ભવ ખેત... | કેતુ ૮ | ૧૦ | ૪૫૪ |
| પંચ તત્ત્વ ગુણ ઘણ મયે, સકલ જોન્ય સંસાર... | કેતુ ૬ | ૧૪૦ | ૩૪૭ |
| પંચ તત્ત્વ ઓરુ ગુણ ઘણ, માયા જ્યોત ને બ્રહ્મ... | કેતુ ૮ | ૧૧૮ | ૫૨૭ |
| પંચ તત્ત્વ ઓરુ ગુણ ઘણ, સહિત પ્રકૃતિ જીનું સાજ... | કેતુ ૪ | ૬ | ૧૭૬ |
| પંચ તત્ત્વ ઓરુ ગુણ બિનું, જેહી પદ પરમ પુરેશ... | કેતુ ૩ | ૮૨ | ૧૫૧ |
| પંચ શિખર ઘરકી ગમ, અનુભવ કરન વિચાર... | કેતુ ૮ | ૯૮ | ૫૧૩ |
| પંચ શિખર સફૂરન જીનું, ઓરુ પુનિ તિનકે વેત... | કેતુ ૮ | ૯૭ | ૫૧૩ |
| પંચે પંચ મેલાયકે, યા વિધસે તન ઓય... | કેતુ ૮ | ૫૯ | ૪૮૮ |


**બ**


| | | | |
|---|---|---|---|
| બર બટ સરુ તરુ અક્ષરે, પીપલ અંક પરોગ... | કેતુ ૩ | ૫૬ | ૧૩૪ |
| બરન અઢાર વિવિધ વિધ, ચતુર શ્રેષ્ઠ જીનું મૂળ... | કેતુ ૩ | ૨૯ | ૧૧૬ |
| બરનેહુ ગુરુ ચતુર જેહી, સબ ગુરુકે મુખીયંત... | કેતુ ૬ | ૧૨૫ | ૩૩૬ |
| બહોરુ જેહી પ્રોક્ષ કહેહુ પદ, ગુણ ઘણ બ્રહ્મ અનાદ્ય... | કેતુ ૬ | ૯૮ | ૩૧૬ |
| બહોરુ અંશ જેહી ઉલટસે, કરત જ્યાંહી અભિરાન... | કેતુ ૬ | ૮૩ | ૩૦૬ |
| બહોતેર સહસ્ત્ર શરીરમે, ઓરુ સહિતમ નવ નાડ... | કેતુ ૧ | ૭૪ | ૬૫ |
| બાવન અંક સહિત જેહી, મંત્ર જંત્ર બહુ ભિન્ન... | કેતુ ૮ | ૧૩૨ | ૫૩૬ |

| | | | |
|---|---|---|---|
| બાવન અંક સંજુક્તહી, જીનકે પ્રણવ પ્રસાર... | કેતુ ૩ | ૪૭ | ૧૨૮ |
| બાદલ ગુરુગમ જ્ઞાનસે, કોઉ ન ભયે ભવપાર... | કેતુ ૬ | ૧૨૬ | ૩૩૬ |
| બોલેહુ નિજ પ્રતિવાદી વીદ, મમ ઉર ભયે સંદેહ... | કેતુ ૩ | ૩૬ | ૧૨૦ |
| બોહોરહુ સ્વર ઓરુ મન મીલી, ધરે અંક શિર નામ... | કેતુ ૩ | ૨ | ૯૬ |
| બોયેહુ બીજ તેહુ જીનું જમી, રચહી પંચ તત ખેત... | કેતુ ૨ | ૫ | ૭૮ |
| બીન નામી જેહી નામકુ, સમરત હે સબ કોય... | કેતુ ૭ | ૨૩ | ૪૦૫ |
| બીન સતગુરુ દ્વીજ જીવ રહે, જપી જપ ભયે પ્રવીન... | કેતુ ૨ | ૧૫ | ૮૬ |
| બીનહુ હેત સતગુરુ ઉરે, ઉલસત નહીં અહંમેવ... | કેતુ ૬ | ૧૬૮ | ૩૬૭ |
| બીનુ રકમે જેહી નામહી, કાજ કરત નહીં કોય... | કેતુ ૩ | ૨૦ | ૧૦૯ |
| બિનહુ શબ્દ શુન્યવત્ સબે, રહત જબી ગુણ રૂપ... | કેતુ ૩ | ૯૨ | ૧૫૮ |
| બિનુ નિજપતિ નિજ નામ હી, નામ કરત નહીં કામ... | કેતુ ૭ | ૧૧ | ૩૯૭ |
| બિનુ નિરૂપણ નામકી, લાગ લગે કીસ ઠોર... | કેતુ ૧ | ૩૧ | ૩૬ |
| બિનુ અક્ષર અરમીત પદ, સદ્ ચિદ્ આનંદ પાર... | કેતુ ૫ | ૫૨ | ૨૨૨ |
| બિનું બોલે તરુ સબનકુ, અક્ષરકુ નહીં કામ... | કેતુ ૩ | ૩૫ | ૧૨૦ |
| બિનું તેહેકીત અપની રુહ, લહે બિનું દરવેસ... | કેતુ ૮ | ૪૧ | ૪૭૫ |
| બિનું ગાયે પદ પ્રસિદ્ધતા, દરશત નહીં દિવ્ય મહાદ... | કેતુ ૫ | ૫૪ | ૨૨૪ |
| બિનું ગતિ પૂરવે પહેચાનહી, નિજ કર્તા ઘર ઠેઠ... | કેતુ ૫ | ૨૯ | ૨૦૭ |
| બિનું નિજ પરમ પ્રકાશહી, સકલ સાજ સમુદાય... | કેતુ ૪ | ૧૭ | ૧૮૪ |
| બિનું નિજ નામી નામહી, દરશ્યા વિના દેવાલ... | કેતુ ૭ | ૩૪ | ૪૧૩ |
| બિનું નિજ સંત આરાધન, જગ જીવ ક્યૌ પતીઆય... | કેતુ ૫ | ૫૫ | ૨૨૪ |
| બિનું આરોપણ નામકે, અંક હુતે તદ રૂપ... | કેતુ ૩ | ૧૮ | ૧૦૮ |
| બિનું અહંમેવ મન સ્વરનકે, કહો કુન કરત ઉચ્ચાર... | કેતુ ૩ | ૮ | ૧૦૧ |
| બંચે નહીં જેહી વિતપન, કોહુ કર્તા ક્રત તીત... | કેતુ ૫ | ૩૮ | ૨૧૩ |
| બ્રહ્મ સનાતન કે જેહી, પરમ પ્રકાશીત જાણ... | કેતુ ૭ | ૪૨ | ૪૧૯ |
| બ્રહ્મ અંશ પદ પરમીત, આતમ પરમાતમ... | કેતુ ૬ | ૧૦૩ | ૩૨૦ |
| બડે બોલ ભિક્ષુત શિર, ધરત નામ ધનપાલ... | કેતુ ૭ | ૧૮ | ૪૦૨ |


**ભ**


| | | | |
|---|---|---|---|
| ભક્તિ ચતુર ખટ કરતહી, સહિત લક્ષણા પ્રેમ... | કેતુ ૮ | ૨૩ | ૪૬૪ |
| ભવ જુથ સજન સમોહકુ, વિલસાવન આનંદ... | કેતુ ૬ | ૧૭૦ | ૩૬૮ |
| ભવદુ:ખ ભંજન કરનકુ, નિજ નામી કે નામ... | કેતુ ૭ | ૧૪ | ૩૯૯ |
| ભવકે ફેર ફરાગત્ય, સો મત્ય હમસે પાય... | કેતુ ૬ | ૧૬૨ | ૩૬૨ |
| ભવતારણ કારણ દોહુ, લીન મનુજ તનુ ભેષ... | કેતુ ૬ | ૧૨૩ | ૩૩૪ |

| | | | |
|---|---|---|---|
| ભુલેહુ એહી ગમ જબનસે, અહંગ આપ નિજ સોય... | કેતુ ૬ | ૧૫૨ | ૩૫૫ |
| ભૂત ભવિષ્ય વર્તમાન કી, જાનતહી ગતિ કોય... | કેતુ ૬ | ૧૯ | ૨૬૦ |
| ભયે સાજ શુદ્ધ ચૈતન, સકલ ચરલ ગતિ ચહાવ... | કેતુ ૫ | ૧ | ૧૮૮ |

**મ**

| | | | |
|---|---|---|---|
| મછ કછ વેરાહ વ્યાઘ્રહી, પશુ જોન્ય અવતાર... | કેતુ ૮ | ૭૦ | ૪૯૫ |
| મચ્છ કચ્છ વેરાહ, વામન, રામકૃષ્ણ લ્યૌ ઈસ... | કેતુ ૧ | ૬૮ | ૬૦ |
| મધ્મમ જ્ઞાનીકી ગમ, જેહી જમ કહી સૂનાય... | કેતુ ૮ | ૫૫ | ૪૮૫ |
| મધુકીટ આદે દાનવ, તેત્રીસ કરોડહી દેવ... | કેતુ ૧ | ૮૦ | ૬૯ |
| મન ઓરુ સ્વર પ્રસંગ મીલી, અક્ષર કીયે સમેવ... | કેતુ ૩ | ૭ | ૧૦૦ |
| મનુષ્ય દેવ બિનું ઓરનકે, નામ ન આવત કાજ... | કેતુ ૭ | ૨૭ | ૪૦૮ |
| મહા તત પુનિ અહંકાર હી, ક્ષર અક્ષર લહુ સાજ... | કેતુ ૮ | ૧૨૬ | ૫૩૨ |
| મહાદ્ મોક્ષ મજબુત અતિ, નિજ પતિપદ પરસાય... | કેતુ ૬ | ૧૧૪ | ૩૨૮ |
| મહિમા અતુલ જુગ જાહેર, સુર મનુ પ્રણવ પ્રતાપ... | કેતુ ૩ | ૪૯ | ૧૨૯ |
| મણિ માણેક મુક્તાફળ, રત્ન સહિત વજરેલ... | કેતુ ૧ | ૭૭ | ૬૭ |
| માન બડાઈ જકતકી, લેન રહે નિરલેપ... | કેતુ ૮ | ૪૯ | ૪૮૧ |
| માનવ દેવ વિહંગ પશુ, વિવિધ ભાત્ય બહુ વેખ... | કેતુ ૩ | ૪૬ | ૧૨૭ |
| મીસરીમંડ શંકરનકુ, બુજે ત્રીયા ક્રત ચીન... | કેતુ ૬ | ૧૯૧ | ૩૮૨ |
| મોદીત તાય આનંદમયે, વિગત્ય ભાગ વિજ્ઞાન... | કેતુ ૭ | ૬૯ | ૪૩૮ |
| મેરી માનત આતમા, પરમાત્મા ભી મેર... | કેતુ ૬ | ૬૧ | ૨૯૦ |
| મુક્તિ સાન્નિધ્ય સારૂપ, સાલોક્ય ઓરુ સાયોજ... | કેતુ ૬ | ૨૫ | ૨૬૪ |
| મુવા પીછે કુન અવતરે, કહો કુણ ભુક્તે કર્મ... | કેતુ ૮ | ૬૦ | ૪૮૮ |
| મુન્યે મુન્ય મનાતીત, જડ હો કે ચૈતન... | કેતુ ૧ | ૨૧ | ૨૮ |
| મુસલમાન કે દીનકી, નીતિ નિપટ જઈનત... | કેતુ ૮ | ૪૨ | ૪૭૬ |
| મુસલમાની મુશ્કલ ગત્ય, કહત રોમ ત્યે ઝીન... | કેતુ ૮ | ૩૨ | ૪૭૦ |
| મુદ્રા ખેચરી ભૂચરી, અગોચરી ઉનમુન્ય... | કેતુ ૬ | ૨૨ | ૨૬૨ |
| મેરે તન ઓરુ મન પુનિ, ઈન્દ્રિ અંતસ પ્રાણ... | કેતુ ૬ | ૬૦ | ૨૮૯ |
| મોહઘમ સો મદભૂતનતા, સબતે અગમ અપેખ... | કેતુ ૭ | ૪૬ | ૪૨૨ |
| મોક્ષ કહો તો નામસે, બંધ કહે ભી નામ... | કેતુ ૧ | ૫૦ | ૪૯ |
| મંત્ર સજીવ જપનારસે, જપતા હોય જબાપ... | કેતુ ૮ | ૧૦૭ | ૫૧૯ |
| મંત્ર જંત્ર ઓરુ તંત્ર લ્યૌ, જપ ગાયંત્રી આદ્ય... | કેતુ ૧ | ૩૯ | ૪૨ |
| મંદિરે મહેલ અટાલકા, ધર્મશાલા ઓરુ સ્થાંન... | કેતુ ૧ | ૪૨ | ૪૪ |

### ય


| | | | |
|---|---|---|---|
| યમ નેંમ કહો તો નામહી, સમ દમ નામ સરોદ... | કેતુ ૧ | ૪૮ | ૪૮ |
| યા વિધ પરમ વિભાગ કે, ગ્રંથ પુરુષ અદ્‌ભુત... | કેતુ ૭ | ૭૦ | ૪૩૯ |
| યા વિધકે ડહાપણ મહી, નિજ ગમ ખોજ ન હોય... | કેતુ ૮ | ૪૩ | ૪૭૭ |
| યા વિધિ રટણ કરત સબે, નામી લહે બિનુ નામ... | કેતુ ૭ | ૩૫ | ૪૧૩ |
| યા વિધિ અંશ ચરાચર, આપનું આપ ગમાય... | કેતુ ૬ | ૧૫૪ | ૩૫૭ |
| યા વિધિસે નરણે નિજ, કરી દેખહી જન કોય... | કેતુ ૮ | ૧૫૫ | ૫૫૧ |
| યૌ ભરમત કહી કાલ કે, આપને ખસમ વિસાર... | કેતુ ૭ | ૩૬ | ૪૧૪ |
| યાતે દ્દડ સબ હોઈ રહે, ધરીત નામ પરતીત... | કેતુ ૧ | ૧૨ | ૨૧ |
| યાતે સબ જન જુગ મહી, જાંહી તાંહી પંથ ફસીન... | કેતુ ૮ | ૪ | ૪૫૦ |
| યાતે જુગત બતાવહુ, નામી નામ સબેહ... | કેતુ ૧ | ૧૫ | ૨૪ |
| યેસેહી જીવ ભવ ભુગતત, સુપન નિંદ અજ્ઞાન... | કેતુ ૬ | ૧ | ૨૪૭ |
| યેસેહી અંક અપરબલ, સકલ સોચ કલ સંચ... | કેતુ ૩ | ૯૧ | ૧૫૭ |
| યોગેશ્વર અજગર હર, અજ ઈશ્વર અવતાર... | કેતુ ૬ | ૪૧ | ૨૭૬ |


### ર


| | | | |
|---|---|---|---|
| રચત બાગ નરપતિ જેહુ, કુસુમ તરુ અતિસાર... | કેતુ ૫ | ૧૧ | ૧૯૪ |
| રખવાલેમેં જેહી દીયે, દાન પુન્ય બ્રહ્મભોજ... | કેતુ ૨ | ૧૯ | ૮૯ |
| રસવદેવ મુનિ અજગર, પરમહંસ તીનું આદ્ય... | કેતુ ૧ | ૬૪ | ૫૭ |
| રહે સો દ્વે પરકારકે, જીનું ઉભયે અનુક્રમ... | કેતુ ૬ | ૧૭૯ | ૩૭૪ |
| રલિત અંશ જીનું મલિત ભલિત ભવ... | મંગલાચરણ | ૩ | ૩ |
| રસિક વચન રસના જીનું, માનુ ભાવ તા મૈસ... | કેતુ ૭ | ૬૬ | ૪૩૬ |
| રજ તજ ઇંડ કટાક્ષ લ્યૌ, દ્દષ્ટા અહંગ સબેવ... | કેતુ ૬ | ૫૬ | ૨૮૬ |
| રામ કૃષ્ણ જનકાદિક, શંકર ઓરુ મુનિ વ્યાસ... | કેતુ ૬ | ૧૮૯ | ૩૮૧ |
| રામ-કૃષ્ણ વ્યાસાદિક, કપિલદેવ દત્ત રુપ... | કેતુ ૮ | ૬૮ | ૪૯૪ |
| રાજા રહીયત દિવાનહી, પંડિત ચોર ચાકાર... | કેતુ ૩ | ૬૪ | ૧૩૯ |
| રાજ નામ શિર રાજકે, ટેરત બોલહી રાજ... | કેતુ ૭ | ૧૫ | ૪૦૦ |
| રોમ રોમ રગ રગ લગે, તનુ કંચિત ધરવેખ... | કેતુ ૧ | ૩૩ | ૩૭ |
| રેણ્ય કહે તો નામહી, દિનકર કહે સો નામ... | કેતુ ૧ | ૬૦ | ૫૫ |
| રેણ્ય રતા સોહી મત વશ, પતિ બિનું પખ અંધિયાર... | કેતુ ૮ | ૨ | ૪૪૮ |


### લ


| | | | |
|---|---|---|---|
| લઘુ કહો તો નામહી, દીર્ઘે નામ નચેદ... | કેતુ ૧ | ૫૩ | ૫૦ |

| | | | |
|---|---|---|---|
| લક્ષ નેંન સરવન શૂન, અનુભવે જેહી અવિકાસ... | કેતુ ૭ | ૬૩ | ૪૩૪ |
| લોહોકર ચરમ ધમાસકે, જ્યૌ શ્વાસા દમ થાય... | કેતુ ૪ | ૧૧ | ૧૮૦ |
| લેપ નહીં તો ક્યૌ કરો, ઉતઈત દોરા દોર... | કેતુ ૮ | ૫૦ | ૪૮૨ |

**વ**

| | | | |
|---|---|---|---|
| વસ્ત સકલ શિર નામહી, નામ શિર અક્ષરંત... | કેતુ ૫ | ૪૧ | ૨૧૫ |
| વહત વેઠવીત પરવશ, આપનું આપ ભૂલાન... | કેતુ ૫ | ૩૦ | ૨૦૭ |
| વણીક કહે તો અક્ષરે, બ્રાહ્મણ અંક અનુપ... | કેતુ ૩ | ૩૦ | ૧૧૬ |
| વા ગમ જેહી દરશાવહી, અંત અંશ અસ્થાન... | કેતુ ૬ | ૮૬ | ૩૦૮ |
| વારપાર બિનુ વિદીતતાં, સદિત સધેહુ જબી સંત... | કેતુ ૬ | ૩૬ | ૨૭૨ |
| વારપાર વિનું વિશ્વહી, અન્ધ પરમ સબ કોય... | કેતુ ૬ | ૧૪૬ | ૩૫૧ |
| વાલ્મીક મુનિનારદ, પારાસુર વસિષ્ઠ... | કેતુ ૨ | ૧૬ | ૮૭ |
| વંચે જબી વંચાવહી, મંત્ર સહિત સબ વાણ... | કેતુ ૮ | ૧૦૯ | ૫૨૦ |
| વેદ પુરાન પ્રસિદ્ધ પદ, જાનત સબ મહિમાય... | કેતુ ૮ | ૬૯ | ૪૯૫ |
| વેદ થકીત ભયે જેહુનતે, વ્રનવ કરત અતિ વાણ્ય... | કેતુ ૬ | ૧૦ | ૨૫૩ |
| વ્યાપ કહો તો નામસે, માપે નામ લખાય... | કેતુ ૧ | ૪૭ | ૪૭ |
| વ્યાપી તવ વિત તીત રહિત રમલ મત... | મંગલાચરણ | ૪ | ૪ |
| વિભૂતિ વેત ઓરુ આપનપુ, જીનું દરશે દિવ્ય નેંન... | કેતુ ૬ | ૪ | ૨૪૯ |
| વિરંચી શિવ શંકર, શ્રીપતિ ચિન હજાર... | કેતુ ૩ | ૬૬ | ૧૪૧ |
| વિવિધી તત્ત્વ તનું જીનુ ગતિ, અતિ મતિ અકલ અબાજ... | કેતુ ૬ | ૫૩ | ૨૮૪ |
| વિશેષ ત્રિયે પરકારકે, સૂણો તાય ઉપદેશ... | કેતુ ૬ | ૧૭૫ | ૩૭૧ |
| સ્થિર સ્થાવર ઓરુ જલ થલ, તરણ આદ્ય રતી રંચ... | કેતુ ૩ | ૬૧ | ૧૩૭ |
| સૃષ્ટ આદ્ય જીનું અબ લગી, ફેલેહી અંક ચૌ ઓર... | કેતુ ૩ | ૧૦૩ | ૧૬૫ |

**સ**

| | | | |
|---|---|---|---|
| સમદમ સંજમ સાધન, કરહી કલ્પ લ્યૌ જોગ... | કેતુ ૫ | ૬૦ | ૨૨૮ |
| સમરથ કહે કે સરજન, અકરત કે કિરતાર... | કેતુ ૩ | ૮૦ | ૧૫૦ |
| સપ્ત ઘાત નિજ મુલસે, કીનેહુ ઘાટ અનંત... | કેતુ ૩ | ૭૨ | ૧૪૫ |
| સપ્ત કેતુ સપ્ત ધાતહી, મીલીત ભયે પુરુષાય... | કેતુ ૭ | ૬૧ | ૪૩૨ |
| સપ્ત કેતુ સત ધાતહી, મીલી અંગ એક સોય... | કેતુ ૭ | ૬૦ | ૪૩૧ |
| સપ્ત દ્વીપ નવ ખંડહી, ઓરુ ઉદધિ શિર નામ... | કેતુ ૧ | ૬૧ | ૫૫ |
| સબ કે મોહોઘમ માલિક, ગુણ ઘણ કે લ્યહુ જ્યોત... | કેતુ ૭ | ૪૫ | ૪૨૧ |
| સબકે તન એક સરીખે, જીવ ઓર ઈશ પ્રજંત... | કેતુ ૮ | ૭૫ | ૪૯૮ |

| | | | |
|---|---|---|---|
| સબકે સરજાન સોહી પદ, અંશ અખિલ નિજ તાત... | કેતુ ૫ | ૪૫ | ૨૧૭ |
| સદ્ બીજગ ચિદ્ અંકુર, આનંદ અમિત ચિકાશ... | કેતુ ૨ | ૪ | ૭૭ |
| સકલ પક્ષ લક્ષ ભક્ષન, અનોમય કોશ અનિત્ય... | કેતુ ૭ | ૬૮ | ૪૩૭ |
| સકલ પક્ષવત્ રેણકી, ઉડઘન ઈષ્ટ જીનું નૂર... | કેતુ ૮ | ૬ | ૪૫૧ |
| સકલ કાજ સંપૂરણ, નિજપતિ દરશ દેદાર... | કેતુ ૭ | ૨૦ | ૪૦૩ |
| સકલ કેતુ ચર અચરકે, મુરતીમાન તનુ બંધ... | કેતુ ૪ | ૧૮ | ૧૮૫ |
| સકલ સોજ સંપુરણ, ભયે ભવ બીજગ સ્ત્રવાલ... | કેતુ ૪ | ૧૩ | ૧૮૧ |
| સકલ ગ્રંથ નર જીનું પતિ, જબી નરપતિ ગતિ રાય... | કેતુ ૭ | ૭૮ | ૪૪૪ |
| સકલ ગ્રંથ શિર નાયક, ઉદીત ભયે ભવ સૂર... | કેતુ ૮ | ૧૮૦ | ૫૬૯ |
| સકલ ઈષ્ટ અધિપત પતિ, જો ગતિ કોહુ ન જાણ... | કેતુ ૭ | ૪૪ | ૪૨૦ |
| સકલ આધારન જેહુન કે, આપ રહિત નિરધાર... | કેતુ ૭ | ૪૭ | ૪૨૨ |
| સરગ નરક ચૌ મુક્તહી, નામે ટેર જનાય... | કેતુ ૧ | ૫૯ | ૫૪ |
| સહસ્ત્ર નામ નિગમાદિક, ખટ નવ પુરાણ અઢાર... | કેતુ ૮ | ૧૩ | ૪૫૬ |
| સરિયત ત્રીખત હકીકત, ચોથે મારફત માંય... | કેતુ ૮ | ૩૯ | ૪૭૪ |
| સામ્રથ અંશ સદેવકી, કહે સો ગમ ગતિ રાજ... | કેતુ ૬ | ૧૧૦ | ૩૨૫ |
| સાધન તબ લગી સિદ્ધ રહે, બિન સાધે તબ જીવ... | કેતુ ૬ | ૨૪ | ૨૬૩ |
| સાર શબ્દ સોહી શબ્દ હૈ, સકલ શબ્દ સીરદાર... | કેતુ ૮ | ૧૧૫ | ૫૨૪ |
| સાર અસાર હી અક્ષરે, પાપ પુન્ય ચ્યૌ અંક... | કેતુ ૩ | ૭૩ | ૧૪૬ |
| સાર અસાર સિદ્ધાંત કે, ગંધ ગ્રહન જેહી નાક... | કેતુ ૭ | ૬૪ | ૪૩૪ |
| સાર અસાર જુવે જબી, તબ હમસે પતિઆય... | કેતુ ૮ | ૧૫૬ | ૫૫૨ |
| સાજ ચલીત ઈત તબ લગે, જબ લગી અંશ વિલોક... | કેતુ ૬ | ૭૫ | ૩૦૦ |
| સો સતગુરુ સરજન સમ, જીનુ ગ્યમ એહી અદ્ભુત... | કેતુ ૬ | ૮૮ | ૩૦૯ |
| સો હંસા હક હજરત, ગજરથવત્ તનુ ઘાટ... | કેતુ ૬ | ૧૦૮ | ૩૨૪ |
| સો નિરંજન નિરલેપકી, ચાસમી ચકિત અનુપ... | કેતુ ૬ | ૭૦ | ૨૯૬ |
| સો આપનપુ ઓર પતિપદ, નિજ ગમ અતિ અજમાલ... | કેતુ ૮ | ૧૪૦ | ૫૪૧ |
| સોલ કલા સંપુરણ, હુતે કૃષ્ણ અવતાર... | કેતુ ૬ | ૨૭ | ૨૬૬ |
| સોહી મરમ ભવ ગુપ્ત હી, જીનકી આદ્ય ન અંત... | કેતુ ૭ | ૬ | ૩૯૩ |
| સોહી પ્રણવ ગતિ અજબહી, જાતે ચલીત સબ વેશ... | કેતુ ૫ | ૨૧ | ૨૦૧ |
| સોહી પદ ઈન્દ્રિ અગોચર, વાણી ચતુર પર પુંજ... | કેતુ ૩ | ૮૪ | ૧૫૩ |
| સોહી સકસ કુન આપનમે, અલખ લખેહુ જીને લેખ... | કેતુ ૫ | ૪૮ | ૨૨૦ |
| સોહી સકસ ઈત પ્રણવહી, ક્રતા અંશ મીલી દોય... | કેતુ ૫ | ૪૯ | ૨૨૦ |
| સોહી સત સાર સદોદિત પદ, દરસ વિના દિવ્ય હાલ... | કેતુ ૭ | ૨૧ | ૪૦૪ |
| સોહી વિધિ તનુ બગીચા બીચ, પ્રણવ પુષ્પ તરુ બોય... | કેતુ ૫ | ૧૩ | ૧૯૬ |

| | | | |
|---|---|---|---|
| સોહી નિજ ધામ સધામકે, અજન્ય જોન્ય કિરતાર... | કેતુ ૭ | ૧૦ | ૩૯૬ |
| સોહી અંશ શિર કૈવલ, નિજપતિ પરમ પરાય... | કેતુ ૫ | ૨૫ | ૨૦૪ |
| સોહી અંશ અવિગત અતિ, જીનકી સુરત સચંત... | કેતુ ૫ | ૧૬ | ૧૯૮ |
| સૂનહો પ્રણવ તરુ સફુરણ, ધરહી સુરત તતવેત... | કેતુ ૨ | ૮ | ૮૧ |
| સૂને કલંકી ભૂક્ષણ, જેહી જન તન મન લાય... | કેતુ ૮ | ૧૭૩ | ૫૬૪ |
| સૂક્ષ્મ કહો તો નામહી, સ્થૂલ કહો ભી નામ... | કેતુ ૧ | ૫૬ | ૫૨ |
| સંધ્યા ગાયત્રી જપ, નિગમ અંક ચહુ વાણ... | કેતુ ૭ | ૫૫ | ૪૨૮ |
| સંન્યાસી ઓર જંગમ, શીવકે સમરણ સાર... | કેતુ ૮ | ૨૯ | ૪૬૭ |
| સુચી સંપતિ, ક્રિયા કરમહી, નવધા ભક્તિ સમેત... | કેતુ ૧ | ૭૦ | ૬૨ |
| સુખ દુઃખ કહો તો નામહી, સાધારણ ભી નામ... | કેતુ ૧ | ૫૫ | ૫૨ |
| સુપનંતર અંતર નહીં, નિજ ગતિસે મતિ ભિન્ન... | કેતુ ૫ | ૬૫ | ૨૩૧ |
| સુરત વિચાર સહિત સુત, ક્રતા અંશ મીલી તાસ... | કેતુ ૭ | ૭૨ | ૪૪૦ |
| સુરત વિચાર ઉભયે જીનું, સંજમ કે સુત ઓય... | કેતુ ૭ | ૭૧ | ૪૩૯ |
| સુનકાદિક સુખદેવ દત્ત, ધ્રુવ અમરીષ પ્રહેલાદ... | કેતુ ૧ | ૬૩ | ૫૭ |
| સુનકાદિક સુખદેવ દત્ત, કપિલ દેવ ફરશુરામ... | કેતુ ૬ | ૧૮૭ | ૩૮૦ |
| સ્થાવર કહે તો અક્ષર, વનસ્પતિ સોહી અંક... | કેતુ ૩ | ૩૭ | ૧૨૧ |
| સ્થાવરકે સ્થાવર સમ, વડ બીજ શ્રીફળ આદ્ય... | કેતુ ૪ | ૮ | ૧૭૮ |
| સ્થૂળ સૂક્ષ્મ કારણ મહા, પરમકારણ લહુ દેહ... | કેતુ ૮ | ૧૨૪ | ૫૩૧ |


### શ


| | | | |
|---|---|---|---|
| શક્તિ જ્યોત નિરંજન, રજ તમ સાત્વિક દેવ... | કેતુ ૬ | ૧૬ | ૨૫૮ |
| શબ્દ ધનુષ રસના કર, સુરતે શેન સંધાય... | કેતુ ૩ | ૯૪ | ૧૫૯ |
| શબ્દ કહો તો નામહી, સપ્રસ કહે તો નામ... | કેતુ ૧ | ૫૮ | ૫૩ |
| શૈલ્પ ચાપ ક્ષત્રિયનકે, ખડક સહિત હથિયાર... | કેતુ ૧ | ૮૩ | ૭૧ |
| શાખા પત્ર ફળ બરનેહુ, વિવિધ્ય ભાત્ય વિગતંગ... | કેતુ ૨ | ૨૬ | ૯૫ |
| શાખા બાણી ચતુર જેહી, પત્ર નિગમ અનુસાર... | કેતુ ૨ | ૯ | ૮૧ |
| શાખ્યા પત્ર ફૂલહી ફલ, પેઢ મુલ સહુ સાજ... | કેતુ ૩ | ૫૭ | ૧૩૫ |
| શૂન્ય મહાશૂન્યહી અમીત પુનિ, પરમ શિખર શિર તાય... | કેતુ ૮ | ૯૫ | ૫૧૨ |
| શૂન્ય તે સમજ પ્રતિવાદી વીદ, ઉપજેહુ તુજ અંદેસ... | કેતુ ૩ | ૩૮ | ૧૨૨ |
| શૂન્ય શિખર ઘરકી પરે, મહા શૂન્ય શિખર અનુપ... | કેતુ ૮ | ૯૨ | ૫૧૦ |
| શૂન્ય શિખર ઘરકી ગમ, જો જાનહી કોઈ સંત... | કેતુ ૮ | ૯૦ | ૫૦૮ |
| શૂન્ય શિખર સરભર તણી, અમૃત સાગર લહેર... | કેતુ ૮ | ૮૩ | ૫૦૪ |
| શૂન્ય શિખર ઓરુ મહાશૂન્ય, અમીત શિખર અનુસુત... | કેતુ ૮ | ૧૨૭ | ૫૩૨ |

| | | | |
|---|---|---|---|
| શૂન્યવાદી સરખા સબે, જ્ઞાની ભર સબ કોય... | કેતુ ૮ | ૫૪ | ૪૮૪ |
| શેષ કોરમ નાભિનારાયણ, મિંડક સપ્ત પાતાલ... | કેતુ ૧ | ૮૪ | ૭૨ |
| શ્રીમત્ કુવેર પતિ સામ્રથ, શિર પર સર્જનહાર... | કેતુ ૮ | ૧૭૯ | ૫૬૮ |
| શ્રુતિ સ્મૃતિ ઓરુ કાંડહી, નિગમ પત્ર અહંમેવ... | કેતુ ૨ | ૨૩ | ૯૨ |

**હ**

| | | | |
|---|---|---|---|
| હદ્ય કહે દો અક્ષરે, બેહદ્ય અક્ષર તીન... | કેતુ ૩ | ૭૫ | ૧૪૭ |
| હદ કહો તો નામ હી, બેહદ ભી તો નામ... | કેતુ ૧ | ૪૫ | ૪૬ |
| હાલ મુદ્દા હસ્તાંમલ, નિજ અનુભવે દરશાય... | કેતુ ૬ | ૧૪ | ૨૫૬ |
| હોત હેરાન હલાહલ, હુરમત હંગ ગમાય... | કેતુ ૫ | ૮૧ | ૨૪૩ |
| હાડ માંસ તુચા રગ, પંચવીસ વિસ્તાર... | કેતુ ૩ | ૭૦ | ૧૪૪ |
| હુલસે હાસ વિનોદમેં, વિલસે વિપુ સબન્ધ... | કેતુ ૬ | ૧૫૦ | ૩૫૪ |

**ક્ષ**

| | | | |
|---|---|---|---|
| ક્ષીતિ જલ પાવક પવનહી, શૂન્ય સહિત તત સંચ... | કેતુ ૮ | ૫૭ | ૪૮૬ |

**જ્ઞ**

| | | | |
|---|---|---|---|
| જ્ઞાન ભક્તિ વૈરાગ હી, સાધન જોગ અષ્ટાંગ... | કેતુ ૧ | ૬૯ | ૬૧ |
| જ્ઞાન ભક્તિ વૈરાગહી, પુનહી જોગ અષ્ટાંગ... | કેતુ ૮ | ૧૨૩ | ૫૩૦ |
| જ્ઞાન ભેર ગમ ગરજીત, જન મન કરન સચેત... | કેતુ ૬ | ૧૬૭ | ૩૬૬ |
| જ્ઞાની ધ્યાની ભક્ત હી, વૈરાગી મહંત... | કેતુ ૩ | ૭૪ | ૧૪૬ |
| જ્ઞાનીકે લક્ષ નિરગુણ, બ્રહ્મ સતંતર સાવ... | કેતુ ૮ | ૪૪ | ૪૭૭ |



જ્ઞાન સંપ્રદાયના આદ્યસ્થાપક કુવેરસ્વામી સંવત ૧૮૨૯ના મહાસુદ બીજના દિવસે ગુજરાત રાજ્યમાં ભાલેજ નજીક કાસોર ગામની વનખંડીમાં પ્રગટ થયા હતા. ગયા જન્મમાં અચાનક આવીને કલ્યાણ કરવાનું વરદાન આપ્યા મુજબ તેઓ હેતબાઈ નામની ક્ષત્રિયાણીને બાળ સ્વરૂપે મળ્યા હતા. સાત વર્ષની ઉંમરે ગુરુ પરંપરાને માન આપી કૃષ્ણસ્વામી નામના તપસ્વીને ગુરુ તરીકે સ્વીકારી સર્જનહારે સોંપેલા અંશના કલ્યાણની પ્રવૃત્તિ શરૂ કરી હતી. નાની ઉંમરથી જ પ્રભાત અને મંગળ પદની રચના રચીને અંશ-અંશીના લક્ષનું જ્ઞાન જગતને આપવાનો પ્રારંભ કર્યો હતો. ૧૦૫ વર્ષના (૧૮૨૯-૧૯૩૪) ગાળા દરમિયાન જંબુદ્વીપમાં રહી તેમણે સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરી છે. જગતમાં પરંપરાગત ચાલી આવતી ઉપાસના અને સગુણ-નિર્ગુણ સિદ્ધાંતની હદ બતાવી જડ શરીરના કારણ રૂપે રહેલ ચૈતન અંશ અને બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલ અંશીની સાચી ઓળખ આપતા કૈવલ જ્ઞાનથી ભરપૂર ૧૫ ધર્મગ્રંથોની આદ્ય લઈ આરતી, સ્તુતિ, ભજન, પદ, ગોડી વગેરેની રચના કરી છે. સર્જનહાર દ્વારા મળેલ કુલમુખત્યારનામાને આધારે સમસ્ત બ્રહ્માંડમાં કૈવલકર્તા સાથે અંશને મેળાપ કરાવનાર તેઓ એક માત્ર સમર્થ ગુરુ છે. અંશને પંચમી અખંડ કૈવલ મુક્તિ મળે તે માટે તેમણે પ્રગટ અને ગુપ્ત અમરમંત્ર આપેલો છે. જેના સહારે અંશ જન્મ-મરણના ભવસંકટમાંથી સદાને માટે મુક્તિ પામી શકે છે. તેઓ સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ હોઈ સર્જનહારે તેમને નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત દિવ્ય દેહ ધારણ કરાવી બ્રહ્માંડમાં મોકલ્યા છે. વળી, જગતના ઈશ્વરો ગણાતા દેવી-દેવતાઓને કર્તાએ એક એક કરુણા આપી કરુણામય બનાવ્યા છે. જ્યારે સર્જનહારે તેમને સર્વ કરુણાઓનો સમૂહ બક્ષેલો હોઈ તેઓ કરુણાસાગર કહેવાયા. મુખ્ય ગુરુગાદી સારસા, તા-જીઃ આણંદમાં સ્થાપીને બ્રહ્માના પાંચમા મુખના છેદન બાદ ગુપ્ત થયેલા જ્ઞાનને દર્શાવતા ''પંચમ સ્વસમ વેદ''ની રચના કરી જગતને નેતિપદથી પર રહેલા પરમપદને પામવાનો સાચો અને ન્યાયપૂર્વક માર્ગ દર્શાવનાર કૈવલવેત્તા પુરુષ એટલે દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર.

- બીપીન આર. શાહ

ભજનાનંદ પબ્લિકેશન

978-81-921648-2-3